
# પ્રવચનસાર પ્રવચન

## ભાગ ૭



ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પ્રવચનસાર પ્રવચન

(ભાગ–૭)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૬૮-૬૯ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)

(ગાથા-૨૨૮ થી ૨૭૫)

પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

વિક્રમ સંવત ૨૦૮૦

વીર સંવત ૨૫૫૦

ઈ. સન ૨૦૨૪

પ્રકાશન
નંદીશ્વર અષ્ટાહ્નિકા પ્રારંભ, તા. ૧૪-૭-૨૦૨૪

પ્રાપ્તિ સ્થાન
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com, email-info@vitragvani.com

ટાઈપ સેટિંગ
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

ઉપરોક્ત મંગલાચરણમાં શાસનનાયક મહાવીરસ્વામી બાદ શ્રી ગૌતમ ગણધરને નમસ્કાર કરી જેમને ત્રીજા નંબરે નમસ્કાર કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય શ્રીમદ્ ભગવત્‌કુંદકુંદાચાર્યદેવ વર્તમાન જૈનશાસનના શાસનસ્તંભ છે, જેમણે મૂળ મોક્ષમાર્ગને શાસ્ત્રમાં જીવંત રાખી અનેકાનેક ભવ્ય જીવો પર અસીમ ઉપકાર કર્યો છે. સાંપ્રત જૈનસમાજ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવથી સુચારુરૂપે પરિચીત છે જ. તેમ છતાં તેમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેઓશ્રી પ્રત્યે ઉપકાર વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી. શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત પંચ પરમાગમોમાં ‘પ્રવચનસાર’ શાસ્ત્ર ‘દ્વિતીય શ્રુતસ્કંધ’નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે. ભગવાન કુંદકુંદાચાર્યના મહિમા દર્શાવતાં અનેક શિલાલેખો આજે પણ મોજૂદ છે. તેમનાં લખેલાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે.

મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની પ્રત્યક્ષ દિવ્ય દેશના સાંભળી ભરતમાં આવીને ભગવાન કુંદકુંદાચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી છે. જિનશાસનના અનેક મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ ‘પ્રવચનસાર’ શાસ્ત્રમાં રહેલાં છે. અતઃ આ ‘પ્રવચનસાર’ ગ્રંથ છે એ ભગવાન શ્રી સીમંધરસ્વામીના દિવ્ય સંદેશા જ છે. ત્રણ વિભાગમાં વિભાજીત થયેલ આ ગ્રંથમાં વસ્તુ સ્વરૂપને સમજાવતાં મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન થયેલ છે, જે મુમુક્ષુજીવને મહામિથ્યાત્વરૂપી અંધકારને નષ્ટ કરવા માટે દિવ્ય પ્રકાશ સમાન જ છે.

મહા મિથ્યાત્વથી પ્રભાવિત આ દુષમકાળમાં આવા સર્વોત્કૃષ્ટ પરમાગમોનાં સિદ્ધાંતો સમજવાનું અજ્ઞાનીજીવોનું ક્યાં સામર્થ્ય હતું? પરંતુ ભરતક્ષેત્રના અહોભાગ્યે તથા ભવ્યજીવોને તારવા, આ મિથ્યાત્વના ઘોર તિમિરને નષ્ટ કરવા એક દિવ્ય પ્રકાશ થયો! એ છે કહાન ગુરુદેવ!! પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનાં એક અજોડ રત્ન છે! જેમણે સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા ગૂઢ પરમાગમોના રહસ્યોને ઉકેલ્યા. જેમનાં ઘરમાં આગમો ઉપલબ્ધ હતાં તેમને પણ આગમો ઉકેલવાની શક્તિ નહોતી, એવા આ દુષમકાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રભાવના યોગે ઘરે-ઘરે મૂળભૂત પરમાગમોનાં સ્વાધ્યાયની પ્રણાલિકા શરૂ થઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ્, વ્યય, ધ્રૌવ્ય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત ઈત્યાદિ અનેકાનેક વસ્તુસ્વરૂપને સ્પષ્ટ કરતાં સિદ્ધાંતોનો પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં વચનાનુસાર ‘પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનો એક અચંબો જ છે. પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. પંચમકાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.’ ઈત્યાદિ અનેકાનેક બહુમાનસૂચક વાક્યો પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ

પ્રતિભાને વ્યક્ત કરે છે. એવાં ભવોદધિતારણહાર, નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક મૂળ પરમાગમો ઉપર પ્રવચનો આપી દિવ્ય અમૃતધારા વરસાવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ આ મનુષ્યજીવનનો અમૂલ્ય આનંદસભર અવસર છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર, ઈ.સ. ૧૯૬૮-૬૯માં ચાલેલ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે. સપ્તમ ભાગમાં ચરણાનુયોગસૂચક ચૂલિકાની ૨૨૮ થી ૨૭૫ ગાથા સુધી ચાલેલા ૩૧ પ્રવચનોને સમાવિષ્ટ કરવામાં આવેલ છે.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબ સાઈટ (**www.vitragvani.com**), **vitragvani app, vitragvani YouTube channel** જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલે પાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કરકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ, મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ<br>
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,<br>
વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર ‘અભિનંદન ગ્રંથ’ આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા

નોંધ :- પ્રવચન નં. ૨૦૫ થી ૨૦૯ તથા ૨૧૫ અવાજ અસ્પષ્ટ હોવાને કારણે લેવામાં આવેલ નથી.


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૨૦૧ | ૦૫–૦૭–૧૯૬૯ | ગાથા–૨૨૮ | ૦૦૧ |
| ૨૦૨ | ૦૬–૦૭–૧૯૬૯ | ગાથા–૨૨૯–૨૩૦ | ૦૧૩ |
| ૨૦૩ | ૦૮–૦૭–૧૯૬૯ | ગાથા–૨૩૧–૨૩૨, શ્લોક–૧૫ | ૦૨૭ |
| ૨૦૪ | ૦૯–૦૭–૧૯૬૯ | ગાથા–૨૩૨ | ૦૪૨ |
| ૨૦૯ | ૧૫–૦૭–૧૯૬૯ | ગાથા–૨૩૩ થી ૨૩૫ | ૦૫૮ |
| ૨૧૦ | ૧૬–૦૭–૧૯૬૯ | ગાથા–૨૩૫–૨૩૬ | ૦૭૨ |
| ૨૧૧ | ૧૭–૦૭–૧૯૬૯ | ગાથા–૨૩૬ | ૦૮૬ |
| ૨૧૨ | ૧૮–૦૭–૧૯૬૯ | ગાથા–૨૩૬–૨૩૭ | ૦૯૯ |
| ૨૧૩ | ૧૯–૦૭–૧૯૬૯ | ગાથા–૨૩૭–૨૩૮ | ૧૧૩ |
| ૨૧૪ | ૨૦–૦૭–૧૯૬૯ | ગાથા–૨૩૮–૨૩૯ | ૧૨૬ |
| ૨૧૬ | ૨૩–૦૭–૧૯૬૯ | ગાથા–૨૪૧–૨૪૨ | ૧૩૬ |
| ૨૧૭ | ૨૪–૦૭–૧૯૬૯ | ગાથા–૨૪૨ | ૧૪૭ |
| ૨૧૮ | ૨૫–૦૭–૧૯૬૯ | ગાથા–૨૪૨–૨૪૩, શ્લોક–૧૬ | ૧૬૦ |
| ૨૧૯ | ૨૬–૦૭–૧૯૬૯ | ગાથા–૨૪૩ થી ૨૪૫ | ૧૭૪ |
| ૨૨૦ | ૨૭–૦૭–૧૯૬૯ | ગાથા–૨૪૫ | ૧૮૮ |
| ૨૨૧ | ૨૮–૦૭–૧૯૬૯ | ગાથા–૨૪૫ થી ૨૪૭ | ૨૦૨ |
| ૨૨૨ | ૨૯–૦૭–૧૯૬૯ | ગાથા–૨૪૮ થી ૨૫૦ | ૨૧૫ |
| ૨૨૩ | ૩૧–૦૭–૧૯૬૯ | ગાથા–૨૫૦ થી ૨૫૨ | ૨૨૯ |
| ૨૨૪ | ૦૧–૦૮–૧૯૬૯ | ગાથા–૨૫૩–૨૫૪ | ૨૪૩ |
| ૨૨૫ | ૦૨–૦૮–૧૯૬૯ | ગાથા–૨૫૫ થી ૨૫૭ | ૨૫૬ |

| | | | |
|---|---|---|---|
| ૨૨૬ | ૦૩–૦૮–૧૯૬૯ | ગાથા–૨૫૮–૨૫૯ | ૨૬૯ |
| ૨૨૭ | ૦૪–૦૮–૧૯૬૯ | ગાથા–૨૬૦ થી ૨૬૩ | ૨૮૩ |
| ૨૨૮ | ૦૬–૦૮–૧૯૬૯ | ગાથા–૨૬૪ થી ૨૬૭ | ૨૯૭ |
| ૨૨૯ | ૦૭–૦૮–૧૯૬૯ | ગાથા–૨૬૮–૨૬૯ | ૩૧૧ |
| ૨૩૦ | ૦૮–૦૮–૧૯૬૯ | ગાથા–૨૬૯–૨૭૦, શ્લોક–૧૭–૧૮ | ૩૨૫ |
| ૨૩૧ | ૦૯–૦૮–૧૯૬૯ | ગાથા–૨૭૧ | ૩૩૮ |
| ૨૩૨ | ૧૦–૦૮–૧૯૬૯ | ગાથા–૨૭૧–૨૭૨ | ૩૫૨ |
| ૨૩૩ | ૧૧–૦૮–૧૯૬૯ | ગાથા–૨૭૨–૨૭૩ | ૩૬૫ |
| ૨૩૪ | ૧૨–૦૮–૧૯૬૯ | ગાથા–૨૭૩–૨૭૪ | ૩૭૮ |
| ૨૩૫ | ૧૪–૦૮–૧૯૬૯ | ગાથા–૨૭૪–૨૭૫ | ૩૯૧ |
| ૨૩૬ | ૧૫–૦૮–૧૯૬૯ | ગાથા–૨૭૫ | ૪૦૫ |

ॐ

वीतरागाय नमः

# પ્રવચનસાર પ્રવચન

(ભાગ-૭)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૬૮ની સાલના શબ્દશઃ પ્રવચનો)

**પ્રવચન નં.૧૯૭ થી ૨૦૦માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

**અષાઢ વદ ૬, શનિવાર, તા. ૦૫.૦૭.૧૯૬૯**
**ગાથા-૨૨૮-૨૨૯, પ્રવચન-૨૦૧**

૨૨૮. 'હવે, (શ્રમણને) યુક્તાહારીપણું કઈ રીતે સિદ્ધ થાય છે તે ઉપદેશે છે :--'

केवलदेहो समणो देहे ण मम त्ति रहिदपरिकम्मो।
आजुत्तो तं तवसा अणिगूहिय अप्पणो सत्तिं।।२२८।।
કેવલશરીર મુનિ ત્યાંય 'મારું ન' જાણી વણપ્રતિકર્મ છે,
નિજ શક્તિના ગોપન વિના તપ સાથ તન યોજેલ છે. ૨૨૮

આહા..હા..! જુઓ, ચારિત્રદશા તો આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ જેવી ચારિત્રની સ્થિતિ સંતોની છે એવું જેમ જાણ્યું એવું ભગવાને કહ્યું. એવું સંતો વર્ણન કરે છે. તો એને બરાબર જાણવું જોઈએ. ૨૨૮.

'ટીકા :- શ્રામણ્યપર્યાયના સહકારી કારણ તરીકે...' શું કહે છે? ભગવાન આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાયકનું ધામ પ્રભુ, એવી જેને અંતર રુચિ, દૃષ્ટિ અને પરિણમન સ્વભાવનું

થયું છે. અને એ ઉપરાંત જેને વીતરાગ પરિણતિ વિશેષ શુદ્ધ દશા થઈ છે. તેને સાધુ કહે છે. સમજાણું કાંઈ? એ સાધુને સહકારી કારણ, નિમિત્ત કારણ, શરીર સહકારી કારણ છે. આયુષ્ય છે ત્યાં સુધી શરીર તો છૂટતું નથી. તો શરીર '**સહકારી કારણ તરીકે કેવળ દેહમાત્ર...**' શું કહે છે? મુનિને તો દેહમાત્ર એક નિમિત્ત છે. બીજી કોઈ ચીજ મુનિને હોતી નથી. જૈન દર્શનમાં, વીતરાગમાર્ગમાં કેવળજ્ઞાની પરમાત્માએ કહેલા માર્ગમાં. મુનિને વસ્ત્રનો ટૂકડો, પાત્રનો એક ટૂકડો પણ મુનિને હોતો નથી. એવી વસ્તુની સ્થિતિ છે. એ સંપ્રદાયની દૃષ્ટિની વાત નથી, સમજાણું કાંઈ?

ભગવાન પરમેશ્વર એનું નામ સાધુ કહે છે કે જેને, આત્મામાં પુણ્ય-પાપ જે દયા, દાન, વ્રત, વિકલ્પ છે એનાથી ભિન્ન પોતાનો આત્મા છે એની અંતરમાં દૃષ્ટિ અને અનુભવ થયો છે, એ ઉપરાંત સ્વરૂપની શક્તિમાં જે વીતરાગતા પડી છે એની એકાગ્રતાથી વ્યક્તતા અને વીતરાગતા પ્રગટી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનું એક નિમિત્તકારણ, સહકારી કારણ એક શરીર છે. બીજી કોઈ ચીજ મુનિને હોતી નથી. સમજાણું કાંઈ? હવે આમાં .. પાલીતાણા ગયા હતા ને, વાત ત્યાં થઈ હતી, દેરાવાસી ભેગા થયા હતા. ... લીધું હતુંને. ... માયા કરીને મલ્લિનાથ ભગવાને તીર્થંકર. પ્રશ્ન કર્યો હતો. આમ તો દસ-વીસ મિનિટ. બોલે છે ૧૦-૨૦ મિનિટ, ત્યાં. ભાઈ! તીર્થંકર માયા કરીને સ્ત્રી થાય એવું બનતું નથી. મલ્લિનાથનું કહેતા હતાને એ? .. સંપ્રદાયની દૃષ્ટિની વાત છે. તત્ત્વની વાત નથી કીધું. સ્થાનકવાસીના તો બે-ચાર ઘર... સ્ત્રી જેટલી થઈ છે એ કપટ અને માયાને કારણે થઈ છે. મલ્લિનાથે પણ માયા કરી હતી. મલ્લિનાથ તીર્થંકરના જે ભક્ત છે ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, ઈન્દ્ર કોઈ સ્ત્રી થયા છે? પૂજનારા જે છે. એવા કોઈ મોટા સ્ત્રી થયા છે. તો એને પૂજવાલાયક સ્ત્રી કેમ હોય? ભાઈ! સંપ્રદાયમાં ... સાંભળે બિચારા .. આહા..હા..! અરે..! કોને કહેવી વાત કે .. આ આપણા સંપ્રદાયમાં એમ છે અને એના સંપ્રદાયમાં એમ હશે. ભાઈ! એમ નથી. વસ્તુની સ્થિતિ છે. ત્રણ લોકના નાથ તીર્થંકર સ્ત્રી હોય એમ ત્રણ કાળમાં બને નહિ. એના પૂજનારા બળદેવ, વાસુદેવ અને ચક્રવર્તી અને ઈન્દ્રો કોઈ દિ' સ્ત્રી ન હોય, એના પૂજ્ય પુરુષ એ સ્ત્રી હોય. વિરુદ્ધ છે, એ તત્ત્વથી વિરુદ્ધ છે ભાઈ! સંપ્રદાય તેને ઠીક પડે છે. અમે સંપ્રદાયની વાત નથી કરતા. અમે તો સત્ય વાત જે છે એ કરીએ છીએ. ...ભાઈ!

એણે મલ્લિનાથનો દાખલો આપ્યો હતો. નગરશેઠ. .. બિચારા સાંભળતા. અમે પરિવર્તન કર્યું છે એ તમને ખબર નથી? એ વસ્તુસ્થિતિ એવી અમને સ્પષ્ટ ન લાગી, અંતરથી બીજી ચીજ અમને લાગી. અરે..! આ વાત આમ છે. સમજાણું કાંઈ? એમ સાધુપદમાં કોઈ કહે કે શાસ્ત્રમાં તો વસ્ત્રનું ઉપકરણ ચાલ્યું છે, પાત્ર ચાલ્યું છે. બિલકુલ નહિ, એ શાસ્ત્ર જ નથી. જે શાસ્ત્રમાં મુનિને વસ્ત્ર-પાત્ર લખ્યા છે એ શાસ્ત્ર જ ભગવાનના, સંતોના કહેલા તો નહિ, પણ સમકિતીના નથી. આહા..હા..! આવું આકરું કામ છે. અહીં .. આવ્યા હતાને બધા

... ત્યાં જાશો નહિ. ત્યાં બીજી વાત છે. ... રામજીભાઈને.

મુમુક્ષુ :- આવ્યા વિના ન રહે.

ઉત્તર :- .. જતા હતા. જોવે તો એને ... અરે..! ભગવાન! તારે પક્ષનું કામ છે કે સત્યનું કામ છે?

અહીં તો મુનિપણું પરમેશ્વર કેવળજ્ઞાની મહારાજ ત્રિલોકનાથ પરમાત્માએ વાણીમાં એમ કહ્યું એવું સંતો વર્ણન કરે છે. એમાં કિંચિત્ ફેરફાર નથી. કહે છે **'શ્રામણ્યપર્યાયના સહકારી કારણ તરીકે કેવળ દેહમાત્ર ઉપધિને...'** 'કેવળ' ભાષા વાપરી છે ટીકામાં. એકલો. અને શ્રીમદ્દે પણ એ શબ્દ વાપર્યો છેને. 'સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી.' જુઓ, પહેલા તો શ્વેતાંબરમાં હતા. શ્રીમદ્. પણ પછી જ્યારે અપૂર્વ અવસર બનાવ્યું તો એમાં તો એમ લીધું છે. 'સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો, અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ.' દેહ સિવાય બીજી કોઈ ચીજ કોઈ કલ્પના 'અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ, દેહપણ કિંચિત્ મૂર્છા નવ જોય જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' આહા..હા..!

કહે છે ભાઈ! એ કે **'કેવળ દેહમાત્ર (પરિગ્રહને)-ઉપધિને શ્રમણ જોરથી-હઠથી નહિ નિષેધતો હોવાને લીધે...'** શું કહે છે? એ જોરથી-હઠથી નિષેધ કેમ કરે? છોડી દે. એનું આયુષ્ય પૂરું થયા વિના છૂટે નહિ. આહાર છોડીને બેસી જાય તો એમ આયુષ્ય પૂરું નહિ થાય. હઠથી કામ લેતા નથી એમ કહે છે. ભાષા જુઓ ટીકા. **'શ્રમણ જોરથી-હઠથી નહિ નિષેધતો હોવાને લીધે તે કેવળ દેહવાળો છે;...'** કેવળ દેહવાળો કહેવામાં આવે છે. **'એમ (દેહવાળો) હોવા છતાં પણ,...'** **'किं किंचण'** 'ઇત્યાદિ **પૂર્વસૂત્ર (૨૨૪મી) ગાથા વડે પ્રકાશિત કરવામાં આવેલા પરમેશ્વરના અભિપ્રાયનું ગ્રહણ કરી...'** જુઓ, અરિહંત તીર્થંકર પરમાત્માનો અભિપ્રાય. પહેલાથી મુનિ થયા તો બધું છોડીને થયા. સમજાણું કાંઈ? એવો અભિપ્રાય ભગવાનનો છે. **'પરમેશ્વરના...'** જુઓ, આચાર્ય મહારાજ પરમેશ્વરની આડમાં વાત કરે છે. અમે કહીએ છીએ એકલું એમ નહિ. પરમેશ્વરે કહ્યું એ અમે કહીએ છીએ. પરમેશ્વર સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગનો એ અભિપ્રાય છે.

**'આ (દેહ) ખરેખર મારો નથી, તેથી તે અનુગ્રહયોગ્ય નથી...'** એ શરીરને સુખ કરવું, રાખવું એ લાયક નથી. આહા..હા..! આ તો મુનિની દશાની વાત છેને. શ્રાવક હોય, સમકિતી હોય એની વાત છે. એમાં રાગ હોય.. અહીંયાં તો વીતરાગી સંત પંચ પરમેષ્ઠીમાં ભળ્યા છે. આહા..હા..! તો કહે છે કે શરીરનો હઠપૂર્વક તો નિષેધ થઈ શકે નહિ. તો એની મમતા પણ કરવી નહિ. આમ કરવું, આમ ખાવું, આમ પીવા માટે... વિશેષ લેશે. જુઓ. **'(દેહ) ખરેખર મારો નથી, તેથી તે અનુગ્રહયોગ્ય નથી...'** અનુગ્રહ નામ સંભાળ કરવાની, સુસુશ્રા કરવાને લાયક નથી. **'પરંતુ ઉપેક્ષાયોગ્ય જ છે...'** આ શરીરની પર્યાય

થવાની હોય એમ થઈ રહે. એવી મુનિઓને શરીર પ્રત્યે પણ ઉપેક્ષા છે, અપેક્ષા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવી ચારિત્રની દશા મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? પોતે પાળી શકે નહિ માટે ઢીલું કરવું કે વિપરીત કરવું એ કાંઈ માર્ગનું સ્વરૂપ છે? સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમાત્માનું અભિપ્રાય ગ્રહણ કરીને ખરેખર શરીર મારું નથી, અનુગ્રહયોગ્ય નથી, પણ ઉપેક્ષાયોગ્ય છે '**એમ દેહમાં સમસ્ત સંસ્કારને છોડેલ હોવાથી પરિકર્મ રહિત છે;...**' '**શોભા; શણગાર સંસ્કાર; પ્રતિકર્મ.**' પાણીથી સાફ કરવું, ચામડી સારી દેખાય, મોઢું સારું દેખાય, નાક સારું દેખાય, આંખ સારી દેખાય, કાન સારા દેખાય એવી કોઈ (ઈચ્છા) નથી. ઓહો..હો..! ભગવાન આત્મા પોતાના વીતરાગ સ્વરૂપમાં, મુનિ તો વીતરાગ સ્વરૂપમાં રમે છેને. તો શરીરનો એવો શણગાર, શોભા મુનિને તો હોય નહિ. સમજાણું કાંઈ? આહા..! '**સમસ્ત સંસ્કારને છોડેલ હોવાથી પરિકર્મ રહિત છે; તેથી તેને દેહના મમત્વપૂર્વક અનુચિત આહારગ્રહણનો અભાવ હોવાને લીધે...**' એ માટે દેહને યોગ્ય નથી. એને માટે બનાવેલું પાણી, આહાર... સમજાણું? લેવા યોગ્ય નથી, મુનિને લેવા યોગ્ય નથી. એકલા બહારના આહાર-પાણી નથી લેતા માટે મુનિ એમ પણ નથી. અંતરમાં વીતરાગતા પરિણત દશા થઈ છે. એક શરીરમાત્ર છૂટું કરી શકતા નથી. એનું સેવન આહાર-પાણી નિર્દોષ-નિર્દોષ. કાંઈ પણ માંગીને લેવું, ..લઈને લેવું, ..લઈને લેવું જરા દોષ છે. દોષરહિત એવો આહાર એને '**તને દેહના મમત્વપૂર્વક અનુચિત આહારગ્રહણનો અભાવ હોવાને લીધે યુક્તાહારીપણું સિદ્ધ થાય છે.**' મુનિને તો વ્યાજબી આહાર કરે છે, એનું યુક્ત નામ યથાર્થપણું છે એમાં, એમ સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

'**વળી (બીજી રીતે), તેણે (આત્મશક્તિને જરાય ગોપવ્યા વિના)...**' જુઓ, અંદર આત્મવીર્ય છે. ભગવાન આત્મા એમાં પૂર્ણ બળ પડ્યું છે. તો એને આત્મશક્તિને વ્યક્ત કરવામાં ગોપવતા નથી. મહાપુરુષાર્થ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવે છેને એમાં? અપૂર્વ અવસરમાં નહિ? 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો, અડોલ આસનને મનમાં નહિ ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' શરીર લેવા સિંહ આદિ આવે અને મારે શરીર રાખવું નથી તો એ મારો મિત્ર થયો. આહા..હા..! જુઓ, મુનિની દશા. સમજાણું કાંઈ? શરીર જેને જોવે એ લે, મારે શરીર રાખવું નથી અને એને લેવું છે. લે, એ તો મારો મિત્ર છે. આહા..! વીતરાગતા તો જુઓ! સમજાણું કાંઈ? એવી વીતરાગતા થયા વિના મુક્તિ થશે અને મોક્ષ થશે એમ ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ? વસ્ત્રના પોટલા રાખે, ઓઢવાના જુદા, પહેરવાના જુદા, આમ જુદા એ બધું મુનિના વ્યવહારથી વિપરીત માન્યતા છે. સમજાણું કાંઈ?

કહે છે '**સઘળીયે આત્મશક્તિને પ્રગટ કરીને,...**' લ્યો! સમસ્ત.. પ્રગટ કરે છઠ્ઠે ગુણસ્થાને ભાઈ એમ કહ્યું. કોઈ એમાંથી એમ કાઢે કે સમસ્ત .. પ્રગટ કર્યા તો કેવળી થયા. ભાઈ!

પુરુષાર્થ અંતરમાં જે શક્તિરૂપ છે, પુરુષાર્થ બધો શક્તિરૂપ છે, સ્વભાવરૂપ છે એમાં પર્યાયમાં પ્રયત્ન એટલો ચાલે છે કે શક્તિમાં એકાકાર થઈને પુરુષાર્થ કરીને પોતાના પુરુષાર્થને ગોપવતા નથી. શક્તિમાં જે પુરુષાર્થ પડ્યો છે એ તો પૂર્ણ છે. પરિપૂર્ણ છે શક્તિથી. પૂર્ણ હોં. એમાં એકાકાર થઈને પુરુષાર્થથી પોતાની શક્તિને વ્યક્ત કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! તો કોઈ કહે કે આવી ઉંચી-ઉંચી વાત. બાપા! ઉંચી નથી, ભાઈ! એ ચારિત્રની ભાષા .. છે ભગવાન! આહા..હા..! તારી પણ જ્યારે મુક્તિ થવાની હશે ત્યારે આવું કર્યા વિના કદી મુક્તિ થશે નહિ. શ્રાવકપણામાં ભલે સમકિત હોય, જ્ઞાન હોય. ત્રણ જ્ઞાન થઈ જાય, ગૃહસ્થાશ્રમમાં ત્રણ જ્ઞાન થઈ જાય, મતિ, શ્રુત, અવધિ જાતિસ્મરણ થઈ જાય અને ભવનો ગૃહસ્થાશ્રમમાં સમકિતીને.. સમજાણું કાંઈ? ચારિત્ર વિના, એવી વીતરાગ દશા વિના મુક્તિ થશે એ ત્રણ કાળમાં થશે નહિ. સમજાણું કાંઈ? એ કહે છે કે અરિસાભવનમાં ભરત ચક્રવર્તીને વસ્ત્ર હતા, દાગીના હતા. દાગીના સમજ્યા? દાગીના હતા અને ધ્યાન કરતા કેવળજ્ઞાન થઈ ગયું. એમ થતું નથી, ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો ઘણી પેઢી સુધી થાય?...

ઉત્તર :- ઘણી સાત-આઠ પેઢી. આઠ પેઢીએ ત્યાં જાય અરિસાભવનમાં ... કેવળ થાય. એવું આવે છે શ્વેતાંબરમાં.

મુમુક્ષુ :- ... પુત્ર, એનો પુત્ર...

ઉત્તર :- પરંપરા. એના પુત્ર, એના પુત્ર આઠ પેઢીએ અરિસાભવન હતું. અરિસામાં જોવે છે આમ જોવે ત્યાં કેવળજ્ઞાન થઈ જાય, વસ્ત્રસહિત, દાગીનાસહિત. પછી? .. અમારી દીક્ષા વખતે બહુ મોટી દીક્ષા હતીને અમારી. તો એમાં ઘણીવાર.. બે હજાર માણસ હતા. નાનું ગામ. નાની ઉંમર. ૨૩. સાડી ત્રેવીસ વર્ષ. ૭૦ની સાલ. સુંદર શરીર હતું, રૂપાળું હતું. અત્યારે તો ૮૦ થયા. તો .. બોલે 'ભરતજી ઘરમે વૈરાગી' પછી આ બોલે. સમજ્યાને? ઈન્દ્રે આવીને એને વસ્ત્ર આપ્યું. ભેખ લઈ લ્યો. તમને કેવળજ્ઞાન થયું પણ વંદન નહિ કરીએ. કેવળજ્ઞાન થયું, પણ વંદન નહિ કરીએ. કેમ? વેશ નથી. પછી ઈન્દ્રએ વેશ આપ્યા. લ્યો ભગવાન! અરે..! ભગવાન! કેવળીને પણ વેશ? ત્યારે વંદન યોગ્ય છે? અત્યારે બહુ આવે છે. અમારી સામે વિરોધ કરે છે ઘણા લોકો. જુઓ, કેવળી પણ વિનય કરે છે. શ્રીમદ્દે લખ્યું છે. 'ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન.' જુઓ, એમાં છે. ૧૯ બોલ છે. ૧૯મો. એક છોકરાએ પૂછ્યું અમને, મહારાજ! .. નાની ઉંમરમાં. દશ વર્ષની. જામનગર. ત્યારે પ્રશ્ન થયો હતોને નહિ?

મહારાજ! નાની ઉંમર હતી સાત વર્ષ ઉભો થઈ ગયો સાંભળતા-સાંભળતા. મહારાજ! તમે આત્માને જુઓ-જુઓ કરો છો. પણ આંખ મીંચીએ તો અંધારું દેખાય, બહાર આ દેખાય છે. ક્યાં જોવું અમારે? એય..! ક્યાં ગયા? શું નામ છે? પરેશ. છોકરો પરેશ. હવે

મોટો થઈ ગયો. આવે છે અહીં. નાની ઉંમરમાં પ્રશ્ન કર્યો સભામાં. તમે કહો છો કે આત્માને જાણો, અંદર જુઓ. આંખ મીંચાય તો અંધારું દેખાય, બહારમાં આ બધું દેખાય છે. શું અમારે જોવું? અંધારું જોનાર અંધારારૂપ છે? જાણનાર-દેખનાર. 'આ અંધારું છે' એ અંધારું જોનાર અંધારારૂપ છે? અંધારામાં દેખાય છે કે પ્રકાશમાં દેખાય છે? અંદર પ્રકાશમાં દેખાય છે કે આ અંધારું છે. અંધારું અંધારા દ્વારા નહિ, અંધારું પ્રકાશ વડે દેખાય છે. પ્રકાશમૂર્તિ ભગવાન છે એમાં અંધારું દેખાય છે. આહા..હા..! એણે પ્રશ્ન કર્યો હતો. ૧૯ ગાથા. મહારાજ! શ્રીમદ્‌માં તો એમ કહ્યું છેને કે કેવળી છદ્મસ્થનો વિનય કરે. શિષ્યને કેવળજ્ઞાન થયું ને ગુરુ છદ્મસ્થ રહ્યા, કેવળજ્ઞાન ન થયું હોય. સાંભળ ભાઈ! કીધું. સિદ્ધાંતમાં એ સત્ય નથી. એ વખતે લખ્યું શ્વેતાંબરની શૈલીમાં હતા... લખ્યું.

સર્વજ્ઞ પરમેશ્વર કોનો વિનય કરે? શું પોતાથી કોઈ મોટું છે? અને ત્યાં વિકલ્પ આવે? છઠ્ઠા ગુણસ્થાન સુધી વંદ્યવંદકભાવ હોય છે. બસ. છઠ્ઠા ગુણસ્થાન સુધી વિકલ્પ ઉઠે છે. હું વંદન કરનાર, પરમેશ્વર વંદનયોગ્ય છે. એવો વિકલ્પ છઠ્ઠા સુધી હોય છે પછી કેવળીને તો સાતમામાં પણ હોતું નથી. આહા..હા..! તો આ મુનિ કહે છે કે કિંચિત્‌માત્ર પણ વીર્ય છુપાવ્યા વિના. જુઓ, છે તો મુનિ છઠ્ઠા ગુણસ્થાને હોં. છતાં પોતાનો પુરુષાર્થ, જ્ઞાનમાં રમણ કરવાની ઉગ્રતાનો પુરુષાર્થ કરે છે અંતરમાં. ... એ મુનિ '**છેલ્લા સૂત્ર દ્વારા કહેવામાં આવેલા અનશનસ્વભાવલક્ષણ તપ સાથે...**' જુઓ, હું તો અનશનસ્વભાવી આત્મા છું. હું રાગસ્વભાવી નથી, પણ આહાર સ્વભાવી નથી, જડ સ્વભાવી નથી, પોષકસ્વભાવી નથી. હું તો એનાથી રહિત અનશનસ્વભાવી છું. મારામાં કોઈ રજકણ પણ છે એમ નથી. એવો અનશનસ્વભાવી આત્મા એ તપની સાથે '**તે દેહને સર્વ આરંભથી યુક્ત કર્યો...**' છે. જુઓ, સમજાણું કાંઈ? પછી નીચે લખ્યું છેને. '**અનશનસ્વભાવલક્ષણ તપ = અનશનસ્વભાવ જેનું લક્ષણ છે એવું તપ. (જે આત્માના અનશનસ્વભાવને જાણે છે...**' ઓહો..! જેના જ્ઞાનમાં આત્મા અશનથી રહિત છે. આહારનો કણ અને પાણીનો બિંદુ એ તો તપ જડ છે. એનાથી આત્મા તો રહિત છે. એવો અનશનસ્વભાવી પોતાના દૃષ્ટિ, જ્ઞાન અને રમણતામાં લીધું એ જ તપ છે. સમજાણું કાંઈ? ભાઈ! કેવળજ્ઞાન પામવાનો પંથ તો એ છે. સમજાણું કાંઈ?

'**દેહને સર્વ આરંભથી...**' જુઓ, સર્વ આરંભ એટલે ઉદ્યમ. '**યુક્ત કર્યો (જોડ્યો) છે; તેથી આહારગ્રહણના પરિણામસ્વરૂપ...**' મુનિને આહારગ્રહણના પરિણામસ્વરૂપ '**યોગધ્વંસ તેનો અભાવ હોવાને લીધે...**' યોગધ્વંસનો અભાવ હોવાથી. ભાષા તો જુઓ, '**યોગનો નાશ. (આહાર ગ્રહવાનો આત્માનો સ્વભાવ છે એવા પરિણામે પરિણમવું તે યોગધ્વંસ છે.**' આહાર લેવો, પરમાણુ લેવા, જડના .. લેવો એ મારો સ્વભાવ એ મિથ્યાત્વના ભાવથી સમ્યગ્દર્શનનો નાશ થાય છે. યોગધ્વંસ છે. પોતાના શુદ્ધ વેપારનું ધ્વંસપણું

થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? યોગધ્વંસ એક વાત. '**શ્રમણને આવો યોગધ્વંસ નહિ હોવાથી તે યુક્ત અર્થાત્ યોગી છે અને તેથી તેનો આહાર યુક્તાહાર અર્થાત્ યોગીનો આહાર છે.**)' આહા..હા..! આ યોગી. યોગી તો આમ કુંભક, રેચક રોકે એવા યોગી એ યોગી નથી. પોતાના આનંદસ્વરૂપમાં જેણે વીર્યને જોડ્યું છે. યોગ અંદરમાં સ્થિર થયો છે તેને યોગ કરનારને યોગી કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ? આ બાવા યોગી છે, આ યોગી! બાપા એ યોગી નહિ. સમજાણું કાંઈ? એવા વીતરાગના સંત છે એ યોગી છે. બીજા કોઈ યોગી હોતા નથી. અને ચાહે તો નગ્ન રહે. સમજાણું કાંઈ? પણ પોતાનો આત્મા પૂર્ણ અનંત જ્ઞાનનો ધણી, શક્તિસંપન્ન પૂર્ણ એમાં જોડાણ કરીને પર્યાય પ્રગટ કરી નથી તો એ યોગી નથી. સમજાણું કાંઈ? ભ્રમણા બહુ છે અત્યારે જગતમાં. બહારથી આમ દેખે અન્યમતમાં. સાધુ કહે છે. એ સાધુ છે જ નહિ, ભાઈ! સમજાણું કાંઈ?

વળી કોઈ કહે કે બસ, જૈન સિવાય અન્ય મતમાં કોઈને મોક્ષ નહિ થાય? અન્યમતનો અર્થ શો? વસ્તુના સ્વરૂપથી ઉલટો મત એ અન્યમત છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા અનંત આનંદ જોયો છે, પૂર્ણાનંદ, અનંતગુણનો પિંડ. એ કેટલા ગુણ? અનંતાગુણ. અનંતાઅનંતગુણ એક દ્રવ્યમાં. સમજાણું કાંઈ? એવી સંખ્યા અનંતાનંત સહિત આત્મા સર્વજ્ઞ સિવાય કોઈએ જાણ્યું જ નથી. સમજાણું કાંઈ? તો સર્વજ્ઞ પરમાત્માએ એમ કહ્યું કે કેટલા અનંતાઅનંત? સમજાણું કાંઈ? છ માસ અને આઠ સમયમાં સિદ્ધ થાય છે ૬૦૮. છ માસ અને આઠ સમયમાં ૬૦૮ સિદ્ધ થાય છે. તો એટલા અનંત પુદ્ગલ પરાવર્તન ચાલ્યા ગયા, જેટલા અનંતા સિદ્ધ છે. એનાથી એક નિગોદના એક શરીરમાં અનંતગુણા જીવ છે અને એ જીવમાં અનંતગુણા પરમાણુ છે અને એનાથી અનંતગુણા ત્રણ કાળનો સમય છે. અને એનાથી અનંતગુણા આકાશના પ્રદેશ છે અને એનાથી અનંતગુણા એક જીવમાં ગુણ છે. એવો આત્મા સર્વજ્ઞ સિવાય અને સર્વજ્ઞે કહેલો આત્મા અનુભવમાં સમ્યગ્દૃષ્ટિ સિવાય કોઈ કરે આવો છે, એમ છે નહિ. સમજાણું કાંઈ? સમજાણું? આ જુવાન માણસને. એય..! ક્યાં ગયા આના દાદા ક્યાં ગયા? નથી આવ્યા? નથી આવ્યા? શું થયું? શરદી? શરદીનો રોગ. સમજાણું કાંઈ?

આત્મા પરમેશ્વર સર્વજ્ઞે કહ્યું એવું દ્રવ્ય એક, ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી. ગુણ અનંતાનંત. એ આકાશના પ્રદેશ કરતા અનંત અનંતગુણા પ્રદેશ. એવા અનંતગુણા ગુણ. એટલા ગુણ એક પરમાણુમાં છે. એક પરમાણુમાં એટલા ગુણ છે. એના જડ, આ ચૈતન્ય. ગુણની સંખ્યા બેયની સરખી. સમજાણું કાંઈ? એવા અનંતાનંત ગુણ એમાં એક જોડાણ કરવું. જે રાગમાં જોડાણ છે, જોડાણ સમજ્યાને? એ અંતરમાં જોડાણ કરવું. રાગરહિત નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા—એવું જોડાણ કરીને રમે છે તેને યોગના સાધક યોગી કહેવામાં આવે છે. એ સિવાય યોગી-ફોગી બીજાના માને તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહા..હા..! એ વસ્તુના સ્વરૂપની

ખબર નથી, ભાઈ! સમજાણું કાંઈ? જંગલમાં તો એકલા એવા યોગી હોય નગ્ન. અને એક અડધા ભાગ કંદમૂળ ખાય. અડધો આહાર હોં. પંદર દિવસ સુધી પાણી ન પીવે. ... એવી બુટ્ટી આવે છે. એક રૂપિયાભારની લે, પાણી-આહારની જરૂર ન પડે એવા પરમાણુ. આહા..હા..! કેટલું યોગ સાધે છે! જંગલમાં રહે છે! મૌન રહે છે. વર્ષોના વર્ષ. એ નહિ, ભાઈ! એ યોગ નથી અને એ યોગી નથી.

આ યોગી જુઓ, સમજાણું કાંઈ? જેનો યોગધ્વંસનો અભાવ હોવાથી '**તેનો અભાવ હોવાને લીધે તેનો આહાર યુક્તનો (-યોગીનો) આહાર છે; માટે તેને યુક્તાહારીપણું સિદ્ધ થાય છે.**' વ્યાજબી આહારવાળા. સમજાણું કાંઈ? માટે યોગી કહ્યા એમ. યુક્ત આહાર, ... આહાર, વ્યાજબીવાળા અને યોગી કહ્યા. યોગને સાધનારા પોતાનું સ્વરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ યોગ છે. એ અંતરમાં સાધે છે તો યોગી છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- શ્રમણ બે પ્રકારે યુક્તાહારી સિદ્ધ થાય છે :**' શ્રમણ બે પ્રકારે યુક્તાહારી સિદ્ધ થાય છે. વ્યાજબી આહાર કરનારા સાધુ બે પ્રકારે સિદ્ધ થાય છે. '(૧) **શરીર પર મમત્વ નહિ હોવાથી તેને ઉચિત જ આહાર હોય છે...**' તેને યોગ્ય, નિર્દોષ, પાણીનું બિંદુ પણ તદ્દન નિર્દોષ. એના માટે જરી કરાયેલું અને ઘરમાં દશ શેર પાણી અને બે શેર એમાં મેળવે એ પણ સદોષ છે. સમજાણું કાંઈ? એવો બિલકુલ નિર્દોષ આહાર એને ઉચિત છે. ઉચિત આહારવાળો છે. એક. '(૨) **આહારગ્રહણ આત્માનો સ્વભાવ નથી એવા પરિણામસ્વરૂપ...**' એવા પરિણામસ્વરૂપ. આહાર ગ્રહણ કરવાનો જીવનો સ્વભાવ જ નથી. કોણ આહાર કરે? આહાર કોણ ખાય? આહાર કોણ છોડે? નિહાર કોણ કરે? જળ કોણ પીવે? સમજાણું કાંઈ? એવા અનશનસ્વભાવી છેને? અશનના ચાર પ્રકાર આવે છેને? અસણં, પાણં, ખાઈમં, સાઈમં બધું આવે છે એમાં.

આ તત્ત્વનું સાધુપદ કેવું છે એની વાત ચાલે છે. કોઈ એમ કહે કે એવી વાતની અમને શું (કામ)? પણ તને સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન કરવું છે કે નહિ? તો ચારિત્ર જે મુક્તિનું કારણ છે એ ચારિત્રની એવી દશા હોવી જોઈએ. એવું એણે નિર્ણય લેવું જોઈએ. આગળ-પાછળ વિપરીત શ્રદ્ધા કરે તો દૃષ્ટિમાં મિથ્યાત્વ આવશે. એમ કહે છે. એ તારા દોષનું નિરાકરણ કરવા માટે આ વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! બીજાને જોવું છે કે બીજું કોઈ કારણ નથી. પોતાની શ્રદ્ધામાં વિપરીતપણું ન આવે સમજાણું કાંઈ? એ કારણે બીજાને કહેવું છે કે આ સાધુ છે કે નિર્દોષ છે કે સદોષ છે? શું છે? પોતાની પરીક્ષામાં શ્રદ્ધામાં વિરુદ્ધ ન થઈ જાય એ કારણ છે. પરને કારણે .. સમજાણું કાંઈ? ઝીણું ભારે ભાઈ! .. સાધુ પણ એવા બધા કપડા અને સવારે ચા, બપોરે આહાર, બપોરે વળી ચા, નાસ્તો અને સાંજે ખીચડી અને કઢી. એ આવશે. એક આહાર સિવાય બીજીવાર આહાર લેવો એ શરીરનો તીવ્ર રાગ બતાવે છે. એ આવશે. મુનિદશા વીતરાગ છે અંદરમાં. પણ એને એકવાર આહાર

શરીરને ટકાવવા માટે બરાબર છે. અને એ પણ પૂર્ણ ઉદર નહિ. આવશે. ઉણોદરી એક શરીરને ટકાવવા માટે બસ છે. અને એનાથી અધિક લે, પાણી વિશેષ પી લઉં તરસ ન લાગે પેટ ભરીને. નહિ. શરીર પ્રત્યે તીવ્ર અનુરાગ છે ત્યાં મુનિપણું રહેતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે શ્રમણ યુક્ત અર્થાત્ યોગી છે.**' '**એવા પરિણામસ્વરૂપ યોગ શ્રમણને વર્તતો હોવાથી...**' એમ વર્તે છે. '**તે શ્રમણ યુક્ત અર્થાત્ યોગી છે અને તેથી તેનો આહાર યુક્તાહાર અર્થાત્ યોગીનો આહાર છે.**' લ્યો!

'**હવે યુક્તાહારનું સ્વરૂપ વિસ્તારથી ઉપદેશે છે :—**' જુઓ, હવે ગાથા આવી. યુક્ત આહાર, વ્યાજબી આહાર કોને કહેવો? ઓહો..હો..! સવારે ઉઠે, લાવો દૂધ મસાલા. લઈ આવો પાત્ર ભરીને. આહાર વખતે કેરીના રસ અને કટકા ને રોટલી અને બપોરે વળી કોઈ મમરાને શું કહેવાય એ? પૌવા. કોણ? ભરતભાઈ બોલ્યાને? એ ત્યાં રસોડાના ઓલા છેને. પૌવા-પૌવા એ સાચી વાત. પૌવા શેકેલા પૌવા. પૌવા આવે છેને. ચોખા હોય છેને ચોખા? એના બને છેને. શેકે છે એને બનાવે છે. ચેવડો-ચેવડો. લ્યો ચેવડો. બપોરે ચેવડો અને સાંજે ખીચડી, કઢી અને પાપડ. ... ભજીયાને શું કહે છે? પકોડા. અરે..! ભાઈ! એ તો ભોગીના ભોગ છે. યોગીના એ છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભોગી. એ તો ભોગી છે. ગૃહસ્થ છે, સાધુ નથી. આહા..હા..! અંતરની દૃષ્ટિના અનુભવસહિતની વીતરાગ પરિણતિની વાત અહીં ચાલે છે. સમજાણું કાંઈ? આમ તો મહિના-મહિનાના ઉપવાસ પણ અનંતવાર કર્યા, એની સાથે કાંઈ સંબંધ છે નહિ. એકવાર લે પણ બધું છોડી દીધું. બે-બે મહિનાના સંથારા કરી લીધા. સંથારા સમજ્યા? સંલેખના. આહાર વિના એ તો ક્રિયા છે, એને દૃષ્ટિનો અનુભવ તો નથી. સમજાણું કાંઈ? પોતાનો આત્મા જ્ઞાનાનંદ સ્વભાવનો અનુભવ થઈને અંતરમાં રાગરહિત વીતરાગની દશા પરિણતિમાં એક શરીરમાત્ર છૂટે નહિ તો એ માટે યુક્ત આહાર, નિર્દોષ આહાર એને લે છે. એની વ્યાખ્યા વિશેષ કરે છે.

**एक्कं खलु तं भत्तं अप्पडिपुण्णोदरं जहालद्धं।**
**चरणं भिक्खेण दिवा ण रसावेक्खं ण मधुमंसं।।२२९।।**

આહા..હા..! સંતો છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝુલનારા ભગવાન. ૨૨૯?

**આહાર તે એક જ, ઊણોદર ન યથા ઉપલબ્ધ છે,**
**ભિક્ષા વડે, દિવસે, રસેચ્છાહીન, વણ મધુમાંસ છે. ૨૨૯.**

આહા..હા..! એ વાત ભાઈ! ભર્તૃહરિનું નાટક આવે છેને ભાઈ! ભર્તૃહરિ બધું જોયું છેને. ઘણા નાટક જોયા છે. ભર્તૃહરિ છેને ભર્તૃહરિ. તો ભર્તૃહરિની પીંગળા રાણી હતીને? તો પીંગળા રાણીને અશ્વપાળ હતો એની સાથે ચાલતી હતી. આ તો બાણુ લાખ માળવાનો

અધિપતિ. તો એની રાણી એને સાથે ચાલતી હતી. એને એક વેશ્યાએ આવીને અમરફળ આપ્યું દરબારને. એ અમરફળ દીધું એની પોતાની પત્નીને. એને પ્રેમ હતો. એ અમરફળ દીધું પત્નિએ અશ્વપાળને. અશ્વપાળે અમરફળ આપ્યું વેશ્યાને. અને એ વેશ્યા દેવા આવી અરે..! આ ફળ ક્યાંથી? આ ફળ તો મેં .. આપ્યું હતું. તમે તમારી સ્ત્રીને આપ્યું. આ ક્યાંથી આવ્યું? ખુલ્લું પડ્યું. કે મારી સ્ત્રી વ્યભિચારી છે. એણે કોઈને આપી દીધું. એ વેશ્યા કહે આહા..હા..! 'દેખ્યા નહિ કછુ સાર જગતમેં દેખ્યા નહિ કછુ સાર' ચાલ્યા જાય છે. ગુરુ કહે છે અરે..! ભર્તૃહરિ! બાણુ લાખ માળવાનો. પીંગળાને ત્યાં આહાર લેવા જા. તારી રાણીને ત્યાં આહાર લેવા જા. ..પત્ની તરીકે હજારો વખત ગયો. એ ગયો ત્યારે તો આહાર નહોતો. આ સાધુ થઈ ગયોને વૈરાગી, આખું રાજ છોડીને. ઓલી તો રોતી હતી. બહુ રોતી હતી. ભર્તૃહરિ કહે, રાણી માતા! માતા! જે આહાર હોય એ મને દે. જુઓ, મિથ્યાદૃષ્ટિ હતો હોં. ધ્યાન રાખો. માતા! ઘરમાં આહાર હોય તે દ્યો. મારી સાધુની શું કહેવાય એ? બાવાની જમાત. મારી બાવાની જમાત ચાલી જાય છે. ગુરુએ મને ફરમાન કર્યું છે. રાજાને કહે છે 'રાજાજી રસોઈ કરું જમતા જાઓ ...' હે યોગી! કહો તો ખીર બનાવું. 'ખીર બનાવું ક્ષણ રે એકમાં' મારે ઘરે આ કાંઈ નથી. આપ ઘર છોડીને ચાલ્યા ગયા. હું તો આખો દિ' રોઉં છું. મહારાજ! યોગી આપ એક ક્ષણ તો રહો. હું ખીર બનાવી દઉં એકદમ. ખીર સમજ્યા? દૂધની. બીજી ચીજ તો ઝટ બને નહિ.

અરે..! રાણી! એક ... ભોજન તારું. તૈયાર હોય તો દે નહિતર હું ચાલ્યો જાઉ છું. વૈરાગ્ય છેને. પણ તત્ત્વની દૃષ્ટિ ખબર નહિ. સમજાણું કાંઈ? એવો વૈરાગી. રાણીને માતા તરીકે, મહારાજ! માતા મને ન કહો. માતા! મારા ગુરુનો હુકમ છે. તારી રાણીની પાસે જઈને આહાર લે. પ્રભુ! મારે ત્યાં આહાર આજે નથી. મેં તો રુદનમાં આખો દિવસ કાઢી નાખ્યો. લાવો કાંઈ હોય તો દે, નહિતર હું ચાલ્યો જાઉં છું. આહા..હા..! એવો વૈરાગ્યનો દેખાવ કરે છે નાટકમાં. બધું જોયું છેને અમે તો. ઘણો વૈરાગ્ય. પણ તત્ત્વદૃષ્ટિ વિનાનો એ વૈરાગ્ય. સમજાણું કાંઈ? એવા વૈરાગી તો ઘણા હોય છે જગતમાં. એ તો નાસ્તિથી થયા. અહીં તો અસ્તિ પોતાનો આત્મા પૂર્ણાનંદ અખંડાનંદ અનંતગુણનો પિંડના અસ્તિત્વનો અનુભવ કરીને, રાગનો અભાવ કરે છે એને વૈરાગી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તો કહે છે, ૨૨૯. ૨૨૯ને?

'**ટીકા :- એક વખત આહાર તે જ યુક્તાહાર છે,...**' લ્યો! ભગવાન અમૃતચંદ્રાચાર્ય કુંદકુંદાચાર્યનું સ્પષ્ટીકરણ કરે છે. પરમેશ્વર છે. આચાર્ય પરમેશ્વર છે. '**એક વખત આહાર તે જ યુક્તાહાર છે,...**' મુનિને તો એકવાર આહાર. ગાડાના .. શું કહેવાય? શું કહે છે તમારે? ઈંધણ શરીરની ગાડી ચાલે તો કહે છે કે એકવાર આહાર બસ છે. '**કારણ કે તેટલાથી જ શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂત શરીર ટકે છે.**' જુઓ, સમજાણું કાંઈ? મુનિની

વીતરાગદશામાં એકવાર આહારનો જ વિકલ્પ આવે છે બસ. '(**એકથી વધારે વખત આહાર તે યુક્તાહાર નથી...**' એ વ્યાજબી આહાર નથી. જુઓ, મુનિની દશા ભગવાનના માર્ગમાં. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથના પંથમાં એ માર્ગ છે. વીતરાગદશા જ્યાં પ્રગટ થઈ સમ્યગ્દર્શનપૂર્વક, એવા મુનિને શરીરને ટકાવવા માટે એકવાર આહાર બસ. '**એમ નીચે પ્રમાણે બે પ્રકારે સિદ્ધ થાય છે :) (૧) અનેક વખત આહાર તો શરીરના અનુરાગથી સેવવામાં આવતો હોવાથી...**' જુઓ, બે વાર આહાર તો શરીરનો રાગ, અનુરાગ પ્રતિત થાય છે. મુનિને .. છે નહિ. આહા..હા..! '**હોવાથી અત્યંતપણે હિંસાયતન કરવામાં આવતો થકો...**' લ્યો! એ તો હિંસાનું સ્થાન છે. '**એકથી વધારે વખત આહાર કરવાથી શરીરનો અનુરાગ હોય છે.**' જુઓ, એ અનુરાગ જ હિંસા છે એમ કહે છે.

'(**તેથી તે આહાર અત્યંતપણે હિંસાનું સ્થાન બને છે, કારણ કે શરીરનો અનુરાગ તે જ સ્વ-હિંસા છે.)**' પરની હિંસા થાય, ન થાય એની સાથે સંબંધ નથી. આહા..હા..! જુઓ, વીતરાગ માર્ગની અહિંસા. શરીરને બીજીવાર આહાર કરાવવાનો ભાવ એ રાગની હિંસામાં અહિંસા લૂંટાઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગ તો કંઈ કરાવે... અહીં તો મુનિને બેવાર આહારમાં વિશેષ અનુરાગ થાય એટલું. એ દશાને યોગ્ય નથી એવી વાત. કોઈ એક જ આહાર લે માટે દશા વીતરાગી છે એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચાવલ ઉપર નભાવે. એકલા ચાવલ એકલા દૂધ, એકલા દહીં, એકલા મગનું પાણી. એમાં શું છે? અહીંયાં તો આત્મા ભગવાન સ્વરૂપ પરમેશ્વર પરમપારિણામિક સ્વભાવ એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થયું છે અને એના આશ્રયમાં વીતરાગતા, એના આશ્રયે વીતરાગતા વિશેષ પ્રગટ થઈ છે. એવી દશામાં શરીરને એક આહાર બસ છે. બીજીવાર આહાર લેવો એ રાગની પ્રસિદ્ધિ કરે છે. એ ભૂમિકાને યોગ્ય રાગ નથી, તો એ ભૂમિકા રહેતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વસ્ત્રના પોટલા અને આહારના ઢગલા. .. તો ઘરમાં રાખી મૂકે.

મુમુક્ષુ :- ડબ્બા આવે.

ઉત્તર :- આવે ડબ્બા. અમે હતા બોટાદમાં. કોઈ ડબ્બો લઈને આવ્યો હતો. પકવાન. લ્યો પકવાન મહારાજ તમારા માટે. પણ અમારે હોય નહિ, અમે તો સ્થાનકવાસી સાધુ છીએ. અમારે માટે કરેલું કોઈ આપે નહિ. શ્વેતાંબરના સાધુ લે છે ડબ્બો. પકવાન-પકવાન, મિષ્ટાન. દેરાવાસીના. બાજુમાં અપાસરે આવ્યા હતા. લ્યો મહારાજ તમારે માટે પકવાન. અમારે હોય નહિ આ. પણ શ્વેતાંબરના સાધુ લેશે. અરે..! ભગવાન! મુનિપણું શું શ્રદ્ધાની

ખબર નથી હજી. મુનિપણું કેવું છે? કોને કહે છે? કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ અને સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ એવું બોલે ખરા પણ ભાન નથી. કેમ અમુલખભાઈ! આવે છેને ઓલા પચ્ચીસ મિથ્યાત્વમાં. એ ભગવાનભાઈને બહુ ખબર હોય. આવે છેને પડીકમણામાં? પચ્ચીસ મિથ્યાત્વ. ખબર ન મળે, કુસાધુ કોને કહેવા અને સાધુ કોને કહેવા. જય નારાયણ. ..ભાઈ! આહા..હા..! કહે છે, બે પ્રકારના આહારથી **'અત્યંતપણે હિંસાયતન...'** જુઓ, ભાષા! ઓહો..હો..! શરીરમાં એક જ વાર આહાર અને સંતોની વીતરાગદશામાં એવું હોય છે. એ વીતરાગતામાંથી બે વાર આહાર કરવાનો અનુરાગ એમાં વીતરાગની હિંસા થાય છે. વીતરાગતા ત્યાં રહેતી નથી એમ ત્યાં બતાવે છે. સમજાણું કાંઈ? જુઓ, **'(અર્થાત્ તે યુક્તાહાર નથી);...'** એને યોગ્ય આહાર કહેવામાં આવતો નથી. યુક્ત નામ **'આત્મસ્વભાવમાં જોડાણવાળો; યોગી.'** **'(૨) અનેક વખત આહારનો સેવનાર શરીરના અનુરાગ વડે સેવનારો...'** છે. તેને યોગ્ય નહિ એવો શરીરનો પ્રેમ કરે છે તો બીજીવાર આહાર કરવાનો ભાવ એને થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? મુનિપણાની વ્યાખ્યા. કાંતિભાઈ! આ બધી વ્યાખ્યા એ છે. સમ્યગ્દર્શનની વ્યાખ્યા આવે ત્યારે ઠીક પડે, પણ આ સાધુપણાની વ્યાખ્યા, આવી સાધુપણાની દશા?

**મુમુક્ષુ** :- આ બહુ ઠીક પડે એવું છે.

ઉત્તર :- બરાબર ઠીક પડે છે આ. સાધુપદ કેવું હોવું જોઈએ એનો નિર્ણય જ્ઞાનમાં આવવો જોઈએ કે નહિ પહેલા? કેમ ફુલચંદજી! ખબર નહિ કાંઈ. બીડીયું વાળો અને આમ કરો લાવો... કરો. સમ્યગ્દર્શન કોને કહેવું એની ઓળખાણ હોવી જોઈએ. ચારિત્રની દશા કોને કહેવી? એની પણ ઓળખાણ હોવી જોઈએ. અરે..! પોતાનું સમકિત ન જાય ઉલટી શ્રદ્ધાથી. એ કારણે ચારિત્રની દશા કેવી છે એને સમજાવે છે.

**'શરીરના અનુરાગ વડે સેવનારો હોવાથી તે આહાર યુક્તનો નથી...'** કહો, આત્મસ્વભાવમાં જોડાણવાળા યોગીનો આહાર નથી. બે વાર આહાર લેવો, અરે..! બે વાર પાણી લેવું, સમજાણું કાંઈ? એ યોગીનો આહાર નથી. આહા..હા..! આહાર શબ્દે પાણી પણ આવ્યું હોં આમ. આહા..હા..! બે વાર પાણી. ચા-દૂધ તો ક્યાંય રહ્યા. પાણી પણ બે વાર. સમજાણું કાંઈ? એ મુનિને યોગ્ય નથી. લાયક મુનિને રહ્યું નહિ. કોઈ કહે કે એ તો તમારા દિગંબર ધર્મમાં એવો માર્ગ હશે. અરે..! ભગવાન! દિગંબર ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ ધર્મ. એ કેમ આવે અહીંયાં? સમજાણું કાંઈ? માર્ગ તો સર્વજ્ઞ પરમેશ્વરે ત્રિલોકનાથે એવો જોયો છે. અને એવી વસ્તુ કહી છે, એવું છે. સમજાણું કાંઈ? મહાવિદેહ ક્ષેત્રમાં સંતોના ટોળા છે હમણા. હજારો સાધુ. એ બધા આ સ્થિતિવાળા છે. **'(અર્થાત્ તે યુક્તાહાર નથી.)'** એક વાત લ્યો, હવે અપૂર્ણ ઉદરની વાત વિશેષ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૭, રવિવાર, તા. ૦૬.૦૭.૧૯૬૯**
**ગાથા-૨૨૯-૨૩૦, પ્રવચન-૨૦૨**

એમાં સાધુ કેવા હોવા જોઈએ. અને એ સાધુ મુક્તિના કારણરૂપ માર્ગને સાધે છે તો એને ભોજનની વિધિની રીત શું છે એ બતાવે છે. ૨૨૯મી ગાથા ચાલે છે જુઓ. પહેલા તો એમ કહે છે કે સાધુ જે હોય છે એ તો પોતાના આનંદનો અનુભવ કરીને પછી સાધુ થાય છે. સમજાણું કાંઈ? એ પહેલા આવી ગયું છે. જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ ગઈ છે. જેને ચૈતન્યમૂર્તિ આત્મા અનુભવમાં પ્રગટ થઈ ગયો છે. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનાનંદ પરિપૂર્ણ શુદ્ધ આનંદ જેવો ભગવાને જોયો છે એવો આ આત્મા છે. એવા આનંદનો અનુભવ જ્ઞાનજ્યોતિ પ્રગટ... વસ્તુ શક્તિરૂપે તો જ્ઞાન છે જ. આનંદ આદિ શક્તિરૂપ તો છે જ. ધ્રુવ ત્રિકાળ આનંદસ્વરૂપ. એમાં જ્ઞાનજ્યોતિ પર્યાયમાં, અવસ્થામાં, આનંદસહિત જ્ઞાનનું સ્વસંવેદન ભાન થવું તેને પ્રથમ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શનસહિત મુનિ કેવા હોય છે એની વાત ચાલે છે. એને અઠ્યાવીશ મૂળગુણ હોય છે. સ્વરૂપની પરિણતિ વીતરાગ હોય છે, અઠ્યાવીશ મૂળગુણ હોય છે, શરીર નગ્ન હોય છે. અને એને આહાર ક્યા પ્રકારે છે એ ચાલે છે. એક વાર આહાર. સમજાણું કાંઈ? એકવાર આહાર મુનિને હોય છે. બેવાર લે તો મુનિપણું રહેતું નથી. યોગથી ભ્રષ્ટ થાય છે. પોતાનો વેપાર જે આનંદનો છે એ યોગથી ભ્રષ્ટ થાય છે. સમજાણું કાંઈ?

એવી સ્થિતિ મુનિપણાની છે એવી ભગવાને જોઈ છે. મુનિ પોતે કહે છે કે અમે પણ યથાયોગ્ય માર્ગ, અમે જેવા છીએ એવો અનુભવમાં આ આત્મા છે, આ જ્ઞાન છે, આ આનંદ છે, પર્યાયમાં રાગ છે, ત્યાં નિમિત્ત એવું છે. એ વગેરે અમે અમારામાં વર્તીએ છીએ એ બધું કહીએ છીએ. સમજાણું કાંઈ? તો '**एक्कं भत्तं**' બે વાર આહાર લેવાથી રાગની-અનુરાગની પ્રિયતા વિશેષ પ્રગટે છે અને એમાં હિંસા થાય છે. કોની? પોતાની. પરની તો હોય ન હોય એની સાથે સંબંધ નથી. અમરચંદભાઈ! બે વાર આહાર કરવાથી આત્માની હિંસા થાય છે એમ કહે છે. મુનિને એવું હોય નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પછી આવશે. આ તો એકવાર બસ. હવે આવશે.

હવે '**અપૂર્ણોદર આહાર...**' હવે બીજો બોલ આવ્યો. કાલે બીજો નહોતો આવ્યો. કાલે તો એક વાર આહાર એ આવ્યો હતો. એક વાર આહાર, બીજી વાર આહાર મુનિને હોય નહિ કદી. સમજાણું કાંઈ? હવે '**અપૂર્ણોદર આહાર તે જ યુક્તાહાર છે,...**' પેટ

ભરીને પાણી અને આહાર મુનિ લેતા નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ભૂખ તો લાગે.

ઉત્તર :- ભૂખ લાગે તો શું છે? યુક્ત-વ્યાજબી આહાર તો એને કહે છે કે અપૂર્ણ આહાર. જુઓ, '**પેટ ભરીને નહિ એવો; ઊણોદર.**' કરવું. નીચે નોટમાં છે. એવી સ્થિતિ-દશા એ જ છે. પાણીથી પેટ ભરી લે કે આહારથી ભરી લે તો યોગ નાશ પામે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? વીતરાગી મુનિ એવા હોય છે અને એ મોક્ષનું કારણ છે. ખરેખર એ દશા વિના મોક્ષ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે જુઓ, '**અપૂર્ણોદર...**' પેટને પૂર્ણ ન ભરે એવા આહારને વ્યાજબી આહાર કહેવામાં આવે છે. '**કારણ કે તે જ પ્રતિહત યોગ વિનાનો છે.**' અપૂર્ણ-પૂર્ણ ઉદર ન ભરવું એ જ ધર્મીનો ધર્મયોગ જે છે એનો નાશ નથી થતો એનું નામ અપૂર્ણ ઉદર કહેવામાં આવે છે. જુઓ, પ્રતિહત-યોગ રહિત, નાશયોગ રહિત એટલો વેપાર છે. પેટ ભરીને લે તો યોગ નાશ પામે છે. પોતાના સ્વરૂપની દશામાં પ્રમાદ આળસ આદિ, તીવ્ર રાગાદિ હોતા નથી. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

જુઓ, '**પ્રતિહત = હણાયેલ; નષ્ટ; રોકાયેલ; વિઘ્ન પામેલ.**' પ્રતિહત-વિઘ્નને પ્રાપ્ત યોગ એવા યોગરહિત અપૂર્ણ આહાર હોય તો. નહિતર '**(પૂર્ણોદર આહાર યુક્તાહાર નથી...**' પેટ ભરીને આહાર ખાય એ યુક્ત-વ્યાજબી મુનિનો આહાર નથી. '**તેમ નીચે પ્રમાણે બે પ્રકારે સિદ્ધ થાય છે :) (૧) પૂર્ણોદર આહાર તો પ્રતિહત યોગવાળો હોવાથી...**' પેટ ભરીને આહાર, પાણી. સમજાણું કાંઈ? છે? જુઓ,

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ. આહાર અને પાણી આવ્યુંને? એ આહાર છે. અશન આહાર, પાણી આહાર... અસણં, પાણ, ખાઈમં, સાઈમં... ઓષડ... હોય છેને? એ ઓસડ મીઠો ઓસડ હોય. મીઠો પણ કોઈ હોય તો વિશેષ લઈ લે પેટ ભરીને. ઓસડ એવા આવે છેને? ટોપરા કહે છેને શું? નાળિયેર-નાળિયેર. તો એની પણ ઓસડ હોય છે. એ તો બહુ મીઠો ઓસડ છે. તો રોટલીને બદલે ઓસડ વિશેષ લે. પરમાત્મપ્રકાશમાં લખ્યું છે કે જે દવા ખાતર હતી એને જ અજીર્ણ કરી દે છે. એય..! વૈદરાજ! ક્યાં ગયા? વૈદ આવ્યા છેને. એવું ચાલ્યું છે હોં પરમાત્મપ્રકાશમાં. મુનિને ઓસડ કોઈ દે અને .. ચીજ હોય ટોપરા-ટોપરા બનાવે એવા. .. તો એને પણ અજીર્ણ કરી દે. વિશેષ લઈ લે તો એ અજીર્ણ, એ પૂર્ણોદર થઈ જાય છે. એ પણ મુનિની યોગ્યતાથી રહિત છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**(૧) પૂર્ણોદર આહાર તો પ્રતિહત યોગવાળો હોવાથી...**' પૂર્ણ એટલે પેટ ભરવાથી. એમાં તો આહાર, પાણી, ઔષધ બધું આવ્યું. પ્રતિહત નામ નાશયોગવાળો હોવાથી, '**કથંચિત્ હિંસાયતન બનતો થકો...**' એ હિંસાનું સ્થાન છે આત્મામાં. રાગ તીવ્ર થાય છે તો આત્માની

પર્યાયમાં હિંસા થાય છે. ભારે માર્ગ ભાઈ! સમજાણું કાંઈ? **'યુક્ત (-યોગ્ય) નથી;...'** એ આહાર વ્યાજબી નથી. **'(૨) પૂર્ણોદર આહાર કરનાર પ્રતિહત યોગવાળો હોવાથી તે આહાર યુક્તનો (-યોગીનો) નથી.'** યોગીનો આહાર નથી. યુક્ત નથી, યોગીનો નથી. આહા..હા..! આત્મા અનાકુળ આનંદસ્વરૂપ એના અનુભવમાં જે સાધન કરે છે મુનિની દશામાં, એને પૂર્ણોદર આહાર હીનયોગવાળો હોવાથી, નષ્ટયોગવાળો હોવાથી તે યોગીનો આહાર નથી, સંતોનો આહાર નથી. આહા..હા..! કોઈ કહે કે બહુ ખેંચ્યું છે. એય..! અમરચંદભાઈ! બહું ખેંચ્યું. ખેંચતાણ કેટલી કરે છે આચાર્ય? ભાઈ! વસ્તુની એવી સ્થિતિ જ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ : આહાર પ્રતિહત...

ઉત્તર :- નષ્ટ-નષ્ટ નીચે કર્યું છે. **'પ્રતિહત = હણાયેલ; નષ્ટ; રોકાયેલ; વિઘ્ન પામેલ.'** છેને? રોકાયેલો. સમજાણું કાંઈ? જુઓ, ચિત્રિત વર્ણન મુનિપણાની દશાનું. આહા..હા..! જયંતિભાઈ! આ તો મુનિ બે-બે, ત્રણ વાર ખાય, સવારે ખાય, બપોરે ખાય, સાંજે ખાય. વળી કેરી-બેરીનું ટાણું હોય તો બપોરે પણ કટકા લે. અરે..! બાપા! એ તો મુનિપણું છે નહિ. જ્ઞાની એને તો મિથ્યાદષ્ટિ કહે છે. એવી વાત છે, ભાઈ! મુનિપણું છે નહિ અને મુનિપણું માને છે. એય..! નિહાલભાઈ! જુઓ, આ મુનિપણાની સ્થિતિ પરમેશ્વર વીતરાગ કેવળજ્ઞાનીએ કહેલી. ત્રિલોકનાથ તીર્થંકરદેવે પરમાત્માએ કેવળજ્ઞાનમાં ભાખી છે એવી કહેલી વાત આ છે. બીજા કોઈ પોતાની કલ્પનાથી શાસ્ત્રમાં, કલ્પનાથી સાધુપણાની સ્થિતિ બાંધી છે. સમજાણું કાંઈ? સાધુને વસ્ત્ર ખપે, વસ્ત્ર હોય, બે વાર આહાર એ બધી કલ્પિત વાત મિથ્યાદષ્ટિ થઈને બનાવ્યું છે. એ શાસ્ત્ર નથી, એ કુશાસ્ત્ર છે એમ કહે છે. આહા..હા..! આકરું ભારે લાગે. સમજાણું કાંઈ? ઓહો..! આનંદસ્વરૂપ ભગવાન એની પૂર્ણાનંદની પ્રાપ્તિનું કારણ જે ચારિત્ર છે એ ચારિત્રની દશા તો એવી હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પ્રતિહત યોગવાળો હોવાથી તે આહાર યુક્તનો (-યોગીનો) નથી.'** ભોગીનો આહાર છે. પેટ ભરીને આહાર-પાણી લે એ ભોગીનો આહાર છે, યોગીનો નહિ એમ કહે છે. આહા..હા..! હવે **'યથાલબ્ધ આહાર તે જ યુક્તાહાર છે,...'** શું કહે છે? ત્રીજો. જેવું મળે એવું લઈ લેવું ભિક્ષામાં. **'કારણ કે તે જ (આહાર) વિશેષપ્રિયતારૂપ અનુરાગથી શૂન્ય છે.'** યથાલબ્ધ આહાર. સમજ્યાને? જેવો મળે તેવો લેવો એનું નામ યથાલબ્ધ આહાર. યથાલબ્ધ આહાર વ્યાજબી આહાર છે. **'કારણ કે તે જ (આહાર) વિશેષપ્રિયતારૂપ અનુરાગથી શૂન્ય છે.'**

**'(૧) અયથાલબ્ધ આહાર...' 'જેવો મળે તેવો નહિ પણ પોતાની પસંદગીનો;...'** ચાલો ભાઈ આજે ગૃહસ્થની ઘરે ભિક્ષા માટે જઈએ. સમજાણું કાંઈ? ત્યાં આહાર-પાણી સારા મળશે. લગન હોય ત્યાં પ્રસંગમાં તો લાડુ-બાડુ હોય, જલેબી હોય. સમજાણું કાંઈ?

ઓહો..હો..! કહે છે '**અયથાલબ્ધ આહાર તો વિશેષપ્રિયતાસ્વરૂપ અનુરાગ વડે સેવવામાં આવતો હોવાથી અત્યંતપણે હિંસાયતન કરવામાં આવતો થકો...**' આત્યંતિક હિંસાયતન કરવામાં આવતો થકો એ યોગ્ય નથી. '**યુક્ત (-યોગ્ય) નથી;...**' સમજાણું કાંઈ? જેવું મળે એવું નહિ. જ્યાં કોઈ ઘરમાં કેરી હોય, એ ઘરમાં પુડલા બન્યા છે, એ ઘરે કાયમ લાડુ બને છે તો ચાલો ત્યાં. સમજાણું કાંઈ? એ યથાલબ્ધ આહાર નથી, એ યોગીનો આહાર નથી, એ ભોગીનો આહાર છે. આહા..હા..! કાંતિભાઈ! લ્યો! કાંતિભાઈએ તો નોકરી છોડી દીધી. ઠીક કર્યું એ. મફતના હેરાન થતા હતા. એની મા માટે રોકાણા છે. ઓલામાં હતાને. પ્લેનમાં નોકરી ૧૧૦૦ રૂપિયાની નોકરી. બ્રહ્મચારી છે જાવજીવ. છોડી દીધી. નોકરી છોડી દીધી. એના ભાઈએ કહ્યું. સારું કર્યું. મેં તો કીધું ભાઈ છોડોને, અહીં રહોને ... એણે નોકરી છોડી દીધી. ૧૧૦૦નો પગાર. બાળબ્રહ્મચારી છે. નોકરી છોડી દીધી છે હવે. બ્રહ્મચર્ય લેતા નથી, પણ છે બ્રહ્મચારી. કહો, સમજાણું કાંઈ? પણ પ્રતિજ્ઞા લે ત્યારે...

અહીં કહે છે કે '**અયથાલબ્ધ આહાર...**' પસંદગીનો આહાર. પસંદગી છેને? નીચે અર્થ બહુ સરસ છે જુઓ, '**પસંદગીનો; સ્વેચ્છાલબ્ધ.**' ઈચ્છા પ્રમાણે કાંઈ મળે ત્યાં જાવું, એવું લેવું. અને એવું લઈને આવવું પછી ખાવું. ...ભ્રષ્ટ થાય છે લ્યો! આહા..હા..! સમજાણું કાંઈ? એક સાધુ અમને કહેતા હતા ત્યાં. આ સ્થાનકવાસી સાધુ ત્યાં. અમે પાલેજમાં હતાને. તો એ એવું કહે કે અમને તો જરૂર હોય તો અમે ઉમરાળામાં કહી દઈએ કે આજે ભજીયા ખાવા છે. તો ભજીયા કરી દે. મણિલાલજી હતા. ..મણિલાલજી એ ત્યાં આવ્યા હતા પાલેજ. અમે તો નાની ઉંમર છોડી દીધું. આપણને કાંઈ ખબર ન પડે જૈનધર્મ શું છે. વાડામાં પડ્યા. સ્થાનકવાસી. એ કહે કે અમારે તો આહાર જોઈતો હોય તો અમે કહી દઈએ .. ભજીયા. ભજીયા સમજો છો? પકોડી. પાંચ તો ભજીયા. ભજીયા કરે છે... અમે તો કહી દઈએ ગાંડાભાઈને કે ભાઈ અહીં .. એમ કરીને અહીંયાં કહેતા હોય કોણ જાણે. પણ અહીં તો બનાવે નહિ મેં કીધું. એમ કરીને મને સંભળાવતા હોય. એ વખતે કાંઈ તર્ક મને ઉઠેલો નહિ. પણ એમ કરીને અહીં કાંઈક બનાવે. અહીં તો અમે બનાવતા નથી. અમારે તો ૩૦ માણસ હતુ એક ઘરે. ... નિર્દોષ. તો આવું કહે. આ સાધુ. અરે..! ભગવાન! અહીં તો કહે છે નગ્નમુનિ હોય છે દિગંબર હોય, વસ્ત્ર રહિત હોય, અઠ્યાવીશ મૂળગુણ હોય, વીતરાગ પરિણતિ હોય એને પણ એવો આહાર હોય નહિ. આહા..હા..! બીજા તો મુનિ છે જ નહિ. એને મુનિ માનવા એ તો અજ્ઞાન છે. આહા..હા..! ..ભાઈ! બહુ ફેરફાર નીકળ્યો આ તો. ક્યાં ગયા દાસ?

મુમુક્ષુ :- સમય વર્તે સાવધાન...

ઉત્તર :- બિલકુલ.. ફેરફાર થાય? લાડવાને ઠેકાણે કોઈ ઝેર ખાય છે અત્યારે? સમય ફેર છે તો? સમય ફેર એટલે શું?

મુમુક્ષુ :- ... સમય વર્તે સાવધાન.

ઉત્તર :- સમય વર્તે સાવધાનનો અર્થ એ કે જેવી એની યોગ્યતા છે, સમય પ્રમાણે કરવું એનું નામ સમય વર્તે સાવધાન. વિરુદ્ધ કરે એ સમય વર્તે સાવધાન ક્યાંથી આવ્યું? એ તો વધારે સ્પષ્ટ કરાવે છેને. પણ માર્ગ તો એક જ છે 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' એય..! ભગવાનજીભાઈ! જુઓને આચાર્યો જંગલમાં રહેનારા કેટલું સ્પષ્ટ કરીને સ્પષ્ટ બતાવે છે. માર્ગ તો આવો છે, ભગવાન! સાધુપદની દશા તો એવી અલૌકિક છે. પોતામાં ન હોય અને પાળી શકે નહિ માટે કાંઈ વિપરીત કરી દેવું એવી વાત છે? સમજાણું કાંઈ? કે અમે જે પાળીએ એટલું સાધુપણું છે. એમ હોતું નથી. સમજાણું કાંઈ?

કહે છે. '**અયથાલબ્ધ આહારનો સેવનાર વિશેષપ્રિયતાસ્વરૂપ...**' વિશેષ રાગ છે. ભૂમિકાને યોગ્ય રાગ વિકલ્પ સાધારણ આવે એવું નથી એને. એકવાર આહાર લેવાનો જે વિકલ્પ સાધારણ એમ નથી. અહીં તો ગૃદ્ધિ થઈ જાય, પસંદગીનો આહાર. સમજાણું કાંઈ? શીરો મળે, આ મળે. તબિયત નરમ હોય ત્યારે યથાલબ્ધ આહાર હોય. નરમ તો શરીર જડ છે. એમાં શું છે? એ અવસ્થા થવાની હોય તેમ થાય. એવો માર્ગ છે પરમાત્મા! એનાથી વિરુદ્ધ જે કલ્પિત કર્યું શાસ્ત્રમાં, એ શાસ્ત્ર જ નથી, શસ્ત્ર છે. એ તો વિરુદ્ધ છે. મારે મુનિપણું, એવા કપડા રાખે, પાત્ર રાખે, બબ્બે-ત્રણ વાર આહાર લે અને સૂવે આઠ-આઠ કલાક. એ મુનિ કેવા? સમજાણું કાંઈ? મુનિને તો એક પોણી સેકન્ડની અંદર નિંદ્રા આવે છે. પીછલી રાત્રી. શું કહે છે? .. વાત છેને એ છ ઢાળામાં. હા એ. પાછલી રાત્રીમાં થોડી એક પોણી સેકન્ડ. વળી પાછા જાગી જાય. વળી પાછા... જાય. એવી દશા. મુનિપણું બાપા! કેવળજ્ઞાનનું કારણ સાક્ષાત્ પરમાનંદની મૂર્તિને પ્રગટ કરવાનો હેતુ દશા તો એ હોયને.

મુમુક્ષુ :- ગણધર દ્વારા વંદનિક.

ઉત્તર :- હા, ગણધરો દ્વારા વંદનિક છે. ગણધર **નમો** લોએ સવ્વ સાહુણં. **નમસ્કાર** કરે. ..ભાઈ! જેવી સ્થિતિ છે એવી જાણવી જોઈએ. ઉણી, અધિક, વિપરીત એનાથી માને તો મિથ્યાત્વ થઈ જાશે ઉપર. એવી વાત છે. સમજાણું કાંઈ? આહા..!

'**વિશેષપ્રિયતાસ્વરૂપ અનુરાગ વડે સેવનારો હોવાથી તે આહાર યુક્તનો (-યોગીનો) નથી.**' યોગીનો નથી. યુક્ત આહાર નથી અને યોગીનો નથી. બે વાત કરે છેને. એ વ્યાજબી આહાર નથી, યોગીનો નથી, ભોગીનો છે. એય..! જાદવજીભાઈ! આવું બધું સાંભળ્યું હતું? ત્યાં કલકત્તામાં સાંભળવાનું નહોતું ત્યાં. યોગ નહોતો. એ વાત સાચી. હવે બીજો બોલ. '**ભિક્ષાચરણથી આહાર તે જ યુક્તાહાર છે,...**' ભિક્ષા લેવા જવી એ યુક્ત આહાર છે. '**કારણ કે તે જ આરંભશૂન્ય છે. (૧) અભિક્ષાચરણથી (-ભિક્ષાચરણ સિવાયનો) જે આહાર તેમાં તો આરંભનો સંભવ હોવાને લીધે...**' લ્યો! અમારે માટે બનાવેલો હોય ત્યાં અમે આવીશું. આવું બનાવો. લે. ઉના પાણી બનાવો, મોસંબી બનાવો, કેરીનો રસ કાઢો. અમે આવશું તમારે ત્યાં આહાર લેવા. એ તો ભિક્ષાચરણ નથી.

મુમુક્ષુ :- કેરીના ડબા.

ઉત્તર :- એ કાંઈ એ તો સાથે ને સાથે. મુનિ તો ઓહો..હો..! એવું નગ્ન શરીર, એક મોરપીંછી, કમંડળ. આહા..હા..! રાજકુમાર હોય. આઠ વર્ષના રાજકુમાર હોં. આહા..હા..! અને એ જંગલમાં ચાલ્યા જતા હોય. સુંદર શરીર હોય મણિરત્નની પુતળી જેવું. ભિક્ષા મળે, આહાર મળે તે આહાર લે. ચાલ્યા જાય જંગલમાં. આહા..હા..! સિંહ જેવી વૃત્તિ. ઘરે પલંગમાં સૂતા હતા, મચ્છરદાની રાખતા હતા અને સિપાઈ પોલીસની આખા ખમ્મા અન્નદાતા! એ રાજકુમાર આઠ વર્ષની ઉંમરમાં. આઠ વર્ષે હોં. શાસ્ત્ર તો કહે છેને કે સવા નવ મહિના પેટના અને સવા સાત વર્ષના બહાર. આઠ વર્ષે કેવળજ્ઞાન થાય છે. એ સવા નવ મહિના પેટમાં છે એ અહીંનું આયુષ્ય છેને? એ આ ભવનું આયુષ્ય છે.

મુમુક્ષુ :- આઠ વર્ષમાં ...

ઉત્તર :- સવા નવ મહિના સહિત. એ ગર્ભમાં આવ્યોને એ સવા નવ મહિના અને બહારના સવા સાત વર્ષ. આઠ વર્ષે કેવળજ્ઞાન થઈ જાય. આઠ વર્ષે મુનિપણું, ભાવલિંગ. આહા..હા..! આ કહે છે એવી વીતરાગદશા થઈ જાય. આહા..હા..! સમજાણું? કાલે પલંગમાં સૂતા હોય, હાથીને હોદ્દે ચાલતા હોય. આ શું? સોળે સુંદર કાય. ઓહો..! ... જીવની રક્ષા, પ્રમાદ છોડીને પગલા ભરે. આહા..હા..! અંતર વીતરાગદશા છે. આનંદકંદનો પ્રગટ અનુભવ છઠ્ઠે-સાતમે હજારોવાર આવે છે. એક નાની પીંછી, એક મોરપીંછી અને કમંડળ નાનું. જંગલમાં સિંહ જેમ ચાલતા હોય. કોઈની દરકાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવું છે, બાપા! ભાઈ! મુનિપણું તો આવું છે. એને ભગવાન મુનિ કહે છે. પરમેશ્વર, ગણધરો, તીર્થંકરો, સર્વજ્ઞો. સમજાણું કાંઈ? એની ઓળખાણ તો કરવી પડે કે નહિ? એય..! કાંતિભાઈ! જયનારાયણ બધાને જેમ હોય એમ?

**'અભિક્ષાચરણ જે આહાર તેમાં તો આરંભનો સંભવ હોવાને લીધે હિંસાયતનપણું પ્રસિદ્ધ હોવાથી...'** હિંસાનું સ્થાન છે. બનાવવાનું કાંઈક કહે, અરે..! બનાવ્યું હોય તો અનુમોદે એ પણ ભિક્ષાચરણ નથી. સમજાણું કાંઈ? એને માટે બનાવ્યું હોય અને એ લે તો ભિક્ષાચરણ નથી. ઓહો..હો..! **'વળી (૨) એવા આહારના સેવનમાં (સેવનારની) અંતરંગ અશુદ્ધિ વ્યક્ત (-પ્રગટ) હોવાથી...'** જુઓ, છેને? **'તે આહાર યુક્તનો નથી.'** ... સહજ મળ્યો હોય ભિક્ષામાં જે કોઈ રોટલી મળે, દાળ મળે, એકલું શાક મળે બીજું કાંઈ ન મળે કોઈ વખતે. એને માટે બનાવ્યું હોય તો બધી રસોઈ હોય. દાળ, ભાત, શાક. પણ કોઈ જઈ ચડે ત્યાં રોટલી આદિ ખલાસ થઈ ગયું હોય. એકલું શાક હોય. શાકને શું કહે છે? શાક રહે એકલું. તો શાક અને પાણી બેય મળે. એકલી રોટલી અને પાણી મળે. શાક ન મળે.

મુમુક્ષુ :- એકલો શેરડીનો રસ

ઉત્તર :- આ ભગવાનને એકલો શેરડીનો રસ મળ્યો લ્યો! ઋષભદેવ ભગવાનને. બસ, રોટલી નહિ. ભિક્ષા કરવાથી મળ્યું સમજાણું કાંઈ? જુઓ, આ સાધુપદ એને કહે છે પરમાત્મા. એનાથી વિરુદ્ધ જે છે એ તો સાધુ છે નહિ. ઓહો..! લ્યો! તે આહાર યોગીનો નથી. ભિક્ષાચરણ સિવાય કોઈને કહે કે આવું હોય તો ઠીક. મને રોગ છે, બહુ ગરમી છે તો થોડો મોસંબીનો રસ હોય તો ઠીક. સમજ્યા? એવો ઈશારો કરી દે. એ અભિક્ષાચરણ છે, ભિક્ષાચરણ છે નહિ. આહા..હા..!

**'દિવસે આહાર તે જ યુક્તાહાર છે,...'** દિવસમાં એકવાર લેવો. દિવસમાં બે વાર લેવો નહિ. **'દિવસે આહાર તે જ યુક્તાહાર છે, કારણ કે તે જ સમ્યક્** (બરાબર) **જોઈ શકાય છે.'** દિવસે જોઈ શકાય છે કે આ જીવ છે. કોઈ કીડી, કોઈ મકોડા, કોઈ વનસ્પતિના ટૂકડા, ...નો ટૂકડો હોય અનાજમાં ... વનસ્પતિ હોય છેને? લીલોતરી કહે છેને હરિકાય. એનો એક ટૂકડો હોય તો અસંખ્ય જીવ છે એમાં. તો દાળમાં જોયા પછી પડી ગયા હોય. રોટલીમાં થઈ ગયા પછી ઉપર પડી ગઈ. તો દિવસમાં નજર પડે. એ રોટલી દે છે એમાં ઝીણી કટકી રહી ગઈ હોય. કટકી જીવ છે. અસંખ્ય જીવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કંકર નહિ કટકી એ. કટકીને શું કહે છે? ટૂકડો. વનસ્પતિનો ટૂકડો.

મુમુક્ષુ :- કંકર

ઉત્તર :- એ કંકર નહિ. એ તો પત્થર. એની વાત અહીં નથી ચાલતી. આપણે જીવની વાત છે. એકેન્દ્રિય જીવ છેને એ ટૂકડો એટલો. આ ગુવાર નથી કહેતા? ગુવારને શું કહે છે? ગવાર. એની શાક કરવાની કટકી પડી હોય તો ઉડતા-ઉડતા કોઈ રોટલીમાં પડી ગઈ, કોઈ દાળમાં પડી ગઈ, પાણીમાં પડી ગઈ અને પાણી દેવા આવ્યા. ત્યાં એ કટકી દેખાણી. દિવસે દેખાય છે. દાતારને પણ ખબર નથી એની. કોઈ ગુવાર આમ કરે છેને? ઘીસોડા હોય છે ઘીસોડા શું? તુરિયા. તુરિયા એવા હોય .. એમ કરતાં-કરતાં પાણીમાં પડી ગયું. પાણી નિર્દોષ (ન રહ્યું). તુરિયા-તુરિયા બસ એ. તો પડી ગયા હોય તો દિવસે નજર પડે. જ્યાં પાણી જોવે, એ ટૂકડો છે એમાં. મૌન, બોલે નહિ, નીકળી જાય. આહા..હા..! એવો માર્ગ છે, ભાઈ! એક કટકો એટલો હોય તો અસંખ્ય જીવ છે. કાચા દાણા હોય. કાચા લીલોતરીના દાણા હોયને. જુવાર, બાજરા હોય છે કાચા. પોંક-પોંક. પોંક શું કહે છે? પોંક ઉનો કરીને ખાય છે. એ કાચા દાણા હોય એમાં અસંખ્ય જીવ છે. એક દાણો કાંઈક પાણીમાં પડ્યો હોય તો દિવસે નજર પડે. રાત્રે તો ખબર પડે નહિ. માટે દિવસે આહાર હોય, રાત્રે આહાર હોતો નથી. આહા..હા..! એવી વાત છે, ભાઈ! પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ પાંચેય એકેન્દ્રિય જીવ છે. એકેન્દ્રિય જીવ છે. એકેન્દ્રિય જીવના એટલા ટૂકડામાં પણ અસંખ્ય જીવ છે. તો દિવસે દેખાય છે. અમે તો ભિક્ષા બહુ કરી છેને અમે તો. એક

ટૂકડો એટલો હોય તો અમે લેતા નહિ. એવી ભિક્ષા બહુ ૧૫ વર્ષ કરી. સમજાણું કાંઈ? અમે ભિક્ષા માટે જતા ત્યાં એટલો ટૂકડો પડ્યો હોય જમીન ઉપર. નિર્દોષ આહાર હોય. શેઠિયા ગૃહસ્થ મોટા પાંચ-પાંચ હજાર, દશ લાખ. નીચે એ ટૂકડો દેખાય. પગ જ્યાં અડાડ્યો ત્યાં ખલાસ. એ ઘરે આહાર નહિ. ધીરૂભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કપાસિયાના દાણા. હા કપાસિયા સમજો છો? કપાસિયા સમજો છો? કપાસનું બી નહિ? એમાં પણ જીવ છે. એમાં એક જીવ છે. એ પણ ક્યાંક પડ્યું હોય, પાણીમાં પડેલું જોવે તો ખલાસ. મુનિ નજરે દેખે તો લે નહિ. ભારે વાત ભાઈ! નવ-નવ કોટીએ હિંસાંનો ત્યાગ છે. કરવું નહિ, કરાવવું નહિ, કરનારને અનુમોદવું નહિ, મન, વચન અને કાયાથી. એવી વાત છે, ભાઈ! જુઓ, '**દિવસે આહાર તે જ યુક્તાહાર છે, કારણ કે તે જ સમ્યક્ જોઈ શકાય છે.**' ચોખા હોય રાંધેલા. એમાં કોઈ લીલોતરી પડી ગઈ હોય, હરિકાયનો ટૂકડો પડી ગયો હોય કાચો. ... સમજાણું કાંઈ?

'**દિવસે આહાર તે જ યુક્તાહાર છે, કારણ કે તે જ સમ્યક્ જોઈ શકાય છે. (૧) અદિવસે (દિવસ સિવાયના વખતમાં) આહાર તો સમ્યક્ જોઈ શકાતો નથી તેથી તેને હિંસાયતનપણું...**' એમ હિંસાનું સ્થાન. '**અનિવાર્ય હોવાથી તે આહાર યુક્ત નથી;...**' રાત્રે સંધ્યા આદિમાં આહાર લેવો તે યોગ્ય નથી. '**(૨) એવા આહારના સેવનમાં અંતરંગ અશુદ્ધિ વ્યક્ત હોવાથી...**' એ તો અશુદ્ધ પ્રગટ જ દેખાય છે. આ તો રાતે ખાય કેટલાક તો. સાધુ નામ ધરાવે છેને આ બાવા એ તો રાત્રે ખાય. સમજાણું કાંઈ? કંદમુળ ખાય, આવું ખાય. લીલોતરી-લીલોતરી નામ હરિકાય ખાય. જમરૂખ ખાય. આ જમરૂખ નહિ? જમરૂખ કહે છેને? જામફળ. એ રાત્રે ખાય એ સાધુ નથી, એમ કહે છે. પરમેશ્વરની આજ્ઞામાં નહિ. એ આજ્ઞા બહાર અજ્ઞાની છે. સમજાણું કાંઈ? લ્યો!

પછી. '**રસની અપેક્ષા વિનાનો આહાર તે જ યુક્તાહાર છે,...**' સારો આહાર મળે મોસંબીનો રસ અને ગરમી હોય. ગરમીનો દિવસ છે. આખો દિવસ કાઢવાનો છે. ૨૪ કલાક. કાલે સવારે ૧૦ વાગે આહાર મળશે. તો જરી મોસંબીનો રસ હોય, શેરડીનો રસ હોય ગન્નાનો, એવા કેરીના રસ હોય. બીજું શું છે? દ્રાક્ષ. આ દ્રાક્ષનો રસ હોય. આ અંગુરનો. દાડમ હોય છેને? અનાર. એનો રસ હોય. એવી અપેક્ષા હોય એ ધર્મી નથી. આહા..હા..! ધર્મની વાત તો જુઓ! '**રસની અપેક્ષા વિનાનો આહાર તે જ યુક્તાહાર છે, કારણ કે તે જ અંતરંગ શુદ્ધિથી સુંદર છે. (૧) રસની અપેક્ષાવાળો આહાર તો અંતરંગ અશુદ્ધ વડે અત્યંતપણે હિંસાયતન કરવામાં આવતો થકો યુક્ત નથી;...**' એવી રસની અપેક્ષા રાખે. આહા..હા..! ગજબ વાત છેને. આ રસ ક્યાંથી લાવવા? ભિક્ષામાં સાધુને આપે. એ તો ખાતા હોય દાળ, ભાત, રોટલી લેતા હોય. રસ તો તૈયાર કરીને લાવ્યા

હોય મોસંબીનો, દાડમનો એવો. બધા ઉદ્દેશિક અને બધું દોષિત છે. સમજાણું કાંઈ? એ રસની અપેક્ષાવાળો આહાર એ વ્યાજબી યુક્ત આહાર નથી. એ હિંસાનું સ્થાન છે.

'(૨) **તેનો સેવનાર અંતરંગ અશુદ્ધિ વડે સેવનારો હોવાથી...'** રસની અપેક્ષા રાખીને જે રસ પીવે છે એ આહાર યોગીનો નથી. સમજાણું કાંઈ? ઘરે જઈને તો લે નહિ. ત્યાં ભોજન છે. તો પાત્ર નથી એને કે લઈને ઘરે જાય. આહા..હા..! દેખો, સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ અને કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ એવા ગડિયા બોલી જાય છે. ગડિયા સમજ્યાને? એ સાચી વાત છે. ભાન ન મળે કાંઈ. અહીં તો પરમેશ્વર વીતરાગદેવ કેવળજ્ઞાની એમ કહે છે કે રસની અપેક્ષા સેવનાર અંતરંગ અશુદ્ધિ મેલ છે. તેથી તે યોગ્ય નથી. એ યોગીનો આહાર નથી.

મુમુક્ષુ :- .. ઘી વગેરે આપે છે.

ઉત્તર :- બધું-બધું. ઘી આવે છે. ઘી, તેલ રસ આવે છે. આપણે ખાસ .. એવા .. મળે તો ઠીક, તેલ મળે તો ઠીક. જે મળે તે લે. આવી જાય તો આવો, પણ અપેક્ષા રહે એમાં કે આટલું તેલ હોય તો ઠીક, આટલું ઘી હોય તો ઠીક, એટલો રસ હોય એમાં તો ઠીક. ઓહો..હો..! તે આહાર યોગીનો નથી.

છેલ્લો આહાર હવે. એ '**મધ-માંસ રહિત આહાર તે જ યુક્તાહાર છે, કારણ કે તેને જ હિંસાયતનપણાનો અભાવ છે.**' એ તો સાથે લઈ લીધું છે હોં મધ. એ તો મધ-માંસ તો હોય જ નહિ. સમકિતીને હોય નહિ. પહેલથી હોય નહિ. અભક્ષ્ય, અન્યાય એવા તો ચોથે ગુણસ્થાને પણ હોય નહિ. સમ્યગ્દર્શનમાં પણ માંસ-દારૂ એ હોય નહિ. '**એવા આહારના સેવનમાં અંતરંગ અશુદ્ધિ વ્યક્ત હોવાથી તે આહાર યુક્તનો (-યોગીનો) નથી. અહીં મધ-માંસ હિંસાયતનનું ઉપલક્ષણ છે તેથી (મધ-માંસ રહિત આહાર યુક્તાહાર છે...**' એટલે બધું લઈ લેવું એમ. '**(મધ-માંસ રહિત આહાર યુક્તાહાર છે એ કથન દ્વારા એમ સમજવું કે) સમસ્તહિંસાયતનશૂન્ય આહાર તે જ યુક્તાહાર છે.**' જેમાં જરી પણ આહારની હિંસા રાગ આવે કે પરમાં હિંસા એકેન્દ્રિય આદિની હોય છે એ બધો આહાર યુક્તાહાર નથી, યોગીનો આહાર નથી. લ્યો એ ૨૨૯ થયો.

'**હવે ઉત્સર્ગ અને અપવાદની મૈત્રી વડે આચરણનું સુસ્થિતપણું ઉપદેશે છે :-**-' ૨૩૦.

**बालो वा वुड्ढो वा समभिहदो वा पुणो गिलाणो वा।**
**चरियं चरदु सजोग्गं मूलच्छेदो जधा ण हवदि।।२३०।।**

**વૃદ્ધત્વ, બાળપણા વિષે, ગ્લાનત્વ, શ્રાંત દશા વિષે,**
**ચર્યા ચરો નિજયોગ્ય, જે રીત મૂળછેદ ન થાય છે. ૨૩૦.**

એ ગુજરાતી આવ્યું. એની ટીકા. મુનિ તો કોઈ બાળક પણ હોય છે આઠ વર્ષની ઉંમરવાળો

રાજકુમાર. સમજાણું કાંઈ? શેઠિયાનો દીકરો પણ હોય આઠ વર્ષનો. સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રદશામાં તો બાળક પણ હોય છે. કોઈ વૃદ્ધ પણ હોય છે. લાખો વર્ષની ઉંમર થઈ. કરોડો વર્ષની ઉંમર થઈ મુનિ હોય છે. .. મોટા હતાને? .. '**ટીકા :- બાળ-વૃદ્ધ-શ્રાંત...**' થાક-થાક લાગ્યો હોય. એટલું ચાલ્યો હોય તો શ્રાંત થયું હો શરીરમાં. થાક-થાક સમજો છો? .. થયો હોય. '**શ્રાંત-ગ્લાને...**' રોગી હોય. કોઈ રોગ થયો હોય. એને '**પણ સંયમનો—કે જે (સંયમ) શુદ્ધાત્મતત્ત્વનું સાધન હોવાથી મૂળભૂત છે...**' ચાર હોવા છતાં પણ સંયમ શુદ્ધાત્મતત્ત્વનું સાધન. કોણ? સંયમ. '**(સંયમ) શુદ્ધાત્મતત્ત્વનું સાધન હોવાથી મૂળભૂત છે...**' સંયમ તો મૂળભૂત છે. આહા..હા..! શુદ્ધાત્મતત્ત્વ ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એની પ્રાપ્તિમાં સાધન મૂળભૂત સંયમ છે નિશ્ચયથી. પછી વ્યવહારે શરીર મૂળભૂત કહેશે. સમજાણું કાંઈ? પહેલા સંયમથી ઉપાડ્યું છે.

'**બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાને પણ સંયમનો—કે જે (સંયમ) શુદ્ધાત્મતત્ત્વનું સાધન હોવાથી...**' ચારિત્ર જે વીતરાગ પર્યાય અંદર છે એ તો શુદ્ધાત્મતત્ત્વનું સાધન છે. એ મૂળભૂત એ છે. '**તેનો—છેદ જે રીતે ન થાય તે રીતે, સંયત એવા પોતાને યોગ્ય અતિ કર્કશ (-કઠોર) આચરણ જ આચરવું, એ પ્રમાણે ઉત્સર્ગ છે.**' સમજાણું કાંઈ? શુદ્ધોપયોગમાં રહેવાનો પ્રયત્ન કરવો. સમજાણું કાંઈ? બાળક હોય, વૃદ્ધ હોય, ગ્લાન હોય અને થાકેલો. થાકેલા હોયને. ચાર, છ કોષ ચાલીને થાકેલો. એક વાત. તોપણ એમાં કઠોર આચરણ કરવું. શુદ્ધોપયોગ ભૂમિકામાં જવાનો પ્રયત્ન કરવો. એ વાત કહે છે.

પછી '**બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાને શરીરનો—**' હવે શરીર લીધું. શરીર નિમિત્ત છેને? '**કે જે શુદ્ધાત્મતત્ત્વનું સાધનભૂત સંયમનું સાધન હોવાથી...**' હવે અહીંયાં '**શુદ્ધાત્મતત્ત્વનું સાધનભૂત સંયમનું સાધન...**' શરીર પણ નિમિત્ત છે. જુઓ, ચરણાનુયોગની કથન શૈલી છેને? બાળ, વૃદ્ધ, થાકેલો અને રોગી એવું શરીરનું '**કે જે શુદ્ધાત્મતત્ત્વના સાધનભૂત સંયમનું સાધન હોવાથી...**' કોણ? શરીર. શરીર સાધન. પહેલું સંયમ સાધન કહ્યું હતું ઉત્સર્ગમાં. હવે અપવાદમાં શરીર નિમિત્ત છે. તો કહે છે કે '**સંયમનું સાધન હોવાથી મૂળભૂત છે તેનો—છેદ જે રીતે ન થાય...**' શરીરનો છેદ જે રીતે ન થાય. શરીરમાં એવી સ્થિતિ થઈ જવા જેવી ચીજ જાણે હોય, એમ ન હોવાથી '**તે રીતે, બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાન એવા પોતાને યોગ્ય મૃદુ આચરણ જ આચરવું,...**' પોતાને શુભ યોગરૂપી વિકલ્પ આવે છે. તો '**મૃદુ આચરણ જ આચરવું,...**' છે તો અલ્પ લેપ સમજાણું કાંઈ? પણ શરીર પણ પડી ન જાય, તૂટી ન જાય એવી સંભાળ કરવામાં મૃદુ આચરણ કરવું. મૃદુનો અર્થ શુભ ઉપયોગરૂપ રહેવું. એ શુદ્ધમાં જઈ શકે નહિ તો એવું આચરણ કરના. સમજાણું કાંઈ? કેવી વાત કરી છેને. આહા..હા..!

શુદ્ધાત્મ ભગવાન આત્મા એના પૂર્ણાનંદ સાધનમાં સાધન તો ખરેખર સંયમ છે. તો

સંયમમાં જેમ ચારિત્રમાં છેદ ન થાય એવો એનો ઉત્સર્ગમાર્ગ, નિશ્ચય માર્ગ રાખવો. કઠોર આચરણ સ્વરૂપમાં રહેવાનું કરવું, એમ કહે છે. શરીર પણ એક નિમિત્ત છે સંયમ સાધનમાં તો શરીરમાં છેદ ન થાય, નામ શરીરનો નાશ ન થાય, એ પ્રમાણે એને શુદ્ધોપયોગમાં રહી શકે નહિ તો શુભોપયોગ.. સમજાણું કાંઈ? આહાર-પાણીનો ભાવ હોય. એ તો નિર્દોષ હોય જે કહ્યું એ પ્રમાણે. પણ ભાવ આવે છે આને લઉં એ અપવાદ માર્ગ છે. સમજાણું કાંઈ? એ આહાર લેવાનો નિર્દોષ અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ એ પણ અપવાદમાર્ગ છે એમ કહે છે. ઉત્સર્ગ માર્ગ નથી. આહા..હા..! સાધુપદ કેવું છે એ લોકોએ સાંભળ્યું નથી. અને માની લે જ્યાં-ત્યાં. એય..! ભગવાનજીભાઈ! ઓલા જતિ આવે તો કહે જયમહારાજ. મહારાજ આવ્યા છેને મૂક્યો દોઢસો રૂપિયા. કેટલા મૂક્યા હતા કાંઈક? સવારે જોયા હતા એટલે. ત્યાં આફ્રિકામાં. ગયા હતાને એક જતિ. આ બધા શેઠિયાઓ ખરાને સાધુ ત્યાં જાય એટલે જતિ આવે જતિ. પગે કરાવે. શું કહેવાય? પગલા કરાવે. કેટલા મૂક્યા હતા? ૧૫૧. એને લાખ રૂપિયા છે લાખ. પછી પરણ્યો એ. એનો ભાઈ પરણ્યો ઠીક. એનો ભાઈ પરણ્યો. બે ભાઈઓ હતા. આહા..હા..! જુઓ, કાંઈ ખબર ન મળે.

સાધુ કોને કહીએ? વેશ ફેરવ્યો એટલે સાધુ થઈ ગયો? આ તો વેશ પણ સાધુનો નહોતો. સમજાણું કાંઈ? વેશ તો દ્રવ્યલિંગ નગ્ન હોય છે બાહ્ય દ્રવ્યલિંગીનો. બીજો વેશ હોતો નથી. મોક્ષમાં પણ અંતરસ્વરૂપનું સાધન, આનંદસહિતનું સાધન ચારિત્રમાં કરે છે તો, કહે છે, એમાં રહી શકે નહિ, ઉત્સર્ગ માર્ગમાં, શુદ્ધોપયોગમાં તો શુભભાવમાં આવવું એ અપવાદ માર્ગ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એય..! ક્યાં ગયા ચેતનજી? ઓલો અપવાદમાર્ગ કહ્યો હતોને તમને. એક સ્થાનકવાસી સાધુ અહીંનું વાંચેલું બધું કહે... અપવાદ માર્ગ છે વસ્ત્ર રાખવા એ. અહીં આવ્યા હતા. એમ કહેતા હતા સ્થાકનવાસીના સાધુ કેશવલાલજી. એણે કહ્યું હતું. મેં ના પાડી હતી. ... વસ્ત્ર રાખે એ સાધુ માર્ગ નથી. બધા મિથ્યાદૃષ્ટિ છે જે વસ્ત્ર રાખીને મુનિપણું માને છે. અહીં તો અપવાદમાં તો શુદ્ધ ઉપયોગમાં રહી શકે નહિ તો શુભ ઉપયોગમાં આવવું એ અપવાદ માર્ગ કહેવામાં આવ્યો છે. વૃદ્ધ શરીર, બહુ બાળપણું છે, રોગી થઈ ગયો છે તો એમાં બહુ કષ્ટપૂર્વક શુદ્ધ ઉપયોગમાં જવા માગે તો એ જઈ શકે નહિ તો એ વખતે આહારની ઇચ્છા હોય છે, પાણીની ઇચ્છા હોય છે એ શુભભાવ. એ અપવાદ માર્ગ છે. જયંતિભાઈ! લ્યો! આવું સાંભળ્યું પણ નહિ હોય કોઈ દિ' જિંદગીમાં. એ વીતરાગ માર્ગમાં જ આવી વાત છે. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના માર્ગમાં એવો માર્ગ છે. સમજાણું કાંઈ?

**'એ પ્રમાણે અપવાદ છે.'** મૃદુ આચરણની વ્યાખ્યા? એને માટે બનાવેલું લેવું એ મૃદુ આચરણની વ્યાખ્યા નથી. સ્વરૂપનું શુદ્ધોપયોગમાં જાવું ન થઈ શકે તો શુભોપયોગમાં આવવું એ મૃદુ આચરણ છે. ભાઈ! એય..! દેવાનુપ્રિયા! મૃદુ આચરણ આ. મૃદુ આચરણ

.. માટે થોડું કાંઈક દોષ લાગે તો .. મૃદુ આચરણ એમ નથી. આહા..હા..! જુઓ, .. છેને પહેલા? મૂળભૂત આચરણનો ઉત્સર્ગ છે અને આ અપવાદ છે. અપવાદમાં દોષ છે તો ખરા, પણ એ અલ્પ લે છે. શુભભાવ છેને? લેવાનો ભાવ શુભ થયો એ અલ્પદોષ છે, એ .. છે. આહા..હા..! પણ એ વૃદ્ધ છે બહુ. બિલકુલ આહાર વિના ચાલે નહિ એવી વૃત્તિ થઈ ગઈ. આહાર લેવા જાય છ, શુભભાવ... સમજાણું કાંઈ? એ મૃદુ આચરણ છે. રોગ બહુ છે. સમજાણું કાંઈ? પાણી લેવા ગયા. પાણી અલ્પ લેપ લેવા ગયા તો એટલો શુભભાવ છેને? અંતરમાં સ્થિર થવું. મૃદુ આચરણ એ છે. નહિતર ... કઠોર આચરણ શુદ્ધ ઉપયોગ છે. સમજાણું કાંઈ? ભાઈ! ઓલા કહે કે માળા ધર્મ કરવો. મને આવું સંભળાવે શું કરવું? ભાઈ! ધર્મની વ્યાખ્યા ચારિત્ર જેવું છે, સમ્યગ્દર્શન જેવું છે એવી વિવિક્ષા વિના એની યથાર્થ પ્રતીતિ ક્યાંથી થશે? સમજાણું કાંઈ?

દેવ કેવા છે? ગુરુ કેવા છે? શાસ્ત્ર કેવા છે? ધર્મ કેવો છે? એવી જે સ્થિતિ છે. એવી પ્રતીત યથાર્થ જ્ઞાન વિના એને પ્રતીતિ ક્યાંથી થશે? ગડબડ કરી દેશે. સમજાણું કાંઈ? અનાદિથી ગડબડ કરે છે એવી ગડબડ રહેશે. તારો મિથ્યાત્વભાવ જાશે નહિ. એમ કહે છે, ભાઈ! તો કહે છે કે એ અપવાદ માર્ગ છે. સમજાણું કાંઈ? ત્રીજો બોલ. પહેલો ઉત્સર્ગ કહ્યો, બીજો અપવાદ કહ્યો. હવે અપવાદસાપેક્ષ ઉત્સર્ગ. ત્રીજો બોલ એ લે છે. '**બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાને...**' રોગી અને સંયત '**સંયમનો—કે જે શુદ્ધાત્મતત્તત્ત્વનું સાધન...**' એ સંયમ. શુદ્ધાત્મતત્ત્વનું ચારિત્ર વીતરાગભાવ '**સાધન હોવાથી મૂળભૂત છે તેનો—છેદ જે રીતે ન થાય તે રીતે સંયત એવા પોતાને યોગ્ય અતિ કર્કશ આચરણ આચરતાં,...**' એવા અતિ કઠોર શુદ્ધભાવનું આચરણ આચરતાં, '**શરીરનો—કે જે શુદ્ધાત્મતત્ત્વના સાધનભૂત સંયમનું...**' જોકે શરીર નિમિત્ત છે એમ કહે છે હવે તો. '**કે જે શુદ્ધાત્મતત્ત્વના સાધનભૂત સંયમનું...**' સાધન શરીર છે નિમિત્ત. '**હોવાથી મૂળભૂત છે.**' જુઓ, અહીંયાં પણ મૂળભૂત કહ્યું. શરીરને પણ મૂળભૂત કહ્યું અને શુદ્ધાત્મતત્ત્વનું સંયમ એ પણ મૂળભૂત કહ્યું. તો મૂળભૂત એ નિશ્ચયમાર્ગ છે. સમજાણું કાંઈ?

'**શરીરનો—કે જે શુદ્ધાત્મતત્ત્વના સાધનભૂત સંયમનું...**' કોણ સાધન સંયમનુ? શરીર. '**તેનો (પણ)—છેદ જે રીતે ન થાય તે રીતે...**' શુભ ઉપયોગમાં આવીને અશુદ્ધ આચરણ આચરતાં શરીરનું લક્ષ જાય છે કે આ શરીર એમ નહિ છૂટે. સમજાણું કાંઈ? તો '**બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાન એવા પોતાને યોગ્ય મૃદુ આચરણ પણ આચરવું,...**' શુભભાવમાં આવે છે એટલું. એ મૃદુ આચરણ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ઉત્સર્ગ

ઉત્તર :- ઉત્સર્ગ સાધન કહ્યુંને પહેલા? એ આચરણ. કઠોર આચરણ આચરતાં એ ઉત્સર્ગ થયો અને શરીરના લક્ષે શુભોપયોગ થયો એ અપવાદ થયો. અપવાદસાપેક્ષ ઉત્સર્ગ આવ્યો

એ. અપવાદસાપેક્ષ ઉત્સર્ગ એમ આવ્યું. ભારે વાત ભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ? પહેલા એકલો ઉત્સર્ગ માર્ગ કહ્યો. .. શુદ્ધ ઉપયોગમાં અંદર જાવું અને પ્રયત્ન કરવો એ મુનિનો માર્ગ છે. બીજું શરીર નિમિત્ત છે એમાં કોઈ છેદ ન થાય એમ રાખીને શુભોપયોગમાં આવવું એ એકલો અપવાદ માર્ગ છે. બે વાત. એક ઉત્સર્ગ માર્ગ સાધતાં એટલામાં રહી શકે નહિ તો અપવાદ સાપેક્ષ ઉત્સર્ગ લેવો. તો બાળ-વૃદ્ધ સમયે શુભભાવ આવે છે તો ઉત્સર્ગ, અપવાદ સાપેક્ષ જે શુભભાવ આવ્યો એ અપવાદ છે. એ સાપેક્ષ ઉત્સર્ગ છે. સમજાણું કાંઈ? ભારે! ચરણાનુયોગની વાત પણ કેવી કરે છે! આહા..હા..! શાંતિભાઈ! વાંચ્યું છે કે નહિ આ? ઠીક. લ્યો એ અપવાદસાપેક્ષ એ નીચે છેને? **'અપવાદસાપેક્ષ = અપવાદની અપેક્ષા સહિત.'** ઉત્સર્ગ છે. મૃદુ આચરણમાં શુભભાવ આવ્યો તો શુભભાવ અપવાદ છે. એને સાપેક્ષ રાખીને નિશ્ચયને રાખે છે.

હવે **'બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાને શરીરનો—કે જે શુદ્ધાત્મતત્ત્વના સાધનભૂત સંયમનું સાધન હોવાથી મૂળભૂત છે...'** કોણ? શરીર. એમાં સંયમ કહ્યું અહીં શરીર. અહીં ઉત્સર્ગસાપેક્ષ અપવાદ કહેશે અહીં. પહેલા અપવાદ સાપેક્ષ ઉત્સર્ગ કહ્યો. હવે **'બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાને શરીરનો—કે જે શુદ્ધાત્મતત્ત્વના સાધનભૂત સંયમનું સાધન હોવાથી મૂળભૂત છે...'** કોણ? શરીર. સંયમનું સાધન હોવાથી શરીર. **'શુદ્ધાત્મતત્ત્વના સાધનભૂત સંયમનું...'** એનું સાધન હોવાથી શરીર. સમજાણું કાંઈ? શુદ્ધાત્મતત્ત્વનું સાધન સંયમ, એનું સાધન શરીર. અપવાદ આવ્યુંને? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પણ કેટલું મુનિઓએ જંગલમાં ચારિત્રની સ્પષ્ટતા કેટલી કરી છે! સાંભળનારને કંટાળો આવી જાય કે આ શું કહે છે?

ભાઈ! યથાર્થ વસ્તુનું સ્વરૂપ કહે છે. જે વસ્તુસ્વભાવ તત્ત્વનો ઉપયોગ શુદ્ધ ઉપયોગ આચરણ કરે છે, પણ એ એમાં રહી ન શકે મૃદુ શુભઉપયોગમાં આવવું એ અપવાદસાપેક્ષ ઉત્સર્ગ છે અને હવે તો ઉત્સર્ગસાપેક્ષ અપવાદ કહે છે. **'શરીરનો—કે જે શુદ્ધાત્મતત્ત્વના સાધનભૂત સંયમનું સાધન હોવાથી મૂળભૂત છે તેનો—છેદ...'** કોનો? શરીરનો. **'બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાન એવા પોતાને યોગ્ય મૃદુ આચરણ આચરતાં,...'** શુભભાવમાં આવે છે. એવું આચરતાં હોવા છતાં પણ **'સંયમનો—કે જે શુદ્ધાત્મતત્ત્વનું સાધન હોવાથી મૂળભૂત છે...'** સંયમનું લક્ષ ન છોડવું. ખરેખર તો સંયમ સાધન છે. આહા..હા..! શુદ્ધાત્મતત્ત્વનું સાધન મૂળભૂત એવું સંયમ ચારિત્ર વીતરાગ પરિણતિ. એનો પણ **'છેદ જે રીતે ન થાય તે રીતે સંયત એવા પોતાને યોગ્ય અતિ કર્કશ આચરણ પણ આચરવું,...'** શુભોપયોગની દરકાર છોડી દે છે. જેમ પાણી ગ્રહવાનો મુનિનો શુભવિકલ્પ છે એને છોડી દે છે. સમજાણું કાંઈ? **'એ પ્રમાણે ઉત્સર્ગસાપેક્ષ અપવાદ છે.'** નિશ્ચયની શુભોપયોગની ભૂમિકા સાપેક્ષ એવા શુદ્ધોપયોગનો અપવાદ કહેવામાં આવે છે. આ તમારી મેળે વાંચ્યું હોય તો સમજાણું કે નહિ? નહિ? ઠીક લ્યો. કબુલ કરે છે. બહુ ઝીણી વાત છે પણ અપેક્ષિત

વાત છે. બેય વાત લીધી છે. શુદ્ધાત્મતત્ત્વ ભગવાન એનું સાધન તો સંયમ છે. એ ઉત્સર્ગ માર્ગ થયો, પણ એ સંયમના સાધનમાં નિમિત્ત શરીર પણ છે, તો શરીરનું પણ ધ્યાન રાખવું. શુભોપયોગ આવીને મૃદુ આચરણ આચરે. એ ત્યાં ન જાય અને એકલા કઠોર આચરણમાં જશે તો શરીર પડી જશે. શરીરનો છેદ થઈ જશે, શરીરનો નાશ થઈ જશે. અહીં તો ચરણાનુયોગના કથનની પદ્ધતિ છેને.

મુમુક્ષુ :- એ તો થવાનું હોય ત્યારે થાય.

ઉત્તર :- હા એ તો થવાનું હોય ત્યારે થાય શરીર, પણ અહીં તો વ્યવહારથી સાવધાની ઉત્સર્ગસાપેક્ષ અપવાદ અને અપવાદસાપેક્ષ ઉત્સર્ગનો ભેદ બતાવે છે. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? ઉત્સર્ગ શું અને અપવાદ શું કોણ જાણે ભગવાન! મૂકને પડતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કરે? અજ્ઞાન કરે છે. શું કરે છે? ભાઈ! સંતોની દશા, એની યોગ્યતા કેવી છે એને જ્ઞાનીએ કે ધર્માત્માએ નિર્ણય કરવો પડશે. નહિતર એની દૃષ્ટિમાં યથાર્થતા રહેશે નહિ. સમજાણું કાંઈ? લ્યો!

'**આથી (એમ કહ્યું કે) સર્વથા (સર્વ પ્રકારે) ઉત્સર્ગ ને અપવાદની મૈત્રી વડે આચરણનું સુસ્થિતપણું કરવું.**' લ્યો! ઠીક! ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ પ્રભુ એની પ્રાપ્તિમાં સાધનભૂત તો સંયમ, ચારિત્ર, વીતરાગદશા છે. તો એમાં રહેવું શુદ્ધોપયોગમાં એ જ ખરેખર ધોખ અને ઉત્સર્ગ નિશ્ચય માર્ગ છે. પણ એમાં રહી શકે નહિ તો બાળ, વૃદ્ધ આદિ શરીર ગ્લાનિ થઈ છે તો શુભોપયોગમાં આવવું, આ કરી મૃદુ આચરણ આચરવું. શુભમાં આવવું એ મૃદુ આચરણ છે. શુભમાં આવવું એ સિવાય કોઈ મૃદુ નામ બીજી ચીજમાં ફેરફાર થઈ જાય, ... લઈ લે કે એવી ચીજની વાત અહીં નથી. અહીં તો શુદ્ધોપયોગ અને શુભોપયોગ બેની વાત છે. શુદ્ધોપયોગ કઠોર આચરણ છે અને શુભોપયોગ આચરણ એ મૃદુ આચરણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કોઈ તો કહે કોના ઘરની વાત હશે આ તે? પરમેશ્વર કેવળીએ આમ કહ્યું હશે? અમે તો આટલા વર્ષમાં કોઈ દિ' સાંભળ્યું નહોતું. આવું .. હોય. તમારે આવે છેને જુઓ .. વયા ગયા નહિ? આહા..હા..! વીતરાગનો માર્ગ બાપા આવો છે. તમે સાંભળ્યો ન હોય માટે માર્ગ બીજો થઈ જાય એમ છે નહિ. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞ એની આજ્ઞાના સંત એવા છે એવી વાત પરમાત્મા સંતો સંભળાવે છે. એની યથાર્થ ઓળખાણ અને પ્રતીત કરવી જોઈએ. આહા..હા..! લ્યો! ૨૩૦ થઈ. સમજાણું કાંઈ?

'**હવે ઉત્સર્ગ અને અપવાદના વિરોધ (-અમૈત્રી) વડે આચરણનું દુઃસ્થિતિપણું થાય છે...**' ઉત્સર્ગ અને અપવાદમાં બરાબર હોવાથી સુસ્થિતિપણું થાય છે એ પહેલા કહ્યું હવે દુઃસ્થિતિપણું થાય છે એ ૨૩૧માં કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૯, મંગળવાર, તા. ૦૮.૦૭.૧૯૬૯**
**ગાથા-૨૩૧-૨૩૨, શ્લોક-૧૫, પ્રવચન-૨૦૩**

.. ચરણાનુયોગ સૂચક ચૂલિકા. ૨૩૧ ગાથા. '**હવે ઉત્સર્ગ અને અપવાદના વિરોધ (-અમૈત્રી) વડે આચરણનું દુઃસ્થિતિપણું થાય છે એમ ઉપદેશે છે.**' છેલ્લી ગાથા છે. પછી મોક્ષમાર્ગ ચાલશે ૨૩૨થી. આ આચરણની, આચરણ પ્રજ્ઞાપનની. શું કહે છે? સાધુ પોતાની જ્ઞાનજ્યોતિનું ભાન-અનુભવ થયો, આનંદનો સ્વાદ આવ્યો, પણ જ્યાં સુધી ચારિત્રની વીતરાગદશા ન થાય ત્યાં સુધી તેને મુક્તિ થશે નહિ. સમજાણું કાંઈ? જ્ઞાનજ્યોતિ પ્રગટી... એ શું કહ્યું? એ તો ચોથા ગુણસ્થાનની વાત છે. મુનિ તો પછી થાય છે. એમ આવ્યું કે નહિ પહેલા? જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો સાધુપણાનું. જ્ઞાનજ્યોતિ ક્યાં છે એમાં? એ તો પહેલા આવ્યું. જ્ઞાનજ્યોતિ તો પ્રગટ થઈ છે. એમ છે કે નહિ? એય..! વજુભાઈ! ગુરુ પાસે જાય ત્યારે જ્ઞાનજ્યોતિ આવી? ગુરુ પાસે જાય તો ભાવલિંગ, દ્રવ્યલિંગ માગે છે. હજી સાધુપદ આવ્યું નથી, સાધુપદની માગણી કરી નથી. એ પહેલા તો જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ, પછી સાધુપણું માગે છે. તો ચોથા ગુણસ્થાનની વાત છે કે શું છઠ્ઠા-સાતમાની છે એ?

મુમુક્ષુ :- પાંચમાની હોય.

ઉત્તર :- પાંચમાની ભલે હોય, પણ એ ચોથે અને પાંચમે એક જ છેને. છઠ્ઠે ગુણસ્થાને, સાતમે ગુણસ્થાને એમ કે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થાય છે. કહો, એમ કહે છેને? કાલે આવ્યું છે એ. પદાર્થની સ્થિતિ શું છે વીતરાગની એ અંતરની ખબર નથી. અને સાધારણ આ શ્રદ્ધા કરો, ભગવાનની શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવતત્ત્વની શ્રદ્ધા કરો, બસ, સમ્યગ્દર્શન થઈ ગયું. હવે વ્રત લઈ લ્યો, ચારિત્ર લઈ લ્યો. એમ છે નહિ, ભાઈ! સમજાણું કાંઈ? એકલા નવ તત્ત્વનો અનુભવ ભેદરૂપ છે એ તો મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- .. નવ તત્ત્વની શ્રદ્ધા નથી પહેલા એ બતાવવામાં નથી આવતી.

ઉત્તર :- એ બતાવવામાં આવે છે.

મુમુક્ષુ :- એ નથી બતાવતા. નવ તત્ત્વની શ્રદ્ધા એ પણ નથી બતાવતા.

ઉત્તર :- સાચી વાત કહે છે. એ તો એ કહે છે, દર્શન પડિમા કોને કહે છે? એકને પૂછ્યું. ભગવાનના દર્શન કરવા એ દર્શન પડિમા. અરે..! ભગવાન! શું કરે છે બાપુ! પદાર્થની વ્યવસ્થા શું છે? સમજાણું કાંઈ? સવારમાં થોડી વાત કરી હતી. જરી ઝીણી છે. કાલે આવશે.

એક આકાશના પ્રદેશે અનંતા સ્કંધ. અને એક આકાશના પ્રદેશે અનંતા જીવના અસંખ્ય પ્રદેશ. જુઓ, એ વાત તો જુઓ બાપુ! એ સૂક્ષ્મ વાત છે, ભાઈ! એ સર્વજ્ઞ પરમાત્મા સિવાય ક્યાંય હોતી નથી. હજી કાલે વિશેષ આવશે. એ સવારમાં કહ્યું હતું. એ પ્રશ્ન તો અમારી પાસે બહુ પહેલા આવી ગયો હતો ૫૧ વર્ષ પહેલાં. કે આ શું છે? ભાઈ! પદાર્થ વ્યવસ્થા એવી છે. એક-એક આકાશ પ્રદેશ હોં! આ લોકમાં અસંખ્ય પ્રદેશ છેને. એમાં એક-એક પ્રદેશમાં અનંત તો પરમાણુ છે, અનંતા. બે પરમાણુના સ્કંધ અનંતા, ત્રણના અનંતા, ચારના અનંતા. અનંત સ્કંધ છે. અને એક પ્રદેશમાં એક જીવ આખો ન રહી શકે. નિગોદનું એક શરીર હોયને નિગોદનું. એક શરીર આકાશના અસંખ્ય પ્રદેશમાં રહે. એક પ્રદેશમાં ન રહી શકે એ સ્વભાવ છે એનો. આહા..હા..! કેટલી સૂક્ષ્મતા ચૈતન્યતત્ત્વની! તો એક શરીર પણ અસંખ્ય પ્રદેશમાં રહે, તો એક શરીરમાં અનંત જીવ છે. અને એ અસંખ્ય પ્રદેશમાં અનંત જીવનો અસંખ્યમો ભાગ, એક-એક જીવનો અસંખ્યમો ભાગ, એવા અસંખ્ય પ્રદેશ એક-એક પ્રદેશમાં છે. એવા અનંતા જીવના અનંત પ્રદેશ છે. અને અનંત સ્કંધ છે. પોતાની મર્યાદા સ્વતંત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એક ક્ષેત્ર હોવા છતાં પણ દરેક આત્માના પ્રદેશની અને દરેક પરમાણુની પોતાની અચલિત મર્યાદામાં વર્તે છે. સામાન્ય-વિશેષમાં વર્તે છે. કોઈ પરનો સંબંધ છે. આહા..હા..! જુઓ, એ ભગવાનનો માર્ગ તો જુઓ, ભાઈ! પણ એ વિચાર સૂક્ષ્મપણે કરે નહિ અને અંતરમાં માને. એ તો આવે છેને ભાઈ ૯૧માં? ૯૧ ગાથા આવી ગઈને આમાં? કે ભગવાને કહેલા પદાર્થની જે વ્યવસ્થા છે એ પ્રકારે ન માને એને ધર્મનો ઉદ્‌ભવ નથી થતો. ૯૧મી ગાથામાં છે. ૯૧. ધૂળ ધોયાનું દૃષ્ટાંત આપ્યું છે. ધૂળધોયા સમજો છો? આ ધૂળ ધોવે છેને એ? સુવર્ણકારની દુકાન પાસે. એમ ધૂળમાં સોનું ધોવે છેને. અમારે અહીંયાં છે. દાખલો છે. ૯૧મી જ્ઞાન તત્ત્વ અધિકાર ગાથામાં. ૯૧માં છે જુઓ ૯૧માં. ૯૧માં છે. ૯૧માં, પહેલા જ્ઞાન કરે છેને? ૯૧ છે. જ્ઞાનતત્ત્વ અધિકાર. ૯ અને ૧.

‘**ટીકા :- જે (જીવ) આ દ્રવ્યોને—કે જે (દ્રવ્યો) સાદશ્ય-અસ્તિત્વ વડે સમાનપણું ધરતાં છતાં સ્વરૂપ-અસ્તિત્વ વડે વિશેષ સહિત છે તેમને—સ્વ-પરના અવચ્છેદપૂર્વક નહિ જાણતો અને નહિ શ્રદ્ધતો થકો, એમ ને એમ જ (જ્ઞાન-શ્રદ્ધા વિના) શ્રામણ્ય વડે (દ્રવ્યમુનિપણા વડે) આત્માને દમે છે, તે ખરેખર શ્રમણ નથી;...**’ ૯૧માં છે. છે? હા એ. પાછળ છે. ..શ્રમણ નથી. જેવી પદાર્થ વ્યવસ્થા સર્વજ્ઞ ભગવાને છ દ્રવ્યની અને એના ક્ષેત્રની, એના કાળની, એના ભાવની જેવી પદાર્થની વ્યવસ્થા છે એમ જો માને નહિ, શ્રદ્ધે નહિ તો એને સમ્યગ્દર્શન થતું નથી. ધર્મ ઉદ્‌ભવ થતો જ નથી એમ કહે છે. જ્ઞાન અધિકાર છેને? એની છેલ્લી ટીકા ૯૧-૯૨. ૯૨ ગાથા છેને? સમજાણું કાંઈ?

‘**આત્માને દમે છે, તે ખરેખર શ્રમણ નથી; જેથી, જેમ ધૂળ અને સુવર્ણકણિકાનો**

**તફાવત જેણે જાણ્યો નથી...**' જુઓ, દૃષ્ટાંત છે એમાં પાછળ. '**ધૂળ અને સુવર્ણકણિકા...**' એ સોની હોય છેને સોની? એની દુકાન પાસે એ ધૂળધોયા ધોવે છે. રજકણ. તો એમાં થોડા સોનાના કણ પણ હોય અને થોડી ધૂળ પણ હોય. ધૂળ-રેતી. તો રેતી અને સોનાના કણની ખબર નથી એ સોનું કેવી રીતે કાઢે? એ કહે છે જુઓ, '**ધૂળ અને સુવર્ણકણિકાનો તફાવત જેણે જાણ્યો નથી એવા ધૂળધોયામાંથી સુવર્ણલાભ ઉદ્ભવતો નથી...**' આ સોનું છે અને આ રેતી છે કે ધૂળ છે—એની તો ખબર નથી. એમ આ આત્મા આનંદકંદ જ્ઞાયક છે, આ રાગ છે, આ સાથે રહેલા અનંત આત્મા ભિન્ન છે, સાથે રહેલા અનંત પરમાણુ ભિન્ન છે—એવી તો જેને સ્વ-પરના વિવેકની ખબર નથી. સમજાણું કાંઈ?

જુઓ, '**તેમ તેનામાંથી (-શ્રમણાભાસમાંથી), નિરુપરાગ આત્મતત્ત્વની ઉપલબ્ધિ જેનું લક્ષણ છે એવો ધર્મલાભ ઉદ્ભવતો નથી.**' સમજાણું કાંઈ? ઝીણું છે, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર. એ છ દ્રવ્ય છેને છ દ્રવ્ય? પોતા સિવાય. તો છ દ્રવ્યને જ્ઞાનની, એક સમયની પર્યાય જાણવાની તાકાત રાખે છે. તો છ દ્રવ્ય જાણવા એ તો એક દ્રવ્યના સમયની એક પર્યાયની તાકાત છે. જે છ દ્રવ્યને નથી માનતા એ તો એક સમયની પર્યાયને જ નથી માનતા. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભગવાન! એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય અને છ દ્રવ્ય પણ એક આકાશના પ્રદેશમાં બધા રહે છે. (આકાશના એક પ્રદેશે) ધર્માસ્તિકાયનો એક પ્રદેશ છે, અધર્માસ્તિકાયનો એક છે, કાળાણુ એક છે, જીવના અનંત (પ્રદેશ) છે અને પુદ્ગલ અનંત છે. શું રહ્યું હવે? ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ તો છે પોતે. સમજાણું કાંઈ?

આકાશનો અહીંયાં એક પ્રદેશ છે, આખા લોકમાં જેટલા છે એમાંથી. તો એક પ્રદેશમાં અનંતા જીવના અસંખ્ય પ્રદેશ છે, અનંતા સ્કંધ છે, એક ધર્માસ્તિ છે, એક અધર્માસ્તિ છે, એક કાળાણું છે. અને આકાશ પોતે. એક પ્રદેશમાં છએ દ્રવ્ય આવી ગયા જુઓ! આહા..હા..! સમજાણું કાંઈ? એવા અસંખ્ય પ્રદેશ આખા લોકમાં ભર્યા છે. કોઈ ઠેકાણે આત્માનો પ્રદેશ થોડો પણ હોય, પણ અનંતથી થોડો તો ન જ હોય. સમજાણું? એક-એક પ્રદેશમાં અનંત જીવના અનંત પ્રદેશ છે. તો કોઈ ઠેકાણે અનંત છે તો થોડા અનંત હોય, કોઈ ઠેકાણે આકાશના પ્રદેશ છેલ્લા છે છેલ્લા. લોકના અંતમાં. ત્યાં થોડા પ્રદેશ છે. પણ છે તો અનંત એમાં પણ. એ સંખ્યાએ છે બધા.

અહીં તો કહે છે કે એવા જે પરપદાર્થમાં આત્મા ભિન્ન રહે છે. એક-એક આકાશના પ્રદેશમાં. એના અસ્તિત્વની ખબર નથી, પરના અસ્તિત્વની ખબર નથી, પોતાની ચીજ પર ભિન્ન છે, પરથી પોતાની ચીજ ભિન્ન છે. એની ખબર નથી એને જ્ઞાન (અને) ધર્મ ઉત્પત્તિ થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ રેતીનો દાખલો આપ્યોને? રેતી-રેતી કહીને? રેતી અને સુવર્ણ. રેતી અને સુવર્ણ.

તો અહીં આવ્યા આપણે ૨૩૧ જુઓ, ઉત્સર્ગ અને અપવાદ. તો મુનિ થયા પહેલા એવું જ્ઞાન-ભાન તો થયું છે એમ કહેવું છે. આહા..હા..! નહિતર ધર્મનો ઉદ્‌ભવ થતો નથી. હવે ધર્મ તો ચારિત્રની પર્યાય અહીંયાં તો પ્રગટ થઈ. એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? એને ધર્મની આત્મતત્ત્વની પ્રાપ્તિ નથી એમ કહે છે એમાં તો. આહા..હા..! આત્મા પરથી-રાગથી ભિન્ન અને શરીરના રજકણથી અને એ સમયમાં અનંત આત્માઓ અથવા અનંત પ્રદેશ છે એનાથી ભિન્ન અને પરમાણુથી ભિન્ન, આકાશથી ભિન્ન, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ બધાથી ભિન્ન. એવી પોતાની ચીજ જ્ઞાયકમૂર્તિ ભગવાન પોતાથી છે અને પરની ચીજમાં નથી. અથવા પરચીજ નથી. એમ ત્યાં કહ્યુંને? સાદશ્ય અસ્તિત્વ નથી લીધું ભાઈ! ઓલું ૯૫ લીધું છેને શરૂઆતમાં નહિ? સાદશ્ય અસ્તિત્વ. સર્વ છે એમાંથી સ્વરૂપ અસ્તિત્વ દરેકનું ભિન્ન. દરેકનું ભિન્ન, સાદશ્ય અસ્તિત્વ 'છે' એટલું.

એવા સ્વરૂપનું અંતરમાં સ્વપરના વિભાગનું ભાન નથી એટલો મોટો આત્મા, કે જેની એક સમયની પર્યાયમાં, છ દ્રવ્ય-ગુણ-પર્યાય જેટલા છે એને એક પર્યાયમાં જાણવાની તાકાત છે. તો છ દ્રવ્યને માને એણે એક સમયની પર્યાય માની. એક સમયની પર્યાય માની એણે છ દ્રવ્ય માન્યા. હવે આત્મદ્રવ્ય તો એનાથી આઘે રહી ગયું. પૂર્ણ સ્વરૂપ હોં! એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય આવ્યા. જે છ દ્રવ્યને માનતા નથી એ તો આત્માની પર્યાયને જ માનતા નથી એમ થયું. સમજાણું કાંઈ? જે મતમાં કે સંપ્રદાયમાં છ દ્રવ્ય નથી એમ માન્યું એને તો આત્માની એક સમયની પર્યાય પણ માની નથી. સમજાણું કાંઈ? તો એમ માનીને એક સમયની પર્યાય એવી અનંતી પર્યાયનો પિંડ જ્ઞાનગુણ છે. અને એવા અનંતગુણનો પિંડ ભગવાન જ્ઞાયકસ્વભાવ છે.

એવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ પછી મુનિપણું લે છે. તો મુનિપણું લીધું તો એમાં ઉત્સર્ગ અપવાદ બેય સાપેક્ષ ચારિત્રમાં રહેવું. નહિતર તો અમૈત્રી હોવાથી દુઃસ્થિતિપણું-ખરાબ સ્થિતિવાળો થઈ જશે. એ ૨૩૧માં કહે છે જુઓ,

**आहारे व विहारे देसं कालं समं खमं उवधिं।**
**जाणित्ता ते समणो वट्टदि जदि अप्पलेवी सो।।२३१।।**
**જો દેશકાળ તથા ક્ષમાશ્રમઉપધિને મુનિ જાણીને,**
**વર્તે અહારવિહારમાં, તો અલ્પલેપી શ્રમણ તે. ૨૩૧.**

ક્ષમા છેને? .. સહનશક્તિ.

જુઓ, એની 'ટીકા :- ક્ષમતા...' 'સહનશક્તિ; ધીરજ.' આદિ. 'તથા ગ્લાનતા...' રોગ મુનિને હોય છે. એવી ... થઈ, શક્તિહીન થઈ ગયો અને થાક લાગ્યો અને રોગ આવ્યો એ 'હેતુ ઉપવાસ છે...' 'ક્ષમતા તથા ગ્લાનતાનો હેતુ ઉપવાસ છે...' પાઠમાં બે શબ્દ મૂક્યા છે. 'અને બાળપણા તથા વૃદ્ધપણાનું અધિષ્ઠાન ઉપધિ-શરીર છે,...' બાળપણું

અને વૃદ્ધ એનું કારણ આ શરીર છે. '**તેથી અહીં (ટીકામાં) બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાન જ ખેંચવામાં આવે છે...**' ચાર. '(**મૂળ ગાથામાં જે ક્ષમા, ઉપધિ વગેરે શબ્દો છે તેનો આશય ખેંચીને ટીકામાં બાળ, વૃદ્ધ શ્રાંત, ગ્લાન એ શબ્દો જ વાપરવામાં આવે છે.**)' ચાર લીધા. પાઠમાં બે છે. બેમાંથી ચાર કાઢ્યા. ઉપધિમાંથી બે અને ક્ષમામાંથી બે, ચાર કાઢ્યા. સમજાણું કાંઈ?

'**દેશકાલજ્ઞને પણ,...**' જુઓ, '**દેશ-કાળને જાણનાર;...**' સાધુ, નગ્ન દિગંબર વનવાસમાં રહેનારા, પોતાના આનંદસહિત ચારિત્રની રમણતામાં રહેનારા. એ '**દેશ-કાળને જાણનાર...**' જુઓ, કાલજ્ઞ-ક્ષેત્રને જાણનાર છે, કાળને જાણનાર. કેવું ક્ષેત્ર છે? કેવો કાળ છે? '**પણ, જો તે બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાનત્વના અનુરોધ વડે (અર્થાત્ બાલત્વ, વૃદ્ધત્વ, શ્રાંતત્વ, ગ્લાનત્વને અનુસરીને) આહારવિહારમાં પ્રવર્તે તો મૃદુ આચરણમાં પ્રવર્તવાથી...** ' શુભભાવ છેને? જેટલું લક્ષ જાય છે એટલો દોષ લાગે છે. '**અલ્પ લેપ થાય છે...**' સમજાણું કાંઈ? હાલવું, ચાલવું એમાં થોડું એનો .. કરે છેને એમ કહે છે. શુભભાવ તો છે જ. પણ એમાં થોડો અલ્પલેપ થાય છે. '(**-લેપનો તદ્દન અભાવ થતો નથી), તેથી ઉત્સર્ગ સારો છે.**' એ કારણે તો અંતરમાં રહેવું એ જ સારું છે. સમજાણું કાંઈ? જુઓ, એક ચારિત્રની દશા વીતરાગમાર્ગની, સર્વજ્ઞથી સિદ્ધ થયેલી. સમ્યગ્દર્શનપૂર્વક, સમ્યગ્જ્ઞાનપૂર્વક, ચારિત્રની રમણતામાં મુનિને દેશકાળના જાણનાર કહીને એણે યથાશક્તિ ઉત્સર્ગમાર્ગ લક્ષમાં રાખવો. જે શુભમાં અપવાદમાં આવ્યો તો અલ્પ લેપ થશે. સમજાણું કાંઈ? નહિતર આમ તો ના પાડી હતી ઓલાપણે એય..! પણ અહીં અપેક્ષા આવે છેને તો એમાં થોડો કોઈ અતિચાર આદિ લાગે એમ કહે છે મૂળ તો. '(**-લેપનો તદ્દન અભાવ થતો નથી), તેથી ઉત્સર્ગ સારો છે.**' અંદરમાં રહેવું, સ્વરૂપના આનંદમાં રહેવું સારું છે.

બીજી વાત. '**દેશકાલજ્ઞને પણ, જો તે બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાનત્વના અનુરોધ વડે આહારવિહારમાં પ્રવર્તે તો મૃદુ આચરણમાં પ્રવર્તવાથી અલ્પ જ લેપ થાય છે...**' અલ્પ જ લેપ થાય છે એમ કરીને ઉત્સર્ગમાં રહી શકે નહિ, શરીર નબળું થઈ ગયું છે, કૃશ થઈ ગયું છે, ગ્લાન થઈ ગયું છે તો એ વખતે એને મૃદુ આચરણમાં પ્રવર્તવાથી અલ્પ જ લેપ થાય છે. એમ. ત્યાં એને અપવાદમાં આવવું એમ કહે છે. '(**-વિશેષ લેપ થતો નથી), તેથી અપવાદ સારો છે.**' એવી તૈયારી અંદરમાં શુદ્ધ ઉપયોગમાં હઠથી નથી થતું. હવે હઠથી શુદ્ધોપયોગ કરવા જાય તો હઠથી થાય જ નહિ. અશુદ્ધ થઈ જાય. રાગાદિ હઠ થઈ જાય. તો એથી શુદ્ધોપયોગમાં ન રહી શકે તો એવો અપવાદ મૃદુ આચરણમાં આવવું. એ મૃદુ આચરણમાં અલ્પ દોષ તો છે, પણ એની ભૂમિકાનો વિરોધ છે નહિ. આહા..હા..! તો અપવાદ સારો કહ્યો. જુઓ, મૃદુ આચરણમાં અલ્પ લેપ લાગે તો સારો કહ્યો. પ્રમાદભાવે આવે. અંતરમાં રહી શકે નહિ અને હઠ કરે તોપણ રહી શકે નહિ. હઠ તો પછી આગ્રહ

થઈ જાય. આહા..હા..! એવો માર્ગ પ્રભુનો.

લ્યો, બે વાત કરી. હવે બેની સાપેક્ષતા કહે છે. પહેલી ભિન્ન-ભિન્ન વાત કરી. ઉત્સર્ગની, પછી અપવાદની. હવે ઉત્સર્ગ સાપેક્ષ. જુઓ, અપવાદનિરપેક્ષ ઉત્સર્ગ શ્રેયકર નથી. પછી ઉત્સર્ગ નિરપેક્ષ અપવાદ શ્રેયકર નથી એમ કહેશે. ભાષા પણ બધી આવી. '**દેશકાલજ્ઞને પણ,...**' મુનિ, આત્મજ્ઞાની, આત્મદર્શી, વીતરાગી ચારિત્રવંત છે. આહા..હા..! સ્વરૂપનું પ્રચુર સ્વસંવેદન આનંદની દશા જેને પ્રગટ થઈ છે. એવા '**દેશકાલજ્ઞને પણ, જો તે બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાનત્વના અનુરોધ વડે જે આહારવિહાર તેનાથી થતા અલ્પ લેપના ભયને લીધે તેમાં ન પ્રવર્તે...**' કે અરે..! આ લેશું તો આ થશે આનો. '**તો (અર્થાત્ અપવાદના આશ્રયે થતા અલ્પ બંધના ભયને લીધે ઉત્સર્ગની હઠ કરી અપવાદમાં ન પ્રવર્તે તો), અતિ કર્કશ આચરણરૂપ થઈને અક્રમે શરીર પાડી નાખીને દેવલોકને પામીને...**' હવે આવ્યું સાંભળો. અક્રમ. આ શબ્દ અમારે તો ઘણા વર્ષ પહેલા ચાલતો હતો. તમારા જયચંદભાઈ સાથે તમારા સસરા સાથે નહિ? ૩૫ વર્ષ, ૩૬ વર્ષ, ૩૭ વર્ષ પહેલાથી ચાલે છે. જુઓ, અક્રમ શરીર પડે છે માટે અમારે ધ્યાન રાખવું. એના સસરા હતા. તો મોટી ઉંમરના એક સાધુ થયા સ્થાનકવાસી. તો હાલી-ચાલી શકે નહિ બહુ. બીજા આહાર લઈ આવે એટલે એમ કે.. પણ એમ કે શરીરને ઝટ ન પાડી ન નાખવું એટલે આ પાઠ લેતા હતા. સંપ્રદાયમાં પણ અમે બધા શાસ્ત્ર જોયા છેને. સંપ્રદાયમાં પણ આ સમયસાર, પ્રવચનસાર બધા જોયા હતા. ૭૮ની સાલથી બધા જોયા છેને. ૭૮ની સાલ. ૪૭ વર્ષ થયા. ૪૭ શું કહે છે? ૪૦ અને ૭. ત્યારથી બધા શાસ્ત્રો જોયા હતા. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, આદિપુરાણ બધા જોયા હતા. તો અમારી સાથે હતા એણે પણ શાસ્ત્ર જોયા હતા. તો એ આ કહેતા હતા કે જુઓ, અક્રમે શરીરપાત ન કરવો. એટલે ખાવું, પીવું અને લહેર કરવી એમ. શરીર એવું રહી જાય. એમ કહેતા હતા હોં. લહેર કરવું એમ ન કહે પણ...

મુમુક્ષુ :- લહેર કરવી એમ ન કહે.

ઉત્તર :- એમ ન કહે, પણ શરીર-બરીરને પાડવું નહિ. વૃદ્ધ ભલે થયા. શરીર બહુ જાડું હતું. તો આહાર-પાણી લઈને બરાબર રાખું નહિતર અક્રમે શરીર પડે. ભાઈ! તમારી તો વાત પણ ક્યાં છે? અહીં તો મુનિની વાત છે. આ તો દ્રવ્યલિંગી નહિ, પણ ભાવલિંગી સંત નગ્ન દિગંબર એના સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રની દશા છે એમાં એ બહુ કર્કશ આચરણ કરશે તો શરીર પડી જશે. તો ઘણો લેપ થશે. અક્રમે શરીર... શરીર તો જે સમયે પડવાનું એ સમયે પડશે. પણ અક્રમ શબ્દનો આરોપ દીધો છે. કેમકે અહીં વિવેક ન રહ્યો. વિવેક ન રહ્યો એનો આરોપ શરીરમાં લીધો. અક્રમ શરીર. એમ છે. એ વખતે અમે તો કહેતા હતા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અક્રમે શરીર ન પડે?

ઉત્તર :- શરીર પડે નહિ.

મુમુક્ષુ :- .. ક્રમ છે જ નહિ.

ઉત્તર :- છે જ નહિ. (અક્રમ) ક્યાંથી, જે સમયે જે શરીર પડવાનું એ જ સમયે પડશે. આગળ-પાછળ થાય નહિ ત્રણ કાળ, ત્રણ લોકમાં. શાંતિભાઈ! આ ક્રમબદ્ધનો મોટો વિરોધ છેને જગતમાં? પર્યાય તો જ્યાં જે સમયે જે થવાની હશે તે જ થાશે. આત્માની અને જડની જ્યાં જ્યાં જેવી થવાની એવી જ થશે. પણ એવી થનારની દૃષ્ટિ સમ્યક્ અંતર જ્ઞાયકભાવ ઉપર પડી છે. માટે ક્રમબદ્ધને જ્ઞાતા-દૃષ્ટા તરીકે જાણે છે. ભારે કઠણ વાત. સમજાણું કાંઈ? અક્રમ પડવાથી... આચાર્ય કહે છે કે અક્રમથી પડે, પણ અક્રમ તો તારો વિવેક નથી, હઠ કરીને આચરણમાં અંતરમાં રહી શકે નહિ અને હઠ કરીને મૃદુ આચરણમાં આવતો નથી. સમજાણું કાંઈ? શુભોપયોગમાં આહાર લેવો એવું વિકલ્પમાં છે નહિ. શરીર પડી જશે. એવો વિવેક બતાવે છે. બાકી શરીર તો જે સમયે પડશે એ સમયે પડશે, અક્રમે પડતું નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! જુઓ, આ લેખ શાસ્ત્રનો. પણ અર્થ સમજવો જોઈએને. સમજાણું કાંઈ? ઘણા વર્ષથી અમારે તો આ ચર્ચા થતી હતી સંપ્રદાયમાંથી. નહિ, કીધું, અક્રમે શરીર પડતું નથી. લખ્યું છેને. લખ્યું છે શું, એ તો વિવેક કરે છે.

તારી દશામાં મુનિની જે દશા છે અંતરમાં રહી શકે નહિ અને હઠ કરીને બેસી જાય. સમજાણું કાંઈ? નહિ, આહાર પણ લેવો નહિ. ગ્લાનિ શરીર જીર્ણ થઈ ગયું, અંતરમાં આવી શકે નહિ. નથી લેવું, બિલકુલ નથી લેવું, પાણી નથી લેવું, આહાર લેવો નથી. કહો, સમજાણું કાંઈ? અકાળ દેહ છૂટી જશે. અકાળ ક્યાં, તારો વિવેક નથી તો વિવેક વિના દેહ છૂટી જશે એમ. સમજાણું કાંઈ? અરે..! ભગવાન! શું કરે? માર્ગ એવી ચીજ છે કોઈ. તત્ત્વજ્ઞાન સહિતની, દૃષ્ટિ સહિતનું જ્ઞાન અને ચારિત્ર એ વ્યવહાર અને વિકલ્પ એ નિમિત્ત અલૌકિક વાત છે. જૈન વીતરાગ સિવાય આ ક્યાંય છે નહિ. ત્રણ કાળમાં નથી.

અહીં કહે છે કે '**ઉત્સર્ગની હઠ કરી અપવાદમાં ન પ્રવર્તે તો...**' સમજાણું કાંઈ? કેટલાક તો શ્વાસ લેવાયને આમ શ્વાસ. બહુ એમ કે શ્વાસ લેવાય તો ઓલું થઈ જાય. આમ... શ્વાસ થંભી જવો જોઈએ. માટે શ્વાસ ન લેવો. હઠમાંથી રોગ થઈ જશે. સમજાણું કાંઈ? એવું બન્યું છેને આપણે બન્યું છે આમાં. નામ લેતા નથી. કહો, સમજાય છે કાંઈ? આમ... એટલે ઓલો શ્વાસ લે નહિ તો આમ જાણે જ્ઞાનમાં એકાગ્ર થાય છે એમ લાગે. ઓલી શ્વાસની ક્રિયા ચાલે નહિ. શ્વાસ ક્રિયા થયા વિના રહેતી નથી. એ તો જડની ક્રિયા છે. એને રોકવાથી આત્મામાં એકાગ્ર થવાય છે? અને રોકી શકે છે? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાત જ ખોટી છે. શ્વાસ ઉપર આયુષ્યની સ્થિતિ છે? એ તો જેટલા

આયુષ્યની સ્થિતિ બાંધી છે એટલા પ્રમાણમાં દેહ રહેશે. તો ઘણા શ્વાસ લેશે તો અલ્પકાળમાં દેહ છૂટી જશે. માટે ધીમે-ધીમે થોડો લેવો. બધી ખોટી વાત છે. અહીં તો અમને તો ઘણા મળેને ચર્ચામાં એક આદમી વૃદ્ધ હતા. તો ધીમે-ધીમે ચાલે. શરીર નિરોગી હતું. ઘણું નિરોગી. એ ચામડાના જોડા પહેરતા. જુતા. તો ધીમે-ધીમે ચાલે. મેં કહ્યું એમ કેમ ચાલો છો? કીધું નિરોગ શરીર છે, શ્વાસ નથી, કફ નથી. તો કહે શ્વાસ ધીમે-ધીમે લેવાથી આયુષ્ય વધે છે. કહો, સમજાણું કાંઈ? બધી ભૂલ મિથ્યા ભ્રમ છે અજ્ઞાનીનો. સમજાણું કાંઈ? એમ અહીં કહે છે કે હઠ કરીને અપવાદમાં ન આવવું અને મૃદુ-કોમળ આચરણમાં ન આવવું તો દેહ છૂટી જશે. વિવેક વિના દેહ છૂટી જશે. દેવલોકમાં જશે. ત્યાં તો એકલું અસંયમ છે. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અક્રમે શરીર પાડી નાખીને દેવલોકને પામીને જેણે સમસ્ત સંયમામૃતનો સમૂહ વમી નાખ્યો છે...**' લ્યો! સંયમામૃતનો સમૂહ. સંયમ અમૃત. આનંદસહિત ચારિત્ર છે એ. લ્યો! એય..! કામદાર! શું કહેતા હતા? ક્યાં ગયા? જયંતિભાઈ ગયા? આ કહેતા હતાને, ચારિત્ર દુઃખરૂપ છે એમ અમે સાંભળ્યું છે કહે. ચારિત્ર તો દુઃખરૂપ છે. અહીં તો જુઓ, '**સંયમામૃતનો...**' સંયમ તો અમૃત છે. આહા..હા..! દુઃખ કેવું? ચારિત્રમાં દુઃખ કેવું? ચારિત્રમાં દુઃખ થાય તો ધર્મમાં દુઃખ (હોય), એનો અર્થ શું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ કષ્ટે પ્રાપ્ત થાય

ઉત્તર :- કષ્ટે પ્રાપ્ત થાય એટલે મહાપુરુષાર્થથી પ્રાપ્ત થાય એમ કહ્યું છે. કષ્ટનો અર્થ એ છે. સમાધિશતકમાં આવે છે. સમાધિશતકમાં આવે છે. મહાકષ્ટથી પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શન મહાકષ્ટથી પ્રાપ્ત. કષ્ટ નામ મહાપુરુષાર્થ એવી વાત છે. કષ્ટ નામ દુઃખ છે? એ છ ઢાળામાં લીધું નથી? સંવર વૈરાગ્ય. 'આત્મહિત હેતુ વૈરાગ્ય જ્ઞાન તે લખે આપકૂં કષ્ટદાન' એ છ ઢાળામાં આવે છે. એ લખે દુઃખદાન માને લ્યો! મૂઢ છે. છ ઢાળામાં આવ્યું કે નહિ? અમને બરાબર શબ્દ નથી આવડતા. કેટલામી કડી છે? કડીની ખબર છે? 'આત્મહિત હેતુ ... કષ્ટદાન માને.' આત્માનો હેતુ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એને દુઃખદાયક માને. મહાદુઃખ છે. મૂઢ છો. તત્ત્વની તને ખબર નથી. લખ્યું છે એમાં. સમજાણું કાંઈ? કેટલામું હશે આપણને કાંઈ ખબર નથી. બીજી ઢાળમાં. કાઢો આમાં. સમજાણું કાંઈ? સંયમ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર તો આનંદદાયક છે. જુઓ, સંયમામૃત. એ તો અમૃતસ્વરૂપ છે. આહા..હા..!

અંતર આનંદમૂર્તિ આનંદનો ઉભરો આવે છે. ઉભરો સમજ્યા? ઉફાન. એનું નામ સંયમ છે. દુઃખદાયક અરે..! મહાકષ્ટ સહન કરવા પડે, ચાલવું પડે, ઉઘાડે પગે તડકે રહેવું પડે. સમજાણું કાંઈ? લ્યો! '**આતમહિતહેતુ વિરાગ-જ્ઞાન,...**' જુઓ, જ્ઞાન અને વૈરાગ્ય એટલે ચારિત્ર. '**આતમહિતહેતુ વિરાગ-જ્ઞાન, તે લખૈં આપકૂં કષ્ટદાન.**' મિથ્યા છે, તત્ત્વની મોટી ભૂલ છે. ૨૨મો .. છે. '**શુભ-અશુભ બંધકે ફલ મઁઝાર, રતિ-અરતિ કરે નિજપદ**

વિસાર;...' એ બંધની વ્યાખ્યા. '**આતમહિતહેતુ વિરાગ-જ્ઞાન,...**' રાગરહિત ચારિત્ર અને જ્ઞાન પોતાનું શુદ્ધસ્વરૂપ એ છે આનંદદાયક. '**તે લખૈં આપકૂ કષ્ટદાન.**' જે કષ્ટદાન માને કે આહા..હા..! બાપુ! ચારિત્ર વેળુના કોળીયા છે. વેળુ સમજો છો? બાલુ. મીણને દાંતે વાળુના કોળ લેવા મહા દુઃખ, ચારિત્ર મહાદુઃખ છે. મૂઢ છો? મિથ્યાત્વભાવ છે તને. ચારિત્રમાં આનંદ છે એની તો તને ખબર નથી. ચારિત્ર તો એને કહે છે. જુઓ, છ ઢાળામાં એમ લીધું છે. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે. '**જેણે સમસ્ત સંયમામૃતનો સમૂહ વમી નાખ્યો છે...**' આહા..હા..! જે કર્કશ આચરણ કરીને શક્તિ નથી, ગ્લાનિ હોય, શરીરમાં રોગ થાય અને એ પ્રમાણે આહાર-પાણી લેવાનો ભાવ પણ ન લાવે, મૃદુ આચરણ ન કરે તો શરીર પડી જશે. સમજાણું કાંઈ? પડી જાયનો અર્થ વિવેક તને રહેશે નહિ અને દેહ છોડીને અસંયમમાં તારો જન્મ થશે. સંયમામૃતનું તો વમન થઈ જશે. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? શરીર તો જે સમયે પડવાનું હોય ત્યારે પડશે. આઘો-પાછો સમય થતો નથી. પણ અહીંયાં વિવેક નથીને તો વિવેક વિના ... ગયા તો અક્રમે પડ્યું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ખરેખર તો એને વિવેકમાં ક્રમ રહ્યો નથી. ભાઈ! વિવેકમાં ક્રમ રહ્યો નથી. ઉત્સર્ગમાં એકાકાર (થવા) જાય છે, અપવાદ લીધો નથી. ઉત્સર્ગની અપેક્ષાએ અપવાદ ન કરતા ક્રમ ન રહ્યો કે અપવાદમાં આવવું જોઈએ એણે. સમજાણું કાંઈ? એવો ક્રમ ન રહ્યો તો શરીર પડી જશે તો શરીર અક્રમે પડ્યું એમ કહેવામાં આવે છે. વાત તો એવી છે. ભારે માર્ગ ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

'**કર્કશ આચરણરૂપ થઈને અક્રમે શરીર પાડી નાખીને દેવલોક પામીને...**' દેવલોકમાં જશે. ત્યાં તો અસંયમ છે, ત્યાં ચારિત્ર છે નહિ. ચારિત્ર અમૃતરૂપનું વમન થઈ જશે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કારણે '**એવા તેને તપનો અવકાશ નહિ રહેવાથી,...**' ત્યાં ચારિત્રનો અવકાશ છે નહિ. તપ એટલે મુનિપણું. મુનિપણું તો સ્વર્ગમાં છે નહિ. સ્વર્ગમાં જશે. મુનિપણું નથી. '**જેનો પ્રતિકાર અશક્ય છે...**' જેનું પાછું વળવું અશક્ય છે. એનો ઉપાય અશક્ય છે. '**એવો મહાન લેપ થાય છે,...**' સ્વર્ગમાં જશે તો મહાન લેપ બંધ થશે. '**તેથી અપવાદનિરપેક્ષ ઉત્સર્ગ શ્રેય નથી.**' એકલો માર્ગ અંદરમાં જાવું અને અપવાદ અપેક્ષા ન રાખે તો એ માર્ગ શ્રેયકર નથી. સમજાણું કાંઈ? ઘણી ગડબડ કરે આમાં તો. કેટલીય ગડબડ આ પદમાં. કોઈ અક્રમે અને કોઈ કહે બરાબર રાખવું, કોઈ કહે કે જો અપવાદથી બરાબર ખાવું. અરેરે..! અહીં તો એની ઉપયોગ ભૂમિમાં જાવું થઈ શકે નહિ તો હઠ ન કરવો. એવો આહાર-પાણી લેવાનો વિકલ્પ થાય તો એ મૃદુ આચરણ છે, અલ્પલેપ છે, પણ એ અપવાદસાપેક્ષ ઉત્સર્ગ ઠીક છે. અપવાદ છોડી દે અને એકલો ઉત્સર્ગ કરે તો હઠ થઈ જશે. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉત્સર્ગ ક્યાંથી રહેશે? **નાશ થઈ જશે, સંયમનો નાશ થઈ જશે.** ઓહો..હો..! આચાર્યોએ એવી ટીકા કરીને એટલી પર્યાયની યોગ્યતા છઠ્ઠે ગુણસ્થાને કેવી છે એનો વિવેક કરાવ્યો છે. સમ્યગ્દર્શનમાં તો દ્રવ્યદૃષ્ટિ છે. એમાં તો કોઈ પર્યાયદૃષ્ટિનો વિષય છે નહિ, પણ પર્યાયની ભૂમિકામાં છઠ્ઠે ચારિત્રની દશા હોય તો કેવી એની હોય એનું સ્પષ્ટીકરણ અલૌકિક કરે છે. સમજાણું કાંઈ?

'**તેથી અપવાદનિરપેક્ષ ઉત્સર્ગ શ્રેય નથી.**' દુઃસ્થિતિ થઈ જશે એમ. ખરાબ થઈ જશે એમ કહ્યુંને પહેલું? હવે '**દેશકાલજ્ઞને પણ, જો તે બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાનત્વના અનુરોધ વડે...**' અનુસરવાથી. ભાઈ! રોગ થયો છે મને. વૃદ્ધ અવસ્થા છે, મને બાળપણું છે એમ અનુસરવાથી. '**જે આહારવિહાર તેનાથી થતા અલ્પ લેપને નહિ ગણીને...**' એ તો કંઈ નહિ. કાંઈ નહિ. એમાં શું થયું? આપણે છદ્મસ્થ છીએ. કાળ ફેર છે, ક્ષેત્ર ફેર છે એમ ગણીને '**અલ્પ લેપને નહિ ગણીને તેમાં યથેષ્ટ પ્રવર્તે તો...**' સ્વચ્છંદે '**ઈચ્છા પ્રમાણે...**' પ્રવૃત્તિ કરે તો '**(અર્થાત્ અપવાદથી થતા અલ્પ બંધ પ્રત્યે બેદરકાર થઈને ઉત્સર્ગરૂપ ધ્યેયને ચૂકીને અપવાદમાં સ્વચ્છંદે પ્રવર્તે તો),...**' સમજાણું? તો '**મૃદુ આચરણરૂપ થઈને સંયમ વિરોધીને અસંયતજન સમાન થયેલા...**' જુઓ, અહીંયાં જ થયું એમ. એ દેવલોકમાં જાય ત્યારે નાશ થાય.

'**અસંયતજન સમાન થયેલા તેને તે કાળે...**' ખાવા-પીવાની લહેર, અનુકૂળતા લેવા, એવા આહાર-પાણી સમજ્યા? મોસંબી ઠંડામાં છે, ગરમીમાં એવું ઠંડું લેવું, ઠંડીમાં જરી ગરમ શીરો આદિ લેવો એમ સમજ્યાને? એવી ઈચ્છા થઈ જાય. ભાવ તો હોય અલ્પ, પણ એમાં એવો સ્વેચ્છાચાર થઈ જાય તો અસંયમ થઈ જશે. આહા..હા..! જુઓ, એક મુનિપણું ઉત્સર્ગ સાપેક્ષદશા. '**જેનો પ્રતિકાર અશક્ય છે એવો મહાન લેપ થાય છે, તેથી ઉત્સર્ગનિરપેક્ષ અપવાદ શ્રેય નથી.**' લ્યો! એ કાં એકલા અપવાદમાં રહે અને ઉત્સર્ગનું ધ્યેય અને લક્ષ ન રાખે તો મિથ્યાદૃષ્ટિ થઈ જશે. આહા..હા..! ભારે વાતું ભાઈ! ગાથા ૨૩૧મી હોં. પછી ૨૩૨માંથી મોક્ષમાર્ગ આવશે જરી. અજાણ્યા માણસને આ બધી ગાથા ઝીણી લાગે.

'**આથી (એમ કહ્યું કે) ઉત્સર્ગ અને અપવાદના વિરોધ વડે થતું જે આચરણનું દુઃસ્થિતપણું તે સર્વથા નિષેધ્ય છે...**' લ્યો! શુદ્ધ ઉપયોગમાં રહેવાની હઠ કરીને અપવાદ ન રહે અને અપવાદમાં આવીને શુદ્ધોપયોગનું લક્ષ ન રાખે, ધ્યેય ન રાખે તો દુઃસ્થિતિ થઈ જશે. એનો નિષેધ છે. '**અને, તે અર્થે જ, પરસ્પર સાપેક્ષ એવા ઉત્સર્ગ અને અપવાદ વડે જેની વૃત્તિ (-હયાતી, કાર્ય)...**' લ્યો! વૃત્તિ આવી અહીં. આવે છેને બધે ઠેકાણે? '**વૃત્તિ (-હયાતી, કાર્ય) પ્રગટ થાય છે. એવો સ્યાદ્વાદ સર્વથા અનુગમ્ય**

છે.' ભૂમિકાને યોગ્ય હોય અપવાદ હોં! પાછો ભૂમિકાને આગળ બધી જાય... ખલાસ થઈ જશે. એવું ભાઈ અમારું શરીર એવું ..વૃદ્ધ છે તો અમને થોડો શીરો-બીરો ક્યાંક મળે ત્યાં જાવું. શીરો સમજ્યાને? હલવો. જ્યાં મોસંબી પાણી મળે ત્યાં જાવું, જ્યાં ઠંડા પાણી મળે ત્યાં જાવું. એ વાત છે નહિ અહીંયાં. એને માટે બનાવેલું હોય ત્યાં અલ્પ લેપ છે એ વાત છે નહિ. એ તો અસંયમ થઈ જશે. અહીંયાં તો અંતરમાં રહી શકે નહિ અને હઠ કરે અને અપવાદમાં આવે નહિ તો દોષ લાગશે. અસંયમ થશે. અને એકલા અપવાદમાં રહીને ઉત્સર્ગનું ધ્યાન ન રાખે તો (અસંયમ થઈ જશે). એકલો ઉત્સર્ગનું ધ્યાન રાખે અપવાદનું દુર્લભ કરે અને એકલા ઉત્સર્ગમાં રહીને હઠ કરે તો શરીર પડી જશે. દેવલોકમાં જશે. સંયમામૃતનો નાશ થશે. અને અહીંયાં એકલા અપવાદમાં રહીને ઉત્સર્ગનું ધ્યાન ન રાખે તો અસંયમ થઈ જશે. અહીં જ અસંયમ થઈ જશે એમ કહે છે. ભારે વાત ભાઈ! કોણ આવું નવરું હોય? આવો છે ઉત્સર્ગ અને અપવાદ. હવે ભાઈ! સાધુપણું છે. હા લઈ લીધું સાધુપણું, જાવ. આહા..હા..! એય..! શાંતિભાઈ!

લ્યો! '**ભાવાર્થ :- જ્યાં સુધી શુદ્ધોપયોગમાં જ લીન ન થઈ જવાય...**' જુઓ, આનંદમાં જ્ઞાતા, જ્ઞાયક, જ્ઞેય(ના ભેદ) ભૂલીને સ્વરૂપમાં એકાકાર ચારિત્ર સાતમા ગુણસ્થાનને યોગ્ય ઉપયોગ... જુઓ, લ્યો આ શુદ્ધોપયોગમાં લીન અહીંયાં તો વર્તમાન સાધુની વાત કરે છે. એ કહે કે શુદ્ધોપયોગ નીચે નહિ, આઠમે થાય છે. '**ત્યાં સુધી શ્રમણે આચરણની સુસ્થિતિ અર્થે...**' આચરણની વ્યાજબી સ્થિતિની મર્યાદા અર્થે '**ઉત્સર્ગ ને અપવાદની મૈત્રી સાધવી જોઈએ.**' એણે આચરણની હઠ ન કરવી જોઈએ. સમજાણું કાંઈ? '**તેણે પોતાની નિર્બળતાનો ખ્યાલ રાખ્યા વિના એકલા ઉત્સર્ગનો આગ્રહ રાખીને કેવળ અતિ કર્કશ આચરણની હઠ ન કરવી જોઈએ, તેમ જ ઉત્સર્ગરૂપ ધ્યેયને ચૂકીને એકલા અપવાદના આશ્રયે કેવળ મૃદુ આચરણરૂપ શિથિલતા પણ ન સેવવી જોઈએ.**' પણ એ પ્રકારે વર્તન કરવું જોઈએ કે જેમાં '**હઠ પણ ન થાય અને શિથિલતા પણ ન સેવાય...**' જુઓ, '**સેવાય એમ વર્તવું જોઈએ. સર્વજ્ઞ ભગવાનનો માર્ગ અનેકાંત છે.**' આ રીતે અનેકાંત છે. પાછા ગોટા વાળવા, એના માટે કરેલો કે બનેલો લેવો એ કોઈ માર્ગ સર્વજ્ઞનો છે નહિ. એ અપવાદ ક્યાં છે? એ તો અણાચાર થઈ ગયો. એ તો અણાચાર થયો. સમજાણું કાંઈ? આહા..હા..! એવી સાધુની દશા સર્વજ્ઞ પરમેશ્વર સિવાય કોઈ સ્થાને હોતી નથી. ચાહે તો નગ્ન થઈને વૈરાગી થઈને જંગલમાં ચાલ્યા જાય. પણ આ દશાનું.. એક તો તત્ત્વ છ દ્રવ્ય શું છે? કેટલા ક્ષેત્રમાં છે? કેટલા કાળે છે? કેવી સ્થિતિ છે? એનું ભાન નથી. તો એને સમ્યગ્દર્શન પણ થતું નથી, ચારિત્ર તો ક્યાંથી થાય? સમજાણું કાંઈ? '**તે રીતે વર્તવાનો ભગવાનનો ઉપદેશ છે.**' લ્યો! '**જે રીતે એકંદરે લાભ થાય...**' જે રીતે એકંદરે, યોગ જ છેને? શું છે એ શબ્દ? 'જે રીતે...'

મુમુક્ષુ :- એકંદરે લાભ થાય.

ઉત્તર :- આમાં નથી એ શબ્દ. ગમે તે .. લાભ થાય એમ કેમ કર્યું? હિન્દીમાં? 'જે રીતે એકંદરે લાભ થાય તે રીતે વર્તવું' જે રીતે યોગ્યતાથી પોતાને લાભ થાય એ 'ભગવાનનો ઉપદેશ છે.' લ્યો! 'પોતાની ગમે તે (સબળ કે નિર્બળ) સ્થિતિ હોય તોપણ એક જ પ્રકારે વર્તવું એવો જિનમાર્ગ નથી.' લ્યો!

'(હવે શ્લોક દ્વારા આત્મદ્રવ્યમાં સ્થિર થવાનું કહીને 'આચરણપ્રજ્ઞાપન' પૂર્ણ કરવામાં આવે છે :)' લ્યો!

इत्येवं चरणं पुराणपुरुषैर्जुष्टं विशिष्टादरै-
रुत्सर्गादपवादतश्च विचरद्बह्वीः पृथग्भूमिकाः।
आक्रम्य क्रमतो निवृत्तिमतुलां कृत्वा यतिः सर्वत-
श्चित्सामान्यविशेषभासिनि निजद्रव्ये करोतु स्थितिम्।।१५।।

ઓહો..! જુઓ, 'એ પ્રમાણે વિશિષ્ટ આદરવાળા પુરાણ પુરુષોએ સેવેલું,...' મહા સંતો, મુનિઓ એણે સેવેલું 'ઉત્સર્ગ અને અપવાદ દ્વારા ઘણી પૃથક્ પૃથક્ ભૂમિકાઓમાં...' ઉત્સર્ગમાં પણ આવે, અપવાદમાં પણ આવે છે એમ. જ્યાં જ્યાં યોગપ્રમાણે 'પૃથક્ ભૂમિકાઓમાં વ્યાપતું જે આચરણ (-ચારિત્ર) તેને યતિ પ્રાપ્ત કરીને, ક્રમશઃ અતુલ નિવૃત્તિ કરીને,...' જુઓ પાછળ. ક્રમે અતુલ નિવૃત્તિ કરીને, પછી સમાવું છે અંદરમાં એમ કહે છે. 'ચૈતન્યસામાન્ય અને ચૈતન્યવિશેષરૂપ જેનો પ્રકાશ છે...' જુઓ, નિજદ્રવ્ય ભગવાન કેવો છે? નિજદ્રવ્ય, નિજવસ્તુ કે જેનું 'ચૈતન્યસામાન્ય...' એટલે દર્શન 'ચૈતન્યવિશેષરૂપ...' એટલે જ્ઞાન એવો 'જેનો પ્રકાશ છે એવા નિજદ્રવ્યમાં સર્વતઃ સ્થિતિ કરો.' એવા જ્ઞાન-દર્શન(સ્વરૂપ) ભગવાન આત્મા એમાં સ્થિતિ કરો એ મોક્ષનો માર્ગ છે. લ્યો! એ કહે છે. જુઓ, કાઢી નાખ્યું પાછું ઓલું. અઠ્યાવીશ મૂળગુણ અને વિકલ્પ-વિકલ્પ. એ તો ઉત્સર્ગ અને અપવાદ કરતા... કરતા... કરતા... કરતા... ક્રમશઃ પોતાનું સ્વરૂપ સામાન્ય દર્શનપ્રકાશ અને જ્ઞાનપ્રકાશ એવો ભગવાન આત્મા વસ્તુ છેને વસ્તુ? તો સામાન્ય એટલે દર્શન અને વિશેષ એટલે જ્ઞાન. વિશેષ એટલે અહીં પર્યાય અહીં નથી લેવી. સામાન્ય એ દ્રવ્ય અને વિશેષ એ પર્યાય એમ નથી લેવું. સામાન્ય-વિશેષ પ્રકાશ. જે સત્તાસ્વરૂપ સામાન્ય દ્રવ્યને દેખે એ દર્શન, વિશેષ એવું જ્ઞાન. એમ દર્શન અને જ્ઞાનપ્રકાશરૂપ નિજદ્રવ્ય. જુઓ, આ નિજદ્રવ્યની વ્યાખ્યા. એમાં રાગ અને પુણ્ય, વ્યવહાર છે એની ના પાડી અહીંયાં. આહા..હા..!

જુઓ, શું કહે છે? 'ચૈતન્યસામાન્ય...' ભગવાન આત્મા દર્શનરૂપ અને 'ચૈતન્યવિશેષરૂપ જેનો પ્રકાશ છે એવા નિજદ્રવ્યમાં...' દર્શન અને જ્ઞાન ત્રિકાળી સ્વભાવ જેનો પ્રકાશ છે. એવો જે નિજ આત્મા. જુઓ, નિજ આત્મા. પરમાત્મા-પરમાત્મા એની પાસે રહ્યા.

'સર્વતઃ...' સર્વ પ્રકારે '**સ્થિતિ કરો.**' અંતરમાં લીન થાઓ એ મોક્ષનો માર્ગ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? '**આ રીતે આચરણપ્રજ્ઞાપન સમાપ્ત થયું.**' લ્યો!

'**હવે શ્રામણ્ય જેનું બીજું નામ છે એવા એકાગ્રતાલક્ષણવાળા મોક્ષમાર્ગનું પ્રજ્ઞાપન છે.**' સાધુ કહો કે બીજું નામ એવા એકાગ્રતાલક્ષણવાળો મોક્ષમાર્ગ કહો. આહા..હા..! '**એકાગ્રતાલક્ષણવાળા મોક્ષમાર્ગનું...**' જુઓ, અંતર આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાન અને દર્શન પ્રકાશમૂર્તિ આત્મા, આત્મા દૃષ્ટા અને જ્ઞાતા પ્રકાશની મૂર્તિ આત્મા એમાં એકાગ્રતા, એમાં એકાગ્રતા. એ લક્ષણવાળા મોક્ષમાર્ગ. જુઓ, એનું કથન ચાલે છે હવે. એવા મોક્ષમાર્ગનું પ્રજ્ઞાપન ચાલશે. મથાળું એમ બાંધ્યું છે જુઓ. '**પ્રથમ તેના, (-મોક્ષમાર્ગના) મૂળસાધનભૂત આગમમાં જ વ્યાપાર (-પ્રવૃત્તિ) કરાવે છે :—**' એ આગમનું ધ્યાન કરો, શાસ્ત્રથી છ દ્રવ્યને જાણો અને મોક્ષમાર્ગને જાણો એમ પહેલા કહે છે.

**एयग्गगदो समणो एयग्गं णिच्छिदस्स अत्थेसु।**
**णिच्छित्ती आगमदो आगमचेट्ठा तदो जेट्ठा।।२३२।।**

૨૩૨.

**શ્રામણ્ય જ્યાં ઐકાગ્ર્ય, ને ઐકાગ્ર્ય વસ્તુનિશ્ચયે,**
**નિશ્ચય બને આગમ વડે, આગમપ્રવર્તન મુખ્ય છે. ૨૩૨.**

'**ટીકા :- પ્રથમ તો, શ્રમણ ખરેખર એકાગ્રતાને પ્રાપ્ત જ હોય છે;...**' સાધુ તો આત્માના આનંદમાં એકાગ્રપણે રહે એનું નામ સાધુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આત્મામાં એકાગ્રતા છે એમ કહે છે. '**પ્રથમ તો,...**' '**तावद्**' છેને શબ્દ? '**तावदैकाग्र्यगत एव भवति**' શ્રમણ નામ સાધુ, વીતરાગી મુનિ, મોક્ષનો માર્ગ સાધનારા એવા હોય છે, કે '**ખરેખર એકાગ્રતાને પ્રાપ્ત જ હોય છે;...**' એકાગ્ર. સ્વરૂપના દર્શનમાં એકાગ્ર, જ્ઞાનમાં એકાગ્ર, સ્થિરતામાં એકાગ્ર. '**એકાગ્રતા પદાર્થોના નિશ્ચયવંતને જ હોય છે;...**' એ એકાગ્રતા, પદાર્થ ભગવાને કહ્યું એનો નિશ્ચય થાય તેને હોય છે. '**એકાગ્રતા પદાર્થોના નિશ્ચયવંતને જ હોય છે;...**' પદાર્થ કેવો છે એનો નિશ્ચય નથી, નિર્ણય નથી એને એકાગ્રતા થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ વિના દિગંબર જૈન...

ઉત્તર :- કયા દિગંબર જૈન? કોને કહેવા? જન્મ્યા એમાં માટે થઈ ગયા દિગંબર જૈન? સમજાણું કાંઈ? એ કહે છે એક જયપુરવાળો. દિગંબરમાં જન્મે એ તો ભેદજ્ઞાની તો છે જ. શરીર અને આત્માને જુદા જ માને છે. હવે ચારિત્ર લઈ લ્યો બસ. અરે..! ભગવાન!

મુમુક્ષુ :- કેમકે ચારિત્ર વિના મોક્ષ નથી.

ઉત્તર :- નથી, પણ ચારિત્ર મોક્ષ, પણ ચારિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન વિના ચારિત્ર ક્યાંથી થયું? એ તો કહે છે જુઓ, '**એકાગ્રતા પદાર્થોના...**' જે છ દ્રવ્યો છે એ '**પદાર્થોના**

**નિશ્ચયવંતને જ હોય છે;...**' પદાર્થ કેવો છે? આત્મા કેવો છે? પરમાણુ કેવા છે? પુદ્‌ગલ કેવા છે? પર્યાય કેવી છે? ગુણ કેવા છે એની ખબર નથી. ગડબડ થઈ જશે. સમજાણું કાંઈ? સ્વ અને પરપદાર્થ છ દ્રવ્ય કેવા છે? ભગવાન પરમેશ્વરે છ વસ્તુ કીધી છ દ્રવ્ય. એના અનંતગુણ અને અનંતી પર્યાય એક સમયની. પોતપોતાની મર્યાદામાં બધા છે. એ ચાલે છેને સવારમાં?

એકાગ્રતા. '**પ્રથમ તો, શ્રમણ ખરેખર એકાગ્રતાને પ્રાપ્ત જ હોય છે;...**' બસ, વ્યવહાર મોક્ષમાર્ગની અહીં વાત કરી જ નથી. પોતાના જ્ઞાનાનંદ આદિ અનંત ગુણનો પિંડ આત્મા એમાં અંતર સન્મુખ થઈને સમ્યગ્દર્શનની પર્યાય એ સ્વભાવની એકાગ્રતા છે અને જ્ઞાનની પર્યાય સ્વભાવની એકાગ્રતા છે. જ્ઞાનની પર્યાય એમ નથી કે એટલું જાણ્યું, શાસ્ત્ર જાણ્યું તો એકાગ્રતા. એમ નથી કહેતા અહીંયાં. એમ છે જ નહિ. આત્મા આનંદમૂર્તિ છે એમાં સ્વસંવેદન થઈને એકાગ્રતા કરે છે એનું નામ જ્ઞાન છે. સમજાણું કાંઈ? વાંચવું અને શાસ્ત્ર કેટલું જાણ્યું એ એકાગ્રતા નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? જેને આ આત્માની શ્રદ્ધા નથી, જ્ઞાન નથી, ચારિત્ર નથી, તો એકાગ્રતા થતી જ નથી. તો એકાગ્રતા નથી તો એ પદાર્થનો નિર્ણય છે નહિ, પણ એકાગ્રતા પદાર્થના નિર્ણયવાનને જ હોય છે. પદાર્થ એવો જ છે. વસ્તુ એવી છે, ગુણ એવા છે, પર્યાય એવી છે, રાગ એવો છે, સંયોગ એવો છે. અને ચીજની શક્તિ અનંતગુણ, અનંત દ્રવ્ય, અનંતી પર્યાય—જેવું પદાર્થનું સ્વરૂપ છે એવો આગમથી પહેલા નિર્ણય ન કર્યો હોય એને એકાગ્રતા થતી નથી. ચંચળ રહેશે. સમજાણું કાંઈ? કોઈ અન્ય બતાવે છે એકાંત એક, વેદાંત એક સર્વમાં વ્યાપક આત્મા. ભગવાને પણ એમ કહ્યું છે કે એક જ આત્મા. એમાં અસ્થિર થઈ જઈશ. એમ છે નહિ. એક આત્મા એ કહ્યું જ નથી. સમજાણું કાંઈ? બીજામાં પણ પદાર્થને જાણતા તો હશેને કોઈ? મહાત્મા છે, મુનિ છે તો કોઈ જાણતા તો હશેને. એવી એમાં કલ્પના થાય. યોગી યોગ ધ્યાન કરે છે લ્યો! હરિદ્વારમાં કેટલા સાધુ એવા નગ્ન.. બાર-બાર વર્ષ સુધી ઉભા રહે. સમજાણું કાંઈ? ઉભા હોં. ઉભા ને ઉભા. પેશાબ પણ ઉભા, ખાવાનું પણ ઉભા રહીને. ઓહો..હો..! મૌન. અમારે આવ્યા હતા પાલેજમાં એક સાધુ-બાવા. ધર્મશાળામાં ગયા હતા. અમે જોવા તો જતા હતા બધાને. બાર વર્ષ સુધી ઉભા રહીને. પગે તો આમ સોજા ચડી ગયા હતા અને એક દોરી બાંધે થોડી આમ રાખતા. બસ, રાત અને દિવસ બાર વર્ષ.

મુમુક્ષુ :- ખાવા-પીવાનું બધું એમાં જ?

ઉત્તર :- એમાં ઉભા-ઉભા.

મુમુક્ષુ :- બધું ટટ્ટી-પેશાબ ઉભા?

ઉત્તર :- બધું ઉભા-ઉભા. લોકો કહે કે આહા..હા..! કેવી ક્રિયા! ધર્મશાળાએ ત્યાં. નહિ આપણે ઓલી બતાવી હતી બહાર? ત્યાં હતા. આ તો ઘણા વર્ષની વાત છે.

પદાર્થનો જેને નિર્ણય નથી. આત્માને કોને કહીએ? આત્મામાં ગુણ કેટલા છે? એની પર્યાય કેમ થાય? વિકાર કેમ થાય? સંયોગી ચીજ કેવી છે? એમાં કેટલી ચીજ છે? અનંત છે તો એક-એક પદાર્થમાં અનંત ગુણ છે અને એક-એક પદાર્થમાં અનંતી પર્યાય છે. બધા પોતાની મર્યાદામાં બધા પદાર્થ રહે છે. એવું જેને '**પદાર્થોના નિશ્ચયવંતને જ હોય છે;...**' નિશ્ચય નથી એને એકાગ્રતા થતી નથી. સમજાણું કાંઈ? '**અને પદાર્થનો નિશ્ચય આગમ દ્વારા જ થાય છે;...**' સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગે જે આગમ કહ્યો એ આગમ વડે પદાર્થનો યથાર્થ નિર્ણય થાય છે. બીજું આગમ કોઈ આગમ છે નહિ. લ્યો! અહીં તો એ આવ્યું. સમજાણું કાંઈ? બધા આગમ કહે છેને એ આગમ નથી એમ કહે છે અહીં.

આ તો સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાન જે મુખથી આવેલ વાણી, એનાથી બન્યું આગમ. એ આગમ વડે પદાર્થનો નિર્ણય થાય છે. આગમ નામ લીધું હોય અને હોય વિરુદ્ધ. એ વડે પદાર્થનો નિર્ણય થતો નથી. જુઓ, સમજાણું કાંઈ? બૌદ્ધને આદિ કહે છેને? વેદાંત આદિ બહુ ચાલે છે માર્ગ તો દુનિયામાં. બાવા, જોગી, ત્યાગી વગેરે ઘણા માર્ગો ચાલે છે. એ સમન્વય કરે છે. તમારામાં પણ એમ છે, અમારામાં પણ એમ છે. બધું ખોટું છે. સમજાણું કાંઈ? એને પદાર્થનો નિર્ણય નથી. પદાર્થના નિર્ણય વિના એકાગ્રતા થતી નથી. અને પદાર્થનો નિર્ણય આગમ વિના થતો નથી. આગમના અભ્યાસ વિના પદાર્થનો નિર્ણય યથાર્થ ત્રણ કાળમાં થતો નથી. સમજાણું કાંઈ?

'**તેથી આગમમાં જ વ્યાપાર પ્રધાનતર છે;...**' જુઓ, કહ્યુંને એમાં? '**आगमचेट्ठा तदो जेट्ठा**' આગમથી અભ્યાસ કરવો એ જેઠ નામ ઉંચી વસ્તુ છે. આહા..હા..! '**આગમમાં જ વ્યાપાર પ્રધાનતર...**' પ્રધાનતર સમજાણું? પ્રધાનતર '**(-વિશેષ પ્રધાન) છે;...**' એમ. બીજી ગતિ નથી એમ. બીજો કોઈ ઉપાય નથી એમ કહે છે. પદાર્થનો નિર્ણય ભગવાન કહે છે એવો આત્મા. એવી શક્તિઓ એની, એની પર્યાય, એના રાગાદિ વિભાવરૂપ, સ્વભાવરૂપ એવો અનંત પદાર્થ, પુદ્‌ગલમાં પણ વિભાવરૂપ, સ્વભાવરૂપ, એમાં ચાર (દ્રવ્યની) તો એકલી સ્વભાવરૂપ પર્યાય છે. એ બધી આગમ દ્વારા અભ્યાસ વડે નિર્ણય થાય છે. બીજી તો ગતિ નથી એમ કહે છે. બીજો તો કોઈ ઉપાય નથી. સમજાણું કાંઈ?

'**તેનું કારણ આ પ્રમાણે છે :**' બહુ અલૌકિક શ્લોક છે આ બધા. ૨૩૨થી એકલા મોક્ષમાર્ગની જ વાત છે. તો આગમ કોને કહેવું એનો નિર્ણય કરવો પડશેને એને? કુઆગમને આગમ માની લે અને એનો અભ્યાસ કરે તો પદાર્થનો યથાર્થ નિશ્ચય થતો નથી. સમજાણું કાંઈ? આકરું કામ ભાઈ! દુનિયામાં અનુકૂળ રહેવું અને સમન્વય કરવો એ માર્ગ છે નહિ. આહા..હા..! બધાને સારું લગાડવું, તમારામાં પણ છે, અમારામાં પણ છે, તમે પણ એમ કહો છો, અમે પણ એમ કહીએ છીએ. બધી ખોટી વાત છે. સમજાણું કાંઈ? અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર... આત્મામાં સર્વજ્ઞપણું તો છે જ શક્તિ સ્વભાવરૂપ. એની અંતર્મુખ થઈને,

પ્રતીત, જ્ઞાન અને રમણતા દ્વારા શક્તિમાંથી વ્યક્ત પરમાત્મદશા સર્વજ્ઞદશા પ્રગટી, એના મુખથી જે શાસ્ત્ર નીકળ્યા, એની રચના સંતોએ કરી એ આગમ. આગમ તો બધા લોકો કહે છે. અમારા આગમ છે... અમારા આગમ છે... અમારા.. કહે છેને? આગમ. એવો શબ્દ છેને? આ-ગચ્છતિ એમ કાંઈક આવે છેને. ચાલ્યું આવેલું. આગમ. ભાષા આપણને આવડે નહિ. આગમ એક ઠેકાણે આવે છે ભાષા કાંઈક. આગચ્છ-આગચ્છ. એમ પરંપરાથી આવે. વીતરાગની વાણી જે છે એ પરંપરા સંતોથી ચાલી આવે છે એને આગમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આગમ શબ્દ છેને. આપણે નહોતું કાઢ્યું પહેલા? આગમપદ્ધતિ અને ચેતનાપદ્ધતિ. પરમાર્થવચનિકામાં છેને એ? આગમપદ્ધતિ પરંપરાની વાત. કર્મની પર્યાય આગમપદ્ધતિ, ... એ આગમપદ્ધતિ. એ આવે છેને? એ પરંપરા. આદિ આગમ સર્વજ્ઞની પરંપરાથી આવેલા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ઠીક. એ તો બીજું છે. આ તો આગમ એવો શબ્દ છે. સૂક્ષ્મ થોડી બીજી ભાષા હતી. એ પરમાર્થવચનિકામાં છે. ઝીણી વાત છે. એ બનારસીદાસે આગમપદ્ધતિ અને ચેતનાપદ્ધતિ (કહી છે). થોડી ઝીણું છે. અધ્યાત્મ સંદશમાં આવી ગયો છે.

મુમુક્ષુ :- વસ્તુનો સ્વભાવ એ આગમ

ઉત્તર :- એમ નહિ. એમ નહિ. અહીં એમ નથી. અહીં તો પરંપરાથી ચાલ્યા આવતા વીતરાગ એને આગમ કહેવું છે. વસ્તુનું સ્વરૂપ એવું નથી. સમજાણું કાંઈ?

**'ખરેખર આગમ વિના પદાર્થોનો નિશ્ચય કરી શકાતો નથી; કારણ કે આગમ જ,...'** જુઓ, **'જેને ત્રણે કાળે ત્રણ લક્ષણો પ્રવર્તે છે એવા સકળપદાર્થસાર્થના યથાતથ જ્ઞાન વડે સુસ્થિત અંતરંગથી ગંભીર છે...'** એ આગમનું હૃદય ગંભીર છે એમ કહે છે. શાસ્ત્રમાં મહાગંભીરતા છે. એમાં ત્રણે કાળની પર્યાય કેવી.. એ અર્થ વિશેષ લેશે. વખત થઈ ગયો છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૦, બુધવાર, તા. ૦૯.૦૭.૧૯૬૯**
**ગાથા-૨૩૨, પ્રવચન-૨૦૪**

ચરણાનુયોગસૂચક ચૂલિકા ચાલે છે. ૨૩૨ ગાથા. ફરીને ટીકા. જુઓ, શું કહે છે? જેને આત્માની શાંતિ અને મુક્તિની ઈચ્છા હોય (અને) આ સંસારના બંધનથી મુક્ત થવું હોય. સંસાર આખો દુઃખરૂપ છે. ચાર ગતિ ચાહે તો મનુષ્ય હોય. દેવ હોય, શેઠ હોય કે રાંક

હોય. એ આત્મા આનંદસ્વરૂપથી વિરુદ્ધભાવમાં છે તો બધા દુઃખી છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ સુખસ્વભાવથી ભરેલો પદાર્થ છે. એનાથી વિરુદ્ધ આ વિકાર પુણ્ય-પાપ આદિ ભાવ કરીને ચાર ગતિમાં રખડે છે એ દુઃખ છે. એ દુઃખથી મુક્તિની ઇચ્છા છે જેને, એને સાધુપદ આવવું જોઈએ, ચારિત્રપદ આવવું જોઈએ અને એ ચારિત્રપદમાં સમ્યગ્દર્શન અને જ્ઞાન પહેલા થવું જોઈએ. સમજાણું કાંઈ? એ કહે છે જુઓ.

મુમુક્ષુ :- પહેલા ચારિત્ર લેવું જોઈએ..

ઉત્તર :- પહેલા સમ્યગ્દર્શન-જ્ઞાન હોય પછી ચારિત્ર. ત્યાં સુધી શું ધૂળમાંથી ચારિત્ર આવે છે? એ તો કહે છે પહેલા. પહેલા જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ એ તો કહે છે પહેલા. હું આત્મા આ દેહ, વાણી, મન, જડથી તો ભિન્ન છું અને અંદર શુભ-અશુભ વિકલ્પ જે રાગ ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિ એ શુભરાગ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસના પાપરાગ છે. એ શુભ-અશુભ રાગથી ભિન્ન ચૈતન્ય જ્યોતિ પ્રકાશમૂર્તિ સામાન્ય દર્શન-જ્ઞાનનો પિંડ એ ચૈતન્ય તો રાગથી ભિન્ન છે. એવું પહેલા ભાન થયું, જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ પછી ચારિત્ર લેવાની ભાવના કરે છે. સમજાણું કાંઈ? આ લોકો હિન્દી છે માટે હિન્દી ચાલે છે. આ લોકો ગુજરાતી સમજતા નથી. નવા છે. સમજાણું કાંઈ?

તો કહે છે '**ટીકા :- પ્રથમ તો, શ્રમણ...**' શ્રમણ નામ સાધુ. પ્રથમ તો સાધુ. સાધુ કોને કહે છે? પોતાનો આનંદ, નિર્વિકલ્પ આનંદ અને જ્ઞાનસ્વભાવને અંતર્મુખ થઈને સાધે એને સાધુ કહે છે. સમજાણું કાંઈ? સાધુ કોઈ લૂગડાં છોડી દે અને બાયડી-છોકરા છોડી દે એટલે સાધુ થઈ જાય એમ નથી એમ કહે છે. ભગવાન આત્મા નિર્વિકલ્પ અભેદ આનંદ જ્ઞાનાદિ શુદ્ધ સ્વભાવ પરિપૂર્ણનો પિંડ પ્રભુ આત્મા છે. એની અંતર્મુખ થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રથી, શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાથી સ્વરૂપનું સાધન કરે એનું નામ સાધુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેને મુક્તિની ઇચ્છા છે, સિદ્ધપદની ઇચ્છા છે, સંસારનો અભાવ કરીને મોક્ષ જોઈતો હોય તો એને ચારિત્રપદ તો લેવું પડશે. પડશેનો અર્થ એ ચારિત્ર વિના મુક્તિ થશે નહિ અને એ ચારિત્ર પણ સમ્યગ્દર્શન વિના ચારિત્ર થતું નથી. સમજાણું કાંઈ?

તો કહે છે કે '**પ્રથમ તો, શ્રમણ...**' નામ સાધુ '**ખરેખર એકાગ્રતાને પ્રાપ્ત જ હોય છે;...**' જુઓ, આત્મા અતીન્દ્રિય આનંદકંદ, સચ્ચિદાનંદ (છે). જેમ સુરણની ગાંઠ હોય છે સુરણની ગાંઠ. ગાંઠ કહે છેને સુરણ? શું કહે છે એ? સુરણના કંદની ગાંઠ. એમ આત્મા આ પરમાણુ માટીથી ભિન્ન અને પુણ્ય-પાપ રાગથી ભિન્ન આનંદની ગાંઠ છે. અતીન્દ્રિય આનંદની ગાંઠડી છે. ગાંઠડીનો અર્થ? ગાંઠડીમાં બીજી ચીજ ભરી છે અને ગાંઠડી એમ નહિ. ભગવાન આત્મા જ્ઞાનપ્રકાશ અને દર્શનપ્રકાશમાં આનંદના સ્વભાવથી ભરેલો આત્મા છે. ખબર નથી આત્મા કોણ છે, શું છે. સમજાણું કાંઈ? દુનિયાનો અભ્યાસ પાપનો કરે, પણ આત્માનો

અભ્યાસ કરવામાં વખત મળે નહિ.

મુમુક્ષુ :- જેની રુચિ હોય એનો અભ્યાસ કરે

ઉત્તર :- 'રુચિ અનુયાયી વીર્ય.' જેમાં રુચિ હોય ત્યાં વીર્ય કામ કર્યા વિના રહે નહિ. જેની જરૂરત લાગે તે તરફ પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. સંસારમાં જરૂરિયાત લાગે તો એના વિના ચાલે નહિ તો એનો ઉલટો પુરુષાર્થ કરે છે. સમજાણું કાંઈ? અહીંયાં તો કહે છે કે જેને શ્રમણ થાવું છે. શ્રમણ નામ શ્રમ નામ શાંતિનું, આનંદનું સાધન કરવું છે. ભગવાન જ્ઞાનપ્રકાશ આ આત્મા હોં ભગવાન એટલે. ભગવાન તો ભગવાન થઈ ગયા.

મુમુક્ષુ :- એ તો એના ભગવાન છે.

ઉત્તર :- એ તો એના ભગવાન છે. આ આત્મા અહીં ભગ... ભગ-વાન. ભગ એટલે જ્ઞાન અને આનંદનું વાન નામ સ્વરૂપ જેનું છે. આત્માનું ભગવાન સ્વરૂપ છે. ભગ એટલે જ્ઞાન અને આનંદરૂપી પોતાની લક્ષ્મી, એનો વાન એ એનું સ્વરૂપ છે. એવો ચિદાનંદ ભગવાન તેને પહેલા જ્ઞાનજ્યોતિ પ્રગટ થવી જોઈએ. હું જ્ઞાતા છું, આનંદ છું, રાગ-દ્વેષ છે એ ચીજ મારી નથી. રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવમાં હું નથી અને પુણ્ય-પાપનો ભાવ મારી ચીજમાં નથી. એવું પહેલા સમ્યગ્દર્શનનું ભેદજ્ઞાન ધર્મીને હોવું જોઈએ. લખુભાઈ! કોક દિ' આવે માંડ-માંડ કોક દિ', એમાં પકડાય શું ઝટ દઈને? અભ્યાસ પાછો ન મળે. કહો, અમરચંદભાઈ! આહા..હા..!

કહે છે કે પ્રથમ તો ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રકાશપુંજ આત્મા. આત્મા વસ્તુ છેને વસ્તુ? તો વસ્તુ છે તો એનો સ્વભાવ શું? વસ્તુ છે સ્વભાવવાન. વસ્તુ સ્વભાવવાન. વસ્તુ શું? વસ્તુ સ્વભાવવાન. તો સ્વભાવ શું? કે સ્વભાવવાન આત્મા. સ્વભાવ શું? જાણન-દેખન આનંદ એ એનો ત્રિકાળી સ્વભાવ. સમજાણું કાંઈ? એવા ભગવાન આત્માનો પ્રકાશ અંદર ચૈતન્યનો થાય. રાગથી, પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પડીને અને આનંદમૂર્તિમાં એકાગ્ર થાય, નિર્વિકલ્પ ચૈતન્યની અભેદ અનુભવ દૃષ્ટિ થાય ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? ત્યારે એને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ એમ કહેવામાં આવે છે. એવા શ્રમણ, જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે અને શ્રમણ થવાલાયક સાધુ થયો.

તો કહે છે '**શ્રમણ ખરેખર એકાગ્રતાને પ્રાપ્ત જ હોય છે;...**' અંતર ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ એમાં એક અગ્ર-મુખ્ય કરીને એકાગ્રતા રમણતા જ એને હોય છે. સાધુને શુદ્ધ સ્વભાવ પવિત્ર ભગવાન આત્મા એની શ્રદ્ધાની એકાગ્રતા, જ્ઞાનની એકાગ્રતા, ચારિત્રની એકાગ્રતા. એ ત્રણેની સ્વભાવસન્મુખમાં એકાગ્રતા જ સાધુપદ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે? '**શ્રમણ...**' અહીં મારે તો થોડી વાત ઓલું પ્રધાનતર રહી ગયું છેને. એ વ્યાખ્યા થોડી નહોતી થઈ એટલે વિશેષ ફરીને. '**શ્રમણ ખરેખર એકગ્રતાને પ્રાપ્ત જ હોય છે;...**' ભગવાન આત્મા સાધુ હોય એનો આત્મા. આ સાધુ

એટલે? આ બહારથી સાધુ કરે છે એ કોઈ સાધુ-ફાધુ નથી. આ તો બીજી જાતની વાત છે. આ બાવા-સાધુ કે આ સ્થાનકવાસી-દેરાવાસીના સાધુ એ સાધુ-ફાધુ છે જ નહિ.

મુમુક્ષુ :- એને તો

ઉત્તર :- એમ આ દિગંબરમાં... સાધુ બાપા કોને કહેવા ખબર નથી લોકોને. અંતર આનંદ જ્યોત ચૈતન્ય ભગવાન પુણ્ય-પાપ, શુભ-અશુભ, દયા-દાન, વ્રત-ભક્તિ, કામ-ક્રોધનો ભાવ ઉઠે છે એનાથી ભિન્ન ચૈતન્ય જ્યોત છે. એનો પહેલા અનુભવ થાય, સમ્યગ્દર્શન થાય, પછી સ્વરૂપમાં એકાગ્રતા વિશેષ થાય ત્યારે સાધુપદ થાય છે.

મુમુક્ષુ :- ..ભાઈને બધા .. સરખા નહિને.

ઉત્તર :- એને એ ક્યાં.. બૈરાને પ્રેમ છે. બૈરા વાંચે છે વધારે. એવું સાંભળ્યું છે. આપણને ક્યાં પરિચય છે? નહિ બૈરાનો કે કોઈનો પરિચય નથી. કોક વાતું કરે એ સાંભળીએ. બૈરા વાંચે છે. એને અહીંનો પ્રેમ છે. કહો, સમજાય છે કાંઈ? આવ્યા છે કે નહિ? કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! અરે..! ભગવાન! તારા સુખનો પંથ કોઈ નિરાળો છે, ભાઈ! આહા..હા..! જગતની ચીજથી તદ્દન પંથ નિરાળો છે, ભાઈ! એ સનાતન સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીથી સિદ્ધ થયું છે. એ માર્ગ તારો નિરોળો છે, પ્રભુ! તારા સ્વરૂપ ચીજમાં તો આનંદ અને જ્ઞાનની પ્રભુતા પડી છે. આ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ પણ વિકાર, શુભરાગ વિકાર છે. એ ધર્મ નથી, એ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

તો '**શ્રમણ ખરેખર એકાગ્રતા...**' શેમાં એકાગ્રતા? એક આનંદકંદ અભેદમાં એકાગ્રતા. એકમાં અગ્ર થઈને, એકમાં લક્ષ કરીને સ્થિર થવું એનું નામ એકાગ્રતા છે. '**એકાગ્રતા...**' હવે એકાગ્રતા કોને થાય છે? '**પદાર્થોના નિશ્ચયવંતને જ હોય છે;...**' પોતાનું સ્વરૂપ કેવું છે? પરનું સ્વરૂપ કેવું છે? એવો પદાર્થનો યથાર્થ નિશ્ચય થાય તો એને વાસ્તવિક એકાગ્રતા થાય છે. પદાર્થની વાસ્તવિક જડ અને ચૈતન્ય ભિન્નતા કેવા પ્રકારની છે એનું જ્ઞાન જેને નથી એને આત્મામાં એકાગ્રતા થતી નથી. સમજાણું કાંઈ? '**એકાગ્રતા પદાર્થોના નિશ્ચયવંતને જ હોય છે;...**' પદાર્થ જડ, ચૈતન્ય શું છે? મારામાં આનંદ છે, પુણ્ય-પાપ ભાવમાં દુઃખ છે, શરીર, વાણી, પૈસા, લક્ષ્મી જડમાં કોઈ સુખ-દુઃખ છે નહિ. એ તો માટી, ધૂળ છે. આ શરીર, માટી, ધૂળ, માંસ, હાડકા, ચામડા છે આ તો. એ જડ છે. એમાં કોઈ સુખ-દુઃખ છે નહિ. એ તો જડ છે. પોતાની કલ્પનામાં, સુખ-દુઃખની કલ્પના માને છે એ તો વિકાર છે. એવા વિકારના સ્વરૂપનો નિર્ણય, પરપદાર્થના સ્વરૂપનો નિર્ણય અને સ્વપદાર્થના સ્વરૂપનો નિર્ણય, એવા પદાર્થના નિશ્ચય વિના એકાગ્રતા સ્વસન્મુખમાં થતી નથી. લખુભાઈ! આ શબ્દો તો તોળી-તોળીને આવે છે બધા. લોજિકથી વાત છે. આ ન્યાયથી તો વાત ચાલે છે. આ અનાદિથી દરકાર જ કરી નથી. આત્મા કોણ છે? શું છે? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહેલો આત્મા હોં! દુનિયા અજ્ઞાની કહે એ આત્મા નહિ.

એ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આનંદ અને જ્ઞાનમૂર્તિ, પુણ્ય-પાપ દુઃખરૂપ, શરીર, વાણી આદિ પરવસ્તુ ભિન્ન—એ જેવી પદાર્થની સ્થિતિ, મર્યાદા છે એવો જેને નિશ્ચય નથી, નિર્ણય નથી, એને આત્મામાં એકાગ્રતા થતી નથી. સમજાણું કાંઈ? જુઓ, '**એકાગ્રતા પદાર્થોના નિશ્ચયવંતને જ હોય છે;...**' કેમકે શુભ-અશુભભાવ થયો. એ પદાર્થ છેને. તો એમાં સુખ નથી. શરીર, વાણી, મન જડ એમાં સુખ નથી. સુખ તો આત્મા સ્વભાવમાં છે, આનંદમાં છે. પોતાના આત્માનો આનંદસ્વભાવ છે એમાં સુખ છે. સુખ નથી પુણ્ય-પાપના વિકલ્પમાં, સુખ નથી શરીર બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, લક્ષ્મી, હજીરા, મકાનમાં સુખ નથી. એવા પરપદાર્થ વિકાર અને સ્વસ્વભાવ એનું જેવું સ્વરૂપ છે એવા નિશ્ચય વિના આત્મામાં આત્માની એકાગ્રતા થતી નથી. કહો, સમજાણું કાંઈ? ભાઈ!

'**એકાગ્રતા પદાર્થોના નિશ્ચયવંતને જ હોય છે;...**' જેને પદાર્થનો નિશ્ચય છે કે હું આનંદસ્વરૂપ છું. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ઉઠે છે એ દુઃખરૂપ છે. શરીર, વાણી, મન એ દુઃખરૂપ, સુખરૂપ નથી, એ તો જ્ઞાનમાં જણાવાલાયક જ્ઞેય છે. એવું જ્ઞેય, દુઃખ અને આનંદ. બધા નવેય તત્ત્વો એમાં આવી ગયા. સમજાણું કાંઈ? એવી '**એકાગ્રતા પદાર્થોના નિશ્ચયવંતને જ હોય છે;...**' એ નિશ્ચય કહ્યો. '**અને પદાર્થોનો નિશ્ચય...**' હવે પદાર્થનો નિશ્ચય કેમ થાય છે? '**આગમ દ્વારા જ થાય છે;...**' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એની જે વાણી નીકળી એ આગમ. ભગવાન કેવળજ્ઞાની પરમાત્મા જેના જ્ઞાને સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા. એવી શક્તિ જે અંતરમાં હતી એ પ્રગટ કરી. એણે જે ત્રણ કાળ, ત્રણ લોક જોઈને જે વાણી આવી એ વાણીને આગમ કહે છે. એ પદાર્થનો નિર્ણય આગમ દ્વારા જ થાય છે. ભગવાનની વાણી શાસ્ત્ર વડે જ પદાર્થનો નિર્ણય, નિશ્ચય થાય છે. શાંતિભાઈ!

મુમુક્ષુ :- થોડીક પરાધીનતા આવી.

ઉત્તર :- પરાધીનતા નથી. એ તો નિમિત્ત છે. પહેલા જાણવામાં નિમિત્ત છે એમ કહે છે. પહેલા એ છે. પછી પરનું લક્ષ છોડીને સ્વનું લક્ષ થશે ત્યારે તેને જ્ઞાન થશે એમ અહીંયાં કહે છે. સમજાણું કાંઈ? પદાર્થ ભગવાન જેમ કહે છે શાસ્ત્રમાં, આગમમાં, એ આગમનો પહેલા અભ્યાસ હોવો જોઈએ. કારણ કે અભ્યાસ વિના શું કહે છે. એ અભ્યાસ છે તો પરલક્ષી પણ એ કહે છે કે તારો આત્મા અખંડાનંદ આનંદ છે, પુણ્ય-પાપના પરિણામ દુઃખરૂપ છે, શરીર, વાણી, આદિ પરજ્ઞેયરૂપ છે, આત્મા સિવાય પરવસ્તુ કોઈ ઈષ્ટ-અનિષ્ટ છે નહિ. એમ કહે છે એવું પહેલા લક્ષ જ્ઞાનમાં થાય છે. પછી એ લક્ષ છોડીને સ્વભાવનું લક્ષ કરે છે ત્યારે જ્ઞાન થાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- ગુરુ વગર ..

ઉત્તર :- આ છેને. શ્રીમદ્‌નું વાક્ય છે જુઓ. છેને. 'ગમ પડ્યા વિના આગમ અનર્થકારક

થઈ પડે છે.' શ્રીમદ્‌નું વાક્ય છે. દેવીલાલજી! ત્રીજો ચાકળો છે. 'ગમ પડ્યા વિના આગમ...' ભાન વિના આગમ શું કહે છે... તો 'ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે.' સમજાણું કાંઈ? કાંઈકના કાંઈક અર્થ પોતાથી ઉઠાવે છે અને શું અભિપ્રાય જ્ઞાનીનો છે, પરમેશ્વરનો છે, સંતોનો છે એ અભિપ્રાય આગમથી ન જાણે અને ઉલટો અર્થ કરે તો 'ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે.' જુઓ, છેને? 'સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે.' એ શ્રીમદ્‌ના ટૂકડા છે. સત્સંગ વિના ધ્યાન કરવા જાય તો તરંગ ઉઠશે. ધ્યાન શું ચીજ છે એ એને પ્રાપ્ત નહિ થાય. જુઓ. છે? 'સત્સંગ વિના...' છેને? 'ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે.' અમારી ગુજરાતી ભાષા છે. શ્રીમદ્ રાજચંદ્રની. છેને એ શ્રીમદ્ રાજચંદ્ર? નાની ઉંમરમાં જાતિસ્મરણ હતું સાત વર્ષની ઉંમરમાં. ૩૩ વર્ષે દેહ છૂટી ગયો. સમજાણું કાંઈ?

બે બોલ. પછી શું છે? 'સંત વિના અંતની વાતનો અંત પમાતો નથી.' સંત નામ જ્ઞાની વિના અંતની વાતનો નામ છેલ્લો સાર શું છે એનો અંત પમાતો નથી. છે? 'લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી.' દુનિયાની દૃષ્ટિથી લોકસંજ્ઞા—દુનિયા આમ કહે છે, ફલાણા આમ કહે છે, અજ્ઞાની આમ કહે છે. લોકસંજ્ઞાથી લોકાગ્રે જઈ શકાતું નથી. લોકાગ્રે નામ સિદ્ધપદ એને પ્રાપ્ત થતું નથી. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! લ્યો! કોણે કીધું? હમણા કીધુંને ગમ પડ્યા વિના. કામદારે કહ્યું. હા. હા. કહો, સમજાણું કાંઈ? આગમનો અર્થ પ્રયોજનભૂત શું છે એ ગમ પડ્યા વિના, એના યથાર્થ ભાન વિના અનર્થકારક થઈ પડે છે, એમ. સમજાણું કાંઈ? શું કહે છે જુઓ, '**પદાર્થોનો નિશ્ચય આગમ દ્વારા જ થાય છે; તેથી આગમમાં જ વ્યાપાર...**' હવે કહે છે. આ કારણે આગમમાં જ સર્વજ્ઞે કહેલો આગમ. એનો નિર્ણય કરવો જોઈએ પહેલા. આગમ કોને કહેવા. આગમ તો બધા કહે છે.

મુમુક્ષુ :- સૌ પોતપોતાના આગમ કહે.

ઉત્તર :- હા, શ્વેતાંબર પણ પોતાનું આગમ કહે છે, સ્થાનકવાસી પણ પોતાનું આગમ કહે છે, મુસલમાન પણ પોતાનું આગમ કહે છે. સમજાણું કાંઈ? કબીર પણ પોતાનું આગમ કહે છે, એ નાનકપંથ છેને એ પણ કહે છે કે અમારું શાસ્ત્રસાહેબ છે. શાસ્ત્રસાહેબ કહે છે એને. ગ્રંથસાહેબ. છેને નાનક? નાનકપંથ. ગ્રંથસાહેબ. ગ્રંથ આવે તો ઉભા થઈ જાય બધા. બહુમાન કરે. બધા ગ્રંથ ગ્રંથ આગમ કહે છે કે અમારા ગુરુનું છે... અમારા ગુરુનું છે... તો આગમ કોને કહેવા એની પહેલા પરીક્ષા કરવી જોઈએ. સર્વજ્ઞથી કહેલો પૂર્વાપર વિરોધરહિત આગળ-પાછળ ન્યાયથી વિરોધરહિત, હીન, અધિક અને વિપરીત રહિત. યથાર્થ પદાર્થનું સ્વરૂપ જે સર્વજ્ઞે કહ્યું એવું આગમમાં છે તો એ આગમ સર્વજ્ઞનું કહેલું હોવું જોઈએ. સમજાણું કાંઈ? અત્યારે તો બહુ કલ્પિત ચાલે છે.

'**તેથી આગમમાં જ વ્યાપાર પ્રધાનતર...**' શબ્દ પડ્યો છે. જુઓ, ભગવાને કહેલું

આગમ, એનો અભ્યાસ. પ્રધાનતર. વ્યાપાર છેને? પ્રધાનતર, પ્રધાન, પ્રધાનતર. પ્રધાનતમ નહિ, પણ પ્રધાનતર. ભાઈ! અંતરમાં જાવું છે એટલે. પ્રધાનતર કેમ કહ્યું? પ્રધાન નહિ, પ્રધાનતમ નહિ અને પ્રધાનતર. કહે છે કે '**આગમમાં જ વ્યાપાર પ્રધાનતર...**' મુખ્યપણું, પ્રધાન પણ પ્રધાનતર. વિષયપ્રધાન એમાં ખાસ એનું. પ્રધાનતમ જે છે, એ તો પ્રધાનતરનું જ્ઞાન થયું પછી અંતરમાં ઉતરવું એ (પ્રધાનતમ) જ્ઞાનનું કારણ છે. પ્રધાનતમ કારણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- માંડળ.

ઉત્તર :- માંડળ. તમારી પહેલા ..

કહે છે, જેને આત્માનું પવિત્રતાનું સાધન કરવું હોય, ધર્મસાધન કરવું હોય તેને પ્રથમ પદાર્થનો નિર્ણય કરવો જોઈએ અને પદાર્થનો નિર્ણય આગમથી થાય છે. કેમકે આગમનું સાધન પ્રધાનતર છે. પ્રધાનતર કહ્યું, પ્રધાનતમ નહિ, એકલું પ્રધાન નહિ. સમજાણું કાંઈ? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા એની જે વાણી આવી એ વાણીને આગમ કહે છે અને એ આગમનો અભ્યાસ સંતોને, ધર્મીને પ્રધાનતર-ખાસ પ્રધાન છે, વિશેષ પ્રધાન છે. સમજાણું કાંઈ? બીજાનું કહેલું આ થોથેથોથા વાંચે છેને માણસ બહુ. આ ચોપાનિયા વાંચે છે, ફલાણા વાંચે છે અને ફલાણાએ કહ્યું. એ તો થોથેથોથા છે એમાં કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પ્રધાનતરનો બીજો અર્થ

ઉત્તર :- પ્રધાનતર એટલે મુખ્ય વિશેષ. પ્રધાનતમ છે એ તો અભ્યાસ કરીને પછી અંતરમાં ઉતરવું એ પ્રધાનક્તમ છે. ઝીણી વાત છે થોડી. સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞે પદાર્થ જોયા છે. આત્મા પરમાણુ જડ, ત્રિકાળી વસ્તુ એ આવશે હવે. તો ભગવાને જોયું સર્વજ્ઞ પરમેશ્વરે એ વાણીમાં આવ્યું. એ વાણીને સંતોએ આગમમાં રચી. એ વાણીને આગમ કહે છે. એ આગમનો અભ્યાસ ધર્માત્માને પ્રધાનતર-ખાસ-વિશેષ કરવો જોઈએ. સમજાણું કાંઈ? અજ્ઞાનીના ગ્રંથ અને એના શાસ્ત્ર છોડીને.

મુમુક્ષુ :- ત્યારે વિવેક તો કરવો પડશે અજ્ઞાનીના કે જ્ઞાનીના શાસ્ત્રનો!

ઉત્તર :- હા, તેથી તો કહ્યું કે આ જ્ઞાનીના શાસ્ત્ર છે કે આ અજ્ઞાનીના કહેલા છે એનો તો વિવેક કરવો પડશે પહેલા. જે-તે અજ્ઞાની પણ આમ કહે છે, એ પણ આમ કહે છે.

મુમુક્ષુ :- અમારાથી તો સારા ગણાયને.

ઉત્તર :- ખોટી વાત છે. કોઈ સારા નથી. એ તો દાખલો આપે ..નો. સારા-બારા શું? દૂધ બગડેલું હોય એ તો મીઠી છાશમાંથી જાય છે. મીઠી છાશ હોય તો રોટલી ચાલે, પણ બગડેલું દૂધ, બગડેલું દૂધ રોટલી સાથે પણ કામ ન આવે. સમજાણું કાંઈ? એમ શ્રદ્ધા, જ્ઞાનથી બગેડેલા સાધુ સંગ કરવાલાયક છે નહિ. આહા..હા..! એવી વાત છે. સમજાણું કાંઈ? વાસ્તવિક સર્વજ્ઞે કહેલા આગમનો અભ્યાસ કરીને સમ્યગ્દર્શનનું ભાન નથી. એવાનો સંગ

કરવો જોઈએ નહિ એમ કહે છે. આહા..હા..! ખબર ન મળે પણ જય નારાયણ. લખુભાઈ! ચોખા બધે મૂકે. ચોખા મૂકે એટલે સમજ્યાને? જ્યાં જાય ત્યાં.

મુમુક્ષુ :- એના ..માં તો આબરૂ વધે.

ઉત્તર :- આબરૂ ધૂળમાંય વધતી નથી. આબરૂ જાય છે એમાં તો. આહા..હા..! 'લહી ભવ્યતા મોટું માન, કોણ અભવ્ય ત્રિભુવન અપમાન?' સર્વજ્ઞ પરમેશ્વરના જ્ઞાનમાં આવે અને એ કહે કે આ ભવ્ય છે. કોનું માન જોઈએ છે તારે? દુનિયા માનો, ન માનો એની સાથે સંબંધ નથી. ભગવાનના જ્ઞાનમાં આવ્યું કે આ નાલાયક છે. પછી તારે કોનું અપમાન જોવે છે? દુનિયા ભલે માનો. આ દુનિયામાં માને. તો અહીંયાં માને એટલે ત્યાં પરલોકમાં માનશે એવો કોઈ નિયમ છે? અને અહીંયાં કોઈ અપમાન આદિ કરે બહુ એટલે પરલોકમાં માન મળે એમ છે? ધર્માત્મા છે. પોતાના સ્વરૂપની દૃષ્ટિ સાધન કરે છે. પુણ્ય ઓછા હોય. બહારના માનનારા ન હોય. એમાં શું થયું? સમજાણું કાંઈ? એનું આલોકમાં માન નથી તો પરલોકમાં માન નહિ રહે એવું છે? અને આલોકમાં બહુ માન છે માટે પરલોકમાં એને બહુ માન મળે એવું છે? અજ્ઞાનીને બહુ માન મળે છે. બધાનો સમન્વય કરો. આમ પણ છે, તમારામાં પણ એમ છે. સમન્વય કરનારા ઘણા મળે છે. અમારા શાસ્ત્રમાં પણ એમ કહે છે. અમારા શાસ્ત્રમાં કાંઈક છે. અજ્ઞાન છે. સમજાણું કાંઈ? એ કહે છે.

મુમુક્ષુ :- કુગુરુ બધાથી ખરાબ છે.

ઉત્તર :- હા, સર્વથી ખરાબ છે. એ તો એકવાર મારે છે. શાસ્ત્ર તો.. ઝીણી વાત છે. કુંદકુંદાચાર્ય તો ત્યાં સુધી કહે છે. શું છે? નામ શું ભૂલી ગયા. મૂળાચાર. મૂળાચારમાં કે જેની શ્રદ્ધા... હજી પોતાની એને ખબર નથી કે શ્રદ્ધાનો શું વિષય? શ્રદ્ધાનું સ્વરૂપ શું? તો જેની શ્રદ્ધા આદિ જૂઠી છે, જ્ઞાન જૂઠું છે એવા કુસાધુનો સંગ ન કરીશ. સાધુને કહ્યું છે. જો તું એકલો રહેવા ન ઈચ્છે તો એવા કુસાધુનો સંગ છોડી દે, સ્ત્રીનો સંગ કરી લે, લગન કરી લે એવો પાઠ છે. કેમકે લગનપ્રસંગમાં તો એક રાગનો જ દોષ છે. ચારિત્રનો દોષ છે. સમ્યગ્દર્શનનો દોષ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પણ ખબર નથી. કોની શ્રદ્ધા સાચી શું છે? શું આગમ છે? શું આગમની શ્રદ્ધા છે? કાંઈ ખબર જ નથી. આંધળે આંધળા. એ પણ સાચા... એ પણ સાચા... એ પણ સાચા... સમજાણું કાંઈ? શાંતિભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- બહુ ગજબ વાત છે.

ઉત્તર :- એવી વાત છે. એ કહે છે જુઓ, પ્રધાનતર-વિશેષ આગમ શું છે ભગવાનનું કહેલું, એની પરીક્ષા કરવી જોઈએ. પરીક્ષા વિના આગમને માનવા નહિ અને પછી આગમનો જ અભ્યાસ કરવો.

**'બીજી ગતિ (-બીજો કોઈ રસ્તો) નથી.'** જુઓ, ભાષા. અરે..! બીજો કોઈ રસ્તો

નથી. ભગવાને કહ્યો પરમાત્મા એણે જે આગમ કહ્યું એનો જ પ્રધાનતર અભ્યાસ કરવો એ જ રસ્તો છે. એ વિના માર્ગ ખુલશે નહિ. ખબર નહિ પડે કે શું છે. પોતાની કલ્પનાથી માની લે. પણ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ તીર્થંકર એની વાણીમાં આવ્યા ત્રિકાળ, ત્રણ લોક, એણે જે કહેલું આગમ એનો અભ્યાસ કરવો જોઈએ. બીજા બધાનો અભ્યાસ છોડી દેવો જોઈએ એમ કહે છે. આ કરવો જોઈએ અને બીજાનો અભ્યાસ છોડી દેવો- એનો અર્થ એ છે.

'**બીજી ગતિ નથી.**' બીજી ગતિ નથી એટલે? અન્ય કોઈ માર્ગ નથી. જેને ભગવાન આત્મા .. પૂર્ણાનંદ પ્રભુ અને વિકાર શું? એક સમયની પર્યાયમાં, અનંતગુણમાં, અનંતી પર્યાયમાં કઈ પર્યાય દુઃખરૂપ છે, કઈ પર્યાય સુખરૂપ છે, કયા ગુણ સુખરૂપ છે. કઈ ચીજ દુઃખ સુખમાં નિમિત્ત છે. સમજાણું? એ કાંઈ ખબર નથી અને પદાર્થના નિર્ણય વિના ધર્મ થાય? કદી ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? '**તેનું કારણ આ પ્રમાણે છે :**' કે હવે કહે છે. આ તો ઓલું પ્રધાનતર હતુંને? એની જરી વ્યાખ્યા કાલે છૂટી ગઈ હતી. બહુ વિસ્તાર નહોતો થયો.

'**ખરેખર આગમ વિના...**' બીજો પેરેગ્રાફ. '**પદાર્થનો નિશ્ચય કરી શકાતો નથી;...**' ભગવાનની વાણી સર્વજ્ઞની. અત્યારે તો સમયસાર, પ્રવચનસાર, નિયમસાર શાસ્ત્ર આદિ છે એ બધી ભગવાનની વાણી છે. સંતોની વાણી છે એ ભગવાનની વાણી છે. સમજાણું કાંઈ? એ '**આગમ વિના પદાર્થનો નિશ્ચય કરી શકાતો નથી; કારણ કે...**' હવે કારણ આપે છે. '**કે આગમ જ, જેને ત્રણે કાળે (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય) ત્રણ લક્ષણો પ્રવર્તે છે એવા સકળપદાર્થસાર્થના યથાતથ જ્ઞાન વડે સુસ્થિત અંતરંગથી ગંભીર છે...**' લાંબી વ્યાખ્યા કરી. જુઓ, ભગવાને કહેલા વાચક શબ્દો. એ શબ્દોની વાત ચાલે છે હોં આગમ. એ શબ્દોમાં, આગમમાં ત્રિકાળ. એક તો ભૂત, ભવિષ્ય અને વર્તમાનની વાત અને ઉત્પાદ, વ્યય અને ધ્રુવની વાત. આગમમાં ત્રણ પ્રકારની વાત છે. કોઈપણ પદાર્થના ત્રણે કાળની વાત અને એ પદાર્થની એક સમયની ઉત્પાદ-વ્યય-ધ્રુવની વાત. આહા..હા..! જુઓ, સમજાણું કાંઈ?

'**ત્રણે કાળે...**' એ પહેલા લીધું. પછી '**(ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ) ત્રણ લક્ષણો...**' દરેક પદાર્થમાં એક સમયમાં નવી અવસ્થા ઉત્પન્ન થાય છે, એ જ સમયે પૂર્વ અવસ્થાનો વ્યય-અભાવ થયા છે, એ જ સમયે પોતાની જાત ધ્રુવ રહે છે. ચૈતન્ય હોય તો ચૈતન્ય, અચેતન હોય તો અચેતન. સમજાણું કાંઈ? '**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**' સમજાણું કાંઈ? સંમતભદ્રાચાર્ય એણે ભગવાનની સ્તુતિ કરતા એમ કહ્યું. મુનિસુવ્રત ભગવાનમાં આવે છેને એ. મુનિસુવ્રત ભગવાનમાં. હે નાથ! તારા સર્વજ્ઞનું લક્ષણ. એક સેકન્ડના અસંખ્ય ભાગ-એક સમયમાં, એક દ્રવ્યના ત્રણ અંશ—દ્રવ્યપણે કાયમ રહેવું વસ્તુપણે, નવી અવસ્થાનું ઉત્પન્ન

થવું, જૂનાનો વ્યય, સમય એક અને અંશ ત્રણ. એ આપે જાણ્યું એ સર્વજ્ઞનું લક્ષણ-ચિહ્ન છે. સમય એક અને ત્રણ લક્ષણ એક સમયમાં એવા ત્રણ કાળના પદાર્થ, હે સર્વજ્ઞ! તમે જાણ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓ, બે શબ્દ વાપર્યા છે. કહે છે કે શાસ્ત્રમાં, આગમમાં શું વાત છે? કે એક તો આગમમાં ત્રિકાળી વાત છે. સર્વ પદાર્થ ત્રિકાળ કેવો છે એ. અને એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક સમયમાં ત્રણ લક્ષણવાળી વાત છે. આહા..હા..! જુઓ, એક-એક પરમાણુ, એક-એક આત્મા, એક-એક સમય. સેકન્ડના અસંખ્યમાં ભાગમાં-એક સમયમાં. સમય એક. એક સેકન્ડના અસંખ્યમા ભાગને એક સમય કહે છે. એક પલ, વિપલના અસંખ્યમા ભાગને સમય કહે છે. એક સમયમાં દરેક પદાર્થમાં ત્રણ અંશ વર્તે છે. જે ચૈતન્ય છે એ ચૈતન્યપણે ધ્રુવ કાયમ રહે છે અને નવી અવસ્થાનું ઉત્પન્ન થવું, પર્યાય-અવસ્થા, જૂની અવસ્થાનો વ્યય થવો, ધ્રુવપણે રહેવું. એમ પરમાણુમાં પણ જૂની અવસ્થાનો વ્યય, નવી અવસ્થાનું ઉત્પન્ન થવું, પરમાણુ અચેતનપણે ધ્રુવ. એક સમયમાં કાળ સૂક્ષ્મ અને અંશ ત્રણ. એવા ત્રિલક્ષણવાળી વસ્તુ તો ભગવાનના આગમમાં જ હોય, બીજામાં હોય નહિ. સમજાણું કાંઈ? બીજામાં વાત કરે કે આત્મા નિરંજન છે, શુદ્ધ છે અને પરમબ્રહ્મ છે અને ફલાણું. વાતું કરે. પણ એ બધી વાતું કલ્પના છે. કેમકે આત્મા જ્યારે વસ્તુ છે. તો એમાં અજ્ઞાન તો છે અનાદિથી રાગ-દ્વેષ અજ્ઞાન. તો અજ્ઞાનનો નાશ થઈને જ્ઞાનની ઉત્પત્તિ થાય, આનંદની ઉત્પત્તિ થાય એ આનંદની ઉત્પત્તિનો સમય, એ જ સમય પૂર્વના દુઃખના વ્યયનો સમય, એ જ સમય ધ્રુવનો સમય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એવું તો ક્યાંય છે નહિ. એવું તો બીજા કોઈ શાસ્ત્રમાં છે નહિ.

ઉત્તર :- સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહિ. છેક સર્વજ્ઞ પરમેશ્વર. સમજાણું કાંઈ? દુનિયાના અભ્યાસ આડે મરી જાય છેને જુઓને. એલ.એલ.બી. અને એમ.એ. શું કહેવાય? બી.એ અને બી.ટી. શું કહેવાય એય..! બધા તમારા નામ આપણને ભાઈ આવડે નહિ. બી.એસ.સી. આ વળી તમારે શું? એય..! એમ.બી.બી.એસ. આને કાંતિભાઈને. બી.એ.બી.એસ.સી. કહો. આ નોકરી. હમણા આવ્યા છોડીને. ૧૩૦૦નો પગાર. મહિનાનો ૧૫૦૦નો પગાર. છોડીને આવ્યા. રાજીનામું આપી દીધું. નોકરી-બોકરી કરવી નથી. મરી ગયા હવે. જાશું ક્યાં નોકરો ત્યાં? પ્લેનમાં નોકરી હતી. શું કહેવાય? પ્લેન કહેવાયને આ? એરોપ્લેન. એમાં નોકરી હતી. બાળબ્રહ્મચારી છે. ગૃહસ્થ છે. પહેલાથી લગ્ન કર્યા નથી. હવે છોડી દીધું. ૧૩૦૦નો પગાર અત્યારે ચાલતો હતો. ૧૫૦૦ થવાનો હતો. નહિ. કામ જ નથી કરવું. છોડી દે. નોકરી કરીને મરી ગયા અનાદિથી. આત્માની નોકરી કરને હવે. આહા..હા..!

મુમુક્ષુ :- એ તો સમયે સમયે પગાર ચૂકવે છે.

ઉત્તર :- સમયે સમયે આનંદ આવે છે એમાં. આત્માની દૃષ્ટિ થાય તો સમયે સમયે

આનંદ આવે અને સમયે-સમયે પૂર્વના દુઃખનો નાશ થાય અને ધ્રુવપણું તો કાયમ રહે છે. એવો આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! ભગવાન!

શું કહ્યું? જુઓ, બે બોલ કહ્યા. આગમમાં ત્રિકાળની વાત છે અને એક સમયમાં ત્રણ અંશની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનાદિ-અનંત આત્મા અને અનાદિ-અનંત પરમાણુ એની વાત છે, છએ દ્રવ્યની અને એક સમયમાં આખો ત્રિકાળ લઈ લીધું, પછી એક સમયમાં ત્રણ.. આ અહીં લઈ લીધા. સમજાણું કાંઈ? વર્તમાન ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને ત્રિકાળ વસ્તુ એવી છે એ બધી વાત આગમમાં છે. સર્વજ્ઞના આગમમાં છે. સર્વજ્ઞના આગમ સિવાય એ વાત ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? હજી આગમની પરીક્ષા કરવી પહેલી કઠણ પડે. એય..! શાંતિભાઈ! કોઈ એ આગમ કહે. એ શ્વેતાંબર કહે અમારું આગમ છે, આ સ્થાનકવાસી કહે અમારું આગમ છે, દિગંબર કહે અમારું આગમ છે, વૈષ્ણવ કહે અમારા શાસ્ત્ર આગમ છે. બધા આગમ-આગમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શાસ્ત્ર..

ઉત્તર :- એ આગમ તો સર્વજ્ઞનું કહેલું દિગંબરમાં છે એ આગમ. બાકી કોઈ આગમ છે જ નહિ. સમજાણું કાંઈ? બીજાઓએ પોતાની કલ્પનાથી બનાવ્યું છે. માને, ન માને .. રહો. શ્વેતાંબરોના પણ સર્વજ્ઞના આગમ નથી એના. એના આચાર્ય થયા એણે પોતાની કલ્પનાથી બનાવ્યા છે બધા શાસ્ત્રો. ૩૨, ૪૫ આદિ. ભગવાનનું કહેલું નથી, જ્ઞાનીનું કહેલું નથી. લખુભાઈ! કઠણ વાત છે. સંપ્રદાયવાળાને કઠણ લાગે એવું છે, ભાઈ! ચીજ એવી છે નહિ. અહીં તો કહે છે સર્વજ્ઞ પરમેશ્વરે જે કહ્યું એ પરંપરાએ દિગંબર સંતોમાં આવ્યું છે. એ દિગંબર સંતોએ સર્વજ્ઞની વાત કરી છે. બીજામાં સર્વજ્ઞની પરંપરા છે નહિ. શાંતિભાઈ! તમારા બાપને આકરું પડે. જુઓ વયા ગયા પણ. ગયાને પણ એ ન બેસે ત્યાં. શું એને દરકાર ધર્મની? મોઢા આગળ કાંઈ મોટા થાવું અને મોઢા આગળ કાંઈક બેસવું. વાતું કરવી મોટી-મોટી કાંઈ થોથેથોથા. આહા..હા..! અરે..! એક દિ' દેહ છોડીને ચાલ્યું જાવું છે, બાપા! ફૂ. મૃત્યુનો કાળ નજીક આવતો જાય છે. સમજાય છે? દેહથી છૂટવાનો કાળ નજીક આવતો જાય છે. એમાં વાસ્તવિક દેહ છૂટવાનો પ્રસંગ ન લે તો એણે દેહ છોડ્યો નથી, દેહે એને છોડી દીધો. દેહ એણે નથી છોડ્યો. એ તો ક્યારે છોડ્યો કહેવાય? કે પોતામાં આનંદ અને જ્ઞાનાનંદ છે એવું આગમ છે એવો અંતર અનુભવ થયો ત્યારે પોતાની દૃષ્ટિ પોતામાં છે તો દેહ છૂટ્યો તો દેહ છોડ્યો એમ કહેવામાં આવે છે. એ તો દેહ છોડતા નથી, છૂટી જાય છે, શું કરે? સમજાણું કાંઈ? હિંમતભાઈ! વાત તો એવી વાત છે, ભાઈ! કઠણ વાત છે. જુઓ, આગમ એને કહે છે. જેમાં એક સમયમાં ત્રણ વસ્તુઓ ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને ત્રણ કાળની વાત. આદિ, અંત વિનાની જે વસ્તુ છે એવી વાત એમાં છે. સમજાણું કાંઈ?

ભગવાન પણ આત્મા અનાદિ-અનંત છે. આત્માની આદિ છે? ક્યારે નહોતો? સદાય

છે. છે... છે... છે... છે... છે... છે... ભૂતકાળ લઈ જાવ તો છે... છે... છે... ભવિષ્યમાં લઈ જાવ તો છે... છે... છે... થઈ રહ્યું, અનાદિ-અનંત છે. એ જ અનાદિ-અનંત આત્મા અને અનાદિ-અનંત છ દ્રવ્ય. ભગવાને છ દ્રવ્ય જોયા છે. સમજાણું કાંઈ? જાતિએ (છ), સંખ્યાએ અનંત. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ. એ ત્રિકાળી વસ્તુ અને એમાં એક સમય પકડ્યો ઉત્પાદ-વ્યય-ધ્રુવ. ઓહો..હો..! સમજાણું કાંઈ?

**'જેને ત્રણે કાળે (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ) ત્રણ લક્ષણો પ્રવર્તે છે એવા સકળપદાર્થસાર્થના...'** સકળપદાર્થ સાર્થ નામ સમૂહ. સકળપદાર્થ સમૂહ. છ દ્રવ્ય સમૂહ. સકળપદાર્થસાર્થ. સાર્થ એટલે સમૂહ. **'યથાતથ જ્ઞાન વડે...'** એ શાસ્ત્રમાં તો યથા જ્ઞાન-જેવું જ્ઞાન છે... એના વાચકમાં યથાજ્ઞાનને બતાવનારા યથાર્થ જ્ઞાનથી ભરેલો કહેવામાં આવે છે. જ્ઞાન તો જ્ઞાનમાં છે. કાંઈ જ્ઞાન શબ્દમાં છે નહિ. સમજાણું કાંઈ? સાકર શબ્દમાં કાંઈ સાકર પદાર્થ છે નહિ. પણ સાકર શબ્દમાં સાકર બતાવવાની શક્તિરૂપ નિમિત્ત સંજ્ઞા છે. તો એ સાકર બતાવે છે કે આ સાકર. સમજાણું કાંઈ? સાકર શબ્દમાં સાકર નથી, તેમ સાકર પદાર્થમાં સાકર શબ્દ નથી. પણ શબ્દ એ સાકરને બતાવે છે એટલી સંજ્ઞા એમાં ભરી છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ કહેતા હતાને તારણપંથમાં એવા પંડિત લોકો. કહે કે મૂર્તિમાં શું જ્ઞાન ભર્યું છે? શાસ્ત્રમાં તો જ્ઞાન ભર્યું છે. શાસ્ત્ર તો જડ છે. એમાં જ્ઞાન ક્યા છે? એમાં દ્રવ્યપર્યાય ગુણ તો જડની પર્યાય છે. શું જ્ઞાન ભર્યું છે એમાં?

મુમુક્ષુ :- આમાં તો લખ્યું છે.

ઉત્તર :- એ લખ્યુંનો અર્થ એ છે કે જેવું વસ્તુનું સ્વરૂપ છે એવું વાચકમાં આવ્યું છે-શબ્દોમાં આવ્યું છે. શબ્દોમાં જ્ઞાન અને આત્મા છે? ભારે વાત! એય..! પાઠ એવો છે જુઓ, **'યથાતથ જ્ઞાન વડે સુસ્થિત...'** એનો અર્થ વાચક યથાર્થ છે એમ. એ છ પદાર્થ અનાદિ-અનંત વસ્તુને બતાવવામાં વાચક જે શબ્દ છે એ યથાર્થ છે એમ કહે છે. સમજાણું કાંઈ? શું શબ્દમાં જ્ઞાન છે? આ શબ્દમાં જ્ઞાન છે? આ શબ્દ તો જડની પર્યાય છે. શબ્દ તો જડની પર્યાય છે. જડની શક્તિ, જડની પર્યાય અને જડનું દ્રવ્ય. દ્રવ્ય-ગુણ-પર્યાય તો જડ છે શબ્દના. એમાં આત્મા ક્યાં આવ્યો? એમાં જ્ઞાનસ્વરૂપ ભગવાન વાણીમાં ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? વાણીમાં જે આત્મા આનંદસ્વરૂપ છે એવું બતાવવાની સ્વ-પરપ્રકાશક શક્તિ વાણીમાં છે. સ્વ-પર કથન કરવાની શક્તિ વાણીમાં છે. સ્વ-પર જાણવાની શક્તિ આત્મામાં છે. સમજાણું કાંઈ? સ્વ-પર બતાવવાની શક્તિ આત્મામાં નથી. એ વાણીમાં છે સ્વ-પર કથા કરવાની શક્તિ. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

વાણીમાં સ્વ-પર કથા કહેવાની, પરમેશ્વરની કથા કરવાની શક્તિ પણ વાણીમાં છે અને

વાણી શું છે એ બતાવવાની શક્તિ પણ વાણીમાં છે. પણ પરમેશ્વર એમાં ભર્યો નથી. સર્વજ્ઞપદ એમાં ભર્યો છે વાણીમાં? સાકર શબ્દમાં સાકર (પદાર્થ) બતાવવાની શક્તિ છે અને શબ્દ સાકર બતાવવાની શક્તિ છે બસ એટલું. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! વાતે-વાતે વાંધા. સાચે સાચું છે બાપુ આવું. તત્ત્વ તો આવું છે ભાઈ! સમજે ઓઘે, સમજે ... સમજે, પણ વાસ્તવિક આ સમજ્યા વિના એનો છૂટકારો છે નહિ. જુઓ, પાઠ તો એવો લીધો કે ત્રિકાળ **'ત્રણે કાળે ત્રણ લક્ષણો પ્રવર્તે છે...'** ત્રણ લક્ષણ પ્રવર્તે છે એમ લીધું જુઓ, વસ્તુ દરેક આત્મા અને દરેક જડ ધ્રુવપણે પ્રવર્તે છે અને ઉત્પાદ-વ્યયપણે પ્રવર્તે છે. સમજાણું કાંઈ? એના પ્રવર્તનમાં બીજી ચીજ કોઈ કારણ છે એમ છે નહિ. સમજાણું કાંઈ? કોઈ ચીજનો ઈશ્વર તો કર્તા છે નહિ. પણ એ ચીજને બીજી ચીજ કરતી નથી કેમકે ઉત્પાદ-વ્યય ત્રણ લક્ષણથી તો પ્રવર્તે છે. એમ તો કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એવા સકળપદાર્થસાર્થના...'** જેટલા જગતમાં અનંત પદાર્થ છે. અનંત આત્મા છે, અનંતગુણા પરમાણુ છે, અસંખ્ય કાળાણુ છે, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, એક આકાશ— છ પદાર્થ. જાતિએ છ, સંખ્યાએ અનંત. **'એવા સકળપદાર્થસાર્થના યથાતથ જ્ઞાન...'** એમાં યથાતથપણું કહેવાની શક્તિ પડી છે. સમજાણું કાંઈ? જ્ઞાન નથી ભર્યું એમાં. જ્ઞાન તો અહીં છે. જ્ઞાન તો અરૂપી અહીંયાં છે. એ રૂપી પદાર્થમાં જ્ઞાન ઘૂસી ગયું છે? લખુભાઈ! એ ભારે વાત ભાઈ! એ ભાષા આવે છે એમાં જ્ઞાન છે? આ તો ભાષા જડ છે. એમાં જ્ઞાન છે? ભગવાનજીભાઈ! ક્યાં જ્ઞાન છે? જ્ઞાન તો અહીં અંદર છે. એ જ્ઞાન વાણીમાં આવે છે? વાણીમાં આ જ્ઞાન અને આત્મા શું છે અને પોતાની ચીજ શું છે—એની કથન કરવાની, સ્વ-પર કથા કરવાની તાકાત વાણીમાં છે. સ્વ-પર જાણવાની તાકાત એમાં નથી. સમજાણું કાંઈ?

એ લોકો એમ કહે છે કે મૂર્તિને ન માનવી. મૂર્તિમાં શું જ્ઞાન છે? શબ્દમાં તો જ્ઞાન છે માટે પૂજા કરે છે. એમાં જ્ઞાન છે? શબ્દમાં જ્ઞાન છે? આ શબ્દમાં જ્ઞાન છે? આ શબ્દની પર્યાય જડની છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ તો એમાં એને કારણે થાય છે. અને આત્મામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ પોતાથી થાય છે. શું શબ્દથી થાય છે? આહા..હા..! ભારે કઠણ વાત. જગતને સત્યનો રસ્તો મળવો, આગમ સત્ય મળવું કઠણ અને એના પછી આગમનો અર્થ યથાર્થ સમજવો કઠણ, પછી યથાર્થ જ્ઞાનમાં અંતર્લક્ષ કરીને અનુભવ કરવો એ કઠણ. કઠણ નામ મહાપુરુષાર્થથી.. એમ હોં! સમજાણું કાંઈ?

**'યથાતથ જ્ઞાન વડે...'** એટલે કે યથાતથ જેવું વસ્તુનું સ્વરૂપ છે એવી કહેવાની શક્તિ વડે **'સુસ્થિત...'** એ શબ્દો સુસ્થિત છે-બરાબર સ્થિત છે. વાણી આગમની બરાબર છે એમ કહે છે. **'અંતરંગથી ગંભીર છે...'** વાણીનું અંતરંગ બહુ ગંભીર છે. એની વાણીનો ભાવ સમજવો ઘણો ગંભીર છે. સમજાણું કાંઈ? ઝીણી વાત. પક્ષકારને તો એવું લાગે

કે આ પક્ષ છે કાંઈ. ભાઈ! પક્ષ નથી વસ્તુનું સ્વરૂપ એવું છે. શું કરે? બધા પક્ષ કહે બીજાના ખોટા? અરે..! ખોટા શું? ખોટા તે લાખવાર ખોટા, સાંભળને. સમજાણું કાંઈ? એય..! નિહાલભાઈ! જૂના માણસ છે. શેઠિયા છે ત્યાં લ્યો. આહા..હા..! અરે..! ભગવાન! કરે શું? મૂકને પડતું. સત્ય હોય તે સ્વીકાર. તારે શું છે? દુનિયામાં નાક બહારમાં જાય છે? આ નાક કપાઈ જાય છે ખોટું નાક હોય તો. સમજાણું કાંઈ? બાપુ! ભાઈ! પરમેશ્વરનું પેટ અને હૃદય સમજવું એ આગમ વિના નહિ સમજાય, એમ કહે છે અહીંયાં તો. આગમમાં વેપાર કરવો છેને? આગમ કહે છેને? '**आगमचेट्ठा तदो जेट्ठा**' ચોથું પદ છેને? માટે આગમનો અભ્યાસ એ શ્રેષ્ઠ છે. પસંદ કરવાલાયક છે. પસંદગીની ચીજ એ છે. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેના આગમના ઠેકાણા નથી એ આગમમાં પણ છે અને પરમાં પણ છે એમ મેળવણી કરે છે. સમજાણું કાંઈ? તદ્દ્‌ન દૃષ્ટિ વિપરીત છે.

મુમુક્ષુ :- .. વસ્તુ સમજાતું નથી.

ઉત્તર :- એવી વસ્તુ છે, ભાઈ! શું કરે? પણ દરકાર ન મળે. આહા..હા..! ક્ષણમાં ચાલ્યા જુઓને આ. આહા..હા..! લ્યો આ છોકરો બી.એ. ભણેલો લ્યો. બી.એ. પાસ. આઠ દિ' પહેલા બી.એ. પાસ. ધક્કો લાગ્યો. શું કહેવાય તમારું ખડખડીયું?

મુમુક્ષુ :- સ્કુટર.

ઉત્તર :- હા એ. ભાઈ! ૨૨ વર્ષની ઉંમર. બી.એ.પાસ. થઈ ગયા બી.એ. પાસ બહાર. પરભવમાં જાવ. આહા..હા..! અરે..! કોઈ શરણ? આર્તધ્યાન હોય વાંચવાનો ભાવ, ભણવાનો ભાવ. ભણું... ભણું... ભણું... ભણું... અરર..! આ કાળ! આ મનુષ્યદેહ અને આ સામગ્રીમાં શું કરવું એને ખબર નથી. ખબર નથી એ અવતાર શું અવતાર? સમજાણું કાંઈ? પહેલા હજી આગમના અભ્યાસના ઠેકાણા નથી. પછી અંતર અનુભવનો નિર્ણય કરવો એ તો ક્યાં રહ્યું? આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે આગમમાં શું છે? '**ત્રણે કાળે ત્રણ લક્ષણો પ્રવર્તે છે એવા સકળપદાર્થસાર્થના યથાતથ જ્ઞાન વડે સુસ્થિત અંતરંગથી...**' એ વાચક શબ્દમાં અંતરંગમાં ગંભીરતા બહુ છે એમ કહે છે ભાઈ! શબ્દોમાં ગંભીરતા બહુ છે. આહા..હા..! ઉંડા ઉતરે તો એના અર્થની ખબર પડે, નહિતર અર્થની ખબર પડશે નહિ. આહા..હા..! જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય છે. જ્ઞાનાવરણીય જ્ઞાનમાં રોકાય. જ્ઞાનાવરણીય કહ્યું, ઘાતિકર્મ કહ્યું જુઓ. આત્માને કર્મ ઘાતે છે. એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અર્થનો અનર્થ થઈ જાય. એ દાખલો નહોતો આપ્યો બાઈનો? સાસુએ વહુને કહ્યું બેટા! માણસ જોઈને એંઠું નાખવું. એંઠુ સમજ્યાને? જૂઠું. ઓલું નાખેને? ભરેલું હોયને એંઠવાણી. જૂઠું આપણે કહે છેને. એઠવાણી. સાસુએ કહ્યું વહુને કે એંઠવાણી માણસ જોઈને નાખજે. એ ઉભી રહી અડધો કલાક, કલાક લઈને ત્યાં. કહે તમે માણસ જોઈને નાખવાનું કહ્યુંને, માણસ દેખાતો નથી. કોના ઉપર નાખું?

અરે..! માણસ જોઈને નાખવાનો અર્થ માણસ હોય ત્યારે એના ઉપર ન નાખવું એમ એનો અર્થ છે. માણસ જોઈને નાખવું એવો અર્થ કર્યો તેં? સમજાણું કાંઈ? માણસ જોઈને નાખવું લ્યો! એમ માણસ જોઈને નાખવું? કે આ માણસ આવ્યો તો નાખ એના ઉપર એમ?

મુમુક્ષુ :- એની ગંભીરતા ન સમજાણી.

ઉત્તર :- કાંઈ સમજ્યો નહિ. અર્થને સમજ્યો જ નહિ કાંઈ. લૌકિક અર્થને સમજે એ આ આગમના અર્થ ગંભીર ઉંડા પેટ જેના છે શાસ્ત્રના. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(અર્થાત્ આગમનું જ અંતરંગ...**' અંતરંગ એટલે અંદર ભાવ ભરેલા. '**સર્વ પદાર્થોના સમૂહના...**' સાર્થનો અર્થ સમૂહ કર્યો. '**યથાર્થ જ્ઞાન વડે સુસ્થિત છે...**' એમાં યથાર્થ ભાવ ભર્યો છે. જડનો, છે તો ભાવ જડનો હોં! પણ વાચકમાં વાચ્ય શું છે એનો ભાવ ભર્યો છે. '**માટે આગમ જ સમસ્ત પદાર્થોના યથાર્થ જ્ઞાનથી ગંભીર છે).**' લ્યો! '**વળી પદાર્થોના નિશ્ચય વિના એકાગ્રતા સિદ્ધ થતી નથી;...**' ડામાડોળ થઈ જાય અંદરમાં કલ્પના આ ઠીક... આ ઠીક.. આ છે... આ છે... '**પદાર્થોના નિશ્ચય વિના...**' ભગવાન આત્મા કેવો છે? કેટલો છે? શરીર રજકણો કેટલા છે? કેવા છે? એની પર્યાય કેમ થાય? પોતાની પર્યાય કેમ થાય? પર્યાય એટલે અવસ્થા. કેટલી સંખ્યામાં છે? કેટલી છે? એવો બરાબર પદાર્થના નિર્ણય વિના એકાગ્રતા સિદ્ધ નથી થતી. અંતરમાં એકાગ્રતા સ્વભાવ તરફ હોઈ શકે નહિ. માટે પદાર્થનો અભ્યાસ જાણવા આગમનો અભ્યાસ કરવો જોઈએ.

'**કારણ કે, જેને પદાર્થોનો નિશ્ચય નથી તે (૧) કદાચિત્ નિશ્ચય કરવાની ઈચ્છાથી આકુળતા પામતા ચિત્તને લીધે સર્વતઃ દોલાયમાન (-ડામાડોળ) થવાથી અત્યંત તરલતા પામે છે,...**' અંદર ઉંડે-ઉંડે એને કાંઈ નિર્ણયના ઠેકાણા નથી. આ તો આમ કહે છે, એ પણ કહે છે, આ પણ કહે છે. સમજાણું? એમાં પણ લખ્યું છે, એમાં એ લખ્યું છે, આ નયથી, અથવા આ નયથી, એ પણ ઠીક છે, એ પણ ઠીક છે. સમજાણું કાંઈ? '**કદાચિત્ નિશ્ચય કરવાની ઈચ્છાથી...**' કેમકે નિશ્ચય તો છે નહિ. તો '**નિશ્ચય કરવાની ઈચ્છાથી આકુળતા પામતા...**' અંદરમાં આકુળતા થશે જ. કારણ '**સર્વતઃ દોલાયમાન (-ડામાડોળ) થવાથી અત્યંત તરલતા...**' ચંચળતા '**પામે છે,...**' અંતરમાં ચંચળતા હોં. બહારમાં સ્થિર હોય. અંતરમાં ચંચળતા. વસ્તુનું સ્વરૂપ જેવું ભગવાને જાણ્યું એવું આગમમાં કહ્યું. એવા આગમના નિર્ણય વિના, પદાર્થના નિર્ણય વિના ચંચળતા ટળતી નથી, અસ્થિરતા જાતી નથી અને સ્વભાવ સન્મુખ એકાગ્રતા થતી નથી. સમજાણું કાંઈ?

એક તો વાત એ કરી. '**આકુળતા પામતા ચિત્તને લીધે સર્વહતઃ દોલાયમાન...**' અંદરમાં. હવે કર્તા-ભોક્તા બે વાત લે છે. '**(૨) કદાચિત્ કરવાની ઈચ્છારૂપ જ્વર વડે પરવશ થયો થકો...**' કેમકે સ્વરૂપની ખબર નથી. જ્ઞાન ભગવાન આત્મા રાગનો પણ કર્તા

નથી, પરનો પણ કર્તા નથી એનું ભાન નથી. તો પર કાંઈક બનાવી દઉં, શાસ્ત્ર બનાવું, એવી ભાષા બનાવું, આમ બધાને કેળવણી આપું દીકરા-દીકરીને. કેમકે પરની કર્તાબુદ્ધિ તો ટળી નથી, પદાર્થનો નિશ્ચય છે નહિ. હું પરનું કાંઈ કરી શકતો નથી. એવો તો નિર્ણય છે નહિ તો એને કર્તાબુદ્ધિ રહી ગઈ. સમજાણું કાંઈ? **'કરવાની ઈચ્છારૂપ જ્વર...'** જ્વર. તાવ આવ્યો. કરવાનો તાવ આવ્યો. તાવ.

મુમુક્ષુ :- તાવ ચડ્યો છે.

ઉત્તર :- તાવ ચડ્યો છે કર્તાબુદ્ધિનો. એમ કહે છે.

**'પરવશ થયો થકો વિશ્વને સ્વયં સર્જવાને ઈચ્છતો થકો...'** એક પદાર્થને બનાવું, આ દીકરાને ભણાવું, દીકરીને ભણાવું, શિષ્યને હું ભણાવું તો ભણશે. એવી કર્તાબુદ્ધિ જો છે તો આખી દુનિયાનું કર્તાપણું એની દૃષ્ટિમાં છે. સમજાણું કાંઈ? એ પાઠશાળા બનાવે, આ બનાવે, બધું બનાવે. ભાઈ! આપણે બનાવીએ તો છોકરાઓને લાભ થાય. નહિતર આ .. માણસો છે. જુઓ દક્ષિણ દેશમાં તો બહુ સાધારણ માણસ છે તો આપણે થોડું કરવું. પણ કરી શકતો જ નથીને. સાંભળ તો ખરો. આહા..હા..!

મુમુક્ષુ :- અહીં .. કરવું બધું આવે.

ઉત્તર :- કોણ કરે? કરે કોણ? એ તો થાય છે. થાય છે એને જાણવું અને થાય છે એને કરવું, માનવું એ બેમાં મોટું અંતર છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો મોક્ષના માર્ગની વાત છે. જેને ધર્મ કરવો હોય એની વાત છે. કોઈની લજ્જા-શરમ એમાં આવતી નથી. કોઈની સિફારિશ-બફારશ. સિફારિશ શું કહે છે? ભલામણ-બલામણ એમાં કાંઈ કામ કરે નહિ. એ તો વસ્તુનું સ્વરૂપ જેવું છે એવો આગમથી અભ્યાસ કરે. નહિતર ચિત્તમાં કર્તાબુદ્ધિ નહિ ટળે. આ પુણ્ય કરું, ઈચ્છા કરું, આમ બનાવું કે આ બનાવું એવી કાંઈ પણ કર્તાબુદ્ધિ રહે તો પદાર્થનું સ્વરૂપ એણે જાણ્યું જ નથી. લખુભાઈ! કહો, વાડી-બાડી સરખી બનાવો તો પપૈયાના દસ હજાર ઉપજે. એક મહિનાના એક હજાર. વાડી સરખી ધ્યાન રાખે તો ઉપજે લ્યો એક મહિનાના એક હજાર પપૈયાના. બહુ ધ્યાન ન રાખે તો ન ઉપજે.

મુમુક્ષુ :- .. પાણી તો પાવું જોઈએને. બીજા માણસો રાખવા...

ઉત્તર :- આ તો દાખલો. સમજ્યાને? દસ હજારના પપૈયા પાક્યા હતા. એમ કોક કહેતું હતું. આપણે ક્યાં જોવા ગયા છીએ? કોક વાત કરે. એક મહિનામાં હજારના પપૈયા પાકે છે કહે. એમાં શું પાંચ હજારના પાકે. એ તો એને કારણે, એમાં આત્માને કારણે શું છે? આહા..હા..! એય..! મકાન-બકાન બનાવ્યા છેને? બહુ બનાવ્યા છે અહીં. જુઓ, નિર્ણય વિના કરવાની ઈચ્છાથી પરવશ થયો થકો જ્વર લાગ્યો છે. એને આમ બનાવું, એટલું તો બનાવું... એટલું તો બનાવું... એટલું તો બનાવું... ઉંડે-ઉંડે મનની રચના કરું, વાણીની કરું, એમ. અહીં તો સમસ્ત પદાર્થ લઈ લીધા જુઓ. એકનો પણ કર્તા થાય તો બધા પદાર્થનો

કર્તા થયો. '**વિશ્વવ્યાપારરૂપે પરિણમતો હોવાથી પ્રતિક્ષણ ક્ષોભની પ્રગટતા પામે છે,...**' લ્યો! એની વ્યાખ્યા આવશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં.૨૦૫ થી ૨૦૮માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

**અષાઢ સુદ ૧, મંગળવાર, તા. ૧૫.૦૭.૧૯૬૯**
**ગાથા-૨૩૩ થી ૨૩૫, પ્રવચન-૨૦૯**

પ્રવચનસાર. ચરણાનુયોગસૂચક ચૂલિકા. ૨૩૩નો ભાવાર્થ. એક લીટી ચાલી છે ભાવાર્થની. શું કહે છે જુઓ, '**આગમની પર્યુપાસના રહિત...**' જેને સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્માએ કહેલા આગમ, સિદ્ધાંત શાસ્ત્ર. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા. કોઈ પોતાના કલ્પિત બનાવ્યા હોય શાસ્ત્ર તો એને શાસ્ત્ર કહેવામાં આવતા નથી. સમજાણું કાંઈ? એ પાઠમાં છેને એનો ભાવાર્થ છે. '**આગમની...**' આગમ એટલે સર્વજ્ઞની કહેલી વાણી. સર્વજ્ઞના મુખમાંથી નીકળેલી વાણી એની રચનાને આગમ કહે છે. સમજાણું કાંઈ? તેથી તો શ્વેતાંબરની શાસ્ત્ર રચના એ આગમ નથી. અમરચંદભાઈ! એ આગમ નથી. વાત એવી છે.

સર્વજ્ઞ ભગવાનના મુખથી નીકળેલા પૂર્વાપર વિરોધરહિત જે શાસ્ત્ર છે એને આગમ કહે છે. એ આગમ સર્વજ્ઞે કહેલા આગમ, દિગંબર સંપ્રદાયમાં એ આગમ પરંપરાથી ચાલ્યા આવ્યા છે. બીજામાં એ આગમ છે નહિ. સમજાણું કાંઈ? આગમની સેવા રહિત... એવા ભગવાન સર્વજ્ઞથી કહેલા શાસ્ત્ર એની સેવા રહિત '**જગતને આગમોપદેશપૂર્વક સ્વાનુભવ નહિ થતો હોવાથી...**' એનો સ્વાનુભવ થતો નથી. ભગવાનના આગમમાં એમ કહ્યું કે તારી ચીજ પુણ્ય-પાપના ભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ રાગ એનાથી તારી ચીજ ભિન્ન છે. એમ આગમ કહે છે. એ પ્રકારે કહે છેને? '**સ્વાનુભવ નહિ થતો હોવાથી...**' સ્વપરનો ભેદ નથી થતો. કેમકે જે સર્વજ્ઞના આગમ છે એ એમ કહે છે કે જે કોઈ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે છે એ રાગ પર છે અને આત્મા રાગથી પર-ભિન્ન છે. એવું

સર્વજ્ઞના આગમ કહે છે. સમજાણું કાંઈ? એવી જેને આગમની સેવાપૂર્વક સ્વાનુભવ—રાગથી, વિકલ્પથી, પુણ્ય પરિણામથી ભિન્ન ભગવાન એનો અનુભવ નથી. એને સ્વપરનું ભેદજ્ઞાન નથી થતું. એને સ્વપરની જુદાઈનું ભાન થતું નથી. કેમકે આગમ તો એમ કહે છે કે આત્મા જ્ઞાનમૂર્તિ ચિદાનંદ સ્વરૂપ છે. તો આગમ એમ કહે છે, સંતો એમ કહે છે, સર્વજ્ઞ એમ કહે છે, સમ્યગ્દૃષ્ટિ એમ કહે છે. સમજાણું કાંઈ?

કે રાગ ચાહે તો સૂક્ષ્મ પરમાત્મા પ્રત્યેનો રાગ રુચિ, નવ તત્ત્વની રુચિ અને તીર્થંકર ભગવાનની રુચિ. પંચાસ્તિકાયમાં આવ્યું છેને. એ બધો વિકલ્પ-રાગ છે. સમજાણું કાંઈ? એ રાગથી આત્મા પૃથક્ છે એ સર્વજ્ઞના આગમ કહે છે. પંચાસ્તિકાયમાં આવ્યું છે. જ્યાં સુધી નવ તત્ત્વની રુચિનો વિકલ્પ રહેશે, તીર્થંકરની રુચિનો વિકલ્પ રહેશે અને પદાર્થને પરને જાણવાનો વિકલ્પ રહેશે ત્યાં સુધી આત્માનું જ્ઞાન થશે નહિ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? છેને પંચાસ્તિકાયમાં? કેટલામી? ૧૭૦? પંચાસ્તિકાય છેને. ૧૭૦ છે. ૧૭૦ જુઓ. '**सपयत्थं**' '**સંયમતપસંયુક્ત હોવા છતાં, નવ પદાર્થો તથા તીર્થંકર પ્રત્યે જેની બુદ્ધિનું જોડાણ...**' કે આ ભગવાન છે તો હું ભક્તિ કરું, ભગવાન છે તો હું માનું—એવો જે વિકલ્પ રાગ. '**સૂત્રો પ્રત્યે જેની રુચિ...**' ભગવાનના શાસ્ત્ર પ્રત્યેની જેની રુચિ '**વર્તે છે, તે જીવને નિર્વાણ દૂરતર છે.**' તે જીવને નિર્વાણ મુક્તિ દૂર છે. રાગ છે, વિકલ્પ છે. તો જ્યાં આગમ ઉપદેશ એમ કહે છે કે પદાર્થોની રુચિ, તીર્થંકર કહે છે કે અમારી રુચિ. જુઓ, એ સર્વજ્ઞ તીર્થંકર જ એમ કહે કે અમે પરદ્રવ્ય છીએ, તારાથી ભિન્ન છીએ. તો પરદ્રવ્યની રુચિ, પ્રેમ, ભક્તિ બધો રાગ છે. આહા..હા..! એમ રાગ પર અને આત્મા સ્વ. એવું જેને જ્ઞાન આગમપૂર્વક નથી. તેને '**આ અમૂર્તિક આત્મા તે હું છું...**' અમૂર્તિક-રાગથી રહિત ભગવાન આત્મા ચિદાનંદ સ્વરૂપ હું છું '**અને આ સમાનક્ષેત્રાવગાહી શરીરાદિક તે પર છે...**' એક ક્ષેત્રે રહેનારી આ વાણી, શરીર એ તો પર છે. એની ક્રિયા જડની એ પર છે. એ પ્રમાણે બેનું ભેદજ્ઞાન થતું નથી. બીજી વાત.

'**આ ઉપયોગ તે હું છું...**' જાણન... જાણન... જાણન... જાણન... જાણન... જાણવાનો ભાવ, જાણનનો ભાવ. કોનો? પોતાને જાણવાનો હોં! એ રાગ વિના જાણવાનો ઉપયોગ તે હું છું '**અને આ ઉપયોગમિશ્રિત મોહરાગદ્વેષભાવો તે પર છે...**' આહા..હા..! સમજાણું કાંઈ? એ પહેલા શરીર અને આત્મા વચ્ચે કહ્યું, પછી ઉપયોગ-જાણન અને આ રાગ. ભગવાન પ્રત્યેની, તીર્થંકર પ્રત્યેની રુચિ એ રાગ, પદાર્થોની પ્રીતિ એ રાગ, શાસ્ત્રની રુચિ એ રાગ. આ આગમની સેવા કરે છે ત્યાં પણ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો રાગ તે હું નહિ. હું જ્ઞાનોપયોગ છું. '**અને આ ઉપયોગમિશ્રિત મોહરાગદ્વેષાદિભાવો તે પર છે...**' '**તેમ જ તેને આગમોપદેશપૂર્વક સ્વાનુભવ નહિ થતો હોવાથી...**' ભગવાનના

આગમ કહે છે એવો એને અનુભવ નથી, જ્ઞાન નથી. **'તો એવું પરમાત્મજ્ઞાન પણ થતું નથી.'** સમજાણું કાંઈ? **'એવું પરમાત્મજ્ઞાન પણ થતું નથી.'** કે **'હું જ્ઞાનસ્વભાવી એક પરમાત્મા છું...'** લ્યો! હું તો સમસ્ત, આખી દુનિયાનું સર્વ જ્ઞેય એક સમયમાં જ્ઞાનમાં જાણવા લાયક. સર્વ જ્ઞેય, અહીં સર્વજ્ઞ, ત્યાં સર્વ જ્ઞેય, અહીં સર્વજ્ઞ. એવા આગમનું જેને ભાન નથી, આગમની સેવા કરી નથી. સમજાણું કાંઈ? તે એને જ્ઞાનસ્વભાવી એક પરમાત્માનું પણ જ્ઞાન થતું નથી. ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપી છે. તો જ્ઞાનમાં પર જ્ઞેયમાં કંઈ પણ લક્ષ રહેવું અને જ્ઞાનમાં સ્થિર ન રહે એ જ્ઞાનનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? એ જ્ઞપ્તિ પરિવર્તનની વાત કરી.

**'એ રીતે જેને (૧) સ્વપરજ્ઞાન તેમ જ (૨) પરમાત્મજ્ઞાન નથી તેને, (૧) હણાવાયોગ્ય એવા સ્વનું અને હણનાર એવા મોહાદિદ્રવ્યભાવકર્મરૂપ પરનું ભેદજ્ઞાન નહિ હોવાથી...'** ઓહો..! ભગવાન આત્મા પોતાની શુદ્ધદશામાં હણાવાયોગ્ય-વધ્ય અને દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ એ હણવાલાયક છે. આત્માની ધર્મદશામાં હણાવાયોગ્ય છે, એ (રાગ) ઘાતક છે આહા..હા..! સમજાણું કાંઈ? એ આગમનું સેવન નથી અને આગમ કહેનારા સદ્‌ગુરુનું પણ સેવન નથી. એમ લેવું સાથે. ઉપદેશપૂર્વક છેને? સમજાણું કાંઈ? આગમના ઉપદેશપૂર્વક સ્વાનુભવ એમ ને? જે આગમ છે એનું જે જ્ઞાન છે એવા આગમપૂર્વક ઉપદેશ કરે છે (સદ્‌ગુરુ) એની સેવા નથી, એની પ્રતીત નથી, એ તરફનું લક્ષ નથી. તો આત્મામાં આ આત્મા જાણનસ્વરૂપ અને એ વિકલ્પ જે ઉઠે છે એ ઘાતક છે આત્માની શાંતિનું. ધર્મનું કારણ તો નહિ, પણ ધર્મનો ઘાતક છે. આહા..હા..! આસ્રવ છેને વિકલ્પ? ચાહે તો ભગવાન કહે છે કે અમારા પ્રત્યેની પ્રેમ, ભક્તિ, રુચિ એ આસ્રવ રાગ છે. એ રાગ તારી ધર્મદશાનો ઘાત કરનારો છે અને તું વધ્ય છો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'મોહાદિદ્રવ્યભાવકર્મ...'** બેય લીધું છે. જડકર્મ એ નિમિત્તરૂપે ઘાત કરનાર વ્યવહાર અને રાગ નિશ્ચયથી અશુદ્ધ પરિણામ છેને પુણ્યાદિ દયા, દાન, ભક્તિ. એ આત્માની શાંતિનો ધર્મનો ઘાત કરનાર છે. ત્યારે આ લોકો એમ કહે છે કે એ આત્મામાં ધર્મ ઉત્પન્નનું કારણ છે. તદ્દન વિપરીત. તદ્દન મિથ્યાત્વની પુષ્ટિ. ક્ષણે-ક્ષણે મિથ્યાત્વની પુષ્ટિ અને માને કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, શું કહે છે? કાલે આવી ગયુંને એનો ભાવાર્થ. **'હણાવાયોગ્ય એવા સ્વનું...'** પોતાની વીતરાગી દશા શક્તિમાંથી પ્રગટ થવી જોઈએ એ ન થઈને હણાય છે. વધ્ય થાય છે આત્મા પર્યાયમાં. અને ઘાતક એ વિકલ્પ છે. શુભરાગ કે અશુભરાગ કે કર્મ કરવા જડ એ નિમિત્તપણે. આ ઉપાદાનપણે અશુદ્ધ ઉપાદાનમાં ઘાતક છે. આહા..હા..! ભારે વાત ભાઈ! ભગવાનનું, સર્વજ્ઞનું કહેલું આગમ આમ કહે છે. એનાથી વિપરીત કહે એ સર્વજ્ઞનું આગમ નથી અને આગમનો ઉપદેશ સાચો નથી. સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ! અતડો માર્ગ લાગે. ભગવાન પણ કહેતા તીર્થંકર નામ લીધું છે

તીર્થંકરનું. ૧૭૦ (પંચાસ્તિકાય)માં લીધુંને? તીર્થંકર કહે, મારા તરફની રુચિ એ પણ રાગ છે, તારા સ્વભાવને રોકનાર છે, સાંભળને. આહા..હા..! સમજાણું કાંઈ? વજુભાઈ! જુઓ તો ખરા માર્ગ. હવે ખબર પણ નથી અહીં તો હજી. માર્ગ તો ક્યાંથી હાથ આવે? સાંભળ્યું જ નથી. ખ્યાલમાં લીધું જ નથી કે શું ચીજ છે? પછી પરંપરા ધર્મ થશે એમ વળી કહે.

મુમુક્ષુ :- અત્યારે અશુદ્ધ થાય પછી શુદ્ધ.

ઉત્તર :- હા પછી. અશુદ્ધભાવ, અહીં તો કહે છેને ભગવાન કે તને શુભભાવનો વિકલ્પ અમારા પ્રત્યેની ભક્તિના, રુચિના પ્રેમને એ રાગ તારી શાંતિ ધર્મની દશાને હણે છે. અને રાગ ઘાતક છે. એવું વીતરાગ કહે છે એવું અમે કહીએ છીએ. તો એવા આગમપૂર્વક ઉપદેશનો તો ખ્યાલ નથી. તો ઘાતક અને વધ્ય કોણ છે એનું ભેદજ્ઞાન છે નહિ. લ્યો! ભારે વાતું ભાઈ! દુનિયા સાથે મેળ ખાય એવું નથી અત્યારે. એવી દુનિયા ચડી છેને બીજે રસ્તે. વીતરાગ માર્ગને છોડીને રાગને માર્ગે છે.

મુમુક્ષુ :- અજૈનને જૈન

ઉત્તર :- અજૈનને જૈન માર્ગ માને છે. એમ છેને પણ. આહા..હા..!

અહીં તો કહે છે ભગવાન. એ કુંદકુંદાચાર્ય કહે છે ભગવાને કહેલું. એ ટીકામાં ટીકાકાર કહે છે એ એક જ વાત છે. કે '**આત્મા હણાવા યોગ્ય એવા સ્વનું...**' આત્મા હણાય છે. આત્માની શાંતિ અથવા ધર્મ હણાય છે. હણાવા યોગ્ય અને રાગ છે એ ઘાતક છે. '**એવા મોહાદિદ્રવ્યભાવકર્મરૂપ પરનું ભેદજ્ઞાન નહિ હોવાથી મોહાદિકદ્રવ્યભાવકર્મોનો ક્ષય થતો નથી,...**' તેને મિથ્યાત્વનો ક્ષય થતો નથી. સમજાણું કાંઈ? કારણ કે જે ભાવ રાગ છે એ આત્માના ધર્મનો ઘાતક છે એની તો ખબર નથી અને ઉલટું એમ માને છે કે એને કરતા-કરતા મને ધર્મ થઈ જશે. તો કહે છે કે એવી જે મિથ્યાત્વની માન્યતા એ મિથ્યાત્વથી જુદા આત્માનું ભાન નથી તો મિથ્યાત્વનો નાશ થતો નથી. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

'**ક્ષય થતો નથી,...**' એટલે કે મિથ્યાત્વનો નાશ નથી થતો. કેમ? કે જે રાગનો વિકલ્પ ઉઠે છે, પરમેશ્વર પ્રત્યેનો, નવ તત્ત્વની શ્રદ્ધાનો અને તીર્થંકર પ્રત્યેના પ્રેમનો. એ વિકલ્પ-રાગ આત્માની શાંતિને ઘાતે, તો આ કહે છે કે અમારી શાંતિને મેળવે છે. એવા જે મિથ્યાત્વભાવની પુષ્ટિ કરે છે એને મિથ્યાત્વનો નાશ કેમ થાય? સમજાણું કાંઈ? આહા..હા..! ભારે કામ આકરું જૈનદર્શનને સમજવું. જૈનદર્શન એટલે વસ્તુનું સ્વરૂપ. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી. સમજાણું કાંઈ? '**જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિન પ્રવચનકા મર્મ.**' રાગ એ અન્યવસ્તુ છે. એ કર્મ છે, વિકલ્પ છે, ભાવ કર્મ રાગ અન્યમાર્ગ છે. રાગથી ભિન્ન ભગવાન આત્મા અંતરમાં એકાગ્રતા થવી એ જૈનમાર્ગ છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે એની જેને ખબર નથી તો એને મિથ્યાત્વનો નાશ નથી થતો. કહે છેને. ભાઈ! શુભરાગમાં.. એ આવ્યું હતુંને હમણા ભાઈ! શુભ ઉપયોગમાં મિથ્યાત્વનો રસ મંદ પડે છે, અનંતાનુબંધીનો મંદ પડે છે. હમણા આવ્યું છે. સમજાણું કાંઈ? એય..! મિથ્યાદષ્ટિનો શુભભાવ નિશ્ચયાભાસી કરતા ઉંચો છે એમ કહે છે. મિથ્યાદષ્ટિ નિશ્ચયાભાસી, મિથ્યાદષ્ટિ વ્યવહારાભાસી. એને વ્યવહારાભાસીમાં રાગની મંદતા છે. નિશ્ચયાભાસી એકલા અશુભમાં જાય છે. તો અશુભમાં જનારો નરક-નિગોદમાં જશે. પણ મિથ્યાદષ્ટિ શુભભાવમાં રહે છે તો સ્વર્ગમાં જશે. સમજાણું કાંઈ? એવું લખાણ આવ્યું છે. બહુ લખાણ આવે છે હવે તો ચારેકોરથી. ગડબડ... ગડબડ... ગડબડ... એવી ગડબડ થઈ ગઈને. બિચારા સત્ય શું છે એણે સાંભળવા મળ્યું નથી.

મુમુક્ષુ :- ...મંદકષાય તો થાય છેને?

ઉત્તર :- અરે..! મંદકષાય કેટલી થાય છે! અન્યમતિ બાવા નગ્ન હોય છે જંગલમાં રહેનારા અને એક રૂપિયાભાર કંદમૂળ ખાય એક રૂપિયાભાર. પંદર-પંદર દિવસ સુધી આહાર-પાણી નહિ. સૂકા પાન ખાય. બિલકુલ સુકાયેલા.. આ તો વળી બહુ ..કંદમૂળ ખાય જડીબુટ્ટી. એ લોકો જાણે કે આ કટકા એક રૂપિયાભારમાં એટલી એમાં ઠંડકને કે પંદર દિવસ, મહિના દિવસ સુધી પાણી-આહારની જરૂર ન પડે. નગ્ન રહેલા એકલા પછી બસ. એમાં શું થયું? સમજાણું કાંઈ?

આત્મા અંદર એ રાગના વિકલ્પથી પાર ભિન્ન છે અને રાગ તો આત્માના ધર્મને ઘાત કરનારો છે. એ રાગને ધર્મનો કર્તા માનવો એ વિપરીત માન્યતાથી વિપરીત માન્યતાનો નાશ કેમ થાય? એમ કહે છે. કેમકે વિપરીત માન્યતાની પુષ્ટિ થાય છે. અરે..! ભગવાન! શું થાય? જગત લુંટાઈ ગયું છે બિચારું. કહો, ભગવાનભાઈ! સમજાય છે? આ જુઓ, તમારી સામાયિક ને પોષા ને પડિક્કમણા. એ અમારે નિહાલભાઈ છેને ડોસા જોડે એ બધા કરતા હતા. સાધુ આવે પછી આહાર-પાણી બનાવીને દે. આહા..હા..! અહીં તો કહે છે અરે..! ભાઈ! આહા..હા..! નિર્દોષ પાણી એક લોટો મળવો નિર્દોષ. એક પાણી પીવાનું એટલું નિર્દોષ મળવું મહામુશ્કેલ છે. આહાર કદાચિત્ મળી જાય ક્યાંકથી. સમજાણું કાંઈ? પણ પાણી? જેમાં બહુ હિંસા છે. એક જળના બિંદુમાં અસંખ્ય જીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો એમાં કમંડળમાં પાણી લેવું, પીવું એ પાંચ શેર પાણી કે સાત શેર પાણી લાવવું ક્યાંથી? કોના ઘરે બનાવેલું હોય? સમજાણું કાંઈ? કામ આકરું ભાઈ! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે જ્યાં એ દશાની દશા જ નથી અને હઠથી શુભભાવ કરે છે હઠથી, હઠથી. ત્યાં તો મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ખબર નથી. વસ્તુની ખબર નથી કે શું છે. હઠ શબ્દ વાપર્યો છેને ક્યાંક નહિ આપણે? શેમાં? ઓલામાં હશે. ક્યાંક. ક્યાં? એ ક્યાંક આવ્યો હતો ખરો. ભાઈને ખબર હશે. હઠ ક્યાં આવ્યો છે? આમાં

આવ્યો છે? ક્યાંક વાંચ્યો હોય, બહુ ખ્યાલ નથી. ક્યાં? ૨૩૧ ગાથા છેને? એમાં. ૨૧૭ ગાથા. એ આપણે ઘણે ઠેકાણે આવ્યું છે. સમયસારમાં નાખ્યું છે. નિયમસારમાં ઘણી જગ્યાએ નાખ્યું છે ભાઈએ હિંમતભાઈએ. ૧૭? ૨૧૭. હઠ આ છે જુઓ, '**શુદ્ધાત્મસ્વરૂપમાં (મુનિત્વોચિત) સમ્યક્ 'ઈતિ' અર્થાત્ પરિણતિ તે નિશ્ચય-સમિતિ છે. અને તે દશામાં વર્તતી જે (હઠ વગરની) ઈર્યા-ભાષાદિ સંબંધી શુભ પરિણતિ તે વ્યવહાર-સમિતિ છે. (શુદ્ધાત્મસ્વરૂપમાં સમ્યક્ પરિણતિરૂપ દશા ન હોય ત્યાં શુભ પરિણતિ હઠ સહિત હોય છે; તે શુભ પરિણતિ વ્યવહાર-સમિતિ પણ નથી.)**' ભારે કામ આકરું. હઠ શબ્દ આમાં આવે છે. બીજે ક્યાંક આવે છે. ૧૧માં આવશે, પણ આમાં ક્યાંક પાઠમાં આવે છે. ... કયે ઠેકાણે? ટીકામાં. ટીકાના અર્થમાં ક્યાંક આવે છે. ક્યાંક આવે છે ખરું. મગજમાં રહી ગયું છે એ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ. એ. કૌંસમાં નહિ. એ તો બરાબર છે. આ તો બીજે ક્યાંક છે. એ છે. આ તો થોડો શબ્દ છે. આવશે તો આવશે વાત પછી. કહો, સમજાણું કાંઈ?

અહીં લ્યો. જ્યાં પોતાનો ઘાત કરનારો રાગ કોણ છે અને ઘાત થનારી દશા કોની છે—એનો જ્યાં ભેદ નથી. એને કર્મ નામ મિથ્યાત્વનો, દર્શનમોહનો, દર્શનમોહનો અને મિથ્યાત્વ પરિણામનો ક્ષય નથી થતો. મિથ્યાત્વ પરિણામની પુષ્ટિ થાય છે, દર્શનમોહનો બંધ થાય છે. સમજાણું કાંઈ? અરેરે..! '**(૨) પરમાત્મનિષ્ઠતાના અભાવને લીધે...**' હવે બીજો બોલ. '**પરમાત્મનિષ્ઠતાના અભાવને લીધે...**' જ્ઞાનસ્વરૂપમાં પરમાત્મા પૂર્ણ. એક સમયમાં જ્ઞેય પૂર્ણ અને જ્ઞાન પૂર્ણ. એવી નિષ્ઠતા વિના '**જ્ઞપ્તિનું પરિવર્તન નહિ ટળતું હોવાથી...**' જ્ઞાનમાં પલટો થવો એ ટળતું હોવાથી '**જ્ઞપ્તિપરિવર્તનરૂપ કર્મોનો...**' અસ્થિરભાવનો પણ ક્ષય નથી થતો. સમજાણું કાંઈ? પૂર્ણસ્વરૂપ. બારમે ગુણસ્થાને પણ જ્ઞપ્તિપરિવર્તન તો છે. એકલા જ્ઞાનમાં એકાકાર થવું એ (વિના) જ્ઞપ્તિપરિર્વતનનો પલટો નાશ નથી થતો. સમજાણું કાંઈ? જુઓ, એ ૨૩૩ ગાથાની વાત થઈ જુઓ.

'**માટે મોક્ષાર્થીઓએ સર્વ પ્રકારે સર્વજ્ઞકથિત આગમને સેવવાં.**' છેને? છેલ્લી લીટી. '**માટે મોક્ષાર્થીઓએ સર્વ પ્રકારે...**' સર્વજ્ઞ ભગવાનના આગમથી એનું સેવન કરો નામ સાંભળો, ઉપદેશપૂર્વક સાંભળો અને વિચાર કરીને મનન કરો. સમજાણું કાંઈ? કલ્પિત અજ્ઞાનીઓએ કહેલા, પોતાની કલ્પના કરેલા પદાર્થ કહે છે એ વીતરાગનું આગમ નથી. સમજાણું કાંઈ? એ એક લીટી વધારે કરી છે. હિન્દીમાં છે. હિન્દીમાં છે. એ એક વધારે થઈ. '**માટે મોક્ષાર્થીઓએ સર્વ પ્રકારે સર્વજ્ઞકથિત આગમને સેવવાં.**'

'**હવે, મોક્ષમાર્ગે જનારાઓને આગમ જ એક ચક્ષુ છે એમ ઉપદેશે છે :—**' ૨૩૪. એ ધર્મીને તો એક આગમચક્ષુ છે. આ ચક્ષુ નહિ, આગમચક્ષુ છે. આહા..હા..!

ભગવાને કહેલા આગમ છે એનું જ્ઞાન એ આગમચક્ષુ છે.

મુમુક્ષુ :- ભાવજ્ઞાન આગમચક્ષુ નહિ?

ઉત્તર :- એ ભાવજ્ઞાન આગમચક્ષુ છે નહિ. શાસ્ત્રનું જ્ઞાનઆગમ જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- હઠનો વિષય.

ઉત્તર :- એ હઠનું તો કહ્યુંને? હઠ આપણે આવી ગયું. પોતાની દશામાં શુદ્ધ પરિણતિ સહજ નથી અને એને શુભભાવ પણ સહજ થતો નથી, હઠપૂર્વક થાય છે. જ્ઞાનીને શુદ્ધ પરિણતિ નિર્મળ છે ત્યાં શુભભાવ આવે છે. સહજ એ કાળે આવી જાય છે. અને અજ્ઞાનીને શુદ્ધ પરિણતિનો અનુભવ નથી ત્યાં શુભ પરિણામ હઠપૂર્વક કરવા પડે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અનુભૂતિપૂર્વકનું જ્યાં ભાન છે ત્યાં શુભ આવે છે એ તો સહજ એ સમયે આવી જાય છે. જેમ સહજદ્રવ્ય, સહજગુણ, સહજ પરિણતિ એવો યોગ. પણ આત્મા અંદર રાગથી ભિન્ન પોતાની શુદ્ધ પરિણતિનું ભાન પ્રગટ નથી ત્યાં શુભભાવ તો હઠસહિત જ હોય છે. એની ઈર્યાસમિતિ, ભાષાસમિતિ બધું હઠસહિત છે. સમજાણું કાંઈ?

તો કહે છે **'મોક્ષમાર્ગે જનારાઓને આગમ જ એક ચક્ષુ છે એમ ઉપદેશે છે :-'**

**आगमचक्खू साहू इंदियचक्खूणि सव्वभूदाणि।**
**देवा य ओहिचक्खू सिद्धा पूण सव्वदो चक्खू।।२३४।।**

૨૩૪. હિન્દી છેને? અહીં મુનિની પ્રધાનતાથી વાત કરી છે.

**મુનિરાજ આગમચક્ષુ ને સૌ ભૂત ઈન્દ્રિયચક્ષુ છે,**
**છે દેવ અવધિચક્ષુ ને સર્વત્રચક્ષુ સિદ્ધ છે. ૨૩૪.**

**'ટીકા :- પ્રથમ તો, આ લોકમાં ભગવંત સિદ્ધો જ શુદ્ધજ્ઞાનમય હોવાથી સર્વતઃચક્ષુ છે...'** સિદ્ધ ભગવાન જ સર્વતઃચક્ષુ છે. અસંખ્ય પ્રદેશે નિર્મળ પર્યાય પ્રગટ થઈ. અનંત કેવળલોચન-કેવળજ્ઞાનલોચન એ સર્વતઃચક્ષુ છે. આખા અસંખ્ય પ્રદેશે કેવળજ્ઞાન પૂર્ણ, પૂર્ણ આખું. સર્વતઃચક્ષુ. સિદ્ધ ભગવાનને સર્વતઃચક્ષુ કહે છે. **'અને બાકીનાં બધાંય ભૂતો (-જીવો),...'** ઈન્દ્રિયચક્ષુ છે. એ સિવાય બધા પ્રાણી ઈન્દ્રિયચક્ષુ છે. કેમકે એની દૃષ્ટિ **'મૂર્ત દ્રવ્યોમાં જ તેમની દૃષ્ટિ લાગતી હોવાથી,...'** મૂર્ત દ્રવ્યો શરીર, વાણી, જડ આદિ પરમાં દૃષ્ટિ લાગી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આવશે. એ સિદ્ધમાં આવી ગયું. અહીં તો પૂર્ણ નિર્મળ લેવું છેને? એ લેવું છે. કેવળજ્ઞાન એ સર્વચક્ષુ જ છે. સમજાણું કાંઈ? અહીં સિદ્ધ ઉત્કૃષ્ટ દશા લઈ લીધી. અસંખ્ય પ્રદેશમાં... એ એને સિદ્ધ.. અરિહંતને સિદ્ધ જ કહે છે. અરિહંત પણ સિદ્ધ જ

છે. આહા..હા..! અહીં તો મોક્ષમાર્ગી સંત છે એને સિદ્ધ કહેવામાં આવ્યા છે લ્યો. આગળ આવશેને પ્રવચનસારમાં? આગળ. સિદ્ધ-સિદ્ધ મોક્ષ એને કહે છે. જેને અંતર અનુભવ, આનંદના અનુભવપૂર્વક સ્વરૂપની રમણતા આનંદની વિશેષ થઈ, ભલે સાધુ છે, તોપણ એને મોક્ષતત્ત્વમાં ગણી લીધા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સ્વભાવની સ્થિતિ..

ઉત્તર :- હા, .. વાત એ છે. સમજાણું કાંઈ?

બધા જીવો ઇન્દ્રિયચક્ષુ. અહીં તો આગમચક્ષુ સિદ્ધ કરવું છે. '**મૂર્ત દ્રવ્યોમાં જ તેમની દૃષ્ટિ લાગતી હોવાથી, ઇન્દ્રિયચક્ષુ છે. દેવો સૂક્ષ્મત્વવાળાં મૂર્ત દ્રવ્યોને ગ્રહણ કરતા હોવાથી અવધિચક્ષુ છે; અથવા તેઓ પણ, માત્ર રૂપી દ્રવ્યોને દેખતા હોવાથી તેમને ઇન્દ્રિયચક્ષુવાળાંઓથી જુદા ન પાડવામાં આવે તો, ઇન્દ્રિયચક્ષુ જ છે.**' લ્યો! દેવ ઇન્દ્રિયચક્ષુ છે. '**એ રીતે બધાય સંસારીઓ મોહ વડે ઉપહત હોવાને લીધે...**' મોહથી હણાયેલા હોવાથી ઘાયલ છે એ. આહા..હા..! ઘાયલ. 'ઘાયલની ગતિ ઘાયલ જાણે' એ એક આવે છે. એ ધર્મદૃષ્ટિની અપેક્ષાએ વાત છે. આ હણાયેલા એટલે રાગ અને મિથ્યાત્વથી હણાયેલા છે એ. ઘાત છે. '**હણાયેલા; ઈજા પામેલા; અશુદ્ધ; મલિન; ભ્રષ્ટ.**' સમજાણું? '**ઇન્દ્રિયચક્ષુ જ છે. એ રીતે બધાય સંસારીઓ મોહ વડે ઉપહત હોવાને લીધે જ્ઞેયનિષ્ઠ હોવાથી,...**' લ્યો! એ જ્ઞાન જ્ઞેયમાં જ નિષ્ઠ છે, ઠર્યો છે. જ્ઞાનમાં નિષ્ઠ નથી.

'**જ્ઞાનનિષ્ઠપણાનું મૂળ જે શુદ્ધાત્મતત્ત્વનું સંવેદન તેનાથી સાધ્ય (-સધાતું) એવું સર્વતઃચક્ષુપણું તેમને સિદ્ધ થતું નથી.**' લ્યો! શું કહે છે? એ ઇન્દ્રિયચક્ષુવાળાને જ્ઞાનનિષ્ઠપણાનું જ્ઞાનમાં સ્થિર થવાનો ગુણ શુદ્ધાત્મત્ત્વનું સંવેદન—શુદ્ધ આત્માના આનંદનું વેદન તેનાથી સાધ્ય એવું સર્વતઃચક્ષુ તેમને સિદ્ધ થતું સિદ્ધપદ. શુદ્ધાત્મતત્ત્વના સંવેદનથી સિદ્ધ થતાં સર્વતઃચક્ષુ પરમાત્મા તેમને સિદ્ધ થતું નથી. શું કહ્યું? કે જે કાંઈ ઇન્દ્રિયોમાં, પરમાં લક્ષ છે, જ્ઞેયનિષ્ઠ છે એને જ્ઞાનનિષ્ઠા નામ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એમાં એકાકાર થવું એવું '**મૂળ જે શુદ્ધાત્મતત્ત્વનું સંવેદન...**' શુદ્ધ પરમાત્મા આનંદસ્વરૂપનું આનંદનું વેદન. એ સંવેદન. '**તેનાથી સાધ્ય...**' એ આનંદના સંવેદનનું વેદન એનાથી સાધ્ય સિદ્ધ ભગવાન. સમજાણું કાંઈ? રાગથી અને પુણ્યથી અને વ્યવહારથી સિદ્ધ સાધ્ય છે નહિ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શું કહ્યું જુઓ, '**ઇન્દ્રિયચક્ષુ જ છે. એ રીતે બધાય સંસારીઓ મોહ વડે ઉપહત હોવાને લીધે જ્ઞેયનિષ્ઠ હોવાથી,...**' જ્ઞેયમાં જ પ્રીતિવાળો છે અથવા જ્ઞેયમાં જ ઠર્યો છે, જ્ઞાનમાં સ્થિરતા છે નહિ અને જ્ઞાનસ્થિરતાનું મૂળ જે શુદ્ધાત્મતત્ત્વ સંવેદન. જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એના આનંદસહિતનું વેદન (અથવા) આત્માનું જ્ઞાન, એ આનંદનું વેદન જ સર્વતઃચક્ષુ એવું સિદ્ધ એનાથી સિદ્ધપદ પ્રાપ્ત થાય છે. આત્માનું શુદ્ધ આત્મસંવેદન આનંદથી,

વેદનથી સિદ્ધપદ થાય છે. તો અજ્ઞાનીને એવું સિદ્ધપદ પ્રાપ્ત થતું નથી એમ કહે છે. આહા..હા..! કેટલી વાત નાખે છે જુઓને. સંસાર સિદ્ધ થાય છે. '**જ્ઞાનનિષ્ઠપણાનું મૂળ જે શુદ્ધાત્મતત્ત્વનું સંવેદન તેનાથી સાધ્ય (-સધાતું) એવું સર્વતઃચક્ષુપણું તેમને સિદ્ધ થતું નથી.**'

'**હવે, તેની (સર્વતઃચક્ષુપણાની) સિદ્ધિને માટે...**' હવે અહીં સિદ્ધ કરવું છે એ. '**ભગવતં શ્રમણો આગમચક્ષુ હોય છે.**' સંતોને તો આગમચક્ષુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**(સર્વતઃચક્ષુપણાની) સિદ્ધિને માટે...**' સિદ્ધપદની પ્રાપ્તિને માટે. સિદ્ધ ભગવાન સર્વતઃચક્ષુ છે એની પ્રાપ્તિને માટે સંતો '**ભગવંતો શ્રમણો...**' ભગવંત શ્રમણ આગમચક્ષુ જુઓ. ભગવાન સાધુ આહા..હા..! સાધુ થયો તો સિદ્ધ થયો. સાધુ એટલે કે આત્માના આનંદમાં મસ્ત. સમજાણું કાંઈ? સંવેદનમાં મસ્ત. આનંદની શક્તિ જે પરિપૂર્ણ પડી છે એને પ્રગટ કરવામાં ઉગ્ર પુરુષાર્થ કર્યો છે. તો એવા આનંદમાં મસ્ત ભગવાન સાધુ. આહા..હા..! જુઓ, અમૃતચંદ્રાચાર્ય સાધુને ભગવંત તરીકે બોલાવે છે. આગમનું શ્રવણ આગમચક્ષુ હોય છે. એને તો આગમ-ભગવાને કહેલા શાસ્ત્રો એનું એને જ્ઞાન થાય છે. એની આગમ આંખ છે. આ આંખ નહિ. સમજાણું કાંઈ?

'**જોકે જ્ઞેય અને જ્ઞાનનું અન્યોન્ય મિલન હોવાને લીધે...**' શું કહે છે? જ્ઞાનમાં જ્ઞેય ન જણાય એવું નથી. જ્ઞાનમાં જ્ઞેય જણાય તો છે, પણ જ્ઞેય જ્ઞાનથી ભિન્ન રહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાનમાં જેટલું જ્ઞેય છે એ બધાનું જ્ઞાન તો પોતામાં થઈ જાય છે. તો જ્ઞાનનું અને જ્ઞેયનું પરસ્પર મિલન. મિલનનો અર્થ જ્ઞાન જ્ઞેયને ન જાણે એમ નથી બનતું. ભારે! ભગવાન આત્માનું જ્ઞાન તો સર્વને જાણે. આખી દુનિયાના અનંત પદાર્થ.. વિશ્વધર્મ છે આખું વિશ્વ. સર્વને જાણે. એ જ્ઞેય વિશ્વ જ્ઞાનમાં ન જણાય એમ નથી બનતું, એમ કહે છે. એમ અર્થ ન લેવો ત્યાં કે જ્ઞાનનું પરસ્પર મિલન હોવાને લીધે. મિલન નથી થતું. સમજાણું? જ્ઞાન અને જ્ઞેય બેય એક નથી થઈ જતા. પણ જ્ઞાનમાં જ્ઞેય ન જણાય એમ નથી. એને પરસ્પર મિલન કહેવામાં આવે છે.

ભગવાન આત્મા સમ્યગ્જ્ઞાનમાં આખા લોક, અલોકનું જ્ઞાન થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ '**જ્ઞેય અને જ્ઞાનનું અન્યોન્ય મિલન હોવાને લીધે તેમને ભિન્ન કરવાં અશક્ય છે (અર્થાત્ જ્ઞેયો જ્ઞાનમાં ન જણાય એમ કરવું અશક્ય છે)...**' જ્ઞાનમાં જ્ઞેય ન જણાય એવું બનતું નથી. જ્ઞાનનો સ્વભાવ જ છે. સમજાણું કાંઈ? પરચીજ બહુ જણાય છે, તો જ્ઞાનનો સ્વભાવ એવો છે જ કે ઘણું જાણવું એ નુકસાનકારક નથી. પોતાના જ્ઞાનમાંથી જે જાણવાલાયક જ્ઞેય છે એ જાણવામાં ન આવે એવું કરવું અશક્ય છે. સમજાણું કાંઈ?

**મુમુક્ષુ** :- ...

ઉત્તર :- કોણ કહે છે? એમ તો છે નહિ. એમ કોઈ માને કે આપણે પરદ્રવ્યને બહુ જાણીએ તો રાગ થશે. એ શ્રદ્ધા વિપરીત છે. સમજાણું કાંઈ? એમ છે નહિ. છ દ્રવ્યને

જાણવા એ રાગનું કારણ નથી. એ તો જીવનો સ્વભાવ જ છે. આખી દુનિયાને જોવે છે. કેવળજ્ઞાન બધાને દેખે છે. લોકાલોક ત્રણ કાળ, ત્રણ લોક જોવે તો શું એને રાગ થાય છે? આહા..હા..! સમજાણું કાંઈ?

'**(અર્થાત્ જ્ઞેયો જ્ઞાનમાં ન જણાય એમ કરવું અશક્ય છે) તોપણ** આગમચક્ષુથી **સ્વ-પરનો વિભાગ કરીને,...**' જુઓ, ભગવાનના કહેલા આગમ એનું જ્ઞાન કરવાથી સ્વ-પરનો વિભાગ. તીર્થંકર આદિ પરજ્ઞેય છે અને હું જાણનારો જ્ઞાન સ્વ છું. સમજાણું કાંઈ? જુઓ, આગમચક્ષુથી. એવું ભગવાનનું આગમ એમ કહે છે. તો એવું આગમચક્ષુમાં આવ્યું કે સ્વ જ્ઞાનસ્વરૂપ છે ને જ્ઞેય છે. તો જ્ઞેયને જાણવું, પણ જ્ઞેય પર છે (અને) જ્ઞાન પર છે. એવો વિભાગ કરીને જ્ઞાનમાં જ્ઞેય ન જણાય એમ નથી. પણ જ્ઞેય અને જ્ઞાન જુદા છે એવો વિભાગ કરીને. આહા..હા..! ભારે વાત ભાઈ!

ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા સમ્યગ્દર્શનથી, સમ્યગ્જ્ઞાનમાં તો લોકાલોક જાણે છે. નથી જાણતા? જાણે છે ખરા. કેવળજ્ઞાને શ્રુતજ્ઞાન(માં) પરોક્ષ-પ્રત્યક્ષનો ફેર છે. બાકી બધું સમાન છે. શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન સમાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? જાણવું એ તો સ્વભાવ જ છે. પણ જાણવું અને જ્ઞેય પર એવો વિભાગ આગમપૂર્વક ઉપદેશથી થાય છે. આગમચક્ષુ હોય તો એ વિભાગ કરી શકે છે. નહિતર જ્ઞેય જાણવાયોગ્ય અને જાણનાર બેય એક છે (એમ માન્યું તો) મિથ્યાત્વભાવ થયો. સમજાણું કાંઈ?

'**ભિન્ન કરવા અશક્ય છે તોપણ,...**' જુઓ, જ્ઞેયો જ્ઞાનમાં ન જણાય એમ (કરવું અશક્ય છે તોપણ), એ આગમચક્ષુથી '**સ્વ-પરનો વિભાગ કરીને, મહામોહને જેમણે ભેદી નાખ્યો છે...**' આહા..હા..! ધર્માત્મા ધર્મી પોતાનો જ્ઞાનસ્વભાવ અને રાગાદિ પરજ્ઞેય, એ જ્ઞેય પર અને જ્ઞાન સ્વ—એવો વિભાગ કરીને મહામોહ નામ મિથ્યાત્વને ભેદી નાખ્યો છે. મિથ્યાત્વનો નાશ કરી નાખ્યો છે '**એમ વર્તતા થકા,...**' આહા..હા..! જુઓ, સમજાણું કાંઈ? તોપણ એ આગમચક્ષુથી જ. તો આગમમાં એવી વાત છે અને આગમ ઉપદેશમાં એવી વાત ઉપદેશમાં એમ સંતો, મુનિઓ, ધર્મીઓ કહે છે. કે ભાઈ! અમે જ્ઞેય છીએ, તીર્થંકર આદિ પરજ્ઞેય અને દેવ-ગુરુ-શાસ્ત્ર પણ જ્ઞેય અને જ્ઞેયનું જ્ઞાન ન થાય એ અનિવાર્ય છે. જ્ઞાન થશે, પણ એ જ્ઞેય અને જ્ઞાન ભિન્ન ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવો '**વિભાગ કરીને,...**' જુઓ, આ મિથ્યાત્વના નાશનો ઉપાય. રાગ પર એ જ્ઞેય, જ્ઞાન સ્વ. તો એવા બેમાં જ્ઞેયનું જ્ઞાન ન થાય એવું અનિવાર્ય છે. પણ જ્ઞેય અને જ્ઞાન, આગમનો ઉપદેશ થયો અને ભાન થયું તો બેનો વિભાગ કરીને મિથ્યાત્વનો નાશ થાય છે. સમજાણું કાંઈ? રાગ અને તીર્થંકર પર અને હું એને જાણનાર સ્વ—એવો વિભાગ કરીને મિથ્યાત્વનો નાશ થાય છે. પણ એ મારા અને હું એનો એવા ભાનથી-એકત્વબુદ્ધિથી તો મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! લ્યો! ભગવાનનો ભેટો થઈ

ગયો. એક ભાઈ કહેતા હતાને. ભગવાનજીભાઈ મણિબહેને. એક ફેરી કહ્યું હતું. ભગવાનનો ભેટો થઈ ગયો. એકમેક થઈ જાય. અરે..! ભગવાન કોણ? એવી કલ્પના. સમજાણું કાંઈ? ભગવાનજી વકીલને ઘરેથી મણિબહેન હતાને. શ્રીમદ્‌નો રાગ બહુ હતો. તો શ્રીમદ્ આવ્યા અને ભેટો થઈ ગયો. બે ભેગા. એ આત્મા પર છે અને તું પર છો. સમજાણું કાંઈ? કોનો ભેટો થાય? એ તો જ્ઞેય છે, આ તો જ્ઞાન છે. એ જ્ઞેયનું જ્ઞાન ન થાય એ વાત અશક્ય છે, પણ જ્ઞેય અને જ્ઞાન એક છે એ પણ અશક્ય છે. એમ બનતું નથી.

કહે છેને કેટલાક કે, પરમેશ્વરનો ભેટો થયો, પરમેશ્વર મળ્યા. પરમેશ્વર કોણ મળે? મારા! પરમેશ્વર તો પર છે. તારી ચીજ પર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરમેશ્વર છે. પરમેશ્વરના દર્શન થયા. પરમેશ્વર કોણ દર્શન દે છે? એ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર નીચે ઉતરે છે? સમજાણું કાંઈ? હા, એ પરમેશ્વરે કહ્યું એવા પરમેશ્વર, એનું આગમ અને એનું તત્ત્વ-એનું જ્ઞાન તો આત્મામાં થાય છે, પણ એ જ્ઞાન થવામાં જ્ઞાન અને જ્ઞેય ભિન્ન છે એવો વિભાગ કરે તેનું મિથ્યાત્વ નાશ પામે છે. સાથે મેળવીને રહે છે એની મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભાષા કેવી કરી? '**મહામોહને જેમણે ભેદી નાખ્યો છે...**' એમ કહ્યું છે જુઓ, અહીં તો મિથ્યાત્વની વાત છે મૂળ વાત. આહા..હા..! એ વિના સાધુપદ ક્યાંથી આવ્યું? હજી મિથ્યાત્વનો નાશ નથી થયો ત્યાં સાધુપદ આવ્યું ક્યાંથી? શ્રાવકપદ આવ્યું ક્યાંથી? પાંચમું ગુણસ્થાન અને છઠ્ઠું ગુણસ્થાન. એ બધી કલ્પના છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**આગમચક્ષુથી સ્વ-પરનો વિભાગ કરીને,...**' જુઓ, ભેદજ્ઞાન કહ્યું. '**મહામોહને જેમણે ભેદી નાખ્યો છે...**' એ પણ વ્યવહારનું કથન છે. મહામિથ્યાત્વનો નાશ કરી નાખ્યો એ તો થયો છે તો નાશ કરી નાખ્યો એમ કહ્યું. પણ આ મિથ્યાત્વ છે તો નાશ કરું એમ છે ત્યાં? સમજાણું કાંઈ? પણ જ્ઞેય અને જ્ઞાનનું ભેદજ્ઞાન અંતરમાં થતાં જ મિથ્યાત્વની ઉત્પત્તિ નથી તો મિથ્યાત્વનો નાશ કરી નાખ્યો એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

એક ડોશી મરતી હતી તો રામ-રામ નહોતી કહેતી. એને પછી શકોરું બતાવ્યું. શકોરું સમજ્યાને? શું કહેવાય એ? રામપાત્ર. માટીનું વાસણ. રામપાત્ર કહે છેને રામપાત્ર? માટીનું વાસણ હોય છેને? બર્તન. એને અહીં રામપાત્ર કહે છે. તો ડોશી રામ-રામ કોઈ દિ' નહોતી બોલતી. તો એને બતાવ્યું કે મા આ શું છે? એમ કરીને જો રામપાત્ર બોલે તો કલ્યાણ થાય. ધૂળેય ન થાય અહીં તો કહે છે. તો એ કહે આ શું છે બા? કે શંકોરું.

મુમુક્ષુ :- રામપાત્ર ન કહ્યું.

ઉત્તર :- રામપાત્ર ન કહ્યું. અને રામપાત્ર કહે તો કલ્યાણ થઈ જાય. ધૂળેય ન થાય સાંભળને. બેય ઉંધા છે. એવી વાત કરતા હતા. .. છેને એક ગામ. ત્યાં ગયા હતા તો

ઓલા .. વાતું કરે. ભાઈ રામનું નામ આવે તો કલ્યાણ થાય. ભાઈ! હવે સાંભળને. રામ શું ત્રણ લોકના નાથ પરમેશ્વર નીચે ઉતરે કદી ત્રણ કાળ, ત્રણ લોકમાં નહિ. અને એ પરમેશ્વરનું નામ સાંભળવાથી તો તને વિકલ્પ થાય છે, રાગ થાય છે. પણ પરમેશ્વર છે એનું જે જ્ઞાન તારામાં થયું એ જ્ઞેય સંબંધી એ જ્ઞાન એને થયા વિના રહે નહિ, પણ જ્ઞાન અને જ્ઞેયને ભિન્ન પાડ્યા વિના મિથ્યાત્વનો નાશ થતો નથી. સમજાણું કાંઈ?

**'મહામોહને...'** મહામોહ શબ્દે મિથ્યાત્વ. **'ભેદી નાખ્યો છે એવા વર્તતા થકા,...'** જુઓ **'પરમાત્માને પામીને,...'** એ સર્વચક્ષુ લેવું છેને? સર્વચક્ષુની સિદ્ધિ કરવી છેને? માથે શું કહ્યું? **'(સર્વતઃચક્ષુપણાની) સિદ્ધિ માટે ભગવંત શ્રમણો આગમચક્ષુ હોય છે.'** અને એ આગમચક્ષુથી અંતરમાં સ્વ-પરનો ભેદ પાડ્યો. એનાથી મહામોહનો નાશ થયો. **'એવા વર્તતા થકા, પરમાત્માને પામીને,...'** પોતાની પૂર્ણદશા પામીને, કેવળજ્ઞાનની દશા પામીને **'સતત જ્ઞાનનિષ્ઠ જ રહે છે.'** નિરંતર જ્ઞાનમાં રમણતા છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન એમાં નિરંતર રહે છે. એ કારણે એને પરમાત્મપદ પ્રાપ્ત થાય છે. ભારે વાતું ભાઈ! આ ચરણાનુયોગનો અધિકાર છે લ્યો! આહા..હા..! સમ્યગ્દર્શન વિના ચરણાનુયોગનો વિકલ્પ વ્યવહારનો પણ આવે ક્યાંથી? એમ કહે છે. મૂળ તો ચરણાનુયોગ છેને? ચારિત્રનો અધિકાર ને ચરણાનુયોગનો અધિકાર છે, વ્યવહારનો વિકલ્પ. પણ એ ચારિત્ર, જ્યારે સમ્યગ્દર્શન થાય પછી સ્વરૂપ રમણતા થાય, ત્યાં રાગની મંદતા ક્યા પ્રકારની કેટલી છે અને એમાં નિમિત્ત સંબંધ કેટલો એ બતાવનારું શાસ્ત્ર છે. એ આગમમાં સર્વજ્ઞે જોયું એવું અહીં કથન છે. સમજાણું કાંઈ? જે આગમમાં સાધુને વસ્ત્ર-પાત્ર સહિત સાધુ કહે છે, લખ્યું હોય એ આગમ નથી એમ કહે છે. એ શાસ્ત્ર નથી, એ કુઆગમ છે. એનો અભ્યાસ કરવાથી મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. આ શાસ્ત્ર છે એમ માનવાથી હોં. સાચા માને તો મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. આમ શાસ્ત્રનો અભ્યાસ કરે નહિ. સમજાણું કાંઈ? એ પણ આગમ ભગવાનની વાણી છે. એમ જાણીને અભ્યાસ કરે તો મિથ્યાત્વની પુષ્ટિ થાય છે એમ કહે છે અહીંયાં તો.

મુમુક્ષુ :- ભાવચારિત્ર...

ઉત્તર :- ભાવચારિત્ર મિથ્યાત્વભાવ થયો. સમજાણું કાંઈ? કામ આકરું છે, ભાઈ! અનંતકાળનો માર્ગ બીજો છે ભાઈ! એવી વાત છે. સમજાણું કાંઈ? હજી આગમ કોને કહે છે એની ખબર નથી તો આગમનું જ્ઞાન તો એને થાય જ ક્યાંથી એને? આહા..હા..! આ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ કહ્યું એ કુંદકુંદાચાર્ય કહે છે. ભગવાન પાસે કુંદકુંદાચાર્ય ગયા હતા, સીમંધર ભગવાન પાસે. આઠ દિન રહ્યા હતા. અને ત્યાંથી આવીને આ બધા શાસ્ત્રો બનાવ્યા છે. સમજાણું કાંઈ? તો એ ભગવાન પાસે જઈને આવ્યા. આ તો મુનિ, ભાવલિંગી સંત હતા. પણ ત્યાં ગયા તો વિશેષ પોતાની સ્વભાવમાં નિર્મળતા થઈ. એણે આ બનાવ્યું. પોન્નુરહીલ. મદ્રાસથી ૮૦ માઈલ છે પોન્નુરહીલ ટેકરી. ત્યાં કુંદકુંદાચાર્ય રહેતા હતા. ગુફામાં.

ગુફા છે. અત્યારે નાની થઈ ગઈ.

મુમુક્ષુ :- પોન્નુરનો અર્થ સોનું થાય.

ઉત્તર :- સોનું થાય છે. એ સોનાની ટેકરી અત્યારે એમ જ છે. પોન્નુરહીલ સોનાની ટેકરી એમ કહે છે ત્યાં. ત્યાં રહેતા હતા ધ્યાનમાં. અને ત્યાં નીચે પણ એક પુરાણું ગામ છે ત્યાં ભગવાનની પ્રતિમા મંદિર છે જૂનું કુંદકુંદાચાર્યના વખતનું. તો કુંદકુંદાચાર્ય નીચે દર્શન કરવા આવતા હતા. અમે ગયા હતા ત્યાં. એનું નામ કાંઈક છે. એ ગામ. એ વંદેવાસ એ નહિ. વંદેવાસ નહિ. વંદેવાસથી તો પાંચ માઈલ દૂર. એ પોન્નુર ગામ જ પોન્નુર. નીચે ગામ છે નજીક અને નીચે ત્યાં મંદિર છે, જૂનો ગઢ છે કુંદકુંદાચાર્યના વખતનો. ... એ જુદું. આ તો પોન્નુરહીલ. ગયા હતાને ત્યાં બધા ગયા હતા. એ કહેતા હતા, ત્યાં કુંદકુંદાચાર્ય દર્શન કરવા આવતા હતા. બે હજાર વર્ષ થયા. જૂનો ગઢ છે. ગણધરની પ્રતિમા છે નહિ? ગણધરની પ્રતિમા પણ છે નીચે. અમે ગયા હતા.

અહીં કહે છે કે એ કુંદાકુંદાચાર્ય મહારાજ એમ વાણીમાં આગમ વડે કહે છે લ્યો. કે આ આગમના ઉપદેશપૂર્વક ભાન નથી એને મિથ્યાત્વનો નાશ થતો નથી. અને જેને આગમમાં કહ્યું એવા ભાવનું જ્ઞાન થાય અને જ્ઞાનથી જ્ઞેય ભિન્ન છે એવો વિવેક કરીને મહામોહને ભેદ નાખ્યો, એવા વર્તતા થકા. પોતાના શુદ્ધસ્વરૂપમાં વર્તતો થકો. જુઓ, એમ કહ્યું અહીં. પંચ મહાવ્રતમાં વર્તતો થકો એમ અહીંયાં નથી કહ્યું. ભાઈ! કહે છેને જુઓ, કુંદકુંદાચાર્યે પંચ મહાવ્રત પાળ્યા હતા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા હતા. અરે..! એ તો વ્યવહારનું કથન છે, ભાઈ! સાંભળ તો ખરો. એમ છે નહિ. પંચ મહાવ્રત તો વિકલ્પ છે, રાગ છે, એને પાળવું છે? એ તો જ્ઞાનમાં જ્ઞેય છે, પર છે. આહા..હા..! ભારે! એની રક્ષા કરવી છે? પાળવા છે આસ્રવને? અહીં તો એ કહે છે જુઓ, સંતોએ પોતાના વિવેકથી, જ્ઞેય અને જ્ઞાનથી જુદા થઈને... ભગવાન પણ મારા જ્ઞાનમાં જ્ઞેય છે, પર છે. એનાથી મને કાંઈ લાભ થાય એમ છે નહિ. આહા..હા..! એ તીર્થંકરથી પણ આત્મામાં લાભ નહિ થાય એમ કહે છે અહીંયાં. ભારે વાત ભાઈ! કારણ કે એ તો પરજ્ઞેય છે. એ જ્ઞેયસંબંધી જેવું સ્વરૂપ છે એવું જ્ઞાન થશે પોતાથી પોતામાં, પણ એ જ્ઞેય અને જ્ઞાનનો વિભાગ કરીને મિથ્યાત્વનો નાશ થાય છે અને સાધુ સમ્યગ્દર્શનની શુદ્ધતામાં વર્તે છે.

એમ વર્તવાથી '**પરમાત્માને પામીને,...**' તેનાથી સિદ્ધપદ પામીને '**સતત જ્ઞાનનિષ્ઠ જ રહે છે.**' જુઓ, પછી જ્ઞાનમાં સ્થિર રહે છે. સમજાણું કાંઈ? '**આથી (એમ કહ્યું કે) મુમુક્ષુઓએ બધુંય આગમરૂપ ચક્ષુ વડે જ દેખવું.**' ધર્માત્માએ. મુમુક્ષુ નામ ધર્માત્માએ. બધુંય. કોઈપણ વાત, કોઈપણ શબ્દ, ન્યાય કોઈપણ શબ્દ. 'બધુંય...' પાઠ છેને અંદર? '**सर्वमेव दृश्यत**' '**अथागमचक्षुषा सर्वमेव दृश्यत एवेति समर्थयति—**' સમ્યગ્દષ્ટિને, ધર્મીને સર્વ આગમથી, '**બધુંય આગમરૂપ ચક્ષુ વડે જ દેખવું.**' આહા..હા..! સમજાણું કાંઈ?

'**હવે, આગમરૂપ ચક્ષુ વડે બધુંય દેખાય છે જ એમ સમર્થન કરે છે :—**' લ્યો, સમજાણું કાંઈ? એ ૨૩૫માં સમર્થન કરે છે. આગમચક્ષુ ભગવાને કહેલું આગમ એનું જ્ઞાન થવાથી આખી દુનિયાના દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્વ-પર, રાગ પર, આનંદસ્વ—બધાનો વિવેક આગમચક્ષુથી થાય છે. માટે '**આગમરૂપ ચક્ષુ વડે બધુંય દેખાય છે...**' માટે આગમનો અભ્યાસ કરવો એમ કહે છે.

**सव्वे आगमसिद्धा अत्था गुणपज्जएहिं चित्तेहिं।**
**जाणंति आगमेण हि पेच्छित्ता ते वि ते समणा।।२३५।।**

જુઓ, વાત.. હવે ત્યાં ઓલા અપવાદની વાત મૂકે ત્યાં ઓલા આગમ જાણતા નથી અને ફલાણું. એ શિવભૂતિની વાત છેને ભાઈ! એ તો બરાબર જાણે, ભાવમાં બરાબર છે. અંતરમાં. .. છેને.

**સૌ ચિત્ર ગુણપયર્યિયુક્ત પદાર્થ આગમસિદ્ધ છે;**
**તે સર્વને જાણે શ્રમણ એ દેખીને આગમ વડે. ૨૩૫.**

આગમથી ધર્મીને બધી વાત ભાવશ્રુતથી સિદ્ધ થઈ જાય છે એમ કહે છે. આહા..હા..! આગમજ્ઞાનથી આખા લોકાલોકની દ્રવ્ય-ગુણ અને પર્યાય સમૂહ આદિ. આગમજ્ઞાનમાં, અંતરજ્ઞાનમાં બધી વાત સિદ્ધ થઈ જાય છે. નિઃશંક, નિઃસંદેહ, નિભ્રાંત અધ્યવસાયરહિત જેવી ચીજ છે એવું જ્ઞાન સર્વજ્ઞના આગમથી, અંતરનું આગમ ખોલવાથી બધાનું ભાન થઈ જાય છે. મુનિપ્રધાનથી વાત છે, પણ સમકિતીને આ જ વાત, સમજાણું કાંઈ?

'**ટીકા :- પ્રથમ તો, આગમ વડે બધાંય દ્રવ્યો પ્રમેય થાય છે (અર્થાત્ જણાય છે),...**' ભગવાને શાસ્ત્ર કહ્યા પરમાત્માએ એને સર્વ આગમ વડે દ્રવ્ય જ્ઞેય થઈ જાય છે, બધું જણાઈ જાય છે એમ કહે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? '**આગમ વડે...**' '**तावत्**' શબ્દ પડ્યો છેને? '**आगमेन तावत्सर्वाण्यपि द्रव्याणि प्रमीयन्ते,...**' '**કારણ કે સર્વ દ્રવ્યો વિસ્પષ્ટ તર્કણાથી અવિરુદ્ધ છે...**' સમ્યક્ શ્રુતજ્ઞાનના તર્ક દ્વારા સર્વ આગમના જે પદાર્થ કહ્યા એ પોતામાં સિદ્ધ થઈ જાય છે. જણાય નહિ એવી વાત છે નહિ એમ કહે છે. આહા..હા..! '**સર્વ દ્રવ્યો વિસ્પષ્ટ તર્કણાથી અવિરુદ્ધ છે...**' જેવું ભગવાને કહ્યું એ પોતાની તર્કણા બુદ્ધિથી સ્પષ્ટ નિર્ણય થઈ જાય છે. તર્કણામાં અવિરુદ્ધ ભાવ છે એવું ભાન થઈ જાય છે. એવું આગમ જ્ઞાનમાં બધું ભર્યું છે. એવું જ્ઞાન કરનારને એવું જ્ઞાન થાય છે. જુઓ, '**(-બધાં દ્રવ્યો આગમાનુસાર જે વિશેષ સ્પષ્ટ તર્ક તેની સાથે મેળવાળાં છે...**' વિસ્પષ્ટ અંદર જ્ઞાન વડે તો ભગવાનનો મેળ આવી જાય છે એમાં. એમ નહિ કે અરે..! ભગવાન એમ કહે છે! .. એમ રહેતું નથી. મેળવાળાં છે. સ્વભાન અને ભગવાને કહેલો પદાર્થ એ બેનો મેળ થઈ જાય છે. એ વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૨, બુધવાર, તા. ૧૬.૦૭.૧૯૬૯**
**ગાથા-૨૩૫-૨૩૬, પ્રવચન-૨૧૦**

ચરણાનુયોગસૂચક ચૂલિકા છે. ૨૩૫ ગાથા. 'હવે, **આગમરૂપ ચક્ષુ વડે બધુંય દેખાય છે જ એમ સમર્થન** કરે છે :—' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે સર્વજ્ઞપણાથી જે કહ્યું એ શાસ્ત્રથી ધર્માત્માને આ દુનિયાના બધાય ન્યાય દ્રવ્ય-ગુણ-પર્યાય જોવામાં આવે છે. સમજાણું કાંઈ? આગમરૂપ ચક્ષુ. સર્વજ્ઞ પરમેશ્વરે જે આગમ કહ્યા એના મુખેથી વાણી નીકળી, એ આગમરૂપ ચક્ષુથી ધર્મી જીવને બધાય પદાર્થ વિચિત્ર અનેક પ્રકારની પર્યાયવાળા વિવિધ પ્રકારના દ્રવ્યો અને વિવિધ પ્રકારની પર્યાયો બધું દેખાય છે. બધું દેખાય છે, શ્રદ્ધામાં બધું આવે છે.

એ કહે છે જુઓ, '**ટીકા :- પ્રથમ તો, આગમ વડે બધાંય દ્રવ્યો પ્રમેય થાય છે...**' જુઓ, આ આગમ એટલે સર્વજ્ઞના કહેલા એ સિદ્ધ કરે છે પહેલા. અજ્ઞાનીએ કલ્પનાથી જે શાસ્ત્ર બનાવ્યા એ આગમ નથી. કેમકે એ આગમમાં નવ તત્ત્વની વાસ્તવિક સ્થિતિની મર્યાદા (નથી). સર્વજ્ઞ સિવાય બીજા આગમથી બાંધી હોય એ (સાચી) મર્યાદા નથી. સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે નવ તત્ત્વની જે મર્યાદા સર્વજ્ઞપણે જાણી અને એણે કહી, એવી વાત અજ્ઞાની(ના આગમમાં) નવ તત્ત્વની એવી સ્થિતિ હોતી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- થોડીક મળતી હોય.

ઉત્તર :- જરીક મળતી નથી. બિલકુલ મળતી નથી. સાધુપદ લ્યો તો એની ચીજ જે સર્વજ્ઞે કહી એ તો ચરણાનુયોગમાં ચાલે છે. સમજાણું કાંઈ? ભગવાને તો સાધુ એને કહ્યા કે જેને આત્મા, રાગથી ભિન્ન શુદ્ધાત્માના અનુભવપૂર્વક સમ્યક્ શુદ્ધાત્માની તત્ત્વની અંતર નિર્મળ વીતરાગી પરિણતિ હોય અને એમાં રાગનો વિકલ્પ ઘણો જ મંદ થોડો હોય અને એના સંબંધમાં બાહ્ય અજીવના સંબંધમાં પણ વસ્ત્ર-પાત્ર આદિ સંયોગનો સંબંધ ન હોય, એવી મુનિની દશા જે તત્ત્વ છે એવી સર્વજ્ઞે કહી, (એથી વિરુદ્ધ) બીજા આગમમાં કહી એ આગમ સર્વજ્ઞના નથી એમ કહે છે. જેઠાભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર, તો એણે પહેલા નિર્ણય કરવો જોઈએ કે સર્વજ્ઞ પરમેશ્વરે જે આગમ કહ્યા એ આગમ ક્યા છે? આહા..હા..! સમજાણું કાંઈ? પરમેશ્વર કેવળજ્ઞાની તીર્થંકરદેવ. સર્વજ્ઞથી જે વાણી નીકળી એ વાણીમાં નવ તત્ત્વની વ્યવસ્થા યથાર્થ છે, છ દ્રવ્યની, નવ તત્ત્વની, દેવ, ગુરુ અને શાસ્ત્રની. સમજાણું કાંઈ? આગળ આવે છેને? આગળ આવશે. કે છદ્મસ્થ..

છદ્મસ્થ એટલે અજ્ઞાની. અજ્ઞાનીએ કહેલા શાસ્ત્રો એ પ્રમાણે કોઈ વ્રત, નિયમ, તપ આદિ કરે તો ધર્મ બર્મ તો બિલકુલ થતો નથી. મનુષ્યપણું કે દેવ આદિ મળે. મળો ચાર ગતિ એમાં કોઈ આત્માને લાભ છે નહિ. સમજાણું કાંઈ? આવે છેને ભાઈ છેલ્લે? છદ્મસ્થ.. એ તે .. શું કહે છે શબ્દ? હલકું પુણ્ય. અજ્ઞાનીએ કહેલા શાસ્ત્રોની રીતિથી વ્રત, તપ, નિયમ, ત્યાગ સાધુપણું કરે તો એમાં તો મહા સાધારણ મનુષ્ય અને દેવ એવું હલકું પુણ્ય, હલકા પુણ્ય બાંધે. એવું આગળ કહેશે. સમજાણું કાંઈ?

તો સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા જે આગમ એ પ્રકારે જો અનુભવ દૃષ્ટિપૂર્વક જે ભાવ છે અને એમાં રાગ રહી જાય છે તો એ રાગથી પુણ્યબંધ થાય છે, સ્વભાવથી નિર્જરા થાય છે અને એ પુણ્ય પછી પરંપરાએ એનો અભાવ કરીને પરમાત્મપદ એને પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? તેથી અહીંયાં આગમની વાત વિશેષ લીધી છે. કે **'આગમ વડે બધાંય દ્રવ્યો...'** જેટલા છ દ્રવ્ય છે, નવ તત્ત્વ છે **'પ્રમેય થાય છે...'** જ્ઞાનમાં બરાબર જેવું છે એવું આવી જાય છે. સમજાણું કાંઈ? **'કારણ કે સર્વ દ્રવ્યો વિસ્પષ્ટ તર્કણાથી અવિરુદ્ધ છે (-બધા દ્રવ્યો આગમાનુસાર જે વિશેષ સ્પષ્ટ તર્ક...'** આગમ અનુસાર વિશેષ સ્પષ્ટ તર્ક કરીને **'તેની સાથે મેળવાળાં છે...'** ન્યાયથી, તર્કથી આખા આગમમાં જે વાત કરી એ વિસ્પષ્ટ તર્કણાથી મેળવાળાં છે. એમાં મેળ ખાય છે ધર્માત્માને. કે ઓહો..હો..! આ મેળ છે ન્યાયથી. એનાથી વિરુદ્ધ જે બીજા કહે છે એમાં કાંઈ મેળ છે નહિ. સમજાણું કાંઈ? **'અર્થાત્ તેઓ આગમાનુસાર વિસ્પષ્ટ વિચારથી...'** શાસ્ત્ર અનુસરીને વિસ્પષ્ટ વિચારથી **'જણાય એવાં છે).'** સ્પષ્ટ તર્કણાથી બધાં પદાર્થો જણાય છે. જણાઈ જાય એવા પદાર્થની વ્યાખ્યા આગમમાં કહી છે. સમજાણું કાંઈ? તર્કથી ન સમજાય એવી ચીજ નથી. ભારે!

મુમુક્ષુ :- ભગવાને કીધું માટે શ્રદ્ધા રાખવી

ઉત્તર :- એમ નથી. શ્રદ્ધા રાખીને શું કરે સમજ્યા વિના? શ્રદ્ધા કરે પણ ભગવાને શું કહ્યું એ તો ખ્યાલમાં આવ્યું નથી તો શેની શ્રદ્ધા કરે?

તેથી તો કહ્યું છે કે **'આગમાનુસાર વિસ્પષ્ટ વિચારથી...'** વિસ્પષ્ટ તર્ક, એમ લીધું છે અમૃતચંદ્રાચાર્યે. સમજાણું કાંઈ? ભગવાને કહેલા તત્ત્વો સુતર્કથી, વિસ્પષ્ટ વિચારથી ધર્માત્માને ભગવાને કહેલા તત્ત્વો જણાય છે, જાણવામાં આવે છે. જણાય નહિ એવી વસ્તુ ભગવાને કહી જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? કારણ કે જેવી ચીજ છે એવું જ્ઞાન થયું અને જ્ઞાન થયું એવું કહ્યું અને કહ્યું એવું જે આગમ પ્રમાણે વિચાર કરીને સ્પષ્ટ કરે તો જણાઈ જાય. ન સમજાય એવી વાત નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

**'વળી આગમ વડે તે દ્રવ્યો...'** ભગવાનના કહેલા શાસ્ત્રથી **'તે દ્રવ્યો વિચિત્ર ગુણપર્યાયવાળાં પ્રતીત થાય છે,...'** વિચિત્ર નામ અનેક વિવિધ પર્યાયથી. આત્મા, પરમાણુ,

ધર્માસ્તિ આદિ છ દ્રવ્ય. જુઓ, ભાષા શું કરે છે? કે **'આગમ વડે તે દ્રવ્યો વિચિત્ર...'** વિચિત્ર શબ્દે કહે છેને અનેક. ભિન્ન-ભિન્ન **'ગુણપયર્યાયિવાળાં પ્રતીત થાય છે,...'** જીવના ગુણ જુદાં, જડના જુદાં, પર્યાય જીવની જુદી, જડની જુદી. આહા..હા..! એવું જ્ઞાનમાં આગમ વડે બધું આવી જાય છે. 'સબ આગમ ભેદ સુ ઉર વસે' ભાઈ! આવે છેને? શ્રીમદ્‌માં આવે છે. સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું તો આખા આગમનો ન્યાય એને ખ્યાલમાં આવી જાય છે. જેઠાભાઈ! એમ કહે છે. આવે છે કે નહિ? 'સબ આગમ ભેદ સુ ઉર વસે.' શ્રીમદ્દે કહ્યું. 'જો કેવળકો ભી જ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાયે' ભગવાન આત્મા રાગથી ભિન્ન થઈને આનંદની સાથે અનુભૂતી થઈ, એવી અનુભૂતિમાં આગમ જે કહે છે એ સર્વ ન્યાય એના ખ્યાલમાં આવી જાય છે. એમ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ?

**'આગમ વડે તે દ્રવ્ય...'** તે દ્રવ્ય એટલે ભગવાને કહ્યા તે. **'વિચિત્ર ગુણપર્યાયિવાળા...'** જુઓ, શક્તિ અને અવસ્થા. ગુણ નામ શક્તિ અને પર્યાય નામ અવસ્થા. **'પ્રતીત થાય છે,...'** જ્ઞાનસહિત પ્રતીતમાં લેવું છેને? **'કારણ કે આગમ સહપ્રવૃત્ત અને ક્રમપ્રવૃત્ત...'** જુઓ, ભાષા. આગમમાં દરેક દ્રવ્ય એનું સહપ્રવૃત્ત નામ સાથે રહેનારા ગુણો. કોની સાથે? ગુણની સાથે. અનંત ગુણ સાથે રહે છે. અને પર્યાય ક્રમબદ્ધ થાય છે. જુઓ, ક્રમપ્રવૃત્ત. ક્રમપ્રવૃત્ત કહો, ક્રમબદ્ધ કહો, ક્રમવર્તી કહો બધી એક જ વાત છે. સમજાણું કાંઈ? દરેક આત્મા અને દરેક પરમાણુ એમાં સહવર્તી ગુણ. દ્રવ્યની સાથે સહવર્તી એમ નહિ. ગુણની સાથે ગુણ સહવર્તી એમ લેવું. સમજાણું કાંઈ? ગુણ સહવર્તી છે, બધા ગુણો સાથે વર્તે છે અને પર્યાય એક સમયે અનંતગુણની એક સાથે છે, પણ આમ ક્રમસર છે-ક્રમબદ્ધ. જેમ ગુણ સહવર્તી આમ છે આડા, એમ ક્રમબદ્ધ આમ છે. સમજાણું કાંઈ? એ આગમમાં એવું સર્વ કથન છે એમ કહે છે. સહવર્તી ગુણ અને ક્રમવર્તી પર્યાયનું બધા આગમોમાં કથન છે.

જુઓ, **'સહપ્રવૃત્ત અને ક્રમપ્રવૃત્ત અનેક ધર્મોમાં વ્યાપક (-અનેક ધર્મોને કહેનાર)...'** એમ. આગમ છેને? આગમમાં દરેક પદાર્થ વસ્તુ અને એની સહવર્તી શક્તિઓ અને એની પર્યાય ક્રમબદ્ધ, ક્રમવર્તી—બધાને કહેનાર આગમ. આગમમાં કોઈ વાત બાકી છે નહિ, એમ કહે છે. **'આગમ સહપ્રવૃત્ત અને ક્રમપ્રવૃત્ત અનેક ધર્મોમાં...'** જુઓ, પર્યાય ક્રમપ્રવૃત્ત પણ એનો ધર્મ છે, સ્વભાવ છે. અને સહપ્રવૃત્ત ગુણ એક સાથે એક દ્રવ્યમાં અનંત ગુણ, ગુણની સાથે અનંતગુણ છે એવો દ્રવ્યનો સ્વભાવ છે. અને પર્યાય ક્રમવર્તી-ક્રમે પ્રવર્તે છે. એક સમયે એક, બીજે સમયે બીજી. બીજી તો બીજી પણ એ જે થવાની છે એ જ ક્રમપ્રવૃત્ત થશે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્રમમાં છે. એ આવનારી પરિણતિ ધારા ક્રમવર્તી. એવું કથન **'અનેક ધર્મોમાં વ્યાપક અનેકાંતમય હોવાથી...'** જુઓ, અનેકાંત એને કહ્યું જુઓ, **'અનેકાંત = અનેક**

**અંત; અનેક ધર્મ. (દ્રવ્યશ્રુત અનેકાંતમય છે.' નીચે. 'સર્વ દ્રવ્યોના એકીસાથે પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા જે અનેક ધર્મો તેમાં વ્યાપનારા (અર્થાત્ તેમને કહેનારા) અનેક ધર્મો દ્રવ્યશ્રુતમાં છે.)'** ભગવાનની વાણીમાં... નીચે-નીચે નોટ. ફૂટનોટ. ભગવાનની વાણીમાં, આગમમાં પદાર્થ સહવર્તી ગુણ અને ક્રમવર્તી પર્યાય એ બધામાં વ્યાપક છે. એટલે કે એ કહેવાની શક્તિ એમાં પડી છે. સમજાણું? આગમમાં અનેકાંતપણું પડ્યું છે. ગુણ ગુણરૂપ છે, ક્રમ ક્રમવર્તી પર્યાય ક્રમવર્તીપર્યાયપણે છે, એક દ્રવ્ય દ્રવ્યપણે છે, પરદ્રવ્યપણે નથી. ગુણ ગુણપણે છે, પર્યાયપણે નથી. પર્યાય પર્યાયપણે છે, ગુણપણે નથી. એવું અનેકાંતમય કથન દ્રવ્યશ્રુતમાં ભરેલું છે. એવો અનેકાંતમય વ્યાપકભાવ કથન કરવાની શક્તિ દ્રવ્યશ્રુતમાં પડી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી ક્યાંથી આવ્યું? ઉપાદાન કોને કહ્યું? ઉપાદાનથી થાય છે, નિમિત્તથી નથી થતું એવું અનેકાંત કથન શાસ્ત્રમાં ભરેલું છે. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર છે તો સર્વજ્ઞે તો એક સમયમાં ત્રણ કાળ જોયા. જોયું શું? અનંતગુણ પણ જોયા અને જે સમયે જે પર્યાય જ્યાં જે ક્ષેત્રે, જે નિમિત્તને સંગે જે થવાની, એ બધું નિમિત્ત અને પર્યાય બધું જોયું છે સર્વજ્ઞે તો. સર્વજ્ઞના જ્ઞાનમાં જ્યાં જ્યાં જે પર્યાય છે એ પર્યાય અને તે સમયે શું નિમિત્ત છે એ નિમિત્ત એવું અનાદિ-અનંત.

મુમુક્ષુ :- એ શ્રુતજ્ઞાનીને એમ નથી.

ઉત્તર :- શ્રુતજ્ઞાનીને નથી એમ કહે છે. કે સર્વજ્ઞને જોયા છે, શ્રુતજ્ઞાનીને એમ નથી. એમ કહે છે. ખાણિયા ચર્ચામાં આવ્યું છે. રતનચંદજી તરફથી. અમરચંદભાઈ! વાંચ્યું છેને એ? સર્વજ્ઞ પ્રમાણે ક્રમબદ્ધ બરાબર છે. પણ શ્રુતજ્ઞાની છદ્મસ્થ છે. તો એ ન્યાયે તો એમ કહે છે. જુઓ, અહીંયાં હમણા એ વાત કહેશે ભાવશ્રુતની. આગમમાં એવું કહ્યું છે એવું શ્રુતજ્ઞાનીને ભાવશ્રુતજ્ઞાનમાં પરિણમન છે એમ કહે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

**'સહપ્રવૃત્ત અને ક્રમપ્રવૃત્ત અનેક ધર્મોમાં વ્યાપક (અનેક ધર્મોને કહેનાર) અનેકાંતમય હોવાથી જ...'** શાસ્ત્ર હોં આગમ. આહા..હા..! કેટલી આગમની ચીજ! **'પ્રમાણતાની ઉપપત્તિ છે (અર્થાત્ પ્રમાણભૂત સિદ્ધ થાય છે).'** સમજાણું કાંઈ? **'આથી બધા પદાર્થો આગમસિદ્ધ જ છે.'** બધા પદાર્થો આગમથી સાબિત છે અને જ્ઞાનીને પોતાના ઉપયોગમાં થઈ જાય છે એ હવે કહેશે. સમજાણું કાંઈ? પણ આગમનો અભ્યાસ કરે નહિ, આગમ શું કહે છે એના અનુભવ વિના એ બધી વાતમાં પોતાની કલ્પનાથી લગાવે. અહીં તો મુનિપણાની વ્યાખ્યા કરી છેને ચરણાનુયોગમાં? મુનિપણાની દશા શ્રમણ તપોધન... શ્રમણ તપોધન. તપરૂપી જેની પાસે લક્ષ્મી છે. જુઓ, સમજાણું કાંઈ? એ આનંદમાં, સ્વસંવેદનમાં ઉગ્રપણે પોતાની

પુરુષાર્થથી તપોધનપણું પ્રગટ કર્યું છે. ક્ષણે-ક્ષણે છઠ્ઠે-સાતમી ભૂમિકાએ ઝૂલે છે. એવી મુનિની દશા સર્વજ્ઞે આગમમાં કહી છે. અને એવી દશાથી વિરુદ્ધ જેણે કહ્યું એ આગમ નથી. કહો, ધીરૂભાઈ! ..ભાઈ! સમજાણું આમાં?

**'અને તેઓ શ્રમણોને...'** હવે જુઓ, સાધુને. એ દ્રવ્યશ્રુતની પહેલી વાત કરી. આગમની વાણીમાં વિચિત્ર સહવર્તી અને ક્રમવર્તી પર્યાયો સહિત અનેક ધર્મ કહેવાની શક્તિ છે અને એ આગમથી સર્વ પદાર્થ સાબિત છે. સમજાણું કાંઈ? અને વિસ્પષ્ટ તર્કણાથી જ્ઞાનીને પણ એ વાત જણાય છે. ધર્મીને વિસ્પષ્ટ તર્કણાથી જે ભગવાને આગમમાં કહ્યું એ વાત જ્ઞાનીને જણાઈ જાય છે, જ્ઞાનમાં એ વાત આવી જાય છે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? **'અને તેઓ શ્રમણોને...'** હવે સાધુની વાત લે છે. ઓલી તો આગમની વાત કરી. **'શ્રમણોને સ્વયમેવ જ્ઞેયભૂત થાય છે,...'** ભાષા જુઓ. 'સબ આગમ ભેદ સુ ઉર વસે.' આહા..હા..! સમજાણું કાંઈ? એનો અભ્યાસ કરનાર શ્રમણ પોતાના શ્રુતજ્ઞાન ઉપયોગમાં, જેવું કેવળજ્ઞાની દેખે છે અને કેવળજ્ઞાનીએ આગમમાં કહ્યું છે એવા શ્રમણોને ભાવશ્રુતજ્ઞાનમાં વર્તે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ખાણિયા ચર્ચામાં ઘણી ચર્ચા લીધી છે.

કે કેવળજ્ઞાનની અપેક્ષાએ તો પર્યાય ક્રમબદ્ધ છે. સ્વકાળે થશે એ તો બરાબર છે. કારણ કે એ સર્વજ્ઞે દેખી છે, એ તો ફરે નહિ પણ શ્રુતજ્ઞાની માટે એમ નથી. શ્રુતજ્ઞાની તો છદ્મસ્થ છે. આહા..હા..! અરે..! શું કરે છે? કાંઈ ખબર નથી. સમજાણું કાંઈ? ઘણી ચર્ચા થઈ છે ખાણિયામાં. પુસ્તક છે. બહુ થઈ... બહુ થઈ. અહીં તો એ સિદ્ધ કરે છે ભગવાન કુંદકુંદાચાર્ય, જુઓ, અમૃતચંદ્રાચાર્ય. જેમ સહવર્તી અને ક્રમવર્તી દ્રવ્યની ગુણ અને પર્યાય જેવી છે એવી આગમમાં કહી છે. એવો આગમનો ઉપયોગ ભાવશ્રુતજ્ઞાનમાં એવો જ અનેકાંતમય પ્રમાણભૂત ઉપયોગ થઈ જાય છે. સમજાણું કાંઈ? ઝીણું ભારે પણ ભાઈ આમાં. અનેકાંત પ્રમાણભૂત ને.

**'શ્રમણોને સ્વયમેવ જ્ઞેયભૂત થાય છે,...'** જુઓ, સાધુ! આહા..હા..! સમજાણું કાંઈ? છઠ્ઠી ભૂમિકા એ મુખ્યપણે વાત છે. એની નીચે શ્રાવક અને સમકિતી બેયને ગૌણ લઈ લેવા. ભાઈ! મુખ્યપણે સાધુની વાત છે, પણ ગૌણપણે સમકિતી અને પાંચમા ગુણસ્થાનવાળા પણ લઈ લેવા. સમજાણું કાંઈ? **'શ્રમણોને સ્વયમેવ જ્ઞેયભૂત થાય છે,...'** સાધુને પોતાની જ્ઞાનપર્યાયમાં, જેવું ભગવાને કહ્યું અને જેવું છે અને જેવું આગમમાં કથન કર્યું છે, એવી વાત ધર્મી જીવને સ્વયમેવ જણાય છે. જ્ઞેયભૂત થાય છે. સ્વયમેવ જ્ઞાનમાં એ જ્ઞેયભૂત થાય છે. જેમ કેવળીમાં જ્ઞેયભૂત થયું છે. જુઓ તો ખરા. એવા શ્રમણોને જ્ઞેયભૂત થાય છે સ્વયમેવ. એમ કહે છે. બીજી રીતે જ્ઞેયભૂત થાય છે એમ છે? આહા..હા..! અરે..! ભગવાન! પણ એને માનનારા ઘણા નીકળ્યા છે. આ વાત એવી ચીજ છે શું કહીએ? એની પર્યાયમાં... એ તો ખબર નથી બિચારાને, શું કરે? એમ ને એમ આંધળા, રળી ખાય માંડ-માંડ. એમાંથી કોક વખત મળે ત્યાં સાંભળવા જાય એમાં શું સમજાય ધૂળ? ધર્મની દરકાર પણ ક્યાં છે?

એય..! કોક કહે એ સાંભળે જી હા.. જી હા.. અરે..! ભાઈ! આ તો માર્ગ અલૌકિક છે. સર્વજ્ઞનો પંથ છે. સમજાય છે? 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી, અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.' સમજાણું કાંઈ?

**'શ્રમણોને સ્વયમેવ જ્ઞેયભૂત થાય છે,...'** ભાષા જુઓ, મુનિની અને સમ્યગ્દષ્ટિની જ્ઞાનની પર્યાયમાં એટલી તાકાત છે કે **'સ્વમેવ જ્ઞેયભૂત થાય છે,...'** આહા..હા..! સમજાણું કાંઈ? પોતાની જ્ઞાનપર્યાયથી જ્યારે ભગવાન આત્મા અનુભવમાં લીધો, દ્રવ્યસ્વભાવ અનુભવમાં લીધો તો દ્રવ્યસ્વભાવમાં તો કેવળજ્ઞાનની અનંતી પર્યાય જ્ઞાનગુણમાં પડી છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન ત્રણ કાળ, ત્રણ લોકને દેખે છે અને એમ કહ્યું, એ બધું પોતાની જ્ઞાનપર્યાયમાં પડ્યું છે. સમજાણું કાંઈ? એ પર્યાય એ કાળે બહાર નીકળે છે. એ વિશેષ ભેદની અપેક્ષાએ કથન છે. સમજાણું કાંઈ? જે સામાન્ય ધ્રુવ છે એ સામાન્યની અપેક્ષાએ પર્યાય પર્યાયથી સ્વતંત્ર પરિણમે છે. તો એવું જે કેવળજ્ઞાનમાં જાણ્યું છે અને થયું છે, એવું આગમમાં કહ્યું, એવી સહપ્રવૃત્તિ ગુણ, ક્રમપ્રવૃત્તિ, (પર્યાય) વસ્તુસ્વભાવ છે. એવું જ્ઞાનીને જ્ઞેયભૂત થાય છે. સ્વયમેવ જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? મૂળ વસ્તુ જ્ઞાનમાં આવે નહિ તો એની પ્રવૃત્તિ શ્રદ્ધાને અનુસાર ક્યાંથી કરશે? આહા..હા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન અને જ્ઞાનમાં એ વાસ્તવિક શું પદાર્થ છે એવું જ્ઞાનમાં આવ્યા વિના એને પ્રવૃત્તિ શેમાં કરવી? શેમાં રહેવું એ પ્રવૃત્તિ ચારિત્ર ક્યાંથી આવશે? આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે ભગવાન આત્મા દર્શન, જ્ઞાન-વિશુદ્ધ દર્શન, જ્ઞાન સ્વભાવ છે. ત્રિકાળની અપેક્ષાએ. દર્શન, જ્ઞાનસ્વભાવ છે ત્રિકાળ. વિશુદ્ધ દર્શન, જ્ઞાન પિંડ પ્રભુ છે. તો એ દર્શનમાં સામાન્ય અને જ્ઞાનમાં વિશેષ જાણવાની તાકાત તો પૂરી પડી છે અંદર તો. સમજાણું કાંઈ? એવા આત્માને અંતર જ્ઞાનથી જ્યાં દૃષ્ટિમાં લીધો, અનુભવમાં લીધો તો, કહે છે કે એ અંદરમાં જે શક્તિ હતી એવી પર્યાયમાં પ્રતીતરૂપ થઈ તો જ્ઞાનમાં પણ સર્વ જ્ઞેયભૂત થઈ જાય છે. આહા..હા..! કેવી શૈલી કરી, જુઓ! ગજબ. ચરણાનુયોગના કથનની પણ શૈલી કુંદકુંદાચાર્યની સર્વજ્ઞની અદ્ભૂત શૈલી છે. એવી શૈલી ક્યાંય બીજે છે નહિ. સમજાણું કાંઈ?

હવે લોકો કહે છે હવે શું કરીએ? હે બીજાના શાસ્ત્ર શાસ્ત્ર નથી? અરે..! ભગવાન! બાપુ! શાસ્ત્ર તો એના લક્ષણથી સિદ્ધ થાય છેને? વસ્તુ સહવર્તી, ક્રમવર્તી વર્તે છે. એવું જેમાં કથન હોય અને એવું જ ભગવાને જોયું છે એવું કથન એ આગમમાં બધી વાત પડી છે. તો એવા આગમનું જ્ઞાન નથી અને બીજા આગમનું જ્ઞાન હોય તો એમાં વાસ્તવિક તત્ત્વનો બોધ છે નહિ. ઝીણી વાત છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ ભગવાન ત્રિકાળ એક સમયમાં આમ ત્રણ કાળ, ત્રણ લોક એક સમયમાં જોવે. એ તો એવી અનંતી પર્યાય જ્ઞાનગુણમાં પડી છે. વિશુદ્ધદર્શન જ્ઞાનસ્વરૂપ જ ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? એવું વિશુદ્ધદર્શન જ્ઞાન પ્રકાશસ્વરૂપ આત્મા એની અંદર જ્ઞેયને પકડીને, સ્વજ્ઞેયને પકડીને જે અનુભૂતિ-જ્ઞાનનો

અનુભવ થયો, એ અનુભવ થયો તે એકલા જ્ઞાનનો અનુભવ નથી, જેટલા ગુણ અંદરમાં છે એ બધાની પર્યાય વ્યક્ત થઈ ગઈ. સમજાણું કાંઈ? સર્વ ગુણની પર્યાય વ્યક્ત થઈ ગઈ. ભલે થોડી એની સાથે કાંઈ સંબંધ નથી અત્યારે. થોડી, પણ છે સંપૂર્ણ (બધી) એમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે ધર્મીને '**સ્વયમેવ જ્ઞેયભૂત...**' નામ જેટલું જ્ઞેય સહવર્તી, ક્રમવર્તી જ્યાં જ્યાં ઉત્પન્ન થવાના છે એ ત્યાં ત્યાં નિમિત્ત કોણ છે એ બધાને ન્યાયથી અંદર જ્ઞેયભૂત થઈ જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**કારણ કે શ્રમણો વિચિત્ર ગુણપર્યાયવાળાં સર્વ દ્રવ્યોમાં વ્યાપક...**' છે. જુઓ, ઓલામાં શબ્દ વ્યાપક કર્યો હતો. ત્યાં વ્યાપકનો અર્થ કહેનાર અને આ વ્યાપકનો અર્થ જાણનાર. એટલો ફેર છે શબ્દમાં. દ્રવ્યશ્રુતમાં વ્યાપકનો અર્થ કહેનાર, ભાવશ્રુતમાં વ્યાપકનો અર્થ જાણનાર. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે ધર્મી જીવ '**વિચિત્ર ગુણપર્યાયવાળાં...**' વિચિત્ર આવ્યું હતુંને પહેલા? '**વિચિત્રગુણવાળાં સર્વ દ્રવ્યોમાં વ્યાપક...**' છે. એક જ્ઞાનીના જ્ઞાનમાં જેટલું દ્રવ્ય છે એના જ્ઞાનમાં જણાઈ ગયું છે. ભાવશ્રુતજ્ઞાન ઉપયોગમાં આવી ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કારણ કે શ્રમણો વિચિત્ર ગુણપર્યાયવાળાં સર્વ દ્રવ્યોમાં...**' એટલે જેટલા દ્રવ્ય ત્રિકાળી એ અનેકાંતાત્મક—અનેક આત્મક છે જુઓ નીચે ખુલાસો. '**શ્રુતજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે.**' આહા..હા..! જોયુંને? શ્રુતજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે ધર્મી. આહા..હા..! નીચે અર્થ છે. '**શ્રુતજ્ઞાનોપયોગ અનેકાન્તાત્મક છે.**' અનેક ધર્મસ્વરૂપ છે. કોણ? શ્રુતજ્ઞાન ઉપયોગ હોં! એ વાણી અનેકાંતમય છે, આ શ્રુતજ્ઞાનોપયોગ અનેકાંતમય છે. '**સર્વ દ્રવ્યોના જે અનેક ધર્મો તેમાં વ્યાપનારા (અર્થાત્ તેમને જાણનારા) અનેક ધર્મો ભાવશ્રુતજ્ઞાનમાં છે.**' ભાવશ્રુતજ્ઞાનમાં જેટલા દ્રવ્ય એના ગુણપર્યાય ન્યાયથી અંદરમાં સમ્યક્ થયું, સમસ્ત ચીજ કેવી છે એ એના જ્ઞાનમાં આવી જાય છે. શ્રુતજ્ઞાનમાં, કેવળજ્ઞાનમાં સમાનતા છે, પણ પરોક્ષ-પ્રત્યક્ષમાં ફેર છે. પણ એવું ભાવશ્રુતજ્ઞાન દ્વારા પરિણમ્યો, સર્વ દ્રવ્યની જે વિચિત્ર દ્રવ્ય-ગુણ-પર્યાય એનો ઉપયોગ થયો, એ સાધન થઈને સર્વજ્ઞ થઈ જશે. સમજાણું કાંઈ? માથે કહ્યું હતુંને ૨૩૪માં! કે '**(સર્વતઃ ચક્ષુપણાની) સિદ્ધિને માટે ભગવંત શ્રમણો આગમચક્ષુ હોય છે.**' ૨૩૪માં આવ્યું હતું. એ '**(સર્વતઃ ચક્ષુપણાની) સિદ્ધિને માટે ભગવંત શ્રમણો આગમચક્ષુ હોય છે.**' આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રુતજ્ઞાન ઉપયોગમાં જ્ઞાનીને કેવું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે એનો ખ્યાલ આવી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ શું કહ્યું સમજાણું? ભાઈ! હું સાધુ છું, મારા યોગ્ય જે પરિણતિ થઈ, મારા યોગ્ય જે દ્રવ્ય આહાર, પાણી મળવાની યોગ્યતા છે, એવું નિમિત્ત છે. .. છે એવું જ્ઞાન થાય છે. વગર વિચારે સાધુપણું લઈ લીધું એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? શું કહ્યું? જ્ઞાનમાં એમ થાય છે. એ કહ્યુંને? કે જ્ઞાની દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ

જોઈને પ્રતિજ્ઞા લે છે, પચ્ચખાણ કરે છે ભાઈ! મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છેને. કહે છે, ઓહો..હો..! એક પાણીના બિંદુમાં અસંખ્ય જીવ. એક બિંદુમાં અસંખ્ય. અને નિગોદ જીવ અનંત સાથે છે. ભલે ઉનું કર્યું હોય, તોપણ પાણીમાં તો એ મરી ગયાને એને માટે કરેલું. અનંત. એવું પાંચ શેર, દશ શેર પાણી.. મહાપાપ છે. સમજાણું કાંઈ? તો એના ખ્યાલમાં છે કે એટલું પાણી અહીં મળશે કે નહિ મળે? એવું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જ્ઞાનના ઉપયોગમાં આવી ગયું છે. સમજાણું કાંઈ? અત્યારે તો એક લોટો નિર્દોષ પાણી મળવું ક્યાંથી લાવશે? એને માટે બનાવે તો લઈ જાય. એવી વાત છે. તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું તો એને જ્ઞાન નથી. દ્રવ્યશ્રુત જ્ઞેય થયું જ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

નિર્દોષ આહાર લે. આહાર પણ ક્યાંથી મળશે? કેમકે આહારમાં પણ હળદર, મસાલા, ધાણાજીરૂ શું કહેવાય? મરચું એ બધી મુદ્દત બાંધેલી ચીજ છે, એ સિવાય ખપે નહિ, એવી ચીજ ક્યાંથી મળે? સમજાણું કાંઈ? અમરચંદભાઈ! પણ જ્ઞેયભૂત યથાર્થ શું છે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ જ્ઞાનીના જ્ઞાનમાં આવી જાય છે. સમજાણું કાંઈ? અનાજની મુદ્દત છે કે નહિ? શું કહેવાય? લોટની. મુદ્દતસર લોટ. એ તો એને માટે બનાવે તો મુદ્દત હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલું પણ નહિ થાય. મસાલા-બસાલા દાળ-શાકમાં નાખવાના ક્યાંથી થાય? એ બનાવે તો તો તમારા માટે બનાવ્યું હોય. એ નથી ખાતા અને તમારા માટે બનાવ્યું. ભાઈ! એવું રાખો ગામમાં સાધુ આવે તો આપણે ખાવું. એ તો એની એ દશા થઈ. ન્યાય તો એમ છેને. મુશ્કેલ છે. વાત તો એના જ્ઞાનમાં આવવી જોઈએને. લોટની મર્યાદા, હળદરની મર્યાદા, મરચાની મર્યાદા. શું કહેવાય બીજું? ધાણાજીરૂ, કોકમ-બોકમ. જડની મર્યાદા છે. .. ક્યારે ઉનું કર્યું. એ વાત બહુ .. અત્યારે એટલા પુણ્ય પણ નથી અને એટલી ઉપાદાન શક્તિ નથી તો એવું નિમિત્ત પણ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉપાદાન શક્તિ નથી એટલે...

ઉત્તર :- અમરચંદભાઈ! એ અહીં કહે છે કે શ્રુતજ્ઞાન ઉપયોગમાં જ્ઞાનીને આખો ન્યાય આવી જાય છે. સમજાણું કાંઈ? એમ ઓઘે-ઓઘે કરે એ ધર્મ છે જ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં સુધરે? પહેલી પ્રતિજ્ઞા લઈને તોડે છે એ ક્યાં સુધરે? પહેલા જ ભંગ કર્યો. મહાપાપ છે. પ્રતિજ્ઞા લઈને ભંગ કરે તો મહાપાપ તો પહેલાથી લઈ લીધું. હવે ક્યાં રહ્યું? આ તો ન્યાયથી સમજવું. આ તો સમજવાની વાત છે.

મુમુક્ષુ :- ..થઈ જાય.

ઉત્તર :- થઈ જાય. થઈ રહ્યું. ખુલાસો થઈ ગયો. પણ અહીં તો માર્ગ કેવો છે. અહીં તો કહે છે કે આગમમાં એમ કહ્યું છેને ભાઈ! આગમમાં એવી જે વાત કરી છે કે એવા

નિર્દોષ પાણી, આહાર વગેરે. તો એવું આગમમાં કહ્યું છે એવું ભાવશ્રુતજ્ઞાનમાં એવું જણાય છે. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એય..! વજુભાઈ! આગમમાં તો અમુક વાત કરી છે એમ? સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયની જેવી યોગ્યતા, જેવું નિમિત્ત, જેવો વિકલ્પ છે એ બધાની વાત કરી છે, ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- વિગતવાર છે.

ઉત્તર :- વિગતવાર છે બધાની વાત. અને એ વિગતવાર કહેવાની તાકાત આગમની છે અને એ આગમનું સર્વજ્ઞનું હોય તો આ વિધિ-રીતનું કથન છે એમાં. બીજામાં એ વિધિનું કથન નથી. એય..! જેઠાભાઈ! તમારામાં છે કાંઈ ત્યાં? તમારામાં એટલે પૂર્વની અપેક્ષાએ. ઉના પાણી પીતા હતા બહુ એ. ઉના પાણી પીતા હતા. આહા..હા..! એ તો બનાવે. આ તો એક વાત છે, ભાઈ! એક પાણીનું બિંદુ (એમાં) અસંખ્ય જીવ. અમે તો પહેલા સંપ્રદાયમાં હતાને તો એક પાણી લાવી શકતા નહિ. સંપ્રદાયમાં. એવી ક્રિયા અમારી કડક હતી. બહુ કડક ક્રિયા હતી. અમને આહાર-પાણી દેવા હોય તો લોકોને ત્રાસ થઈ જાય. લાખોપતિ, પાંચ-પાંચ લાખ, દશ-દશ લાખના આસામી. અમે આહાર લેવા જઈએ ને એક પાણીનું બિંદુ જરી પડ્યું હોય અને એનો પગ જરી અડી જાય. અડી જાય સમજ્યાને? અડે તો આહાર-પાણી નિર્દોષ પડ્યું હોય, પણ જો એક લોટો કાચા પાણીનો પડ્યો હોય લોટો અમથો ખાલી. સ્ત્રી નીકળે ને એનો છેડો અડી જાય તો આખું ઘર બંધ કરી દઈએ. આહાર નહોતા લેતા. એટલું તો ઘણું ૧૫ વર્ષ કર્યું હતું. એ વખતે તો એવું માનતા હતાને. સમજાણું કાંઈ? અહીં જ્યાં દેખીએ ત્યાં તો કાંઈ ઠેકાણા ન મળે. અરેરે..! સમજાણું કાંઈ? અહીં તો કહે છે. એય..! બ્રહ્મચારીજી! સાંભળે છે.

મુમુક્ષુ :- સાંભળવા માટે તો આવ્યા છે.

ઉત્તર :- ના, એ તો એ જ કહેતા હતા કાલે. પંચમ ગુણસ્થાન યોગ્ય પ્રવૃત્તિ ક્યાં છે અત્યારે? અરેરે..! ભાઈ! આ તો માર્ગ વીતરાગનો છે. કોઈ પક્ષનો માર્ગ નથી. આગમમાં ભગવાને જેવું જોયું સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, પર્યાયની મર્યાદા, રાગની મર્યાદા, નિમિત્તની મર્યાદા. બધું ભગવાને જોયું એવું કહ્યું આગમમાં. સર્વ વ્યાપક છે. વ્યાપક કહેતા બધી વાત આગમમાં આવી ગઈ છે. કોઈ વાત આગમમાં બાકી રહી નથી.

અહીં તો કહે છે કે શુદ્ધ **'શ્રમણો વિચિત્ર ગુણપર્યાયોવાળાં સર્વ દ્રવ્યોમાં વ્યાપક (-સર્વ દ્રવ્યોને જાણનાર) અનેકાન્તાત્મક શ્રુતજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે.'** સમજાણું કાંઈ? હજી તો જ્ઞાનશ્રુત કોને કહેવું, આગમમાં શું છે એની ખબર નથી. બ્રહ્મચારીજી! એવું છે, ભાઈ! માર્ગ તો ભગવાન એવો છે કોઈ. ઓહો..હો..! અલૌકિક માર્ગ. પરમેશ્વર અને પરમેશ્વરના આગમ અને આગમમાં કહેલ વિધિ.

મુમુક્ષુ :- બધું પરમેશ્વરનું?

ઉત્તર :- એ પરમેશ્વર છે. ઓહો..! સમજાણું કાંઈ?

અહીંયાં આચાર્ય આ કહે છે, પછી કોઈ એવું અમુક જાતનું જોઈને કહે કે શિવભૂતિને અમુક નહોતું. પણ ભાવજ્ઞાનમાં બધું આવી ગયું. ભાવશ્રુતજ્ઞાનમાં બધું આવી ગયું છે એને. એ તો કથનની પદ્ધતિની શૈલી એવી. શબ્દની ભાષામા.. દ્રવ્ય શ્રુતના શબ્દો નહોતા. ભાવમાં તો આખું દ્રવ્ય... શ્રમણ એને કહીએ જેવી વિધિ, જેવી રીત સમસ્ત પ્રકાર ગુણ પર્યાય પૂર્ણ પરિણતિ, એ ભૂમિકામાં જેટલી એ ભૂમિકામાં જેટલા પ્રકારનો મંદ રાગ, એ પ્રકારમાં નિમિત્તના સંયોગો કેવા છે? એ બધું ભાવશ્રુતજ્ઞાનમાં પરિણમી ગયું છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું કહે છે જુઓ, આ તો કાંઈ ચરણાનુયોગમાં વાત કરતા નથી. આ તો તત્ત્વની વાત છે. આહા..હા..! બરાબર છે. એવી વાત છે.

**'શ્રમણો વિચિત્રગુણવાળાં સર્વ દ્રવ્યોમાં વ્યાપક...'** તો દ્રવ્યની ગુણ-પર્યાય, નિર્મળતા, સાધુપદની નિર્મળતા, શ્રાવક પર્યાયની નિર્મળતા, સમ્યગ્દૃષ્ટિની નિર્મળતા. સમજાણું કાંઈ? આ ભાઈ આવે છેને ઓલું પ્રવચનસારમાં આગળ? ભાઈએ ખુલાસો કર્યો હતોને પંડિતજીએ? એમ કે શ્રાવક છે એ શુદ્ધ તત્ત્વપ્રવૃત્તિના અનુભવનો અવકાશ નથી. પાછળ આવે છેને. એ ચારિત્રની અપેક્ષાની જે નિર્મળતા છે એ તો શ્રાવકને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? તો ત્યાં એમ લઈ લે કે શ્રાવકને શુદ્ધાત્માનુભૂતિ થતી જ નથી. સમજાણું? પણ એ તો શ્રાવક અને મુનિ બેની વાત કરે છે. શું કરે? અરે..! ભગવાન! બાપુ! શ્રાવક કોને કહીએ? આહા..હા..! પંચમ ગુણસ્થાનની દશા. ઓહો..હો..! એ નિર્મળ વીતરાગી પરિણતિ અને એની ભૂમિકામાં હદવાળો મર્યાદિત શુભરાગ... એને ત્યાં તો કહ્યું છે કે શુભરાગ ધર્મીનો, શ્રાવકનો પરંપરા મોક્ષનું કારણ છે એમ કહી દીધું છે. પરંપરા. કેમકે પહેલા શુભ છે તો અશુભ ટળ્યું છે, સ્વભાવનો આશ્રય છે, તીવ્ર આશ્રય છે તો શુભ થયું, મંદ આશ્રય છે તો અશુભ થયું. તો શુભમાંથી એટલું લીધું છેને ભાઈ! એય..! શુભમાં પણ અશુદ્ધ ટાળવાની મંદશક્તિ છે. છે કે નહિ? આમાં કેટલામાં છે એ? કેટલામો શ્લોક છે? મેં ઓલામાં લખ્યું છે હોં. આ હિન્દી છે હોં. ઠીક. આમાં હશે આ. આ તો ગુજરાતીમાં હોયને. હિન્દી તો આ હમણા વંચાય છેને. હિન્દી કોણ વાંચે? ગુજરાતી જ વંચાણું હતું.

શું કહેવું હતું? છે. છે. જુઓ. એ ૨૫૪ના ભાવાર્થમાં છે. **'સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને અશુભથી (-વિશેષ અશુદ્ધ પરિણતિથી) છૂટવા માટે વર્તતો જે આ શુભોપયોગનો પુરુષાર્થ તે પણ શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે,...'** એમાં છે. હિન્દી હશે. ૨૫૪ છેને? આમાં પણ હશે લ્યો. પણ મેં તો ગુજરાતી વાંચ્યું હોયને તો ખ્યાલ રહી જાય આ. હિન્દીનો બહુ ખ્યાલ નથી. ભાવાર્થમાં છે. જુઓ, **'સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને મુનિયોગ્ય શુદ્ધાત્મપરિણતિને નહિ પહોંચાતું હોવાથી અશુભવંચનાર્થે શુભોપયોગ મુખ્ય છે. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને અશુભથી (-વિશેષ અશુદ્ધ પરિણતિથી) છૂટવા માટે વર્તતો જે આ શુભોપયોગનો**

**પુરુષાર્થ તે પણ શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે,...**' આવે છેને એ તો પ્રતિક્રમણમાં નથી આવતું? '**કારણ કે શુદ્ધાત્મદ્રવ્યના મંદ આલંબનથી અશુભ પરિણતિ પલટાઈને શુભ પરિણતિ થાય છે...**' સમ્યગ્દર્શનમાં શુદ્ધ દૃષ્ટિ અને પરિણતિ તો છે જ, પણ નિર્મળ પરિણતિ વિશેષમાં સ્વનો આશ્રય થાય તો શુભ હોય તો અશુદ્ધ ટળે છે એટલું. સમજાણું કાંઈ? ૨૫૪. ૨-૫-૪. એના ભાવાર્થમાં છે. ૨૫૪ના ભાવાર્થમાં. ચરણાનુયોગમાં વાત બહુ સ્પષ્ટ કરી દીધી છે.

'**સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને...**' ચોથી લીટી છે. '**અશુભથી (-વિશેષ અશુદ્ધ પરિણતિથી) છૂટવા માટે વર્તતો જે આ શુભોપયોગનો પુરુષાર્થ તે પણ શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે, કારણ કે શુદ્ધાત્મદ્રવ્યના મંદ આલંબનથી અશુભ પરિણતિ પલટાઈને શુભ પરિણતિ થાય છે અને શુદ્ધાત્મદ્રવ્યના ઉગ્ર આલંબનથી શુભ પરિણતિ પણ પલટાઈને શુદ્ધ પરિણતિ થાય છે.**' એ તો આવે છે મોક્ષ અધિકારમાં. દ્રવ્ય.. મંદ. ઓલામાં ... બરાબર છે. છેલ્લી ગાથામાં છે. બરાબર છે. અપેક્ષાથી સમજવું ભારે કઠણ જગતને. એ બધા આગમમાં સ્પષ્ટ છે એમ કહે છે. આહા..હા..!

અહીં કહે છે '**સર્વ દ્રવ્યોમાં વ્યાપક (-સર્વ દ્રવ્યોને જાણનાર) અનેકાન્તાત્મક શ્રુતજ્ઞાનોપયોગરૂપ થઈને...**' '**શ્રમણો સ્વયમેવ જ્ઞેયભૂત થાય છે,...**' એ પ્રમાણે પરિણમિત થાય છે. આહા..હા..! ભાવશ્રુત જ્ઞાનમાં જેવું કેવળજ્ઞાનના ઉપયોગમાં સમસ્ત ચીજ સહવૃત્તિ, ક્રમવૃત્તિ, ક્રમબદ્ધ આદિનો ખ્યાલ જ્ઞાનમાં આવી ગયો, એમ શ્રુતજ્ઞાનમાં પણ એવો જ ખ્યાલ આવે છે એમ કહે છે ભાઈ! શ્રુતજ્ઞાની છદ્મસ્થ છે તો એ ક્રમબદ્ધ નથી. એ જ્યારે નિમિત્ત આવે ત્યારે થશે એમ માને-એમ છે? ખોટું. અરે..! ભગવાન! આ તત્ત્વની વસ્તુનો એટલો બધો ફેરફાર.

મુમુક્ષુ :- શ્રદ્ધા તો એવી રાખવી, પણ જ્ઞાન આવું છે.

ઉત્તર :- શ્રદ્ધા રાખું કેવળજ્ઞાની પ્રમાણે, પણ જ્ઞાન બીજું રાખવું કે અમે કરીએ તો થાય, નહિતર નહિ થાય. નિમિત્ત મેળવવું. અરે..! ભગવાન! શું કહે છે તું? આગમથી વિપરીત. ઓહો..હો..! પંડિત લોકો એવું નામ ધરાવીને એવા ગોટા વાળે. બિચારા સાધારણ પ્રાણીને તો ખબર ન મળે. અહીંયાં કહે છે કે અનેકાંતસ્વરૂપ જે વસ્તુનું સ્વરૂપ, એમ શ્રુતજ્ઞાનોપયોગ પણ અનેકાંતરૂપ થઈને પરિણમે છે. જુઓ, જેવું દ્રવ્યશ્રુતમાં અનેકાંતરૂપ કહેવાની શક્તિ છે એવું ભાવશ્રુતમાં એવું અનેકાંતમય પરિણમન થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આથી (એમ કહ્યું કે) આગમચક્ષુઓને...**' જુઓ, હવે સરવાળો લે છે. જેને આગમચક્ષુ ખીલી છે એને '**કાંઈ પણ અદૃશ્ય નથી.**' કોઈ જોવામાં ન આવે એવી ચીજ છે નહિ. ન્યાય-લોજિકથી ખ્યાલમાં આવી ગયું.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનથી તો ખબર ન પડે.

ઉત્તર :- ખબર ન પડે તો અહીં શું કહે છે? સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શનમાં ખબર પડે છે કે અમને સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું. નિશ્ચય છે એની ખબર નથી, વ્યવહારની ખબર પડે. આંધળો છો? આગમે એમ કહ્યું છે. શ્રુતજ્ઞાનમાં અનેકાંતપણું સ્વરૂપનું પરિણમન થઈ જાય છે એની ખબર પડી જાય. આહા..હા..! બહુ વાત! એમાં એ દોષ છેને અજ્ઞાનના ત્રણ? અધ્યવસાય, વિભ્રમ, વિમોહ. એ ત્રણ દોષરહિત શ્રુતજ્ઞાન પરિણમે છે. એ ત્રણ દોષ રહે તો તો અજ્ઞાન થયું. આહા..હા..! અનિર્ણય, વિપરિત નિર્ણય અથવા કાંઈક હશે... કાંઈક હશે,... ખ્યાલમાં નથી આવતું. એવા ત્રણ અજ્ઞાનના દોષ ગણવામાં આવ્યા છે. ભારે વાત ભાઈ! આકરું કામ છે. દુનિયાથી સાથે રહેવું ને દુનિયાથી અતડા રહે એવી વાત છે. અતડા સમજ્યા? ભિન્ન-ભિન્ન. દુનિયા સાથે મેળ ખાય એવી ચીજ નથી. ઓહો..હો..!

'**આગમચક્ષુઓને (-આગમરૂપ ચક્ષુવાળાઓને) કાંઈ પણ અદશ્ય નથી.**' જુઓ, કાંઈપણ ખ્યાલમાં ન આવે એવી ચીજ છે નહિ. કોઈ ધારણાની ચીજની વાત અહીં નથી.

મુમુક્ષુ :- નિયમસાર તો મુનિ...

ઉત્તર :- આહા..હા..! પણ આગમચક્ષુ મુનિ છે તો પદ્મપ્રભમલધારિ મુનિ છે. એમણે ટીકા કરી છે. તો કહે નહિ આચાર્યની ટીકા માન્ય છે. મુનિની નહિ. પોતાની કલ્પનાથી ટીકાને ઉડાવી દે છે નિયમસારની. કારણ કે એની શ્રદ્ધા પ્રમાણે નિયમસારમાં લખાણ નથી. વિરુદ્ધ છે. કારણ કે નિયમસારમાં તો નિરપેક્ષ સમ્યગ્દર્શન-જ્ઞાન રાગ વ્યવહારની અપેક્ષા વિના થાય છે. એમ કહે છે. એ એને રુચે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નિયમસાર નહિ. ટીકા એણે બનાવી. નિયમસાર તો ... છે.

મુમુક્ષુ :- મૂળની ના નથી.

ઉત્તર :- મૂળ નિયમસારના શ્લોક છે એ તો કુંદકુંદાચાર્યના માન્ય છે. પણ એની ટીકા માન્ય નથી. પદ્મપ્રભમલધારિ મુનિ છે એનો વિરોધ છે. એ ખબર છે એને. ... ભાષા છે આવળી. આવળીની વાત આવે છેને ખબર છે, બધી ખબર છે. એનું બધું ખોટું એ લોકોનું. આ તો મુનિ છે. મુનિ આગમચક્ષુ. મુનિ પોતે કહે છે કે મારી વાણીમાં પરમાગમ ઝરે છે. પદ્મપ્રભમલધારિ દેવ કહે છે કે પરમાગમ ઝરે છે. સાંભળતો ખરો. મુનિ છેને. તો પરમાગમ ઝરે છે. સર્વઆગમચક્ષુ છે. ચાહે તો સાધારણ સાધુ હોય કે આચાર્ય હોય એમાં શું થયું? વસ્તુમાં કાંઈ ફેર છે? આહા..હા..! ભારે ગડબડ ભાઈ ભગવાન! એ આગમ શું ચીજ છે અને એમાં આત્માની ચીજ શું છે? એની ખબર નથી તો આ બધી ગડબડ થઈ જાય છે. પછી કરો ચર્ચા. ભાઈ! કોની સાથે ચર્ચા કરે ભાઈ? આહા..હા..!

'**આથી (એમ કહ્યું કે) આગમચક્ષુઓને...**' આગમચક્ષુઓને. '**(-આગમરૂપ ચક્ષુવાળાઓને) કાંઈ પણ અદશ્ય નથી.**' મુનિ હોય, અરે..! સમકિતી હોય તોપણ એમાં

ફેરફાર છે નહિ. એમ કહે છે, ભાઈ!

હવે કહે છે **'હવે, આગમજ્ઞાન...'** ૨૩૬. **'તત્પૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન...'** જુઓ, આગમજ્ઞાન અને તત્પૂર્વક. આગમજ્ઞાનપૂર્વક તત્ત્વશ્રદ્ધાન **'અને તદુભયપૂર્વક સંયતત્વના...'** સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શનપૂર્વક, **'તદુભયપૂર્વક સંયતત્વના યુગપદપણાને મોક્ષમાર્ગપણું હોવાનો નિયમ** કરે છે...' ત્રણે મળીને મોક્ષમાર્ગ એક છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સંયતપણું ત્રણે થઈને એક મોક્ષમાર્ગ છે. ત્રણ થઈને ત્રણ મોક્ષમાર્ગ છે નહિ. સમજાણું કાંઈ? ઓહો..હો..! **'(અર્થાત્ એવો નિયમ સિદ્ધ કરે છે કે (૧) આગમજ્ઞાન, (૨) તે-પૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન અને (૩) તે બન્ને-પૂર્વક સંયતપણું—એ ત્રણેનું સાથે હોવું તે જ મોક્ષમાર્ગ છે.'** ત્રણેનો એક સાથે (હોવું) મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? **'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः'** ... ત્રણે મળીને એક મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? કહેશે કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થશે, પણ જ્યાં સંયમ તત્ત્વ નથી, ચારિત્ર નથી ત્યાં મોક્ષમાર્ગ છે નહિ. ત્યાં સુધી કહેશે. એ બે શું કરે એમ કહેશે. સમ્યગ્દર્શન હોય, અનુભવ હોય, પણ ચારિત્ર વિના એ બે શું કરી શકે? એમ કહેશે. આહા..હા..!

**મુમુક્ષુ** :- ...

ઉત્તર :- એ તો અલ્પ છે. સમ્યગ્દર્શન-જ્ઞાનમાં તો અલ્પ નિર્જરા અને અલ્પ મોક્ષ છે. ઉપચારથી મોક્ષમાર્ગ છે. ખરેખર તો ત્રણ મળીને મોક્ષમાર્ગ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

એ પ્રશ્ન હતોને કોઈનો હતો. કે સમ્યગ્દર્શન-જ્ઞાનને ઉપચાર મોક્ષમાર્ગ કહે છે. તો સમ્યગ્દર્શન-જ્ઞાન ઉપચાર છે? તો એ સમ્યગ્દર્શન-જ્ઞાન ઉપચાર છે? નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન તો યથાર્થ નિશ્ચય છે. પણ એને ઉપચાર કેમ કહ્યું? કે સંયત ચારિત્ર સાથે નહિ માટે બેને ઉપચાર કહ્યા. પણ બેને ઉપચાર કહેવાથી એ વ્યવહાર છે એમ નથી. આહા..હા..! અરે..! ભગવાન! આ પ્રશ્ન આવ્યો હતો બહાર તે દિ' નહિ? હમણા જ પ્રશ્ન હતો કોઈનો. આ શું છે? ભાઈ! એ સમ્યગ્દર્શન પ્રતીતિ, આગમજ્ઞાન અનુભવપૂર્વક—એ બેને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે. એનો અર્થ એમ નહિ કે એ તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન જ્ઞાન ઉપચાર છે એમ નથી. એ તો ચારિત્ર પૂર્ણ વીતરાગતા નથી એટલે એક ભાગ બાકી છે, માટે બે નિશ્ચય છે (છતાં) પણ એને ઉપચાર કહેવામાં આવ્યો છે. આહા..હા..! માળા ક્યાંનું ક્યાં લગાવી દે છે? અરે..! ભગવાન! બાપુ! આ તો પરમેશ્વરના પંથના. સમજાય છે? પરમેશ્વરે કહ્યો એ પંથના મુનિપણા છે. એ મુનિપણું કેટલું? એની જવાબદારી છે એમાં. એક ન્યાય ફરી જાય તો આખું તત્ત્વ ફરી જાય. સમજાણું કાંઈ? ઉપચાર છે સમ્યગ્દર્શન. અને પછી મોક્ષમાર્ગ પણ કહ્યો છે. સમ્યગ્દર્શન ચોથેથી મોક્ષમાર્ગ કહ્યો, કળશટીકામાં તો. કળશટીકામાં તો ઘણું કહી દીધુ છે. ચોથેથી ત્રણે છે. સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, સ્વરૂપાચરણ અનંતાનુબંધીનો અભાવ પણ છે. એ લઈ લીધું છે જુઓ. અહીં તો સમ્યક્રૂપ જે વ્રતાદિની સ્થિરતા, રમણતા જે નિશ્ચય વ્રત હોં

નિશ્ચય વ્રત, એ નિશ્ચય વ્રતની સ્થિરતા નથી તો એ અપેક્ષાએ સમ્યગ્દર્શન-જ્ઞાન સાચો અનુભવ છે તોપણ ઉપચાર મોક્ષમાર્ગ એકની ખોટ છે માટે (કહ્યું). એક અધૂરું રહ્યુંને એ માટે. પણ વસ્તુ તો નિશ્ચય છે અનઉપચારિક વસ્તુ છે. ભારે વાંધા. સમજાણું કાંઈ?

'**એવો નિયમ કરે છે (અર્થાત્ (૧) આગમજ્ઞાન, (૨) તે-પૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન અને (૩) તે બન્ને-પૂર્વક સંયતપણું—એ ત્રણેનું સાથે હોવું તે જ મોક્ષમાર્ગ છે.**'

**आगमपुव्वा दिट्ठी ण भवदि जस्सेहि संजमो तस्स।**
**णत्थीदि भणदि सुत्तं असंजदो होदि किध समणो।।२३६।।**

અસંયતી સાધુ કેમ હોય? ઓહો..હો..! ૨૩૬.

**દૃષ્ટિ ન આગમપૂર્વિકા તે જીવને સંયમ નહીં,**
**—એ સૂત્ર કેરું છે વચન; મુનિ કેમ હોય અસંયમી? ૨૩૬.**

આહા..હા..! ટીકા છેને? '**આ લોકમાં ખરેખર, સ્યાત્કાર જેનું ચિહ્ન છે...**' જુઓ, ત્યાં અનેકાંત લીધું. અનેકાંત શબ્દમાં સ્યાત્કાર લઈ લીધું. સ્યાત્કાર ચિહ્નવાળા '**એવા આગમપૂર્વક...**' આગમની વ્યાખ્યા. ત્યાં અનેકાન્તાત્મક શ્રુતજ્ઞાનની વ્યાખ્યા કરી હતી. અહીંયાં સ્યાત્કાર ચિહ્ન. અપેક્ષાથી કહેવું. દ્રવ્ય નિત્ય છે તે દ્રવ્યની અપેક્ષાએ, અનિત્ય છે તે પર્યાયની અપેક્ષાએ, અશુદ્ધ છે તો પર્યાયમાં, શુદ્ધ છે તો દ્રવ્ય-ગુણમાં—એમ જ્યાં જેવી જેની સ્થિતિ હોય એવું સ્યાત્ લગાવવાથી હોં. એમાં ન હોય એમાં સ્યાત્ લગાવે એમ છે નહિ. '**સ્યાત્કાર જેનું ચિહ્ન છે એવા આગમપૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણવાળી દૃષ્ટિથી જે શૂન્ય છે...**' જુઓ, અંતર સમ્યગ્જ્ઞાન આગમ અને આગમપૂર્વક જે તત્ત્વાર્થ સમ્યગ્દર્શન... નીચે છે. '**તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણવાળી = તત્ત્વાર્થનું શ્રદ્ધાન જેનું લક્ષણ છે એવી. (સમ્યગ્દર્શનનું લક્ષણ તત્ત્વાર્થશ્રદ્ધાન છે. તે આગમપૂર્વક હોય છે.**' જુઓ, ભગવાને કહ્યું એવું આગમપૂર્વક જ્ઞાન હોય છે. '**આગમનું ચિહ્ન સ્યાત્કાર છે.)**' એવી દૃષ્ટિથી શૂન્ય છે, સમ્યગ્દર્શન નથી. '**તે બધાયને સંયમ જ પ્રથમ તો સિદ્ધ થતો નથી,...**' ચારિત્ર સાબિત થતું નથી. ત્યાં દૃષ્ટિ જ જ્યાં નથી, સમ્યગ્દર્શન નથી, આગમપૂર્વક સમ્યગ્દર્શન નથી. સમજાણું કાંઈ? તો '**તે બધાયને સંયમ જ પ્રથમ તો...**' એમ લીધું જુઓ, પ્રથમ તો. બધાયને. કોઈપણ હોય. સંયમ જ સિદ્ધ થતો નથી. સંયમ ક્યાંથી હોય? સમ્યગ્જ્ઞાન અને દર્શન પણ નથી તો સંયમ ક્યાંથી આવ્યો?

તો વળી કહે છેને ઓલા જુઓ લ્યો! તમારે સમ્યગ્દર્શન છે. એય..! હમણા એક પ્રશ્ન થયો હતો જેઠાભાઈ! ત્યાં જામનગરની સભામાં. કોઈ પ્રશ્ન કર્યો કે રામવિજયની સભામાં સમકિત છે? આ ચારિત્ર છે એ સમકિત દર્શન વિના થાય છે? આ ચારિત્ર છેને અમારી પાસે? એ સમ્યગ્દર્શનસહિત છે. અરે..! ભગવાન! અહીં કેટલાકે વ્રતાદિ લઈ લીધા. પહેલા ચારિત્ર છે તો સમ્યગ્દર્શન છે જ. આહા..હા..!

મુમુક્ષુ :- બીજો ..

ઉત્તર :- છે જ. એ છેને.

અહીં કહે છે કે એમ છે નહિ. ભગવાને કહ્યા શાસ્ત્રો સંયમ, આગમ અને એ આગમનું એવું જ્ઞાન, એ જ્ઞાનપૂર્વક જેને તત્ત્વાર્થ સમ્યગ્દર્શન ન હોય એને કોઈ રીતે ચારિત્ર સંયમ સાબિત થતું નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૩, ગુરુવાર, તા. ૧૭.૦૭.૧૯૬૯**
**ગાથા-૨૩૬, પ્રવચન-૨૧૧**

આ પ્રવચનસાર, ચરણાનુયોગસૂચક ચૂલિકા. ૨૩૬. '**ટીકા :- આ લોકમાં...**' જગતની અંદર. જગતનું અસ્તિત્વ સિદ્ધ કર્યું. આખું લોક જગત. '**ખરેખર, સ્યાત્કાર જેનું ચિહ્ન છે...**' જેટલું અપેક્ષિત કથન છે, અનેકાંત કથન છે એવા લક્ષણવાળું '**આગમપૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણવાળી દૃષ્ટિથી...**' જેને સમ્યગ્દર્શન નથી. સમજાણું કાંઈ? અનેકાંત લક્ષણવાળું જે આગમ, એ આગમજ્ઞાનપૂર્વક અંતર્મુખ નિર્વિકલ્પ અનુભવની સમ્યક્દૃષ્ટિ છે નહિ '**જે શૂન્ય છે તે બધાયને સંયમ જ પ્રથમ તો સિદ્ધ થતો નથી,...**' તો એને ચારિત્ર અથવા સંયમ ચારિત્રનું નથી. સમજાણું કાંઈ? અનેકાંતલક્ષણવાળું જે આગમ સ્યાત્કાર ચિહ્ન કહ્યુંને? પહેલા અનેકાંત કહ્યું હતું. કોઈ અપેક્ષાએ કહેવું. દ્રવ્ય છે એ નિત્ય છે, પર્યાય અનિત્ય છે. સમસ્ત પદાર્થને નિત્ય-અનિત્ય કહે તો કોઈ અપેક્ષાએ નિત્ય અને કોઈ અપેક્ષાએ અનિત્ય. તો એનો ખુલાસો કરો તો દ્રવ્ય અપેક્ષાએ નિત્ય અને પર્યાય અપેક્ષાએ અનિત્ય. એમ બધી અશુદ્ધતા છે તો કથંચિત્ અશુદ્ધતા પોતાની પર્યાયથી છે અને દ્રવ્ય શુદ્ધ છે. દ્રવ્ય-ગુણ શુદ્ધ છે અને પર્યાય અશુદ્ધ છે. એવું સ્યાદ્વાદ, અનેકાંત ચિહ્નવાળું જે આગમ એ આગમજ્ઞાનપૂર્વક જેને અંતરમાં સમ્યગ્દર્શન નથી, તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યક્ અનુભવ નથી.

'**તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણવાળી...**' નીચે ખુલાસો કર્યો છે. '**તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણવાળી= તત્ત્વાર્થનું શ્રદ્ધાન જેનું લક્ષણ છે એવી. (સમ્યગ્દર્શનનું લક્ષણ તત્ત્વાર્થશ્રદ્ધાન છે.**' જુઓ, ટોડરમલજીએ આમાંથી લીધું છેને આ બધું? તત્ત્વાર્થશ્રદ્ધાન લીધું છે. '**તે આગમપૂર્વક હોય છે. આગમનું ચિહ્ન સ્યાત્કાર છે.)**' સ્વદ્રવ્ય સ્વદ્રવ્યપણે છે, પરદ્રવ્યપણે નથી. પોતાનો ગુણ ગુણપણે છે, પર્યાયપણે નથી. પર્યાય પર્યાયપણે છે, દ્રવ્ય-ગુણપણે નથી. એવું

અસ્તિ-નાસ્તિનું ચિહ્ન આગમનું છે એમ કહે છે. સમજાણું કાંઈ? અસ્તિનો અર્થ શું થયો? જુઓ, હું શુદ્ધ છું અને અશુદ્ધ પર્યાય મારામાં નથી. સમજાણું કાંઈ? પૃથક-અન્ય તો નહિ, પણ વસ્તુ જે ત્રિકાળ આનંદ શુદ્ધ ચૈતન્ય પ્રભુ એ હું છું અને વિકલ્પ શુભ-અશુભ—અશુદ્ધ. શુભ હોય કે અશુભ હોય, ઉપયોગ શુભ હોય કે અશુભ હોય બેય અશુદ્ધ. એ વસ્તુમાં નથી.

એવું સ્યાત્ ચિહ્નવાળા આગમપૂર્વક અંતર દૃષ્ટિમાં અનુભવ નથી, સમ્યગ્દર્શન નથી. '**તે બધાયને...**' બધાયને. ચાહે તો શ્રાવક નામ ધરાવ્યું હોય, ચાહે તો મુનિ નામ ધરાવ્યું હોય. '**બધાયને સંયમ જ પ્રથમ તો સિદ્ધ થતો નથી,...**' એને સંયમ સાબિત થતું નથી. સમજાણું કાંઈ? કેમ? કારણ શું છે? '**કે (૧) સ્વપરના વિભાગના અભાવને લીધે...**' અજીવ પર છે અને પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જે શુભ છે એ પણ પર છે. સ્વ તો એકલો જ્ઞાનાનંદ સ્વભાવ છે. એવા સ્વ અને પરનો વિભાગ, વિવેક, પૃથક્તા, ભિન્નતા એનો અભાવ હોવાથી '**કાયા અને કષાયો સાથે એકતાનો અધ્યવસાય કરતા એવા...**' જુઓ, અભ્યંતરમાં. એ શબ્દ અહીં ગોતતો હતો. ભાઈ ઓલું આવે છેને એમ કે વિષયકષાયમાં અભિલાષા એ મુખ્ય છે! નથી આવતું? મોક્ષમાર્ગમાં. એ ગોતતો હતો પણ હાથ ન આવ્યું પાછું. એ હમણા ગોતતો હતો. હિંસામાં અભિપ્રાય મુખ્ય છે એમ કાંઈક આવે છેને એ? છેને એ? જુઓ, સંવર-નિર્જરા-મોક્ષમાં હશે. કેમકે ઓલા સંવરની વ્યાખ્યા નથી? સમિતિ-ગુપ્તિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જુઓ, એ અંદર. એ અભિલાષા એ અહીંથી કાઢ્યું, મારે તો એમ કહેવું છે. અભિલાષા એ મુખ્ય છે. વિષયમાં અભિલાષા એ મુખ્ય છે. કારણ કે એ અહીંથી કાઢ્યું. મારે તો (એમ કહેવું છે કે) દરેક શબ્દો શાસ્ત્રના આધારથી કહ્યા છે. આ ટોડરમલજી પોતાના ઘરની વાત એક પણ નથી કરતા. સમજાણું કાંઈ? ચારેકોર શાસ્ત્રનું મંથન કરીને અંદરમાં એકાગ્ર થઈને ટોડરમલજીએ કાઢ્યું છે. સાતમો અધ્યાય તો અલૌકિક છે. આ બાજુ છે. (પાનું ૨૩૧)મેં હમણા ગોત્યું પણ વાર લાગી. પાછું યાદ આવ્યું. બાહ્ય ત્રસ-સ્થાવરની હિંસાને વા ઇન્દ્રિય-મનના વિષયોમાં પ્રવૃત્તિને અવિરતી માને, પણ હિંસામાં પ્રમાદ પરિણતિ મૂળ છે. હિંસામાં પ્રમાદ પરિણતિ મૂળ છે.' મહા સિદ્ધાંત છે એ. અહીંયાંથી. 'હિંસામાં પ્રમાદ પરિણતિ મૂળ છે અને વિષય સેવનમાં અભિલાષા મૂળ છે. એને તો અવલોકે નહિ અને બાહ્ય ક્રોધાદિ કરવો તેને કષાય જાણે, પણ અભિપ્રાયમાં રાગ-દ્વેષ રહેલા તેને તો ઓળખતો નથી.' જુઓ, એમાં કહ્યું છે.

શું કહે છે જુઓ, જેને સમ્યગ્દર્શન નથી એને સ્વપરના વિભાગનો અભાવ છે. સ્વ હું આનંદ જ્ઞાયકમૂર્તિ છું અને પર વિકલ્પ આદિ કષાય છે અને શરીરાદિ અજીવ છે. તો પરમાં

શરીરાદિ અજીવ અને વિકલ્પ સૂક્ષ્મમાં સૂક્ષ્મ શુદ્ધોપયોગ હોય, ગુણ-ગુણીના ભેદરૂપ વિકલ્પ ઉઠે છે એ પણ શુભ કષાયકણ છે એ પર છે અને સ્વજ્ઞાયકમૂર્તિ ચૈતન્ય છે એવું જેને સ્વપર વિભાગનું અંતરમાં સમ્યગ્દર્શન નહિ હોવાથી અભાવ છે. સમજાણું કાંઈ? અભાવ કષાયો સાથે '**કાયા અને કષાયો સાથે...**' '**સ્વપરના વિભાગના અભાવને લીધે કાયા...**' શબ્દે અજીવ અને કષાય શબ્દે આસ્રવ. બે લીધા, ભાઈ! જુઓ, બહુ ટૂંકી વાત કરી છે. વસ્તુ એવી છે. કાયા શબ્દે અજીવ શરીર. પર્યાય થાય છે તો હું કરું છું, હું છું, હું છું. આ કરું છું, હું આમ ચલાવું છું. એમ કેમ? કે અશરીર સ્વરૂપ ભગવાન આત્મા દૃષ્ટિમાં, અનુભવમાં તો આવ્યો નથી. એથી શરીરમાં પોતાપણું માન્યા વિના રહે નહિ, એમ કહે છે. ઝીણી વાત છે થોડી. સમજાણું કાંઈ?

શરીરરહિત ભગવાન આત્મા, અશરીરી આત્મતત્ત્વ, અશરીરી આત્મતત્ત્વ. એવું પરથી સ્વને ભિન્ન કરીને અનુભવ સમ્યગ્દર્શન તો છે નહિ. તો એને કાયા-શરીરની ક્રિયા એને હું કરું છું, અશરીરીની ખબર નથી તો શરીરની પર્યાય મારી છે, એ ચાલે એમ ચાલવું, આમ બોલવું, આમ કરવું. એવું કાયા સાથે અને કષાય સાથે સમજાણું કાંઈ? પહેલી કાયા લીધી છે, પછી કષાય લીધો છે. કષાય શબ્દે રાગ પ્રશસ્ત શુભ હોય અંદર. તો એ રાગની સાથે એકતાનો જેનો ભાવ છે, પૃથક્તાનો ભાવ થયો નથી, સ્વપરનું ભેદજ્ઞાન થયું નથી તો આગમપૂર્વક એને સમ્યગ્દર્શન નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે કે જેને '**સ્વપરના વિભાગના અભાવને લીધે...**' તો શું થયું? '**સ્વપરના વિભાગના અભાવને લીધે...**' તો શું થયું? '**કાયા અને કષાયો સાથે એકતા...**' એની સાથે ભાવ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા નિર્વિકલ્પ અભેદ ચૈતન્યઘન આનંદકંદ એ આત્મા અને શરીર પર. એટલે આ દ્રવ્ય અને શરીર પરદ્રવ્ય અને શુદ્ધ ચૈતન્ય આનંદસહિતની પોતાની ગુણપર્યાય પોતાની, અને રાગાદિ એ પર. ચાહે તો મહાવ્રતના વિકલ્પ હોય, વ્રતના હોય, દયા-દાનના હોય. બધા કષાયના કણ કષાય. તો જેણે અશરીરી આત્મા અને અકષાયસ્વરૂપ આત્મા એની પરથી, સ્વની ભિન્નતાનું ભાન કર્યું નથી, એને સ્વ-પરના વિભાગનો અભાવ હોવાથી કાયા-કષાય સાથે એકતા થાય છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

આત્મા તો જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા એ જ્ઞાયક સ્વભાવ આત્મા. એ જ્ઞાયકસ્વભાવ દ્રવ્ય, શરીર જે જડ, અજીવ. એના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે અજીવ શરીરના. ત્રણે અજીવ, એ અજીવથી ભિન્ન એટલે કાયાથી ભિન્ન અકાય ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવ. એવો પરથી સ્વનો વિભાગ અંતરમાં આવ્યો નથી, અનુભવ નથી, અનુભૂતિ નથી, સમ્યગ્દર્શન નથી, સ્વસંવેદનનો જેને અભાવ છે તો એને કાયા અને કષાયનું વેદન છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સ્વપરના વિભાગના અભાવને લીધે કાયા અને કષાયો સાથે એકતાનો અધ્યવસાય**

કરતા એવા...' બે એક છે એમ અંતર અભિપ્રાયમાં વર્તે છે. ચાહે તો શાસ્ત્રનું જ્ઞાન થયું હોય અને શાસ્ત્રથી એવી વાત પણ કરે, પણ અંદરમાં કષાય અને કાયાથી ભિન્ન છે એવું ભાન નથી, એમ કહે છે. આહા..હા..! આમ તો અગિયાર અંગ ભણી ગયો અનંતવાર. અગિયાર અંગ. એમાં શું થયું? પણ એ આગમપૂર્વક એણે સ્વપરનો ભેદ કર્યો (નહિ), આગમમાં કહ્યું હતું એવો ભેદ પાડ્યો નહિ. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પોતાના જ્ઞાનમાં દૃઢતા નથી કરી.

ઉત્તર :- સમ્યગ્દર્શન નથી. દૃઢતા નહિ. જ્ઞાનની અંદરમાં હું આનંદકંદ છું, રાગ ભિન્ન છે એવો નિર્ણય સમ્યગ્દર્શન નથી. આગમનું જ્ઞાન થયું, પણ સમ્યગ્દર્શન નથી.

મુમુક્ષુ :- અનુભૂતિ નથી.

ઉત્તર :- અનુભૂતિ નથી. આગમના જ્ઞાનનો અર્થ? કે આગમ આમ કહે છે એવો ખ્યાલ આવ્યો, પણ એ ખ્યાલ એવું બતાવે છે. પરને વડે થયું એ તો ઠીક, પણ આગમ કહે છે કે વિકલ્પથી પાર આત્મા છે, શરીરથી ભિન્ન અશરીરી છે, કષાયથી ભિન્ન અકષાય છે. એમ આગમ કહે છે. તો એવા આગમજ્ઞાનપૂર્વક સ્વપરનો ભેદ કરીને સમ્યગ્દર્શન નથી એને કાયા અને કષાય સાથે એકતાબુદ્ધિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! ૨૩૬મી ગાથા તો બહુ સરસ. અલૌકિક વાત છે. એમાંથી બધું કાઢ્યું છે.

હવે કહેશે જુઓ, '**એકતાનો અધ્યવસાય કરતા એવા...**' અંતરમાં નિર્ણય તો થાય છે. સ્વ અને પરનો વિભાગ કરીને સ્વનો નિર્ણય, અનુભવ નથી. હું નિર્વિકલ્પ આનંદ છું, શરીરરહિત અને કષાયરહિત. કષાય શબ્દે શુભ વિકલ્પ જે દયા, દાન, વ્રત એનાથી પણ હું રહિત એટલે કે અહીંયાં અજીવ અને આસ્રવથી રહિત એમ એટલું સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો કહે છે કે આગમના જ્ઞાનપૂર્વક. કારણ કે આગમ એમ કહે છે. એનો ખ્યાલ કર્યો પણ એણે સ્વપરનો ભેદ કર્યો નહિ. એ આગળ કહેશે. કે આગમજ્ઞાન હોય તોપણ દૃષ્ટિ નથી તો એ સમ્યગ્દૃષ્ટિ નથી, જ્ઞાની તો છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ ક્ષયોપશમભાવ એવો હોય તો જાણપણું તો કરી લે, ખ્યાલ તો આવી જાય. અભવિને પણ નથી આવતું? અગિયાર અંગ ભણે, નવ પૂર્વ ભણે એમાં વાત નથી આવતી વાત? પણ એ કહે છે આગમ કે રાગ, કષાયનો અંશ અને શરીર એમાં તારું અશરીરી અને અકષાયભાવ આનંદસ્વરૂપ ભિન્ન છે. એવું સમ્યગ્દર્શન આવ્યું નથી, કર્યું નથી, પ્રગટ કર્યું નથી. તો એને કોઈ સંયમ, વ્રત સિદ્ધ થતા જ નથી. સમજાણું કાંઈ? ભારે વાત!

મુમુક્ષુ :- સમયે-સમયે પોતાનો ઘાત

ઉત્તર :- એ તો પ્રશ્ન ચાલતો હતો. અર્થ અહીં આવે છે જુઓ. હજી આવે છે જુઓ, એકલા કાયા અને કષાય સુધી વાત આવી છેને? ગાથા બહુ સારી છે.

ભાઈ! ભગવાન આત્મા આમ નિર્વિકલ્પ વસ્તુ અભેદ ચિદાનંદ પ્રભુ એવી અનુભૂતિ

પરથી ભિન્ન થઈને થઈ નથી. તો સમ્યગ્દર્શન થયું નથી. તો સમ્યગ્દર્શન વિના એને કોઈ વ્રતનો અંશ છે કે સંયમ એ કાંઈ સિદ્ધ થતું જ નથી. મિથ્યાદૃષ્ટિને સંયમ ક્યાંથી આવ્યું? આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે '**કાયા અને કષાયો સાથે એકતાનો અધ્યવસાય...**' નિર્ણય, અધ્યવસાય-નિર્ણય છે જ એને એવો. આમ રાગ અને શરીર એનાથી ભિન્ન અરાગી અને અશરીરી એવી દૃષ્ટિમાં અનુભૂતિ ન થઈ તો ... અહીંયાં એક જ વાત. (સમ્યગ્દર્શન) ન થયું તો અહીંયાં કષાય અને શરીર સાથે એકતાબુદ્ધિનો નિર્ણય છે જ. એમ કહે છે. જેઠાભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- અનુભવ થયો ત્યાં કષાય અને શરીરની એકતાબુદ્ધિ છૂટી ગઈ.

ઉત્તર :- છૂટી ગઈ. એ વિના છૂટતી જ નથી. એ વિના અહીંયાં ગમે તે ડહાપણ કરે, શાસ્ત્રનું જાણપણું કરે, વાતું કરે, ચર્ચા કરે. આહા..હા..! એવી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- આગમનું તત્ત્વ એ તો અનુભવ કરાવે છે.

ઉત્તર :- પરથી ભિન્ન છે એવું ભિન્નપણું અનુભવવાનુંને? પરથી ભિન્ન છે એટલું લક્ષમાં લીધું પણ પરથી ભિન્નનો અનુભવ તો થયો નહિ. લક્ષ કર્યું, એનો અર્થ આગમ કહે છે એમ લક્ષમાં લીધું, પણ આગમ એમ કહે છે કે પરથી ભિન્ન તારી દૃષ્ટિ અનુભવ કર અંદરમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સ્વપરના વિભાગના અભાવને લીધે...**' એ અભાવ કહ્યો. હવે ભાવ શું છે? સ્વપરનો અભાવ છે તો ભાવ શું છે? કે કાયા અને કષાય સાથે એકતા એ ભાવ છે એનો. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો શાસ્ત્રનું જ્ઞાન હોય તો એને એવું થઈ જાય કે મને તો શાસ્ત્રનું જ્ઞાન છે ને! શાસ્ત્ર બધા વાંચ્યા છેને? વાંચે શું? ભાઈ! શાસ્ત્ર વાંચવાનો એ .. વાત છે. કહે છે શાસ્ત્ર આગમ, ભગવાન! તારી ચીજ પૂર્ણાનંદ જ્ઞાન અને આનંદસ્વભાવથી કૃતકૃત્ય પરિપૂર્ણ પડ્યો છે એ વિકલ્પથી, શરીરથી, કાયાથી ભિન્ન છે. એવું ભિન્ન લક્ષમાં લઈને શું આવ્યું? એમ કહે છે. લક્ષ તો જ્ઞાન થયું. એ તો પરલક્ષી ખ્યાલમાં આવ્યું. સમજાણું કાંઈ? અનુભૂતિનો માર્ગ અલૌકિક છે ભાઈ! કોઈ અનુભૂતિ એમ માની લે પોતાની કલ્પનાથી. એ ચીજ એવી નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આનંદમૂર્તિ પ્રભુ આત્મા. તો એમાં જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કોઈપણ વિકલ્પ ઉઠે છે રાગ. એ તો રાગ છે. તો રાગથી મારું કલ્યાણ થશે અથવા રાગ એ હું છું એવો નિર્ણય એને છે. કારણ કે રાગથી ભિન્ન આત્માનો નિર્ણય અનુભવ છે નહિ એમ કહે છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? અધ્યવસાય કહ્યુંને ભાઈ! એકતાનો અધ્યવસાય કરનાર એમ કહ્યું. અધ્યવસાય એટલે નિર્ણય. નિશ્ચય એવો છે અંદરમાં. બહારથી ભલે બોલે. સમજાણું કાંઈ? જેઠાભાઈ! લ્યો આ તમારો પ્રશ્ન સવારનો હતોને અનુભૂતિ. એની સાથે કામ થાય. થાય કેવી રીતે? ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનનો પુંજ પ્રભુ

આત્મા છે. સર્વજ્ઞ સ્વભાવી એકલો આનંદમૂર્તિ તે સ્વ અને જેટલા વિકલ્પ ઉઠે છે કષાય બધો છે. .. પંચ મહાવ્રતનો, અહિંસા, સત્ય, દત્ત બ્રહ્મચર્યનો વિકલ્પ એ બધો રાગ છે. દયા, દાન, ભક્તિ, પૂજા, ભગવાનનું નામસ્મરણ બધો રાગ છે. ભારે આકરું કામ! એ રાગ પર છે અને ભગવાન અરાગી સ્વ છે. શરીર જડ અજીવ છે અને ભગવાન આત્મા જીવદ્રવ્ય છે. એવા સ્વપરના વિભાગનો અભાવ છે, સ્વપરની વહેંચણીનો, વિવેકનો, ભેદજ્ઞાનનો અભાવ છે તો અભેદ અહીંયાં થયો એમ કહે છે. તો કષાય અને કાયા સાથે અભેદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કષાયના કણ ઉંડે વિકલ્પ છે એની સાથે અને કાયા સાથે અભેદ છે. અહીંયાં ભેદ પાડ્યો નથી તો એની સાથે અભેદ છે, એક છે. સમજાણું કાંઈ?

**'એકતાનો અધ્યવસાય કરતા એવા તે જીવો,...'** હવે આવ્યું જરી. બહુ સ્પષ્ટ કરે છે અમૃતચંદ્રાચાર્ય. **'વિષયોની અભિલાષાનો નિરોધ નહિ...'** એને પાંચ ઈન્દ્રિયના ભોગનો નિરોધ નથી. ભલે નગ્નમુનિ થયા હોય, લંગોટી ન રાખી હોય, હજારો રાણી છોડી હોય, જંગલમાં વસતા હોય. સમજાણું કાંઈ? પણ જેને કષાયના કણ સાથે એકતાબુદ્ધિ છે એને એક (પણ) વિષયનો નિરોધ જરાપણ નથી. આહા..હા..! કેમકે સ્વવિષય એ જ્ઞાયકમૂર્તિ છે એ દૃષ્ટિમાં લીધું નથી, તો પરવિષય જે રાગ છે એને ભોગવનારો અને એની અભિલાષા ઉંડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ફરીને. ફરીને વધારે સ્પષ્ટ કરીએ. ખ્યાલમાં વિશેષ આવેને. ખ્યાલ આવે. બાપુ! આ તો અપૂર્વ માર્ગ છે, પ્રભુ! આ તો અનંતકાળનો અજાણ્યો માર્ગ, ભાઈ! એ માર્ગની પદ્ધતિ અને રીત જ કોઈ અલૌકિક છે. સમજાણું કાંઈ? કોઈ પોતાની કલ્પનાથી માની લે, સમજાણું? કે અમને તો આત્મજ્ઞાન થયું છે અથવા તત્ત્વજ્ઞાન થયું છે એમ નથી. એ ચીજ એવી નથી, ભાઈ! સમજાણું કાંઈ?

તત્ત્વ તો એને અહીં કહે છે, ભગવાન આત્મા અનાકુળ આનંદનો પિંડ જ્ઞાયકમૂર્તિ અને શરીર તદ્દન જડ એનાથી ભિન્ન ન થયો તો એની સાથે અભિન્ન નામ એકતાની બુદ્ધિ છે, એમ કહે છે. અને કષાયનો અંશ-કણ શુભ, દયા, દાન, વ્રત, ભક્તિનો કણ કષાય છે, રાગ છે, મેલ છે. એનાથી (ભિન્ન) ભગવાન નિર્મળાનંદ એનો નિર્ણય, અનુભવમાં પરથી ભિન્ન થયો નથી, તો કષાય સાથે એકતા તો છે જ, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'તે જીવો, (પોતાને) વિષયોની અભિલાષાનો નિરોધ નહિ...'** ઓહો..હો..! કેમ? કે એ રાગનો અંશ છે એની અભિલાષા છે અંદર. એની અભિલાષા છે. સ્વભાવની નહિ. તો રાગનો પ્રશસ્ત રાગ એક દયા, દાન, વ્રત, એની પણ અંદર રુચિ છે. એને પંચેન્દ્રિય, વિષય, ભોગનો ત્યાગ બિલકુલ નથી એમ કહે છે. આહા..હા..! કેમ? કે આ રાગના ભોગને ભોગવનારો છે. રાગના ભોગને ભોગવનારો છે. તો રાગનું નિમિત્ત જે પાંચ ઈન્દ્રિય એની અભિલાષા એને ખસી નથી એમ કહે છે. ખસી નથી સમજ્યા? છૂટી નથી, દૂર નથી થઈ. સમજાણું કાંઈ? અહીંયાં અનાકુળ જ્ઞાયક આનંદસ્વરૂપ ભગવાનની ભાવના દૃષ્ટિ થઈ નથી,

અનુભવ થયો નથી, તો ભાવના થઈ નથી. એ તરફની ભાવના છે નહિ. તો અંદરમાં રાગના કણ સાથે એકત્વબુદ્ધિ છે તો રાગની અને કષાયની જ અભિલાષા છે. સમજાણું કાંઈ? આહા..હા..! કષાયની અભિલાષા છે તો વિષયોની અભિલાષા છે, એને વિષયોની જ અભિલાષા છે. આહા..હા..! શુભભાવનો પ્રેમ છે. એને શુભભાવનું ફળ એવા ઈન્દ્રિયના વિષય પ્રત્યે પ્રેમ છે જ, એમ કહે છે ભાઈ! આહા..હા..! ભગવાન! જુઓ તો ખરા ભાઈ તારી દશા! આહા..હા..!

કહે છે કે જેને કષાય અને કાયાથી ભિન્ન સ્વરૂપનો અનુભવ નથી, સમ્યગ્દર્શન નથી, તો એને કષાયના અંશના કણ સાથે અને કાયા સાથે એકતાબુદ્ધિને લીધે, ભેદજ્ઞાનના અભાવને લીધે પરવિષય સંબંધીની અભિલાષા બિલકુલ છૂટી નથી. ઓહો..હો..! હજારો રાણી છોડી હોય, જંગલમાં વસતા હોય, ધ્યાનમાં બેઠા હોય આમ, તોપણ અભ્યંતરમાં આનંદસ્વરૂપનો અનુભવ નથી તો આનંદથી ઉલટી રાગની અભિલાષા, ભાવના છે. તો એને બધાય પંચેન્દ્રિયના ભોગની અભિલાષા છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને **'છ જીવનિકાયના ઘાતી થઈને...'** ભાષા જુઓ, આહા..હા..! કેમકે જે રાગ કષાય છે એ પ્રમાદભાવ છે. ભાઈ! હિંસામાં પ્રમાદ આવ્યો એટલે (અનુસંધાન) હાથ ન આવ્યું. પછી આવ્યું. કારણ કે પ્રમાદ જે આત્મા અપ્રમાદરૂપ સ્વરૂપ ભગવાન ચિદાનંદ એની અંતર દૃષ્ટિ, અનુભૂતિ નથી તો રાગ પ્રમાદ છે, રાગ પ્રમાદ છે. તો એ પ્રમાદ છે એ હિંસા છે. તો છ કાયની હિંસા કરનારો છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહારથી કદાચ હિંસા ન કરે. એક પાણીના બિંદુમાં અસંખ્ય એકેન્દ્રિય જીવ અને એક પાણીના બિંદુના આશ્રયે નિગોદના અનંત જીવ. સમજાણું કાંઈ? અને વનસ્પતિનો એક ટૂકડો એટલો. વનસ્પતિ કહે છેને? હરિકાય. દૂધી, ટીંડોરા, કારેલા એક કટકી. એક કટકી એમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં એક-એક જીવ. આ અંકુર ઉડે છેને એ એક-એક કટકીમાં અસંખ્ય જીવ છે. જેટલી લીલી... લીલી... લીલી... છાય પડી છેને. તો કહે છે કે કદાચિત્ એને બહારથી ન હણે. જોકે બહારથી હણે એની તો વાત છે નહિ. એ તો પ્રત્યક્ષ બહારમાં વિરોધ છે. સમજાણું કાંઈ? જળકાય, પૃથ્વીકાય, અગ્નિકાય, વનસ્પતિ વગેરેમાં એકેન્દ્રિય જીવ છે. અનંત જીવ છે. એ પાણીના ફોરા પડે છેને વરસાદના ..એક બિંદુ અસંખ્ય જીવ છે એમાં. એકેન્દ્રિય જીવ છે. અને એ પૂર્ણ પરમાત્મા છે. એનો આત્મા એ પરમાત્મા જ છે જ્ઞાયકભાવ. પર્યાયમાં ફેર છે.

તો કહે છે કે જે સીધી બાહ્ય હિંસા કરે છે એકેન્દ્રિય આદિની કે જળકાયની એને તો સંયમ છે નહિ. સમજાણું કાંઈ? પણ એવું કરતા હોય બહારથી... નીચે ખુલાસો છે જુઓ. નીચે છે. બગડો છેને બગડો એમાં આવ્યુંને? **'જે જીવોને સ્વપરનું ભેદજ્ઞાન નથી...'** નીચે નોટ છે. **'તેમને ભલે કદાચિત્ પાંચ ઈન્દ્રિયોનાં વિષયોનો સંયોગ ન દેખાતો હોય,...'** નીચે નોટ છે. **'પાંચ ઈન્દ્રિયના વિષયોનો સંયોગ ન દેખાતો હોય,...'**

એક-એક ઇન્દ્રિયના વિષયનો સંયોગ ન દેખાતો હોય. સ્પર્શનો, કાનનો, આંખનો, નાકનો, જીભરસનો બાહ્યનો વિષય દેખાતો ન હોય, છૂટો હોય. **'સંયોગ ન દેખાતો હોય, છ જીવનિકાયની દ્રવ્યહિંસા ન દેખાતી હોય...'** દ્રવ્યહિંસા એકેન્દ્રિયની પણ હિંસા કરે નહિ, કરાવે નહિ, રૂડું જાણે નહિ બહારથી. સમજાણું કાંઈ? છ કાય, એકેન્દ્રિય જીવ. એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, ત્રિ ઇન્દ્રિયા આવે છેને? એ બહારમાં એકેન્દ્રિય જીવની હિંસા પણ ન કરતો હોય. **'ન દેખાતી હોય અને એ રીતે સંયોગથી નિવૃત્તિ દેખાતી હોય,...'** સંયોગથી નિવૃત્તિ બહારથી દેખાતી હોય **'તોપણ કાયા અને કષાયો સાથે એકતા માનનારા...'** અભિપ્રાયમાં રાગ સાથે એકત્વ છે, કાયાની ક્રિયા સાથે છે. કેમકે અશરીરી તો અનુભવમાં નથી આવ્યું તો શરીરની ક્રિયા મારાથી છે એવો અભિપ્રાય અંદરમાં આવ્યા વિના રહે નહિ. અને કષાયથી ભિન્ન આત્મા અકષાય અનુભૂતિમાં આવ્યો નથી તો કષાયની સાથે એકતાબુદ્ધિ થયા વિના રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એ રીતે સંયોગથી નિવૃત્તિ દેખાતી હોય, તોપણ કાયા અને કષાયો સાથે એકતા માનનારા તે જીવોને ખરેખર પાંચ ઇન્દ્રિયોના વિષયોની અભિલાષાનો નિરોધ નથી,...'** પાંચ ઇન્દ્રિયના વિષયનો નિરોધ જ નથી. આહા..હા..! પાઠમાં છે કે નહિ જુઓને. **'વિષયોની અભિલાષાનો નિરોધ નથી,...'** પાઠ છે અમૃતચંદ્રાચાર્યનો. **'હિંસાનો જરાય અભાવ નથી...'** જુઓ, કેમકે પ્રમાદ રાગનો ભાવ છે એને પોતાનો માન્યો એ હિંસા છે, ભાઈ! ... જે રાગભાવ એ પ્રમત્તભાવ એ હિંસા છે. તો રાગની સાથે એકતા છે તો છ કાયની હિંસાથી નિવૃત્તિ બિલકુલ નથી. ઓહો..હો..! બહારથી અજ્ઞાનીની દૃષ્ટિ, જુઓ એટલું છૂટ્યું, બહાર એટલું કર્યું, એ ત્યાગ એટલો તો થયોને. તો અભ્યંતરમાં શું પરિણામ થાય છે અને શું નિશ્ચય થાય અને કોની સન્મુખ એની દૃષ્ટિ છે એની ખબર નથી. સમજાણું કાંઈ? એ એમાં કહ્યુંને મોક્ષમાર્ગપ્રકાશકમાં. એ બાહ્ય દેખાતા નિમિત્ત છોડો, આ છોડો, આમ છોડો, સમજાણું? આવો ત્યાગ કરો, આવો ત્યાગ કરો. લ્યો, તો એણે જેટલો ત્યાગ કર્યો એટલી તો નિવૃત્તિ થશે. અરે..! ભગવાન! તને ખબર નથી. આહા..હા..! જેની અંદર મિથ્યાત્વનો ત્યાગ નથી, કષાયના અભાવ-સ્વભાવનું ભાન નથી, કષાયના ભાવ પ્રત્યે જેને અંતર રુચિ છે એની નિવૃત્તિ (નથી), સંયોગ બિલકુલ છૂટ્યો નથી એમ કહે છે. આહા..હા..! કહો, ચંદુભાઈ! ભારે કામ!

**'પાંચ ઇન્દ્રિયોના વિષયોની અભિલાષાનો નિરોધ નથી, હિંસાનો જરાય અભાવ નથી...'** કેમકે જે હિંસા રાગ છે, વિકલ્પ એ જ હિંસા છે, ભાઈ! એ જ હિંસા છે. સ્વરૂપ ભગવાન આત્મા આનંદકંદ એ અહિંસા છે. આહા..હા..! રાગનો વિકલ્પ જે સૂક્ષ્મ છે શુભ એને પોતાનો માન્યો એ મહામિથ્યાત્વ જ આત્માની હિંસા છે. આહા..હા..! આકરું કામ ભારે ભાઈ! એય..! જેઠાભાઈ! સાધુ સાથે ચર્ચા કરવા જાય તો ભાઈ નહિ ખોટું છે તમારું

ખોટું. ભાઈ સાતવાર ખોટું તારું લેને. આ તો છે એ છે. એય..! ખોટાને ખોટાની દૃષ્ટિ હોયને. ઓલું જૂઠું નહોતું આવ્યું. અમારે ભુવો હતો એક જૂઠો ભુવો હતો પાળિયાદમાં. પાળિયાદમાં. પાળિયાદમાં એક ભુવો હતો. આ પોષા કરે પોષા સમજ્યા? પોષા સમજો છો? આ સામાયિક, પોષા નહિ? પ્રૌષધ વ્રત. પ્રૌષધ વ્રત કરે, સામાયિક કરે, સવાર, બપોર. અને દેવ એના વડવા હતા વડવા. વડવા સમજ્યા? સુરધન. વડવા એટલે પિતા .. કોઈ મરીને ગયા હશે તો એનું નામ જૂઠો ભાઈ હતું. સુરધન-સુરધન નથી સમજતા? અમારી કાઠિયાવાડમાં એ પત્થર પૂજે એવા. એના વડીલ. મરી ગયા એ વડીલ. સ્થાપના કરે છે. તો એણે મેં એક ફેરી કહ્યું કે પણ તમે આ સામાયિક કરો છો, પોષા કરો છો અને તમે ભુવા ધુણો છો! આ શું? પાળિયાદની વાત છે. ઘણા વર્ષની વાત છે હોં! ૭૫ની સાલ. ૫૦ વર્ષ થયા. આ શું કરે છે? ત્યારે કહે, મહારાજ! એ વડીલનું નામ જૂઠા હતું જૂઠા. એ વડીલ હતાને જે મરી ગયા એનું નામ જૂઠાભાઈ હતું. એટલે ધૂણે. કોણ છો? તો કહે જૂઠો. એમ કહે. ત્યારે ઓલા સમજે કે જૂઠો આવ્યો છે. પોતે માને કે હું જૂઠો એમ કહે. એનું નામ ભુદરભાઈ હતું. એનું નામ ભુદરભાઈ. પણ કોણ છે? કહે જૂઠો એટલે ઓલો જૂઠો એમ. હું જૂઠો છું. હું કહું છું એ જૂઠું છે એમ. સુરધન એના હતાને સુરધન સમજો છોને? વડીલ. વડીલને બેસાડે છેને પત્થરમાં. .. અમારા વડીલ છે. એય..! ભગવાનજીભાઈ! સુરાપુરા. એ સુરાપુરા વળી જુદા. એ તો કોઈ મરી ગયા રોગમાં, કોઈએ મારી નાખ્યા હોય જંગલમાં, કોઈ શુરવીર થઈને લડાઈમાં મરી ગયા હોય એ સુરાપુરા કહેવાય. પણ આ તો સાધારણ વડીલ હોયને. અવગતે ગયા એમ માન્યું હોય એણે. મેં કીધું, તમે આમ કેમ કરો છો? તો કહે મહારાજ! હું તો ધુણતા વખતે કહું છું કે કોણ? જૂઠો. તો ઓલા એમ સમજે કે ઓલા વડીલ જૂઠા એ આવ્યા છે. અરે..! આવી માયા? માયા(ચારી) છે એ. ભુદરભાઈ હતા ભુદર વિશાશ્રીમાળી પાળિયાદમાં. એ આ બધું જૂઠું છે બધા ધૂણે છે. આત્મા શું ચીજ છે અને પરથી ત્યાગ કર્યો, અમે ત્યાગી છીએ. જૂઠો છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- એમ ધુણે.

ઉત્તર :- ધુણે. આ એમ માને અને બોલે છે.

**'હિંસાનો જરાય અભાવ નથી અને એ રીતે પરભાવથી બિલકુલ નિવૃત્તિ નથી.'** જુઓ, આહા..હા..! હજી તો વસ્તુનો શું ભાવ છે, શું પ્રકાર છે? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કેવા છે? મારી ચીજ શું છે? રાગ શું છે? એનાથી ભિન્ન અનુભવ થયો નથી. અને અનુભૂતિનો આનંદ આવ્યા વિના રાગ અને પરની સાથે એકતાબુદ્ધિ એની ટળતી નથી એમ કહે છે. જુઓ, ચરણાનુયોગનું કથન! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ..સિદ્ધ કરે છે. સંયમ ક્યાંથી આવ્યું? મિથ્યાદૃષ્ટિપણું છે ત્યાં સંયમ

ક્યાંથી આવ્યો તને? છ કાયની હિંસા નથી કરતો, એકેન્દ્રિય જીવને નથી મારતો. એક પાણીનો બિંદુ પણ નહિ સમજાણું કાંઈ? એ કર્યું હતુંને અમે પહેલા. પંદર વર્ષ એવી ક્રિયા કરી અમે. એક પાણીનો બિંદુ અમારી માટે બનાવે. એક શેર પાણી. શેર સમજ્યા? શેર પાણી. એકેન્દ્રિય જીવ અનંત. અસંખ્ય એકેન્દ્રિય જીવો છે. .. એવું પંદર વર્ષ કર્યું. .. ભાઈ! ૨૧ વર્ષ નભાવ... આ તો ગડબડ છે. આ તો બીજી ચીજ છે. માર્ગ બીજો છે. આ શું કર્યું? સમજાણું કાંઈ? તો પંદર વર્ષ એવું. પાણીનું બિંદુ એવું. એક બિંદુમાં અસંખ્ય એકેન્દ્રિય જીવ. એક પૃથ્વીનો કણ પથરો મીઠું. મીઠું સમજ્યાને? મીઠું-મીઠું. નમક-નમક. એક મીઠાની આટલી કાંકરીમાં અસંખ્ય એકેન્દ્રિય જીવ. અગ્નિનો એક કણ. સળગાવે છે કે નહિ? રોટલી બનાવવામાં, શાક બનાવવામાં અગ્નિ. તો અગ્નિના એક કણમાં અસંખ્ય. એકેન્દ્રિય અસંખ્ય જીવ ભગવાન કહે છે. આહા..હા..! તો પૃથ્વી, અગ્નિ, વાયુ તો ... વનસ્પતિ શાક બનાવે છેને? શેર-શેર બે શેર દૂધી. એની એક-એક કટકીમાં અસંખ્ય જીવ. તો એવું આખું દળ જીવનું પડ્યું છે. આ તો ભગવાનનો માર્ગ એવો છે.

તો કહે છે કે એને તો બહારમાં હણે નહિ. હણે, હણાવે, અનુમોદે એની તો વાત અહીંયાં છે નહિ. બ્રહ્મચારીજી! .. ભગવાન! આહા..હા..! ભાઈ! જે સીધા હણે છે, હણાવે છે, અનુમોદે છે એને માટે લે છે એની તો વાત છે નહિ. પણ કહે છે કે બહારથી સંયોગ દેખાતા નથી પ્રવૃત્તિનો. નિવૃત્તિ છે બહારથી. એમ કહે છે જુઓ, આહા..હા..! .. શું છે? અંદરમાં નિવૃત્તસ્વરૂપ ભગવાન આત્મા છે. લીધું છેને એમાં? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં, પાંચમા મહાવ્રતના અધિકારમાં. આત્મા તો નિવૃત્તસ્વરૂપ છે. પરિગ્રહ અને રાગથી નિવૃત્તસ્વરૂપ એ આત્મા છે. એમાં પરિગ્રહ કેવો? રાગ કેવો અને પરચીજ કેવી? એવો ભગવાન આત્મા અપરિગ્રહી વસ્તુ, જેમાં કષાયના અંશની પક્કડ નથી. કષાયના અંશની પક્કડ છે એ જ મહાપરિગ્રહ છે. અને કષાયમાં-રાગમાં પ્રવૃત્તિ કરે એ મહારંભ છે. સમજાણું કાંઈ? એક કષાયનો અંશ શુભ છે એમાં પ્રવર્તે એ મહારંભ છે. આરંભ-હિંસા અને એ કષાયનો અંશ મારો છે એવી પક્કડ એ પરિગ્રહ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો જેને કાયા અને કષાયનો અભાવ કરીને સ્વભાવનો અનુભવ, અનુભૂતિ સમ્યગ્દર્શન પોતાની ભૂમિકામાં આનંદ છું, જ્ઞાનાનંદ છું એ જ હું છું, વિકલ્પમાત્ર મારી ચીજમાં નથી- - એવી અનુભૂતિ નથી, ત્યાં એણે વિકલ્પ અને કાયા સાથે એકતા બનાવી છે. અને એ કારણે પંચેન્દ્રિયના વિષયનો નિરોધ નથી. કેમકે સ્વવિષયને છોડીને રાગને વિષય બનાવ્યો તો પંચેન્દ્રિયને જ વિષય બનાવ્યો એણે. એમ કહે છે. સમજાણું કાંઈ? રાગને ઉંડે ધ્યેય બનાવ્યું છે. આહા..હા..! ભારે ભાઈ! ચરણાનુયોગમાં એવી વાત યથાર્થ પરમસત્ય અમૃત જેવી વાત છે.

કહે છે કે જે **'અભિલાષાનો નિરોધ નથી,...'** અભિલાષ નથી. **'છ જીવનિકાયના...'**

છ જીવનિકાય છેને? છ જીવનિકાય. છ જીવનિકાય કોણ? એક પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને આ ત્રસ. ભાઈ! છમાં એમ આવે છે. ઓલામાં એમ આવે છે એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય અને પંચેન્દ્રિય આ. અને છ જીવનિકાયમાં પૃથ્વી, અગ્નિ, જળ, વાયુ, વનસ્પતિ અને ત્રસ. એ પાંચ તો એકેન્દ્રિય આવ્યા. છ જીવનિકાય છેને? છ જીવનિકાય. સ્થાવર અને ત્રસ. પણ સ્થાવરના પાંચ ભેદ. પાંચ એ અને ત્રસ છઠ્ઠું. ત્રસમાં બધું આવી ગયું. બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિય એ આવી ગયા. સમજાણું કાંઈ? કહે છે કે એ માટે છ જીવનિકાય શબ્દ લીધો છે, ભાઈ! આહા..હા..! લ્યો! એકેન્દ્રિય તો કોઈ ગણતરીમાં જ નથી જાણે એને. પૃથ્વી એકેન્દ્રિય અસંખ્ય જીવ એક ટૂકડામાં. પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવ, અગ્નિ એક કણમાં અસંખ્ય જીવ, પ્રત્યેક વનસ્પતિનો એક ટૂકડો એમાં અસંખ્ય જીવ અને ફૂલ આદિ જે છે એમાં ... એક ફૂલ હોય લીમડાનું, એની એક કટકી હોય એમાં અસંખ્ય શરીર. એક નિગોદ હોય. આ પાણીમાં નિગોદ છેને. ગમે તેટલું ગાળે તોપણ પાણીમાં નિગોદ હોય જ છે. એ નિગોદ છે. સમજાણું કાંઈ? તો એ નિગોદમાં અસંખ્ય શરીર. એક બિંદુ છે એમાં અસંખ્ય શરીર નિગોદના છે. તો એક શરીરમાં સિદ્ધ કરતા અનંતગુણા જીવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વનસ્પતિ હોય છે, નિગોદ વનસ્પતિમાં આવ્યું. વનસ્પતિમાં છે. સાધારણમાં આવ્યું. એ સાધારણ નિગોદમાં આવ્યું. પ્રત્યેક અને સાધારણ બે ભેદ છે. પ્રત્યેક આ પીપળા આદિ, આ લીમડો આદિ છેને. આ ઉગે છેને વનસ્પતિ. સાધારણ વનસ્પતિ, લીલફૂગ, બટાટા, શક્કરિયા, કાઈ, લીલ કાઈ. આ તો મૂળ તો વિશેષ પાણીમાં, અગ્નિ, જળકાયમાં તો હોય છેને લીલફૂગ. લીલફૂગ કહેને કાઈ. સમજાણું કાંઈ? એની તો ખબર નથી કહે છે. હજી ખબર નથી, પણ ખબર એને છે કે આ જીવ છે, તો એને બહારથી હણતા નથી. તોપણ. આહા..હા..! લ્યો! એવો માર્ગ ભાઈ! આ તો વીતરાગનો માર્ગ છે. ત્રસ જીવ ઘણા થોડા છે. એકેન્દ્રિય ઝાઝા છે. ત્રસ તો અસંખ્ય છે આખી દુનિયામાં. આખી દુનિયામાં ત્રસની સંખ્યા અસંખ્ય છે. અને એકેન્દ્રિયની અનંત છે. પ્રત્યેકની અસંખ્ય છે એ પણ ત્રસથી અસંખ્યગુણી છે.

મુમુક્ષુ :- .. એક પાણીના બિંદુમાં...

ઉત્તર :- એમ છે. એમ જ છે. ભમરા જેવો એક જળકાયનો બિંદુ છે. આ ઉનું કરે છેને ઉનું? તો મરી જાય. તો એક બિંદુમાં એટલા જીવ છે કે (તે દરેક જીવના) ભમરા જેટલા જો શરીર કરે તો લાખ યોજન જંબુદ્વીપમાં ન સમાય એટલી જીવ સંખ્યા છે એમાં. ભમરા તો સંખ્યાત છે, આ તો અસંખ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ રોટલી બનાવે છે એમાં અગ્નિ, અગ્નિનો કણ આટલો. એમાં એટલા જીવ છે કે ભમરા જેવું શરીર બને એક કણમાં હોં! તો આખા લાખ યોજન જંબુદ્વીપમાં ન સમાય એટલી જીવની સંખ્યા છે.

કહો, ભગવાનભાઈ! આ તો ત્યાં સાંભળ્યું હતું નહિ બધું એકેન્દ્રિય જીવનું? સ્થાનકવાસીમાં બહુ એ. આ લોકોને નહિ. આ છકાયના બોલ આવેને. છ કાય. છ કાય—પૃથ્વીકાય, જળકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય. એ છ લીધા છે જુઓ અમૃતચંદ્રાચાર્ય મહારાજે '**છ જીવનિકાય...**' છ જીવનો નિકાય. નિકાય એટલે સમૂહ. એનો '**ઘાતી થઈને સર્વતઃ પ્રવૃત્તિ કરતા હોવાથી,...**' બહારથી ઘાતી કરતા નથી, સંયોગમાં દેખાતા નથી એની વાત છે અહીંયાં. એની નિવૃત્તિ એટલી છે બહારથી કે એને માટે આહાર બનાવ્યો, ભોજન બનાવ્યું હોય તો પ્રાણ જાય તોપણ ન લે. એવી સંયોગની નિવૃત્તિ છે, પણ અભ્યંતરમાં કષાય અને કાયા સાથે એકતાબુદ્ધિ છે તો '**છ જીવનિકાયના ઘાતી થઈને સર્વતઃ પ્રવૃત્તિ કરતા હોવાથી...**' કેમકે રાગની સાથે એકતાબુદ્ધિ છે એ હિંસા છે, એનાથી મિથ્યાત્વ છે, મિથ્યાત્વથી પાછો મિથ્યાત્વબંધ પડે છે અને મિથ્યાત્વના ફળમાં પણ છ કાયની હિંસા કરનારું શરીર મળશે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ એવો છે. કોઈ પક્ષની વાત આમાં નથી. આ તો વીતરાગનો માર્ગ છે. કહો, આ એકેન્દ્રિય જીવની વાત બીજે છે ક્યાંય સર્વજ્ઞ સિવાય? એક લીમડાના પાંદડામાં. આ લીમડો એક પાંદડામાં અસંખ્ય જીવ અને એક-એક શરીરમાં અસંખ્ય જીવ, અસંખ્ય (જીવ) એક-એક શરીરમાં. ફૂલમાં અનંત જીવ. ફૂલ છેને. શું કહે છે? કોર કહે છે અમારે. કોર કહે છે. ફૂલ પડે છેને. તો એટલી કણી હોય, એક રાઈ જેટલી કણી હોય અસંખ્ય શરીર અને અનંત જીવ એક શરીરમાં. સિદ્ધ કરતા પણ અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા. છ મહિના અને આઠ સમયે ૬૦૮ મુક્તિએ જાય છે. એ કરતાં એક નિગોદના એક ફૂલની એક કણીમાં-એક શરીરમાં અનંતગુણા જીવ છે. રાડ નાખી જાય માણસ. કોઈ દિ' સાંભળ્યું નથી. હાય.. હાય.. આ તો વસ્તુની સ્થિતિ એવી છે. અહીં તો કહે છે કે એ છ કાયની ઘાત સંયોગથી ન કરે. સમજાણું કાંઈ? તોપણ અંતરમાં કષાયના કણ સાથે... હજી તો ખબર નથી જેને છ કાયની, એની તો વાત અહીં છે નહિ. સમજાણું કાંઈ? એવા છ કાયના જીવની બાહ્યથી પ્રવૃત્તિ ન હોય, પણ અભ્યંતરમાં એને હણવાનો, જે કાયાદિ છે એને મળવાના (નિમિત્તરૂપ) જે રાગાદિ મિથ્યાત્વભાવ છે તો મિથ્યાત્વભાવને કારણે એ છ કાયની હિંસાનો ઘાતક છે એમ કહે છે. અમરચંદભાઈ! ભારે વાતું ભાઈ!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ફૂલમાં અનંતગુણા. લીમડાના પાનમાં અસંખ્ય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, બીજા ફૂલ બે પ્રકારના છે. બીજા ફૂલ બે પ્રકારના છે. જે પહેલા ઉગે કૂણા બહુ કૂણા, તેમાં અનંત છે. એનાથી થોડા મોટા થઈ જાય એ પ્રત્યેક છે. આ પ્રત્યેક નથી. ફૂલ એ ફૂલ જે છેને એ પ્રત્યેક કદી ન થાય. બીજી ચીજ હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, હા આવે છે. અનંત જીવ છે. અનંત જીવ, ઘણા જીવ. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લીમડાના ફૂલ? બીજા ફૂલ. બીજા ફૂલ પ્રત્યેક છે. બીજા ફૂલ છેને. આ તો આપણે વસ્તુના સ્વરૂપની વાત છે. કોઈ વ્યક્તિ સાથે નહિ. વ્યક્તિની એના જોખમે જવાબદારી. સૌ પોતાની જવાબદારી પ્રમાણે કરે છે. કાંઈ કોઈની જવાબદારી છે નહિ. અહીં તો પરમેશ્વર સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું આગમ. એવા આગમમાં એમ કહ્યું છે. એવું અમૃતચંદ્રાચાર્ય મહારાજ એનું સ્પષ્ટીકરણ ટીકા કરીને કરે છે.

'**છ જીવનિકાયના ઘાતી થઈને...**' કેમ? કાયા અને કષાયમાં અંતરમાં એકત્વબુદ્ધિ છે, ભિન્ન અનુભવ દૃષ્ટિ નથી તો '**છ જીવનિકાયના ઘાતી થઈને સર્વતઃ...**' ભાષા જુઓ, સર્વતઃ ઓહો..હો..! આમ લક્ષ કરીને ચાલે જોઈને ઈર્યાસમિતિથી. ભાઈ! તોપણ જીવના ઘાતક છે એમ કહે છે જુઓ, અહીં એમ કહે છે. સર્વતઃ સર્વતઃ નામ કોઈ ક્ષણે છ જીવનિકાયના ઘાતી નથી એમ નહિ, એમ કહે છે. જોઈને ચાલે નીચે કોઈ જીવ ન આવી જાય એવી ઈર્યાસમિતિ હોય. વ્યવહાર વિકલ્પ છે. અંદરમાં વિકલ્પની સાથે એકતાબુદ્ધિ છે તો એ સમયે કષાય છ જીવનિકાયની ઘાતની નિવૃત્તિ છે જ નહિ એમ કહે છે. ભારે કામ ભાઈ! શરીર છેને? ચાલતા-ચાલતા કોઈ પ્રાણીને હણે નહિ, ઈર્યાસમિતિથી ચાલે. એમ માને છેને? વિકલ્પ છે એ તો રાગ છે ઈર્યાસમિતિ. તો રાગની સાથે એકત્વબુદ્ધિ છે તો એ જ ક્ષણે, છ કાયનો ઘાત ન થાય બાહ્યથી તોપણ અભ્યંતરથી છ કાયનો ઘાત કરનાર છે એમ કહે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. અમૃતચંદ્રાચાર્ય કુંદકુંદાચાર્યનું સ્પષ્ટીકરણ કરે છે. કુંદકુંદાચાર્ય સર્વજ્ઞ ભગવાને કહ્યું એવી વાત કરે છે. એના ઘરની વાત નથી. એવું વસ્તુનું સ્વરૂપ છે. ખબર નથી, ખ્યાલ નથી એટલે કાંઈ વસ્તુ બીજી થઈ જાય? .. જાય? આ પંચમ આરો છે. બ્રહ્મચારીજી! શું છે? પંચમ આરો છે. થોડું ઢીલું મૂકો. કેમ મૂકાય? વસ્તુનું સ્વરૂપ એવું છે કે નહિ? આહા..હા..!

મુમુક્ષુ :- એ આત્મઘાતિ થયો?

ઉત્તર :- એ આત્મઘાતી એ સર્વઘાતી થયું એમ કહે છે.

'**સર્વતઃ પ્રવૃત્તિ કરતા હોવાથી,...**' જુઓ, એથી '**તેમને સર્વતઃ નિવૃત્તિનો અભાવ છે...**' ભાષા જુઓ, બે ઠેકાણે સર્વતઃ શબ્દ પડ્યો છે. એક તો રાગ અને કષાયની સાથે એકત્વબુદ્ધિ છે, પ્રેમ છે, હું કર્તા છું એવી કર્તાબુદ્ધિ છે. એવી મિથ્યાદૃષ્ટિની પ્રવૃત્તિ સર્વતઃ છ કાયનો ઘાત કરવાની છે. અને '**તેમને સર્વતઃ નિવૃત્તિનો અભાવ છે...**' જુઓ બે જગ્યાએ સર્વતઃ શબ્દ પડ્યો છે સંસ્કૃતમાં. 'સર્વતઃ...' સર્વ પ્રકારે નિવૃત્તિનો બિલકુલ અભાવ છે. '**(અર્થાત્ એક્કે તરફથી—જરાય નિવૃત્તિ નથી),...**' આહા..હા..! આ માર્ગ એવો છે પણ સાંભળવા મળ્યો નથી, સમજાણો નથી, ખ્યાલમાં આવ્યો નથી એટલે લોકો કહે

અરે..! આવો? આવો છે? જેઠાભાઈ! આહા..હા..! અહીંયાં એની ભાવના અભ્યંતરમાં છે રાગ કરવાની. કેમકે વિકલ્પ છે ત્યાં દૃષ્ટિ છે, રુચિ છે. ત્યાં તો પડી નથી. એટલે રાગ અંશ છે ત્યાં જ એની અભિલાષા છે. તો એ છ કાયનો ઘાત કરનારા છે અને સમજાણું કાંઈ? શું કહ્યું?

**'વિષયોની અભિલાષા સહિત છે...'** પરવિષય છેને એ? રાગ પરવિષય છે. .. એની અભિલાષા છે તો બધા વિષયની અભિલાષા છે. આહા..હા..! બહારથી બાળબ્રહ્મચારી હોય, સ્ત્રીનો ભોગ લીધો ન હોય જિંદગીમાં. ભલે (ન) હોય તો શું થયું? બહારથી ન હોય તો. અંદરમાં જેને અંદર આત્માની અનુભૂતિ રાગથી ભિન્ન નથી એ રાગમાં એકત્વ છે તો બધા વિષયની અભિલાષા એમાં પડી છે. આહા..હા..! આ એકાંત તો નથી થઈ જતુંને? અમરચંદભાઈ! કહો, ભાઈ! ભગવાનને કહો કે તમે એમ કેમ કહ્યું? માર્ગ તો એવો છે, ભાઈ! તારા કારણે કોઈ પંચમકાળને કારણે કોઈ બીજી ચીજ હશે? 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' માર્ગ તો એ છે. તેથી... બે શબ્દ પડ્યા છેને? સંસ્કૃતમાં જુઓ.

**'षड्जीवनिकायघातिनो भूत्वा सर्वतो ऽपि कृतप्रवृत्तेः सर्वतो निवृत्त्यभावात्तथा'** બે શબ્દો પડ્યા છે. સંસ્કૃત અમૃતચંદ્રાચાર્ય. **'सर्वतो निवृत्त्यभावात्तथा'** **'(અર્થાત્ એક્કે તરફથી—જરાય નિવૃત્તિ નથી), તેમ જ...'** હવે પરમાત્મ જ્ઞાનની વાત કરે છે. સ્વપરની વાત થઈ, હવે પરમાત્મજ્ઞાનની એ વાત આવી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૪, શુક્રવાર, તા. ૧૮.૦૭.૧૯૬૯**
**ગાથા-૨૩૬-૨૩૭, પ્રવચન-૨૧૨**

આ પ્રવચનસાર છે. એની ચરણાનુયોગસૂચક ચૂલિકા. ૨૩૬ ગાથા. પહેલો એક ભાગ આવી ગયો. **'તેમ જ...'** છેને તેમ જ. તથાપિ ન જોઈએ. **'તેમ જ...'** એમ જોઈએ. શું કહે છે જુઓ પહેલા. પ્રવચનસાર છે કે નહિ? જુઓ .. પ્રવચનસાર છેને. આવે છેને? જુઓ, પહેલા પેરેગ્રાફમાં એ આવ્યું. ટીકા છેને પહેલી? ૨૩૬. કે આ જગતની અંદર સર્વજ્ઞ પરમેશ્વરે જે આગમ કહ્યું, સર્વજ્ઞ તીર્થંકરદેવ પરમાત્માએ ત્રણ કાળ, ત્રણ લોક જાણીને એની વાણી આવી એ વાણીની રચના કરી એનું નામ આગમ. એ આગમના જ્ઞાનપૂર્વક જેને અંતરમાં સ્વપરની વિભાગની શ્રદ્ધા નથી, એને સમ્યગ્દર્શન નથી. સમજાણું કાંઈ? એ પહેલા વાત આવી ગઈ. **'તેમ જ...'** જોઈએ ત્યાં. તથાપિ છેને? હિન્દી છે? હિન્દી છેને? હિન્દીમાં

તથાપિ ન જોઈએ. તથાપિ શબ્દ પડ્યો છેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, તથાપિ ન જોઈએ. હિન્દીમાં તેમ જ જોઈએ. '**તેમ જ...**' એમ. તથા એમ જોઈએ. કે પહેલા તો એમ કહે છે ભગવાન કે જેને આ આત્મા આનંદ જ્ઞાયકસ્વરૂપ છે અને પુણ્ય-પાપનો વિકલ્પ રાગ છે. એ રાગથી ભિન્ન પોતાનું સ્વરૂપ, સ્વપરનો વિભાગ કરીને સમ્યગ્દર્શન નથી, એને ચારિત્ર અને સંયમ હોય નહિ. સમજાણું નહિ? ફરીને.

શું કહે છે જુઓને. '**તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણવાળી દૃષ્ટિથી જે શૂન્ય છે તે બધાયને સંયમ જ પ્રથમ તો સિદ્ધ થતો નથી,** કારણ કે...' આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે આત્મા અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિ જે પરિણામ છે એ તો રાગ છે. એ રાગથી... રાગ પર છે અને આત્મા જાણનસ્વભાવ આનંદકંદ સ્વ છે. બેનો વિભાગ કરીને જેને આત્મશ્રદ્ધા સમ્યગ્દર્શન નથી એને સંયમ અને ચારિત્ર હોય નહિ. સમજાણું કાંઈ? ..ભાઈ! ઝીણી વાત છે. આગમજ્ઞાનપૂર્વક જેને અંતરમાં આનંદસ્વરૂપ... અજીવથી તો આત્મા ભિન્ન છે, પણ દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ જે રાગ છે, આસ્રવ છે. એનાથી પણ આત્મા ભિન્ન છે. એવા સ્વપરના વિભાગરૂપ ભેદજ્ઞાનથી જે શૂન્ય છે એને સમ્યગ્દર્શન છે નહિ. અને સમ્યગ્દર્શન વિના ચારિત્ર અને સંયમ એને હોય નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમ્યગ્દર્શન વિના ઠરવું શેમાં? ભાન તો છે નહિ.

મુમુક્ષુ :- ચારિત્ર.

ઉત્તર :- ચારિત્ર શું? ચારિત્રનો અર્થ શું? રાગથી, વિકલ્પથી, પુણ્ય-પાપથી આત્મા ભિન્ન છે એવા અનુભવ વિના એમાં ઠરવું એવું ચારિત્ર ક્યાંથી હોય? તો જેમાં ઠરવું છે, જેમાં રમવું છે, જેમાં જામવું છે એ ચીજની તો ખબર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ માને, માને તો અજ્ઞાનીને ચારિત્ર ક્યાં છે? બહારની ક્રિયાકાંડ કરે છે, દયા, દાન, વિકલ્પ રાગ છે ભાઈ!

મુમુક્ષુ :- એનું ફળ તો મળશેને?

ઉત્તર :- મળશે રખડવાનું. ચાર ગતિમાં રખડવાનું. ફળ મળ્યા વિના રહે? આહા..હા..! કામ આકરું છે. અત્યારના માણસોની બહારની દૃષ્ટિમાં... ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જે કહ્યું એ તો પૂર્ણાનંદ, સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. એમાં તો દયા, દાન, ભક્તિ, પૂજા આદિનો ભાવ છે એ રાગ છે. એ રાગ સ્વભાવમાં નથી. એવું ભેદજ્ઞાન, વિભાવજ્ઞાન, વહેંચણીનું જ્ઞાન, સ્વપરની જુદાઈનું જ્ઞાન નથી એને સમ્યગ્દર્શન નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ચારિત્ર તો છેને?

ઉત્તર :- એ તો વાત કરવી છે કે સમ્યગ્દર્શન નથી તો ચારિત્ર હોતું નથી. ચારિત્રનો અર્થ સ્વરૂપ રાગરહિત આનંદકંદ સિદ્ધ સમાન પવિત્ર શુદ્ધ છે. એવી અંતર દૃષ્ટિ અનુભવ કર્યા વિના શેમાં ઠરવું? ચારિત્ર તો ચરવું, રમવું, જામવું, લીન થવું એનું નામ ચારિત્ર છે. આ કાંઈ દેહની ક્રિયા દયા, દાન, વ્રતના પરિણામ એ કોઈ ચારિત્ર-ફારિત્ર છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહે છે કે ભગવાને આગમમાં એ કહ્યું છે. શું? કે દેહ આદિ તો ભિન્ન છે જ આત્માથી. જડ આ તો માટી છે. આહા..હા..! એની જે હલન-ચલનની ક્રિયા થાય છે એ તો જડની પર્યાય છે. જડ દ્રવ્ય, જડ ગુણ, જડ પર્યાય. તો આ પરમાણુ છે દ્રવ્ય એ જડ છે, એના રંગ, ગંધ, રસ, સ્પર્શ એ ગુણ જડ છે અને એની હલન-ચલનની પર્યાય, વર્ણ, ગંધની અવસ્થા એ બધું જડ છે. તો જડની ક્રિયાથી પોતાનો આત્મા ભિન્ન છે એવું જેને ભાન નથી, અનુભવ નથી અને અંતરમાં વિકલ્પ ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિ શુભરાગ એનાથી પણ આત્મા ભિન્ન છે એવા સ્વપરના વિભાગનો જેને અભાવ છે એ સમ્યગ્દર્શનથી શૂન્ય છે. સમજાણું કાંઈ?

અને એને '**કાયા અને કષાય સાથે એકતા...**' છે. આહા..હા..! આ શરીરની પર્યાય થાય છે એ મારાથી થાય છે એવી એકતાબુદ્ધિ છે અને આ રાગ છે એ મારી ચીજ છે. એવી આસ્રવ, પુણ્યની સાથે એકતાબુદ્ધિ છે. તો કષાય નામ રાગ અને કાયા નામ શરીર-એની સાથે એકતાબુદ્ધિ હોવાથી કાયા અને કષાય એનાથી રહિત અકષાય અને અશરીરી આત્મા એનો અનુભવ નહિ થવાથી સંયમ થતો નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! અહીં તો ત્યાં સુધી કહ્યુંને? '**તે જીવો, (પોતાને) વિષયોની અભિલાષાનો નિરોધ નહિ થયો હોવાને લીધે...**' આહા..હા..! શું કહે છે જુઓ, કે પોતાનું આનંદસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ, એની અનુભવદૃષ્ટિ થઈ નથી, વિકલ્પથી ભિન્ન આત્મા, આસ્રવથી ભિન્ન આત્માનું ભાન થયું નથી તો સમ્યગ્દર્શન નથી. તો એની ભાવના ક્યાં છે? સમ્યગ્દર્શન થાય તો તો સ્વરૂપની એકાગ્રતા કરવાની ભાવના છે. તો એ તો છે નહિ. તો રાગની ભાવના રહી ગઈ. એનો અર્થ એમ થયો કે પંચેન્દ્રિયના વિષયની અભિલાષાનો નિરોધ નથી એનો અર્થ? કે આનંદનો અનુભવ નથી, તો રાગનો અનુભવ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા નિર્વિકલ્પ અભેદ આનંદસ્વરૂપ એની દૃષ્ટિ વિના આનંદનો અનુભવ નથી, ભોગ નથી, આનંદનો ભોગ નથી. તો એના અભાવરૂપ રાગનો ભોગ છે. રાગનો ભોગ છે તો પંચેન્દ્રિયના અભિલાષીને અંદર વિષયની જ અભિલાષા પડી છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું છે, ભાઈ! વર્તમાન ચાલતી પ્રથાથી બહુ વિપરીત છે. આહા..હા..! કહે છે કે આત્મા રાગ દયા, દાન, વ્રત, ભક્તિનો કે હિંસા, જૂઠું, ચોરીનો રાગ. બેય વિકાર. એ વિકાર અને કાયાથી એટલે આસ્રવ અને કાયાથી ભિન્ન ભગવાન અશરીરી અને અકષાય છે. એવો અનુભવ સમ્યગ્દર્શન નથી, એને આત્માના સ્વરૂપની શુદ્ધતાની ભાવના નથી. તેને

તેનાથી વિપરીત રાગની એકતા છે તો રાગની ભાવના છે. એ રાગની ભાવનામાં પંચેન્દ્રિય વિષયના ભોગની નિવૃત્તિ નથી એમ કહે છે. કાંતિભાઈ! બહારથી ભલે ભોગથી નિવૃત્તિ લીધી હોય, બ્રહ્મચર્ય હોય, પણ અંદરમાં રાગની એકતા છે તો પાંચ ઈન્દ્રિયના વિષયથી નિવર્ત્યો નથી એમ કહે છે. આહા..હા..! બહારથી લઈ લીધું લ્યો બ્રહ્મચર્ય અમારે પાળવું જાવજીવ કાયાથી. એ તો વિકલ્પ છે, શુભરાગ છે. એ કોઈ બ્રહ્મચર્ય નથી. સમજાણું કાંઈ? ધીરુભાઈ! બ્રહ્મચર્ય તો બ્રહ્મ નામ આનંદસ્વરૂપ આત્મા એ પુણ્ય-પાપના રાગથી ભિન્ન થઈને સ્વરૂપમાં રમણતા કરે એનું નામ બ્રહ્મચર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે, બહુ (ભારે) વાત. એવો અધ્યવસાય રાગ, વિકલ્પ અને કાયાથી એકત્વબુદ્ધિ માનનાર જીવને પંચેન્દ્રિયના વિષયની ભોગની અભિલાષા રોકાઈ નથી એમ કહે છે. આહા..હા..! કેમકે એમાં રાગની મીઠાશનો આનંદ આવે છે એમ માને છે. એ રાગ વિકલ્પ શુભ છે, દયા, દાન, વ્રત, ભક્તિનો આસ્રવ એમાં મીઠાશ છે, પ્રેમ છે, એ રાગ પરવસ્તુ છે, પરવિષય છે. તો એને કારણે પંચન્દ્રિય વિષયનો એને રાગની એકતાને કારણે અને રાગની ભાવના કારણે પંચેન્દ્રિય વિષયના ભોગથી નિવૃત્ત તો છે જ નહિ. આહા..હા..! ગજબ વાત છેને! સમજાણું કાંઈ? શાંતિભાઈ! માર્ગ એવો છે, પ્રભુ! ઓહો..હો..! સાંભળવા મળે નહિ, વિચારમાં આવે નહિ, રુચિમાં આવે નહિ તો પરિણમન ક્યાંથી થાય? બહાર ને બહારમાં અનાદિથી રખડી રહ્યો છે.

કહે છે કે '**સર્વતઃ પ્રવૃત્તિ કરતા હોવાથી,...**' એમ કહે છે. '**છ જીવનિકાયના ઘાતી થઈને સર્વતઃ પ્રવૃત્તિ કરતા હોવાથી,...**' આહા..હા..! એમ કેમ કહ્યું? પંચેન્દ્રિય વિષયનો નિરોધ નથી કહ્યો એ તો ઠીક, પણ છ જીવનિકાય. છ એટલે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એમ લીધું. ત્રસ, સ્થાવર એમ ન લીધું. ત્રસ, સ્થાવરના ઘાતથી નિવૃત્તિ એમ ન લીધું. પણ છ કાય છ જીવનિકાય લીધા. કેમકે એમાં પાંચ એકેન્દ્રિય સિદ્ધ કરવા છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસ એ છ. છ જીવની. છ જીવની-નિકાય. નિકાય એટલે સમૂહ. સમજાણું કાંઈ? જેને આ શરીરની એકતા છે અને રાગની એકતા છે તો પોતામાં પોતાના સ્વરૂપનો ઘાત થાય છે. તો ઘાત થાય છે એવા ભાવમાં છ કાયની હિંસા છે જ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ!

'**સર્વતઃ નિવૃત્તિનો અભાવ છે...**' આહા..હા..! ભગવાન આત્મા આનંદસ્વરૂપની અનુભવની દૃષ્ટિના અભાવમાં, આનંદની ભાવના તો છે નહિ. તો જેના ઉપર એની દૃષ્ટિ અંતરમાં છે. એની એ તરફની ભાવના છે. મનોરથ પણ એ છે એમ કહે છે. ઉંડે અભિપ્રાયમાં રાગની સાથે એકતા છે તો રાગનો જ મનોરથ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચાહે તો દ્રવ્યલિંગી મુનિ નવમી ગ્રૈવેયક ગયો મિથ્યાદૃષ્ટિ. એક પાણીનું બિંદુ પણ એને માટે બનાવ્યું હોય તો ન લે. પ્રાણ જાય તોપણ હોં! એવી એની ક્રિયા. અને બીજા સ્વર્ગની ઈન્દ્રાણી

ચળાવા આવે તો મનથી ચળે નહિ. એવી એને રાગની મંદતા એવી છે. બીજા દેવલોકની ઈન્દ્રાણી ચળાવા આવે તો વિષયથી ચળે નહિ. તોપણ રાગના કષાયના કણ સાથે મેળવણી, એકત્વબુદ્ધિ છે એ વ્યભિચાર છે. સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! ઝીણી વાતું છે ત્યાં. નંદરબારમાં તો ક્યાંય મળે એવું નથી ત્યાં. ત્યાં તો ગપ્પેગપ્પ બધા ચાલે છે. આહા..હા..!

ભગવાન એમ કહે છે ભગવાનને. પરમાત્મા પોતે નિજ આનંદસ્વરૂપ. કહે છે કે તારા આનંદનો ભેટો અવ્યભિચારી દૃષ્ટિ નથી તો રાગની એકતામાં વ્યભિચારી દૃષ્ટિ છે તારી. આહા..હા..! સમજાણું કાંઈ? કઠણ વાત છે. પરની દયાનો ભાવ. ભાવ એ રાગ છે. પરની દયા રાગથી પાળી શકતો નથી. કેમકે પરદ્રવ્યની પર્યાય સ્વતંત્ર છે. પણ રાગની સાથે એકત્વબુદ્ધિ છે, જેઠાભાઈ! એનું નામ ભગવાન મૈથુન અને વ્યભિચાર કહે છે. સંયોગભાવ સાથે એકત્વબુદ્ધિ. જેમ સ્ત્રી સંયોગી ચીજ છે તો એની સાથે સંયોગ એ વ્યભિચાર મૈથુન છે. પરમાત્મા કહે છે કે રાગ સંયોગી વિકારી સ્વભાવ છે. એની સાથે એકત્વબુદ્ધિ એ મૈથુન, અભ્યંતરના વ્યભિચાર મૈથુન છે. આહા..હા..! ભારે કઠણ! સમજાણું કાંઈ?

એ વાત થઈ હતીને ભાઈ તે દિ'? ૯૬માં ગાંધીજી આવ્યા તે દિ'. ૯૬. ગાંધીજી આવ્યા હતાને ત્યાં... મેં કીધું રાગથી ધર્મ માને એ મૂઢ અજ્ઞાની છે. એ તો આવે છેને પહેલા બંધ અધિકારમાં. આહા..હા..! યાદ કર્યા હતા. એક મહારાજ મને મૂઢ કહેતા હતા એ ક્યાં છે? એ તો એણે ઉપાડી લીધું. એ તો વ્યાખ્યાનમાં વાત આવી હતી. આહા..હા..! આકરી વાત બાપા! અહીં તો કહે છે કે જેમ સ્ત્રીનો ભેટો... જેમ સ્ત્રી પર છે તો એક જીવ-એક દ્રવ્ય બીજા દ્રવ્યની સાથે સંયોગ કરે છે (એને) વ્યભિચાર કહે છે. એમ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ એની વિકલ્પમાત્ર રાગની મંદતાનો ભાવ સાથે એકત્વબુદ્ધિ વ્યભિચાર છે. એ હિંસા છે, એ અસત્ય છે, એ ચોરી છે, એ પરિગ્રહ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે કામ!

એ માટે અહીં લીધું છે કે '**વિષયોની અભિલાષાનો નિરોધ નહિ થયો હોવાને લીધે છ જીવનિકાયના ઘાતી થઈને સર્વતઃ પ્રવૃત્તિ કરતા હોવાથી,...**' વ્યભિચાર પણ છે અને પોતાનો ઘાત થાય છે. પોતાનો ઘાત છે તો છ કાયની હિંસાનો ઘાત કરવાથી નિવૃત્ત થયો જ નથી. નિશ્ચય જે અનુભવમાં સ્થિરતા હોય તો છ કાયના ઘાતથી નિવૃત્ત થયો વ્યવહાર કહેવામાં આવે છે. એમ કહે છે. આહા..હા..! ભારે કામ ભાઈ! ધર્મમાર્ગ અલૌકિક છે, પણ લોકોએ બહારમાં એટલું ફેરવી નાખ્યું છે. આખું સ્વરૂપ જ વ્યભિચાર કરી નાખ્યું. આવે છેને પ્રવચનસાર નહિ? વ્યભિચાર નહિ? એ નિર્જરામાં પણ આવે છે. સમયસાર. અહીં આવે છે વ્યભિચાર શું કીધું ત્યાં? અભિસારિકા. આપણે પહેલા બધા મૂક્યા હતાને બોલ. ૧૦૮ બોલ મૂક્યા હતા પહેલા ઘણા વર્ષ પહેલાં. શુભના ૧૦૮ બોલ કાઢ્યા હતા. તો એ બંસીધરજી આવ્યા ત્યારે લ્યોને. ..બેની સાલ. ... સમયસાર છેને એ? જૂનું સમયસાર

એમાંથી ૧૦૮ બોલ કાઢ્યા હતા. શુભ કહો, વ્યભિચાર કહો. સમજ્યાને? અહિતકર કહો એવા ઘણા બોલ કાઢ્યા હતા. પહેલા પાનામાં છે. ...બધું આત્મધર્મમાં આપી દીધું છે. અને ક્યાં-ક્યાં છે એ પણ આવી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ?

લાવોને એય..! સમયસાર છેને? આમાં નથી હોં. જૂનું છેને. આ તો કોક નવો બોલ નીકળવા માટે. અભિસારિકા કીધી વેશ્યા. રાગની પરિણતિને વેશ્યા કીધી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવ્યુંને? પહેલા આવી ગયું છે. વેશ્યા. પ્રવચનસારમાં પહેલા આવ્યું છે. વેશ્યા એટલે વ્યભિચાર. આહા..હા..! જુઓ, બહુ કાઢ્યું છે. પ્રવચનસાર ધૂર્ત અભિસારિકા લ્યો! પાનું-૧૧૭ લખ્યું છે આપણામાં ગુજરાતીમાં. છેને આ બોલ કાઢ્યા. ઘણા વર્ષ પહેલાની વાત છે ૨૩ વર્ષ પહેલાં. ... પ્રવચનસાર. ધૂર્ત, એ રાગની શુભ પરિણતિ એ ધૂર્ત. અભિસારિકા નામ વેશ્યા. પ્રવૃત્તિ, ... અબાધિત, ઘાતી, પરભાવ, ઉત્પન્નધ્વંસિ, બાધક, જૈનધર્મ નથી, વિરાધના, અપ્રશસ્ત, અકૃપા, અસિદ્ધિ, અસહાયતા એવા-એવા ઘણા બોલ કાઢ્યા છે. ૧૦૮. શુભરાગ અને રાગ ઉપરના ૧૦૮ વ્યવહારના કાઢ્યા છે. આત્મધર્મમાં આવી ગયું છે. પહેલા કાઢ્યા હતા એકવાર બેઠા હતાને તો આમ ઉતારી લીધા. પહેલા પાને છે સમયસારમાં. પરસમય અને અભૂતાર્થ, અચેતન અને જડ, પુદ્‌ગલ પરિણામ, અણાત્મા, મોહ, અસાવધાની એવા-એવા શાસ્ત્રમાંથી બોલ કાઢીને.. આ ગુજરાતી-ગુજરાતી. આહા..હા..! ૩૪ ગાથા વ્યભિચારની. ૭૯ ગાથા છે એમાં. ૭૯. આ તો હિન્દી છેને. ગુજરાતી વાંચેને અહીં તો બહુ. ટીકામાં... એ નહિ? ૭૯ને? ઠીક.

'**જે (જીવ) સમસ્ત સાવદ્યયોગના પ્રત્યાખ્યાનસ્વરૂપ પરમસામાયિક નામના ચારિત્રની પ્રતિજ્ઞા કરીને પણ...**' જુઓ, ૭૯ છે. ૭૯ (પ્રવચનસાર). ૭ અને ૯. આ બાજુ. ૭૯. '**જે (જીવ) સમસ્ત સાવદ્યયોગના પ્રત્યાખ્યાનસ્વરૂપ પરમસામાયિક નામના ચારિત્રની પ્રતિજ્ઞા કરીને પણ ધૂર્ત અભિસારિકા સમાન શુભોપયોગપરિણતિથી અભિસાર (મિલન) પામતો થકો...**' જુઓ, ભાષા! ૭૯ની ટીકા. એ બાજુ ઓલીકોર છે. હિન્દી છે? ૧૧૦ પાને છે. ૧૧૦ પાનું. ભાષા એ જ છે જુઓ, જે આત્મા. જીવ એટલે જીવ. '**સમસ્ત સાવદ્યયોગના પ્રત્યાખ્યાનસ્વરૂપ પરમસામાયિક નામના ચારિત્રની પ્રતિજ્ઞા કરીને પણ ધૂર્ત અભિસારિકા...**' '**સંકેત પ્રમાણે પ્રેમીને મળવા જનારી સ્ત્રી.**' છે નીચે? '**સંકેત પ્રમાણે પ્રેમીને મળવા જનારી સ્ત્રી.**' એવી નાયિકા સમાન '**શુભોપયોગપરિણતિ...**' શુભોપયોગપરિણતિ નાયિકા સમાન ગણી છે. આહા..હા..! '**ધૂર્ત અભિસારિકા સમાન શુભોપયોગપરિણતિથી અભિસાર (મિલન) પામતો થકો (અર્થાત્ શુભોપયોગપરિણતિના પ્રેમમાં ફસાતો થકો)...**' જુઓ, '**મોહની સેનાને વશ વર્તવાપણું ખંખેરી નાખતો નથી, તે (જીવ), જેને મહા દુઃખસંકટ નિકટ છે એવો, શુદ્ધ આત્માને કેમ પામે?**' આહા..હા..! દુઃખ છે શુભોપયોગ કરનારા. બહુ એવા બોલ તો

૧૦૮ કર્યા છે. સમજાણું કાંઈ? અને શુભોપયોગપરિણતિને વ્યભિચારી નાયિકા જેવી કહી છે. આહા..હા..! લોકો રાડ પાડે છે. સમજાણું કાંઈ? દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાના, વ્રતનો, જાત્રાનો ભાવ જે શુભરાગ છે એ વ્યભિચારી સ્ત્રી જેવો છે એમ કહે છે.

**'અભિસાર (મિલન) પામતો થકો...'** આહા..હા..! ભગવાન આત્મા આમ આનંદ અનાકુળ આનંદરૂપ એ શુભભાવ વ્યભિચારી નાયિકા જેવી ચીજ છે પરિણતિ તો. મિલન કરે છે એ મોહની સેનાને નહિ જીતી શકે. મિથ્યાત્વને નહિ જીતી શકે એમ કહે છે.

મુમુક્ષુ :- એણે સારો માન્યો છે એટલે.

ઉત્તર :- સારો માન્યો છેને. આહા..હા..! ભારે વાત ભાઈ! આચાર્ય કેટલું સ્પષ્ટ કરે છે! કેટલું સ્પષ્ટ કર્યું બ્રહ્મચારીજી! અને તે નામ લઈને. શુભોપયોગપરિણતિ એવું નામ લઈને. આહા..હા..! સામાયિક તો, શુદ્ધ અને અશુદ્ધ પરિણતિ રહિત શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાનું નામ સામાયિક છે. એ સામાયિકના તો ઠેકાણા નથી. સામાયિકની વાત ચાલી છે એમાં. સર્વ સાવદ્યયોગનો ત્યાગ કરીને સામાયિક. સામાયિક એટલે અંદર આનંદમૂર્તિ પ્રભુ એમાં નિર્વિકલ્પ આનંદની છોળ ઉઠે, શાંતિની છોળ ઉઠે અંદરમાં, આનંદમાં મગ્ન હોય, એનું નામ સામાયિક કહે છે. એ સામાયિકના ભાવમાં અજ્ઞાની શુભરાગની વ્યભિચારી નાયિકા સાથે મિલન કરે છે, વ્યભિચાર કરે છે કહે છે. આહા..હા..! એટલું તો દિગંબર સંતો સ્પષ્ટ કરે છે. બીજાનું કામ નહિ એ. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! વસ્તુનું સ્વરૂપ એવું છે. આહા..હા..!

ભાઈ! રાગથી, વિકલ્પથી વ્યભિચાર. નિર્જરા અધિકારમાં આવે છે. નિર્જરા અધિકાર. ૨૩૦ ગાથા સમયસારમાં. વ્યભિચાર કહ્યું છે. અહીં અભિસારિકા કહ્યું છે. બધા બોલ .. ઓહો..હો..! ભાઈ! હજી તો જેને ખબર પણ નથી કે શું છે? ભગવાન સ્વ આનંદમૂર્તિ પ્રભુ, એની સાથે શુભવિકલ્પની પરિણતિ, કહે છે કે અભિસારિકા નાયિકાનું મિલન છે. પ્રેમી બાઈ એમ કહે છે કે અમુક સમયે આવીશ. એમ આ પ્રેમી વ્યભિચારી સાથે પ્રેમ કરે છે. આહા..હા..! શુભોપયોગ સાથે પ્રેમ કરે છે, વ્યભિચાર કરે છે. ગજબ વાત છે! માર્ગ એવો છે, ભાઈ! એ અહીં કહે છે, જેને રાગની એકતા છે વ્યભિચારી પરિણતિની સાથે, એને પંચેન્દ્રિયના વિષયનો નિરોધ બિલકુલ નથી. અને એને રાગથી પોતાના સ્વભાવની હિંસા થાય છે, તો છ જીવનિકાયના સમૂહની હિંસાથી પણ નિવૃત્તિ સર્વતઃ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એક વાત.

**'તેમ જ...'** હવે આજ નવી વાત. આ તો કાલે ચાલી હતી. તથાપિ છેને? **'તેમ જ...'** એમ લેવું. પિની જરૂર નથી. તથાપિનો અર્થ તોપણ એમ. તોપણનું અહીં શું કામ છે? અહીં તો **'તેમ જ...'** બસ એટલું લેવું. સંસ્કૃતમાં પણ એમ છે. **'निवृत्त्यभावात्तथा'** એમ છે. એક વાત આ કરી. હવે તથા (કહીને) બીજી વાત કરે છે. **'(૨) તેમને પરમાત્મજ્ઞાનના અભાવને લીધે...'** તેમને એટલે? જેને સ્વપરનું ભેદજ્ઞાન નથી, એ શુભરાગની પરિણતિથી

પણ મારી ચીજ તદ્દન નિર્મળાનંદ ભિન્ન છે એવી અનુભવદૃષ્ટિ નથી. '**તેમને પરમાત્મજ્ઞાનના અભાવને લીધે...**' એને આત્મા પરમાત્મસ્વરૂપ છે, જ્ઞાયક જ છે. આખા વિશ્વને જ્ઞેય કરીને એક સમયમાં પી જનારો ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? સમસ્ત વિશ્વને—પોતા સિવાય સમસ્ત ચીજને, અનંત કેવળીઓને, અનંત સિદ્ધોને, અનંત નિગોદ જીવને અને જીવથી અનંતગુણા પરમાણુને અને પરમાણુથી અનંતગુણા કાળને અને કાળથી અનંતગુણા આકાશ પ્રદેશને. એ આકાશપ્રદેશથી અનંતગુણા એક જીવના ગુણને અને એવી અનંતી પર્યાયને વિશ્વ .. એને પોતાના જ્ઞાનમાં અનંત પી જનારો આત્મા એવી આત્માની શક્તિ છે. તો એવા આત્માને પરમાત્મા જ્ઞાનના ભાન વિના. પરમ આત્મ, પરમસ્વરૂપ.

'**પરમાત્મજ્ઞાનના અભાવને લીધે જ્ઞેયસમૂહને...** એ બધું જ્ઞેય છે. '**ક્રમે જાણતી...**' એક સાથે તો જાણી શકતો નથી. કેમકે ભાન નથી. જ્ઞાયકમૂર્તિ આત્મા છે જ્ઞાનસ્વરૂપ. બધા જ્ઞેયને એક સાથે જાણવાની શક્તિ, એક સાથે આખા જ્ઞેયને પી જવાની શક્તિ. એવા પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીત, અનુભવ છે નહિ તો '**ક્રમે જાણતી નિરર્ગળજ્ઞપ્તિ હોવાથી...**' '**અંકુશ વિનાની; સંયમ વિનાની; નિરંકુશ; સ્વચ્છંદી.**' જ્યાં-ત્યાં રાગની એકતામાં પ્રવૃત્તિ કરે છે. અને જ્ઞેયને આ જ્ઞેય... આ જ્ઞેય... આ જ્ઞેય.. આ જ્ઞેય... જ્ઞેય-જ્ઞેયને ભિન્ન-ભિન્ન જાણીને ખંડ-ખંડ પોતામાં થાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞાનસ્વરૂપ ભગવાન. જુઓ એમાં છે નીચે? નહિ? એ તો વિશ્વ પછી. વિશ્વનું આવ્યું છે? આમાં નથી આવ્યું. નિરર્ગળજ્ઞપ્તિ એ પછી આવશે. આવી ગયું. ઠીક. આવી ગયું. નહિતર વિશ્વનું આવે છે. વિશ્વને આમ આખું પી જાય છે. આ એક જ આત્મા પરમસ્વરૂપ જ્ઞાન આખા વિશ્વને જ્ઞેયરૂપ, પ્રમેયરૂપ કરીને પોતાના જ્ઞાનમાં આખા પ્રમેયને પી જાય છે. એવી આત્મા વસ્તુ છે. સમજાણું કાંઈ? એવા '**પરમાત્મજ્ઞાનના અભાવને લીધે જ્ઞેયસમૂહને ક્રમે જાણતી...**' ક્રમે... ક્રમે... ક્રમે... ખંડ-ખંડ જાણે. '**નિરર્ગળ...**' સ્વચ્છંદી જ્ઞપ્તિ. જાણવાની ક્રિયા, સ્વચ્છંદી ક્રિયા છે એ તો. આહા..હા..!

'**જ્ઞાનરૂપ આત્મતત્ત્વમાં...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા એનું આત્મસ્વરૂપ. '**જ્ઞાનરૂપ આત્મતત્ત્વમાં...**' આત્મતત્ત્વ કેવું છે? જ્ઞાનરૂપ આત્મતત્ત્વ. રાગ, વિકલ્પ, વ્યવહાર, નિમિત્તરૂપ આત્મતત્ત્વ છે જ નહિ. સમજાણું કાંઈ? આ વાત છે. કાયરના કાળજા કંપી ઉઠે એવું છે. આહા..હા..! આવો ધર્મ! આ બધા પાણી ઉના પીધા. આ બધા કર્યા છેને તમે કેટલું? આહા..હા..! કહે છે એ બધી ક્રિયાને આત્માને જ્ઞાનમાં પી જાય એવી શક્તિ છે. પી જાય એટલે શું કહ્યું? કે એટલું તો લોકાલોક છે. એને તો જાણે છે. પણ એનાથી અનંતગુણા હોય તો એને જાણવાની શક્તિ જ્ઞાનસ્વરૂપ આત્માની છે. એ આત્મા જ્ઞાનરૂપ તત્ત્વ છે. એ રાગરૂપ, પુણ્યરૂપ તત્ત્વ આત્મા છે જ નહિ. સમજાણું કાંઈ?

'**તેમને પરમાત્મજ્ઞાનના અભાવને લીધે જ્ઞેયસમૂહને ક્રમે જાણતી નિરર્ગળજ્ઞપ્તિ**

**હોવાથી જ્ઞાનરૂપ આત્મતત્ત્વમાં એકાગ્રતાની પ્રવૃત્તિનો અભાવ છે.'** જ્ઞેયરૂપ પ્રવૃત્તિમાં એકાગ્ર છે. જ્ઞાનરૂપ ભગવાન આત્મા એકાગ્ર અંતરમાં થઈને, એક લક્ષ કરીને અંતરમાં એકાગ્ર થવું. એકરૂપ ધ્યેય કરીને એકાગ્ર થવું એનો અભાવ છે. '**(આ રીતે તેમને સંયમ સિદ્ધ થતો નથી.)**' જુઓ, એવા જીવને ચારિત્ર થતું નથી, સંયમ સિદ્ધ થતો નથી. ક્યાંથી થાય? હજી એકાગ્રતા અંદરમાં છે નહિ અને સંયમ ક્યાંથી આવ્યો? આહા..હા..! ભારે!

'**(આ રીતે તેમને સંયમ સિદ્ધ થતો નથી.) અને (-એ રીતે) જેમને સંયમ સિદ્ધ નથી...**' જેને અંતર ચારિત્રરૂપ સંયમ એ સાબિત નથી થતું. '**તેમને સુનિશ્ચિત ઐકાગ્ર્ય-પરિણતપણારૂપ શ્રામણ્ય...**' શ્રામણ્યની વ્યાખ્યા. સાધુ એને  કહીએ. ભગવાન પરમાત્મા કેવળજ્ઞાની ત્રિલોકનાથ સાધુ એને કહે કે '**સુનિશ્ચિત ઐકાગ્ર્ય-પરિણતપણારૂપ શ્રામણ્ય...**' '**(દઢપણે એકાગ્રતામાં...**' આનંદમાં, શાંતિમાં આવવું. '**ઐકાગ્ર્ય-પરિણતપણારૂપ શ્રામણ્ય...**' વસ્તુ ભગવાન આત્મા, જ્ઞાનનો પુંજ, આનંદનો કંદ એમાં એકાગ્રતાની પરિણતિ (અર્થાત્) રમતા રામ એવી દશા એનું નામ ભગવાન સાધુપદ કહે છે. જુઓ, એમાં કાંઈ પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ શ્રાવકના એ આવ્યા નહિ. અમરચંદભાઈ! પંચ મહાવ્રત પાળે છે અને અઠ્યાવીશ મૂળગુણ પાળે છે એ તો અહીં આવ્યું નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! એ તો અઠ્યાવીશ મૂળગુણ, પંચ મહાવ્રત શુભોપયોગ પરિણતિ છે, એ તો ભિન્ન છે. એનાથી તો ભિન્ન આત્મા એક જ્ઞાનસ્વરૂપ બધાને જ્ઞેયરૂપ કરીને પી જાય એવો આત્મા છે. એવા આત્માને પોતાના જ્ઞાનસ્વરૂપ એમ ન જાણતા, જ્ઞેયને ક્રમસરને જાણતા-જાણતા જ્ઞાનનો ખંડ કરે છે તો જ્ઞાનની એકાગ્રતા અંદર છે નહિ. જ્ઞાનની એકાગ્રતા વિના ચારિત્ર, સંયમ એને હોય નહિ.

'**સુનિશ્ચિત ઐકાગ્ર્ય-પરિણતપણારૂપ શ્રામણ્ય જ...**' ભાષા છે. દઢતાપૂર્વક ભગવાન આત્મા આનંદસ્વરૂપ એમાં એકાગ્રતા, રમણતા આનંદમાં, જ્ઞાનમાં. સમજણનો પિંડ પ્રભુ એમાં એકાગ્રતારૂપ, પરિણતપણારૂપ. એકાગ્ર પરિણતપણારૂપ, એકાગ્રતારૂપ પરિણમનતારૂપ, એકાગ્રતારૂપ પરિણમતા એમ. એનું નામ ચારિત્ર, એનું નામ સાધુ. શશીભાઈ! લ્યો આ સાધુ પંચ મહાવ્રત પાળે છે અને ફલાણું પાળે એ બધા સાધુ નથી એમ કહે છે. હાય.. હાય.. આમાં એ લીધું છે? અઠ્યાવીશ મૂળગુણ પાળે છે. ઓલા રાડું પાડે છે. કુંદકુંદાચાર્યે અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, પંચ મહાવ્રત તો જાવજીવ એણે પાળ્યા. અરે..! ભગવાન! શું કહે છે તું? રાગને પાળ્યો? .. એ તો રાગ વિકલ્પ છે. શાસ્ત્રમાં તો વ્યવહારનયનું કથન છે. એની ભૂમિકામાં એવા પરિણામ છે, એવું હતું એવું જ્ઞાન કરાવવા કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સાધુ, સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ એમ ઈન્દ્રોની સમક્ષ આ સાધુપદનું વર્ણન કરતા હતા. કે જેને પોતાનો આત્મા આનંદસ્વરૂપમાં દયા, દાન, ભક્તિના વિકલ્પનો પણ અભાવ અને એકલા જ્ઞાનસ્વરૂપમાં એકાગ્રતાની પરિણતિરૂપ દશા, વીતરાગ અવસ્થારૂપ દશા,

નિર્વિકલ્પ શુદ્ધ દશા, આનંદની છોળમછોળ જેની દશા, જેને શાસ્ત્રકાર ભગવાન કુંદકુંદાચાર્ય પ્રચુર સ્વસંવેદન કહે છે. સમ્યગ્દર્શનમાં સ્વસંવેદન છે, પણ પ્રચુર નથી. મુનિને પ્રચુર સ્વસંવેદન આનંદનો ભાવ એની પરિણતિરૂપ અવિકારી-અરાગી પરિણતિ એવું શ્રામણ્ય **'કે જેનું બીજું નામ મોક્ષમાર્ગ છે તે જ—સિદ્ધ થતું નથી.'** સાધુપદ સિદ્ધ થતું નથી તો બીજું નામ મોક્ષમાર્ગ પણ એને સિદ્ધ થતું નથી. સાધુપદ કહો કે મોક્ષમાર્ગ કહો. તો જ્યાં સાધુપદ જ સિદ્ધ નથી થતું તો મોક્ષમાર્ગ સિદ્ધ થતું નથી. સમજાણું કાંઈ? અરે..! ભગવાન! એમ કહે છે. એમ આવે છે.

તમે દિગંબર મુનિ છે એને તો માનતા જ નથી તો એ દિગંબર જ નથી એમ કહે છે. અરે..! ભાઈ! દિગંબર મુનિ કોને કહે એની તો ખબર નથી. સમજાણું કાંઈ? દિગંબર નામ અંતર રાગનું કપડું પણ જેમાં નથી. શરીરની ઉપર તો કપડું નહિ, પણ જેના વિકલ્પની રાગ શુભ, દયા, દાનના કપડા-પરિણામરહિત છે, શુદ્ધ પરિણતિને દિગંબર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એ શ્રદ્ધાના ઠેકાણા નથી, જ્ઞાનના ઠેકાણા નથી અને એને ચારિત્ર સંયમ આવી જાય ઠીક છે. કોણ ના પાડે. દુનિયા તો આમ ચાલે છે, ભાઈ!

કહે છે કે **'જેમને સંયમ સિદ્ધ નથી તેમને સુનિશ્ચિત ઐકાગ્ર્ય-પરિણતપણારૂપ...'** એકાગ્રપરિણતપણારૂપ એટલે એકાગ્ર પરિણમવારૂપ, એકાગ્ર પરિણમવારૂપ. **'કે જેનું બીજું નામ મોક્ષમાર્ગ છે તે જ—સિદ્ધ થતું નથી.'** લ્યો ભારે વાત આ! ભારે એટલે? તોલદાર હશે? અલૌકિભાવ છે, કિંમતી ચીજ છે, ભાઈ! એવી વાત છે. આહા..હા..! જેને હજી બાહ્ય ક્રિયાના ઠેકાણા નથી, ભૂમિકા પ્રમાણે વ્યવહારનો વિકલ્પ કેટલો હોય એનું ઠેકાણા નથી તો અંતરના તો ઠેકાણા છે નહિ. આહા..હા..! શું કરે? ભાઈ! દિગંબર ધર્મ તો અંતરમાંથી પ્રગટે છે કે કોઈ બહારની ક્રિયાથી દિગંબર થાય છે? સમજાણું કાંઈ? લ્યો!

**'આથી આગમજ્ઞાન...'** ભગવાનના કહેલા શાસ્ત્રનું જ્ઞાન **'તત્ત્વાર્થશ્રદ્ધાન...'** સમ્યક્ અને **'સંયતત્વના...'** સંયમ, ચારિત્ર, સ્વરૂપની રમણતા ત્રણે મળીને **'યુગપદપણાને જ...'** ત્રણે એક સાથે હોય તો **'મોક્ષમાર્ગપણું હોવાનો નિયમ થાય છે.'** ત્રણે એકપણે હોય ત્યાં મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? ત્રણમાંથી એક પણ છે ત્યાં સુધી મોક્ષમાર્ગ પૂરો નથી. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન હોય પણ સંયતત્વ સાથે ન હોય તો એને મોક્ષ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે ૨૩૭. ૨૩૭.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્વરૂપાચરણ અંશે થાય છે. કોઈ ચારિત્રની રમણતા નથી. જેને ચારિત્ર કહે, સંયમ કહે એ ચોથે, પાંચમે નથી. અહીં તો વિશેષ સ્વરૂપની રમણતા છઠ્ઠા ગુણસ્થાનની હોય, ત્રણ કષાયનો અભાવ.

મુમુક્ષુ :- .. શરૂઆત

ઉત્તર :- શરૂઆત ભલે હોય, પણ પૂર્ણ છઠ્ઠે થાય છે. ત્રણે મળીને એક મોક્ષમાર્ગ છે. ચોથે, પાંચમે સમ્યગ્દર્શન એ કહેશે. સમ્યગ્દર્શન હોય, અનુભૂતિ હોય, પણ સંયમ અને ચારિત્ર વિના એને પણ મુક્તિ છે નહિ. આહા..હા..! એમ કાંઈ ચાલે નહિ અહીં તો ભાઈ! સમજાણું કાંઈ? સ્વરૂપાચરણ હોય તો અંશે છે. ચારિત્રગુણની પૂર્ણતા વીતરાગતા ક્યાં છે છઠ્ઠા ગુણસ્થાન સિવાય? પાંચમે ગુણસ્થાને પણ એમ નથી. શાંતિ છે, અંશે વિશેષ છે ચોથા કરતાં. અહીંયાં તો શાંત... શાંત... શાંત... છઠ્ઠા ગુણસ્થાનરૂપ ત્રણ કષાયના અભાવની ચારિત્ર રમણતા. સમ્યગ્દર્શન હોય, અનુભૂતિ હોય છતાં જો સંયમ અને ચારિત્રની પરિણતિ ન હોય તો મોક્ષમાર્ગ સાબિત નથી થતો. એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં તો આખા પૂર્ણની વાત છેને? આહા..હા..!

એ ૨૩૭માં કહે છે જુઓ,

**ण हि आगमेण सिज्झदि सद्दहणं जदि वि णत्थि अत्थेसु।**
**सद्दहमाणो अत्थे असंजदो वा ण णिव्वादि।।२३७।।**

૨૩૭

**સિદ્ધિ નહિ આગમ થકી, શ્રદ્ધા ન જો અર્થો તણી;**
**નિર્વાણ નહિ અર્થો તણી શ્રદ્ધાથી, જો સંયમ નહીં. ૨૩૭.**

૨૩૭. આહા..હા..! આ જુવાની શરીરના રજકણો વીંખાઈ જશે, ભાઈ! જડ, માટી છે આ. સમજાણું કાંઈ? આ કર્મના રજકણો પલટી જશે. પાપના એકલા થઈને ચાલ્યો જઈશ કહે છે. આહા..હા..! ભગવાન આત્મા પોતાનું પરથી ભિન્ન સ્વરૂપ એવી દૃષ્ટિ અને અનુભવ વિના તને મોક્ષમાર્ગની શરૂઆત પણ થતી નથી. બહારથી ભલે બ્રહ્મચર્ય પાળો, બહારથી ભલે પરજીવની દયાનો ભાવ પણ હોય, પણ રાગથી રહિત પોતાનો ચિદાનંદ ભગવાન અનુભવમાં, દૃષ્ટિમાં, વેદનમાં ન લીધો તો સમ્યગ્જ્ઞાન અને દર્શન પણ નથી. અને દર્શન, અનુભવ થવા છતાં સંયમ ન હોય તોપણ ચારિત્ર વિના મુક્તિ નથી. આહા..હા..! એ ચારિત્ર કોઈ બહારની ચીજ નથી. અંતરના સ્વરૂપની રમણતાના આનંદની ઉગ્રતાનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ?

'**ટીકા :- આગમજનિત જ્ઞાનથી, જો તે શ્રદ્ધાશૂન્ય હોય...**' એ આગમનું જ્ઞાન કર્યું બહુ, જાણપણું એકલું કર્યું કે આમ છે ને તેમ છે ને તેમ છે. '**આગમજનિત જ્ઞાનથી,...**' જુઓ, પણ '**જો તે શ્રદ્ધાશૂન્ય હોય...**' પણ સમ્યગ્દર્શન આત્માના નિર્વિકલ્પ અનુભવમાં પ્રતીત નથી. '**તો, સિદ્ધિ થતી નથી;...**' સમજાણું કાંઈ? આગમ અહીંયાં તો ઉઘાડભાવ છે પરતરફના લક્ષે. એનાથી રહિત ભગવાન અખંડ જ્ઞાનસ્વરૂપ પૂર્ણ બ્રહ્મ આનંદ એની જો અંતર અનુભવમાં પ્રતીતિ નથી તો એને સિદ્ધિ થતી નથી. '**તથા તેના વિના જે હોતું**

**નથી એવા શ્રદ્ધાનથી પણ,...**' જુઓ, '**એવા શ્રદ્ધાનથી પણ, જો તે (શ્રદ્ધાન) સંયમશૂન્ય હોય...**' એ સમ્યગ્દર્શન અને અનુભૂતિ થઈ. છતાં જો ચારિત્ર સંયમસ્વરૂપ રમણતાથી શૂન્ય હોય તો સિદ્ધિ નથી થતી. આહા..હા..! સમજાણું કાંઈ? લોકો એમ કહે કે એ ચારિત્ર માનતા નથી, એ ચારિત્ર માનતા નથી. કેમકે કોઈ વ્રત લેતું નથી. પણ વ્રત કોને કહેવા એની હજી તને ખબર નથી. આ બહારથી લઈ લે વ્રત એ વ્રત છે? વ્યવહારના પણ ઠેકાણા નથી વ્રતમાં. ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ? તો ચારિત્ર નથી માનતા એમ કહે છે લ્યો! ભાઈ! આહા..હા..!

ચારિત્ર તો અલૌકિક વસ્તુ છે. ચારિત્ર તો મોક્ષનું સાક્ષાત્ કારણ છે. સમ્યગ્દર્શન તો પરંપરા કારણ છે. સમજાણું કાંઈ? પરંપરા એટલે કે ચારિત્ર થશે તો (મોક્ષ) થશે, નહિતર થશે નહિ. ઓહો..! શ્રમણ નામ બીજો મોક્ષનો માર્ગ એ તો ભગવાન આત્મામાં શ્રદ્ધા-જ્ઞાનની એકાગ્રતા ઉપરાંત, વીતરાગભાવની એકાગ્રતા જ્યાં નથી ત્યાં મુક્તિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં સિદ્ધિ નથી. તો કોઈ એમ કહે કે પણ એ તો પંચમકાળના મુનિને તો મોક્ષ છે નહિ. તમે એવી વાત કેમ કરો છો? અરે..! ભગવાન! સાંભળ તો ખરો, ભાઈ! આ શું કહે છે? આચાર્ય તો કહે છે. આચાર્ય પંચમકાળના છે. ખબર નથી એને? મારું આયુષ્ય તો બંધાઈ જશે. હું સ્વર્ગમાં જઈશ. આ ભવમાં મુક્તિ છે નહિ. એ ખબર નથી? એ વિકલ્પ અને આયુષ્ય મારી ચીજ જ નથી. આહા..હા..! મારી ચીજ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માની પ્રતીત, જ્ઞાન અને રમણતા એ મારી ચીજ છે. એ ચીજથી મુક્તિ જ છે. અત્યારે મુક્તિ છે, સાંભળને. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**શ્રદ્ધાનથી પણ, જો તે (શ્રદ્ધાન) સંયમશૂન્ય હોય...**' સંયમશૂન્યનો અર્થ? ચારિત્રની રમણતા ન હોય, વીતરાગ રમણતા ન હોય તો એકલી સમ્યગ્દર્શન, જ્ઞાનથી સિદ્ધિ નથી થતી, મુક્તિ નથી થતી. આહા..હા..! અને એ ચારિત્ર બહારની ક્રિયા લેવા માંડે અને સમ્યગ્દર્શન-જ્ઞાન નથી, એ તો ચારિત્ર પણ નથી, એ તો અવ્રતી, અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? '**તે આ પ્રમાણે** -' એનું સ્પષ્ટીકરણ કરે છે. કહેલી વાતનું સ્પષ્ટીકરણ. '**આગમબળે...**' આત્મબળથી નથી લીધું ભાઈ! જુઓ, આગમબળથી. શાસ્ત્રના ભણવાના બળથી, સાંભળવાથી. આગમબળે. ભગવાન આત્મા આનંદકંદના આત્મ અનુભવથી એમ નહિ. આહા..હા..!

'**આગમબળે સકળ પદાર્થોની વિસ્પષ્ટ તર્કણા કરતો હોવા છતાં પણ...**' સકળ જગત પદાર્થને વિસ્પષ્ટ '**વિચારણા; યુક્તિ વગેરે આશ્રયવાળું જ્ઞાન.**' '**કરતો હોવા છતાં પણ, જો જીવ સકળ પદાર્થોના જ્ઞેયાકારો...**' આવ્યું ભાઈ જુઓ, હવે આવ્યું. મેં કીધું આવે છે. જુઓ આ વિશ્વને પી ગયો એમ કહે છે જુઓ. '**આગળબળે સકળ પદાર્થોની વિસ્પષ્ટ...**' વિશેષે સ્પષ્ટ '**તર્કણા કરતો હોવા છતાં પણ...**' વિચારણા, યુક્તિ

કરતો હોવા છતાં પણ '**જો જીવ સકળ પદાર્થોના જ્ઞેયાકારો સાથે...**' જુઓ, '**મિલિત થતું વિશદ એક જ્ઞાન જેનો આકાર છે...**' લ્યો! શું છે? ભગવાન આત્માનો આકાર-સ્વરૂપ શું છે? સર્વ જ્ઞેય પોતાના જ્ઞાનમાં આવી જાય એવું જ્ઞાન, એવું એક સ્વરૂપ ભગવાન જ્ઞાન છે. આખું વિશ્વ એક બાજુ અને એક બાજુ એકલો જ્ઞાનનો આકાર, જ્ઞાનનું સ્વરૂપ.

'**આગમબળે સકળ પદાર્થોની વિસ્પષ્ટ તર્કણા કરતો હોવા છતાં પણ જો જીવ સકળ પદાર્થોના જ્ઞેયાકારો...**' જુઓ, જ્ઞેયાકાર. '**સાથે મિલિત થતું...**' '**મિશ્રિત થતું; સંબંધ પામતું અર્થાત્ તેમને જાણતું. (સમસ્ત પદાર્થોના જ્ઞેયાકારો જેમાં પ્રતિબિંબિત થાય છે...**' જ્ઞાન આત્માનો સ્વભાવ છે. '**તેમને જે જાણે છે એવું સ્પષ્ટ એક જ્ઞાન જ આત્માનું રૂપ છે.)**' આખા વિશ્વને, આખા વિશ્વને જાણે એવું એકરૂપ જ્ઞાન જ આત્માનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સકળ પદાર્થોના...**' સકળ કહો કે વિશ્વ કહો-સમસ્ત પદાર્થ. એક. '**જ્ઞેયાકારો...**' સર્વજ્ઞ પરમેશ્વર બીજા છે, અનંત સિદ્ધો છે, કેવળીઓ લાખો છે—એ પણ એ જ્ઞેયનો આકાર છે. એ '**સકળ પદાર્થોના જ્ઞેયાકારો સાથે મિલિત થતું વિશદ એક જ્ઞાન...**' અનંતને જાણે છતાં જ્ઞાન એકરૂપ પરિણતિ કરે એવું જ્ઞાન '**જેનો આકાર છે...**' આત્માનું સ્વરૂપ છે, આત્માનું એ રૂપ છે. '**એવા આત્માને...**' એવા આત્માને... જુઓ, ભાષા. '**એવા આત્માને...**' કેવા આત્માને? કે સમસ્ત પોતા સિવાય અને સ્વ. ..સમસ્ત જ્ઞેયને, સમૂહને એક સમયમાં જ્ઞાનરૂપ પરિણમન કરવું એવું આત્મજ્ઞાન છે. સમજાણું કાંઈ?

'**એવા આત્માને તે પ્રકારે પ્રતીત કરતો નથી,...**' જુઓ, તે પ્રકારે. તે પ્રકારનો અર્થ જ્ઞાનસ્વરૂપ ભગવાન અને અનંત જ્ઞેય-વિશ્વ પર, એ જ્ઞેય સંબંધીનું જ્ઞાન પોતામાં પોતાને કારણે જ્ઞાનરૂપ એકરૂપ છે એવું આત્મતત્ત્વ, એવા આત્મતત્ત્વને '**તે પ્રકારે પ્રતીત કરતો નથી,...**' તે પ્રકારે પ્રતીત કરતો નથી. સમજાણું કાંઈ? હું તો સમસ્ત વિશ્વને જાણનારો એક વસ્તુ છું. અનંત વિશ્વને જાણું છું તો અનેક થઈ જાઉં છું એમ નથી. સમજાણું કાંઈ? આત્માનું આત્મજ્ઞાન, આત્માનું જ્ઞાન કેવું છે? કે એ જ્ઞાન સર્વ વિશ્વને અનંત નિગોદ, અનંત કેવળી, સર્વ અનંત જીવો, અનંત .. આવે છે. પુદ્ગલ, આકાશ, કાળ, અનંત ગુણ. બધાને એક સમયે પી જનારા એવા આત્માનું જ્ઞાન, એવો આત્મા. એવું જ્ઞાન અને એવો આત્મા. આહા..હા..! માળે પણ ટીકા તે કેવી!

'**એક જ્ઞાન જેનો આકાર છે...**' એકરૂપ જ્ઞાન. આખા વિશ્વને જાણવારૂપ એક જ્ઞાનરૂપ જેનો આકાર છે. '**એવા આત્માને,...**' એવા આત્માને '**તે પ્રકારે...**' તે પ્રકારે. હું તો એકલો જાણનાર-દેખનાર સમસ્ત વિશ્વનું .. એકરૂપ છું. '**તે પ્રકારે પ્રતીત કરતો નથી,...**' સમજાણું કાંઈ? આહા..હા..! '**તો યથોક્ત આત્માના શ્રદ્ધાનથી...**' તો યથા-ઉક્ત. જે આત્મા કહ્યો, જે જ્ઞાનમાં આખા વિશ્વને પી જાય એવો આત્મા '**યથોક્ત...**' યથા-ઉક્ત

કહ્યો એવા આત્માના '**શ્રદ્ધાનથી શૂન્ય હોવાને લીધે...**' એવો જ્ઞાનસ્વભાવ એકલો ભગવાન આખા વિશ્વને જાણનારો એવા આત્માના, એવા આત્માનું જ્ઞાન, એવું જ્ઞાનસ્વરૂપ આત્મા એના '**શ્રદ્ધાનથી શૂન્ય હોવાને લીધે યથોક્ત આત્માને અનુભવતો નથી...**' એવી શ્રદ્ધાથી શૂન્ય છે તો જે કહ્યું એકરૂપ જ્ઞાન એવા આત્માને અનુભવતો નથી. આહા..હા..! ભારે! જેઠાભાઈ!

મુમુક્ષુ :- જેવો છે તેવો.

ઉત્તર :- એકરૂપ જ્ઞાન આખા વિશ્વને જાણનારું એકરૂપ જ્ઞાન. એ એકરૂપ જ્ઞાન એ આત્મતત્ત્વ, એ આત્મા. જુઓ, આત્માની વ્યાખ્યા. આહા..હા..! ભગવાન આત્મા અંદર સમસ્ત વિશ્વને એક સમયમાં જાણનાર એવું જ્ઞાનતત્ત્વ અને આત્મા. એવો યથોક્ત કહ્યો એવા આત્માને એ પ્રકારે અંતરમાં પ્રતીતિ નથી કરતો તો '**યથોક્ત આત્માના શ્રદ્ધાનથી શૂન્ય હોવાને લીધે યથોક્ત આત્માને અનુભવતો નથી....**' યથા ઉક્ત ભગવાન જ્ઞાનસ્વરૂપ. જ્ઞેયની સાથે કાંઈક નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવાથી બધા નિમિત્તનું જ્ઞાન કરવાનું એનો પૂર્ણ સ્વભાવ એવો આત્મા. એવા આત્માની અંતર અનુભૂતિથી શ્રદ્ધા નહિ કરવાથી '**યથોક્ત આત્માને અનુભવતો નથી એવો તે જ્ઞેયનિમગ્ન...**' બસ રાગાદિ વિકલ્પમાં મગ્ન છે. રાગાદિ છે એ સર્વ વિશ્વમાં આવે છે. અને એનો તો આત્મા જ્ઞાનરૂપ છે. તો જ્ઞાનમાં જાણવું એ સ્વભાવ છે. રાગથી માનીને બધી ચીજ દુનિયા અનંત કેવળી, અનંત નિગોદ આદિ જીવ. નિગોદ આદિ અનંત જીવ છે એ તો જાણવામાં, જ્ઞાનમાં આવે છે. તો એની દયા પાળવી એવી કોઈ ચીજ નથી. એ તો પરચીજ છે, જ્ઞેય છે. જ્ઞેય છે એટલું પોતાના જ્ઞાનમાં એ પ્રકારનો અનુભવ જ્ઞાનમાં થઈ જાય છે. એકરૂપ જ્ઞાન કે આ છે બધું.

એવા જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માનું એ પ્રકારે યથોક્ત અનુભવ નથી, શ્રદ્ધા નથી તો એ '**જ્ઞેયનિમગ્ન જ્ઞાનવિમૂઢ જીવ...**' આહા..હા..! શું કહે છે જુઓ, એ વિકલ્પ રાગની મંદતા છેને એને પણ પોતાનું જ્ઞાનસ્વરૂપ જાણનારું જ્ઞાનતત્ત્વ છે. સમસ્ત વિશ્વ(રૂપ) જ્ઞેયને પી જનારું જ્ઞાન છે. એવા જ્ઞાનરૂપ યથોક્ત પ્રકારે અંતરદૃષ્ટિનો અનુભવ અને ભાન નથી તો એ રાગ જ્ઞેયમાં નિમગ્ન છે. ચાહે તો શુભરાગનો વિકલ્પ હોય એમાં નિમગ્ન છે તો એ જ્ઞેયમાં નિમગ્ન છે. આહા..હા..! વાહ રે વાહ! ... પરમાત્મ પ્રવચનસાર ભગવાનની વાણીનો સાર છે.

મુમુક્ષુ :- દિવ્યધ્વનિનો સાર.

ઉત્તર :- દિવ્યધ્વનિનો સાર છે. એવી વાત પણ ઓહો..હો..!

ભગવાન! એ તો સમસ્ત વિશ્વને એક સમયમાં પી જનારો. પી જવાનો અર્થ? એ સંબંધીનું જ્ઞાન કરનારું એક આકારરૂપ તારું સ્વરૂપ છે. એમ અંતર્મુખ થઈને અનુભવ, દૃષ્ટિ અને શ્રદ્ધા નથી, તો એ તો જ્ઞેયમાં નિમગ્ન વિમૂઢ છે. જ્ઞેયનું જ્ઞાન કરનાર એક આકારરૂપ સ્વભાવ છે.

એવા આત્મામાં નથી ઠરતા, નથી અનુભવતા એ જ્ઞેયમાં નિમગ્ન છે. એનું લક્ષ, દૃષ્ટિ રાગાદિ વિકલ્પ છેને મંદ? એ જ્ઞેય છે. એનું જ્ઞાન અહીંયાં એ અને બધાનું. એવા એકરૂપ જ્ઞાનાકારનું ભાન નથી એ જ્ઞેયનિમગ્ન વિમૂઢ છે.

'કઈ રીતે **જ્ઞાની હોય?' 'એવો તે જ્ઞેયનિમગ્ન જ્ઞાનવિમુઢ જીવ** કઈ રીતે **જ્ઞાની હોય?'** એને જ્ઞાની કેમ કહીએ? એ જ્ઞાની છે નહિ. '(**ન જ હોય, અજ્ઞાની જ હોય.**)' અજ્ઞાની જ છે. સમજાણું કાંઈ? વિશેષ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૫, શનિવાર, તા. ૧૯.૦૭.૧૯૬૯**
**ગાથા-૨૩૭-૨૩૮, પ્રવચન-૨૧૩**

પ્રવચનસાર. ૨૩૭ ગાથા. અહીં આવ્યું છે જુઓ. કહે છે કે જે પ્રાણી પોતાનું જ્ઞાયકસ્વરૂપ છે એમાં નિમગ્ન નથી અથવા એનો અનુભવ, શ્રદ્ધા નથી એ તો જ્ઞેયમાં નિમગ્ન છે. પહેલો પેરેગ્રાફ. આત્મા જ્ઞાયક ચિદાનંદસ્વરૂપ પરમાનંદસ્વરૂપ ધ્રુવ પરમસ્વભાવ એનો જેણે અનુભવ કર્યો નથી, શ્રદ્ધા નથી, અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન નથી, એ તો જ્ઞેયમાં મૂઢ છે. રાગાદિ, જ્ઞેય શબ્દે રાગાદિ થાય છેને વિકલ્પ જે શુભરાગ છે એમાં નિમગ્ન છે. એને જ્ઞાની કેમ કહીએ? એ તો અજ્ઞાની છે એમ કહે છે. આહા..હા..! જેણે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વ પર્યાયમાં જ્ઞેય કરીને અનુભવ નથી કર્યો અર્થાત્ જેને નિશ્ચય સમ્યગ્દર્શન, તત્ત્વાર્થશ્રદ્ધાન સ્વના અનુભવે નથી એ તો સ્વજ્ઞેયમાં મગ્ન નથી, એ તો પરજ્ઞેયમાં મગ્ન છે એમ કહે છે.

પરજ્ઞેય અર્થાત્ જે કાંઈ શુભાદિ રાગ છે એમાં જ મગ્ન છે. એવો '**જ્ઞાનવિમૂઢ જીવ** કઈ રીતે **જ્ઞાની હોય?'** એવાને આત્મજ્ઞાન કેમ થાય? અને એને આત્મજ્ઞાની કેમ કહીએ? '**અને અજ્ઞાનીને, જ્ઞેયદ્યોતક હોવા છતાં પણ...**' જુઓ, અજ્ઞાનીને પરજ્ઞેયના પ્રકાશક હોવા છતાં પણ '**આગમ શું કરે?**' આગમ શું કરે? સ્વજ્ઞેયને પકડે નહિ અને જ્ઞેયદ્યોતક હોવા છતાં પણ... આગમથી જાણ્યું છે કે આ જ્ઞેય આવું છે... આવું છે... આવું છે... પણ જેણે પરથી લક્ષ દૃષ્ટિ છોડીને પોતાના જ્ઞાયક સ્વભાવમાં દૃષ્ટિનો અનુભવ કર્યો નથી (એને) '**આગમ શું કરે?**' આગમનું જ્ઞાન શું કરે? એમ કહે છે અહીંયાં તો. આહા..હા..!

સમજાણું કાંઈ? જાણ્યું હોય બહુ આગમથી, પણ અંતર્મુખ દૃષ્ટિ કરીને અનુભવમાં સમ્યગ્દર્શન પ્રગટ કર્યું નથી. એ આગમનું જ્ઞાન પરજ્ઞેયને જણાવે છે (છતાં) એને આગમ શું કરે? આત્માને શું લાભ થાય? સમજાણું કાંઈ?

'**(-આગમ જ્ઞેયોનું પ્રકાશક હોવા છતાં પણ અજ્ઞાનીને તે શું કરે?) માટે શ્રદ્ધાશૂન્ય આગમથી સિદ્ધિ થતી નથી.**' અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો લ્યો! તો એમાં શું થયું? એ તો પરલક્ષી જ્ઞાનનો ઉઘાડ છે. એ કાંઈ સમ્યગ્દર્શન નથી, એ સમ્યગ્જ્ઞાન નથી. કહે છે કે પોતાનો શુદ્ધ ચૈતન્ય ભગવાન એની અંતર્મુખ થઈને જ્ઞાન કર્યા વિના, આગમજ્ઞાનથી સિદ્ધિ નથી. પોતાનું સમ્યગ્દર્શન શૂન્ય આગમજ્ઞાનથી શૂન્ય નથી. એવી ક્રિયાકાંડ રાગ પંચ મહાવ્રત પાળવાથી પણ સમ્યગ્દર્શન વિના ચારિત્ર નથી. એમ આગમજ્ઞાન પણ, સમ્યગ્દર્શન વિના આગમજ્ઞાન પણ જ્ઞાન નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આપણે ત્યાં સુધી તો કાલે આવ્યું હતું.

'**વળી, સકળ પદાર્થોના જ્ઞેયાકારો સાથે મિલિત થતું વિશદ એક જ્ઞાન જેનો આકાર છે એવા આત્માને શ્રદ્ધતો હોવા છતાં પણ,...**' હવે સંયમને મેળવે છે. કહે છે કે '**સકળ પદાર્થોના જ્ઞેયાકારો સાથે મિલિત થતું વિશદ એક જ્ઞાન...**' પોતાનું જ્ઞાન એકલું. જેનો આકાર-સ્વરૂપ એવું છે '**એવા આત્માને શ્રદ્ધતો હોવા છતાં પણ,...**' આત્માનું સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છતાં પણ. એમ કહે છે. સમજાણું કાંઈ? અને '**અનુભવતો હોવા છતાં પણ,...**' આત્માની અનુભૂતિ, અનુભવ કરવા છતાં પણ. સમજાણું કાંઈ? '**જો જીવ પોતામાં સંયમિત થઈને રહેતો નથી,...**' સંયમસ્વરૂપમાં રમણતારૂપે ન રહેતા. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ નિર્વિકલ્પ અભેદ એની શ્રદ્ધા-સમ્યગ્દર્શન હોવા છતાં પણ અને એની અનુભૂતિ, સ્વરૂપના અનુસાર અનુભૂતિ, આનંદનું વેદન હોવા છતાં પણ સંયમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં તો ત્રણે મળીને એક મોક્ષમાર્ગ છેને? આહા..હા..! ક્ષાયિક સમકિતી હોય, ત્રણ જ્ઞાન હોય. સમજાણું કાંઈ? અનુભવ પણ વારંવાર અમુક સમયે થતો હોય. આમ તો અનુભવની જ્ઞાન લીલા તો સદાય ચાલે છે. પણ સંયમિત અંતરમાં રમણતાની વીતરાગદશા ન થાય (તો એને મુક્તિ નહિ થાય.) સમજાણું કાંઈ?

જુઓ ભાષા શું છે? '**જો જીવ પોતામાં...**' પાછું સંયમની વ્યાખ્યા એ. કોઈ વ્રત કે વિકલ્પ કે દયા, દાન એ કાંઈ સંયમ નથી. એથી ભાષા શું કરે છે? '**પોતામાં સંયમિત થઈને...**' ભગવાન આનંદસ્વરૂપ એમાં લીન થઈને, પોતામાં સંયમિત થઈને... પોતાના આનંદમાં લીન થઈને નથી રહેતો. સમજાણું કાંઈ? '**તો અનાદિ મોહરાગદ્વેષની વાસનાથી જનિત...**' જુઓ, સમ્યગ્દર્શન છે, અનુભૂતિ છે, તોપણ હજી રાગ બાકી છેને અનાદિનો? કોઈ ભાષા એમ લે કે અનાદિના મોહરાગદ્વેષની વાસના. એ રાગ બાકી અનાદિનો છે કે નહિ? ચાલ્યું

આવે છે. સમજાણું કાંઈ? શું કહ્યું? અનાદિ મોહરાગદ્વેષ કેમ કહ્યો? મોહ શબ્દે અહીંયાં મિથ્યાત્વ ન લેવું. સમજાણું કાંઈ? અનાદિની પર તરફની સાવધાનીરૂપ મોહ અને રાગ-દ્વેષની '**વાસનાથી જનિત...**' સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... અહીં તો કહે છે કે સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન સમ્યક્સંયમ ત્રણ દશા ન હોય તો એને સિદ્ધિ-મુક્તિ નહિ થાય. ચાહે તો ક્ષાયિક સમકિત ચોથે ગુણસ્થાને પ્રગટે છે, ત્રણ જ્ઞાન પણ ચોથે ગુણસ્થાને કોઈને હોય છે. એટલામાત્ર સંયમ વિના... આહા..હા..! પોતામાં આમ રમણતા-રમણતા વીતરાગી રમણતા એવો સંયમી થઈને નથી રહેતો. એ તો અનાદિ મોહ... મોહ શબ્દે મિથ્યાત્વ ન લેવું. અહીં તો સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાની છે જ. સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાની તો છે જ. આહા..હા..! પણ હજી પર તરફની સાવધાની અનાદિથી અસંયમભાવ છે એ અનાદિનો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અનાદિ મોહરાગદ્વેષની વાસનાથી જનિત જે પરદ્રવ્યમાં ભ્રમણ...**' આહા..હા..! કારણ કે રાગ છે તો પરદ્રવ્યમાં ભ્રમણ છે. સ્વરૂપમાં સંયમિત ન થતાં, પોતાના સ્વરૂપમાં સંયમિત ન થતાં, અનાદિ વાસનાજનિત રાગ જે પડ્યો છે અસંયમરૂપ ભાવ, તો પરદ્રવ્ય તરફ લક્ષ જશે. સમજાણું કાંઈ? '**અનાદિ મોહરાગદ્વેષની વાસનાથી જનિત જે પરદ્રવ્યમાં ભ્રમણ...**' જુઓ, સંયમિત અંતર નથી તો પરદ્રવ્યની વૃત્તિ એમાં છે. રાગાદિ છે, વિષય-વાસના છે, .. છે. ક્રોધ-માન-માયા-લોભ છે, સમકિત હોવા છતાં, સમ્યગ્જ્ઞાન હોવા છતાં એવી વાસના અનાદિની છે. ભાષા જુઓ, તો એ વાસના પહેલા નાશ થઈ ગઈ હતી અને નવી છે એમ છે? એવી વાસના અનાદિથી છે. કદી અસંયમનો નાશ થયો નહોતો. સમજાણું કાંઈ?

પાછી ભાષા શું છે? '**પરદ્રવ્યમાં ભ્રમણ તેને લીધે જે સ્વૈરિણી છે...**' એ '(-**વ્યભિચારિણી, સ્વચ્છંદી**) છે...' ભાષા જુઓ, આહા..હા..! ઓહો..! ભગવાન આત્મા નિર્વિકલ્પ આનંદમૂર્તિ એવું સમ્યગ્દર્શન થતાં અને સ્વરૂપનું સ્વસંવેદન સમ્યગ્જ્ઞાન હોવા છતાં પણ જે રાગ અસંયમનો બાકી છે એ વ્યભિચારીભાવ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ. અહીં તો ચોથા ઉપરનો જેટલો કષાય છે એ બધો વ્યભિચાર છે. આહા..હા..! શું તમારો પ્રશ્ન હતો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, એની વાત નથી. મુનિ નથી એની વાત છે અહીં. એની તો વાત કરે છેને. સમ્યગ્દર્શન છે, અનુભૂતિ છે, પણ અનાદિ જે વાસના છે એને રોકી નથી. સંયમિત થઈને અંતરમાં રહેતા નથી. અહીં એ વાત છે. સમજાણું કાંઈ? તો કહે છે કે એ રાગ સમ્યગ્દર્શન હોવા છતાં પણ ક્ષાયિક સમકિતી અને અનુભૂતિ એવું હોવા છતાં પણ પોતામાં વીતરાગપણાથી

સંયમિત થતાં ન રહે તો અનાદિ વાસના જનિત જે વ્યભિચાર રાગનો છે. આહા..હા..! સમકિતીનો રાગ પણ વ્યભિચાર છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'સ્વૈરિણી (-વ્યભિચારિણી, સ્વચ્છંદી)'** આહા..હા..! ભગવાન આત્મા પોતાના આનંદમાં સંયમિત થઈને ન રહે... (જો) આનંદમાં સંયમિત થઈને રહે તો એ તો બ્રહ્મચર્ય, અવ્યભિચાર ભાવ છે. અંતરમાં સંયમરૂપ ચારિત્રભાવ તો અવ્યભિચારરૂપ ભાવ છે. કારણ કે સ્વ સાથે એકત્વ છે. સમજાણું કાંઈ? કહે છે કે ભગવાન આત્મા, સમ્યગ્દર્શનથી આખો આત્મા કબ્જે કરી લીધો છે. પ્રતીતમાં લઈ લીધો છે, અનુભવમાં આવી ગયો છે નિર્વિકલ્પ આનંદસહિત. પણ જ્યાં સુધી અંતર આનંદના ઉગ્રપણે વેદનમાં રહેતો નથી, સંયમિત ચારિત્રની રમણતા નથી એને રાગની વ્યભિચારદશા પરદ્રવ્ય તરફ ભમે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, શ્રદ્ધા-જ્ઞાન હોય તોપણ ચારિત્ર નથી, એટલે મુક્તિ નથી. શ્રદ્ધા એટલે આ વ્યવહાર શ્રદ્ધા નહિ હોં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એની પછી વાત કરશે. એ બીજી વાત છે. એ ખબર છે. એવી વાત અહીં નથી. અહીં તો સનાતન વીતરાગમાર્ગની વાત છે. એને તો એ બધી ઠીક છે. એ શ્વેતાંબરમાં આવે છે. શ્રદ્ધાન-જ્ઞાન લગાવો... એને ક્યાં શ્રદ્ધા-જ્ઞાનનું ભાન હતું? એ કોઈ વ્યક્તિગતનું નહિ, આપણે તો વસ્તુની સ્થિતિ એવી છે. લેવું હોય તો કોઈ સ્પષ્ટીકરણ માટે લે છે. બાકી સનાતન વીતરાગ પરેશ્વરનો જે માર્ગ છે એ વિધિથી અહીંયાં કહેવામાં આવે છે. એનાથી કોઈ વિરુદ્ધ કહેતું હોય તો એ આગમનું નથી. એવી વાત છે, ભાઈ! એ ભાઈ આવે છે એમાં. 'શ્રદ્ધા જ્ઞાન લહ્યો પણ સંયમી ન હોય તો અવિનય..' પણ શ્રદ્ધા-જ્ઞાને એને હોય ક્યાંથી? દેવ-ગુરુ-શાસ્ત્ર જ વિરુદ્ધ છે. હા, ભાઈ ઝીણી વાત બાપા! કોઈ વ્યક્તિ માટે આપણે આખા સંપ્રદાયનો વિરોધ એમ નહિ. વસ્તુની સ્થિતિ એવી છે. જેઠાલાલભાઈ! શું કરે? એવી સ્થિતિ ઉભી થઈ ગઈ. બબ્બે હજાર વર્ષ પહેલા માર્ગ જુદો પડી ગયો. સમજાણું? મહામુનિ નિર્ગ્રંથ વીતરાગી સંતો વિચરતા હતા. દુકાળ પડ્યો, ચાલ્યા ગયા દક્ષિણમાં. અહીં રહ્યા. (એને) સ્વેચ્છાચારની વૃત્તિ થઈ ગઈ. સમજાણું કાંઈ? કપડાનો ટૂકડો લઈને ઢાંકીને અમે મુનિ છીએ એમ માનવા લાગ્યા. એ માર્ગ પ્રભુનો નથી, ભાઈ! સમજાણું કાંઈ?

તો એમાં શ્રદ્ધા-જ્ઞાન આદિ વાત કરી હોય એ તો વાત યથાર્થ એકેય છે નહિ. અહીં તો સનાતન સર્વજ્ઞ પરમેશ્વરના પરંપરા માર્ગથી કહે છે કુંદકુંદાચાર્ય, એ માર્ગની વાત છે. સમજાણું કાંઈ? એ માર્ગમાં અનુભવ અને દર્શન હોવા છતાં પણ, એમ કહે છે. આહા..હા..! જ્યાં સુધી અંતરમાં સ્વરૂપમાં વીતરાગી પરિણતિરૂપ સંયમદશા ન હોય ત્યાં સુધી દર્શન-જ્ઞાન શું કરે એને મુક્તિ માટે? એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- .. વિના મુક્તિ કેમ હોય?

ઉત્તર :- એમ કહે છે. જેમ સમ્યગ્દર્શન વિના આગમજ્ઞાન શું કરે? સમજાણું કાંઈ? આગમજ્ઞાન તે વીતરાગે કહ્યું એ આગમ હોં. એનું જ્ઞાન પણ અનુભવ દૃષ્ટિ વિના શું કરે આગમજ્ઞાન? આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! દુનિયા સાથે તો અત્યારે મેળ ખાવો કઠણ છે ભાઈ! મોટી સંખ્યાએ મોટો ભાગ પડ્યો છેને. માર્ગ તો આ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા-ભગવાન સર્વજ્ઞે કહેલો આત્મા, સર્વજ્ઞે કહ્યો વિકલ્પનો વ્યવહાર, સર્વજ્ઞે કહ્યા નિમિત્તના સંબંધ જેટલા મુનિને છૂટે છે (તેટલો) અપરાધી નથી. .. જેને સમ્યગ્દર્શન અને જ્ઞાન છે પણ સંયમદશા નથી... કેમકે એવું આવે છે શાસ્ત્રમાં. નવમી ગ્રૈવેયક કોઈ જાય છે, સમ્યગ્દૃષ્ટિ હોય, સમ્યગ્જ્ઞાની હોય, બહારમાં છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા હોય પણ અંદર ચારિત્ર ન હોય. ભાઈ! સમજાણું કાંઈ? તત્ત્વાર્થરાજવાર્તિકમાં એમ કહ્યું છે. એને પણ દ્રવ્યલિંગી કહેવામાં આવે છે. એક તો મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી કે જે રાગથી ધર્મ માને છે. શાંતિભાઈ! ભાઈ! માર્ગ તો જેવો છે એવો રહેશે. મિથ્યાદૃષ્ટિ રાગને ધર્મ માને છે અને રાગ ઉપર દૃષ્ટિ એ તો મિથ્યાદૃષ્ટિ છે. જૈનની ક્રિયા અથવા સાધુની કરે એ તો એમાં આવ્યું 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ તો મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગ. પણ કોઈ તો સમ્યગ્દૃષ્ટિ હોય, સમ્યગ્જ્ઞાની હોય અંતરમાં, અનુભવ બરાબર (હોય), છતાં ચારિત્ર દશા ન હોય અને બાહ્યમાં છઠ્ઠા ગુણસ્થાનની, અઠ્યાવીશ મૂળગુણની ચોખ્ખી ક્રિયા હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કોઈને...

ઉત્તર :- હા, કોઈને પંચમ ગુણસ્થાન પણ હોય, કોઈને બે કષાય ગયા હોય અને બહારમાં છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા હોય તો એને પણ દ્રવ્યલિંગી કહેવામાં આવે છે અને એ પણ નવમી ગ્રૈવેયક જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..ક્રિયા હોય.

ઉત્તર :- ક્રિયા છઠ્ઠા ગુણસ્થાનની, (પણ) ગુણસ્થાન ન હોય. સમજાણું કાંઈ? એ અહીં કહે છે, ભાઈ! અહીંયાં અંતર સ્વરૂપમાં પોતામાં સંયમિત થઈને ચારિત્ર ન હોય અને સમ્યગ્દર્શન-જ્ઞાન થાય અને છઠ્ઠા ગુણસ્થાનની નવમી ગ્રૈવેયકે જાય એવી ક્રિયા પણ હોય. (છતાં) મુક્તિ નથી. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! માર્ગ એવો છે, ભાઈ! માર્ગ તો એવો ત્રણ કાળ, ત્રણ લોકમાં અફરમાર્ગ છે. એવો માર્ગ 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' બીજો પંથ નથી. ઓહો..! ભગવાન આત્મા પોતાના ચૈતન્યનો પત્તો લીધો, તાગ લીધો. અમારી ભાષા કાઠિયાવાડમાં આવે છે. .. પણ એ રાગ જ સ્વેચ્છાચારિણી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવી '**(-વ્યભિચારિણી, સ્વચ્છંદી) છે એવી ચિદ્વૃત્તિ (-ચૈતન્યની પરિણતિ)...**' એવી વિકારી રાગની ચૈતન્યની અવસ્થા કે જે વ્યભિચારિણી છે, સ્વરૂપમાં રમણતાનો અભાવ

છે. સમજાણું કાંઈ? **'પોતામાં જ રહેલી હોવાથી,...'** એવી વાસના પોતામાં જ રહેલી હોવાથી. જુઓ, એ રાગની વાસના **'પોતામાં જ રહેલી હોવાથી, વાસનારહિત નિષ્કંપ એક તત્ત્વમાં લીન...'** એ વિકલ્પની વાસનારહિત નિષ્કંપ ભગવાન આત્મા અરાગી નિષ્ક્રિય વસ્તુ એવા **'એક તત્ત્વમાં લીન ચિદ્‌વૃત્તિનો અભાવ હોવાથી,...'** પોતાના આનંદસ્વરૂપમાં લીન એવી ચિદ્ પરિણતિ, જ્ઞાન પરિણતિનો અભાવ હોવાથી **'તે કઈ રીતે સંયત હોય?'** આહા..હા..! સમજાય છે કાંઈ?

મિથ્યાદષ્ટિ કઈ રીતે સંયત હોય? મિથ્યાદષ્ટિ કઈ રીતે જ્ઞાની હોય? એમ અહીંયાં તો કહે છે, સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્જ્ઞાની પોતામાં સ્થિર ન હોય અને રાગની વાસના પરમાં હોય તો એ કઈ રીતે સંયત હોય? આહા..હા..! સમજાણું કાંઈ? પણ એ સંયત તો અંદરની રમણતાની વાત છે હોં. અને લોકો માની લે કે આ બહારથી સંયત લ્યો ભાઈ. સંયત વિના, એક પચ્ચખાણ વિના એક ટંક ન રહેવું, ક્ષણ ન રહેવું. લઈ લ્યો આ પચ્ચખાણ. એ પણ ક્યાં પચ્ચખાણ હતા? એ તો દુઃખ પચ્ચખાણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાત બહુ ચાલે છે. પત્રોમાં ઘણી ચાલે છે. એક ક્ષણ પણ અસંયમમાં ન રહેવું. એટલે સંયમ લઈ લ્યો. આ વ્રત લઈ લ્યો એ સંયમ. એની અહીં વાત પણ નથી. એ સંયમ છે ક્યાં? એ સમ્યગ્દર્શન અનુભવ નહિ, સમ્યક્ અનુભૂતિ નથી, તે વિનાના વ્રતાદિ એ તો બધા બાળતપ અને બાળવ્રત છે, અજ્ઞાનીના વ્રત છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો **'ચિદ્‌વૃત્તિનો અભાવ હોવાથી,...'** પોતાની લીન ચિદ્‌વૃત્તિના અભાવ હોવાથી, પોતાની અંતર આનંદરૂપી ઉગ્ર સ્થિરતા રમણતા. ચોથે ગુણસ્થાનથી પાંચમા ગુણસ્થાનમાં આનંદની વેદનદશા (વિશેષ) છે. પણ જે ચારિત્ર(સહિત)ની અંદરમાં આનંદની દશા છે એ ચોથે, પાંચમે નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવી આનંદની ઉગ્ર રમણતાના ભાવ વિના **'તે કઈ રીતે સંયત હોય?'** કઈ રીતે ચારિત્રવંત હોય? એ ચારિત્રવંત નહિ થાય. સમજાણું કાંઈ? **'(ન જ હોય, અસંયત જ હોય.) અને અસંયતને યથોક્ત આત્મતત્ત્વની પ્રતીતિરૂપ શ્રદ્ધાન...'** જુઓ, યથોક્ત-યથા ઉક્ત. આખું વિશ્વ પી ગયું છે જ્ઞાન. એવું જ્ઞાનતત્ત્વ ભગવાન. આખું વિશ્વ—રાગથી માંડીને આખું વિશ્વ જ્ઞેય, એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાથી કરીને એ જ્ઞાનતત્ત્વનો પોતામાં અનુભવ કર્યો, સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું તો પણ **'આત્મતત્ત્વની પ્રતીતિરૂપ શ્રદ્ધાન કે યથોક્ત...'** યથા ભગવાને કહ્યો એવો આત્મા એમ. એવી **'આત્માતત્ત્વની અનુભૂતિરૂપ જ્ઞાન શું કરે?'** આહા..હા..! સમજાણું કાંઈ? એવા સમ્યગ્દર્શન અને અનુભૂતિરૂપ સ્વસંવેદન, સ્વરૂપમાં રમણતા વિના એ ચીજ શું કરે? મુક્તિ નહિ મળે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! ઓલા લોકો કહે છે એય..! ત્યાં સંયમ ચારિત્ર તો ઉડાવે છે. અરે..! ભગવાન! ચારિત્ર બાપા! આહા..હા..! ચારિત્ર, બાપુ! પરમેશ્વર પદ છે એ તો. ચારિત્રવંત તો પરમેશ્વર પદમાં આવ્યા. જેને ગણધર નમસ્કાર કરે.

અરે..! એ ચીજને કોણ ન માને? ભાઈ! સમજાણું કાંઈ? પણ વાત એ કે આ બહારથી લઈ લીધા એને તો માનતા નથી એમ કહે છે. ભગવાન બાહ્યની ચીજ એ વસ્તુ નથી, ભાઈ! અહીં તો અંતરની ચીજની વાત છે. સ્વદ્રવ્ય આશ્રય દર્શન, સ્વદ્રવ્ય આશ્રય જ્ઞાન. નિશ્ચય છેને? અને સ્વદ્રવ્ય આશ્રયમાં લીનતા પૂર્ણ ન હોય તો સંયત કઈ રીતે હોય? એ તો અસંયત રહેશે. સમજાણું કાંઈ?

'**માટે સંયમશૂન્ય શ્રદ્ધાનથી કે જ્ઞાનથી સિદ્ધિ થતી નથી.**' લ્યો! આહા..હા..! એ કારણે સંયમશૂન્ય-એકલા સમ્યગ્દર્શનથી અને સંયમશૂન્ય-એકલા સમ્યગ્જ્ઞાનના સ્વવેદનથી. સ્વગમ્યજ્ઞાન વેદન હોં. પરના જ્ઞાનની અહીં વાત નથી. એનાથી પણ સિદ્ધિ થતી નથી. આહા..હા..! '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' ત્રણે મળીને એક મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? એ વાત સિદ્ધ કરે છે. '**આથી આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના...**' અને સંયમપણું ચારિત્ર રમણતા વીતરાગપણું '**અયુગપદપણાને...**' એટલે ત્રણમાં એક પણ ન હોય. અયુગ એટલે યુગપદ્. ત્રણે ન હોય તો '**મોક્ષમાર્ગપણું ઘટતું નથી જ.**' ત્રણમાંથી એક જો ન હોય. અહીં તો ઓલા ચારિત્ર આદિ. '**અયગુપદપણાને...**' યુગપદ્ ત્રણ ન હોય, આમ ભિન્ન-ભિન્ન હોય તો મોક્ષમાર્ગ ઘટતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની સાથે ચારિત્ર ન હોય, એટલે યુગપદ્ ન હોય અને એકલા અયુગપદ-ભિન્ન-ભિન્ન સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર હોય તો મુક્તિ નહિ થાય. મોક્ષમાર્ગ સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ?

'**મોક્ષમાર્ગપણું ઘટતું નથી જ.**' જુઓ, અહીં તો એ કહ્યું. હમણા પ્રશ્ન આવ્યો હતોને કે સમકિતીને તો ઉપચાર માર્ગ કહ્યો, મોક્ષમાર્ગ કહ્યો છે. એમ પ્રશ્ન આવ્યો હતો. પણ એ તો ઉપચારનો અર્થ ભાઈ! એ સંયમ નથી એ અપેક્ષાએ ઉપચાર કહ્યો છે. પણ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે એ ઉપચાર નથી. એ તો નિશ્ચય યથાર્થ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં જે નિશ્ચય દર્શન અનુભવ અને સમ્યક્ પ્રતીત અનુભવમાં એને સંયમ નથી, એક અવયવ ઓછો છે તો એને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો. પણ એનો અર્થ એમ નથી કે એ સમ્યગ્દર્શન અને જ્ઞાન જ ઉપચાર છે. સમ્યગ્દર્શન-જ્ઞાન તો નિશ્ચય યથાર્થ જ છે. સમજાણું કાંઈ? હમણા પ્રશ્ન આવ્યો હતો અહીંયાં. ક્યાંકથી પૂછવા આવ્યા હતા. .. આવ્યો હતો? અશોકનગર નહિ? આવ્યો હતો કોક.

એમ નહિ, ભાઈ! ઉપચારનો અર્થ એમ લઈ લે કે ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન-જ્ઞાન છે એ ઉપચાર છે. એમ નહિ, એ ઉપચાર મોક્ષમાર્ગ છે. કેમકે ત્રીજું ચારિત્ર સંયમ નથી મળ્યું તો યુગપદ્ ત્રણે નથી. તો અયુગપદને ઉપચાર લાગુ પડે છે એમ કહે છે. સમજાણું કાંઈ? શું સમજે? એય..! ..ભાઈ! અભ્યાસ મળે નહિ એટલે આકરું લાગે આ શું કહે છે? અહીંયાં તો કહે છે કે ભગવાન આત્મા પોતાનું નિજ વીતરાગ સ્વરૂપ ત્રિકાળી, એનો અનુભવ

થયો અને પ્રતીત અંદર અનુભવથી પ્રતીત થઈ, પણ સંયમભાવ ચારિત્ર નથી તો એ બેને ઉપચાર મોક્ષમાર્ગ કહ્યો. મોક્ષમાર્ગ ઉપચાર કહ્યો, પણ એ દર્શન અને જ્ઞાન ઉપચાર છે એમ નથી. એ તો નિશ્ચય જ છે. અરે..! સમજાણું કાંઈ?

ચોથે ગુણસ્થાનથી વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન સિદ્ધ કરવા આ લગાવે. કે જુઓ, ચોથે તો ઉપચાર મોક્ષમાર્ગ કહ્યો છે. ભાઈ! એ તો ઉપચારનો અર્થ તો એક ચારિત્ર દશા નથી, માટે એને ઉપચાર કહ્યો છે. ત્રણે મળી જાય તો યથાર્થ મોક્ષમાર્ગ છે એમ. સમજાણું કાંઈ? પણ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે એ ઉપચાર છે એમ નથી. એ તો નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે ચોથે. પણ ચારિત્રનો ભાગ ત્રીજી સંયમ દશા નથી મળી તો (એ મોક્ષમાર્ગ) ઉપચાર કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

**'આથી આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયમતત્ત્વના અયુગપદપણાને...'** અયુગપદ્ એટલે સાથે ન હોય તો **'મોક્ષમાર્ગપણું ઘટતું નથી જ.'** સમજાણું કાંઈ?

**'હવે, આગમજ્ઞાન...'** હોય. સાચું હોં! **'તત્ત્વાર્થશ્રદ્ધાન...'** હોય. **'સંયતતત્વનું યુગપદપણું હોવા છતાં પણ, આત્મજ્ઞાન મોક્ષમાર્ગનું સાધકતમ** (ઉત્કૃષ્ટ સાધક) **છે...'** જરી ફેર વાતમાં છે. આચાર્યે શૈલી એવી લીધી છે, સમજાણું? કે ત્રણે છે પણ જ્યાં સુધી અભેદ સાતમા ગુણસ્થાનની દશા ન થાય ત્યાં સુધી મુક્તિ થતી નથી એમ સિદ્ધ કરવું છે. પણ એણે અર્થ એવો કર્યો છે. ટોડરમલજી આદિએ તત્ત્વ એમ કાઢ્યું છે કે ભાઈ ત્રણે વ્યવહાર છે. આ ત્રણેય વ્યવહાર છે. તો નિશ્ચય આત્મજ્ઞાન નહિતો મુક્તિ નહિ એમ કહ્યું છે. સમજાણું કાંઈ?

**'આગમજ્ઞાન...'** મોક્ષમાર્ગમાં લીધું છે. ત્યાં કહ્યુંને આગમજ્ઞાન? તત્ત્વાર્થશ્રદ્ધાન? તો કહ્યું છે એ તો નામનિક્ષેપે કહ્યું છે. જ્યાં નિશ્ચય સમ્યગ્દર્શન, આત્મજ્ઞાન નથી ત્યાં આગમજ્ઞાન શ્રદ્ધા કહી છે એ નામનિક્ષેપે એમ કહ્યું. સમજાણું કાંઈ? પણ આ શૈલીની ઢબ એવી છે અમૃતચંદ્રાચાર્ય આદિની. જાણે એ આગમજ્ઞાન સમ્યક્ છે, સમ્યગ્દર્શન ને ચારિત્ર છે, પણ આત્મજ્ઞાન એટલે તદ્દન અભેદ અનુભવ ન હોય, સાતમા ગુણસ્થાનની દશા, નિર્વિકલ્પ અભેદ ત્યાં સુધી એને મુક્તિ નથી થતી. એવી સ્થિતિ છે. પણ એમાં બીજો અર્થ પણ પરંપરામાં ચાલે છે એ. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' અજ્ઞાની.. એવું લીધું. તો આત્મજ્ઞાન વિના (અર્થાત્) એને સમ્યગ્દર્શન નથી તો મુક્તિ થશે નહિ. એવો પણ એક અર્થ છે. ૨૩૮.

जं अण्णाणी कम्मं खवेदि भवसयसहस्सकोडीहिं।
तं णाणि तिहिं गुत्तो खवेदि उस्सासमेत्तेण।।२३८।।

હિન્દી છે આ તો. ૨૩૮.

**અજ્ઞાની જે કર્મો ખપાવે લક્ષ કોટિ ભવો વડે,**
**તે કર્મ જ્ઞાની ત્રિગુપ્ત બસ ઉચ્છવાસમાત્રથી ક્ષય કરે. ૨૩૮.**

એનો અર્થ, અજ્ઞાનીનો અર્થ ત્યાં મિથ્યાદષ્ટિ લીધો છે. સમજાણું કાંઈ?

'**ટીકા :- જે કર્મ, (અજ્ઞાનીને)**...' કારણ કે બાળતપ લીધું છેને બાળતપ? એટલે ત્યાં એમ ન લેવું કે જ્ઞાની એટલે સાતમા ગુણસ્થાનમાં અને અજ્ઞાની એટલે છઠ્ઠા સુધીના એમ નથી. કારણ કે ચોખ્ખો શબ્દો છેને. પણ અજ્ઞાની સામે જે અહીંયાં પરિપાટીના ક્રમસર લીધું છે એ સાતમું ગુણસ્થાન લીધું છે. વજુભાઈ! પણ સાધારણ સ્થિતિમાં અજ્ઞાની સામે સમ્યગ્દષ્ટિ લે છે. સમજાણું કાંઈ? આવી ગાથા છેને અષ્ટપાહુડમાં છે ગાથા. ત્યાં બધે આમ લીધું છે અજ્ઞાન અને આને જ્ઞાન. જ્ઞાન એટલે સમ્યગ્દર્શન અને જ્ઞાન. હવે અહીં અંતર આમ ચડે છેને તો ધ્વનિ એવી લાગે છે આચાર્યની એમ. અમારા પંડિતજી એમ કહે છે કે એ ચડતા... ચડતા... ચડતા... આગમજ્ઞાન સાચું, સમ્યગ્દર્શન સાચું, ચારિત્ર પણ સાચું, પણ છઠ્ઠી ભૂમિકા છે ત્યાં સુધી મુક્તિ નહિ થાય. ઉપયોગ સાતમામાં જામી જાય ત્યારે એને આત્મજ્ઞાન, ત્રણે એક (અભેદ) હોય તો આત્મજ્ઞાન કહેવામાં આવે છે. એવી એક અપેક્ષા અહીંયાં લીધી છે. સમજાણું કાંઈ? અને સાધારણ અર્થમાં તો સમ્યગ્દષ્ટિ એ જ આત્મજ્ઞાની. એમ ઘણું આવે છે. વજન.. મોક્ષમાર્ગ પ્રકાશકમાં એમ લીધું છે. આ પ્રશ્ન કર્યો છે મોક્ષમાર્ગમાં. તો ત્યાં આગમજ્ઞાન અને તત્ત્વાર્થશ્રદ્ધાન અને ચારિત્ર લીધું છેને. સમજાણું કાંઈ? કે ભાઈ ત્યાં લીધું છે એ નામનિક્ષેપે લીધું છે, ભાઈ! એમ કહ્યું. કહ્યું છેને ખબર છેને. મોક્ષમાર્ગમાં કહ્યું છે, બધે ધવલમાં આવે છે. આમાં પણ આમ આવ્યુંને? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો...' વ્યવહાર એકલો લીધો. આતમજ્ઞાન-અનુભવ વિના, સમ્યગ્દર્શન વિના મુક્તિ નહિ થાય.

કહે છે કે '**(અજ્ઞાનીને) ક્રમપરિપાટીથી**...' ક્રમે... ક્રમે... ક્રમે... બાળતપથી '**અનેક પ્રકારના બાળતપરૂપ ઉદ્યમથી**...' જુઓ, અજ્ઞાનતપનો ઉદ્યમ. આત્માનો અનુભવ તો છે નહિ, સમ્યગ્દર્શન છે નહિ, નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન છે નહિ, એ બધા વ્રત અને તપ કરે છે એ બાળતપ છે. તપ શબ્દે અહીંયાં મુનિપણું લેવું. બાળ મુનિપણા આદિ ઉદ્યમ. બાળ વ્રત છેને એ? તપ તો મુનિપણું કહે છેને? બાળમુનિપણું, બાળવ્રતાદિ હોય એવા '**ઉદ્યમથી પાકતું થકું, રાગદ્વેષ ગ્રહણ કર્યા હોવાને લીધે**...' જુઓ, પણ એ પુણ્ય વિકલ્પ છે એને પકડી લીધું છે અંદરમાં. છોડ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના સ્વરૂપને પકડ્યું નથી. અને બાળતપ અને બાળવ્રત વડે. એટલો શબ્દ છે. નથી લખ્યું અંદર? '**भवशतसहस्रकोटीभिः**' ત્યાં તમારે ગુજરાતીમાં હશે. આ '**सहस्रकोटीभिः**' સોને હજાર ગુણા ગુણે લ્યો! હજારને સો ગુણે ગુણે તો કેટલા થાય? એક લાખ. હજારને સો ગુણે ગુણે તો કેટલા થાય? સહસ્રકોટી. લાખ થાય. લાખ કરોડ. લ્યો! આહા..હા..!

કહે છે કે આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને રમણતા આદિ નથી તો આ સમ્યગ્દર્શન અનુભવ નથી એ પ્રાણી ચાહે જેટલા અજ્ઞાન ભાવમાં, વ્રત ને તપ ને ક્લેશ, કાયક્લેશ કરો, પંચ

મહાવ્રત ધારો, અઠ્યાવીશ મૂળગુણ પાળો તો એને જે ક્રમથી પરિપાટી એટલે ક્રમસર. થોડી થોડી અકામ નિર્જરાથી. **'બાળતપરૂપ ઉદ્યમથી પાકતું થકું,...'** જુઓ, બાળતપથી પાકતું થકું, એ અકામ નિર્જરા. એ કહે છે. **'રાગદ્વેષ ગ્રહણ કર્યા હોવાને લીધે...'** એ કર્તાની વાત છે. **'સુખદુઃખાદિ વિકારભાવે પરિણમતો હોવાથી...'** એ ભોક્તાની વાત છે. શું કહે છે? કે બાળતપ અને બાળવ્રત કરે છે, બહુ કરે છે. માસ-માસ ખમણના મહિના-મહિનાના અપવાસ અને જંગલમાં રહેવું, મૌન રહેવું, બાર-બાર માસ મૌન રહે. કાષ્ઠ મૌન કહે. બિલકુલ બોલે નહિ. એમાં હોય, બાળતપમાં હોય, બાળવ્રતના ઉદ્યમમાં હોય. ઉદ્યમ હોં! ઉદ્યમ છે. એ પણ એટલો ઉદ્યમ તો છેને શુભભાવનો. કરતા થકા **'રાગદ્વેષ ગ્રહણ કર્યા હોવાને લીધે...'** પણ એણે વિકલ્પને તો પકડી લીધો છે. આત્માને પકડ્યો નથી, અનુભવ નથી. આત્મા જ્ઞાનાનંદ છે એની તો પક્કડ નથી. તો વિકલ્પને પકડ્યો છે. એ શુભભાવ છેને.

**'રાગદ્વેષ ગ્રહણ કર્યા હોવાને લીધે...'** એ કર્તાપણું થયું. વિકલ્પનો કર્તા હોવાથી, વિકલ્પ ઉપર પોતાની પ્રતીતિ હોવાથી, એની ઉપર અસ્તિત્વ પોતાનું માનવાથી, રાગથી ભિન્ન ભગવાન આત્માનો અનાદર કરવાથી **'સુખદુઃખાદિ વિકાર...'** અને ભોક્તાપણે રાગનો ભોક્તા છે. સમજાણું કાંઈ? બાળતપ અને બાળવ્રત કરોડો વર્ષ અને કરોડો ભવ કરો તોપણ એ, સમજાણું કાંઈ? રાગનો અનુભવ છે. સુખદુઃખાદિ વિકાર છેને? એ રાગનું વેદન છે. કોઈ વખતે દ્વેષનું વેદન એટલે દુઃખ, કોઈ વખત રાગનું વેદન એટલે સુખ. સુખની કલ્પના. કલ્પના છેને? એ રાગનું વેદન છે. અજ્ઞાનીને રાગનો જ ભોગ છે. સમજાણું કાંઈ? આત્માનો ભોગ નથી, પરનો તો ભોગ કરી શકતો નથી અજ્ઞાની કે જ્ઞાની. જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ તો આત્મભોગ અને આત્મા સ્વભાવનો કર્તા છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યનો કર્તા અને શુદ્ધ અનુભવનો ભોક્તા. અજ્ઞાની વિકલ્પનો કર્તા અને વિકલ્પનો ભોક્તા. ભાષા કેવી લીધી છે?

**'રાગદ્વેષને ગ્રહણ કર્યા હોવાને લીધે...'** એમ. આ ગ્રહણ નથી, તો અહીં રાગનું ગ્રહણ છે. અભ્યંતરમાં ઉંડે-ઉંડે મિથ્યાત્વભાવ હોવાથી, સ્વભાવના સમ્યગ્દર્શનની ખબર નહિ હોવાથી, રાગની અંદરમાં પક્કડ છે અને **'સુખદુઃખાદિ વિકારભાવે પરિણમતો હોવાથી...'** અને વિકારરૂપે અનુભવ છે. વિકારનો અનુભવ છે. આહા..હા..! જુઓ, નવમી ગ્રૈવેયક ગયો મિથ્યાદૃષ્ટિ. તો કહે છે કે કેટલા પંચ મહાવ્રત અને કેટલી ક્રિયા (પાળી). એવો શુભભાવ નવમી ગ્રૈવેયક ગયો, મિથ્યાદૃષ્ટિનો શુભભાવ, એવો તો શુભભાવ અત્યારે હોય નહિ મિથ્યાદૃષ્ટિને. એવો મિથ્યાદૃષ્ટિનો શુભભાવ હોં! શું કહે છે? મિથ્યાદૃષ્ટિ શુભભાવથી નવમી ગ્રૈવેયક જ્યારે ગયો એવો શુભભાવ અત્યારે છે જ નહિ. સમ્યગ્દૃષ્ટિનો શુભભાવ છે એ બીજી ચીજ છે. સમજાણું કાંઈ? નવમી ગ્રૈવેયક સમ્યગ્દર્શન વિના બાળતપ અને બાળવ્રતનો જે શુભોપયોગ છે એવો શુભોપયોગ તો અત્યારે મિથ્યાદૃષ્ટિને હોય જ નહિ. કારણ કે નવમી ગ્રૈવેયક જવાની લાયકાત છે નહિ. તો કહે છે કે જે કાંઈ મિથ્યાદૃષ્ટિએ પોતાની પર્યાયમાં પર્યાયદૃષ્ટિ હોવાથી

રાગને પકડ્યો છે અને રાગને અનુભવે છે.

**'ફરીને સંતાન આરોપતું જાય...'** જુઓ, ફરીને પણ અનંત સંસાર વધે એવો કર્મ નાખતો જાય એવા ભોગ છે એના. ભવભાવરહિત ભગવાન આત્મા—ભવ અને ભવના ભાવરહિત આત્મા છે એવી દૃષ્ટિ અને અનુભવ સમ્યગ્દર્શન નથી, એમ કહે છે. આહા..હા..! ભવ અને ભવના ભાવ, ચાર ગતિના ભાવ એનાથી રહિત ભગવાન આત્મા એની અંતર દૃષ્ટિનો અભાવ છે એને ભવના ભાવનું ગ્રહણ અને અનુભવ છે, તો એ નવા સંતાન નાખતા જાય છે, નવા કર્મ નાખતા જાય છે. સમજાણું કાંઈ? **'ફરીને સંતાન આરોપતું જાય એવી રીતે,...'** ફરીને સંતાન, દીકરા, પ્રજા. કર્મની પ્રજા નવી ઉત્પન્ન કરે છે. ... આહા..હા..! **'લક્ષ કોટી ભવો વડે,...'** જુઓ, લક્ષ કોટી ભવ. એક ભવમાં તો નહિ. એક ભવમાં તો કરોડપૂર્વનું આયુષ્ય મોટામાં મોટું. કરોડ પૂર્વ. એક કરોડપૂર્વના આયુષ્ય... તો એક પૂર્વમાં તો ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય. સમજાણું કાંઈ? પણ અહીં તો કહે છે એવા લક્ષ કોટી ભવ. એ તો લક્ષ કોટી કહ્યું, પણ અનંતભવ એમ લેવું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહારની તુલના ..

ઉત્તર :- એ સમ્યગ્દૃષ્ટિની સાથે તુલના કરી છે.

મુમુક્ષુ :- શા કારણ?

ઉત્તર :- એ સમ્યગ્દર્શન અંતરની દૃષ્ટિનો અનુભવ છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન...

ઉત્તર :- છે જ નહિ. છે જ નહિ. અજ્ઞાનીનું દૃષ્ટાંત દે છે. એ તો અજ્ઞાની અનંતભવ કરે તોય નહિ થાય એમ કહ્યું. આ તો એક દૃષ્ટાંત આપ્યું. છે નહિ. એ તો તુલના કેમ કરી કે ભાઈ એ કર્મ કાંઈક ખપાવે છેને થોડા બાળઉદ્યમથી, એ અપેક્ષાએ લીધું. અકામ નિર્જરા થાય છેને. શુભભાવમાં મંદકષાયથી અશુદ્ધકર્મ ખરે છે. અકામ નિર્જરા તો અજ્ઞાનીને પણ હોય છે, નિગોદમાં પણ હોય છે. નિગોદમાં પણ અકામ નિર્જરા હોય છે. ત્યારે તો ઉપર આવે છેને. મનુષ્યપણું ક્યાંથી પામે? સમજાણું કાંઈ? પણ એ શુભભાવની શું કિંમત? એમ કહે છે. જેણે શુભભાવ જ ગ્રહણ કર્યો છે અને શુભભાવનો અનુભવ છે. એવું લક્ષ કોટી ભવમાં કરે તોપણ જ્ઞાનીની તુલનામાં એ આવી શકે નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ?

**'લક્ષ કોટી ભવો વડે, ગમે તેમ કરીને (-મહા મુશ્કેલીથી),...'** એમ, ગમે તેમ કરીને એટલે. મહિના-મહિનાના અપવાસ, સોળ અપવાસને પારણે એકલા મમરા, દાળીયા. દાળીયાને શું કહે છે? ચણા. એ ચણા મળી જાય તો બસ એકલા ચણા. એવી ક્રિયા મહાકષ્ટ(સહિત) કરે, પણ અજ્ઞાની .. કર્મ ... અકામ નિર્જરા થાય છે. **'તે જ કર્મ, (જ્ઞાનીને) સ્યાત્કારકેતન આગમજ્ઞાન,...'** એ લે છેને ભાઈ! એમ કે જુઓ થોડું તો એમાં થાય છે કે નહિ? એમ કહે છે ભાઈ! એમ કે થોડું ઓલા સાથે મેળવ્યું છેને તો એનો કાંઈક

અંશ ભાગમાં આવે છે કે નહિ? આનો કાંઈક થોડો ભાગ એની સાથે કાંઈક આવે છેને. એટલે બહુ નિર્જરા કરે તો એનાથી થોડો અંશ આવે. એમ નહિ. આ તો એક દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે. સમજાણું કાંઈ? એમ કહે છે. આવ્યું છે છાપામાં. છાપામાં ઉંધું આવ્યું છે. કે એ અજ્ઞાનીની સાથે મેળવ્યું. એની સાથે મેળવ્યું, ભલે ઘણો ફેર છે, પણ થોડો અંશ તો આવ્યો કે નહિ એ જાતનો? એમ છે જ નહિ. શું થાય? અર્થ કરનારા તો એની દૃષ્ટિ પ્રમાણે અર્થ કરેને. આ તો એક સમજાવવું છે. અજ્ઞાની લાખ, કરોડ કષ્ટ, લક્ષ કોટી—લક્ષ કરોડ ભવ કરે તોપણ જ્ઞાની અંતર્મુહૂર્તમાં જે કર્મ ખપાવે એ અજ્ઞાની ખપાવી શકે નહિ. એટલી ઉપમા આપીને સિદ્ધાંત કહે છે. સમજાણું કાંઈ?

મહાકષ્ટથી **'અજ્ઞાની ઓળંગી જાય છે, તે જ કર્મ,...'** થોડો ઉદ્યમ કરવાથી. સમજાણું? ફરીને .. પાર કરે છે. **'તે જ કર્મ, (જ્ઞાનીને) સ્યાત્કારકેતન આગમજ્ઞાન,...'** સાચું આગમજ્ઞાન. **'તત્ત્વાર્થશ્રદ્ધાન...'** સમ્યગ્દર્શન **'ને સંયતત્વના યુગપદપણાના અતિશય પ્રસાદથી પ્રાપ્ત કરેલી...'** હા એ આવ્યું. **'યુગપદપણાના અતિશય પ્રસાદથી...'** ઉગ્રપણાનો અંદર પ્રસાદ, આનંદનો પ્રસાદ **'શુદ્ધજ્ઞાનમય આત્મતત્ત્વની અનુભૂતિ જેનું લક્ષણ છે એવા જ્ઞાનીપણાના...'** શુદ્ધ આત્મતત્ત્વની અનુભૂતિ. અહીંયાં સાતમાની ભૂમિકા... પ્રણાલિકાની અપેક્ષા એ છે. સમજાણું કાંઈ? **'શુદ્ધજ્ઞાનમય આત્મતત્ત્વની અનુભૂતિ...'** એ સાતમા ગુણસ્થાનની દશા છે. શૈલીની રચના એ છે. આહા..હા..! સન્મુખ એકપણું બતાવવું છે. એકપણું હોવા...માં પણ તદ્દન અભેદપણું બતાવવું છે. શૈલી તો એ ધારા છે. પણ એમાંથી .. મિથ્યાદૃષ્ટિ જો કરે તોપણ... **'શુદ્ધજ્ઞાનમય આત્મતત્ત્વની અનુભૂતિ જેનું લક્ષણ છે એવા જ્ઞાનીપણાના સદ્‌ભાવને લીધે...'** એમાં મન-વચન (આદિ). અહીં તો બધું લીધું છેને? **'ત્રિગુપ્તિપણું પ્રવર્તતું હોવાથી...'** એમ લીધું છેને? મન-વચનથી પણ ગુપ્ત થઈ ગયો છે. સમજાણું કાંઈ? મનનો વેપાર પણ શુભ નથી એમ કહે છે. મૂળ તો એ વાત લેવી. વચનનો વેપારને કાયાનો (નથ), અંદર ઠરી ગયો છે. સાતમી ભૂમિકા અભેદ આત્મજ્ઞાન ત્રણેની એકતા, અભેદતા એવી દશાને પ્રાપ્ત જ્ઞાનીપણાના સદ્‌ભાવને લીધે **'કાય-વચન-મનનાં કર્મોના ઉપરમ વડે...'** જુઓ, ભાષા તો એમ છેને. કાય, વચન અને **'વિરામ; અટકી જવું તે. (જ્ઞાનીને જ્ઞાનીપણાને લીધે કાય-વચન-મન સંબંધી કાર્યો અટકી જવાથી ત્રિગુપ્તિપણું પ્રવર્તે છે.)'** કોઈ સમ્યગ્દર્શનમાં પણ મન-વચન-કાયાથી ભિન્ન છેને. તો ત્રિગુપ્તિ કહે છે. પણ અહીંયાં ત્રિગુપ્તિ ખરેખર તો મનનો શુભવેપાર પણ છૂટી જઈને સ્વરૂપમાં ઠરે છે. સમજાણું કાંઈ? એવી શૈલીની ધારા તો એવી લીધી છે.

**'ઉપરમ વડે ત્રિગુપ્તિપણું પ્રવર્તતું હોવાથી પ્રચંડ ઉદ્યમ વડે પાકતું થકું,...'** જુઓ. ઓલામાં ઉદ્યમથી બાળતપાદિ પાકતું થકું.. આ **'પ્રચંડ ઉદ્યમ વડે પાકતું થકું,...'** મહાપુરુષાર્થ. એકલી રમણતા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ત્રણેની એક અભેદતા, આત્મજ્ઞાન અભેદ. એવા

**'પ્રચંડ ઉદ્યમ વડે પાકતું થકું,...'** જુઓ, પ્રચંડ ઉદ્યમ છે હોં સ્વરૂપ તરફ. આહા..હા..! **'રાગદ્વેષ છોડ્યા હોવાને લીધે...'** અજ્ઞાનીએ રાગ-દ્વેષને ગ્રહણ કર્યા છે. આ **'રાગદ્વેષ છોડ્યા હોવાને લીધે...'** વિકલ્પ છૂટી ગયો છે. અને **'સમસ્ત સુખદુઃખાદિ વિકારો નિરસ્ત થયા હોવાથી...'** રાગનો અનુભવ પણ છૂટી ગયો છે, એમ કહે છે. રાગનો અનુભવ અને રાગનું કર્તાપણું છૂટી ગયું છે. એવી આત્મજ્ઞાનની દશા ત્રિગુપ્તિસહિતની, એવી અહીં લીધી છે ભગવાન આચાર્યે. ધારાની એ વાત છે. આમ ચાલે છે. એકકોર અજ્ઞાની અને એકકોર સમકિતીની એવી વાત ચાલે છે. ભજનમાં ને એમ. મોક્ષમાર્ગપ્રકાશકમાં એમ લીધું. મિથ્યાદૃષ્ટિ સામે આગમજ્ઞાનાદિ લીધું છે એ નામનિક્ષેપે છે. માટે એને આત્મદર્શન નથી, તો આત્મજ્ઞાની નથી. તો આત્મજ્ઞાની જેમ નિર્જરા કરે છે એ અજ્ઞાની કરી શકતો નથી. એવું લીધું છે મોક્ષમાર્ગપ્રકાશકમાં. ઘણે ઠેકાણે ...માં લીધું છે. કહો, સમજાણું કાંઈ?

**'કાય-વચન-મનનાં કર્મોના...'** કર્મ એટલે પરિણામ **'ઉપરમ વડે ત્રિગુપ્તિપણું...'** એમ. મન-વચન-કાયાના કર્મો. કર્મો એટલે પરિણામ. એ પરિણામ છેને એને રોકવાથી **'ત્રિગુપ્તિપણું પ્રવર્તતું હોવાથી પ્રચંડ ઉદ્યમ વડે પાકતું થકું, રાગદ્વેષ છોડ્યા હોવાને લીધે સમસ્ત સુખદુઃખાદિ વિકારો...'** લ્યો! **'સમસ્ત સુખદુઃખાદિ વિકારો અત્યંત નિરસ્ત થયા હોવાથી...'** એમ. મૂળ પદ એમ જ છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર રમણતા છે. અને સ્થિરતા, ત્રણની એકતા થઈને અનુભવ શુદ્ધોપયોગ થઈ ગયો સાતમે ગુણસ્થાને. સમજાણું કાંઈ? **'સુખદુઃખાદિ વિકારો અત્યંત નિરસ્ત થયા હોવાથી ફરીને સંતાન ન આરોપતું જાય...'** નવા કર્મ નાખતા ન જાય. નાખતા ન જાય એમ કહે છેને? નવા કર્મ બાંધે નહિ.

**'ન આરોપતું જાય એવી રીતે, ઉચ્છ્વાસમાત્ર વડે જ,...'** ઉચ્છ્વાસમાત્ર વડે જ કર્મ તૂટી જાય છે. **'લીલાથી જ, જ્ઞાની નષ્ટ કરે છે.'** કર્મ નાશ કરે છે એ વ્યવહારનું કથન છે. નાશ થઈ જાય છે. અંતર્મુખ આનંદની સ્વદ્રવ્યના આશ્રયે મહાન વીતરાગ પરિણતિમાં રહેવાથી લીલા આનંદથી કર્મનો નાશ થઈ જાય છે, એમ કહે છે. લીલામાત્રથી. એમ નહિ કે અરે..! ઘણા દુઃખ સહન કરવા પડે. ભાઈ! કર્મનો નાશ કરવામાં તો ઘણા પરિષહ સહન કરવા પડે. કષ્ટ સહન કરે ત્યારે (થાય). અરે..! કષ્ટ સહન કરવા એ તો આર્તધ્યાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? જરીક પણ અંદર અપવાસ કર્યો, આ કર્યું, અણગમો થાય, ઠીક ન લાગે એ તો આર્તધ્યાન છે. આર્તધ્યાન તો પાપ છે. પુણ્ય પણ ન હોય તો ધર્મ ક્યાંથી થાય નિર્જરા? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે **'લીલાથી જ, જ્ઞાની નષ્ટ કરે છે.'** આનંદમાં રહે છે એમ કહે છે. પોતાના આનંદની લીલામાં રહે છે, અલ્પકાળમાં કર્મનો નાશ કરે છે. અજ્ઞાની લક્ષ કોટી ભવમાં કરે તોપણ એટલા કર્મ ખપે નહિ. એટલી ઉપમા આપીને વાત કરી છે. સમજાણું કાંઈ? બે વાત કરી. સમજાણું કે નહિ અહીં? એની શૈલી એવી ચાલે છે કે ચડાવે છે અહીં.

આગમ સાચું છે, સમ્યગ્દર્શન સાચું છે, ચારિત્ર પણ સાચું છે. પણ ત્રણેમાં એકતાનો નિર્વિકલ્પ અનુભવ ઉપયોગ થાય ત્યારે મોક્ષ થાય એમ કહે છે. શૈલી તો એવી લીધી છે. સમજાણું કાંઈ? પણ સાધારણ શૈલીમાં એવું ચાલે. મિથ્યાદૃષ્ટિ ગમે તેટલા તપ અને વ્રત કરે, પણ એ બાળતપથી જે કર્મ ન ખરે એ સમ્યગ્દૃષ્ટિ પોતાના ધ્યાનની એકતાથી કર્મ ખપાવે છે. કેમકે સ્વદ્રવ્યનો આશ્રય છે માટે. એટલી વાત.

મુમુક્ષુ :- એ શ્રદ્ધા છે.

ઉત્તર :- એ શ્રદ્ધા. સમ્યગ્દર્શનની અપેક્ષાએ. સમ્યગ્દર્શનનું માહાત્મ્ય કરવું હોય મહા અલૌકિક .. અહીં તો સમ્યગ્દર્શનસહિત ચારિત્ર-ત્રણેની એકતા થયા વિના આત્મજ્ઞાન કહેવામાં આવતું નથી. એમ કહે છે અહીંયાં તો. અહીંયાં તો એ કહે છે. સમજાણું કાંઈ?

'**ઉચ્છ્વાસમાત્ર વડે જ, લીલાથી જ, જ્ઞાની નષ્ટ કરે છે.**' અને પાછું એમ કહ્યુંને? '**સમસ્ત સુખદુઃખાદિ વિકારો અત્યંત...**' સમસ્ત અને અત્યંત બે શબ્દ વાપર્યા છે. સમજાણું? તો ચોથે ગુણસ્થાને કાંઈક સુખ-દુઃખ આદિ સર્વથા અને અત્યંત તો છે નહિ. સમજાણું કાંઈ? પહેલા તો કહી ગયા કે સમ્યગ્દર્શન હોય અને જ્ઞાન હોય તો સંયમ વિના શું કરે? એવું તો કહી ગયા છે. અહીંયાં તો ચારિત્ર હોય, આ હોય, છતાં ત્રણની એકતારૂપ અનુભવ ન થાય, અભેદ ધ્યાન અંતર્મુહૂર્તનું હોં! સપ્તમ શુદ્ધોપયોગ. એનાખી કર્મ ખપે એ અજ્ઞાની લાખ કોટી ભવમાં ખપાવી શકે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૬, રવિવાર, તા. ૨૦.૦૭.૧૯૬૯**
**ગાથા-૨૩૮-૨૩૯, પ્રવચન-૨૧૪**

પ્રવચનસાર. ચરણાનુયોગસૂચક ચૂલિકા. ૨૩૮નો ભાવાર્થ. '**ભાવાર્થ :- અજ્ઞાનીને...**' શું કહે છે? કે જેને આત્મા આનંદ જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ છે એવો જેને અનુભવ નથી. સમ્યગ્દર્શન નથી. આત્મા શરીર, કર્મથી તો ભિન્ન છે, પણ પુણ્ય-પાપના શુભ-અશુભ વિકલ્પથી ભિન્ન છે અને એક પર્યાય જેટલો પણ નથી. એવો જે ધ્રુવ આત્મા આનંદ જ્ઞાનનું દળ, -પિંડ એની સન્મુખ થઈને જેને સમ્યગ્દર્શન નથી તેને અહીંયાં અજ્ઞાની કહેવામાં આવ્યા છે.

સમજાણું કાંઈ? '**અજ્ઞાનીને...**' આત્માનો અનુભવ શાંત, આનંદ એવા સ્વરૂપનો સ્પર્શ નથી અને વ્રત, તપ આદિ કરે છે તો, કહે છે કે '**અજ્ઞાનીને ક્રમાનુસાર તથા બાળતપરૂપ ઉદ્યમથી કર્મ પાકે છે...**' બાળવ્રત અજ્ઞાનીના અજ્ઞાન વ્રત, અને બાળતપ અપવાસ આદિ. મહિના-મહિનાના અપવાસ કરો, આહાર આદિ છોડે, વ્રત લે એ બધા ઉદ્યમથી એને કર્મની થોડી અકામ નિર્જરા થાય છે. સમજાણું કાંઈ? એને ધર્મનો લાભ નથી. કિંચિત્ ધર્મનો લાભ નથી.

'**અજ્ઞાનીને ક્રમાનુસાર તથા બાળતપરૂપ ઉદ્યમથી...**' રાગની મંદતાના પ્રયત્નથી, પુરુષાર્થથી '**કર્મ પાકે છે...**' થોડો કર્મપાક ઝરે છે અકામ (નિર્જરા). '**અને જ્ઞાનીને તો જ્ઞાનીપણાને લીધે...**' અહીંયાં એ જ્ઞાની લેવા છે, સાતમા ગુણસ્થાનમાં જે દશા છે એ જ્ઞાનીની દશાનું વર્ણન અહીંયાં છે. સમજાણું કાંઈ? કોઈ સાધારણ.. મોક્ષમાર્ગપ્રકાશકમાં કે ભજન આદિમાં જ્ઞાની સમ્યગ્દષ્ટિને લે છે. સમજાણું કાંઈ? અહીંયાં એને પણ લે છે. પણ અહીંયાં આચાર્યોની કથનપદ્ધતિની શૈલી એવી છે અમૃતચંદ્રાચાર્યની કે છઠ્ઠે ગુણસ્થાને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, નિશ્ચય ચારિત્ર હોવા છતાં પણ... સમજાણું કાંઈ? આત્મજ્ઞાન એટલે ત્રણેની એકતાનો અભેદ નિર્વિકલ્પ અનુભવ સાતમે થાય છે. એ નિર્વિકલ્પ અનુભવવાળા જ્ઞાનીને... એમ કહે છે. સમજાણું કાંઈ?

નીચે છે જુઓ. જ્ઞાનીપણાનો અર્થ નીચે છેને? '**આગમજ્ઞાન-...**' પણ આગમજ્ઞાન સાચું હોં અહીંયાં. '**તત્ત્વાર્થશ્રદ્ધાન...**' નિશ્ચય સમ્યગ્દર્શન સાચું. આત્માના અનુભવસહિત નિર્વિકલ્પ રાગ વિનાની અનુભવની પ્રતીતિ એનું નામ તત્ત્વાર્થશ્રદ્ધાન અને '**સંયતત્વના...**' સ્વરૂપમાં ત્રણ કષાયનો અભાવ કરીને સ્વરૂપમાં રમણતાની લીનતા પ્રગટી છે. એવા '**સંયતત્વના યુગપદપણાના અતિશય...**' ત્રણે સાથે છે. તેના '**અતિશય પ્રસાદથી...**' એની વિશેષદશાથી. અહીં તો અતિશય પ્રસાદથી... વ્યવહારના અતિશય પ્રસાદથી... પણ આમ લેવું. એ ત્રણેની એકતામાં આગળ પુરુષાર્થની ગતિ વધતાં '**પ્રાપ્ત થયેલી શુદ્ધજ્ઞાનમય આત્મતત્ત્વની અનુભૂતિ તે જ્ઞાનીપણાનું લક્ષણ છે.**' અહીંયાં સાતમા ગુણસ્થાનને યોગ્ય દશાને જ્ઞાનીપણું કહ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય, પણ છતાં સાતમાવાળાની દશા લીધી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભલે આવે. પણ સાતમાની ભૂમિકામાં સાતમે એટલે અભેદ અનુભવ થયો એની અહીંયાં દશા લીધી છે. સમજાણું કાંઈ? પહેલાથી લીધુંને એ મોહક્ષોભરહિત ભાઈ! સામ્યપરિણામ. એ સામ્યપરિણામ કહો, શુદ્ધ ઉપયોગ કહો, વીતરાગદશા કહો એ અહીં વાત લીધી મુનિપણાની. એ ગૌણપણું. છઠ્ઠે ગુણસ્થાને તો વિકલ્પ છેને. તો એ સાસ્રવી મુનિ છે. એ (સાતમે) નિરાસ્રવ મુનિ છે એની વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? આગળ લેશે.

મુનિને આત્મજ્ઞાન છે, અનુભવ છે, આનંદનું ભાન છે, પ્રચુર સ્વસંવેદન પણ છે અને સમ્યગ્દર્શન છે અને સ્વરૂપમાં સંયમતત્વ પણ છે. સમજાણું કાંઈ? પણ છઠ્ઠી ભૂમિકામાં હજી મહાવ્રતનો વિકલ્પ છે, અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ રાગ છે તો એને સાસ્રવી આસ્રવવાળા મુનિ કહેવામાં આવ્યા છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ... નહિ... એ પછી નથી. અબુદ્ધિપૂર્વક (લેવા) છે જ નહિ. એ ગણતરીમાં આવ્યા નથી. એને ગણવામાં નથી આવ્યા (તેથી) નિરાસ્રવ છે.

એક અપેક્ષાએ સમ્યગ્દર્શન થયું તો પણ નિરાસ્રવી છે. એ બીજી વાત. એ અહીં નથી લેવું. સમજાણું કાંઈ? આત્મા અંતર આનંદ નિર્વિકલ્પ રાગરહિત અનુભવ સમ્યગ્દર્શન થયું, જ્ઞાન સમ્યક્ થયું, સ્વરૂપાચરણ પણ થયું. તો એક ન્યાયે તો સમ્યગ્દષ્ટિને આસ્રવરહિત કહેવામાં આવ્યા છે. કેમકે આસ્રવ એ પરવસ્તુ છે. તો પરની પરિણતિ જ્ઞાનીને છે નહિ. સમજાણું કાંઈ? એ સવારે એ વાત. સવારે સમજ્યા? એ સવારમાં ચાલે છે. અહીંયાં તો મોક્ષમાર્ગનો અધિકાર છે. ચરણાનુયોગનો મોક્ષમાર્ગનો અધિકાર છે. એટલે? એટલે કહે છેને શું કહે છે? અર્થાત્. બધું હિન્દી અમને નથી આવડતું. થોડા શબ્દો ગોતવા પડે.

અહીંયાં તો સમ્યગ્દર્શન સાચો અનુભવ છે, સમ્યગ્જ્ઞાન પણ આગમજ્ઞાન એટલે એકલું શાસ્ત્ર નહિ પણ આત્માના જ્ઞાનનું આગમજ્ઞાન. એમ છે અને સ્વરૂપમાં સંયત-સંયતપણું, વીતરાગી દશા, ત્રણ કષાયનો અભાવ એવી દશા છે. તોપણ એને ત્રણના યુગપદ્‌પણાની સાથે અભેદ નિર્વિકલ્પ જ્યારે સમ્યક્ ત્રણેની એકતા થાય છે તેને અહીંયાં જ્ઞાનીપણું ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? એના અર્થમાં જ્યાં મોક્ષમાર્ગપ્રકાશમાં લીધું છે ત્યાં આ પ્રશ્ન કર્યો છે કે ત્યાં આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન એને (સમ્યગ્જ્ઞાન) કહ્યું છે તો ના પાડી છે કે એ સાચું જ્ઞાન નથી. તો ભાઈ! એ આગમજ્ઞાન શાસ્ત્રનું જ્ઞાન છે. વ્યવહારુ શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ અને વ્યવહારુ વ્રતના અનુષ્ઠાન એને નામનિક્ષેપે તત્ત્વાર્થશ્રદ્ધાન ને સંયમ ને નામનિક્ષેપે જ્ઞાન કહેવામાં આવ્યું છે. અથવા દ્રવ્યનિક્ષેપે કહેવામાં આવ્યું છે. બે વાત છે. દ્રવ્ય એટલે ઉપયોગમાં વસ્તુસ્થિતિની ખબર નથી. સમજાણું કાંઈ?

ભાવનિક્ષેપથી જે અનુભવ સમ્યગ્દર્શન છે એ વાત આગમજ્ઞાન તત્ત્વાર્થશ્રદ્ધાન સહિત બીજી ચીજ છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? ત્યાં આગળ સમ્યગ્દર્શનની સાથે એ તત્ત્વાર્થશ્રદ્ધાન નામનિક્ષેપ એટલે અહીં પ્રવચનસારનો જ ન્યાય આપ્યો છે. પૂછયું છે શિષ્યે એ. સમજાણું કાંઈ? પ્રવચનસારમાં એમ લખ્યું છેને? છે કે નહિ ક્યાં ગયું? આમાં નાખવું જોઈએને પાછું? માણસ કહે, ભાઈ આ વાત ક્યાંથી વળી કીધી? ૯મા (અધિકાર)માં આવે છે નહિ? ૯મું. ૩૨૪ પાને છે. ગુજરાતી છે હોં. **'મિથ્યાદષ્ટિને પણ તત્ત્વાર્થશ્રદ્ધાન હોય છે એમ શાસ્ત્રમાં નિરૂપણ છે,...'** મિથ્યાદષ્ટિને પણ તત્ત્વાર્થશ્રદ્ધાન છે એવું શાસ્ત્રમાં કથન

છે. '**શ્રી પ્રવચનસારમાં આત્મજ્ઞાનશૂન્ય...**' આ ચાલે છે એ વાત. મોક્ષમાર્ગપ્રકાશકમાં એમ લીધું છે. '**શ્રી પ્રવચનસારમાં આત્મજ્ઞાનશૂન્ય તત્ત્વાર્થશ્રદ્ધાન અકાર્યકારી કહ્યું છે; માટે સમકિતનું લક્ષણ તત્ત્વાર્થશ્રદ્ધાન કહ્યું, તેમાં અતિવ્યાપ્તિદૂષણ લાગે છે?**' એ બરાબર લક્ષણ, ત્રણ દોષરહિત લક્ષણ નથી. બહુ લાંબી વાત છે. પણ ટૂંકું આપણે કરીએ.

'**ઉત્તર :- મિથ્યાદષ્ટિને જે તત્ત્વશ્રદ્ધાન કહ્યું છે તે નામનિક્ષેપથી કહ્યું છે.**' વાસ્તવિક તત્ત્વાર્થશ્રદ્ધાન નિશ્ચય સમ્યક્ અનુભવ થઈને નિર્વિકલ્પ વેદન થાય સમ્યગ્દર્શન એવું નથી. તો તત્ત્વાર્થશ્રદ્ધાન પણ નામનિક્ષેપે કહ્યું. '**જેમાં તત્ત્વશ્રદ્ધાનનો ગુણ નથી...**' ભાવ નથી. પણ '**વ્યવહારમાં જેનું નામ તત્ત્વશ્રદ્ધાન કહીએ છીએ તે મિથ્યાદષ્ટિને હોય છે, અથવા આગમદ્રવ્યનિક્ષેપથી હોય છે.**' વાત ખ્યાલમાં આવીને ઉપયોગમાં એટલું. ભાવમાં નથી આવ્યું. અંતર અનુભવ સમ્યક્ નિર્વિકલ્પ વેદન નથી. તો આગમનિક્ષેપથી તત્ત્વાર્થશ્રદ્ધાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**તત્ત્વાર્થશ્રદ્ધાનનાં પ્રતિપાદક શાસ્ત્રોનો અભ્યાસ છે પણ તેના સ્વરૂપનો નિર્ણય કરવામાં ઉપયોગ લગાવતો નથી...**' તો તે વાસ્તવિક લક્ષણ નથી. સમજાણું કાંઈ? બધે .. બધે ..ઠેકાણે છે. ૨૪૧માં છેને? ક્યાં કહ્યું?

સમયસારમાં એક જ જીવને ધર્મનું શ્રદ્ધાન, અગિયાર અંગનું જ્ઞાન અને મહાવ્રત આદિનું પાલન લખ્યું છે. બંધ અધિકારમાં. પ્રવચનસારમાં પણ એમ જ લખ્યું છે. જેને આગમજ્ઞાન એવું થયું કે જે વડે સર્વ પદાર્થને હસ્તામલવત્ જાણે. એ આવશે હવે. અને અહીંયાં અજ્ઞાનીનું ગણ્યું છે. સમજાય છે? અને આ હસ્તામલવત છે એ સમ્યગ્જ્ઞાની છે. સમ્યગ્જ્ઞાની. પ્રવચનસારમાં ચાલે છે એ સમ્યગ્જ્ઞાનની વાત છે. 'હસ્તામલ.. એમ પણ જાણે આને જાણનારો હું છું, પણ જ્ઞાનસ્વરૂપ હું છું એવું પરથી ભિન્ન કેવળ ચૈતન્યદ્રવ્યનો અનુભવ નથી. માટે આત્મજ્ઞાન આગમજ્ઞાન પણ કાર્યકારી છે.' એ વ્યવહારુ આગમજ્ઞાનની વાત છે. અહીંયાં છે તે નિશ્ચય આગમજ્ઞાનની વાત ચાલે છે. સમજાણું? ૧૪૫ શું કીધું? ૧૪૭. જુઓ, '**પ્રવચનસારમાં આત્મજ્ઞાનશૂન્ય...**' સંયમભાવ અકાર્યકારી કહ્યો છે. ત્યાં સુધી તત્ત્વાર્થશ્રદ્ધાનનો નકાર કર્યો છે ભાઈ! અહીં ચારિત્રનો અધિકાર.

'વળી એ જ ગ્રંથોમાં અન્ય પરમાત્મપ્રકાશ શાસ્ત્રોમાં પ્રયોજન અર્થે ઠામ-ઠામ નિરૂપણ કર્યું છે. માટે તત્ત્વજ્ઞાન થયા પછી આચરણ કાર્યકારી છે.' તત્ત્વજ્ઞાન નામ સમ્યગ્દર્શન. આત્માનું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થયા પછી સ્વરૂપમાં આચરણની સ્થિરતા એ કાર્યકારી છે. એ સિવાય સમ્યગ્દર્શન વિના ગમે તેટલા કરોડો ભવ અને કષ્ટ કરે, વ્રત ને તપ ને, સમજાણું કાંઈ? એને આત્માને કિંચિત્ પણ ધર્મનો લાભ છે નહિ. જુઓ, ત્યાં પણ કહ્યું છે.

મુમુક્ષુ :- ત્રણે બતાવ્યા. આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયમભાવ ત્રણે હોવા છતાં આત્મજ્ઞાન ન થાય તો..

ઉત્તર :- મિથ્યાદષ્ટિ છે. અહીંયાં બીજી વાત છે.

મુમુક્ષુ :- ત્રણે બતાવ્યા છે.

ઉત્તર :- હા, ત્યાં ત્રણેય. પણ અહીંયાં બીજી વાત છે. એમાંથી કાઢ્યું છે. અને આખા ભજનમાં પણ... 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ આત્મજ્ઞાન એટલે સમ્યગ્દર્શનનું, ચોથા ગુણસ્થાનનું. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં જે આત્મજ્ઞાન કહેવામાં આવે છે એ સાતમા ગુણસ્થાન(વાળા)નું આત્મજ્ઞાન અહીંયાં કહે છે. સમજાણું કાંઈ? સાતમું ગુણસ્થાન અને આત્મજ્ઞાન શું કહે છે? પ્રવિણભાઈ! અભ્યાસ ન હોય એને. એને ક્યાં ત્યાં પોલીસમાં ધમાધમ કરે ..માં. કહો, સમજાણું કાંઈ? આહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉપર સ્થિરતા સાતમાની હોય તેને આત્મજ્ઞાની કહેવામાં આવ્યા છે બસ. બાકી .. એમાંથી સમ્યગ્દર્શન, મિથ્યાત્વની સામે સમ્યગ્દર્શન લીધું છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં, આગમજ્ઞાન તત્ત્વાર્થશ્રદ્ધાન અને સંયમ એ બધા નામનિક્ષેપે લીધા છે. એ વાત કાઢી છે એમાંથી. પણ એ વાત આચાર્યોને તો એનાથી ઉગ્ર વાત કહેવી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શું કહે છે જુઓ, '**અજ્ઞાનીને ક્રમાનુસાર તથા બાળતપરૂપ...**' તપ આદિ, વ્રત આદિ. જે '**ઉદ્યમથી કર્મ પાકે છે અને જ્ઞાનીને તો જ્ઞાનીપણાને લીધે...**' એ જ્ઞાનીપણું સાતમા ગુણસ્થાનનું લેવું. એકદમ નિર્વિકલ્પ અભેદ ચારિત્રસહિતની દશા. સમજાણું કાંઈ? '**વર્તતા ત્રિગુપ્તિપણારૂપ પ્રચંડ ઉદ્યમથી...**' જુઓ, ત્રિગુપ્તિ. મન-વચન-કાયાથી અંદર શાંત... શાંત... શાંત... આનંદની રેમલછેલનું વેદન છે સાતમા ગુણસ્થાને. '**ત્રિગુપ્તિપણારૂપ પ્રચંડ ઉદ્યમથી કર્મ પાકે છે; તેથી જે કર્મ અજ્ઞાની અનેક શત-સહસ્ર-કોટિ ભાવો વડે,...**' લ્યો જુઓ, '**શત-સહસ્ર-કોટિ...**' સો લાખ કરોડ. '**ભાવો વડે, મહાકષ્ટથી,...**' દુઃખ વેદનથી... એ તો દુઃખવેદન છે. સમજાણું કાંઈ? '**ઓળંગી જાય છે,...**' કેમકે રાગની મંદતાભાવ એ દુઃખ છે અને સાથે મિથ્યાત્વભાવ છે એ પણ દુઃખ છે. ઉંડે-ઉંડે અંદરમાં ભગવાન આત્માથી વિરુદ્ધ રાગાદિ વિકલ્પને જ પોતાનો માનીને મિથ્યાદષ્ટિમાં પડ્યો છે તો એ મિથ્યાત્વભાવ દુઃખ છે. સમજાણું કાંઈ? અને સાથે રાગની મંદતા થાય દયા, દાન, વ્રત, તપ આદિ એ પણ દુઃખ છે. સમજાણું કાંઈ?

'**ભાવો વડે, મહાકષ્ટથી, ઓળંગી જાય છે, તે જ કર્મ જ્ઞાની ઉચ્છ્‌વાસમાત્ર વડે જ,...**' સાક્ષાત્ આનંદકંદ પ્રભુ. સાતમી ભૂમિકાની દશા મુનિની, મોહ ક્ષોભરહિત પરિણામ, શુદ્ધ ઉપયોગ. અશુદ્ધ ઉપયોગને અહીંયાં... શુદ્ધ ઉપયોગવાળાને અહીં જ્ઞાનીપણું ગણવામાં આવ્યું છે. '**રમતમાત્રથી જ, નષ્ટ કરે છે.**' લીલામાત્ર શબ્દ આવ્યો હતોને? લીલામાત્ર, રમતમાત્ર. મૂળ શબ્દ તો એ છેને. શું છે? લીલા. ના, ના, આ તો સંસ્કૃતમાં. સંસ્કૃતમાં '**लीलयैव**' '**लीलयैव**' લીલામાત્ર છે એમ લીધું છે. પંચાસ્તિકાયમાં લીલામાત્ર. રમતરમતમાં.

ઓહો..હો..! રમત એટલે શું? ભગવાન આત્મા સાથે રમે છે આત્મા. ભગવાન આત્મા આનંદમૂર્તિ પ્રભુ આત્મા છે, એની સાથે ભેટો કરીને અતીન્દ્રિય આનંદમાં રમે છે. એવી લીલામાત્રમાં કર્મ ખરી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! માણસ કહે છેને, ભાઈ બહુ કષ્ટ કરે તો કર્મ બહુ ખપે. કષ્ટ કરે એ તો આર્તધ્યાન છે. કર્મ ક્યાંથી ખપે ધૂળમાં? એ તો મિથ્યાત્વભાવ છે. આર્તધ્યાન છે અને માને છે કે અમને ધર્મ છે, તો મિથ્યાત્વભાવની ક્ષણે ક્ષણે પુષ્ટિ કરે છે. સમજાણું કાંઈ? અહીં આત્મા રાગ, વિકલ્પથી ભિન્ન એવો અનુભવ નથી, ત્યાં આગળ વ્રત, તપને નિરર્થક જ કહ્યા છે. નિરર્થક નહિ એ ઉપરાંત મિથ્યાત્વનું પોષણ કરે છે એમ કહે છે. નિરર્થક તો એનું ફળ સાચું નથી એ અપેક્ષાએ. ભાઈ! પણ વ્રત અને તપનો ભાવ વિકલ્પ રાગ એમાં રહ્યો છે તો એનું ફળ મિથ્યાત્વની પુષ્ટિ ક્ષણે-ક્ષણે છે. કારણ કે એને, હું ધર્મ કરું છું, હું સારું કરું છું, કાંઈક કર્તવ્ય મારું સારું છે, મને ક્ષણે ક્ષણે હિત થશે. -એવી મિથ્યાત્વની પુષ્ટિ વ્રત, તપની પર્યાયમાં એને થાય છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે **'રમતમાત્રથી જ, નષ્ટ કરે છે. વળી અજ્ઞાનીને તે કર્મ, સુખદુઃખાદિવિકારરૂપ પરિણમનને લીધે,...'** જુઓ, એને તો સુખદુઃખ (એટલે) કષ્ટ થાય તો થોડું દુઃખ થાય છે અને જરી રાગ મંદ હોય તો સુખની કલ્પના લાગે છે. ખોટા સુખની હોં, આત્માના સુખની અહીં વાત નથી. સમજાણું કાંઈ? એમ છેને. રાગ મંદ હોય તો વનમાં, જંગલમાં રહેતા હોય, ... આદિમાં લીધું છે. એ રાગની મંદતાને સુખ માને છે. એ **'સુખદુઃખાદિવિકારરૂપ પરિણમનને લીધે, ફરીને નૂતન કર્મરૂપ સંતતિ મૂકતું જાય છે...'** મૂકતું જાય છે એટલે? નવું બાંધતો જાય છે એમ. ફળમાં નવા કર્મ બંધાય છે. જૂના થોડા ખરે છે, પણ નવા અનંતા લાકડા, મિથ્યાત્વના લાકડા નાખે અંદર. મૂકતું જાય છે. મૂકતું જાય છે એટલે શું? કર્મ નવા બાંધતા જાય છે એમ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. છોડું. નવું આવે છે એમ.

**'અને જ્ઞાનીને...'** હવે ઓલા સુખદુઃખાદિ વિકાર છેને? ..માં તો કર્તા બેય લીધા છે. રાગ અને દ્વેષને ગ્રહણ કર્યા અને સુખદુઃખાદિ વિકારભાવરૂપ પરિણમે છે એમ બેય લીધું. કર્તાભોક્તા. અજ્ઞાનીને આત્મા જિનસ્વરૂપ વીતરાગસ્વરૂપ છે એવી દૃષ્ટિનો તો અંતર અભાવ છે. તો રાગાદિ વિકલ્પ જે ઉઠે છે સૂક્ષ્મ એમાં જ પોતાપણું માનીને રાગનો કર્તા થઈને રાગરૂપ પરિણમે છે અને એ રાગમાં સુખબુદ્ધિ છે. અને પ્રતિકૂળ હોય તો કાંઈક દુઃખબુદ્ધિ છે. તો એ સુખ-દુઃખના વિપાકનો ભોગવટો કરતાં-કરતાં નવું કર્મ બાંધે છે. મિથ્યાત્વનું નવું બાંધે છે. સમજાણું કાંઈ?

**'સુખદુઃખાદિવિકારરૂપ પરિણમનને લીધે,...'** આદિમાં એ રાગાદિ લઈ લેવા. **'ફરીને નૂતન કર્મરૂપ સંતતિને મૂકતું જાય છે અને જ્ઞાનીને તો સુખદુઃખાદિવિકારરૂપ પરિણમન**

**નહિ હોવાથી...'** ધર્મીને આનંદનું, અતીન્દ્રિય આનંદનું વેદન છે. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને પણ આનંદનું વેદન છે, પણ અહીં તો વિશેષ સાતમા ગુણસ્થાનવાળા લેવા છે. તો એને તો અતીન્દ્રિય પ્રચુર સ્વસંવેદન (છે એમ) મુનિ પોતે કહે છે કુંદકુંદાચાર્ય. સમજાણું? આ તો છેક સાતમું. જ્યારે લખતા હતા વિકલ્પ હતો તોપણ કહે છે કે અમને પ્રચુર સ્વસંવેદન છે. પણ વિકલ્પ છૂટીને સાતમે આવ્યા ત્યારે તો અતીન્દ્રિય આનંદનું વિશેષ વેદન છે. તેને અહીંયાં મુનિપણું ગણવામાં આવે છે. સમજાણું કાંઈ? **'નૂતન કર્મરૂપ સંતતિ મૂકતું જતું નથી.'** જ્ઞાનીને નવું કર્મ બંધાતું નથી. જૂના કર્મ છૂટી જાય છે, નવા કર્મ બંધાતા નથી. તો સાક્ષાત્ સિદ્ધ સમાન જ આ મુનિ છે એમ કહે છે. લ્યો! એ આગળ આવશે. શુદ્ધ-શુદ્ધ. શુદ્ધ ઉપયોગી સાક્ષાત્ સિદ્ધ સમાન જ છે. આ પંચમકાળના મુનિને સાતમું હોય તો એવું હોય એમ કહે છે. એવી દશા પંચમકાળમાં પણ મુનિદશા હોય તો. સમજાણું? આ પંચમકાળની વાત ચાલે છે. આ કાંઈ ચોથા આરાની કે .. નથી ચાલતી. આહા..હા..! સમજાણું કાંઈ?

તો જેને હજી આત્મા અખંડાનંદ નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્ય અભેદ એનો અનુભવ નથી તો વ્રત અને તપ તો બેય નિરર્થક છે. નિરર્થક નહિ, પણ સાથે મિથ્યાત્વનો બંધ પડે છે. સમજાણું કાંઈ? જેઠાભાઈ! એમ ધર્મી માને છે ઠીક. ઠીક તો માને ઉંડે ભલે.. ઠીક કરું છું, સારું કામ છે. સમજાણું કાંઈ? **'માટે આત્મજ્ઞાન જ મોક્ષમાર્ગનું સાધકતમ છે.'** અહીંયાં લ્યો. સાધક, સાધકતર અને સાધકતમ. સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનપૂર્વક, સમ્યગ્જ્ઞાનપૂર્વક, ચારિત્રપૂર્વક. સાતમાની શુદ્ધોપયોગની રમણતા બસ એ જ સાધકતમ મોક્ષનો માર્ગ છે.

**'હવે, આત્મજ્ઞાનશૂન્યને સર્વઆગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન તથા સંયતત્વનું યુગપદપણું પણ અકિંચિત્કર છે (-કાંઈ કરતું નથી) એમ ઉપદેશે છે :—'** સાચું જ્ઞાન હોં આત્મજ્ઞાન સાચું, સાચું સમ્યગ્દર્શન નિર્વિકલ્પ અને ચારિત્ર પણ સાચું સંયતપણું. યુગપદપણું છે તોપણ સાતમી ભૂમિકાને યોગ્ય દશા નથી, થોડો રાગભાગ છે તો એ ત્રણ શું કરે? એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન છે નિશ્ચય, સમ્યગ્જ્ઞાન છે આત્માનું, સમ્યક્પણું ચારિત્ર છે ત્રણ કષાયનો અભાવ. એ ત્રણે પણ, આત્મજ્ઞાન નામ આત્મામાં એકતા વિના—સાતમા ગુણસ્થાનની શુદ્ધોપયોગદશા વિના એ ત્રણે શું કરે? એમ કહે છે. શું કરે એમ નહિ પણ અકિંચિત્કર એમ લીધું છે. લોકોને .. ગતિ.. આહા..હા..! તદ્દન કેવળજ્ઞાન પ્રાપ્ત આનંદમૂર્તિ કેવળ પ્રાપ્ત આત્મા. પોતાના આત્મા જ્ઞાનની, આનંદની પૂર્ણની પ્રાપ્તિ એ ત્રણે સાચા હોય છતાં એકાકાર દશા શુદ્ધોપયોગની ન હોય તો ત્રણે શું કરે? એમ કહે છે અહીંયાં. એ કારણે એ મોક્ષમાર્ગપ્રકાશકમાં એમ લીધું. કાંઈ કરે નહિ. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ અપેક્ષાએ લીધું છે. મિથ્યાદૃષ્ટિનું ... એમ લીધું છે એમાં. એમ. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન વિના આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન નામનિક્ષેપવાળી હોં. એ સમ્યક્ વ્રતાદિ

મહાવ્રત-મહાવ્રત કેવા? નવમી ગ્રૈવેયક જાય એવો શુભભાવ એવો ભાવ છે. તો શું કરે? આત્માના દર્શન અનુભવ વિના એ શું કરે? એ વાત એમાંથી કાઢી છે. પણ અહીંયાં તો એમ કહે છે આચાર્ય તો. સમજાણું કાંઈ? એ ત્રણે સાચા છે, પણ હજી રાગનો કણ બાકી છે થોડો. સમજાણું કાંઈ? આહા..હા..! રાગ .. વીતરાગપણાની દશા કેમ પમાય? કે ત્રણે શુદ્ધ ઉપયોગની અપેક્ષાએ મુક્તિને માટે અકિંચિત્કર કહેવામાં આવ્યા છે. ... એક બાજુ બંધ અધિકારમાં એ આવ્યું છેને? સમ્યગ્દૃષ્ટિ પણ અંતરની અપેક્ષાએ નિરાસ્રવ અને નિર્બંધ છે. છઠ્ઠા ગુણસ્થાનની ત્યાં વાત લીધી છે. ..નિર્વિકલ્પ છેને .. બરાબર. જે મરી જાય એને બંધ છે નહિ. નિર્બંધ છે. સમ્યગ્દૃષ્ટિ, અનુભવી, મુનિ, સંત, ચારિત્રદશાવંત ચાલે છે એમાં કોઈ શરીર, કોઈ .. તો એને પાપ ન લાગે-નિર્બંધ છે. પાઠ એવો લીધો છે. પંડિતે ખુલાસો કર્યો. જયચંદપંડિતે. સમજાણું કાંઈ? આ તો પ્રવચનસાર છેને. સમયસારમાં. સમ્યગ્દૃષ્ટિ અંતરની અપેક્ષાએ તો નિરાસ્રવ અને નિર્બંધ જ છે. છેને? આ હિન્દી છેને? ..નિર્બંધ. છેલ્લી પાંચ ગાથા છે. ઓલામાં છેને. જુઓ, '**સમિતિરૂપ પ્રવૃત્તિ કરનારા મુનિઓનું નામ લેવામાં આવ્યું છે.**' પાઠમાં. '**અને અવિરત દેશવ્રતીનું નામ નથી લેવામાં આવ્યું. એનું કારણ કે અવિરત દેશવ્રતીને બાહ્ય સમિતિરૂપ પ્રવૃત્તિ નથી થતી માટે ચારિત્રમોહથી જરી રાગથી કિંચિત્ બંધ થાય છે. તેથી સર્વથા બંધના અભાવની અપેક્ષાએ મુનિનું નામ લીધું. આમ તો અંતરંગ અપેક્ષાએ તો એને પણ નિર્બંધ જ જાણવા જોઈએ.**' કોને? સમ્યક્ ચોથા ગુણસ્થાનને.

મુમુક્ષુ :- અવિરતિ...

ઉત્તર :- અવિરતિ અને દેશવિરતિ બેય એ. સમજાણું કાંઈ? એ દૃષ્ટિના જોરની અપેક્ષાએ. દૃષ્ટિએ આખા દ્રવ્યનો સ્વીકાર કર્યો છે. પૂર્ણાનંદ, અખંડાનંદ પ્રભુ, દૃષ્ટિનો સ્વકાર આખા દ્રવ્ય ઉપર પ્રસરી ગયો છે. સમજાણું કાંઈ? તો કહે છે કે દ્રવ્ય જ્યારે અબંધ છે અને સમ્યગ્દર્શનના પરિણામ પણ અબંધ છે. તો અબંધ પરિણામે આખા અબંધ સ્વભાવની જ્યાં દૃષ્ટિમાં અનુભવ થયો, એને આસ્રવ-બાસ્રવ છે નહિ, બંધ છે નહિ, નિર્બંધ છે. એ દર્શનની અભેદદૃષ્ટિના મુખ્યપણાના માહાત્મ્ય ગણીને એમ કહેવામાં આવ્યું છે.

અહીં ચાલે છે એ વાતમાં. અહીંયાં તો સમ્યગ્દર્શન આત્માની અનુભવદૃષ્ટિ, એ ઉપરાંત આત્માનું જ્ઞાન. અહીં જ્ઞાન છે એ બીજું. અને સ્વરૂપમાં ચારિત્રની સમ્યક્ દશા એવા ત્રણ થઈને પણ, સાચા ત્રણ નિશ્ચય થઈને પણ જ્યાં સુધી વિકલ્પ રાગ અંશ રહે છે છઠ્ઠા ગુણસ્થાને. સમજાણું કાંઈ? અઠ્ઠાવીશ મૂળગુણ આદિ વિકલ્પ રહે છે તો એ ત્રણ શું કરે એમ કહે છે. અરે..! ભારે વાત છે ભાઈ! અપેક્ષા સર્વજ્ઞના તત્ત્વની સમજે નહિ અને ગોટા વાળે ખોટા. નથી સમજાતું? ઠીક કહે. ..ભાઈ .. આ એવી વાત છે, ભગવાન! જ્યારે દર્શનનો વિષય.. બતાવે ત્યારે તો એને જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે એમ કહે છે. આહા..હા..!

સમજાણું કાંઈ? જ્ઞાનીને આત્માની દૃષ્ટિ થઈ, અનંત આનંદ કબજે કરી લીધો છે પ્રતીતે, તો એને ભોગ છે, વાસના છે ભોગની, એ ભોગ નિર્જરાનો હેતુ છે. ઓહો..હો..! એ કાંઈ ભોગ નિર્જરાનો હેતુ નથી, પણ દર્શનનું જોર છે અખંડાનંદ પરિપૂર્ણ પ્રભુ, અખંડ પરમાત્મા પરમસ્વરૂપ અનંત કેવળજ્ઞાન જેમાં અનંત કેવળજ્ઞાન પડ્યા છે ગુણમાં. આહા..હા..! જ્ઞાનશક્તિમાં તો અનંત કેવળજ્ઞાન પડ્યું છે. એવા અનંતા-અનંતા એક-એક ગુણની અનંત શક્તિ પડી છે. બધાનું એકરૂપ જે દ્રવ્યવસ્તુ છે એવા અંતર્મુખમાં, જે અનુભવમાં ભાન કરીને પ્રતીત થઈ. સમજાણું કાંઈ? તો એને દર્શનના જોરથી, અબંધ પરિણામના જોરથી, પરિણામ સમ્યગ્દર્શન અબંધ છે અને એનું ધ્યેય અબંધ દ્રવ્ય છે. એ જોરને કારણે ભોગની વાસના પણ નિર્જરી જાય છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે છઠ્ઠી ભૂમિકાને યોગ્ય સમ્યગ્દર્શન, સાચું જ્ઞાન અને સાચું ચારિત્ર. આહા..હા..! એ પણ નિર્વિકલ્પ શુદ્ધોપયોગ સાતમા ગુણસ્થાને ન હોય તો સિદ્ધિનું કારણ સીધું નથી માટે અકિંચિત્કર ગણવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! પરમેશ્વરનો માર્ગ તો જુઓ! પરમેશ્વર પોતે પરમેશ્વર છે, ભગવાન આત્મા એ પરમેશ્વર છે. બીજા કોણ? પરમેશ્વર તો બીજા થયા તો એના એ પરમેશ્વર છે. સમજાણું કાંઈ? ત્યાં પોતાને કોઈ દઈ દે છે? પોતાની પરમેશ્વરતા પોતામાં પડી છે એ નિજના આશ્રયે પ્રગટે છે. એમાં કોઈ બીજાના આશ્રયની જરૂર નથી. સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન! આબાળ-ગોપાળ દેહની અંદર બિરાજમાન પ્રભુ. ચાહે તો બાળક હોય, ચાહે તો સ્ત્રીનું શરીર હોય, ચાહે તો સિંહનું હોય કે પાવૈયા-નપુંસકનું હોય, ભગવાન તો અંદરમાં પૂર્ણાનંદ પ્રભુ બિરાજમાન છે. સમજાણું કાંઈ? એવા આત્માનો સમ્યક્ અનુભવ થયો, દર્શન થયું તો કહે, વાસના છે એ નિર્જરી જાય છે એમ કહ્યું. એ સમ્યગ્દર્શનની અપેક્ષાના જોરે. અહીં કહે છે કે એવું સમ્યગ્દર્શન છે, સાચી આત્માની પક્કડ-અનુભવ કરી લીધી, દૃષ્ટિ છે, એનું જ્ઞાન છે અને ચારિત્ર પણ વીતરાગ રમણતા થઈ ગઈ છે ત્રણ કષાયના અભાવની. એક રાગનો કણ પંચમહાવ્રતનો કે અઠ્યાવીશ મૂળગુણનો રાગ કણ રહે છે તો કેવળજ્ઞાન પ્રાપ્તિમાં એકલા ત્રણ કામ કેમ કરશે? અકિંચિત્કર છે. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છગનભાઈ! સમજાય છે કે નહિ? એ છોકરાઓને સમજાય એવું છે હોં. ન સમજાય એવું નથી. ઝોલા ન ખાવા થોડા. કોક છોકરો .. બેસી ગયો. ઓઠીંગણ લે. છોકરાઓને ઓઠીંગણ દેવાના હોય? વૃદ્ધને ઓઠીંગણ હોય. ઓઠીંગણ સમજો છો? ટેકો. આ જુઓને ટેકા વિના બેસે છે વૃદ્ધ છે તોપણ. ટેકો સમજો છો? સહારા. ટેકા વિના બેસે છે. પરનો ટેકો. પરનો ટેકો છે નહિ. નીચે બેસે. છોકરાઓ કેમ ટેકો લે? દિવાલને ટેકો દઈને બેસે છે.

મુમુક્ષુ :- આશ્રય.

ઉત્તર :- આશ્રય કહે છે. સમજાણું કાંઈ? વૃદ્ધ છે. જુઓ, એક કલાક બરાબર બેસે

છે. બપોરે, સવારે એક કલાક બેસે છે. સમજાણું કાંઈ? તો બાળકોને ભીંતનો ટેકો લેવો અને કોઈ ઓલા કબાટનો લે છે. અરે..! ભગવાન! આ તો નિરાલંબી ભગવાન છે. સાંભળવામાં પણ થોડો પરનો આશ્રય છોડીને સાંભળવું જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને શું કહે છે! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય ફાટ-ફાટ પ્યાલા અંદરથી વીતરાગની રમણતા છે તો કહે છે કે જ્યાં સુધી આ શાસ્ત્ર લખવાનો વિકલ્પ-ઉપયોગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો એવો વિકલ્પ રાગ છે પ્રશસ્ત, પણ એ ત્રણ થઈને પણ નિર્વિકલ્પદશા ન હોય તો ત્રણે શું કરે એમ કહે છે. આહા..હા..! એટલી અપેક્ષા. સમજાણું કાંઈ? સાક્ષાત્ કેવળજ્ઞાન લેવું છે. પૂર્ણાનંદનો નાથ પર્યાયમાં પ્રગટ છે. પૂર્ણાનંદ જેમ સ્વભાવમાં પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... ભાવ તો પૂર્ણ જ છે. એ અવસ્થા-દશામાં પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ એટલે ચારિત્ર, વીતરાગતા. સમજાણું કાંઈ? અને પૂર્ણ વીર્ય. ભગવાન તો વીર્યપિંડ જ છે. આત્મા તો જ્ઞાનપિંડ છે, દર્શનપિંડ છે, આનંદપિંડ છે, વીર્યપુરુષાર્થ પિંડ છે, પણ પર્યાયમાં પૂર્ણ પ્રગટ થવું એનું કારણ તો આ નિર્વિકલ્પ શુદ્ધોપયોગ કારણ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ઓહો..! કહે છે **'આત્મજ્ઞાનશૂન્યને સર્વઆગમજ્ઞાન,...'** આત્મજ્ઞાન શૂન્યને. સમજાણું કાંઈ? **'સર્વઆગમજ્ઞાન, તત્વાર્થશ્રદ્ધાન તથા સંયમતત્વનું યુગપદપણું પણ અકિંચિત્કર છે...'** શુદ્ધ ઉપયોગ જામે નહિ ચારિત્ર સહિતનો હોં શુદ્ધોપયોગ. ત્યાં સુધી તેને મુક્તિ ક્યાંથી થશે? આહા..હા..! સમજાણું કાંઈ? ૨૩૯.

**परमाणुपमाणं वा मुच्छा देहादिएसु जस्स पुणो।**
**विज्जदि जदि सो सिद्धिं ण लहदि सव्वागमधरो वि।।२३९।।**

જુઓ, સમયસારમાં ત્યાં એમ લીધું છે કે જે રાગ સર્વ આગમધર-ત્યાં મિથ્યાત્વીનો રાગ લીધો છે ભાઈ! ત્યાં સર્વઆગમ શબ્દ પડ્યો છે. .. ગાથા છેને? ૨૦૧. ત્યાં સર્વઆગમધર છે, પણ રાગનો કણ પણ હોય તો એ રાગ અનંતાનુબંધીનો રાગ ત્યાં લીધો છે. રાગની એકતાબુદ્ધિ છે અને આખું આગમ ભણ્યો હોય ... તો એને કંઈ લાભ થતો નથી. એ ત્યાં એ લીધું છે. ખુલાસો પણ કર્યો છે જયચંદ પંડિતે. અનંતાનુબંધીનો છે. અહીંયાં પરમાણુમાત્ર પણ સંજ્વલનનો રાગ થોડો પણ રહે. એમ કહે છે. સમજાણું કાંઈ? આવી ગયુંને એ? શ્લોક આવ્યોને? હવે ગુજરાતી બાકી છે. ૨૩૯.

**અણુમાત્ર પણ મૂર્ચ્છા તણો સદ્ભાવ જો દેહાદિકે,**
**તો સર્વઆગમધર ભલે પણ નવ લહે સિદ્ધત્વને. ૨૩૯.**

.. સમસ્ત શાસ્ત્રનો જ્ઞાતા. સમજાણું કાંઈ? જુઓ હવે જરા મોક્ષમાર્ગપ્રકાશનું લીધું. **'સકળ આગમના સારને હથેળીમાં રહેલા આમળા સમાન કર્યો હોવાથી...'** આ છે આગમ અહીંયાં સાચું હોં. ત્યાં ખોટું હતું પહેલું કહ્યું એ. સમજાણું કાંઈ? **'સકળ આગમના સારને...'** સકળ આગમના સારને એમ લીધું છેને? **'હથેળીમાં રહેલા...'** એવું જ્ઞાન થયું. **'હથેળીમાં**

રહેલા **આમળા...'** આમળા કહે છે. અહીં આમળા શબ્દ પડ્યો છે. **'હથેળીમાં રહેલા આમળા (-હસ્તામલવત્, સ્પષ્ટ જાણતો હોવાથી) જે પુરુષ, ભૂર્ત-વર્તમાન-ભાવી સ્વોચિત પર્યાયો સહિત અશેષ દ્રવ્યસમૂહને જાણનારા આત્માને જાણે છે,...'** આહા..હા..! ભૂત નામ ગયા કાળની, અનંત પર્યાય દ્રવ્યની સ્વોચિત. જડની જડ ઉચિત અને ચૈતન્યની ચૈતન્યને ઉચિત. **'પોતાને ઉચિત; પોતપોતાને યોગ્ય. (આત્માનો સ્વભાવ ત્રણે કાળના સ્વોચિત પર્યાયો સહિત સમસ્ત દ્રવ્યોને જાણવાનો છે.)'** ભૂત, વર્તમાન અને ભાવિ. ગયો કાળ, વર્તમાન અને ભવિષ્ય બધાની પોતપોતાને યોગ્ય પર્યાયો સાથે. પર્યાયોની સાથે એમ. **'અશેષ દ્રવ્યસમૂહને...'** સમસ્ત દ્રવ્યને જાણનારાને, **'જાણનારા આત્માને જાણે છે,...'** સમજાણું કાંઈ? જુઓ, છઠ્ઠા ગુણસ્થાનની વાત કરે છે.

**'શ્રદ્ધે છે,...'** સાચું સમ્યગ્દર્શન કરે છે **'અને સંયમિત રાખે છે,...'** સંયમિત આત્માને ચારિત્રમાં રાખે છે. સમજાણું કાંઈ? આહા..હા..! 'દિગંબરોના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે.' આવે છેને શ્રીમદ્‌માં. જુઓ, કેટલું ... આગમજ્ઞાન બધું જાણ્યું સમ્યગ્જ્ઞાનમાં હોં. સમ્યગ્દર્શન કર્યું અને આત્માને સંયમિત રાખ્યો. ચારિત્રવંત થયો. **'તે પુરુષને આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયમતત્વનું યુગપદપણું હોવા છતાં પણ,...'** એ ત્રણે એક સાથે હોવા છતાં પણ, **'જો તે પુરુષ જરાક મોહમળ વડે લિપ્ત હોવાને લીધે...'** એ આ મોહમળ શબ્દે રાગ.

**પ્રવચન નં.૨૧૫માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

**અષાઢ સુદ ૯, બુધવાર, તા. ૨૩.૦૭.૧૯૬૯**
**ગાથા-૨૪૧-૨૪૨, પ્રવચન-૨૧૬**

એ આવશે હમણા. **'જીવિત-મરણન નિર્વિશેષપણે...'** જીવન શરીરનું હોય કે મૃત્યુ હોય. ન્યુનાધિકતા નથી. હોય જીવન તો હોય શરીરનું, દેહનો છૂટવાનો કાળ હોય તો છૂટી જાવ, હું તો સમતા... સમતા... સમતાનો સ્વામી છું. આહા..હા..! સમજાણું કાંઈ? **'(૧) શત્રુ-બંધુવર્ગમાં,...'** આગળ છેને. **'મોહના અભાવને લીધે સર્વત્ર રાગદ્વેષનું દ્વૈત જેને પ્રગટ થતું નથી,...'** આ શત્રુ છે તો દ્વેષ અને મિત્ર છે તો રાગ... મુનિ, સંયમી, જંગલમાં વસનારા નગ્નદિગંબર. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જેનો સંયમ ચારિત્ર

ધર્મ છે. એ શત્રુ અને મિત્ર પ્રત્યે સમભાવ છે. કહો, સમજાણું કાંઈ?

'(૨) **સુખ-દુઃખમાં,...**' સુખ-દુઃખ શબ્દે અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ. સુખ-દુઃખની કલ્પનાની વાત અહીંયાં નથી. અનુકૂળ હોય, કોઈ ચંદને ચોપડે અને કોઈ વાંસલે. વાંસલો સમજો છો? વાંસલાને શું કહે છે? એ સુતાર-સુતાર કાપે છેને. વાંસલો નહિ? એ છોલે તોપણ સમભાવ છે. કોણ કોને છોલે? એ તો જડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સુખ-દુઃખ સંયોગી અનુકૂળ-પ્રતિકૂળતામાં જેને રાગ અને દ્વેષની ઉત્પત્તિ થતી નથી. જેને સમભાવ રહે છે એવા મુનિની વ્યાખ્યા. એ સંયતિ અને ચારિત્ર એ સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક. સમજાણું કાંઈ? અને '(૩) **પ્રશંસા-નિંદામાં,...**' દુનિયા પ્રશંસા કરો કરોડો, તોપણ રાગ નથી. અને નિંદાની ઝપટ ચાલે તો દ્વેષ નહિ. આહા..હા..! એ તો બધું જ્ઞાનનું જ્ઞેય છે. જાણવાની ચીજ છે. એમાં આ નિંદા અને પ્રસંશા એવો ભાવ ધર્માત્માને, મુનિ, સંયતને હોતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો!

'(૪) **લોષ્ટ-કાંચનમાં...**' માટીનો ઢગલો પડ્યો હોય અને એક સોનાનો ઢગલો પડ્યો હોય બેયમાં સમભાવ છે. આહા..હા..! મુનિ એટલી સમતામાં છે કે જંગલમાં નીકળ્યા અને પાણી કે પેશાબ કરે, એમાં ચરુ નીકળે ચરુ. હીરાનો. એક-એક હીરો કરોડ રૂપિયાનો એવા અબજો લાખો-કરોડો હીરાના ચરુ. ચરુ સમજો છો? વાસણ, બરતન. બરતન. માટીનો ઢગલો હોય કે સોનું હોય કે હીરા હોય બધું સમાન છે. ભારે કામ! થોડું લઈને આપે તો બીજાને?

મુમુક્ષુ :- (આપે તો) દયા કરે. દયા ધર્મ છે.

ઉત્તર :- પાપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સોનામાં... સોનું-સોનું સુવર્ણ અને માટીનો ઢગલો. બેય સમાન છે, ધૂળ છે. ધર્માત્મા તો બેયને ધૂળ માને છે, જ્ઞેય માને છે. આ એવા આત્મ જ્ઞાનપૂર્વક જ્યાં સમતા... સમતા... સમતા... સમતા... વીતરાગતા ત્યાં ઝરે છે. ત્યાં ક્યાં સોનું અને ક્યાં પત્થર? બેય જ્ઞેય તરીકે છે, રાગ-દ્વેષ ઉત્પન્ન થતા નથી.

'(૫) **જીવિત-મરણમાં...**' લ્યો! એ આવી ગયું એમાં. શ્રીમદ્‌માં આવ્યું. 'જીવિત કે મરણે નહિ ન્યુનાધિકતા.' જીવિત હોય કે મરણ એક જ જાત છે. જીવિત-મરણ એક જાત છે. પોતે તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમાં સમતાથી-વીતરાગપણાથી સમ્યગ્દર્શનપૂર્વક વિચરે છે તો જીવિત-મરણમાં ક્યાંય ન્યુનાધિકતા છે નહિ. રાગ-દ્વેષ ઉત્પન્ન થતો નથી. કહો, જીવિત હોય તો ઠીક છે અને મરણ હોય તો અઠીક છે એમ છે નહિ. '(૧) **આ મારો પર (-દુશ્મન) છે, આ સ્વ (-સ્વજન) છે,...**' લ્યો! ઓલા શત્રુ-મિત્ર લીધા, પણ એક જરા વિશેષ. આ મારો શત્રુ છે, આ પહેલાથી મારો, આ મારા સ્વજન છે. મિત્ર.. સમજાણું કાંઈ? એની વ્યાખ્યા કરે છે. '(૧) **આ મારો પર (-દુશ્મન) છે, આ સ્વ (-સ્વજન) છે,...**' પહેલા આવ્યુંને શત્રુ-મિત્ર? એની વ્યાખ્યા કરે છે. અરિ પહેલા આવ્યું હતુંને શત્રુ-બંધું.

'**(૧) આ મારો પર (-દુશ્મન) છે, આ સ્વ (-સ્વજન) છે, (૨) આ આહ્‌લાદ છે,...**' સુખ છે '**આ પરિતાપ છે,...**' પહેલા આવ્યુંને? સુખ-દુઃખ. સુખ-દુઃખ. સુખ-દુઃખ. સુખ શબ્દ પડ્યો છેને પહેલા? આહ્‌લાદ છે. ઓહો..! મજા છે. ચંદનના ઝાડ એવી અનુકૂળતા. આહ્‌લાદ થઈ જાય. અને પ્રતિકૂળતા, અગ્નિની શિખામાં નાખ્યો તો પ્રતિકૂળતા છે એવું મુનિને હોતું નથી. આહા..હા..! જુઓ, એવા સમભાવરૂપી પરિણમન સમ્યગ્દર્શનપૂર્વક થવું એનું નામ ભગવાન ચારિત્ર અને સંયમ કહે છે અને એ ચારિત્ર તો મોક્ષનો માર્ગ છે. '**(૨) આ આહ્‌લાદ છે, આ પરિતાપ છે, (૩) આ મારું ઉત્કર્ષણ (-કીર્તિ) છે,...**' નિંદા-પ્રશંસા. પ્રશંસા છેને પહેલો શબ્દો? આ મારી કીર્તિ છે ઓહોહો..! આ દેશમાં તો મારી કીર્તિ એટલી જામી છે. અરે..! તારી કીર્તિ શું ધૂળમાં છે? કીર્તિ તો અહીં આત્મામાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? દુનિયા પ્રશંસા કરે લાખો-કરોડો તો કહે છે કે એ કીર્તિ છે. એમાં પણ રાગની ઉત્પત્તિ નથી.

'**આ અપકર્ષણ છે (-અપકીર્તિ) છે,...**' એમ. અરે..! અહીંયાં અમારી દશા હીણી થઈ ગઈ. દુનિયા કોઈ ગણતી જ નથી. અપકીર્તિ... અપકીર્તિ... અપકીર્તિ... કોની અપકીર્તિ? એ તો બધું જ્ઞેય છે—જ્ઞાનમાં જાણવાલાયક છે. જ્ઞાની સમ્યગ્દષ્ટિને પણ અપકીર્તિ, અપકીર્તિને કારણે રાગ-દ્વેષ નથી થતો. અહીં તો કારણ હોય છતાં નબળાઈથી જે ઉત્પન્ન થયું એ પણ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ કહે છે સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને અનુકૂળ-પ્રતિકૂળને કારણે રાગ-દ્વેષ નથી થતો. પોતાની નબળાઈને કારણે થતો હતો. એ નબળાઈનો રાગ-દ્વેષ પણ સંયમીને હોતો નથી. એ બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..! અમૃતના સ્વરૂપના અંદર ઘૂંટડા પીવે છે. ઘૂંટડા સમજો છો? શું કહે છે? ઘુંટ-ઘુંટ. તૃષા લાગી હોય અને શેરડીનો રસ હોય શેરડીનો રસ. એવા સંયત મુનિ ચારિત્રવંત સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક ક્ષણ-ક્ષણમાં અતીન્દ્રિય આનંદના ઘૂંટડા પીવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઘૂંટ-ઘૂંટ આવે છે ક્યાંય? મણિકાંત! ક્યાં? નિહાલભાઈએ લખ્યું છે. નિહાલભાઈમાં આવે છે. એય..! કૈલાસચંદજી! એ આવે છે કે નહિ? નિહાલભાઈમાં આવે છે. એ તો ગૃહસ્થાશ્રમમાં હતા, સમકિતી હતા. એ કહે છે કે અમને તો ભાઈ અમે જ્યારે ધ્યાનમાં હોઈએ છીએ એટલા આનંદના ઘૂંટડા પીએ છીએ કે બહાર આવવાની ઈચ્છા જ નથી થતી. પણ શું કરીએ? વિકલ્પનો વિજય થઈ જાય છે, એમ કહે છે. ભાઈએ એમ લખ્યું છે. વિકલ્પ આવે છે એનો વિજય થઈ જાય છે અસ્થિરતાનો. તો અમારા આત્માના આનંદના ઘુંટડામાં... આહા..હા..! આ મુનિને એવું વિઘ્ન નથી આવતું એમ કહે છે. વિકલ્પ નબળાઈથી ઉત્પન્ન થતા જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ચારિત્રદશા તો અતીન્દ્રિય આનંદમાં મગ્ન છે. કીર્તિ અને અપકીર્તિ.

અરે..! '(૪) **આ મને અકિંચિત્કર છે,...'** સમજાણું કાંઈ? માટીનો ઢગલો. માટીનો ઢગલો. આમાં શું? ધૂળ છે એમાં શું છે? અને સમજ્યા? આ મને ઉપકારક છે. ઉપકાર એટલે ઉપયોગી. આ સોનું, હીરા, માણેક મને ઉપયોગી છે. ધૂળમાંય ઉપયોગી નથી સાંભળ તો ખરો. આહા..હા..! એટલી સમતારસનો અમૃતનો સંયત ચારિત્રવંત, અમૃત નિર્વિકલ્પ, ચારિત્રના નિર્વિકલ્પ ઉપયોગને પીવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવા આનંદમાં **'આ મને અકિંચિત્કર છે,...'** અથવા તો ઢગલો છે એમ. અને **'આ ઉપકારક (-ઉપયોગી) છે,...'** સોનું, હીરા, માણેક હાથ લાગેને. એવા જ્ઞાનીને રાગની અને દ્વેષની ઉત્પત્તિ થતી નથી. એવા સંયમમાં, આનંદમાં રહે છે. આહા..હા..!

**'(૫) આ મારું ટકવું છે,...'** સમજાણું કાંઈ? સ્થાયિત્વ સ્થિર-સ્થિર. આ ટકવું, જીવન-મરણ. જીવિત અને મરણ. જીવિત-મરણ કહ્યુંને પહેલા? સ્થિર-સ્થિરમાં રહેશે અહીંયાં પાંચ-પચ્ચીસ વર્ષ. ત્યારે તો જ્યોતિષે કહ્યું હતું કે તમારું આયુષ્ય સો વર્ષનું પૂરું છે. એય..! આ જ્યોતિષ મારે છેને ગપ્પા કેટલાક? સો વર્ષનું છે. એ તો બિચારો કહેતો હતો હોં એક. ગીરજાશંકર છેને અમદાવાદમાં જોષી. ગૃહસ્થ મોટા. પંદર લાખ રૂપિયા. મહારાજ! કોઈ કહેતા હોય કે આયુષ્ય-બાયુષ્ય જાણતા હોય તો અમે કહીએ કે ખોટી વાત છે અમારી. અમને આયુષ્ય-બાયુષની ખબર નથી પડતી. આવ્યા હતા. મોટા ગૃહસ્થ છે. આપણે વ્યાખ્યાનમાં આવ્યા હતાને. ગીરજાશંકરને? આવ્યા હતા. અમદાવાદમાં આવ્યા હતા. ગૃહસ્થ છે મોટા. પંદર લાખ, વીસ લાખ રૂપિયા. નાગર જેવો દેખાવ. રૂપાળા બહુ. જોષી ત્રણ પેઢી. તો અહીં એક ફેરી આવ્યા હતા અહીંયાં. આયુષ્ય-બાયુષ કોઈ કહેતા હોય તો કહે એ અમારું કામ નથી. એ ગપ્પ મારતા હોય કોઈ. અને એ તો વળી પાછા જ્યોતિષમાં એમ કહેતા હતા કે આમ થશે, પણ આમ કરો તો નહિ થાય. તો આ ક્યાં તમારું જોષ રહ્યું, કીધું. ગપ્પે ગપ્પા મારો છો તમે. આ જોષ ક્યાં તારું રહ્યું?

અહીં તો સર્વજ્ઞ ભગવાને જોયું તેવું થશે, થશે ને થશે. તારો ઉપાય એમાં કામ કરશે નહિ. એવા જોષ જોવે તો એ જોષ કહેવાય. સારું લગાડે બધું સારું. સમજાણું કાંઈ? ઓલા આવ્યા હતાને પાટણનો એક આવ્યો હતો નહિ? જ્યોતિષ મોટો. એ તો વળી છાયાશાસ્ત્રી. દોઢસો રૂપિયા લઈ ગયો. એક દિવસના પાંચસો-પાંચસો પેદા કરે. જોષી. વાંચન કરતા... કરતા... કરતા... પછી અમારા પંડિતજી જરી છેને તો એ (કહે), બતાવો પાનું તમે બોલો છો. એ પાનું ન બતાવાય કહે. એય..! એ હતોને? ખોટું નીકળે. ગપ્પ મારતો હતો. વાંચે કાંઈક. સારું-સારું લગાડવાની વાત કરે. આહા..હા..! આવા ને આવા. એવી પ્રશંસા કરે તોપણ જ્ઞાનીને કાંઈ... અહીં તો ચારિત્રવંત છે હોં! સમજાણું? અને અમારું આયુષ્ય મોટું છે. લ્યો! અમારે પહેલા એક જ્યોતિષ આવ્યા હતા ભાઈ! નાની ઉંમરમાં હોં ત્યાં દુકાન ઉપર. એક જ્યોતિષ આવ્યા પહેલી દુકાન હતી પાલેજમાં. તો આવ્યા. શેઠ! શેઠ જ કહેને અમને. ભલે

નાની ઉંમર ૧૯ વર્ષના, પણ દુકાનદાર ખરાને અમે. શેઠ! કાંઈ આપવું, ન આપવું તમારી મરજી, પણ ના ન પાડશો. પહેલા વહેલા મંગળિક તમારી દુકાને છે. અને પછી બધી દુકાને જવાના છીએ. શુકન કરવું છે. ઠીક ભાઈ! કહો, બેસો. પછી પાવલી આપી હતી. તે દિ' ચાર આનાની વાત છેને. એ તો ૬૩-૬૪ની વાત છે. સંવત્ ૬૩-૬૪. ૫૫ વર્ષનું આયુષ્ય છે કહે. તો આ ૮૦ તો થયા. આહા..હા..! એને એ વખતે (૫૫) બહુ લાગ્યું. એ જાણે કે નાની ઉંમરના છે ગૃહસ્થ શેઠ. દુકાનદાર. ૧૭, ૧૮, ૧૯ વર્ષની ઉંમર હશે માંડ તો. એટલે ૫૫ વર્ષનું આયુષ્ય છે કહે. આપણને શી ખબર? આહા..હા..! આવા ને આવા. એક જણો વળી ત્યાં નહિ? જેતપુરનો હતો. રાજકોટમાં ભાઈ ૯૫માં. એ વળી કહે કે ૬૧ વર્ષનું આયુષ્ય છે. આ ૮૦ તો ચાલ્યું હવે.

મુમુક્ષુ :- ... જ્યોતિષને ખોટા પાડે.

ઉત્તર :- ખોટા. અરે..! પણ આયુષ્યની તમને ખબર વિના મફતમાં ગપ્પા મારો છો? અને આયુષ્ય લાંબુ હોય તો શું? અને ન હોય તો શું? એની સાથે આત્માને શું છે? સમજાણું કાંઈ? અહીં તો મુનિ, સંયમી, ચારિત્રવંત. આહા..હા..! એટલી સમતા અમૃતનું નિર્વિકલ્પ પાન કરે છે. લાંબુ આયુષ્ય હોય કે સ્થાયી. લાંબુ નામ સ્થાયિત્વ. સ્થાયી છેને? આ મારું સ્થાયિત્વ છે. હું અહીં રહીશ ૨૫, ૫૦ વર્ષ. તોપણ રાગ નહિ અને **'આ અત્યંત વિનાશ છે...'** મરણ. અરે..! એક સાધુ, આ સંપ્રદાયના સાધુ હતા. પછી એક જ્યોતિષ. જ્યોતિષ નહિ વૈદે કહ્યું ૭૯ની સાલની વાત છે. વૈદે. એ કહે કે આમાં શરીરનું લોહી પંદર દિવસ પહોંચે એટલું છે. જટુભાઈએ કીધું હોં. બહુ હુશિયાર હતા જટુભાઈ. અને સાંભળીને એવું થઈ ગયું. અરરર..! હાય.. હાય..

મુમુક્ષુ :- બીજા વૈદે કીધું.

ઉત્તર :- બીજે વૈદે કીધું કે વાંધો નથી. ત્યાં ખુશી થઈ ગયા. મરી ગયો પંદર દિ'એ. જટુભાઈ બહુ હુશિયાર હતા. આ પંદર દિ'નું લોહી છે. જો અંદરથી કોઈ ઉશ્કેરણી આવી જાય વિશેષ તો પંદર દિ'માં ઘટી જશે, પણ પંદરથી દિવસ વધશે નહિ. આયુષ્ય એટલું છે એમ કહ્યું. ૭૯ની સાલમાં. સાધુ હતા સ્થાનકવાસીના. મગનલાલજી નહોતા? અને ઓલા બીજાએ કીધું ત્યાં ખુશી થઈ ગયા. અંતે મરી ગયા. એ કહેતા હતા એ પ્રમાણે જ થયું. હવે એમાં ધૂળમાં આયુષ્યની સ્થિતિ લાંબી હોય કે થોડી હોય એમાં તને શું આવ્યું? આહા..હા..! હું અહીં સ્થિર રહેનારો છું. એનો રાગ કરે. અને મારું મૃત્યુ છે કાલે એમ કહેતા હતા. ભાઈ! એમ થશે. મૃત્યુ કોનું? દેહનું કે આત્માનું? કોઈનું મરણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યોતિષ તો બધા અનુકૂળ જ બોલે. આમ થશે અને આમ હતું ને આમ હતું. આહા..હા..!

મદ્રાસમાં ગયા તો મોટા જ્યોતિષ. મોટા લાખોપતિ ઘણા જ્યોતિષ મોટો હતો. બોલવા માંડ્યો ખૂબ. પછી હું તો ન બોલ્યો પછી ખીમચંદભાઈ મહેતા બોલ્યા હતા. ખીમચંદભાઈ

હતા ત્યાં. મદ્રાસ નહિ? કે જ્યોતિષ! તમે મહારાજનું કહો છો પણ એ બધું ખોટું છે કહે. એવી વાત તમે કરો છો એ ખોટું છે. પૂર્વભવમાં આમ હતું અને ભવિષ્યમાં આમ. બધી વાત ખોટી તમારી. અને મોળો પડી ગયો બિચારો. ઘણા લાખોપતિ. ભાઈ! તમને ખબર ન મળે, ભાન ન મળે ને વાતું કરવા માંડો. અને અહીં તો કહે છે કે સાચી વાત હોય કે તમારું આયુષ્ય એટલું. તોપણ સંયતિને રાગ નથી. અને મૃત્યુની સ્થિતિ, કાલે મૃત્યુ થશે, એક ક્ષણમાં અત્યારે થશે, તો કાંઈ છે નહિ. છે નહિ અત્યારે થશે. જુઓ, એકદમ ચક્કર ફરી ગયું. હોય. વીતરાગપણાનું જ્યાં પરિણમન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આ અત્યંત વિનાશ છે, એમ...**' આ પ્રકાર કહ્યા એ. '**મોહના અભાવને લીધે...**' મોહ શબ્દે પર તરફની સાવધાની નથી. એ મિથ્યાત્વ તો નથી, પણ રાગ-દ્વેષ-મોહ. '**સર્વત્ર રાગદ્વેષનું દ્વૈત જેને પ્રગટ થતું નથી,...**' દ્વૈત થયોને? પ્રશંસા ઠીક, નિંદા ઠીક, જીવન ઠીક, મરણ અઠીક. એવો દ્વૈત. દ્વૈત છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**એમ મોહના અભાવને લીધે સર્વત્ર...**' સર્વત્ર શબ્દ લીધો. અહીં થોડા તો નામ લીધા. જ્યાં જ્યાં અનુકૂળ-પ્રતિકૂળ આદિ હોય '**સર્વત્ર રાગદ્વેષનું દ્વૈત જેને પ્રગટ થતું નથી, સતત વિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવી આત્માને જે અનુભવે છે,...**' લ્યો! એ આવ્યું હતુંને ભાઈ! કાલે પ્રશ્ન નહોતો કર્યો? ૪૦માં આવે છેને. '**दंसणणाण समग्गो**' ભાઈ! દર્શન-જ્ઞાન સમગ્ર કહ્યું છે અને ટીકામાં તો એ આવ્યું નથી. પણ ટીકામાં વિશુદ્ધ શબ્દ આવ્યો છે. વિશુદ્ધ શબ્દ એ સમગ્રને જ બતાવે છે. ભગવાન આત્મા દર્શન-જ્ઞાન શુદ્ધ એટલે પરિપૂર્ણ. સમજાણું? ટીકામાં એમ આવ્યું છે. છેને ટીકામાં જુઓ, વિશુદ્ધદર્શનજ્ઞાન આવ્યું છે. જુઓ, છેલ્લી લીટી છે.

'સકળ **પરદ્રવ્યથી શૂન્ય હોવા છતાં વિશુદ્ધદર્શનજ્ઞાનમાત્ર સ્વભાવરૂપે** રહેલા...' પાઠમાં સમગ્ર છે. એમાં વિશુદ્ધ કર્યું ટીકાકાર અમૃતચંદ્રાચાર્યે. રાત્રે પ્રશ્ન થયો હતો કોઈનો. તમારો હતો. તો એ તો વિશુદ્ધ કહો કે સમગ્ર કહો. ભગવાન આત્મા પરિપૂર્ણ-પરિપૂર્ણ. શબ્દાર્થમાં કર્યું છે. પરિપૂર્ણ. અન્વયાર્થ છેને ભાઈ! એમાં કર્યો છે, પણ પાછો ... છેને. વિશુદ્ધ પરિપૂર્ણ. પરિપૂર્ણ દર્શનસ્વભાવ-જ્ઞાનસ્વભાવ. છેને? એ અહીં લીધું જુઓ, વિશુદ્ધદર્શનજ્ઞાન '**સતત વિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવી આત્માને જે અનુભવે છે...**' આહા..હા..! આત્મા જે વિશુદ્ધદર્શન-જ્ઞાનસ્વભાવ એને અનુસરીને આનંદનું વેદન અને અનુભવ કરે છે. અહીં તો પંચ મહાવ્રત પાળે છે ને ઢીંકણે, ફીકણે એ તો કાંઈ લીધું જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પંચ મહાવ્રતનો વિકલ્પ તો રાગ છે. છઠ્ઠે ગુણસ્થાને ભૂમિકા ન હોય. પણ અહીં તો સામ્યભાવ સાતમી ભૂમિકાને યોગ્ય લીધું છે. તોપણ એને છે નહિ. ઉંચી વાત કરી છે. નીચી શેની વાત કરે? '**સતત વિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવી આત્માને જે અનુભવે છે...**' સતત અનુભવે છે એમ કહે છે. નિરંતર. આહા..હા..! અતીન્દ્રિય આનંદના ઘુંટ પીવે છે નિરંતર.

મુમુક્ષુ :- એ તો એમ જ કહે. પક્ષ એનો હોય નહિ.

ઉત્તર :- અરે..! અહીં નિરંતર જ છે સાતમા ગુણસ્થાને. અસંખ્ય સમયના ઉપયોગમાં નિરંતર જ છે. એ નિરંતર લેવું છે. સમજાણું કાંઈ? સાતમા ગુણસ્થાને અસંખ્ય સમય છે કે નહિ? નિરંતર. એવી અહીં વાત લીધી છે. નિર્વિકલ્પ આત્મજ્ઞાન. ત્રણ ભેદ નથી. ત્રણ ભેદ હોય એની સાથે અભેદ નિર્વિકલ્પ આત્માનુભવ જ્ઞાન. સમજાણું કાંઈ? લીધું છેને જુઓને ક્યાંક. શુદ્ધજ્ઞાન નહિ? .. સમજાણું કાંઈ? અહીં તો અભેદ પોતાના આત્મામાં ઉપયોગ જામી જવો. આત્મા એ રૂપે થઈ જવો એમ. અભેદરૂપ. એનું નામ અહીંયાં સામ્યભાવ, શુદ્ધ ઉપયોગ, મોહ ક્ષોભરહિત પરિણામ, ચારિત્ર અને સંયતિનું સંયત કહેવામાં આવ્યું છે, ભાઈ! આહા..હા..! કોઈ કહે કે પણ અમારું આ કામ નહિ. પણ તારે આ સમજવું પડશે. આ દર્શનશુદ્ધિ અને જ્ઞાન હોય તોપણ એવી દશા વિના મુક્તિ થશે નહિ. સમજાણું કાંઈ? હજી અહીં તો દર્શનના ઠેકાણા નથી, જ્ઞાનના ઠેકાણા નથી એણે સમજવું પડશે. કે એવી વીતરાગદશાની પ્રાપ્તિ થયા વિના કદી સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત હોં. એને વીતરાગતા હોય છેને. અજ્ઞાનીને શું વીતરાગતા છે? એ વિના કદી શાંતિ પ્રાપ્તિ મુક્તિની થતી નથી.

આ સંસાર દાવાનળ દાહ અગ્નિ... દાવાનળ સળગ્યો છે જગત. કષાયરૂપી અગ્નિથી આખું દાવાનળ. સમજાણું કાંઈ? 'દાહ લાગ્યો ડુંગરીયે, બહેની ક્યાં જઈ કહીએ? દાહ લાગ્યો ડુંગરીયે, માતા ક્યાં જઈ કહીએ?' એ કષાયનો વિકલ્પ પુણ્ય-પાપનો દાહ છે, અગ્નિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આનંદકંદ ડુંગર ભગવાન, એમાં એ શુભ-અશુભભાવ દાહ-અગ્નિ. અગ્નિ હળ... હળ.. હળ... સળગે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભાવનો જેણે અભાવ કર્યો છે અને શાંત અકષાય વીતરાગ પરિણતિ પ્રગટ કરી છે. એના મોહના અભાવને લીધે '**જે અનુભવે છે, (એ રીતે) શત્રુ-બંધુ,...**' ફરીને પાછું લીધું. '**સુખ-દુઃખ, પ્રશંસા-નિંદા, લોષ્ટ-કાંચન અને જીવિત-મરણને નિર્વિશેષપણે...**' બેમાં કાંઈ ફેર નથી. આહા..હા..! નિર્વિશેષપણે. નિર્વિશેષપણે એટલે? વિશેષ કાંઈ નથી. અંતર નથી કાંઈ. શત્રુ હોય કે મિત્ર હોય, નિંદા હોય કે પ્રશંસા હોય, મરણ હોય કે જીવન હોય, લોઢું હોય કે સોનું હોય, કીર્તિ હોય કે અકીર્તિ હોય. સમજાણું કાંઈ? ઓહો..! '**નિર્વિશેષપણે...**' સામાન્યપણે વીતરાગભાવથી એકરૂપપણે, ભેદ પાડ્યા વિના '**જ્ઞેયપણે જાણીને...**' જુઓ, એ બધાને જ્ઞેયરૂપ જાણીને જીવન હોય કે મરણ હોય, નિંદા હોય કે પ્રશંસા હોય, શત્રુ હોય કે મિત્ર હોય, લોઢું હોય કે કંચન હોય. જ્ઞેય છે, જગતની ચીજ છે. એમાં કોઈ ઇષ્ટ-અનિષ્ટ, અનુકૂળ, પ્રતિકૂળ છે જ નહિ.

જુઓ, '**જ્ઞેયપણે જાણીને જ્ઞાનાત્મક આત્મામાં...**' હવે એ પાછો શબ્દ લીધો. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મામાં '**જેની પરિણતિ અચલિત થઈ છે,...**' સ્થિર... સ્થિર... સ્થિર... અચલિત. મેરુ ચળે તો પરિણતિ ચળે. આહા..હા..! ઘાણીમાં પીલે છે જુઓ, અગ્નિમાં નાખે

છે, સમુદ્રમાં ફેંકી દે છે લ્યો! ઓહો..હો..! અરે..! મેરુ પર્વત સાથે પછાડે છે દેવ મુનિને. મેરુ પર્વત છેને. તો કાંકરીએ કાંકરીએ અનંત મુક્તિ પામ્યા છે. કેમકે માથે ૪૫ લાખ યોજનમાં ક્યાંય અનંત સિદ્ધ નથી એમ નથી. ૪૫ લાખ યોજન છેને ઉપર. અનંત સિદ્ધ છે. બધી જગ્યાએ અનંત. તો ક્યાંથી થયા અનંત? મેરુ પર્વત તો એવો છે. સમજાણું કાંઈ? સોગઠી હોય છેને સોગઠી. લાકડીની શું કહે છે? સોગઠી નહિ રમતની? ચોપાટમાં રમે છેને એ.

મુમુક્ષુ :- સોગઠા.

ઉત્તર :- સોગઠા પણ આપણી ભાષા સોગઠા. હિન્દી? એ રમતમાં સોગઠી નથી હોતી? ચોપાટમાં રમે છેને લાકડાના બનાવે છે. ચોપાટ. લાકડીની આવી નાની-નાની. એવો મેરુપર્વત છે. એક લાખ યોજન. તો ત્યાંથી મુક્તિએ ગયા છે. દશ હજાર પહોળાઈ લેવી. અહીંયાંથી એક-એક કણમાં અનંતા મુક્તિએ ગયા. તો ત્યાં બેસી શકે નહિ. પણ મુનિ ધ્યાનમાં હોય, એમાં .. પ્રમત્તદશા હોય એમાં ઉપાડે કોઈ વેરી. ઉપાડીને પછાડે. અંતર ધ્યાનમાં લીન થઈ ગયા. કેવળજ્ઞાન પામીને ત્યાંથી ને ત્યાંથી ઉપર મોક્ષે ચાલ્યા જાય. આહા..હા..! સમજાણું કાંઈ? નહિતર અનંત ઉપર સિદ્ધ છે. ક્યાંથી થયા? આમ તો નથી જતા સિદ્ધ. સિદ્ધ તો આમ સીધી શ્રેણીએ જાય છે. સીધી શ્રેણીએ. તો મેરુ પર્વત તો આવો છે. ત્યાં દરેક સ્થાનેથી અનંત ગયા છે. આહા..હા..! કેટલી વીતરાગતા! સમતારસમાં તરબોળ-તરબોળ. એ બધું જ્ઞેય જાણીને પોતાના જ્ઞાનમાં જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મામાં જેની પરિણતિ નામ અવસ્થા અચલિત થઈ છે. આહા..હા..!

**'તે પુરુષને જે ખરેખર સર્વતઃ સામ્ય છે...'** લ્યો! એવા સંયતિને, શ્રમણને, મુનિને **'ખરેખર સર્વતઃ સામ્ય છે...'** વીતરાગભાવ છે, ચારિત્ર પરિણામ છે. શુદ્ધ ઉપયોગ છે. આહા..હા..! શાંતિથી સ્વાધ્યાય કરે નહિ. કે શું ચીજ છે? કેમ થાય? એનું જ્ઞાન કરવા પણ તૈયાર નહિ અને એને આત્મદર્શન થઈ જાય, ત્યાં સંયમ ચારિત્ર થઈ જાય એમ માને છે. શું કરે? ઓહો..હો..! એવો કાળ અનંતકાળે આવે છે. સમજાણું કાંઈ? કહ્યુંને મોક્ષમાર્ગમાં? સર્વ અવસર આવી ગયો. મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. સર્વ અવસર આવી ગયો. તારી કરવાની ચીજ આવી ગઈ છે હવે. આહા..હા..! પોતાનો ભગવાન, કહે છે, સર્વતઃ જ્યાં સામ્ય. જુઓ, સામ્ય ભાષા પહેલી .. થઈ ગઈ આત્મામાં. **'તે (સામ્ય) સંયતનું લક્ષણ જાણવું...'** જુઓ, આ સંયતનું લક્ષણ સમજવું જોઈએ.

**'કે જે સંયતને...'** જે સાધુને **'આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયમતત્વના યુગપદપણાનું અને આત્મજ્ઞાનનું યુગપદપણું સિદ્ધ થયું છે.'** નિર્વિકલ્પ સમતા સાતમા ગુણસ્થાનને યોગ્ય ઉત્પન્ન થઈ એ જ મોક્ષનો માર્ગ છે. આહા..હા..! ચારિત્ર એ સાક્ષાત્ મોક્ષનો માર્ગ છે. દર્શન-જ્ઞાન તો પરંપરા છે. એને ચારિત્ર મળ્યા વિના મોક્ષનો માર્ગ છે નહિ. ચારિત્ર પણ આ ચારિત્ર હોં, આવું ચારિત્ર. સમજાણું કાંઈ? ક્ષણવાર પણ સંયમ વિના રહેવું નહિ.

તો પછી લઈ લ્યો આ બહારથી. એ ક્યાં સંયમ છે ભાઈ! તને ખબર નથી. એ તો રાગ છે, વિકલ્પ છે, વિકલ્પ તો કષાય છે. અને કષાય ઉપર તારી દૃષ્ટિ પડી છે. તો ક્યાંથી સંયમ થયું તને? સમજાણું કાંઈ?

કહે છે કે એવા આત્મજ્ઞાનનું યુગપદપણું એવા સંયતિને સિદ્ધ થાય છે. એવા સંયતિને જ આવી દશા પ્રાપ્ત થાય છે. બીજાને આવી દશા પ્રાપ્ત થતી નથી. ચાહે તો ક્ષાયિક સમકિતી ગૃહસ્થાશ્રમમાં ભરતચક્રવર્તી જેવો હોય, પણ એવી સિદ્ધિ એને પણ પ્રાપ્ત છે નહિ. સમજાણું કાંઈ? 'ભરતજી ઘરમેં વૈરાગી...' નથી આવતું? શું? ઘરમાં. 'ઘરમાં ભરત વૈરાગી.' પણ એ વૈરાગી તો સમ્યગ્દર્શન-જ્ઞાન પૂરતા વૈરાગી. એ અનંતાનુબંધી અકષાય એટલા ભાવ, પણ આ સંયતિ જેટલા વૈરાગી એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? બધા અનુકૂળ-પ્રતિકૂળ ઉપર રાગ-દ્વેષની ઉત્પત્તિ નથી અને પરને જ્ઞેય જાણીને. આ તો સમજાવવું છે. આ જ્ઞેય એમ જાણવું છે ક્યાં? પણ એ પોતાના જ્ઞાનમાં જ્ઞેય સંબંધી જ્ઞાન પોતામાં ઉત્પન્ન થઈ જાય છે. જ્ઞાન ઉત્પન્ન થાય છે, પણ રાગ-દ્વેષ ઉત્પન્ન થતા નથી એમ કહે છે. આહા..હા..! ધન્ય પળ! ધન્ય પ્રસંગ! ધન્ય ભાવ! ધન્ય કાળ! સમજાણું કાંઈ? એવી ચારિત્રદશા છે. ઓહો..હો..! અને એના વિના મુક્તિ થશે નહિ. લાડવા ખાવા અને મોક્ષ જાવું બે ચાલે? રાગ હોય અને મુક્તિ થાય એમ બનતું નથી. સમજાણું કાંઈ? સવારમાં સમયસાર ચાલે છે, બપોરે ચારિત્રની દશાનું વર્ણન ચાલે છે. આહા..હા..!

'**હવે એ સમર્થન કરે છે...**' એ ૨૪૧ પૂરી થઈ. '**હવે એ સમર્થન કરે છે...**' સિદ્ધ કરે છે '**કે આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના યુગપદપણાની સાથે આત્મજ્ઞાનના યુગપદપણાની સિદ્ધિરૂપ જે આ સંયતપણું...**' છે. જે સંયતપણું છે, જે શ્રમણતા છે '**તે જ મોક્ષમાર્ગ છે,...**' લ્યો! આહા..હા..! સમજાણું કાંઈ? '**તે જ મોક્ષમાર્ગ છે, કે જેનું બીજું નામ એકાગ્રતાલક્ષણવાળું શ્રામણ્ય છે :—**' લ્યો! કેટલા નામ લીધા. મોહક્ષોભરહિત પરિણામ એ જ સંયતતા છે, એ જ મોક્ષમાર્ગ છે કે જેનું બીજું નામ, અનેરું નામ એકાગ્રતાલક્ષણવાળું શ્રામણ્ય છે. આત્માના આનંદની દૃષ્ટિ, આનંદનું જ્ઞાન અને આનંદમાં લીનતા. એ એકાગ્રતાલક્ષણવાળું સાધુપણું છે. શ્રમણ એને કહે છે. સમજાણું કાંઈ? '**दंसणणाणचरित्तेसु**' જુઓ, ત્રણ નામ આવ્યા. ૨૪૨ છેને?

**दंसणणाणचरित्तेसु तीसु जुगवं समुट्ठिदो जो दु।**
**एयग्गगदो त्ति मदो सामण्णं तस्स पडिपुण्णं।।२४२।।**

આહા..હા..! ઓલો પરિપૂર્ણ શબ્દ છેને એટલે જાણે બારમું ગુણસ્થાન એમ. એય..! અહીં તો સાતમા ગુણસ્થાનની વાત ચાલે છે. પછી છઠ્ઠે વિકલ્પ આવે એ બીજું છે. કોઈ ... અહીં સાતમાની વાત છે. ૨૪૨.

દગ, જ્ઞાન ને ચારિત્ર ત્રણમાં યુગપદે આરૂઢ જે,
તેને કહ્યો ઐકાગ્ર્યગત; શ્રામણ્ય ત્યાં પરિપૂર્ણ છે. ૨૪૨.

૨૪૨. ઓહો..હો..! કેટલું વર્ણન! અપૂર્વ વર્ણન છે. ચારિત્ર... ચારિત્ર... ચારિત્ર... લોકો કહે છે. બે રોટલી, બે પુરી અને પાશેર દૂધ. ઓહો..! ચારિત્ર ઘણું સારું છે. એમ કહે છે કે નહિ? એક બાજરીનો રોટલો અને શેર છાશ. ઘણો ત્યાગ, ઘણું ચારિત્ર છે. એ ચારિત્ર નથી, સાંભળને ભાઈ! સમજાણું કાંઈ? લોકો એમ કહે કે આહા..હા..! ભારે ચારિત્ર ઉંચું છે હોં!

મુમુક્ષુ :- ...છેને. ભગવાન.. એને ચારિત્ર માને છે.

ઉત્તર :- લોકો એને ચારિત્ર કહે, ભાઈ! એ ચારિત્ર નથી. સાદું ખાય, મહિનાના અપવાસ કરે અને અપવાસના પારણે મમરા. મમરાને શું કહે છે? ચોખાના મમરા હોય છેને. મમર. મમરા. દાળિયા, ચણા એવું લઈએ અને એક મઠો બસ, ચાલ્યા જાય. ઓહો..હો..! ભારે સાદા.

મુમુક્ષુ :- ..બધું સહન કરવું પડે.

ઉત્તર :- ધૂળમાંય સહન કરવું પડતું નથી. સહન કરવું પડે એ તો કષ્ટ છે, દુઃખ છે. એ ચારિત્ર છે? એ તો રાગ છે. એ તો પાપ છે. ઉપવાસ કર્યા અને ઠીક ન લાગ્યું, અણગમો થયો. એ તો દ્વેષ થયો. અંદરમાં ઠીક ન લાગ્યું એ તો દ્વેષ થયો અને પાણી આપે તો ઠીક લાગે એ તો રાગ થયો. એ તો રાગ-દ્વેષ છે. સમજાણું કાંઈ? સહન શું કરે? અહીં તો જ્ઞાતા-દ્રષ્ટાપણે રમણ કરે આનંદમાં એનું નામ પરિષહજય અને સામ્યભાવ કહેવામાં આવે છે. કષ્ટ શું કરે? એ તો છ ઢાળામાં આવ્યુંને? છ ઢાળામાં નહિ? જ્ઞાન-વૈરાગ્ય એવું કાંઈક કહે છેને શું? કષ્ટદાન માને. એ આવે છે છ ઢાળામાં. 'આતમ હિત હેતુ જ્ઞાન અને વૈરાગ્ય એને કષ્ટદાયક માને.' મૂઢ છે. સંવરતત્ત્વની ભૂલ છે. હા એ. એમ કે આહા..હા..! ભારે સહન કરવું પડે ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. એ કહે છે. આ તો કહે કે ભાઈ સહન કરવું પડે ભાઈ! કરી તો જુઓ. વળી એમ કહે છે કેટલાક.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ .. સહન કરવામાં. હા. અરે..! ભગવાન! ઘરમાં શું છે ભાઈ! ખાવું-પીવું કોણ કરે ભાઈ? એ રાગ છે ખાવાનો અને છોડવાનો એ રાગ-દ્વેષ વિકાર છે. આહા..હા..! એવી હજી દૃષ્ટિના ઠેકાણા નથી... અને એ રાગ છે અને એના કારણે લાભ છે નહિ. લાભ તો પોતાનો શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદના દરબારમાં પ્રવેશ કરે ત્યારે તેને પ્રતીતિ, જ્ઞાન અને શાંતિ ઉત્પન્ન થાય છે. એ ઉપરાંત સ્વદ્રવ્યમાં વિશેષ લીન થાય.

સવારમાં કહ્યું હતું નહિ? ચાર પર્યાય અને ત્રણ પર્યાયની વાત કરી હતી સવારમાં. નવ

તત્ત્વની વાત કરી હતી સાદી. પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ એ પરાશ્રયભાવ છે. અને સંવર, નિર્જરા, મોક્ષ એ સ્વદ્રવ્યના આશ્રયે ભાવ છે. બે (પ્રકારની) પર્યાય છે, પણ એક ચાર પર્યાય પરને આશ્રયે, સ્વ પર્યાય સ્વને આશ્રયે. સ્વને આશ્રયે જે વીતરાગી પર્યાય છે એ મોક્ષમાર્ગ છે. પરને આશ્રયે વિકલ્પ એ બંધનો માર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથાપ્રકારે (જેમ છે તેમ, યથાર્થ) પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શનપર્યાય છે;...**' વ્યાખ્યા કરી. સમ્યગ્દર્શન પર્યાય, ગુણ નહિ. મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. ત્રણે ગુણ નથી. પર્યાય છે, અવસ્થા છે. ગુણ તો ત્રિકાળી છે. શ્રદ્ધાગુણની પર્યાય છે. એ પહેલા ખુબ ચર્ચા ચાલી હતી. એક ક્ષુલ્લક હતાને? કોણ? સુરીસિંહ સુરીસિંહ ઘણા વર્ષ પહેલા એની વાત આવી ક્ષુલ્લક. કે તમે સમ્યગ્દર્શનને પર્યાય કહો છો, ભગવાને તો ગુણ કહ્યો છે. સિદ્ધમાં આઠ ગુણ પ્રગટ્યા એ તો ગુણ છે અને તમે કહો છો કે પર્યાય છે. માટે કાંઈ આત્મધર્મમાં લખતા પહેલા વિચાર તો કરો. એમ કહેતા હતા.

મુમુક્ષુ :- એ કોણ બોલ્યા?

ઉત્તર :- સુરીસિંહ એક હતા. ક્ષુલ્લક છે એક ક્ષુલ્લક સુરીસિંહ છે. ઘણા વર્ષની વાત છે હોં. ૩૨ વર્ષ પહેલાની વાત છે. આત્મધર્મમાં તમે સમ્યગ્દર્શનને પર્યાય... પર્યાય... પર્યાય... લખો છો, પણ કુંદકુંદાચાર્ય અને સંતો તો સમ્યગ્દર્શનને ગુણ કહે છે. સિદ્ધમાં ગુણ છે એ. અરે..! ગુણ નથી સાંભળ તો ખરો. ગુણ તો અવગુણની (પ્રતિપક્ષ) અપેક્ષાએ કહ્યું છે. ગુણ છે તો પર્યાય. મારા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ એ પર્યાય છે, અવસ્થા છે, સંસાર પણ વિકારી અવસ્થા છે. આ નિર્વિકારી અપૂર્ણ અવસ્થા છે. સિદ્ધ પણ નિર્વિકારી પૂર્ણ અવસ્થા છે. બધી પર્યાયો છે. ગુણ દ્રવ્ય તો ત્રિકાળી છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે '**જ્ઞેયતત્ત્વ...**' જુઓ, અહીં બે વાત લીધી છે સમ્યગ્દર્શનમાં. ઓલામાં નિર્વિકલ્પ તત્ત્વાર્થશ્રદ્ધાન એકલું નિર્વિકલ્પ સમ્યગ્દર્શનની પ્રતીતિને સમ્યગ્દર્શન કહ્યું. અહીંયાં તો જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વ. જાણનારો ભગવાન જ્ઞાતૃ અને જણાયું જ્ઞેય એ બેની '**તથાપ્રકારે...**' જેવું જ્ઞેય અને જેવું જ્ઞાન અને આત્મા. જેવી છે તેવી યથાર્થ પ્રતીતિ '**જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શનપર્યાય છે;...**' લ્યો! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનપર્યાય છે. એ સમ્યગ્દર્શનની પર્યાયનું લક્ષણ જ્ઞાનપ્રધાનથી અહીંયાં કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? નહિતર સમ્યગ્દર્શન તો વસ્તુ જે અખંડ અભેદ ત્રિકાળ, એમાં નિર્વિકલ્પ પ્રતીતિ થઈને સમ્યગ્દર્શન થાય એ સમ્યગ્દર્શન. પણ અહીંયાં જ્ઞાનપ્રધાનથી, તત્ત્વાર્થશ્રદ્ધાનમાં પણ જ્ઞાનપ્રધાનથી કથન છે. જ્ઞેય અને જ્ઞાન. તો જ્ઞેય જેટલા છે એ બધા જ્ઞાનની પર્યાયમાં જણાઈ ગયા. એવું જ્ઞાનતત્ત્વ આત્મા પરિપૂર્ણ છે. એવી અંતરમાં અનુભવમાં પ્રતીતિ થવી એનું નામ સમ્યગ્દર્શન પર્યાય છે. બીજી વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૦, ગુરુવાર, તા. ૨૪.૦૭.૧૯૬૯**
**ગાથા-૨૪૨, પ્રવચન-૨૧૭**

પ્રવચનસાર. ચરણાનુયોગસૂચક ચૂલિકા. ૨૪૨ ગાથા. અહીંયાં કહે છે કે મોક્ષમાર્ગ કોને કહે છે? તો કહે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને ત્રણેની એકતા યુગપદ પરિણમન નિર્વિકલ્પ એને અહીંયાં શ્રામણ્યપણું, સંયતપણું અથવા મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. સાધુપદ છે એ મોક્ષમાર્ગ છે એમ કહે છે. સાધુ એટલે શું? સમજાણું કાંઈ? પોતાનું આનંદસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ છે, ચૈતન્યમર્તિ આત્મા. જુઓ, આવ્યુંને એ?

'**જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વ...**' આ આત્મા જાણક-જાણક જાણનારું તત્ત્વ છે. અને દુનિયાની બધી ચીજો એ જ્ઞેયતત્ત્વ છે જ્ઞાનમાં જાણવાલાયક. સમજાણું કાંઈ? જ્ઞાતૃતત્ત્વ જેવું છે તેવું. અનંતજ્ઞાન, અનંત આનંદ આદિ સ્વભાવસ્વરૂપ આત્મા છે એ જ્ઞાતૃતત્ત્વ અને એનાથી પર અનંત સર્વજ્ઞ હોય, તીર્થંકરો હોય, નિગોદ હોય, જે પરમાણુ એક રજકણ આદિ બધા જ્ઞેય જ્ઞાનમાં જાણવાલાયક છે. આત્મા એનું કાંઈ કરે કે રક્ષા કરે કે દયા પાળે કે એમ છે નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- એવું શેમાં કહ્યું?

ઉત્તર :- આ જ્ઞેયતત્ત્વમાં. આત્મા સિવાય અનેરી ચીજ જે જાણવાલાયક જ્ઞેય છે. પણ આ પ્રાણી રક્ષા કરવાલાયક છે કે હિંસા કરવાલાયક છે એવું વસ્તુમાં છે જ નહિ. એ તો જાણવાલાયક છે. સમજાણું કાંઈ? તેમ સર્વજ્ઞ આદિ દેવ-ગુરુ-શાસ્ત્ર પણ જ્ઞેય છે. જાણવાલાયક છે. પોતાના જ્ઞાનસ્વભાવમાં એ જ્ઞેય છે એવું જાણવું. એ જાણનસ્વભાવવાળું જે આત્મ જ્ઞાતૃતત્ત્વ એ જેવું છે તેવું નિર્વિકલ્પ અભેદ અને જ્ઞેય પણ જેમ છે તેમ, જડ અને ચૈતન્ય આદિ જેમ છે તેમ. યથાર્થ પ્રતીતિ '**તથાપ્રકારે (જેમ છે તેમ, યથાર્થ) પ્રતીતિ...**' જુઓ, ભગવાન આત્મા તો નિર્વિકલ્પ જ્ઞાનાનંદ સ્વભાવ અને અનંત પદાર્થ જ્ઞેય. એ અનંત છ દ્રવ્ય.. છ દ્રવ્ય છેને? પોતા સિવાય પણ છ દ્રવ્ય ભિન્ન છે. એ જેમ છે તેમ અનુભવમાં... અનુભૂતિ જ્ઞાનમાં કહેશે. અહીં તો સમકિતનું લક્ષણ વર્ણવવું છેને? સમ્યગ્દર્શનનું લક્ષણ ભગવાન આત્મા શુદ્ધ અભેદ ચૈતન્ય નિર્વિકલ્પ પદાર્થ અને જ્ઞેય જગતની ચીજ એ જેવી છે તેવી, જેમ છે તેમ. '**(જેમ છે તેમ, યથાર્થ) પ્રતીતિ...**' અંતરમાં '**જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શનપર્યાય છે;...**' એનું નામ સમ્યગ્દર્શન પર્યાય છે. લ્યો આવી ગયા પંડિત. સમજાણું કાંઈ? જુઓ, આ સમ્યગ્દર્શન-સમ્યગ્દર્શન દુનિયા કહે છેને. કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી એ સમ્યગ્દર્શન. તો અહીં કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર તો જ્ઞેય છે.

મુમુક્ષુ :- બીજા શાસ્ત્રમાં એમ નથી

ઉત્તર :- બીજા શાસ્ત્રમાં એમ છે, આત્મા દેવ, આત્મા ગુરુ, આત્મા ધર્મ. એવું વાસ્તવિક દેવનું સ્વરૂપ, ગુરુનું સ્વરૂપ, ધર્મનું વાસ્તવિક સ્વરૂપ જોવે તો તો અંતરમાં આવી જાય. નિર્વિકલ્પ વીતરાગી આત્મા હતા સર્વજ્ઞ. તો એવી અંતરમાં પ્રતીતિ થઈ જાય. એ તો આત્મા ઉપર જ એની દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુનો આત્મા જેવો છે એવું પ્રતીતમાં આવે તો તો નિર્વિકલ્પ પરમાત્મા હતા અને ગુરુ પણ નિર્વિકલ્પ શાંતિ અને સ્વભાવના સાધક હતા. એવો આત્માનો જે સ્વભાવ છે એવું જો દૃષ્ટિમાં આવે તો તો આત્મા દૃષ્ટિમાં આવ્યો.. સમજાણું કાંઈ? કોઈ કહે કે ભાઈ નવ તત્ત્વની શ્રદ્ધા એકલી ભેદવાળી. અહીં એમ નથી. અહીં તો જ્ઞાન અને જ્ઞેય-જ્ઞાતા આત્મા, જણાનારી ચીજ અનંત. એ અનંત ચીજને જાણીને પોતાના જ્ઞાનમાં આખી ચીજ પી ગયો આત્મા. એવું જ્ઞાતૃતત્ત્વ કહ્યું અને જ્ઞેય જેમ છે તેમ જ્ઞાનમાં આવ્યું.

જેની યથાર્થ પ્રતીતિ... એવી એકલી પ્રતીતિ, લોકો કહે છેને કે આપણે શ્રદ્ધા કરવી. એમ નથી અહીંયાં. ભગવાન આત્મા નિર્વિકલ્પ વસ્તુ, અભેદ આખા જગતનું જ્ઞેય એ બધાને જાણવાની એક સમયની પર્યાય એવું-એવું જ્ઞાતૃ પૂરું. એવા જ્ઞાતૃતત્ત્વની અંતર્મુખ થઈને રાગની, વિકલ્પની દશા છૂટીને અંતરમાં નિર્વિકલ્પ અનુભવમાં દૃષ્ટિ થાય એનું નામ સમ્યગ્દર્શનની પર્યાય કહેવામાં આવે છે. શરતું બહુ. જુઓ! આ દર્શનપર્યાય-સમ્યગ્દર્શનપર્યાય, મોક્ષના માર્ગનો એક અવયવ. આત્મામાં પૂર્ણ આનંદ પ્રાપ્તિનું એક અવયવ, એક ભાગ. એ સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય છે. સમજાણું કાંઈ?

રાગરહિત શ્રદ્ધા નામનો ગુણ જે ત્રિકાળ છે એની એ વિકારરહિત, રાગરહિત નિર્મળ સમ્યગ્દર્શનની પર્યાય છે. તો એમાં કેટલાક એવું કાઢે છે કે પ્રતીત કરો, શ્રદ્ધા કરો. એ શ્રદ્ધા એવી શ્રદ્ધા નથી. અંતર જ્ઞાતૃતત્વ જ્ઞાનમાં-પોતાની પર્યાયમાં આવીને પૂર્ણ જ્ઞેયને જાણનારો આત્મા એવું અંતરમાં પ્રતીત એ તો સ્વસ્વભાવમાં એકતા થાય ત્યારે એની પ્રતીત, લક્ષણ, સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. એવી વાત છે. કાંતિભાઈ! સમજાણું કાંઈ? બાર વ્રત આદરે છેને તો એમાં સમકિત... અમારી શ્રદ્ધા કરે એ સમકિત એમ. હમણા આવ્યું છે ક્યાંક. સમકિતના પચ્ચખાણ આપ્યા. બહુ સમકિતના વખાણ કર્યા હશેને આ સ્થાનકવાસીમાં. વખાણ તો એની માન્યતા એવી. છાપામાં આવ્યું હતું. પછી ઘણાએ સમકિતના પચ્ચખાણ લીધા. અમારે આ સમકિત. દેવ-ગુરુ-શાસ્ત્ર માનો સાચા. છાપામાં આવ્યું હતું. ઘણા બધાએ પચ્ચખાણ કર્યા. અરે..! સમ્યગ્દર્શન વિના પચ્ચખાણ ક્યાંથી થતા હશે?

મિથ્યાત્વ-વિપરીત અભિપ્રાય છૂટી અને અખંડ આનંદકંદ એક સમયમાં પરિપૂર્ણ પરમાત્મા સર્વજ્ઞે જેવો આત્મા જોયો એવા આત્મામાં પ્રતીતિ, અંદર અનુભવમાં એ અનુભૂતિ થઈને પ્રતીતિ થાય. અહીં તો સમ્યગ્દર્શનનું લક્ષણ બતાવવું છેને? સમજાણું કાંઈ? પૂછ્યું હતું ત્યાં

કે આ દિલ્હીમાં વિદ્યાનંદજીએ. એ ગાથા છેને. કેટલામી? ૧૫૪? પુણ્ય-પાપની. પુણ્ય-પાપની ૧૫૫. કે આ શું છે? **'जीवादीसद्दहणं सम्मत्तं'** ૧૫૫ છેને? આ પ્રવચનસાર. પુણ્ય-પાપનો અધિકાર. **'जीवादीसद्दहणं सम्मत्तं'** સમજાણું કાંઈ? સમયસાર. એ પ્રશ્ન દિલ્હીમાં બે વર્ષ પહેલા થયો હતો. કે આ શું છે? એનો અર્થ શું છે? જુઓ, **'जीवादीसद्दहणं सम्मत्तं'** એમ શબ્દ પડ્યો છે સમયસાર. **'तेसिमधिगमो'** **'तेसिम'** એટલે જીવ આદિ બધાનું જ્ઞાન. **'रागादीपरिहरणं चरणं एसो दु मोक्खपहो'** કહે કે ભાઈ! આ જુઓ અંદરમાં પાઠમાં શું છે? જુઓ, **'મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એમાં 'જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું...'** એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એવા જીવ અને અજીવ નવ માન્યા(ને) પ્રતીત થઈ ગઈ એમ નહિ. અંતરમાં જ્ઞાનનું પરિણમન, જ્ઞાન એટલે આત્મા.

શુદ્ધ પરિપૂર્ણ ભગવાન આત્મા એની શ્રદ્ધારૂપે પરિણમન, પરિણમન, નિર્વિકલ્પ પરિણમન, રાગ વિના પરિણમન થવું એનું નામ સમ્યગ્દર્શન છે. ઓલો **'जीवादी'** શબ્દ પડ્યો હતોને. આ નવ તત્ત્વ છે એટલે એમ કે એની શ્રદ્ધા. પણ એ નવ તત્ત્વમાં શ્રદ્ધા નવ તત્ત્વનો અર્થ શું? એ તો **'भूदत्थेणाभिगदा'** એ લીધું છે. ૧૩મી ગાથામાં નહિ? સમયસારમાં. ...થી. **'भूदत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च।'** પણ એ જીવ અને બધા છે એવું જાણનારો આત્મા એમાં એ અજીવ અને રાગાદિ છે નહિ. સમજાણું કાંઈ? એવો આત્મા જ્ઞાયકસ્વરૂપ જ્ઞાન અને આનંદ આદિનો સ્વભાવ પરિપૂર્ણ, એ તરફનો અંદર ઝુકાવ દૃષ્ટિ થવી અને એમાં આત્માનું... જ્ઞાનના પરિણમનનો અર્થ? આખા આત્માની શ્રદ્ધા-સમ્યગ્દર્શનરૂપે પરિણમન થઈ જવું. જેમાં અનંતગુણ શક્તિમાંથી વ્યક્તરૂપ પરિણમન થાય એનું નામ સમ્યગ્દર્શન પર્યાય કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? છોટાભાઈ! ચોપડી-બોપડી આદરી નહોતીને? પોલીસમાં શું આદરે? પોલીસ સુપ્રિન્ટેન્ડનમાં ત્યાં ચોપડા ...ભડાકા બોલે ત્યાં. ચોપડી આદરે બાર વ્રત. એમાં લખે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ તમારે સમકિત અંગીકાર કર્યું, જાવ, બાર વ્રત અંગીકાર કરો. ચોપડી અંગીકાર કરી. બોલે છે એમ. અરે..! ભગવાન! બાપા! તને ખબર નથી. સાચા દેવ, સાચા ગુરુ, સાચો ધર્મ, સાચા શાસ્ત્ર કોને કહેવા? એની પણ ખબર નથી અને આત્મા શું ચીજ છે, કેટલું સામર્થ્યવાળું? પરિપૂર્ણ આત્મા અખંડાનંદ આત્મા. એવા આત્મામાં આત્માનું જ્ઞાનના પરિણમનનો અર્થ આત્માનું સમ્યગ્દર્શનરૂપે, પ્રતીતિરૂપે જ્ઞાનમાં જ્ઞેય પૂર્ણ આત્મા આવ્યો એમાં પ્રતીતિ થવી એ સમ્યગ્દર્શનનું લક્ષણ છે. સમજાણું કાંઈ? એ એક વાત થઈ. એ ધર્મ થયો એ ધર્મ. આહા..હા..! કહો, નિહાલભાઈ!

મુમુક્ષુ :- અહીં તો મહેનત બહુ કરી...

ઉત્તર :- ઘણી મહેનત કરી હશે આ બહારની એમ કહે. બહારની મહેનતમાં શું આવે? આત્મા એક સમયમાં અખંડાનંદ પરિપૂર્ણ અભેદ સામાન્ય સ્વરૂપ એની શક્તિ લોકાલોક

જાણવાની એક સમયની પર્યાયમાં. એવી અનંતી પર્યાયનો સમૂહ જ્ઞાન અને એવી-એવી અનંતી પર્યાયનો સમૂહ એક-એક ગુણ એવા અનંતગુણનો પિંડ દ્રવ્ય. એ શ્રદ્ધામાં આવવું એ તો અનંત પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? સમજાણું કે નહિ? નામ શું? નાનાલાલ? નામ શું? કુમારપાળ. ઓલા રાજા થયા હતા એ? કુમારપાળ. નાનાલાલ બાપુનું નામ.

કાલે એ પ્રશ્ન કરતા હતાને ભાઈ! એમ કે આ ભગવાને તો જે કાંઈ દીઠા છે એટલા સાધુ થશે, એટલા સમકિતી થશે. એમાં કાંઈ નવું તો પુરુષાર્થ કરીને કાંઈ કરી શકાય નહિ. પ્રશ્ન તો ઉઠેને? એય..! એ પ્રશ્ન તો અમારે ૫૩ વર્ષ પહેલાં ઉઠ્યો હતો. ૫૩ વર્ષ પહેલાં. મોટી ચર્ચા થઈ હતી. એ કીધુંને. ૭૨ની સાલમાં ફાગણ સુદ ૧૪ હતી. સમજાણું? ઘણી ચર્ચા ચાલી હતી ૫૩ની સાલમાં. કે સર્વજ્ઞે દીઠું સર્વજ્ઞ પરમાત્માએ એમ થશે. એમાં પોતાનો પુરુષાર્થ કાંઈ કામ કરશે નહિ. અને ભગવાને દીઠા જેટલા ભવ છે એટલા ભવ આપણે કરવા પડે. એવી ચર્ચા ચાલી. બહુ ચર્ચા ચાલી. અમે તો બોલ્યા નહિ. બે વર્ષ તો નહિ બોલ્યા. દીક્ષિત ૭૦માં થયાને ૭૦. બે વર્ષ તો ન બોલ્યા. કારણ કે હજી તો નવા (હતા). પછી સહેજે બોલાઈ ગયું આમ કે આ શું કહો છો તમે? શું આગમની વાણી એવી છે? આગમ એમ કહે છે? આગમ તો એમ કહે છે કે સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે, દેખે છે. એવું જેને સમ્યક્ કેવળજ્ઞાનની પર્યાય પોતાની પ્રતીતમાં આવી એણે કેવળજ્ઞાની છે અને દીઠું એની શ્રદ્ધા એને છે. સમજાણું કાંઈ? તો એનો તો પુરુષાર્થ સ્વભાવ સન્મુખ થયો અને અનંત સંસાર તૂટી ગયો. એય..! જેઠાભાઈ! ઝીણી વાત બહુ ઝીણી. બહુ ચર્ચા ચાલી હતી. ૫૩ વર્ષ પહેલાં ઘણી ચર્ચા સંપ્રદાયમાં. કીધું, નહિ.

મુમુક્ષુ :- તે દિ'થી ચાલે છે.

ઉત્તર :- તે દિ'થી ચાલે છે એની એ વાત ચાલે છે સંપ્રદાયની. બધા એ પ્રશ્ન પૂછે. કે સર્વજ્ઞ ભગવાને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક દેખે છે તો એ પ્રમાણે થશે. અમારે શું કરવું છે? અરે..! પણ સાંભળ તો ખરો, ભગવાન! આહા..હા..! સમજાણું કાંઈ? વીંછીયાથી ઉઠીને સરવા ગયા. સરવા છેને સરવા? એય..! તમારા વીંછીયામાંથી ઉઠ્યા હતા. સરવા રાત રહ્યા અને સરવાથી પાળિયાદ ગયા હતા. ત્યાં થઈ હતી મોટી ચર્ચા. ભગવાને દીઠું કેવળજ્ઞાની પરમાત્માએ. સર્વજ્ઞ છેને, કેવળી છે. તો એમાં તો કોઈ પુરુષાર્થ કરવાનો રહ્યો નહિ. અરે..! પણ પ્રભુ! શું કહે છે તું? એવી વાણી ભગવાનની હોય નહિ. સમજાણું કાંઈ?

ભગવાન તો એમ કહે કે જે અમે સર્વજ્ઞ છીએ... એ આવ્યુંને ૮૦ ગાથામાં. તે દિ' તો ક્યાં વાંચ્યું હતું ૮૦ ગાથા અને પ્રવચનસાર. એ હતું જ ક્યાં? પણ એ તો અંદરથી વાત આવી હતી. કે જો સર્વજ્ઞ છે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક દેખે છે એવું જેને શ્રદ્ધા, જ્ઞાનમાં આવ્યું છે એને ભગવાને જોયું છે કે એને ભવ છે નહિ. સમજાણું કાંઈ? એ પુરુષાર્થ છે. પુરુષાર્થ શું છે? આહા..હા..! જ્ઞાનગુણની એક સમયની પર્યાયમાં ત્રણ કાળ,

ત્રણ લોક જાણવાની શક્તિ. ન ... એ પછી પ્રશ્ન. પણ એવી પર્યાયની તાકાત-એક સમયની અવસ્થાની તાકાત કે ત્રણ કાળ, ત્રણ લોક જાણે વિકલ્પ વિના, એનો વિશ્વાસ કોને છે? એ વાત કરે કે ભગવાને દીઠું, પણ તો વિશ્વાસ વિના? સમજાણું કાંઈ? અમરચંદભાઈ!

મુમુક્ષુ :- પ્રતીતિ વિનાની વાત કરે છે.

ઉત્તર :- પ્રતીતિ વિનાની વાત કરો છો તમે. એવી વાત ન હોય. વીતરાગ માર્ગમાં એવું ન હોય. મેં તો દૃષ્ટાંત આપ્યું હતું એ ગજસુકુમારનું. આ ગજસુકુમાર છેને. અગ્નિ ભરી છેને મસ્તકમાં? ત્યાં શ્વેતાંબરમાં પણ એ આવે છે. તે દિ' તો દિગંબર ગ્રંથ જોયા હતા જ ક્યાં? તે દિ' તો જોયા પણ નહોતા, હાથમાં નહોતા આવ્યા. પણ એ ગજસુકુમારનું દૃષ્ટાંત આપ્યું હતું. અમારા ગુરુ તો શાંત હતા. એ તો બેઠા હતા શાંત. માળા ગણતા હતા. અમારા ગુરુભાઈ હતા એની સાથે ચર્ચા થઈ. નહિ, કીધું, એ વાણી આગમની નથી. શાસ્ત્રની ભાષા એવી હોય નહિ. આ ગજસુકુમાર ભગવાન પાસે સાંભળવા ગયા, નેમિનાથ ભગવાન પાસે. શ્રીકૃષ્ણના ભાઈ. શ્રીકૃષ્ણ વાસુદેવ હાથીના હોદ્દે બેઠા હતા અને શ્રીકૃષ્ણના નાના ભાઈ હતા ગજસુકુમાર. અને ખોળામાં બેસાડીને ભગવાન પાસે લઈ ગયા. તો વચ્ચે એક સોનીની દીકરી હતી. આ આવે છેને એમાં સોમીલ. સોમીલ આ સોમીલ છેને. બાળે છેને? અગ્નિ ભરે છે માથે. દીકરી બહુ સુંદર હતી. તો શ્રીકૃષ્ણે જોઈ. તો કહે ઓહો..હો..! આ દીકરીના ગજસુકુમાર સાથે લગન કરીએ. કહે, જાવ, અંતેપુરમાં મોકલી દ્યો.

હવે એ ગજસુકુમાર સાંભળવા ગયા કૃષ્ણની સાથે. સાંભળ્યું અને પાવર ફાટી ગયો અંદરથી એકદમ. આ શું? પ્રભુ! હું મારી માતાની આજ્ઞા લઈને દીક્ષિત થવા માગું છું. સમજાણું કાંઈ? હું મારા માતા... શ્રીકૃષ્ણની બધાની એક માતાને? દેવકી. પ્રભુ! હજી તો કુંવારા હતા. કુંવારા સમજ્યાને? લગન નહોતા કર્યા. એમાં એવું આવે છે શ્વેતાંબરમાં હોં. એવું આવે છે. એમ કહે કે માતા! પ્રભુ! મારા માતાની આજ્ઞા લઈને હું આજે ... ગૃહસ્થાશ્રમની વૃત્તિ છોડીને હું અણગાર થવાની ભાવના કરું છું. ભગવાન તો કહે છે... એ તો શ્વેતાંબરની શૈલીએ ભાષા છેને. આહાર... એવી ભાષા છે. શ્વેતાંબર શાસ્ત્રમાં સૂત્ર. યથાસુખં દેવાનુપ્રિયા. હે દેવને વલ્લભ! જેમ સુખ ઉપજે એમ કરો. પ્રતિબદ્ધ ન કરવો. એવી ભાષા ભગવાનની આવી અને ગયા દેવકી પાસે. માતા! મારે તો મુનિપણું લેવું છે. મા! બહુ કહ્યું પછી છેવટે આજ્ઞા આપી, દીક્ષિત થયા. દીક્ષિત થયા અને તે દિવસે આજ્ઞા લીધી છે ભગવાન પાસે. મહારાજ! .. આપની આજ્ઞા હોય તો દ્વારકાના સ્મશાનમાં બારમી પડિમા અંગીકાર કરું. એવો પાઠ છે એમાં. ભીક્ષુની બાર પડિમા છેને. દિગંબરમાં પણ છે. આપણે છે. પણ આ લોકોમાં પ્રસિદ્ધ નથી. બાર પડિમા છે. શ્રાવકની જેમ અગિયાર પડિમા એમ સાધુની બાર પડિમા હોય છે. છે. છેને, પુસ્તકમાં છેને આપણે બતાવ્યું છે. અહીં પુસ્તક છે. બાર પડિમા હોય છે સાધુની બાર. તો બારમી પડિમા અંગીકાર કરવાનો ભાવ થયો. તો એવી પડિમા હોયને

સહન કરે તો અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળ થઈ જાય. અને સહન ન કરે તો ગાંડો, શ્રદ્ધાથી ભ્રષ્ટ એવા ત્રણ બોલ છે સમજ્યાને? રોગી. રોગી કાંઈક. રોગી થઈ જાય કાં ધર્મથી ભ્રષ્ટ થઈ જાય અને ગાંડો થઈ જાય. ગાંડા સમજ્યાને? પાગલ. કીધું, એમાં ભગવાનની વાણી કેવી સાંભળી એણે? કે તત્કાલ એ દિવસે સ્મશાનમાં ચાલ્યા ગયા. ધ્યાનમાં. ત્યાંને ત્યાં કેવળ પામીને મોક્ષે ગયા હોં. એમાં એમ લખ્યું.

ભગવાનના જ્ઞાનમાં જેવું જોયું એવું થશે એવી જેને પ્રતીત થઈ, એ પ્રતીત તો સ્વભાવ સન્મુખ થઈને પુરુષાર્થ કરવાથી થાય છે. સમજાણું કાંઈ? એને ભગવાને જોયું એમ થશે એ સમ્યક્ પ્રતીત છે. એમ કહે કે ભગવાને દીઠું એમ થશે એમ છે નહિ. સમજાણું કાંઈ? જ્ઞેય થયું કે નહિ જ્ઞેય? ભગવાને દીઠું એમ થશે એમાં જ્ઞેય આવી ગયુંને ભાઈ?

મુમુક્ષુ :- જ્ઞેય અને જ્ઞાતા બેય.

ઉત્તર :- બેય આવી ગયા જુઓ, ભગવાને દીઠું એવું જ્ઞેયમાં થશે અને જ્ઞેય આત્મા જાણે છે. તો ... એ તત્ત્વ આવી ગયું. આહા..હા..! એ વખતે તો અંદરથી વાત આવી હતી. સમજાણું કાંઈ? ત્યાં ક્યાં આ જોયું હતું? દિગંબર શાસ્ત્ર હાથમાં પણ નહોતા આવ્યા. ૭૮માં આવ્યા.

મુમુક્ષુ :- સાંભળ્યા પણ નહોતાને.

ઉત્તર :- સાંભળ્યું પણ નહોતું. કોઈ દિગંબર ધર્મ છે એવું સાંભળ્યું નહોતું. ૭૨-૭૨. સંવત્ ૧૯૭૨. સમજ્યા ભાઈ? કુમારપાળજી! પ્રશ્ન બરાબર છે. એ પ્રશ્ન અમારે તો છેક પહેલેથી ચાલ્યો આવે છે. ભગવાને દીઠું છે, પણ ભાઈ! સર્વજ્ઞે તો જ્ઞેય દીઠું છે અનંત. અને તારો આત્મા પણ જોયો છે અને પોતાનો આત્મા પણ જોયો છે. જેવું ભગવાને દીઠું એવી જ્ઞાનની પરિપૂર્ણ પર્યાય એની જેને પ્રતીત છે એવું થશે. તો છે એવી પ્રતીત ક્યારે આવશે?

મુમુક્ષુ :- જ્યારે કેવળજ્ઞાની માને ત્યારે.

ઉત્તર :- બધી કેવળજ્ઞાનની પર્યાય માને ત્યારે. તો કેવળજ્ઞાનની પર્યાયને પર્યાય કેમ માને? જ્યારે દ્રવ્ય પ્રતીતિ હોય તો પર્યાયની પ્રતીતિ થાય. અમરચંદભાઈ! આહા..હા..! સમજાણું કે નહિ? બહુ ગૂંચવાળો પ્રશ્ન છે. બહાર પણ મોટા-મોટા સાધુ પ્રશ્ન કરતા હતા. તમારા આપણે ૮૯-૯૦-૮૯નું હતુંને રાજકોટ. ત્યારે ઓલો કરતો હતો ગાંધી હતોને ઓલો? ગોકુલદાસ ગાંધી. એ પ્રશ્ન કરતો હતો. એને પણ કાંઈ ભાન નથી. ૮૯ની સાલ. ૩૬ વર્ષ થયા. ત્રણ-ત્રણ હજાર માણસ. બહોળી સભા ભરાતી હતીને? ઘણી સભા થતી હતી. પછી એણે કહ્યું ભગવાને દીઠું એમ? હવે સાંભળ તો ખરો કીધું અત્યારે નહિ. આ તો અત્યારે એટલા એટલા માણસ છે ત્રણ-ત્રણ હજાર માણસ સવાર, બપોરે એટલાને. અત્યારે જવાબ ક્યાંથી આપીશ? પાછળથી આપીશ, કીધું.

ભાઈ! આહા..હા..! અહીં શું કહે છે? '**જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની...**' જુઓ, ભગવાન

આત્મા જ્ઞાનતત્ત્વ છે અને એ સિવાય બધી ચીજ જ્ઞેયતત્ત્વ છે. તો જેવો જ્ઞેયતત્ત્વનો સ્વભાવ, જેવો જ્ઞાનનો સ્વભાવ એવું જેણે અંતરમાં જાણ્યું. એને સર્વજ્ઞની પર્યાય જણાઈ. સર્વજ્ઞ પણ એક જ્ઞેય છે કે નહિ જ્ઞાનમાં? સમજાણું કાંઈ? સર્વજ્ઞ કેવળજ્ઞાની પણ આ જ્ઞાનમાં જ્ઞેય છે કે નહિ? આ શું આવ્યું? મણિકાંતજી! બહુ રુચિવાળો છે. રુચિવાળો છે. સમજાણું કાંઈ? અહીં તો આત્મામાં મારે એની તલવાર એમ કહે છેને. તલવાર મારે એની. બાંધે એની નહિ હોં! તલવાર તો ભિખારા પણ બાંધે, ઢોરને પણ બાંધી દે તલવાર. એટલે? માર ફાટ કરે. હું જ્ઞાયકતત્ત્વ છું. રાગ નહિ, પુણ્ય નહિ, સમસ્ત અનંત જ્ઞેય મારા જ્ઞાનમાં જ્ઞેય છે. સર્વજ્ઞ પણ મારા જ્ઞાનમાં જ્ઞેય છે અને સર્વજ્ઞે દીઠું જ્ઞેય એ પણ મારા જ્ઞાનમાં જ્ઞેય છે. જેઠાલાલભાઈ! આહા..હા..! અરે..! ભાઈ! સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર એની શ્રદ્ધા જ્ઞાનમાં જ્ઞેય. આહા..હા..!

જ્ઞાનમાં જ્ઞેય કરીને. આ શું? કીધું ભગવાને ભવ દીઠો જ નથી. જેને કેવળજ્ઞાનીની પ્રતીત થઈ, ભગવાને જ્ઞાનમાં એના ભવ દેખ્યા જ નથી. એય..! જેઠાલાલભાઈ! આહા..હા..! આ તો વાતું કરવી છે અને વસ્તુનું સ્વરૂપ છે એવું નક્કી, અનુભવ કરવો, પ્રતીત કરવી નથી. અને વાતું કરે આમ થાય ને તેમ થાય ને આમ થાય. એ તો બધી ચતુરાઈની વાતું છે શાસ્ત્રની. સમજાણું કાંઈ?

અહીં તો શું ભગવાન કહે છે જુઓ, '**જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથાપ્રકારે**...' તથાપ્રકાર નામ '(**જેમ છે તેમ, યથાર્થ**)...' બે અર્થ કર્યા છે. તો સર્વજ્ઞ જેવા છે તેવા અને સર્વજ્ઞના, જ્ઞાનમાં જે સમસ્ત જ્ઞેય અવસ્થા જેવી થવાની એવી દીઠી, એમ જેને પોતાના જ્ઞાનતત્ત્વમાં જ્ઞેયનું જ્ઞાન થઈને પોતાના જ્ઞાતૃતત્ત્વની પ્રતીતિ થવી એનું નામ સમ્યગ્દર્શનની પર્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ કેટલું ભર્યું છે એમાં! જુઓ, આ કાંઈ બાકી રહી ગયું? જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વમાં કોઈ બાકી રહી ગયું? અનંત સિદ્ધો આવ્યા, લાખો કેવળી બિરાજે છે એ આવ્યા. હોય. ..ભાઈ! સાંભળવાની દરકાર પણ કરી નથી અહીં. સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. બસ. પણ ચીજ શું છે એવું દૃષ્ટિમાં-અનુભવમાં આવ્યા વિના તને સ્થિરતા ક્યાંથી થશે?

તો કહે છે કે '**જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથાપ્રકારે**...' ભાષા કેવી છે જુઓને. શું છે અંદર? '**ज्ञेयज्ञातृतत्त्वतथाप्रतीतिलक्षणेन**' લ્યો! તથા એટલે તથાપ્રકાર. તથામાંથી તથા નીકળ્યુંને? પ્રકાર નીકળ્યોને પછી? નીકળે. ટીકામાં છે કે નહિ જુઓ '**ज्ञेयज्ञातृतत्त्वतथाप्रतीतिलक्षणेन सम्यग्दर्शनपर्यायेण**,' આહા..હા..! કેટલી વાત કરી! તો સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર અનંત સિદ્ધો, લાખો કેવળજ્ઞાનીઓ એ આત્માના જ્ઞાનમાં જ્ઞેયતત્ત્વ રહ્યું. અને એ જ્ઞેયનું જ્ઞાન પોતામાં થયું પોતાથી. એવું જ્ઞાતૃતત્ત્વ અને જ્ઞેયતત્ત્વની યથાર્થ સ્વસન્મુખ થઈને પ્રતીતિ કરવી એ સમ્યગ્દર્શનનું લક્ષણ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન કહ્યું. જુઓ, આ

ધર્મપર્યાય, ધર્મની દશા. આહા..હા..!

હવે જ્ઞાન. જ્ઞાનની પર્યાય કોને કહે છે? '**જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથાપ્રકારે અનુભૂતિ...**' જ્ઞાન. અનુભૂતિ નામ જ્ઞાન. એ પ્રતીતિ હતુંને? સમ્યગ્દર્શનલક્ષણ. આ જ્ઞાનલક્ષણ. સ્વસંવેદનમાં જ્ઞાન થવું. જેટલા જ્ઞેય છે. ભગવાને દીઠા. પરમેશ્વરે. એવું જ્ઞેય અને જાણનારું એકલું જ્ઞાન. એવું જ્ઞાનતત્ત્વ એની તથાપ્રકારે જેવી છે એવી અનુભૂતિ અંતરમાં જ્ઞાન થવું. કેમકે જ્ઞાનની પર્યાય સર્વજ્ઞેયને જાણે. એવો જ્ઞાનપર્યાયસહિત ભગવાન આત્મા એનું અંદર વેદન થયું. અંદર જ્ઞાનનું વેદન થયું. જ્ઞાનની અનુભૂતિ થઈ, જ્ઞાનનો અનુભવ થયો એ અનુભૂતિ જેનું લક્ષણ છે. તે જ્ઞાનપર્યાય છે. અહીં શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાનપર્યાય છે એમ નથી કહ્યું. લ્યો! કે શાસ્ત્ર તો જ્ઞેયમાં આવ્યું ભાઈ! આહા..હા..! શાસ્ત્ર, પાના, વાણી એ તો બધું જ્ઞેયમાં આવી ગયું. એ જ્ઞેયને જાણનારો ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ આત્મા. એવું જગત-વિશ્વ એમાં બધું આવી ગયું. બધી ચીજનો બોધ અંદરમાં થયો. તો એ વિશ્વ જ્ઞેયમાં આવ્યું અને આત્મા જ્ઞાનમાં આવ્યો. વિશ્વના જ્ઞેયનું જ્ઞાનતત્ત્વમાં જ્ઞાન થઈને તથાપ્રકારની અનુભૂતિ (થઈ કે) એવો આત્મા મોટો છે કે આખા લોકાલોકને એક સમયની પર્યાય જાણે છે. જ્ઞેયતત્ત્વ એવું છે કે એ પ્રમેય, પોતાના જ્ઞાનમાં પ્રમેય થનારો જણાય જ છે. એવું પ્રમેય છે. શું કહ્યું જુઓ, એ સર્વજ્ઞ પરમાત્મા પણ પોતાના જ્ઞાનમાં જ્ઞેય પ્રમેય થયા વિના રહે નહિ, એમ કહે છે. આહા..હા..! અને સર્વજ્ઞ પરમેશ્વર પણ મારા જ્ઞાનમાં પ્રમેય થાય એવું થયા વિના રહે નહિ. એ પ્રમેય છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

અનંતા સિદ્ધ ભગવંતો, લાખો કેવળજ્ઞાનીઓ એટલે અનંતામાં બધું આવી ગયું. અને અનંતા નિગોદ, અનંતા પરમાણુ પુદ્ગલ, ત્રણ કાળ. એ બધા કેવળજ્ઞાન(માં જણાય) એ સર્વજ્ઞ છે એ પ્રમેય છે. પ્રમેય એટલે જ્ઞાનમાં જણાવા લાયક. તો એ જ્ઞાનમાં જણાવાલાયક છે તો જ્ઞાનમાં જણાયા વિના રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાન એને જાણ્યા વિના રહે નહિ અને જ્ઞેય જણાયા વિના રહે નહિ. આહા..હા..! એય..! કાંતિભાઈ! પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા બિરાજે છે. ત્રિલોકનાથ તીર્થંકર આદિ અનંત સિદ્ધ. લ્યો! તો કહે છે કે એ પ્રમેય, જ્ઞેય છે. જ્ઞાનમાં આવ્યા વિના રહે નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..!

અનુભૂતિમાં અનંત કેવળજ્ઞાનીનું જ્ઞેય જણાયા વિના રહે નહિ ભાઈ! એમ કહે છે. આહા..હા..! અનંત સર્વજ્ઞ પરમાત્મા જે મુક્તિ પામ્યા સિદ્ધ. એ અનંત સર્વજ્ઞ જ્ઞેયપણે છે તો પ્રમેય થયા વિના રહે નહિ. જ્ઞાન ન જાણે અને એ ન જણાવે એમ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું કે નહિ ભાઈ? કુમારપાળજી! હિન્દુસ્તાનમાં નામ પાછળ જી લગાવે છે. આપણે ભાઈ કહે. ભાઈ! મણિકાંત. અહીંયાં ગરાસિયામાં એમ કહેવાય ગરાસ. ગરાસિયા હોયને એ ભાઈ પહેલા બોલે. વૃદ્ધ માણસ હોયને તો લલ્લુભાઈ એમ ન બોલે

એ. ભાઈ લલ્લુ! એમ કહે. ગરાસિયા. એવી ભાષા એની હોય છે. ગરાસિયા હોય ને ઘણા નહિ? આ ગરાસિયા સમજો છો? ગરાસદાર, જાગીરદાર. અમને તો અનેક જાતના અનુભવ હોયને. લીંબડામાં ગરાસદાર બાઈ રાણી હતી એક રાણી અને લલ્લુભાઈ હતા. તો લલ્લુભાઈ જાય. માણસ મોટી ઉંમરના. પણ લલ્લુભાઈ એમ ન બોલે. ભાઈ લલ્લુ! આવ્યા? એમ કહે. સમજાણું કાંઈ? અને આપણે આ હિન્દીમાં પાછળથી જી લગાડે નહિ?

એમ આ સર્વજ્ઞ પરમાત્મા જો એ જીપણે જણાય, જ્ઞેયપણે સર્વજ્ઞ પરમેશ્વર. આહા..હા..! જ્ઞેય થયા વિના રહે નહિ અને આત્મા જ્ઞાન કર્યા વિના રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એક કહેતા હતા. ઓલા છેને ભાઈ ઓલા દરબારીલાલ કોઠિયા. કોઠિયા ને? સત્યભક્ત વૃદ્ધ. સર્વજ્ઞને ન માને એ. પછી સર્વજ્ઞનું દૃષ્ટાંત આપતા હતા. અમે પછી એની સાથે, એની સાથે નહિ પણ એના શિષ્ય બીજા હતા એ આવ્યા હતા.

મુમુક્ષુ :- ત્રિલોકચંદજી.

ઉત્તર :- હા, ત્રિલોકચંદજી. એ કહે કે એક સમયમાં ત્રણ કાળ જાણે એવું હોઈ શકે નહિ. એક ઘડાનું પાણી. ઘડો સમજો છોને? એક ઘડાના પાણીમાં હજાર ઘડાનું પાણી સમાઈ જાય? એવું દૃષ્ટાંત આપ્યું. એક ઘડાનું પાણી છેને? એમાં હજાર ઘડાનું પાણી આવી જાય? અરે..! દૃષ્ટાંત તારું ખોટું છે. કીધું કે એક કરોડ માણસ બેઠા હોય સભામાં. લાઉડ સ્પીકર સારું લાવો. એક માણસે અવાજ કર્યો કે અનંત આત્મા છે. સમજાણું કાંઈ? સાંભળો, કીધું. તો કરોડો મનુષ્યને એ વખતે અનંત આત્મા એવો ખ્યાલ આવ્યો કે નહિ? તો એને પણ ખ્યાલ છે કે નહિ? કે આ અનંત આત્મા, અત્યારે અનંત આત્મા છે એવા ખ્યાલ..પર્યાયમાં વર્તે છે. તો અહીં પર્યાયમાં ખ્યાલ આવ્યો કે નહિ? સમજાણું કાંઈ? શું કહ્યું?

અનંત આત્મા છે એવો એક અવાજ કર્યો. તો એને ખ્યાલ કરવામાં પણ આ 'અનંત આત્મા છે' એવું વર્તમાન કરોડ મનુષ્ય છે એના ખ્યાલમાં આવે છે. વર્તમાન ખ્યાલમાં 'અનંત આત્મા' એવી જ્ઞાનની પર્યાય છેને એની? તો બધાનો ખ્યાલ અહીં આવ્યો કે નહિ? બધા કરોડ. તો જે કરોડની એક સમયની પર્યાય જણાય છે, તો એવી અનંતી એક સમયમાં પર્યાય ખ્યાલમાં આવે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? હવે એવું દૃષ્ટાંત આપે કે એક ઘડાના પાણીમાં દશ હજારનું સમાય. અરે..! હાલ.. હાલ.. એ તો કુતર્ક છે. કરોડ માણસની એક સમયની જ્ઞાનની પર્યાયમાં ખ્યાલમાં આવ્યું કે નહિ? કે કરોડ માણસને નથી આવતું? સમજાણું કાંઈ? એવી પ્રરૂપણા ચાલી. એક દાખલો સમજ્યાને? લાખો, કરોડો મનુષ્યમાં કે આત્મા પરિપૂર્ણ છે, અખંડ છે. તો એ માને, ન માને એ પ્રશ્ન પછી, પણ કરોડોના ખ્યાલમાં અખંડ પરિપૂર્ણ છે એવો ખ્યાલ વર્તે છે કે નહિ? ખ્યાલ, પર્યાય. તો એકના ખ્યાલમાં ખ્યાલ છે કે નહિ? આ બધામાં વર્તે છે એવો ખ્યાલ છે કે નહિ? કે પોતાની પર્યાયનો ખ્યાલ છે અને પરનો ખ્યાલ નથી? સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા, અનંત જ્ઞેયપણે

જે વસ્તુ છે એનું એક સમયની પર્યાયમાં સર્વ જ્ઞેયનું જ્ઞાન થઈ જાય છે. સમજાણું કાંઈ? અને અનંત સંખ્યા તો, જો પોતાથી અધિકનો ખ્યાલ આવ્યો તો એનાથી અધિક ત્રણ કાળ ખ્યાલ આવવાની શક્તિ છે એનામાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બે સમયનું જ્ઞાન થયું.

ઉત્તર :- બે સમયનું. પહેલું કહ્યું હતું કે જેને વર્તમાનનો ખ્યાલ છે અને ભવિષ્યમાં આ આત્મા આવો થશે. એવો ખ્યાલ છે કે આ સમયે થશે. આવતા ભવમાં આ ભવ થશે. ભૂતનો દાખલો. તો એક સમયથી અધિક કાળમાં જેનું જ્ઞાન કામ કરે છે. વર્તમાન સમયથી અધિક કામ કરે છે, તો એને ત્રણ કાળનું અધિકમાં આવી ગયું. સમજાણું કાંઈ? એક લોટ છે લોટ. લોટ. લોટ કહે છેને આટા. લોટનો પીંડો છે. તો સ્ત્રી થોડું કાપે છે. ગોરણું કહે છે અમારે. શું કહે છે તમારે? પિંડ કરેને એક રોટલી બનાવવા માટે. તો એને ખબર નથી કે અત્યારે પિંડ છે, પછી રોટલી બનશે, શેકાશે. પહેલા ઘઉં હતા. એવો પર્યાયમાં ખ્યાલ છે કે નહિ? ત્રણેનો ખ્યાલ છે કે નહિ? કરી શકતા નથી, પણ ખ્યાલ છે કે નહિ? ખ્યાલ છે કે એ સમયે રોટલી બનશે. હું કરીશ એમ નથી. સમજાણું કાંઈ?

એક સમયથી અધિક પછી પર્યાય થશે એવું વર્તમાનમાં ખ્યાલમાં આવી જાય છે. અને પહેલા આ લોટ હતો અને પહેલા ઘઉં હતા એ પણ જણાયું. તો જેને એક સમયમાં ભૂત-ભવિષ્યને એકઠા કરવાની જ્ઞાનની તાકાત છે એને ત્રણ કાળ ભેગા કરવાની જ્ઞાનની તાકાત છે. સમજાણું કાંઈ? ન્યાય સમજે નહિ અને શું કરે? એમ ને એમ ધોકાપંથી કરે. કાં તો ત્યાગી થઈ જાય તો એ બેસે. હવે સાંભળને એ ત્યાગી જ છે. મિથ્યાત્વનો ત્યાગ પછી ચારિત્રદોષ હોય. સમકિતી છે, ગૃસ્થાશ્રમમાં હોય નહિ. છન્નું હજાર સ્ત્રી હોય છે. શું છે? પણ અંતરમાં જ્ઞાનની પર્યાય અનંત જ્ઞેયની પર્યાય પી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એને પણ ખ્યાલ આવી જાય કે હું અલ્પકાળમાં કેવળજ્ઞાન લેવાનો છું. એવો ખ્યાલ સમ્યગ્દૃષ્ટિને આવે છે કે નહિ? આહા..હા..! અલ્પકાળમાં આ બીજ ઉગી તો પૂનમ થશે જ. એમ અલ્પકાળમાં કેવળજ્ઞાન એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે એવી મારી પર્યાય અલ્પકાળમાં થશે. ભવિષ્યની પણ વર્તમાન ખ્યાલમાં છે. સમજાણું કાંઈ? ભૂતકાળનો પણ ખ્યાલ આવી જાય છે. એવો ખ્યાલ અનંત જીવોને જે છે એ બધો ખ્યાલ પ્રમેય કરીને જ્ઞાન-આત્મા પી જાય છે બધાને. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? છબીલભાઈ! બધા તમારા કોણ? વકીલના, ફોજદારના કાયદા યાદ રહે, પણ આ કાયદા? ધમાધમ બોલાવે જૂઠે જૂઠા. આ તો સત્ય વાત આવી છે ભાઈ! આહા..હા..!

જુઓને કેટલી વાત કરી! '**જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથાપ્રકારે પ્રતીતિ...**' જેવા સર્વજ્ઞ છે, જેવા અનંત નિગોદ એકેન્દ્રિય જીવ છે, એ જેવા પર્યાયપણે વર્તમાન છે અને એ પર્યાય ભૂત-ભવિષ્યની પણ કેવી થશે? એવું દ્રવ્યમાં શક્તિરૂપ એની યોગ્યતા પડી છે

કે નહિ? સમજાણું કાંઈ? તો સમસ્ત જ્ઞેયને એક સમયની પર્યાય જાણી લે છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? કેવળજ્ઞાન છે એ તો એક સમયમાં લોકાલોક જાણે છે. સાંભળો. તો એક સમયની પર્યાયમાં લોકાલોક વર્તમાન નિમિત્ત થયું અને બધી પર્યાય નૈમિત્તિક થઈ પોતાને કારણે. તો એક સમયમાં નિમિત્ત. ભવિષ્યની પર્યાય, ભૂતની પર્યાયની યોગ્યતા અંદરમાં છે એ બધી વર્તમાન પર્યાયમાં નિમિત્ત થવામાં બધી પર્યાય આવી ગઈ. ઝીણો વિષય આવી ગયો થોડો. સમજાણું કાંઈ?

સામાનું જે જ્ઞેય છે. સમજાણું કાંઈ? આ કેવળજ્ઞાન થયું એક સમયમાં. એક સમયની પર્યાય. તો પોતાની એક સમયની ઉપાદાનની પર્યાય પૂર્ણ. તો સામે નિમિત્ત પણ એક સમયે પૂર્ણ હોવું જોઈએને જ્ઞેય? જેઠાભાઈ! શું કહ્યું?

મુમુક્ષુ :- જ્ઞાનમાં જ્ઞેય આવે એક સમય...

ઉત્તર :- એ પકડતા વાર લાગે છે. અહીં તો જે કહેવાય છે તે અભિપ્રાયને પકડવો જોઈએ. એ પૂર્વ ધારણા રાખીને એની એ વાતને ભેળવીને કહે એમ ન ચાલે. સમજાણું કાંઈ?

અહીંયાં તો આત્માની કેવળજ્ઞાનની એક સમયની પર્યાય. ન્યાય સાંભળો. એ પર્યાય પૂર્ણ છે કે નહિ? અહીંયાં પરિપૂર્ણ એક સમયમાં છે તો સામે નિમિત્ત પણ એક સમયે પરિપૂર્ણ છે. ભવિષ્ય અને ભૂત થશે ત્યારે એમ નહિ. સામે નૈમિત્તિક ચીજમાં પણ એ પરિપૂર્ણતા જ છે ત્યાં. અમરચંદભાઈ! સમજાય છે કાંઈ? ઝીણી વાત. આ તો વસ્તુની સ્થિતિ એવી છે. એક સમયમાં જ્યારે કેવળજ્ઞાન પરિપૂર્ણ છે. તો સામે નિમિત્ત વર્તમાનમાં પરિપૂર્ણ હોવું જોઈએ કે નહિ? કે ભવિષ્યમાં ભવિષ્ય થાય ત્યારે એને (નિમિત્ત)? ભાઈ! સમજાય છે? એય..! મોહનભાઈ! સમજાય છે આમાં કાંઈ? બધા વેપારી બધા વેપાર કરનારા અને આ વળી તર્ક આવે વકીલાત જેવા. વકીલાત જેવા નથી. એના ન્યાયના છે. એના આત્માના ઘરના એ છે.

કહે છે કે જે જ્ઞાન એક સમયમાં... જુઓ, આ જ્ઞેય. જ્ઞાન અને જ્ઞેય. એની તથા પ્રકારની પ્રતીતિ. ઓલું જ્ઞાન, તથા પ્રકારનું જ્ઞાન. ત્યારે જ્ઞેય એક સમયમાં જેટલું જ્ઞેય છે એ કેવળજ્ઞાન એક સમયમાં પરિપૂર્ણ છે તો નિમિત્ત પણ એક સમયમાં સામે પરિપૂર્ણ છે. ભૂત-ભવિષ્ય થશે એવી અહીં વાત નથી. ભૂત, ભવિષ્ય વર્તમાનમાં અંદર પડ્યું છે અંદર. ત્યારે એક સમયે નિમિત્ત પૂરું થાય છે. આહા..હા..! સમજાય છે કે નહિ? ભાઈ! પાલનપુરના છે ભાઈ. અહીં તો આત્મા છે એ બધાને બેસે એવી વાત છે. અહીં આત્માની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે '**જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વ...**' જ્ઞેય એટલે વર્તમાન એક સમયની પરિપૂર્ણ વસ્તુ સામે અને જ્ઞાન એક સમયમાં પરિપૂર્ણ જાણનારું એક સમયમાં ઉપાદાન પરિપૂર્ણ છે, તો નિમિત્ત પણ સામે પરિપૂર્ણ એક સમયમાં છે. ભૂત અને ભવિષ્ય થશે ત્યારે આ

નિમિત્ત થશે એમ છે નહિ. નહિ તો એ પરિપૂર્ણમાં પરિપૂર્ણ નિમિત્ત સિદ્ધ નથી થતું. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- નિમિત્ત સિદ્ધ નથી થતું.

ઉત્તર :- નથી સિદ્ધ થતું. આહા..હા..!

કહે છે કે જેટલું જ્ઞેય છે એમાં એક સમયમાં બધી પરિપૂર્ણ યોગ્યતા નિમિત્તપણાની પડી છે. સામે ઉપાદાન, તો પોતામાં ઉપાદાન છેને અહીંયાં. તો એક સમયમાં જ્ઞેયમાં પરિપૂર્ણ એક નિમિત્ત હોવું સામે અને પોતામાં ઉપાદાન થવું એવું એક સમયે પરિપૂર્ણ પડી છે જ્ઞેયમાં શક્તિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવું જ્ઞેયતત્ત્વ જણાવાલાયક ચીજ અને જાણનારું જ્ઞાન. જાણનારું જ્ઞાન એક સમયમાં પરિપૂર્ણ જાણે છે. અરે..! શ્રુતજ્ઞાનમાં પણ પરિપૂર્ણ જાણે છે હોં! સમજાણું? પરિપૂર્ણ તો શબ્દ પછી આવ્યો છે ચારિત્ર માટે, ..નહિ? એમાં. શ્રામણ્ય પરિપૂર્ણ. ત્રણ થઈને પરિપૂર્ણ થયું એમ, ત્રણ થઈને. આહા..હા..!

અહીં તો કહે છે કે જ્ઞાનસ્વભાવ ભગવાન અને જ્ઞેય સ્વભાવ પોતા સિવાય પર. ભલે એમાં જ્ઞાનસ્વભાવ બીજા જીવનો છે તો એને માટે, પણ આ (જીવ) માટે તો જ્ઞેય છે. સમજાણું કાંઈ? એ જ્ઞેયનો જેવો સ્વભાવ વર્તમાનમાં ભૂત, ભવિષ્યની યોગ્યતાવાળો એમાં છે. એવો આત્મા એક સમયમાં પરિપૂર્ણ જાણે છે તો ચાહે તો ભાવશ્રુત હો. સમજાણું કાંઈ? એમાં સમસ્ત જ્ઞેય જાણવાની શક્તિ અને જ્ઞેયમાં પરિપૂર્ણ એક સમયમાં જણાવાની શક્તિ. જ્ઞેયમાં એક સમયમાં પ્રમેય, જ્ઞાનમાં પ્રમેય થવાની એક સમયમાં શક્તિ. ભાઈ! સમજાણું કાંઈ? થોડી ઝીણી વાત આવી ગઈ છે. આ તો જ્ઞેયતત્ત્વ અને જ્ઞાનતત્ત્વની વાત છેને? આહા..હા..!

એ જ્ઞાનસ્વરૂપ ભગવાન એ કોને ન જાણે. જાણનારો કોને ન જાણે? અને જાણનારો એક સમયમાં કોને ન જાણે? અને જ્ઞેય એક સમયમાં પરિપૂર્ણ કેમ ન જણાવે? આહા..હા..! વર્તમાનની પર્યાય જ્ઞેય થાય અને ભૂત-ભવિષ્યની પર્યાય જ્ઞેય ન થાય એવો જ્ઞેયનો સ્વભાવ નથી એમ કહે છે. આહા..હા..! અને જ્ઞાનનો સ્વભાવ એવો નથી કે વર્તમાન પર્યાય, પરની પર્યાયને એટલું જાણે અને ભૂત-ભવિષ્યની પોતાની અને પરની ન જાણે એવો જ્ઞાનનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો લોજિકથી વાત ચાલે છે, ભાઈ! કાંઈ મળે એવું નથી. મુશ્કેલ છે બધું. આહા..હા..! બહારની માથાકૂટ કરીને મરી ગયો માળો. વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિની ખબર ન મળે, જ્ઞાનની ખબર ન મળે.

કહે છે ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્ય. પાઠમાં તો એટલું છેને? '**दंसणणाणाचरित्तेसु**' એની વ્યાખ્યા કરી ટીકામાં. પાઠમાં તો આમ મૂળ તો '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' એની વ્યાખ્યા. અમૃતચંદ્રાચાર્યે વ્યાખ્યા કરી. જ્ઞાનપ્રધાન કથન છેને એમાં? જ્ઞાનપ્રધાન કથન છે. દર્શનપ્રધાનમાં તો '**भूदत्थमस्सिदो खलु**' એકલો ભૂતાર્થ પરિપૂર્ણ અંતર આશ્રય કરીને નિર્વિકલ્પ

અનુભવ થાય, એમાં પ્રતીત થાય તે સમ્યગ્દર્શન. પણ અહીં જ્ઞાનપ્રધાન કથન છે પ્રવચનસારમાં જ્ઞાનપ્રધાન, સમયસારમાં દૃષ્ટિપ્રધાન. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે '**જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની...**' જ્ઞેયભાવ, જ્ઞેયસ્વભાવ અને જ્ઞાતૃસ્વભાવની તથાપ્રકાર અનુભૂતિ, તથાપ્રકારે જ્ઞાનમાં અનુભવ થવો જેનું લક્ષણ છે તે જ્ઞાનપર્યાય છે. લ્યો! આ જ્ઞાનની પર્યાયનું આ વસ્તુસ્વરૂપ. ઓહો..હો..! આખું શાસ્ત્ર તો જ્ઞેયમાં આવી ગયું. ત્રણ કાળનું શાસ્ત્ર જ્ઞેયમાં આવી ગયું. ત્રણ કાળના સર્વજ્ઞ જ્ઞેયમાં આવી ગયા. આહા..હા..! છેને એમ? કાંતિભાઈ! ન્યાયમાં આવે છે કે નહિ? આહા..હા..!

જ્ઞાન અરિસો ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય પૂર્ણ જ્ઞેયને (જાણવું), નિમિત્ત જ્ઞેય અને એની તાકાત બધું એક સમયમાં છે. બધી જ્ઞાનતત્ત્વની, જ્ઞેયતત્ત્વની પ્રતીતિ છે. અને એને જાણનારો ભગવાન જ્ઞાનતત્ત્વ એ તો એક સમયની પર્યાયમાં જ્ઞેય થયું. તો એવી એવી અનંતી પર્યાય અને અનંતાગુણનું એકરૂપ એવું જ્ઞાતૃતત્ત્વ. જ્ઞાનપ્રધાનથી કથન છેને? તો જ્ઞાયકતત્ત્વ કહ્યું. એની '**તથાપ્રકારે પ્રતીતિ...**' જેવું છે એવું અંતરજ્ઞાન થવું-અનુભવ '**જેનું લક્ષણ છે તે જ્ઞાનપર્યાય છે;...**' સમજાણું કાંઈ? હવે ચારિત્રની વ્યાખ્યા. હવે લોકો ચારિત્ર કહે છેને ચારિત્ર? વ્રત પાળવા, આ કરવું, અપવાસ કરવા. એ ચારિત્ર નહિ. ચારિત્રની વ્યાખ્યા સ્વભાવ બીજો છે.

શું કહે છે જુઓ, '**જ્ઞેય અને જ્ઞાતાની જે ક્રિયાંતરથી નિવૃત્તિ તેના વડે...**' છે? સમજાણું કાંઈ? '**જ્ઞેય અને જ્ઞાતાની...**' જાણનારો ભગવાન જ્ઞાતા અને જ્ઞેય-જણાય એ. રાગાદિ, વિકલ્પાદિ બધું જ્ઞેય. સમજાણું કાંઈ? અને જ્ઞાતા આત્મા જાણનારો. જાણનારો ભગવાન. એ '**જ્ઞેય અને જ્ઞાતાની જે ક્રિયાંતરથી...**' નીચે ખુલાસો છે. '**ક્રિયાન્તર...**' ક્રિયાંતર છેને? ક્રિયા અંતર-અનેરી ક્રિયા. '**અન્ય ક્રિયા.**' એમ થયુંને? ક્રિયાંતર એટલે અન્ય ક્રિયા. અન્ય ક્રિયા એટલે શું? '**જ્ઞેય અને જ્ઞાતા અન્ય ક્રિયાથી નિવર્તે...**' અન્ય ક્રિયાનો અર્થ જેટલો અંદરમાં શુભભાવ વિકલ્પ, દયા, દાન, વ્રતનો ઉઠે છે એનાથી પણ નિવૃત્ત હોય. સમજાણું કાંઈ? '**જ્ઞેય અને જ્ઞાતાની જે ક્રિયાંતરથી નિવૃત્તિ...**' વિભાવરૂપ વિકલ્પ. ચાહે તો મહાવ્રતનો વિકલ્પ હોય, અહિંસા, સત્ય, દત્તનો ભાવ હોય એ બધી રાગની ક્રિયા, એ આત્માના સ્વભાવથી અનેરી ક્રિયા. એ અનેરી ક્રિયાથી નિવૃત્તિ. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ, આ ચારિત્ર. કપડા છોડીને નગ્ન થઈ ગયો એ ચારિત્ર. કહે એ ચારિત્ર નથી. અને અંદરમાં અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય કે વ્રતનો વિકલ્પ ઉઠ્યો એ ચારિત્ર નથી.

'**જ્ઞેય અને જ્ઞાતાની જે ક્રિયાંતરથી નિવૃત્તિ...**' ક્રિયાંતર એટલે? અનેરી ક્રિયા. અનેરી ક્રિયા એટલે? પોતાના શુદ્ધ સ્વભાવની નિર્મળાનંદ દશા એનાથી અનેરી ક્રિયા વિભાવ. પુણ્યની ક્રિયા, દયા, દાનની, વ્રતની હોય કે અશુભ. એ ક્રિયાંતરથી નિવૃત્તિ વડે '**રચાતી...**' '**નિવૃત્તિ તેને વડે રચાતી...**' આહા..હા..! સમજાણું કાંઈ? '**દૃષ્ટ્જ્ઞાતૃતત્ત્વમાં પરિણતિ...**' એ

સમ્યગ્દર્શન અને જ્ઞાન એવા તત્ત્વમાં વીતરાગી પરિણતિ જેનું લક્ષણ છે એ ચારિત્રપર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાયડી, છોકરા છોડીને સાધુ થયા, નગ્ન થયા તો આ ચારિત્રવંત છે. ચારિત્રવંત છે. ક્યાંથી આવ્યું ચારિત્ર? ભગવાન આત્મા સમ્યગ્દર્શન અને જ્ઞાતૃતત્ત્વ ભગવાન એમાં નિર્મળ વીતરાગી પરિણતિ, વિભાવ પરિણતિથી નિવૃત્તિરૂપ રચના એવી અંદરમાં નિવૃત્ત રચના વીતરાગદશા, એનું નામ ભગવાન ચારિત્રની પર્યાય કહે છે. જુઓ, ત્રણે પર્યાય છે. સમ્યગ્દર્શન ગુણ નથી, સમ્યગ્જ્ઞાન ગુણ નથી, સમ્યક્ચારિત્ર ગુણ નથી. ગુણ તો ત્રિકાળી છે. કોને ખબર ગુણ અને પર્યાય? આ માથાકૂટ. આહા..હા..!

અહીં તો કહે છે કે ભાઈ! '**જ્ઞેય અને જ્ઞાતાની જે ક્રિયાંતરથી...**' અનેરી ક્રિયાથી '**નિવૃત્તિ તેના વડે...**' એ શુભ મહાવ્રતનો વિકલ્પ છે એનાથી પણ નિવૃત્તિ દ્વારા '**રચાતી...**' રચાયેલી પરિણતિ. કેવી? કે '**દૃષ્ટજ્ઞાતૃતત્ત્વમાં પરિણતિ...**' એમ. અંદર ભગવાન આત્મા દૃષ્ટા અથવા સમ્યગ્દર્શન અને જ્ઞાતૃતત્ત્વ આત્માં. એમાં લીનતા, વીતરાગતા, સમાધિ, શાંતિ, નિર્વિકલ્પ આનંદની પરિણતિ, અવસ્થા એ ચારિત્રની પર્યાય છે. '**તે ચારિત્રપર્યાય છે.**' લ્યો! હવે એ ત્રણ પર્યાયની એકતા પછી બતાવશે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૧, શુક્રવાર, તા. ૨૫.૦૭.૧૯૬૯**
**ગાથા-૨૪૨-૨૪૩, શ્લોક-૧૬, પ્રવચન-૨૧૮**

૨૪૨ ગાથા. પ્રવચનસાર. શું કહે છે? કે આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન અને સમ્યગ્દર્શન ચારિત્ર સમ્યગ્દર્શન, સંયતત્વ—ત્રણેનું, આત્મજ્ઞાન નામ ત્રણેની એકતા. એ જ અપર નામ એનું બીજું નામ મોક્ષમાર્ગ છે. શ્રામણ્યપણું કહો કે મોક્ષમાર્ગ કહો કે ત્રણેની એકતારૂપ અનુભવ કહો—એ મોક્ષનો માર્ગ છે. ત્રણેના અર્થ આવી ગયા છે. '**જ્ઞેયતત્ત્વની અને જ્ઞાતૃતત્ત્વની તથાપ્રકારે (જેમ છે તેમ, યથાર્થ) પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શનપર્યાય છે;...**' કાલે બધું ચાલી ગયું છે. અને '**જ્ઞેયતત્ત્વની અને જ્ઞાતૃતત્ત્વની તથાપ્રકારે અનુભૂતિ...**' અંતરમાં અનુભવ-જ્ઞાનનું વેદન થવું. જ્ઞેય જેવું છે એવું અને જ્ઞાયક આત્મા બધાને જાણનારો-એવા જ્ઞેય અને જ્ઞાતૃતત્ત્વની અનુભૂતિ જેનું લક્ષણ છે '**તે જ્ઞાનપર્યાય છે;...**' એનું નામ જ્ઞાનપર્યાય છે. સમજાણું કાંઈ? એ શાસ્ત્ર ભણ્યા, વાંચ્યા તો એ જ્ઞાનપર્યાય છે એમ નથી.

અને '**જ્ઞેય અને જ્ઞાતાની...**' જણાનારી ચીજ અને જ્ઞાતા ભગવાન આત્મા એની

**'ક્રિયાંતરથી નિવૃત્તિ તેના વડે...'** જુઓ, વિકલ્પ છે વિકલ્પ રાગ. ચાહે તો દયા, દાન, વ્રતનો રાગ હોય, મહાવ્રતનો રાગ હોય. સમજાણું? અને હું અબદ્ધસ્પૃષ્ટ છું એવો પણ એક વિકલ્પ રાગ. એનાથી પણ નિવૃત્તિ. સમજાણું કાંઈ? શુભ-અશુભ વિકલ્પથી ક્રિયાંતર એટલે પોતાની સ્વભાવિક આનંદની સ્થિરતાથી ક્રિયાંતર, અનેરી ક્રિયા વિભાવભાવની. એનાથી **'નિવૃત્તિ તેના વડે રચાતી દૃષ્ટજ્ઞાતૃતત્ત્વમાં પરિણતિ જેનું લક્ષણ છે...'** જુઓ, જ્ઞાન અને દર્શનની સ્થિરતાની પરિણતિ જેનું લક્ષણ છે તે ચારિત્રપર્યાય છે. કહો, સમજાણું કાંઈ? કોઈ દેહની ક્રિયા ચારિત્ર નથી, નગ્નપણું ચારિત્ર નથી, અંદરમાં અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ ઉઠે છે, એ પછી લેશે શુભભાવ, પણ એ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? ચારિત્ર તો ભગવાન આત્મા દર્શન અને જ્ઞાન એવો સ્વભાવ એમાં પરિણતિ નિર્મળ, વીતરાગી સમાધિ શાંત નિર્વિકલ્પ એવી આત્માની દશા તે પરિણતિને ચારિત્ર કહે છે. બસ ત્યાં સુધી કાલે આવ્યું. નહિ?

**'આ પર્યાયોને અને આત્માને...'** હવે એ સમ્યગ્દર્શન પર્યાય, સમ્યગ્જ્ઞાન પર્યાય અને વીતરાગી પરિણતિ અવિકારી ચારિત્રની પર્યાય. ત્રણે પર્યાયો, ત્રણે અવસ્થાઓ અને આત્મા એ **'ભાવ્યભાવકપણા વડે ઊપજેલા અતિ ગાઢ ઈતરેતર મિલનના...'** ભાવવ્યભાવકપણાને વડે. નીચે અર્થ છે. **'ભાવક એટલે થનાર, અને ભાવક જે-રૂપે થાય તે ભાવ્ય. આત્મા ભાવક છે અને સમ્યગ્દર્શનાદિ પર્યાય ભાવ્ય છે.'** સમજાણું કાંઈ? ભાવક-ભાવ કરનાર. ભાવક-થનારો, ભાવક જેરૂપે થાય તે ભાવ્ય. એ આત્મા સમ્યગ્દર્શન પર્યાય, સમ્યગ્જ્ઞાન અને વીતરાગી પર્યાયરૂપ ભાવક આત્મા થાય છે. અરે..! ભાવ્યક ને ભાવ ને આ. અને ભાવક વડે શુદ્ધ નિર્મળ સમ્યગ્દર્શન પર્યાય, સમ્યગ્જ્ઞાન પર્યાય, ચારિત્ર પર્યાય, એ ભાવકથી થનારી પર્યાયને ભાવ્ય કહે છે. સમજાણું કાંઈ?

ભાવક-ભાવ્ય. **'ભાવક અને ભાવ્યને પરસ્પર અતિ ગાઢ મિલન (-એકમેકતા) હોય છે. ભાવક આત્મા અંગી છે અને ભાવ્યરૂપ સમ્યગ્દર્શનાદિપર્યાયો તેના અંગો છે.'** સમજાણું કાંઈ? અહીંયાં શુભભાવની વાત તો લીધી જ નથી. પછી ભૂમિકા પ્રમાણે આવે છે શુભ. સાસ્રવી સાધુની વાત કરશે. અને નિરાસ્રવી વિશુદ્ધોપયોગી છે એની વાત અહીંયાં તો છે. સમજાણું કાંઈ? કહે છે કે **'ભાવ્યભાવકપણા વડે...'** ભાવ્ય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય, વીતરાગ નિર્દોષ દશા એ ભાવ્ય અને ભાવક એનાથી થનારો આત્મા એના વડે **'ઊપજેલા અતિ ગાઢ ઈતરેતર મિલનના...'** અંગ અને અંગી. અંગ-દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાય અંગ, આત્મા અંગી. ભાવક અંગી અને ભાવ્ય પર્યાય(રૂપી) અંગ. આહા..હા..! સમજાણું કાંઈ? અંગ તો આ શરીરને કહે છેને. એની અહીં વાત નથી. અહીં તો એક સમ્યક્ શુદ્ધ ચૈતન્યની વીતરાગી આનંદની પરિણતિ ચારિત્ર, સમ્યગ્દર્શન અને જ્ઞાન એ પર્યાયને અંગ, અવયવ, અંશ કહે છે. ત્રણ અંશ. આત્મા અંશી એટલે અંગી. આત્મા એ ત્રણ ભાવરૂપે થાય છે તો આત્મા ભાવક, પર્યાય ભાવ્ય, આત્મા અંગી, પર્યાય અંગ.

મુમુક્ષુ :- એકડે એકથી.

ઉત્તર :- એકડે એક. એય..! અમરચંદભાઈ! પરની સાથે તો સંબંધ નથી. દેહ, શરીર, વાણી આ તો જડ-માટી છે. અંદર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે એ રાગ છે. એ કોઈ દર્શન નથી, જ્ઞાન નથી અને ચારિત્ર પણ નથી. આહા..હા..!

શુદ્ધ પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ એ ભાવક વસ્તુ, ભાવ કરનારો. જુઓ, એ ભાવ કર્યો. એ ભાવકે ભાવ કર્યો છે. એ રાગની મંદતા હતી તો ભાવ્યરૂપ દશા થઈ એમ નથી. વ્યવહાર હતો તો નિશ્ચય થયો એમ નથી એમ કહે છે. ભાવક છે તો ભાવ્ય થયું એમ કહે છે. ભગવાનભાઈ! બહુ ઝીણું ભારે! આહા..હા..! એ અરૂપી છેને આત્મા? એને ક્યાં રૂપ છે અંદરમાં? તો એ અરૂપી જ્ઞાનાનંદ સ્વભાવ ચિદાનંદ પ્રભુ પોતાની વર્તમાન નિર્મળ-નિર્દોષ વીતરાગી પર્યાયપણે પરિણમે એ અંગ, પર્યાય અંગ છે, વસ્તુ અંગી છે. એ ભાવક છે આત્મા તો એ ભાવ્ય છે. ભાવક એરૂપે થયો છે. નહિ કે એ રાગની મંદતા ભાવ્યરૂપ થઈ છે. સમજાણું કાંઈ? જુઓ, એટલું સિદ્ધ કરે છે. તો વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો વિકલ્પ છેને રાગ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ, શાસ્ત્ર ભણવાનો રાગ એ ભાવક અને નિર્મળ વીતરાગી પર્યાય ભાવ્ય એમ છે નહિ. સમજાણું કાંઈ? ભાવક રાગ મંદતા છે તો ભાવ્ય છે એમ નથી. અહીં તો ભાવક, ભગવાન પૂર્ણાનંદ પ્રભુ પૂર્ણ સ્વભાવનો ભંડાર એવો ભાવક, એ જ પોતાની સમ્યગ્દર્શન-જ્ઞાન વીતરાગી મોક્ષમાર્ગની પર્યાયપણે થાય છે તો એને ભાવ્ય કહે છે. સમજાણું કાંઈ?

'**યુગપદ્ અંગ-અંગીભાવે પરિણત...**' જુઓ, બળને કારણે '**ઈતરેતર મિલનના બળને લીધે એ ત્રણે પર્યાયોરૂપે...**' સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમયક્ચારિત્રરૂપ પર્યાય '**યુગપદ્...**' એક સાથે '**અંગ-અંગીભાવે...**' અંગ નામ ત્રણે પર્યાય અંગ છે, ભગવાન આત્મા દ્રવ્ય વસ્તુ એ અંગી. અંગ-અંગીભાવ નામ પર્યાય. '**અંગ-અંગીભાવે પરિણત...**' એવી પર્યાયરૂપ પરિણત '**આત્માને, આત્મનિષ્ઠતપણું હોતાં,...**' આત્મામાં સ્થિરતા હોતાં. (અર્થાત્) નિષ્ઠતા અંદરમાં. આહા..હા..! સમજાણું કાંઈ? તો એ ચારિત્રની શું વ્યાખ્યા છે, કોને કહેવું એ સમજે નહિ અને ચારિત્ર થઈ જાય. કહે છે કે '**આત્માને, આત્મનિષ્ઠપણું...**' આત્મામાં નિષ્ઠપણું, બ્રહ્મનિષ્ઠતા. આનંદસ્વરૂપ ભગવાન આત્મા એમાં નિષ્ઠ રહેવું. દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાથી અંદર રહેવું. '**જે સંયતપણું હોય છે,...**' એને સંયતપણું કહે છે. એને સાધુપદ કહે છે. સમજાણું કાંઈ? હજી તો નવતત્ત્વમાં સંવર-નિર્જરાએ પરિણમેલ સાધુ કેવા છે એની વાત કરે છે. સમજાણું કાંઈ?

સંયતત્ત્વ. '**તે સંયતપણું,...**' એ સંયતપણું. આત્મા પૂર્ણાનંદ પ્રભુ અનંતગુણનું સ્વભાવ ધામ એની અંતર્મુખ નિર્વિકલ્પ પર્યાય સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન અને વીતરાગી ચારિત્ર અરાગી નિર્દોષદશા એ ચારિત્ર પર્યાય. એ ત્રણે પરિણમીને મળીને આત્મપરિણમન

કર્યું એ જ સંયતપણું છે અને '**તે સંયતપણું...**' તે સંયતપણું '**એકાગ્રતાલક્ષણવાળું શ્રામણ્ય જેનું બીજું નામ છે.**' એ શ્રામણ્ય છે. અને '**જેનું બીજું નામ છે એવો મોક્ષમાર્ગ જ છે...**' એ શ્રામણ્ય એ જ મોક્ષમાર્ગ છે. કહો, સમજાણું કાંઈ? ચરણાનુયોગ છે છતાં આમાં વ્યવહાર મોક્ષમાર્ગની તો વાત જ કરી નથી કાંઈ. એ તો મોક્ષમાર્ગ નથી. એ તો શુભભાવને આસ્રવી સાધુ કહીને. શુભભાવવાળો જીવ છે છઠ્ઠે ગુણસ્થાને તો એ સ્વાસ્રવી જીવ છે. નિરાસ્રવી સાતમા ગુણસ્થાનમાં છે એ નિરાસ્રવી છે. આહા..હા..!

'**શ્રામણ્ય જેનું બીજું નામ છે. એવો મોક્ષમાર્ગ જ છે—એમ જાણવું,...**' લ્યો! આચાર્ય મહારાજ કહે છે કે ભગવાન આત્મા પોતાના આનંદસ્વરૂપમાં શ્રદ્ધા, જ્ઞાનથી રમણતા-નિષ્ઠ થઈ જાય એને સંયત કહે છે અને એ સંયત સાધુપદ છે, એ સાધુપદ મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? '**એમ જાણવું, કારણ કે ત્યાં (સંયતપણામાં) પીણાની માફક...**' પેય-પેય-પીવાની વસ્તુ. આ ઉનાળામાં કરે છેને ઠંડાઈ. દૂધિયા-દૂધિયા. કરે છે એને શું કહે છે? ઠંડી કરેને બદામ ને પિસ્તા ને વરિયાળી. વરાળી શું વરિયાળી. વરિયાળી નાખે છેને વરિયાળી? સોંફ-સોંફ. દૂધ ને સાકર ને, સોંફ ને મરી, બદામ. લ્યો! મરી પણ નાખે છે એમાં? હા, હા એ બધું નાખે છે. આ ઠંડીમાં એ તો ગરમ પડે. પણ ઓલા બહુ ઠંડુ હોયને એટલે થોડું નાખે એમ.

નહિતર તો એવું સાંભળ્યું હતું. એક નાગરભાઈ હતાને સમઢિયાળા. એને ત્યાં તો મોટા-મોટા અમલદાર બહુ આવે. સમઢિયાળા બોટાદ પાસે નહિ? તો અમલદારો ઘણા આવે. આખું ગામમાં એનું ગરાસ ઘણું. ત્યાં બોટાદ પાસે. એટલે એ એવું બનાવે ઠંડીમાં. લીલાગર બનાવે. લીલાગર સમજો છો? ભાંગ. એ ભાંગ છે. ભાંગ... એ ઘરના કૂવા, ઘરનો ગરાસ મોટા ગરાસ છે. અહીં આવ્યો હમણા એનો છોકરો આવ્યો હતો લખુભાઈ. તો એ અંદરમાં કોષ-કોષ હોય છેને પાણી કાઢવાનું. કોષને શું કહે છે? પાણી કાઢવા માટેનું? અંદર કૂવામાંથી. પાણી કાઢવાનું. એમાં લીલાગર નાખે, એમાં બદામ, પિસ્તા નાખે. પછી એ કૂવામાં રાખે પાણીમાં એક રાત, દિવસ સુધી એવી ઠંડું થઈ જાય છે. પછી બહાર કાઢીને એનો રસ કાઢીને એમાં દૂધ અને બદામ નાખે. ઓલા અમલદાર અધિકાર આવ્યા હોયને. ખુશી કરવા હોયને સૌને? ગરાસદાર માણસ. ઘરે ગરાસ ઘણો ગામમાં સમઢિયાળા. સમઢિયાળાના દરબાર કહેવાય એ. છે તો આપણા વાણિયા હરજીવનભાઈ નાગર. પછી કહે, આવું અમે કરીએ. એય..! અમલદાર આમ ખુશી-ખુશી થાય. ચૈત્ર મહિનો બાર વાગ્યા હોય, બે વાગ્યા હોય અને .. પીવે. આહા..હા..! ઓહો..! શેઠ! બહુ તમારી મહેરબાની. મહેરબાની શું કહેવાય? મેજબાની. બહુ મિજબાની કરે તમે ઓહો..હો..! જુઓ, .. માણસ. એ ઠંડો એવો સ્વાદ એનો હોય. એકલો સ્વાદ લાગે. પીણું છેને એ પીણું? એ પીણાની વાત છેને.

'**પીણાની માફક અનેકાત્મક એકનો અનુભવ હોવા છતાં,...**' નીચે છે. '**પીવાની**

**વસ્તુ.'** '**દૂધિયાનો સ્વાદ અનેકાત્મક એક હોય છે;...'** એમાં વસ્તુ તો ઘણી છે, પણ સ્વાદ તો એકરૂપ ઠંડાઈની આવે છેને. '**અને ભેદથી એમાં દૂધ, સાકર, બદામ...'** આ આપણે શું કહેવાય? મરી-મરી. ધોળા અને કાળા મરી હોય છેને? અહીં કાળી મીર્ચ ઠંડી હશે, કંઈક ફેર હશે થોડો તથા '**બદામ વગેરે અનેક વસ્તુનો સ્વાદ આવે છે.'** એને દૂધિયું કહે છે, લીલાગર કહે છે. સમજાણું? વસ્તુ એકરૂપ સ્વાદ છે બધા અભેદથી અને એમાં ભેદ પણ આખો પડ્યો છે.

એમ '**પીણાની માફક અનેકાત્મક એકનો અનુભવ હોવા છતાં,...'** એ અનેકાત્મકમાં રાગ અને પરદ્રવ્ય નથી. છે તો પોતાનો આત્મા (અભેદ, પણ) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય એ ત્રણની અપેક્ષાએ અનેક કહ્યું. બાકી છે તો નિર્મળ વીતરાગી અવસ્થા, પણ ત્રણ પર્યાયની અપેક્ષાએ અનેક કહ્યું. અનુભવ એકરૂપ દ્રવ્યનો આવે છે તો એક અભેદ કહ્યું. જુઓ, ત્યાં '**અનેકાત્મક એકનો અનુભવ હોવા છતાં,...'** નીચે નોટ '**જે અનેકાત્મકપણું છે તે પરદ્રવ્યમાં નથી.'** પરદ્રવ્યમાં નથી શું? રાગ પણ નથી, વિભાવ પણ નથી. '**ત્યાં પરદ્રવ્યોથી તો નિવૃત્તિ જ છે; માત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વ-અંશોને લીધે જ...'** ત્રણ અંશના પ્રકારે '**અનેકાત્મકપણું છે,...'** અનેકસ્વરૂપ ત્રણ અંશને લીધે કહેવામાં આવે છે. '**માટે ત્યાં, અનેકાત્મકપણું હોવા છતાં, એકાગ્રપણું (એક-અગ્રપણું) પ્રગટ છે.'** ત્રણ પર્યાય છે માટે અનેકાગ્રતા છે એમ નથી. તો પર્યાયના ત્રણ અંશ છે પણ સ્વભાવમાં એકાગ્રતા છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેનું એક અગ્ર-એક આત્મા વિષય કરીને એકાગ્રતા છે. આહા..હા..! લ્યો! આ જેઠાભાઈ આ ચારિત્ર. આ મોક્ષમાર્ગ.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર

ઉત્તર :- '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' એ. એ કહે છે ક્યાં ભાન છે? ખોટે ખોટી વાતું કરે બધા. આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ અમારે સમ્યગ્દર્શન, નવ તત્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન. નવ તત્ત્વનો ભેદરૂપ અનુભવ તો મિથ્યાદૃષ્ટિ કહી છે. ભેદરૂપ જીવ ને અજીવ ... પણ ભેદરૂપ શ્રદ્ધા તો મિથ્યાદૃષ્ટિ છે. એકરૂપ આત્મા જ્ઞાયકમાં એની પ્રતીત, જ્ઞાન, રમણતા એ મોક્ષનો માર્ગ છે. ભારે આકરું. એ શ્વેતાંબરમાં તો દ્રવ્ય સમકિત આપો પહેલા એમ હોય. પછી સાધુપદ લઈ લ્યો કહે જાવ. સમકિતભાવ લેવો.

મુમુક્ષુ :- સાધુપણુ હોય ને સમકિત આપ્યું...

ઉત્તર :- આપે. દ્રવ્ય સમકિત આપે. અમારી શ્રદ્ધા છેને એ દ્રવ્ય સમકિત. ... સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર એ તો વિકલ્પ છે, રાગ છે. પરદ્રવ્યની શ્રદ્ધા રાગ. હવે એના સાચા પણ ક્યાં છે? આકરું કામ ભારે આકરું કામ ભાઈ! વીતરાગનો માર્ગ બીજા સાથે સમન્વય કરવો, એ સમન્વય થાય એવું નથી. દુનિયાને સારું બહુ લાગે એમાં હોં. કે જુઓ અમારા જેવું એમાં પણ કહ્યું છે અને એમાં કહ્યું છે એ અમારામાં કહ્યું છે. બેય ખોટું. આહા..હા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર અનાદિ-સનાતન, જુઓ, આ દિગંબર ધર્મમાં કહ્યું એ સિવાય બીજામાં કોઈ સાચી વાત નથી. કેમકે એક અંશને તો સર્વાંશ માને છે. અનેકાંત ક્યાં રહ્યું ત્યાં? સમજાણું કાંઈ? અસર્વાંગીભાવને સર્વાંગી માને છે, એક અંશને પૂર્ણ માને છે. એમ (ઉંધું)... વસ્તુની ખબર નથી. સમજાણું કાંઈ? આ તો પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વરે એક સમયમાં પૂર્ણ પરમાત્મસ્વરૂપ એક-એકનું, પ્રત્યેકનું ભિન્ન જોયું. એવો ભગવાન આત્મા પોતાને એવો જ આત્મા (જાણીને) અનંત ચૈતન્યગુણધામમાં બેસીને સ્થિરતા કરે તો શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર ત્રણે એમાં આવી જાય છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પથી ખસીને ભગવાન ધ્રુવ ચૈતન્ય એમાં પર્યાય બેસી જાય. પર્યાય બેસી જાયને? ધ્રુવ તો છે જ. આહા..હા..! નિષ્ઠતા કહ્યુંને. ઠરી જાય. ધ્રુવ ભગવાન આત્મામાં ઠરે. સમ્યક્ નિર્વિકલ્પ વીતરાગદશા શ્રદ્ધા, જ્ઞાનચારિત્ર ઠરે એ મોક્ષમાર્ગ એનો. સમજાણું કાંઈ?

એ '**પીણાની માફક અનેકાત્મક એકનો અનુભવ હોવા છતાં,...**' અનેક સ્વરૂપ એકનો અનુભવ હોવા છતાં. પીવાની વસ્તુમાં અનેકપણું હોવા છતાં ઠંડાનો એકનો અનુભવ થાય છે, એમ ભગવાન આત્મામાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ પર્યાય હોવા છતાં પણ અભેદપણે આત્માનો જ અનુભવ થાય છે. '**સમસ્ત પરદ્રવ્યથી નિવૃત્તિ હોવાને લીધે...**' સમસ્ત વિકલ્પ આદિ પરદ્રવ્ય હોં એ. એનાથી નિવૃત્તિ હોવાને લીધે. ભલે અહીંયાં હજી શુભભાવ કહેશે, પણ એ ખરેખર પરદ્રવ્ય છે નિશ્ચયની અપેક્ષા. '**નિવૃત્તિ હોવાને લીધે એકાગ્રતા અભિવ્યક્ત (પ્રગટ) છે.**' ભગવાન આત્મા શક્તિરૂપે પૂર્ણાનંદ છે એ અંતર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતામાં પ્રગટ વ્યક્તરૂપ થાય છે એનું નામ મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'**એકાગ્રતા અભિવ્યક્ત (પ્રગટ) છે.**' એકાગ્રતા જ પ્રગટ છે એમ કહે છે. એમાં અણએકાગ્રતા નથી. વસ્તુ અંદર આનંદધામ ભગવાન આત્મા આનંદમૂર્તિ આત્મા છે. એમાં અંતર અનુભવમાં દૃષ્ટિ અને જ્ઞાન અને લીનતા એ જ મોક્ષમાર્ગ છે. એકાગ્રતા છે. એ એકાગ્રતા જ પ્રગટ છે. રાગમાં એકાગ્રતા આદિ ચીજ છે નહિ. ઝીણો વિષય ઘણો ભાઈ! પહેલા તો સમજણમાં લેવું કે આ ચીજ છે એ પણ મહાપુરુષાર્થ છે. સમજાણું કાંઈ? એ માર્ગ વસ્તુ.. પણ આત્મા તો જાણે કોઈ ચીજ જ નથી. પરનું આમ કરવું દયા ને વ્રત ને ભક્તિ, પૂજા અને આ.. આ.. કરવું. હવે એ તો રાગ છે, વિકલ્પ છે. એમાં આત્મા ક્યાં આવ્યો? સમજાણું કાંઈ?

'**તે (સંયતત્વરૂપ અથવા શ્રામણ્યરૂપ મોક્ષમાર્ગ) ભેદાત્મક હોવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે એમ પર્યાયપ્રધાન વ્યવહારનયથી તેનું પ્રજ્ઞાપન છે;...**' ઉમાસ્વામીએ જે કહ્યું એ પર્યાય પ્રધાન વ્યવહારનયથી, ભેદથી કહ્યું છે, ભાઈ! લ્યો! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે એ પર્યાયપ્રધાન વ્યવહારનયથી કહ્યું છે. વસ્તુ વ્યવહાર નથી, વસ્તુ

તો નિશ્ચય છે. નિશ્ચયમોક્ષમાર્ગ છે. પણ કેટલાક કહે છે કે લ્યો તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનં ભગવાને ઉમાસ્વામીએ કહ્યું એ વ્યવહાર સમ્યગ્દર્શન છે. પુસ્તક અહીં છપાણું નહિ? સાગરવાળાનું. આપણે અહીં છેને. પન્નાલાલ, એણે છપાવ્યું છે. કે આ સમ્યગ્દર્શન જે ઉમાસ્વામીએ કહ્યું છે તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. બધા એમ જ કહેતા હતા. પહેલા અહીં પુસ્તક... ચાંદમલજી હતા એ. બ્રહ્મચારી ઉદયપુરવાળા. દલીચંદજી! બધા કહેતા હતા. એ વ્યવહાર સમ્યગ્દર્શન છે, એ વ્યવહાર સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ :- જે આવે એને પૂછતાને.

ઉત્તર :- બધાને પૂછતા પહેલા. એ દુલીચંદજીને પણ પૂછ્યું હતું. પહેલા પૂછે કે આ સમ્યગ્દર્શન, ઉમાસ્વામીનું સમ્યગ્દર્શન જે છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શું છે? એ વ્યવહાર સમ્યગ્દર્શન છે. ઠીક! વ્યવહારસમ્યગ્દર્શન તો રાગ છે, એ તો બંધનું કારણ છે. આ મોક્ષમાર્ગમાં બંધના કારણની વાત છે? સમજાણું કાંઈ? ખબર નથી. પછી જે કોઈ બ્રહ્મચારી આવે એમ પૂછે તો કહે, હા એ તો વ્યવહાર સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ :- પણ એ ચોપડી છાપેલી છે.

ઉત્તર :- લખ્યું છે. અહીં છેને ચોપડી. વળી પછી ચાંદમલજીને કહ્યું કે ભાઈ આ નહિ. તો ભાષાની ભૂલ હશે. લ્યો! એણે એમ કહ્યું. ભાષાની ભૂલ થઈ ગઈ. પણ તમારી સમજણમાં એમ હતું. ભૂલ ક્યાં ભાષાની? ભાષા તો જડ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ઉમાસ્વામીએ તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું એ નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય જ્ઞાન, નિશ્ચય ચારિત્ર છે. પણ પર્યાય પ્રધાનથી કથન છે એટલે વ્યવહાર કહેવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઘણા આ કથન આ અને આ કથન આ. કેટલી (અપેક્ષા)! 'તે **(સંયતત્વરૂપ અથવા શ્રામણ્યરૂપ મોક્ષમાર્ગ)**...' ભેદસ્વરૂપ છે. ત્રણ પર્યાય થઈને? સમ્યગ્દર્શન...

મુમુક્ષુ :- શાસ્ત્રનું નામ જ મોક્ષશાસ્ત્ર છે.

ઉત્તર :- મોક્ષશાસ્ત્ર છે. બ્રહ્મ શાસ્ત્ર નથી. વ્યવહાર સમ્યગ્દર્શન... વ્યવહાર સમ્યગ્દર્શન... એ પન્નાલાલ છે, કોણ એ પન્નાલાલ? ઓલા આપણે આહાર કરવા ગયા હતા એ? હા. હા. અહીં છે આપણે પુસ્તક. તત્ત્વાર્થસૂત્ર. એમાં લખ્યું છે.

મુમુક્ષુ :- સુરતથી છપાણું છે.

ઉત્તર :- હા, એ. એ તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન. પણ બીજે ઠેકાણે આવે હોં બીજે ઠેકાણે તત્ત્વાર્થશ્રદ્ધાનં. પણ એ તો ભેદવાળી તત્ત્વ શ્રદ્ધા. જુદી-જુદી. તત્ત્વાર્થશ્રદ્ધાનને વ્યવહાર પણ કહ્યો છે, પણ અહીં જે તત્ત્વાર્થશ્રદ્ધાન છે એ વ્યવહાર નથી, એ તો નિશ્ચય છે. સમજાણું કાંઈ? નિશ્ચય નિર્વિકલ્પ સમ્યગ્દર્શનને જ તત્ત્વાર્થશ્રદ્ધાન જ્ઞાનપ્રધાનથી કથન કરવામાં (આવે). એક વાત. બીજી વાત. પર્યાયપ્રધાનથી એનું કથન છે. તો વ્યવહારનયથી એનું પ્રજ્ઞાપન છે. વસ્તુ તો નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વઆશ્રય નિશ્ચય જ છે. પણ પર્યાય પ્રધાન,

ભેદપ્રધાનથી કથન છે તો વ્યવહારથી કહેવામાં આવ્યું છે. કથનની અપેક્ષાએ. સમજાણું કાંઈ? આહા..હા..! ભેદ પડ્યોને ભેદ? કથન છે તો વ્યવહાર થયું. ત્રણ-ત્રણ અંશ ભેદ પડ્યો.. વસ્તુ તો નિશ્ચય છે અંદર. આત્મામાં અનુભવમાં, દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વીતરાગી પર્યાય છે. એની તો વાત કરે છે જુઓને.

'તે...' એમ કહ્યુંને? ઉપર જે કહ્યું 'તે **(સંયતત્વરૂપ અથવા શ્રામણ્યરૂપ મોક્ષમાર્ગ) ભેદાત્મક હોવાથી 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે'...'** આ ભેદાત્મક નામ વ્યવહાર નહિ. નહિતર વ્યવહારને ભેદાત્મક કહે છે. કેમકે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા, એ વ્યવહાર છે, એ ભેદાત્મક. એ ભેદ તો રાગરૂપ ભાવ છે એને ભેદાત્મક કહ્યો છે. અહીંયાં તો નિર્મળ પર્યાયના ત્રણ ભેદ પડે છે એ અપેક્ષાએ ભેદાત્મક કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? તેથી **''સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે' એમ પર્યાયપ્રધાન વ્યવહારનયથી તેનું પ્રજ્ઞાપન છે;...'** એનું કથન એમ છે એમ કહે છે. કથન એવું છે ભેદરૂપ. અને 'તે...' તે એટલે એ સંયતપણું કહ્યું એ જ. '**(મોક્ષમાર્ગ) અભેદાત્મક હોવાથી એકાગ્રતા મોક્ષમાર્ગ છે એમ દ્રવ્યપ્રધાન નિશ્ચયનયથી તેનું પ્રજ્ઞાપન છે;...**' અરે..! આવા ... કહે. એકકોર પર્યાયપ્રધાન છે એકાગ્રતા. છતાં પર્યાયપ્રધાન પ્રજ્ઞાપન વ્યવહાર. એકકોર કહે કે અભેદ કથનથી તેને જ નિશ્ચય કહે છે. સમજાણું કાંઈ?

'**અભેદાત્મક હોવાથી એકાગ્રતા મોક્ષમાર્ગ છે...**' એકાગ્રતા કહ્યુંને? એકાગ્રતા કહ્યું એ નિશ્ચય થયો. અને ત્રણ પર્યાયનો ભેદ પાડીને કથન કહ્યું એ વ્યવહાર. પર્યાય પ્રધાનનું વ્યવહાર કથન છે. છે તો એ જ માર્ગ નિશ્ચય જે પોતાનું સમ્યગ્દર્શન જ્ઞાન-વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર એ જ મોક્ષમાર્ગ, પણ ત્રણ પર્યાયની પ્રધાનતાથી કથનને વ્યવહાર કહે છે અને એકરૂપ એકાગ્રતાને નિશ્ચય કહે છે. '**એમ દ્રવ્યપ્રધાન નિશ્ચયનયથી તેનું પ્રજ્ઞાપન છે;...**' હવે આમાં દ્રવ્યપ્રધાન નિશ્ચયનયથી નિશ્ચય માર્ગ. પર્યાય પ્રધાન વ્યવહારથી વ્યવહાર કહ્યો. શું સમજે આમાં માણસ? બહુ જ સ્પષ્ટ કર્યું છે આચાર્યે. સમજાણું કાંઈ? વિકલ્પાત્મક વ્યવહાર છે એ વાત અહીં છે જ નહિ. વ્યવહાર મોક્ષમાર્ગ જે વ્યવહાર નવ તત્ત્વની શ્રદ્ધા, છ જીવનિકાયની શ્રદ્ધા અથવા છ દ્રવ્યની શ્રદ્ધા એ તો વિકલ્પાત્મક છે, એ વ્યવહાર તો રાગમય છે. એવી વાત અહીં છે નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મામાં ત્રણ પર્યાય વીતરાગી ત્રણ પ્રકારની પર્યાય પ્રધાનથી કથન છે તો વ્યવહાર કહેવામાં આવ્યો છે. તો દ્રવ્યપ્રધાન અખંડ અભેદ થયો એ અપેક્ષાએ નિશ્ચય કહેવામાં આવ્યો છે. શાસ્ત્રના અર્થ કરવામાં પણ ગોટા વાળે છે.

મુમુક્ષુ :- ન સમજે એટલે.

ઉત્તર :- હા, એટલે. પોતાની દૃષ્ટિથી, પોતાની દૃષ્ટિએ અર્થ કરે. એ વસ્તુ શું છે એની ખબર વિના ઉલટું થઈ જાય. સમજાણું કાંઈ? જુઓ, અહીંયાં વ્યવહારથી કહ્યું છે, વ્યવહાર

મોક્ષમાર્ગ પણ અહીં કહ્યો છે. અહીંયાં છે જ નહિ, એ વ્યવહારની વાત અહીં છે જ નહિ. પછી કહેશે પાછળથી. શુભભાવ છે એ કહેશે સમજાણું?

મુમુક્ષુ :- એ જુદું, આ જુદું.

ઉત્તર :- એ જુદું, આ જુદું. આ તો અંદર ભગવાન આત્મા અનંતગુણસ્વરૂપ એની પર્યાયમાં ત્રણ પ્રકારની દશા વીતરાગી થઈ એ ત્રણ પ્રકારની પર્યાયની પ્રધાનતાથી, મુખ્યતાથી કથન કરવું એ વ્યવહારનયનું કથન કહેવામાં આવ્યું છે. 'વક્તાના અભિપ્રાય અનુસાર' એ લેશે અંદર કળશમાં. એનો કળશ કહે છેને.

**'બધાય પદાર્થો ભેદાભેદાત્મક હોવાથી...'** જુઓ, દરેક પદાર્થ પર્યાય અપેક્ષાએ ભેદ છે, દ્રવ્ય અપેક્ષાએ અભેદ છે. સમજાણું કાંઈ? એક સમયની પર્યાય એ ભેદ થયો અને ત્રિકાળી દ્રવ્ય તે ભેદ થયો. દરેક વસ્તુ ભેદ-અભેદાત્મક છે. અહીંયાં મોક્ષમાર્ગ પણ ભેદ-અભેદાત્મક છે એમ કહે છે. જેમ ચીજ ભેદ-અભેદરૂપ છે, એવી મોક્ષમાર્ગની પર્યાય પણ ભેદભેદાત્મક છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તે બન્ને (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તેમ જ એકાગ્રતા)...'** ઓલા ત્રણ લીધા હતાને? અને ત્રણની સાથે પાછી આત્મજ્ઞાનની એકાગ્રતા. એ **'મોક્ષમાર્ગ છે. એમ પ્રમાણથી તેનું પ્રજ્ઞાપન છે.'** જુઓ, એ તો પ્રમાણથી પ્રજ્ઞાપન થયું. પર્યાયનું કથન વ્યવહાર, દ્રવ્યથી કથન નિશ્ચય. બે પ્રમાણનું કથન થયું. સમજાણું કાંઈ? અભ્યાસ ન હોયને એને જરી એવું લાગે કે આ...

આત્મા વસ્તુ તરીકે પૂર્ણાનંદ ધ્રુવ અક્રિય, નિષ્ક્રિય આનંદકંદ ધ્રુવ. એ ધ્રુવમાં બેસી જવું, શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર રમણતા એ ત્રણ પ્રકાર પર્યાયની કથન અપેક્ષાએ ભેદ છે, કથન છે, વ્યવહાર છે. દ્રવ્યમાં એકાકાર થયો તો દ્રવ્યની દૃષ્ટિથી, દ્રવ્ય પ્રધાન કથનથી નિશ્ચય થયું. તો નિશ્ચય અને વ્યવહાર બે પ્રમાણ જ્ઞાન થયું. સમજાણું કાંઈ? પણ એ પ્રમાણમાં એ વ્યવહાર મોક્ષમાર્ગ વિકલ્પનું જ્ઞાન કરવું, એ આવે છેને શાસ્ત્રમાં? જાણેલો પ્રયોજનવાન છે. એ બીજી ચીજ છે. બારમી ગાથામાં આવે છે. કારણ કે અગિયારમી ગાથામાં એમ કહ્યું **'भूदत्थमस्सिदो खलु'** ભગવાન પોતાનો નિજ ભૂતાર્થ ત્રિકાળી જ્ઞાયકભાવ એનો આશ્રય કરે તે નિશ્ચય. એ સાચી વાત. ત્યારે કહે કે નિશ્ચય પાછળ કોઈ વ્યવહાર છે કે નહિ એને? તો કહે હા. એની પર્યાય અવસ્થામાં અલ્પશુદ્ધ પર્યાય અને રાગાદિ છે એ વ્યવહાર છે. દ્રવ્ય અભેદ ત્રિકાળી તે નિશ્ચય છે, આ વ્યવહાર છે. વ્યવહાર એમાં રાગ પણ આવ્યો. એ જાણેલો પ્રયોજનવાન છે. જાણેલો પ્રયોજનવાન છે. એ પ્રમાણ, નિશ્ચય અને આ વ્યવહાર બે થઈને પ્રમાણ થયું. અહીંયાં બીજી રીતે પ્રમાણ છે. સમજાણું કાંઈ? એની ને એની પર્યાયના ભેદરૂપને વ્યવહાર કહીને, નિશ્ચયને અભેદ કરીને બેને પ્રમાણ કહેવામાં આવ્યા છે. એ પ્રમાણ બીજું, આ પ્રમાણ બીજું. મારે! ભારે ભાઈ!

મુમુક્ષુ :- અહીં ભેદાભેદાત્મક કહ્યું.

ઉત્તર :- અહીં ભેદાભેદાત્મકને નિર્મળ વીતરાગી પર્યાયની અપેક્ષાએ ભેદાભેદાત્મક. અને ત્યાં ભેદાત્મક રાગાદિ ભેદ પડે છે, વ્યવહારને મોક્ષમાર્ગ કહ્યો, એને જાણવું કહ્યું એ વ્યવહારનયનું જ્ઞાન બતાવ્યું એ અશુદ્ધપણું, પણ આ નિશ્ચયનું જ્ઞાન એ બે થઈને પ્રમાણ કહે છે. એ તો અશુદ્ધતાનું જ્ઞાન કરવું, વ્યવહાર રાગાદિ એનું જ્ઞાન કરવું એ વ્યવહાર એ પ્રમાણ થયું. અભેદનું જ્ઞાન અને રાગનું જ્ઞાન. આ એ નથી. સમજાણું કાંઈ?

અહીંયાં તો ભગવાન આત્મા પોતાના એક સ્વરૂપમાં એકાગ્રતા છે, એકરૂપ અભેદ છે તે નિશ્ચય અને એમાં ત્રણ ભેદ પડ્યા, પર્યાયરૂપ પરિણમનના ત્રણ ભેદનું કથન અભિપ્રાયમાં આવ્યો તો એનું નામ વ્યવહાર કહે છે. એ બે મળીને પ્રમાણજ્ઞાન કહે છે. સમજાણું કાંઈ? આની પરીક્ષા લેવાય તો ખબર પડે નહિ? એય..! જેઠાભાઈ! આ તો પરીક્ષા વિના એમ ને એમ ચાલ્યું જાય.

મુમુક્ષુ :- રાખો.

ઉત્તર :- કોણ કરે પરીક્ષા? નવરાશ કોને હતી? આ હિંમતભાઈ છે આપણા પંડિતજી. એ તો કાંઈ નવરા નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ... કામ તો કરેને.

ઉત્તર :- હવે ભાઈ એ મોક્ષમાર્ગ... શું કરે છે? અષ્ટપાહુડ કરે છે. એટલું તો કરવા દ્યો હજી.

હવે એનો શ્લોક કહે છે જુઓ, '**હવે શ્લોક દ્વારા મોક્ષપ્રાપ્તિને માટે દૃષ્ટા-જ્ઞાતામાં લીનતા...**' આવ્યું હતુંને એ દૃષ્ટિ જ્ઞાતૃત્વમાં પરિણતિ. એ '**કરવાનું કહેવામાં આવે છે :)**' કળશ કહે છે. શાર્દૂલવિક્રીડિત છંદ છે લ્યો!

इत्येवं प्रतिपत्तुराशयवशादेकोऽप्यनेकीभवं
स्त्रैलक्षण्यमथैकतामुपगतो मार्गोऽपवर्गस्य यः।
द्रष्टृज्ञातृनिबद्धवृत्तिमचलं लोकस्तमास्कन्दता-
मास्कन्दत्यचिराद्विकाशमतुलं येनोल्लसन्त्याश्रितेः।।१६।।

એનો અર્થ. એ કહ્યુંને? ભેદ-અભેદ પાઠમાં ટીકામાં આવ્યુંને? એ ટીકામાં આવ્યું એનો અહીં કળશ બનાવ્યો. '**આ પ્રમાણે, પ્રતિપાદકના આશયને વશ,...**' એમ કહે છે. કહેનાર વક્તાના આશયને વશ ભગવાન આત્માની પર્યાયમાં ત્રણ પ્રકાર અને અભેદનયે વક્તાના અભિપ્રાયમાં શું કહેવું છે એ અપેક્ષાએ વ્યવહાર (અને) નિશ્ચય થઈ જાય છે. '**આ પ્રમાણે, પ્રતિપાદકના આશયને વશ,...**' કહેનારના અભિપ્રાયને વશ '**એક હોવા છતાં પણ...**' માર્ગ તો એક જ છે અંદરમાં અભેદસ્વરૂપ. '**છતાં પણ અનેક થતો હોવાથી...**' અભેદ હોવા છતાં ભેદરૂપ પર્યાયમાં થતો થકો'(**અર્થાત્ અભેદપ્રધાન નિશ્ચયનયથી એક— એકાગ્રતારૂપ—હોવા છતાં પણ...**' ખુલાસો કર્યો. કોનો? '**એક હોવા છતાં પણ...**'નો.

ભગવાન આત્મા પોતાના શુદ્ધસ્વરૂપ આનંદમાં ત્રણે પર્યાય એકાગ્ર છે દ્રવ્યમાં. એ અપેક્ષાએ '**એક-એકાગ્રતારૂપ—હોવા છતાં પણ કહેનારના અભિપ્રાય અનુસાર...** ' કહેનારના આશયને અનુસાર '**ભેદપ્રધાન વ્યવહારનયથી...**' ભેદ કહેનારી નયની મુખ્યતાથી '**અનેક પણ—દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પણ—થતો હોવાથી)...**' લ્યો! દર્શન-જ્ઞાન-ચારિત્ર(રૂપ) પણ થાય છે. વક્તાને આશયે...

ઉમાસ્વામી જેવાએ પણ, એકાગ્રતા(રૂપ) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (એમ) વ્યવહાર પર્યાય પ્રધાનથી કથન કર્યું છે. અને અહીંયાં એકસ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણ દ્રવ્ય અક્રિય શુદ્ધ એનો અંતર આશ્રય લેવાથી, એમાં અભેદમાં દૃષ્ટિ પડવાથી સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? જેમાં પર્યાય પણ નથી વસ્તુ (એવી) ત્રિકાળ. ત્રિકાળ કહેવું એ પણ કાળની અપેક્ષાએ. પણ વર્તમાન ધ્રુવ. એકરૂપ સામાન્ય એક સમયમાં હોં વર્તમાનમાં. આમ વળી કહેવું છે. એ તો એને બતાવવું છે. બાકી એક સમયમાં પર્યાય અને એક સમયમાં ધ્રુવ. ધ્રુવ-ધ્રુવ નિત્ય અંશ જે ત્રિકાળી એનું અંતર લક્ષ કરવાથી, દૃષ્ટિ કરવાથી, આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે એ '**દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પણ—થતો હોવાથી)...**' વક્તાની અપેક્ષાએ. '**એકતાને (એકલક્ષણપણાને) તેમ જ ત્રિલક્ષણપણાને પામેલો જે અપવર્ગનો (મોક્ષનો) માર્ગ...**' '**દ્રવ્યપ્રધાન નિશ્ચયનયથી માત્ર એકાગ્રતા એક જ મોક્ષમાર્ગનું** લક્ષણ છે.' જુઓ, એમાં એકાગ્રતા. સ્વભાવની એકાગ્રતા એ મોક્ષમાર્ગ કહ્યો. ઉમાસ્વામીએ ત્રણ પ્રકારની પર્યાયને મોક્ષમાર્ગ કહ્યો. આહા..હા..! આમાં શું કહ્યું જુઓને. એકાગ્રતા લક્ષણવાળું શ્રામણ્ય એમ કહ્યું અને શ્રામણ્ય તે મોક્ષમાર્ગ કહ્યો અહીં પણ. '**તે સંયતપણું, એકાગ્રતાલક્ષણવાળું શ્રામણ્ય જેનું બીજું નામ છે એવો મોક્ષમાર્ગ જ છે...**' લ્યો! એ અહીં કહ્યું. અને પર્યાયનું કથન વક્તાના અભિપ્રાયથી ભેદથી કથન હોય તો ત્રિલક્ષણવાળાને પ્રાપ્ત થાય. એ અભેદ છે તો એકલક્ષણવાળું પ્રાપ્ત થાય છે. લ્યો! સમજાણું કાંઈ? એક લક્ષવાળા અને ત્રિલક્ષણવાળા.

એકાગ્રતા એકરૂપ લક્ષણ છે. સ્વરૂપમાં ભગવાન આત્મામાં એકાગ્રતા એક લક્ષણ છે અને ત્રણ પ્રકારની પર્યાય પ્રગટ થઈ એ અપેક્ષાએ કથન એ વ્યવહાર પ્રધાન ત્રિલક્ષણવાળા પ્રાપ્ત થાય છે. એ મોક્ષનો માર્ગ. '**તેને લોક...**' હવે કહે છે. અરે..! જીવો! એમ કહે છે. '**દૃષ્ટાજ્ઞાતામાં પરિણતિ બાંધીને...**' ભગવાન આત્મા જોનારો, જાણનારો એવા સ્વભાવમાં પરિણતિ બાંધીને, અવસ્થામાં લીન થઈને, દશામાં લીન થઈને '**અચળપણે અવલંબો,...**' ભગવાન આત્માને ન ચળે એ રીતે ધ્રુવસ્વભાવને દૃષ્ટાજ્ઞાતામાં, એ દૃષ્ટાજ્ઞાતા એ ત્રિકાળી ધ્રુવસ્વરૂપ. એની શ્રદ્ધા, જ્ઞાન અને પરિણતિ બાંધીને. સમજાણું કાંઈ? '**અચળપણે અવલંબો,...**' આહા..! લ્યો! આ આદેશ કર્યો. અંતર્મુખ ભગવાન આત્મામાં જાવ, પ્રવેશ કરો એમ કહે છે. બહારથી ખસી

જાવ. ભગવાન આત્મા ધ્રુવ દૃષ્ટા જ્ઞાતામાં શ્રદ્ધા જ્ઞાનની શુદ્ધ પર્યાય-પરિણતિ બધી લીન થઈને અચળરૂપે અવલંબો. વિકલ્પનો ભેદ ઉત્પન્ન ન થાય એમ અવલંબો. જુઓ, આ મોક્ષમાર્ગ. આહા..હા..!

**'કે જેથી** તે (લોક) **ઉલ્લસતી ચેતનાના અતુલ વિકાસને અલ્પ કાળમાં પામે.'** એ કારણે ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એની એકાગ્રતાથી એને ધ્યેય બનાવીને શ્રદ્ધા-જ્ઞાન- લીનતા કરવાથી અલ્પકાળમાં. **'अचिरात्'** છેને? 'તે (લોક) **ઉલ્લસતી ચેતનાના અતુલ વિકાસને અલ્પ કાળમાં પામે.'** જુઓ, એમાં ક્રમબદ્ધ ક્યાં આવ્યું? એ તો અલ્પકાળમાં મોક્ષ થાય છે, જુઓ, એમ કહ્યું. એય..! જેઠાભાઈ! શું કહ્યું? અલ્પકાળમાં મોક્ષ જાય તો એમાં આ જ કાળે મોક્ષ જાય એવું ક્યાં રહ્યું? આવું કરે તો અલ્પકાળમાં મોક્ષ જાયે. થોડા કાળમાં જાય. નહિતર તો ઘણે કાળે જશે એમ થયું કે નહિ? એમ કહે છે કે કાળ તો જે સમયે જે આવવાનો એ સમયે, પણ એવા સ્વરૂપની અંતર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરવાથી અલ્પકાળમાં કેવળજ્ઞાનની આવવાની ક્રમમાં આવનારી પર્યાય છે. એને લાંબો કાળ થતો નથી. એમ કહે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! એમાં પણ તકરાર કરે છે. જુઓ, આમાં **'अचिरात्'** કહ્યું છે. પણ **'अचिरात्'**નો અર્થ શું? એવું જે આત્મામાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની રમણતા થવાથી એનું કાર્ય અલ્પકાળમાં થશે. થશે તો જે સમયે થવાનું હશે તે જ થાશે. પણ એવી સ્થિતિમાં અલ્પકાળમાં થશે. દીર્ઘકાળ એને થશે નહિ એમ કહે છે. આહા..હા..! જુઓ, આચાર્ય કહે છે કે અલ્પકાળમાં. લાંબાકાળનો મોક્ષ હતો એ આમ કરે તો અલ્પકાળમાં કરશે. એમ છે જ નહિ. એવો અર્થ એનો નથી.

મુમુક્ષુ :- .. થાય ત્યારે..

ઉત્તર :- આવું થાય એને અલ્પકાળમાં કેવળજ્ઞાન થયા વિના રહે નહિ. એનો એવો જ ક્રમ છે. એમ કહે છે. અરે..! ભગવાન! શું કરે? વાંધાવાળા તો વાંધા જ કાઢે છે બધા. શાસ્ત્રમાં કહેવાનો આશય છે એને સમજે નહિ અને પોતાની કલ્પનાએ (અર્થ) કરે. જુઓ, અલ્પકાળમાં આવ્યું જુઓ, અલ્પકાળમાં પ્રાપ્ત થાય. જે સમયે કેવળજ્ઞાન થશે એ થશે અને મોક્ષ થશે એ થશે. એ ક્યાં રહ્યું? એ જ રહ્યું. સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન પોતાનું નિજસ્વરૂપ પૂર્ણાનંદની નિધિ એમાં લીનતા કરે તો પછી કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો કાળ જ અલ્પ છે એમ કહે છે. સમજાણું કાંઈ? બીજ ઉગી તો પંદર દિવસમાં કે તેર દિવસે પૂનમ થશે. અને થશે તો થશે, પણ પંદર દિવસનો કાળ બતાવે છે. એને એટલા કાળે પૂનમ થશે. સમજાણું કાંઈ?

**'ઉલ્લસતી ચેતનાના અતુલ વિકાસને...'** ભાષા જુઓ, ઓહો..! શક્તિરૂપમાં જે જ્ઞાન આનંદ આદિ પૂર્ણ હતા, ભગવાન આત્મામાં શક્તિરૂપ, સત્ત્વરૂપ, સત્તારૂપ, ભાવરૂપ, ગુણરૂપ જે અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ હતા એની એકાગ્રતાથી ઉલ્લસતી ચેતના. ઉલ્લસી-

પ્રગટ થઈ. **'ચેતનાના અતુલ વિકાસને...'** અતુલ વિકાસ—જેની તુલના નથી એવો વિકાસ થયો. શક્તિમાંથી એકાગ્ર થતાં અતુલ વિકાસ થયો. સમજાણું કાંઈ? આહા..હા..! અતુલ નામ અપરિમિત વિકાસ. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત દષ્ટાપણું વીર્ય. એવો અતુલ-જેની પર્યાયમાં તુલના-માપ શું? આહા..હા..! એમ કહે છે. એવી વસ્તુની શક્તિમાં ચતુષ્ટય પડ્યો જ છે. શક્તિરૂપ તો છે જ. પણ શક્તિના અનુભવમાં પ્રતીત કરી એ લીનતા થઈ તો શક્તિમાંથી અતુલ વિકાસ થઈ ગયો. કળી ખીલી ગઈ. સમજાણું કાંઈ? આ કળી છેને વનસ્પતિની? ખીલી જાય છે. એમ ભગવાન આત્મામાં શક્તિરૂપ જે અનંત જ્ઞાન-દર્શન-આનંદ હતા એની એકાગ્રતાથી પર્યાયમાં ઉલ્લસતી ચેતના પ્રફુલ્લિત થઈ ગઈ. ચેતના ફાટી. ગભારો ફાટ્યો. શું કહે છે ભાઈ એ? ગભારો નથી આવતો? ફુગ્ગો-ફુગ્ગો. ફુગ્ગો હોય છે કે નહિ? આ છોકરાઓ... એટલો પાતળો હોય તો આમ. ઉલ્લસિત થયો. પણ એ તો પોલું ઉલ્લસિત થયું. સમજાણું કાંઈ? આ ફુગ્ગાઓ નથી હોતા છોકરાઓ રમે છે. આવડા-આવડા ફુગ્ગા. હોય તો એટલી કળી નાનું આટલું હોય. ફૂ કરીને મોટો થાય. એમ અહીંયાં આત્મામાં શક્તિરૂપ પૂર્ણ છે. એમાં એકાગ્રતારૂપી ફૂંક મારી અંદરમાં તો ઉલ્લસિત થઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! ઓહો..હો..! આચાર્યે...

**'જેથી...'** જેથી એટલે **'અચળપણે અવલંબો, કે જેથી...'** એમ. **'તે (લોક)...'** આ જગતના પ્રાણી. લોક એટલે આત્મા. લોક એટલે કાંઈ બધા નહિ. **'ઉલ્લસતી ચેતનાના...'** ઓહો..! ચેતના, ભગવાન જ્ઞાનની ચેતના શક્તિ પરિપૂર્ણ હતી. નિયમસાર. ચેતના નિયમ ત્રિકાળ. એ પર્યાયમાં પ્રગટ થઈ ગઈ. સમજાણું કાંઈ? **'અતુલ વિકાસને...'** વિકાસ થયોને? એ પર્યાય પ્રગટ થઈને? શક્તિરૂપ હતી એ વિકાસ થઈ ગઈ. **'અલ્પ કાળમાં પામે.'** એમ અવલંબો ભગવાન આત્માને કે અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય. અંદરની શક્તિનો વિકાસ પર્યાયમાં થઈ જાય. આહા..હા..! લ્યો! આ કરવાનું કહ્યું. અહીં તો આદેશ દીધો જુઓ, છે કે નહિ? અરે..! જીવો! એમ કરો ભાઈ! આહા..હા..! તારું સ્વરૂપ તો પરિપૂર્ણ નિધાન પડ્યું જ છે. નિધાનનો વિકાસ કરો. વિકાસ કેમ થાય? એની સમ્યગ્દર્શન નિર્વિકલ્પ પ્રતીતિ, સંવેદનજ્ઞાન અને પરિણતિ રાગરહિત નિર્મળદશા એ વડે ચેતાનાનો અતુલ વિકાસ થાય છે. એનો અર્થ એ કે મોક્ષ થાય છે.

**'અતુલ વિકાસને અલ્પ કાળમાં પામે.'** એનો અર્થ? અનંત જ્ઞાનાદિ મોક્ષની પર્યાય પ્રગટ થઈ જાય. એમ કહે છે. મોક્ષ ન કહેતા **'અતુલ વિકાસને અલ્પ કાળમાં પામે.'** એ મોક્ષની પર્યાયની વાત કરી બીજી ભાષાથી. સમજાણું કાંઈ? ૪૨ થઈ.

લ્યો, **'હવે, અનેકાગ્રતાને મોક્ષમાર્ગનું ઘટતું નથી એમ દર્શાવે છે :—'** **'(અર્થાત્ અનેકાગ્રતા મોક્ષમાર્ગ નથી)...'** એ ૪૩માં કહે છે લ્યો.

**मुज्झदि वा रज्जदि वा दुस्सदि वा दव्वमण्णमासेज्ज।**
**जदि समणो अण्णाणी बज्झदि कम्मेहिं विवेहेहिं।।२४३।।**

અહીં અજ્ઞાની એટલે મિથ્યાદષ્ટિ લેવો હોં. એમાં આવ્યું હતુંને ભાઈ! આ ત્રણ હોય છતાં અકિંચિત્કર છે. એ આત્મજ્ઞાન (સહિત). ત્રણની એકતાની વાત હતી. સમજાણું કાંઈ? અહીં તો પરાશ્રય કરે છે અજ્ઞાની, પરાશ્રય કરે છે. ૨૪૩. જુઓ, સ્વદ્રવ્યને આશ્રયે એકાગ્રતા એ મોક્ષનો માર્ગ. અને

**પરદ્રવ્યને આશ્રય શ્રમણ અજ્ઞાની પામે મોહને,**
**વા રાગને વા દ્વેષને, તો વિવિધ બાંધે કર્મને. ૨૪૩.**

પ્રાપ્ત થાય-પામે. ૨૪૩. '**ટીકા :- જે ખરેખર જ્ઞાનાત્મક આત્મારૂપ...**' જુઓ, ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપી આત્મા છે, જ્ઞાનસ્વભાવસ્વરૂપ આત્મા. એમાં કોઈ પુણ્ય-પાપ, વિકલ્પ રાગાદિ છે નહિ. '**ખરેખર જ્ઞાનાત્મક આત્મારૂપ એક અગ્રને (-વિષયને) ભાવતો નથી,...**' એવો ભગવાન આત્મા એકરૂપ સ્વદ્રવ્યનો આશ્રય કરીને આત્માની ભાવના નથી કરતો. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ આત્મા વસ્તુનું કેવળજ્ઞાન કંદ આત્મા. એવું જ્ઞાનસ્વરૂપ આત્મા. એક અગ્ર. એવા આત્મારૂપ એમ. '**જ્ઞાનાત્મક આત્મારૂપ એક અગ્રને ભાવતો નથી,...**' એમ અંતરદષ્ટિમાં લઈને એકને ધ્યેય બનાવીને એની ભાવના અંતરમાં નથી કરતો '**તે અવશ્ય જ્ઞેયભૂત અન્ય દ્રવ્યનો આશ્રય કરે છે,...**' લ્યો! સ્વજ્ઞેય પરિપૂર્ણ પરમાત્મા જ્ઞાનસ્વરૂપ ભગવાન એનો આશ્રય નથી કરતા... સમજાણું કાંઈ? એક અગ્ર, એક વિષય, એક વસ્તુ પૂર્ણ તેનો વિષય, ધ્યેય નથી કરતો તે પરદ્રવ્યનો આશ્રય કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હોય એ બધા પરદ્રવ્ય છે.

મુમુક્ષુ :- એમાં વાંધો છે. બીજી વાતમાં...

ઉત્તર :- પરદ્રવ્યમાંથી શું બીજી ચીજ નીકળે? દેવ-ગુરુ-શાસ્ત્ર શુદ્ધ એ પરદ્રવ્ય? એ પ્રશ્ન થયો હતો બોટાદમાં. વીરચંદ ભુરા, દશની સાલ. શુદ્ધ આત્મા પરમાત્મા એ પરદ્રવ્ય? ગુરુ શુદ્ધાત્માના આનંદના સાધક જીવ પરદ્રવ્ય? અરે..! લાખ વાર પરદ્રવ્ય. આ પરદ્રવ્ય તો ભિન્ન છે. એ તો કહે છે. સમજાણું? બહારને છોડીને પાછા ગુરુને વળ્યા કે ગુરુથી મને મોક્ષ થશે. અરિહંત.. ત્યાં વળ્યો એ તો એનું એ થયું. એમ કહે છે. પરદ્રવ્યનો આશ્રય લીધો, સ્વદ્રવ્યનો આશ્રય છોડી દીધો. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ? યથાર્થ છે? પણ આવ્યું કે નહિ એમાં જુઓને.

ખરેખર જ્ઞાન ભગવાન, જ્ઞાનસ્વરૂપ આત્મારૂપ. '**જ્ઞાનાત્મક આત્મારૂપ એક અગ્રને (-વિષયને) ભાવતો નથી,...** ' જુઓ, આ ભાવ શબ્દે ભાવના છે હોં એકાગ્રતા. '**તે અવશ્ય જ્ઞેયભૂત અન્ય દ્રવ્યનો આશ્રય કરે છે,...** ' સ્વજ્ઞેયનો આશ્રય નથી કરતા એ

પરદ્રવ્યનો આશ્રય કરે છે. ચાહે તો સમ્મેદશિખર હોય, શેત્રુંજય હોય, સમવસરણ હોય, અરિહંત હોય, કુંદકુંદાચાર્ય આદિ ગુરુ હોય કે સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ પરદ્રવ્ય—બધું પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યનો આશ્રય કરે છે **'અને તેનો આશ્રય કરીને જ્ઞાનાત્મક આત્મજ્ઞાનથી ભ્રષ્ટ...'** છે. આહા..હા..! જેટલો પરદ્રવ્યનો આશ્રય કરે છે એટલો જ્ઞાનાત્મક સ્વરૂપથી ભ્રષ્ટ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ફેરવી ફેરવીને...

ઉત્તર :- ફરીને ત્યાં ને ત્યાં આવ્યું પાછું.

**'સ્વયં અજ્ઞાની થયો થકો,...'** જુઓ, એ પણ સ્વયં અજ્ઞાની થયો થકો. પોતાથી અજ્ઞાની થયો છે. કોઈ કર્મથી કે પરથી નહિ. સમજાણું કાંઈ? **'મોહ કરે છે,...'** અર્થાત્ પરદ્રવ્યના આશ્રયથી મને લાભ થાય છે એવો મિથ્યાત્વભાવ કરે છે એમ કહે છે. લ્યો! સમ્મેદશિખરની ભક્તિ, દર્શન કરે તો અલ્પભવે મોક્ષ જાય. હવે 'એકવાર વંદે જો કોઈ' આવે છે કે નહિ?

મુમુક્ષુ :- ભાવસહિત હોવું જોઈએય

ઉત્તર :- એ ભાવસહિત નહિ, પરનો આશ્રય તો છે જ નહિ. ભાવસહિત પરનો આશ્રયનો ભાવ તો રાગ જ છે. પોતાનો ભાવ એ તો અંદરમાં આવે છે. પરનો આશ્રય થયો જ નથી. સમજાણું કાંઈ? એ ભાવનો વિશેષ અર્થ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૨, શનિવાર, તા. ૨૬.૦૭.૧૯૬૯**
**ગાથા-૨૪૩-૨૪૫, પ્રવચન-૨૧૯**

પદાર્થ છે કે નહિ? અસ્તિ-સત્તા હોવાવાળો પદાર્થ છે કે નહિ? છે. તો એમાં સ્વરૂપ શું? જ્ઞાનાત્મક કહ્યુંને? તો એનું સ્વરૂપ જ્ઞાન, આનંદ. આ તો જ્ઞાનપ્રધાનથી કથન છે. જ્ઞાન, આનંદ, શાંતિ એટલે વીતરાગતા આદિ સ્વરૂપ આત્મા છે. સમજાણું કાંઈ? એવા આત્માને વિષય નથી કરતો. એનું લક્ષ કરીને એકાગ્રતા નથી કરતો. સમજાણું કાંઈ? **'અગ્રને (-વિષયને) ભાવતો નથી,...'** એને વિષય નામ ધ્યેય નથી બનાવતો **'તે અવશ્ય જ્ઞેયભૂત અન્ય દ્રવ્યનો આશ્રય કરે છે,...'** પોતાની વસ્તુ સિવાય પર અન્યવસ્તુ છે એ ઉપર એનું લક્ષ જાય છે. લક્ષ જાય છે તો એનો આશ્રય કરે છે. તો પરદ્રવ્યનો આશ્રય કરવાથી તો વિકાર

જ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચાહે તો તીર્થંકર સર્વજ્ઞદેવ હોય કે એની વાણી હોય કે ભગવાનની પ્રતિમા હોય કે એનું સમવસરણ હોય કે એનો ચતુર્વિધ સંઘ હોય. એય..! અમરચંદભાઈ! અને ચાહે તો અન્ય અનંત નિગોદના જીવ હોય અને ચાહે તો એક પરમાણુથી માંડીને અનંત પરમાણુના સ્કંધ એવું પરદ્રવ્ય. બધું પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ?

પાઠ છેને? પાઠમાં છે જુઓ '**दव्वमण्णमासेज्ज**' અનેરા દ્રવ્યનો આશ્રય કરે છે. મૂળ પાઠ છે. પહેલી લીટીમાં છેલ્લે. આહા..હા..! માખણ વાત કરે છે. જુઓ, ચરણાનુયોગમાં આવી ચીજ! પણ ચરણાનુયોગનો વિકલ્પ કોને છે? કે એનો સ્વદ્રવ્ય આશ્રય કરે છે અને એમાં સ્થિરતા છે. એમાં ખામી છે તો પરદ્રવ્યને આશ્રયે વિકલ્પ ઉઠે છે તો વ્યવહાર કહેવામાં આવે છે. પણ સ્વદ્રવ્યનો આશ્રય નથી અને એકલા પરદ્રવ્યનો આશ્રય કરીને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ કરે છે તો એ મોહભાવ, મિથ્યાત્વભાવ છે એમ કહે છે. આહા..હા..! કેમકે એમાં લાભ માને છે કે આ હું આશ્રય કરું તો એનાથી મને લાભ થશે. જેઠાભાઈ! ભારે વાત!

મુમુક્ષુ :- લાભ માટે તો આપની (પાસે આવ્યા).

ઉત્તર :- લાભ માટે પરદ્રવ્ય આશ્રય માટે નહિ. સમજવામાં તો સ્વદ્રવ્યનો આશ્રય કરવા માટે સાંભળવું છે. એય..! સાંભળવામાં પણ એ સ્વદ્રવ્યનો આશ્રય કરવો એ એમાંથી કાઢવું છે. અમરચંદભાઈ! એ વાત એવી છે, ભાઈ! આહા..હા..! વીતરાગમાર્ગ એટલે કે યથાર્થ માર્ગ, વાસ્તવિક માર્ગ એ વીતરાગમાર્ગ છે. એ બીજી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે ખરેખર ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ સહજાનંદની મૂર્તિ આ આત્મા છે. એવા આત્માનો આશ્રય, લક્ષ, ધ્યેય, વિષય, અગ્ર, જ્ઞેય બનાવતા નથી અને પોતા સિવાય બીજા પદાર્થને જ્ઞેય, ધ્યેય, આશ્રય અને લક્ષ કરે છે તો એને રાગ ઉત્પન્ન થાય છે, ચાહે તો શુભ હોય કે અશુભ. અને માને કે હું આ રાગમાં સાવધાન છું તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! એમ કહે છે જુઓ, ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

'**આશ્રય કરે છે, અને તેનો આશ્રય કરીને...**' એમ. જ્ઞાનસ્વરૂપ આત્મજ્ઞાનથી ભ્રષ્ટ. ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ પ્રભુ, આનંદનો ઢગલો આત્મા છે, આનંદનો ડુંગર આત્મા છે. આહા..હા..! એ સહજાનંદ પ્રભુ આત્મા એ પરદ્રવ્યને આશ્રય કરે છે તો સ્વદ્રવ્યના આશ્રયથી ભ્રષ્ટ છે. એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, જેઠાભાઈ! ક્યાં ગયા ભાઈ! ભાવનગર ગયા હતાને. મનસુખભાઈ? શું નામ? બેય ગયા હતા ત્યાં વ્યાખ્યાન સાંભળવા. આ તપ કરવા, અપવાસ કરવા, આ કરવા એ બધું શું છે? કે ધર્મ છે. આ બધો ધર્મ છે. અરે..! ભગવાન! પરદ્રવ્ય આશ્રયે જેટલું લક્ષ જાય છે. ચાહે તો પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા હોય એનું લક્ષ કરે પરદ્રવ્ય તો રાગ જ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? અને રાગ ઉત્પન્ન થાય

છે તો સ્વભાવના આશ્રયથી ભ્રષ્ટ થાય છે અને માને છે કે મને લાભ છે તો મિથ્યાત્વની જ ઉત્પત્તિ થાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જગતના પંથ ને પરમેશ્વરના પંથને ઉગમણો-આથમણો, શું કહે છે? પૂર્વ-પશ્ચિમનો ફેર છે. આહા..હા..!

કહે છે કે જે આશ્રય કરીને જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા '**આત્મજ્ઞાનથી ભ્રષ્ટ...**' જુઓ, જ્ઞાનસ્વરૂપ આત્મજ્ઞાનથી ભ્રષ્ટ છે. આત્માનું અંતરલક્ષ કરીને આત્માનું જ્ઞાન કરવું એનાથી ભ્રષ્ટ છે અને પરનું લક્ષ કરીને રાગ ઉત્પન્ન કરવો, એમાં લાભ માનવો એ મિથ્યાત્વ અને મોહભાવ છે. જુઓ, '**સ્વયં અજ્ઞાની થયો થકો,...**' પોતાનો આત્મા આનંદ અને જ્ઞાનપ્રભુ આત્મા, જેની પ્રભુતા જ્ઞાન અને આનંદની છે આત્મામાં. એ પ્રભુતાનું લક્ષ છોડીને, આત્મજ્ઞાનથી ભ્રષ્ટ થઈને પરદ્રવ્યનો આશ્રય કરીને જે કોઈ મોહી '**સ્વયં અજ્ઞાની થયો થકો,...**' સ્વયં અજ્ઞાની થયો થકો. કોઈ કર્મને કારણે અજ્ઞાની છે એમ નથી. આનંદ પ્રભુ આત્મા એના અજ્ઞાનને કારણે મોહ કરે છે-મિથ્યાત્વ કરે છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભ્રષ્ટ થઈને. પોતાના આત્માનું ભાન હોય અને જરી પરદ્રવ્યનો આશ્રય કરે તો એકલો રાગ ઉત્પન્ન થાય છે. એ મોહ નથી. સમજાણું કાંઈ? એ રાગ ઉત્પન્ન થાય છે એ બંધનું કારણ છે, પણ અહીંયાં તો એકલા આત્મદ્રવ્યનો આશ્રય છોડીને એકલા પરદ્રવ્યનો આશ્રય કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મા સત્... સત્... સત્... શાશ્વત એ સત્ શાંતિના સ્વભાવનો સાગર આત્મા છે. વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા છે. અરૂપી પણ પદાર્થ છે કે નહિ? છેને મહાન પદાર્થ છે એ. એવો સ્વભાવવાન પ્રભુ એના જ્ઞાનથી, સ્વલક્ષથી ભ્રષ્ટ થઈને એકલા પરદ્રવ્યનો આશ્રય કરે છે તો એમાં મોહ જ ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? કેમકે હું પરદ્રવ્યનો આશ્રય કરું તો મને લાભ થશે. તો સાથે મોહ-મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે એમ કહે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ?

'રાગ કરે છે...' અને પરદ્રવ્ય અનુકૂળ હોય, પરમેશ્વર સર્વજ્ઞદેવ વગેરે અને અનુકૂળ સ્ત્રી, કુટુંબ આદિ હોય. તો એ પરદ્રવ્યનો આશ્રય કરતા એને રાગ જ ઉત્પન્ન થાય છે. ઈષ્ટ માનીને રાગ ઉત્પન્ન થાય છે અને દ્વેષ કરે છે. અનિષ્ટ દ્રવ્ય એ તો જ્ઞેય છે. એમાં તો ઈષ્ટ-અનિષ્ટ છે નહિ. છતાં અનિષ્ટ માનીને, કેમકે પોતાનો જ્ઞાયક સ્વભાવ ભગવાન વીતરાગ મૂર્તિ આત્મા એનો આશ્રય તો લીધો નથી, એનું જ્ઞાન થયું નથી, એનો અનુભવ થયો નથી, એની દૃષ્ટિ છે નહિ, તો એની પરદ્રવ્યમાં જ એકલી દૃષ્ટિ છે. બહુ આકરુ કામ હોં! વર્તમાનની સાથે મેળવવું. આ તો એમ જ કહે કે નહિ, બધું આ દયા, દાન, તપ, એક નોકારશી ગણે તો નિર્જરા થાય. સાંભળ્યું છે કે નહિ? ત્યારે કરતા હતાને તમે? નરકની નિર્જરા થાય.

મુમુક્ષુ :- .. નારકીના જીવ

ઉત્તર :- બસ, નારકીમાં નારકીના જીવની નિર્જરા. ગજબની વાતું.

મુમુક્ષુ :- બીજી ગતિ ખુલ્લી રાખે.

ઉત્તર :- બીજી ગતિ ખુલ્લી રખડવાની રહે. આહા..હા..! એમ કહ્યું હતું ત્યાં હમણા. એક નોકારશી શું કહેવાય? નોકારશી? નોકારશી પચ્ચખાણ. નોકારશી પચ્ચખાણ કરે તો નિર્જરા થાય. ધૂળમાંય નિર્જરા ન થાય, સાંભળને માળા! એ તો વિકલ્પ છે નોકારશી. એક પહોર ન ખાવું એ તો એક રાગ છે, શુભ છે. અને એમાં લાભ માને તો મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે એમ કહે છે અહીંયાં તો. આત્માના સ્વભાવનો અનાદર કરીને ભ્રષ્ટ થયો, પરના આદરથી લાભ છે તો મિથ્યાત્વ ઉત્પન્ન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, મિથ્યાત્વ અનંત નિગોદમાં જવાનું કારણ છે. આહા..હા..!

મુમુક્ષુ :- વિરતિ.

ઉત્તર :- વિરતિ. હા.. હા.. એમ કહેતા હતા એ. અમે વિરતિ કરીને બેઠા છીએ. વિરતિમાં ગ્રંથિભેદ થાય. તમારા અવિરતિને ગ્રંથિભેદ ન થાય. એમ કહ્યું ભાઈ! અરે..! ભગવાન! એ વિરતો કે દિ' હતો ભાઈ! વિરતિ તો રાગથી રહિત ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એનો નિર્વિકલ્પ અનુભવ થાય અને પછી સ્વરૂપમાં લીનતા થાય ત્યારે વિરતિ કહેવામાં આવે છે. હવે એમાં વિરતો ક્યાં હતો? સમ્યગ્દર્શનથી વિરતિ લીધું છે. સમ્યગ્દર્શનથી વિરતિ લીધું છે. નિવૃત્તિ લીધી છે એનાથી. મિથ્યાત્વમાં આવી ગયો એમ કહે છે. આહા..હા..! ભારે કામ આકરું! દુનિયા સાથે તો મેળવવું કઠણ બહુ જગતને. આહા..હા..! આખો માર્ગ જ સ્વદ્રવ્ય આશ્રય છે એને પરદ્રવ્ય આશ્રય માર્ગથી લાભ માને તો આખો ઉગમણો-આથમણો ફેર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એક કહે ..માં ફેર એક કહે પરમાં ફેર.

ઉત્તર :- ભાવ.. નથી આવતું? ભાવપાહુડમાં આવ્યું નહિ આપણે ઓલા? પુણ્ય તે આસ્રવ છે. જિનમાર્ગ નથી. વ્રત તે ભાવપાહુડ. કેટલામી. છે અષ્ટપાહુડ? અહીં નથી. હા એ. ઘણીવાર આપણે આવી ગયું આત્મધર્મમાં આવી ગયું. વ્રત અને ભક્તિ એ તો બધો પુણ્યાસ્રવ ભાવ છે. લોકો એને જૈનમાર્ગ કહે છે મિથ્યાદૃષ્ટિ. એમ લખ્યું છે. સમજાણું કાંઈ? લાવોને છે કે નહિ? એય..! હવે આવે ત્યારે કામનું હોય ત્યારે આપણે આત્મધર્મમાં ઘણા વર્ષ પહેલા આવ્યું. ઘણા વર્ષ પહેલા. બધી વાત તો બહુ બહાર આવી ગયી છે. પુસ્તકો સાત લાખ બહાર પડ્યા છે. હવે વાંચનારને અંદર નિવૃત્તિથી વાંચન કરીને મેળવણી કરવી જોઈએ. ભાઈ આ વાત છે. પોતાના હિતને માટે વાત છે આ તો. શું કહે છે સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો સમ્યગ્દર્શનના અનુભવપૂર્વકની વાત છે. એ પ્રમાણે વ્રત. પણ સમ્યગ્દર્શન ભાન વિના તારા નોકારશી કર શું, મરી જાને બાર મહિનાના તપ કરીને. મિથ્યાત્વ છે. ચીમનભાઈ!

આવું છે, બાપા! કારણ કે પરદ્રવ્યના લક્ષે સ્વદ્રવ્ય શું છે એની દૃષ્ટિ અને અનુભવ તો છે નહિ. તો પરદ્રવ્યને લક્ષે અપવાસ કરે, ઓળી કરે, રાગ ઘટાડે મંદ કરીને કોઈ આટલા વ્રત પાળે આદિ, ભગવાનની જાત્રા કરે, સમ્મેદશિખર કરે, ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ચોવીસ કલાક ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ૐ... ૐ... ૐ... કરે એ પરદ્રવ્ય આશ્રય રાગ ઉત્પન્ન થાય છે અને લાભ માને છે તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

ભાવપાહુડ. કેટલામી? ૮૩. જુઓ ૮૩ છે. **'હવે શિષ્ય પૂછે છે કે જિનધર્મને ઉત્તમ કહ્યો તો ધર્મનું શું સ્વરૂપ છે?'** પાછળ ભાવપાહુડ છે કુંદકુંદાચાર્યનું.

**पूयादिसु वयसहियं पुण्णं हि जिणेहिं सासणे भणियं।**
**मोहक्खोहविहीणो परिणामो अप्पणो धम्मो।।८३।।**

**'અર્થ :- જિનશાસનમાં જિનેન્દ્રદેવે આ પ્રકારે કહ્યું છે કે—પૂજા આદિકમાં અને વ્રતસહિત હોવું એ તો પુણ્ય છે...'** જિનશાસનમાં પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવે વ્રતસહિત પૂજા એ તો પુણ્ય છે. **'અને મોહના ક્ષોભથી રહિત જે આત્માના પરિણામ તે ધર્મ છે.' 'ભાવાર્થ :- લૌકિક જન તથા અન્યમતી કહે છે...'** અર્થ કર્યો છે. લૌકિક, જૈનમાં રહેલો લૌકિક જન છે અજ્ઞાની. **'તથા અન્યમતી કહે છે કે પૂજા આદિક શુભક્રિયા અને વ્રતક્રિયાસહિત છે તે જિનધર્મ છે,...'** પૂજા અને વ્રત એ જૈનધર્મ છે. **'પરંતુ એવું નથી. જિનમતમાં જિન ભગવાને આ પ્રકારે કહ્યું છે કે-પૂજા આદિકમાં અને વ્રત સહિત હોવું તે તો પુણ્ય છે. તેમાં પૂજા અને આદિક શબ્દથી ભક્તિ, વંદના, વૈયાવૃત્ય વગેરે સમજવાં. આ તો દેવ-ગુરુ-શાસ્ત્ર માટે હોય છે...'** પરદ્રવ્ય છેને? પરદ્રવ્યનો આશ્રય છેને તો એ પરદ્રવ્યના આશ્રયે કહ્યું. તો દેવ-ગુરુ-શાસ્ત્રને અર્થે શુભભાવ છે એ તો. પૂજા, ભક્તિ, વંદના વૈયાવૃત્ય. **'અને ઉપવાસ આદિક વ્રત છે તે શુભક્રિયા છે. તેમાં આત્માના રાગસહિત શુભ પરિણામ છે, તેનાથી પુણ્યકર્મ થાય છે. માટે તેને પુણ્ય કહે છે. તેનું ફળ સ્વર્ગાદિક ભોગોની પ્રાપ્તિ છે.'** એ જૈનદર્શન અને જૈનધર્મ નથી. આહા..હા..! ભાવપાહુડ ૮૩મી ગાથા છે. આપણે આવી ગયું. આત્મધર્મમાં બધું આવી ગયું છે. સમજાણું કાંઈ? ભક્તિ, વંદના, પૂજા, વૈયાવૃત્ય એ તો પરદ્રવ્ય દેવ-ગુરુ-શાસ્ત્રના લક્ષે એના આશ્રયની વાત છે. એ તો રાગ થયો. પુણ્ય છે. ધર્મ નથી, સંવરધર્મ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! વ્રત છે એ તો શુભક્રિયા છે, શુભરાગ છે. સાચા વ્રત હોં! એ તો પુણ્યનું કારણ છે, ધર્મ નથી. આહા..હા..!

કહે છે કે જે કોઈ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મજ્ઞાનથી ભ્રષ્ટ... પોતાના સ્વરૂપનું જ્ઞાન ને શ્રદ્ધા ને ભાન અંતરદૃષ્ટિમાં નથી **'તે સ્વયં અજ્ઞાની થયો થકો, મોહ કરે છે,...'** પરમાં સાવધાની કરે છે. સ્વની સાવધાની છોડીને પરમાં સાવધાની કરે છે તો મિથ્યાત્વભાવ છે.

**'રાગ કરે છે અથવા દ્વેષ કરે છે; અને એવો (-મોહી, રાગી અથવા દ્વેષી) થયો થકો બંધાય જ છે,...'** એને તો એકલું બંધન જ છે. **'પરંતુ મુકાતો નથી.'** એને ધર્મ અને સંવર-નિર્જરા કે મુક્તિ થશે નહિ. સમજાણું કાંઈ?

**'આથી અનેકાગ્રતાને મોક્ષમાર્ગપણું સિદ્ધ થતું નથી.'** શું કહે છે? અનેક-અગ્રતા એટલે? પોતાની એકાગ્રતા સિવાય અનેક નામ પરદ્રવ્યમાં એકાગ્ર છે એનાથી મુક્તિ કદી થતી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મુક્તિ ન થાય તો કાંઈ નહિ, પણ ધર્મ તો થાય.

ઉત્તર :- પણ એ પહેલું કહ્યુંને મુક્તિ નથી એટલે મિથ્યાત્વથી મુક્તિ નથી થતી, એમ. મિથ્યાત્વથી મુક્ત થવું એ પણ એક મુક્તિ છે. સમજાણું કાંઈ? આવ્યું હતું. મિથ્યાત્વથી મુક્તિ છે કે નહિ? મોક્ષ છે કે નહિ? આજે ક્યાંક હતું. મગજમાં આવી હતું. મિથ્યાત્વથી મુક્ત થયો છે કે નહિ? મુક્ત થયો છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યને આશ્રયે વિકલ્પ ઉઠે છે. પરદ્રવ્ય આશ્રય વ્યવહાર અને એ વ્યવહાર બંધનું કારણ છે અને એમાં લાભ માને છે અને સ્વદ્રવ્યનો આશ્રય છોડે છે તો મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે તો એ જ મહાસંસાર છે. સમજાણું કાંઈ? ક્યાંક આવ્યું હતું તો ખરું. ઘણું મગજમાં હોય એમાં ક્યાં એ યાદ રહે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'બંધાય જ છે, પરંતુ મુકાતો નથી.'** એ મિથ્યાત્વથી મુક્ત નથી થતો એમ. જેઠાભાઈ! પાછી મુક્તિ ભલે અમારે ન હોય. હા, એમ કહે છે. પરદ્રવ્યનો આશ્રય કરીને સ્વદ્રવ્યનો આશ્રય છોડે છે એ મિથ્યાત્વને પ્રાપ્ત થાય છે તો મિથ્યાત્વથી મુક્તિ થતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? **'આથી અનેકાગ્રતાને...'** અનેક આગ્રતા એમ. પહેલું કહ્યુંને એક અગ્ર. એમ આ અનેક અગ્ર. ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ આનંદનું એકનું લક્ષ, વિષય, ધ્યેય, અનુભવને છોડીને અનેક અગ્ર, બીજા અનેક પદાર્થ અનંત છે એને અગ્ર વિષય બનાવે છે તેને મોક્ષમાર્ગ સિદ્ધ નથી થતો. એને મુક્તિનો માર્ગ, મુક્તિનો માર્ગ નામ સમ્યગ્દર્શન સિદ્ધ નથી થતું. સમ્યગ્જ્ઞાન સિદ્ધ નથી થતું, ચારિત્ર સિદ્ધ નથી થતું. બંધમાર્ગ સિદ્ધ થશે. કહો, સમજાણું કાંઈ? એ ૨૪૩ થઈ.

હવે એ મોક્ષમાર્ગની છેલ્લી ગાથા ૨૪૪. છેલ્લી ગાથા છે. પછી શુભોપયોગની વાત ચાલશે.

**'હવે, એકાગ્રતા તે મોક્ષમાર્ગ છે એમ (આચાર્ય ભગવાન) નક્કી કરતા થકા (મોક્ષમાર્ગ-પ્રજ્ઞાપનનો) ઉપસંહાર કરે છે :—'**

अट्ठेसु जो ण मुज्झदि ण हि रज्जदि णेव दोसमुवयादि।
समणो जदि सो णियदं खवेदि कम्माणि विविहाणि।।२४४।।

૨૪૪. **'अट्ठेसु'** નામ પરપદાર્થ લેવું. ઓલામાં હતુંને એ? **'मुज्झदि ण हि रज्जदि णेव दोसमुवयादि'** એ. એના અર્થનો ખુલાસો કર્યો. અર્થ એ પરપદાર્થ.

**નહિ મોહ, ને નહિ રાગ, દ્વેષ કરે નહીં અર્થો વિષે,**
**તો નિયમથી મુનિરાજ એ વિધવિધ કર્મો ક્ષય કરે. ૨૪૪.**

'**ટીકા :- જે જ્ઞાનાત્મક આત્મારૂપ એક અગ્રને...**' જુઓ, એમાં એ જ હતું. અગ્ર-વિષય પરનો કહ્યો, આ સ્વનો કહે છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ '**(-વિષયને) ભાવે છે,...**' અગ્ર-એકને ધ્યેય બનાવીને એકાગ્ર થાય છે '**તે જ્ઞેયભૂત...**' જાણવા લાયક દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, સમ્મેદશિખર, શેત્રુંજય આદિ બધા જ્ઞેયભૂત પદાર્થ અન્ય દ્રવ્યનો આશ્રય નથી કરતા. લ્યો! સિદ્ધગિરીમાં તો એમ થયું. એક ફેરી ગયા હતા. લ્યો! આ સિદ્ધગિરિમાં ધર્મ તો માનતા નથી. સિદ્ધગિરિની જાત્રાએ તો આવ્યા છો અને માનતા છો નહિ. માને તો કોણ માને? સમજાણું? સિદ્ધગિરિમાં ચડે એ તો શુભરાગ છે, ધર્મ-બર્મ છે નહિ. એ ૯૯ કરે તોપણ ધર્મ નથી અને લાખ કરે તોપણ ધર્મ નથી લ્યો. રાગના-પરદ્રવ્ય આશ્રયથી પુણ્ય ઉત્પન્ન થશે અને લાભ માને છે તો મિથ્યાત્વની ઉત્પત્તિ થશે. અનંત સંસારમાં રખડવાની નિગોદના ભવની પ્રાપ્તિ થશે. એય..! વીરચંદભાઈ! રાડ નાખી જાય. માણસે સત્ય સાંભળ્યું જ નથી (કે) શું સત્ય પ્રભુ આત્મા છે.

નિજનિધાનમાં શું ખામી છે? કે પરનો આશ્રય કરવો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણ આનંદ જ્ઞાન અનંત સ્વભાવથી ભરેલો છે. એવું સ્વને જેણે વિષય બનાવ્યો, ધ્યેય બનાવ્યું, લક્ષ બનાવ્યું, અગ્ર કર્યું અને એમાં એકાગ્ર થાય છે. આહા..હા..! જુઓ, સ્વદ્રવ્ય આશ્રયે મુક્તિમાર્ગ છે. સમજાણું કાંઈ? બહુ ટૂંકી ભાષામાં લઈ લીધું. સમજાણું કાંઈ? '**તે જ્ઞેયભૂત અન્ય દ્રવ્યનો આશ્રય કરતો નથી,...**' જુઓ, '**અને તેનો આશ્રય નહિ કરીને જ્ઞાનાત્મક આત્મજ્ઞાનથી અભ્રષ્ટ એવો...**' જુઓ, ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એની એકાગ્રતા નથી છોડતો, એનાથી ભ્રષ્ટ નથી થતો. સમજાણું કાંઈ? એની ટીકામાં આ પણ એક પ્રશ્ન આવ્યોને હમણા ટીકામાંથી લીધો. એ ટીકામાં. એમાં ટીકા છે જયસેનાચાર્યની. કે મહારાજ! એટલી તમે ચારિત્રની વાત કરો છો તો તેરમા ગુણસ્થાને પણ એક અંશે ચારિત્ર છે, પૂર્ણ ચારિત્ર નથી એમ શિષ્ય કહે છે. કઈ અપેક્ષાએ? એ આત્મામાં ચૌદમી ભૂમિકાએ જે સ્વરૂપની એકાગ્રતા પરિણામિકભાવની પૂર્ણ શુદ્ધતા છે, એવી શુદ્ધતા તેરમે પણ નથી. તો શિષ્ય પ્રશ્ન કરે છે, મહારાજ! એ તેરમે ગુણસ્થાને કેવળજ્ઞાનમાં પણ એક અંશ ચારિત્ર છે. ચૌદમે કે છેલ્લે સમયે પૂર્ણ ચારિત્ર છે. તો અમારે ચારિત્રનું શું કામ? અમે તો સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન કરીએ એટલું બસ છે. સમજાણું કાંઈ? અમે તો રાગથી ભિન્ન નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને રાગથી ભિન્ન ભેદજ્ઞાન બસ, એ અમારે બસ છે.

એ કહે છે કે નહિ, સાંભળ-સાંભળ ભાઈ! એમ નથી. તું કહે છો તેરમે એકદેશ છે એ બીજી ચીજ છે. અમે કહીએ છીએ એ તો વીતરાગી ચારિત્ર કહીએ છીએ. એ ચારિત્ર તો સ્વરૂપની પરિપૂર્ણતાની શુદ્ધિ નથી એ અપેક્ષાએ તેરમે ગુણસ્થાનમાં એક અંશ ચારિત્ર

કહ્યું અને ચૌદમે પૂર્ણ અંશ. પણ જે વીતરાગચારિત્ર અમે કહીએ છીએ ધ્યાન કરવા લાયક વસ્તુમાં, તો એ અભેદ ધ્યાન એ ચારિત્ર છે. ભગવાન કેવળીને પણ ધ્યાન ઉપચારથી છે. વાસ્તવિક ધ્યાન નથી. કેમકે ચારિત્ર તો બારમે થઈ ગયું. હવે ધ્યાન-બ્યાન શું છે? ત્યારે ઉપચારથી ત્યાં ધ્યાન છે તો ખરેખર ચારિત્ર છે, પણ એ આ ચારિત્ર નહિ એ (પૂર્ણ) વીતરાગ ચારિત્ર સિવાયનું ચારિત્ર એ ઉપચારથી ચારિત્ર છે. એમ ઉત્તર દીધો. સમજાણું કાંઈ? માટે હે શિષ્ય! એમ ન હોય. સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક પોતાનું ધ્યાન કરીને વીતરાગ ચારિત્ર પ્રગટ કરીને, કેવળજ્ઞાન પ્રગટ કરવાનો ઉપાય કરવો. સમજાણું કાંઈ? ચારિત્ર વિના કેવળજ્ઞાન ઉત્પન્ન નહિ થાય એમ કહે છે. એવો પ્રશ્ન લીધો છે ટીકામાં. સમજાણું કાંઈ?

અહીં તો વીતરાગ-રાગરહિત ચારિત્રની વાત છે. અને તમે કહો છો એ તો સ્વરૂપમાં પૂર્ણ શુદ્ધિ નથી એ અપેક્ષાએ. ચારિત્ર તો બારમે ગુણસ્થાને વીતરાગ પૂર્ણ થઈ ગયું છે. સમજાણું કાંઈ? તો એ ચારિત્રની ભાવના અને એકાગ્રતા કરવી એ તારે જરૂર છે એમ કહે છે. આહા..હા..! સમ્યક્ અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું, ભેદજ્ઞાન થયું તોપણ તને અંતરની એકાગ્રતા કરીને ચારિત્ર અને વીતરાગતા પ્રગટ કરવી પડશે એવી સમ્યગ્દર્શનમાં જ શ્રદ્ધા હોય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એમ ન માને કે અમને પૂર્ણ થઈ ગયું. ક્યાંથી પૂર્ણ થયું? સમજાણું કાંઈ? પૂર્ણ તો વીતરાગતા ચારિત્રની તો બારમા ગુણસ્થાને હોય છે. તો છઠ્ઠા ગુણસ્થાન, સાતમા ગુણસ્થાનને યોગ્ય તને સ્વભાવ ઉપર સ્થિરતા કરવાથી, ધ્યાન કરવાથી ચારિત્ર પ્રગટ કરવું એમ કહે છે. એમ તું કહે કે સમ્યગ્દર્શન-જ્ઞાન થઈ ગયું, હવે શું છે? એમ નહિ. એવી શ્રદ્ધા જ્ઞાનીને હોતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? પણ આ લોકો કહે છે એવું ચારિત્ર નથી એટલે લોકોને એમ થઈ જાય. શું કહે છે? મનસુખભાઈ! એક ક્ષણ પણ પચ્ચખાણ વિના ન રહેવું. ન થાય તો નોકારશી પચ્ચખાણ કરવી. પણ શું એ પચ્ચખાણ ધૂળ છે? આહા..હા..! પચ્ચખાણની પર્યાય તો આત્માની છે. પચ્ચખાણ એ તો આત્મા છે. પચ્ચખાણ એ વિકલ્પ છે? એ પચ્ચખાણમાં તો રાગ થયો.

આત્મા જ્યાં અંતર સ્વલક્ષ કરીને, સ્વ ધ્યેય બનાવીને અનુભવ સમ્યગ્દર્શનનો નથી ત્યાં સ્વરૂપમાં સ્થિરતાની પર્યાયરૂપ ચારિત્ર આત્માનું છે જ નહિ. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! શું કહે? ખાવું-પીવું હોય તો ત્યાં જાવ અને ત્યાગ કરવો હોય તો અહીં આવો. અરે..! ભગવાન! એમ કહ્યુંને મનસુખભાઈ! પ્રભુ! ખાય-પીવે કોણ? ભાઈ! એમ મશ્કરી ન હોય. સમજાણું કાંઈ? આહા..હા..! ખાય-પીવે કોણ પ્રભુ! ખાવા-પીવાનો વિકલ્પ પણ રાગ છેને, નાથ! આહા..હા..! આ ખાવું-પીવું હું છોડું એ પણ વિકલ્પ છે. આહા..હા..! ભગવાન આત્મા તો વિકલ્પ-રાગથી પાર છે એવી અનુભવની દૃષ્ટિ કરીને, એનું જ્ઞાન રાગથી ભિન્ન કરીને એમાં લીન થવું તે પ્રત્યાખ્યાન છે. સમજાણું કાંઈ? એનું નામ આત્મા પચ્ચખાણ છેને? એ મુજ આત્મ નિશ્ચયજ્ઞાન છેને દર્શન.. જુઓ, મુજ આત્મપ્રત્યાખ્યાન ત્રીજી લીટી છે. મુજ

આત્મપ્રત્યાખ્યાન. તો આત્મપ્રત્યાખ્યાન ક્યારે થાય?

મુમુક્ષુ :- આત્માનો આશ્રય હોય ત્યારે.

ઉત્તર :- આહા..હા..! ભગવાન પૂર્ણાનંદ પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન એવી ચીજની દૃષ્ટિ, અનુભવ થાય, આનંદનો સ્વાદ આવે, પછી આનંદમાં વિશેષ લીન કરીને આનંદનો સ્વાદ પ્રગટે તે આત્મા અને તે પચ્ચખાણ. જેઠાભાઈ! પહેલા સાંભળવા આવ્યા હોય એ તો રાડ નાખે એવું છે હોં! નવા સાંભળવા આવ્યા હોય કે અરર..! આ તો આપણે સાંભળતા કે વ્યવહારની ના પાડે છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો ભાઈ! બાપુ! તારા ઘરની વાત આ તો છે. તે કદી કોઈ દિ' સાંભળી નથી, સમજ્યો નથી અને ઓળખાણ કરી નથી. આહા..હા..! બહારની ક્રિયાકાંડ એવા મહિના-મહિનાના અપવાસ, બાર-બાર મહિનાના અપવાસ. અરે..! ચામડી ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે એટલી તો ક્ષમા અનંતવાર કરી છે. સમજાણું કાંઈ? એ તો પરલક્ષી છે. અરે..! બબ્બે મહિનાના સંથારા. સંથારા સમજો છો? સંથારાને શું કહે છે? સંલ્લેખના. સમાધિમરણ કહે છે. સાઠ-સાઠ દિવસ સુધી ઝાડ જેમ હલે નહિ એમ. એવી ક્રિયા અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો તો કરી એમાં છે શું? એ તો પરદ્રવ્ય આશ્રિત વિકલ્પ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વાત તો અહીં કરે છે.

ભાઈ! સ્વદ્રવ્ય અંદર જ્ઞાનાનંદ છે. પ્રભુ! જેમાં મહા આનંદ, કેવળજ્ઞાનાદિ નિધાન પડ્યું છે. એવડો આત્મા! એવો આત્મા! આ શું? પણ બહારના આગમ પ્રમાણે વ્યવહાર ક્રિયામાં ઠીક દેખાય કે આ કાંઈક કરે છે, ત્યાગી છે. પણ એમાં મિથ્યાત્વના ત્યાગ વિના બહારનો ત્યાગ આવ્યો ક્યાંથી? સમજાણું કાંઈ? ભ્રાંતિ તો પડી છે. મહા ભગવાન આત્માનો સ્વઆશ્રય તો છે નહિ. એની મહત્તા અને મહિમા તો અનુભવમાં ભાસી નથી. બીજી લાખ તારી કરોડ ક્રિયાકાંડ કર, બધું મિથ્યાત્વનું પોષણ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ત્યારે એ કહે છે કે શુભરાગ તો છેને. મિથ્યાત્વમાં રસ મંદ પડે છેને. અરે..! ભગવાન! પણ રસ પડે છેને? અભાવ તો નથીને? સમજાણું કાંઈ? એ મંદરાગથી અભવિ પણ અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો શુક્લલેશ્યાથી. તો એને પણ મિથ્યાત્વનો મંદરસ તો હતો. અનંતાનુબંધીનો પણ મંદરસ હતો. નહિતર શુક્લલેશ્યાથી નવમી ગ્રૈવેયક જઈ શકે નહિ. પણ એમાં શું થયું? એ તો પરદ્રવ્યના આશ્રયે મંદ પડ્યો છે. અભાવ નથી. અભાવ તો સ્વદ્રવ્યનો આશ્રય કરે તો મિથ્યાત્વનો અભાવ થાય છે. સમજાણું કાંઈ? અરેરે..! સત્ય શું સિદ્ધાંત છે? સત્ય શું વસ્તુ છે?

એ અહીં તો કહે છે જુઓ, જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા. એમ કે અહીં તો જ્ઞાતા-દૃષ્ટાસ્વરૂપ એમ લેવું છેને? એ તો કાંઈ રાગનું કરવું એ સ્વરૂપ એનું છે નહિ. પુણ્યના પરિણામ, મહાવ્રતના પરિણામ એ કાંઈ આત્મા નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! વ્રતનો ભાવ, પૂજા, દયા, દાનનો ભાવ એ કોઈ આત્મા નથી. એ તો આસ્રવ છે, અણાત્મા છે.

આહા..હા..! સમજાણું કાંઈ? એ અણાત્માને આત્મા માનીને આત્માથી ભ્રષ્ટ થઈને એમાં રહે છે એ મિથ્યાત્વને પોષે છે. કહો, મનસુખભાઈ! પણ આ તો કેટલો ફેર! બહુ ફેર ભાઈ! બાપુ! સત્ય તો સત્ય રહેશે હોં. કોઈને કારણે સત્ય કાંઈ બીજું નહિ થઈ જાય, ભાઈ! કોઈ દુનિયા ન માને, લાખો માણસ માને બીજી ચીજ. તો શું સત્યને સંખ્યા (જોઈએ) છે? સત્ય તો સત્ય જ છે. માનો, ન માનો એની સાથે સંબંધ નથી. વિરોધ પણ કરે, નિંદા પણ કરે. ખાવું-પીવું હોય તો ત્યાં જાવ, નાણા મેળવવા હોય તો ત્યાં જાવ. ત્યાગ કરવો તો અહીં. અરે..! ભગવાન! શું કહે છે ભાઈ! સમજાણું કાંઈ?

અહીં તો આત્મા ભગવાન પૂર્ણ નિધિનિધાન એનો વિષય ધ્યેય બનાવીને જે આત્મજ્ઞાનથી ભ્રષ્ટ નથી એને કલ્યાણ થાય છે. એને વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે. ૪૩માં તો કહ્યું પરનો આશ્રય કરીને ગમે તેટલો શુભરાગ ઉત્પન્ન કર તો પરમાં સાવધાની છે, પોતાની સાવધાની થોડી છે, મોહ ઉત્પન્ન કરે છે અને રાગ ને દ્વેષ ઉત્પન્ન કરે છે. ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ મહા સ્વભાવનો સાગર સ્વયંભુરમણ લ્યો! સ્વયંભુ કહ્યુંને? સોળમી ગાથામાં પ્રવચનસારમાં કહ્યું છે. આ પ્રવચનસાર છે. ૧૬મી ગાથા. સ્વયંભુ ભગવાન આત્મા છે. સ્વયં છે એ ભુ-પ્રગટ થયો. અંતરના આશ્રયે પૂર્ણાનંદ પ્રભુ છે એ અંતર ધ્યેય બનાવીને એકાગ્ર થયો, પર્યાયમાં સ્વયંભુ થયો, કોઈ રાગ કે નિમિત્ત કે કષાયની મંદતાની અપેક્ષા વિના. એમ કહે છે. સોળમી ગાથામાં આવ્યું પ્રવચનસાર. સમજાણું કાંઈ?

એવા '**આત્મજ્ઞાનથી અભ્રષ્ટ એવો તે સ્વયમેવ જ્ઞાની રહેતો થકો,...**' જુઓ, આહા..હા..! ભગવાન આત્મા એનો અનુભવ, એની દૃષ્ટિ અને એમાં લીન થયો થકો, અચળપણે લીન થયો થકો, જ્ઞાનભૂત રહેતો થકો. એમ. ઓલો અજ્ઞાની હતો. પરદ્રવ્યના આશ્રયે લાભ માનનારો અજ્ઞાની હતો. આ સ્વદ્રવ્યથી લાભ માનનારો જ્ઞાની છે. આહા..હા..! ચોર્યાસીના અવતારમાંથી નીકળવાનું સ્થાન તો એક મનુષ્યના ભવમાં છે. એ ભવનો અભાવ કરવાનો આ ભવ છે. તો આ ભવમાં ભવનો અભાવ (માટે) સ્વદ્રવ્ય આશ્રય ન કરે તો કાંઈ ન કર્યું. આહા..હા..! આ તો આંખ મીંચાઈ જશે ભાઈ! આ તો સ્થિતિ કેટલી? કેટલાકને તો ત્રસની સ્થિતિ પૂરી થવાની છે. જો સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તો તો આગળ ચાલે અને ન પ્રગટ કર્યું તો ત્રસની સ્થિતિ પૂરી થઈને એકેન્દ્રિયમાં ચાલ્યો જશે. સમજાણું કાંઈ?

કહે છે ઓહો..! ભગવાન! ૨૪૪માં મોક્ષમાર્ગની છેલ્લી ગાથા પૂરી કરે છે તો સવળી વાત લીધી. ભગવાન આત્મા '**સ્વયમેવ જ્ઞાની રહેતો થકો, મોહ કરતો નથી,...**' એટલે કે પરમાં સાવધાનીનો ભાવ કરતો નથી, રાગ નથી કરતો અને '**દ્વેષ કરતો નથી; અને એવો વર્તતો થકો...**' એમ કહે છે. ઓહો..! શુદ્ધસ્વરૂપના આનંદમાં વીતરાગ ચારિત્રપણે વર્તતો, રહેતો, રમતો થકો. આ મુનિ. સમજાણું કાંઈ? '**મુકાય જ છે,...**' કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. અલ્પકાળમાં મુક્ત થશે. એ મુક્ત જ છે. આગળ કહેશે. એવા સાધુ વર્તમાનમાં સિદ્ધ

છે. આહા..હા..! વાત એવી છે કે પોતાની વસ્તુ-વસ્તુ અને વસ્તુનો સ્વભાવ મહાસાગર પ્રભુ એની મહિમા જ આવતી નથી. બહારની મહિમા (આવે), સમજાણું કાંઈ? આ મેં કર્યું, મેં દયા પાળી, મેં વ્રત કર્યા, મેં પૂજા કરી, મેં બહારની પ્રવૃત્તિથી નિવૃત્ત થયો, બહારની નિવૃત્તિથી એકાકાર થઈ ગયો, એકલો થઈ ગયો. શું એકલો થયો? સમજાણું કાંઈ? જે તારી ચીજમાં નથી એ રાગ(ના એકત્વમાં) પડ્યો છો તું. બેકલો જ છો. પરદ્રવ્યને આશ્રયે રાગ અને આ છૂટ્યું કે મેં છોડ્યું, મેં આ કર્યું, હું જંગલમાં રહું છું. એ તો અનેક છે, ભાઈ! એ અનેકનો આશ્રય છે, એકનો આશ્રય નથી. સમજાણું કાંઈ?

'**પરંતુ બંધાતો નથી.**' એવા સંત સ્વનો આશ્રય કરીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે, સ્વને આશ્રયે સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યું છે, સ્વ આશ્રયમાં સ્થિર થઈને ચારિત્રમાં વર્તે છે. કહો, ગીરધરભાઈ! આવું ચારિત્ર. 'જૈન ઝંડો અમારો.' તે દિ' ૯૯માં હતું. એ તમારા બાપ મોઢા આગળ હતા ત્યાં. ખબર છે? નીકળ્યા. અમે હતાને, ઓલા શું નામ? ભુદરભાઈના. ભુદરભાઈ નહિ? સોમપરા. એના મકાનમાં હતા અને નીકળ્યા બધા ઝંડો લઈને અમારાથી વિરુદ્ધ બોલવામાં. 'ઝંડા ઉંચા રહે હમારા.' એમ બોલતા હતા. ઠીક ભગવાન! કે એમ કે આ બોલ છે કે આત્માનો ધર્મ આ છે, પુણ્ય એ ધર્મ નથી. નહિ, અમે કહીએ છીએ એ અમારો ધર્મ છે. અરે..! ભગવાન! બાપુ! એમ જૈન ઝંડો ઉંચો ન રહે. જૈનનો ઝંડો તો અંતર આશ્રય કરીને વીતરાગતા પ્રગટ કરે એ જૈનનો ઝંડો ઉંચો રહે. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! તને વસ્તુના...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ બોલતા હતાને. અમારી સામે બોલતા હતા. અમે હતા ત્યાં નજીકમાં નીકળ્યા. 'શિર જાઓ તો જાઓ પણ અમારો જૈન ધર્મ નહિ જાઓ.' પણ (જૈન ધર્મ) કોને કહેવો? ભગવાન! તને ખબર નથી ભાઈ! એય..! ગીરધરભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બાહ્યમાં હોય. બાપુ! એમ કાંઈ હોય? વસ્તુ તો જે છે એ રહેશેને અને એની સંખ્યા પણ કાંઈ બહુ માણસ માને તો એ સાચી વાત છે. થોડી માને તો સાચી એવી કાંઈ વાત છે? આ તો. સમજાણું? કોઈ ન માને તો એથી શું? સત્યને કાંઈ આંચ છે? સત્ય તો સત્ય જ છે. સમજાણું કાંઈ?

કહે છે, એવો ભગવાન આત્મા... જુઓ, છેલ્લી ગાથા કેવી લીધી! સ્વદ્રવ્યનો આશ્રય અને પરદ્રવ્યના આશ્રયની બે ગાથા લીધી. આહા..હા..! એકાગ્ર અને અનેકાગ્ર સિદ્ધ કરવું છેને? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ચૈતન્ય ધામ એની અંતર જાત્રા અંદરમાં જઈને કરી નથી, તો એણે કાંઈ જાત્રા-બાત્રા કરી નથી. શુભભાવ છે એ. પણ આ જાત્રા નથી. સમજાણું કાંઈ? કહો, મનસુખભાઈ! આ ૯૯ જાત્રા. .. બહુ પૂછયું હતું એમ કીધું. હમણા

વાત કરતા હતા ત્યાં. મોઢા આગળ હશે વ્યાખ્યાનમાં આવતા, સામે મકાન હશે તો ગયા હશે. કહે આપ કોણ છો? વળી કોકે કહ્યું કે સોનગઢીયા છે એ. અરે..! ભગવાન! સોનગઢીયા શું કરો ભાઈ! પૂછે ખરુંને કે આવું કર્યું છેને અનંતવાર. જવાબ ન દીધો કાંઈ. એવી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા તો અનંતવાર કરી છે. જવાબ બોલ્યા નહિ કાંઈ. એવું કર્યું. બોલ્યા નહિ. જવાબ ન આપ્યો. જવાબ તો છે. ભવસ્થિતિ પાકી નથી. છેને ખબર છેને. લખ્યું છેને. ભવસ્થિતિ પાકી નથી, શું જવાબ આપે? હવે તો આ કરે એની ભવસ્થિતિ પાકી જશે. અરે..! ભગવાન! આહા..હા..!

મુમુક્ષુ :- આ કરે તો ભવસ્થિતિ પાકે...

ઉત્તર :- શું કરે? એ વાત એને એમ બેઠી હોય છેને. જે અભિપ્રાય છે એ જ આત્મા છે. જે અભિપ્રાય બેઠો એ આત્માનો છે. શું કરે? સમ્યગ્દર્શન આત્મા છે એ શુદ્ધ આત્મા, એમ મિથ્યાદર્શન એ આત્મા. અભિપ્રાયમાં બેઠો એ થઈ ગયો એ તો આત્મા. એ તો એ જ આત્મા છે. અણાત્માને આત્મા માનીને આત્મા છે એમ માન્યું. સમજાણું કાંઈ?

**'આથી એકાગ્રતાને જ મોક્ષમાર્ગપણું સિદ્ધ થાય છે.'** લ્યો! પરમાત્મા અને કુંદકુંદાચાર્યદેવ એમ સરવાળો કરે છે. **'આથી એકાગ્રતાને જ...'** 'જ' ભગવાન આત્માનો અંદર ધ્યેય-અનુભવ કરીને અંતરમાં વર્તવું એવી એકાગ્રતા જ મોક્ષમાર્ગનું કથન છે. એ મોક્ષમાર્ગત્વ-મોક્ષમાર્ગપણું એનાથી સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? બહારની ક્રિયાકાંડથી, બહારના આશ્રયે કદી મોક્ષમાર્ગ પમાતો નથી. હવે તો જુવાનિયા પણ રસ લેતા શીખ્યા છે. હા. નહિ નવલચંદભાઈ? ઓલો નહોતો આવ્યો ભાઈ કેવા? મણિકાંત. નાની ઉંમરનો ૨૨ વર્ષનો માળો, પણ એની રુચિ બહુ હતી અંદર. બેસે ત્યાં થંભી ગયો એમ જાણે લાગે. વિચાર માટે. એક એ જાતનો પ્રયત્ન તો પહેલો કરે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો આત્માની વાત છેને, પ્રભુ! તારા ઘરની વાત છે. આ કાંઈ કોઈ પરના ઘરની વાત નથી. અને જેવી છે એવી કહેવામાં આવે છે. કેમ ન રુચે એને? સમજાણું કાંઈ?

**'આ રીતે મોક્ષમાર્ગ-પ્રજ્ઞાપન સમાપ્ત થયું.'** લ્યો!

મુમુક્ષુ :- બીજા મોક્ષમાર્ગનું શું?

ઉત્તર :- બે મોક્ષમાર્ગ છે જ નહિને. એક જ માર્ગ છે. બીજો છે નહિ. આ તો કહ્યું. એકને આશ્રયે થાય એ મોક્ષમાર્ગ છે. પરને આશ્રયે વિકલ્પને મોક્ષમાર્ગ વ્યવહારથી કહ્યો એ મોક્ષમાર્ગ છે નહિ. મોક્ષમાર્ગ એક જ છે. ભગવાન આત્મા ચિદાનંદકંદ પ્રભુનો આશ્રય કરીને વીતરાગ પર્યાય દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રગટે એ એક જ મોક્ષમાર્ગ છે. બીજો મોક્ષમાર્ગ છે નહિ. બહુ તકરાર કરે છે. નહિ. ભાઈ! કહે કે બે મોક્ષમાર્ગ ન માને એ ભ્રમમાં પડ્યો. ટોડરમલજી કહે એ બે મોક્ષમાર્ગ માને એ ભ્રમમાં પડ્યો છે. ટોડરમલજી છેને? એણે એમ કહ્યું. એમણે એવું લખ્યું કે બે મોક્ષમાર્ગ માને એ ભ્રમમાં પડ્યો છે. ત્યારે એ રતનચંદજી

કહે કે બે મોક્ષમાર્ગ ન માને એ ભ્રમમાં પડ્યો છે. આહા..હા..! વર્ણીજી પાસે બહુ રહ્યા હતાને રતનચંદજી. અરે..! ભગવાન! આહા..હા..! હા, પણ વાંચતા હતા, ધવલ વાંચતા હતા એની પાસે. ધવલ વાંચતા હતા. વળી વાંચતા હતા એની પાસે જઈને. બે માન્યતામાં આવી ગયા. ધવલ વાંચતા હતા. ખબર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ માર્ગ છે. આ બેય માર્ગ નિશ્ચય અને વ્યવહાર એ માર્ગથી તર્યા છે એમ કહે. એમાં આવે. એ તો શ્રીમદ્‌માં પણ એમ આવે. એવી ભાષા છે. ઓહો..! દેવ સાચા સત્પુરુષના શરણ વિના આત્માને મોક્ષમાર્ગ મળશે નહિ. કથનમાં એવું આવે. એ બધા વ્યવહારના કથન છે. કહો, જેણે સત્પુરુષના ચરણકમળ સેવ્યા, સેવ્યા એને મોક્ષમાર્ગ થશે. સત્પુરુષના સેવ્યા નહિ એને મોક્ષમાર્ગ નહિ થાય. આપણે આવ્યુંને ચોથી ગાથામાં. ચોથી ગાથામાં ભાઈ ન આવ્યું '**सुदपरिचिदाणुभूदा**' ચોથી સમયસારમાં. એ તો આવ્યુંને. પાઠ છેને. અમૃતચંદ્રાચાર્યનું એ પરમાગમ છે ટીકા એ. જેણે આત્મજ્ઞાનીની સેવા નથી કરી. એમ આવે છે લ્યો આપણે સમયસારમાં. સેવાનો અર્થ કે જે આત્મજ્ઞાની કહે છે એવી દૃષ્ટિ કરી એ આત્મજ્ઞાનની સેવા. સેવા શું પગ દાબવા છે? આત્મામાં પગ ક્યાં છે? આત્મામાં રાગ ક્યાં છે? રાગને પણ છોડવો-મૂકવો એ આત્મામાં ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો એ અધિકાર પૂરો થયો. અહીંયાં તો છેલ્લે સ્વદ્રવ્યને આશ્રયે જ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર (કહ્યું). તો સ્વદ્રવ્યને આશ્રયે તો વીતરાગભાવ ઉત્પન્ન થાય છે. પરદ્રવ્યને આશ્રયે રાગ ઉત્પન્ન થાય છે. તો પરદ્રવ્યને આશ્રયે રાગ એ મોક્ષમાર્ગ નથી એમ સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ? તો મોક્ષમાર્ગ બે છે એમ છે નહિ. મોક્ષમાર્ગ એક જ છે.

'**હવે શુભોપયોગનું પ્રજ્ઞાપન કરે છે.**' અહીંયાં તો વીતરાગનો મોક્ષમાર્ગ સિદ્ધ કર્યો. હવે ધર્મીને મુનિને પણ શુભોપયોગ પણ હોય છે એ વાત સિદ્ધ કરે છે. પરદ્રવ્ય આશ્રય એટલા મુનિ હોવા છતાં પણ, મોક્ષમાર્ગ આવ્યા છતાં પણ એને છઠ્ઠી ભૂમિકામાં શુભોપયોગ હોય છે. સાસ્રવ હોય છે એ વાત સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એકલો શુભોપયોગ નહિ?

ઉત્તર :- સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત. એકલા શુભનું કોઈ.. કહ્યુંને પહેલા છઠ્ઠા ગુણસ્થાન. આત્મદર્શન, સમ્યગ્દર્શન, અનુભવ, ભેદજ્ઞાન અને ત્રણ કષાય (રહિત) સ્વરૂપની રમણતારૂપ ચારિત્ર. એ સહિતનો શુભોપયોગ એની વાત છે. એકલા શુભોપયોગની વાત છે નહિ. આવશે. બધો ખુલાસો આવશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- છાપામાં એક પંડિત લખે છે શુભોપયોગ એ...

ઉત્તર :- હા એ તો લખે. ખોટી વાત. શુભોપયોગી એ મુનિ છે. અરે..! શુભોપયોગ એ મુનિ નહિ. અહીં તો ધર્મપરિણત આત્મા છે. પહેલા આવ્યું એ જ વાત કરશે. વીતરાગ

પરિણતિ તો આત્મામાં છે. પણ સાતમા ગુણસ્થાનને યોગ્ય નથી તો એમાં શુભવિકલ્પ આસ્રવ છે એની વાત કરે છે. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિ એકલા પરનું લક્ષ કરે શુભોપયોગ, એને વ્યવહાર પણ કહેતા નથી એ તો અહીં સિદ્ધ કરવું છે ચરણાનુયોગમાં. શુભોપયોગ એ તો અશુભ કહે છે મિથ્યાદૃષ્ટિ. એને પાપી જીવ કહે છે લ્યો! મિથ્યાદૃષ્ટિમાં શુભોપયોગ એ આત્માને પાપી કહે છે. સમકિતીને પુણ્યવંત કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**હવે શુભોપયોગનું પ્રજ્ઞાપન...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસહિતનું. શુભોપયોગ જ્ઞાનીને પણ હોય છે, મુનિને પણ હોય છે, બંધનું કારણ છે, આસ્રવ છે. એ શું છે? એ કહે છે હવે. '**તેમાં (પ્રથમ), શુભોપયોગીઓને શ્રમણ તરીકે ગૌણપણે દર્શાવે છે :—**' જુઓ, શુભયોગવાળા સાધુ ગૌણ છે અને શુદ્ધોપયોગી સાધુ મુખ્ય છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને ચારિત્રની વીતરાગ પરિણતિસહિત હોવા છતાં શુભોપયોગ છે તો તેને ગૌણ સાધુ કહેવામાં આવ્યા છે, પેટામાં સાધુ છે. મુખ્ય સાધુ તો શુદ્ધોપયોગી એ જ સાધુ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગૌણ કહો, અંદર વ્યવહાર કહો ખરેખર. ગૌણ કહો કે વ્યવહાર કહો નિશ્ચય આ છે. પણ વ્યવહાર એટલે? શુદ્ધોપયોગ નથી એ અપેક્ષાએ વ્યવહાર. દર્શન-જ્ઞાન-ચારિત્ર તો નિશ્ચય છે જ. સમજાણું કાંઈ? આહા..હા..!

**समणा सुद्धुवजुत्ता सुहोवजुत्ता य होंति समयम्हि।**
**तेसु वि सुद्धुवजुत्ता अणासवा सासवा सेसा।।२४५।।**

ઓહો..! સમ્યગ્દર્શનપૂર્વક, સ્વરૂપ જ્ઞાનપૂર્વક રમણતા અંદરમાં શુદ્ધોપયોગની રમણતા એ અણાસ્રવી સાધુ છે. અને આત્મદર્શન-જ્ઞાન-ચારિત્ર હોવા છતાં પણ, વીતરાગી ચારિત્ર હોવા છતાં પણ છઠ્ઠી ભૂમિકામાં જે શુભરાગ છે તો સાસ્રવી સાધુ છે-આસ્રવવાળા સાધુ છે. આહા..હા..!

મુમુક્ષુ :- મધ્યમ અંતરાત્મા (જેને) કહે છે એ?

ઉત્તર :- હા એ. બરાબર છે. સમજાણું કાંઈ? એ તો રાગ છેને? વિકલ્પ છેને? એટલો આસ્રવ છે. અહીં તો બેમાં મુખ્ય અણાસ્રવી સાધુ તે મુખ્ય છે, શુદ્ધોપયોગી અને શુભોપયોગ ગૌણ છે. પેટામાં પાછળ-પાછળ લેવું. એમ આવશે. મુખ્ય તો શુદ્ધોપયોગી એ જ સાધુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૨૪૫ છેને? ગાથા.

**શુદ્ધોપયોગી શ્રમણ છે, શુભયુક્ત પણ શાસ્ત્રે કહ્યા;**
**શુદ્ધોપયોગી છે નિરાસ્રવ, શેષ સાસ્રવ જાણવા. ૨૪૫.**

એનો ખુલાસો આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૪, રવિવાર, તા. ૨૭.૦૭.૧૯૬૯**
**ગાથા-૨૪૫, પ્રવચન-૨૨૦**

પ્રવચનસાર. ૨૪૫ ગાથા ચાલે છે. સવારમાં તો સમ્યગ્દર્શનનો અધિકાર હતો. સમજાણું કાંઈ? ધર્મની શરૂઆત. આત્મા સર્વજ્ઞસ્વભાવી વીતરાગ સ્વભાવી આત્મા છે. એમાં અભેદપણું આત્મામાં છે. ભેદ નથી કે આ ગુણ છે અને આ ગુણી છે અને આ રાગ છે એ એમાં છે નહિ. એવા આત્મામાં બદ્ધ-અબદ્ધ આદિનો રાગ ઉત્પન્ન થાય છે એ હો, પણ એ આત્માનું સ્વરૂપ નથી. એનાથી ભિન્ન થઈને આત્મા સમ્યગ્દર્શનમાં શુદ્ધ ચૈતન્યનો અનુભવ થાય એનું નામ નિર્વિકલ્પ સમ્યગ્દર્શનની ધર્મની શરૂઆત કહે છે. કહો, સમજાણું કાંઈ? અત્યારે ચારિત્રની વ્યાખ્યા છે. સાધુપદ ચારિત્ર કેવું હોય છે. સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા સાધુપદ, ચારિત્રપદ, મોક્ષનો માર્ગ કોને કહે છે એ વાત ચાલે છે. એ સાધુપદ પણ સમ્યગ્દર્શન સહિત જ હોય છે. સમ્યગ્દર્શન ન હોય અને સાધુપદ થઈ જાય એવી સ્થિતિ નથી. તો કહે છે જુઓ ટીકા ૨૪૫.

'**જેઓ ખરેખર શ્રામણ્યપરિણતિની પ્રતિજ્ઞા કરીને પણ,...**' સાધુપદની પ્રતિજ્ઞા, સાધુપદની અવસ્થા, વીતરાગી પરિણતિ-રાગરહિત પરિણતિ અવસ્થા. એવી '**શ્રામણ્યપરિણતિ...**' ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપનો જે અનુભવ છે એ ઉપરાંત શુદ્ધોપયોગરૂપ, સાધુની પરિણતિ નામ અવસ્થા-શુદ્ધોપયોગ. મહાવ્રતના પરિણામ આદિ છે એ તો શુભ. એને છોડીને સાધુની પ્રતિજ્ઞા પહેલેથી એવી લીધી છે કે '**શ્રામણ્યપરિણતિની પ્રતિજ્ઞા કરીને...**' હું તો વીતરાગ પરિણતિ પ્રાપ્ત કરું. વીતરાગ એટલે? સાતમા ગુણસ્થાનને યોગ્ય. એવી સાધુપદની દશા અંતરમાં પ્રતિજ્ઞા કરીને પણ '**કષાયકણ જીવતો (હયાત) હોવાથી,...**' પણ જેને હજી પંચ મહાવ્રતનો રાગ, એકવાર આહાર લેવો, છ આવશ્યક કરવો એવો જે શુભવિકલ્પ છે એ રાગ એ કષાયનો કણ છે. સમજાણું કાંઈ? જુઓ, કષાયનો કણ છે. પંચ મહાવ્રતનો ભાવ એ કષાયનો કણ છે. ધર્મ નથી. સમજાણું કાંઈ?

છઠ્ઠે ગુણસ્થાને. પહેલા તો કહે પ્રતિજ્ઞા તો હું શ્રામણ્ય પરિણતિ અંગીકાર કરું એવી પ્રતિજ્ઞા કરી, પણ જ્યાં સુધી... એમાં છઠ્ઠા ગુણસ્થાનની સાધુની આનંદ ચારિત્ર વીતરાગતા તો છે, પણ અંશે હજી કષાયનો કણ પણ સાથે છે. પંચ મહાવ્રત, અઠ્ઠાવીશ મૂળગુણ એવો વિકલ્પ જે છે એ કષાયનો કણ છે, રાગનો કણ છે. અગ્નિ, કષાય અગ્નિનો એક કણ છે. ભારે!

મુમુક્ષુ :- ગુણ છે...

ઉત્તર :- એ ગુણ નથી, એ અધર્મ છે. અઠ્ઠાવીશ મૂળગુણ છે એ (ધર્મ છે એ) નિમિત્તથી

કથન કહ્યું. ખરેખર અઠ્યાવીશ મૂળગુણ ધર્મ નથી, ચારિત્ર નથી. અચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું છે, ભાઈ! સમ્યગ્દર્શનનું સ્વરૂપ પણ અલૌકિક છે અને ચારિત્રનો ભાગ તો મહાઅલૌકિક છે. સમજાણું કાંઈ? મુનિ નગ્ન રહે છે બાહ્યમાં. અંતરમાં વીતરાગી પરિણતિ આનંદસહિતની હોય છે. એવી પ્રતિજ્ઞા તો લીધી છે પહેલા. અને સાતમું ગુણસ્થાન પહેલા આવે પણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એમાંથી ખસીને નીચે આવી જાય છે તો વ્રતનો વિકલ્પ, પંચ મહાવ્રતનો રાગ, એવા છ આવશ્યક સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ એવા રાગનો કણ ઉત્પન્ન થાય છે તો એ '**કષાયકણ જીવતો (હયાત) હોવાથી,...**' એ રાગનો ભાગ જીવતો છે હજી. આહા..હા..!

મુમુક્ષુ :- ન પળાય એવી પ્રતિજ્ઞા છે.

ઉત્તર :- એ ઠીક કહે છે એમ કે શ્રામણ્ય પ્રતિજ્ઞા પળે, (પણ) પાળતો જ નથી. એ પ્રતિજ્ઞા લે છે એવી, પણ તૂટી જાય છે એમ કહે છે, એવી સ્થિતિ છે ખરેખર.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ જ લેવાય પ્રતિજ્ઞા. છઠ્ઠા-સાતમાની હોય નહિ. ઠીક અમારે પંડિતજી. સમજાણું કાંઈ? પ્રતિજ્ઞામાં તો સર્વ શુભ-અશુભ પરિણામ રહિત, પંચ મહાવ્રતનો વિકલ્પ છે એનાથી પણ રહિત હું શુદ્ધ વીતરાગી આનંદમાં રહું એવી પ્રતિજ્ઞા હોય છે. ત્યારે સર્વ પ્રતિજ્ઞા લે અને સર્વ તોડે? એમ કહે છે. એય..!

મુમુક્ષુ :- પ્રતિજ્ઞા પૂરેપૂરી લે છે અને જાણે.. સાતમા ગુણસ્થાને થોડો વખત...

ઉત્તર :- એ રહી શકતો નથી. એમાં રહી શકતો નથી. સાધુપદ બાપુ! અલૌકિક છે. સાધુપદ સાંભળ્યું જ નથી કે કોને સાધુ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જાણે છે એમાં પહેલેથી પ્રતિજ્ઞા...

ઉત્તર :- પ્રતિજ્ઞા શું કરે? વીતરાગતા તો લે છે. ત્યાં સુધી સાધુપણામાં તો ચાલ્યું છે કે મને આહાર પણ કરવો નથી એવી શુદ્ધોપયોગની પ્રતિજ્ઞા છે. આહારનો વિકલ્પ પણ આવે છે તો મારી પ્રતિજ્ઞા તૂટી છે એ પોતે મુનિ માને છે. આહા..હા..! શું કરે? તો દેહ છૂટવા કાળે-મૃત્યુ વખતે ફરીને પ્રત્યાખ્યાન કરે છે. એવો પાઠ જયધવલમાં છે. સમજાણું કાંઈ? બાપુ! વીતરાગમાર્ગ તો અલૌકિક છે. સમજાણું કાંઈ? સાધુ થયો તો... 'માણસ હોના મુશ્કેલ હૈ તો સાધુ કહાં સે હો? સાધુ થયો તો સિદ્ધ થયો.' ઓહો..હો..! ધન્ય અવતાર! સાધુપદ એટલે? અત્યારે તો સાધુ શું છે એની ખબર નથી. સાધુ તો કોઈ છે જ નહિ. સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ! પણ સાધુપણું કેવું છે અને કેવી સ્થિતિમાં ઉત્પન્ન થાય છે એની ખબર નથી.

સવારમાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા પણ અલૌકિક કે બધો રાગ છૂટી ગયો (અને) વીતરાગ થઈ ગયો? કહે હા. સાંભળ તો ખરો. દૃષ્ટિમાં, ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એમાં દૃષ્ટિ

પ્રસારીને વિકલ્પની એકત્વબુદ્ધિ હતી એ છૂટી જાય છે અને નિર્વિકલ્પ ભગવાન આત્મા અભેદનો અનુભવ હોય, રાગ હોય પણ ભિન્ન રહે. સમજાણું કાંઈ? એને અંતરમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. અહીંયાં તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ઉપરાંત ચારિત્ર-સ્વરૂપમાં રમવું, લીન થવું એમ ચરવું, આનંદસ્વરૂપ ભગવાન આત્મા લીન અતીન્દ્રિય આનંદનો ઉગ્ર સ્વાદ લેવો, એનું નામ સાધુ છે. એ સાધુપદમાં કહે છે કે પ્રતિજ્ઞા તો શ્રામણ્ય પર્યાયની લીધી. પણ એમાં રહી શકે નહિ તો નીચે ઉતરી જાય છે. પ્રતિજ્ઞા લીધી ત્યારે તો સાતમું ગુણસ્થાન આવી ગયું પહેલા. આહા..હા..! આનંદનો અનુભવ, ચારિત્રની દશાવાળો આનંદ હોં.

પણ '**કષાયકણ જીવતો હોવાથી,...**' પણ રાગનો મંદ ઉદય અંદર રહે છે. હું કોઈ પ્રાણીને ન હણું, સત્ય બોલું, બ્રહ્મચર્ય પાળું એવા મહાવ્રત. મુનિને મહાવ્રતનો રાગ એ કષાય છે, એ દુઃખ છે, એ આકુળતા છે, એ અચારિત્રભાવ છે, પણ એવો ભાવ છઠ્ઠી ભૂમિકામાં સંતોને આવે છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર અલૌકિક વસ્તુ છે. સાધારણ તો અનંતકાળમાં એવું અનંતવાર કર્યું. પંચ મહાવ્રતનો વિકલ્પ આદિ, માસ-માસખમણના અપવાસ એવી ક્રિયા હજારો રાણી છોડીને, ગૃહસ્થાશ્રમ છોડીને સાધુ થયો લ્યો. પણ અંદર રાગને છોડીને ચૈતન્યનો અનુભવ કર્યા વિના બધી ચાર ગતિમાં રખડવાની ચીજ છે એ. સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે ભગવાન પરમેશ્વર તીર્થંકરદેવ. કેવળજ્ઞાનમાં જેવું સાધુપદ ભાસ્યું એવું પરમાત્મા કહે છે. સાધુ શ્રામણ્યપરિણતિ. પરિણતિ નામ અવસ્થા. સાધુની પરિણતિ, પરિણતિ એટલે અવસ્થા, અવસ્થા એટલે દશા, દશા એટલે વીતરાગભાવ. આહા..હા..! એવી પ્રતિજ્ઞા કરીને પણ... પ્રશ્ન તો ઠીક ભાઈ પંડિતજીનો. કે પ્રતિજ્ઞા બધા તોડે જ છે કહે. પણ સ્થિતિ એવી આવ્યા વિના રહેતી નથી. સમજાણું કાંઈ? એય..! ચંદુભાઈ!

'**કષાયકણ જીવતો હોવાથી, સમસ્ત પરદ્રવ્યથી નિવૃત્તિરૂપે...**' એ રાગથી પણ નિવૃત્તિરૂપે '**પ્રવર્તતી એવી જે સુવિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવ...**' ભગવાન આત્મા એકલો... છેને નીચે? '**આત્મતત્ત્વનો સ્વભાવ સુવિશુદ્ધ દર્શન અને જ્ઞાન છે.**' એ તો દૃષ્ટા અને જ્ઞાતા-દર્શન અને જ્ઞાન એવો વિશુદ્ધ સ્વભાવ એનો ત્રિકાળ છે. આત્માનો એ દયા, દાન આદિ વિકલ્પનો, રાગનો પણ સ્વભાવ નથી. ભગવાન આત્મા દર્શન એટલે દૃષ્ટા, દર્શનભાવ સ્વભાવ, જ્ઞાનસ્વભાવ. એવો સ્વભાવવાન દૃષ્ટા અને જ્ઞાતા સુવિશુદ્ધ સ્વભાવ એનો છે. '**એવી જે સુવિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવ આત્મતત્ત્વમાં...**' એવું આત્મતત્ત્વ એમ. કેવું છે આત્મતત્ત્વ? '**સુવિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવ આત્મતત્ત્વમાં પરિણતિરૂપ શુદ્ધોપયોગભૂમિકામાં...**' એ આત્મતત્ત્વમાં શુદ્ધ ઉપયોગ, જેમાં પંચ મહાવ્રતનો વિકલ્પ પણ નથી. એવી અંતરમાં શુદ્ધ પરિણતિ, શુદ્ધ વેપાર, પવિત્ર વેપાર, નિર્વિકારી પરિણતિ,

શુદ્ધોપયોગની પરિણતિ, **'શુદ્ધોપયોગભૂમિકામાં તેમાં આરોહણ કરવા અસમર્થ છે,...'** એ કષાયકણ આવ્યોને પંચ મહાવ્રત આદિનો વિકલ્પ, તો શુદ્ધોપયોગ ભૂમિકામાં રહેવાને અસમર્થ થયો. આહા..હા..! ભારે વાત ભાઈ!

અહીં તો એક જણો કહે કે ણમો લોએ સવ્વ સાહુણં. ત્યાં ક્યા કહ્યું છે ફલાણા સાધુ કે જૈનના? બધાને નમસ્કાર. એય..! એક જણો એમ પણ કહે છે ભાઈ! એ તો દુનિયા સ્વતંત્ર છે. અહીં તો કહે છે કે બાપુ! વસ્ત્ર-પાત્ર છૂટી ગયા. જેણે વસ્ત્ર-પાત્ર રાખ્યા છે અને મુનિપણું માને છે એ તો મિથ્યાદષ્ટિ, ગૃહીત મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. સાધુ તો નથી, પણ મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? વસ્ત્રનો એક ટૂકડો પણ રાખીને, લંગોટી રાખીને 'હું સાધુ છું' એમ માને, ભગવાન કહે છે કે એ મિથ્યાદષ્ટિ છે. વસ્તુની ખબર નથી. કેમકે એટલો વિકલ્પ એ ભૂમિકામાં વસ્ત્ર લેવાનો હોય જ નહિ. એવી વસ્તુની સ્થિતિ એવી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એ પણ નહિ. વસ્ત્ર લેવાનો વિકલ્પ નથી, પાત્ર રાખવાનો વિકલ્પ નથી. સમજાણું કાંઈ? માત્ર પંચ મહાવ્રતના વિકલ્પનો કણ ઉઠે છે એ જીવ શુદ્ધોપયોગમાં આરોહણ કરવાને અસમર્થ છે. આહા..હા..! ચારિત્ર એ ધર્મ અને ચારિત્ર એ મોક્ષના પરિણામ મોક્ષના કારણરૂપ. એમ સિદ્ધ કરવું છેને? તો ભગવાન આત્મા પોતાના શુદ્ધ આનંદમાં વેપાર કરવા, સ્થિર રહેવામાં અસમર્થ છે. કેમ? કે એમાં કષાયનો કણ આવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? તો કહે છે કે શુદ્ધોપયોગભૂમિ. ભૂમિકા નામ અંતરનું શુદ્ધ સ્થાન. એમાં રહેવાને અસમર્થ છે. **'તે (શુભોપયોગી) જીવો—'** ધર્મ પરિણતિ તો છે, શુદ્ધ આનંદકંદની દશા તો છે, પણ શુદ્ધોપયોગની દશા નથી. એકલો શુભરાગ છે એમ નથી. અંતરમાં ત્રણ કષાયનો અભાવ, અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીયના અભાવરૂપ એટલી સ્થિરતા તો છે, પણ એ પંચ મહાવ્રત અઠ્યાવીશ મૂળગુણ મુનિને હોય છે. એકવાર આહાર, ઉભા-ઉભા આહાર વગેરે-વગેરે, નગ્નપણું, છ આવશ્યક, અદંતધોવન વગેરે. સમજાણું કાંઈ? એવો શુભરાગ હોવાથી અંતરમાં શુદ્ધોપયોગમાં આરોહણ કરવાની નબળાઈને કારણે શુભોપયોગ છે.

**'કે જેઓ શુદ્ધોપયોગભૂમિકાના ઉપકંઠે રહેલા છે,...'** પણ કોને કહે છે... આહા..હા..! અંતરમાં આનંદ અને શાંતિનું વેદન તો છે, પણ એ શુદ્ધોપયોગદશા નથી તો એવી દશાવંતમાં જે શુભરાગ આવ્યો પંચ મહાવ્રતનો, તો કહે છે કે શુદ્ધોપયોગ ભૂમિકામાં ઉપકંઠ છે-સમીપ છે. **'તળેટી; પાડોશી; નજીકનો ભાગ; નિકટતા.'** કેમકે શુભ વિકલ્પ છોડીને એ ક્ષણમાં શુદ્ધોપયોગમાં આવશે મુનિ. એવી મુનિની દશા હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા. જુઓ, આ મુનિપણું આવ્યા વિના કદી કેવળજ્ઞાન થશે નહિ. મુક્તિ નહિ થાય એમ કહે છે. પણ મુનિપણું એવું. કોઈ બહારથી સ્ત્રી, કુટુંબ છોડી દીધું અને મુનિ કોઈ મોહગર્ભિત, કોઈ કષાયગર્ભિત, કોઈ સાધારણ વૈરાગ્ય એવા (સહિત) સાધુ એ સાધુ નથી. સમજાણું

કાંઈ? અંતરમાં આત્મજ્ઞાનની અનુભવદૃષ્ટિપૂર્વક, વૈરાગ્ય-પરથી ઉદાસ થઈને, શુદ્ધદશાની, ચારિત્રદશાની રમણતા પ્રગટી છે. એ પણ શુદ્ધોપયોગમાં જવાને અસમર્થ છે અને અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ ઉઠ્યો છે તો એ ઉપકંઠ છે તો કહે છે. એમ કહે છે. નજીકમાં છે. શુદ્ધોપયોગમાં જાવું છેને? એ નજીકમાં છે. એ રૂપ નહિ, પણ નજીકમાં છે, તળેટીમાં છે. તળેટી છેને. ડુંગર ચડતા હોયને. તળેટી. તળેટી. ડુંગર ચડવા.. એમ કહે છે જુઓ, શુભોપયોગી પણ શુદ્ધોપયોગને ઉપકંઠ છે. ભાઈ! એમાંથી કાઢે છે માળા. પણ એ તો વર્ણન કરે છે. કાંઈ શુભોપયોગથી શુદ્ધોપયોગ થાય એવું નથી. આહા..હા..! પણ અહીં તો એને પણ શુભોપયોગથી શુદ્ધોપયોગ નહિ એમ. અજ્ઞાનીની તો વાત પણ ક્યાં છે? પણ આ ધર્મી છે, આત્મામાં ધર્મ પરિણત થયો છે, ચારિત્રની દશા અંતરમાં વીતરાગદશા છે, એમાં જે છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય પંચ મહાવ્રતનો કષાયકણ શુભ આવ્યો એને ઉપકંઠ કહે છે. કેમકે એ છોડીને શુદ્ધમાં જાવું છે. એ શુભોપયોગ જ શુદ્ધોપયોગનું કારણ છે એમ નથી. સમ્યગ્દૃષ્ટિ અને સાધુપદની દશાવાળાની વાત છે. એકલા શુભ પરિણામ-પરિણામ કરે અને એ શુદ્ધોપયોગની ઉપકંઠે-નજીક છે (એમ નથી). એ તો મિથ્યાદૃષ્ટિ છે. હજી તો રાગનું ભાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! મોક્ષમાર્ગ. આહા..હા..! આકરો માર્ગ કહે નહિ? રમણિકભાઈ! એમ કહે છે ભારે આકરું ઝીણું પહોંચાય નહિ કહે.

ભાઈ! અનંતકાળથી આત્મા દુઃખી થઈ રહ્યો છે. ખબર નથી એને. આત્માના આનંદની ખબર વિના દુઃખી છે. એ ગૃહસ્થાશ્રમમાં પુણ્ય-પાપના ભાવ કરે એ મિથ્યાત્વસહિત તો દુઃખી છે જ. સમજાણું કાંઈ? અને બાહ્ય ત્યાગી થઈને અંદરમાં મિથ્યાત્વસહિત પુણ્યભાવ કરે એ પણ દુઃખી છે. નરકમાં દુઃખ, સ્વર્ગમાં દુઃખ, શેઠાઈમાં દુઃખ, રાંકાઈમાં દુઃખ અને પશુમાં દુઃખ. આહા..હા..! ભાઈ! એને ખબર નથી. આત્મા આનંદમૂર્તિ પ્રભુ એનાથી ઉલટો ભાવ કરીને અનાદિથી એકેન્દ્રિય નિગોદથી માંડીને દુઃખી છે. એ દુઃખના અંતનો ઉપાય અને સાદિ-અનંત આનંદ તરફનો ઉપાય તો અલૌકિક હોયને ભાઈ! સમજાણું કાંઈ? પોપટભાઈ! અનંતકાળનું દુઃખ, એ કષાય અગ્નિથી શેકાય છે. એને ખબર નથીને. આનંદ ચીજ શું છે એની ખબર નથી તો પુણ્ય-પાપના ભાવથી અને એ મારી ચીજ એવા મિથ્યાત્વભાવથી શેકાય છે, બળે છે. ઝળહળ-ઝળહળ. આહા..હા..! સમજાણું કાંઈ? એ દુઃખનો અંત કરવો અને અતીન્દ્રિય આનંદ પૂર્ણ પ્રગટ કરવો કે જે આનંદ પ્રગટ્યો એ અનંતકાળ રહે. ભૂતકાળ કરતા અનંતગુણો કાળ ભવિષ્યનો એટલો રહે એ બાપુ! એના ઉપાય તો અલૌકિક જ હોયને. સમજાણું કાંઈ?

આમ તો કહે કે ભાઈ! પૂજા કરો, ભક્તિ કરો, વ્રત પાળો એ તો ખ્યાલમાં આવે. એ તો ધૂળ એ તો રાગ છે. વિકલ્પ છે એ તો. અહીં તો કહે છે કે હું અબદ્ધ છું એવો વિકલ્પ પણ રાગ છે, દુઃખ છે. બહારની તો શું વાત કરવી? આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે '(**શુભોપયોગી) જીવો...**' સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાની, ત્રણ કષાયના અભાવરૂપ ચારિત્ર

વીતરાગદશા એ જીવની વાત ચાલે છે. એ જીવને પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠ્યો છે, એ કહે છે કે **'શુદ્ધોપયોગભૂમિકાના ઉપકંઠે રહેલા છે, કષાયે જેમની શક્તિને કુંઠિત કરી (-રૂંધી) છે...'** આહા..! જુઓ, અરે..! એ રાગનો કણ આવ્યો એણે આત્માના ઉપયોગની શક્તિને કુંઠિત કરી દીધી છે. સમજાણું કાંઈ? લ્યો! પંચ મહાવ્રતના વિકલ્પ. અહીં કહે પંચ મહાવ્રત એ ધર્મ. અજ્ઞાનીના પંચ મહાવ્રત એ ધર્મ લોકો માને છે. પંચ મહાવ્રત પાળે છેને? દયા પાળે, આ કરે, અરે..! ધૂળેય નથી સાંભળને. મિથ્યાત્વભાવ અને કષાયભાવ બેય સાથે પડ્યા છે.

અહીંયાં તો મિથ્યાત્વ ભાવનો નાશ કર્યો છે, ત્રણ કષાયનો નાશ કર્યો છે, ચારિત્રદશા પ્રગટ થઈ છે. એવા જીવને પણ પંચ મહાવ્રતનો રાગ ઉત્પન્ન થાય છે. કહે છે, **'કષાયે જેમની શક્તિને કુંઠિત કરી છે...'** સંકોચ કરી દીધો. આહા..હા..! શુદ્ધોપયોગમાં જામે એવી શક્તિ નથી રહી. શક્તિ ઘટી ગઈ, ઘટી ગઈ. આહા..હા..! પંચ મહાવ્રતના રાગના કણથી શક્તિ મર્યાદામાં આવી, હલકી થઈ ગઈ એમ કહે છે. **'અને જેઓ અત્યંત ઉત્કંઠિત મનવાળા છે...'** જુઓ, આહા..હા..! એ છઠ્ઠે ગુણસ્થાને ચારિત્ર આત્માની દશાસહિત શુભોપયોગી પંચ મહાવ્રતવાળાનું મન ચંચળ છે એમ કહે છે. **'અત્યંત ઉત્કંઠિત (-આતુર) મનવાળા છે તેઓ...'** આ જીવને ન મારું, આવું સત્ય બોલું. આવી-આવી સામાયિક કરું અને ભગવાનની સ્તુતિ કરું એ બધા મનના ચંચળ તરંગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, નવરંગભાઈ! ભારે આકરી વાતું આવી!

**'અને જેઓ અત્યંત ઉત્કંઠિત મનવાળા છે...'** ઉત્કંઠિત મનવાળો એમ. આમ વિકલ્પ ઉઠે છેને? ચંચળ... ચંચળ... ચંચળ... ચપળ. ઓહો..હો..! સમજાણું કાંઈ? ઓલામાં તો દાખલો બહુ આપ્યો છે નહિ? બનારસીદાસમાં તો ક્યાંક એવું આવે છે કે નહિ? દડાની જેમ, ગેંદાની જેમ આમ કરે, એવું આવે છે હોં! ક્યાંક ગુણસ્થાનમાં આવે છે છઠ્ઠા ગુણસ્થાનમાં. છે ક્યાંય? જુઓ. છઠ્ઠાની વ્યાખ્યા છેને ક્યાંક. ગુણસ્થાનમાં હશે ક્યાંક. છઠ્ઠાની વ્યાખ્યા છે પ્રમત્ત. પ્રમત્તભાવ, શુભરાગ પંચ મહાવ્રતનો ભાવ પ્રમાદભાવ. સમજાણું કાંઈ? દડાની જેમ એવું છે. ઉછળે છે એવી ભાષા છે. દડો. દડો હોય છેને દડો. આમ પછાડે તો ઉછળે છે. એમ હલન-ચલન કરવામાં વિકલ્પમાં ચંચળ તરંગ ઉઠે છે કહે છે. આહા..હા..! ઈર્યાસમિતિથી ચાલવું. એને પણ હોં. ઈર્યાસમિતિ જોઈને ચાલવું એ વિકલ્પ પણ ચંચળ અને તરંગ છે અને બંધનું કારણ છે. આહા..હા..! ભારે કામ ભાઈ! જગતને એવું લાગે કે આ તે કાંઈ આવો માર્ગ હશે? વીતરાગનો આવો માર્ગ હશે આપણો? બીજે આવું હોય નહિ, ભાઈ! આહા..હા..!

કહે છે પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ ફરમાવે છે. એને કાંઈ ખબર નથી, સાંભળ્યું નથી એટલે પોતાની કલ્પનાથી માની લે કે આવા સાધુ છે અને આવું સમકિત છે. માનો, એથી

કાંઈ વસ્તુ થઈ જતી નથી. કહે છે. ક્યાંક છે ખરું. છઠ્ઠામાં, ચૌદ ગુણસ્થાનમાં કે પહેલામાં ઓલા સાધ્યસાધકમાં? સાધ્યસાધક આવે છેને? ત્યાં પણ ચોથાથી એવું કાંઈક છે ખરું. સાધ્યસાધકમાં પણ છે. ચોથાથી સાધક છે. ... કેવળજ્ઞાન સિદ્ધપદ. કહે છે '**તેઓ—શ્રમણ** છે...' શિષ્ય પૂછે છે. મહારાજ! આવા સાધુને સાધુ કહેવા કે નહિ? સમજાણું કાંઈ? શિષ્યનો પ્રશ્ન છે. આત્મ અનુભવ છે, સમ્યગ્દર્શન છે, કોઈને તો ક્ષાયિક સમકિત છે. સમજાણું કાંઈ? અને સ્વરૂપની રમણતા ત્રણ કષાયના અભાવની લીનતા પણ છે, વીતરાગતા છે છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય. પણ એમાં આ પંચ મહાવ્રતનો વિકલ્પ જે ઉઠે છે, એ રાગ કષાયના કણથી શક્તિ કુંઠિત થઈ ગઈ. મહારાજ! એ અત્યંત ચંચળ મનવાળો શુભોપયોગી સાધુ, શુભરાગવાળા, શુભવિકલ્પવાળા સાધુ શ્રમણ છે કે નહિ? એ સાધુ છે કે નહિ? '**તે અહીં કહેવામાં આવે** છે :' લ્યો! સમજાણું કાંઈ? શિષ્યનો એ પ્રશ્ન છે. આહા..હા..! જુઓ, પ્રશ્ન પણ કેવો! કે આવું આત્મજ્ઞાન છે, આત્મદર્શન છે, સ્વસંવેદન છે અને વીતરાગી પરિણતિ, અંદર ચારિત્ર સ્વરૂપમાં રમણતા ઉત્પન્ન થઈ છે, પણ આ શુભોપયોગ વચ્ચે આવ્યો અઠ્યાવીશ મૂળગુણનો. એ શુભરાગી પ્રાણી, મહારાજ! એવો રાગનો કણ જીવિત છે, શક્તિ સંકુચિત થઈ છે, ભલે શુદ્ધોપયોગ નજીકમાં છે અને મન ચંચળ છે, તો એને સાધુ કહેવા કે નહિ? પ્રશ્ન તો જુઓ!

અમારે તો આ પ્રશ્ન ૬૮-૬૯ની સાલમાં ઉઠ્યો હતો બીજો. કે સાધુ માટે આ મકાન બનાવે છે ઉપાશ્રય રહેવાનું સ્થાન, પાટ સુવાની. શું કહે છે? આ પાટ. સુવા માટે રૂમ બનાવે, નાની ઓરડી ભોજન કરવા માટે. તો એ પ્રશ્ન ઉઠ્યો હતો કે એ સાધુ વાપરે તો એ સાધુ છે કે સાધુથી ભ્રષ્ટ છે? સમજાણું કાંઈ? ૬૮ની સાલની વાત છે. સંવત્ ૬૮. પછી ૬૯માં વિશેષ સ્પષ્ટ. એમાં લેખ છે. શ્વેતાંબરમાં લેખ છે એવો હોં! ... એ ૧૮ બોલ છે. સમજ્યાને? એ ૧૮ બોલમાં જો એકાદ ભ્રષ્ટ થાય તો .. એવો પાઠ છે. સાધુપણાથી ભ્રષ્ટ છે, શ્વેતાંબરમાં એવો લેખ છે. દશવૈકાલિકમાં છે. એ વખતે કંઠસ્થ કર્યું હતુંને દશવૈકાલિક?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે છેને. બધા લે છેને તમને ખબર નથી?

મુમુક્ષુ :- એના માટે બંગલા બનાવે છે.

ઉત્તર :- બંગલા બબ્બે લાખના બનાવે છે. બે લાખના બંગલામાં રહે છે. આ તો દ્રવ્યલિંગી પણ નથી. આ તો એક વાત છે. એ પ્રશ્ન તો અમારે... એ વખતે તો ક્યાં આ દિગંબર શું છે એ કોને ખબર હતી.

મુમુક્ષુ :- એનું નામ પણ ક્યાં હતું?

ઉત્તર :- નામની પણ ખબર નહોતી કે દિગંબર કોણ છે કેવા છે? અમે તો શ્વેતાંબર હતાને પહેલા એ વખતે તો. કહે છે કે ભાઈ! સાધુપદ છે, તો સાધુ માટે બનાવેલા મકાન, પાટ એને લે તો નવ કોટીમાં કઈ કોટીનો ભંગ થાય છે? એવો પ્રશ્ન ઉઠ્યો હતો. સમજાણું

કાંઈ? ભાઈ એના માટે વાપરે તો નવ કોટી છેને નવ કોટી? મન, વચન, કાયા, કરણ, કરાવન, અનુમોદન. અમારા ગુરુ તો કહે કે એમાં કોટીનો ભંગ નથી. એમ કહ્યું હતું. ૬૯માં. અમને એ વાત બેસી નહિ.

મુમુક્ષુ :- કોઈ પણ પદાર્થ.

ઉત્તર :- કોઈ પણ એના માટે બનાવ્યું હોય અને લે. વેચાતું લે બધું એને અનુમોદન છે. એના મનનું અનુમોદન છે તો ભંગ નવ કોટીમાં કોટી તૂટે છે. સાધુપણું ભ્રષ્ટ થાય છે. એવી વાત છે. સમજાણું કાંઈ?

અહીં તો બીજી વાત છે હજી. અહીં તો હજી મુનિપણું સાચું છે, વસ્ત્ર આદિ નથી, એના માટે બનાવેલું લે નહિ, એને માટે ચોકા કરીને બનાવેલું, પ્રાણ જાય તોપણ ત્રણ કાળમાં ન લે. પણ પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે, અઠ્યાવીશ મૂળગુણનો રાગ, તો એને સાધુ કહેવા કે નહિ? એમ પૂછે છે. આહા..હા..! પ્રશ્ન તો જુઓ, ભારે સરસ પ્રશ્ન! એય..! મહારાજ! આવી દશાવંત છે, વીતરાગી છે, અતીન્દ્રિય આનંદમાં ઝૂલે છે, પણ હજી પંચ મહાવ્રતનો વિકલ્પ આવ્યો છે રાગ, કષાયનો કણ છે, શુભોપયોગ છે, શુભોપયોગ છે, શુભોપયોગ છે, તો એ શુભોપયોગી જીવને-એવા સંતને સંત કહેવા કે નહિ? આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષ અધિકાર. હા બસ એ. જુઓ, એ શુભોપયોગની વ્યાખ્યા કરી.

सुद्धातम अनुभव जहां, सुभाचार तहां नाहि।
करम करम मारग विषैं, सिव मारग सिवमांहि।।३५।।

કર્મ નામ રાગ. રાગ રાગમાં છે, શિવમાર્ગમાં નથી.

इह बिधि वस्तु-व्यवस्था जैसी।
कही जिनंद कही मैं तैसी।।

બનારસીદાસ કહે છે.

जे प्रमाद-संजुत मुनिराजा।
जे प्रमाद-संजुत मुनिराजा।

આ શુદ્ધોપયોગ. આહા..હા..! પંચ મહાવ્રતનો શુભોપયોગ એ પ્રમાદ સહિત મુનિરાજા.

जे प्रमाद-संजुत मुनिराजा।
तिनके सुभाचारसौं काजा।।३६।।

એને શુભોપયોગની સાથે કામ છે. કારણ કે રાગ આવ્યો છે.

जहां प्रमाद दसा नहि व्यापै।
तहां अवलंब आपनौ आपै।।

શુદ્ધોપયોગ.

ता कारन प्रमाद उतपाती।

ता कारन प्रमाद उतपाती।

શુભોપયોગ ઉત્પાદ કરનારા છે જુઓ, સમજાણું કાંઈ?

प्रगट मोख मारगकौ घाती।।

આહા..હા..! ભગવાનભાઈ! હવે આવું ક્યાં તમારે સાંભળ્યું હતું ત્યાં? ત્યાં તો ઓલા જતિ આવ્યા હતો તો દોઢસો રૂપિયા મૂક્યા પગલે. જય મહારાજ. અહીંયાં ક્યાંથી આફ્રિકામાં! ક્યાંથી જોવે લ્યો! એ આફ્રિકામાં હતા. તો એક જતિ હતા. જતિ હોય છેને એ? તો ત્યાં ગયા હતા. તો આ ગૃહસ્થ માણસ આ લોકો પૈસાવાળા. એટલે સૌ પગલા કરાવે ઘરે. કોઈ સો, દોઢસો, બસ્સો. એક લાખ રૂપિયા થઈ ગયા. પછી એ નહિ બીજો પરણ્યો નહિ એનો ભાઈ? કે એ પરણ્યો? પૈસા થયા. આ ભગવાનજીભાઈએ કર્યું હતું ઘરે. પગલા કરાવી જતિ ઠેકાણું કાંઈ ન મળે હોં. એક દોઢસો રૂપિયા પગે. ૧૫૧ મૂક્યા હતા કે નહિ? ૧૫૧, દોઢસો. એકાવન ખબર છે વાત થઈ હતી. એ મિથ્યાત્વનું પાપ થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કોણ ખબર નથી. અહીં તો આમ કહે છે. સાચું સમ્યગ્દર્શન અનુભવ છે, ક્ષાયિક સમકિત છે, ચારિત્ર ત્રણ કષાયના અભાવની દશા છે. એને શુભોપયોગ આવે છે. એ કહે છે. 'प्रगट मोख मारगकौ घाती।।' 'जे प्रमाद संजुगत गुसांई।' 'गुसांई' એટલે સાધુ.

जे प्रमाद संजुगत गुसांई।

उठहिं गिरहिं गिंदुककी नांई।

જુઓ, અમરચંદભાઈ! શુભોપયોગમાં રાગ છેને? ચંચળ છે, તરંગ છે. ઉત્કંઠ કહ્યુંને ઉત્કંઠ? ચપળ છે. 'जे प्रमाद संजुगत गुसांई।' 'गुसांई' એટલે આ સાધુ હોં! ઓલા સાધુ થાય ગુંસાઈ એ નહિ આ. 'उठहिं गिरहिं गिंदुककी नांई।' ગેંદ હોય છેને? 'जे प्रमाद तजि उद्धत हौंहीं।' પ્રમાદ છોડીને અંદરમાં જાય ઉદ્ધત. 'तिनकौं मोख निकट द्रिग सौंही।।३८।।' લ્યો! એને તો મોક્ષ નિકટ દ્રગ છે. સમજાણું કાંઈ?

घटमैं है प्रमाद जब तांई।

पराधीन प्रानी तब तांई।।

जब प्रमादकी प्रभुता नासै।

तब प्रधान अनुभौ परगासै।।३९।।

અનુભવ શુદ્ધોપયોગની વાત છે હોં. સમ્યગ્દર્શનની નહિ. સમજાણું કાંઈ? 'ता कारन जगपंथ इत,' એ રાગ છે ત્યાં જગપંથ એટલો સંસાર છે એમ કહે છે ભાઈ! આહા..હા..! શુભોપયોગ, શાંતિ, વીતરાગ દશા છે.

ता कारन जगपंथ इत, उत सिव मारग जोर।
परमादी जगकौं धुकै, अपरमादि सिव ओर।।४०।।

એ પંચ મહાવ્રતના વિકલ્પ પ્રમાદી સંસારમાં તરફ વળે છે આમ વલણ છે એનું એમ કહે છે. આહા..હા..! જુઓ, સમજાણું કાંઈ? **'जे परमादी आलसी, जिन्हकैं विकलप भूरि।'** વારંવાર વિકલ્પ આવે છે, પ્રમાદ પંચમહાવ્રતનો હોં. પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણનો. **'होइ सिथल अनुभौविषै, तिन्हकौ सिवपथ दूरि।।४१।।'**

जे परमादी आलसी, ते अभिमानी जीव।
जे अविकलपी अनुभवी, ते समरसी सदीव।।४२।।
जे अविकलपी अनुभवी, सुद्ध चेतना युक्त।
ते मुनिवर लघुकालमैं, हौंहि करमसौं मुक्त।।४३।।

બનારસીદાસનું મોક્ષ અધિકારમાં. સમજાણું કાંઈ? એ અહીં કહે છે જુઓ, મહારાજ! જેને આત્મા અનુભવ થયો, આનંદનો અમૃતનો સ્વાદ આવે છે, એ ઉપરાંત કષાયનો અભાવ કરીને જેણે અંતરમાં વીતરાગદશા પ્રગટ કરી છે. બાહ્યમાં જેની નગ્નદશા છે. બાહ્યમાં જેની શરીરમાં નગ્નદશા છે, અભ્યંતરમાં એનો પંચ મહાવ્રતનો, અઠ્યાવીશ મૂળગુણનો રાગ આવે છે, તો મહારાજ! એને સાધુ કહેવા કે નહિ? આહા..હા..! પોપટભાઈ! કહો, આવા પ્રશ્ન છે. અહીં તો કાંઈ ઠેકાણા ન હોય અને એને સાધુ કહેવા કે નહિ એ પ્રશ્ન પણ ઉઠે નહિ એને. આહા..હા..!

તેનો ઉત્તર **'અહીં કહેવામાં આવે છે :'** તેનો ઉત્તર અહીં કહેવામાં આવે છે. **'धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपओगजुदो। पावदि णिव्वाणसुहं सुहोवजुत्तो य सुग्गसुहं।।'** નીચે અર્થ. **'ધર્મે પરિણમેલા સ્વરૂપવાળો...'** નીચે અર્થ છે. છે તો પરિણત ધર્મસ્વભાવવાળો. એ પ્રશ્ન પહેલા આવ્યો હતો. સમજાણું કાંઈ? એક પંડિત તરફથી. જુઓ, શુભોપયોગી પણ ધર્મી છે. પણ આ ધર્મ પરિણત છે એ ધર્મી છે. માળા, ધર્મ પરિણત વિનાનો શુભોપયોગ ક્યાંથી થયો? સમજાણું કાંઈ? જે **'ધર્મે પરિણમેલા સ્વરૂપવાળો આત્મા...'** છે. ધર્મ પરિણત તો છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા તો અંદર છે. સમજાણું કાંઈ? **'પણ જો શુદ્ધ ઉપયોગમાં જોડાયેલો હોય...'** જો શુદ્ધસ્વરૂપમાં લીન હોય **'તો મોક્ષના સુખને પામે છે. અને ધર્મ પરિણમેલા સ્વભાવવાળો આત્મા જો...'** એમ લેવું. ધર્મપરિણત સ્વરૂપવાળો તો છે જ. **'અને જો શુભ ઉપયોગવાળો હોય તો સ્વર્ગના સુખને (બંધને) પામે છે.'** પણ એ ધર્મ પરિણત તો છે જ. ધર્મ પરિણત નથી અને એકલા શુભોપયોગને સાધુ કહ્યા છે, વ્યવહારે કે ગૌણપણે એ વાત અહીંયાં છે નહિ. સમજાણું કાંઈ?

**'એમ (૧૧મી ગાથામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે) પોતે જ નિરૂપણ કર્યું હોવાથી...'**

પહેલા આવી ગઈ છે ૧૧મી ગાથા. ૧૧મી ગાથા આવી ગઈ છે. તેથી '**શુભોપયોગને ધર્મની સાથે એકાર્થસમવાય છે;...**' શું કહે છે જુઓ, ધર્મની સાથે. આત્મા આનંદનું વેદન સમ્યગ્દર્શનનું, સમ્યગ્જ્ઞાનનું. સાથે ધર્મ પરિણતિ નામ અરાગી પરિણતિ, વીતરાગી પરિણતિ છે છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય. એ વીતરાગી પરિણતિ સાથે શુભોપયોગ છે. એ '**સાથે સમાન કોટિના (સરખી હદના)...**' સાથે રહી શકે. શુભોપયોગ અને વીતરાગી પરિણતિ બેય એક સાથે રહી શકે. સમજાણું કાંઈ? છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય વીતરાગ પરિણતિ. આહા..હા..! ભારે લાગે. આ બધું આવું શું હશે? એ કરતા તો આ લૂગડાં છોડીને, બાયડી છોડીને, સંસાર છોડીને સાધુ થયા. જય મહારાજ!

મુમુક્ષુ :- સંસાર વધે છે એમાં.

ઉત્તર :- એનું મિથ્યાત્વ વધે છે, પુષ્ટ થાય છે. જે પદનું ભાન નથી, પદની સ્થિતિની ખબર નથી, પદની વ્યક્તતા શું છે એની ખબર નથી અને એ પદ માને, મનાવે અને માનતાને રૂડું જાણે તો મિથ્યાત્વનું પોષણ થાય છે. આહા..હા..! ભારે વાત! કહે છે '**તેથી શુભોપયોગને ધર્મની સાથે એકાર્થસમવાય છે;...**' હોં ધર્મની સાથે. ધર્મ પરિણતિ છે, વીતરાગદશા છે તો શુભોપયોગ સાથે હોય એમાં કોઈ વિરોધ છે નહિ. અશુભોપયોગ ન હોય એ વાત ચાલી છે પહેલા. '**તેથી શુભોપયોગીઓ પણ, તેમને ધર્મનો સદ્ભાવ હોવાને લીધે,...**' જુઓ,

મુમુક્ષુ :- કારણ આપ્યું.

ઉત્તર :- હા, કારણ આપ્યું. એ શાંતિ, અવિકારી, નિરોગ, નિરાગદશા, નિરોગ-રાગના રોગ વિનાની નિરાગદશા તો છે મુનિને. સમજાણું કાંઈ?

'**તેમને ધર્મનો સદ્ભાવ હોવાને લીધે, શ્રમણ છે.**' એ સાધુ તો છે. અંતર ચારિત્ર છે, સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, બાહ્યમાં નગ્નદશા છે અને અભ્યંતરમાં ધર્મદશાપૂર્વક એને શુભરાગ છે, તો એ સાધુ તો છે. '**પરંતુ તેઓ શુદ્ધોપયોગીઓની સાથે સમાન કોટિના (સરખી હદના) નથી,...**' પણ શુદ્ધોપયોગમાં રમનારા જે સાધુ નિરાસ્રવી છે, સાતમું ગુણસ્થાન. એવા એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ કહે કે પણ હવે અમારે આ શું સમજવું? તો તારે સાધુપદ કેવું છે? દેવ કેવા છે? એ સમજવું છે કે નહિ તારે?

મુમુક્ષુ :- ગુરુ કેવા છે એ તો સમજવું જોઈએને.

ઉત્તર :- ગુરુ કેવા છે. ગુરુની ખબર નથી અને એની માન્યતા સાચી થઈ જાય?

મુમુક્ષુ :- એને સાચા માની લે.

ઉત્તર :- કોને સાચા માને? સત્યની ખબર નથી કે ગુરુનું શું સ્વરૂપ છે. ચારિત્રવંત સંત ગુરુ કેવા છે, શું કહે છે એની તો ખબર નથી. બહારથી ત્યાગ કર્યો અને સાધુ-ગુરુ માની લે તો મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. આહા..હા..! 'દેવ ગુરુ ધર્મની...' કહ્યુંને ઓલું?

'શુદ્ધિ કહો કેમ રહે, કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો.' આનંદઘનજી કહે છે. 'દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે, કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો. શુદ્ધ શ્રદ્ધાન બિન સર્વ ક્રિયા કરે, છાર પર લીંપણું તેહ જાણો.' એ આનંદઘનજીને ભૂતડા-બુતડા કરી નાખ્યા આ લોકોએ અત્યારના હોં! એ તો ભૂતડો હતો કહે. નહિ? સમજાણું કાંઈ?

એમ કહે છે કે અરે..! દેવ-ગુરુ-ધર્મ તો આત્માની શુદ્ધ શ્રદ્ધાની વાત કરે છે. આત્મા શુદ્ધ પવિત્ર એની વાત કરે છે. તારી શુદ્ધ શ્રદ્ધા તને નથી તો દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા પણ તને ક્યાં રહી? અને એ આત્માની વાસ્તવિક શુદ્ધ શ્રદ્ધા વિના જેટલી ક્રિયાકાંડ, વ્રત, નિયમ, તપ આદિ કરીને સુકાઈ જાય એ છાર પર લીંપણું છે. રાખોડી ઉપર ગાર છે. શું કહે છે? આ રાખોડી હોયને રાખ આખી? રાખ સમજો છો? આ ભસ્મ. ભસ્મ. ઉપર લીંપણ. લીંપણ શું એ તો આમ કરે થપ-થપ મારે. બાયું હોયને ગાર કરને જ્યારે. થાપ મારે તો મોટો પોપડો ઉખડે. ગાર નહિ ચોંટે ત્યાં. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા.. લીંપણ કરે છેને? લીંપણ-લીંપણ. અને એવો આમ હાથ મારે આંગળા. એવી ગાર હોય છેને? ગારને શું કહે છે? લીંપણ. લીંપણ પણ એવું હોય છે. આંગળામાં કરે. આંગળા ક્યા ચોંટે પણ નીચે રાખ છે. ત્યાં લીંપણ કેમ રહેશે? એમ સાચી શ્રદ્ધા, સમ્યગ્દર્શન વિના તારી ક્રિયાકાંડ લીંપણ છે. સમજાણું કાંઈ? 'છાર પર લીંપણું તેહ જાણો.' રાખ ઉપર લીંપણ છે. અહીં તો સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રની શુદ્ધ પરિણતિની ભૂમિકામાં છઠ્ઠે ગુણસ્થાને ઉઠનારો શુભયોગ એને મહારાજ સાધુ કહે. કે આવા પ્રશ્ન તો આવા છે. આહા..હા..! અહીં તો જય નારાયણ. સૌ.

કહે છે કે '**તેઓ શુદ્ધોપયોગીઓની સાથે સમાન કોટિના નથી,** કારણ કે **શુદ્ધોપયોગીઓએ સમસ્ત કષાયો નિરસ્ત કર્યા હોવાથી તેઓ નિરાસ્રવ જ છે...**' આ વર્તમાન મુનિ, પંચમ આરાના મુનિના શુદ્ધોપયોગની વાત ચાલે છે. સમજાણું કાંઈ? જે મુનિ પોતાના આનંદસ્વરૂપમાં, શુદ્ધોપયોગમાં લીન છે. સમ્યગ્દર્શન ઉપરાંત ચારિત્રના શુદ્ધોપયોગની વાત ચાલે છે અહીં તો. એ શુદ્ધોપયોગમાં જે છે એ નિરાસ્રવ છે-એને આસ્રવ નથી. '**અને આ શુભોપયોગીઓને તો કષાયકણ અવિનષ્ટ હોવાથી તેઓ સાસ્રવ જ છે.**' આહા..હા..! એકબાજુ કહે કે સમ્યગ્દ્રષ્ટિને આસ્રવ નથી. એય..! નિરાસ્રવી અને નિર્બંધ છે. સમ્યક્ અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું, અનુભવમાં અંતર આનંદનું ભાન થયું, આખું સ્વરૂપ આનંદમય છે. રાગથી પૃથક્ પંચ મહાવ્રતના વિકલ્પથી પૃથક્ એવું ભાન થયું, એ સમ્યગ્દ્રષ્ટિ નિરાસ્રવ છે, નિર્બંધ છે. એ દૃષ્ટિના અનુભવના જોરે કહ્યું.

અહીંયાં છઠ્ઠે ગુણસ્થાને સમ્યગ્દર્શન ઉપર ધર્મ પરિણતિ વિશેષ છે, પણ શુભરાગ છે તો સાસ્રવી છે. આહા..હા..! એને આસ્રવ આવે છે, એને બંધ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને આ તો સાસ્રવ છે. '**અને આમ હોવાથી જ શુદ્ધોપયોગીઓની સાથે આમને...**'

આવા કારણે જેને આત્મજ્ઞાન છે, આત્મદર્શન છે, આત્મસ્થિરતા છે ચારિત્રની, પણ શુભોપયોગ છે. પંચ મહાવ્રતનો શુભોપયોગ અપરાધ છે. એ આસ્રવ છે. એમ કહ્યું કે નહિ? એ આસ્રવ છે. આસ્રવ કહો કે અપરાધ કહો. આહા..હા..! ભારે વાત. આ તો હજી પાંચ મહાવ્રત, સમ્યગ્દર્શન વિના પણ પંચ મહાવ્રતના વ્યવહારના પણ ઠેકાણા નથી. સમજાણું કાંઈ? અઠ્યાવીશ મૂળગુણ કોના પાળવા એના ઠેકાણા નથી. થઈ ગયા પંચમહાવ્રતધારી.

અહીં તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિ સહિત રાગનું કરવું છે નહિ, એવી કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ છે. સ્વરૂપની રમણતા છે, એને પણ રાગ આવે છે. જે કર્તૃત્વબુદ્ધિથી નહિ, પણ નબળાઈને લીધે આવે છે. સંકુચિત-કુંઠિત થયોને પુરુષાર્થ. એ કારણે રાગ આવ્યો પંચ મહાવ્રતનો, અહિંસા, સત્ય-દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહનો. કહે છે કે એ '**કષાયકણ અવિનષ્ટ હોવાથી તેઓ સાસ્રવ જ છે. અને આમ હોવાથી જ શુદ્ધોપયોગીઓની સાથે આમને ભેગા લેવામાં આવતા નથી,...**' શુદ્ધોપયોગી મુનિની સાથે એને ભેગા ન લેવા. આહા..હા..! '**ભેગા લેવામાં આવતા નથી,...**' એમ. '**ભેગા લેવામાં (-વર્ણવવામાં) આવતા નથી,...**' ભગવાન આત્મા... સંત, સાધુને પોતાના આનંદસ્વરૂપમાં લીન ઉપયોગ હોય. સમજાણું કાંઈ? એવા શુદ્ધોપયોગીની સાથે એ રાગવાળા સાધુ સાથે ગણવામાં આવતા નથી. સાથે ગણવામાં નથી આવતા. '**માત્ર પાછળથી જ લેવામાં આવે છે.**' ભાષા જુઓ. ગૌણરૂપે. આહા..હા..! પેટામાં એને લેવામાં આવે છે. આહા..હા..! ભારે વાતું આકરી ભાઈ!

મુમુક્ષુ :- સાતમે આવે પછી મોક્ષાર્થી ગણવામાં આવશે?

ઉત્તર :- ત્યારે સાચા ગણવામાં આવશે.

મુમુક્ષુ :- છઠ્ઠે એવી વાત છે.

ઉત્તર :- છઠ્ઠે એ વાત છે. સમજાણું કાંઈ? સાતમામાં જે શુદ્ધોપયોગવાળા સાધુ છે એની સાથે છઠ્ઠાવાળા, રાગ આસ્રવવાળા ગણવામાં નથી આવ્યા. પછી લેશે ગૌણરૂપે. સમજાણું કાંઈ? એ વ્યવહાર સાધુ થયા. આ વ્યવહાર. છેને એમાં ટીકામાં છે ભાઈ ક્યાંક. જયસેનાચાર્યમાં છે. એ વ્યવહાર સાધુ. આ નિશ્ચય સાધુ. આહા..હા..! જુઓને એક ઠેકાણે છે એમાં શબ્દ. જયસેનાચાર્યની ટીકામાં. ભાવાર્થ લખ્યો છેને ઠીક. પુણ્યાસ્રવ યુક્ત છે. એ શુભોપયોગી જીવોની ગૌણતા છે. વ્યવહાર શબ્દ નથી. એ મારે તો વ્યવહાર નાખવું છે. કારણ છે એટલે. સંસ્કૃતમાં છે. જયસેનાચાર્યની ટીકામાં છે.

આત્મદર્શન છે, સમ્યગ્દર્શન છે, ત્રણ કષાયના અભાવની ચારિત્રદશા છે, પણ શુભોપયોગી છે તો વ્યવહાર સાધુ કહેવામાં આવ્યા છે. આહા..હા..! ગજબ વાત છેને. છે એમાં છે ભાઈ ક્યાંક. છે શુભોપયોગ? જયસેનાચાર્યની ટીકામાં છે. આમાં ટીકા છેને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમ. એમ. ભાઈ! એમ થઈ ગયોને અર્થ? ભાઈ! એ ઓલા સિદ્ધ જેમ

જીવ છે એમ સંસારી જીવ વ્યવહારથી છે, એમ આ વ્યવહારથી છે. એમ છે.

મુમુક્ષુ :- ભાવાર્થમાં લીધું છે.

ઉત્તર :- લીધું છે. હા લીધું, બસ બરાબર છે. એ લેશે. એ વ્યવહાર છે. અહીં તો આ લોકો તો કહે છેને કે સમ્યગ્દર્શન વિના પંચ મહાવ્રતાદિ છે તો વ્યવહારે તો સાધુ છે કે નહિ? એ ના પાડે છે. મિથ્યાદષ્ટિનો પંચ મહાવ્રત પાળવા એ વ્યવહાર પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં તો સમ્યગ્દર્શન આત્માનો નિર્વિકલ્પ અનુભવ અને સ્વસંવેદન જ્ઞાનનું જ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન નહિ. અને સ્વરૂપમાં ત્રણ કષાયના અભાવની ધર્મ પરિણતિ વીતરાગદશા, પણ એ અઠ્ઠાવીશ મૂળગુણનો, પંચ મહાવ્રતનો રાગ આવ્યો તો એને ગૌણ સાધુ, મુખ્યને નિશ્ચય અને ગૌણને વ્યવહાર ભાઈ એમ આવે છે ઘણે ઠેકાણે. મુખ્યને નિશ્ચય અને ગૌણને વ્યવહાર એમ આવે છે. એ અહીં લાગુ પાડ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહાર છેને મુખ્ય લ્યોને. ... વ્યવહાર ક્યાં આવ્યો? પણ એ તો વાત થઈ ગઈ હવે. થઈ ગઈને વળી પાછું શું નવું નાખ્યું? એ તો વ્યવહારની તો વાત થઈ ગઈ. એ તો અંદર છેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, વ્યવહારનું સ્થાપન છેને ઉપર પહેલું ટીકામાં. એ જયસેનાચાર્યની ટીકામાં મૂળમાં. અહીં વ્યવહારને સિદ્ધ જ એ કરવો છે અહીંયાં. એ વ્યવહાર. હજી રાગ કરવાયોગ્ય છે, દયા, દાનના પરિણામ કરવાલાયક છે એવી જેની દષ્ટિ છે એ તો મિથ્યાદષ્ટિ છે. વ્રતના પરિણામ પુણ્ય છે, શુભ છે એ કરવાલાયક છે, કર્તૃત્વબુદ્ધિ છે ત્યાં તો મિથ્યાદષ્ટિ છે. એને તો વ્યવહાર પણ કહેતા નથી. અહીંયાં તો સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની નિશ્ચય પરિણતિ વીતરાગની છે, પણ શુદ્ધોપયોગદશાનો અભાવ છે. તો એ શુભોપયોગીને વ્યવહાર સાધુ કહેવામાં આવે છે. આ જુઓને એક વાત તો. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન વિના એકલા પંચ મહાવ્રતાદિનો ભાવ હોય તો એ વ્યવહાર સાધુ પણ નથી. એ તો વ્યવહારાભાસ છે, અજ્ઞાની છે.

મુમુક્ષુ :- એ સાચો વ્યવહાર હોય તો વ્યવહારે સાધુ.

ઉત્તર :- એ તો સાચો તો પંચ મહાવ્રત જેવા હોય એવા, અઠ્ઠાવીશ મૂળગુણ જેવા હોય એવા, વીતરાગે કહ્યા આગમ પ્રમાણે. એના પણ ક્યાં ઠેકાણા છે? અરે..! ભગવાન! શું થાય? માર્ગની રીત તો એવી છે, ભાઈ! અહીં તો પરમેશ્વર, કુંદકુંદાચાર્યનું કથન. પરમેશ્વરે કહ્યું તે કુંદાકુંદાચાર્ય કહે છે. આહા..હા..! ખબર ન મળે. એય..! ગીરધરભાઈ! કહો આવું સાંભળ્યું હતું ત્યાં? કાંઈ ખબર ન મળે. જય નારાયણ, જય ભગવાન. એય..! ચંદુભાઈ! એનું ગામ છેને.

કહે છે, એ '**ભેગા લેવામાં આવતા નથી, માત્ર પાછળથી જ લેવામાં આવે છે.**' એ તો એનો અર્થ જ આવી ગયો. અમૃતચંદ્રાચાર્ય પણ એ શૈલીથી જ કહે છે. બસ એમ અહીં તો. શબ્દ નથી એટલે જરી .. મુખ્ય એટલે નિશ્ચય અને ગૌણ એટલે વ્યવહાર. આહા..હા..! શુદ્ધોપયોગમાં રમનારા સાધુને મુખ્ય સાધુ, નિશ્ચય સાધુ કહે છે અને પોતાના આત્માના આનંદના અનુભવ ઉપરાંત શાંતિની પરિણતિ વિશેષ હોય, પણ હજી શુભરાગ ભાગ છે આસ્રવનો, પંચમહાવ્રતનો, તો એને વ્યવહાર સાધુ કહેવામાં આવે છે. સાસ્રવી વ્યવહાર સાધુ, નિરાસ્રવી નિશ્ચય સાધુ. આહા..હા..! સાધુપદ કેવું છે, કેમ થાય એની ખબર ન મળે અને એની શ્રદ્ધાની ખબર ન મળે. તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કોને કહેવી એની ખબર ન મળે. પોપટભાઈ!

મુમુક્ષુ :- સાચા શાસ્ત્રો ન મળે તો...

ઉત્તર :- એ એમ. એમાં છે એમાં પણ ક્યાં છે? એ કીધું પહેલી ગાથા ન કીધી? અઢાર બોલમાં કોઈપણ અ... એ એનામાં છે એ પ્રમાણે પણ ક્યાં છે? આહા..હા..! એ ભાવાર્થમાં વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૫, સોમવાર, તા. ૨૮.૦૭.૧૯૬૯**
**ગાથા-૨૪૫ થી ૨૪૭, પ્રવચન-૨૨૧**

પ્રવચનસાર. ૨૪૫ ગાથા. એનો ભાવાર્થ. જુઓ, ચારિત્રની વ્યાખ્યા છે. '**પરમાગમમાં એમ કહ્યું છે કે શુદ્ધોપયોગીઓ જ શ્રમણ છે...**' ખરેખર તો સાધુ, પોતાનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા એના સમ્યગ્દર્શન-જ્ઞાન-અનુભવસહિત શુભોપયોગ એ જ શ્રામણ્યપણું છે, સાધુપણું છે. કહો, સમજાણું કાંઈ? માથે કહ્યું હતુંને. '**શ્રામણ્યપરિણતિની પ્રતિજ્ઞા કરીને...**' ખરેખર તો સાધુપણું શુદ્ધોપયોગથી ગણવામાં આવે છે મુખ્ય વસ્તુ. આત્મા પોતાનું પૂર્ણાનંદ સ્વરૂપ એ તરફના જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાનના ભેદને ભૂલીને પોતાના સ્વરૂપમાં જામી જાય. હું આનંદનો અનુભવ કરું છું એવો પણ ખ્યાલ નથી. સમજાણું કાંઈ? એવો ભેદ પાડીને ખ્યાલ નથી. કરે છે શુદ્ધોપયોગ અંદર રમણતા, આનંદ. એવા પરમાગમમાં શુદ્ધોપયોગીને જ સાધુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**અને શુભોપયોગીઓ પણ ગૌણપણે શ્રમણ છે.**' પણ આત્માના અનુભવસહિત ત્રણ કષાયના નાશની વીતરાગી પરિણતિસહિત જે શુભરાગનો વિકલ્પ છે, પંચ મહાવ્રતનો,

અઠ્યાવીશ મૂળગુણનો, એને ગૌણપણે સાધુ-વ્યવહાર સાધુ કહેવામાં આવે છે. આહા..હા..! અરે..! વીતરાગ માર્ગ તો જુઓ, સમજાણું કાંઈ? શુદ્ધોપયોગ એ વીતરાગ પરિણતિ છે, વીતરાગ અવસ્થા છે અંતર. એ જ સાધુપદ છે. દેહની ક્રિયા નહિ, પંચ મહાવ્રતનો વિકલ્પ નહિ. આ શુભોપયોગ વિકલ્પ છે એ પણ યથાર્થ સાધુપણું નથી. આહા..હા..! યથાર્થ સાધુપણું નથી એટલે નિશ્ચય સાધુપણું નથી એમ કહ્યું.

રત્નત્રયસ્વરૂપ અંદર સાધન કરે રમણતા એને સાધુપદ ગણવામાં આવે છે વીતરાગમાર્ગમાં. બીજામાં તો છે જ નહિ. સર્વજ્ઞ સિવાય એવી વસ્તુની વ્યવસ્થા અને એની શક્તિ અને પ્રગટતાની દશાનો ભેદ એ તો .. છે નહિ. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા જેની જ્ઞાનદશા પૂર્ણ પ્રગટ થઈ છે પૂર્ણ પ્રગટ, એણે જે સાધુપણું કહ્યું અને જોયું છે એ શુદ્ધોપયોગને સાધુ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ શુદ્ધોપયોગ ન હોય તો એ સમયે એને સમ્યગ્દર્શન-જ્ઞાન અને વીતરાગ પરિણતિરૂપ દશા તો છે, પણ સાથે રાગનો કણ છે, શુભરાગ છે, પંચ મહાવ્રત આદિ બધી ક્રિયા બતાવશે. એ ગૌણ ક્રિયા છે, ગૌણપણે. એટલે કે એના પેટામાં વ્યવહાર સાધુ ગણવામાં આવ્યા છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? કેટલો ભેદ!

એક બાજુ ભગવાન આત્મા નિષ્ક્રિય ચૈતન્ય ધ્રુવ એ નિશ્ચય અને મોક્ષની પર્યાય અને મોક્ષનો માર્ગ પણ વ્યવહાર. સમજાણું કાંઈ? વસ્તુ ત્રિકાળ એકરૂપ સ્વભાવ, જ્ઞાન પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ ભગવાન એકરૂપ, એની અપેક્ષાએ તો મોક્ષની દશા અને નિશ્ચય મોક્ષમાર્ગની દશા પણ પર્યાય છે. પર્યાયને કારણે એને વ્યવહાર કહેવામાં આવ્યો છે. આહા..હા..! બીજી અપેક્ષાએ જ્ઞેય અધિકારમાં આવ્યું. રાત્રે વાત કરી હતીને કે આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ અને જ્ઞાનનું ધામ .. રમણ કરે, જે વીતરાગી ચેતના વિલાસ પરિણતિ વીતરાગી ઉત્પન્ન થાય છે તેને વ્યવહાર કહે છે. એ મોક્ષાદિને કહ્યું નહિ અને અહીંયાં એકલા મોક્ષમાર્ગની નિશ્ચય પરિણતિને વ્યવહાર કહ્યો. ઓહો..હો..! આ હતાને? રાતે વાત થઈ હતી. સમજાણું કાંઈ?

ચૈતન્યવિલાસ. વિલાસ એ વ્યવહાર છે. દયા, દાન, પંચ મહાવ્રત વિકલ્પને વ્યવહાર ગણ્યો જ નથી. જ્ઞેય અધિકારમાં આવ્યું ૯૪ ગાથા. વસ્તુની સ્થિતિ ભગવાન આત્મા પિંડ, ચૈતન્યબિંબ છે. આહા..હા..! જિનબિંબ છે એ. એની અંતર એકાકાર થઈને શક્તિની વ્યક્તતા જે એ જાતની પ્રગટ થઈ, નિર્મળ ચેતનાનો વિલાસ, નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સ્વસંવેદનજ્ઞાન અને નિશ્ચય અરાગદશા. એ ચેતના વિલાસને વ્યવહાર કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? પરમાત્મપ્રકાશમાં તો ત્યાં સુધી કહ્યું છે કે એ ભાવલિંગ જે મોક્ષમાર્ગની પર્યાય છે એ પણ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! જુઓ તો ખરા. પરમાત્મપ્રકાશ. દ્રવ્યલિંગ તો આત્માનું સ્વરૂપ નથી, નગ્નપણું નથી, અંદર પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ એ પણ નથી, પણ જે ચેતનાવિલાસ આનંદસ્વરૂપની દશા પ્રગટી એ વ્યવહાર છે, ઉત્પાદ-વ્યયનો ભેદ છે. તો કહે છે કે એ વ્યવહાર હોય, પણ વસ્તુની દૃષ્ટિની અપેક્ષાએ એ ભાવલિંગ

પણ આત્માનું ખરું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો વીતરાગમાર્ગની કેટલી અપેક્ષાથી સમજણના પિંડમાં શું લાગુ પડે છે એ વાત છે. ભાઈ! આ તો વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે. અને એ નિશ્ચયસ્વરૂપ વસ્તુ ... એની નિર્મળ વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિની પર્યાય એને જ્યારે વ્યવહાર કહ્યો તો રાગ વ્યવહાર નહિ, પણ એને સદ્‌ભૂત વ્યવહારની સાથે રાગનું મંદપણું આવે છે તો એને વ્યવહાર કહ્યો. એ અસદ્‌ભૂત વ્યવહાર, આ સદ્‌ભૂત વ્યવહાર ત્રિકાળ વસ્તુ નિશ્ચય. સમજાણું કાંઈ? અહીંયાં એ રીત લીધી અસદ્‌ભૂત વ્યવહારની. ભગવાન આત્મા પૂર્ણાનંદ પૂર્ણ ઈદં પ્રભુ પૂર્ણ વસ્તુ છે. એવો અંતરમાં સમ્યક્ નિશ્ચય અનુભવ થયો, નિશ્ચય જ્ઞાન થયું. નિશ્ચય.. ખરેખર તો એ જ સાધુપદ છે. એ છે વ્યવહાર નિશ્ચયની અપેક્ષાએ. સમજાણું કાંઈ? પણ એમાં વિકલ્પ ઉઠે છે એ અપેક્ષાએ (વીતરાગ પરિણતિ) તે નિશ્ચય છે અને વિકલ્પ શુભરાગ ઉઠે છે એને વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ આનંદકંદ એની શુદ્ધ વીતરાગ પરિણતિ એ મુખ્ય સાધુ. અને એમાં શુભરાગ ઉત્પન્ન થાય છે, પાપબંધ થાય છે એનાથી તો. સાવદ્ય લેશ્યો... આવે છેને ભાઈ ઈ? શુભરાગમાં સાવદ્યનો.. કારણ કે એનાથી ઘાતીકર્મ બંધાય છે. પાપ ઘાતીકર્મ છેને? શુભરાગથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીયમાં ચારિત્ર મોહનીયનો પણ શુભભાવથી રસ પડે છે. સમજાણું કાંઈ? પાપનો રસ પડે છે, ભાઈ! એ અપેક્ષાએ એને પાપ કહ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, નિશ્ચય એટલે પાપ જ કહ્યું છે. ન્યાયથી વસ્તુસ્થિતિ છેને. જેમાં શુભભાવથી તો, મુનિને પણ શુભભાવથી ઘાતિકર્મમાં રસ પડે છે. અને ભલે શુભભાવ તીર્થંકરગોત્રનો હોય, પણ એ અપરાધ છે અને અપરાધથી તો ભલે પુણ્ય બંધાય, એમાં રસ પડે, પણ પાપ ઘાતિમાં રસ પડે છે. આહા..હા..! રસ શું સમજાણું? અનુભાગ. અનુભાગ. આહા..હા..! માર્ગ તો વીતરાગ આત્મા વીતરાગદર્શન, વીતરાગી જ્ઞાન અને વીતરાગી પરિણતિ એનું નામ સાધુ છે. પણ આ સાથે એમાં રહી શકતા નથી. જો રહે તો તો ધારાવાહી શ્રેણી માંડીને કેવળજ્ઞાન લે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ વસ્તુ ધ્યેયમાં લઈને સ્થિર થઈ જાય શ્રેણી માંડીને (તો) અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લે. પણ એવા પુરુષાર્થની ઉગ્રતાના અભાવને લીધે કષાયના કણથી નીચે ઉતરી જાય છે છઠ્ઠી ભૂમિકામાં, છઠ્ઠા ગુણસ્થાને. તો એને વ્યવહાર સાધુ કહે છે. આહા..હા..! એ નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચયજ્ઞાન અને નિશ્ચય રાગની અભાવની પરિણતિ નામ અવસ્થા હોવા છતાં પણ શુભરાગની દશાવાળા સાધુને વ્યવહાર સાધુ કહે છે. આવો વ્યવહાર છે. ભાઈ! માર્ગ તો એ વ્યવહાર... રાગ એ કાંઈ માર્ગ છે? વ્યવહાર અભૂતાર્થ છે. આહા..હા..! ભારે વાત ભાઈ! એને સાધુપદ, ગુરુપદ, ચારિત્રપદ કેવું હોય એની જ

ખબર નથી. એની શ્રદ્ધાની ખબર નથી, માર્ગની ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'ગૌણપણે શ્રમણ છે.' આહા..હા..! શ્રમણ. **'જેમ નિશ્ચયથી શુદ્ધબુદ્ધ-એકસ્વભાવી સિદ્ધ જીવો જ જીવ કહેવાય છે...'** લ્યો! જયસેનાચાર્ય. **'જેમ નિશ્ચયથી...'** ખરેખર સિદ્ધ ભગવાન પૂર્ણ દ્રવ્ય, પૂર્ણ ગુણ, પૂર્ણ પર્યાય શુદ્ધ. **'એકસ્વભાવી...'** પાછા. શુદ્ધબુદ્ધ એકરૂપ સ્વભાવ થઈ ગયોને પર્યાયમાં? તે **'સિદ્ધ જીવો જ જીવ કહેવાય છે...'** સિદ્ધ જીવને જ ખરેખર જીવ કહે છે એમ કહે છે. આહા..હા..! **'અને વ્યવહારથી ચતુર્ગતિપરિણત અશુદ્ધ જીવો પણ જીવ કહેવાય છે.'** ચાર ગતિમાં પરિણતમાં મેલરૂપ ભાવ છેને થોડો? ચતુર્ગતિ પરિણતિમાં. સમજાણું કાંઈ? ઓહો..હો..! સમજાણું? અહીં તો ચૌદમા ગુણસ્થાન સુધી... એટલો અશુદ્ધભાવ છેને. સમજાણું કાંઈ?

**'ચતુર્ગતિપરિણત અશુદ્ધ જીવો...'** જ્યાં સુધી મનુષ્યગતિમાં છે ત્યાં સુધી એને અશુદ્ધ વ્યવહારે જીવ કહેવાય છે. આહા..હા..! **'તેમ...'** એ દૃષ્ટાંત આપ્યું આચાર્યે-જયસેનાચાર્યે ટીકામાં. **'શ્રમણપણે શુદ્ધોપયોગી જીવોનું મુખ્યપણું છે...'** ભગવાન આત્મા પોતાની અંદરમાં લીન થઈ જાય. પંચ મહાવ્રતના વિકલ્પને છોડીને, અઠ્યાવીશ મૂળગુણ જે છે, સામાયિક કરો, ચોવિસંથો કરો, વિનય કરો, વૈયાવચ્ચ કરો વગેરે વિકલ્પ જે શુભરાગ એ છોડીને પોતામાં રમણતા છે એ જ મુખ્યપણે સાધુ છે **'અને શુભોપયોગી જીવોનું ગૌણપણું છે;...'** લ્યો! સમજાણું કાંઈ? શુભરાગવાળો, પંચમહાવ્રતના વિકલ્પવાળો, નિશ્ચય સ્વરૂપ હોવા છતાં પણ... જેને હજી નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય જ્ઞાન અને રાગનો અભાવ નથી એના પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ વ્યવહાર પણ કહેવામાં આવતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને તે પણ નિશ્ચય વિનાનો વ્યવહાર એ વ્યવહારના પણ ઠેકાણા નથી જ્યાં. આહા..હા..! વ્યવહારાભાસના પણ ઠેકાણા નથી. સમજાણું કાંઈ? એને તો ક્યાંય વ્યવહારને કાંઈ ગણવામાં જ આવ્યો નથી. એ મિથ્યાદૃષ્ટિ, વ્યવહારે પણ સાધુ એને કહેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે **'શુભોપયોગી જીવોનું ગૌણપણું છે;...'** જીવ શબ્દે સાધુ હોં. **'કારણ કે શુદ્ધોપયોગીઓ નિજશુદ્ધાત્મભાવનાના બળથી...'** શુદ્ધોપયોગ અંદરમાં... પુણ્ય, શુભ-અશુભભાવ અશુદ્ધ ઉપયોગ છે. એ પંચ મહાવ્રતના વિકલ્પ છે એ અશુદ્ધ ઉપયોગ છે. એને છોડીને **'નિજશુદ્ધાત્મભાવનાના બળથી...'** પોતાના શુદ્ધ સ્વભાવની એકાગ્રતાના બળે. ભાવના શબ્દે જુઓ, ભાવના આવ્યું અહીંયાં. ઓલા તો કહે છે કે ભાવના એ નહિ. ભાવના શ્રાવકને શુદ્ધોપયોગની ભાવના હોય, શુદ્ધોપયોગ ન હોય. એમ કહે છે. ૨૪૮માં આવશે. ટીકામાં છે. ૨૪૮ની ભાઈ ટીકામાં છેને? ૨૪૮. શ્રાવકને સામાયિકકાળમાં સમ્યગ્દૃષ્ટિ નિશ્ચવંતને શુદ્ધોપયોગ હોય છે. સમજાણું કાંઈ? પણ હજી શ્રાવક શું? સમ્યગ્દર્શન શું? એની ખબર નથી.

મુમુક્ષુ :- જન્મ્યા જૈનમાં.

ઉત્તર :- જન્મ્યા કોણ જન્મે? કોણ મરે? આત્મા જુદી ચીજ છે. સમજાણું કાંઈ?

આહા..હા..!

ભગવાન આત્મા... કહે છે કે સમ્યગ્દર્શન સાચો નિશ્ચય, સમ્યગ્જ્ઞાન નિશ્ચય છે, તો શ્રાવકને પણ સામાયિક આદિ કાળમાં શુદ્ધોપયોગ હોય છે. પણ મુખ્યપણે એને શુભોપયોગી ગણવામાં આવ્યા છે. આહા..! દૃષ્ટાંત આપ્યું છેને એમાં? ઓલા વનનું. વનનું દૃષ્ટાંત આપ્યું છે. જયસેનાચાર્યની ટીકામાં છે હોં. આમાં... ઘણા આંબાના ઝાડ હોય. આંબા સમજો છો? અંબ-અંબ-કેરી. આમ-આમ. આમ-કેરી હોય છેને. ઘણા આંબાના ઝાડ હોય તો એમાં પાંચ-પચ્ચીસ પીપળાના ઝાડ હોય તોપણ એને આંબાનું વન કહેવામાં આવે છે. એ થોડાની ગણતરી નથી. અને એકલા લીમડાના ઝાડ હોય અને આંબાના પાંચ-પચ્ચીસ હોય તો લીમડાનું જ વન કહેવામાં આવે છે. એમ સમ્યગ્દૃષ્ટિ આત્મા નિશ્ચય સમકિતી જ્ઞાની, શ્રાવક ગૃહસ્થાશ્રમમાં હોય, એ પણ જ્યારે સામાયિક આદિમાં બેસે છે અંદર ધ્યાનમાં, તો શુદ્ધોપયોગી આનંદદશા આવી જાય છે એને, પણ એ મુખ્યપણે નથી. મુખ્યપણે તો શુભભાવ એને આવે છે તો એને શુદ્ધોપયોગી ગણવામાં આવતા નથી. અને સાધુને શુદ્ધોપયોગી સાધુ (કહ્યો) છે. તો એને ગૌણપણે કોઈવાર શુભ આવે છે તોપણ મુખ્યપણે શુદ્ધોપયોગી ગણવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત!

અહીં કહે છે '**શુદ્ધોપયોગીઓ નિજશુદ્ધાત્મભાવનાના બળથી...**' બળથી હોં. પાછું કર્મ ખસે તો એમ નહિ. ભાઈ! કર્મ માર્ગ આપે તો થાય. અરે..! માળે દૃષ્ટિ જ ઊંધી બધી એની. એ કાંઈક ચારિત્રમોહ માર્ગ આપે તો .. નિજશુદ્ધાત્મા ભગવાન આત્મા એમાં એકાગ્રતાના બળથી '**સમસ્ત શુભાશુભ સંકલ્પવિકલ્પ રહિત હોવાથી નિરાસ્રવ જ છે...**' એને આસ્રવ-નવા કર્મ આવતા નથી, એને સાધુ કહે છે. આહા..હા..! '**અને શુભોપયોગીઓને...**' મુનિ છે, સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, રાગની પરિણતિ ઘણી ઓછી છે, અરાગી પરિણતિ ઘણી છે. '**મિથ્યાત્વવિષયકષાયરૂપ અશુભ આસ્રવનો નિરોધ હોવા છતાં...**' મુનિ સમ્યગ્દૃષ્ટિ છઠ્ઠા ગુણસ્થાનવાળા, એને મિથ્યાત્વ, વિષય, કષાય એવો અશુભ આસ્રવ. જુઓ, મિથ્યાત્વ એ અશુભ આસ્રવ. એનો '**નિરોધ હોવા છતાં તેઓ પુણ્યાસ્રવ સહિત છે.**' પણ એને શુભરાગ છેને પંચ મહાવ્રત દયા, દાન પાળવાનો? અઠ્યાવીશ મૂળગુણ છે એ પુણ્યાસ્રવ છે. સમજાણું કાંઈ? એ ૨૪૫ થઈ.

હવે ૨૪૬. '**હવે શુભોપયોગી શ્રમણનું** લક્ષણ સૂત્ર દ્વારા (ગાથા દ્વારા) કહે છે :—' ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે.

**अरहंतादिसु भत्ती वच्छलदा पवयणाभिजुत्तेसु।**
**विज्जदि जदि सामण्णे सा सुहजुत्ता भवे चरिया।।२४६।।**

૨૪૬.

**વાત્સલ્ય પ્રવચનરત વિષે ને ભક્તિ અર્હંતાદિકે**
**એ હોય જો શ્રામણ્યમાં, તો ચરણ તે શુભયુક્ત છે. ૨૪૬.**

ટીકા.

મુમુક્ષુ :- અન્વયાર્થ.

ઉત્તર :- અન્વયાર્થ. પહેલો અન્વયાર્થ...

**'શ્રામણ્યમાં...'** સાધુપદમાં **'જો અર્હંતાદિક પ્રત્યે ભક્તિ...'** એ અરિહંત અને સિદ્ધ પ્રત્યે ભક્તિ એ શુભરાગ છે. સમજાણું કાંઈ? અર્હંત પરમાત્મા અને સિદ્ધ ભગવાન એને યાદ કરવા, સ્મરણ કરવું, વંદન કરવા એ બધો શુભભાવ છે.

મુમુક્ષુ :- મુનિને શુભભાવ છે?

ઉત્તર :- શ્રાવકને પણ શુભભાવ છે. શ્રાવકને કાંઈ બીજું છે? ગૃહસ્થાશ્રમમાં ભગવાનની ભક્તિ આદિ છે. પરમેશ્વર નામસ્મરણ, વંદન, સ્તુતિ, વિનય બધો શુભભાવ છે. પરદ્રવ્ય છેને? પરદ્રવ્યને આશ્રયે તો રાગ જ થાય છે. સમજાણું કાંઈ?

**'અર્હંતાદિક પ્રત્યે ભક્તિ તથા પ્રવચનરત જીવો...'** એમાં બધું લઈ લેવું. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. સમજાણું કાંઈ? **'પ્રવચનરત જીવો પ્રત્યે વત્સલતા...'** જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એને પ્રવચનમાં વાત્સલ્ય છે, પ્રીતિવાળો છે એ. એવા સાધુ હોય, આચાર્ય, ઉપાધ્યાય, નિશ્ચય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવંત કે શ્રાવક હોય. સમજાણું કાંઈ? **'જીવો પ્રત્યે વાત્સલ્ય વર્તતી હોય...'** પ્રેમ છેને? શુભભાવ છે એ તો. પોતાથી ગુણમાં ભલે ઓછો હોય શ્રાવકાદિ, પણ ધર્મે સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્ર અંશ છે તો એના પ્રત્યે પણ ધર્મીને તો વાત્સલ્ય છે. સમજાણું કાંઈ? **'વર્તતી હોય તો તે શુભયુક્ત ચર્યા છે.'** એ શુભરાગનું પરિણમન છે. આહા..હા..! પુણ્યબંધના પરિણામ છે, આસ્રવભાવ છે. આહા..હા..!

અહીં તો કહે અરિહંતની ભક્તિ, ગુરુની ભક્તિ કરતા કર્મનો ક્ષય થાય. અરે..! ક્યાં ભગવાન! કર્મનો ક્ષય નામ નાશ તો સ્વભાવમાં કર્મ નથી, અશુદ્ધતા નથી એના આશ્રયે અશુદ્ધતા કે કર્મનો ક્ષય કરવામાં આવે છે. સમજાણું કાંઈ? અહીં તો કહે છે, એ બધી શુભયુક્ત ચર્યા છે મુનિની. શુભોપયોગીની એ બધી રમણતા છે. ચાહે તો અરિહંત પ્રત્યે ભક્તિ હોય, વિનય હોય, સમજાણું કાંઈ? એ બધો શુભરાગ છે.

ટીકા. પ્રવચનમાં તો સંઘ લીધો છે ભાઈ આમાં. આગમ પણ લીધું છે અને સંઘ પણ લીધો છે. જયસેનાચાર્યની ટીકામાં. છેને? જયસેનાચાર્યની ટીકામાં છે. જયસેનાચાર્યની ટીકામાં છે. ૨૪૬. જુઓ **'प्रवचनशब्देनात्रागमो भण्यते, संघो वा तेन प्रवचनेनाभियुक्ताः प्रवचनाभियुक्ताः आचार्योपाध्यायसाधवस्तेष्विति।'** કેમકે ઓલામાં તો પહેલું આવ્યુંને અરિહંતનું? એ. **'अरहंतादिसु'**માં પાંચ ન લીધા. એમાં **'अनन्तज्ञानादिगुणयुक्तेष्वर्हत्सिद्धेषु गुणानुरागयुक्ता भक्तिः।'** બસ, બે લીધું. સમજાણું કાંઈ? અને **'पवयणाभिजुत्तेसु

**प्रवचनाभियुक्तेषु। प्रवचनशब्देनात्रागमो भण्यते,**' ભગવાનના આગમ જે પરમાગમ છે એનું બહુમાન એ પણ શુભરાગ છે. શાસ્ત્ર, સર્વજ્ઞની વાણી, પરમાત્માની વાણી એનું બહુમાન, વિનય કરવો એ પણ શુભરાગ આસ્રવ છે. આહા..હા..! અથવા સંઘો—સાધુ, અર્જિકા, શ્રાવક-શ્રાવિકા એને સંઘ કહેવામાં આવે છે. અને યતિના ચાર... યતિના ચાર એ લેશ્યા આદિ. એ લેશ્યા આવે. '**प्रवचनेनाभियुक्ताः प्रवचनाभियुक्ताः आचार्योपाध्यायसाधवस्तेष्विति।**' '**स्वयं शुद्धोपयोगलक्षणे परमसामायिके स्थातुमसमर्थस्यान्येषु**' '**शुद्धोपयोगफलभूतकेवलज्ञानेन परिणतेषु**' અથવા '**शुद्धोपयोगाराधकेषु**' એમ. અરિહંત, સિદ્ધમાં એ શુદ્ધોપયોગનું ફળ આવ્યું. એની ભક્તિ આદિ અને '**शुद्धोपयोगाराधक**' આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. શુદ્ધોપયોગમાં શુદ્ધ આરાધક. એ પ્રત્યેની '**भक्तिस्तच्छुभोपयोगिश्रमणानां लक्षणमिति।।**' સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે, કુંદકુંદાચાર્ય આદિ ગુરુ, આચાર્ય કે ઉપાધ્યાય કે સાચા મુનિ સમ્યગ્દર્શનસહિત મુનિ, સમજાણું કાંઈ? એ પ્રત્યેનો પ્રેમ છે એ શુભરાગ છે. આહા..હા..! કેટલાક કહે છે વાત્સલ્ય. શું નથી આવતું? વાત્સલ્ય છાપું નહોતું આવતું? વિશ્વ વાત્સલ્ય. અમારે પંડિતજીની તૈયારી બધી. પણ એ આપણા વાત્સલ્યની બીજી વાત છે, ધર્મના પ્રેમની વાત છે. ઓલું વિશ્વ વાત્સલ્ય કહ્યું ખબર છે. પહેલું લખે છે શું શબ્દાર્થ? હેં ભાઈ! હરિભાઈ! પહેલો શું છે? આત્મા નહિ? આત્મા. પહેલા આત્મા શબ્દ છે. વાત્સલ્ય હોય છેને. આ વાત્સલ્ય દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે પ્રેમ હોય છે. ધર્મી સમકિતી, જ્ઞાની હોય (એ પ્રત્યે) પ્રેમ હોય છે. પશુ હોય સમકિતી તોપણ જ્ઞાની, ધર્માત્માને પ્રેમ હોય છે. સમજાણું કાંઈ? એવો વિકલ્પ થાય છે. સમજે છે કે એ બંધનું કારણ છે. પણ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! અપવાદી સાધુ કહ્યા એને, જુઓ.

કહે છે કે '**શુભયુક્ત ચર્યા (શુભોપયોગી ચારિત્ર) છે.**' પણ એ શુભયુક્ત ઓલા સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન અને રાગરહિત પરિણતિ છે એની પાસે એવો શુભરાગ છે, એને શુભચર્યા યુક્ત સાધુ કહેવામાં આવે છે. પણ જ્યાં સમ્યગ્દર્શન હજી નિર્વિકલ્પ અનુભવ, શાંતિનો સ્રોત અંદર વહેતો નથી અંદર દૃષ્ટિ-જ્ઞાનમાં અને એનો શુભયોગ છે એને તો શુભયોગ ગણવામાં આવતો નથી. સમજાણું કાંઈ? એ નિશ્ચયમાં પણ નહિ અને વ્યવહારમાં નહિ, કોઈ ગણતરી નથી એની. આહા..હા..!

'**ટીકા :- સકળ સંગના સંન્યાસસ્વરૂપ શ્રામણ્ય હોવા છતાં પણ...**' ભાષા જુઓ, મુનિ ચારિત્રવંત કેવા હોય છે? '**સકળ સંગના સંન્યાસસ્વરૂપ...**' સકળ સંગ. રાગનો પણ સંગ છૂટી ગયો. સમજાણું કાંઈ? '**સકળ સંગના સંન્યાસ...**' એ ત્યાગ. એ કહે છે સંન્યાસી અન્યમાં છે આપણામાં સંન્યાસી છે કે નહિ? સંન્યાસીનો અર્થ શું? રાગનો ત્યાગ. આહા..હા..! શબ્દ પકડે. લ્યો! આપણે સંન્યાસી હોય? હવે સાંભળ તો ખરો, ભગવાન! સંન્યાસી જ

અહીં હોય સાંભળતો ખરો. '**સકળ સંગના સંન્યાસસ્વરૂપ શ્રામણ્ય હોવા છતાં પણ...**' એવું સાધુપદ. આનંદસ્વરૂપમાં રમતા એવું હોવા છતા પણ જે '**કષાયલવના આવેશને વશ...**' જુઓ, આહા..હા..! આ કષાય અંશ. છેને? ત્યાં લવ કીધું છે. આમાં કષાય અંશ. લવ એટલે અંશ. પણ એ અલ્પકષાયના આવેશને વશ પાછું એમ. રાગ એ આવેશ છે. આહા..હા..! '**કષાયલવના આવેશને વશ કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાને પોતે અશક્ત છે...**' કેવળ ભગવાન આત્મામાં આનંદરૂપે શુદ્ધોપયોગમાં રહેવામાં અશક્ત છે.

'**એવો જે શ્રમણ,...**' એવા સાધુ, એવા મુનિ '**સકળ સંગના સંન્યાસરૂપ શ્રામણ્ય હોવા છતાં પણ કષાયલવના આવેશને...**' એક વાત. હવે '**પર એવા...**' પરરૂપના બે ભેદ. પરરૂપ છેને? '**(૧) કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેલા અર્હંતાદિક...**' એ પર છે. કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેલા અર્હંતાદિક. '**તથા (૨) કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાનું પ્રતિપાદન કરનાર પ્રવચનરત જીવો...**' ઓહો..હો..! જુઓ, પ્રતિપાદનના કથનની શૈલી આવી પાછી. આવું પ્રતિપાદન! આહા..હા..! ધર્માત્મા, સંતો, મુનિઓ પ્રતિપાદન કેવું કરે? '**કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાનું પ્રતિપાદન કરનાર પ્રવચનરત જીવો...**' ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં પરિણતિ કરે એ એવું પ્રતિપાદન કરે. સમજાણું કાંઈ? એનો અર્થ એ કે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એવું પ્રતિપાદન કરે એમ. એ અરિહંત સિદ્ધમાં આવી ગયું. સમજાણું કાંઈ?

'**કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાનું પ્રતિપાદન કરનાર પ્રવચનરત જીવો...**' આહા..હા..! વીતરાગ... વીતરાગ... સંતો તો વીતરાગનો ઉપદેશ કરે છે. આવે છેને એ? એ જ વાત અહીં આમ લીધી. આત્માવલોકનમાં દીપચંદજીએ લીધું છે. સંતો તો વીતરાગનો ઉપદેશ કરે છે. ભગવાન! તારું દ્રવ્ય વીતરાગ છે, તારો ગુણ વીતરાગ છે, તારી પરિણતિમાં વીતરાગ છે, વીતરાગભાવ હોય એ ઉપદેશ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? .. રાગ શુભભાવનો, જિનેન્દ્રની પૂજા આદિનો ઉપદેશ કરે, પણ એ ગૌણપણે, મુખ્યપણે આ છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે...**' એકલા ભગવાન આત્મા અવિકારી શાંતરસનો પિંડ પ્રભુ આત્મા, એની શુદ્ધ પરિણતિ, રમણતા, અવસ્થા એવું કથન કરનારા '**પ્રવચનરત જીવો પ્રત્યે...**' બે આવ્યુંને? એક અર્હંતાદિ અને એક આ (એમ) બે. એ બે પ્રત્યે '**(૧) ભક્તિ તથા (૨) વત્સલતા વડે ચંચળ છે, તે શ્રમણને,...**' લ્યો! બે પ્રત્યે જેને ભક્તિ અને વત્સલતા પ્રેમ એ મન ચંચળ છે, શુભભાવ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વને છોડીને પર આવ્યુંને બે? એમ કહે છે. એમ કહે છે.

ભગવાન આત્મા પોતાનો આશ્રય કરીને શુદ્ધોપયોગમાં રહે એમાં તો પર તરફનું લક્ષ છે નહિ. પણ એમ રહી શકે નહિ, સમ્યગ્દર્શન સાચું છે, સમ્યગ્જ્ઞાન છે, ચારિત્ર પણ અરાગી પરિણતિ અવસ્થા છે, પણ શુદ્ધોપયોગમાં રહેવાની શક્તિની ખામી છે. એ કારણે પર એવા

અર્હંતાદિ અને પ્રવચનરત જીવો પ્રત્યે ભક્તિ અને વત્સલતા વડે ચંચળ છે, તે શ્રમણને... એવું મન ચંચળ છે એટલું. આહા..હા..! ઉત્કંઠિત આવ્યું હતુંને? અત્યંત ઉત્કંઠિત-આતુર મનવાળો, ચંચળ મનવાળો. કારણ કે મનનો સંગ છે એટલો. શુભરાગ. સમજાણું? જેટલો શુભરાગ ઉઠે એટલો મુનિનો સંગ છે.

કહ છે, ભારે ભાઈ! એય..! કહે કે અંદરમાં એને આવો પંથ ઝીણો! એય..! ક્યાં ગયા? નથી આવ્યા. આવ્યા છેને? ..ભાઈ! એ બપોરે આવે છેને. એ કાલે કહેતા હતા કે મારું ભારે આ પકડવું આકરું કહે. .. બાપા! આ તો ધર્મ માર્ગ છે. અજ્ઞાનીએ તો અનાદિથી એમ માની રાખ્યું છે કે આમ કરવું, તેમ કરવું, તેમ કરવું. એ તો અનાદિનું અજ્ઞાન છે. જન્મ-મરણનો અંત અને આનંદની શરૂઆત. અલૌકિક વાત છે. સમજાણું?

'**તે શ્રમણને, માત્ર તેટલા રાગ વડે પ્રવર્તતી...**' જુઓ, એટલો રાગનો કણ. અરિહંત સિદ્ધ પ્રત્યે પણ ભક્તિ અને પ્રેમ. આવે છેને. ભક્તિ અને પ્રેમ. અને આચાર્ય, ઉપાધ્યાય સાધુ સાચા, સમ્યગ્દષ્ટિ, જ્ઞાની સાચા એના પ્રત્યે પણ ભક્તિ અને પ્રેમ '**માત્ર તેટલા વડે પ્રવર્તતી પરદ્રવ્યપ્રવૃત્તિ સાથે...**' જુઓ, રાગથી પ્રવર્તમાન પરદ્રવ્યપ્રવૃત્તિ. ભાષા જુઓ, એટલી પરદ્રવ્ય પ્રવૃત્તિ થઈ, રાગ. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરદ્રવ્યપ્રવૃત્તિ સાથે શુદ્ધાત્મપરિણતિ મિલિત હોવાને લીધે,...**' પણ શુદ્ધાત્મ પરિણતિ છે. એકલો રાગ શુભ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અટપટી વાત આવી.

ઉત્તર :- અટપટી ક્યાં આવી? લે! એકલો શુભરાગ નહિ પણ શુદ્ધાત્મપરિણતિની સાથે શુભરાગ છે એમ કહે છે. અટપટી ક્યાં છે ભાઈ? ઓલો એકલો શુભરાગ લે કે એકલો શુભભાવ છેને એ પણ છે ધર્મી, એને ધર્મી ગણવામાં આવતો નથી એમ નથી. આ તો '**શુદ્ધાત્મપરિણતિ મિલિત હોવાને લીધે, શુભોપયોગી ચારિત્ર છે.**' આહા..હા..! શું કરે? જુઓ, શુભોપયોગરૂપી સાધુ કહ્યા છે. પણ કોના શુભોપયોગી? એનો કે જેમાં નિશ્ચય સમ્યક્ અનુભવ છે, નિશ્ચય સ્વસંવેદનજ્ઞાન છે અને નિશ્ચય ચારિત્ર ત્રણ કષાયના અભાવની પરિણતિ શુદ્ધાત્મ છે. એની સાથે શુભોપયોગ થયો એ શુભોપયોગી ચારિત્ર એને વ્યવહારે સાધુ કહે છે. સમજાણું કાંઈ? જુઓને આચાર્ય સ્પષ્ટ કેટલું કરે છે! આચાર્ય ટીકાકાર પોતે સ્પષ્ટ કરે છે. અમૃતચંદ્રાચાર્ય મુનિ પોતે મહાસંત છે, આચાર્ય છે. વિકલ્પ ઉઠ્યો છે લખવાનો, પ્રવચન, ભક્તિનો. આવે છેને ભાઈ! શું કીધું શ્રીમદ્દે નહિ? નિયમસારમાં. નિયમસારમાં આવે છે પ્રવચનભક્તિ. છે મુનિપણાની ભાવના અને ઓલામાં પ્રવચન... પંચાસ્તિકાયમાં છેલ્લે. એ કહે પ્રવચનની ભક્તિથી... મને ખ્યાલ છે કે એ ભક્તિ છે, પણ રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હમણા અમારું મન ચંચળ છે. શાસ્ત્રની ટીકા કરવા માટે. એમ કહે છે. નિયમસાર. પદ્મપ્રભમલધારિદેવ. અમારું મન અત્યારે ચંચળ છે. એવો વિકલ્પ આવ્યા કરે છે કે આ શાસ્ત્રની

ટીકા થાય. પણ છે એ વિકલ્પ, છે પુણ્યાસ્રવ, પણ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-શુદ્ધાત્મ પરિણતિની સાથે છે એ માટે એને વ્યવહાર સાધુ ગણવામાં આવ્યા છે. આહા..હા..! ભારે માર્ગ ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મનનો .. શુભરાગ છેને? રાગ આવ્યો એટલે પરદ્રવ્યનું અવલંબન.. હોય નહિ અને પરદ્રવ્યની પ્રવૃત્તિ. પર લક્ષ ગયું એટલે પરદ્રવ્ય એમ.

'**પરદ્રવ્યપ્રવૃત્તિ સાથે...**' શુભરાગ છેને એ? '**શુદ્ધાત્મપરિણતિ મિલિત હોવાને લીધે, શુભોપયોગી ચારિત્ર છે.**' વ્યવહાર. આહા..હા..! '**આથી (એમ કહ્યું કે) શુદ્ધ આત્માના અનુરાગયુક્ત...**' જેને શુદ્ધોપયોગ અને શુદ્ધાત્માનો પ્રેમ છે એવું '**ચારિત્ર શુભોપયોગી શ્રમણોનું લક્ષણ છે.**' લ્યો! શુદ્ધાત્માના અનુરાગયુક્ત ચારિત્ર એમ. સમજાણું કાંઈ? શુદ્ધાત્મા અરિહંત સિદ્ધ છે, આચાર્ય, ઉપાધ્યાય આદિ છે એમાં પ્રેમયુક્ત જે ચારિત્ર છે તે. '**શુદ્ધ આત્માના અનુરાગયુક્ત ચારિત્ર શુભોપયોગી શ્રમણોનું લક્ષણ છે.**' સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- એકલી શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાને અસમર્થ હોવાને લીધે...**' મુનિ પોતાના આનંદમાં લીન રહેવામાં અસમર્થ હોવાથી '**પર એવા અર્હંતાદિક પ્રત્યે ભક્તિથી તથા પર એવા આગમપરાયણ જીવો...**' લ્યો! '**પર એવા અર્હંતાદિક...**' સિદ્ધ અને એના '**પ્રત્યે ભક્તિ...**' વાત્સલ્ય પછી લેશે. '**તથા પર એવા આગમપરાયણ જીવો પ્રત્યે વાત્સલ્યથી ચંચળ (અસ્થિર) છે,...**' એ બેય ભક્તિ અને વાત્સલ્ય બેય અસ્થિરતા છે. '**તે શ્રમણને શુભોપયોગી ચારિત્ર છે,...**' સમજાણું કાંઈ? '**કારણ કે શુદ્ધાત્મપરિણતિ પરદ્રવ્યપ્રવૃત્તિ સાથે મળેલી છે...**' આહા..હા..! એક બાજુ શુદ્ધ ચૈતન્ય ભગવાન પોતાની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાની પરિણતિ અવસ્થા પણ છે અને એકબાજુ રાગ પણ છે શુભ. એ મળેલી છે માટે તેને શુભાસ્રવી વ્યવહાર સાધુ કહેવામાં આવે છે. એમ કહે છે જુઓ. શાંતિથી વાંચતા પણ નથી, સમજતા નથી. આ એવી સ્પષ્ટ વાત પડી છે. આ તો ચારિત્ર કુંદકુંદાચાર્ય વર્ણન કરે છે, અમૃતચંદ્રાચાર્યે ટીકા બનાવી હજાર વર્ષ પહેલા. અને વાંચન નહિ, સ્વાધ્યાય ન કરે, પોતાના હિતને માટે લક્ષમાં ન લે કે શું છે આ ચીજ? સમજાણું કાંઈ? એવું વાંચન નહિ, શ્રવણ નહિ, ગપગોળામાં વિકથા કરે અને બહારની કર્તાબુદ્ધિમાં રોકાય. આત્મા પડ્યો રહે. સમજાણું કાંઈ?

'**હવે શુભોપયોગી શ્રમણોની પ્રવૃત્તિ દર્શાવે છે :—**' લ્યો! હવે એનું શું શું કરે? શુભભાવમાં શું શું હોય એમ. આત્મદર્શન, આત્મજ્ઞાન અને આત્મ ચારિત્ર સ્વરૂપ રમણતા અલ્પ હોવા છતાં એને હજી શુભરાગ થાય છે તો એમાં શું શું કરે છે શુભજોગમાં? એ કહે છે.

**वंदणणमंसणेहिं अब्भुट्ठाणाणुगमणपडिवत्ती।**
**समणेसु समावणओ ण णिंदिदा रायचरियम्हि।।२४७।।**

૨૪૭.

**શ્રમણો પ્રતિ વંદન, નમન, અનુગમન, અભ્યુત્થાન ને,**
**વળી શ્રમનિવારણ છે ન નિંદિત રાગયુત ચર્યા વિષે. ૨૪૭.**

એ આવી ગયું છે, ટીકામાં આવી ગયું છે. અર્થ લ્યો નીચે. '**શ્રમણો પ્રત્યે...**' સાચા સંત પ્રત્યે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવંત હોય એ પ્રત્યે '**વંદન-નમસ્કાર સહિત...**' લ્યો! અને '**અભ્યુત્થાન...**' '**માનાર્થે ઊભા થઈ જવું તે.**' સમ્યગ્દષ્ટિ જ્ઞાની ચારિત્રવંત સંત છે એ પ્રત્યે સાધુ શુભરાગવાળાની આ પ્રવૃત્તિ છે. આ પણ સમ્યગ્દષ્ટિ છે, જ્ઞાનચારિત્ર છે, એ પણ સમ્યગ્દષ્ટિ છે, જ્ઞાનચારિત્ર છે. સમજાણું કાંઈ? એના પ્રત્યે '**માનાર્થ ઊભા થઈ જવું તે.**' એ અભ્યુત્થાન. '**અનુગમનરૂપ...**' '**પાછળ ચાલવું તે.**' નાના સાધુ હોય. મોટા સાધુ હોય તો મોઢા આગળ (ચાલે) મોટા, એની પાછળ-પાછળ ચાલવું. એવા શુભરાગનું આસ્રવયુક્ત લક્ષણ શુભોપયોગીનું છે.

'**વિનીત વર્તન કરવું...**' '**વિનયુક્ત; સન્માનયુક્ત; વિવેકી; સભ્ય.**' એવા સંતો પ્રત્યે સંતની, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવંત સંત, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવંત સંતની એ વાત ચાલે છે. સમજાણું કાંઈ? વિનયસહિત, સન્માન સહિત, વિવેકી, સભ્ય પ્રવૃત્તિ કરવી '**તથા તેમનો શ્રમ દૂર કરવો તે...**' થાક આદિ લાગ્યો હોય તો શરીરને દાબવું એવું હોય છે કે નહિ? ક્રિયા તો શરીરની સ્વતંત્ર છે, પણ કહેવામાં તો એમ આવેને. શરીરની પગચંપી કરે છેને? તો એવા શુભોપયોગી જીવોને એવો ભાવ હોય છે એમ કહે છે. '**રાગચર્યામાં નિંદિત નથી.**' ધર્મી સમ્યગ્દષ્ટિ જીવને, મુનિને એવી શુભોપયોગચર્યામાં એ રાગ નિંદિત નથી. એ ઠીક નથી શુભરાગમાં એમ નહિ. શુભરાગમાં એ વાત એવી હોય છે. સ્વરૂપની અપેક્ષાએ ઠીક નથી એ અહીં પ્રશ્ન નથી. પણ શુભરાગની ચર્યામાં એ ઠીક નથી એમ નહિ, એ બરાબર છે. એમ. ભારે વાત!

'**ટીકા :- શુભોપયોગીઓને શુદ્ધાત્માના અનુરાગયુક્ત ચારિત્ર હોય છે,...**' શું કહે છે? '**શુભોપયોગીઓને શુદ્ધાત્માના અનુરાગયુક્ત ચારિત્ર હોય છે,...**' શુદ્ધાત્મા અરિહંત, સિદ્ધ આદિ પરમાત્મા એ પ્રત્યે પ્રેમસહિત ચારિત્ર હોય છે. સમજાણું કાંઈ? પોતાના શુદ્ધાત્મા પ્રત્યે પ્રેમ ઉઠે એ પણ શુભરાગ છે એમ કહે છે લ્યો! સમજાણું કાંઈ? '**તેથી જેમણે શુદ્ધાત્મપરિણતિ પ્રાપ્ત કરી છે...**' જેણે શુદ્ધાત્મદશા, આનંદદશા, વીતરાગદશા પ્રાપ્ત કરી છે '**એવા શ્રમણો પ્રત્યે...**' એમ. '**શુદ્ધાત્માના અનુરાગયુક્ત ચારિત્ર હોય છે,...**' શુભરાગ છેને? તો '**શ્રમણો પ્રત્યે વંદન-નમસ્કાર...**' લ્યો! વંદન કરવા, નમસ્કાર કરવા. '**અભ્યુત્થાન...**' ઉભા થઈ જવું. '**અનુગમન...**' પાછળ-પાછળ જાવું. '**વિનીત...**' નિર્માન, કોમળ '**વર્તનની પ્રવૃત્તિ...**' ઓહો..હો..! સંતોએ જંગલમાં રહીને કેવી એક-એક ગાથાઓ કહી છે કરૂણાબુદ્ધિથી! છે તો કરૂણા વિકલ્પ, આસ્રવ એ તો ખબર છે એને.

અહીંયાં તો યથાર્થ વસ્તુની સ્થિતિ કેવી છે એ બરાબર ઉપદેશ આવ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ પ્રેમ. સ્વદ્રવ્ય પ્રત્યે પ્રેમ અને પરદ્રવ્ય પ્રત્યે દ્વેષ એમ નહિ અહીં તો વીતરાગતા... પ્રેમ નામ એકાગ્રતા એ બીજી વ્યાખ્યા છે, પણ આ આત્મા શુદ્ધ છે, દ્રવ્ય છે એવો પ્રેમ નામ વિકલ્પ-રાગ એ નહિ. સમજાણું કાંઈ? સવારમાં આવ્યું નહોતું એ? હું શુદ્ધ છું, હું શુદ્ધ છું એવો રાગ વિકલ્પ પ્રેમ છે આત્મા પ્રત્યે, પણ એ રાગનો પ્રેમ છે. સ્વરૂપની પ્રીતિ જે નિર્જરામાં કીધી છે, ભાઈ! નિર્જરા અધિકારમાં આવે છેને. ભગવાન આત્મા પ્રત્યે પ્રીતિ, ત્યાં પ્રીતિ શબ્દે અકાગ્રતા લેવી છે. નિર્જરા અધિકારમાં લીધું છે. ૨૦૩ ગાથા. .. શુદ્ધ ચૈતન્ય ભગવાનમાં એકાગ્રતા થવી એ આત્માની પ્રીતિ છે. પણ આ પ્રેમ ફક્ત શુદ્ધ આત્મા છે અને આ પરદ્રવ્ય એવું .. એ તો આવે છેને. મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે કે સ્વદ્રવ્ય પ્રત્યે રાગ અને પરદ્રવ્ય પ્રત્યે દ્વેષ એ વસ્તુ (યથાર્થ) નથી. આવે છે. આવે છેને આવે છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં તો ઘણું સ્પષ્ટ કરી દીધું.

મુમુક્ષુ :- આત્મા ઉપાદેય છે...

ઉત્તર :- ઉપાદેય એ જુદી વાત છે અને ઉપાદેય છે એવો રાગ અને વિકલ્પ કરવો એ જુદી વાત છે. આહા..હા..! એવી વાત છે, ભાઈ! ઉપાદેય એટલે? અંતર એકાકાર થવું. એમ. એનું નામ ઉપાદેય છે. ઉપાદેયનો અર્થ છેને? એ રાગ ઉત્પન્ન કરવો એ ઉપાદેય એમ નહિ. પણ આ ઉપાદેય છે એવો વિકલ્પ ઉઠાવવો એ પ્રેમ આત્મા પ્રત્યે છે, પણ એ રાગ છે. આહા..હા..! ગજબની વાત છે. મોક્ષમાર્ગ તો એમ છે, ભાઈ! ઓહો..હો..! અનંત-અનંત આનંદમાં, અનંત દર્શનજ્ઞાન સહિત જો ..સમાધિ આવે છેને. શ્રીમદ્‌માં નથી આવતું એ? 'સાદિ અનંત અનંત સમાધિ (સુખમાં), અનંત દર્શન જ્ઞાન ગુણસહિત જો.' શ્રીમદ્‌માં આવે છે એવું. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો.' એવું આવે છે. 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' છે તો એ વિકલ્પ. સમજાણું કાંઈ? પરમ આનંદસ્વરૂપ પરમાત્મદશા. 'અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો' 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં.' આહા..હા..! એ સિદ્ધ પ્રત્યેની પર્યાયની ઇચ્છા એ પણ એક શુભરાગ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં કહે છે...

મુમુક્ષુ :- વાત સમજવી મુશ્કેલ છે.

ઉત્તર :- સમજવી મુશ્કેલ નથી. બધું ઠીક કરવું મુશ્કેલ છે બહુ. કારણ કે સમ્યગ્દર્શન કરતાં ચારિત્રના પુરુષાર્થની અનંત ઉગ્રતા છે. સમજાણું કાંઈ? પહેલા એ તત્ત્વનું સ્વરૂપ છે એ લક્ષમાં લેવો એ પુરુષાર્થ છે. અનુભવ કરવો એ તો એલૌકિક વાત, એ તો વસ્તુનું સ્વરૂપ છે. અને એમાં ચારિત્ર, ચારિત્ર એક અંશે પણ પ્રગટવું, પાંચમા ગુણસ્થાનને યોગ્ય, એ તો અપૂર્વ પુરુષાર્થ છે. અને મુનિનું ચારિત્ર અનંત પુરુષાર્થ. સમજાણું કાંઈ? પણ ચારિત્ર-

ચારિત્ર... આ લોકો ટીકા કરે છે. લ્યો એ લોકોને ચારિત્રની શ્રદ્ધા નથી. કેમકે આ બધા ચારિત્રવંત છે એને માનતા નથી, એમ કહે છે. અરે..! ભગવાન! શું કરે છે ભાઈ? ચારિત્ર કોને કહેવું અરે..! તમને ખબર નથી, એ દર્શન કોને કહેવું એની ખબર વિના ચારિત્ર આવ્યું ક્યાંથી? આહા..હા..! સમજાણું?

મુમુક્ષુ :- .. એવું ચારિત્ર હોય

ઉત્તર :- હા એમ કે એવાને માનતા નથી માટે ચારિત્રને માનતા નથી. માટે સમ્યગ્દષ્ટિ ચારિત્રવંતને ન માને એટલે સમ્યગ્દષ્ટિ નથી (એવું કહે). આહા..હા..! શું કરે ભાઈ? બાપા! તને ખબર નથી પ્રભુ! ચારિત્ર શું ચીજ છે એની ખબર વિના એ બધી વાતું કરે એ કાંઈ વાતની ગણતરી ગણાય એ વાતની?

અહીં તો ભગવાન કહે છે કે સંત આત્માના આનંદમાં રમનારા, એ રમી શકે નહિ તો રાગ આવે છે એની ક્રિયા આ. વંદન, નમસ્કાર, અભ્યુત્થાન વગેરે '**શુદ્ધાત્મપરિણતિના રક્ષણને નિમિત્તભૂત...**' છે. જુઓ, રક્ષાના નિમિત્તભૂત હોં. શુદ્ધાત્મપરિણતિ તો પોતાથી રક્ષા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધ... પુણ્ય-પાપનો અશુદ્ધ-બન્ને. એ શુદ્ધ પરિણતિ અંદરમાં છે એને આ શુભભાવ નિમિત્તરૂપે કહેવામાં આવ્યો છે. '**શુદ્ધાત્મપરિણતિના રક્ષણને નિમિત્તભૂત એવી જે શ્રમ દૂર કરવાની પ્રવૃત્તિ...**' છે. મુનિ પાંચ-પાંચ, દશ-દશ ગાઉ ચાલીને આવ્યા હોય, શ્રમ લાગ્યો હોય, થાક લાગ્યો હોય. સમાધાન કરે (કે) અમે કરી હોં આપની રક્ષા. એ તો વીતરાગી મુનિ છે... પ્રેમ આવે મુનિને. શુભરાગ છેને રાગ? એને '**(વૈયાવૃત્ત્યરૂપ) પ્રવૃત્તિ...**' કરે. .. થાકીને આવ્યા હોય. ક્ષુધા, તૃષા શ્રમ ઘણો થયો હોય, તૃષા એટલી હોય કે આમ ગળું સુકાઈ જાય. છે તો મુનિ ધર્માત્મા. એવો વિકલ્પ આવે ત્યારની વાત છે. ઓહો..હો..!

ભગવતી આરાધનામાં તો, સંથારામાં પડ્યા હોયને સમાધિમરણમાં એની વાત ચાલી છે ભગવતી આરાધનામાં. એવો વિકલ્પ આવી જાય. મુનિ છે સાચા હોં સંત. અરે..! આ. સાથે મુનિ છેને ધર્માત્મા. એ કહે છે કે મહારાજ! તમને તો આનંદનો આહાર છેને. આ આહાર વિનાની તો તમે પ્રતિજ્ઞા લીધી છે અને એ આહાર તો હમણા છૂટી જશે. અનંત અમૃતનો આહાર તમને મળશે. આ શું છે? એમ કહે. સમજાણું કાંઈ? અનંત-અનંત આનંદ છે એને પીઓ. એ વિકલ્પ ઉઠ્યો છે છઠ્ઠે ગુણસ્થાનમાં તો એવો ભાવ થઈ જાય. સમજાણું? પાણી. મહારાજ! આનંદના અનુભવનો અમૃતરસનું પીણું પીવોને અંદર પ્રભુ! હમણા શરીર છૂટી જશે અને અનંત આનંદની તૃપ્તિ-તૃપ્તિ તમને થશે. આહા..હા..! એ તો નિમિત્તરૂપ ઉપદેશ વ્યવહાર આવે ત્યારે કહે. ઉપદેશ છે તો ત્યાં સ્થિરતા કરે છે એમ છે? પણ વ્યવહારના ઉપદેશમાં એ શૈલી હોય છે. એને પ્રેમ છે. આહા..હા..! આઠ-આઠ વર્ષના રાજકુમાર હોય. એકદમ સ્થિતિ પૂરી થવા આવી હોય, આત્માના ધ્યાન આનંદમાં મુનિ, એકદમ શરીરનો

શ્રમ લાગ્યો. શાંત. અમે તમારા છીએ, અમે તમારા રક્ષક. સેવા કરનારા. પ્રેમ... પ્રેમ... પ્રેમ... ઉલ્લાસ. સમજાણું? એ શુભરાગના આચરણનું લક્ષણ છે એમ કહે છે. એવું મુનિને હોય છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈને આવે છે. બધાને ક્યાં પ્રશ્ન છે? આ તો આવે એની વાત છેને. બધાને આવે છે? નિર્વિકલ્પ આનંદમાં ઝૂલતા ચાલ્યા જાય. પણ આ તો એક અનાદિ.. વાત છેને. તો એમાં આવી જાય એવું. ત્યાં તો એમ જ લીધું છે કે કોઈ ઋદ્ધિધારી હોય તો આહાર-પાણી બતાવી દે એને. એવું લીધુંને ભાઈ! તો ઓલા બીજા અર્થ કરે જુઓ, આહાર-પાણી લઈ આવીને આપે. લાવે ક્યાંથી? એને લબ્ધિ કોઈ મુનિને હોય. આહા..! મહારાજ! જુઓ આ શું? એ તો જડ છે. ...પાત્રા ક્યાં હતા તે લઈ આવે અને લાવે? એવા અર્થ કરે અંદર. લબ્ધિ હોય તો એવો બધાને વિકલ્પ થઈ જાય. એને એવો વિકલ્પ થયો. જળ. લ્યો મહારાજ! જુઓ આપ્યું. આ શું? નિવૃત્તરૂપ પડ્યો છેને પ્રભુ. અંદર ગયા, છૂટી ગયા, જાવ. સમજાણું કાંઈ?

'**દૂષિત નથી...**' '**પ્રવૃત્તિ તે શુભોપયોગીને માટે દૂષિત નથી...**' એમ. '**(અર્થાત્ શુભોપયોગી મુનિઓને આવી પ્રવૃત્તિનો નિષેધ નથી.)**' એવી પ્રવૃત્તિ હોય છે. તો એને વ્યવહાર કહેવામાં આવે છે. એ આવ્યા વિના રહે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧, મંગળવાર, તા. ૨૯.૦૭.૧૯૬૯**
**ગાથા-૨૪૮ થી ૨૫૦, પ્રવચન-૨૨૨**

આ પ્રવચનસાર. ચરણાનુયોગસૂચક ચૂલિકા. ૨૪૮ ગાથા ચાલે છે. ૨૪૮. હવે '**એમ પ્રતિપાદન કરે છે :—**' '**શુભોપયોગીઓને જ આવી પ્રવૃત્તિઓ હોય છે...**' શું કહે છે? અહીંયાં મુનિની વાત ચાલે છે. મુનિ શુભોપયોગી અને શુદ્ધોપયોગી બે પ્રકારના હોય છે. જેને આત્મા સમ્યગ્દર્શનપૂર્વક પોતાનો અનુભવ આત્માનો નિર્વિકલ્પ થયો છે અને પોતાનું આત્માનું સ્વસંવેદન જ્ઞાન પણ થયું છે. એ ઉપરાંત શુદ્ધોપયોગ છે. જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાન એવા જ્ઞાનના ત્રણ ભેદરહિત અંતરમાં લીન, આનંદના ઉપયોગમાં લીન થાય એને શુદ્ધોપયોગી

સાધુ, સાચા સાધુ, નિશ્ચય સાધુ વીતરાગમાર્ગમાં કહેવામાં આવ્યા છે. એ તો આત્માના શુદ્ધોપયોગમાં લીન છે. પણ એમાં રહી શકતા નથી ત્યારે એને શુભરાગનો વિકલ્પ ઉઠે છે. શુભરાગી એવા મુનિનું આચરણ શુભરાગનું કેવું છે એ કહે છે. સમજાણું કાંઈ? છે પુણ્યબંધનું કારણ. બીજાને ઉપદેશ દેવો એ છે વિકલ્પ અને શુભરાગ. પણ એ સ્વરૂપમાં રહી શકે નહિ શુદ્ધ આનંદમાં, તો એવો શુભરાગ આવે છે. એની પ્રવૃત્તિ કેવી છે એ બતાવે છે. ૨૪૮ જુઓ.

**दंसणणाणुवदेसो सिस्सग्गहणं च पोसणं तेसिं।**
**चरिया हि सरागाणं जिणिंदपूजोवदेसो य।।२४८।।**

૨૪૮.

**ઉપદેશ દર્શનજ્ઞાનનો, પોષણ-ગ્રહણ શિષ્યો તણું,**
**ઉપદેશ જિનપૂજા તણો—વર્તન તું જાણ સરાગનું. ૨૪૮.**

જરી ઝીણી વાત છે, ભાઈ! મુનિ જંગલમાં રહે છે. અંતર આનંદસ્વરૂપમાં એટલા લીન થાય છે કે એને દુનિયાની કાંઈ ખબર નથી. સમજાણું કાંઈ? એવા શુદ્ધોપયોગમાં રહેનારા એને તો ઉપદેશની પ્રવૃત્તિ હોય નહિ. પણ એમાં રહી શકે નહિ તો ખસી જાય છે નબળાઈને લીધે, તો શુભરાગ, પુણ્યરાગની ઈચ્છા થાય છે. પોપટભાઈ! બહુ ઝીણું છે હોં! સમજાય એવું છે. આ તમારા પથરા કરતા સહેલું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, બે ઘડીમાં રેલવે કરવી હોય તો ન થઈ શકે, પણ બે ઘડીમાં કેવળજ્ઞાન અને સમ્યગ્દર્શન કરવું હોય તો થઈ શકે. દાખલો આવે છેને. ત્યાં કેવળજ્ઞાનની વ્યાખ્યા છે... બે ઘડીમાં ડબ્બા બનાવવા હોય ૨૫-૫૦ રેલના તો બને? ભગવાનજીભાઈ! શ્રીમદ્‌માં છે એવું. બે ઘડીમાં રેલના ડબ્બા બનાવવા હોય. ડબ્બા સમજો છો? આ રેલ. બે ઘડીમાં ૨૫ ડબ્બા બનાવવા હોય તો ન બની શકે, પણ બે ઘડીમાં આત્માનો અનુભવ કરીને કેવળજ્ઞાન લેવું હોય તો થઈ શકે છે. તો બે ઘડીમાં સમ્યગ્દર્શન લેવું એ તો સહેલું છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે મુનિ શું ઉપદેશ દે? જે વિકલ્પ આવે છે શુભરાગ હોં. છે એ પુણ્યબંધનું કારણ. ઉપદેશમાં શુભ રાગ આવ્યો, છે એ પુણ્યબંધનું કારણ. ધર્મ નથી. ધર્મ તો રાગથી રહિત અંદર આનંદસ્વરૂપમાં જેટલી લીનતા અને વીતરાગતા પ્રગટી હોય એનું નામ ધર્મ. સમજાણું કાંઈ? તો એ મુનિ કેવો ઉપદેશ કરે? કે '**અનુગ્રહ કરવાની ઈચ્છાપૂર્વક...**' સ્વાર્થપૂર્વક કે કોઈ મારો શિષ્ય હોય એમ નહિ. અનુગ્રહ કૃપા. ઈચ્છા થઈ. ભાન છે કે હું ઈચ્છા નથી. હું રાગ નથી, હું તો આનંદ છું. એવા સંતને અનુગ્રહ-કૃપા કરવાનો ભાવ થયો. શું? '**અનુગ્રહ કરવાની ઈચ્છાપૂર્વક...**' પણ કહે છે શું? '**દર્શનજ્ઞાનના ઉપદેશની પ્રવૃત્તિ,...**' હોય છે. જુઓ, એને તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના ઉપદેશની પ્રવૃત્તિ કરે છે એમ કહે છે. આહા..હા..!

જુઓને ચરણાનુયોગમાં પણ કેવું લીધું છે!

મુનિ એવો ઉપદેશ દે દર્શન-જ્ઞાન. સમ્યગ્દર્શન. પ્રથમ સમ્યગ્દર્શન. આત્મા પૂર્ણાનંદ પરમબ્રહ્મ આનંદ ભગવાન પરમેશ્વરે ધ્રુવસ્વરૂપ જે જોયું. ચિદાનંદ ધ્રુવ નિત્યાનંદ. એની અંતર નિર્વિકલ્પ દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે એવો મુનિ પ્રથમ ઉપદેશ શિષ્યને કરે છે. જુઓને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...પહેલા ચારિત્ર..

ઉત્તર :- હા, ચારિત્ર, પણ દર્શન વિના ચારિત્ર ક્યાંથી આવ્યું? આ જુઓને શૈલી.

**'દર્શનજ્ઞાનના ઉપદેશની પ્રવૃત્તિ,...'** ઇચ્છા થઈ મુનિને શુભરાગ. સમજે છે કે એ શુભરાગ મારી ચીજ નથી. બંધનું કારણ છે. ઉપદેશમાં વાણી તો જડની છે. વાણી તો જડ, પણ રાગ આવ્યો એ બંધનું કારણ છે. પણ મારી નબળાઈને લીધે હું શુદ્ધમાં રહી શકતો નથી તો નીચે આવી ગયા. તો અનુગ્રહ કરવાની .. હું મોટો છું, બીજા મારી (મહિમા) બનાવે કે મને મહંત બનાવે એવી ચીજથી ઉપદેશ ન દેવો એમ કહે છે. સમજાણું કાંઈ? દુનિયાને પ્રથમમાં પ્રથમ સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ એમ ફરમાવે છે કે સાચા આત્મજ્ઞ મુનિ જે છે એને શુદ્ધોપયોગ અંદરમાં રમવાની કચાશને કારણે શુભરાગ થયો તો શિષ્યને પહેલા સમ્યગ્દર્શનનો ઉપદેશ દે. સમજાણું કાંઈ? એમ તીર્થંકર પરમાત્મા સર્વજ્ઞ વીતરાગદેવે, મુનિને આ દર્શનના ઉપદેશની ઈચ્છા હોય છે એ પહેલા કહે છે. સમજાણું કાંઈ?

આત્મા. આત્મા દેહથી તો ભિન્ન છે. અને દયા, દાન, વ્રત, કામ, ક્રોધનો શુભાશુભભાવ છે વિકાર એનાથી પણ ભિન્ન છે. અને એક સમયની અવસ્થા, દશા એનાથી ભિન્ન ધ્રુવ ચૈતન્યમૂર્તિ એનો અંતર અનુભવ કરો, પ્રતીત કરો એવો ઉપદેશ મુનિ વીતરાગમાર્ગમાં (આપે છે). સંતના ઉપદેશની પહેલી પદ્ધતિ શુભરાગીઓને આવી હોય છે. છે કે નહિ એમાં? એમ છેને એમાં? .. એમાં છે જુઓ, પહેલા આ ઉપદેશ દેવો એમ કહે છે જુઓ. આહા..હા..! પહેલા જ ઉપદેશ એને સમ્યગ્દર્શનનો દે. કેમકે સમ્યગ્દર્શન વિના ધર્મ કદી થતો નથી. **'અનુગ્રહ કરવાની ઈચ્છાપૂર્વક...'** કૃપા, કરૂણા એ **'દર્શનજ્ઞાનના ઉપદેશની પ્રવૃત્તિ,...'** ઇચ્છા થઈ મુનિને તો સમ્યગ્દર્શનની ઉપદેશ પ્રવૃત્તિ પહેલા કરે છે. જુઓ, સમજાણું કાંઈ?.. એમ લીધું. ટીકા. ટીકા છે. ઈચ્છા છેને. અનુગ્રહ કરવાની ઈચ્છા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એના હિતનો અર્થ. એનું હિત એમાં થાય, કૃપા કરે છે, એનું કલ્યાણ કરે એમ. બીજી કોઈ ઈચ્છા નહિ. હું ઉપદેશ દઉં તો મારો શિષ્ય થઈ જાય, એવો શિષ્ય મળે તો મને મોટો માને, બધા મને મોટા માને. એ ઈચ્છા મુનિ સાચા સંત હોય અને શુભરાગ આવે ઉપદેશ દેવાનો, તો પહેલામાં પહેલા વીતરાગ માર્ગમાં ચરણાનુયોગમાં શુભરાગમાં મુનિને પણ પ્રથમ ઉપદેશ સમ્યગ્દર્શનનો દે.

મુમુક્ષુ :- ચરણાનુયોગનો ન દે?

ઉત્તર :- આ ચરણાનુયોગ તો કીધું. અહીં શું કહે છે? સમજાણું કે નહિ? અહીં તો શું કહ્યું જુઓ, પહેલો શબ્દ તો લીધો. પાઠમાં છે. '**दंसणणाणुवदेसो**' પ્રવચનસાર શાસ્ત્ર છે. ભગવાનની વાણીમાં નીકળી દિવ્યધ્વનિ. લ્યો આજ તો દિવ્યધ્વિનો દિવસ છે. તો દિવ્યધ્વનિ ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એના સમવસરણમાં વાણી દિવ્યધ્વનિ ઉઠી. તો દિવ્યધ્વનિનું પ્રવચન એનો સાર છે આ. પ્રવચનસાર. પ્ર-વચન, પ્ર-ઉત્કૃષ્ટ વચન કહો, દિવ્યધ્વનિ કહો. એનો સાર છે. સમજાણું કાંઈ? એ પહેલા દર્શનનો ઉપદેશ દે એને, એમ કહે છે જુઓ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં પણ પહેલો બોલ લીધો કે નહિ? પહેલા એ લીધું કે નહિ? '**દર્શનજ્ઞાનના ઉપદેશ...**' પછી બીજા ઉપદેશ એમ. પદ્ધતિ પહેલી એ શબ્દ લીધો છે. સમજાણું કાંઈ? જુઓ, '**ઇચ્છાપૂર્વક દર્શનજ્ઞાનની ઉપદેશની પ્રવૃત્તિ,...**' ભાઈ! તારું સ્વરૂપ પૂર્ણ આનંદ, અખંડાનંદ પ્રભુ આત્મા શુદ્ધ પૂર્ણ સ્વરૂપ છે. જેમાં અનંત આનંદ છે, અનંત બળ છે, અનંત શાંતિ છે વીતરાગતા. એવા આત્માનું પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... સ્વરૂપ એની દૃષ્ટિ કરતા નિર્વિકલ્પ રાગથી રહિત પોતાના અનુભવમાં આત્મા લે એવો ઉપદેશ પ્રથમ મુનિઓ કરે છે. રાગ આવ્યો ત્યારે લ્યો! ચંદુભાઈ! આહા..હા..! પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કીધું મુનિનો ઉપદેશ પહેલો. પણ મુનિનો ચારિત્રની અપેક્ષાએ. આ દર્શનની અપેક્ષાએ તો પહેલો દર્શનનો ઉપદેશ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર નથી. તો સમ્યગ્જ્ઞાન ક્યાંથી હોય અને ચારિત્ર તો ક્યાંથી થાય? ચારિત્ર કોને હોય? પહેલા સમ્યગ્દર્શન થયું હોય એને. તો સમ્યગ્દર્શન કેવું છે, કેમ પ્રાપ્ત થાય એની ખબર નથી અને ચારિત્ર ક્યાંથી આવ્યું? આહા..હા..! સર્વવિરતિ.

અહીં કહે છે કે સમ્યગ્દર્શન. પૂર્ણાનંદ પ્રભુ આત્મા. જેમાં દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રા, પૂજાનો ભાવ જે છે એ બધો રાગ છે, શુભરાગ છે, એ ધર્મ નથી. એ રાગથી ભિન્ન ભગવાન આત્મા છે પૂર્ણ સ્વરૂપ એને દૃષ્ટિમાં લઈને અનુભવ કરીને, પ્રતીતિ કરવી એવો ઉપદેશ શુભરાગી પ્રાણી મુનિને અનુગ્રહમાં એ ઉપદેશ આવે છે. સમજાણું કાંઈ? અને જ્ઞાનનો ઉપદેશ. લ્યો! જ્ઞાન એ આત્મજ્ઞાન. સમજાણું કાંઈ? આત્મા પૂર્ણાનંદ જ્ઞાનસ્વરૂપ એનું જ્ઞાન કર. બીજા જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. સમજાણું કાંઈ? આત્મા અંદર પૂર્ણાનંદ પ્રભુ જેમાંથી શુદ્ધિ અને નિર્દોષતા પ્રગટ કરવી છે એ આખો આત્મા નિર્દોષ અને પવિત્રતાનો પિંડ જ છે આત્મા. સમજાણું કાંઈ? એના ઉપર દૃષ્ટિ સ્થાપ, ધ્રુવમાં બેસી જા. આહા..હા..! વર્તમાન પર્યાય જે ચાલે છે અવસ્થા જ્ઞાનની, શ્રદ્ધાની, એ પર્યાય (વડે) પર્યાયવાન જે ત્રિકાળી પરિણામી સ્વરૂપ ભગવાન આત્મા, પરિણામિક સ્વભાવવાળો, આમ અપરિણામી એવી ચીજ ઉપર દૃષ્ટિ કર, એકાકાર થા, તો સમ્યગ્દર્શન થશે અને સમ્યગ્જ્ઞાન થશે. સમજાણું કાંઈ? લ્યો! એવો ઉપદેશ છે. સમજાય છે કે નહિ? એક વાત.

**'ઈચ્છાપૂર્વક દર્શનજ્ઞાનના ઉપદેશની પ્રવૃત્તિ,...'** કારણ કે ઈચ્છા છેને? કેવળજ્ઞાનીને જે ઉપદેશ આવે છે એને ઈચ્છા નથી માટે અહીં નાખ્યું છે ભાઈ! કેવળજ્ઞાની પરમાત્મા જે છે વીતરાગ પરમેશ્વર એને જે ઉપદેશ નીકળે છે એ ઈચ્છા વિના નીકળે છે. એ તો વીતરાગ છે. એની વાણી સહજ નીકળે છે, એને ત્યાં ઈચ્છાપૂર્વક ઉપદેશ નથી. અહીંયાં તો મુનિ છે, આત્માના આનંદનો અનુભવ છે અને સ્વરૂપની શુદ્ધતા પણ કેટલીક નિર્મળ પરિણતિ દશા પ્રગટી છે. સમજાણું કાંઈ? પણ સ્વરૂપમાં લીનતા, મુનિપણાની મૂળદશા, શુદ્ધોપયોગમાં લીનતા થવી જોઈએ એ લીનતામાં રહી શકે નહિ તો કષાયનો કણ, રાગનો કણ ઉત્પન્ન થાય છે. આવ્યુંને એ મોક્ષમાર્ગમાં. કે ધર્મલોભી જીવને જોઈને. એવું આવ્યું છે. ધર્મલોભી જીવને ઉપદેશ દઈને એમ. ધર્મનો લોભી (એટલે) ધર્મ કેવો છે એવી જેને જિજ્ઞાસા છે એને અનુગ્રહપૂર્વક ઉપદેશ એવો દે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'દર્શનજ્ઞાનના ઉપદેશની પ્રવૃત્તિ...'** શુભ ઈચ્છા હોયને. ઈચ્છામાં આ કહે છે ઉપદેશ. શુભયોગી—શુભોપયોગીવાળાના પહેલા ઉપદેશમાં આ ઉપદેશ આવ્યો. સમજાણું કાંઈ? કેમકે સમ્યગ્દર્શન અને જ્ઞાનનું જ્યાં ભાન નથી એને તો કોઈ વ્રત, તપ, કોઈ સાચું છે નહિ. છે તે એકડા વિનાના મીંડા છે બધા. આહા..હા..! અહીંયાં તો કહે છે કે મુનિઓએ, વીતરાગી સંતોએ, પરમેશ્વર વીતરાગના પંથમાં આવ્યો એવું મુનિપણું અંતર પ્રગટ્યું. સમજાણું કાંઈ? એને શુભભાવ થયો, શુભરાગ, શુભોપયોગ. છે તો બંધનું કારણ એ ઉપદેશની ઈચ્છા. ધર્મ નથી. આહા..હા..! ઉપદેશ તો વાણી છે, પણ શુભરાગ છે એ બંધનું કારણ છે, ધર્મ નથી. પણ એ બંધના કારણમાં પણ ઉપદેશ તો આ પ્રકારનો આપવો. અબંધસ્વરૂપ ભગવાન આત્માનો ઉપદેશ એમ કહે છે, ભાઈ! આહા..હા..!

પહેલો ઉપદેશ જ દુનિયાને એ દેવો તારે. એમ કહે છે જુઓ. પહેલાનો અર્થ? ઉપદેશની શૈલી શબ્દ તો એ મૂક્યો છેને ભલે તાવત્ ન હોય સમ્યગ્દર્શન એ ચીજ શું છે, કેમ પ્રાપ્ત થાય, એનું ધ્યેય શું છે, પરમાનંદ પ્રભુ પૂર્ણ કોણ છે? એની અંતરમાં દૃષ્ટિ કરવી, રાગ વિકલ્પ તોડીને સ્વરૂપના અનુભવમાં આત્માને પ્રતીતમાં લેવો એનું નામ સમ્યગ્દર્શન છે. એ સિવાય સમ્યગ્દર્શન કોઈ ચીજ છે નહિ. દુનિયા માને કે અમે દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ તો સમ્યક્. એ વાત ખોટી છે એમ કહે છે. એવો ઉપદેશ જ્ઞાનીનો હોય નહિ. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરો. એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યની શ્રદ્ધા કરવાથી તો શુભરાગ છે. એ કોઈ સમ્યગ્દર્શન નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અનુગ્રહ કરવાની ઈચ્છાપૂર્વક દર્શનજ્ઞાનના ઉપદેશની પ્રવૃત્તિ,... '** એક વાત. **'શિષ્યગ્રહણની પ્રવૃત્તિ,...'** કોઈ ધર્મી મુનિપણું લેવા માગે તો એને મુનિપણું ગ્રહણ કરાવે. સમજાણું? એ શુભયોગમાં છે શુભવિકલ્પમાં. સમજાણું કાંઈ? સર્વવિરતિ આત્માના આનંદમાં રહેવું અને અતીન્દ્રિય આનંદનો અનુભવ કરો, એવા શિષ્ય બનાવે તો શિષ્યગ્રહણ કહેવામાં

આવે છે. એવા શિષ્ય હોં! જેને ધર્મની પરિણતિ વીતરાગી ઉત્પન્ન થાય એવા શિષ્યને ગ્રહણ કરે, ગ્રહણની પ્રવૃત્તિ (કરે). આવે શિષ્ય કોઈ સાથે. લ્યો! ત્યાંથી એ આવ્યું. '**તેમના પોષણની પ્રવૃત્તિ...**' મુનિ ધર્માત્મા છે. અંતર આનંદમાં છે, પણ ગુરુને શુભરાગ થયો તો બાળક પણ હોય કોઈ મુનિ. બાળક હોય, આઠ વર્ષની ઉંમર રાજકુમાર આત્માના આનંદમાં ઝૂલનારાની વાત છે હોં! ઓહો..હો..! એક મોરપીંછી અને કમંડળ બે ઉપકરણ હોય છે, અને પુસ્તક. જંગલમાં મુનિ રહે છે આનંદકંદમાં. એવા મુનિની પોષણની વૃત્તિ પ્રવૃત્તિ. એવો આહાર એને ત્યાં મળે એવો ખ્યાલ આવી જાય વિકલ્પમાં. આ બાજુ ગામમાં જાઓ ત્યાં આહાર મળશે. એવી ઈચ્છા-શુભ ઈચ્છામાં મુનિની પ્રવૃત્તિ હોય છે. સુમનભાઈ! કરી શકે છે પરનું એ અહીં પ્રશ્ન નથી. અહીં તો ઈચ્છા એવા શુભયોગમાં આવ્યો તો શિષ્ય કોઈ બાળક છે, કોઈ વૃદ્ધ છે, કોઈ રોગી છે, મુનિ ધર્માત્મા આનંદકંદમાં ઝૂલનારા, અતીન્દ્રિય આનંદમાં રમનારા મુનિ તો હોય છે. બાકી જડની ક્રિયાને પોતાની માનતા નથી. શરીર ચાલે છે, વાણી બોલે એ તો જડની ક્રિયા છે, આત્માની નથી. એમ મુનિ સમ્યગ્દૃષ્ટિ માને છે. અને એને રાગ થાય છે એ પણ પુણ્યબંધનું કારણ એમ મુનિ સમ્યગ્દૃષ્ટિ છે તો માને છે. પણ પોતાને એ શિષ્યનો ચિંતા-વિકલ્પ આવી જાય. આ મળે. સમજાણું કાંઈ? ક્યા દેશમાં સુકાળ છે? ક્યા ગામમાં ઠીક છે? એમ. શિષ્યનું પોષણ કરું વિકલ્પ આવે છે શુભરાગ, છે પુણ્ય બંધનું કારણ. આહા..હા..! સમજાણું કાંઈ? અંદરમાં હેયબુદ્ધિ છે. ઉપદેશમાં શુભરાગ આવ્યો (એ પ્રત્યે), ધર્મીજીવની હેયબુદ્ધિ છે, એ આદરણીય નથી, પણ આવે છે એને એવો ઉપદેશ દેવો એમ કહેવામાં આવે છે. આહા..!

'**અને જિનેન્દ્રપૂજાના ઉપદેશની પ્રવૃત્તિ...**' વીતરાગ પરમાત્મા એની પૂજા શ્રાવકને, આદિ મુનિને પણ એની ભાવસ્તુતિ આદિ પૂજા હોય. ભગવાનની પૂજાનો ઉપદેશ દે. લ્યો! જેને ઈચ્છા થઈ મુનિને. એ. ઈચ્છા વિના આનંદમાં રહે એ મુનિની તો અહીં વાત કહેશે. શુદ્ધોપયોગ નથી એ તો કહેશે ટીકામાં વિશેષ. સમજાણું કાંઈ? અંદરમાં આનંદમાં લીન થઈ જાય છે પંચમકાળના મુનિ પણ સાચા મુનિ હોય તો. એને તો એવા ઉપદેશની ઈચ્છા નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ઈચ્છા હોય તો એવી હોય.

ઉત્તર :- ઈચ્છા હોય તો આ જાતનો ઉપદેશ છે.

'**જિનેન્દ્રપૂજાના ઉપદેશની પ્રવૃત્તિ...**' વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા એની પૂજા, જિનેન્દ્ર પરમેશ્વર પ્રતિમા વીતરાગમૂર્તિ, એની પૂજા. વીતરાગ મૂર્તિ હોં. જેવા વીતરાગ છે એવા. વસ્ત્ર નહિ, સ્ત્રી નહિ. સમજાણું કાંઈ? એવા જિનેન્દ્ર છેને? તો જિનેન્દ્ર કોને કહે? કે જેવા જિનેન્દ્ર વીતરાગ પરમેશ્વર હતા, એવી જ પ્રતિમા એવી જ જિનેન્દ્રની. શાંત. માથે કપડા નહિ, દાગીના નહિ, કોઈ મુગટ નહિ કાંઈ નહિ, ચંદન-ફંદન કાંઈ નહિ. વીતરાગી મૂર્તિ

છે. વીતરાગી પ્રતિબિંબ એવું હોય છેને. એવી વીતરાગી મુદ્રાની અથવા સાક્ષાત્ પરમેશ્વર હોય, તો એની પૂજાનો ઉપદેશ મુનિ શુભરાગમાં આવ્યો હોય તો કરે છે. સમજાણું કાંઈ? ધ્યાનમાં મુનિ છે આનંદમાં તો એને તો ઈચ્છા છે નહિ. આહા..હા..!

**'જિનેન્દ્રપૂજાના ઉપદેશની પ્રવૃત્તિ...'** વીતરાગ પરમાત્મા નિષ્ક્રિયબિંબ દેખે-એમ દેખે. ઓહો..! આખા જગતને જાણે દેખે છે. એને તો વિકલ્પ પણ નથી. એવી મુદ્રા દેખીને શુભરાગ જે આવ્યો તો શુભરાગમાં ભગવાનની પૂજા કરવી એવો જ ઉપદેશ દેને. છે જિનેન્દ્રની પૂજાનો ભાવ એ શુભ છે, પુણ્ય છે, જિનેન્દ્રની પૂજાનો ભાવ એ ધર્મ નથી. ભારે ભાઈ! સમજાણું કાંઈ? પણ એવો શુભરાગ આવ્યો તો મુનિ શુભરાગની પ્રવૃત્તિ બતાવે છે. એવી **'પ્રવૃત્તિ શુભોપયોગીઓને જ હોય છે,...'** એમ કહે છે. ઈચ્છા થઈ શુભરાગ. મુનિ, સંત તો અંદર આનંદમાં છે, આદર આનંદનો, આત્માનો જ આદર છે. એવો રાગ થયો પણ એ સમયે તો શુદ્ધ આનંદનો જ આદર ને લક્ષ ને ધ્યેય છે. સમજાણું કાંઈ? રાગ થયો નબળાઈને લીધે તો એ શુભોપયોગીની આ પ્રવૃત્તિ છે. **'શુદ્ધોપયોગીઓને નહિ.'** એ નકાર કર્યો. અસ્તિ છેને. શુભોપયોગીને આ પ્રવૃત્તિ હોય છે. તો શુદ્ધોપયોગ વિકલ્પ તોડીને મુનિ શાંત આનંદમાં લીન થાય. સંત શાંતિના અનુભવમાં હોય એને તો એ વિકલ્પ છે નહિ. લ્યો! બેય વાત. સમજાણું કાંઈ? એમાં ધર્મ શું છે? સમ્યગ્દર્શન શું છે? સમ્યગ્જ્ઞાન શું છે? શુભરાગ શું છે? પૂજા કોની? એ બધું એમાં આવી ગયું. સમજાણું કાંઈ?

**'હવે, બધીયે પ્રવૃત્તિઓ શુભોપયોગીઓને જ હોય છે એમ નક્કી કરે છે :-**
**-'** જેને મુનિ તો આનંદમાં રહેનારા હોય છે પોતાના ધ્યાનમાં જ. સંત તો એને વીતરાગી સંત, મુનિ કહે છે કે જે પોતાના ધ્યાનમાં જ રહે છે શુદ્ધોપયોગમાં. શુદ્ધમાં હોં. આ પુણ્યભાવ એ અશુદ્ધ ઉપયોગ છે. અશુદ્ધભાવ છે. તો કહે છે કે આ અશુદ્ધભાવની આ બધી પ્રવૃત્તિ એને જ હોય છે. **'બધીયે પ્રવૃત્તિઓ શુભોપયોગીઓને જ હોય છે...'** શુદ્ધમાં રહેનારને કોઈ પ્રવૃત્તિ હોતી નથી. પોતાના ધ્યાનમાં આનંદમાં છે. ક્ષણમાં આનંદમાં મુનિ આવે છે અને ક્ષણમાં વિકલ્પ ઉઠે છે એવા મુનિને વીતરાગમાર્ગમાં મુનિ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ક્ષણમાં અતીન્દ્રિય આનંદના વેદનમાં આવ્યા તો શુદ્ધોપયોગી કહે છે. એને તો વિકલ્પ છે નહિ. જેટલી પ્રવૃત્તિ કહેવામાં આવી એ શુભરાગ આવ્યો ઈચ્છા એને પ્રવૃત્તિ છે. શુદ્ધોપયોગીઓને નહિ. ૨૪૯.

उवकुणदि जो वि णिच्चं चादुव्वण्णस्स समणसंघस्स।
कायविराधणरहिदं सो वि सरागप्पधाणो से।।२४९।।

**વણ જીવકાયવિરાધના ઉપકાર જે નિત્યે કરે,**
**ચઉવિધ સાધુસંઘને, તે શ્રમણ રાગપ્રધાન છે. ૨૪૯.**

**'ટીકા :- સંયમની પ્રતિજ્ઞા કરી હોવાથી...'** ટીકા ૨૪૯. મુનિ છે અને સંયમની

તો પ્રતિજ્ઞા કરી છે. તો એકેન્દ્રિય જીવ, પૃથ્વીકાય, જળકાય. પૃથ્વીકાય સમજો છો? પૃથ્વીનો એક કણ છેને સચેત આ પત્થર, માટી. એક કણમાં અસંખ્ય જીવ છે પૃથ્વીકાય. આ મકાન બનાવે છે તો પત્થર લાવે છે. પોરબંદરી પત્થર, નજીકમાં ખાણ હોય એના પત્થર. આ ધાંગ્રધ્રાની ઘંટીના પત્થર. ઘંટી-ઘંટીના પત્થર બહુ વખણાય. ચક્કી. એ બધા પત્થરની એક કણી એટલી લ્યો રાઈ જેટલી. તો પરમેશ્વર કહે છે કે એમાં અસંખ્ય એકેન્દ્રિય પૃથ્વીકાય જીવ છે.

મુમુક્ષુ :- .. પત્થર વગેરે પૃથ્વીકાય છે?

ઉત્તર :- એ તો જ્યાં સુધી સચેત હોય ત્યાં સુધી. પાણીમાં .. આ તો .. કહે છેને. આ સંચળ હોય છે. સંચળ નહિ? શું કહેવાય એ? ખારા સંચળ. સંચળ બે પ્રકારના—એક સચેત અને એક અચેત બે પ્રકારના. સીધું સંચળ જે નીકળે સચેત કણીમાં અસંખ્ય જીવ પૃથ્વીકાય છે. આ મીઠું-મીઠું-નમક. મીઠાની એક કણીમાં અસંખ્ય જીવ એકેન્દ્રિયના છે. તો મુનિને તો એકેન્દ્રિય જીવની હિંસાનો ત્યાગ કર્યો છે. એકેન્દ્રિય જીવની હિંસા કરે નહિ, કરાવે નહિ અને કરતાને સંમત થાય નહિ. નવ કોટીએ. નવ પ્રકારે. જુઓ, ષટ્કાય છેને? શ્રમણસંઘ નીચે છેને.

'**શ્રમણસંઘને શુદ્ધાત્મપરિણતિના રક્ષણમાં નિમિત્તભૂત...**' સાચા સંત છે, વીતરાગી પરિણતિ છે, સમ્યગ્દર્શનપૂર્વક શાંતિની વીતરાગદશા ઉત્પન્ન થઈ છે. એના '**રક્ષણમાં નિમિત્તભૂત એવી જે ઉપકારપ્રવૃત્તિ શુભોપયોગી શ્રમણો કરે છે તે પ્રવૃત્તિ છ કાયની વિરાધના વિનાની હોય છે,...**' એમાં પૃથ્વીનો એક કણ પણ હણાય એવી ક્રિયા શુભોપયોગી મુનિને હોતી નથી. કેમકે વિરાધના એ તો પાપ છે. પાપની તો પ્રતિજ્ઞા લીધી છે મુનિએ. આહા..! સમજાણું કાંઈ? પહેલી પૃથ્વી, પછી જળકાય. આ પાણીનું બિંદુ. વરસાદનું, નદીનું ..નું એક બિંદુમાં અસંખ્યજીવ એકેન્દ્રિય ભગવાને કહ્યા. સમજાણું કાંઈ? તો એની હિંસાનો મુનિને તો ત્યાગ છે. હિંસા કરે નહિ, કરાવે નહિ, કરતાને સંમત નહિ, મન, વચન અને કાયાથી. એવા અંતરમાં મુનિ હોય એને તો નવ કોટીએ, નવ પ્રકારે એકેન્દ્રિજીવ ...સમજાણું કાંઈ? એને માટે બનાવેલો આહાર, પાણી, ચા, દૂધ એને માટે બનાવ્યા હોય એ મુનિ લઈ શકે નહિ. કેમકે હિંસા છે. એના માટે બનાવ્યું. આરંભ છે મોટો. એક પાણીના બિંદુમાં અસંખ્ય જીવ. એવું દશ શેર પાણી, અધમણ પાણી એને માટે બનાવેલું લે, લેનાર પણ પાપી અને દેનાર પણ પાપી એમ કહે છે. મુનિને તો...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લેનારો પણ પાપી છે. દૃષ્ટિ મિથ્યાત્વની છે. માને છે... શીરો કર્યો હિંસા કરીને. બનાવ્યો. સમજાણું કાંઈ? રાગ તો છેને એની પ્રતીતિમાં? .. હિંસા કરીને મેં મુનિને દીધું. મને ધર્મનો લાભ થયો. એવી માન્યતા મિથ્યા માન્યતા છે. સમજાણું કાંઈ? શુભરાગ

હોય એ બીજી વાત છે. પૃથ્વી, જળ, અગ્નિ. અગ્નિની પણ હિંસા મુનિ કરી શકતા નથી. અગ્નિનો કણ છે એટલો. દીવાસળી, બીડી. શું કહે? એટલા કણમાં અસંખ્ય એકેન્દ્રિય જીવ છે. તો અગ્નિને બાળે નહિ મનથી, વચનથી, કાયાથી, કરણ, કરાવન, અનુમોદન. ત્યાગ છે. તો મુનિ પરની સેવા કરવામાં જ્યાં એકેન્દ્રિય જીવની હિંસા થાય એ કરે નહિ. વિરાધના છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- લાઈટ ...

ઉત્તર :- કોઈ નહિ. લાઈટ-ફાઈટ.. અત્યારે લાઈટ છેને. પહેલા તો નહોતી. લાઈટ કરે પોતે, બનાવે કે કરો અહીંયાં ખોલો અહીંયાં... એવું મુનિ કરી શકે નહિ.

મુમુક્ષુ :- તે દિ' તો બેટરી નહોતીને.

ઉત્તર :- બેટરી નહોતી, દિવાસળી હતી. આ ફાનસ કરો એમ કહે લ્યોને. એ કરે, કરાવે. દિવાસળી કાંઈક તો હશેને ચકમક દિવાસળી... પણ એ અગ્નિના જીવ જ્યાં છે એની મુનિ બીજાની સેવા કરવામાં, ઉપદેશ દેવામાં આવે છે તો છ કાયની વિરાધના રહિત ઉપદેશ છે. જેમાં છ કાયના જીવની હિંસા થાય એવો ઉપદેશ મુનિ કરતા નથી. જુઓ, અગ્નિ, વાયુ. વાયુમાં જીવ છે અને વનસ્પતિ. આ લીમડાના પાંદડામાં, એક-એક પાંદડામાં અસંખ્ય જીવ છે. દૂધીનો કટકો. દૂધી-દૂધી શાક તમારે છેને? દૂધી, કારેલા, શું કહેવાય બીજું? કોઈપણ લ્યો. કંટોલા તમારા છેને બધા? એક-એક કટકીમાં અસંખ્ય જીવ છે. લીલોતરી અસંખ્ય આત્મા છે. એની હિંસા મુનિ કરી શકતા નથી, કરાવી શકે નહિ. એવી પરની સેવામાં જ્યાં એકેન્દ્રિય જીવની હિંસા થાય એ પણ કરતા નથી. સમજાણું કાંઈ?

વાયુ, વનસ્પતિ. વનસ્પતિ હોયને. ત્રસ બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય... ત્રસ જીવ મરે એવી હિંસારહિત. એ '**છ કાયની વિરાધના વિનાની જે કોઈ પણ, શુદ્ધાત્મપરિણતિના રક્ષણને નિમિત્તભૂત એવી,...**' પણ કોને? આહા..હા..! સામે સંત, મુનિ છે એ શુદ્ધાત્મપરિણતિવાળા છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ પુણ્ય-પાપના વિકલ્પથી, પરિણામથી રહિત એવો અનુભવ અને પરિણતિ દશા પ્રગટી હોય એમાં નિમિત્તભૂત થાય એવી સેવા કરી શકે છે. પણ છકાયની વિરાધના વિનાની.

'**ચાર પ્રકારના શ્રમણસંઘને ઉપકાર...**' લ્યો! અહીં તો શ્રમણસંઘ લીધા. ચાર પ્રકારના સાધુ. ચાર પ્રકારના સાધુ (પ્રત્યે) શુભરાગ આવે છે તો એ ઉપદેશાદિ, સેવા આદિ કરે છે. નીચે નોટ છે. '**શ્રમણના ચાર પ્રકાર આ પ્રમાણે છે : (૧) ઋષિ,...**' ઋષિ એટલે આ જૈનના વીતરાગી મુનિ હોં! બીજા ઋષિ નહિ.

મુમુક્ષુ :- જૈનમાં ઋષિ હોય?

ઉત્તર :- જૈનમાં ઋષિની વાત. દરેકનો અર્થ એવો છે. '**(૧) ઋષિ, (૨) મુનિ, (૩) યતિ અને (૪) અણગાર. ઋદ્ધિવાળા શ્રમણ તે ઋષિ છે;...**' આત્માનો આનંદ

અને સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રની શુદ્ધદશા પરિણતિ અવસ્થા છે, પણ લબ્ધિ કોઈ પ્રગટી હોય. તો એને આત્માની વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્રદશા છે અંદરમાં. એને કોઈ લબ્ધિ પ્રગટી હોય તો એને ઋષિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વીતરાગી સંતમાં ઋદ્ધિ પ્રગટી હોય એને ઋષિ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ઋષિ ક્યાં? એ તો ... નામના ઋષિ.

અહીં તો આત્માના આનંદનો અનુભવ વેદન થયું અને એ ઉપરાંત વીતરાગદશા, અરાગીદશા પ્રગટી, એને પુણ્યને કારણે કોઈ લબ્ધિ ઉત્પન્ન થઈ હોય તો એને ઋષિ કહેવામાં આવે છે. એના પણ ચાર ભેદ છે એ આમાં નથી લખ્યા. રાજર્ષિ આવે છેને? મુનિ. લ્યો છેને? **'અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અથવા કેવળજ્ઞાનવાળા શ્રમણ તે મુનિ છે;...'** મુનિ, જુઓ, એ મુનિ અવધિજ્ઞાની હોય, પરના મનની વાત જાણે, મનઃપર્યય હોય .. કેવળજ્ઞાન... એ મુનિ. એને તો મુનિ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... મહાશ્રમણ સંઘનો ઉપકાર, કેવળીનો ઉપકાર કરે એમ લખ્યું આમાં. એનો અર્થ? કે કેવળજ્ઞાનીએ જે આજ્ઞા કરી એ માર્ગની સેવના કરે એ કેવળીનો ઉપકાર કરે છે એમ કહેવામાં આવે છે. ભગવાન પરમાત્મા વીતરાગ તીર્થંકરદેવે જે આત્માનો ધર્મ માર્ગ કહ્યો એવો જે પાળે છે અંદરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો, એ કેવળીનો ઉપકાર કરે છે એમ કહેવામાં આવ્યો. પોતાનો ઉપકાર કરે એ કેવળીનો કરે એમ નિમિત્તથી કથન છેને અહીંયાં તો. સમજાણું કાંઈ? .. લીધો છે ભાઈ શીતળપ્રસાદે.

હવે યતિ કોને કહે? યતિ એટલે આ જતિ છે અત્યારે એ યતિ નહિ. **'ઉપશમ અથવા ક્ષપક શ્રેણિમાં આરૂઢ શ્રમણ...'** આત્માની અંદર અનુભવદશા પ્રગટ થઈ, વીતરાગતા પ્રગટ થઈ છે અને યતિ-યતના. સ્વરૂપમાં એટલી સ્થિરતા થઈ છે કે કેવળજ્ઞાન લેવામાં, શ્રેણી-પગથિયા જેમ છે નિસરણીના એમ શ્રેણીમાં ચડ્યા જાય. યતના, સ્વરૂપમાં યતના કરે શ્રમણ **'તે યતિ છે;...'** કહો, એનો પણ ઉપકાર. ઉપકારનો અર્થ? એ છે એનું બહુમાન કરવું, એણે કહ્યું એમ સમજવું. એ તો ક્ષપક શ્રેણી ચડ્યા છે લ્યો! ધ્યાનમાં છે આનંદમાં. **'અને સામાન્ય સાધુ તે અણગાર છે.'** એ સિવાયના સંતો ઋદ્ધિ વિનાના, અવધિ, મનઃ, કેવળજ્ઞાન વિનાના અને શ્રેણી વિનાના. આત્માની અંદર આનંદમૂર્તિ પ્રભુ, અતીન્દ્રિય આનંદના અનુભવમાં રહેનારા તેને અહીંયાં સામાન્ય સાધુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પછી ઋષિની વ્યાખ્યા ઘણી કરી. રાજર્ષિ એવા કેટલાક .. છેને. ટીકામાં છે. જયસેનાચાર્યની. બ્રહ્મર્ષિ, રાજર્ષિ. રાજર્ષિ કહે. નહોતા કહેતા .. પ્રભાશંકર પટ્ટણી હતાને. એને ક્યાં. રાજર્ષિ એને કોઈ કહે. ઓહો..! રાજર્ષિ હતા. ધૂળમાંય નહોતું કાંઈ ભાન. અહીં આવ્યા હતાને.

એ વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતાને. ૯૩ની સાલમાં. ૯૩. કેટલાક એમ કહે કે રાજર્ષિ છે જુઓ, પછી દાઢી રાખતા. દિવાન, ભાવનગરના દિવાન. રાજર્ષિ છે. અરે..! રાજર્ષિ એ ન હોય ભાઈ! રાજા હોય મહાસંત અંદર નગ્નદશા થઈને વીતરાગી પરિણતિ ઉત્પન્ન થાય એવા રાજર્ષિ એવી ઋદ્ધિ વિક્રિયાદિ હોય. છેને. લખ્યું છેને. વૈક્રિયક આદિ લબ્ધિ હોય. આ અક્ષીણ. એક લાડવો હોય તોપણ કરોડો માણસ જમી લે એવી લબ્ધિ પ્રગટી હોય. એને અહીંયાં રાજર્ષિ, બ્રહ્મર્ષિ એમ છે શબ્દ લ્યોને.

'**આ પ્રમાણે ચાર પ્રકારનો શ્રમણસંઘ છે.**' આપણે તો એ લેવું છે. આ પ્રકારના ચતુર્વિધ સંઘ. મુનિના ચાર પ્રકાર. એ '**ચાર પ્રકારના શ્રમણસંઘને...**' ચારેય પ્રકાર '**શુદ્ધાત્મપરિણતિના રક્ષણને નિમિત્તભૂત...**' તો કેવળજ્ઞાન અને ક્ષપકશ્રેણી ચડે એમાં તો કોઈ હોઈ શકે નહિ તો લઈ લેવું વ્યવહારથી આજ્ઞા પ્રમાણે. '**ઉપકાર કરવાની પ્રવૃત્તિ,...**' છે. શુભરાગી મુનિને ઈચ્છા ઉત્પન્ન થઈ છે. ઈચ્છા.. ધ્યાનમાં, આનંદમાં ન રહી શકે. ક્ષણમાં આનંદમાં રહી શકે છે અને ક્ષણમાં રાગ આવે છે એની વાત છે. વીતરાગ સર્વજ્ઞના માર્ગના વિષે. મુનિની દશા તો એવી હોય છે કે ક્ષણમાં છઠ્ઠું ગુણસ્થાન, ક્ષણમાં સાતમું ગુણસ્થાન. ક્ષણમાં સાતમું આવી જાય છે ધ્યાન આનંદકંદ. ક્ષણમાં વિકલ્પ ઉઠે છે. તો વિકલ્પ ઉઠે છે એ શુભરાગ છે. એની પ્રવૃત્તિ એવી છે એમ બતાવે છે. જેમાં છ કાયની હિંસા થાય એ જરી પણ કરી શકતા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ શુભરાગ રહે ત્યાં સુધી. શુભરાગ રહે ત્યાં સુધીની વાત છેને? શુભોપયોગની વાત છે.

'**શ્રમણસંઘને ઉપકાર કરવાની પ્રવૃત્તિ, તે બધીયે રાગપ્રધાનપણાને લીધે...**' જુઓ, રાગ છે એ. આહા..હા..! એ વિકલ્પ છે, શુભરાગ છે. '**શુભોપયોગીઓને જ હોય છે, શુદ્ધોપયોગીઓને કદાપિ નહિ.**' અંદરમાં ધ્યાનમાં સ્થિર છે મુનિ તો. આનંદમાં રહે છે જંગલમાં ક્ષણમાં. એને તો છે નહિ. રહી શકે નહિ તો રાગ ઉઠ્યો તો એવી પ્રવૃત્તિ શુભરાગીને રાગપ્રધાનરૂપ હોય છે. આહા..હા..! વીતરાગમાર્ગ અલૌકિક માર્ગ ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વરે પરમાત્મા કહેલો માર્ગ છે. લોકોને સાંભળવા મળે નહિ. સાધુપદ કેવું છે? સમ્યગ્દર્શન કેવું છે? સમ્યગ્જ્ઞાન કેવું છે? અને ચારિત્ર કેવું છે? આહા..હા..! સમજાણું કાંઈ? '**શુદ્ધોપયોગીઓને કદાપિ નહિ.**' પાઠમાં છે એમાંથી બેયમાં કાઢ્યું. ત્યાં ઈચ્છા ઉત્પન્ન થઈ છે. એવા છઠ્ઠા ગુણસ્થાનના મુનિ સાચા હોય છે. સમજાણું કાંઈ? જેને નિદ્રા પણ એક સેકન્ડની અંદરમાં પોણી સેકન્ડમાત્ર નિદ્રા હોય છે. આહા..હા..! વિશેષ નિદ્રા હોતી નથી. એને અહીંયાં ભગવાનના માર્ગમાં સાધુ કહ્યા છે. આહા..હા..! સાધુપદ શું છે એ લોકોને માપમાં નથી—ખબર નથી. લૂગડા ફેરવ્યા કે લૂગડા છોડ્યા તો થઈ ગયા સાધુ. ભાઈ! એ સાધુ નથી. આ પંચ મહાવ્રતનો વિકલ્પ

છે રાગપ્રધાન વસ્તુ એ પણ સાધુપણું નથી. એ વિકલ્પથી, રાગથી પાર અંતર ચિદાનંદસ્વરૂપમાં રમણ કરે, આત્મામાં રમણ કરે તે આત્મરામ સાધુ છે. સમજાણું કાંઈ?

એને રાગ છે, જ્યાં સુધી વીતરાગતા અંદર ઉપયોગમાં પ્રગટ નથી થઈ, ત્યાંથી ખસી ગયો તો એવા રાગ પ્રધાનને લીધે. લ્યો! ત્યાં રાગ પ્રધાન થયોને શુભરાગ? એ શુભરાગ રાગ છે. ઉપદેશ દેવાનો વિકલ્પ પણ રાગ છે. આહા..હા..! અહીં તો માને કે ઉપદેશ દેવાના ભાવથી અમને ધર્મ થાય છે. નિર્જરા. ઓલા તુલસીના તેરાપંથી છેને એ એમ કહે છે. ઉપદેશ દેવો એ ધર્મ નિર્જરા છે. એ તુલસી નથી એક? સ્થાનકવાસીમાં છેને. તુલસી. એ. બસ એ. દિલ્હી. હા દિલ્હી. અત્યારે ત્યાં છે મદ્રાસ મહારાષ્ટ્રમાં. એના એ .. છેને પહેલેથી એની શ્રદ્ધા એવી છે. બીજાને કોઈ મારે તો બચાવો એમ ન કહેવું, પણ ઉપદેશ દેવો. ભાઈ! કોઈ પ્રાણીને ન મારવા, દુઃખ ન દેવું, .. એવો ઉપદેશ દેવાથી ધર્મ થાય છે. એય..! જેઠાભાઈ! અહીં કહે, ઉપદેશ દેવાથી ધર્મ બિલકુલ નથી થતો. શુભરાગ આવ્યો તો પુણ્યબંધ થશે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, એમ નહિ. એ તો જુદું. એ વળી જુદું. આ તો આવો ઉપદેશ. જીવને બચાવો પૈસા દઈને કે આમ કરીને. એ પાપ માને છેને એ? પાપ માને છે. બસ, ..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી ઠીક પાપ, પણ એમ કે એ વર્તમાનની વાત છે. એ તો બીજાએ લગાવ્યું છે. પણ એમ કે એ નહિ, નહિ મારવો... નહિ મારવો... કોઈને દુઃખ ન દેવું- એવો ઉપદેશ દેવો તો નિર્જરા થાય છે. અહીં ભગવાન કહે છે કે એને પુણ્યબંધ થાય છે. ધર્મ બર્મ થતો નથી. ધર્મ તો રાગથી ભિન્ન પોતાનું સ્વરૂપ અંતર આનંદમાં એકાગ્ર થાય તો ધર્મ થાય છે. એવા ઉપદેશથી ધર્મ થતો નથી.

મુમુક્ષુ :- એ નિર્જરા કહે છે.

ઉત્તર :- નિર્જરા કહે છે. અત્યારે વીતરાગ માર્ગને ખબર નથી એટલે વીંખી નાખ્યો, પીંખી નાખ્યો છે. કોઈક એમ કહે કે આહાર વિશેષ વધી ગયો હોય કોઈ સાધુને તો ખાઈ લેવું. તો નિર્જરા થશે. આહાર આ ભોજન. બચી ગયેલો. બીજા કોઈ લાવે છેને. ખાઈ ન શકે થોડું વધ્યું તો બીજા ખાઈ લે તો નિર્જરા થાય છે.

મુમુક્ષુ :- .. તો પાપ લાગે.

ઉત્તર :- પાપ લાગે. નહિ, માંદો ન ખાય, વધારે ન ખાય એ. પણ એ વધી ગયો તો એ ખાઈ જવાય. અમારે હીરાજી મહારાજ હતા એક. એક જણો લઈને દેવા આવ્યો. લાપસી-બાપસી વહોરવા ગયેલોને ખૂબ આવી લાપસી. લાપસી સમજો છો? એ ખાધી પણ બહુ વધી પડી. હવે શું કરવું? ભદ્રીક હતા. તો છાશમાં નાખ્યું. અમે તો ખાઈને બેઠેલા.

ખાધેલું ખરુંને. હવે શું કરવું? ... તો બહાર હિંસા. છાશ નાખી પી ગયા હીરાજી મહારાજ. એવી શ્રદ્ધા, એના શાસ્ત્રમાં એવું લખ્યું છે. એ આખી વાત જ ફેર છે.

અહીં તો કહે છે કે ભાઈ! જેને ઉપદેશ દેવાનો ભાવ થયો, મુનિને આત્માનું ભાન છે એ રાગનો આદર કરતા નથી, પણ એ રાગની પ્રવૃત્તિમાં એવા ઉપદેશ આદિની શૈલી હોય છે, બસ એટલું કહેવું છે. સમજાણું? પણ એમાં પણ છ કાયની હિંસા થાય એવો તો ઉપદેશ કે પ્રવૃત્તિ હોય નહિ. એ સંયમી છેને મુનિ પણ?

'**હવે પ્રવૃત્તિ સંયમની વિરોધી હોવાનો નિષેધ કરે છે (અર્થાત્ શુભોપયોગી શ્રમણને સંયમ સાથે વિરોધવાળી પ્રવૃત્તિ ન હોવી જોઈએ એમ કહે છે) :—**' લ્યો! ખુલાસો કરે છે. આત્મા સમ્યગ્દર્શનમાં રમે છે, જ્ઞાનમાં રમે છે અને ચારિત્ર વીતરાગદશા પ્રગટી છે. એવા મુનિને રાગ થયો તો એ રાગમાં '**સંયમની વિરોધી હોવાનો નિષેધ કરે છે...**' ૨૫૦.

**जदि कुणदि कायखेदं वेज्जावच्चत्थमुज्जदो समणो।**
**ण हवदि हवदि अगारी धम्मो सो सावयाणं से।।२५०।।**

નાની નાની ગાથા છે હોં બધી. ટીકા પણ નાની. ૨૫૦.

**વૈયાવૃતે ઉદ્યત શ્રમણ ષટ્ કાયને પીડા કરે**
**તો શ્રમણ નહિ, પણ છે ગૃહી; તે શ્રાવકોનો ધર્મ છે. ૨૫૦.**

એ સાધુ નથી. જેમાં છ કાયની કાંઈ પણ હિંસા થાય, એ કરે, કરાવે, અનુમોદે તો એ સાધુ નથી. ગૃહસ્થાશ્રમમાં ગૃહસ્થને હોય. સમજાણું કાંઈ? બહુ કામ આકરું. ૨૫૦.

'**ટીકા :- જે (શ્રમણ) બીજાને શુદ્ધાત્મપરિણતિનું રક્ષણ થાય...**' એટલી વાત છે. બસ, છેને? બીજી કોઈ વાત નથી. એનું શુદ્ધસ્વરૂપ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પરને છે એમાં રક્ષણ થાય એવા નિમિત્તપણાની વાત અહીંયાં છે. રક્ષા તો એને કારણે થાય છે, પણ એમાં નિમિત્તની વાત છે. ચરણાનુયોગ છેને? '**(શ્રમણ)...**' સાધુ '**બીજાને શુદ્ધાત્મપરિણતિનું રક્ષણ...**' ઓહો..હો..! જુઓ, એ સાધુ. પવિત્ર આત્માની સમ્યગ્દર્શન, જ્ઞાન અને વીતરાગી-અરાગી અવસ્થા. પરિણતિ એટલે અવસ્થા. નિર્વિકલ્પ વીતરાગદશાની રક્ષા થાય '**એવા અભિપ્રાયથી વૈયાવૃત્યની પ્રવૃત્તિ કરતાં...**' બીજા સાધુની સેવા કરતો થકા '**પોતાના સંયમની વિરાધના કરે છે,...**' એમાં કાંઈપણ થોડી રોગી થયો, પાણી નથી લેતા, થોડું કરો, બનાવો એવા પાણી. પા શેર પાણી તો દ્યો એને. સમજાણું કાંઈ? એક પાણીના બિંદુનો જીવ હણાય તો એ સાધુપણું રહેતું નથી. સમજાણું કાંઈ?

'**સંયમની વિરાધના કરે છે, તે ગૃહસ્થધર્મમાં પ્રવેશતો હોવાને લીધે...**' એ ગૃહસ્થ ધર્મ છે. શ્રાવક કે મુનિ છે નહિ. મુનિપણું છૂટી ગયું. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય પંચેન્દ્રિય જીવ તથા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસ એમાં કોઈપણ

જરી હિંસા થાય, બીજાને કરાવે, કરે કે અનુમોદના હોય એવી વૈયાવૃત્યની ભાવના થઈ તો સાધુપણું નથી રહેતું. સમજાણું કાંઈ? '**શ્રામણ્યથી ચ્યુત થાય છે.**' એ '**ગૃહસ્થધર્મમાં પ્રવેશતો હોવાને લીધે...**' '**આથી (એમ કહ્યું કે) જે કોઈ પ્રવૃત્તિ હોય...**' મુનિની, આત્માની શુદ્ધ પરિણતિમાં નિમિત્ત થાય એવો વિકલ્પ આવ્યો તો એમાં પ્રવૃત્તિ કોઈપણ હોય, '**તે સર્વથા સંયમ સાથે વિરોધ ન આવે...**' પોતાની છ કાયની અને અવ્રતનો ત્યાગ છે. એની સંયમ દશા અંદરમાં છે, એ સંયમમાં '**સાથે વિરોધ ન આવે એવી રીતે જ કરવી જોઈએ,...**' આહા..હા..! સમજાણું કાંઈ? તલ ને બાજરી એ એકેન્દ્રિય જીવ છે. સમજાણું કાંઈ? ઘઉં, જુવારમાં એકેન્દ્રિય જીવ છે. અંદર જીવ છે.

મુમુક્ષુ :- ...તોપણ?

ઉત્તર :- હા, સુકાઈ ગયા હોય તોપણ જીવ છે. એવા જીવને મારવાનું કહેવું, કરાવવું, અનુમોદન એ બધું સાધુપણાથી ભ્રષ્ટ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ ઝીણો છે, ભાઈ! વીતરાગમાર્ગમાં તો છ કાયના છ જીવનિકાય લેવા છેને? નિગોદમાં અનંત જીવ છે. સમજાણું કાંઈ? નિગોદ આ લીલફુગ, કાઈ આદિ. એની જરા પણ વિરાધના થાય એવો ભાવ પ્રવૃત્તિ કરે તો મુનિપણું રહેતું નથી. સમજાણું કાંઈ? એવો માર્ગ વીતરાગનો...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ મર્યાદા છે. મર્યાદા .. એ તો અહીં પ્રતિબદ્ધ ન થાય એવી હિંસાના નિષેધ માટે એ વાત છે. પ્રતિબદ્ધ થઈ જાય એક ઠેકાણે તો ... કરે છે.

અહીં તો પરની વૈયાવૃત્યમાં એ તો પોતાના સંયમના નિર્વાહ માટે ત્યાં છે. કોઈ ઠેકાણે જાય છે. એ પોતાની વાત છે. બીજા માટે નહિ. અહીં તો '**સર્વથા સંયમ સાથે વિરોધ ન આવે એવી રીતે જ કરવી જોઈએ, કારણ કે પ્રવૃત્તિમાં પણ સંયમ જ સાધ્ય છે.**' જુઓ, પ્રવૃત્તિમાં પણ સંયમ રાખવો એ જ એને સાધ્ય છે. એમાં શુભ યોગમાં પણ કાંઈ વિરાધના થાય તો સંયમ સાધ્ય રહ્યો નહિ. સંયમપણું રહેતું નથી. ઓહો..હો..! સંયમ સાધ્યનો અર્થ? કે સંયમ છે ત્યાં દશા એ રાખવી એમ. સાધ્યનો અર્થ? સાધ્ય તો દૃષ્ટિમાં તો સાધ્ય ધ્રુવ જ છે. ધર્મીને દૃષ્ટિમાં સાધ્ય તો ધ્રુવ જ છે, પણ સંયમની પરિણતિ રક્ષા કરવી એ સાધ્ય છે એમ. સમજાણું કાંઈ? એમાં સંયમ બિલકુલ અંદરના આનંદની શાંતિમાં વિરોધ ન આવે, એવા સંયમની વિરાધના ન થાય એમ રાખવું જોઈએ. ઓહો..હો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કહ્યુંને. કોઈ જીવને, સાધુને કોઈ દુઃખ ઘણું થયું હોય તો આહાર લાવવો, લાવો થોડું કરીને, પાણી લાવો, થોડું પાણી લાવો પાણી. પાણી બનાવો. થોડું પા શેર પાણી તો લાવો, વેચાતું લાવો અહીંથી કોઈ. એ હિંસા છે. સમજાણું કાંઈ? વેચાતી.

મુમુક્ષુ :- ચોથા કાળના સાધુની વાત છે?

ઉત્તર :- અરે..! આ તો ત્રણે કાળના સાધુની વાત છે. ચોથા કાળની વાત ક્યાં છે? આ તો વીતરાગના સાધુ એવા હોય છે. ચોથા કાળની વાત ક્યાં છે? આ પંચમ કાળના સાધુ પંચમ કાળના સાધુ માટે તો કહે છે. ચોથો કાળ ક્યાં છે અત્યારે?

'**સંયમ જ સાધ્ય છે.**' આત્મા દર્શનસાધ્ય છે તો દર્શનમાં તો આત્મા સાધ્ય છે જ, પણ શુદ્ધ દશાની પરિણતિ રહે, વિરોધ આવે નહિ, એવો સંયમ મુનિઓને અંતર સાધ્ય હોય છે. એને મુનિ કહેવામાં આવે છે. એવા મુનિને મુનિ માને સત્યશ્રદ્ધા છે. એનાથી વિરુદ્ધ મુનિને માને તો શ્રદ્ધા પણ વિપરીત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૩, ગુરુવાર, તા. ૩૧.૦૭.૧૯૬૯**
**ગાથા-૨૫૦ થી ૨૫૨, પ્રવચન-૨૨૩**

પ્રવચનસાર, ચરણાનુયોગસૂચક ચૂલિકા. ૨૫૦ ગાથાનો ભાવાર્થ ચાલે છે. ભાવાર્થ છેને? શું ચાલે છે આ? કે સાધુ જે છે એને પોતાના સ્વભાવનું સમ્યગ્દર્શન થયું છે, ભાન સમ્યગ્જ્ઞાન છે, એ ઉપરાંત શુદ્ધ ઉપયોગની દશા પણ સાતમા ગુણસ્થાનની એને થાય છે. પણ એમાં રહી શકતા નથી. .. આગળ જવાની ધારા નથી એથી એને શુભોપયોગ, શુભરાગ આવે છે. એ શુભરાગીને સંતોની વૈયાવૃત્ય કરવાનો ભાવ હોય છે, પણ એને છ કાયની વિરાધના કર્યા વિનાની વૈયાવૃત્ય હોય છે એ સિદ્ધ કરે છે. સમજાણું? જુઓ, ભાવાર્થ છેને?

'**જે શ્રમણ છ કાયની વિરાધના સહિત વૈયાવૃત્યાદિ પ્રવૃત્તિ કરે છે, તે ગૃહસ્થધર્મમાં પ્રવેશે છે;...**' એ સાધુપણામાં રહેતો નથી. એકેન્દ્રિયની એક... એકેન્દ્રિય પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ કે વનસ્પતિ-એનો એક કણ પણ હણવાના ભાવથી વૈયાવૃત્ય આદિ કરે તો એ સાધુપણું રહી શકતું નથી. સમજાણું કાંઈ? '**તે ગૃહસ્થધર્મમાં પ્રવેશે છે; તેથી શ્રમણે વૈયાવૃત્યાદિ પ્રવૃત્તિ એવી રીતે કરવી જોઈએ કે જેથી સંયમની વિરાધના ન થાય.**' સમજાણું? એમાં આપણે ૨૪૮માં અંદર એક વાત થોડી રહી ગઈ હતી. .. ૨૪૮ ગાથામાં જયસેનાચાર્યની ટીકામાં એમ લખ્યું છે કે શ્રાવકને... સંસ્કૃતમાં છે સંસ્કૃત. '**श्रावकाणामपि सामायिकादिकाले शुद्धभावना दृश्यते,**' સંસ્કૃત છે આ બાજુ. ૪૫૯ પાને. ૪૫૯ પાને. ૪૫૯ પાને. આ તો ૨૪૮ ગાથા. સમજાય છે? શ્રાવકને પણ, સાચા શ્રાવક જેને આત્માનું દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે એ ઉપરાંત અંતરમાં શાંતિની વિશેષ વૃદ્ધિ છે. એને પણ સામાયિકાદિ ધ્યાનકાળે કે આદિ ..કાળે કોઈ વખતે અંદર શુદ્ધોપયોગ થાય છે. '**शुद्धभावना दृश्यते,**' એનો અર્થ કરે છે ઉંધો. ભાવના એટલે એમ કે ભાવે છે કે મને શુદ્ધોપયોગ થાવ એમ.

એમ નથી. શુદ્ધ ભાવના 'दृश्यते' શુદ્ધ એકાગ્રતા 'दृश्यते' એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ શ્રાવકનું પણ બધાને થાય અને કોઈ વખતે ન પણ થાય. સામાયિક સાધારણ હોય એ વિકલ્પસહિત જ હોય. સમજાય છે? એવો શુદ્ધોપયોગ અંદર ગૃહસ્થાશ્રમમાં શ્રાવકને પણ અંતરમાં ધ્યાનમાં રાજા હોય મોટા. સમજાણું? પણ પાંચમા ગુણસ્થાનવાળો શ્રાવક હોય તો એને અંતરના આનંદનો અનુભવ શુદ્ધોપયોગમાં કોઈ વખતે આવી જાય છે. બિલકુલ એને શુદ્ધોપયોગ હોય જ નહિ એમ નથી. આવ્યુંને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, કરે છે, પણ કરે છતાં સાથે શુદ્ધોપયોગ હરવખતે ન હોય. આવે છે. સમજાય છે કાંઈ? અહીં તો સમ્યગ્દર્શનની, મિથ્યાદર્શનની વાત ક્યાં છે? એ નહિ. એ નહિ. આ તો સામાયિક કરે સાચાની વાત છે. આ અત્યારે કરે એને ક્યાં ભાન છે? અત્યારે તો બધા બેઠા એની તો વાત પણ ક્યાં છે? આ તો સાચા શ્રાવક છે, પંચમ ગુણસ્થાનની દશા છે, સમ્યગ્દર્શનપૂર્વક શાંતિની વૃદ્ધિ પણ છે. એને કોઈ વખતે ધ્યાનમાં, નિવૃત્તિ કાળમાં અથવા અંદર વિચાર કરતા એકાકાર થઈ જાય તો શુદ્ધોપયોગ આવી જાય. શુદ્ધોપયોગની '**शुद्धभावना दृश्यते**'નો અર્થ શુદ્ધોપયોગની કલ્પના કરે છે કે મને શુદ્ધોપયોગ હો. એમ નહિ. ભાવનાનો અર્થ એકાગ્રતા છે. આહા..હા..! ચંદુભાઈ! એવા અર્થ કરે છે અત્યારે. આનો અર્થ કરે છે ફુલચંદજી. પણ શું થાય? આહા..હા..! વગર ગોવાળનુ ધણ ચાલે છે. એટલે કહે છે.

જુઓ, એમાં આવે છે '**शुद्धोपयोगिनामपि क्वापि काले शुभोपयोगभावना दृश्यते**' શુભોપયોગી જીવને પણ, શુભોપયોગી જીવને પણ કોઈ કાળે શુદ્ધોપયોગ ભાવના હોય છે. '**शुद्धोपयोगिनामपि क्वापि काले**' અને અંતરમાં શુદ્ધોપયોગ હોય એને કોઈ વખતે. સમુચ્ચય વાત અહીં તો લીધી છે. '**शुभोपयोगभावना दृश्यते**' એને પણ વિકલ્પ શુભરાગ બીજાની વૈયાવૃત્ય કરું. દયા, દાન, ભક્તિ, એવો શુભભાવ આવે છે. '**श्रावकाणामपि सामायिकादिकाले शुद्धभावना दृश्यते,**' જુઓ, એની.. જેવું '**शुभोपयोगभावना दृश्यते**' કીધું હતું. સમજાય છે? સમુચ્ચય કીધુંને? '**क्वापि काले शुभोपयोगभावना दृश्यते**' એ જ શબ્દ અહીં છે. '**श्रावकाणामपि सामायिकादिकाले शुद्धभावना दृश्यते,**' સામાયિક એટલે આત્માનું અંતર આનંદસ્વરૂપ એનું અંતર ધ્યાન કરતા શુદ્ધોપયોગ થઈ જાય છે. કહો, પોપટભાઈ! આ અત્યારે માનેલી સામાયિક એ સામાયિક ક્યાં છે? એ તો હજી દૃષ્ટિ મિથ્યા છે ત્યાં. સામાયિક પણ ક્યાં હતી? એય..! નિહાલભાઈ!

અહીંયાં તો આત્મા અંદર રાગના વિકલ્પથી ભિન્ન અનુભવમાં આવ્યો એને અંદરમાં ઉપયોગમાં કોઈ વખતે શુદ્ધ ઉપયોગ થઈ જાય છે એમ વાત કરે છે. અને શુદ્ધ ઉપયોગી

જીવને-મુનીને ત્યાં રહી શકે નહિ એટલે શુભ આવે છે અને શ્રાવકને શુભોપયોગમાં હોય છે ત્યારે .. પણ એને શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. અને તેથી પરંપરા મોક્ષ જશે એમ કહેવામાં આવ્યું છે. શ્રાવક પણ શુભોપયોગને કારણે પરંપરા મોક્ષ જશે. ૨૫૪માં આવશે. એ કારણ છે કે એ રાગને પોતાનું સ્વરૂપ માનતો નથી. અત્યારે આનંદસ્વરૂપે હું છું, પણ એમાં ઠરી શકતો નથી એટલે શુભભાવ આવે છે. અશુભથી બચવા માટે ગૃહસ્થને શુભોપયોગ ઘણીવાર આવે છે. એથી એને પહેલો ટાળ્યો છે અશુભ, પછી શુભ ટાળીને શુદ્ધ કરશે એથી પરંપરાએ શુભને મોક્ષનું કારણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

બેય વાત લીધી કે ધર્મી છે શ્રાવક એને સામાયિક આદિ કાળમાં પણ સમ્યગ્દર્શન અને શુદ્ધોપયોગ આવી જાય છે અને મુનિને તો શુદ્ધોપયોગ સાતમા ગુણસ્થાન સુધી રહે છે અને પાધરો શુભોપયોગ આવી જાય છે. શું કહે છે? એ વારંવાર વાત થઈ ગઈ. બે-ત્રણ વાર તો થઈ હવે શું કહેવું છે તમારે? કાંઈ પ્રશ્નનો.. હંમેશા સામાયિક વખતે ન થાય એ તો પહેલું કહ્યું.

મુમુક્ષુ :- પોણો કલાક સુધી...

ઉત્તર :- પોણો કલાક શું કલાક બેસે. સહજ ઉપયોગ થાય ત્યારે થાય, એમ વાત છે. સમજાય છે કાંઈ? ઘડિયાળ પાછળ છે. દશ મિનિટ થઈ ગઈ. ... કહો, સમજાણું?

શ્રાવક હોય સાચા શ્રાવક, અંતરના આત્માની દૃષ્ટિના અનુભવી જીવ એને ઘણો વખત અશુભભાવ હોય છે એથી એને બચવા માટે શુભભાવ ઘણો વખત આવે, પણ શુભભાવ છોડીને એને શુદ્ધ ઉપયોગમાં પણ રમત આવી જાય છે. ચોથે ગુણસ્થાને પણ શુદ્ધ ઉપયોગ હોય છે પ્રાપ્ત થતા વખતે અને પછી પણ આવે છે. અહીં શ્રાવકની મુખ્યતાની વાત લીધી છે. ચોથાની વાત લીધી નથી. કહો, સમજાણું કાંઈ?

**'शुभोपयोगिन एव भण्यन्ते। येऽपि शुद्धोपयोगिनस्ते यद्यपि क्वापि काले शुभोपयोगेन वर्तन्ते तथापि शुद्धोपयोगिन एव। कस्मात्। बहुपदस्य प्रधानत्वादाम्रवननिम्बवनवदिति।।'** ઘણા આંબા હોય એમાં પાંચ-પચ્ચીસ ઝાડ લીમડાના હોય લીમડાના. છતાં એ આંબાનું વન કહેવાય. એમ લીમડાનું વન હોય ઘણું અને પાંચ-પચ્ચીસ આંબાના ઝાડ હોય તોપણ એને લીમડાનું વન કહેવાય. એમ શુભોપયોગી જીવને શુદ્ધોપયોગ કોઈવાર આવે શ્રાવકને તોપણ એને શુભોપયોગી શુદ્ધવાળો કહેવામાં આવે છે. એમ કહેવું. મૂળ તો એમ જ સિદ્ધ કરવુ છે.

હવે અહીંયાં ૨૫૦નો '**ભાવાર્થ :- જે શ્રમણ છ કાયની વિરાધના સહિત વૈયાવૃત્યાદિ પ્રવૃતિ કરે છે, તે ગૃહસ્થધર્મમાં પ્રવેશે છે; તેથી શ્રમણે વૈયાવૃત્ત્યાદિ પ્રવૃત્તિ એવી રીતે કરવી જોઈએ કે જેથી સંયમની વિરાધના ન થાય.**' એકેન્દ્રિય જીવની પણ હિંસા ન થાય એવી રીતે વૈયાવૃત્ત્ય સાધુની એક સાધુ કરે. હવે અહીંયાં જયસેનાચાર્યે નાખ્યું છે.

**'અહીં એટલું વિશેષ સમજવું—કે સ્વશરીરના પોષણ અર્થે અથવા શિષ્યાદિના મોહથી સાવદ્યને ઇચ્છતો નથી...'** એકેન્દ્રિય આદિ જીવની હિંસા કરતો નથી અને સાવદ્ય ઇચ્છતો નથી. **'તેને તો વૈયાવૃત્યાદિકમાં પણ સાવદ્યને ન ઇચ્છવું તે શોભાસ્પદ છે,...'** એને પણ એવા ..જીવને ન મારવો.. **'પરંતુ જે બીજે તો સાવદ્યને ઇચ્છે છે...'** હિંસા, જૂઠું આદિના ભાવ હોય છે. **'પણ પોતાની અવસ્થાને યોગ્ય વૈયાવૃત્યાદિ ધર્મકાર્યમાં સાવદ્યને ઇચ્છતો નથી...'** ગૃહસ્થાશ્રમમાં. સમજાણું? એને સમકિત જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? સમજાય છે કાંઈ?

**'યોગ્ય વૈયાવૃત્યાદિ ધર્મકાર્યમાં સાવદ્યને ઇચ્છતો નથી તેને તો સમ્યક્ત્વ જ નથી.'** બીજે સ્થાને સાવદ્ય-એકેન્દ્રિય આદિ હિંસાના ભાવ કરે અને જ્યારે ધર્મના કાર્ય એવા હોય છે એમાં એ સાવદ્યને ઇચ્છે નહિ એટલે એ જાતની ભાવના ન હોય તો એને સમ્યગ્દર્શન રહેતું નથી. કહો, જેઠાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આ તો કોઈને પણ માટે વાત છે. ..ને તો છે જ ક્યાં? આ તો સમ્યગ્દૃષ્ટિએ .. ઇચ્છાના સાવદ્ય એકેન્દ્રિય જીવની હિંસા આદિના ભાવ હોય, પણ જ્યારે ધર્મનું કાર્ય વૈયાવૃત્ય આદિનું કામ હોય, એમાં કોઈ એન્દ્રિય આદિ જીવની હિંસા થતી હોય તો ન ઇચ્છે, એ પોતાના પાપ માટે ઇચ્છા છે, પણ આવા ધર્મના પુણ્ય માટે ઇચ્છા નથી માટે એને સમ્યગ્દર્શન રહેતું નથી એમ કહે છે. પોપટભાઈ! અહીંયાં તો છે જ ક્યાં? એ લોકોની દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. આહા..હા..! ... ટોડરમલજીને તો અન્યમતમાં ગણ્યા છેને? અને રાગથી જ માનનારા એ વીતરાગમાર્ગ છે નહિ. વ્યવહારથી જ માનનારા છે. વ્યવહારથી ભક્તિ, વ્યવહાર પૂજા, વ્યવહારથી જ ધર્મ માનનારા છે. એ વસ્તુ એવી વીતરાગમાર્ગની નથી. .. કર્યાને?

**'હવે પ્રવૃત્તિના વિષયના બે વિભાવો દર્શાવે છે (અર્થાત્ શુદ્ધોપયોગીએ કોના પ્રત્યે ઉપકારની પ્રવૃત્તિ કરવાયોગ્ય છે અને કોના પ્રત્યે ઉપકારની પ્રવૃત્તિ કરવાયોગ્ય નથી તે દર્શાવે છે) :—'** જુઓ, શુભોપયોગીના પ્રકાર. વૈયાવૃત્ય કરવા અને કોની કરવી, કોની ન કરવી એ વાત બતાવે છે. આહા..હા..! કેટલું સ્પષ્ટ કરે છે જુઓ,

> जोण्हाणं णिरवेक्खं सागारणगारचरियजुत्ताणं।
> अणुकंपयोवयारं कुव्वदु लेवो जदि वि अप्पो।।२५१।।
> **છે અલ્પ લેપ છતાંય દર્શનજ્ઞાનપરિણત જૈનને,**
> **નિરપેક્ષતાપૂર્વક કરો ઉપકાર અનુકંપા વડે. ૨૫૧.**

જુઓ, આહા..હા..! .. બીજા કોઈ સાધારણ માણસ હોય એને પણ દયા અને વૈયાવૃત્ય કરે એ પણ એક સ્થિરિકરણ કહેવાય. મિથ્યાદૃષ્ટિ હોય... એવું આવે છે. પત્રમાં આવતું. સમજાણું

કાંઈ? અધ્યાત્મ પત્રાવલીમાં એ આવે છે. એક માણસ હતો .. બહુ દુઃખ. એને પણ આહાર-પાણી દઈને સ્થિર કરવો એ પણ સ્થિરિકરણ કહેવાય છે. એ ના પાડે છે કે અહીં (એમ) નથી. અહીં તો જેને આત્માનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય જેવું પરમેશ્વરે કહ્યું, વીતરાગદેવે કહ્યું એવું દૃષ્ટિ અને જ્ઞાન વર્તે છે એવા જૈનો પ્રત્યેના વૈયાવૃત્યની વ્યાખ્યા અહીં ચાલે છે. બીજામાં .. શબ્દ અનુકંપા વાપરશે. સમજાય છે? પણ એ અનુકંપા ભક્તિસહિતની અનુકંપા. બીજા પ્રત્યે છે એ સાધારણ અનુકંપા હોય, પણ એ કાંઈ વૈયાવૃત્યનો ભાવ છે કે આની સેવા કરું એવો ભાવ નથી. અહીં તો સેવા અને વૈયાવૃત્યના ભાવની વાત ચાલે છેને.

'**ટીકા :- જે અનુકંપાપૂર્વક પરોપકારસ્વરૂપ પ્રવૃત્તિ તે કરવાથી જોકે અલ્પ લેપ તો થાય છે,...**' શુભભાવ છે એ રાગ છે અને સાવદ્ય છે અને અલ્પ પાપ તો થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાધુ બીજાની સેવા કરવામાં, વૈયાવૃત્ય કરવામાં શુભરાગ છેને? એ શુભરાગ જ પાપ છે, સાવદ્ય છે. એ તો ઘાતિકર્મમાં પણ પાપ બંધાય છે શુભભાવથી. એટલે અલ્પ લેપ તો થાય છે. છેને સંસ્કૃતમાં છે. '**सावद्यलेशो बहुपुण्यराशौ**' જયસેનાચાર્યની ટીકામાં છે. જયસેનાચાર્યની ટીકામાં.

અહીં આચાર્ય પોતે મૂકે છે. '**અનુકંપાપૂર્વક પરોપકારસ્વરૂપ પ્રવૃત્તિ તે કરવાથી...**' પ્રવૃત્તિ તે કરવાથી '**જોકે અલ્પ લેપ તો થાય છે,...**' એમ. શુભભાવથી એ સાવદ્ય તો-પાપ તો બંધન તો પાપનું થાય છે. આહા..હા..! શુભભાવ. એ દયા, દાવ, વ્રત, ભક્તિનો ભાવ, પરની સેવાનો ભાવ એ શુભરાગ છે. સમજાય છે કાંઈ? પણ હવે એવું થયા વિના રહેતું નથી એટલે એને પુણ્ય ગણવામાં આવ્યું છે. '**તોપણ અનેકાંત સાથે મૈત્રીથી જેમનું ચિત્ત પવિત્ર થયું છે...**' ભાષા જુઓ, જેના ચિત્તમાં આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, રાગરૂપ નહિ, રાગરૂપ નહિ, શુદ્ધ ચૈતન્યવસ્તુ એવું અનેકાંતપણું જેને અંતરદૃષ્ટિમાં પરિણમ્યું છે. સમજાય છે કાંઈ?

'**અનેકાંત સાથે મૈત્રીથી જેમનું ચિત્ત પવિત્ર થયું છે...**' ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે અને એ દયા, દાન, વ્રતના વિકલ્પો રહિત છે. એવું અનેકાંત આત્માનું સ્વરૂપ છે એવું જેને પરિણમ્યું છે. જુઓ, '**ચિત્ત પવિત્ર થયું છે...**' આહા..હા..! જુઓ, શૈલી તો. સમજાણું કાંઈ? '**અનેકાંત સાથે મૈત્રીથી જેમનું ચિત્ત પવિત્ર થયું છે એવા શુદ્ધ જૈનો પ્રત્યે...**' એવા શુદ્ધ જૈનો પ્રત્યે, એમ ભાષા. વાડામાં રહ્યા જૈન એ પણ નહિ. કહો, દેવરાજભાઈ! વાડામાં જન્મ્યા એટલે કાંઈ જૈન થઈ ગયા? વસ્તુ ભગવાન આત્મા શું છે એની ખબર વિના જૈન ક્યાંથી થયા? જૈન એટલે? અજ્ઞાન અને રાગને જીતીને વીતરાગપણાની પર્યાય પ્રગટ કરવી એવું નામ જૈન. જૈન કોઈ સંપ્રદાય નથી. ..ભાઈ!

'**અનેકાંત સાથે મૈત્રીથી જેમનું ચિત્ત પવિત્ર થયું છે...**' જુઓ, આનું નામ પવિત્રતા. સમજાણું કાંઈ? અસ્તિપણે ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધપણે આત્મા છે. રાગાદિ આસ્રવપણે,

અજીવપણે નથી. એ રીતે જેની અંતર દૃષ્ટિમાં પવિત્રતા, સમ્યગ્દર્શન-જ્ઞાનની પવિત્રતા પ્રગટ થઈ છે. સમજાણું? **'એવા શુદ્ધ જૈનો પ્રત્યે—કે જેઓ શુદ્ધ આત્માનાં જ્ઞાન-દર્શનમાં પ્રવર્તતી વૃત્તિને લીધે...'** જુઓ, કેવા છે જૈનો? કે શુદ્ધ આત્મા, ભગવાન આત્મા પવિત્ર અખંડ આનંદ એવો શુદ્ધ આત્મા એનું જ્ઞાન અને દર્શન. પહેલું જ્ઞાન લીધું છે. સમજાણું? આગળ .. છેને? એ શબ્દ. .. મેળવવા માટે આપણે દર્શન-જ્ઞાન પરિણતિ એવું લીધું છે. આની સાથે મેળવ્યું... જ્ઞાનદર્શનમાં પ્રવર્તતી. ભાઈ જયસેનાચાર્ય લખે શ્રાવક અને સાધુ. સાગાર એટલે શ્રાવક અને અણગાર એટલે મુનિ. એ સાગાર એટલે જ્ઞાન, અણગાર એટલે દર્શન.

આત્મા શુદ્ધ પરિપૂર્ણ વસ્તુ, એનું સમ્યગ્જ્ઞાન અને એનું સમ્યગ્દર્શન ઉપયોગ. એવી દશા જેને વર્તે છે, હોય છે એને અને એવા પ્રવર્તતી વૃત્તિને લીધે. છે? એવી પરિણતિ-વર્તન, વર્તવું. જુઓ આ વર્તન એનું. આહા..હા..! સમજાણું કાંઈ? વિકલ્પમાં વર્તે અને રાગમાં વર્તે એ વસ્તુ નહિ. ધર્મી જીવ પોતાના શુદ્ધ ચૈતન્ય પ્રભુ એની શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાનમાં પ્રવર્તે છે એ એને જૈનની અને આત્માર્થી અને ધર્મી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે? એમ ન કહ્યું પાછું એને તો શુભ યોગ છે માટે. શુભ યોગ તો સેવા કરવાલાયક નથી. વૈયાવૃત્ય કરવાલાયક .. આહા..હા..! જુઓને. શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા એની દૃષ્ટિ અને એનું જ્ઞાન. અથવા દર્શન ઉપયોગ સામાન્ય અને વિશેષ જ્ઞાનોપયોગ. એવી પ્રવર્તતી **'પ્રવર્તતી વૃત્તિને લીધે...'** એવું **'પરિણતિ; વર્તન; વર્તવું તે.'** તેને લીધે. જુઓ, નીચે ખુલાસો કર્યો છે કે જ્ઞાન સાકાર છે અને દર્શન અનાકાર. સાકાર-અનાકાર શબ્દ છેને? એવા ચર્યાવાળા છે તેમના પ્રત્યે. ઓહો..હો..! પાછા શુભ આચરણવાળા છે એમ નહિ ભાઈ. આહા..હા..! જુઓને વીતરાગી દશા! જેટલી અંદરમાં આત્મા પવિત્ર છે શુદ્ધ ચિદાનંદ આત્મા એના તરફના ઉપયોગની શુદ્ધતા જેટલી પ્રગટી છે એને અહીંયાં જૈન અને શુદ્ધ જૈનો અને ધર્મી કહેવામાં આવે છે. કહો, એવો શુભરાગ છે, પૂજા-ભક્તિ કરે છે માટે એ જૈન છે એમ અહીં ન લીધું જુઓ. એ જૈનપણું નથી. જૈનપણું તો રાગનો અભાવ કરી અને અંદર સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાનનું પરિણમન તેને જૈન કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

અહીં મુનિની વાત છેને. એક મુનિ બીજા મુનિની વાત (કરે) છે. એ મુનિ કેવા હોય? આવા. આહા..હા..! શુદ્ધ સ્વભાવ પવિત્ર આત્મા જ્ઞાનાનંદ એના ઉપયોગની જ્ઞાન અને દર્શનની રમણતારૂપ પ્રવૃત્તિ થઈ છે એને. એવા **'ચર્યાવાળા છે તેમના પ્રત્યે...'** ઓહો..હો..! સમજાય છે કાંઈ? સાધુને એટલે શુભોપયોગની વ્યાખ્યા ચાલે છે અહીં. શુભોપયોગી જીવ આવાની વૈયાવૃત્ય કરે. પણ કેવાની? આ છે શુભવાળો. પણ કેવાની? જેની વીતરાગ પરિણતિ પ્રગટી છે એવાની. આહા..હા..! સમજાણું કાંઈ? નહિતર છે તો શુભરાગ. બીજાની વૈયાવૃત્ય કરનારો સાધુ એને શુભરાગ છે. ધર્મનું ભાન, શુદ્ધ પરિણતિ છે છતાં શુભરાગ છે. એ શુભોપયોગી

કોની વૈયાવૃત્ય કરે? કોની સેવા કરે? કે જેને અંતરમાં શુદ્ધ આત્માનું શ્રદ્ધા, જ્ઞાનનું પરિણમન દર્શન ઉપયોગનું થયું છે તે જૈન, તે સાધુ. તે સાધુ. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ઝીણું!

જે સાધુને વાસ્તવિક આત્માનું સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વરે વીતરાગે કહેલું એવું ચૈતન્યમૂર્તિ પ્રભુ એની શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને પરિણતિ જેને વીતરાગ વર્તે છે એવા સાધુની સેવામાં બીજા સાધુને શુભોપયોગમાં ભાવ હોય છે. આહા..હા..! સમજાણું? પ્રધાનતા ઓલી વીતરાગતાની આપી. બીજા મુનિ કાંઈ દરેક સમયે વીતરાગતામાં હોય, પણ જેટલી શુદ્ધ પરિણતિ છે એને અહીં ગણ્યો, ભાઈ! શુભ તો હોય છે મુનિને, પણ છતાં એની જે શુદ્ધ પરિણતિ છે તે મુનિપણું છે. શુભરાગરહિત જેટલી શ્રદ્ધા, જ્ઞાન અને ઉપયોગની પરિણતિ શુદ્ધ છે તે મુનિ છે. તેને વૈયાવૃત્ય કરે એમ કીધું. ઓલો શુભરાગમાં વર્તે છે માટે એમ પ્રશ્ન અહીં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેમના પ્રત્યે—, શુદ્ધાત્માની ઉપલબ્ધિ સિવાય બીજા બધાની અપેક્ષા કર્યા વિના જ,...**' તે પણ બીજો વિકલ્પ છે એમાં બીજી કોઈ આશા નથી. સમજાય છે? ભાવના તો શુદ્ધ ઉપયોગની જ છે અંદર. આ ભાવના. બીજી ભાવના અંદર નથી. કે ભાઈ મને મોટો ગણે, બહુ સેવાવાળો છું એમ ગણે, અનુકંપાવાળો છું એમ ગણે, ભક્તિ કરનારો છું હું બીજા કરતા એમ કોઈ ગણે એ બધી ઈચ્છાઓ છોડી દઈને. આહા..હા..! શુદ્ધાત્માના અનુભવ સિવાય. ઉપલબ્ધિ નામ અનુભવ સિવાય '**બીજાની બધાની અપેક્ષા કર્યા વિના જ, તે પ્રવૃત્તિ કરવાનો નિષેધ નથી;...**' કહો, સમજાણું કાંઈ? એવો શુભભાવ આત્માર્થી મુનિને વીતરાગ પરિણતિ છે, સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે. વીતરાગ શુદ્ધ પરિણતિ પણ છે. એવા મુનિને શુભોપયોગના કાળમાં આવા શુદ્ધ પરિણતિવાળા મુનિની વૈયાવૃત્ય કરે એ નિષેધ છે નહિ. સમજાણું કાંઈ? ભારે માર્ગ!

'**એ સિવાય બીજા બધાની અપેક્ષા કર્યા વિના જ, તે પ્રવૃત્તિ કરવાનો નિષેધ નથી; પરંતુ અલ્પ લેપવાળી છે...**' શુભરાગ છેને! '**અલ્પ લેપવાળી છે, તેથી બધા પ્રત્યે અને બધા પ્રકારે...**' બધા પ્રત્યે અને બધા પ્રકારે '**તે પ્રવૃત્તિ અનિષિદ્ધ છે એમ નથી,...**' બધા પ્રત્યે અને બધા પ્રકારે. એક જ વાત છે. ધર્માત્મા જીવ હોય સંત, મુનિ એવા પ્રત્યે શુભભાવથી એની સેવા કરે. બીજા કોઈ પ્રત્યે કે ઘણા બીજી રીતથી પણ ...નો નિષેધ છે. ભારે ભાઈ! પ્રવચનસારમાં. સમજાય છે કાંઈ? જેમાં મિથ્યાત્વનું પોષણ કરતા હોય એની સેવામાં તો એવો શુભભાવ હોય જ નહિ સમકિતીને કહે છે. એની સેવા કરું, એની વૈયાવૃત્ય લઉં એવો ભાવ એને હોય જ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો હોય ત્યારેની આ વાત છે. માર્ગ આવો છે. એમ એણે પ્રતીત અને

ઓળખાણ કરવી જોઈએ. એમ વાત છે આખી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિષેધ છે ત્યાં કહ્યુંને. અહીં તો અંતર આત્મા પવિત્ર આનંદ, સચ્ચિદાનંદ સ્વરૂપ એની અંદર શ્રદ્ધા, જ્ઞાન અને દર્શનનો ઉપયોગ પરિણમ્યો છે એવા વૃત્તિવાળાની બીજા સાધુઓ (એને) શુભોપયોગ છે તો સેવા, વૈયાવૃત્ય કરે. પણ જેની પ્રરૂપણા જ ઉંધી, મિથ્યા છે, રાગથી ધર્મ માને છે, પુણ્યથી ધર્મ માને છે, આદિ બહારની ક્રિયાકાંડથી ધર્મ થાય એમ માને છે એવાઓ પ્રત્યે તો ધર્મી જીવને શુભોપયોગથી સેવા કરવાનો નિષેધ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, એ મિથ્યાત્વની સેવા થઈ. ઓલો તો શુદ્ધ ઉપયોગ છે, એની અંદર શુદ્ધ પરિણતિ છે એની સેવા (અને) આનો ભાવ પણ શુદ્ધોપયોગમાં જાવું છે, શુદ્ધોપયોગની પ્રાપ્તિનો હેતુ છે. એને સામે શુદ્ધ પરિણતિ છે અને આને પણ શુદ્ધ પરિણતિની ભાવના છે. બીજી ભાવના સિવાય આવા શુભવિકલ્પથી આવી સેવા કરે છે. સેવા તો શું, આ પગ દાબવો કે એવું જે હોય એ સેવા. કાંઈ આહાર-પાણી લાવી દેવા છે એ તો કાંઈ છે નહિ. વૃદ્ધ હોય, ગ્લાન હોય, રોગી હોય એને ઉભા કરે, કાંઈ થુંક આદિ હોય એ સાફ કરે, પાણી આદિથી શરીર સાફ કરે એવું આદિ કરે, પણ એ આવા ધર્માત્મા પ્રત્યે આવા ધર્મીને શુભોપયોગની સેવાનો નિષેધ નથી. સમજાણું કાંઈ? આ પક્ષપાતની વાત હશે?

મુમુક્ષુ :- વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

ઉત્તર :- આવું વસ્તુનું સ્વરૂપ છે. જેને આત્મા અંદર સર્વજ્ઞ સ્વભાવી, વીતરાગભાવી એવો સ્વભાવ એનો છે એની જેને શ્રદ્ધા-જ્ઞાનની ખબર નથી અને એવા પુણ્ય અને પાપના પરિણામ સેવે છે અને બીજાને પણ એ જાતનું સેવવાનું કહે છે, એ જીવો તો અજ્ઞાની છે. એ અજ્ઞાની જીવની ધર્મી જીવને શુભોપયોગથી સેવા કરવાનો નિષેધ છે, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ઘણી વાતું લીધી.

'**અલ્પ લેપવાળી છે તેથી બધા પ્રત્યે...**' એટલે ગમે તેવા જીવ પ્રત્યે અને '**બધાય પ્રકારે...**' એમ. બધા પ્રકાર એ તો જે પ્રકારની સેવાયોગ્ય હોય તે પ્રકારે કરે એમ. સમજાણું? છ કાયની હિંસા થાય કે એ પ્રકાર લઈને એ વિના હોઈ શકે નહિ. એમ કહે છે. '**બધા પ્રત્યે અને બધાય પ્રકારે...**' એમ નથી. આવા પ્રત્યે અને હિંસાદિ ન થાય એવા ભાવથી. સમજાય છે કાંઈ? ભારે વાતું ભાઈ! સર્વજ્ઞ માર્ગ પરમેશ્વરનો વીતરાગ આત્મા ધર્મીનો આ માર્ગ છે, ભાઈ! કારણ કે ત્યાં... '**(અર્થાત્ જો બધા પ્રત્યે બધાય પ્રકારે કરવામાં આવે તો) તે પ્રકારની પ્રવૃત્તિ વડે પરને અને પોતાને શુદ્ધાત્મપરિણતિનું રક્ષણ બની શકતું નથી.**' લ્યો! એમ કહેવું છેને અહીંયાં? સામાને પણ શુદ્ધ પરિણતિનું નિમિત્ત સેવા કરવાનું,

આને પણ શુદ્ધ પરિણતિ કરવા માટે અંતર સ્થિર નથી એટલે શુભભાવમાં એ આવે છે. થાવું છે શુદ્ધ એની શુદ્ધ પરિણતિના નિમિત્તરૂપે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, સંયમની ઘાત ન હોય અને તે આવા ધર્માત્માને માટે એમ બેય પ્રકારે. સંયમનો છ કાય આદિ જીવનો ઘાત ન હોય અને સામા જીવ આવા હોય એને માટે. પણ બધાને માટે અને બધા પ્રકારની વૈયાવૃત્ય શુભોપયોગીને હોય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરને અને પોતાને શુદ્ધાત્મપરિણતિનું રક્ષણ બની શકતું નથી.**' તેથી બધાને અને બધાય પ્રકારની સેવાનો નિષેધ છે. શુદ્ધાત્મ પરિણતિવાળાને અને અહીં કરનારને સંયમમાં વિરાધના ન થાય એવા પ્રકારે સેવા શુભોપયોગી કરે. લ્યો આ બેય બાજુનું આવી ગયું. સમજાણું કાંઈ? ઝીણું ભારે માણસને લાગે. ઓલું તો ઓઘે-ઓઘે ચાલે.

'**ભાવાર્થ :- અનુકંપાપૂર્વક પરોપકારસ્વરૂપ પ્રવૃત્તિથી અલ્પ લેપ તો થાય છે,...**' મુનિને બીજાની સેવા કરવામાં... મુનિ સાચા મુનિ, નગ્ન દિગંબર વનવાસી, ભાવલિંગી. અંદર આત્મા ઉદાસ, રાગથી પણ ઉદાસ, નિમિત્તથી પણ ઉદાસ. અંતરના સ્વરૂપમાં રમણતાની પરિણતિ ... છે. એવા પ્રત્યે અનુકંપાપૂર્વક. અનુકંપા શબ્દે ભક્તિ. '**પરોપકારસ્વરૂપ પ્રવૃત્તિથી...**' પરનો ઉપકાર એટલે... એવા '**અલ્પ લેપ તો થાય છે,...**' ધર્મીને એટલો શુભભાવ છે એટલું બંધન તો થાય છે. આહા..હા..! માર્ગ બહુ ઝીણી વાત છે આ. આ તો ઓળખાણ કરાવે છે. આવી શ્રદ્ધા જ્ઞાનીને હોય છે. ધર્મીને આવી શ્રદ્ધા હોય છે કહે. ધર્માત્મા મુનિ શુભોપયોગ હોય ત્યારે આવા શુદ્ધ પરિણતિવાળાની સેવા કરે. એ સિવાય ન કરે એવું જ્ઞાનીના હૃદયમાં બેસવું જોઈએ. સમજાણું કાંઈ? બીજા કોઈ પ્રત્યે .. અનુકંપા ભક્તિ આદિથી કરે. અનુકંપાથી અને ભક્તિથી કરે. સમજાણું કાંઈ? છે અનુકંપા, શુભ છે, પુણ્યબંધનું કારણ છે. આહા..હા..!

'**તોપણ જો (૧) શુદ્ધ આત્માનાં જ્ઞાનદર્શનરૂપ ચર્યાવાળા શુદ્ધ જૈનો પ્રત્યે,...**' આહા..હા..! એક-એક વસ્તુનો સ્વભાવ વીતરાગસ્વરૂપ છે આત્મા. જૈન એટલે વીતરાગ સ્વરૂપ જ આત્મા છે. એવી વીતરાગ પરિણતિ સ્વરૂપ-શક્તિમાં છે તેવી પર્યાયમાં પરિણમી છે. એવા શુદ્ધ જૈનો પ્રત્યે. સમજાણું કાંઈ? એમ આવે છે. '**(૨) શુદ્ધાત્માની ઉપલબ્ધિની અપેક્ષાથી જ,...**' એમ. એમાં કોઈ વિકલ્પથી પુણ્ય બંધાય ... શુદ્ધ આત્મા .. એટલી અપેક્ષા. '**પરંતુ, જોકે...**' એ સિવાય. '**તે પ્રવૃત્તિ કરવામાં આવતી હોય તો શુભોપયોગીને તેનો નિષેધ નથી પરંતુ, જોકે અનુકંપાપૂર્વક પરોપકારસ્વરૂપ પ્રવૃત્તિથી અલ્પ જ લેપ થાય છે તોપણ, (૧) શુદ્ધ આત્માનાં જ્ઞાનદર્શનરૂપ ચર્યાવાળા શુદ્ધ જૈનો સિવાય બીજા પ્રત્યે, તેમ જ (૨) શુદ્ધાત્માની ઉપલબ્ધિ સિવાય બીજી કોઈપણ**

**અપેક્ષાથી, તે પ્રવૃત્તિ કરવાનો શુભોપયોગીને નિષેધ છે,...**' સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- જૈનનો અર્થ મુનિ છે.

ઉત્તર :- મુનિ છે. જૈન મુનિ. મુનિની અત્યારે વાત છેને. ... જૈનદર્શન જ એને કહે છે અષ્ટપાહુડમાં. જૈન નગ્ન મુનિ છે એના દર્શન આદિ ... એ જૈનદર્શન. જૈનદર્શન એમ કહે છે. સમજાણું?

'**કારણ કે એ રીતે પરને કે પોતાને શુદ્ધાત્મપરિણતિની રક્ષા થતી નથી.**' એમ. ભગવાન આત્મા શુદ્ધાત્મ નિર્મળ પરિણતિએ પરિણમ્યો છે મુનિ અને બીજાને પણ શુદ્ધાત્મ પરિણતિ છે. આ સિવાય એને શુભોપયોગ આવ્યો એ શુદ્ધાત્મામાં નિમિત્તરૂપે, રક્ષણરૂપે એનો ભાવ છે. આ સિવાય બીજામાં શુદ્ધાત્માનું રક્ષણનું નિમિત્ત થતું નથી. સમજાણું કાંઈ? જીવ તો સામે એકેન્દ્રિય, બે ઇન્દ્રિય .. એ કાંઈ અપેક્ષા આમાં નથી એમ કહે છે. '**કારણ કે એ રીતે પરને કે પોતાને શુદ્ધાત્મપરિણતિની રક્ષા થતી નથી.**' લ્યો! હવે એ શુભ પરિણામ ધર્મી મુનિને આવ્યા એનો આ વિવેક કર્યો. કે શુદ્ધાત્મ પરિણતિવાળાની સેવાનો ભાવ પણ બીજાને હોવાનો ભાવ નહિ એવા શુભોપયોગીના પોતાના બે પ્રકારનું વર્ણન કર્યું. સમજાણું કાંઈ?

'**હવે પ્રવૃત્તિના કાળનો વિભાગ દર્શાવે છે...**' ક્યારે એને સેવાનો કાળ હોય અને ક્યારે સેવાનો કાળ ન હોય. સમયસારનું વાંચન એવું લાગે કે દ્રવ્ય અને ફલાણું આ મારું ઝીણું લાગે છે. છે તો આ સ્થૂળ. પણ અભ્યાસ નહિ એથી એને એમ લાગે કે આ શું છે? વિવેક બતાવે છે ભાઈ! વીતરાગ પરિણતિ જેને થઈ છે એવા વીતરાગી મુનિઓ શુભભાવના કાળમાં વીતરાગદશાવાળાની શુદ્ધ પરિણતિનું રક્ષણનું નિમિત્ત હોવાથી .. કરે. તેને એકલો શુભભાવ જ છે અને એમાં ધર્મ માને છે (એમ નથી). એવાની સેવાથી ઓલાને આત્માનું રક્ષણનું નિમિત્ત થતું નથી, કરનારને પણ શુદ્ધાત્માનું નિમિત્તનું કારણ નથી. ભારે!

'**હવે પ્રવૃત્તિના કાળનો વિભાગ દર્શાવે છે (અર્થાત્ શુભોપયોગી શ્રમણે ક્યા વખતે પ્રવૃત્તિ કરવાયોગ્ય છે અને ક્યા વખતે પ્રવૃત્તિ કરવાયોગ્ય નથી તે દર્શાવે છે) :—**' ૨૫૨.

**रोगेण वा छुधाए तण्हाए वा समेण वा रूढं।**
**दिट्ठा समणं साहू पडिवज्जदु आदसत्तीए।।२५२।।**
**આક્રાંત દેખી શ્રમણને શ્રમ, રોગ વા ભૂખ, પ્યાસથી,**
**સાધુ કરો સેવા સ્વશક્તિપ્રમાણ એ મુનિરાજની. ૨૫૨.**

'**ટીકા :- જ્યારે શુદ્ધાત્મપરિણતિને પામેલા શ્રમણને...**' જુઓ, પુણ્ય-પાપના વિકલ્પ રહિત-રાગરહિત ભગવાન આત્માનો સ્વભાવ પવિત્ર છે. એ પવિત્રતાની પર્યાયને, પરિણતિને દશાના પામેલ જીવને. '**તેમાંથી ચ્યુત કરે એવું...**' અહીં તો વ્યવહારની વાત છેને?

ચરણાનુયોગનું કથન છેને? '**તેમાંથી ચ્યુત કરે એવું કારણ—કોઈ પણ ઉપસર્ગ—આવી પડે,...**' કોઈ સિંહ મારવા આવે, કાપવા આવે, કોઈ .. કાપે, સર્પ કરડવા આવે, વીંછી કરડવા આવે, માણસ કોઈ મારવા આવે એ માણસનો ઉપસર્ગ, દેવનો ઉપસર્ગ હોય કોઈ વ્યંતર આદિનો અને પુદ્ગલ આદિ કોઈ ભીંત આદિ પડતી હોય મુનિ ધ્યાનમાં હોયને. સમજાય છે? બીજા મુનિને શુભરાગ હોય છે એવો એ પ્રસંગ શુભયોગીનો એ કાળ છે એમ કહે છે. આવો પ્રસંગ મુનિને વર્તે ત્યારે આ શુભોયોગીનો વૈયાવૃત્યનો કાળ કહેવાય છે. એમાં ધ્યાનનો કાળ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

'**જ્યારે શુદ્ધાત્મપરિણતિને પામેલા શ્રમણને તેમાંથી ચ્યુત કરે એવું કારણ—કોઈ પણ ઉપસર્ગ—આવી પડે, ત્યારે તે કાળ શુભોપયોગીને...**' જે મુનિને શુભરાગ આવ્યો છે એને. '**પોતાની શક્તિ અનુસાર પ્રતિકાર કરવાની...**' લ્યો! '**ઉપાય; સહાય.**' '**કરવાની ઈચ્છારૂપ પ્રવૃત્તિનો કાળ છે;...**' સમજાય છે કાંઈ? આવું આમ એની પાસે દેખાય છે એટલે એને શુભોપયોગનો વૈયાવૃત્યનો કાળ છે એમ કહે છે. સમજાય છે? ધ્યાનમાં આદિ હોય, રમતો હોય એને તો કાંઈ છે નહિ. અંદર શુભોપયોગ આવે છે, વિકલ્પ ઉઠે છે, ત્યારે સામે આમ દેખાય છે કે આને રોગ છે સાધુને. ત્યારે એને શુભોપયોગીનો સેવાનો કાળ છે એમ કહે છે. એ સ્થિરતાનો કાળ નથી. જુઓ એ સમયનો ક્રમબદ્ધમાં આ આવે એમ કહે છે. આહા..હા..!

'**ત્યારે તે કાળ શુભોપયોગીને પોતાની શક્તિ અનુસાર પ્રતિકાર કરવાની ઈચ્છારૂપ પ્રવૃત્તિનો કાળ છે; અને તે સિવાયનો કાળ પોતાને શુદ્ધાત્મપરિણતિની પ્રાપ્તિ માટે કેવળ નિવૃત્તિનો કાળ છે.**' એ સિવાય પોતાના ધ્યાનમાં શુદ્ધ સ્વરૂપમાં રહેવું એ એનો કાળ છે. સમજાણું કાંઈ? શુભોપયોગના પ્રકાર બબ્બે વર્ણવે છે બબ્બે પ્રકાર. પહેલાના બે પ્રકાર એ વર્ણવ્યા કે આને અમુકને સેવા કરવાલાયક છે અને અમુકને સેવા કરવાલાયક નથી, શુભોપયોગ હોવા છતાં. અને આ શુભોપયોગનો કાળ જ્યારે આવા રોગી આદિ પરિષહ દેખવામાં આવે મુનિને, તો એ શુભોપયોગીનું એ કાર્ય કહેવાય. એ વખતનો ધ્યાનનો કાળ નથી. આમ લક્ષ ગયું છેને આમ દેખે એટલે. એમ કહે છે. ઝીણી વાત બહુ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જાતનો પ્રકાર જ એવો છે ત્યાં તો. આમ સામે સાધુ છે, રોગી છે, દુઃખી છે. ઉલટી થાય છે કે અમુક જાતનો લે છે. હવે એ વખતે એનું લક્ષ આમ અંદરમાં નથી ત્યારે એને શુભોપયોગનો એ કાળ જ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ક્રમમાં આવેલો કાળ એને શુભોપયોગનો છે એમ કહે છે. નહિતર એવા સંયોગો કેમ દેખાય એની નજરમાં? એમ કહે છે. નજીકમાં બધા સાધુઓ-મુનિઓ છે એને આવા ઉપસર્ગ દેખાય. સમજાય છે? ઉલટી દેખાય, ઝાડા થાય, પેશાબ છૂટી જતો હોય વિશેષ, ત્યારે એને શુભોપયોગીનો એ

વૈયાવૃત્યનો કાળ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. છેને. એ તો કહ્યું. એ તો પહેલા આવી ગયું. અલ્પ લેપ છે પણ એમાં રહી શકતો નથી સ્થિરતા એટલે આવો ભાવ આવ્યો છે શુભરાગ. છતાં અલ્પ લેપમાં આવી સ્થિતિ હોય છે. શુભયોગ છેને. રાગ છે એટલો શુભયોગ. ભારે વાતું ભાઈ! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે કહેલો માર્ગ નિશ્ચય અને વ્યવહાર. એ વ્યવહાર આવ્યો પણ છોડવાને માટે અને એ વ્યવહાર તે કાળે એવો જ કાળ એનો છે એમ કહે છે. સમજાણું કાંઈ? ખેંચીને શુભોપયોગ આવ્યો છે એમ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કાળ જ એ શુભોપયોગનો, શુભરાગનો કાળ છે. આહા..હા..!

'**તે સિવાયનો કાળ પોતાને શુદ્ધાત્મપરિણતિની પ્રાપ્તિ માટે કેવળ નિવૃત્તિનો કાળ છે.**' એવો પ્રસંગ નથી ત્યારે તો અંદર ધ્યાનમાં નિર્વિકલ્પમાં રહેવું એ એનો કાળ છે. આનંદસ્વરૂપમાં મુનિ રહે. જુઓ, એને શુભોપયોગ .. છે. એ નિર્વિકલ્પ થવાનો, શુદ્ધોપયોગમાં રમવાનો એ કાળ છે. આહા..હા..! સાધારણ પ્રાણીને તો એવું લાગે કે શું છે આ? બાપુ! સમય-સમયનો વિવેક બતાવે છે. સમજાય છે? ધર્મી જીવને મુનિ હોવા છતાં સ્વરૂપમાં શુદ્ધ ઉપયોગમાં રહી શકતો નથી... ખરું તો મુનિપણું શુદ્ધોપયોગમાં રહેવું એ જ છે. શુદ્ધ અંદરમાં, આનંદમાં જ્ઞાતા, જ્ઞેયને ભૂલીને અભેદસ્વરૂપ એવી અભેદ પરિણતિ શુદ્ધોપયોગની અવસ્થા એમાં રહી શકતો નથી એટલે એને શુભરાગ આવે છે. એ કાળ શુભરાગનો છે. એ શુભરાગના કાળમાં સામાની સેવાનો કાળ છે કહે છે. એ સિવાય શુભરાગ ન હોય અને એ પ્રસંગ પણ ન હોય ત્યારે ધ્યાનનો કાળ છે. આહા..હા..! ભારે વાત! ઓહો..હો..! સમય-સમયનો વિવેક અને સમય-સમયના ધર્માત્મા કોણ સામે છે? એનો વિવેક કરાવીને આ વૈયાવૃત્યની વ્યાખ્યા કરી છે. સીધી રીતે જે ઊંધી શ્રદ્ધા કરતા હોય, ઊંધી શ્રદ્ધા કરાવતા હોય, પ્રરૂપણા કરતા હોય એને માટે તો અહીં વાત છે જ નહિ. પણ જેની શુદ્ધાત્મ પરિણતિ વર્તે છે એવા ધર્માત્મા પ્રત્યે, બીજા ધર્માત્મા મુનિને શુભયોગ વખતે સેવાનો ભાવ છે એમ કહે છે. સમજાણું?

'**ભાવાર્થ :- જ્યારે શુદ્ધાત્મપરિણતિને પ્રાપ્ત શ્રમણને...**' જુઓ, શુદ્ધાત્મ પરિણતિ એટલે દશા એવા પ્રાપ્ત સાધુને. એને સાધુ કહીએ. આહા..હા..! વીતરાગી સાધુ જેને રાગનો ભાવ છૂટી ગયો છે અને ચિદાનંદસ્વરૂપમાં જેની રમણતા છે. એવા '**શુદ્ધાત્મપરિણતિને પ્રાપ્ત શ્રમણને સ્વસ્થ ભાવનો નાશ કરનાર...**' સ્વ-સ્થ. સ્વમાં રહેવાને નિમિત્તપણું નાશ કરનાર. નિમિત્તની વ્યાખ્યા છેને અહીંયાં તો, ચરણાનુયોગ છેને એટલે. ખરેખર તો નાશ કરી શકતું નથી. નાશ તો પોતે પોતાને કારણે થાય છે. અહીંયાં ચરણાનુયોગનો અધિકાર

છે. નિમિત્તથી કથન. નિમિત્ત પ્રધાન કથન છે એમાં આ લઈ જાય ઘણા લ્યો! લ્યો એ સદ્‌ભાવનો નાશ કરનાર પ્રતિકૂળતા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી જુદી વાત છે. એ વળી જુદું. અહીં ચારિત્રમાં શુભરાગ છે અને સામાને સ્વસ્થ ભાવનો નાશ કરવાના સંયોગો છે એમ કહેવું છે. સંયોગો કાંઈ નાશ કરતા નથી. મુનિ વીતરાગ પરિણતિએ છે શુદ્ધ અવસ્થામાં, પણ એને એવો રોગ આવ્યો આકરો, એવી ઉલટી આવી, એકદમ પેશાબ છૂટી ગયો કે એકદમ સર્પ આવીને કરડ્યો, વીંછી આવીને કરડ્યો. સમજાણું? એવા વખતે એને સદ્‌ભાવના ભ્રષ્ટ થવાના એ નિમિત્ત છે એમ વ્યવહારનયથી કથન છે. દર્શન-જ્ઞાનની પરિણતિ.. પકડી શક્યા નથી. કહો, સમજાણું કાંઈ? બહુ આ પ્રકાર.

અહીં તો કહે છે કે જે મુનિ સામે છે એને આત્માની શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા છે. એવી શુદ્ધની દશામાં પ્રતિકૂળ પ્રસંગ એવા હોય કે તેનાથી ચ્યુત કરે. એ ચ્યુત કરે કહે છે એ વ્યવહારથી કથન કરવામાં આવ્યા છે. પણ બહાર (પ્રસંગ) ચ્યુત કરે એવું નથી, તો કર્મનો ઉદય આવે તો ચ્યુત કરે એમ પણ નથી. આ તો ચરણાનુયોગનું કથન છેને એટલે એવા નિમિત્તો છે કે એમાં ચ્યુત થવાનો પ્રસંગ છે એમ. ઘણી સહનશક્તિ ન હોય, ઉગ્ર સહનશક્તિ ન હોય એટલે એવા નિમિત્તોથી ભ્રષ્ટ થાય એવો પ્રસંગ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! નહિતર એ પ્રસંગ પણ ભ્રષ્ટ કરતો નથી અને કર્મનો ઉદય પણ ત્યાં ભ્રષ્ટ કરી શકતો નથી. આહા..હા..! ચરણાનુયોગના કથન એવા છે જરી.

વીતરાગનો માર્ગ પર્યાયે-પર્યાયે, અવસ્થાએ-અવસ્થાએ વિવેક. સમજાય છે? અહીં તો સામું એની સેવા કરે છે ત્યારે શું છે? કે સામાને શુદ્ધ પરિણતિને ચ્યુત થવાના પ્રસંગો છે એ વખતે આ શુભોપયોગી આની સેવા કરે છે એમ સિદ્ધ કરવું છે. ભારે! સમયસારનું કથન તો બહુ ઝીણું અને દ્રવ્યનું એ તો બહુ સાંભળવાનું ત્યાં આવે છે. આ પણ એની વ્યાખ્યાનો વિવેક છે. સમજાણું કાંઈ? સ્વરૂપની પર્યાયનો વિવેક કહે છે ભાઈ! શુદ્ધાત્મપરિણતિને પ્રાપ્ત જીવો, ધર્મની દશાને પ્રાપ્ત જીવો એને એવા નિમિત્તો આવે છે કે જે ચ્યુત, સ્વરૂપથી ચ્યુત થવાનો પ્રસંગ છે એટલી વાત.

**'રોગાદિ આવી પડે,...'** રોગ આવે, ઉપસર્ગ આવે **'ત્યારે તે પ્રસંગે શુભોપયોગી સાધુને...'** તે પ્રસંગે જેને સામે શુભરાગનો ઉદય છે. શુભરાગ આવ્યો છે. **'તેમની સેવાની ઇચ્છારૂપ પ્રવૃત્તિ હોય છે,...'** તેમની સેવારૂપ વૃત્તિ હોય છે. સમજાય છે? ઉલટી થતી હોય, ..એકદમ .. શુભભાવ છે. લૂંછે, સાફ કરે, ઝાડા થઈ જાય તો રાખ આદિથી સાફ કરે. ... જુઓ, હવે અહીં તો હજી મુનિપણાનો પ્રસંગ ભ્રષ્ટ કરે એમ કહે છે, પછી કર્મનો ઉદય તો ભ્રષ્ટ કરે જ ને. એમ કહે છે એમાં શું વાંધો છે? એય..! આ તો અહીં તો કથન એવા છેને. સામાને શુભરાગ આવ્યો છે વૈયાવૃત્યનો ત્યારે શા કારણે? સામે શું છે?

કે મુનિ છે, (શુદ્ધ)ઉપયોગમાં પરિણતિ તો છે, પણ એને એવા પ્રસંગો આવ્યા કે જેમાં લક્ષ જાય તો .. જાય એવા જીવની વ્યાખ્યા કરી છે અહીંયાં. એનાથી ચૂકી જાય જ એ પ્રશ્ન અહીં છે નહિ. આહા..હા..! અમરચંદભાઈ! એવા બોલ તો ઘણા આવશે આમાં.

અહીં તો કહે છે '**ત્યારે તે પ્રસંગે શુભોપયોગી સાધુને તેમની સેવાની ઈચ્છારૂપ પ્રવૃત્તિ હોય છે, અને બાકીના કાળે શુદ્ધાત્મપરિણતિને પ્રાપ્ત કરવા માટે...**' પોતાને '**નિજ અનુષ્ઠાન હોય છે.**' લ્યો! સમજાણું કાંઈ? એવા કાળે એવા મુનિની સેવાનો ભાવ હોય, તે પણ સંયમની વિરાધના ન થાય એવી રીતે (હોય). એકેન્દ્રિય જીવનો પાણીનું એક બિંદુ  કે પૃથ્વીનો એક કણ ન મરે. એવી સંયમની વિરાધના ન કરતા આવા જીવોને આ પ્રકારે સેવા કરવી જોઈએ. એ સિવાયનો કાળ, જુઓ, '**બાકીના કાળે શુદ્ધાત્મપરિણતિ...**' શુદ્ધાત્મ આત્મા આનંદસ્વરૂપમાં '**પ્રાપ્ત કરવા માટે નિજ અનુષ્ઠાન હોય છે.**' ઓલું પર માટે થયુંને જરી શુભ? જુઓ, એ નિજ અનુષ્ઠાન. આત્માના આનંદમાં ઉપયોગમાં રહેવું એ નિજ અનુષ્ઠાન થયું. આત્માનું અનુષ્ઠાન, આત્માનું આચરણ. આત્માના આનંદમાં રહેવું અને શુદ્ધ ઉપયોગમાં રહેવું એ નિજ અનુષ્ઠાન છે. આહા..હા..! એ મુનિનું આચરણ છે અનુષ્ઠાન જુઓ, એ વિકલ્પમાં રહેવું એ કાંઈ એનું અનુષ્ઠાન નથી. એ આવે છે વચમાં એટલે એને બતાવ્યું પણ. આહા..હા..! સમજાણું કાંઈ?

શુભરાગનો કાળ એને સામે એ સ્થિતિ ઉભી હોય ત્યારે... આમાં પણ બધા વાંધા ઉઠાવે છે ઘણા લખાણવાળા. જુઓ આમાં આમ કહ્યું છે, જુઓ આમાં આમ કહ્યું છે. એને એ વખતે શુભભાવ લાવવો. અરે..! એમ નથી ભાઈ! એ લાવે શું? એ વખતે હોય છે એની વાત ચાલે છે. લાવે કોણ? ભાઈ! એ ભારે કઠણ. ધર્માત્માને તે કાળે શુદ્ધોપયોગમાં નથી એથી એવો શુભરાગ આવ્યો છે, આવ્યો છે. માટે આમ લાવવો, આમ કરવું. એમ ક્યાં કહ્યું છે કે ક્રમબદ્ધે આવે, એમ કહે છે એ. આવે બાપુ! એ વખતે શુભરાગ એના ક્રમને કાળે આવ્યો, માટે તો કાળ વર્ણવે છે. એ કાળ છે. આહા..હા..! અને સામે રોગાદિનો પ્રસંગ એવો એને ભ્રષ્ટ થવાના નિમિત્ત કારણ છે. એ બે આમ બે બાજુ વાત બતાવી છે. જુઓ, એ ૨૫૨ ગાથા થઈ. હવે ૨૫૩ કહેશે. આવા વખતે લોકને કોની સાથે વાતચીત કરવી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૪, શુક્રવાર, તા. ૦૧.૦૮.૧૯૬૯**
**ગાથા-૨૫૩-૨૫૪, પ્રવચન-૨૨૪**

'**હવે લોકની સાથે વાતચીતની પ્રવૃત્તિ તેના...**' બે ભાગ. મુનિની વાત છેને. મુનિ આત્મદર્શન સમ્યગ્દર્શન પામેલો હોય છે અને તે ઉપરાંત સ્વરૂપની પરિણતિ એટલે વીતરાગી દશા વિશેષ થઈ હોય છે. એવા મુનિને, શુદ્ધ ઉપયોગમાં-અંતરની રમણતામાં ન હોય ત્યારે એને શુભવિકલ્પ, શુભરાગ પુણ્યનો આવે. એ બીજા સાધુની વૈયાવૃત્યને માટે ... ધર્મને નહિ પામેલા જીવો સાથે પણ વાતચીતનો પ્રસંગ થાય. તે શુભયોગ નિંદિત નથી. એટલો ભાવ હોય છે. એ વાત જણાવે છે. જુઓ,

**वेज्जावच्चणिमित्तं गिलाणगुरुबालवुड्ढसमणाणं।**
**लोगिगजणसंभासा ण णिंदिदा वा सुहोवजुदा।।२५३।।**
**સેવાનિમિત્તે રોગી-બાળક-વૃદ્ધ-ગુરુ શ્રમણો તણી,**
**લૌકિક જનો સહ વાત શુભઉપયોગયુત નિંદિત નથી. ૨૫૩.**

એની '**ટીકા :- શુદ્ધાત્મપરિણતિને પામેલા રોગી,...**' છે શરીરે, પણ સાધુ કેવા છે? આત્માના પવિત્ર ધર્મની વીતરાગદશાને પામ્યા છે. છેને પહેલી એ વાત લીધી જુઓ, '**શુદ્ધાત્મપરિણતિ...**' આત્મા પવિત્ર ચિદાનંદ એવો જે આનંદ અને જ્ઞાનભાવ શુદ્ધ એની પરિણતિ એટલે અવસ્થારૂપને પામેલા છે એને સાધુ કહીએ. સમજાણું? એવા જીવો કેવા છે? કે રોગી છે. જુઓ, શુદ્ધાત્મપરિણતિને પામેલા રોગી? શરીરનો સ્વભાવ છે. અંતર આત્માને ધર્મનું ભાન છે, શુદ્ધ ચૈતન્યની આનંદની અવસ્થા છે, પણ કોઈ પૂર્વના કર્મને કારણે ધર્મીને પણ રોગ હોય. કહો,

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ખોટી વાત છે પાછી. કેવળીને રોગ હોય નહિ. સર્વજ્ઞ પરમેશ્વરને રોગ હોય નહિ. જેને ત્રણ કાળ, ત્રણ લોકનું અંતર જ્ઞાન વિકસ્યું, ખીલ્યું અને અનંત આનંદનો અનુભવ (હોય) એવા સર્વજ્ઞને રોગ હોઈ શકે નહિ. સમજાણું? ... માંડળના-માંડળના. એ કહેતા હતા કે ત્રણ કલાક ચર્ચા ચાલી રાત્રે. ત્રણ કલાક ચર્ચા ચાલી. એટલું શબ્દ ન સમજ્યા? ત્યાં-ત્યાં પાલિતાણા. વર્ણીજીને પૂછ્યું ત્રણ કલાક. શ્વેતાંબરની મૂર્તિ અને દિગંબરની મૂર્તિ.. માટે રામજીભાઈને પૂછ્યું હતું ... ત્રણ કલાક. આમ જોઈએ ને આમ જોઈએ ને આમ જોઈએ. આવી મૂર્તિ જોઈએ દિગંબરની. ત્રણ કલાક ચાલ્યું. આ સવારમાં હતા વ્યાખ્યાનમાં. માંડળ છે. ઓહો..હો..! સમ્યગ્દર્શનની આવી વ્યાખ્યા, આવું સ્વરૂપ. આ તો ક્યાંય હલવે છે માળા.

સવારે.. વાત હતીને?

અહીં તો હજી વાંધા બહારના. આવી મૂર્તિ હોય અને આવી મૂર્તિ ન હોય, બાપુ! વીતરાગ મૂર્તિ... શુભરાગ હોય તો વીતરાગ, એવી પ્રતિમા અનાદિથી ચાલે છે. એનું જેવું રૂપ હોય એવું સામે પ્રતિબિંબ હોયને? એની ત્રણ કલાક માથાકૂટ. એક માંડળના હતા. હવે આમાં અટક્યા. પ્રતિમા તો વીતરાગ મુદ્રા આમ જોઈએ શાંત. એને માથે કાંઈ ન હોય. એને એક જળાભિષેક સાફ કરવા હોય. એ કરનારને શુભભાવ હોય છે ત્યારે એ નિમિત્તથી કહેવામાં આવે છે. એનાથી કાંઈ થાતું નથી. શુભભાવ તો ... એવી પ્રતિમા નિમિત્તરૂપે હોય. એની ચર્ચા ત્રણ કલાક વાંધા. અહીં તમે સમ્યગ્દર્શનની આવી વ્યાખ્યા કરો છો. આહા..હા..! સમજાણું?

મુમુક્ષુ :- એ બહારમાં ને બહારમાં અટક્યા છે.

ઉત્તર :- ત્યાં જ અટક્યા છે. આહા..હા..! લોકોને આવું તત્ત્વ શું છે સત્ય. એ માટે તો આ પ્રવચનસાર એક-એક વાતની સ્પષ્ટતા કરે છે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્માએ જે માર્ગ કહ્યો એ માર્ગની રીત અને પદ્ધતિ આ છે. એ સિવાય બીજી હોઈ શકે નહિ. એને ગૃહસ્થાશ્રમને સમજાવે છે કે પણ આ રીતે મુનિનો માર્ગ પણ આવો હોય છે એની તમે શ્રદ્ધા અને ઓળખાણ કરો. ..ભાઈ! હવે આવું અત્યારે મુનિપણું. કહે છે કે આવા હોય તો આવા હોય એવું જ્ઞાન તો કરો. આવા ગપેગપ ચાલ્યા છે બધા. એ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્મા જેણે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા એની વાણીમાં આવેલી આ વાત છે. એનું નામ પ્રવચનસાર છે. ભગવાનની વાણીનો સાર આ.

જુઓ, એ શું કહે છે? સાધુ એને કહીએ કે જેને દેહથી અને પુણ્ય-પાપના વિકલ્પના રાગથી આત્મા જુદો છે એવું અંતર અનુભવ અને શુદ્ધની દશા પ્રગટ થઈ છે. આ ટોડરમલજી ભાઈ! એમ લખે છેને જુઓને. આચાર્ય-ઉપાધ્યાય. શુદ્ધોપયોગરૂપી મુનિપણું અંગીકાર કરીને, એમ ત્યાં લખ્યું. હવે આ હજી કહે શુદ્ધોપયોગ આઠમે હોય. ગજબ કરે છેને!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય નથી શુભમાં. મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છેને વ્યવહારથી. .. ઘણા વખતથી. હવે ટોડરમલજીએ હજારો શાસ્ત્રોનો સાર મૂકેલો છે. હવે એને માનવું નથી અને કલ્પના ઘરની કરવી છે. આગમ.. કોને કહેવું ભાઈ? આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એને કહેવા કે જે વૈરાગી બની. વૈરાગ્ય-વૈરાગ્ય ઉદાસ. તનથી, મનથી નાસ્તિથી... સમસ્ત પરિગ્રહ છોડી જેને કોઈપણ એક વસ્ત્રનો તાણો-લંગોટીનો કે વસ્ત્રનો ધાગો ન હોય અને શુદ્ધોપયોગમુનિપણું અંગીકાર કરી. જુઓ, ભાષા. શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી. અમરચંદભાઈ! અઠ્યાવીશ મુળગુણરૂપ મુનિપણું અંગીકાર કરી એમ નથી કહ્યું. ... હા, હા, .. વખતે. ચંદુભાઈ! વાત તો એવી છે, બાપુ! એવી વાત છે. લોકોને ખબર નથી. સાધુપદ એટલે શું? મુનિપણું કોને કહેવું.

શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી. ભાષા એવી છે જુઓ, આ દયા, દાન, વ્રતના વિકલ્પ તો શુભરાગ છે. એથી રહિત આત્માના આનંદની શુદ્ધોપયોગરૂપ પરિણતિ થાય એને અહીંયાં સાધુ ને આચાર્ય ને ઉપાધ્યાય કહેવામાં આવે છે. લ્યો! અંતરમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે. હવે એવી તો આ પંચમ આરાના સાધુની વાત કરે છે. આ ચોથા આરાની વાત છે? અમરચંદભાઈ! આહા..હા..! શુદ્ધ નિર્વિકલ્પ અંતર વીતરાગ પરિણતિ-પર્યાય દ્વારા આત્માને અનુભવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા આચાર્ય અને ઉપાધ્યાય અને સાધુ હોય. આ સિવાય આચાર્ય, ઉપાધ્યાય, સાધુ માને એ ભ્રમણા-અજ્ઞાન છે અજ્ઞાનીની.

કહે છે '**શુદ્ધાત્મપરિણતિને પામેલા રોગી,...**' શરીરમાં રોગ હોય તો, એ કહે કે આવી ધર્મદશા અને રોગ? બીજાનો રોગ ટાળી દેને? અરે..! સાંભળને મારા રોગ શું ટાળે? આચાર્ય પાસે જાવ રોગ દૂર કરી દે. એ તો એનો પુણ્યનો યોગ હોય તો રોગ ટળે, કાંઈ પરના આશીર્વાદથી રોગ ટળતો નથી. આહા..હા..! એય..! .. અમારા સાધુ .. પૈસા-બૈસા મળે ત્યાં જાય. એ તો છે .. લાખો. .. અહીં તો કહે છે કે આત્માના અંદરમાં આનંદની લક્ષ્મી પડી છે. આત્મા પોતે સત્-શાશ્વત ચિદ્દ્ઘન આનંદકંદ છે. એ આનંદ અને સુખ આત્મામાં પડ્યું છે, ભર્યું છે. એ આનંદથી ખાલી નથી, પણ એને ભાન નથી. એવા આનંદસ્વરૂપને શુદ્ધાત્મપરિણતિ. જુઓ, શુભને પામેલા છે એમ નથી કહ્યું. એવા પામેલા રોગી જીવ હોય. મુનિ હોય એને રોગ હોય. સનતકુમાર ચક્રવર્તી લ્યો! ગળત કોઢ ૭૦૦ વર્ષ ચક્રવર્તી. સોળ હજાર તો દેવ જેની સેવા કરતા. એ ચક્રવર્તી સાધુ થયા નગ્ન. ૭૦૦ વર્ષ સુધી ગળત કોઢ. આંગળા બળે. દેવો આવ્યા, રોગ મટાડીએ તમારો. અરે..! દેવ! થુંક ચોપડ્યું ત્યાં રોગ મટી ગયો. પોતાનું થુંક ચોપડ્યું. એમ મટે કાંઈ? એ તો અંદર રાગ ટળી અને એ કર્મ ટળે. ત્યારે રોગ મટે એનું નામ મટ્યું કહેવાય. આમ અમારી પાસે લબ્ધિ છે એવી કાંઈક, તેનાથી રોગ મટી જાય. પણ એ કારણ શું છે? પૂર્વના કર્મનો ઉદય છે એને આત્માના ધ્યાન દ્વારા ટાળવો એ રોગના નાશનો ઉપાય છે. હવે આવા રોગ તો મુનિ ધર્માત્માને હોય છે. જુઓને એથી લીધુંને?

'**શુદ્ધાત્મપરિણતિને પામેલા રોગી,...**' કે શુદ્ધાત્મપરિણતિને પામેલા 'ગુરુ,...' પોતાથી વધેલા મુનિ હોય, આત્મધ્યાન અને આત્માના આનંદને પામેલા ગુરુ વડીલ અને શુદ્ધાત્મ પરિણતિને પામેલા 'બાળ...' જીવ હોય. આઠ વર્ષના બાળક રાજકુમાર હોય અને દીક્ષિત થયેલા હોય. વૈરાગ્ય. સમજાય છે કાંઈ? આઠ-આઠ વર્ષના. આમાં આવે છેને આનું ધ્રુવનું નથી? અન્યમતમાં. ધ્રુવ-ધ્રુવ ઓલો. એ વૈરાગી થયો છે. આ વસ્તુ જુદી. પણ એને વૈરાગ્ય થયો. નાની ઉંમરમાંથી એને વૈરાગ્ય થઈ ગયો. બાળક હતો. નાટક જોયેલું. ઘણા વર્ષની વાત છે. ૬૬ની સાલ. ભાવનગરમાં. નાનો બાળ. એની મા નવી હતી અને આ જૂનીનો. .. એ લાકડી હોય છે શું કહેવાય એ? ઘોડી. .. આમ ભાવનગર જોયું થિએટરમાં. ૬૬ની

વાત છે. સંવત્ ૧૯૬૬. લીલા પડદા. પડદા હોયને બે કટકા આમ જુદા કરે. આમ જંગલ લાગે ઉંડું... ઉંડું... ઉંડું... બાળક. ઈન્દ્રાણી દેવ(લોક) ઉપરથી ઉતરી. ઉતારેને બધા લાકડા. ઉપર બેસાડી અને સડડડ નીચે. એક ઉપરથી અને અહીંથી બે બાજુથી આવી એને ચળાવવા. આ મારું શરીર આવું છે, આવું સુંદર છે, કોમળ છે, આ છે. એ નાટક જોયેલું. ત્યારે જવાબ આપે છે. માતા! તારા શરીરની કોમળતાની શું વાત કરવી? જો કદાચિત્ અવતાર ધારણ કરું તો તારે પેટે આવીશ. પણ બીજું તો છે નહિ. આહા..હા..! એય..! એવા રાજકુમાર હોય આઠ વર્ષના દીક્ષિત. આ તો..

અહીં તો આત્માના આનંદસ્વરૂપ અને શુદ્ધોપયોગને અંગીકાર કરી સાધુપદ થયું છે. આઠ વર્ષના બાળક છે. નાની એક મોરપીંછી હોય અને એક કમંડળ નાનું. વનના સિંહની જેમ ભીક્ષા માટે આવે. જંગલમાં ચાલ્યા જાય. કોઈ સાથે ન હોય હોં! આહા..હા..! એવી સ્વરૂપની અંદર શુદ્ધ ચૈતન્ય ભગવાન એની એવી લીનતા જાગી છેને. સમજાણું? એવા બાળ, પણ છે શુદ્ધોપયોગની પરિણતિ અને શુદ્ધ દશા. મુનિ બીજા છે એને શુભરાગનો ભાવ હોય ત્યારે એની સેવા કરે. સેવા કરવા માટે કોઈ વૈદને પૂછવું પડે. પડે એમ. એમ કહ્યુંને વૈદને પૂછવું પડે ભાઈ! અમારે ... તો એ ધર્માત્મા મુનિ શુદ્ધ પરિણતિવાળા પોતે પણ છે અને ઓલા શુદ્ધ દશાવાળા એ પણ છે. એને માટે કોઈ રોગ આદિનું પૂછવું પડે! સમજાય છે કાંઈ? ભાઈ! આના માટે શું? એટલું. આ શું છે? નિદાન માટે. એ માટે વાતચીત કરવી પડે. નહિતર સાધુ તો એ વિના બીજા સાથે વાતચીત કરવા પણ નવરા નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'બાળ અને વૃદ્ધ...'** કોઈ વૃદ્ધ હોય સાધુ. ૫૦-૬૦-૭૦-૭૫-૮૦-૧૦૦ વર્ષ થઈ ગયા વૃદ્ધ. હોય મુનિ, આત્માના આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યના ઢગલા અંદર, ચૈતન્યની આનંદની ધારા વહેતી હોય. શરીર જીર્ણ થઈ ગયું હોય તો એવા **'શ્રમણોની સેવાના નિમિત્તે જ...'** એમ પાછું. એવા સાધુની સેવા પગચંપી આદિ. છેને અંદર? **'निरवद्यवैयावृत्त्यं कुर्वन्तिः'** છેને? એવા સંત **'कायेन किमपि निरवद्यवैयावृत्त्यं कुर्वन्तिः'** કાયાથી. અંદર ટીકામાં છે. ઓલીકોર. **'वचनेन धर्मोपदेशं च। शेषमौषधान्नपानादिकं गृहस्थानामधीनं,'** ઓલીકોર છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે, ધર્માત્મા આત્માના આનંદનું ધામ છે, શુદ્ધ ચિદાનંદનો ધર્મ પ્રગટ્યો છે અને બીજાને પણ એવો ધર્મ પ્રગટ થયો છે. તો એની સેવાના નિમિત્તે **'(શુભોપયોગી શ્રમણને)...'** જેને રાગ આવ્યો શુભ. પુણ્ય છે એ, ધર્મ નથી, પણ આવ્યા વિના રહેતો નથી એટલે આવ્યો ત્યારે **'શુદ્ધાત્મપરિણતિશૂન્ય જનો સાથે...'** ઓલા વૈદો-બૈદો એને ક્યાં ધર્મનું ભાન હતું? એય..! એ શુદ્ધાત્મપરિણતિશૂન્ય જનો છે બિચારા. મિથ્યાદષ્ટિ હોય, અજ્ઞાની હો. ભાન કાંઈ ન હોય પણ એની સાથે આવા મુનિને આવા સંતો માટે પૂછવું પડે કે ભાઈ આને કેમ છે? સમજાણું કાંઈ?

એવા '**શુદ્ધાત્મપરિણતિશૂન્ય જનો સાથે...**' કે જેને ધર્મદશા છે નહિ. ધર્મનું ભાન નથી એવા વૈદો અને ડોક્ટરો હોય. ડોક્ટરો તો હવે વૈદ ઓલા, પણ આ તો વૈદ હોય આ રીતે. ડોક્ટર તો ક્યાં હતા? હવે તો બધી વિલાયતી દવાઓ થઈ ગઈને? એ વખતે દેશી દવાઓ બધા દેશી હતા. એવા વૈદો સાથે આત્મા ધર્મમાં પરિણમેલા મુનિને ધર્મ થયેલા મુનિઓને માટે પૂછવું પડે. '**વાતચીત પ્રસિદ્ધ છે.**' '**જનો સાથે વાતચીત પ્રસિદ્ધ છે (-શાસ્ત્રોમાં અનિષિદ્ધ છે),...**' એમ. શાસ્ત્રમાં એનો નિષેધ કર્યો નથી. પૂછવું પડે એને. અજ્ઞાની હોય, મિથ્યાદૃષ્ટિ હોય.

'**પરંતુ બીજા નિમિત્તે પણ પ્રસિદ્ધ છે એમ નથી.**' આ સિવાય ધર્માત્મા સંત, મુનિ, બીજા વૈદો સાથે આ વાતચીતું કરે બીજી રીતે અમથી (કે) કેમ તમે દવા કરો છો? ફલાણું છે, કેમ દવા થાય? આમ કેમ થાય? એ વાતચીતનો મુનિને અવસર હોતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ સાધુપદ. '**પરંતુ બીજા નિમિત્તે પણ પ્રસિદ્ધ છે...**' એ વાત કરવા લાયકનો પ્રસંગ છે એમ છે નહિ. ૨૫૩ થઈ.

હવે આ તકરારી ગાથા છે. અહીં પ્રશ્ન કર્યો હતોને ત્યાં રતનચંદજી નહિ? સ્થાનકવાસી. મોરબી. મોરબી. .. છે પણ ૨૫૩ ગાથા છે. ધર્માત્મા સંતને આત્માની શાંતિ, વીતરાગતા અંદર અનુભવ થયો છે અને શુદ્ધ પરિણતિ વર્તે છે. પરિણતિ એટલે અવસ્થા. વીતરાગી નિર્દોષદશા વર્તે છે. એવા સંતને શુભવિકલ્પ થયો, શુભરાગ. તો એવા શુદ્ધાત્મને રમણતા કરનારા સાધુ બાળ, વૃદ્ધ કે રોગી એને માટે વૈદ મિથ્યાદૃષ્ટિ હોય, અજ્ઞાની હોય તોપણ એની સાથે વાત કરવી પડે. એવી વાતનો નિષેધ નથી. એ સિવાય બીજી રીતે વાતચીત કરવાનો એને પ્રસંગ હોતો નથી. નિષેધ છે. સમજાણું કાંઈ? ક્યાં તમારી દુકાન છે? કેવું ચાલે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૂછે છેને. હોય છેને કેટલાક અત્યારે ઠેકાણા વિનાના જુઓને. એવા સાધુ સાચા હોય એને એવો પ્રસંગ હોઈ શકે નહિ. એવો એને વિકલ્પ જ નથી. એ જાતનો પ્રસંગ જ એને હોય નહિ. એને સાધુ અને એને વીતરાગદશા કહેવામાં આવે છે. આહા..હા..!

હવે ૨૫૪. '**એ રીતે કહેવામાં આવેલા શુભોપયોગનો...**' શુભરાગ, વિકલ્પ પુણ્યનો ભાવ. એ '**ગૌણ-મુખ્ય વિભાગ દર્શાવે છે...**' હવે બે ભાગ બીજા પાડ્યા. મુનિને શુભરાગ ગૌણ છે અને ગૃહસ્થ ધર્મીને તે શુભરાગ મુખ્ય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો મિથ્યાદૃષ્ટિ જીવની વાતેય ક્યાં છે? એ તો ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ છે, શુદ્ધાત્મપરિણતિ પ્રગટી છે એને શ્રાવકધર્મને યોગ્ય, એને શુભયોગ છે એ મુખ્ય છે. અને મુનિ છે તેને શુભયોગ છે તે ગૌણમાં છે. એના બે ભાગ પાડે છે. સમજાણું? છે તો પુણ્યબંધનું

કારણ શુભયોગ.

મુમુક્ષુ :- ક્રમશ...

ઉત્તર :- ના, ના એ ક્રમશઃ પરંપરાનું કારણ કહેશે. પરંપરા અને ક્રમશઃ બે શબ્દ પડ્યા છેને. અમૃતચંદ્રાચાર્યમાં 'ક્રમ' પડ્યો છે. અમૃતચંદ્રાચાર્યમાં જુઓ '**क्रमतः**' અને ભાઈમાં બે પડ્યા છે જયસેનાચાર્યમાં '**शुभोपयोगचर्यया परंपरया मोक्षसुखं लभते गृहस्थ**' જોયું! અને '**निश्चयव्यवहारमोक्षमार्गोपदेशलाभो भवति। ततश्च परंपरया निर्वाणं**' એમ. મુનિની સાથે સેવા કરવામાં શુભોપયોગી જીવને એ સત્ય વાત એને મળે અને એ શુભોપયોગીને પરંપરા મોક્ષનું કારણ થાય. ગૃહસ્થને. પરંપરા એટલે પહેલો શુભરાગ છૂટ્યો છે અને પછી શુભરાગ છોડીને શુદ્ધમાં આવશે ત્યારે મુક્તિ થશે. કહો, સમજાણું? આ ગાથાની ઘણી તકરારું કરે છે. સ્થાકવાસી રતનલાલજી અને આ બીજા પણ ઘણા.. આમાં પણ આવે છે. દિગંબરના પંડિતો કહે જુઓ, આમાં લખ્યું. શુભયોગથી ગૃહસ્થને પરંપરા મોક્ષ થાય. ગાથા તો પરંપરા મોક્ષ .. પરંપરા અર્થ કર્યો છે.

૨૫૪. આવશે હોં ખુલાસો.

**एसा पसत्थभूदा समणाणं वा पुणो घरत्थाणं।**
**चरिया परेत्ति भणिदा ताएव परं लहदि सोक्खं।।२५४।।**

ઉત્કૃષ્ટ .. મુક્તિને પામે. નીચે હરિગીત.

**આ શુભ ચર્યા શ્રમણને, વળી મુખ્ય હોય ગૃહસ્થને;**
**તેના વડે જ ગૃહસ્થ પામે મોક્ષસુખ ઉત્કૃષ્ટને. ૨૫૪.**

'**તેના વડે જ**' એમ. વ્યવહારથી, 'તેના વડે જ' એ વ્યવહારનું વાક્ય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. બધાય સંસ્કૃત ટીકામાં પણ છે. એ પાછા .. લાવ્યા.

પહેલા અન્વયાર્થ લ્યો, અન્વયાર્થ લ્યો. અન્વયાર્થ છેને? '**આ પ્રશસ્તભૂત ચર્યા...**' પ્રશસ્ત નામ શુભરાગનું આચરણ. સમજાય છે કાંઈ? પ્રશસ્ત. પ્રશસ્તભૂત છેને? તો આમાં શું કર્યું છે જયસેનાચાર્યમાં? બસ એ. એ. '**प्रशस्तभूता धर्मानुरागरूपा**' લ્યો જુઓ, '**प्रशस्तभूता धर्मानुरागरूपा**' આ બાજુ. જે ગૃહસ્થ કે મુનિ બેય આત્મદર્શન અને ધર્મી તો બેય છે. એકલા ગૃહસ્થ એમ નહિ. ગૃહસ્થાશ્રમમાં પણ આત્મ સમ્યગ્દર્શન પામેલા છે અને શુદ્ધ પરિણતિ એ ઉપરાંત થોડી વિશેષ પણ થઈ છે, શાંતિ વિશેષ વધી છે. ... પણ એને જ્યારે શુભયોગ હોય છે એ અશુભને ટાળવા માટે અને સેવા આદિ કરવાથી મુનિને શુભયોગીને... સમજાય છે? તો એમાં મુનિ તરફથી નિશ્ચય-વ્યવહાર ગ્રહણનો ઉપદેશ મળે, એનો લાભ થાય અને એ કર્મ કરતા ક્રમશઃ એ શુભરાગને ટાળી અને મુક્તિને પામે. માટે શુભરાગથી એને પરંપરા મુક્તિ થાય એમ કહેવામાં આવ્યું છે. સમજાણું? શુભરાગ કાંઈ મુક્તિનું

કારણ નથી. એ તો બંધનું કારણ છે. આહા..હા..!

**'પ્રશસ્તભૂત ચર્યા...'** એટલે ધર્મચર્યા, ધર્માનુરાગનો શુભભાવ. **'શ્રમણોને (ગૌણ) હોય છે...'** અન્વયાર્થમાં. **'અને ગૃહસ્થોને તો મુખ્ય હોય છે...'** જુઓ **'परा' 'એમ (શાસ્ત્રોમાં) કહ્યું છે;...'** મુખ્ય હોય છે એમ કહ્યું છે. અને **'તેનાથી જ...' 'परं सौख्यं लभते'** પરમ ઉત્કૃષ્ટ સુખને પામે. એટલે કૌંસમાં કરવું પડ્યું. એ જયસેનાચાર્યની ટીકામાં છે. **'(પરંપરાએ) ગૃહસ્થ પરમ સૌખ્યને પામે છે.'** શુભરાગ તો સમકિતી શ્રાવકને પણ પુણ્યબંધનું જ કારણ છે. સમજાણું કાંઈ? ધર્મ નથી. આહા..હા..! પણ એને અશુભભાવથી બચવા માટે ઘણા શુભભાવ હોય છે, એને માટે એને શુભભાવ મુખ્ય ગણવામાં આવ્યા. અનેક શુભભાવને છોડીને અલ્પકાળમાં કેવળજ્ઞાન પામશે, નિર્વાણને પામશે, એથી શુભયોગને પરંપરાએ મુક્તિનું કારણ કહેવામાં આવે છે. અમૃતચંદ્રાચાર્ય ક્રમશઃ કહેશે. ક્રમશઃ પરમ નિર્વાણનું સૌખ્યનું કારણ. ખુલાસો તો અમૃતચંદ્રાચાર્યે પોતે કર્યો છે.

**'ટીકા :- એ રીતે શુદ્ધાત્માનુરાગયુક્ત...'** લ્યો ઠીક! અમૃતચંદ્રાચાર્યે ખુલાસો કર્યો લ્યો! **'શુદ્ધાત્માનુરાગયુક્ત પ્રશસ્તચર્યારૂપ...'** લ્યો! શુદ્ધ સ્વરૂપના પ્રેમવાળો શુભરાગ. પવિત્ર ભગવાન આત્મા આનંદસ્વરૂપ એવો શુદ્ધાત્માનુરાગ એનો જે પ્રેમ એવો સહિત પ્રશસ્તચર્યા-શુભરાગનું આચરણ. **'જે આ શુભોપયોગ વર્ણવવામાં આવ્યો તે આ શુભોપયોગ, શુદ્ધાત્માની પ્રકાશક સર્વવિરતિને પામેલા શ્રમણોને...'** જુઓ, સાધુ કેવા હોય છે? **'શુદ્ધાત્માની પ્રકાશક સર્વવિરતિને પામેલા...'** જુઓ, આ વિરતિ-વિરતિ તો અત્યારે કરે છે બધા. અમારે સર્વવિરતિ છે, અમારે અવિરતિ છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન વિના વિરતિ આવી ક્યાંથી?

ઉત્તર :- ચારિત્ર આવ્યુંને એટલે... સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોય જ નહિ જાવ. આ બાયડી, છોકરા છોડ્યા તો થઈ ગયા સર્વવિરતિ. ધૂળમાંય નથી. મિથ્યાદષ્ટિ છે અને માને છે સર્વવિરતિ. સમજાણું કાંઈ? માર્ગ એવો છે. સત્યને-વાસ્તવિક સત્યપણાને સત્ય તરીકે સ્વીકાર કરવો એ બહુ અપૂર્વ પુરુષાર્થ છે. સમજાય છે કાંઈ?

કહે છે, એ શુભ ઉપયોગ, શુભરાગ, પુણ્યનો ભાવ **'શુદ્ધાત્માની પ્રકાશક સર્વવિરતિને પામેલા શ્રમણોને...'** જુઓ, આ શ્રમણો કેવા? પવિત્ર ભગવાન આનંદસ્વરૂપ એને પ્રકાશક સર્વવિરતિ. એને પ્રગટમાં લાવનાર સર્વવિરતિ. એનું નામ સર્વવિરતિ છે. બહારથી સર્વવિરતિ તો એ બાયડી, છોકરા છોડ્યા, ગૃહસ્થાશ્રમ છોડ્યું, લૂગડાં ફેરવ્યા કે નગ્ન સાધુ થયો તો સાધુ છે એમ છે નહિ. **'શુદ્ધાત્માની પ્રકાશક સર્વવિરતિને પામેલા શ્રમણોને...'** આહા..હા..! ત્યારે ઓલા કહે કે વ્યવહાર સર્વવિરતિ તો છે કે નહિ? વ્યવહાર સર્વવિરતિ. પણ વ્યવહાર સર્વવિરતિ હોય જ નહિ, સાંભળને. નિશ્ચય વાસ્તવિક પરથી-રાગથી નિવૃત્તિ અને સ્વરૂપમાં પરિણતિની પ્રવૃત્તિ એનું નામ સર્વવિરતિમાં આત્માના આનંદસ્વરૂપનો પ્રકાશ થાય છે. સમજાણું?

**'આ શુભોપયોગ,...'** એટલે શુભરાગ કોને મુખ્ય હોય છે અને કોને ગૌણ હોય છે? કે **'શુદ્ધાત્માની પ્રકાશક સર્વવિરતિને પામેલા શ્રમણોને...'** સાધુ **'કષાયકણના સદ્‌ભાવને લીધે...'** જરી કષાયનો કણ આવ્યો, શુભોપયોગ એક કણ આવ્યો કષાયનો. શુભરાગ એ કષાયકણ. એ આવ્યું હતું પહેલું. ૧૧મી ગાથામાં નહિ? પહેલા નહિ? કષાયનો કણ એને ઓળંગીને. આત્માનું સમ્યગ્દર્શન ભાન છે, શુદ્ધ પરિણતિ નિર્મળ વીતરાગ અવસ્થા પણ નિર્દોષ પ્રગટ થઈ છે. એવાને **'કષાયકણના સદ્‌ભાવને લીધે...'** જરી કષાયનો કણ શુભરાગ પુણ્ય. આ રાગ કષાયનો કણ છે, કષાયભાવ છે. પ્રવર્તતો **'કષાયકણના સદ્‌ભાવને લીધે પ્રવર્તતો, ગૌણ હોય છે,...'** એવા સાધુને શુભરાગ હોય છે પણ ગૌણ હોય છે. સમજાય છે? કારણ કે એને મુખ્યતા તો શુદ્ધ ઉપયોગની છે. શુદ્ધ સ્વરૂપમાં અંતર રમણતા એ મુનિનો મુખ્ય માર્ગ છે.

**'કારણ કે તે શુભોપયોગ શુદ્ધાત્મપરિણતિથી વિરુદ્ધ...'** જુઓ, કારણ કે શુભરાગ કણ આવ્યો મુનિને. આત્માના આનંદની દશાની રમતમાં સ્થિર નથી શુદ્ધોપયોગપણે એટલે કષાયનો કણ આવ્યો. શુભયોગ કષાયનો કણ. **'તે શુભોપયોગ શુદ્ધાત્મપરિણતિથી વિરુદ્ધ એવા રાગ સાથે સંબંધવાળો છે;...'** નિર્વિકલ્પ ભગવાન આત્મા શુદ્ધ જેવો છે એવી શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા શુદ્ધ પરિણતિ થઈ, એનાથી શુભ યોગ આવ્યો એ વિરુદ્ધ છે. **'વિરુદ્ધ એવા રાગ સાથે સંબંધવાળો છે;...'** સમજાણું? તેથી તેને ગૌણ કહેવામાં આવે છે એમ કહેવું છે. આહા..હા..! એ ... નહિ? જ્ઞાનસમુચ્ચયમાં. ... આત્મધર્મમાં. એમાં ... ભેદવિજ્ઞાન ભાઈ! અહીંયાં વસ્તુવિજ્ઞાનસાર વાંચીને પણ બહુ અંદરમાં થાય છે. ... ... એને વાંચેલું. એક જ કહે છે ... છઠ્ઠું ગુણસ્થાન. એક વસ્તુ વાંચે તો બીજું વાંચવાની જરૂર નથી એમ કીધું છે. ... ... એવું લખ્યું છે એક કે એક આ વાંચે. એવું લખ્યું છે. ... આમાં છેને? ... જુઓ, ભેદવિજ્ઞાન નામનું પુસ્તક અથવા વસ્તુવિજ્ઞાનમાં .. આ .. વસ્તુવિજ્ઞાન જોયા પછી એ પુસ્તક જોયાનું જણાવાની જરૂર રહેતી નથી. એ વસ્તુવિજ્ઞાન છેને આપણે? એ જોયા પછી કહે છે. બારોટ છે કોક. .. લખે છે હોં. એમ કહે છે. ભાઈ કોક કહેતું હતું. કોણ કહેતું હતું? ... જામખંભાળિયાથી લિખિતંગ નામરૂપ અને આકારવાળા સંતશ્રી કાનજીભાઈના સહકુટુંબ સહિત આપને લાખ-લાખ વંદન. કાનજીભાઈ છે કોક. જામખંભાળિયા. પણ બહુ ખુશાલી બતાવી. ખુશાલી બતાવી. એક વસ્તુવિજ્ઞાનસાર આ વાંચે, કોઈ બીજા પુસ્તક વાંચવાની જરૂર રહેતી નથી. સમજાણું? વસ્તુવિજ્ઞાનસાર છેને આપણે? .. હોય. ... હરજીવનભાઈ લાવ્યા હતા.

મુમુક્ષુ :-...

ઉત્તર :- આ જામખંભાળિયાથી લખાણ છે કે એક વસ્તુવિજ્ઞાનસાર અહીં પુસ્તક છે અમારે ગુજરાતી. કીધું હમણા આપો ભાઈ. હમણા આપશે પાછળથી. આહા..હા..! બારોટ

છે. કોઈ સંત કહેવાય છે ત્યાં જામખંભાળિયા. અહીંનું આ પુસ્તક વાંચીને એટલો ખુશી થયો. આહા..હા..! આવી વાત! એય..! આ જૈનવાળાને ખબર નથી અને ઓલા કેટલાક આ... આ વસ્તુવિજ્ઞાનસાર. કહો, સમજાણું કાંઈ?

કહે છે, એ '**શુભોપયોગ શુદ્ધાત્મપરિણતિથી વિરુદ્ધ એવા રાગ સાથે સંબંધવાળો છે;...**' એમ જ્યાં વિરુદ્ધ છે માટે ગૌણ છે એમ ભાઈ! મુખ્ય-ગૌણને ગૌણ કેમ એમ સિદ્ધ કર્યું. કે શુદ્ધપરિણતિથી વિરુદ્ધ છે માટે તેને ગૌણ કહ્યું. સમજાણું? મુનિને. બાહ્યમાં નગ્નદશા છે, અંતરમાં આનંદદશાના ઉભરા આવે છે, અતીન્દ્રિય આનંદની રમત છે. વનવાસી આદિ. ... ભાઈ નહિ? ..આદિ. અહીં કહે છે '**શુભોપયોગ શુદ્ધાત્મપરિણતિથી વિરુદ્ધ એવા રાગ સાથે સંબંધવાળો છે;...**' તેને ગૌણ ગણવામાં આવ્યો છે. કહો, સમજાણું? '**ગૃહસ્થોને...**' હવે ગૃહસ્થ. ગૃહસ્થ કોણ? ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ. એય..! રમણિકભાઈ! આ ગૃહસ્થ એટલે આ બધા તમે, એમ નહિ. ગૃહસ્થ એટલે આત્મા છે ગૃહસ્થાશ્રમમાં એ. પણ આત્મા અંદર આનંદ શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટાનું ભાન થયું છે. અને આત્મા વીતરાગ પરિણતિવાળો છે એવી દશા પણ કેટલીક પ્રગટ થઈ છે. એવા '**ગૃહસ્થોને તો તે શુભોપયોગ,...**' એ શુભરાગ એને હોય છે. એને દયા, દાન, વ્રત, સેવા આદિનો શુભભાવ હોય છે.

'**સર્વવિરતિના અભાવ વડે...**' તેને સર્વવિરતિના અભાવ... એટલે ભાષા અહીં .. સર્વવિરતિનો અભાવ છે. મુનિપણું જે ઉત્કૃષ્ટ દશા છે એનો એને અભાવ છે. કારણ કે ઓલા ખુલાસો આપે છેને કે '**गृहस्थानामात्माश्रितनिश्चयधर्मस्यावकाशो नास्ति**' નીચે સંસ્કૃતમાં છે. એ તો મુનિપણાને યોગ્ય અવકાશનો નાસ્તિ છે. મુનિ આત્માના આનંદમાં રહેતા હોય શુદ્ધોપયોગ એવો એને ગૃહસ્થાશ્રમમાં હોઈ શકતું નથી. સમજાણું? શું કહ્યું? '**સર્વવિરતિના અભાવ વડે શુદ્ધાત્મપ્રકાશનો અભાવ હોવાથી...**' ગૃહસ્થાશ્રમમાં, મુનિને યોગ્ય જે શુદ્ધાત્માનો અનુભવ છે તેનો તેને અવકાશ નથી. જુઓ, નીચે છે. નીચે છે. '**ચારિત્રદશામાં વર્તતું જે ઉગ્ર શુદ્ધાત્મપ્રકાશન...**' મુનિને. '**તેને જ અહીં શુદ્ધાત્મપ્રકાશન ગણ્યું છે; તેનો સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને અભાવ છે. બાકી દર્શન-અપેક્ષાએ તો સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને પણ શુદ્ધાત્માનું પ્રકાશન છે જ.**' સમજાણું કાંઈ?

ઓલા વળી એ કાઢે છે, એને નિશ્ચય અનુભવની દશા સમકિતી શ્રાવકને આવે નહિ. હવે એ તો કાલે વાત થઈ ગઈ. શ્રાવકને સામાયિક આદિમાં પણ શુદ્ધોપયોગ આવી જાય છે. અહીં પણ કીધું. સર્વવિરતિપણાની મુનિની દશા વીતરાગ જે છે એવી દશાનો એને અભાવ છે, એવો નિજ આત્માને આશ્રયે અનુભવ થવાને લાયક નથી. પણ સમ્યગ્દર્શન આત્માનું ભાન છે એવા આશ્રયે જે નિશ્ચય છે એ તો ગૃહસ્થાશ્રમમાં પણ હોય છે. ભલે રાજા હોય. સમજાણું કાંઈ?

'**સર્વવિરતિના અભાવ વડે શુદ્ધાત્મપ્રકાશનનો અભાવ હોવાથી...**' જુઓ, કારણ

પણ આપ્યું છેને. સર્વવિરતિના અભાવ વડે, કીધું છેને? એના વડે શુદ્ધાત્મપ્રકાશનનો અભાવ છે. એટલે એ જાતનો લેવો. ત્યારે ઓલા કહે સર્વવિરતિ નથી માટે એને શુદ્ધનો અનુભવ બિલકુલ ગૃહસ્થને હોય નહિ. અરે..! વાંધા વાંધે-વાંધા કાઢે. શુભયોગમાં ધર્મ છે, પુણ્યમાં ધર્મ એમ માની જિંદગી વઈ જાય. જાય પછી તિર્યંચે. ભૂતડામાં ક્યાંક જાય તો શું પાછા તિર્યંચમાં જવાના એ. '**શુદ્ધાત્મપ્રકાશનનો...**' ગૃહસ્થાશ્રમમાં મુનિને યોગ્ય વીતરાગ પરિણતિ અને આનંદની ઉગ્રતાનો અભાવ હોવાથી '**કષાયના સદ્ભાવને લીધે...**' પણ એનો રાગનો ભાવ છે શુભ '**પ્રવર્તતો હોવા છતાં પણ, મુખ્ય છે,...**' કહો, સમજાણું? ગૃહસ્થાશ્રમે શુભરાગ મુખ્ય કહેવામાં આવ્યો.

'**કારણ કે—જેમ ઈંધનને સ્ફટિકના સંપર્કથી...**' સમજાણું? ઓલામાં કહ્યું હતું સર્વવિરતિ .. તેમ કારણ કે શુદ્ધોપયોગ શુદ્ધાત્મા પરિણતિથી વિરુદ્ધ હોવાથી. એમ કહ્યું. ત્યારે આને જરી અનુકૂળ કહ્યું છેને? '**જેમ ઈંધનને સ્ફટિકના સંપર્કથી...**' લાકડાને. લાકડાને સ્ફટિકનો સંબંધ થાય અને '**સૂર્યના તેજનો અનુભવ થાય છે...**' પ્રકાશ. સમજાણું? લાકડાને સ્ફટિકના સંપર્કથી આ સૂર્યના કિરણો અનુભવ... આ નથી આપણે કરતા? કાચ આમ રાખે અને પછી સૂર્યની ... ભડકો થાય. શું કહે છે? કાચ હોયને કાચ. એવું કાંઈક કરતા પહેલા. આમ રૂ મૂકે થોડું. પછી સૂર્યનો .. રૂ હોય એ બળે. એ લાકડાને સ્ફટિકના સંપર્કથી સૂર્યના તેજનો અનુભવ થાય છે. '**(અને તેથી ક્રમશઃ સળગી ઉઠે છે) તેમ—ગૃહસ્થને રાગના સંયોગથી શુદ્ધાત્માનો અનુભવ થાય છે...**' એટલે રાગના સંયોગકાળમાં એને અનુભવ થાય છે અને રાગને ટળ્યા પછી પણ અનુભવ થાય છે. સંયોગની વાત કીધીને, પણ શું કહ્યું? '**રાગના સંયોગથી...**' સંબંધથી '**શુદ્ધાત્માનો અનુભવ થાય છે...**' પછી એનો ખુલાસો કરે છે.

'**તેથી (તે શુભોપયોગ) ક્રમશઃ...**' લ્યો! '**પરમ નિર્વાણસૌખ્યનું કારણ થાય છે.**' પરમ આનંદની મુક્તિ એના કારણ શુભયોગ પરંપરાએ થાય છે. કહો, સમજાણું કાંઈ? અરે..! ભગવાન! તારા સ્વાશ્રયની વિશેષતા, મહિમા આવે એની વાત નહિ. પરાશ્રયભાવથી કાંઈક થશે એની મહિમા આવી એને. સમજાણું? તારામાં પરમાત્મસ્વરૂપ પડ્યું છેને ભાઈ! એને જેટલો આશ્રય કરે એટલી વીતરાગતા તને પ્રગટશે. જેટલો પરાશ્રય થાય એમાં રાગ તારો શુદ્ધપરિણતિ હણાય છે ત્યાં. તો આને અશુભનો ઘણો ભાગ છે, એટલે બચવાનો શુભભાવવાળો હોય છે અને તેથી દેવ-ગુરુ-શાસ્ત્રની સેવા અને તેનો પરિચય થાય તો એને નિશ્ચય-વ્યવહારનું વસ્તુનું સ્વરૂપનું ભાન વિશેષ મળે, એને લઈને એ શુભરાગને પછી ટાળી અને પરમાત્મપદ પ્રાપ્ત થાય એમ કહે છે. સમજાણું કાંઈ? એટલે શું કહ્યું?

વસ્તુનું સ્વરૂપ આવું છે. ક્રમશઃ જુઓ પાઠ છેને? અમૃતચંદ્રાચાર્યનો પાઠ છે. '**शुद्धात्मनोऽनुभवात् क्रमतः**' જુઓ, ક્રમથી. એમ કહ્યું. કારણ કે પહેલો અશુભથી બચે છે, આત્માનું ભાન છે, હું શુદ્ધ આનંદસ્વરૂપ છું એવી દશા છે. ત્યારે અશુભ ઘણા ભાવ

ગૃહસ્થાશ્રમમાં હોય છે એથી આવા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, સેવા આદિનો શુભભાવ હોય છે એ એને અશુભ ટાળે છે. એ આવશે અર્થમાં હોં. સમજાણું? એથી અશુભ ટળે છે અને એ શુભ ટાળીને ક્રમે-ક્રમે કેવળજ્ઞાનને પામે છે. એથી એને શુભને પરંપરા મોક્ષનું કારણ કહેવામાં આવ્યું છે. એ વ્યવહારનયનું કથન છે.

'**ભાવાર્થ :- દર્શન-અપેક્ષાએ તો શ્રમણને તેમ જ સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને શુદ્ધાત્માનો જ આશ્રય છે.**' જુઓ, આત્માના સમ્યગ્દર્શનની દશામાં પર્યાયને તો આત્માનો જ આશ્રય છે. ચાહે તો ગૃહસ્થાશ્રમ હોય કે ચાહે તો મુનિ હોય. '**દર્શન-અપેક્ષાએ તો શ્રમણને તેમ જ સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને...**' સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને એમ લીધું. એકલા ગૃહસ્થ નહિ. '**શુદ્ધાત્માનો જ આશ્રય છે.**' ભગવાન આત્મા આનંદનો કંદ એનું જ અવલંબન છે. વસ્તુ આનંદસ્વરૂપ ભગવાન આત્મા, ગૃહસ્થાશ્રમમાં રહેલા ધર્મી કે સાધુ બેયને સમ્યગ્દર્શનમાં તો આત્માનો જ આધાર છે, આત્માનો જ આશ્રય છે.

'**પરંતુ ચારિત્ર-અપેક્ષાએ...**' સ્વરૂપની રમણતાની અપેક્ષાએ '**શ્રમણને મુનિયોગ્ય શુદ્ધાત્મપરિણતિ મુખ્ય હોવાથી...**' જુઓ, સાધુને તો મુનિયોગ્ય પવિત્ર-વીતરાગદશા તે મુખ્ય હોવાથી '**શુભોપયોગ ગૌણ છે...**' એને શુભોપયોગ ગૌણ કહેવામાં આવે છે. આહા..હા..! જુઓ, કઈ અપેક્ષાએ? સમજાય છે? નહિતર સાતમા ગુણસ્થાનની દશા કરતા છઠ્ઠાના શુભોપયોગનો કાળ ડબલ છે, ભાઈ! છતાં એની દશા શુદ્ધ પરિણતિ વિશેષ છેને મુનિને? તેથી તે શુભરાગને ગૌણ ગણવામાં આવ્યો. સમજાણું? નહિતર એનો કાળ છે એ તો ઝાઝો છે. એય..! શું કીધું? કે આ શુદ્ધોપયોગનો જે આત્માનો કાળ છે એનાથી શુભનો કાળ ડબલ છે. છતાં એ કાળની અપેક્ષા અહીં નથી લેવી. અહીં તો ઓલો શુભોપયોગ છે એ વીતરાગ પરિણતિની અપેક્ષાની મુખ્યતામાં ગૌણ છે એ અહીં વાત લેવી છે. કારણ કે વીતરાગતા વધી ગઈ છે. સાધુને અંતરદશાની અકષાયભાવ(રૂપ) પવિત્રતા બહુ વધી ગઈ છે. એ વધી ગઈ છે એની અપેક્ષાએ કાળ ભલે આનો ઝાઝો હોય, પણ એ ભાવને ગૌણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એટલે એનો અર્થ એવો નથી કે શુભભાવ થોડો કાળ રહે અને ઓલાના ઝાઝો કાળ રહે શુદ્ધોપયોગીને. એવું કાંઈ નથી. એની વાત અહીં નથી. અહીં તો વીતરાગદશા પવિત્રતા પ્રગટી છે મુનિને વિશેષ, એ અપેક્ષાએ એને જે શુભ આવે છે તેને ગૌણ કહેવામાં આવે છે. સમજાણું?

'**અને સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને...**' હવે સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ ગૃહસ્થાશ્રમમાં. એ '**મુનિયોગ્ય શુદ્ધાત્મપરિણતિને નહિ પહોંચાતું હોવાથી...**' સમ્યક્ ધર્મને પામેલા ગૃહસ્થને '**મુનિયોગ્ય શુદ્ધાત્મપરિણતિ...**' જુઓ, સાધુને એ શુદ્ધ પરિણતિ-દશા-અવસ્થા છે. તેને નહિ પહોંચાતું હોવાથી અશુભ વંચનાર્થે, પાપને છોડવા માટે, હિંસા, વિષય, વાસના, કામ, ક્રોધ વગેરે એવા ભાવના વંચનાર્થે, ટાળવા માટે ગૃહસ્થને શુભોપયોગ મુખ્ય કહેવામાં આવ્યો છે. સમજાણું

કાંઈ? '**સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને અશુભથી** (વિશેષ **અશુદ્ધ** પરિણતિથી) **છૂટવા માટે વર્તતો...**' શું કહે છે? સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને સમ્યગ્દર્શનવાળા જીવને '**અશુભથી** (વિશેષ **અશુદ્ધ** પરિણતિથી) **છૂટવા માટે...**' અશુભ એટલે વિશેષ અશુદ્ધ પરિણતિથી છૂટવા માટે. અશુભભાવ છે. ગૃહસ્થને સમ્યગ્દૃષ્ટિ ધર્મી છે. છતાં એને અશુભભાવ હિંસાનો વિષયનો આદિ ભાવ હોય છે. એ અશુદ્ધભાવ વિશેષ છે એના છૂટવા માટે વર્તતો. અશુભભાવને છૂટવા માટે વર્તતો. એ અશુભભાવ વિશેષ અશુદ્ધ અવસ્થા છે એના '**છૂટવા માટે વર્તતો જે આ શુભોપયોગનો પુરુષાર્થ...**' એ શુભરાગનો પુરુષાર્થ '**તે પણ શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે...**' એ નાખ્યું. આવે છેને મોક્ષ અધિકારમાં. સમજાણું કાંઈ? શુભ છે એ અશુભથી બચે છે, પણ છે તો દૃષ્ટિને કારણે. પણ ગૃહસ્થને શુભભાવ છે, એ શુભભાવ છે એનાથી અશુભથી બચે છે એમ ત્યાં લીધું છે. કારણ કે અશુભમાં અશુદ્ધિ વિશેષ છે અશુભમાં. અને શુભમાં અશુદ્ધિ થોડી છે. અશુભમાં આત્માનો આશ્રય થોડો છે અને શુભમાં એથી વિશેષ છે અને શુદ્ધમાં તો એથી વિશેષ. શું વળી કહ્યું? સમજાણું કાંઈ?

કે આત્મા આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ, એવો અનુભવ સમ્યગ્દૃષ્ટિને છે. ત્યારે એને અશુભભાવ જે છે એ અશુદ્ધતાનો અંશ છે, અશુદ્ધતાનો અંશ છે. ધર્મ પ્રગટ્યો છે એ શુદ્ધ છે અને અશુભભાવ જે સમકિતીને થાય એ અશુદ્ધનો અંશ છે. એ અશુદ્ધતાના અંશથી બચવા શુભભાવ આવે છે, એ અશુદ્ધના અંશથી બચવા શુભ એ પણ એક શુદ્ધિના અંશનો પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? પુરુષાર્થ એ પણ શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે. અશુભમાં ઘણી અશુદ્ધતા છે અને શુભમાં થોડી અશુદ્ધતા છે. એ અશુદ્ધતા મંદ પુરુષાર્થ, શુભમાં પણ અશુભને ટાળવા માટેનો મંદ શુદ્ધિનો પુરુષાર્થ છે. સમ્યગ્દૃષ્ટિ જીવની વાત ચાલે છે અહીંયાં. સમજાણું કાંઈ? .. જુઓ કે આ શુભોપયોગમાં એ પણ શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે. અમારે શુભમાં શુદ્ધનો જ... પણ કોને કહે છે? જ્યાં આત્મા શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, પરિણતિ દશા પ્રગટી છે એટલી શુદ્ધદશા તો ઉગ્રપણે આત્માનો જ આશ્રય છે. હવે અશુભમાં અશુદ્ધતાની વિશેષતા છે. અશુભભાવમાં અશુદ્ધતાની વિશેષતા છે એને છૂટવા માટે જે શુભોપયોગનો પુરુષાર્થ છે તે પણ શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અશુભમાંથી શુભમાં આવ્યો છેને એટલે શુદ્ધનો મંદ પુરુષાર્થ છે. જો શુદ્ધ તરફનો મંદ પુરુષાર્થ ન હોય તો અશુદ્ધિ ટળીને એટલે શુભ આવ્યો તે શુદ્ધતાનો મંદ પુરુષાર્થ છે. સમજાણું? અને સ્વરૂપમાં ઠરે એ શુદ્ધતાનો ઉગ્ર પુરુષાર્થ છે.

મુમુક્ષુ :- આમાં જ ઉંધા અર્થ કરે છે.

ઉત્તર :- અનેક પ્રકાર છે. સમજાણું? પણ એને કહે છે એ શુભમાં જે અશુભ ટળ્યું એ જોર દૃષ્ટિનું છે. એ નિશ્ચયનો આશ્રય થયો. સમજાણું કાંઈ? પણ અહીં તો શુભભાવમાં

અશુદ્ધતાને ટાળવા માટે એ શુભનો પુરુષાર્થ પણ શુદ્ધિના અંશનો જ પુરુષાર્થ છે. એટલી અશુભની અશુદ્ધિ ટળીને? શુભથી ટળી નથી, પણ શુભનો પુરુષાર્થ છે તો એટલી અશુભની અશુદ્ધિ ટળી છે. સમ્યગ્દૃષ્ટિને. આહા..હા..! જે શુભભાવને હેય માને છે, ઝેર માને છે, દુઃખ માને સમ્યગ્દૃષ્ટિ. શુભભાવ દયા, દાન, સેવા આદિને દુઃખ માને છે, ધર્મ નહિ. એને કહે છે કે શુભભાવમાં પુરુષાર્થ જે છે... સમજાણું?

જુઓ, '**સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને અશુભથી...**' એટલે કે '**(વિશેષ અશુદ્ધ પરિણતિથી) છૂટવા માટે વર્તતો જે આ શુભોપયોગનો પુરુષાર્થ...**' સમ્યગ્દર્શનસહિત છે માટે અને વર્તમાન શુભનો પુરુષાર્થ એ પણ અશુદ્ધતાના અંશને ટાળવાનો અને શુદ્ધિના મંદ પુરુષાર્થ એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કાંતિભાઈ! કાંતિભાઈ તરત આવ્યા હતા. શું કહ્યું સમજાય છે? આત્માના સમ્યગ્દર્શનને માટે કોઈ ગૃહસ્થ હોય કે મુનિ હોય. એને આત્માનુરાગ છે. જોયું! હવે મુનિને શુદ્ધ પરિણતિ અવસ્થા વિશેષ છે. તેથી તેનાથી શુભરાગ તે પરિણતિથી વિરુદ્ધ છે માટે તેને ગૌણ કહેવામાં આવ્યો છે. ગૃહસ્થ સમકિતીને શુદ્ધનો આશ્રય તો છે, પણ અશુભમાં અશુદ્ધતા વિશેષ છે એ અશુદ્ધતાના વિશેષને ટાળવા માટે જે શુભભાવ થયો છે તે મંદશુદ્ધનો જ પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? એટલી શુદ્ધતાનો આશ્રય છેને એટલો વધારે? અશુભભાવ છૂટે છે અને શુભ આવ્યો એટલો અંદર શુદ્ધિનો વિશેષ આશ્રય છે. એટલે શુભભાવને શુદ્ધતાનો મંદ પુરુષાર્થ ગણવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'કારણ કે **શુદ્ધાત્મદ્રવ્યના મંદ આલંબનથી...**' શુદ્ધાત્મ ભગવાનના મંદ આલંબનથી '**અશુભ પરિણતિ પલટાઈને શુભ પરિણતિ થાય છે...**' સમજાણું કાંઈ? '**અને શુદ્ધાત્મદ્રવ્યના ઉગ્ર આલંબનથી...**' ભગવાન આત્માના ઉગ્ર અંતર આલંબનથી '**શુભ પરિણતિ પણ પલટાઈને શુદ્ધ પરિણતિ થાય છે.**' કહો, આ વાત વિશેષ સમજવા જેવી છે, વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૫, શનિવાર, તા. ૦૨.૦૮.૧૯૬૯**
**ગાથા-૨૫૫ થી ૨૫૭, પ્રવચન-૨૨૫**

પ્રવચનસાર. ચરણાનુયોગસૂચક ચૂલિકા. ૨૫૫ ગાથા. ૨૫૪ થઈ ગઈ. '**હવે શુભોપયોગને કારણની વિપરીતતાથી ફળની વિપરીતતા હોય છે એમ સિદ્ધ કરે છે :—**'

> **रागो पसत्थभूदो वत्थुविसेसेण फलदि विवरीदं।**
> **णाणाभूमिगदाणिह बीजाणिव सस्सकालम्हि।।२५५।।**
> **ફળ હોય છે વિપરીત વસ્તુવિશેષથી શુભ રાગને,**
> **નિષ્પત્તિ વિપરીત હોય ભૂમિવિશેષથી જ્યમ બીજને. ૨૫૫.**

૨૫૫. એની '**ટીકા :- જેમ બીજ તેનાં તે જ હોવા છતાં...**' બીજ-બીજ, આ વાવે છેને બીજ? '**તેનાં તે જ હોવા છતાં પણ ભૂમિની વિપરીતતાથી નિષ્પત્તિની વિપરીતતા હોય છે...**' એમ આ ચરણાનુયોગનું કથન છે તો નિમિત્તથી કથન કર્યું છે. બાકી તો મુનિની એવી યોગ્યતા હોય છે કે પોતાને કારણે મુનિપણું થાય છે. સમજાણું કાંઈ? '**જેમ બીજ તેનાં તે જ હોવા છતાં પણ ભૂમિની વિપરીતતાથી...**' પ્રાપ્તિ પણ વિપરીત જ હોય છે એમ. '**(અર્થાત્ સારી ભૂમિમાં ધાન્ય સારું પાકે છે અને ખરાબ ભૂમિમાં ધાન્ય ખરાબ થઈ જાય છે અથવા પાકતું જ નથી),...**' એ તો દૃષ્ટાંત. '**તેમ પ્રશસ્તરાગસ્વરૂપ શુભોપયોગ...**' પ્રશસ્તરાગરૂપ શુભ વેપાર '**તેનો તે જ હોવા છતાં...**' એટલે રાગ તો શુભ છે એ જાતનો. '**પણ પાત્રની વિપરીતતાથી...**' મિથ્યાદૃષ્ટિ પાત્ર હોય એને દેખીને જે ભાવ થાય એ કરતા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને દેખીને ભાવ થાય એ ભાવમાં ફેર છે. પણ અહીંયાં નિમિત્તથી કથન કર્યું છે. સમજાણું કાંઈ?

એક નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ એની દશા દેખીને જે ભાવ થાય એ બીજી જાતના હોય છે. એ વ્યવહાર સમકિતદૃષ્ટિ છે, નિશ્ચય નથી, વ્યવહાર શ્રદ્ધાવાન છે. એને દેખીને ભાવ થાય એવી જાતનો અને એક ચૈતન્યના ભાન વિનાનો મિથ્યાદૃષ્ટિ છે, શુદ્ધ શ્રદ્ધા પણ નથી, એને દેખીને ભાવ થાય એ ભાવની જાત જુદી છે, પણ અહીંયાં કારણ (જેવું) છે તેવું કાર્ય છે એમ અહીંયાં સિદ્ધ કર્યું છે. બાકી તો એના ભાવમાં બીજી જાત ન હોય તો એનું ઉંચું ફળ આવે નહિ. સમ્યગ્દૃષ્ટિ પોતાના સ્વરૂપને રાગરહિત દૃષ્ટિમાં, અનુભવમાં લીધું છે, એથી સમ્યગ્દૃષ્ટિને જે મુનિ આદિ ધર્માત્મા નિશ્ચય ભાવલિંગી હોય એને દેખીને જે ભાવ થાય એ જુદી જાતનો એને હોય છે. સમજાણું કાંઈ? જુઓ, અહીં તો ઓળખાણ કરે છે. અને એ સમ્યગ્દૃષ્ટિને પોતાના જેવા સાધર્મીજનને દેખીને જે ભાવ થાય, છે શુભ, પણ એ શુભની

જાતમાં ફેર છે. સમજાણું કાંઈ? અને એ શુભમાં, તત્ત્વની દૃષ્ટિના અનુભવની ખબર નથી, વ્યવહાર શ્રદ્ધાની ખબર નથી એવા જીવને દેખીને જે ભાવ થાય, એ ભાવ પોતાનો એ જાતનો જુદી જાતનો છે. સમજાણું કાંઈ? પણ અહીંયાં કારણ ફેરે ભાવ ફેર છે એમ કથન કર્યું છે. સમજાણું કાંઈ?

**'પ્રશસ્તરાગસ્વરૂપ શુભોપયોગ તેનો તે જ હોવા છતાં પણ પાત્રની વિપરીતતાથી...'** સામે પાત્ર સમ્યગ્દૃષ્ટિ છે, પાત્ર પંચમગુણસ્થાનવાળો છે. પાત્ર છઠ્ઠાવાળો છે, પાત્ર વ્યવહારશ્રદ્ધાવાળો છે અને પાત્ર મિથ્યાદૃષ્ટિ છે. એમ પાત્રના ઘણા ભેદ છે. સમજાણું કાંઈ? એવા **'પાત્રની વિપરીતતાથી ફળની વિપરીતતા હોય છે કેમ કે કારણના ભેદથી કાર્યનો ભેદ અવશ્યંભાવી (અનિવાર્ય) છે.'** પણ એનો અર્થ આ હોં. શીતલપ્રસાદે ઠીક કર્યો છે. ઓલું છેને શું કહેવાય એ? પ્રવચનસાર. ૫૬ છે ૫૬. એને ભાઈ આ .. જોયું કારણનો ફેર કેવી રીતે કરે છે. જુઓ, શુદ્ધાત્માનો અર્થ કર્યો છે. 'બાહ્ય નિમિત્ત કે બદલનેસે ઉનકે ભાવમેં વૈસી ધર્માનુરાગતા નહીં હોતી. ઈસસે સુપાત્ર દાન અપેક્ષા કમ પુણ્યકર્મ બાંધતે હૈ. યદ્યપિ સુપાત્ર-કુપાત્ર કે બાહ્ય આચરણમેં કોઈ અંતર નહિ. તથાપિ જિનકે ભીતર આત્માનંદકી જ્યોતિ જલ રહી હૈ ઐસે સુપાત્રકો નિમિત્તસે ઉનકે કાર્યમેં વૈસા હી દિખાઈ દેતા હૈ.' એની કાયામાં, ધર્મી જીવ સમ્યક્ આદિ છે એના દેખાવમાં જ જુદી જાત છે કહે. માટે આનો ભાવ જુદો પોતાનો થાય છે. 'જ્યોતિ જલ રહી હૈ ઐસે કાયમેં વૈસા હી દેખાવ હોતા હૈ. જિસકા દર્શન દાતા કે ભાવમેં વિશેષતા કર દેતા હૈ, વહ વિશેષતા આત્મજ્ઞાન રહિત કુપાત્રકે શરીરકે દર્શનસે નહીં હોતી.' ખુલાસો કર્યો. .. પણ આના ભાવમાં ફેર પોતાથી થાય છે એમ અહીં સિદ્ધ કર્યું.

ધર્મી જીવ છે વાસ્તવિક તત્ત્વજ્ઞાની, એને દેખીને જે ભાવ અને સામાન્ય જેની દૃષ્ટિમાં .. આવી નથી એને દેખીને ભાવ અને એક તદ્દન મિથ્યાદૃષ્ટિ છે એને દેખીને (ભાવ થાય), ભાવ-ભાવમાં ફેર છે. સમજાણું કાંઈ? અહીં તો...

મુમુક્ષુ :- નિમિત્તથી (ભાવ) થતા નથી..

ઉત્તર :- થાય છે તો પોતાને કારણે, પણ અહીં ચરણાનુયોગમાં લીધું છે નિમિત્તને લઈને. ચરણાનુયોગનું કથન છેને. એવું નિમિત્ત જુદી-જુદી જાતનું છે એમ. એની જાત અહીં જુદી-જુદીનો ભાવ થાય છે. છે તો શુભ. પુણ્ય-બંધનું કારણ. પણ સમ્યગ્દૃષ્ટિને જે કાંઈ ધર્માત્મા પ્રત્યે જ્ઞાની સ્વરૂપના અનુભવી એવા મુનિને દેખીને ભાવ જ્ઞાનીને જે થાય એ જુદી જાતનો છે. સમ્યગ્દર્શનપૂર્વક એ શુભવિકલ્પમાં પણ વિશેષ પુણ્ય બંધાય એ જાતનું એને હોય છે. મિથ્યાદૃષ્ટિ જીવને દેખીને કોઈ અનુકંપા આદિનો ભાવ થાય, પણ એ ભાવ અમુક જાતની મર્યાદા હોય. સમજાણું કાંઈ?

જુઓ, **'પ્રશસ્તરાગસ્વરૂપ શુભોપયોગ તેનો તે જ હોવા છતાં પણ પાત્રની**

**વિપરીતતાથી ફળની વિપરીતતા હોય છે કેમ કે કારણના ભેદથી કાર્યનો ભેદ અવશ્યંભાવી (અનિવાર્ય) છે.'** નિમિત્તથી વાત કરી છે. પણ ખરેખર તો નિમિત્ત ભેદ છે તો ભાવમાં પણ ફેર છે. છે શુભ ભલે. શુભ છે, પણ ભાવમાં એ જાતનો ફેર છે. આમાંથી કાઢે છેને ઘણા? જુઓ, નિમિત્તથી ફેર થાય તો એને આ થાય. બીજ એનું એ હોય પણ, જમીન ફેર હોય તો બીજો પાક થાય. અમરચંદભાઈ! આહા..હા..! શું થાય? મૂળ વસ્તુની ખબર ન મળે. એ ૨૫૫ની વાત થઈ લ્યો. એ ભાવની વિચિત્રતા પોતાને કારણે છે, (પણ) અહીંયાં ચરણાનુયોગનું કથન છે તો નિમિત્તને કારણે વિચિત્રતા થઈ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**હવે કારણની વિપરીતતા અને ફળની વિપરીતતા દર્શાવે છે :—**' ઓલી તો સાધારણ વાત કરી છે. હવે સિદ્ધાંત સિદ્ધ કરે છે દૃષ્ટાંતથી.

**छदुमत्थविहिदवत्थुसु वदणियमज्झयणझाणदाणरदो।**
**ण लहदि अपुणब्भावं भावं सादप्पगं लहदि।।२५६।।**
**છદ્મસ્થઅભિહિત ધ્યાનદાને વ્રતનિયમપઠનાદિકે**
**રત જીવ મોક્ષ લહે નહીં, બસ ભાવ શાતાત્મક લહે. ૨૫૬.**

અન્વયાર્થ લઈએ. અન્વયાર્થ. કારણ કે ટીકામાં સાધારણ શબ્દ છેને. '**જે જીવ છદ્મસ્થવિહિત વસ્તુઓને...**' છદ્મસ્થ નામ અજ્ઞાની લેવા અહીંયાં. છદ્મસ્થ એટલે અજ્ઞાની અહીં લેવા. ગણધર આદિ છદ્મસ્થ એમ ન લેવા.

મુમુક્ષુ :- એ તો કેવળી ભગવાનની રીત છે.

ઉત્તર :- કેવળી ભગવાનની રીતમાં .. છે એ. સમકિતી પણ જે છે એ અહીં ન લેવા. અહીં જયસેનાચાર્યમાં કહ્યું છે. '**पुण्यमेव मुक्तिकारणं भणन्ति, ते छद्मस्थशब्देन गृह्यन्ते,**' સંસ્કૃતમાં છે આ બાજુ. '**पुण्यमेव मुक्तिकारणं भणन्ति,**' એટલે જેને, ઉંડે-ઉંડે શુભરાગનો વિકલ્પ એ પણ લાભનું કારણ છે એવી જેની દૃષ્ટિ છે તે મિથ્યાદૃષ્ટિ છે. જયસેનાચાર્યની ટીકામાં છે આ બાજુ ૪૬૯ પાને. આ બાજુ અંદર છે. એ ક્યાં છે? એ જ છેને? આ બાજુ. આ બાજુ. ત્યાં. '**निश्चयव्यवहारमोक्षमार्गं न जानन्ति, पुण्यमेव मुक्तिकारणं भणन्ति,**' એમ. એને છદ્મસ્થ લેવા. ભગવાન આત્મા રાગરહતિ, પુણ્યરહિત, પવિત્ર આનંદસ્વરૂપ છે એવું જેને ભાન છે નિશ્ચયથી અને વ્યવહારે વિકલ્પ પણ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો હોય, એવા જીવને અહીં ન લેવા.

અહીં તો છદ્મસ્થ એટલે જેને નથી આત્માનું જ્ઞાન, (નથી) આત્માનો અનુભવ, મિથ્યા શ્રદ્ધા, મિથ્યાજ્ઞાન છે એવા જીવોએ જે કાંઈ વસ્તુને સ્થાપી છે. કલ્પનાથી જે પદાર્થ વસ્તુ કહી છે, સર્વજ્ઞ પરમાત્માએ કહ્યા પદાર્થથી એને કલ્પનાએ મનયુક્ત.. એવો શબ્દ પણ છે. છે એમાં? એવો ક્યાંક શબ્દ હતો. મનોયુક્ત સમજ્યાને? પોતાના મનથી કલ્પેલું. આમાં

નથી? પણ એનો અર્થ એવો ક્યાંક છે. મનોયુક્ત નથી? એવો ક્યાંક છે મનોયુક્ત શબ્દ. ક્યાંક વાંચ્યું હોય. આ ગાથાની અંદર. હિન્દીમાં હશે. હિન્દીમાં? હેમરાજજી! અહીંયાં હશે. આહા..હા..! હિન્દી કેટલામી ગાથા છે આ? ૫૬. ૫૬. '**હવે કારણની વિપરીતતા અને ફળની વિપરીતતા દર્શાવે છે :—**' અજ્ઞાની જીવો પોતાની બુદ્ધિથી કલ્પિત દેવ-ગુરુ-ધર્માદિ પદાર્થોને... બધેથી પરખી લે છે. .. ક્યાંક હોં. હતો ક્યાંક શબ્દ ઓલામાં હશે. ..કલ્પિત છેને? ઓલામાં મનોયુક્ત હશે. આ એણે ભાઈ હેમરાજનું કર્યું છેને? આમાંથી. એની સાથે... મનોયુક્ત છે ક્યાંક એ. પ્રવચનસાર. આ ટુંકો શબ્દ કર્યોને એનો સવિકારી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી સમજ્યો સાચું તત્ત્વ, એમ. એ વાત છે. છદ્મસ્થ બુદ્ધિને જે આત્મિક .. દેવ-ગુરુ... ક્યાંક મનોયુક્ત શબ્દ પડ્યો છે. શીતલપ્રસાદે. એ .. વંચાઈ ગયું. પણ એનો અર્થ થયોને, મનથી. સર્વજ્ઞ પરમેશ્વરે એક સમયમાં પોતાની પૂર્ણ પર્યાય પ્રગટ થઈને, જોઈને જાણી છે. એણે જે ત્રણ કાળ, ત્રણ લોકમાં જે પદાર્થ જોયા, એને જે કહ્યું, એનાથી (વિરુદ્ધ) અજ્ઞાની પોતાની કલ્પનાથી પદાર્થની વ્યાખ્યા કરે, દેવ-ગુરુ-શાસ્ત્રની, દેવની, ગુરુની, ધર્મની, શાસ્ત્રની કે નવ તત્ત્વની. સર્વજ્ઞ સિવાય પોતાની કલ્પનાથી જે પદાર્થને કહ્યા છે જે શાસ્ત્રમાં એ છદ્મસ્થ વિહિત પદાર્થ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**(છદ્મસ્થે-અજ્ઞાનીએ કહેલા દેવગુરુધર્માદિને વિષે) વ્રત-નિયમ...**' સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો માર્ગ તો રાગરહિત શુદ્ધ આત્મા એનો અનુભવ અને પછી રાગ રહે તેને વ્યવહાર કહેવામાં આવે છે. એવું અજ્ઞાનીને હોતું નથી. સમજાણું કાંઈ? ચાહે તો એ દ્રવ્યલિંગી મહા સાધુ થાય, પણ એને ભાન અંદર વસ્તુનું નથી એટલે બધી વાતું જે કરે એ છદ્મસ્થ અજ્ઞાનીના કહેલા છે. સમજાણું કાંઈ? આ શાસ્ત્ર રચ્યા છેને જુઓને. વીતરાગને નામે રચ્યા છે કે નહિ? એ છદ્મસ્થવિહિત કહેવાય. સમજાણું? તેનું જે વ્રત પાળે... સર્વજ્ઞ પરમેશ્વરના અનુભવની જે દૃષ્ટિ છે એવી દૃષ્ટિ જેણે નથી અને એને સ્થાપેલા પદાર્થનું જેને ભાન નથી. એણે સ્થાપેલું તો આત્મા રાગરહિત શુદ્ધ ચૈતન્ય અરિહંત સર્વજ્ઞપદ છે, ગુરુ પણ અંદર વીતરાદશાને સાધી રહ્યા છે એ વીતરાદશા છે છઠ્ઠે ગુણસ્થાને. સમજાણું કાંઈ? એવી વાત સર્વજ્ઞે સ્થાપેલા પદાર્થ સિવાય બીજામાં હોતી નથી. સમજાણું કાંઈ?

જુઓ, છદ્મસ્થે સ્થાપ્યું કે વસ્ત્ર ન હોય તોપણ મુનિપણું હોય. એ છદ્મસ્થે સ્થાપેલી વાત છે. સર્વજ્ઞે કહેલી વાત નથી. સમજાણું કાંઈ? કારણ કે વસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞે જોયું એવું એણે જોયું નથી. મનકલ્પનાથી ઉઠાવીને વાત બધી કરી છે. સમજાણું કાંઈ? એવા અજ્ઞાનીઓએ કહેલા શાસ્ત્રો અને એના કહેલા પ્રમાણે વ્રત પાળે એને ધર્મ ન થાય, મુક્તિ ન થાય, પુણ્ય બાંધે. પોપટભાઈ! પુણ્યબંધન થાય, મનુષ્ય અને દેવ આદિ થાય, પણ પછી જગતમાં રખડે. કહો, જેઠાલાલભાઈ! સમજાણું કે નહિ? સર્વજ્ઞ પરમેશ્વરે જે દેવનું સ્વરૂપ

કહ્યું, ચારિત્રવંત ગુરુનું કહ્યું. સમ્યગ્દષ્ટિનું જે નિર્વિકલ્પ અનુભવવાળું કહ્યું, એવું વસ્તુનું સ્વરૂપ એણે સ્થાપ્યું, એના કહ્યા પ્રમાણે અનુભવસહિત જે વ્રતાદિ હોય તો એને પુણ્યબંધન જુદી જાતનું થાય. એ પુણ્યમાં એને તીર્થંકર પદ આદિ, દેવપદ આદિ અને .. આદિ...

આ પુણ્ય અધમપુણ્ય છે એમ કહે છેને જુઓને. ભગવાન પરમેશ્વર વીતરાગદેવે કહ્યા વિનાનો માર્ગ, જેને ઉંડે-ઉંડે બહારની ક્રિયાકાંડ અને રાગથી કાંઈક લાભ થાય એવું જેણે પ્રરૂપ્યું છે એણે વસ્તુને જોઈ નથી, વસ્તુને જાણી નથી, વસ્તુને જાણ્યા, જોયા વિના કલ્પનાથી વાત કરે છે. એ કલ્પનાથી કહેનારા પ્રમાણે કોઈ વ્રત પાળે, કોઈ નિયમ પાળે, નિયમ લે. સમજાણું કાંઈ? નિયમ સમજાય છે? ..હોય તો આમ ખાવું, નહિતર ન ખાવું એવા અભિગ્રહ ધારણ કરે. વ્રત ધારે, નિયમ કરે. આ પ્રમાણે હોય વ્હોરવા જાવું ભિક્ષા માટે. આવે છેને યમ-નિયમ. એને જાળવવું. .. ભાઈ આવું હોય ત્યાં વ્હોરવા જાવ, મોતી નામ હોય, મોતીનો સાડલો પહેર્યો હોય, મોતીચૂર લાડવો ખાતી હોય, મોતીનું તોરણ બાંધ્યું હોય એના સાડલામાં, તો આહાર લઉં, નહિતર લઉં નહિ. એ નિયમ કહેવાય. એ પણ વીતરાગની આજ્ઞા અને સર્વજ્ઞે કહેલા પદાર્થ સિવાય અજ્ઞાનીએ કહેલા પ્રમાણે આવા નિયમ કરે તોપણ એને ધર્મનો અંશ જરીએ છે નહિ. આહા..હા..! ભારે કામ!

જુઓને એક પ્રચવનસારમાં સમય-સમયનો વિવેક અને શુભરાગની દશામાં ફેર એટલું વર્ણન કર્યું છે. પક્ષપાત વિના વસ્તુની સ્થિતિ આવી છે એમ વર્ણવ્યું છે. '**અધ્યયન...**' કરે. અજ્ઞાનીના કહેલા શાસ્ત્રોને વાંચે. અધ્યયન કરે આખો દિ' રાત. સમજાણું? તોપણ એને અધ્યયનમાં જરીએ ધર્મ નથી. એનું ફળ મુક્તિ નહિ. એનું પુણ્ય બાંધે, આ ધૂળના શેઠિયા થાય. મલુકચંદભાઈ! એ ધૂળ કહેવાયને. ઝવેરાતના શેઠિયા એટલે શું છે ત્યાં? ધૂળ .. કોઈ પાંચ, પચાસ લાખ, બે, પાંચ, દશ કરોડ મળે. એમાં ધૂળમાં આત્માને શું? મરીને રખડવાના એ, એમ કહે છે.

મુમુક્ષુ :- આમ તો રાજા થાય.

ઉત્તર :- રાજા થાય તો મોટો રાજા થાય. રાજા થાય. શું છે પણ હવે? આ શું હવે કરે છે? પાંચ-પચાસ લાખ મળ્યાને. રાજા પણ થઈ શકીએ... પણ એ માંડે છે શું તું? અરર..! રાજા તો પૂર્વનું પુણ્ય હોય તો થાય એમાં આત્માને શું? સમજાય છે? મરીને રાજા. નથી કહેતા? શું કહેવાય એ? રાજેશ્વરી, નરકેશ્વરી, તપેશ્વરી. હા બહુ તપ કરે અજ્ઞાનભાવે ભાન વિના, તો રાજા થાય. અને રાજા મરીને નરકમાં જાય. વળી કોઈ એવા અર્થ કરે. નરકેસરી. નરનો કેસરી એ તો એમ પણ કરે. નરકેશ્વરી. નરકનો ઈશ્વર થાય. નરકેશ્વર થાય. નરકમાં જાય.

મુમુક્ષુ :- સ્વિત્ઝર્લેન્ડ જઈ ન શકે?

ઉત્તર :- સ્વિત્ઝર્લેન્ડ પણ ન જઈ શકે. એય..! ક્યાં ગયા? સ્વિત્ઝર્લેન્ડમાં શું હતું ધૂળ ત્યાં? હેરાન-હેરાન છે ત્યાં. આહા..હા..!

'**અધ્યયન...**' અહીં તો કહે છે કે ભગવાન પરમાત્મા ત્રિલોકનાથે જે નવ તત્ત્વ કહ્યા, કે છ દ્રવ્ય કહ્યા જે દેવ-ગુરુ-શાસ્ત્રે કહ્યાં એ સત્ય છે. એનું ભાનવાળો જે હોય સમ્યગ્દૃષ્ટિ અને એને જે શુભભાવ થાય તે જુદી જાતનો હોય. અને અજ્ઞાનીને અજ્ઞાનીના કહેલા પ્રમાણે શાસ્ત્રનું અધ્યયન આખો દિ'. વાંચન... વાંચન... વાંચન... વાંચન... અજ્ઞાનીના કહેલા શાસ્ત્ર. છતાં એને શુભરાગ થાય, કેવું પુણ્ય બંધાય? અધમપુણ્ય બંધાય. છેને નીચે. સમજાણું કાંઈ? '**અધ્યયન-ધ્યાન...**' હવે ધ્યાન લગાવે અંદરથી. એવું ધ્યાન લગાવે. ૐ ધ્યાન. બ્રાહ્મણ લોકો ધ્યાન બરાબર લગાવે. નહોતો એક ઓલો રાજકોટમાં ૯૫ની સાલમાં કાનજીભાઈ નહોતા? કાનજીભાઈ સ્વામીનારાયણ. કાનજીભાઈ કરીને ચોમાસું હતું ૯૫માં. આમ બેસે તો ધ્યાન લગાવે એમ. અજ્ઞાનીનું ધ્યાન છે એ. હજી આત્મા વસ્તુ અખંડાનંદ ચૈતન્યમૂર્તિ સર્વજ્ઞ થઈ શકે એવી શક્તિવાળો, એવી અંદર પ્રતિત અનુભવમાં ભાન નથી એનું ધ્યાન સાચું હોઈ શકે નહિ. તરંગ ન હોય તરંગ. શ્રીમદ્‌માં લખે છેને જુઓને. ... હા એ. 'સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે.' એ. જુઓ એ 'સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ...' કલ્પના એને લાગે કે હું ધ્યાન કરું. બાકી કલ્પના છે, વસ્તુના સ્વરૂપનું ભાન નથી. માની લે કે હું ધ્યાન કરું છું.

અજ્ઞાનીના તત્વો જે વાસ્તવિક નથી. સર્વજ્ઞ અને દેવ-ગુરુ ગુરુએ કહેલા, જ્ઞાનીએ કહેલા તત્ત્વો એનું જેને ભાન નથી. એ જીવો અજ્ઞાનીના કહેલા તત્ત્વો પ્રમાણે ધ્યાન કરે તરંગરૂપ થાય. શુભભાવ થાય, પુણ્ય બાંધે. સમજાણું કાંઈ? એવા ઘણા હોય છે કેટલાક અંદર. સમજ્યા? સાક્ષાત્કાર થઈ ગયો લ્યો! એક કહેતા હતા હમણા. ટંકારાને ક્યાં? મેઘવડીયા. મેઘવડીયા નથી મોરબી પાસે? ટંકારાની સામે મેઘવડીયા છેને? એક ગરાસિયો હતો. તો અમારે .. હતો અને ઉતર્યા હતા ત્યાં. ૯૧ની વાત છે. પછી બોલે. કાળુભાઈને સાક્ષાત્કાર થયો છે આત્માનો. આત્માનો અનુભવ થયો છે. સેવા-બેવા બહુ કરે. બાવા ઘણા હોય, .. આપે, ... આત્માનો સાક્ષાત્કાર થયો છે. હજી ભાન ન મળે આત્માનો સાક્ષાત્કાર કોને કહેવો? બપોરે વ્યાખ્યાનમાં કહ્યું. બેઠા બધા, સાંભળવા બેઠા હતા. કીધું આ આત્માના ભાન વિના કાંઈ... સાંભળે ખરા માળા સરળ હોય ને. પણ વસ્તુની કાંઈ ખબર નહિ. એમ જૈનમાં પણ એવા હોય છેને કેટલાક ભાન ન મળે અને ધ્યાન કરવા બેસે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો સર્વજ્ઞ સ્વભાવી આત્મા, રાગ વિનાનો એવો અંતર દૃષ્ટિનું ધ્યાન અને અનુભવ નથી એને તો બીજી જાતનું ધ્યાન હોય છે અને માની બેસે કે અમે ધ્યાન કરીએ છીએ. આહા..હા..!

આવી ગયું છેને ઓલું નહિ? ભેંસનું ધ્યાન નહોતું કીધું? ભેંસનું ધ્યાન કરે. ભેંસના શિંગડા મોટા લાગે. ... માને છે. થાય છે ક્યાં? એમ પરમાત્મા સર્વજ્ઞદેવ એણે કહેલો આત્મા, એણે કહેલા ચારિત્રવંત સંતો, એણે કહેલો શાસ્ત્ર અને ધર્મ—એમાં જેની દૃષ્ટિ અનુભવસહિત

પહોંચી અને એને જે શુભભાવ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે થાય, એનું પુણ્ય અધમ પુણ્ય નથી, પણ ઉંચું સાતિશય પુણ્ય છે. એ સ્વર્ગમાં પણ વિમાનિક દેવમાં .. થાય. ત્યાંથી નીકળે કોઈ તીર્થંકર, કોઈ ચક્રવર્તી, કોઈ બળદેવ વગેરે. સમજાય છે કાંઈ? એવા પુણ્ય. પણ એ પુણ્યનો આદર નથી. સ્વભાવનો આદર છે. સર્વજ્ઞે કહેલા માર્ગમાં પડ્યો હોય એને સ્વભાવનો આદર હોય, એને રાગનો આદર હોય નહિ. કારણ કે સર્વજ્ઞ થયા એ અલ્પજ્ઞાન અને રાગને છોડીને થયા. તો એના ઉપદેશમાં પણ એ આવે (કે) અલ્પજ્ઞાન છોડ અને રાગ છોડ. સર્વજ્ઞ થા અને વીતરાગ થા. એવો ઉપદેશ સર્વજ્ઞ પરમાત્મા સિવાય બીજે હોઈ શકે નહિ. તો એના સિવાયના અજ્ઞાનીઓએ પોતાની મતિકલ્પનાથી શાસ્ત્રો રચ્યા હોય અને એના પ્રમાણે કોઈ ધ્યાન કરે, અધમ પુણ્ય બાંધે. સમજાણું કાંઈ? ૐ... ૐ... ૐ... ૐ... ૐ કર્યા કરે, અંદર.

'**ધ્યાન-દાન...**' લ્યો! દાન-દાન. અજ્ઞાનીના કહેલા પદાર્થો, એના ગુરુને આદિને દાન આપે અધમ પુણ્ય બાંધે. સમજાણું કાંઈ? એવા '**દાનમાં રત હોય તે જીવ મોક્ષને પામતો નથી,...**' એટલે તે ધર્મ અને સંવર, નિર્જરા એટલે મુક્તિની દશા થતી નથી. અધૂરી પણ થતી નથી અને પૂરી પણ થતી નથી, એમ લેવું. '**શાતાત્મક ભાવને પામે છે.**' શાતા કર્મ બાંધે. એને લઈને કોઈ દેવ થાય, કોઈ રાજા થાય. એ મરીને પાછા નીચે જાય. કહો, મલુકચંદભાઈ! બે, પાંચ, દશ કરોડ રૂપિયા થાય, પચ્ચીસ કરોડ રૂપિયા થાય. ઓહો..હો..! એટલી તો અત્યારે ગણતરી જ ક્યાં રહી? ઓલો તો અબજપતિ થયો છે લ્યો! અબજોપતિ વાણિયો ગોવામાં. અબજોપતિ. એક અબજ, બે અબજ કેટલા પૈસા? પાપાનુબંધી પુણ્યનું ફળ છે, અધમ પુણ્ય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એક કલાકમાં કેટલી? બે, અઢી લાખની પેદાશ. કોક છાપામાં આવ્યું હતું. છાપામાં આવ્યું હતું. હા, એને ઓલું પાકે છેને? કૂવા તેલ પાકે છે. રાજ નાનું, પેદાશ અબજોની. બહુ પેદાશ. એક કલાકના કેટલા લીધા હતા? અઢી લાખ. ચોવીસ કલાકના કેટલા રૂપિયા! એટલી બાર મહિનાની પેદાશ. એ પણ ઉઠાડી મૂક્યો. એના કુટુંબીઓએ ઉઠાડી મૂક્યો. પુણ્ય એટલું... અધમ પુણ્ય છે. આત્માના જ્ઞાનના ભાન વિના સ્વરૂપનો અનાદર કરી વાસ્તવિક તત્ત્વના ભાન વિના એવા કોઈ પૂર્વે શુભરાગ થયો હોય, એનું ફળ આ પાછું પડીને નીચે નરક અને નિગોદમાં જાશે. લ્યો! આ એમના ભાઈ બેઠા એને ખબર નથી? આ ..ભાઈ! તમારા ભાઈની .. ઓલા પૈસા અબજો રૂપિયા. બે અબજ અને ચાલીસ કરોડ એમ વળી કોઈ કહે. ધૂળ આંકડા ગણવા છેને? છે. છે એટલે પણ આંકડા ગણવા છેને. ત્યાં બહારમાં ક્યાં? આત્માને શું કામના છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લ્યો! અહીં તો એમ કહે છે કે આત્માનું જેને ભાન નથી, સમ્યગ્દર્શન નથી. એવા અજ્ઞાનીઓએ કહેલા શાસ્ત્રો એના પ્રમાણે કોઈ ધ્યાનાદિ કરે તો શુભભાવ છે.

મુમુક્ષુ :- હલકું પુણ્ય બાંધે.

ઉત્તર :- હલકું. આ નીચે શું છે? વાંચો. '**પુણ્યાપસદની પ્રાપ્તિ...**' એ '**અધમ પુણ્ય; હત પુણ્ય.**' નીચે છે? હત-હત પુણ્ય. હત-હત નથી કૂતરાને કરતા? એમ એનું પુણ્ય હત છે-હલકું છે. કહો, સમજાણું કાંઈ? શું છે આ છે તમારા છોકરાને ઓલા રૂપિયા થયા છે?

મુમુક્ષુ :- બધાય છોકરાને છે.

ઉત્તર :- હવે થયા ઓલા શાંતિને થયા છે વધારે. એમાં કાંઈ ધૂળેય નથી. પણ પૂર્વનું કોઈ પણ પાપાનુબંધી હશે એ આવ્યું. ધર્મનું ક્યાં ભાન હતું ત્યાં? કહો, પોપટભાઈ! આહા..હા..! લ્યો આ પોપટભાઈને પૈસા ઘણા છે લ્યો! કેટલા? ઘણા લાખો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમાં શું છે પણ? લાખ આવે એક દિ'માં. ઓલાને બે લાખ આવે. કેટલા આવે છે? દોઢ લાખ તો એક દિવસના આવે છે લ્યો! .. લોઢાના. એક દિ'ના દોઢ લાખ. રાજાને ક્યાં હતું ભાન પણ બિચારાને? રાજા તો બધા.. એ તો પૂર્વના કોઈ પાપાનુબંધી ધર્મના ભાન વિના કોઈ શુભરાગ થઈ ગયો હોય. એકેન્દ્રિયમાં શુભરાગ હોય, ત્યાંથી મરીને રાજા થાય લ્યો! આહા..હા..! એકેન્દ્રિયમાંથી ચક્રવર્તીને ઘરે રાજપુત્ર થાય. એકેન્દ્રિયમાંથી. શુભભાવ છેને ત્યાં પણ? પણ એ અધમ પુણ્ય છે. આહા..હા..!

આત્માના આનંદસ્વરૂપની ભૂમિકામાં અધુરાશને લઈને જે કાંઈ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, દાન આદિ, અધ્યયન આદિ હોય અને એમાં શુભભાવ હોય, એ શુભનું ફળ એનો આદર ન કરે. છતાં જ્ઞાનીની વાત છે આ. આદર ન કરે અને ઉંચું ફળ એને હોય. અજ્ઞાનીને આવું પુણ્ય હોય લ્યો! તે મોક્ષને પામતો નથી. શાતા, ધૂળની શાતા અને અજ્ઞાનીના શુભભાવમાં તો મોહકર્મ પણ નવું બંધાય છે. જ્ઞાનાવરણીય બંધાય, દર્શનાવરણીય બંધાય, અંતરાય બંધાય, મોહનીય બંધાય. અને અઘાતિનું થોડું કાંઈક પુણ્ય બંધાય. હવે એ તો ભેખ બદલાય, પણ અંદર ભગવાન તો બદલ્યો નથી. આહા..હા..!

ટીકા છે. પાઠમાં છે એનાથી બીજી વાત કરેને પહેલી? પાઠમાં છદ્મસ્થની વાત છે એટલે આચાર્ય મહારાજ એનાથી વિશેષ વાત જુદી કરે છે. '**સર્વજ્ઞસ્થાપિત...**' સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા દેવ, એણે કહેલા ગુરુ, એણે કહેલા શાસ્ત્ર, એણે કહેલો ધર્મ, એણે કહેલા છ દ્રવ્ય. એવા '**વસ્તુઓમાં જોડેલા...**' એટલે એવું વસ્તુનું સ્વરૂપ છે એવું એને ભાન છે. કોને? જ્ઞાનીને અંતર્મુખમાં થઈને ભાન છે, કારણ કે અંતર્મુખનું જ ભગવાને કીધું છે. આત્માને જાણવા, અંતર્મુખ થવું, દેવને જાણવા, ગુરુને જાણવા, પણ ખરેખરે અંતર્મુખ થવું એવું ભગવાનની આજ્ઞા છે. એવા સર્વજ્ઞે સ્થાપેલી વસ્તુમાં જોડેલો, અંતર્મુખ જોડેલો જીવ એને

જે શુભોપયોગ હોય છે. સમજાણું કાંઈ?

ખરેખર તો સર્વજ્ઞ પર્યાય છે એવો સ્વભાવ જીવનો જ છે. સમજાણું? આત્મા સર્વજ્ઞ (એટલે) જાણવું-જાણવું, પૂર્ણ જાણવું એવો એનો સ્વભાવ છે. એવો સર્વજ્ઞે સ્થાપ્યો એવો એણે જાણ્યો. એવો જાણ્યો. એવો જાણ્યો એણે '**વસ્તુઓમાં જોડેલા શુભોપયોગનું...**' એને જે શુભોપયોગ હોય છે એમ. એકલા અજ્ઞાનીની વાત નથી. એ '**શુભોપયોગનું ફળ પુણ્યસંચયપૂર્વક...**' એ જ્ઞાનીને સર્વજ્ઞસ્વભાવી આત્મા, લ્યો આ સર્વજ્ઞ પરમેશ્વર છે, એણે કહ્યું એવો જ સર્વજ્ઞસ્વભાવી આત્માનો દૃષ્ટિ અનુભવ થયો છે. એવા સર્વજ્ઞસ્વભાવી જીવને આત્મભાનવાળાને જે શુભરાગ થાય એનું ફળ '**પુણ્યસંચયપૂર્વક...**' એનું પુણ્ય સંચય થશે. '**મોક્ષની પ્રાપ્તિ છે.**' પછી આગળ વધીને રાગનો પણ અભાવ કરીને વીતરાગ થશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનો અર્થ એ પરંપરા. એય..! '**પુણ્યસંચયપૂર્વક મોક્ષની પ્રાપ્તિ છે.**' કારણ કે સર્વજ્ઞે સ્થાપેલી ચીજનું ભાન છેને? એમ કહેવું છે. સ્થાપેલી એટલે એમ નહિ આમ. ભગવાને કહેલો આત્મા, ભગવાને કહેલા દેવ, ભગવાને કહેલા ચારિત્રવંત સંત, ભગવાને કહેલો અનેકાંત તત્ત્વનો સ્વભાવ-એવું જેને અંતરમાં ભાન છે એનો શુદ્ધોપયોગ કેવો? એની વાત છે આ. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ નહિ. કીધુંને. શુભોપયોગ છે. પછી ટાળીને વીતરાગતા થશે. એથી એને પુણ્યસંચયપૂર્વક મોક્ષ કહ્યો. પણ પુણ્ય સંચય થયો છે એનાથી મોક્ષ થાય છે એમ ક્યાં છે એમાં? સમજાણું કાંઈ? આ તો ઓલાને એકલો પુણ્ય થાય છે. આને અંતર દૃષ્ટિના ભાનપૂર્વક અનુભવપૂર્વક પુણ્ય છે માટે એ પુણ્ય સંચય ક્રમે-ક્રમે અભાવ થઈને મોક્ષ કરશે, એમ કહે છે. પણ અત્યારે પુણ્યનો આદર નથી. ધર્મીને તો વિકલ્પ ઉઠે છે શુભ એનો આદર નથી. રુચિમાં આદર નથી. એટલે અત્યારે જ જ્યાં આદર નથી એને જે પુણ્ય બંધાય, એ પુણ્યના ફળમાં આગળ પણ એનો આદર કર્યા વિના સ્વભાવમાં ઠરીને કેવળજ્ઞાન પામીને મુક્તિ પામશે. કહો, સમજાણું કાંઈ? ઝીણું બહુ પડે. ઓલા અભ્યાસ ન હોયને. એય..! જયંતિભાઈ! સમજાય છે કે નહિ આ? લ્યો આ તો હવે ગુજરાતી ચાલે છે હમણા તો. ઝીણું બહુ પડે છે. કારણ કે અભ્યાસ જ ન મળે. આ આત્મા અંદર શું ચીજ છે? સર્વજ્ઞ શું છે? સમજાણું? બાહ્ય ક્રિયાકાંડના બાહ્ય લિંગો તો અનંતવાર ધારણ કર્યા. એમાં છે શું? એ કહે છે એ મિથ્યાદૃષ્ટિ એમ શુભભાવ પણ અધમપુણ્ય, હલકું પુણ્ય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સર્વજ્ઞે સ્થાપેલું, સર્વજ્ઞે કહેલું દેવ, ગુરુનું સ્વરૂપ અને ધર્મનું સ્વરૂપ એવું જેને અંતર ભાન છે, સમ્યગ્દર્શન-જ્ઞાન છે, એવા જીવોને એવા પદાર્થ પ્રત્યેના વલણવાળો જે શુભરાગ છે

એનું ફળ એને પુણ્યસંચયપૂર્વક મુક્તિ થવાની છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ, ઓલા છદ્મસ્થાપિત. ... સર્વજ્ઞસ્થાપિત એમ. અજ્ઞાનીઓએ કહેલા... જેને સર્વજ્ઞપણાનું ભાન નથી. અને સર્વજ્ઞ જે આત્માનો સ્વભાવ કહે છે એની જેને ખબર નથી. એ વિનાના અજ્ઞાનીઓએ કહેલા શાસ્ત્રો પ્રમાણે, કહે છે, જે કાંઈ કરે. નીચે ભાઈ! નામ આવશે. પણ આ તો જ્ઞાનીએ કહેલા, અરે..! ગુરુની આજ્ઞાથી એને મળ્યું આ ભાન અંદર. આજ્ઞા કરી કે આત્મા નિર્વિકલ્પ આનંદ છે. જુઓ, કુંદકુંદાચાર્યે ન કહ્યું? અમારા ઉપર અનુગ્રહ કરીને અમારા ગુરુએ અમને ઉપદેશ આપ્યો. શુદ્ધાત્મનો ઉપદેશ આપ્યો. એમ છેને પાંચમી ગાથામાં? એ છદ્મસ્થવિહિત નથી એ તો જ્ઞાનીવિહિત છે. સર્વજ્ઞનું કહેલું એ તત્ત્વ છે એ ગુરુ પોતે પોતાથી કહે છે. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, અને ભાવ પોતાનો છે. પોતે સર્વજ્ઞભાવી છે એનો ભાવ એ છે. સમજાણું કંઈ? ગુરુએ અનુગ્રહ કરીને અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. એમ કહ્યું છે લ્યો! બીજું નહોતું કાંઈ કહ્યું? એ શુદ્ધાત્માનો જ અમને ઉપદેશ આપ્યો એ જ મુખ્ય કહ્યું હતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગુણસ્થાન તો વ્યવહાર છે, ભેદ છે. આહા..હા..!

શુદ્ધાત્મ ભગવાન પરમાનંદની મૂર્તિ એ રાગરહિત ભિન્ન પ્રભુ છે એવો અમને ઉપદેશ આપ્યો. એ ઉપદેશ સર્વજ્ઞનો કહેલો, અને પોતે આત્મા સર્વજ્ઞ સ્વભાવીના ભાનવાળાએ કહેલો. સમજાણું કાંઈ? જાદવજીભાઈ! આવું-આવું સ્વરૂપ છે. પૈસામાં તો લેણ-દેણ કરેને આ બાર આના રૂપિયો, દોઢ રૂપિયો વ્યાજ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય નથી. રૂપિયા નથી તો ગરીબ નથી રહેતા અહીંયાં? બધાય ક્યાં પૈસાવાળા છે? પરને કારણે નિવૃત્તિ લઈ શકે છે એવું છે કાંઈ? પોતે નિવૃત્તસ્વરૂપ છે એની નિવૃત્તિ જ છે ત્રિકાળ. આહા..હા..! રાગ સાથે જોડાયેલ નથી એવો ભગવાન આત્મા એમ સર્વજ્ઞે કહેલો છે અને એ કહેલો એવું જાણ્યું છે, એણે કહેલા તત્ત્વો ઉપર જેની દૃષ્ટિ છે, એને જે શુભયોગ થાય છે એ પુણ્યસંચયપૂર્વક મોક્ષની પ્રાપ્તિ છે. એને વર્તમાનમાં હજી અધૂરો... શુભરાગ છે તો પુણ્ય બંધાણું. પણ અંદર ભાન છે, શુભનો નિષેધ છે. સમજાણું કાંઈ? અહીં તો એમ જ કહે છે કે પુણ્યને મુક્તિનું કારણ માનનારા બધા અજ્ઞાનીઓ છે. એ જ્ઞાની જે અંદર ઉભા હોય, એ રાગ અને પુણ્યને ધર્મ ધર્મ ન માને, એના કેટલા તત્ત્વોની વિરુદ્ધ જ હોય એમ કહે છે અહીંયાં તો. સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓ, જયસેનાચાર્યમાં એ નાખ્યું છે. '**पुण्यमेव मुक्तिकारणं भणन्ति, ते छद्मस्थशब्देन गृह्यन्ते,**' ચાહે તો જૈનસંપ્રદાયમાં હો, પણ જેની રાગ અને વિકલ્પ વ્યવહાર ઉપર પ્રતીતિ

પડી છે અને આત્મા દૃષ્ટિ રાગસહિતનું ભાન નથી, એ બધા છદ્મસ્થ અજ્ઞાનીઓ એના કહેલા તત્ત્વ પ્રમાણે એવા જેને ગુરુ મળ્યા હોય અને એણે જે કાંઈ કહ્યું એ પ્રમાણે કરે તો એના ફળમાં અધમ પુણ્યને બાંધે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સર્વજ્ઞસ્થાપિત વસ્તુઓમાં જોડેલા શુભોપયોગનું ફળ...'** એ પોતે સર્વજ્ઞ છે એવા સ્વભાવનું ભાન થયું છે. એવા જીવે સર્વજ્ઞ સ્થાપેલ વસ્તુમાં જે શુભોપયોગ થાય એનું **'ફળ પુણ્યસંચયપૂર્વક મોક્ષની પ્રાપ્તિ છે. તે ફળ, કારણની વિપરીતતા થવાથી વિપરીત જ થાય છે.'** લ્યો! **'તે ફળ, કારણની વિપરીતતા થવાથી વિપરીત જ થાય છે. ત્યાં, છદ્મસ્થ-સ્થાપિત વસ્તુઓ તે કારણવિપરીતતા છે;...'** એમ કહે છે. ત્યારે એણે નક્કી કરવું પડશેને કે અજ્ઞાનીઓએ કહેલા શાસ્ત્રો શું અને જ્ઞાનીએ કહેલા શાસ્ત્રો શું? સમજાણું કાંઈ? **'છદ્મસ્થ-સ્થાપિત વસ્તુઓ તે કારણવિપરીતતા છે; તેમાં વ્રત...'** એ વ્રત કોઈ પાળે તો અધમ પુણ્ય બાંધશે. આહા..હા..! કહો, મલુપચંદભાઈ! તમારે છેને ઓલો બાવો? તમારો એક નથી કોક સગો બાવાને માનનારો? નામ શું કરવા લેવું? નામ લેશો નહિ. કહો, સમજાણું કાંઈ? પચાસ હજાર ખર્ચ્યા હતા એક ફેરી પચાસ હજાર બાવાના નામે. લાખો ખરચે તો શું છે? હવે કરોડો ખરચે.

મુમુક્ષુ :- ભગવાનને .. એટલે પૈસા થયા. નહિતર હતા ક્યાં?

ઉત્તર :- ધૂળમાંય પૈસા થયા નથી, પૈસા તો પુણ્યને લઈને થયા છે. સમજાણું કાંઈ? એ તો પૂર્વના પુણ્ય હોય એને એવું થાય. બહારથી દેખાય. થાય શું? દેખાય કાંઈક છે. એમાં તારે શું છે પણ? એવા અજ્ઞાનીને કહેલા... જેને આત્મદર્શનનું ભાન નથી, સર્વજ્ઞ કહેલા તત્ત્વોની જેને અંતર દશાનું ભાન નથી, એમ કહે છે અહીંયાં. એવા અજ્ઞાનીઓએ કહેલા નિયમો, વ્રતો એ અજ્ઞાનીઓ પાળે તો એનું ફળ અધમ પુણ્ય છે.

મુમુક્ષુ : મોક્ષશૂન્ય.

ઉત્તર :- મોક્ષશૂન્ય. એનો નિયમ પાળે, અભિગ્રહ આકાર ધારણ કરે લ્યો! અધ્યયન કરે, તેના કહેલા શાસ્ત્રોને મોઢે કરે, વાંચે, વાંચન કરે, ધ્યાન કરે, એના કહેલા પ્રમાણે ધ્યાન કરે. **'દાનરતપણે જોડેલા...'** લ્યો! દાનમાં રત. .. દુકાનના ધંધાના પાપ કરતો હોય એના કરતા એ આવા ભાવમાં આવે છે, એટલે એટલું એને પુણ્ય બંધાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? દુકાનના ધંધાના હિંસા, જૂઠું આદિના પાપ છે એમાંથી નિવૃત્તિ અને એના અજ્ઞાની ગુરુ હોય અને અજ્ઞાનીએ કહેલા વ્રતમાં એનો ભાવ જોડાણો હોય, અજ્ઞાની ગુરુ હોય એની સેવા આદિ કરતો હોય, તોપણ એને શુભભાવ થાય છે. અહીં તો જેવું સ્વરૂપ છે એવું વર્ણવ્યું છે. એને એમ નથી કીધું કે શુભભાવ ન થાય. સમજાણું કાંઈ?

મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની ધંધાના કામમાં જોડાયેલો હોય તે છોડીને એના માનેલા ગુરુના સેવા, ચાકરી અને વિનય કરે તો એ વખતે એને કષાયની મંદતાથી પુણ્ય બાંધે. એમ વસ્તુનું સ્વરૂપ

છે એવું અહીંયાં કહ્યું છે. એમ નથી કહ્યું કે એને પુણ્ય ન બંધાય, પણ એ અધમપુણ્ય મિથ્યાદૃષ્ટિના સ્થાનમાં બંધાય. સવારમાં કહ્યું હતું. સમજાણું કાંઈ? એક બાજુ એવું આવે છેને, દુકાનનો ધંધો છોડે છે અને પછી બાવા, જોગી, સાધુની સેવા કરે, પગચંપી, દાન, એના માટે પૈસા ઉઘરાવે અને બધું કરે. એમાં રાગની મંદતા હોય છે એટલે અધમ પુણ્ય બાંધે. કહો, સમજાણું કે નહિ આમાં? મોહનભાઈ! છે અમારે છે. આહા..હા..! આમ સર્વજ્ઞ પરમેશ્વર એક સમયનું જ્ઞાન પૂર્ણ, એવો જ ભગવાન આત્મા છે. એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે એવો આત્મા. એવા આત્માની દૃષ્ટિ થાય એટલે એને રાગની એકતા તૂટ્યા વિના રહે નહિ અને એવા સમ્યગ્દૃષ્ટિના કહેલા કે મુનિના કહેલા આવા .. આવા . અને એવા કેવળીના કહેલા બધા એક જ જ્ઞાનીના કથનો છે બધા એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેમાં વ્રત-નિયમ-અધ્યયન-ધ્યાન-દાનરતપણે જોડેલા શુભોપયોગનું ફળ જે મોક્ષશૂન્ય...**' એને મોક્ષશૂન્ય સંસારમાં રખડવાના ભાવ સિવાય બીજી દશા થશે નહિ, એમ કહે છે. આહા..હા..! '**કેવળ પુણ્યાપસદની પ્રાપ્તિ...**' કેવળ ભાષા વાપરી જોયું! મોક્ષશૂન્ય. એકલા પુણ્ય. ઓલાને મોક્ષ કહેવું છેને? '**પુણ્યસંચયપૂર્વક મોક્ષની પ્રાપ્તિ...**' કહી છેને એને- સમ્યગ્દૃષ્ટિને. સર્વજ્ઞ સ્થાપિત પદાર્થનું ભાન છે એને. આહા..હા..! '**કેવળ પુણ્યાપસદની પ્રાપ્તિ તે ફલવિપરીતતા છે; તે ફળ સુદેવમનુષ્યપણું છે.**' દેવ-બેવ થાશે. કુદેવ અહીંયાં. કુદેવ બીજાને... દેવ થાય મોટો વ્યંતર.. વૈમાનિક દેવ થાય, રાજા થાય, અબજોપતિ-અબજો રૂપિયાની પેદાશ એવો રાજા થાય, પણ એ પુણ્ય અધમ પુણ્ય છે. ... ભોગવીને ચાલ્યો ચોર્યાસીના અવતારમાં .. ચાલ્યો જશે. કહો, સમજાણું કાંઈ? '**તે ફળ સુદેવમનુષ્યપણું છે.**' લ્યો! નારકી અને ઢોરમાં ન જાય એમ કહે છે. સમજાણું? તે વખતે તેના ફળ તરીકે હોં એમ. પછી તો ચારેય ગતિમાં રખડવાનો. આહા..હા..! લ્યો! ૨૫૬ થઈ.

'**હવે (આ ગાથામાં પણ) કારણવિપરીતતા અને ફળવિપરીતતા જ સમજાવે છે :—**'

अविदिदपरमत्थेसु य विसयकसायाधिगेसु परिसेसु।
जुट्ठं कदं व दत्तं फलदि कुदेवेसु मणुवेसु।।२५७।।

લ્યો! હલકું છેને આ?

**પરમાર્થથી અનભિજ્ઞ, વિષયકષાયઅધિક જનો પરે**
**ઉપકાર-સેવા-દાન સર્વ કુદેવમનુજપણે ફળે. ૨૫૭.**

કેટલું મધ્યસ્થથી વીતરાગભાવે જે છે એ પક્ષપાત વિનાની વાત વર્ણવે છે.

એની '**ટીકા :- જે છદ્મસ્થસ્થાપિત વસ્તુઓ...**' એટલે અજ્ઞાનીએ કહેલા પદાર્થો '**તે કારણવિપરીતતા છે; તે (વિપરીત કારણો) ખરેખર...**' હવે અહીં ખુલાસો કરે છે

જુઓ, '(૧) **શુદ્ધાત્માના જ્ઞાનથી શૂન્યપણાને લીધે 'પરમાર્થના અજાણ'...'** આ આવ્યું પાછું જુઓ ખુલાસો. છદ્મસ્થનું કહ્યું. '**શુદ્ધાત્માના જ્ઞાનથી શૂન્યપણાને લીધે...**' ભગવાન આત્મા પરમ પવિત્ર આનંદમૂર્તિ એનું જેને રાગરહિત જ્ઞાન નથી, એવા શૂન્યપણાને લીધે પરમાર્થના અજાણ છે. એ પરમપદાર્થ સ્વરૂપ ભગવાન આત્મા શું છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? એ છદ્મસ્થાપિત વ્યાખ્યા જે સાધારણ કરી હતી એનો અહીં ખુલાસો કરી નાખ્યો. શુદ્ધાત્મા પવિત્ર ભગવાન જ્ઞાનાનંદ, નિર્મળાનંદ એનો જેને અનુભવ નથી, એના અનુભવથી શૂન્ય છે, એ પરમાર્થના અજાણ છે. પરમ પદાર્થ ભગવાન આત્મા એનાથી તે અજાણ છે.

'**અને (૨) શુદ્ધાત્મ પરિણતિને નહિ પ્રાપ્ત કરી હોવાને લીધે...**' એમ. આ બાજુનો શુદ્ધાત્મા આનંદસ્વરૂપની પ્રાપ્તિ નહિ કરવાને કારણે '**વિષયકષાયે અધિક છે...**' બહારના વિષય અને કષાયમાં અધિક છે. આનીકોરથી નથી તો આનીકોર અધિક છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**શુદ્ધાત્મ પરિણતિને નહિ પ્રાપ્ત કરી હોવાને લીધે વિષયકષાયે...**' અભિલાષ રાગની અને કષાયભાવ જેને અધિક વર્તે છે. સ્વભાવ અધિક વર્તવો જોઈએ એને ઠેકાણે આ અધિક વર્તે છે. '**એવા પુરુષો છે. તેમના પ્રત્યે શુભોપયોગાત્મક જીવોને—**' એવા જીવોની કોઈ '**સેવા,...**' કરે. '**શુભોપયોગાત્મક જીવોને--સેવા, ઉપકાર કે દાન કરનારા જીવોને—**' એમ. એવા જે સાધુ હોય, બાવા હોય, યોગી હોય. સમજાણું? જેને શુદ્ધાત્માનું ભાન નથી અને કષાય અને વિષય લક્ષમાં વધારે વર્તે છે. અહીં વિષય નથી એટલે અહીં વિષયમાં વર્તે છે એમ કહે છે. અકષાયભાવમાં વર્તતો નથી એટલે કષાયમાં વર્તે છે એમ. આહા..હા..!

'**શુદ્ધાત્મ પરિણતિને નહિ પ્રાપ્ત કરી હોવાને લીધે...**' એને કારણે વિષયકષાય અધિક એમ. '**એવા પુરુષો છે. તેમના પ્રત્યે શુભોપયોગાત્મક જીવોને—સેવા, ઉપકાર કે દાન કરનારા જીવોને—**' એમ. એવાની સેવા કરે, ઉપકાર કરે, દાન, વસ્ત્ર આદિ આપે, પગચંપી કરે, રોગ મટાડવાનું ઓલું કરે. '**જે કેવળ પુણ્યાપસદની પ્રાપ્તિ...**' તે કેવળ અધમ પુણ્યની પ્રાપ્તિ '**તે ફળવિપરીતતા છે; તે (ફળ) કુદેવ-મનુષ્યપણું છે.**' હવે અહીં એટલું ફેરવ્યું.

મુમુક્ષુ :- ...વધારે.

ઉત્તર :- હા, ઓલામાં તો વ્રત, નિયમ, અધ્યયન હતુંને? કષાયની મંદતા હતી. ભલે આત્માનું ભાન નહોતું, પણ અંદર રાગની મંદતાને કારણે એને સુદેવ-મનુષ્યપણું ગણ્યું. પણ અહીં તો રાગની મંદતા પણ નથી. સાધારણ પ્રાણી કષાયમાં વર્તે છે એમ. એવા પ્રત્યે જે કાંઈ શુભભાવવાળા જીવ હોય... હોય છે એની સેવા કરનારને શુભભાવ હોય છે. સમજાણું કાંઈ?

ઓલા નાના છોકરા કરતા નથી? કૂતરી જન્મેને પછી નહિ? 'આય માય આપજો...' એવું કાંઈક કહેતા નહિ? 'આય માય ધાન ધોકો આપજો.' એમ કહેતા કાંઈક છોકરા નાના પહેલા. કૂતરી વિયાણી હોયને પછી એના ગલુડિયા માટે. લઈને નીકળે. છીબું લઈને નીકળે, કોઈ કાથળીનો કટકો લઈને નીકળે. ભાષા ભૂલી ગયા. એવું કાંઈક બોલતા નહિ? 'આય માય ધાન ધોકો આપજો.' એવી કાંઈક ભાષા આવે છે. ધાન ધોકો આપજો. ઓલું તો ધાન ધોબો. ધાન કે ધોબો આપજો એવું આવતા. છોકરા લઈને નીકળતા. ધોબો-ખોબો. એમ. પણ વસ્તુનું તો ભાન નથી, દૃષ્ટિની ખબર નથી, તત્ત્વની... એવામાં કાંઈક જરી શુભભાવ થાય. એને એ જાતનો શુભભાવ છેને? પણ એ હલકા દેવ ને મનુષ્ય થાય,. આ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષમાં ઉપજે, ભૂતડા થાય. આ તો એક દાખલો આપ્યો હોં. એવા જે ભાવ હોય ઘણાને. 'તે **ફળવિપરીતતા** છે; તે (ફળ) **કુદેવ-મનુષ્યપણું...'** હલકું પામે. એને મોક્ષ તો ન થાય, પણ સારા દેવ અને સારા મનુષ્ય પણ એ ન થાય. એમ ભાવફેરે એને ફળફેર થાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૬, રવિવાર, તા. ૦૩.૦૮.૧૯૬૯**
**ગાથા-૨૫૮-૨૫૯, પ્રવચન-૨૨૬**

પ્રવચનસાર. ચરણાનુયોગસૂચક ચૂલિકા. ૨૫૮. ૨૫૭ ચાલી. 'હવે **કારણની વિપરીતતાથી અવિપરીત ફળ સિદ્ધ થતું નથી એમ શ્રદ્ધા કરાવે છે :—'** જુઓ.

**जदि ते विसयकसाया पाव त्ति परूविदा व सत्थेसु।**
**किह ते तप्पडिबद्धा पुरिसा णित्थारगा होंति।।२५८।।**
**'વિષયો કષાયો પાપ છે' જો એમ નિરૂપણ શાસ્ત્રમાં,**
**તો કેમ તત્પ્રતિબદ્ધ પુરુષો હોય રે નિસ્તારકા? ૨૫૮.**

'ટીકા :-' ૫૭માં પણ એમ આવ્યું હતું કે અજ્ઞાનીએ કહેલા પદાર્થો એની જેને શ્રદ્ધા છે એ જીવો વ્રત અને તપ આદિમાં નથી. ૨૫૭માં. એ વિષયકષાયમાં છે, પણ કાંઈક મંદ છે. ૨૫૬માં તો એ લીધું હતું કે સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા સિવાય અજ્ઞાનીએ કહેલા શાસ્ત્રો પ્રમાણે એ વ્રત, નિયમ આદિ કરે તો એને પુણ્ય, એના સેવા કરનારને પુણ્ય થાય, ધર્મ ન થાય જરીએ. એને પરંપરાએ ધર્મ છે નહિ. પછી એમ કહ્યું, છદ્મસ્થે સ્થાપેલી વસ્તુ છે એ શુદ્ધાત્માથી શૂન્ય છે અજ્ઞાની અને શુદ્ધાત્માથી શૂન્ય વિષયકષાય અધિક છે, પણ એટલા

અધિક નથી કે મહા એકલા પાપ જ હોય. તો એવાની સેવાથી કુદેવ-કુમનુષ્યપણું હોય.

હવે ૨૫૮માં એકલા પાપીની વાત છે. '**પ્રથમ તો વિષયકષાયો પાપ જ છે;...**' દરેકમાં ફેર છે હોં ગાથાદીઠના ન્યાયમાં. એક તો આત્માનું ભાન તો નથી અજ્ઞાનીને. એ ઉપરાંત પાછો વિષય અને કષાય સેવે છે. ભોગ, સ્ત્રીના વિષય વગેરે. અને કષાયો પણ છે. '**વિષયકષાયવંત પુરુષો પણ પાપ જ છે;...**' એ વિષયકષાયો પાપ છે અને એના સેવનારા પણ પાપ જ છે. પાપ જ છે અહીં કહી દીધું. પાપી નહિ. પાપ જ છે. એ પુરુષ જ પાપ છે એમ કહે છે. સમજાય છે કાંઈ? '**વિષયકષાયવંત પુરુષો પ્રત્યે અનુરક્ત જીવો પણ પાપમાં અનુરક્ત હોવાથી...**' ત્રીજી વાત. જે કોઈ અજ્ઞાની, મિથ્યાદષ્ટિ છે અને વિષય કષાયમાં પણ અધિક છે પાપમાં. એવા જીવોની સેવા કરનાર અનુરક્ત જીવો. એવી ભાષા વાપરી છે. એવા '**પુરુષો પ્રત્યે અનુરક્ત જીવો પણ પાપમાં અનુરક્ત હોવાથી.**' પાપ ત્રણ પાપ લીધા. સમજાણું કાંઈ? કેટલી શૈલીથી ચાલ્યું આવે છે જુઓ!

પહેલા મુનિને આત્મદષ્ટિ અનુભવ છે અને એ ઉપરાંત સંયમ ચારિત્ર વીતરાગી પરિણતિ પ્રગટી છે. તો એને શુભોપયોગ ગૌણ છે એમ કહ્યું હતું. એને પોતાને. અને શ્રાવક આત્મજ્ઞાની, સમ્યગ્દષ્ટિ નિશ્ચય અનુભવસહિત, જે સવારમાં કહ્યું હતું એ, એવા સહિત શ્રાવક હોય તો એને શુભોપયોગ મુખ્ય છે, પણ ઘણા પાપ હોય છે એટલે એનાથી પછી... સર્વજ્ઞે સ્થાપેલી વસ્તુ છે, સમજાય છે? એમાં જે જીવો શ્રદ્ધાવંત છે અને એના જે વ્રતાદિના પરિણામ પણ હોય છે. એની સેવા કરનારને... સમ્યગ્દષ્ટિ જીવ એની સેવા કરે એમ કહે છે. તો એને પુણ્યસંચયપૂર્વક પછી મોક્ષ થશે એમ. ભાન છેને અંદર કે આ રાગ હેય છે. એથી એને ધર્મી જીવને ધર્મીની સેવા કરવાથી સમ્યગ્દર્શનપૂર્વક હોવાથી તેને શુભભાવમાં પુણ્યનો સંચય છે. પણ એને રાગનો નિષેધ છે એટલે અનુભવદષ્ટિ છે તેથી તેને પરંપરા ક્રમે મોક્ષ થશે. સમજાણું કાંઈ? પછી કહ્યું કે અજ્ઞાનીઓએ કહેલા શાસ્ત્રો, એના કહેલા પ્રમાણે કોઈ વ્રત, અધ્યયન, મનન, ધ્યાન આદિ કરે તો એના સેવનારને—એની સેવા કરનારને સુદેવ અને મનુષ્યપણું મળે. કારણ કે દેવ પણ ઠીક થાય અને મનુષ્ય પણ ઠીક થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કોણ લે છે? કીધુંને આ શું? સેવા કરનારની તો વાત ચાલે છે. એ તો હવે અજ્ઞાની છે એનો ક્યાં પ્રશ્ન છે? અજ્ઞાની છે એને વ્રત, તપ છે, કષાય મંદ છે. એટલો રાગ હોય કીધુંને વ્રતાદિ? કષાય મંદ છે એને તોય મિથ્યાદષ્ટિ છે. પણ રાગની મંદતા છે. એવાની સેવા કરનારને, સમજાય છે કાંઈ? વ્રત, અધ્યયન કરતો હોય એને એકલું અધમ પુણ્ય બાંધે. એ અધમ પુણ્યમાં કાંઈક દેવ અને મનુષ્ય ઠીક થાય એમ લઈ લેવું ત્યાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સેવા કરનાર?

ઉત્તર :- કરવાનો ક્યાં પ્રશ્ન છે? આ કરી શકે છે. આ તો ભાવ હોય છે એનું ફળ આ. સમજાણું કાંઈ? એના કરનારનો ભાવ આવો છે તેનું ફળ આવું છે એટલી વાત છે. કરી શકે છે કે કરવાનો એ પ્રશ્ન અત્યારે નથી. સમજાણું કાંઈ?

અને પછી તો ૨૫૭માં એમ કહ્યું કે છદ્મસ્થ વસ્તુએ સ્થાપેલી છે અજ્ઞાનીએ. સમ્યગ્દષ્ટિ, જ્ઞાની સિવાય. ચાહે તો ... સર્વજ્ઞે કહ્યું હોય કે સમકિતીએ કહ્યું હોય એ સિવાયના અજ્ઞાનીઓએ જે કાંઈ વસ્તુને સ્થાપી એ પ્રમાણે કોઈ માનતો હોય, પરમાર્થનો અજાણ હોય, પણ વિષયકષાય અધિક .. પણ એ વિષયકષાય અધિક એવો છે કે આ સ્વભાવમાં નથી એટલે વિષયકષાય અધિક ભાઈ! પણ છે તો એ કાંઈક રાગ મંદતાવાળો છે. એની સેવા કરનારને હલકું પુણ્ય, હલકો દેવ કે મનુષ્ય થાય.

હવે એકલો પાપી લે છે હવે. સમજાણું કાંઈ? હવે પાપી છે, મિથ્યાદષ્ટિ છે, એ ઉપરાંત વિષય અને કષાયના ભાવને સેવે છે. એની સેવા કરનારને શું થાય? એ વાત કહે છે. કેમ? કે કારણવિપરીતતાથી અવિપરીતપણું સાબિત થતું નથી. એમ શ્રદ્ધા કરાવે છે. અહીં શ્રદ્ધા કરાવે છે એમ લીધું ભાઈ! ઓલામાં જુદી-જુદી વાત હતી હોં. વ્યાખ્યાતિ, દર્શયતિ એવો શબ્દ હતો. સાધયતિ, ફલ વૈપરીત્યં. સાધે છેને એવા શબ્દો આવે છે. વાત તો એવી છે. દર્શાવે છે એમાં શબ્દ છે. વિષય અને કષાય એકલા વિષય-ભોગ સેવે છે. કષાય-ક્રોધ, માન, માયા, લોભ બધાય છે. એવા જીવોના પાપ જ છે એ વિષયકષાય અને એને સેવનારા પણ પાપ જ છે અને એની સેવા કરનાર પણ પાપ જ છે. એમ ત્રણેય. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... શુભભાવ નથી?

ઉત્તર :- શુભભાવ ક્યાં છે? પાપી છે એકલો અનુમોદના કરનારો છેને? તો અનુમોદના કરનાર તો પાપ જ છે. સમજાણું કાંઈ?

'**તેથી વિષયકષાયવંત પુરુષો સ્વાનુરક્ત (પોતાના પ્રત્યે અનુરાગવાળા)...**' જે સેવા કરનારા પુરુષ છે એ '**પુણ્યનું કારણ પણ થતા નથી...**' પાઠમાં તો વિસ્તાર નથી એટલું પણ વધારે આચાર્યે સ્પષ્ટ કર્યું છે. સમજાણું કાંઈ? '**પુણ્યનું કારણ પણ થતા નથી તો પછી સંસારથી નિસ્તારનું કારણ તો કેમ થાય?**' એમ કહે છે. મિથ્યાદષ્ટિ છે, વિષયકષાય સેવે છે. એનામાં અનુરક્તવાળા જીવો છે. એને પુણ્ય પણ થતું નથી તો તારવામાં નિમિત્ત પણ હોઈ શકે નહિ. '**માટે તેમનાથી અવિપરીત ફળ સિદ્ધ થતું નથી...**' વિપરીત ફળ છે એટલે અવિપરીત ફળ એને સાબિત થતું નથી. '**(અર્થાત્ વિષયકષાયવંત પુરુષોરૂપ વિપરીત કારણનું ફળ અવિપરીત હોતું નથી).**' સાચું પુણ્ય બંધાય. એટલે પુણ્ય બંધાય તો કાંઈક ધર્મની પરંપરા એવું એને હોતું નથી. સમજાણું કાંઈ? ચરણાનુયોગનું છેને પર્યાયે-પર્યાયે જેવી એની યોગ્યતા જીવની અને સ્વના સેવા કરનારની બેયની વાત ત્યાં લીધી છે.

'હવે અવિપરીત ફળનું કારણ એવું જે 'અવિપરીત કારણ' તે દર્શાવે છે :- –' લ્યો!

उवरदपावो पुरिस समभावो धम्मिगेसु सव्वेसु।
गुणसमिदिदोवसेवी हवदि स भागी सुमग्गस्स।।२५९।।

**તે પુરુષ જાણ સુમાર્ગશાળી, પાપઉપરમ જેહને,**
**સમભાવ જ્યાં સૌ ધાર્મિકે, ગુણસમૂહસેવન જેહને. ૨૫૯.**

સાધુપદ લીધું છે આમાં. સાધુપદ લીધું. સાધુ લીધું. ધર્મીજીવ સમકિતી જ્ઞાની સાધુ જેને આત્મજ્ઞાન અનુભવ સમ્યગ્દર્શન છે અને એ ઉપરાંત જેને ચારિત્રની વીતરાગ પરિણતિ પ્રગટી છે. સમજાણું કાંઈ? એને '**પાપ વિરામ પામ્યું હોવાથી,...**' એટલે પાપ એને હોતું નથી. નથી મિથ્યાત્વનું પાપ, નથી વિષયકષાયના ભાવનું પાપ. સમ્યગ્દર્શન અનુભવ એ ઉપરાંત અંદર અવિકારી પરિણતિ—વીતરાગ પરિણતિ જેને પ્રગટી છે. એ '**સર્વ ધર્મીઓ પ્રત્યે પોતે મધ્યસ્થ હોવાથી...**' એટલે શું? સર્વધર્મી એટલે? કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ હોય, કોઈ શ્રાવક હોય અને મુનિ હોય સાચા—એ બધા પ્રત્યે જેને સમભાવ વર્તે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની અહીં વાત નથી. સમજાણું કાંઈ?

કોઈ આત્મજ્ઞાની હોય અને પંચમ ગુણસ્થાનદશામાં હોય, કોઈ આત્મજ્ઞાન ઉપરાંત પંચમ ગુણસ્થાનની નિર્મળ વીતરાગી શાંતિ અંશે પ્રગટ હોય અને મુનિને વિશેષ વીતરાગદશા પ્રગટ હોય. તો બધા માટે સમભાવ છે એને. શું કીધું?

મુમુક્ષુ :- સમકિત દૃષ્ટિ...

ઉત્તર :- એ દૃષ્ટિ તો મુનિ પ્રત્યે હોય છે. અહીં તો એ કાંઈ કહેવું નથી. અહીં તો સમભાવ છે એમ કહેવું છે.

ધર્મીઓ પ્રત્યે '**સર્વ ધર્મીઓ પ્રત્યે...**' એટલે ધર્મના કરનારા એવા ધર્મી પ્રત્યે. સમજાણું કાંઈ? '**સર્વ ધર્મીઓ પ્રત્યે...**' છેને? તો ધર્મ પ્રગટ્યો છે એવા જીવની વાત આમાં છેને? આહા..હા..! કેટલો ચરણાનુયોગમાં વિવેક કરીને, વસ્તુનું સ્વરૂપ વ્યવસ્થા આવી છે, એવી રીતે સર્વજ્ઞ ભગવાને જોઈ છે એ રીતે વાત સિદ્ધ કરે છે. '**સર્વ ધર્મીઓ પ્રત્યે પોતે મધ્યસ્થ હોવાથી અને ગુણસમૂહને સેવતો હોવાથી...**' એ એમાં પણ આવે છેને. આમાં જ છેને એ કુંદકુંદાચાર્યનું પહેલા નહિ? શું આવે છે? .. કુંદકુંદાચાર્ય આવે છેને. ગુજરાતી જુદું છે ખરુંને. '**સંસાર સમુદ્રનો કિનારો જેમને નિકટ છે.**' અહીં તો મારે આની સાથે મેળવવું છે. આ શબ્દ આવ્યો છેને. '**એવા કોઈ આત્મભવ્ય મહાત્મા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્ય દેવ સાતિશય વિવેક જ્યોતિ જેમને પ્રગટ થઈ છે અને સમસ્ત એકાંતવાદની વિદ્યાનો અભિનિવેશ જેમને અસ્ત થયો છે. અને પારમેશ્વરી અનેકાંતવાદી**

**વિદ્યાને પામીને સમસ્ત પક્ષનો પરિગ્રહ.'** છેને? સમસ્ત પક્ષનો પરિગ્રહ. '**શત્રુમિત્રાદિનો પક્ષપાત છોડ્યો હોવાથી અત્યંત મધ્યસ્થ થઈને...**' એમ. ત્યાં કહેવું. અત્યંત મધ્યસ્થ શબ્દ છેને? અહીં મધ્યસ્થ શબ્દ છે. ધર્મી છે એટલે મારા છે કે આ સાધુ છે એ મારા છે, સમકિતી એ મારા નહિ એમ નહિ. બધામાં મધ્યસ્થ રહેવું. સમજાય છે કાંઈ? વીતરાગભાવ એટલો પ્રગટ્યો છે કે બધા પ્રત્યે—'**ધર્મીઓ પ્રત્યે પોતે મધ્યસ્થ હોવાથી...**' મુનિપણાને સેવતો હોવાથી ઓહો..! ભગવાન આત્મા અનંતગુણનો સ્વભાવ એને સંત સેવે છે, ગુણને સેવે છે. પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા એના અનંતગુણોને સેવે છે (એટલે) અનંતગુણને જેણે પ્રગટ પર્યાયમાં કર્યા છે.

'**જે શ્રમણ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના યુગપદ્‌પણારૂપ પરિણતિથી રચાયેલી...**' કેવો છે સાધુ? આત્માનું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન નિશ્ચય છે, આત્માનું સમ્યગ્જ્ઞાન છે અને આત્મામાં રમણતારૂપ નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ નામ દશા છે. યુગપદ્ ત્રણે એક સમયે છે. પરિણતિથી પાછું '**યુગપદ્‌પણારૂપ પરિણતિ...**' છે. એની દશા એ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અવસ્થા નિર્મળ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? આમ વસ્તુમાં તો હતું સમ્યગ્દર્શન એટલે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર શક્તિરૂપ. એને અનુસરીને નિર્મળ નિર્વિકારી નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની અવસ્થા થાય છે. એવી રચાયેલી, એવી '**પરિણતિથી રચાયેલી એકાગ્રતાસ્વરૂપ સુમાર્ગનો ભાગી છે,...**' આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એનાથી રચાયેલી એકાગ્રતા. એ ત્રણ થઈને એક જ થયુંને?

એવા સુમાર્ગના... '**સુમાર્ગશાળી; સુરમાર્ગવંત; સુમાર્ગનું ભાજન.**' છે. '**તે શ્રમણ પોતાને અને પરને મોક્ષનું અને પુણ્યનું આયતન (સ્થાન) છે...**' આનો અર્થ જરી જયસેનાચાર્યે બીજો કર્યો છે. અમૃતચંદ્રાચાર્યનો બીજો અર્થ છે. શબ્દફેર એમ થાય છે ભાઈ! સમજાણું? જયસેનાચાર્યે તો એવો અર્થ કર્યો છે કે.. સમજાણું? પોતાને મોક્ષનું કારણ થાય છે અને પરનું પુણ્યનું કારણ થાય છે. એવા ધર્માત્મા સંત આત્મદર્શન, જ્ઞાન અને ચારિત્ર વીતરાગ નિર્મળ પરિણતિવાળા એ પોતાને મોક્ષનું કારણ થાય છે, બીજાને પરદ્રવ્યને પુણ્યનું કારણ થાય છે. અમૃતચંદ્રાચાર્યની શૈલી એવી વસ્તુ છે. '**તે શ્રમણ પોતાને અને પરને મોક્ષનું...**' એ સાધુ પોતાને મોક્ષનું કારણ છે અને પરને પણ મોક્ષનું નિમિત્ત છે. સમજાણું કાંઈ? આવા સંત છે કે સમકિતી જ્ઞાની આદિ મોક્ષમાં બીજાને નિમિત્ત થાય. બીજા નિમિત્ત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

'**શ્રમણ પોતાને...**' મોક્ષનું કારણ છે અને પોતે પણ પુણ્યનું આયતન છે. ઓલા શુભોપયોગ લીધો હતોને ભાઈ! શુદ્ધ અને શુભ. આનંદસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને પરિણતિ પણ છે અને અંદર પંચ મહાવ્રતના વિકલ્પ રાગ, અઠ્યાવીશ મૂળગુણનો રાગ પણ છે. તેથી તે મોક્ષનું પણ કારણ છે અને પુણ્યનું પણ આયતને છે પોતાને પણ. સમજાણું કાંઈ? અને પરને

પણ મોક્ષનું તો નિમિત્ત છે અને પુણ્યનું પણ નિમિત્ત છે. સમજાણું કાંઈ? કેટલી વાતને ચરણાનુયોગમાં સ્પષ્ટ કરે છે! સમજાણું? આંધળી દોડ ચાલે નહિ અહીં કહે છે. જરા વિવેક જોઈએ બધો. સમ્યગ્દૃષ્ટિ કોને કહેવો? સમ્યગ્જ્ઞાની કોને કહેવો? સમ્યક્ ચારિત્રવંત કોને કહેવો? મિથ્યાશ્રદ્ધાવંત કોને કહેવો? મિથ્યા આચરણવાળા, વ્રતાદિના વિકલ્પવાળા, મિથ્યાદષ્ટિ કોને કહેવા? અને સમ્યગ્દૃષ્ટિ પણ સ્વરૂપના ચારિત્રવંતને પણ પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ વર્તે એ કોને કહેવું એ બધી વ્યાખ્યા સ્પષ્ટ કરી છે. કહો, સમજાણું કાંઈ?

કારણ કે પોતે કીધું છેને શરૂઆતમાં? મોક્ષમાર્ગના પ્રણેતા આ અમે ઉભા. કેવો મોક્ષમાર્ગ છે એ અમને પરિણમ્યો છે. સમજાણું? પહેલા છેને? પહેલી ગાથા. શરૂઆતમાં. ૨૦૧. '**યથાનુભૂત માર્ગ તેના પ્રણેતા અમે આ ઉભા.**' ૨૦૧ના છેલ્લા શબ્દ. '**તેને (શ્રામણ્યને) અંગીકાર કરવાનો જે યથાનુભૂત માર્ગ...**' જેવો અમે અનુભવ્યો છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા અમને વર્તે છે અને એમાં અઠ્યાવીશ મૂળગુણ આદિના વિકલ્પોની વ્યવહારદશા પણ વર્તે છે. એ અમે '**અંગીકાર કરવાનો જે યથાનુભૂત માર્ગ તેના પ્રણેતા અમે આ ઉભા.**' આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાને આમ કહ્યું છે માટે કહીએ છીએ એમ નહિ. અમને એ અનુભવ મોક્ષના માર્ગનો વર્તે છે અને એને શુભરાગાદિ ચરણાનુયોગની અપેક્ષાએ વ્યવહારના અઠ્યાવીશ મૂળગુણ આદિ હોય, એવું અમારા નિશ્ચય અને વ્યવહારના ભાનમાં અમે છીએ એ અમે એ રીતે મોક્ષના માર્ગના કહેનારા અમે છીએ. જેવું અમને પ્રગટ્યું છે એવું જ બીજાને અમે કહીએ છીએ. સમજાણું કાંઈ? જુઓ, છેને એ? અમે અંગીકાર કરીએ. છેને?

'**સુસ્થિતપણું થયું છે તેને—પોતે અંગીકાર કર્યું, તે રીતે બીજાનો આત્મા પણ, જો તે દુઃખથી મુક્ત થવાનો અર્થી હોય તો, તેને અંગીકાર કરો.**' અમે કહીએ છીએ તે જ એનો પ્રકાર છે. એથી બીજો છે નહિ. જાતના અનુભવથી સાધુપદની દશા, આહા..હા..! કેવી હોય અને એ સાધુદશામાં વિકલ્પની, હદની મર્યાદા અઠ્યાવીશ મૂળગુણ આદિ કેવી હોય એ બધી અમને વર્તે છે. એથી અમે સાધુનો માર્ગ કહીએ છીએ. કહો, સમજાણું? આહા..હા..! અનાદિ સનાતન વીતરાગ માર્ગ આ છે. સમજાણું કાંઈ? સાધુ કોને કહે? બાહ્યમાં નગ્નદશા હોય, અભ્યંતરમાં અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ હોય, એ કાંઈ ખરું સાધુપણું નથી. અંતરમાં પૂર્ણાનંદ પ્રભુ આત્મા એનો અનુભવ સમ્યગ્દર્શન હોય, એનું આત્માનું જ્ઞાન હોય અને આત્મામાં ઠરવાનું અનુષ્ઠાન હોય. જુઓ, આ એને જ કહ્યું છે. ઓલા શુભાદિની વાત નથી કરી આમાં. અહીં તો જુઓ, '**જે શ્રમણ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના યુગપદપણારૂપ...**' મોક્ષનું અને.. છેને? '**પરિણતિથી રચાયેલી એકાગ્રતારૂપ સુમાર્ગનો ભાગી છે,...**' આમાં ઓલો વ્યવહાર-ફ્યવહાર લીધો નથી. સમજાણું કાંઈ? કે અઠ્યાવીશ મૂળગુણ પાળે છે, નગ્ન છે અને એક વાર આહાર લે છે—એ બધી વાત છોડી દીધી છે. એ વ્યવહાર છે એનું જ્ઞાન કરાવ્યું છે,

પણ એનો આદર કરાવ્યો નથી. આહા..હા..!

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એક સાથેની પરિણતિથી, એક સાથેની અવસ્થાથી '**રચાયેલી એકાગ્રતારૂપ સુમાર્ગનો ભાગી છે,...**' એ સાધુ પોતાને અને પરને મોક્ષ ને પુણ્યનું સ્થાન આયતન છે. પોતાને પણ અલ્પ કાળમાં કેવળજ્ઞાનની મોક્ષદશા પ્રગટ થશે (તેથી) મોક્ષનું આયતન છે. એ આત્મા મોક્ષનું આયતન છે, આયતન એટલે ઘર છે. ઘર એટલે સ્થાન છે. અને શુભભાવ વર્તે છે એથી પુણ્યનું પણ આયતન-ઘર છે. એ પુણ્યનું ઘર અને પવિત્રતા મોક્ષનું ઘર બે સાધુ છે એમ કહે આવા સાધુ હોય. આહા..હા..! કહો, પોપટભાઈ! આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશાસહિત એને અઠ્યાવીશ મૂળગુણ આદિ દયા, અહિંસા આદિ વ્રત, છ આવશ્યકના વિકલ્પ વર્તે એ તો પુણ્ય છે કહે છે. એવા પુણ્યનું સ્થાન પણ અમે છીએ અને મોક્ષનું સ્થાન પણ અમે છીએ. લ્યો! પોતાને માટે એમ કહે છે. સમજાણું કાંઈ?

અમે આ પ્રમાણે છીએ, પણ હજી અમારું શું થશે? કેટલા ભવ છે અને ક્યાં જશું? એમ નથી અહીંયાં એમ કહે છે. આહા..હા..! છદ્મસ્થને એમ કેમ ખબર પડે? માણસ નથી કહેતા? અરે..! સાંભળ રે ભગવાન! તને ખબર નથી. અહીં તો કહે છે અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ પ્રગટદશા વર્તે છે. એથી એને કોલકરારપણે છે કે અમે મોક્ષના આયતન-ઘર છીએ. અમે સંસારના સ્થાનમાં રહેવાના છીએ નહિ. આહા..હા..! કહો, જેઠાલાલભાઈ! સમજાણું કાંઈ? મોક્ષના કારણની દશા જે અમને પ્રગટી છે એથી અમે કોલકરારથી કહીએ છીએ કે અમે મોક્ષના આયતન-ઘર છીએ અને સાથે રાગાદિ હજી અઠ્યાવીશ મૂળગુણ આદિનો વર્તે છે. ભૂત અને વર્તમાન પુણ્યના સ્થાન છીએ, ભવિષ્યમાં પણ દેવ આદિ કે કોઈ રાજા આદિના સ્થાનમાં જવાના છીએ એવા પુણ્યના સ્થાન છે એમ કહે છે. ભાઈ! આહા..હા..! એય..! શું? અત્યારે પુણ્યના આયતન છીએ એમ કહે છે. પછી પુણ્યના ફળ તરીકે પવિત્રતાના ફળ તરીકે મોક્ષ મળશે અને આ પુણ્યના ફળ તરીકે રાજા અને મોટા દેવ આદિ થશું એ અમે એના સ્થાન છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? એને એમ નથી કે હાય.. હાય.. ક્યાં જાશું? કેટલા અવતાર કરવા પડશે? એ તો મિથ્યાદષ્ટિ છે. સમજાય છે? એવી જેને સંશય અને શંકા વર્તે એ તો મિથ્યાદષ્ટિ છે. આહા..હા..!

મુમુક્ષુ :- અનુભવ થયા વિના એમ કહે કે અમારો બેડો પાર થઈ ગયો.

ઉત્તર :- એ તો બધા મરી જવાના. બેડો શું પાર ધૂળ થાશે? બેડા પારની દશાની તો ખબર નથી અને બેડો પાર થઈ જશે? ઘણા કહે છેને આ અમારું ચારિત્ર છે લ્યો! ઓઘો, ઓલો કહે મુહપતિ, ઓલો કહે નગ્નપણું. ત્રણે કહે છેને? મોરપીંછી. આ નગ્નપણું, મોરપીંછી અને આ કમંડળ એ મોક્ષમાર્ગ. ઓલો કહે ઓઘો અમારો મોક્ષ માર્ગ, ઓલો કહે મુહપતી.

મુમુક્ષુ :- મુહપતી બાંધે એટલે...

ઉત્તર :- આઠ .. થાય છેને લખ્યું છે. એવું બનાવ્યું છે. આઠ પડ હોય છેને? તો આઠ કર્મનો નાશ કરે માટે આઠ પડ. એવું લખ્યું છે. પુસ્તક બનાવ્યું છે. અહીં છેને પુસ્તક છે. શું નામ? સમુઠાણ સૂત્ર. અહીં છે આપણી પાસે. કારણ કે ૩૨ સૂત્ર છેને .. સૂત્ર નામ આવે છે. એમાં એક સમુઠાણ નામનું સૂત્ર છે. ૮૪ રચ્યા હતા, શ્વેતાંબર આચાર્યે ૮૪ રચ્યા હતા. અહીં વલ્લભીપુર અહીંથી વળા છેને? વળા ત્યાં ૮૪ રચ્યા હતા. એમાંથી પછી ૪૫ માન્ય રાખ્યા. સ્થાનકવાસીએ ૩૨ માન્ય રાખ્યા. એમાં એ છે. સમજાણું? એમાં એ સમુઠાણસૂત્રનું નામ છે ૮૪માં એમ કહ્યું.

મુમુક્ષુ :- એ તો બનાવટી કર્યું છે.

ઉત્તર :- આ બનાવ્યું છે બનાવટી નવું. એમાં એમ લખ્યું છે. આઠ પડની મુહપતી ભગવાન આપે કેમ કહી? આઠ પ્રહર. કે આઠ કર્મના નાશ કરવા માટે કહી છે? ગજબ છેને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... જૈનદર્શનમાં મુહપતી સાધુને ત્રણ કાળમાં હોય નહિ. કપડાનો કટકો હોય નહિ ને મુહપતી ક્યાંથી આવી? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ લોકોને રક્ષણ છે. ... કહ્યા, કહો, સમજાય છે કાંઈ? આહા..હા..!

અહીં તો વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્માએ કહેલો માર્ગ આવો છે. માને તો માનો. અહીં શ્રદ્ધા કરાવે છેને. અહીં દર્શન કીધું લ્યો ૫૯. એ ૫૮માં શ્રદ્ધાએ કહ્યું. અહીં કારણમૂવિપરીતં દર્શયતિ એ દેખાડે છે. એ શ્રદ્ધા કરવા દેખાડે છેને? સમજાવે છે એમ કહો તો શ્રદ્ધા કરાવવા સમજાવે. આહા..હા..! એને દેવ અને ગુરુ કેવા હોય અને ગુરુએ કહેલો, શાસ્ત્રએ કહેલો ધર્મ કેવો હોય? અને શાસ્ત્ર શું કહે છે? દેવ વીતરાગ, ગુરુ વીતરાગ, શાસ્ત્ર વીતરાગતાની વાત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે કહે છે કે આવા સાધુ ભગવાન સાધુ, વનવાસીઓ મુનિઓ અંતરના સ્વરૂપમાં આનંદની કેલી કરતા, અતીન્દ્રિય આનંદની મોજ કરતા. શાંતિ, ચારિત્રની વીતરાગતા પ્રચુર સ્વસંવેદન, આનંદનું પ્રચુર વેદન-ઘણું વેદન. સમ્યગ્દ્રષ્ટિને આનંદનું થોડું વેદન છે. એ કરતાં પંચમ ગુણસ્થાનના શ્રાવક સાચાને આનંદનું વેદન વિશેષ છે. એથી મુનિને પ્રચુર આનંદ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તે દુઃખી નથી એમ કહે છે. તડકા પડે, ઉઘાડા પગે ચાલે, ઉના પાણી પીવા. એ દુઃખી નથી. એ અંતર આનંદની લહેર ઉઠે છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એને શ્રદ્ધાએ કબ્જે કરી લીધો છે. આખા આનંદને પૂર્ણાનંદને કબ્જે કર્યો. આહા..હા..! એવું સમ્યગ્દર્શન નિર્વિકલ્પ પ્રતીતિ જે સવારે કહી હતી એ. અને તેનું જ જ્ઞાન. ભગવાન આત્માનું જ્ઞાન, જ્ઞાનમાંથી જ્ઞાન આવ્યું. અને તેના સ્વરૂપમાં રમણ.

આહા..હા..! રાગ નહિ, એકલી વીતરાગતાનું પરિણમન એવા સાધુ એને જરી શુભયોગ કહે છે. સમજાય છે? સાધુપણું એને નથી કીધું ભાઈ! સાધુ તો આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનો ભાગી, સુમાર્ગનો ભાગી છે એ. શુભરાગનો ભાગી છે એમ નથી કીધું. આહા..હા..! પણ છતાં એને છે ખરો ભાગ. પણ એ એનો ભાગ નથી. એ પુણ્યનો ભાગ જુદો છે. ભિન્ન છે.

સાધુ એકવાર આહાર છ આવશ્યક વગેરે જે એવા વિકલ્પ ઉઠે છે, પણ એનો ભાગી નથી. એનો ભાગ જુદો જાય છે જડમાં, પરમાં. એમ કહે છે. આહા..હા..! ભારે! **'એકાગ્રતાસ્વરૂપ સુમાર્ગનો ભાગી છે,...'** એમ કહ્યું છેને? સંસ્કૃતમાં એમ છેને? જુઓ, **'मार्गभागी' 'निर्वृत्तैकाग्र्यात्मकसुमार्गभागी'** આહા..હા..! ટીકા તે પણ ટીકા. હૃદયની ટીકા છેને અંદરથી તો. ભગવાન આત્મા જેણે સમ્યગ્દર્શનની પર્યાયેથી આખા ભગવાન પૂર્ણાનંદ આત્માને ધ્રુવમાં એ પર્યાયને પ્રસરાવીને નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનું પરિણમન થયું છે અને તે સ્વરૂપનું, રાગ વિનાનું, શાસ્ત્રજ્ઞાન રહિત સ્વનું જ્ઞાન અંતર થયું છે. એટલી દશા તો ચોથે અને પાંચમે પણ હોય છે. ચોથે હોય છે. પાંચમે શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... ઉપશમરસ. ઉપશમરસ. આખું સ્વરૂપ છે એમાંથી ઉપશમરસ ચોથાથી અધિક પ્રગટ્યો છે, એને શ્રાવક કહેવામાં આવે છે. સર્વાર્થસિદ્ધના દેવની દશા કરતા ક્ષાયિક સમકિતી એકાવતારી (વિશેષ) હોય. સર્વાર્થસિદ્ધનો દેવ એના કરતા પણ પંચમ ગુણસ્થાનમાં આનંદની દશા શાંતિની વિશેષ હોય છે. આહા..હા..! સમ્યગ્દર્શનમાં અને એના કરતા એક પડિમાવાળો હોય, સમ્યગ્દર્શનના અનુભવપૂર્વકમાં એને શાંતિનો અંશ વધી ગયો હોય છે. એથી બે પડિમાવાળાને શાંતિનો અંશ વધી ગયો છે. એમ કરતાં-કરતાં અગિયારમાવાળાને શાંતિનો અંશ વધેલો છે. આહા..હા..! એના એ ભાગી છે. મુનિ પણ સુમાર્ગના ભાગી (અને શ્રાવક) એ પણ અંદર એવા આનંદના ભાગી છે. અંશ થોડો છે મુનિ કરતા. આનંદની ખાણ આખું નિધાન જેણે શ્રદ્ધાએ કબજે કર્યું અને એ ઉપરાંત એમાં સ્થિરતા કરી. આહા..હા..! ધન્ય અવતાર છેને. સમજાય છે કાંઈ?

એવા શ્રમણ-સાધુ પોતાને મોક્ષનું સ્થાન છે, ઘર છે અને પરને પણ મોક્ષનું આયતન છે. નિમિત્ત તરીકે હોં! એવા સાધુ પુણ્યનું પણ સ્થાન છે. પણ એ પુણ્ય તે પણ કેવું? સમ્યગ્દર્શન-જ્ઞાન...

મુમુક્ષુ :- અલૌકિક

ઉત્તર :- અલૌકિક પુણ્ય. આહા..હા..! એના પુણ્યમાં તો કાં તીર્થંકરગોત્ર બંધાય કાં સર્વાર્થસિદ્ધનું આયુષ્ય આદિ બંધાય. પંચમ આરાના સાધુ હોય તો અમુક જાતનું પુણ્ય બંધાય. એવું પુણ્ય છે શુભ. હેય છે, આદરણીય નથી. ઝેર તરીકે પુણ્યના ભાવને જાણે છે. સ્વભાવથી વિરુદ્ધ જણાય. આવ્યું હતુંને આમાં નહિ? સ્વભાવથી વિરુદ્ધ હોવાને કારણે નહોતું? એય..!

ક્યાં આવ્યું હતું? વિપરીત નહોતું આવ્યું? એ ગાથા ૫૪ને? ૫૪ જુઓ, **'શુભોપયોગ શુદ્ધાત્મપરિણતિથી વિરુદ્ધ એવા રાગ સાથે સંબંધવાળો છે;...'** જુઓ, ૫૪માં આવ્યું છે. ઓહો..હો..! ભગવાન આત્મા પરમ આનંદનો કંદ પ્રભુ એ આનંદની પરિણતિએ પરિણમ્યો છે. (એની જોડે) જે શુભરાગ આવે છે હજી. ૨૫૪માં છે. જુઓ એની ત્રીજી લીટી છે. **'શુભોપયોગ શુદ્ધાત્મપરિણતિથી વિરુદ્ધ એવા રાગ સાથે સંબંધવાળો છે;...'** છે ખરો. આહા..હા..! અરે..! ભાઈ! વીતરાગ શું કહે છે અને શું માર્ગ છે એ હજી ખબર પણ ન મળે જેને. અને એને ધર્મ થઈ જાય. આહા..હા..!

અહીં તો પરમાત્મા સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકનાથના જ્ઞાનમાં જે માર્ગ આવ્યો એવો સંતોએ પ્રગટ કરીને, પરિણમીને એ વાત કરી રહ્યા છે. પોતે પોતાને માટે કહે છે કે નહિ ભાઈ આમાં? અમે મોક્ષના સ્થાન છીએ અને અમે પુણ્યના સ્થાન છીએ. આહા..હા..! એય..! સમજાણું કાંઈ? એવા સંતો બધા સાચા હોય એને એ જ હોય. પંચમ કાળના સાચા સંત હોય તોપણ એ આવા હોય તો સાચા. આ સિવાય કાંઈ પંચમ કાળમાં બીજી રીતે ગણવા એમ છે નહિ. ચોથા કાળમાં ગોળ, ઘીની સુખડી થાતી હશે અને અત્યારે પાણીની થાતી હશે.

મુમુક્ષુ :- સોના માથે .. ન ચડે

ઉત્તર :- સોનું તો વળી મોળું-મોળું હોય કદાચ, પણ આ પણ મોળું હોય થોડું ઘણું. સમજાણું કાંઈ? પણ કાંઈ બીજી ચીજ થાય? સોનાને ઠેકાણે લોઢું થઈ જાય? આહા..હા..!

કહે છે આત્મામાં જ્યાં અંદર રેલમછેલ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની પ્રગટી છે. એવા સંતો પોતાને મોક્ષનું સ્થાન જાણે છે (કે) અમે હવે મોક્ષના ઘરમાં જવાના છીએ. અમે હવે સંસારમાં છીએ નહિ. પણ થોડો સાથે રાગ છે તો પુણ્યના સ્થાન હજી ઉભા છે ત્યાં. પુણ્યભાવ છે. અને એના ફળ તરીકે, એમ જ કહે છે જુઓને. આ છેલ્લી ગાથાઓ છેને આ બધી પાછળની? એટલે એને ખ્યાલ છેને સંતોને કે અમે પણ પંચમ આરાના સંત છીએ તો કેવળજ્ઞાન પામીને મોક્ષ અત્યારે નથી અહીંયાં. પછી અહીંયાં પોતાની દશાનું વર્ણન કરીને વર્ણન બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અમે આત્માના કેવળજ્ઞાનના મોક્ષના ઘર છીએ હોં, અમને કેવળજ્ઞાન અલ્પકાળમાં પ્રગટવાનું છે એના અમે સ્થાન છીએ હોં, એના અમે અધિકારી છીએ કહે છે. સાથે એને રાગ છે થોડો. એ અઠ્યાવીશ મૂળગુણ, મહાવ્રત અને રાગ પુણ્યબંધનું કારણ છે. તો પુણ્યના સ્થાન પણ એવા જ પુણ્ય બંધાય છે અહીંયાં ટંકશાળ. ...ભાઈ! એ મુનિને ઘરે પુણ્યની ટંકશાળ બંધાય છે એમ કહે છે. દુનિયામાં જેમ ટંકશાળ થાતી હશેને એ આવા પુણ્યશાળી માટે ત્યાં થાય છે એમ કહે છે. પૈસા ને હીરા નીકળશેને? ખાણમાંથી હીરા નીકળે, માણેક નીકળે, બધા આવા પુણ્યશાળી માટે બધું ત્યાં થાય છે એમ કહે છે. થાય છે તો એને કારણે હોં! પણ આવું પુણ્ય છે એ જ્યાં જન્મશે. આહા..હા..! કાં રાજને કુળે, કાં અબજોપતિ કોઈ શેઠિયાના કુળે જશે ત્યાં આગળ ધનના

ઢગલા, આબરૂના ઢગલા. એવે ઠેકાણે ધર્મી, સમકિતી, સાધુ જન્મશે એમ કહે છે.

મુમુક્ષુ :- દુકાન તો કરવી પડેને.

ઉત્તર :- દુકાન પણ ન કરવી પડે એને. પેટ્રોલ-ફેટ્રોલ. એય..! પોપટભાઈ! એ તો જ્યાં જીવશે ત્યાં આગળના દરિયામાં માછલા લાખો પાકશે એવા કે મોતી પાકશે ત્યાં. દુનિયા એમ કહેતી આવે કે ઓહો..! આ પુરુષ કોઈ જુદું પૂર્વનું પુણ્ય લઈને આવ્યો છે. કે કોઈમાં ભાગ લઈને આજીવિકા કરે રાજા. એવા એ રાજકુમાર નથી એમ કહેતા હશે લોકો. આહા..હા..! સમજાણું કાંઈ? આ ફેક્ટરી તમારે કરવી પડે ગામ છોડીને થાણા. વઢવાણ છોડીને મુંબઈ, મુંબઈ છોડીને થાણા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મુંબઈ પણ રાખ્યું છે અને ત્યાં પણ રાખ્યું છે. ભગવાનજીભાઈ ગયા. એણે ત્યાં રાખ્યું છે. બેય ઘરે ગયા હતાને પગલા કરવા. આના છોકરા પાસે ગયા હતા. એ આવ્યા હતાને ત્યાં આવ્યા હતા.

મુમુક્ષુ :- .. પુણ્ય..

ઉત્તર :- પુણ્ય જ ઠેકાણા વિનાના છે. ... આ તો વિરાધક મિથ્યાદષ્ટિના પુણ્ય અને સમ્યગ્દષ્ટિના પુણ્યની વાત ચાલે છે. સમજાણું કાંઈ? કહો, રતિભાઈ! જુઓ, આ બધા પુણ્યશાળી નથી આ? એય..! બહુ આ તો માળો કરોડોપતિ માણસ છે જુઓ, આ રતિભાઈ! એક સવારમાં કહેતા હતા ..મહા દુઃખી લાગે છે. કીધું બે અબજ અને ચાલીસ કરોડ બહુ જ દુઃખી પાપી લાગે છે. એ તો હેરાન થાય. હેરાન-હેરાન. આ પૈસાનું આ કરો, આ પૈસાનું આ કરો. ક્યાં ગયા નટવરભાઈ? આ રહ્યા. એમના ભાઈ છે એ કાકાના દીકરા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય નથી કાંઈ. આહા..હા..! ભગવાન!

અહીં તો કહે છે કે અમે આત્માનું સેવન કરીએ છીએ દર્શન, જ્ઞાન અને ચારિત્રથી. માટે અમારો અલ્પકાળમાં મોક્ષના અમે ઘર જ છીએ હોં! અમારે સંસાર હવે નથી. પણ કાંઈક બાકી રહ્યું છે એ પુણ્યના સ્થાન પણ અમે છીએ. આહા..હા..! અરે..! સમ્યગ્દષ્ટિને પુણ્ય બંધાય, મુનિને બંધાય એ અલૌકિક પુણ્ય છે. સમજાણું? સત્ પુણ્ય કહ્યું છેને? સત્ પુણ્ય કહ્યું. એ જ લક્ષમાં હતું મગજમાં. પાંચ-પચ્ચીસ.. સત્ પુણ્ય કહ્યું છેને. પદ્મનંદીમાં કહ્યું છે. ધર્મીને સત્પુણ્ય હોય છે. કેમકે સત્ સ્વભાવ ભગવાન આત્માની ભૂમિકાની દશામાં આવેલું પુણ્ય છે તો સત્ પુણ્ય છે. પણ પુણ્ય તો નાશવાન છે, અસત્ છે, પણ આ સત્ની સાથે છે માટે એને પણ સત્પુણ્ય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- શ્રીમદ્દે કીધું છે.

ઉત્તર :- સત્પુણ્ય કીધું છેને ભાઈએ કહ્યું. શ્રીમદ્દે કહ્યું. આવે .. સત્પુણ્ય. આહા..હા..!

વીતરાગની ખાણ આત્મા. એ ખાણ હાથમાં લાગી હવે એને, કહે છે કે મોક્ષની ખાણ તો અમારી પાસે રહે, અમે મોક્ષ અલ્પકાળમાં જવાના. સમજાય છે? ભગવાનને પૂછવું પડે એવું નથી અમારે એમ કહે છે. ભગવાન! અમારે કેટલા ભવ હશે? અમે ક્યાં હશું? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અમારો ભગવાન એમ કહે છે કે અમે અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ એમ કહે છે. જુઓ, આહા..હા..! જેઠાલાલભાઈ! અને એમ અમે કહીએ છીએ કે કદાચિત્ ભવ તો હશેને? છે. દેવમાં જઈએ છીએ. તો એ અમારા પુણ્ય છે, અમે પુણ્યના સ્થાન છીએ, સારા પુણ્યના અમે સ્થાન છીએ. એવામાં અમારો અવતાર અને મનુષ્યમાં પણ, પુણ્યથી સારા ઘરે અવતાર અમે છીએ. એમ કહે છે.

મુમુક્ષુ :- ત્યાં પણ નિર્લેપ થઈને મોક્ષ...

ઉત્તર :- દૃષ્ટિમાં આદર ક્યાં છે? ત્યારે તો એ સમકિત કહેવાય છે. પુણ્યના આદરની વાત જ ક્યાં છે? આદર એ તો હેય છે, દુઃખ છે, ઝેર છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ ઝેર છે એને પુણ્ય કહ્યું છે. પુણ્ય વ્યવહારે પવિત્રતા એમ વ્યવહારે. એટલા વ્યવહારથી આત્માનું ભાન છે એની વાત ચાલે છેને અહીં? જે પુણ્યનો નિષેધ છે. આદર નથી, દુઃખ છે. દુઃખ શાંતિને લૂંટનારું પુણ્ય છે ભાઈ! આહા..હા..! પણ આવે છે. કારણ કે કેવળજ્ઞાન પામવાની પૂર્ણદશા અત્યારે નથી. એથી આચાર્ય કહે છે. આ પોતાની દશા કહે છે હોં! સમજાણું કાંઈ?

અને **'પોતાને અને પરને મોક્ષનું અને પુણ્યનું આયતન (સ્થાન) છે...'** અને અમે જગતના પ્રાણીને ધર્મ સમજનારને અમે મોક્ષનું નિમિત્ત છીએ. એ મોક્ષ જાય એમાં અમે નિમિત્ત છીએ. આ અજ્ઞાની નિમિત્ત હોઈ શકે નહિ, ભાઈ! એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? સામા પ્રાણીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામવામાં અજ્ઞાની નિમિત્ત ન હોય. મોક્ષમાં નિમિત્ત ન હોય તો મોક્ષના કારણમાં પણ અજ્ઞાની નિમિત્ત નથી, એમ કહે છે. આહા..હા..! દ્રવ્યલિંગી હોય નહિ. સમજાણું કાંઈ? સ્વરૂપનું ભાન નથી. દ્રવ્યલિંગી અજ્ઞાની કોઈ નિમિત્ત હોય બીજાને સમ્યગ્દર્શનનું? બિલકુલ જૂઠી વાત છે. સમજાણું કાંઈ? એ કહે છે એમાં. પરને અમે મોક્ષનું નિમિત્ત છીએ. એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામનારને અમે નિમિત્ત સમકિત જ્ઞાની, મુનિ નિમિત્ત હોય. સમકિતી મુનિ છે ચોથા ગુણસ્થાનવાળા.

મુમુક્ષુ :- આ તો મુનિની વાત છે.

ઉત્તર :- આ તો મુનિની વાત છે પણ એ બધા આવી જાય છે આમાં. સામાને મોક્ષમાં નિમિત્ત સમ્યગ્દૃષ્ટિ જ હોય છે. સમ્યગ્દર્શન પામવામાં સમ્યગ્દૃષ્ટિ જ નિમિત્ત હોય છે. એની દેશના જ એને નિમિત્ત હોય છે એમ કહે છે. ભારે વાતું ભાઈ!

**'તે શ્રમણ પોતાને અને પરને...'** અહીં ટૂંકું છે પણ ઘણું છે એમાં. સમજાણું કાંઈ?

ખાણ ખીલી છે મોક્ષસ્વરૂપની તો મોક્ષ સ્વભાવ જ આત્માનો છે. એ સ્વભાવ જ જ્યાં દૃષ્ટિ, જ્ઞાન અને રમણતામાં લઈ લીધો છે. અલ્પકાળમાં મોક્ષ જ છે. ભવ છેને? તો એ તો પુણ્ય થોડું છે એ પુણ્યના સ્થાન .. અમે છીએ. અમને એવું સ્થાન પુણ્યસ્થાન મળશે. આહા..હા..! સમજાણું કાંઈ? આ જલસા કરીને મોટપ લેવી છે. એ મોટપ અમને નહિ હોય એમ કહે છે. બે-ચાર ઉભા કરે મોટપ લેવા માટે. જલસો કરે, અભિનંદન આપવા માટે ભેગા કરેને? અભિનંદન આપવા માટે ત્યાં જાવ, આમ કરો, ..ભેગા કરો અને પછી આચાર્યપદ અમને આપો, અમને આ પદ આપો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માનપત્ર આપો. પુણ્ય જ દેખાય છે. મિથ્યાદૃષ્ટિના બાંધેલા એવા કાંઈક હલકા પુણ્ય દેખાય છે. દાસ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભિખારી જ છે. પણ અહીં બીજી વાત વર્ણવી છે. અહીં એનું ફળ વર્ણવ્યું છે. ફળ વર્ણવ્યું છે અહીં તો. ભગવાન આત્મા નિર્વિકલ્પ આનંદ સ્વરૂપના ભાનવાળા જીવને, ચોથે ગુણસ્થાને હોય એને પણ શુભ એવું હોય છે કે પુણ્યના માર્ગના ભાગી નથી. ભાગી તો પોતાના સુમાર્ગના ભાગી છે. આહા..! સમજાણું કાંઈ? આહા..હા..! પણ પોતાની કચાશથી શુભભાવ છે તો એ વર્ણવે છે. પુણ્યના સ્થાન હોય તો અમે છીએ. દુનિયા પાપી, મિથ્યાદૃષ્ટિ પુણ્યના સ્થાન છે જ નહિ. એમ કહે છે. કહો, જયંતિભાઈ! સમજાય છે કે નહિ આ?

તીર્થંકર થાય તો એને પહેલેથી જ પરમ ઔદારિક શરીર હોય. એવું સમ્યગ્દર્શનમાં પુણ્ય બાંધેલું. એનું શરીર એવું હોય. બીજાને તો પહેલા જન્મે અને એક પાણીનો લોટો માથામાં નાખે તો મરી જાય. આને કેટલું મોટું આવે છે. ૧૦૦૮. મોટો આઠ યોજનનો લાંબો એક. ચાર યોજન, આને આઠ યોજન એટલું પાણી. ૧૦૦૮. કેટલું શરીર ..શરીર ઘાતિ જુઓ. આહા..હા..! નામ.. નથી આવતું ઓલું ભક્તામરનો છેલ્લો શ્લોક આવે છે. ... .. એવું આવે છે. છેલ્લો શબ્દ આવે છે ૪૮ શ્લોક. .. એની સાથે પુણ્ય ભેગું... આપણને બધું કાંઈ યાદ રહે છે? પણ એમાં ભાવ ખ્યાલ આવી ગયો કે મુનિ પણ પોતાની દશા વર્ણવે છે. સમજાણું કાંઈ? અમે ભવિષ્યમાં પંચ કલ્યાણકવાળા તીર્થંકર થવાના છીએ, એમ કહે છે ત્યાં. એવી ધ્વનિ છે. એ શબ્દ આપણે ભૂલી ગયા. સમજાણું? મુનિ હતાને. ભાવલિંગી સંત હતા આનંદમાં ઝૂલનારા. કાંઈક રાગ રહી ગયો છે તો કહે છે કે અમે એવી લક્ષ્મીવાળા બાહ્યમાં પણ પંચકલ્યાણકની લક્ષ્મીવાળા અને અંદરમાં મોક્ષની લક્ષ્મીવાળા થવાના છીએ. એવી વાત છે.

આલોચનામાં ભાઈ નથી આવતું ઓલું? પદ્મનંદી પંચવિંશતિની આલોચનામાં આવે છે. હર વખતે વાંચીએ છીએને આલોચના. પદ્મનંદી પંચવિંશતિ એમાં છેલ્લા બોલ એ આવે છે. કે અમને ત્રણ લોકનું રાજ હોય. કારણ કે ખ્યાલ છે. શુભભાવનું ફળ સ્વર્ગ આવશે. છેલ્લી

કડી એવી મૂકી છે આલોચના અધિકાર છેને? ૩૩ ગાથા છે. પદ્મનંદી પંચવિંશતિની. આપણે વર્ષોવર્ષ વંચાય છે. .. વંચાય છે. ૩૩ ગાથા. ત્યાં છેલ્લું એ કીધું છે. સમજાણું? આલોચના. હરિભાઈએ કર્યું છેને. ... છેલ્લી ગાથાઓ હશે. છે સંસ્કૃતમાં પણ આ ગુજરાતીમાં છે. **'બાહ્ય અપેક્ષા આદિ અભ્યંતર કેવળજ્ઞાન આદિ લક્ષ્મીથી શોભિત શ્રી વીર ભગવાને અમને પોતાને પ્રસન્નચિત્ત થઈને ઉચ્ચ પદ (મોક્ષ)ની પ્રાપ્તિ માટે જે મારા ચિત્તમાં થોડા ઉત્તમ ઉપદેશરૂપ વચનોનું આરોપણ કર્યું છે તેના પ્રભાવથી ક્ષણનશ્વર જે એક પૃથ્વીનું રાજ્ય છે તે તો દૂર રહો, પરંતુ મને તે ત્રણ લોકનું રાજ્ય પણ અહીં પ્રિય નથી.'** એમ કહીને કહે છે કે શુભભાવ છે, સ્વર્ગમાં જશું પણ એ અમને પ્રિય નથી. છેલ્લી કડીમાં છે. ૩૨મી કડી. એ એકલા છે હોં અંદરમાં. ૩૩ કડીમાં ૩૨મી કડી છે આ. આપણે વ્યાખ્યાન થઈ ગયા છે ભાઈ! જુઓ, 'ક્ષણમાત્રમાં વિનાશિક એવું પૃથ્વીનું રાજ પણ મારે પ્રિય નથી. એ વાત તો દૂર રહી પરંતુ પ્રભુ જિનેશના ઉપદેશ પાસે ત્રણ લોકનું રાજ પણ અમને પ્રિય નથી. કદાચિત્ તીર્થંકર થઈએ કે ચક્રવર્તી થઈએ અમને પ્રિય નથી.' આહા..હા..! એમ પોકાર કરે છે પહેલેથી. નિષેધ-નિષેધ. રાગ છે તો થશે તો ખરા. અમને પ્રિય નથી. પ્રિય છે અમારો આત્મા. સમજાણું કાંઈ? બહુ સરસ એક-એક આ તો સંતોની કથની છે અભ્યંતરની અને બાહ્યસ્વરૂપ કેવું હોય એનું વસ્તુ... સાધારણ શાસ્ત્ર ભાવ એમ નથી.

અહીં આ છેલ્લી કથાઓ છેને બધી ગાથાઓ હવે. ૧૬ ગાથા રહી હવે આમાં. પાંચ તો રત્નની આવશે. ઓહો..હો..! કહે છે કે ધર્માત્મા સંત સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રસહિત એને જે શુભભાવ હોય છે એ પોતે પોતાના મોક્ષનું સ્થાન અને પોતે પુણ્યનું સ્થાન. અને એના સેવા કરનારને અને સાંભળનારને, અરે..! મોક્ષ જવાની પર્યાયવાળા જીવને એ આવા જીવો નિમિત્ત હોય છે. અને સામાને પુણ્યમાં પણ આવા નિમિત્ત. એમ કહે છે. જુઓ ઉંચા પુણ્યની વાત લેવી છેને ભાઈ! આહા..હા..! સામા ધર્મી જીવ એને માનનારા, સેવા કરનારાનું પુણ્ય તો એવું હોય છે કે એ પુણ્યમાં અમે નિમિત્ત છીએ. સાધારણમાં પુણ્યમાં અમે નિમિત્ત છીએ નહિ. એમ કહે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! શબ્દમાં કેટલી અંદર ગંભીર ભરી છે વાત! સંતોની કથની છે અંતરની. એ કથનીના ભાવની ગંભીરતાની શું વાત. એમ ને એમ વાંચી જાય એમ નથી. અંદર ગંભીર ભાવ પડ્યા છે, ભાઈ! સમજાણું કાંઈ?

એવા **'તે શ્રમણ પોતાને અને પરને મોક્ષનું અને પુણ્યનું આયતન (સ્થાન) છે તેથી તે (શ્રમણ) અવિપરીત ફળનું કારણ એવું...'** જુઓ, એ અવિપરીત ફળ થયું. **'અવિપરીત ફળનું કારણ 'અવિપરીત કારણ' છે...'** સામાન્ય મોક્ષ અને પુણ્ય થાય એ અવિપરીત છે. અવિપરીતનું અવિપરીત ફળ. સમજાણું કાંઈ? એ 'સમજાણું કાંઈ' આપણે વચ્ચે આરામનું વાક્ય છે. આરામનું વાક્ય છેને? સમજાય છે? સમજાય એ આરામ છે. **'અવિપરીત ફળનું કારણ 'અવિપરીત કારણ' છે એમ પ્રતીતિ કરવી.'** લ્યો ઠીક!

અહીં દર્શયતિનો અર્થ એ કર્યો છે. એમ પ્રતીત કરવી. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો એ ૨૫૯ થઈ. ૨૫૯માં ઘણું આવ્યું.

**'હવે અવિપરીત ફળનું કારણ એવું જે 'અવિપરીત કારણ' તે વિશેષ સમજાવે છે :—'** જેમ અવિપરીત ફળ છે એનું કારણ પણ અવિપરીત જ હોય છે. કાર્ય અવિપરીત તો કારણ પણ અવિપરીત. એ હવે ૨૬૦મી ગાથામાં સમજાવશે. લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૭, સોમવાર, તા. ૦૪.૦૮.૧૯૬૯**
**ગાથા-૨૬૦ થી ૨૬૩, પ્રવચન-૨૨૭**

પ્રવચનસાર, ૨૬૦ ગાથા. **'હવે અવિપરીત ફળનું કારણ એવું જે 'અવિપરીત કારણ' તે વિશેષ સમજાવે છે :—'**

असुभोवओगरहिदा सुद्धुवजुत्ता सुहोवजुत्ता वा।
णित्थारयंति लोगं तेसु पसत्थं लहदि भत्तो।।२६०।।

**અશુભોપયોગરહિત શ્રમણોશુદ્ધ વા શુભયુક્ત જે,**
**તે લોકને તારે; અને તદ્‌ભક્ત પામે પુણ્યને. ૨૬૦.**

**'ટીકા :- યથોક્તલક્ષણ શ્રમણો જ (અર્થાત્ જેવા કહ્યા તેવા જ શ્રમણો)...'** માથે કહ્યાને ઉપર સમ્યગ્દર્શનસહિત, સમ્યગ્જ્ઞાનસહિત, ત્રણ કષાયના અભાવરૂપ ચારિત્રની પરિણતિ સહિત એવા જે સાધુ. **'કે જેઓ મોહ, દ્વેષ અને પ્રશસ્ત રાગના ઉચ્છેદને લીધે અશુદ્ધોપયોગરહિત વર્તતા થકા,...'** જેને મોહ એટલે મિથ્યાત્વ નથી. જેને દ્વેષ નથી, જેને અપ્રશસ્ત રાગ નથી, એટલે પ્રશસ્ત રાગ છે. શુભોપયોગરૂપી પ્રશસ્ત રાગ મુનિને છે. બાકી આત્મા અંદર શુદ્ધ ચિદાનંદસ્વરૂપ સહજાનંદ મૂર્તિ એવો જે સહજ જ્ઞાન અને આનંદનો સ્વભાવ એવો સ્વભાવવાન એને પકડીને એ સંબંધી સમ્યગ્દર્શન, તે સંબંધી જ્ઞાન અને એ સંબંધીનું અશુભ પરિણામ રહિત શુદ્ધની પરિણતિ અને શુભનો વિકલ્પ. સમજાણું કાંઈ? એવા **'વર્તતા થકા,...'** જુઓ, મુનિને અશુભોપયોગ તો હોય નહિ એમ.

ભાઈ પણ લખે છેને ટોડરમલજી. અશુભ એનું અસ્તિત્વ જ નથી. કોઈ ધર્મલોભી પ્રાણી આવે અને શુભ રાગ મુનિને હોય તો ધર્મ ઉપદેશ કરે. વીતરાગતા છે. આહા..! વસ્તુ. વસ્તુ પોતે જ વીતરાગ સ્વરૂપ છે. વસ્તુ વીતરાગસ્વરૂપ ન હોય તો એ વસ્તુ હોઈ શકે જ નહિ. ચૈતન્ય વસ્તુ તો વીતરાગસ્વરૂપ જ છે. બધા એના સ્વભાવો તદ્દન કષાયરહિત એવા શુદ્ધ

સ્વભાવની મૂર્તિ તે આત્મા છે. એવું જિનસ્વરૂપ એવું આત્મતત્ત્વ એનો અંતર આશ્રય કરીને તે જાતની જિનતા પર્યાયમાં પ્રગટ કરી છે, શક્તિરૂપે હતી એ. સમજાણું કાંઈ? આ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. ચંદ્રલોક ને ઇંદ્રલોકને એકકોર રાખને, તારે આ લેને. મૂળ આ વસ્તુ છે પ્રત્યક્ષ અને તે વીતરાગ કહે છે એવું તને ખ્યાલમાં આવી જાય, વેદનમાં આવી જાય એવી એ ચીજ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આવી વાત સર્વજ્ઞ સિવાય બીજે હોય નહિ એમ તને ખાતરી થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ?

... અને આત્મદર્શન, સમ્યગ્દર્શન નિર્વિકલ્પ અનુભવની પ્રતીતિ, એ તો ચોથે ગુણસ્થાને પણ હોય. પાંચમે નિર્વિકલ્પ અનુભવની પ્રતીતિ ઉપરાંત શાંતિના રસનો અંશ વિશેષ વધ્યો છે. કારણ કે દ્રવ્યનો વિશેષ આશ્રય લીધો છે. સમ્યગ્દર્શનમાં આશ્રય લીધો છે, પણ દર્શન પૂરતો શક્તિની વ્યક્તતા પ્રતીત થઈને અનંતા ગુણોની પર્યાય વીતરાગ અંશપણે બધા પ્રગટ્યા છે. સમજાય છે કાંઈ? પાંચમે વિશેષ અંશ પ્રગટ્યો છે. મુનિએ દ્રવ્યનો આશ્રય ઉગ્રપણે લીધો છે. વસ્તુ વીતરાગ પિંડ છે એનો ખૂબ આશ્રય લીધો છે અંદરમાં લીન થઈને. એથી એને મોહ નથી, દ્વેષ નથી, અશુભરાગ નથી. સમજાણું કાંઈ? એકલું નગ્નપણું બાહ્ય એમ નહિ, એમ કહે છે. લ્યો! સમજાણું કાંઈ? તેમ એકલો શુભરાગ એમ પણ નહિ. એ તો શુભરાગ તો અનંતવાર અભવિને થયો છે નવમી ગ્રૈવેયક જાય ત્યારે. અહીં તો આત્મામાં મોહ નહિ એટલે કે મિથ્યાત્વ નહિ એટલે કે સમ્યગ્દર્શનસહિત છે. સહજાત્મસ્વરૂપ પૂર્ણ શાંતિનો રસકંદ એવો અંતર નિર્વિકલ્પપણે અનુભવમાં આવ્યો છે. સમજાણું કાંઈ?

એવું જ અંદર જ્ઞાન પણ અંતરની કળામાંથી ખીલીને અંતરમાંથી જ્ઞાન આવ્યું છે. અને એવી જ રીતે ચારિત્ર પર્યાય પણ વીતરાગ શક્તિ છે એમાંથી આવેલી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનું નામ મુનિપણું અને જૈનદર્શનનું વસ્તુનું સ્વરૂપ જ એવું છે. કહો, પોપટભાઈ! વસ્તુનું સ્વરૂપ એવું છે. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી. વસ્તુ જ એવી છે ત્યાં 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, જિનવચનસે સમજ લે કર્મ કટે સો જિનવચનસે, યહી જૈન ધર્મ કા મર્મ. કર્મ કટે સો જિનવચનસે.' વીતરાગ વાણીમાં વીતરાગભાવ દ્વારા કર્મનો નાશ અને અશુદ્ધતાનો નાશ થાય. સમજાય છે? એવા સંતોને ભલે બહારની નગ્નદશા હોય, એને બીજી દશા ન હોય કે ભાઈ વસ્ત્ર એને હોય કે પાત્ર પણ (હોય) એ ન હોય. પણ એ વસ્તુસ્વરૂપ નથી. એ તો અજીવની, જડની દશા એવી હોય માટે એને અહીં વર્ણવી નથી. સમજાણું કાંઈ? થઈ જાય ખરી એવી જડની દશા. તો અહીંયાં તો પુરુષાર્થપૂર્વક જેટલો દ્રવ્યનો આશ્રય કરીને વીતરાગતા પ્રગટી છે અને શુભમાં પણ એટલો પુરુષાર્થ શુદ્ધનો મંદ પુરુષાર્થ છે. શુભરહિતમાં શુદ્ધનો ઉગ્ર પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? એ આવી ગયું છે આપણે પહેલું. આવી ગયુંને પહેલા નહિ? '**આ શુભોપયોગનો પુરુષાર્થ તે પણ શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે,...**' ૨૫૪માં આવ્યું હતું. વિસ્તાર આવ્યો હતો ત્યારે. કે ઓલા શ્રાવકને

શુભોપયોગથી પરંપરા મોક્ષ થાય એમ કહ્યું છેને? એનો અર્થ આ. માટે સિદ્ધ કર્યું.

વસ્તુસ્વભાવ પૂર્ણ શુદ્ધ ચૈતન્ય વસ્તુ, વસ્તુ, શક્તિ અને તું શક્તિનું તત્ત્વ. શક્તિ એટલે ગુણ છે અને દ્રવ્ય એટલે શક્તિવાળું આખું તત્ત્વ. એ વીતરાગસ્વરૂપ છે એનો જે આશ્રય લઈને પૂર્ણ આશ્રય, ઘણો આશ્રય કર્યો છે તેટલી શુદ્ધતા છે. અને શુભયોગ છે એમાં શુદ્ધતાનો મંદ પુરુષાર્થ તો છે. કારણ કે સ્વભાવનો આશ્રય છેને માટે, એમ. સ્વભાવનો આશ્રય છે માટે. એકલા ... અને શુભમાં શુદ્ધતાની મંદતાનો પુરુષાર્થ છે એમ નહિ. સમજાણું કાંઈ?

એવા સાધુઓ '**સમસ્ત કષાયોદયના વિચ્છેદથી...**' જુઓ, '**સમસ્ત કષાયોદયના વિચ્છેદથી કદાચિત્ (-ક્યારેક)...**' જુઓ હવે એટલા વર્તતા થકા એટલું કહ્યું? પછી કહે છે. '**સમસ્ત કષાયોદયના વિચ્છેદથી કદાચિત્ (-ક્યારેક) શુદ્ધોપયુક્ત...**' લ્યો! શુભ-અશુભ પરિણામરહિત શુદ્ધોપયોગવાળા મુનિ હોય છે. સાતમા ગુણસ્થાનમાં શુદ્ધોપયોગે મુનિ છે. '**સમસ્ત કષાયોદયના વિચ્છેદથી...**' એટલે શુભભાવ પણ નથી ત્યાં એમ. '**કદાચિત્ શુદ્ધોપયુક્ત (શુદ્ધોપયોગમાં જોડાયેલા) અને પ્રશસ્ત રાગના વિપાકથી...** ' એમ. શુભરાગના પાકથી કદાચિત્ શુભોપયોગ હોય છે લ્યો! એમ લખ્યું. અહીં તો '**પ્રશસ્ત રાગના વિપાકથી...**' એટલે એ અર્થ .. પ્રશસ્ત રાગ. ત્યાં કાંઈ પ્રશસ્ત, અંદર કાંઈ રાગ પ્રશસ્ત હતો જડનો એ કાંઈ નથી. અહીં તો પાકમાં પ્રશસ્ત રાગનો વિપાક થયો એમ. પ્રગટેલો એટલો ભાવ. અહીં તો સ્વભાવનો ભાવ નથી માટે એમ કહ્યું છે એમ. સ્વભાવભાવ નથી એટલો.

'**પ્રશસ્ત રાગના વિપાકથી કદાચિત્ શુભોપયુક્ત હોય છે...**' એટલે પ્રશસ્ત રાગનો પાક ત્યાં અંદરમાં આવ્યો પોતાના ભાવમાં હોં! એ શુભરાગ છે, પુણ્યબંધનું કારણ છે. જેનું વીતરાગપણું એમાં નથી. પણ એ ભાવ હોય છે. આ '**તેઓ—**' પાછા અહીં કાઢે કેટલાક કે ઓલો રાગ મંદ થઈને ઉદય આવ્યો હોય તો એને શુભોપયોગ એમ. એમ નથી આ. અહીં તો પ્રશસ્ત રાગનો વિપાક જ પોતામાં છે. તીવ્ર ઉદય હોય તો આમ થાય અને મંદ ઉદય હોય તો આમ થાય એમ નથી. સમજાણું કાંઈ? ઓલામાં કીધું હતુંને ભાઈ? જ્ઞાન. શું કહેવાય?

મુમુક્ષુ :- ...મિથ્યાદષ્ટિ...

ઉત્તર :- હા, મિથ્યાદષ્ટિ .. તીવ્ર ઉદય હોય તો છઠ્ઠું અને મંદ ઉદય હોય તો સાતમું એમ નહિ. ત્યાં એમ કહ્યું છે. એનો પોતાનો પુરુષાર્થ શુભનો છે તે ટાણે છઠ્ઠે અને સાતમે શુભનો ઉગ્ર છે માટે સાતમું છે. સમજાણું કાંઈ? શું વળી ફેર પડ્યો આમાં?

મુમુક્ષુ :- ... નથી તો પોતે પોતાની પર્યાયમાં...

ઉત્તર :- હા, એ તો છેને. ત્યાં કર્મનો ઉદય તીવ્ર હતો માટે છઠ્ઠું છે, સંજ્વલનનો સંજ્વલન (અને) મંદ ઉદય છે માટે સાતમું છે એમ નથી. સમજાણું કાંઈ? પ્રશસ્ત રાગનો

પાક જ એનો શુભભાવનો ત્યાં પુરુષાર્થ એટલો છે એ જાતનો. સમજાણું કાંઈ? ઉદય ગમે તે પ્રકારનો હોય, પણ અહીંયાં પ્રશસ્ત શુભરાગનો જ પુરુષાર્થ છે એવો જ એનો પાક છે. કદાચિત્ કેમ કહ્યું? શુદ્ધોપયોગ ન હોય ત્યારે. એમ. શુદ્ધોપયોગ ન હોય ત્યારે. '**તેઓ પોતે મોક્ષાયતન.**' જુઓ, ભગવાન આત્મા શુદ્ધોપયોગમાં રહેતો હોય કે શુભ વિકલ્પમાં આવ્યો, પણ છે તો મોક્ષનું સ્થાન હોવાથી.

કાલે તો આવ્યું હતુંને આપણે? કાલે આવ્યું હતુંને ભાઈ? '**શ્રમણ પોતાને અને પરને મોક્ષનું અને પુણ્યનું આયતન (સ્થાન) છે...**' શું આવ્યું હતું? અમરચંદભાઈ! શુભભાવનું પણ સ્થાન છે મુનિ. કારણ કે એ જાતનું શુભ આયતન પોતાને પુણ્ય છે અને મોક્ષનું સ્થાન છે. કારણ કે વીતરાગ દશાની પર્યાય છે એ મોક્ષનું સ્થાન છે અને મુનિ મોક્ષનું પણ આયતન-ઘર છે અને મુનિ પુણ્યના પરિણામનું પણ આયતન-ઘર છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે '**તેઓ—પોતે મોક્ષાયતન હોવાથી લોકને તારે છે;...**' જુઓ, ચરણાનુયોગનું કથન છેને? એને નિમિત્તપણાનું કથન છે કે લોકને તારે છે. સમજાણું કાંઈ? એ લોકને તારે છે. એટલે કે તરનારને તેનું નિમિત્તપણું થાય છે તરનારને અજ્ઞાનીનું નિમિત્ત હોતું નથી. એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આ શાસ્ત્રના અર્થ કરવામાં પણ ભૂલ કરે અને પછી સમજે કે અમે શાસ્ત્ર પ્રમાણે અર્થ કરીએ છીએ. અહીં તો કહે છે, ભગવાન! આહા..હા..! ભગવાન એટલે આત્માને કહીએ છીએ હોં અત્યારે. તારું સ્વરૂપ જ ભગવાન છે. આહા..હા..! ભગવાનસ્વરૂપ ન હોય તો પર્યાયમાં ભગવાનપણું ક્યારે પરિણમશે? આવશે? ભાઈ! તને ખબર નથી. સર્વજ્ઞ વીતરાગતા, અનંત આનંદ એવી જે અનંતચતુષ્ટય જે પર્યાય સર્વજ્ઞને પ્રગટી. એ પ્રગટી એ અસ્તિપણે થઈ એ ક્યાંથી આવી? વસ્તુ પોતે ચતુષ્ટમય છે અંદર. સમજાણું કાંઈ? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંદ આનંદ, અનંત દળનો પિંડ પોતે છે. વસ્તુ જ એવી છે. એવી ન હોય તો એ સ્વભાવ ન કહેવાય. વસ્તુ એટલે આત્મા એનો સ્વભાવ... આ વસ્તુસ્વભાવવાન, આ સ્વભાવ. જે સ્વભાવમાં અનંતતા છે, અનંતતા છે. કારણ કે સ્વભાવ છે એને અંત મર્યાદિત ન હોઈ શકે. સમજાણું કાંઈ? અખંડ એક સ્વભાવ છે માટે તે અનંત અને અપાર છે. એવા ભગવાન આત્મામાં એકાકાર થતાં મુનિઓ શુદ્ધોપયોગી હોય કષાયનો વિચ્છેદ થઈને કે શુભોપયોગી હો પ્રશસ્ત રાગના પાકમાં જોડાઈને, શુભોપયોગમાં આવીને.

'**તેઓ—પોતે મોક્ષાયતન (મોક્ષનું સ્થાન) હોવાથી લોકને તારે છે;...**' જુઓ, અહીં તો લોકને તારે છે એમ કીધું. છેને પાઠ છેને. સમજાણું કાંઈ? '**णित्थारयंति लोगं**' તરનાર પાત્ર જીવ જે છે એને આ જઘન્ય આત્મા નિમિત્ત તરીકે તારે છે એમ કહેવામાં આવે છે. '**અને તેમના પ્રત્યે ભક્તિભાવથી જેમને પ્રશસ્ત ભાવ પ્રવર્તે છે...**' અને તેમના પ્રત્યે, આવા સંતો પ્રત્યે... ભલે શુભોપયોગી હોય. એ તો અહીં મુનિ છેને? શુભોપયોગને

લઈને મુનિ નથી. મુનિ તો એને વીતરાગી પરિણતિને લઈને મુનિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો પોતે મોક્ષના લોકને તારે છે **'અને તેમના પ્રત્યે ભક્તિભાવથી જેમને પ્રશસ્ત ભાવ પ્રવર્તે છે...'** જુઓ, એવા સાધુ પ્રત્યે ભક્તિભાવથી પ્રશસ્તભાવ પ્રવર્તે છે. **'એવા પર જીવો પુણ્યના ભાગી થાય છે.'** ભક્તો પુણ્યને પ્રાપ્ત કરે છે. એટલું લીધું અહીં પહેલામાં તો આવી ગયું હતું. ભક્તોને તે મોક્ષનું સ્થાન છે એ તો ૨૫૯માં આવી ગયું. એ પોતે મોક્ષનું સ્થાન છે એમ. લોકને તારે છે એટલે મુનિ કીધું. તારે છે એટલે આવી ગયું ને અંદર એ?

પણ અહીં ભક્તિ કરનારને તો ભક્તિભાવ પ્રવર્તે છે તેથી તે પુણ્યના ભાગી છે, એમ કહ્યું. તારે છે એ તો બરાબર છે એ તો નિમિત્ત થયું અને તરનાર છે, તરનાર છે એ તો પોતાથી તરે છે. એટલે તરવાના આયતનવાળા તો એ છે. પણ તરવાના આયતનવાળાને આ જીવ છે તે નિમિત્ત થાય એટલે એ તારે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જયસેનાચાર્યની ટીકામાં તો લીધું છે. **'भव्यवरपुण्डरीकः प्रशस्तफलभूतं स्वर्गं लभते, परंपरया मोक्षं चेति भावार्थः।।'** એમ. ટીકામાં છે. સમજાણું કાંઈ? ભારે વાત. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ સ્વભાવનો સાગર એમાં જેણે રમતું માંડી છે અંદરમાં. પછી શુદ્ધોપયોગી હોય કે શુભોપયોગવાળો હોય. સમજાણું? એ જગતના જીવને તારવામાં નિમિત્ત છે. એ સિવાય બીજા કોઈ તારવામાં નિમિત્ત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એટલે ખરેખર તો જ્ઞાનીનો ઉપદેશ જ બીજાને નિમિત્તરૂપે તારવામાં નિમિત્ત હોઈ શકે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'અને તેમના પ્રત્યે ભક્તિભાવથી જેમને પ્રશસ્ત ભાવ પ્રવર્તે છે...'** ભક્તિભાવથી પ્રશસ્ત ભાવ પ્રવર્તે છે. **'એવા પર જીવો પુણ્યના ભાગી થાય છે.'** એને શુભભાવ થાય છે. ભક્તિવાળાને શુભભાવ થાય છે. તરવામાં નિમિત્ત તો કીધું. નિમિત્ત કીધું, પણ ઓલા તરનાર પર છેને એટલે પુણ્યનું કારણ થાય. એ અપેક્ષાએ લીધું. કહો, સમજાણું કાંઈ? **'પુણ્યશાળી; પુણ્યને ભોગવનારા; પુણ્યના ભાજન.'** એ તો આયતન આવ્યું હતુંને? પુણ્યનું આયતન છે એ તો કાલે પણ આવ્યું હતું. મુનિ (પોતાને) અને બીજા જીવો બેયને મોક્ષનું આયતન છે અને બેયને પુણ્યનું ભાજન છે. મુનિ પણ પુણ્યનું ભાજન છે, એ પણ પુણ્યનું ભાજન છે. ૫૯માં આવ્યું હતું. સમજાણું કાંઈ?

જ્ઞાનીને જે પુણ્ય બંધાય એવું અજ્ઞાનીને પુણ્ય બંધાય નહિ એટલે એને પુણ્યનું આયતન કહેવામાં આવ્યું છે. સમજાણું? તીર્થંકરપણું, ચક્રવર્તીપણું, ઈન્દ્રપણું એના ભાગી તો જ્ઞાની જ છે. એના ભાગી એટલે એવું પુણ્ય તો એને જ હોય છે. માટે પુણ્યના ભાગી એને કહેવામાં આવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૨૬૦ થઈ લ્યો.

૨૬૧. **'હવે અવિપરીત ફળનું કારણ એવું જે 'અવિપરીત કારણ'...'** સાચા ફળનું

કારણ, સાચું કારણ એમ. '**તેની ઉપાસનારૂપ પ્રવૃત્તિ...**' તેની સેવારૂપ પ્રવૃત્તિ '**સામાન્યપણે અને વિશેષપણે કરવાયોગ્ય છે એમ બે સૂત્રોથી દર્શાવે છે :—**' ૬૧ અને ૬૨ એમ. બે સૂત્રો એટલે બે ગાથા.

**दिट्ठा पगडं वत्थुं अब्भुट्ठाणप्पधाणकिरियाहिं।**
**वट्टदु तदो गुणादो विसेसिदव्वो त्ति उवदेसो।।२६१।।**
**પ્રકૃત વસ્તુ દેખી અભ્યુત્થાન આદિ ક્રિયા થકી**
**વર્તો શ્રમણ, વર્તનીય ગુણાનુસાર વિશેષથી. ૨૬૧.**

શું કહે છે? અન્વયાર્થ છે ત્રણ લીટીનો, ટીકા છે બે લીટીની. ઓલામાં બે આવે ખરુંને. શબ્દ અને અર્થ બે આવે ખરાને એટલે ત્રણ લીટી થઈ ગઈ. નીચે છે ખરુંને. અન્વયાર્થ નીચે જુઓ. '**પ્રકૃત વસ્તુ...**' પ્રકૃત વસ્તુને એટલે '**અવિકૃત વસ્તુ; અવિપરીત પાત્ર. (અભ્યંતર-નિરુપરાગ-શુદ્ધ-આત્માની ભાવનાને જણાવનારું...** ' અભ્યંતર નિરુપરાગ. રાગરહિત શુદ્ધાત્માની ભાવના શબ્દે અંતરની એકાગ્રતાને જણાવનારું. '**જે બહિરંગ-નિર્ગ્રંથ-નિર્વિકાર-રૂપ...**' બાહ્ય પણ નિર્ગ્રંથ દિગંબરરૂપ. '**તે રૂપવાળા શ્રમણને અહીં 'પ્રકૃત વસ્તુ' કહેલ છે.)**' પ્રકૃત નામ ખાસ વસ્તુ આ એમ. અભ્યંતરમાં વીતરાગ મૂર્તિ છે. બાહ્યમાં નિર્ગ્રંથદશા છે. જે નિર્વિકાર દશા અંદર નિરુપરાગ વસ્તુ છે એને બતાવે છે. એવું નિમિત્ત છે એને આવું નૈમિત્તિક હોય. હોય એને આ નિમિત્ત કહેવાય એમ કહે છે. સમજાણું કાંઈ? બહારમાં નિર્ગ્રંથદશા હોય અને અંદરમાં ન હોય તો એ વસ્તુ જ નથી એમ કહે છે અહીં. અંતરમાં વીતરાગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ હોય અને બાહ્યમાં આવું હોય ત્યારે એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ યથાર્થ થયો. એથી એ નિમિત્ત છે નિર્ગ્રંથપણું નિરુપરાગદશાને જણાવે છે. એમ કહે છે ભાઈ અહીં તો. શું કહેવાય? ચરણાનુયોગનું કથન છેને. આમ નિર્વિકારી મુદ્રા, અંદરમાં નિર્વિકારી દશા, વીતરાગ મુદ્રા, આનંદમાં મહાલતો, વસ્તુના સ્વભાવની એકાગ્રતાની રમતમાં રમતો, નિરુપરાગભાવ રાગ વિનાનો, બાહ્યમાં પણ નિર્ગ્રંથ એક વસ્ત્રનો કટકો-તાણો નહિ, તદ્દન માએ જન્મ્યો એવો. તદ્દન ઉપશમ રસ દેખાય શરીરમાં. શરીરમાં પણ ઉપશમરસ દેખાય, એમ કહે છે. અંદરની ઉપશમતા એનો ખ્યાલ આવે છે.

'**પ્રકૃત વસ્તુ = અવિકૃ વસ્તુ; અવિપરીત પાત્ર.**' એટલે સાચું પાત્ર એમ. '**(અભ્યંતર-નિરુપરાગ-શુદ્ધ-આત્માની ભાવનાને જણાવનારું...**' લ્યો! પાછો એનો અર્થ એવો નથી કે બહિર્ નિર્ગ્રંથ છે નગ્ન માટે અંતરમાં આવું નિરુપરાગ જ છે. અહીં તો નિમિત્ત-નૈમિત્તિક આવું હોય ત્યાં આ દેખાડે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત. સમજાણું કાંઈ? જેને અંતર વીતરાગતા મુનિયોગ્ય પ્રગટી છે એની દશા તો નિર્ગ્રંથ (હોય). તદ્દન નગ્નદશા, બાળક જેમ હોય એવી જેની દશા નિર્વિકાર. શરીરના અવયવોમાં શાંતરસના ઢાળા ઢળી ગયા હોય જાણે. સમજાણું કાંઈ? એવી વસ્તુ પ્રકૃત વસ્તુ કહેવામાં આવે છે.

એ **'પ્રકૃત વસ્તુને દેખીને (પ્રથમ તો) અભ્યુત્થાન...'** છેને નીચે? **'માનાર્થે ઊભા થઈ જવું અને સામા જવું તે.'** જેને અંતર વીતરાગદશા શુદ્ધ પરિણતિ પ્રગટી છે. સમજાય છે કાંઈ? અને બાહ્યમાં તદ્દન નગ્નદશા છે. બેયનું અહીં ભાન છે. પહેલા અજાણ્યા સાધુ હોય, એમ કહેવા માગે છે મૂળ તો. જ્યારે હજારો સાધુ હતા. સમજાણું? જ્યારે કોઈ અજાણ્યા સાધુ આવે તો એકદમ તો ખબર ન હોય. એટલે પહેલા એનું નિર્ગ્રંથપણું દેખી બાહ્યનું, અંતરમાં એવા હોય છે એમ કરીને એનો આદર કરવો. **'માનાર્થે ઊભા થઈ જવું અને સામા જવું તે.'** અભ્યુત્થાન. સમજાણું કાંઈ? મુનિએ મુનિની વાત છે હોં. મુનિ-મુનિની વાત છે. વાત તો એની જ છેને ભાઈ! પેટામાં. આહા..હા..!

**'અભ્યુત્થાન આદિ ક્રિયાઓ વડે...'** લ્યો! બધા **'(શ્રમણ) વર્તો; પછી ગુણ પ્રમાણે ભેદ પાડવો.—'** પછી પરિચય થતા ખ્યાલમાં આવે. અજાણ્યા સાધુ હોય પહેલા. ખ્યાલ આવે કે ઓહો..હો..! આ તો ગુણે અધિક છે કે ગુણમાં ફેર છે. પછી પરિચયમાં આવે ત્યારે ખબર પડે. આ તો હજારો સાધુ જ્યારે હતા. એમાં એવા .. સમજાય છે? એની વાત છે. આને અત્યારે સાથે ગોઠવી દે. જાણીતા તો જાણીતા છે બધા અત્યારે તો. સમજાણું? કેવી શ્રદ્ધા છે? કેવું આચરણ છે? શાસ્ત્ર પ્રમાણે.. કેમ એ તો ખ્યાલમાં પ્રસિદ્ધ છે. અમરચંદભાઈ! સાચા-સાચા સંતના ટોળા હતા અને કોઈ મહાસંત એકદમ નવા થયા હોય. મહા.. એકલા વિચરતા હોય ગુરુની આજ્ઞાથી. તો એકદમ અજાણ્યા આવ્યા તો કહે છે કે પહેલા તો એનો આદર કરવો. સમજાણું કાંઈ?

પછી **'गुणात् विशेषितव्यः'** પછી એની યોગ્યતા પ્રમાણે એનો પરિચય કરવો. વિશેષ ગુણ લાગે નહિતર એની ક્રિયામાં, ઓલામાં જોતા ફેર લાગે. બાહ્ય ક્રિયા સરખી હોય તો તો બાહ્ય ... મુનિ પણ છે. બહારની ક્રિયામાં ફેર ન હોય તો એને છે. ખ્યાલમાં આવે કોઈને અંદરની વાત, પણ બહારમાં સરખાપણે હોય તો એને કાંઈ વિશેષ ફેરફાર ન કરી શકે. આ તો ગુણાનુ.. વાત છેને? ગુણ તો અંદરમાં ખ્યાલ આવી જાય એને. જરીક એ કરે તો ખ્યાલમાં આવી જાય. આ સ્થિતિનો માર્ગ છે. આ સત્‌નો વિષય છે. એ પ્રમાણે કરે. ઓછું લાગે ફેરફાર લાગે તો.. ફેરવી નાખે. આગળ આવશેને. પોતે ગુણે અધિક છે અને સાધારણને વંદન કરે તો ભ્રષ્ટ થશે. આવે છેને? ગાથા આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો હવે દ્રવ્ય પણ છતાં એને ખ્યાલ આવે કે આવો છે તો એને ખરેખર તો વ્યવહાર પણ કરે નહિ. સમ્યગ્દૃષ્ટિ છે એ વિશેષ હોય તો કરે. સમકિત દૃષ્ટિ હોય સમકિતી, શ્રાવક, ગૃહસ્થ. મુનિની વાત નથી અહીંયાં. મુનિની વાત જ નથી અહીં. ભાઈ! મુનિની વાત નથી ત્યાં. સમકિતી અંતર ભાન છે, અનુભવ છે અને બીજો એવો છે કે એને અનુભવ નથી, સમ્યગ્દર્શન નથી, પણ એવી ક્રિયામાં વિશેષ છે એની ભૂમિકા પ્રમાણમાં છઠ્ઠાની. તો

એને મદદ કરે વ્યવહારે. છેને? ખ્યાલમાં આવ્યું હોય કે આને મૂળ દૃષ્ટિ વસ્તુની નથી, પણ બાહ્ય આવો હોય તોપણ એને વ્યવહારે મદદ કરે. આ તો મુનિ છે. મુનિને તો કોઈ ગુણ હોય તો જ આદર કરે. નહિતર આદર છોડી દે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો યથાર્થમાં હોય ત્યારેને. નહિ તો ફેરફાર હોય તો છોડી દે, આખો સંઘ પણ માને. ફેરફાર લાગે કે આ દૃષ્ટિમાં ફેર છે, આ ગુણમાં ફેર છે, એની પ્રરૂપણામાં ફેર છે, આચરણમાં ફેર છે. જે આચરણ જોઈએ તેવું આચરણ નથી તો છોડી દે. પણ આ તો સંઘ પણ કબુલ કરે છે. એ તો .. છેને. એ ક્યાં ત્યાં કષાયવાળા હતા? પક્ષપાતવાળા હતા? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ભલે હોય. એ તો જણાવે છે કે કાંઈ બધા ભાવલિંગી ત્યાં નહોતા એટલું. સમવસરણમાં આવે છેને. દ્રવ્યલિંગી તો હોય, છતાં જ્ઞાનીને તો ખ્યાલમાં આવી જાય એમ કહે છે અહીં તો. મુનિને તો ખ્યાલમાં આવ જાય. પરિચય કરે ત્યાં ખ્યાલમાં અંદર ભાવનો ખ્યાલ આવી જાય. એમ કહે છે અહીં તો. ઓલાને પણ ખ્યાલમાં તો આવી જાય ચોથાવાળાને. પણ બાહ્ય ક્રિયામાં ચોખ્ખી ક્રિયા હોય સરખી, એની ભૂમિકા પ્રમાણની ચોખ્ખી સરખી ક્રિયા હોય અને પોતાથી અધિક છે બહારમાં એ જાતનો. ભલે એ ભવમાં રખડતો હોય. અધિકપણું ધનવાનનો દાખલો આપ્યો છેને. એક ધનવાન છે અને બીજા ધનવાન ઘણા હોય અને બીજા વડેરા હોય એ ધનવાન ઓછા હોય, પણ કુળમાં મોટા હોય. દાખલો આપ્યો છેને? મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવ્યો છે. એ મોટા કુળને દેખીને લૌકિક આદર કરે છે. એમ આ ધનવાન પોતે છે સમકિતી અને ઓલો ધનવાન નથી. ક્રિયા એના ગુણસ્થાનને યોગ્ય જેટલી જેવી છે તેવી ચોખ્ખી છે તો એનો આદર કરે. પુણ્યનું કારણ છે, શુભભાવ છે તો આદર કરે. આ મુનિ તો ગુણને દેખીને જ કરે. એ સિવાય.. પછી હોં. પહેલા કરે, પછી નહિ. એ કહ્યુંને. તેથી તો આ કહ્યું છે.

'**ભેદ પાડવો.**' .. છેને અંદર. '**त्रयानन्तरं गुणाद्गुणविशेषात् विसेसदव्वो**' સંસ્કૃતમાં છે. એ તો આવે છેને બધે આવે છે. ધવલમાં પણ આવે છે. બોલાવ્યા છે મુનિને તો ત્રણ દિ' સુધી તો મુનિ સામું જોતા નથી લ્યો! ત્રણ દિ' પછી કહે છે કે મહારાજ! અમે આ કારણે આવ્યા છીએ પ્રભુ આપની આજ્ઞા... આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે છે એ બધી ખબર છે. .. પણ એ તો વીતરાગ છે. જ્યારે એ વિકલ્પ આવે ત્યારે આવે. એમ અહીં તો કહે છે. એવી રીતે મુનિ આવ્યા છે. ભાવલિંગી સંત છે લ્યોને. પુષ્પદંત અને ભૂતબલી. વીતરાગી મુનિ છે. ઓહો..હો..! ભગવાન એમ કહ્યું.

ભગવાન પુષ્પદંત... છઠ્ઠા ગુણસ્થાન, વીતરાગી દશા છે. ખ્યાલમાં આવે, બીજાને ખબર પડી જાય એવી વાત છે. ત્રણ દિ'એ તો પૂછે છે હજી ભાઈ કેમ થાય? ચાલો ભાઈ આજે શરૂ કરીએ. ત્રણ દિ' પછી કહે છે કે મહારાજ! અમે આ રીતે આવ્યા છીએ. અચ્છા. એમ છેને એનું? અચ્છા. .. જોયું હતું. સપનામાં તો બળદ ધોળો-સફેદ બળદ બે આવીને નમે છે. એ તો જાણ્યું છે કે છે તો કોઈ મહાપાત્ર ઉમદાજીવ આત્મા જાણનારા આની વિશેષ પરીક્ષા માટે વિદ્યા કરી આપી પછી. .. વર્ધમાન. બે વિદ્યા આપી બે જણાને. એકને ઓછા અક્ષરવાળી અને એકને વધારે અક્ષરવાળી. સાધો જાવ. પોતે જ આ રીતે.. ઓલા તો ઓછા અક્ષરવાળી હતી એને થોડાક.. વધારેવાળી તો કાઢીને ચાલતો થયો. જુઓ, વ્યંતર ... ત્યાં તો હોયને દેવો તો ઘણા હોય. આવું મહાયોજન. પુષ્પદંત અને ભૂતબલી.

અહીં ગુણમાં વિશેષ હોય તો તે પ્રમાણે કરવું. ગુણમાં સાધારણ હોય તો પછી એ પ્રમાણે કરવું. ભેદ પાડવો પછી એમ કહે છે. પહેલો ભેદ ન પાડવો શરૂઆતમાં. અજાણ્યા છેને. '**આમ ઉપદેશ છે.**' લ્યો! સમજાણું? '**सामान्यप्रतिपत्तिं,**' '**दिनत्रयपर्यन्तं**' છેને? '**सामान्यप्रतिपत्तिं, तदनन्तरं विशेषप्रतिपत्तिं**' પછી ભેદ કરવો '**આમ ઉપદેશ છે.**' જુઓ, લખ્યું છેને. '**सर्वज्ञगणधरदेवादी नामिति**' સર્વજ્ઞ અને ગણધરોમાં આ ઉપદેશ છે. સંસ્કૃત ટીકામાં છે. ભગવાનની વાણીમાં આ આવ્યું છે.

'**ટીકા :- શ્રમણોને આત્મવિશુદ્ધિના હેતુભૂત પ્રકૃત વસ્તુ પ્રત્યે તેને યોગ્ય ક્રિયારૂપ પ્રવૃત્તિ વડે...**' ટીકા. સાધુને આત્મવિશુદ્ધિ વીતરાગતા પ્રગટી હોય. જુઓ, અહીંયાં વિશુદ્ધિ વીતરાગના અર્થમાં છે ભાઈ! નહિતર વિશુદ્ધિ શુભભાવના અર્થમાં આવે છે. શુભભાવના અર્થમાં વિશુદ્ધિ આવે છે. ઉપદેશાત્મક મૂળ. એમાં આ પણ આવે છે. આમ પણ આવે છે. '**શ્રમણોને આત્મવિશુદ્ધિના હેતુભૂત પ્રકૃત વસ્તુ પ્રત્યે તેને યોગ્ય (શ્રમણયોગ્ય) ક્રિયારૂપ પ્રવૃત્તિ વડે ગુણાતિશયતાનું આરોપણ કરવાનો નિષેધ નથી.**' આવી રીતે કહ્યું. એટલે કે પહેલું જેવા મુનિ હોય છે એ રીતે પહેલો ખ્યાલ રાખીને, અજાણ્યો હોય એટલે એનો એની સાથે વ્યવહાર કરે એમ કહેવું છે. '**ગુણાતિશયતાનું આરોપણ...**' એટલે? સાચા મુનિ છે એમ માનીને. અજાણ્યા હોય છેને. તદ્દન અજાણ્યા હોય. કોણ છે? ક્યાંથી આવ્યા? કોના શિષ્ય છે? કેટલા વર્ષની દીક્ષા છે એની ખબર ન હોય. સમજાણું કાંઈ? હજારો સંતો છતાં. આહા..હા..! કાળ એવો ઉંચો હતોને. ઉંચો હતો. આહા..હા..! '**ગુણાતિશયતાનું આરોપણ કરવાનો નિષેધ નથી.**' એનો અર્થ એ. વિશેષનો અર્થ કર્યો. પહેલું સામાન્યપણે એનો અર્થ કર્યો એ. સામાન્યપણે ગુણાતિશયનો નિષેધ નથી, પણ વિશેષ તારવવું એમ સમજી લેવાનું.

'**ભાવાર્થ :- જો કોઈ શ્રમણ અન્ય શ્રમણને દેખે તો પ્રથમ તો,...**' એમ. '**જાણે કે તે અન્ય શ્રમણ ગુણાતિશયતાવાળા હોય એમ તેમના પ્રત્યે (અભ્યુત્થાનાદિક)**

વ્યવહાર કરવો.' જુઓ, .. વગેરે-વગેરે છેને એને યોગ્ય હોય છે. '**પછી તેમનો પરિચય થયા બાદ તેમના ગુણ અનુસાર વર્તન કરવું.**' પરિચય થયા પછી ખબર પડે કે ઓહો..હો..! આમાં તો ફેર છે. અથવા આ તો મહામુનિ છે. વિશેષ આપણા ધાર્યા કરતા જુદી દશા છે. ઓહો..! અંતરની દશા કળી જાય એમ કહે છે. એક મુનિ બીજા મુનિની દશા કળી જાય એમ કહેવા માગે છે અહીં. કળી જાય સમજાણું? જાણી જાય. ન જણાય એનો પ્રશ્ન અહીં છે જ નહિ. જાણી જાય એને. અજાણી રીતે મળે તો ત્યાં શું પછી? પછી તેને જાણીને કરે. એની હાલ, ચાલ, એની શ્રદ્ધાનો ભાવ જ્યાં નીકળે ત્યાં ઓહો..હો..! આમાં ફેર છે વસ્તુમાં. પછી .. એના પ્રમાણમાં કરે. ઓહો..હો..! પ્રવચનસાર, ચરણાનુયોગ કેટલો વિવેક! આહા..હા..! સમજાણું કાંઈ? ૨૬૧ થઈ.

'**(એ રીતે પહેલું સૂત્ર કહીને હવે એ વિષયનું બીજું સૂત્ર કહે છે :—)**' એ જ વિષયનું બીજું. પહેલા બે કહ્યા હતાને?

**अब्भुट्ठाणं गहणं उवासणं पोसणं च सक्कारं।**
**अंजलिकरणं पणमं भणिदमिह गुणाधिगाणं हि।।२६२।।**
**ગુણથી અધિક શ્રમણો પ્રતિ સત્કાર, અભ્યુત્થાન ને**
**અંજલિકરણ, પોષણ, ગ્રહણ, સેવન અહીં ઉપદિષ્ટ છે. ૨૬૨.**

એની ટીકા લઈએ. '**ગુણાધિક (ગુણે અધિક શ્રમણો) પ્રત્યે અભ્યુત્થાન,...**' ઉભા થવું '**ગ્રહણ (આદરથી સ્વીકાર),...**' કરવો. જુઓ, સાચા સંત, મુનિ, દિગંબર મુનિ છે. જંગલમાંથી ચાલ્યા આવતા હોય છે આમ. સિંહની પેઠે પરાક્રમી હોય છે. વીતરાગની અંદર ઝૂલતા હોય છે. આહા..હા..! કહે છે, એવા ગુણાધિકથી જે સાધુ હોય એના પ્રત્યે આદર કરવો. આદરથી સ્વીકાર કરવો. '**ઉપાસન,...**' સેવા કરવી. '**પોષણ (તેમનાં અશન, શયન વગેરેની ચિંતા),...**' એટલે વિકલ્પ આવે એવો કે આ ઠેકાણે તમારા કામ ઠીક રહેશે, આ ઠેકાણે આહાર શુદ્ધ લેવા જાવું એમ. સમજાણું કાંઈ?

'**સત્કાર (ગુણપ્રશંસા),...**' ગુણની પ્રશંસા કરવી. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર હોય એની પ્રશંસા કરવી. શાસ્ત્રમાં તો એ આવ્યું કીધુંને ધવલમાં. મતિજ્ઞાનમાં અવગ્રહ, ઈયા, અવાય, ધારણાનો વિષય ચાલ્યો છે. સામો જીવ સમ્યગ્દષ્ટિ છે કે ભવિ છે એવો નિર્ણય કરી શકે છે બીજો જીવ. સામો જીવ સમ્યગ્દષ્ટિ, જ્ઞાની અને ચારિત્રવંત છે એવો નિર્ણય કરે છે એથી એને નિર્ણય થઈ જાય છે કે આ ભવિ છે. સમજાણું કાંઈ? એ તો એના ભાવમાં ન્યાયમાં .. મગજ જ્ઞાન સમ્યક્ છે એટલે સામે જેવું છે એવું ખ્યાલમાં આવે. પરિચય જોઈએ. છદ્મસ્થ છેને? સમજાણું કાંઈ?

'**સત્કાર (ગુણપ્રશંસા), અંજલિકરણ (વિનયથી હાથ જોડવા)...**' બે હાથ જોડીને '**અને પ્રણામ કરવાનું અહીં કહ્યું છે.**' ... ગુણાય. ૩૨મું અધ્યયન છે ઉત્તરાધ્યયનમાં

છે. .. શ્વેતાંબરમાં આવે છે. કોની સાથે રહેવું એવું આવે છે. .. ગુલાબચંદ ગાંધી. ... એવા શબ્દ છે. ગુણાહે.. ૩૨મું અધ્યયન છે ઉત્તરાધ્યયનનું. એ જ વાત અહીં મૂકી. આમાંથી લીધું એ લોકોએ. બનાવ્યું છેને પાછળથી? શાસ્ત્રો તો આ પછી બનાવ્યાને એણે શ્વેતાંબરે. એમાં ખુલ્લું મૂક્યું છે ભાઈ આમાં તો હોં એ. એ બધા ભેગા થઈને આ કબુલ્યું છે. આમાં આ લખ્યું છે. જરા ..માં ઓલું છે ખરુંને. અંદરમાં ઓલા એક કોઈ નક્ષત્રમાં જાય, માંસ ખાય અને જાય તો આમ થાય એ એણે .. કર્યો હતો કે આ તો શાસ્ત્ર કહેવાય નહિ. આવું હોય તો શાસ્ત્ર કેમ કહેવાય? સમજ્યાને?

નક્ષત્ર. 'કાર્યસિદ્ધિ હેતુ કિયે જાનેવાલે નક્ષત્ર ભોજનસંબંધી માંસ પ્રકરણ પર વિચાર વિમર્શ હુઆ.' ભેગા થઈને. 'ત્યારે બહુશ્રુત પંડિતો...' .. હતાને. એને કહ્યું હતું 'તો ઉન્હેંને કહા કિ મૈં ઈસ કથન કો જિનવાણી નહીં માનતા.' જેમાં માંસનું કથન હોય. એના ને એના સાધુએ કહ્યું. પછી આ કહેશે. હવે પોતે કહે છે હોં. 'પર આપ સભીને મૂલ પાઠ કો જિનવાણી માનનેસે ઈન્કાર કિયા.' મૂળ પાઠમાં છે. 'તો મૈં પૂછતા હૂં ક્યોં ઈન્કાર કિયા થા? વહ મૂલસૂત્ર કા પાઠ તો થા. ..ટીકા અને .. તો નહીં થા.' મૂળ પાઠમાં છે. કેમ ન માન્યું? અને અમારા માટે ટીકા કરો છો એમ કહે. અને હું પણ નથી માનતો. વીતરાગને માનીએ છીએ. 'જિનવાણી .. લક્ષમાં રખા ગયા? .. ક્યોં ' બધા ભેગા થઈને ઉપાગંસૂત્ર, મૂળસૂત્ર, છેદસૂત્ર આદિ 'આગમોકો સ્વતંત્ર.. કોટીમેં નિકાલકર ... કોટીમાં ડાલ દિયા થા.' .. પ્રમાણ .. એ લોકો સ્થાનકવાસીમાં છે. 'આપને ઉન્હોંને ભગવત્‌કી વાણી આગમ નહીં માના.' ભગવાનની વાણી તો તમે પણ માની નથી. તો હું પણ આમાં .. આ વિરુદ્ધ છે એ માનતો નથી એમ કહેવા માગે છે. .. બહુ થઈ ગયું છે. શું કીધું તમારે? અપોલો જઈ આવ્યું છેને. ધૂળ લઈ આવ્યા. ખળભળાટ જૈનમાં થઈ ગયો છે. સ્થાનકવાસીમાં અને દેરાવાસીમાં અને દિગંબરમાં ખળભળાટ. એક તો જાણે નાસ્તિક હોય કેટલાક અને વીતરાગના તત્ત્વની ખબર ન હોય અને એમાં પાછું આવું દેખાય. તો એય..! સાંભળને સારા તને શું ખબર પડે? સમજાણું કાંઈ? જેનું અધ્યાત્મસ્વરૂપ જેનો આત્મા સાથે મેળ પોતાને ખાય છે એવો આત્મા છે. એની વાત બીજી ખોટી કેમ તારાથી કહેવાય? કોઈ અપેક્ષા છે અને કોઈ અપેક્ષા કોઈ અપેક્ષા આપણે મેળવી શકીએ નહિ. આપણે એટલી ક્યાં છે? સમજાણું?

અવધિજ્ઞાન આદિ હોય તો ખબર પડે. એ તો અહીંયાં છે નહિ. ભગવાનની વાણીમાં જે છે એ યથાર્થ જ છે. આત્માનું તત્ત્વ જે કહ્યું, પ્રયોજનભૂત તત્ત્વ કહ્યું, સમ્યગ્દર્શન કહ્યું, જ્ઞાન કહ્યું, ચારિત્ર કહ્યું, ફળ કહ્યું એ તો પ્રત્યક્ષ .. સમજાણું કાંઈ? હવે એ વાત સર્વજ્ઞે કહી એ વાત પોતાને પ્રસિદ્ધ થાય છે. સર્વજ્ઞનું કથન બધું સત્ય જ છે. ભારે કામ આકરું! અરે..! બાપા! સર્વજ્ઞ કોણ એની તને ખબર નથી ભાઈ! એ કોઈ અપેક્ષા છે એ આપણે ન મેળવી શકીએ એથી કરીને.. અને આ જઈ આવ્યા છે અને ખોટું છે એમ પણ કેમ

કહ્યું? ભાઈ! પ્રત્યક્ષ ગયા. એ શું ચીજ છે અને કેટલે ગયા હતા અને કઈ ચીજ છે? એ જુદી વાત છે. સમજાણું કાંઈ?

ભગવાન પરમાત્મા પ્રત્યક્ષ પોતે સર્વજ્ઞ સ્વભાવી આત્મા છે. એ વસ્તુ છે એ 'જ્ઞ'સ્વભાવી છે અને 'જ્ઞ'સ્વભાવી એટલે પૂર્ણ સ્વભાવી જ છે. એવી જ વસ્તુ હોય અને એ વસ્તુની પ્રગટ થઈને દશા જેને સર્વજ્ઞ થઈ છે. એવો જે અનુભવમાં, પ્રતીતમાં આવે છે એ પ્રમાણે ભગવાન કહે છે એવું આવે છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે '**શ્રમણોને પોતાનાથી અધિક ગુણવાળા પ્રત્યે...**' જુઓ, સાધુ સાધુની વાત કરે છેને. '**શ્રમણોને પોતાનથી અધિક ગુણવાળા પ્રત્યે અભ્યુત્થાન...**' આ તો વસ્તુની સાચી સમજણ કરાવે છે. કોઈ કહે, પણ આવું અત્યારે નથી. પણ જેને હોય ત્યારે આવું હોય એવું એને જ્ઞાન કરાવે છે એમ. '**શ્રમણોને પોતાનાથી અધિક ગુણવાળા પ્રત્યે અભ્યુત્થાન...**' ઉભા થવું, સામા જવું '**ગ્રહણ,...**' સત્કાર, '**ઉપાસન,...**' સેવા, '**પોષણ,...**' અનુકંપા સૂવાની '**સત્કાર, અંજલિકરણ અને પ્રણામરૂપ પ્રવૃત્તિઓ નિષિદ્ધ નથી.**' હોય છે મુનિને. એવો શુભભાવ છે પુણ્યબંધનું કારણ, પણ એ આવ્યા વિના રહેતો નથી. પરદ્રવ્યનો આદર સત્કાર કરે એ તો શુભ વિકલ્પ સમજાય છે? એવો .. હોય છે એમ અહીં સિદ્ધ કરવું છે. વીતરાગી મુનિ છે. જેને એ ભવમાં મોક્ષ લેવો છે. એવા પણ જે મુનિ છે એને પણ એવો શુભવિકલ્પ હોય છે. જ્યાં સુધી દશા પોતાને પરિણમી નથી ત્યાં સુધી એવો શુભોપયોગ .. સાતિશય પુણ્ય ... એ શુદ્ધોપયોગ થયો છે, પણ પાછો નીચે પડી જાય છે પુરુષાર્થની મંદતાથી. તો એને શુભરાગ આવે છે તો એને આવો વિવેક વર્તે. સમજાણું? અને બીજા અજ્ઞાની કે મિથ્યાદષ્ટિ સાધુ હોય એનો આદર ન કરે એથી કરીને એનો અવિવેક નથી. એ તો વસ્તુનું સ્વરૂપ એમ વર્ણવે છે. સમજાણું કાંઈ?

'**હવે શ્રમણાભાસો પ્રત્યે સર્વ પ્રવૃત્તિઓ નિષેધે છે :—**' ૨૬૩. પહેલી હા પાડી. હવે ના પાડવાના.

**अब्भुट्ठेया समणा सुत्तत्थविसारदा उवासेया।**
**संजमतवणाणड्ढा पणिवदणीया हि समणेहिं।।२६३।।**

**મુનિ સૂત્રઅર્થપ્રવીણ સંયમજ્ઞાનતપસમૃદ્ધને**
**પ્રણિપાત, અભ્યુત્થાન, સેવા સાધુએ કર્તવ્ય છે. ૨૬૩.**

'**ટીકા :- જેમને સૂત્રોમાં અને પદાર્થોમાં વિશારદપણા વડે...**' '**વિશારદપણા વડે અને સંયમ, તપ અને સ્વતત્ત્વનું જ્ઞાન પ્રવર્તે છે તે શ્રમણો પ્રત્યે...**' એમ. આહા..હા..! જેમને '**સૂત્રાર્થવિશારદ (સૂત્રોના અને સૂત્રકથિત પદાર્થોના જ્ઞાનમાં નિપુણ)...**' છે. ભગવાને કહેલા શાસ્ત્રો અને તેના અર્થો અને તેના કહેલા અર્થો. અર્થો એટલે પદાર્થો. '**વિશારદપણા વડે...**' મુનિઓ તો તેના જ્ઞાનના ભાનવાળા છે. શાસ્ત્રના

જ્ઞાનવાળા અને કહેલા પદાર્થના જ્ઞાનવાળા છે. આહા..હા..! '**જેમને સૂત્રોમાં અને પદાર્થોમાં વિશારદપણા વડે...**' કોઈ કહે પણ આવી મુનિની વ્યાખ્યા હોય? પાછા ઓલા મુનિ થઈ ગયા છેને? કેવા? શબ્દ યાદ નહોતો રહેતો. શિવભૂતિ. એ બધો ભાવ આવડતો હતો. ભાવમાં બધું જ્ઞાન (હતું). એ તો શબ્દની રચના કરી શકે એમ નહોતા. ભાવમાં તો બધું વિશારદતા છે. સમજાય છે? '**સૂત્રોમાં અને પદાર્થોમાં...**' ભગવાને કહેલા પદાર્થો, છ દ્રવ્યો, નવ તત્ત્વો વગેરે. '**વિશારદપણા વડે...**' પાઠ છેને મૂળમાં? '**सुत्तत्थविसारदा**' એ '**વડે સંયમ,...**' પછી છે એમ કહે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન નથી અને સંયમ છે એ ગણવામાં આવતા નથી. આવા '**વિશારદપણા વડે સંયમ,...**' છે. અંદર સંયમની દશા અરાગી પ્રગટી છે. છ કાય અને ... મન. પાંચ ઈન્દ્રિય અને મન અને છ કાય બાર. બહારમાં અવ્રતનો વિકલ્પ જેને છૂટી ગયો છે. અંદર સંયમ હોય છે. વીતરાગદશા પ્રગટી છે. સમ્યક્ સૂત્રો અને પદાર્થના જ્ઞાન વડે. વડે સંયમ. લ્યો! અને તપ છે. લ્યો! મુનિ છેને મુનિ? તપ એટલે મુનિપણું છે. એ જાતનું તપ છે.

'**સ્વતત્ત્વનું જ્ઞાન પ્રવર્તે છે...**' પાછું ભાષા એ છે જોયું! જેને સ્વતત્ત્વનું જ્ઞાન પ્રવર્તે છે. ભગવાન આત્મા... પરની વાત પહેલી કરી. '**સૂત્રોમાં અને પદાર્થોમાં વિશારદપણા વડે...**' '**અને સ્વતત્ત્વનું જ્ઞાન પ્રવર્તે છે...**' પોતે ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ, અખંડ આનંદસ્વરૂપ છે. એવું જે તત્ત્વ, એવો જે પોતાનો સ્વભાવ એનું એને જ્ઞાન હોય છે. '**સ્વતત્ત્વનું જ્ઞાન પ્રવર્તે છે તે શ્રમણો પ્રત્યે...**' તે શ્રમણો પ્રત્યે '**જ...**' એમ. તે સિવાયના અજ્ઞાનીને જ્ઞાન નથી, સંયમ-તપ નથી એના પ્રત્યે નહિ એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! '**તે શ્રમણો પ્રત્યે અભ્યુત્થાનાદિક પ્રવૃત્તિઓ...**' માથે કહી હતી એ. માથે કીધી હતીને બધી? '**પ્રવૃત્તિઓ અનિષિદ્ધ છે,...**' એવા સંતો છ તત્ત્વના જાણનાર છે અને સંયમ અને તપ સહિત છે અને સૂત્રો અને પદાર્થના વિશારદ છે. એવાઓ પ્રત્યે અભ્યુત્થાન આત્માની સમ્યગ્દર્શન, નિર્મળદશા પૂર્વક સંયમ અને તપવાળા છે, પદાર્થનું ભાન છે. એના પ્રત્યે મુનિઓને અભ્યુત્થાન આદિ પ્રવૃત્તિનો નિષેધ નથી. એને હોય છે એમ કહેવું છે. સમજાણું કાંઈ?

'**શ્રમણો પ્રત્યે જ અભ્યુત્થાનાદિક પ્રવૃત્તિઓ અનિષિદ્ધ છે, પરંતુ...**' એમાંથી કાઢ્યું હવે. '**તે સિવાય બીજા શ્રમણાભાસો પ્રત્યે તે પ્રવૃત્તિઓ નિષિદ્ધ જ છે.**' ઓહો..હો..! પોતે કાઢ્યું છે એમાંથી. ટૂંકા શબ્દોમાં કહ્યુંને? '**पणिवदणीया हि समणेहिं**' આને આમ કરવું તો બીજાને ન કરવું એમ. એમાંથી કાઢ્યું છે. સમજાણું કાંઈ? જેને સ્વતત્ત્વનું, સમ્યગ્દર્શનનું ભાન નથી, જેને સંયમ-તપ નથી, પદાર્થ ભગવાને કહેલા, સર્વજ્ઞે કહેલા પદાર્થનું જ્ઞાન નથી અને સૂત્રોનું જ્ઞાન નથી એવા શ્રમણાભાસો (એટલે) સાધુ તરીકે ગણવામાં આવે એવા, પણ સાધુ છે નહિ. આભાસ છે સાધુપણાનો. એમાં વળી એવો અર્થ કર્યો છે, ભાઈ! નમો લોએમાં. ણમો લોએ સવ્વ સાહુણં. જુઓ, ઓલા કાંઈ એમ નથી કહ્યા કે ફલાણા

આચાર્ય અને ઉપાધ્યાય ન હોય. કહો, હવે આવા અર્થ. ઓલો એક સુશીલકુમારનું આવ્યું હતું, પણ આ વળી આણે નવું કાઢ્યું. અર્થ કરે છે. એવું છે ક્યાંક હોં! ણમો લોએ સવ્વ સાહુણંનો એવો અર્થ કર્યો જુઓ ઠીક!

ણમો લોએ સવ્વ સાહુણં. 'મૈં લોકમેં સમસ્ત સાધુઓંકો નમસ્કાર કર લિયા ગયા. ઈસમેં યહ ભેદ નહીં કિયા ગયા કિ જૈન યા કિસી વિશેષ સંપ્રદાયોં કે આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓંકો નમસ્કાર હોં. બલ્કિ નમસ્કાર મેં સભી સંપ્રદાયોં, પંથો અને આચાર્ય, ઉપાધ્યાય સાધુ સંમિલિત હો ગયે.' આવા તો અર્થ. ઘણું વિપરીત. સ્થાનકવાસી કવિ છે મોટા. મોટા કવિ છે સાધુ. શાસ્ત્ર બહુ વાંચેલા. હજારો શાસ્ત્ર. હવે આવું સુશીલકુમાર તો કહેતા હતા ખબર હતી, પણ આ કહે છે. અહીં તો કહે ણમો લોએ સવ્વ આઈરિયાણંમાં બધા આચાર્યો લેવા. અરે..! ભગવાન! તું શું કરે છે? નહિ, અહીં નમસ્કાર કરે છે એણે બધા આચાર્યોને નમસ્કાર કર્યા એમ. નમસ્કાર કરે એટલે બધા ઉપાધ્યાયને કરવા બધા જેના હોય એ. દરેક સંપ્રદાય આદિ અને ણમો લોએ સવ્વ સાહુણં. અરે..! ભાઈ! એમ ન હોય ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એક અરિહંત નથી. અહીં તો આ કરનારને હોય છેને એમ કહે છે. સર્વ સાધુઓ બધા જય ભગવાન.

મુમુક્ષુ :- મોટું મન રાખવું.

ઉત્તર :- એ ખોટું મન રાખવું કે મોટું મન રાખવું?

મુમુક્ષુ :- અજ્ઞાનભાવ છે.

ઉત્તર :- એ તો અજ્ઞાનભાવ છે. આહા..! અહીં તો વીતરાગી મુનિ જેને આત્મદર્શન, સમ્યગ્દર્શન છે, વાસ્તવિક તત્ત્વ સર્વજ્ઞે કહેલો આત્મા એવા આત્માનું દર્શન ઉપરાંત સંયમ, તપ ને સૂત્ર ને પદાર્થનું જ્ઞાન છે. એ સિવાય સાધુ નહિ, એ સિવાય આચાર્ય ઉપાધ્યાય હોઈ શકે નહિ. આચાર્ય ક્યાંથી લાવતા હતા? ભારે પણ ભાઈ! આવું મોટું બહુ લખાણ છાપે. .. છે હોં. આચાર્ય, ઉપાધ્યા, સાધુ બધાય.

અહીં તો ભગવાન આચાર્ય શું કહે છે? આવા સાધુ પ્રત્યે. આવા સાધુ હોય, આવા આચાર્ય હોય અને આવા ઉપાધ્યાય હોય. '**તે સિવાય બીજા શ્રમણાભાસો પ્રત્યે તે પ્રવૃત્તિઓ નિષિદ્ધ જ છે.**' આહા..હા..! કાગળ આજ જ આવ્યો છે લ્યો. આહા..હા..! બહુ ભાઈ ગોટા ખરેખર. આ તો વીતરાગી સંતો કોઈ ઠેકાણે ક્યાંય હોય, કોઈ મેરુ પર્વતમાં હોય, કોઈ ક્યાંક .. કરતા હોય એમ લીધા છે. અને અરિહંતમાં પણ ણમો લોએ સવ્વ અરિહંતાણં. કારણ કે અરિહંત પણ કોઈ વખતે કેવળ.. અમુકમાં હોય. એમ સિદ્ધાણંમાં પણ એમ છે. ણમો લોએ સવ્વ સિદ્ધાણં. સિદ્ધ અહીં જતા હોય, અહીંથી આમ જતા હોય. ત્યાં હોય. એ બધા એ જાતની વસ્તુ હોય એને લીધી છે કે બીજાને? જેને સમ્યગ્દર્શન-

સમ્યગ્જ્ઞાન-ચારિત્રનું પરિણમન છે, વીતરાગીદશા છે. એ તો આ વસ્તુનું સ્વરૂપ છે. આ ક્યાં સંપ્રદાયની વાત હતી? એવા સાધુ પ્રત્યેનો આદર હોય. એ સિવાય તત્ત્વની દૃષ્ટિથી વિરુદ્ધ હોય, સર્વજ્ઞના પદાર્થ કહેવાની શ્રદ્ધા વિરુદ્ધ હોય, એના પ્રત્યે પ્રવૃત્તિનો નિષેધ છે અહીં કહ્યું છે. સમજાણું કાંઈ? એવો માર્ગ વીતરાગનો છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૯, બુધવાર, તા. ૦૬.૦૮.૧૯૬૯**
**ગાથા-૨૬૪ થી ૨૬૭, પ્રવચન-૨૨૮**

પ્રવચનસાર, ચરણાનુયોગસૂચક ચૂલિકા. ૨૬૩ ગાથા પૂરી થઈ. ૨૬૪. ૨૬૩માં એમ આવ્યું હતું કે જે શ્રમણ-સાધુ... ચરણાનુયોગનો અધિકાર છેને. સાધુની પ્રધાનતાથી કથન છે. જે સાધુ ભગવાને કહેલા સૂત્રો અને એમના કહેલા પદાર્થ એમાં વિશારદ છે. અંતર પાંચ ઈન્દ્રિય, મનને જીતીને સંયમી છે અને તપવાળો છે, બાહ્ય-અભ્યંતર તપ. એવા સાધુ પ્રત્યે બીજા સાધુઓએ અભ્યુત્થાન, વંદન, નમન આદિ કરવું. એ નિષેધ નથી. શુભોપયોગીને શુભરાગ છે જ્યારે, ત્યારે આવા સંયમી મુનિઓ હોય સમ્યગ્દર્શનસહિત, આત્માના ભાનસહિત અને સૂત્રોના ભાનસહિત અને સૂત્રે કહેલા પદાર્થના જ્ઞાનસહિત અને તે જ્ઞાનસહિત ઉપરાંત સંયમસહિત. અને તપસહિત. તપ એટલે મુનિપણાની અભ્યંતર-બાહ્ય દશા. એ સહિત હોય એને બીજા મુનિઓએ, શુભોપયોગી શુભરાગમાં જ્યારે આવે છે ત્યારે એનો આદર, સત્કાર, વિનય આદિ કરવો. જૈનશાસનમાં શુભોપયોગીને એ આચરણનો નિષેધ નથી.

નિષેધ છે ઉલટા શ્રમણભાસનો. એ આવ્યું હતુંને? '**પરંતુ તે સિવાય બીજા શ્રમણાભાસો પ્રત્યે તે પ્રવૃત્તિઓ નિષિદ્ધ જ છે.**' એની વ્યાખ્યા ૨૬૪માં કરે છે. '**હવે કેવો જીવ શ્રમણાભાસ છે તે કહે છે :—**'

**ण हवदि समणो त्ति मदो सजमतवसुत्तसंपजुत्तो वि।**
**जदि सद्दहदि ण अत्थे आदपधाणे जिणक्खादे।।२६४।।**

**શાસ્ત્રે કહ્યું—તપસૂત્રસંયમયુક્ત પણ સાધુ નહીં,**
**જિન-ઉક્ત આત્મપ્રધાન સર્વ પદાર્થ જો શ્રદ્ધે નહીં. ૨૬૪.**

'**ટીકા :- આગમનો જાણનાર હોવા છતાં...**' શાસ્ત્રનો જાણનાર હોવા છતાં એ ઉપરાંત '**સંયત હોવા છતાં પણ, તપમાં સ્થિત હોવા છતાં પણ,...**' ત્રણ બોલ છે. મૂળ પાઠમાં પહેલા હતા એવા જ અહીં છે. શાસ્ત્રના આગમનું જ્ઞાન છે, ઈન્દ્રિય આદિ સંયમ દમન છે અને અભ્યંતર-બાહ્ય તપ પણ છે કેટલોક. પણ '**જિનોક્ત અનંત પદાર્થોથી ભરેલા વિશ્વને—**' પણ ભગવાન પરમેશ્વર સર્વજ્ઞ દેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવે '**ઉક્ત નામ કહેલા અનંત પદાર્થોથી ભરેલા વિશ્વને—કે જે (વિશ્વ) પોતાના આત્મા વડે જ્ઞેયપણે પી જવાતું હોવાથી...**' આખું વિશ્વ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય થઈ જાય છે. સમજાણું કાંઈ? એવો આત્મા. આખું વિશ્વ, લોકાલોક, સમસ્ત જગત તેને જ્ઞાનની પર્યાય પી જાય છે. એવો એક સમયની જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે.

એવા '**પોતાના આત્મા વડે જ્ઞેયપણે પી જવાતું હોવાથી...**' એવો જે '**આત્મપ્રધાન છે...**' જેમાં વિશ્વનું જ્ઞાન છે એક સમયની પર્યાયનું, એવો જે આત્મા જેમાં મુખ્ય છે. '**તેને—જે જીવ શ્રદ્ધતો નથી...**' સમ્યગ્દર્શન નથી. લ્યો! સંયમ તપ આમ લીધું બહારમાં. પણ અંતર સમ્યગ્દર્શન, અંદર પ્રતીતિ અનુભવમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કારણ કે આત્મા વિશ્વને એક સમયમાં પી જાય એવી તો એક જ્ઞાનની એક સમયની પર્યાયનું સામર્થ્ય છે. ભગવાને કહેલા પદાર્થો અને ભગવાને કહ્યા સૂત્રો. સમજાય છે? એવા પરમાત્માએ કહેલા શાસ્ત્રનો અને આગમનો જાણનાર હોવા છતાં. એ જાણે છે, કહે છે, ઉઘાડ એટલું ક્ષયોપશમ. એમ કહ્યું. સમજાણું કાંઈ? અને ઈન્દ્રિય દમન આદિ મહા સંયમમાં પણ છે અને તપ પણ છે. પણ આત્મા આખા વિશ્વને એક સમયની પર્યાયમાં પી જાય એવો આત્મપ્રધાન, એવો આત્મા જેમાં પ્રધાન છે લ્યો! '**આત્મા જેમાં પ્રધાન છે એવું. (આત્મા સમસ્ત વિશ્વને જાણે છે તેથી તે વિશ્વમાં—વિશ્વના સમસ્ત પદાર્થોમાં—પ્રધાન છે.)**' પોતે જ છે આત્મા એમ કે આ. આખા વિશ્વનું તો જ્ઞાન થઈ ગયું અહીં. એ સિવાય વિશ્વ આત્માની અપેક્ષાએ તો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

છ દ્રવ્ય, એના ગુણો, એની પર્યાય (અને) ત્રિકાળી વસ્તુ તેને જ્ઞાનનો એક સમયનો પર્યાય પી જાય છે. પી જાય છે એમ કહેતા? અનંતુ એથી અનંતગણું હોય તોપણ એ જાણી શકે. એવો એ આત્મા. એવી એક સમયની પર્યાયમાં આખો પી ગયો. એવો જેમાં આત્મા પ્રધાન છે. એવી-એવી અનંતી પર્યાય અને આખું આત્મતત્ત્વ એવા આત્માને અંતર સમ્યગ્દર્શનથી શ્રદ્ધતો નથી, ધારણા માન્યતાથી નથી એમ કહે છે. આગમને જાણે તો છે કે આમ કહે છે, પણ એને અંતરમાં બેસતું, અનુભવમાં આવતું નથી. આહા..હા..! અમરચંદભાઈ! અંતર સમ્યગ્દર્શન શુદ્ધ ચૈતન્ય આત્મા એની અંતરમાં અનુભવ થઈને પ્રતીતિ, આ જ્ઞેય પૂર્ણ છે એવું ભાન થઈ, રાગરહિત થઈ, અનુભવની સમ્યગ્દર્શનદશા એવી સમ્યગ્દર્શનની પ્રતીતિ જેને નથી તે શ્રમણાભાસ છે. એ સાધુ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સંયમ છે, તપ છે.

ઉત્તર :- હો, ભલે એ તો બહારની ક્રિયા છે. બરાબર તપ કરતો હોય, મહિના-મહિનાના અપવાસ હોય. છ-છ મહિના સુધી અપવાસ કરે, જંગલમાં રહે, નગ્ન રહે. તપ .. છે. નગ્નદશા પણ છે એમ. તપ કહેવાનો આશય તો એ છે મૂળ તો. નગ્નદશા છે બહારમાં. અભ્યંતરમાં પણ રાગની ઘણી મંદતાથી એ જાતના ભાવમાં વસે છે. પણ ભગવાન આત્મા એક સમયની પર્યાયમાં બધું છ દ્રવ્ય આવી ગયું એવો તો મોટો ભગવાન એવી અનંતી પર્યાયનો પિંડ જ્ઞાન. એવો જે જ્ઞાનાત્મક ભગવાન પરિપૂર્ણ એક જ ચીજ આખી, એવા આત્મપ્રધાન એને સમ્યગ્દર્શનમાં પ્રતીત કરતો નથી અને એમ ને એમ શ્રદ્ધા છે, અમને શ્રદ્ધા છે, અમે આગમ કહીએ એમ માનીએ છીએ. એ નહિ, એમ કહે છે. આહા..હા..! એમ કે અમને કાંઈ સમ્યગ્દર્શન નથી? અમને છે. અમે માનીએ છીએ. આગમને માનીએ. એમ નહિ. અમરચંદભાઈ! આહા..હા..!

ભગવાન આખો આત્મા પરિપૂર્ણ પવિત્ર એવો અનંતગુણનો પિંડ. એના સન્મુખની પ્રતીતિ કરવા જાય ત્યારે વિકલ્પ તૂટી જાય. એવો મોટો દૃષ્ટિમાં જ્યાં આવે એટલે અલ્પરાગની પ્રતીતિ એને આત્માની એકતાએ રહે નહિ. એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ? લ્યો! આવો આત્મા છે એવો ક્ષયોપશમમાં પણ આવ્યો કહે છે. જ્ઞાનમાં એમ કહે પાછું. બધા પદાર્થમાં આવી ગયુંને આ પણ? આહા..હા..! જુઓ, શું શૈલી! પ્રભુ અનંતગુણનો પિંડ, એની એક સમયની પર્યાયમાં વિશ્વ પી ગયું. એક સમયની પર્યાય વિશ્વને પી ગઈ. એવો જે આત્મા અનંતગુણનો પિંડ, આત્મ પ્રધાન મુખ્ય વસ્તુ, એનો જેને સમ્યગ્દર્શન અને અનુભવ નથી એ જીવ તેને શ્રદ્ધતો નથી. એને આત્માની સુદૃષ્ટિ સમ્યગ્દર્શન નથી. '**તેથી તે શ્રમણાભાસ છે.**' સાધુ નથી, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે આત્મા એક આવો અખંડ એકરૂપ જેને છ દ્રવ્ય તો એક સમયની પર્યાયમાં આવી ગયા. સમજાણું? ત્રણ કાળ, ત્રણ લોકના દ્રવ્ય, ગુણ, પર્યાયવાળો છ દ્રવ્ય સમૂહ કહે છે, એવી પર્યાયમાં પી ગયો બધું. એવો જે આત્મા જેમાં મુખ્ય છે, '**આત્મા સમસ્ત વિશ્વને જાણે તેથી તે વિશ્વમાં—વિશ્વના સમસ્ત પદાર્થોમાં—પ્રધાન છે.**' મુખ્ય છે. એટલે કે એવો આત્મા એકરૂપ અખંડ છે તેની એને અનુભવદૃષ્ટિ નથી. એમ કહેવા માગે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આગમની શ્રદ્ધા શું કરે? આગમ એને ઘરે રહ્યા. એય..! ઓલા કહે છે તમારે આગમ અને મંદિર, પ્રતિમા બે અત્યારે પંચમ કાળમાં આધાર છે. એમ કહે છે કે નહિ? શું સમજ્યા કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બે અત્યારે આધાર છે ભાઈ! પોતે નહિ. એય..! ..નંદજી! હા, એ.

મુમુક્ષુ :- સાધુ અને આચાર્ય અને ઉપાધ્યાય...

ઉત્તર :- નહિ. એ કહે છે. આવેને ઘણા વર્ષથી આવેને. એ તો એમાં પંદર વર્ષ રહ્યા છેને શ્વેતાંબરના સાધુ. શ્વેતાંબર સાધુ હતાને. આ ચેતનજી હતા. કેટલા વર્ષ? એ પણ પંદર લ્યો! શ્વેતાંબર સાધુ હતા. એ આવે છે કે નહિ? એમાં આવે છે. આગમની વાત. આ તો હજી જાણવાની વાત. બાપુ! આગમ અને પ્રતિમા શું કરે? એ તો પરપદાર્થ છે. સમજાણું કાંઈ?

**'આગમનો જાણનાર હોવા છતાં પણ,...'** કહ્યું છેને. છે કે નહિ? પાઠમાં છેને. **'શાસ્ત્રે કહ્યું—તપસૂત્રસંયમયુક્ત પણ સાધુ નહીં,'** આહા..હા..! જેમાં ભગવાન આત્મા મહાપદાર્થ કીધો છેને? આ પ્રવચનસારમાં આવી ગયું નહિ? ૧૯૨. અતીન્દ્રિય મહાપદાર્થ પ્રભુ. મહા એક જ પદાર્થ છે. બાકી એ પોતે એક જ આખું. વિશ્વ તો એમાં આવી ગયું-એના સંબંધીનું જ્ઞાન આખું એ એક જ વસ્તુ છે. એ અપેક્ષાએ બીજી ચીજ તો અવસ્તુ છે. એની અપેક્ષાએ ભલે વસ્તુ હોય. એય..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એકરૂપ વસ્તુ મહાપદાર્થ. ઓહો..હો..! લોકાલોકને, કહે છે કે એક સમયમાં જાણી લે એવું તો શ્રુતજ્ઞાનની એક સમયની પર્યાયની તાકાત છે અહીં. એમ કહે છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનની તો આખી પછી પ્રત્યક્ષ છે. અહીં તો શ્રુતજ્ઞાનની એક સમયની પર્યાય (અપૂર્ણ)જ્ઞાનની. સમજાણું કાંઈ? ભગવાનના શાસ્ત્રોનું જ્ઞાન અને ભગવાનના કહેલા પદાર્થને પી ગયો એવો આત્મા. પણ એ આત્મા અખંડ પરિપૂર્ણ ધ્રુવ શુદ્ધ ચૈતન્ય છે એનું જેને સમ્યગ્દર્શન નિર્વિકલ્પ અનુભવ નથી, એ શ્રદ્ધાથી ભ્રષ્ટ છે એમ કહે છે. સમજાણું કાંઈ? .. શ્રમણાભાસ... સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ વસ્તુની સ્થિતિ જ આવી છે ત્યાં. .. બંધ ક્યાં હજી તો. ઓછું, અધિક અને વિપરીત વિનાની ચીજ છે આ. સમજાણું કાંઈ? શાંતિભાઈ! આવો માર્ગ છે. આહા..હા..! આખો ભગવાન જ્ઞાનની મૂર્તિ એને અંદરમાં વિશ્વાસ, પ્રતીતિ, નિર્વિકલ્પ પ્રતીતિ થતી નથી, એમ કહે છે. ડામાડોળ અંદર રહ્યા. આત્મા જેમાં પ્રધાન છે મુખ્ય બધા પદાર્થોમાં. સારા લોકાલોકમાં આ આત્મા જ મુખ્ય છે લ્યો. આહા..હા..! જેઠાલાલભાઈ! ૮૫માં મોટી ચર્ચા થઈ હતી વઢવાણ. છેને ઓલા લાલચંદભાઈને નહિ તમારે? શું કહેવાય? ધર્મશાળા. નારણભાઈની દીક્ષા થઈને ત્યારે. વીરજીભાઈ સાથે વાત થઈ હતી. ૮૫. ૮૫માં દીક્ષા લીધી હતી. ૪૦ વર્ષ પહેલા. એક જ વસ્તુ છે, બીજી વસ્તુ નથી લ્યો!

એક જ, ભગવાન આત્મા પરિપૂર્ણ એક જ ચીજ છે. સારા વિશ્વની અંદરમાં મુખ્ય વસ્તુ હોય તો એ એક જ આત્મા એક પોતાનો હોં. કારણ કે બીજા બધા આત્માઓ વિશ્વમાં આવી ગયા. અને કેવળી પણ આવી ગયા કે નહિ? સિદ્ધો આવી ગયા કે નહિ? લાખો કેવળી છે, અનંત સિદ્ધો છે, અનંત નિગોદ છે, અનંત પુદ્ગલ છે. એક સમયની પર્યાયમાં

લોકાલોક આવી ગયું. એવો એક જ ભગવાન આત્મા જગતમાં છે. ઓલા વ્યાપક કહે છે એમ નહિ. આ રીતે છે. એય..!

અહીં તો જુઓને શું કહે છે? '**જિનોક્ત અનંત પદાર્થોથી ભરેલા વિશ્વને—કે જે (વિશ્વ) પોતાના આત્મા વડે જ્ઞેયપણે પી જવાતું હોવાથી...**' એ વિશ્વમાં '**આત્મપ્રધાન છે...**' એ વિશ્વમાં આત્મા જ મુખ્ય છે એમ કહે છે. આહા..હા..! '**તેને—જે જીવ શ્રદ્ધતો નથી...**' આવા આત્માની અંદરમાં અનુભવ-પ્રતીત નથી, તે સાધુ નથી. તે શ્રમણાભાસ છે. સાધુના લિબાસમાં નગ્નપણામાં રહે છે એ સાધુ છે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અહીં તો હજી આગમ શું કહે છે એની ખબર ન મળે, પદાર્થો શું છે એની ખબર ન મળે અને શંકા અંદરમાં ડામાડોળ-ડામાડોળ. અહીં તો કહે છે કે એ જાણવું આગમનું થયું છે કે આગમ આમ કહે છે, ભાઈ! આહા..હા..! અહીં તો ક્ષયોપશમના ભાવમાં વાત આવી છે, પણ આમ દૃષ્ટિ કરી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા નિઃશંકપણે નિઃસંદેહપણે, નિર્વિકલ્પ પ્રતીતિ કરતો નથી એમ કહે છે. કહો, મલુકચંદભાઈ! આહા..હા..! ભારે! એક-એક શ્લોક પણ ચરણાનુયોગનો તો અલૌકિક મૂક્યા હોં. આહા..હા..!

પોતાના આત્મા વડે પી જાય આખું વિશ્વ. અરે..! અનંતા સિદ્ધો અને અનંતા કેવળીઓ જે જ્ઞાનપર્યાય પી જાય છે. એવો મહાનપદાર્થ પ્રભુ આત્મા એને જે શ્રદ્ધતો નથી એટલે કે સમ્યગ્દર્શન પ્રગટ કરતો નથી, એમ કહે છે. '**તે શ્રમણાભાસ છે.**' એવા સાધુઓને અભ્યુત્થાન, વંદન, સત્કારનો નિષેધ છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? બીજા સાધુ ઉભા થાય, આદર કરે, સત્કાર કરે, વિનય કરે એમ તેને હોઈ શકે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? જુઓ, કાલે વાત કરી હતી એક ફેરી ઓલી નહિ? ભાઈ! પ્રમત્તની. કે સાચા મુનિ છે, સાચા મુનિ ભાવલિંગી, પણ એને છઠ્ઠું ગુણસ્થાન દેખીને જે આદર કરે છે. તો ગુણસ્થાન છે એ તો અચેતન પુદ્ગલ છે ખરેખર તો. પણ એના આત્માને વંદન કરે તો અહીંયાં આત્માને વંદન થઈ જાય એમ કહે છે મૂળ તો. એનો આત્મા જે શુદ્ધ છે એનું વંદન જ્યાં થઈ જાય. એના લક્ષમાં એ છે કે આ આત્મા છે, પણ એનો વિકલ્પ છઠ્ઠા ગુણસ્થાનને લક્ષમાં લઈને વંદન કરે છે. અને છઠ્ઠું ગુણસ્થાન, એ ગુણસ્થાન પોતે અચેતન છે, એટલે એનું વંદન એ દેહનું વંદન છે એમ કહે છે. આહા..હા..! એય..! એમાં ભગવાન ચૈતન્ય મૂર્તિ આનંદકંદ આત્મા એકરૂપ છે એ આવ્યો નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- ... ચોથા ગુણસ્થાન...

ઉત્તર :- એ ગુણસ્થાન પણ ક્યાં એનું હતું? એ તો ચૈતન્ય અભેદ અખંડાનંદ વસ્તુ તે આત્મા છે. પોપટભાઈ! આહા..હા..! એ કાલે કહ્યું હતું. છેને આમાં? શું કહેવાય? યોગસાર(પ્રાભૃત). યોગસાર-યોગસાર. અજીવ અધિકાર છેને? અજીવનો અધિકાર છે. એમાં જ આવેને? બીજા અધિકારમાં આવે. અજીવ અધિકારમાં આવે છે. અજીવ અધિકાર છેને

દેહનો, એ શૈલી છે. ૩૯ પાને નીકળ્યું લ્યો. ૩૯ પાને છે.

प्रमत्तादिगुणस्थानवन्दना या विधीयते।
न तया वन्दिता सन्ति मुनयश्चेतनात्मकाः।।९८।।

'જિસ સમય સમ્યક્ વિરતાદિ ગુણસ્થાનોકી વંદના, સ્તુતિ કી જાતી હૈ વહ સભી વંદનિક ગિને જાતે હૈં. ઉનકે ધારક ચેતનાત્મકમુનિ આદિકી વંદના નહીં હોતી.' કહીએ છીએને. હળવે-હળવે ચાલે એમ થાયને જરી.

મુમુક્ષુ :- એમ કાંઈ વાત છોડી દેવાય?

ઉત્તર :- એમા કાંઈ છોડી દેવાય છે? ... 'યહાં શંકા ઉપજતી હૈ કિ યદિ પ્રમત્ત વિરત ગુણસ્થાન જિનસ્વરૂપ નહીં તબ ઉનકી સ્તુતિ ક્યોં કી જાતી હૈ?' ગુણસ્થાન તો જીવ નથી એમ તો તમે કહો છો. એય..! દેવાનુપ્રિયા! જીવાદિ ગુણસ્થાન અને માર્ગણાસ્થાન આવે છેને. 'તો ઉનકા આશય યહ હૈ નિર્ગ્રંથ મુનિકા પ્રારંભ છઠ્ઠે ગુણસ્થાન પ્રમત્તરૂપસે હોતા હૈ. જીવ યહ જાનતા હૈ કે પ્રમત્તવિરત આદિ ગુણસ્થાન મુનિયોં કો હોતે હૈ. ઉનકી વંદના, ઉપાસના સહ વહ કરતે હૈ. પરંતુ ઉસે ગુણસ્થાન વંદનીક ગિને જાતે હૈ. ઉનકે ધારક મુનિ આદિ નહીં.' જરી પોતે થોડુંક નાખી દીધું. .. નાખ્યું નીચે. એ ગુણસ્થાન છે એને તો અહીં પુદ્ગલ કહ્યા છે. જીવસ્વરૂપ જ કહ્યું નથી. એટલે ગુણસ્થાનનું વંદન એ દેહનું વંદન છે એમ કહે છે. એય..! આહા..હા..! આત્માનું નહિ. ગજબની વાત છે. ગજબ વાત આ તો વીતરાગ માર્ગ છે.

આપણે તલકચંદભાઈ બોલતા નહિ? તલકચંદભાઈ બોલતા. તેરમું ગુણસ્થાન તારું નહિ. ચૌદમું તારું નહિ. તલકચંદભાઈ બોલતા એ. એય..! જયંતિભાઈ! તમારા કાકા એ બધા હતાને ત્યારે બોલતા એ કે ચૌદમું ગુણસ્થાન તારું નહિ, આ વાત તો ક્યાંય સાંભળી નથી. એ ચૌદે ગુણસ્થાનને પુદ્ગલની પર્યાય કીધી જુઓ. ભેદ છે એને અંદર અંશે પણ હજી અસિદ્ધપણું છે. સમજાણું કાંઈ? ઉદયભાવ છેને? અસિદ્ધપણું છેને ચૌદમેં પણ? એ જીવસ્વરૂપ નહિ. આહા..હા..! એકલો ભગવાન જ્ઞાયકમૂર્તિ અભેદ એ જીવસ્વરૂપ. એ આવી ગઈ વાત. ૩૧મી ગાથામાં છેને સમયસારની. ભગવાન કુંદકુંદાચાર્યને પૂછે છે, પ્રભુ! આપ જ્યારે કેવળીની સ્તુતિ એને કહેતા નથી તો કેવળીની સ્તુતિ કેમ કહેવાય? દેવની સ્તુતિને કેવળીની સ્તુતિ કહો તો દેવની.. કેવળીના ગુણની સ્તુતિ કેમ કહેવાય? એમ પૂછ્યું એનો ઉત્તર એવો આપ્યો કે અંતરમાં અખંડ અભેદનો અનુભવ દૃષ્ટિ કરે એ કેવળીની સ્તુતિ છે. સમજાણું કાંઈ?

અહીં એવી શૈલી લીધી અમિતગતિ આચાર્યે. યોગસાર છે આ. કે ચૌદ ગુણસ્થાનને પુદ્ગલ કહ્યા તો પ્રમત્ત ગુણસ્થાન પણ પુદ્ગલ આવ્યું એ. તો એ પણ દેહની સ્તુતિ છે એમ કહે છે. અજીવનો અધિકાર છેને ભાઈ! અજીવનો અધિકાર. જીવ અજીવ નથી. એ (ગુણસ્થાન) જીવ નથી. આહા..હા..! અને જીવની જ્યાં સ્તુતિ કરવા જાય છે, એ તો અંતરમાં

જાય ત્યારે જીવની સ્તુતિ થાય એમ કહે છે. આહા..હા..! ભારે કામ! સમજાણું કાંઈ? આચાર્ય દિગંબર સંતોએ ભિન્ન-ભિન્ન રીતે પણ વિવિધ વસ્તુને સિદ્ધ કરી છે, સંતોએ કેવળીના માર્ગને થંભાવી રાખ્યા છે. આહા..હા..! વાસ્તવિક સ્વરૂપની યથાર્થતાને થંભાવી દીધા, અટકાવી રાખ્યા છે. આ માર્ગ છે, બીજો માર્ગ નથી. સમજાણું કાંઈ? પ્રસન્નચિત્તથી એકવાર અંદર કબુલ કર કહે છે. આમ હશે તેમ હશે. અરે..! ચાલ. સમજાણું કાંઈ? આવે છેને નહિ ક્યાંક? .. પ્રસન્નચિત્તથી. પ્રસન્નચિત્તથી. ... આહા..હા..!

ભાઈ! તારો ભગવાન આ દુનિયામાં એક જ વસ્તુ પરિપૂર્ણ તું એક જ છો, લે. એનું અંતરમાં અનુભવની પ્રતીતિ સમ્યક્ થવું એનું નામ કેવળી પરમાત્માની, સિદ્ધોની સાચી સ્તુતિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, .. કહ્યુંને હવે? જુઓ, 'ગુણસ્થાન વંદનીક ગિને જાતે હૈ.' આત્મા નહિ. 'ગુણસ્થાન અચેતન હુઆ.' અજીવનો અધિકાર છે. તો અજીવનું સ્તવન થયું ત્યાં વિકલ્પ ઉઠ્યો એમ કહેવું છે. વિકલ્પ ઉઠ્યો છે અને આ આમ છે એટલું જાણે છે. ભગવાન નિર્વિકલ્પ વસ્તુ છે એને અનુભવે ત્યારે નિશ્ચય સ્તુતિ કહેવામાં આવે છે. એ તો આ ..માં વાંચ્યુંને તો એમાં આવ્યું છેને આ? ભાઈનું કરેલું ગુજરાતી છે. એના અર્થ વિરુદ્ધ કરે છે, વ્યવહારચારિત્ર સાધન છે. એ પાઠમાં નથી. પાઠમાં બીજું છે. પણ વસ્તુ જેવું શાસ્ત્ર કહે છે એ પ્રમાણે એના અર્થ હોવા જોઈએ. પછી એની પ્રતીત થઈને ઓળખાણ વળી પછી, પણ અર્થમાં જ જ્યાં ફેરફાર કરવો પોતાની કલ્પનાએ, શાસ્ત્રને બદલાવવા એ તે કાંઈ માર્ગ છે? અનાદિ માર્ગ સનાતન ધોખ ચાલ્યો આવે છે આ તો. કેવળીનો કહેલો પદાર્થ અનાદિથી ચાલ્યું આવે છે. આ કાંઈ નવું છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

એવું ભગવાન આત્મા જેને અંતરમાં પૂર્ણાનંદનો નાથ પ્રભુ સહજાત્મ ચિદાનંદસ્વરૂપ કે સારું વિશ્વ જેને એક સમયમાં પી જવાય છે એટલે એથી અનંતગુણા કાળ અને અનંતગુણા પદાર્થ હોત, તોપણ એક સમયની પર્યાય જીવને જાણી શકે છે. આહા..હા..! એ શ્રુતજ્ઞાનની પર્યાયની વાત ચાલે છે હોં, કેવળજ્ઞાનની વાત નથી આ. કેવળજ્ઞાનની વાત તો જુદી, એ તો પ્રત્યક્ષ થઈ ગઈ. અહીં તો એક સમયમાં જ્ઞાનનો પર્યાય જેવડો છે, આ એક સમયની પર્યાય માને ત્યારે તેણે છ દ્રવ્યને માન્યા. સમજાણું? જાણવામાં હોં! અનુભવમાં તો આખો ચૈતન્ય અખંડ અભેદ છે એના ઉપર નિર્વિકલ્પ પ્રતીત અનુભવ થતાં આખી ચીજ જ્યારે પ્રતીતમાં, જ્ઞાનમાં આવી અને પ્રતીતમાં થઈ, ત્યારે સમ્યગ્દર્શન કહેવાય છે. ખ્યાલમાં ચીજ આવડી છે એ ખ્યાલમાં આવે નહિ અને પ્રતીત કરો. શેની પ્રતીત કરે? સમજાણું કાંઈ? આહા..હા..! પોપટભાઈ! આ મોટો માર્ગ છે હોં! ઓલા પત્થરમાં પૈસા પેદા કર્યા અને એમાં ડહાપણ કર્યું એ કાંઈ નથી. આહા..હા..! ઓલા તો જાણે પૈસા પેદા કર્યા તો હુશિયાર થઈ ગયા જાણે એ.

મુમુક્ષુ :- હુશિયાર હોય તો...

ઉત્તર :- ધૂળેય નથી હુશિયાર. ત્યાં ક્યાં હુશિયારી કામ કરતી હતી? બિલકુલ જૂઠી વાત છે. હુશિયારીને લઈને મળે છે? એના કરતા તો હુશિયાર ઘણા છે. પોપટભાઈ! સાચી વાત છે કે નહિ?

મુમુક્ષુ :- આ કામ કરતા હુશિયાર...

ઉત્તર :- ના, ના, એના કરતા પણ વધારે હુશિયાર હોય છે બીજા. એય..! મલુકચંદભાઈ! એ તો એક જાણવાનો ક્ષયોપશમ એ જાતની કળાનો ખ્યાલ હોય. એથી એ વસ્તુ ક્યાં છે? અહીં તો વાસ્તવિક પદાર્થનું, ભગવાને કહેલા પદાર્થ અને ભગવાને કહેલા શાસ્ત્રો, સૂત્ર અને પદાર્થ બેય આવ્યા. ૬૮માં તો એ લેશેને. સૂત્રનું જ્ઞાન અને પદાર્થનું જ્ઞાન જે પી ગયો તેવો એક અધિષ્ઠાન ભગવાન આત્મા. એ ૬૮માં આવશે. અધિષ્ઠાન શબ્દ શ્રીમદ્દે વાપર્યો છેને. ભગવાનના કહેલા શાસ્ત્રો એનું જ્ઞાન અને છ પદાર્થ લોકાલોકના જે છે તેનું (જ્ઞાન), એનો આધાર તો આત્મા છે અધિષ્ઠાન. જાણનાર તો એ છે. સમજાણું કાંઈ? આ બહારમાં ભ્રમણામાં એવા અટક્યાને ક્યાંક ને ક્યાંક લોકો. આખો ભગવાન મોટો છે એને જાણવાનો પ્રયત્ન કરતો નથી. જ્યાં-ત્યાં ભટક્યા ભટક આમથી આમ અને આમથી આમ. એમાં વળી આવા નીકળે કાંઈક. 'ફકીરે કાઢ્યો ફતવો.' એ આવે છેને એક સ્તુતિ હતી. એક હતા હોં એવા. ક્યાં આગળ? ..હતા દેરાવાસી એક. ભગત હતાને. ... ગયા. એ નહિ. એ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. .. તો બીજો. ... શબ્દની વાત ક્યાં? એ તો વાત થઈ. એ કાંઈક ગામનું નામ લેતા. આપણને ખબર .. હતાને તો ખબર. કસ્તુરભાઈ હતા. ..ના ભાઈ. સ્તુતિ કરતાં-કરતાં. ... ફકીરે કાઢ્યો ફતવો. એક તો અલખને કેમ ઓળખવો? ઓળખતા-ઓળખતા વળી ફકીરે કાઢ્યો ફતવો અને ખુદા છે અને એણે આ કહ્યું છે. એમ આણે પણ ફતવા કાઢ્યા માળા અત્યારે કેટલાય. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આ જ્ઞાનનો મહાસાગર પ્રભુ છે. નિઃસંદેહ, નિઃશંક(પણે) આખા લોકાલોકને પી ગયો એવો ભગવાન આત્મા એની જેને સમ્યગ્દર્શનની પ્રતીત નથી. એ ચાહે તો શાસ્ત્રનો જાણનાર હોય, સંયમી હોય, .. મુનિ હોય એમ. નગ્નદશા હોય, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય એમ. મુનિપણું એટલે એ વ્યવહારની. વ્યવહારની વાત છેને, અહીં ક્યાં ... સમ્યગ્દર્શન હોય તો.. સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો! જુઓ, ચરણાનુયોગની અંદર વાત આ. જે વાત હોય એ આવેને. એમ જ આવેને. આહા..હા..! એને લગતી જાતનું. આ વાત ક્યાં બીજે છે? આ કુંદકુંદાચાર્ય દિગંબર આચાર્યો સિવાય એ વાત બીજે ક્યાંય આવી છે નહિ. વસ્તુની સ્થિતિ ઉભી કરી. આહા..હા..! એના સંપ્રદાયમાં છે એને પણ ખબર નથી કે આ શું કહે છે અને કેમ શ્રદ્ધવું અને કેમ છે? આ કરો... આ કરો... આ કરો... વ્રત પાળો

ને દયા પાળો ને ભક્તિ કરો.

મુમુક્ષુ :- ચારિત્ર લ્યો.

ઉત્તર :- ચારિત્ર લ્યો. ક્યાં ચારિત્ર હતા પણ સમ્યગ્દર્શન વિના? અને એ તો વ્રત છે, એ કોઈ ચારિત્ર નથી અને વ્રતના પણ ઠેકાણા ક્યાં છે? સમજાણું કાંઈ? વ્રતની જે ભૂમિકા અજ્ઞાનીની છે એના વ્રતના .. એનામાં પણ ક્યાં છે એ? આહા..હા..! આ તો મુનિ એટલે અઠ્યાવીશ મુળગુણ ચોખ્ખા. શાસ્ત્રનું બરાબર જાણપણું ખ્યાલમાં છે કે આમ કહેવા માગે છે, પણ અંદર ભરોસો, પ્રતીત, સમ્યગ્દર્શન કરતો નથી. સમજાણું કાંઈ? એવા સાધુનો સત્કાર કરવો નહિ એમ કહે છે. આ બીજાને ખબર પડતી હશે કે નહિ? ભાઈ! આ શું કહે છે? ન કરવો ત્યારે આ શું થઈ ગયું? એને ખ્યાલ પડી જાય. મૂળ સમ્યગ્દર્શનથી ખાલી છે. વાતું ભલે ગમે તેવી કરે. સમજાણું કાંઈ? જુઓ. '**પરંતુ તે સિવાય બીજા શ્રમણાભાસો પ્રત્યે તે પ્રવૃત્તિઓ નિષિદ્ધ જ છે.**' ૬૩માં. ૬૩નો છેલ્લો બોલ હતો એનો આ ખુલાસો કર્યો છે. આહા..હા..! કહો, સમજાણું? એ ૨૬૪ થઈ.

૨૬૫. '**હવે જે શ્રામણ્યે સમાન છે...**' સાધુ સમ્યગ્દર્શન, જ્ઞાન, સંયમ આદિ ભાવલિંગ છે. સાધુ એક સમાન-સરખા છે બહાર આચરણમાં, શ્રદ્ધામાં, જ્ઞાનમાં વગેરે. '**તેનું અનુમોદન નહિ કરનારનો...**' એને સંમત નહિ થનાર એ '**વિનાશ દર્શાવે છે :—**' એને પણ ચારિત્રનો વિનાશ થાય છે. સમજાય છે કાંઈ? પાઠમાં એટલું લેશે. સરખા સાધુ, ધર્માત્મા મહા નિર્વિકલ્પ સમ્યગ્દર્શનપૂર્વક જેને સંયમ, ધ્યાન, આનંદ આદિમાં વર્તે છે. એવા સાધુ સમાન છે. એનું જો અનુમોદન નહિ કરે, એને સંમત ન થાય અને તેનો અનાદર કરે તો એના ચારિત્રનો નાશ થાય છે.

**अववददि सासणत्थं समणं दिट्ठा पदोसदो जो हि।**
**किरियासु णाणुमण्णदि हवदि हि सो णट्ठचारित्तो।।२६५।।**

**મુનિ શાસને સ્થિત દેખીને, જે દ્વેષથી નિંદા કરે,**
**અનુમત નહીં કિરિયા વિષે, તે નાશ ચરણ તણો કરે. ૨૬૫.**

'**ટીકા :- જે શ્રમણો દ્વેષને લીધે...**' અણગમો લાગે કે આમાં આ વળી શું આવ્યું? લે! અમારી સાથે સમોવડીયા વળી ક્યાં નીકળ્યા? સમજાય છે? '**દ્વેષને લીધે શાસનસ્થ શ્રમણના...**' શાસનસ્થ-શાસનમાં રહેલા. જૈનશાસન એટલે વીતરાગીભાવમાં રહેલા એવા '**શ્રમણના પણ અપવાદ બોલે...**' અમારે એ .. તમારે .. તમારી દશા. એમ જે નિંદા કરે '**શ્રમણના પણ અપવાદ બોલે છે...**' એમ. બીજાના તો બોલે, પણ આવાને પણ બોલે એમ કહે છે. '**અને (તેના પ્રત્યે સત્કારાદિ) ક્રિયાઓ કરવામાં અનુમત નથી,...**' સમ્યગ્દષ્ટિ, જ્ઞાની, મુનિ, સંત, આત્મધ્યાની સમજાય છે કાંઈ? જેને પ્રચુર આનંદ અને સ્વસંવેદન પ્રગટ્યું છે તેને શાસનસ્થ અથવા સાધુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એવા સાધુને

પણ અપવાદ બોલે છે. **'અને (તેના પ્રત્યે સત્કારાદિ) ક્રિયાઓ કરવામાં અનુમત નથી,...'** બીજાઓ વંદન કરતા હોય, આદર કરતા હોય તો એને ગમે નહિ. સમજાય છે કાંઈ?

**'તો તે શ્રમણ દ્વેષ વડે કષાયિત થવાથી તેનું ચારિત્ર નાશ પામે છે.'** અને ચારિત્ર નાશ પામે એમાં તો શ્રદ્ધા પણ ભ્રષ્ટ થઈ જાય છે. સારું ન લાગે એટલે એનો અર્થ ચારિત્ર નથી, શ્રદ્ધા પણ ભ્રષ્ટ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એકેએક વાતની વાત મૂકી આચાર્યે. કુંદકુંદાચાર્ય જંગલમાં રહેનારા, કેવળજ્ઞાનના કેડાયત. આહા..હા..! કેવળજ્ઞાનના કેડાયત સંત છે. એ એક-એક ગાથાએ કેટલી સ્પષ્ટતા કરૂણાથી જગતને પોતે વર્ણવે છે. આહા..હા..!

કહે છે કે ભાઈ! આવા સાધુને દ્વેષને લઈને... શાસનસ્થ છે. સમ્યગ્દર્શન શાસન એટલે? પંદરમી ગાથામાં કહ્યું છે. જે કોઈ અબદ્ધસ્પૃષ્ટ આત્મા, પરથી બંધાયેલો નથી, સ્પર્શ નથી, વિશેષપણું નથી. કલુષિત નથી, રાગ નથી, દુઃખ નથી. એવો જે ભગવાન આત્મા સુખસ્વરૂપ અને અબદ્ધસ્પષ્ટ આત્મા જેણે અંતરમાં અનુભવમાં લીધો, એણે શાસનને આખું જાણ્યું છે. કહો, સમજાણું કાંઈ? આ તો મુનિની વાત કરે છે. ઓલા તો સમ્યગ્દર્શનના શાસનમાં આવ્યું છે. ભગવાન આત્મા.. કારણ કે વીતરાગસ્વરૂપ છે. અબદ્ધસ્પૃષ્ટથી, કર્મના સંબંધથી રહિત છે, વિશેષથી રહિત સામાન્ય છે, આકુળતાથી રહિત આનંદસ્વરૂપ છે. એવો જે ભગવાન આત્મા એને જે અંતર ભાવશ્રુતજ્ઞાન દ્વારા અનુભવે તે શાસન. 'पस्सदि जिणसासणं सव्वं' એને આખા જૈનશાસનને જોયું. આહા..હા..! સમજાણું કાંઈ?

ભાવશ્રુતજ્ઞાન દ્વારા, વીતરાગી પર્યાય દ્વારા જેણે આત્માને આવો જાણ્યો, અનુભવ્યો એ સમ્યગ્દષ્ટિ જ્ઞાની શાસનમાં રહેલો એ શાસનસ્થ. અહીં શાસનનો અર્થ સંયમ લેવો છે વધારે. અહીં જૈનશાસન આવું જેણે જોયું એણે આખું શાસન જોયું. કેમકે ભગવાન આત્મા વીતરાગની મૂર્તિ આત્મા છે. જિનસ્વરૂપ છે એ. વસ્તુ તે આખી જિનસ્વરૂપ છે, વીતરાગનો પિંડ છે. એવી વીતરાગતા જેણે પર્યાય દ્વારા અનુભવી, સમજાણું કાંઈ? તે પર્યાય છે એ જૈનશાસન છે એમ કહે છે. દ્રવ્ય તો જૈનશાસન એ તો વસ્તુ. સમજાણું કાંઈ? આહા..હા..! એ કોઈ સંપ્રદાય નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે એમ કહે છે. અનંતા ગુણો વીતરાગસ્વરૂપે છે. એટલે? કષાયરહિત સ્વરૂપે બધા ગુણો અનંત છે. એટલે કે એ વીતરાગ સ્વરૂપ ચીજ છે. 'જિન સો હી હૈ આત્મા' એવો જે ભગવાન આત્મા એને અબદ્ધસ્પૃષ્ટ જેવું સ્વરૂપ છે તેવી અંતર દૃષ્ટિ કરીને અનુભવ કર્યો. ભાવશ્રુતઉપયોગી એ જૈનશાસનને જોવે છે. સમજાણું કાંઈ? ભલે બીજું જાણપણું ઓછું હોય, પણ આ રીતે આત્માને ભાવશ્રુતે જેણે અનુભવ્યો, જાણ્યો એ શાસનને જોવે છે. અને એ શાસનને પામ્યો છે અને એ જૈનશાસન જ છે. આહા..હા..!

'સબ આગમ ભેદ સુ ઉર વસે, કેવળ કો ભી જ્ઞાની કહે.' સમજાણું કાંઈ? કહે છે,

આ તો સાધુ સમ્યગ્દર્શન ઉપરાંત સંયમ અને તપવાળા છે. સમજાણું કાંઈ? મહાસંત છે. અને બીજો પણ સાધુ આવા સંતને દેખીને એનો સત્કાર, આદર ન કરે અને અપવાદ બોલે અને દ્વેષને લઈને સહન કરી શકે નહિ, એનો મોટપ અને એનો આદર અને સત્કાર સહન કરી શકે નહિ. એમ કહે છે જુઓને. આહા..હા..!

પોતે **'કષાયિત થવાથી...'** 'કષાયવાળો; વિકારી; રંગાયેલો.' કષાયના રંગે ચડેલો. **'તેનું ચારિત્ર નાશ પામે છે.'** જુઓ આ ચરણાનુયોગની દશા. આહા..હા..! **'ક્રિયાઓ કરવામાં અનુમત (ખુશી) નથી,...'** લ્યો લખ્યું છેને. '(સત્કારાદિ) **ક્રિયાઓ કરવામાં અનુમત નથી,...'** એટલે ખુશી નથી. અર્થમાં છે અન્વયાર્થમાં. અનુમત નથી-ખુશી નથી. અંદર ખુશી નથી એ ચારિત્રથી ભ્રષ્ટ છે.

૨૬૬. **'હવે, જે શ્રામણ્ય અધિક હોય તેના પ્રત્યે જાણે કે તે શ્રામણ્યે હીન (પોતાનાથી મુનિપણામાં હલકો) હોય એમ આચરણ કરનારનો વિનાશ દર્શાવે છે :—'** અને પોતે હીણો હોય અને બીજો અધિક હોય, (પોતા) પ્રત્યે ગર્વ કરીને અમે પણ સાધુ છીએ એમ માનીને અધિકવાળાનો આદર ન કરે અને અમે સાધુ છીએ એનો ગર્વ કરે એનો પણ અનંત સંસારી થાય આત્મા એમ આચાર્યે તો મૂક્યું છે લ્યો! એ તો પછી કદાચિત્ અનંત સંસારી થાય.

**गुणोधिगस्स विणयं पडिच्छगो जो वि होमि समणो त्ति।**
**होज्जं गणधरो जदि सो होदि अणंतसंसारी।।२६६।।**

જુઓ ભાઈ ક્રમબદ્ધ હોય અને અનંતસંસારી? એનો અર્થ થયો કે પોતે હીણો છે, અધિક ગુણવાળા પાસે વિનય કરાવવા માગે છે. આદર કરાવવા માગે છે, સત્કાર કરાવવા માગે છે આ કેમ અમને આદર કરતા નથી? અમે પણ સાધુ છીએ. એમ હીણા સાધુઓ એનાથી અધિક ગુણવાળા પાસે વિનય કરાવવા માગે તો અનંત સંસારી થાય, મિથ્યાત્વ થાય એમ કહે છે. મિથ્યાત્વ એટલે અનંત સંસાર એમ. સમજાણું કાંઈ? છેને?

**જે હીનગુણ હોવા છતાં 'હું પણ શ્રમણ છું' મદ કરે,**
**ઈચ્છે વિનય ગુણઅધિક પાસ, અનંતસંસારી બને. ૨૬૬.**

**'ટીકા :- જે શ્રમણ પોતે જઘન્ય ગુણવાળો હોવા છતાં...'** જે સાધુ **'પોતે જઘન્ય ગુણવાળો હોવા છતાં હું પણ સાધુ છું.' 'એવા ગર્વને લીધે બીજા અધિક ગુણવાળાઓ પાસેથી વિનયની ઈચ્છા કરે છે,...'** પોતા કરતા અધિક ગુણવાળા પાસે વિનય કરાવવાની ઈચ્છા કરે છે. એ વિનય કેમ કરતા નથી? એણે વિનય કરવો જોઈએ. અમે મોટા છીએ, ઘણા વર્ષથી દીક્ષા થયેલા છે. છે હીણા. વર્ષ થયા એનું શું થઈ ગયું? સમજાણું કાંઈ? આહા..હા..! હવે આવી વાત પરમાત્માની કુંદકુંદાચાર્ય ચરણાનુયોગમાં (કહે છે). વિવેક નથી એમ કહે છે. ગુણહીન માણસ ગુણથી અધિક પાસેથી આદર કરાવવા માગે,

વિનય કરાવવા માગે. કે હું પણ એવો છું. એના જેવા જ છીએને, એક નાતના છીએ, એક જાતના છીએ.

**'એવા ગર્વને લીધે બીજા અધિક ગુણવાળાઓ પાસેથી વિનયની ઇચ્છા કરે છે, તે (શ્રમણ) શ્રામણ્યના ગર્વને વશ...'** સાધુપણાના અભિમાનને વશ. સાધુપણું છે નહિ. સમ્યગ્દર્શન નથી, જ્ઞાન-ચારિત્ર આદિ નથી. સમજાણું કાંઈ? બહારના ભેખ આદિ હોય, અંદર વ્યવહારની ક્રિયા પણ હોય. આહા..હા..! '**(શ્રામણ) શ્રામણ્યના ગર્વને વશ...**' અમૃતચંદ્રાચાર્યે જરી '**કદાચિત્ અનંતસંસારી પણ થાય છે.**' એ વખતે મિથ્યાત્વને લઈને અનંત સંસાર છે, પણ એ ટીકામાં પાછળ થોડું.. સમજાણું? '**कथंचिदनन्तसंसारी संभवति**' જયસેનાચાર્યમાં પણ છે. પાઠમાં એમ છે ખરુંને. '**कथंचिदनन्तसंसारी संभवति**' કુંદકુંદાચાર્ય તો તડાફડી કરે છે.

મિથ્યાત્વને સેવે, ગુણથી અધિક પાસે માન માગે છે એ અનંતસંસારી મિથ્યાદૃષ્ટિ છે. પણ એને .. થયું હોય ફરીને પાછો .. પશ્ચાતાપ કરે તો અનંતસંસારી ન થાય એમ જરી.. સમજાણું? '**निश्चयव्यवहाररत्नत्रयगुणाभ्यां हीनः स्वयं यदि चेद्भवतीति। यदि चेद्गुणाधिकेभ्यः सकाशाद्गर्वेण पूर्वं विनयवाञ्छां करोति, पश्चाद्विवेकबलेनात्मनिन्दां करोति।**' એમ જયસેનાચાર્યમાં છે. પાછો વિવેક કરે તો ક્ષણમાં પલટી જાય. એ ક્યાં પ્રશ્ન છે? એ વખતની વાત છે. પણ જરી... વાત ફરી જાય ત્યારે એવું થઈ જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ફરી જાય એ વખતે તો. ખોટો જ છે. સાચો હોય તો તો શેનો અભિમાન કરે? ખોટો છે બીજા પાસે વિનય માગે છે. મોટો ખોટો છે ખરેખર તો. પણ વેશમાં, પાત્રમાં, ક્રિયામાં સરખો દેખાયને બહારમાં. બરાબર નિર્દોષ ચારિત્ર ક્રિયા એ વ્રતની. બરાબર હોય સરખી વ્રત નિરતિચાર. અમે પણ સાધુ છીએ. ભાવલિંગ હોય તો તો એને દ્વેષ હોય શાનો? સમજાણું કાંઈ? એવા પણ સાધુ હતાને ત્યાં ભેગા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હલકા મિથ્યાદૃષ્ટિ સાથે. બહારમાં પણ છે બધા સરખા. અંદરમાં દૃષ્ટિ વિપરીત છે અને અનુભવદૃષ્ટિ નથી અને અનુભવસહિત ચારિત્ર નથી. પણ બહારના આચરણવાળા સરખા છેને. એ જઘન્યનો અર્થ એવો પણ કર્યો છેને ભાઈએ જયસેનાચાર્યમાં. ૨૭૧ ગાથા. ખબર છેને. એ જઘન્યનો એક અર્થ એવો કર્યો છે ત્યાં. એક જઘન્ય એટલે હીણાવાળા અને જઘન્ય એટલે મિથ્યાદૃષ્ટિ એવો કર્યો છે. આસ્રવ અધિકાર. ૨૭૧ ગાથા.

અહીં તો જ્યારે દ્વેષ કરે છે ત્યારે તો અંદર મિથ્યાદૃષ્ટિ. પતન થઈ ગયું. સમજાણું કાંઈ? નહિતર તો સાધુ પ્રત્યે તો પ્રેમ હોવો જોઈએ. સમજાય છે? ગણધર જેવા પણ ચૌદ પૂર્વ અને ચાર જ્ઞાનના ધણી. પણ સાચા સાધુ અંતર્મુહૂર્તમાં જેણે સાચું સંતપણું, છઠ્ઠું સાતમું

ભૂમિકા પ્રગટ કરી છે એને પણ ગણધરદેવ પાંચ નોકારમાં એને નમસ્કાર કરે છે. બાહ્ય નાના છે તો ન કરે વ્યવહાર. ણમો લોએ સવ્વ સાહુણં. આહા..હા..! હે સંત! આત્માના ભાનસહિતના સંયમ તપમાં અંતર વર્તે છે. બે ઘડીની અંદર અનુભવે એ જીવ આવ્યો હોય અને અહીં તો કરોડો, અબજો વર્ષથી ચારિત્ર પડ્યું હોય એને. સમકિત દૃષ્ટિ ગણધરને તો ત્યાં તો મોટું આયુષ્ય છેને મહાવિદેહમાં? તોપણ ણમો અરિહંતાણં. ણમો લોએ સવ્વ અરિહંતાણં. ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આઈરિયાણં. કોણ? આ વીતરાગી દશા હોં. ઓલા સવ્વમાં અર્થ ઓલો કરે છે એ ઉંધો છે. આ તો વીતરાગી જ્ઞાની છે. નહિ. બીજા ગમે તે સંપ્રદાયના આચાર્ય સાધુ હોય તો ણમો લોએ સવ્વ સાહુણંમાં આવી જાય. ધૂળેય ન આવે, સાંભળને. અહીં તો મિથ્યાદૃષ્ટિ જૈનનો વૈરાગી નિર્ગ્રંથ મુનિ આદિ હોય એ પણ આવતો નથી તો બીજો વળી ક્યાંથી આવતો હતો? આહા..હા..! સમજાણું?

એવા '**વિનયની ઇચ્છા કરે છે, તે (શ્રમણ) શ્રામણ્યના ગર્વને વશ કદાચિત્ અનંતસંસારી પણ થાય છે.**' એટલે અનંતસંસાર પણ રખડે એમ. વર્તમાન તો મિથ્યાત્વ છે એટલે એ અનંતસંસાર રખડે કદાચિત્ એ અપેક્ષાએ શબ્દ વાપર્યો. થોડી .. એમ વાત છે. સમજાણું કાંઈ? છેને અંદરમાં જયસેનાચાર્યમાં? '**पश्चाद्विवेकबलेनात्मनिन्दां करोति, तदानन्तसंसारी न भवति, यदि पुनस्तत्रैव मिथ्याभिमानेन ख्यातिपूजालाभार्थं दुराग्रहं करोति तदा भवति। अथवा यदि कालान्तरेऽप्यात्मनिन्दां करोति तथापि न भवतीति।**' લ્યો ઠીક. કાળાંતરે પણ જો આત્મનિંદા કરે તો અનંતસંસાર ન રખડે એમ કહેવો છે આશય. બાકી અહીં તો આચાર સાથે મિથ્યાત્વભાવ છેને તો અનંત સંસાર કહ્યો છે સમજાણું કાંઈ? ભારે આકરું કામ માણસને. સાધુ-સાધુમાં ફેર મોટા. હવે '**અનંતસંસારી પણ થાય છે.**' એમ લીધુંને? અહીં તો .. અનંતસંસારી. થોડા શબ્દોમાં કહેવું છેને? ૨૬૬ થઈ.

હવે ૨૬૭. '**હવે જે શ્રમણ શ્રામણ્યે અધિક હોય તે જો પોતાનાથી હીન શ્રમણ પ્રત્યે સન્માન જેવું (પોતાના બરોબરિયા જેવું) આચરણ કરે તો તેનો પણ વિનાશ દર્શાવે છે :—**' અધિક ગુણવાળો હીણાગુણવાળાને બરોબર તરીકે સમાન સત્કાર આદિ કરે તો એનું પણ ચારિત્ર વિનાશ પામે. ભારે ભાઈ! બધું જાણવું પડતું હશે અંદર. જ્ઞાનમાં આવતું હશે કે નહિ બધું આ હીણા છે કે આ છે? એમ કહેવા માગે છે મૂળ તો. આહા..હા..! જ્ઞાનને નિષેધ થયો. એના જ્ઞાનમાં આવી જાય છે કે આ વસ્તુફેર છે, એની દૃષ્ટિમાં ફેર છે, આચરણમાં ફેર છે. જ્ઞાન સૂક્ષ્મ છેને સમ્યક્ એ કળી લે છે, એમ કહે છે. છતાં હીણા છે એનો જો વિનય આચરણ કરે તો તેનો વિનાશ દર્શાવે છે.

अधिगगुणा सामण्णे वट्टंति गुणाधरहिं किरियासु।
जदि ते मिच्छुवजुत्ता हवंति पब्भट्ठचारित्ता।।२६७।।

**મુનિ અધિકગુણ હીનગુણ પ્રતિ વર્તે યદિ વિનયાદિમાં,**
**તો ભ્રષ્ટ થાય ચરિત્રથી ઉપયુક્ત મિથ્યા ભાવમાં. ૨૬૭.**

'અન્વયાર્થ :-' '**यदि श्रामण्ये अधिकगुणाः**' '**જેઓ શ્રામણ્યના અધિક ગુણવાળા હોવા છતાં...**' મહા સંત જેને ક્ષાયિક સમકિત આદિ પ્રગટ્યું છે, જ્ઞાનાદિ છે, ચારિત્ર પણ નિર્મળ વીતરાગ પરિણતિ એ ચારિત્ર હોં! વિકલ્પ વર્તે એ કાંઈ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? '**જેઓ શ્રામણ્યના અધિક ગુણવાળા હોવા છતાં હીન ગુણવાળા પ્રત્યે...**' અધરે ગુણાભ્યા. અધરે-હલકા. '**હીન ગુણવાળા પ્રત્યે (વંદનાદિ) ક્રિયાઓમાં...**' વંદન, અભ્યુત્થાન, સત્કાર, આદર એવા '**ક્રિયાઓમાં વર્તે છે,...**' એમ. માથે કહી ગયા હતાને એ? અભ્યુત્થાન ને એ. ન કીધું? સત્કાર, ગુણપ્રશંસા નહિ? આવ્યું હતું ક્યાંક નહિ? પોષણ, ગ્રહણ, સ્વીકાર, ઉપાસન, પોષણ, સત્કાર, અંજલિકરણ. ૨૬૨માં છે. એવું જો '**(વંદનાદિ) ક્રિયાઓમાં વર્તે છે, તેઓ મિથ્યા ઉપયુક્ત થયા થકા...**' ચરણાનુયોગનો અર્થ છેને. એનો ઉપયોગ મિથ્યા થઈ જાય છે. તેથી '**ચારિત્રથી ભ્રષ્ટ થાય છે.**' આહા..હા..! જુઓને એક માર્ગ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્રિયા બાહ્ય ચોખ્ખી છેને? ઉત્કૃષ્ટ ઘણી ચોખ્ખી ક્રિયા છે. અઠ્યાવીશ મૂળગુણ આદિ બહુ. ચોખ્ખા ગુણવાળો છે. ખ્યાલમાં આવે છે કે આ દર્શન નથી. સૂક્ષ્મપણે .. છતાં એ વ્યવહારમાં ચોખ્ખા અઠ્યાવીશ મૂળગુણ, આગમની શ્રદ્ધા, આગમની વ્યવહારુ શ્રદ્ધા ચોખ્ખી હોય અને વ્યવહારું જ્ઞાન પણ ચોખ્ખું, વ્યવહાર આચરણ પણ બિલકુલ ચોખ્ખા હોય ત્યારે એને દ્રવ્યલિંગી કહેવાય. સમકિતી જાણે છતાં એને વ્યવહાર કરે. શુભભાવ છે એ જાતનો.. સમજાણું કાંઈ? એમ કે ત્યાં મિથ્યા ઉપયોગ થતો નથી અને અહીંયાં મિથ્યા ઉપયોગ થાય છે એમ કહે છે. અહીં તો એને આવા છે એનું ભાન જ નથી. છે ખ્યાલમાં આવતા છતાં એનો વિનય કરે, આદર કરે તો તેનું ચારિત્ર રહેતું નથી.

જુઓ '**ટીકા :- જેઓ પોતે અધિક ગુણવાળો હોવા છતાં હીન ગુણવાળા બીજા (શ્રમણો) પ્રત્યે (વંનદાદિ) ક્રિયાઓમાં વર્તે છે, તેઓ મોહને લીધે...**' જુઓ, ઓલો મિથ્યા ઉપયોગનો અર્થ કર્યો. '**મોહને લીધે અસમ્યક્ ઉપયુક્ત થયા થકા...**' મિથ્યાત્વને લઈને ઉપયોગ જ જૂઠો થયા થકા '**(-મિથ્યા ભાવોમાં જોડાયા થકા) ચારિત્રથી ભ્રષ્ટ થાય છે.**' આહા..હા..! વિવેક બતાવે સમય-સમયનો વિવેક. સમજાણું કાંઈ? હવે વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૦, ગુરુવાર, તા. ૦૭.૦૮.૧૯૬૯**
**ગાથા-૨૬૮-૨૬૯, પ્રવચન-૨૨૯**

પ્રવચનસાર. ૨૬૮ ગાથા. '**હવે અસત્સંગ નિષેધ્ય છે એમ દર્શાવે છે :—**' આચાર્ય મહારાજ કહે છે કે અસત્સંગ કરવા જેવો નથી. અસત્સંગમાં નુકસાન છે સાધુને પણ હોં. એમ કહે છે. એની ઓળખાણ કરવી પડશેને અસત્સંગ શું અને સત્સંગ શું?

**णिच्छिदसुत्तत्थपदो समिदकसाओ तवोधिगो चावि।**
**लोगिगजणसंसग्गं ण चयदि जदि संजदो ण हवदि।।२६८।।**

**સૂત્રાર્થપદનિશ્ચય, કષાયપ્રશાંતિ, તપ-અધિકત્વ છે,**
**તે પણ અસંયત થાય, જો છોડે ન લૌકિકસંગને. ૨૬૮.**

અન્વયાર્થ કરીએ પહેલું. શબ્દાર્થ છેને? '**સૂત્રો અને અર્થોના પદને (અધિષ્ઠાનને)...**' '**સૂત્રો અને અર્થોના પદને...**' એટલે સૂત્રોનું જ્ઞાન અને અર્થોનું જ્ઞાન જેને છે એવો આત્મા તે પદ. આત્મા એવું પદ છે કે જે શાસ્ત્રનું જ્ઞાન અને શાસ્ત્રે કહેલા પદાર્થો એનું જેને આત્મજ્ઞાન એવો આત્મા છે. એવું પદ એટલે એ અધિષ્ઠાન છે પોતે. આખી દુનિયા અને ભગવાને કહેલા શાસ્ત્રો એ બધાનું જ્ઞાન પી જાય, એ પણ આવી ગયું છેને આપણે? એવું આ અધિષ્ઠાન પદ છે. '**સૂત્રો અને અર્થોના પદને...**' પદને એટલે '**(અધિષ્ઠાનને)...**' અમૃતચંદ્રાચાર્યે ટીકામાં .. કર્યું છે. '**જેણે નિશ્ચિત કરેલ છે,...**' સમજાણું? સૂત્રો એટલે ભગવાનના કહેલા શાસ્ત્રો પરમેશ્વરે કહેલા અને એમણે કહેલા અર્થો નામ પદાર્થો. એનું જે જાણનાર એવો જે આત્મા જેણે નિશ્ચિત કરેલ છે, એવા આત્માનો જેણે નિર્ણય કરેલ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... સૂત્ર, શાસ્ત્રો એનું જ્ઞાન અને પદાર્થોનું છ દ્રવ્યનું. એમાં આત્મા શું એ બધું આમાં આવી જાય છેને? એ બધાનું જ્ઞાન એવો જે જ્ઞાનનો અધિષ્ઠાન-આધાર એટલે આત્મા. એ આત્માનો જેણે નિર્ણય કરેલ છે. નિર્વિકલ્પ સ્વભાવ દ્વારા એણે આત્માનો નિર્ણય કરેલ છે. નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ ઉપરાંત '**કષાયોને જેણે શમાવ્યા છે...**' '**शमित**' છેને? કષાયો. વીતરાગ પર્યાય જેણે પ્રગટ કરી છે. અને '**तपोऽधिकः**' '**જે અધિક તપવાળો છે—**' અભ્યંતર અને બાહ્ય બેય ઈચ્છા નિરોધની જેને શાંતિ છે અને બાહ્યમાં તપાદિ જે ઉત્કૃષ્ટ કહેવાય મહિનાના કે વિશેષ વ્યવહાર. એમાં એ આવો સાધુ પણ. એમ કહે છે. જુઓ, આ અસત્સમાગમે નુકસાન થાય એની વ્યાખ્યા કરે છે.

એ '**જો લૌકિક જનોના સંસર્ગને છોડતો નથી,...**' એના બે અર્થ કરશે. જયસેનાચાર્ય

લૌકિક અને આ સાધારણ કરશે. લૌકિક અને... સમજાણું? ઓલામાં આવે છેને ૯૪ (ગાથા)માં. શુદ્ધ ચૈતન્ય વ્યવહારને છોડીને એમ કહ્યું ભાઈ! ૯૪. એ શૈલી લીધી છે. અમૃતચંદ્રાચાર્ય. એકલો મનુષ્ય એટલે ક્રિયાકાંડનો જ વ્યવહાર બધો સંસાર, એને અહીંયાં લૌકિક ગણ્યો છે. લૌકિક કહો કે વ્યવહાર કહો કે વ્યવહારનયના ક્રિયાકાંડી કહો. અમૃતચંદ્રાચાર્યે ૨૬૯.. ચૈતન્ય વ્યવહારને છોડી દઈને મનુષ્ય વ્યવહાર વડે એમ ૯૪માં છે. જયસેનાચાર્યે જરી બીજો અર્થ કર્યો છે થોડો. જ્યોતિષ આદિ સમજ્યાને? લૌકિક એમ... જ્યોતિષ, મંત્ર, વાદ, વૈદક વગેરેના કાર્યો. એ કાર્ય. આમણે તો એ જ અર્થ કર્યો છે અમૃતચંદ્રાચાર્યે તો. કે એકલો વ્યવહારનયની ક્રિયાકાંડવાળો જીવ લૌકિક છે. એ લૌકિક ક્રિયા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આત્મા શુદ્ધ ચૈતન્ય નામ દૃષ્ટિ, જ્ઞાન અને અનુભવની વીતરાગતા સિવાય એકલી પંચ મહાવ્રતની ક્રિયા, અપવાસ, ઈન્દ્રિયદમન વગેરે લૌકિક વ્યવહારનયની જેટલી ક્રિયાઓ ઉત્કૃષ્ટ છે એ બધી કરે છે તે બધો ચૈતન્ય વ્યવહારથી બાહ્ય વ્યવહાર છે. માટે તેને લૌકિક વ્યવહાર કહ્યો છે. અથવા વ્યવહારનયનો વિષય જ લૌકિક વ્યવહાર છે એમ કહે છે લ્યો ભાઈ! આહા..હા..! આવે છેને ઓલું આપણે દ્રવ્યસંગ્રહમાં આવતું હતુંને પહેલા? વ્યવહારનય લૌકિક. દ્રવ્યસંગ્રહમાં પહેલું આવતું હતું. લૌકિક બધું. વ્યવહારનયનો વિષય જ વ્યવહાર લૌકિક બધો. અહીં વ્યવહારનયની જે ક્રિયાકાંડ છે એ બધી કરે છે. સમજાય છે? તો એવાના સંસર્ગને છોડે નહિ ધર્મી જીવ સાધુ સાચો. એવાનો સંસર્ગ વ્યવહારની ક્રિયાકાંડમાં જ મચેલો છે લૌકિક. એનો સંસર્ગ છોડે નહિ '**તો તે સંયત રહેતો નથી.**' ચરણાનુયોગ છેને? નિમિત્તથી કથન છે. તો એ સાધુ રહી શકતો નથી. સાધુ ભ્રષ્ટ થઈ ગયો એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

ઓલામાં કીધું છેને? ઓલા શું કહેવાય? મૂલાચારમાં તો ત્યાં સુધી કહ્યું છે આચાર્યે. કુંદકુંદાચાર્ય (કૃત) મૂલાચાર છેને. ભાઈ! જેની શ્રદ્ધામાં વિપરીતતા છે એ ક્યાંકથી ક્યાંક બચાવ કરીને ઉંધી જ શ્રદ્ધા કરાવશે. સમજાણું? જે સત્ય શ્રદ્ધાના જ્ઞાનદર્શનમાં આવ્યો નથી, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાનની દશાને પ્રાપ્ત નથી અને બીજી રીતે ચડી ગયો છે, એ ક્યાંક ક્યાંક એમાં બચાવ કરીને આમ પણ હોય... આમ પણ હોય... એમ કરીને મિથ્યાત્વના ભાવનું શલ્ય કરાવશે. માટે એવાનો સંગ કરવો નહિ. પોપટભાઈ! એવાનો સંગ કરે..

મુમુક્ષુ :- એ તો મુનિની વાત છેને.

ઉત્તર :- મુનિની વાત છે તો ગૃહસ્થને નથી આવતું? ગૃહસ્થને આવતું નથી એમાં શું કહેવાય? .. આવે છે પરમાર્થ.. આવે છે કે નહિ? ... સમકિતીને આવે છે. સમજાય છે? ત્યાં તો ત્યાં સુધી કીધું છે કે એવી જેને અંદર વાસ્તવિક દૃષ્ટિ નથી, વાસ્તવિક આચરણ નથી અને એને પોતાને પર મનાવવું છે. એથી એવાનો પરિચય કરતા તને મિથ્યાત્વ લાગી જશે. એ કરતા તો... આચાર્યે એમ કહ્યું છે. સમજાણું? સ્ત્રીનો સંગ પરણી લેજે. લગન

કરજે એમ કહ્યું છે ત્યાં. મૂળાચારમાં કહ્યું છેને. કારણ કે ત્યાં લગન કરવામાં તો ચારિત્રનો-રાગનો દોષ છે. એ કાંઈ વિશેષ દોષ નથી. ભગવાનભાઈ! દુનિયાને લાગે. આ તો માર્ગ બીજી જાતનો છે, ભાઈ! આહા..હા..! એ કરતા કહે સ્ત્રીની સાથે લગન કરજે, તને ન એકલા રહેવાતું હોય તો. પણ આ ઉંધી શ્રદ્ધાવાળા જેના જ્યાં-ત્યાં તત્ત્વથી વિપરીત માન્યતાવાળા લાકડા ખોસી ઘાલશે. અનંત સંસાર વધી જશે મિથ્યાત્વથી. ઓલા ચારિત્રદોષમાં સંસાર નહિ વધે. સમજાણું કાંઈ? પોપટભાઈ! આહા..હા..!

ચારિત્રદોષ છે અને સમ્યક્ હોય તો એને ખરેખર તો ભવ પણ બગડે નહિ. એનો ભવ હલકો બંધાય જ નહિ. સમ્યગ્દર્શન, અનુભવની દૃષ્ટિ જ્યાં થઈ છે. એને શુભભાવ આવે ત્યારે જ આયુષ્ય સ્વર્ગનું બંધાય. અશુભ કાળનો પ્રસંગ હોય એમાં કાંઈ આયુષ્ય બંધાય નહિ. એવી વાત પણ શું થાય એ વાતનું? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનવાળો અશુદ્ધ પરિણામમાં આવે છતાં આયુષ્ય ભવિષ્યનું બંધ, આયુષ્ય અશુભભાવ વખતે નહિ પડે. અમરચંદભાઈ! જ્યારે એને એ શુભભાવ આવશે તે પ્રકારનું ત્યારે આયુષ્યનો બંધ પડી જશે. એટલો તો ભવ પણ નહિ બગડે એમ કહે છે. આહા..હા..! કારણ કે વાસ્તવિક વીતરાગ સ્વરૂપ આત્મા જ્ઞાયકસ્વરૂપ છે એનું અંતર ભાન વર્તે છે. પછી ચારિત્રદોષ છે રાગાદિ. છતાં એ અનેક છન્નું હજાર સ્ત્રી આદિ ચક્રવર્તીને હોય સમકિતીને. સમજાય છે? છતાં એનું આયુષ્ય એવા ભાવકાળે નહિ બંધાય. કોઈ ચક્રવર્તી હજી એકાદ ભવ કરવો હોય તો. કોઈને કરવો બાકી હોય તો. એવી વસ્તુની સ્થિતિ છે. લોકોને, ક્યાં તત્ત્વ મરડાય છે, ક્યાં તત્ત્વને અંદર વિપરીત થાય છે એના ભાવની ખબર નથી. એ મહાદોષ મહાપાપ છે મિથ્યાત્વનું એમ કહે છે. આહા..હા..! લ્યો. '**તે સંયત રહેતો નથી.**' એ માટે અન્વયાર્થ કર્યો.

હવે એની '**ટીકા :- (૧) વિશ્વનું વાચક 'સત્'લક્ષણવાળો એવો જે આખોય શબ્દબ્રહ્મ...**' વિશ્વ એમ કહેતા આખી દુનિયાનું જે કથનમાં આવ્યુંને વિશ્વમાં? શબ્દબ્રહ્મ. વિશ્વ કહેતા શબ્દબ્રહ્મ. '**આખોય શબ્દબ્રહ્મ...**' એમ. ભગવાને કહેલો આખો શબ્દબ્રહ્મ, લોકાલોકને જણાવનારું શબ્દબ્રહ્મ. એ શબ્દબ્રહ્મનું જેને જ્ઞાન છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**વિશ્વનું વાચક 'સત્' લક્ષણવાળો એવો જે આખોય શબ્દબ્રહ્મ...**' જગત એમ કહેતા લોકાલોક એમ કહેતા બધું એના શબ્દમાં જ્ઞાન આવી જાય છે. એ શબ્દનું જેને પૂર્ણ જ્ઞાન છે. '**અને તે શબ્દબ્રહ્મનું વાચ્ય 'સત્'લક્ષણવાળું એવું જે આખુંય વિશ્વ...**' એ વાચ્ય થયું. ઓલું વાચક અને આ વાચ્ય. બેયનું જેને જ્ઞાન વર્તે છે. સમજાણું કાંઈ?

સૂત્રનો અર્થ. એ સૂત્ર અને અર્થ એટલે પદાર્થ એમ. સૂત્રના અર્થો એમ નહિ. સૂત્ર અને સૂત્રે કહેલા પદાર્થ. એમ. છેને? સત્ છેને? '**શબ્દબ્રહ્મનું વાચ્ય 'સત્'લક્ષણવાળું એવું જે આખુંય વિશ્વ તે બન્નેના...**' તે બન્નેના શબ્દો અને વિશ્વના બેયના જ્ઞાનાકારે પરિણમેલું આત્માનું જ્ઞાન. '**જ્ઞેયાકારો પોતાનામાં યુગપદ્ ગુંથાઈ જવાથી...**' ભારે ગાથા છે આ.

સમજાણું કાંઈ? ઓલી નાની-નાની હતીને તો ચાર વઈ ગઈ કાલે. લ્યો બે-ત્રણ દિ'થી. અંદર હોય ત્યારે નીકળે. ન હોય એ વિના તો ક્યાંથી કાઢવું ખેંચી-ખેંચીને? એમાં ભાવ હોય એ નીકળે. એમાં ભાવ વિશેષ ન હોય તો ક્યાંથી કાઢે? અહીંયાં તો ઘણા ભાવ ભર્યા છે આમાં. શબ્દબ્રહ્મ. શબ્દ, જગત, લોકાલોક, વિશ્વ એમ કહેતા એ વિશ્વ શબ્દ છે એનું એ જ્ઞાન છે અને વિશ્વે કહેલું સત્‌લક્ષણવાળું તત્ત્વ આખું જગત સત્ છે. બધું હોં.

'**વાચ્ય 'સત્'લક્ષણવાળું એવું જે આખુંય વિશ્વ તે બન્નેના જ્ઞેયાકારો પોતાનામાં યુગપદ્...**' એક સાથે. શબ્દનું જ્ઞાન અને આ બધા પદાર્થનું જ્ઞાન-બેયનું એક સાથે '**ગુંથાઈ જવાથી (-જ્ઞાતૃતત્ત્વમાં...**' જાણનાર ભગવાન આત્મા એના તત્ત્વમાં '**એકીસાથે જણાતા હોવાથી) તે બન્નેના...**' આ પદની વ્યાખ્યા કરે છે હવે. સૂત્ર-અર્થ-પદ એમ ત્રણ શબ્દ પડ્યા છેને? જયસેનાચાર્યે સૂત્ર-અર્થ અને પદોનું વ્યાખ્યાન એમ કહ્યું છે. અને આમણે તો ખાસ સૂત્ર, અર્થ અને પદ. સૂત્ર, અર્થને જાણનારું એવું જે પદ. પદ એટલે અધિષ્ઠાન ભગવાન આત્મા. સમજાણું કાંઈ? સૂત્ર અને તેના કહેલા આખી દુનિયા, આખું વિશ્વ તેમાં કેવળી બધા આવી ગયા કે નહિ? એ પાંચ પદ પણ આવી ગયા કે નહિ? અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. આખું જગત આવી ગયું. વિશ્વ કહેતા સત્ છે એ બધું છે. છે. સિદ્ધ છે, અરિહંત છે, આચાર્ય છે, ઉપાધ્યાય છે. એ સત્‌માં નિગોદ છે, પરમાણુ છે, સ્કંધ છે. છે એમાં કોઈ બાકી કોણ રહે? ઓહો..હો..! જુઓ, આ છે એવા અનંતા કેવળીઓ અને સિદ્ધો. લાખો કેવળીઓ વર્તમાન. સમજાણું? અરિહંતો જે કોઈ સમુદ્‌ઘાત આદિ થયા હોય એ... એ બધા સત્ પદાર્થમાં બધા આવી જાય છે. છે એમાં બધું આવી જાય છે કે નહિ? આહા..હા..!

એ બધાનું જેને જ્ઞાન જ્ઞેયાકારરૂપે આત્મામાં આવી ગયું છે એમ કહે છે. એવો આત્મા... નીચેની વાત છે હોં. કેવળની વાત નથી આ. આ તો શ્રુતજ્ઞાનની વાત છે. આહા..હા..! એવો ભગવાન આત્મા છે. જેને શબ્દ અને બધા શબ્દો બ્રહ્મ આખું. શબ્દબ્રહ્મ એટલે આખું વ્યાપક. આખા લોકાલોકને બતાવનારો શબ્દ એકલું શબ્દબ્રહ્મ વ્યાપક. એનું કહેલું સત્ એવો પદાર્થ એ આખી દુનિયામાં સર્વવ્યાપક જેટલા પદાર્થ છે તે. બધાને જ્ઞેયાકારો... આત્મામાં જ્ઞેયાકાર એટલે એક જ્ઞેયનું પરિણમન જેવું ત્યાં જ્ઞેય છે તેવું અહીં જ્ઞાન થઈ ગયું. જ્ઞેયાકાર સૂત્ર અને પદોનું એક સાથે ગુંથાઈ ગયેલું બેયનું જ્ઞાન જેને વર્તે છે એવો આત્મા. તેનો આધાર એવો અધિષ્ઠાન આત્મા. આહા..હા..! શ્રીમદ્‌માં આવે છે એક પત્ર. એ અધિષ્ઠાન, નામ કહ્યું છે તે અધિષ્ઠાન અમે હૃદયમાં જોઈએ છીએ. હવે એમાંથી કાંઈ કાઢે મારા ઉંધા. બહારનું અધિષ્ઠાન.. કરે છેને. જગતમાં કોઈ અધિષ્ઠાન .. એ અધિષ્ઠાન આ આત્મા. જગત અને જગત શબ્દો અને એના કહેલા પદાર્થો બધા. એનું અધિષ્ઠાન આ આત્મા. સમજાણું કાંઈ? પાછો શબ્દ છેલ્લે કહ્યો છે એને અમે હૃદયમાં નિહાળીએ છીએ. પાછો એ અર્થ ભૂલી

જાય છે. કે આ અધિષ્ઠાન આત્મા છે એમ કહે છે. વાંચ્યું છે કે નહિ? સમજાણું કાંઈ?

આખી દુનિયા અને દુનિયાના શબ્દો જે એકરૂપ શબ્દબ્રહ્મ-શબ્દ વ્યાપક. શબ્દ કહ્યોને. ભગવાનની વાણી દિવ્યધ્વનિ આખી દુનિયાના પદાર્થને જણાવે માટે શબ્દબ્રહ્મ કહ્યો. આખી ચીજ પૂર્ણ છે એને પદાર્થ કહ્યા. બેયનું જેને જ્ઞાન જ્ઞેયાકારપણે, અહીં જ્ઞેય છે એવું અહીં જ્ઞાન થઈ જાય છે. '**જ્ઞેયાકારો પોતામાં યુગપદ્ ગુંથાઈ જવાથી...**' એટલે? એક સાથે બેયનું જ્ઞાન જણાતું હોવાથી. '**તે બન્નેના અધિષ્ઠાનભૂત—**' આધાર-આધાર. જુઓ, મૂળ પાઠ છેને અમૃતચંદ્રાચાર્યનો. નીચે છે અર્થ. '**જ્ઞાતૃતત્ત્વનો સ્વભાવ શબ્દબ્રહ્મને...**' ભગવાન આત્માનો સ્વભાવ શબ્દબ્રહ્મને જાણવાનો '**અને તેના વાચ્યરૂપ વિશ્વને યુગપદ્ જાણવાનો છે...**' એક સાથે બેયને જાણવાનો છે. આહા..હા..! વાચક અને વાચ્યને એક સાથે ભગવાન આત્મા જ્ઞાનમાં જાણે એવો એનો સ્વભાવ છે. '**તેથી તે અપેક્ષાએ જ્ઞાતૃતત્ત્વને...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ એને '**શબ્દબ્રહ્મનું અને વિશ્વનું અધિષ્ઠાન (આધાર) કહેલ છે.**' શબ્દબ્રહ્મનું અને વિશ્વ એટલે પદાર્થ. બેયનો આધાર કહેલ છે. આ આધાર આ રીતે છે. આહા..હા..! એને આધારે ઉપજ્યા પદાર્થો કે શબ્દો—એમ નથી. સમજાણું કાંઈ?

એકકોર રામ ભગવાન અને એકકોર આખું ગામ—તદ્દન આખો લોકાલોક. એમ એક ક્ષણમાં જ્ઞેયાકાર લોકાલોકનું, શબ્દનું જ્ઞાન એક સાથે આવી જાય છે એવો આત્મા છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? એવો જે આત્મા '**સંયત જીવને એવા જ્ઞાતૃતત્ત્વનો નિશ્ચય હોય છે.**' એમ. સંયમી હોય છે ચારિત્રવંત એને આવા આત્માનો અનુભવ નિર્ણય હોય છે એમ કહે છે. આવો નિર્ણય જો આત્માનો ન હોય તો ત્યાં તો સમ્યક્પણું અને ચારિત્રપણું પણ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

'**'સત્' લક્ષણવાળા જ્ઞાતૃતત્ત્વનો...**' હવે અહીંયાં આવ્યું આત્મા ઉપર એ સત્લક્ષણ. આવા સત્લક્ષણવાળા જ્ઞાતૃતત્ત્વ એમ. ઓલું સત્ કીધું હતું. સત્લક્ષણવાળો આખો શબ્દબ્રહ્મ, અને સત્લક્ષણવાળું એવું આખું વિશ્વ અને અહીં '**'સત્' લક્ષણવાળા જ્ઞાતૃતત્ત્વનો...**' સમજાય છે કાંઈ? શબ્દબ્રહ્મ એ પણ સત્ છે અને એણે કહેલા પદાર્થો જે છે જગતના એ પણ સત્ છે અને બેયને જાણનારું આ પણ એક સત્તત્ત્વ છે. એક જ સત્તત્ત્વ એક જ સત્તત્ત્વ એક જ સમજાણું? આગળ આવ્યું હતુંને ક્યાંક નહિ? પી ગયું છે. નહોતું આવ્યું? પી ગયું છે આવી ગયું છે ક્યાંક. પી જવું. ૨૬૪. ૨૬૪ ગાથા. '**પોતાના આત્મા વડે જ્ઞેયપણે પી જવાતું હોવાથી આત્મપ્રધાન છે...**' આહા..હા..! આત્મા-આત્મા જ્યાં હોય ત્યાં. ભગવાન આત્મા જ્ઞાનનો સાગર એની જ્યારે પર્યાયમાં ભરતી આવે ત્યારે તો એ એવી ભરતી છે જ્ઞાનની પર્યાયની. ભરતી સમજ્યાને? જ્વાર. એવો જ્ઞાનનો પર્યાય એટલું સામર્થ્ય છે કે એ સતરૂપ વસ્તુ આખા સતરૂપ શબ્દને... સત્ શબ્દમાં બધું આવી જાય. આખું શબ્દબ્રહ્મ. અને સતરૂપ તારી ચીજને એક તત્ત્વ જાણી લે છે એવા સત્લક્ષણવાળું જ્ઞાતૃતત્ત્વ છે. કહો,

સમજાણું કાંઈ?

... છે. આ બાયડી, છોકરા, કુટુંબ, શરીર, કર્મ આદિને આત્માને જાણે એવો એ જ્ઞાતૃતત્ત્વ સત્ છે. એનું એ નથી, પણ છે એ પોતાનું સત્ એમ કહે છે. ન સમજાણું? એય..! આ બાયડી, છોકરા, કુટુંબ, ધંધો એ તો સત્‌પદાર્થમાં ગયા. અને એને જણાવનારા કે આ બાયડી-છોકરા છે એવો શબ્દ એ શબ્દમાં ગયું. એ બેયને જાણનારું જ્ઞાન છે એ સત્‌લક્ષણવાળું પરથી ભિન્ન છે. એ જ્ઞાનતત્ત્વ એ નથી શબ્દનું, નથી એ બાયડી-છોકરાનું એમ કહે છે. એ જ્ઞાનતત્ત્વ છે એ નથી શબ્દનું અને નથી લોકાલોકનું. આહા..હા..! ... આહા..હા..! ભારે પણ .. ગજબ કરી છેને. આહા..હા..!

ભગવાન આત્મા ચૈતન્ય અરિસો એની સામર્થ્યતાનું સત્ લક્ષણ કેવડું? એ શબ્દબ્રહ્મ અને આખું સત્ જગતનું અનંતા જેટલા છે એટલા હોં. ત્રણ કાળ, ત્રણ લોકના. બધાને જ્ઞેયાકારરૂપે જ્ઞાન જાણી લે એવું એ સત્‌લક્ષવાળું જ્ઞાતૃતત્ત્વ ભગવાન છે. એવડું સત્‌લક્ષણવાળો આત્મા એનો જેણે નિર્ણય કર્યો છે. અમરચંદભાઈ! આહા..હા..! .. અખંડ એકરૂપ છે. બધા પદાર્થો અનંત હોવા છતાં એ અનંતને બતાવનારો શબ્દ પણ અનંતને બતાવે. 'અનંત' એમ શબ્દબ્રહ્મ અનંતને (બતાવે). એથી હું જુદો. એ સંબંધીનું જ્ઞેયાકારનું જ્ઞાન મારું છે એવો સત્‌લક્ષણવાળો આત્મા છે એનો જેણે નિર્ણય કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો જીવ (તેણે) પણ લૌકિક જેવા સાધુનો કે એનો સંસર્ગ કરવો નહિ. એમ કહે છે. ઠીક! સમજાણું કાંઈ?

એવા '**સત્' લક્ષણવાળા જ્ઞાતૃતત્ત્વનો નિશ્ચય કર્યો હોવાથી...**' કર્યો હોવાથી '**સૂત્રો' અને પદાર્થોના પદને જેણે નિશ્ચિત કરેલ છે...**' એમ. આવા તત્ત્વનો નિશ્ચય કર્યો હોવાથી સૂત્રો અને પદાર્થોના પદને જેણે નિશ્ચિત કરેલ છે. જુઓ ભાષા. સમજાણું કાંઈ? પહેલામાં આવી ગયું કે '**તે બન્નેના અધિષ્ઠાનભૂત—એવા 'સત્' લક્ષણવાળા જ્ઞાતૃતત્ત્વનો નિશ્ચય કર્યો હોવાથી...**' હવે પાછા ત્રણેય લઈ લીધા. એ ઓલા સૂત્રો અને અર્થોના પદને એટલે આ અધિષ્ઠાનને જેણે નિશ્ચિત કરેલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્ય ગજબ કામ. ભારે વાત, અલૌકિક વાત. આખી દુનિયા સમાય. એક શબ્દ અને બે શબ્દ અને ત્રીજા શબ્દમાં તો આખી દુનિયા આવી જાય. એક સૂત્ર શબ્દ, એક અર્થ અને એનું અહીં જ્ઞાન એવો જે ભગવાન જ્ઞાતૃતત્ત્વ. એટલે સૂત્રોનું જ્ઞાન, અર્થોનું જ્ઞાન અને પોતે અધિષ્ઠાન એનું જ્ઞાન પાછું.

એવા ''**સૂત્રો અને પદાર્થોના પદને (અધિષ્ઠાનને) જેણે નિશ્ચિત કરેલ છે...**' સમજાણું કાંઈ? પહેલો અર્થ જરી નિશ્ચિતનો ચાલતો હતો. નિશ્ચિત શબ્દ છેને? એટલે નિશ્ચયનયના વિષયને જેણે મુખ્ય કર્યો છે. ... પહેલા હશે .. અહીં તો ભગવાન આત્મા જ્ઞાન અરિસો, ભગવાન જ્ઞાન અરિસો એવું સત્-હોવાવાળો પદાર્થ. એ સૂત્રો અને પદાર્થો

એણે જેણે જાણી લીધા છે એવું જે અધિષ્ઠાન. એમાં સૂત્રો, પદાર્થો અને આત્મા ત્રણેનો જેણે નિર્ણય, અંદર એકનો નિર્ણય કરતા બધાનો નિર્ણય આવી જાય છે. '(**અધિષ્ઠાનને) જેણે નિશ્ચિત કરેલ છે એવો હોય...**' લ્યો! આવો હોય તોપણ એણે લૌકિક સંસર્ગ, વ્યવહારનયના પ્રધાન ક્રિયાકાંડી જીવોની સાથે સંસર્ગ કરવો નહિ. કેમ? મૂળચંદજી! એ ક્યાં-ક્યાં લાકડું નાખશે. એ તો આમ થાશે, એ તો વ્યવહાર હોય તો ત્યાં નિશ્ચય થાય, પછી આ હોય તો આ થાયને, ઢીંકણું થાય ને ફીંકણું થાય. એવું લાકડું ખોસી નાખશે. આવી ક્રિયા હોય અને આવો કષાય મંદ હોય અને આવું બધું આચરણ હોય, આચરણ હોય. ચરણાનુયોગ અપેક્ષાએ તો એ જ વસ્તુ છે અને એનાથી પછી આગળ જવાય.

મુમુક્ષુ :- ચરણાનુયોગ આવ્યો ક્યાંથી?

ઉત્તર :- એ આવ્યો ક્યાંથી ચરણાનુયોગ હજી? સમ્યક્ અનુભવ દૃષ્ટિ વિના વ્યવહાર વિકલ્પ આવ્યો ક્યાંથી? એને વ્યવહાર કહેનાર જાગ્યો છે ક્યાં હજી? એ તો આંધળો વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો આપણે કોકને ધર્મ પમાડીએને, આપણે ધર્મ પમાડીએ છીએને ઘણાને, એનાથી કાંઈક લાભ થાય એવું છે. લાભ થાય. વિકલ્પથી લાભ થતા હશે? બીજા ધર્મ પમાડતો હશે? બીજાને કાંઈક થાય માટે આપણે આ નથી .. કોઈપણ જીવ ધર્મ પામે યથાર્થ તો તીર્થંકરગોત્ર બાંધે. શ્રીમદ્દે કહ્યું છેને. એકપણ જીવ જો યથાર્થ સમજાવે એને તો તીર્થંકરગોત્ર બાંધે. પણ એનો અર્થ શું? એ તો વિકલ્પ છે. બંધાય એમ કીધું ત્યાં. એ પણ સમકિતી હોય એને તીર્થંકરગોત્ર હોયને. એક પણ સામે સમજ્યા તો એનો અર્થ ઓલો વિકલ્પ છે અને વિકલ્પથી તીર્થંકરગોત્ર બંધાય એમાં આત્માને શું થયું?

મુમુક્ષુ :- ..બીજાઓને હેય..

ઉત્તર :- ... આવી ગયી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ તે માર્ગ પણ. એકલો વીતરાગથી ઘોળાયેલું સત્ત્વ આખું સત્. એવા તત્ત્વનો જેણે નિર્ણય કર્યો છે એમ કહે છે. આહા..હા..! દુનિયાની સાથે તો ભાઈ મેળ ખાય એવો નથી આ એવો માર્ગ છે. આહા..હા..!

એક વાત. એ એક વાત થઈ. '**સૂત્રાર્થપદનિશ્ચય...**' એક પદની વ્યાખ્યા થઈ. એવાઓએ પણ. જુઓ, એકલા વ્યવહારની ક્રિયાકાંડમાં મશગુલ લૌકિક છે. લૌકિક એને કહ્યા છે અહીં તો એને. આહા..હા..! રાગની ક્રિયા વિકલ્પની. જેટલા વિકલ્પ ઉઠે આમ... આમ... આમ... બસ, એ બધી ક્રિયાઓ રાગની છે અને ક્રિયા લૌકિકની છે, વ્યવહારનયની છે. એના કરનારા લૌકિકજન છે એમ કહે છે. સમજાણું કાંઈ? બીજી વાત. '**समिदकसाओ**' '(૨) **નિરુપરાગ ઉપયોગને લીધે...**' શું કહે છે? નિરુપરાગ-ઉપરાગ નથી. જેમાં વિકલ્પ નથી-રાગ નથી. એવા ઉપયોગને લીધે ''**કષાયોને જેણે શમાવ્યા છે એવો**' હોય...' રાગ-વિકલ્પ વિનાનો જેનો નિર્વિકલ્પ ઉપયોગવાળો હોવાથી જેણે કષાયને શમાવ્યા છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન

ઉપરાંત, આત્માનો નિર્ણય કર્યા ઉપરાંત આવો થયેલ છે. નિરુપરાગ ઉપયોગ છે-રાગ વિનાનો આત્મવેપાર છે. અસ્થિરતાનો જે રાગ હતો એ પણ ટાળ્યો છે એમ કહે છે. અને નિરુપરાગ-નિર્વિકારી ઉપયોગ. વિકલ્પ જે શુભ કોઈપણ જાતનો, તીર્થંકરગોત્ર બાંધવાનો ઉપયોગ કે રાગાદિ એ બધારહિત '**નિરુપરાગ ઉપયોગને લીધે...**' ઉપરાગ-મેલવાળો રાગ એનાથી રહિત ઉપયોગને લીધે. ''**કષાયોને જેણે શમાવ્યા છે...**' શાંત કર્યા છે. ઉપશમરસ પર્યાય પ્રગટ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

હવે કોઈ કહે કે આ તદ્દન કષાયો શમાવ્યા એમ કીધું. તો બારમા ગુણસ્થાનની વાત છે આ. એ તો સંસર્ગ કરવાની વાત કરે છે તો અહીં આવો પણ સંસર્ગ કરે તો નુકસાન થાય એ તો નીચલા દરજ્જાની વાત. ઘણા અર્થ એમ કરે છેને? ઓલા .. આવે છે નિરુપરાગ જુઓ, બિલકુલ રાગ નથી એવો વેપાર. એ તો બારમા ગુણસ્થાને. અરે..! સાંભળને ભાઈ! અહીં તો લૌકિક સંસર્ગ આણે ન કરવો તો બારમાવાળાને ન કરવો એમ છે અહીં? છઠ્ઠાની વાત છે અહીં તો હજી. સમજાણું કાંઈ? નિરુપરાગ આવ્યોને ઉપયોગ? ત્યાં આવે છેને ઘણે ઠેકાણે ત્યાં આવે છે. કષાયરહિત, કષાયરહિત મુનિ છે. કષાયરહિત પણ ક્યારે થાય? બારમે થાય. અરે..! ભાઈ! અહીં નથી. અહીં તો જે બુદ્ધિપૂર્વક રાગ ઝર્યો છે અને નિરુપરાગના જ જેના ઉપયોગનું પરિણમન છે. અબુદ્ધપૂર્વક રાગ એ એનો સ્વામી નથી અને એનામાં એ છે જ નહિ. નિરુપરાગ-રાગરહિત ઉપયોગનો જ વેપાર જેને લઈને કષાય શમાઈ ગયો છે. સમજાણું કાંઈ? '**ઉપયોગને લીધે 'કષાયોને જેણે શમાવ્યા છે એવો' હોય...**' આવો હોય છતાં એમ કહે છે. લૌકિક જનનો પરિચય, સંસર્ગ કરવો નહિ. સમજાણું કાંઈ?

ત્રીજો. '**तवोधिगो चावि**' '**(૨) નિષ્કંપ ઉપયોગનો બહુશઃ અભ્યાસ કરવાથી 'અધિક તપવાળો'...**' ભાષા જુઓ, નિશ્ચયતપ. આહા..હા..! નિષ્કંપ ઉપયોગ એમ. ઈચ્છા નથી, બિલકુલ ઈચ્છા ઉત્પન્ન થતી નથી. એવો નિષ્કંપ ઉપયોગ. કંપ છે એ રાગ છે. નિષ્કંપ ઉપયોગ '**બહુશઃ = (૧) ઘણો; ખૂબ; બહુ. (૨) વારંવાર.**' અભ્યાસ કરવાથી. નિષ્કંપ એટલે ઈચ્છા વિનાનો આત્મામાં વેપાર કરવાથી, ઈચ્છા નિરોધ તપ એમ છેને? એ અહીં સમ્યગ્દર્શનપૂર્વક કષાય ઉપશમ કર્યા છે. એને નિષ્કંપ ઉપયોગમાં રમે છે. વારંવાર અભ્યાસ કરવાથી અધિક તપવાળો. આનું નામ તપ પાછું એમ. મહિનાના અપવાસ કર્યા છે કે બે મહિનાના કર્યા છે એ તપ નહિ. સમજાણું કાંઈ? એ ..શાંત વીતરાગતા અંદરની એટલી છે. છે છઠ્ઠા ગુણસ્થાનની વાત હોં આ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**નિષ્કંપ ઉપયોગનો...**' કંપ નામ કંપવું એટલે વિકલ્પ થવો એ કંપ છે એમ કહે છે અહીં તો. સમજાણું? આમ તો યોગ તે કંપ છે, પણ અહીં તો વિકલ્પ થવો એ જ કંપ છે. એમ કહે છે. અસ્થિર થયોને? સ્વરૂપની સ્થિરતામાંથી કંપ ઉઠ્યો એ. સમજાણું કાંઈ? આહા..હા..! '**નિષ્કંપ ઉપયોગનો બહુશઃ અભ્યાસ કરવાથી...**' વારંવાર અભ્યાસ કરવાથી,

ખૂબ, બહુ. લ્યો! **'અધિક તપવાળો હોય—એ રીતે...'** અધિક તપવાળો છે. પાઠ છેને? **'तवोधिगो' 'तवोधिगो'** શબ્દ પડ્યો છે સંસ્કૃતમાં મૂળ પાઠમાં. એવો. ત્રણ બોલ થયા. સમજાણું? **'એ રીતે (આ ત્રણ કારણે) જે જીવ સારી રીતે સંયત હોય...'** લ્યો હવે પાછી સંયતની ભાષા આવી. આ રીતે જે સારી રીતે સંયત હોય. ત્રણ કારણે જે સારી રીતે સંયત હોય, આ ત્રણ કારણે જે સારી રીતે સંયત હોય. જ્ઞેયાકાર શબ્દ અને સત્‌નું જેણે જ્ઞાનમાં પરિણમન કર્યું છે એવો જ્ઞાતૃતત્ત્વનો નિર્ણય અને કષાય ઉપશાંત થયો છે એવો નિરુપરાગ અને આ અકંપ ઉપયોગ. એવો સ્થિર થયો છે એવો જીવ. લ્યો! સારી રીતે સંયત છે. ભાષા એ છે નહિ?

**'તે (જીવ) પણ લૌકિકસંગથી (લૌકિક જનના સંગથી) અસંયત જ થાય છે,...'** અસંયત જ થાય છે. અહીં તો નિમિત્તની પ્રધાનતાથી કથન છેને. થાય છે તો પોતાથી, પણ એને સંગ કરવાનો ભાવ થયોને એનો? સમજાણું કાંઈ? આહા..હા..! એ જીવ લૌકિકસંગથી અસંયત જ થાય છે. લ્યો! **'કારણ કે અગ્નિની સંગતિમાં રહેલા પાણીની માફક...'** નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે. ઉનું થાય છે તો પોતાથી, પણ અગ્નિનું ત્યાં નિમિત્ત છે. એમ ભ્રષ્ટ થાય છે પોતાથી પણ ત્યાં લૌકિક સંસર્ગનું નિમિત્ત છે. ચરણાનુયોગની વ્યાખ્યા એ રીતે થાય છે. ત્યાં પણ વાંધા ઉઠાવે ઘણા. જુઓ, પરના સંસર્ગે, પરના નિમિત્તે પણ જીવમાં નુકસાન થાય છે. આ લખ્યું આમાં. એનો અર્થ તો કરવો જોઈએને ભાઈ! સંસર્ગ કરવાનો તારો ભાવ થયો એથી તને નુકસાન છે ત્યારે નિમિત્તથી નુકસાન છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ગાથા આપે છે દાખલો. .. ભાઈએ પણ આપ્યો છે. રતનચંદજીએ પણ દાખલો આપ્યો છે. .. ગાથા છેને. એ દાખલો આપ્યો છે. આજે એ આપ્યો.

**'અગ્નિની સંગતિમાં રહેલા પાણીની માફક...'** જુઓ, **'તેને વિકાર અવશ્યંભાવી છે.'** એમ પાછું. અગ્નિનું નિમિત્ત હોય અને પાણી ઉનું ન થાય એમ હોય? તો નિમિત્ત ત્યારે જ કહેવાય કે નૈમિત્તિક થયું ત્યારે ઓલાને નિમિત્ત કહેવાણુંને? અમરચંદભાઈ! અહીં નૈમિત્તિક થયું ત્યારે એને નિમિત્ત કહેવાણું, નિમિત્તથી થયું એમ કહેવાણું. એમ લૌકિક સંસર્ગથી અહીંયાં પોતે ભ્રષ્ટ થયો તો ત્યારે લૌકિકસંગ પરથી થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે તાણાતાણ પણ મારા. ઉપાદાન-નિમિત્તની એવી તકરાર. ભગવાન શું કરવા .. ચંદ્રશેખરે બહુ લીધું છે આ. ઉપાદાન-નિમિત્તની ખેંચાતાણ. આ લોકો આમ કહે છે, આ લોકો આમ કહે છે. કોણ કહે છે? ભગવાન કહે છે. આ લોકો કોણ કહે છે? ભગવાન અહીંયાં આચાર્ય મહારાજ પોતે કહે છે જુઓ, આહા..હા..!

પરદ્રવ્યથી નુકસાન થાય, કર્મથી નુકસાન થાય, આ ખોટા સંગથી નુકસાન થાય, સાચા સંગથી લાભ થાય અને કર્મ ઘટે તો લાભ થાય. બધી વાતું વ્યવહારનયનું કથન છે. સમજાણું

કાંઈ? 'કારણ કે **અગ્નિની સંગતિમાં રહેલા પાણીની...**' અગ્નિની સંગતિમાં રહેલા, એમ ભાષા છેને? શું? '**અગ્નિની સંગતિમાં રહેલા પાણીની માફક તેને વિકાર અવશ્યંભાવી છે. માટે લૌકિકસંગ સર્વથા નિષેધ્ય જ છે.**' લ્યો! માટે લૌકિક સંગ—જેની દૃષ્ટિમાં વિપરીતતા છે અને જેણે લૌકિક જ આચરણ આદિ એકલું વ્યવહારનયનું કર્યું છે એવાઓનો સંગ નિષેધ્ય જ છે. નિષેધ્ય જ છે. એનો સંગ કરવો નહિ.

'**ભાવાર્થ :- જે જીવ સંયત હોય, એટલે કે...**' એ સંયતની વ્યાખ્યા કરી. કે '(૧) **જેણે શબ્દબ્રહ્મને અને તેના વાચ્યરૂપ સમસ્ત પદાર્થોને જાણનાર જ્ઞાતૃતત્ત્વનો નિર્ણય કર્યો હોય,...**' જે સાધુ હોય, સંત હોય સાચા એણે તો આવા જ્ઞાતૃતત્ત્વનો અનુભવ કર્યો હોય. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ ભગવાન વીતરાગ. રાગથી છૂટો પડીને જેણે આત્માનો અનુભવ કર્યો હોય. એવો જ્ઞાતૃતત્ત્વનો જેણે નિર્ણય. એક વાત. '(૨) **જેણે કષાયોને શમાવ્યા હોય...**' કષાય એટલે પુણ્ય-પાપના વિકલ્પો, રાગ-દ્વેષ એને શમાવ્યા હોય. બે. '(૩) **જે અધિક તપવાળો હોય,...**' માથે કહ્યું હતું એ. નિષ્કંપ ઉપયોગવાળો. '**તે જીવ પણ...**' આવા જીવ પણ. બીજાની તો શું વાત કરવી? એમ કહે છે. સાધારણ માણસ તો હલી જાય જરી, ડગી જાય અંદર. ઘડીકમાં જેનીકોરનો પવન એની કોરની ધજાની પૂંછડી વળે. પણ આ તો આવો હોય તોપણ '**લૌકિક જનના સંગથી અસંયત જ થાય છે;...**' અંદરમાં ગડબડ અભિપ્રાયમાં થઈ જાય, ગડમથલ થઈ જાય અંદરથી કે આહા..હા..! આ શું થયું? સમજાણું કાંઈ? વ્યવહાર પહેલો હોય, પછી નિશ્ચય થાય. વ્યવહારમાં કાંઈક છે નિશ્ચયનું સાધન. કાંઈક વ્યવહારમાં છે. વ્યવહાર...

મુમુક્ષુ :- ..ભગવાને કીધું શું કરવા?

ઉત્તર :- કીધું છે એમ જાણવા માટે કહ્યું. કીધું શું કરવા એટલે? એનો વ્યવહાર એ ભૂમિકામાં કેવો હોય એ જાણવા માટે કહ્યું. જાણવા માટે એ જાણેલો પ્રયોજનવાન કીધો. ભગવાને બારમી ગાથામાં જાણેલો પ્રયોજનવાન કીધો. આદરેલો પ્રયોજનવાન છે અને કરવા જેવો પ્રયોજનવાન છે એમ કીધું છે? આહા..હા..! છે એમ જણાવે નહિ? છઠ્ઠી ભૂમિકાએ, ચોથે, પાંચમી દશામાં જે એના રાગની જે જાત હોય તેવડી, તેટલી કયા પ્રકારની એ જણાવે. એવું જાણવું તો જોઈએ. જાણવામાં બધું આ વિશ્વને જાણવું, પછી તો એ જાણવામાં આવ્યુંને વિશ્વમાં? વિશ્વમાં એ રાગ જાણવામાં આવી ગયો કે નહિ? વિશ્વને જાણ્યું. આખા વિશ્વને અને શબ્દબ્રહ્મને જાણ્યો એમાં રાગાદિ વ્યવહાર છે ને આ નિશ્ચય છે એમ બેય જાણ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

નિર્વિકાર વીતરાગ પર્યાય તે નિશ્ચય છે અને એ ભૂમિકાએ ચોથે, પાંચમે રાગાદિ તે વ્યવહાર છે. એ બધું વિશ્વની અંદર આવી જાય છે. એ વિશ્વમાં આવનારું જ્ઞાન એને જાણી લે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! ભગવાન! તારે કરવું છે કે શું કરવું બાપુ?

તારે બચાવ કરવો છે? એમ કહે છે. .. બચાવ કર્યો છે અનાદિથી. હવે શું કરવું છે? ક્ષણમાં દેહ છૂટશે ભાઈ! આ હાર્ટએટકે, રોગ, શ્વાસ, પીડા એ વખતે ક્યાં તારી નજર હશે? ચિદાનંદ આત્મા રાગથી ભિન્ન એની નજર વિના, અનુભવ વિના ક્યાંય સ્થાન શરણ છે નહિ. ક્યાં આધાર (દે એવી) કોઈ ચીજ નથી. સમજાણું કાંઈ?

'**અસંયત જ થાય છે; કારણ કે જેમ અગ્નિના સંગથી પાણીમાં ગરમપણારૂપ વિકાર અવશ્ય થાય છે, તેમ લૌકિક જનના સંગને નહિ છોડનાર...**' એમ. છોડતો નથી એ પોતાના ભાવમાં સંગ કરે છેને. '**લૌકિક જનના સંગને નહિ છોડનાર સંયતને અસંયતપણારૂપ વિકાર અવશ્ય થાય છે.**' અંદર લાકડું રહી જશે, શલ્ય થઈ જશે. આહા..હા..! કર્મ વિના વિકાર થાય? કર્મ વિના વિકાર થાય? વાત સાચી લાગે છે. ભગવાને નથી કહ્યું કે જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે? એમ કરીને નાખે. રાગની મંદતા શુભોપયોગ એ ધર્મનું સાધન નથી? કરવાનું નથી કહ્યું? એ ઓલામાં નાખે છે. દોલતરામમાં આવે છેને. જ્યાં લગી શુદ્ધોપયોગને... .. આવે છેને ક્યાંક? ભજનમાં આવે છે. હા એ. 'યાવત શુદ્ધોપયોગ તાવત...' એ ચર્ચા થઈ હતી અમારે ઘણા વર્ષ પહેલા ૯૯માં. ખબર છેને. જુઓ આ કીધું. પણ શું કીધું છે એમાં? એ તો સમ્યગ્દર્શન છે, રાગથી ભિન્ન અનુભવ છે, રાગ મારી ચીજ નથી, એનાથી લાભ નથી, લાભ તો મારો આત્મા આનંદમૂર્તિના અનુભવથી છે—એવું ભાન થયું છે એને શુદ્ધોપયોગની દશા થતી નથી, શુદ્ધોપયોગની દશા થતી નથી ત્યારે એને શુભભાવ હોય છે એ કીધી કરણી. કીધી કરણી કરવાનો અર્થ કે હોય છે. એમ વ્યવહારનયથી કરવું એમ કહેવામાં આવે છે. ભારે પણ બચાવ એવા કરેને. સમજાણું કાંઈ? એય..! જેઠાભાઈ! તમારે નથી મોક્ષ જાવું? કેમ કેવળ થાતું નથી? એ ખબર નથી પડતી કે કેવળજ્ઞાનાવરણીય છે માટે થાતું નથી. લ્યો ઠીક! પણ અમારો એવો પુરુષાર્થ નથી માટે થાતું નથી એમ કહેને.

મુમુક્ષુ :- .. પૂરેપૂરો..

ઉત્તર :- વાત સાચી એની. પણ કાઢવાની તો અંદર જેટલી યોગ્યતા હોય એટલી નીકળે કે એમ ને એમ પરાણે ખેંચીને નીકળતા હશે? આહા..હા..! પુરુષાર્થનો પિંડ છે. પણ તેં પુરુષાર્થના પિંડને અનુભવમાં લીધો? લીધા પછી એને પુરુષાર્થ ગતિમાં ચાલે પર્યાયમાં એ એની મર્યાદાએ ચાલે. સમજાય છે? એવી વાત છે. એ પણ એના ક્રમમાં જે પર્યાય આવવાની હોય એવો એને પુરુષાર્થ હોય. એ એને સમકિતીને ખબર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાત છે. એ યોગ્યતા. પણ યોગ્યતા એટલે જ્યારે સમ્યગ્દર્શન થયું, જ્ઞાયકનું ભાન થયું ત્યારે યોગ્યતાની પર્યાયનું જ્ઞાન થયું. ત્યારે એને ક્રમબદ્ધ આ જ પર્યાય આવવાનો હતો એનું જ્ઞાન થયું. એ વિના જ્ઞાન ક્યાંથી લાવ્યો? ત્રણ બોલ કહ્યા હતાને. હમણા નહોતા કહ્યા? હોવાનું હોય, થવાનું હોય એ થાય યોગ્યતાને ક્રમબદ્ધ. ભાઈએ લખ્યું હતું. ભાઈએ નાખ્યું છેને. નિહાલભાઈએ. એમ કરીને કેટલા બોલ કાઢ્યા છે. ૫૩૯ .. છે. ૪૩૯ હશે.

બરાબર યાદ નથી. કહો, સમજાણું? એવું નાખ્યું છે. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખટકે છે એમ લખ્યું છે. સમજ્યા વિના, થવાનું હશે એ થાશે, ક્રમબદ્ધ છે, એની યોગ્યતાથી થાય. એ વાત બધી સાચી, પણ કોણ એ સમજે? બોલે કોણ એ? જાણે કોણ? જેને આત્મા જ્ઞાયકતત્ત્વ આવો જે નિર્ણય થયો છે એના જ્ઞાનમાં થવાનું એ થશે તેના જ્ઞાનનું એને જ્ઞાન વર્તે છે અને ક્રમબદ્ધ થવાનો તેને અંદર નિર્ણય છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને નિર્ણય ક્યાં છે? હજી ક્રમબદ્ધ પણ બેસતું નથી. ક્રમે થાય એ તો ... એમ થઈ જાય. ક્રમબદ્ધ થઈ જાય તો આમ થઈ જાય. પછી આપણે પુરુષાર્થ કરવાનો રહે નહિ. ભગવાને દીઠું છે. અરે..! સાંભળને ભાઈ! તને ભગવાને દીઠું છે એનો નિર્ણય છે? આહા..હા..! સર્વજ્ઞે દીઠું એમ થાય એવો જ્યાં નિર્ણય કરવા જાય ત્યાં તો જ્ઞાયકનો નિર્ણય થાય. એવી વાત છે, પણ હવે વાત એવી અવળે રસ્તે ચડી ગઈ છેને ઉંધે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

જ્યાં શબ્દ અને સમસ્ત વિશ્વને જાણનાર જ્ઞાન પી ગયું ભગવાન આત્મા. એને અંદર અનુભવ થયો અને દૃષ્ટિ થઈ, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન. ત્યારે વળી સમ્યગ્દર્શનના પ્રકાર. કોઈ કહે કે ચરણાનુયોગનું સમકિત, આ વળી કરણાનુયોગનું સમકિત. સમકિત-ફમકિત કોઈનું હોય નહિ. સમકિત તો આત્માનું જ હોય એકલું. આવા ને આવા. સમજાણું કાંઈ? એ ચરણાનુયોગનું સમકિત, એક દ્રવ્યાનુયોગનું સમકિત. સમકિત તો એક જ હોય. બે સમકિત હોય જ નહિ, સાંભળને. નિશ્ચય શું વ્યવહારે પણ સમકિત નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એવા લાકડા ઉંધા મિથ્યાત્વના પેસાડી દેશે તને, જો આવા સંગ કરવા જઈશ તો. ભગવાનજીભાઈ! આહા..હા..! પણ જેને કાંઈ સમજવું જ નથી અને દરકાર નથી અને એમ ને એમ પડ્યા હોય એને માટે તો કાંઈ વાત છે નહિ.

મુમુક્ષુ :- પણ જોઈએ તો ખરા શું કહે છે? સાંભળીએ તો ખરા.

ઉત્તર :- ખબર નથી? સાંભળીએ એ ખબર નથી? શું કહે છે એનો પરિચય-ખબર નથી? ક્યા-ક્યા માણસ કહે છે એ અત્યારે હવે અજાણ્યું રહ્યું નથી. એનો પરિચય કરશું તો મને લાભ થશે એવો તો ભાવ નથીને? તો થઈ રહ્યું. કાંઈક આપણે ત્યાંથી નવું જાણશું. એટલે એનો અર્થ થયો કે એની શ્રદ્ધામાં એ કાંઈક કહે છે એમાંથી લાભ લેવો છે. દૃષ્ટિ ઉંધી છે. આકરું કામ, ભાઈ! મોટું કામ. શું થાય?

આચાર્ય ભગવાન કહે છે **'લૌકિક જનના સંગને નહિ છોડનાર સંયતને અસંયતપણારૂપ વિકાર અવશ્ય થાય છે. માટે લૌકિક જનોનો સંગ સર્વ પ્રકારે ત્યાજ્ય જ છે.'** સમજાણું કાંઈ? આહા..હા..! બહુ સરસ! ૨૬૮મી ગાથા. ૨૬૮ ગાથા.

**'હવે 'લૌકિક'નું (અર્થાત્ લૌકિક જનનું) લક્ષણ કહે છે :—'** લ્યો! ૨૬૯. લૌકિક

કહેવો કોને? તમે તો ના પાડી લૌકિકનો સંગ ન કરવો નહિ, પણ કહેવો કોને? એનું અમને જ્ઞાન હોવું જોઈએને કે લૌકિક આવો હોય.

**णिग्गंथं पव्वइदो वट्टदि जदि एहिगेहिं कम्मेहिं।**
**सो लोगिगो त्ति भणिदो संजमतवसंपजुत्तो वि।।२६९।।**

**નિર્ગ્રંથરૂપ દીક્ષા વડે સંયમતપે સંયુક્ત જે,**
**લૌકિક કહ્યો તેને ય, જો છોડે ન ઐહિક કર્મને. ૨૬૯.**

આહા..હા..! '**नैर्ग्रन्थ्यं प्रव्रजितः**' 'જે (જીવ) **નિર્ગ્રંથપણે દીક્ષિત હોવાથી...**' વસ્ત્રરહિત એમ. જેને વસ્ત્રનો તાણો નથી એ નિર્ગ્રંથ દીક્ષિત છે. સમજાણું? અને તે પણ '**સંયમતપસંયુક્ત...**' છે. ઈન્દ્રિયદમન વ્યવહારસંયમ હોં આ બધો. સમજાણું? '**સંયમતપસંયુક્ત...**' છે. ઈન્દ્રિયદમન બહારના એ પ્રકારના વિકલ્પો ઘટાડીને કષાયની ઘણી મંદતા એવા સંયમ અને તપ-બાહ્ય તપ. '**તેને પણ, જો તે ઐહિક કાર્યો સહિત વર્તતો હોય...**' એકલા જ લૌકિક કાર્યમાં એટલે વિકલ્પ અને રાગની ક્રિયામાં વર્તતો હોય '**તો 'લૌકિક' કહ્યો છે.**' એમ કહે છે. વ્યવહારી કહો, લૌકિક કહો, જિનોક્ત વ્યવહાર જે છેને એ લૌકિક. અમૃતચંદ્રાચાર્યનો ધ્વનિ છે. મનુષ્ય વ્યવહાર. પાઠ છેને. ૯૪ ગાથામાં આવી ગયું છે પહેલું. જેટલો આત્મા નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન (અને) રાગ વિનાની ક્રિયા એવી જેને પ્રગટી નથી અને એકલા રાગની ક્રિયામાં જ આત્માને કલ્યાણ અને વ્યવહાર આ ક્રિયા એ મારો ધર્મ છે અને એ કારણ છે અથવા એમાં પણ કાંઈક છે. એમ માનનારા બધા લૌકિક મિથ્યાદૃષ્ટિ વ્યવહાર ક્રિયાકાંડના સ્વામી છે. લોકોત્તર નથી એમ કહેવું છે અહીં લ્યો! સમજાણું કાંઈ? ભાઈ! અપવાસ કરે તો અણાહારિકનું સાધન છે. આત્મા અણાહારિક છેને? પછી અપવાસમાં અણાહારિક આત્માનો એ પ્રયોગ છે એમ અજ્ઞાની માને. પણ અણાહારિક કેવો એ તો હજી અનુભવમાં તો આવ્યો નથી. શેનો પ્રયોગ કરે છે તું? સમજાણું કાંઈ? આહા..હા..! આવા કહે છે કે લૌકિક કાર્ય વર્તતો હોય તે લૌકિક કહ્યો છે લ્યો.

'**ટીકા :- પરમ નિર્ગ્રંથતારૂપ પ્રવ્રજ્યાની પ્રતિજ્ઞા લીધી હોવાથી...** ' છેને? પરમનિર્ગ્રંથતા બિલકુલ વસ્ત્રનો તાણો નહિ એક, એવી નિર્ગ્રંથદશા. એવી '**નિર્ગ્રંથતારૂપ પ્રવ્રજ્યાની પ્રતિજ્ઞા લીધી હોવાથી જે જીવ સંયમતપના ભારને વહેતો હોય...**' ભાર થયું છે. આહા..હા..! શ્રાવક નામ ધરાવીને બાર વ્રત કરતા હોય, મુનિ પંચ મહાવ્રતાદિ હોય એ બધો ભાર-બોજો છે. આહા..હા..! અંતર રાગરહિત સ્વરૂપની અંતર અનુભવ દૃષ્ટિ વિના, એ સમ્યગ્દર્શન વિના એ બધો બોજો છે, ભાર છે. સમજાણું કાંઈ? એ તો આવી ગયું છેને સમયસારમાં નહિ? ક્લેશ કરો તો કરો, તૂટી મરો, તોપણ કલ્યાણ નથી. એમ આવે છેને? નિર્જરા અધિકારમાં આવે છે. ૨૦૦ ગાથાની ટીકાના કળશમાં.

'**જો તે મોહની બહુલતાને લીધે...**' ભાષા જુઓ, પાઠ ચોખ્ખો છે. મિથ્યાત્વની

**'બહુલતાને લીધે શુદ્ધચેતનવ્યવહારને છોડીને...'** જુઓ, મિથ્યાત્વભાવને લઈને શુદ્ધચૈતન્યવ્યવહાર એટલે કે ભગવાન આનંદમૂર્તિ નિર્વિકલ્પ એની દૃષ્ટિ, જ્ઞાન અને નિર્મળ વીતરાગી પર્યાય એને શુદ્ધ ચૈતન્ય વ્યવહાર કહ્યો છે. એ જ વ્યવહાર છે. પર્યાયની નિર્મળતા નિર્વિકલ્પ સમ્યગ્દર્શન નિશ્ચય અને સમ્યજ્ઞાન સ્વસંવેદનનું જ્ઞાન અને રાગરહિત વીતરાગી આનંદની ઉગ્રતા. એવી જે ત્રણ દશા તે દશાને ચેતનનો વ્યવહાર કહ્યો છે. ચેતનનો વ્યવહાર. ચેતન દ્રવ્ય છે ત્રિકાળી, એની નિર્વિકારી આ પર્યાય તેને ચેતનનો વ્યવહાર કહ્યો છે. સમજાણું કાંઈ? ઓલો વિકલ્પ છે એ ચેતન વ્યવહાર નથી એમ કહે છે. એ તો જડનું છે મારા, અજીવ છે. આહા..હા..! ભારે આકરું કામ! લોકોને એવું લાગે કે... બાપુ! માર્ગ જ આ છે, ભાઈ! વસ્તુનો સ્વભાવ આવો છે. ભગવાને કાંઈ કર્યો નથી. એ માર્ગ બીજાને કહ્યો છે. એણે જેવું છે એવું એણે કર્યો એ પોતાની પરિણતિ થઈ. ...આવું સ્વરૂપ જ વસ્તુનું સ્વરૂપ છે. કેમકે આત્મા જિનસ્વરૂપ, વીતરાગસ્વરૂપ છે. એ વીતરાગસ્વરૂપની અંતર અનુભવની દૃષ્ટિ નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનું આનંદનું વેદન એમાં પ્રતીતિ સમ્યક્ છે. એનું જ્ઞાન, આનંદનું જ્ઞાન, બ્રહ્માનંદ એનું જ્ઞાન તે ... જ્ઞાન છે. એવા સ્વરૂપની રમણતા એ જાતની શક્તિની વ્યક્તતાની દશા એ વીતરાગ પરિણતિ, વીતરાગ પર્યાય તે ચેતનનો વ્યવહાર. ચેતન દ્રવ્ય ત્રિકાળી એની પર્યાય આવી તેને વ્યવહાર કહીએ. સમજાણું કાંઈ?

એવા **'શુદ્ધચેતનવ્યવહારને છોડીને નિરંતર મનુષ્યવ્યવહાર વડે ઘૂમરી ખાતો હોવાથી...'** આહા..હા..! જોયું! ઘૂમરી **'આમ-તેમ ભમતો; ચક્કર ચક્કર ફરતો; ડામાડોળ વર્તતો.'** અંદરમાં આ કર્યું, આ કર્યું, આ છોડ્યું, આ મૂક્યું, આ લીધું. એવા વિકલ્પની ચક્કરમાં ડામાડોળ ફરે છે કહે છે. **'નિરંતર મનુષ્ય...'** નિરંતર એટલે અનુભવ દૃષ્ટિ નિર્વિકલ્પ જે આનંદ અને જ્ઞાન તો થયું નથી. તો એકલા વ્યવહારના વિકલ્પમાં... આગળ કહેશે. સંસાર તત્ત્વ મિથ્યાદૃષ્ટિ સાધુ એ જ સંસારતત્ત્વ છે. આવા **'મનુષ્યવ્યવહાર વડે...'** મનુષ્ય વ્યવહાર એટલે વ્યવહાર ક્રિયા. અનુભવ સમ્યગ્દર્શન વિનાની, પંચ મહાવ્રત, બાર વ્રત આદિના તપની આદિની ક્રિયા એ બધો મનુષ્ય વ્યવહાર છે. આત્માનો વ્યવહાર નથી.

'ઘૂમરી ખાય છે...' ચક્કર લગાવે. **'ઐહિક કર્મોથી અનિવૃત્ત હોય તો લૌકિક કહેવાય છે.'** ઐહિક કર્મોથી અનિવૃત્ત હોય એમ કીધુંને? આહા..હા..! .. લૌકિક છે એમ બસ એટલું. (ખ્યાતિ પૂજા લાભમાં નિમિત્તભૂત જ્યોતિષ, મંત્ર, વાદ, વૈદક વગેરેના કાર્યો...) એ જયસેનાચાર્યમાં છે. એ જયસેનાચાર્યનો અર્થ છે. ભાઈનો અર્થ આ છે અમૃતચંદ્રચાર્યનો અર્થ. એકલી ક્રિયાકાંડના પરિણામ મહાવ્રતના કે વ્રતના, બ્રહ્મચર્યના કે તપના વર્તે છે એ મનુષ્ય વ્યવહાર છે. અને ચૈતન્ય વ્યવહાર છોડી દીધો છે. એવાઓનો સંગ કરવો નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૧, શુક્રવાર, તા. ૦૮.૦૮.૧૯૬૯**
**ગાથા-૨૬૯-૨૭૦-૨૭૧, શ્લોક-૧૭-૧૮, પ્રવચન-૨૩૦**

આ પ્રવચનસાર, ચરણાનુયોગસૂચક ચૂલિકા. ૨૬૯ ગાથા થઈ. શું કહ્યું ૨૬૯માં જુઓ. લૌકિકનું લક્ષણ કહ્યુંને. અમૃતચંદ્રાચાર્યે તો લૌકિક એને જ કહ્યો છે. આ તો એકનો અર્થ કર્યો છે.. એકનો અર્થ. ખરેખર તો આત્મા આનંદ અને જ્ઞાયકસ્વરૂપનો જ્યાં અનુભવ નથી, એવા જીવો લૌકિક એટલે કે દયા, દાન, વ્રત, ભક્તિ, તપાદિની ક્રિયા જે છે એને અહીંયાં લૌકિક અથવા મનુષ્યનો વ્યવહાર કહ્યો છે. સમજાણું કાંઈ? એ લોકોત્તર વ્યવહાર નથી. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય એની રાગ વિનાની નિર્વિકલ્પ જે શાંતિ અને આનંદની ક્રિયા જેને શુદ્ધચૈતન્યવિલાસ કહ્યો છે. જુઓ, આવ્યું છેને આમાં?

**'શુદ્ધચેતનવ્યવહારને છોડીને...'** એમાં આવ્યું હતું. **'શુદ્ધચેતનવ્યવહારને છોડીને નિરંતર મનુષ્યવ્યવહાર વડે...'** એ મનુષ્ય વ્યવહારની વ્યાખ્યા આપણે ૯૪માં આવે છે. ૯૪ ગાથા જુઓ. ૯૪ છેને? એમાં પણ આવે છે. એ ૯૪ની ટીકામાં પહેલી પાંચ લીટી છે. **'આ હું મનુષ્ય જ છું, મારું જ આ મનુષ્યશરીર છે...'** એટલે કે મનુષ્યની ક્રિયાઓ જે શરીરની થાય અને એના લક્ષે જે કાંઈ શુભરાગની ક્રિયા હોય, એમાં પોતે એકાકાર છે. **'અહંકાર-મમકાર વડે ઠગાતા થકા, અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારથી ચ્યુત થઈને,...'** ભગવાન આત્મા... આ તો શાસ્ત્રના ભણતરની વાતથી પાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? મંદકષાયના પરિણામથી પણ આ પારની વાત છે આ તો. અને કહે છે કે જે કોઈ પ્રાણી ભગવાન આત્મા ચૈતન્યવિલાસમાત્ર આત્મવ્યવહાર (અર્થાત્) શુદ્ધ આનંદ અને જ્ઞાનનું જે નિર્વિકારી-નિર્વિકલ્પ વીતરાગી ક્રિયામાં પરિણામ એટલે કે જે નિશ્ચય મોક્ષમાર્ગ... વ્યવહારમોક્ષમાર્ગ તો એ વ્યવહારમોક્ષ છે જ નહિ. એ તો વિકલ્પ અને રાગ છે. નિશ્ચય જે આત્મા આનંદસ્વરૂપની અંદર લપેટાઈ, એકાકાર થઈને જે નિર્વિકલ્પ વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી અનુભવ જ્ઞાન અને વીતરાગી શાંતિ એવો જે વ્યવહાર આત્માનો એને આત્મવ્યવહાર કહેવામાં આવે છે. શેઠી!

એવા વ્યવહારથી **'ચ્યુત થઈને, જેમાં સમસ્ત ક્રિયાકલાપને છાતી-સરસો ભેટવામાં આવે છે...'** જુઓ, એવો મનુષ્યનો વ્યવહાર. એની વ્યાખ્યા. આમ છાતીએ જેમ બાળકને ભેટેને, એમ અમારા વ્રતની, તપની, વિકલ્પ શુભ ક્રિયા એ અમારી છે એમ ભેટે છે અંદર. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એને ભેટે છે. આ અમારી ક્રિયા છે, અમે કરી એવો જે મિથ્યાત્વભાવ એ મનુષ્યનો વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ધર્મનો વ્યવહાર નહિ?

ઉત્તર :- કર્મનો વ્યવહાર એ છે. જ્ઞેય અધિકારમાં નાખ્યું જુઓ એ. અને એવું અહીં પાછું ચરણાનુયોગમાં એમ ને એમ નાખ્યું. ભાઈ! માર્ગ તો એવો છે. એના જેને નિર્ણયના જ ઠેકાણા નથી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એવા '**ક્રિયાકલાપને છાતી-સરસો...**' સમસ્ત ક્રિયાકલાપ. આ કર્યું, આ મૂક્યું, આ લીધું, આ દીધું, આ ખાધું, ન ખાધું, એવા જે વિકલ્પો એ ક્રિયાને પોતાને છાતી-સરસો ભેટે છે. એટલે આત્માના આનંદ સાથે તેને મેળવીને, ભેળવીને વાત કરે છે. સમજાણું કાંઈ? '**છાતી-સરસો ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો આશ્રય કરીને રાગી અને દ્વેષી થતા થકા પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંગતપણાને લીધે...**' જુઓ, એ રાગાદિ ક્રિયા જે દયા, દાન, વ્રત તે પરદ્રવ્ય છે ખરેખર. એ સ્વદ્રવ્યસ્વરૂપ નથી. આહા..હા..! ભારે કામ આકરું એવું માણસને. '**ખરેખર પરસમય થાય છે...**' એ તો પરસમય નામ અનાત્મા છે. આહા..હા..! નવનીતભાઈ! અને આ બાજુ સવળું છે બીજા પેરેગ્રાફમાં.

જુઓ, '**અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારને અંગીકાર કરીને,...**' અવિચલિતચેતનાવિલાસ આત્મવ્યવહારને ધર્મી જીવ... સમ્યગ્દૃષ્ટિ જીવ, રાગ અને વિકલ્પથી પાર, વ્યવહાર, આજ્ઞાનો જે વ્યવહાર છે એનાથી પાર એવો '**અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારને અંગીકાર કરીને, જેમાં સમસ્ત ક્રિયાકલાપને ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતા થકા,...**' સમજાણું કાંઈ? '**રાગદ્વેષના ઉન્મેષ અટકી ગયા હોવાને લીધે પરમ ઉદાસીનતાને અવલંબતા થકા,...**' વીતરાગભાવમાં પરિણત થયા થકા, એમ કહે છે. '**સમસ્ત પરદ્રવ્યની સંગતિ દૂર કરી હોવાને લીધે...**' જુઓ, અહીં સંગતિ આવ્યું ઠીક! '**કેવળ સ્વદ્રવ્ય સાથે સંગતપણું હોવાથી...**' આહા..હા..! જુઓ, જ્ઞેયનો આવો સ્વભાવ છે કહે છે. સ્વજ્ઞેય. જ્ઞેય અધિકાર છે. એવી જ અહીં ચરણાનુયોગના અધિકારમાં વાત આવી આપણે. ૨૬૯. ૨૬૯ ચાલે છે.

'**ટીકા :- પરમ નિર્ગ્રંથતારૂપ પ્રવ્રજ્યાની પ્રતિજ્ઞા લીધી હોવાથી...**' ૨૬૯. '**જે જીવ સંયમતપના ભારને વહેતો હોય...**' ક્રિયાકાંડના સંયમ તપ હોં! ઓલા સમકિતીની અહીં વાત નથી. '**જો તે મોહની બહુલતાને લીધે...**' મિથ્યાત્વના કારણે એમ. વિપરીત અભિપ્રાયના જોરને કારણે '**શુદ્ધચેતનવ્યવહારને છોડી દઈને...**' આહા..હા..! ભગવાન આત્મા વીતરાગ મૂર્તિ આત્મા છે. એનો વ્યવહાર પણ વીતરાગી સમ્યગ્જ્ઞદર્શન, જ્ઞાન અને ચારિત્ર એ વીતરાગી પર્યાય ચેતનવ્યવહાર છે. એને '**છોડી દઈને નિરંતર મનુષ્યવ્યવહાર વડે ઘૂમરી ખાતો હોવાથી...**' ચક્કર ખાય છે. ચક્કર એટલે ઘડીકમાં આ કરું... આ કરું... આ કરું... આ પાળું... આ વ્રત લઉં... આ તપ કરું... આ અપવાસ કરું... આ છોડું... આ મૂકું. એવા વિકલ્પના ચક્કરમાં ઉંડે-ઉંડે ઘૂમરી નામ ચક્કર ખાય છે. ભગવાન આત્મા

રાગથી ભિન્ન છે એના ભાનને અડતો અને સ્પર્શતો પણ નથી. સમજાણું?

એવા '**શુદ્ધચેતનવ્યવહારને છોડીને નિરંતર મનુષ્યવ્યવહાર વડે ઘૂમરી ખાતો હોવાથી ઐહિક કર્મોથી...**' આ વ્યવહાર જે આ લોકના કાર્ય છે ઐહિક. અમે ઘણા વર્ષ પહેલાં ગયા હતા. ભાઈ! ઐહિક ક્રિયા. એમાં ઐહિક છે એમાં આ શબ્દ છે. એ તોરી-તોરી છેને? તોરી ગયા હતા. ૧૬ની સાલ હશે. સ્વામીનારાયણમાં વ્યાખ્યાન બપોરે આપ્યું એટલે માણસો બહુ ઘણું ભેગું થયું હતું. કણબી હતા સ્વામીનારાયણના. આ એક શબ્દ આવ્યો ઉપરથી અંદર વિચાર પહેલો હમણા આવ્યો. એમાં એવો શબ્દ પડ્યો હતો. અગાધગતિ નામનું એક પુસ્તક હતું એની પાસે-કણબી પાસે. પછી બપોરે વ્યાખ્યાન થઈ ગયું. માણસો ઘણા માણસો. એ લોકો ખેતરમાં હતા. એને ખબર પડી કહે અરે..! મહારાજ એ તો આત્માની અધ્યાત્મની વાતું થઈ ગઈ બપોરે અને અમે રહી ગયા. એની પાસે અગાધગતિ નામનું પુસ્તક લઈને આવ્યા. આ અમે સમજતા નથી આમાં શું લખ્યું છે એ.

એમાં એવું લખેલું કે જેટલું અહીંયાં દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, નામસ્મરણ, ભગવાન આદિ ઘણા બોલ લીધેલા. એ બધું આહિક ફળ છે. આ ઐહિક છેને? આહિક ફળશે એટલે ગતિમાં ફળશે. અગાધ ગતિ નહિ મળે એમાંથી. સમજાણું કાંઈ? ઓલા તો સાંભળીને... તમે નહોતા નહિ? કણબી આવ્યા. પછી ફાનસ લઈ પુસ્તક લઈને આવેલા. અને એવું લખેલું. એમાં ઘણા નામો એમ. ઘણા નામ. દયા, દાન, ભક્તિ, કરૂણા, કોમલ, પૂજા, જાપ, વ્રત, તપ, આહારનો ત્યાગ, ફલાણું... ફલાણું... બહુ નામ લીધેલા. એમાં આહિક ફળશે એવું અંદર હતું. એટલે ઓલા સમજે નહિ. આ શું છે? અમે કાંઈ સમજતા નથી કહે. આહિક ફળશે. આહિક ફળશે આ શું? કીધું, આહિક ફળશે એટલે સંસાર ફળશે. સંસાર ફળશે એટલે તે આહિક ફળશે અહીં. એ ગતિ અહીં મળશે, બાકી ધર્મ-બર્મ થાશે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એક સાધુ હશે વેદાંતી પહેલા મુનિ. એનું પુસ્તક પડેલું અને એ વાંચતા. આહિક ફળશે, આહિક ફળશે. એ આહિક ફળશે એટલે શું કહે અમે સમજતા નથી કાંઈ. મેં કીધું આહિક ફળશે એમ કહે છે કે રખડવાનું નહિ મટે. અહીં ને અહીં રખડવામાં જાશો. સંસાર ફળશે. એમાં આત્મા ધર્મ ફળશે નહિ. આ એ રીતનું છે આ. આહિક ફળ છે એમ લખ્યું છે હોં. સમજાણું કાંઈ? આહા..હા..!

જેટલા બહિર્લક્ષીની વિકલ્પની દશાઓની ક્રિયાઓ બધી ઐહિક કાર્યો વ્યવહાર લૌકિક છે. એ લોકોત્તર વીતરાગના માર્ગથી બહાર છે એમ કહે છે. સમજાણું કાંઈ? આત્માના નિશ્ચય સ્વરૂપનો અનુભવ દૃષ્ટિ નિર્વિકલ્પ આનંદસહિતની દશામાં એવો વિકલ્પ હોય એને વ્યવહાર કહેવાય છે. પણ અહીં તો એને છોડીને એકલા વ્યવહારમાં રમે છે એની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્યવહાર હોય છે, પણ એ છે બંધનું કારણ એને પણ. આત્માનો વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી વીતરાગદશા શાંતિ નિર્વિકલ્પતા પ્રગટી છે એને ભૂમિકા

પ્રમાણમાં આવો વ્યવહાર વિકલ્પ હોય છે, પણ એ વ્યવહાર બંધનું કારણ છે એમ જ્ઞાની જાણે છે. ધર્મ નથી. અહીં તો એ નિશ્ચયના ભાન વિનાના એકલા વ્યવહારની ક્રિયાકાંડમાં અનુભવતો નથી. નિર્વિકલ્પ આનંદસ્વભાવ એનું સમ્યગ્દર્શન નથી, એનું જ્ઞાન અંતરનું નથી અને એકલી ક્રિયાકાંડમાં મચ્યા છે, કહે છે કે એ ક્રિયાકાંડમાં ઘૂમરી-ચક્કર ખાય છે. આ કરું... આ કરું... આ કરું... એય..! સ્વરૂપચંદભાઈ! જુઓ આ ત્રણ મહિને આવ્યા તો આ સાંભળ્યું. એય..! શેઠી! આ ત્રણ મહિને તમે આવ્યા. ત્રણ મહિના અને ત્રણ દિ' થયા આજે. મોહનભાઈ સવારે હતા. આહા..હા..!

કહે છે, ભાઈ! તું તો નિષ્ક્રિય-રાગની ક્રિયા વિનાનું તત્ત્વ છોને. રાગની ક્રિયા તો ઠીક, પણ વીતરાગી પર્યાય છે એ ક્રિયા વિનાનું ધ્રુવ તત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એવું વીતરાગી નિષ્ક્રિય ચૈતન્યમૂર્તિ વસ્તુ અંતરમાં એકાકાર થઈને જે વીતરાગી ક્રિયાના પરિણામ થયા એને અહીંયાં વ્યવહાર કહેવામાં આવે છે. એ અવિચલિતચેતનાનો શુદ્ધ વ્યવહાર છે. એ મોક્ષનો માર્ગ નિશ્ચય એને અહીંયાં વ્યવહાર કહેવામાં આવ્યો છે. કેમકે ત્રિકાળી નિષ્ક્રિય ધ્રુવ ચૈતન્ય પ્રભુ એની અપેક્ષાએ સક્રિયદશા વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ્યું, એ સક્રિય નામ પર્યાય છે માટે એને વ્યવહાર કહીને શુદ્ધચેતનાનો વ્યવહાર કહ્યો છે. આવ્યા હવે. કહ્યુંને કે વસ્તુ જે છે ત્રિકાળ એ તો વર્તમાન મોક્ષના માર્ગના પરિણામથી પણ ભિન્ન છે. સમજાણું કાંઈ? મોક્ષનો માર્ગ જે સાચો નિશ્ચય નિર્વિકલ્પ વીતરાગી પર્યાય એનાથી પણ ધ્રુવતત્ત્વ તો ભિન્ન છે. કારણ કે એ તો પર્યાય છે. અને ઓલો તો દ્રવ્ય છે સ્વભાવ ત્રિકાળ. સમજાણું કાંઈ?

આજે રાતે ચાલ્યું હતું, થોડું કીધું હતુંને. પર્યાયને તમે પરદ્રવ્ય કીધી છે એક ન્યાયે. વીતરાગી મોક્ષમાર્ગને અહીં વ્યવહાર કીધો છે માટે નિશ્ચયની અપેક્ષાએ અભૂતાર્થ છે એટલે વસ્તુ નહિ પણ અવસ્તુ છે. વ્યવહારના દયા, દાનના જે પરિણામ વ્યવહારના એની તો અહીં વાત છે જ નહિ. આહા..હા..! ભગવાન આત્મા એક સમયમાં ધ્રુવ ચૈતન્યબિંબ પિંડ ધ્રુવ, એ વસ્તુ ભૂતાર્થ-સાચી. એ અપેક્ષાએ એના નિર્મળ વીતરાગી પર્યાય પણ અભૂતાર્થ છે. અભૂતાર્થ એટલે કે અવસ્તુ છે, વસ્તુ આ અને પર્યાય અવસ્તુ છે. સમજાય છે કાંઈ? એ અવસ્તુને અહીંયાં વ્યવહાર કીધો છે. શુદ્ધ ચૈતન્યવ્યવહાર. આહા..હા..! સમજાણું કાંઈ?

જેમ સ્વદ્રવ્યની અપેક્ષાએ આખી દુનિયા તે અવસ્તુ છે. પોતાના દ્રવ્ય અને પર્યાયની અપેક્ષાએ રાગ એ અવસ્તુ છે. હવે અહીંયાં તો ત્રિકાળી નિષ્ક્રિય ધ્રુવ ચૈતન્ય પ્રભુ ધ્રુવ, જેમાં તો મોક્ષ અને મોક્ષના માર્ગની પર્યાય પણ જેમાં નથી. એવો જે વસ્તુસ્વભાવ એકલો સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ એ તો વીતરાગી પર્યાયની ક્રિયાથી પણ પાર નિષ્ક્રિય છે. એ નિશ્ચય છે અને એ વસ્તુ છે. એની અપેક્ષાએ આખી દુનિયા અવસ્તુ છે. એ તો અવસ્તુ છે, પણ એનો વીતરાગી મોક્ષમાર્ગ પણ એ અવસ્તુ છે. તેથી તેને વ્યવહાર કહીને અભૂતાર્થ

કહ્યો છે. અભૂતાર્થ છે, તે સાચો પદાર્થ નથી એમ. આહા..હા..! વીતરાગમાર્ગની શૈલી! સમજાય છે કાંઈ? આ તો અંતર સમજવાની વાત છે, બાપુ! કોઈની સાથે વાદવિવાદ કરીને આ પાર પડે એવું નથી. આહા..હા..! વાદવિવાદ કરીને કંઈક અંદરથી ગોટા કાઢે પોતાનો બચાવ કરવા માટે. આ આમ છે, તેમ છે. બાપુ એ જેમ છે એમ છે. તું સાંભળ. આ વિના તારા આરા નથી. સમજાણું કાંઈ?

કહે છે, એ એક સમયની વીતરાગી પર્યાય એને વ્યવહાર કહ્યોને ભાઈ અહીં? ત્યારે વ્યવહાર કહ્યો તો વ્યવહાર તો અભૂતાર્થ છે. આહા..હા..! અસત્યાર્થ છે. કોની અપેક્ષાએ? ત્રિકાળી ધ્રુવની અપેક્ષાએ. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! ચરણાનુયોગમાં જુઓ ઓહો..હો..! સંતોએ હૃદયના કપાટ ખોલીને વાત કરી છે. દુનિયાની સાથે ક્યાંય મેળ (ખાવો) મુશ્કેલ પડે એવું છે. આમ કરીને, આ વિકલ્પ કરીએ, આ વ્રતના વિકલ્પો. એ તો કહે છે એ ક્યાંય રહી ગયા તારા. એ આત્મામાં છે જ નહિ. સમજાણું કાંઈ? એની ક્રિયામાં રોકાઈ જાય છે અને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું એને સાચવવા જાય ત્યાં મનુષ્યનો વ્યવહાર એકલો અજ્ઞાન ઉભું થાય છે. સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ!

'**શુદ્ધચેતનવ્યવહારને છોડીને નિરંતર મનુષ્યવ્યવહાર વડે...**' જુઓ, એ વ્યવહાર એનો છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવા લૌકિક ક્રિયાકાંડના-શુભના જેટલા વીતરાગે કહ્યા એવા હોં, પંચ મહાવ્રત આદિ શીલ, સંયમ, તપ—એવા જે ભાવ અંદર વર્તે છે એ બધો ભાવ લૌકિકભાવ છે. ભગવાનના ચૈતન્યના વ્યવહારથી ભિન્ન છે. એમાં જેની અંદર પરિણતિ અને રુચિ પડી છે ત્યાં ઉભો છે, ત્યાં ઉભો છે એ ઘુમરી ખાય છે વિકારમાં કહે છે, ચક્કર ખાય છે. સમજાણું કાંઈ? એ '**અનિવૃત્ત હોય તો, 'લૌકિક' કહેવાય છે.**' લ્યો! અમારે પંડિતજી કહે ઐહિકનો અર્થ આવો હોય તો કાઢી નાખો એમ કહે છે. કહ્યું હતું તે દિ'. આ અમૃતચંદ્રાચાર્યની સાથે તો ઐહિક કર્મ મનુષ્યનો વ્યવહાર જ લાગુ પડે છે ભાઈ! પણ નીચે લખ્યું છેને ઓલું? એ નાખ્યું છે એમણે જયસેનાચાર્યે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. એ નહિ. એ ખ્યાતિ-પૂજા-લાભ એ તો બહારની પૂજાની વાત છે, ઓલી પૂજા નહિ. એ પૂજાની વાત નથી, આ પૂજાની વાત નથી. આ તો ખ્યાતિ માટે જગતમાં પૂજા માટે કરે એ પ્રશ્ન છે. દુનિયાની પ્રસિદ્ધિ માટે, ખ્યાતિ માટે, પૂજા, લાભ માટે, પૂજા લાભ માટે. દુનિયામાં હું પુજાઉં અને .. એવા લાભના નિમિત્તભૂત જ્યોતિષમંત્ર એટલે એમાં નથી આવતું. એ તો જ્યાં સાધારણ અર્થ કર્યો અહીં આણે આમ કર્યો ત્યારે એ અર્થ કર્યો છે. સમજાણું કાંઈ? ..એ જ કહું છુંને. પણ ત્યાં અમૃતચંદ્રાચાર્યની શૈલીમાં તો આ એમ કહેવું છે. સમજાણું કાંઈ?

'**મનુષ્યવ્યવહાર વડે ઘૂમરી ખાતો હોવાથી ઐહિક કર્મોથી...**' આ લોકના કર્મ.

એટલે આ સંસારમાં જેનું ફળ ફળે એવા કર્મો શુભ. એ **'અનિવૃત્ત હોય તો,...'** એનાથી નિવર્ત્યો નથી અને વસ્તુના સ્વરૂપના અનુભવ અને દૃષ્ટિ નથી તે જીવને લૌકિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! રાડ નાખે ઓલા બિચારા કે અરર! ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે, બાપા! આહા..હા..! જેમાં વિકલ્પની ક્રિયાકાંડ પંચમહાવ્રત આદિની ગંધ પણ નથી એવી તો ચીજ છે એ. એ તો વચ્ચે રાગ અંદર જ્ઞાનીને આવે છે. આવો, આવો, પણ એ અચેતનભાવ છે. એ ચૈતન્યનો વિલાસ નહિ. ચૈતન્યનો વિલાસ ચૈતન્યની જાતનો હોય છે. સમજાણું કાંઈ? આમ જ્ઞાનસ્વભાવ ચૈતન્ય જાગૃતસ્વભાવ, એ જાગૃતસ્વભાવની દશાના અંશો બધા જાગૃતવાળા હોય છે. આ તો અજાગૃત, અચેતનભાવ છે. સમજાણું કાંઈ? એ અચેતનભાવમાં ચક્કર ખાય છે એને લૌકિક કહેવાય. એનાથી નિવર્ત્યો નથી તેથી લૌકિક કહેવામાં આવે છે. એવાનો સંગ જ્ઞાનીઓએ, મુનિઓએ કરવો નહિ. એ મુનિની મુખ્યપણે વાત છે, પણ ગૃહસ્થોએ (પણ) કરવો નહિ એમ એના પેટામાં આવી જાય છે. સમજાણું કાંઈ? એ ૨૬૯ થઈ. લ્યો ૯૪ની સાથે વાત કરી.

**'હવે સત્સંગ વિધેય (-કરવાયોગ્ય) છે એમ દર્શાવે છે :—'** ૨૭૦. ૨૭૦ ગાથા. કેમ હજી હાથ ન આવી શેઠીને? શું થયું? ૨૭૦. એ ત્યાં ૨૬૯ હશે. હિન્દી છે ઠીક. બરાબર. **'સત્સંગ વિધેય (-કરવાયોગ્ય) છે...'** હવે ૨૭૦. પછી પાંચ ગાથા મહારત્ન જેવી પછી આવશે. આખા બાર અંગના સારરૂપ.

**तम्हा समं गुणादो समणो समणं गुणेहिं वा अहियं।**
**अधिवसदु तम्हि णिच्चं इच्छदि जदि दुक्खपरिमोक्खं।।२७०।।**
**તેથી શ્રમણને હોય જો દુખમુક્તિ કેરી ભાવના,**
**તો નિત્ય વસવું સમાન અગર વિશેષ ગુણીના સંગમાં. ૨૭૦.**

પહેલો અન્વયાર્થ લઈએ. **'तस्मात्'** એમ શબ્દ છેને? ઓલી સંધિ કરે છે પૂર્વની ગાથાની સાથે. **'(લૌકિક જનના સંગથી સંયત પણ અસંયત થાય છે)' 'तस्मात्' 'તેથી...'** એમ. સમજાણું કાંઈ? **'જો શ્રમણ...' 'दुःखपरिमोक्षम् इच्छति' 'દુઃખથી પરિમુક્ત થવા ઈચ્છતો હોય...'** એમ. શુભાશુભ વિકલ્પ બધા દુઃખ છે એનાથી છૂટવાની જે ભાવનાવાળો જીવ છે. **'દુઃખથી પરિમુક્ત થવા ઈચ્છતો હોય તો તે...' 'गुणात् समं' 'સમાન ગુણવાળા શ્રમણના...'** સમાન ગુણવાળા શ્રમણના સરખા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાય જેને પ્રગટી છે એવા. શ્રમણની વાત છેને મુખ્ય તો? જેને વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્રની દશા પ્રગટી છે એવા ગુણવાળા સરખા. **'અથવા...' 'गुणैः अधिकं श्रमणं तत्र' 'અધિક ગુણવાળા શ્રમણના સંગમાં નિત્ય વસો.'** શ્વેતાંબરમાં પણ ૩૨મી ગાથા છે ઉત્તરાધ્યયનની. એમાં આ આવે છે. ... એવા શબ્દો છે. મૂળ તો આમાંથી લીધેલું છેને એ? એમાંથી નીકળ્યા હતાને શ્વેતાંબર. ગુણા.. ૩૨મી ગાથા છે. ૩૨

અધ્યયન. શ્રીમદ્ પણ એણે ભલામણ કરી છે ૩૨મા અધ્યયનની. પહેલી દશ ગાથા એમ કાંઈક છે. મોઢે ચડી ગયેલી. ૩૨મા અધ્યયનની. ત્યાં પણ એમ કહ્યું છે, ધર્માત્મા સંતે ગુણથી અધિક હોય એવા સંતનો સંગ કરવો અને કાં પોતાના જેવા સરખા ગુણ એનો સંગ કરવો. એ શબ્દ છે અહીં. સમજાણું કાંઈ? ૩૨મું અધ્યયન.

'**ટીકા :- આત્મા પરિણામસ્વભાવવાળો હોવાથી,...**' લ્યો! ભગવાન બદલવાના સ્વભાવવાળો હોવાથી. બદલે છેને? પરિણામ છેને પરિણામ? પર્યાય થાય છેને એમાં? '**આત્મા પરિણામસ્વભાવવાળો...**' જુઓ, પર્યાય પરિણમવાના સ્વભાવવાળો છે એ. '**હોવાથી, અગ્નિના સંગમાં રહેલા પાણીની માફક...**' અગ્નિના સંગમાં રહેલા પાણીની માફક '**(સંયતને પણ) લૌકિકસંગથી વિકાર અવશ્યંભાવી હોવાને લીધે...**' લૌકિકકસંગથી વિકાર અવશ્યંભાવી હોવાને લીધે '**સંયત પણ (લૌકિકસંગથી) અસંયત જ થાય છે;...**' સમજાણું કાંઈ? શલ્ય ગરી જશે લાકડા આખા. એવું કોઈ નાખી દેશે અંદરને. માર્ગ તત્ત્વનો જે નિશ્ચય સ્વભાવ છે એના પ્રમાણમાં એનો વ્યવહાર એવો જ સરખો હોય, એનાથી વિરુદ્ધ એવું કોઈ લાકડું ખોસી ઘાલશે, ભ્રષ્ટ થઈ જઈશ. આહા..હા..! કહો, શેઠી!

'**લૌકિકસંગથી વિકાર અવશ્યંભાવી હોવાને લીધે...**' .. વાત કરે છેને? '**સંયત પણ...**' નિમિત્ત સંબંધ છે એ વ્યવહાર છે. એની વાત કરે છે. નહિતર આખી દુનિયા એને ચળાવા આવે તો ન ચળે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પરસંગથી ડગતો પણ નથી અને પરસંગથી પામતો પણ નથી. પણ અહીંયાં વ્યવહારમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધની વ્યાખ્યા છે. ચરણાનુયોગનું કથન છેને? '**(લૌકિકસંગથી) અસંયત જ થાય છે;...**' અસંયત જ થાય છે એમ પાછું સિદ્ધ કરે છે. ચારિત્રથી ભ્રષ્ટ થઈ જઈશ, શ્રદ્ધામાં ડામાડોળ થઈ જઈશ. ખોટા કુસંગમાં અંજાઈ જઈશ, અંજાઈ જઈશ. સમજાણું કાંઈ? અંજાઈ જઈશ સમજો છો? અંજાઈ જઈશ સમજો છો કે નહિ? અંજાઈ જઈશ એટલે? પરથી દબાઈ જઈશ. આહા..હા..! .. કરે અને એવી કષાયની મંદતા હોય, જંગલમાં રહેતા હોય. મહા.. આમ હોય.. આમ હોય... આમ હોય... ઓલાને એમ થઈ જાય કે હાય.. હાય.. બહુ આકરું. અંજાઈ જઈશ, પ્રભાવિત થઈ જઈશ. સમજાણું? આહા..હા..!

'**તેથી દુઃખમોક્ષાર્થી (-દુઃખથી મુક્ત થવાના અર્થી)...**' દુઃખ શબ્દે મિથ્યાત્વ અને અજ્ઞાન અને રાગ-દ્વેષ ભાવ એ બધું દુઃખ છે. સમજાણું કાંઈ? લૌકિકભાવ જે આ વ્રતાદિનો ભાવ એ પણ દુઃખ છે. લૌકિકભાવ વ્રતાદિના પરિણામ જે કીધા એ પણ દુઃખ છે, રાગ છે. દુઃખથી મુક્ત થવાના અર્થી '**શ્રમણે (૧) સમાન ગુણવાળા શ્રમણની સાથે...**' પોતાના જેવા ગુણવાળા... ગુણ શબ્દે અહીં પર્યાય છે. સમજાણું કાંઈ? ગુણ કાંઈ ત્રિકાળી ગુણની વાત નથી. ભાષા તો એમ જ લખાયને? સમાન ગુણવાળા. ગુણ એટલે પર્યાય. નિર્મળ વીતરાગી પર્યાય, સમાન પર્યાયવાળા એમ ગુણવાળા એટલે. એની સાથે '**અથવા (૨) અધિક**

**ગુણવાળા શ્રમણની સાથે...**' પોતાના કરતા વધારે ગુણવાળા હોય પર્યાયમાં નિર્મળ વિશેષ '**સદાય વસવું યોગ્ય છે,...**' લ્યો! એના સંગમાં રહેવું યોગ્ય છે.

'**એ રીતે તે શ્રમણને...**' હવે દાખલો આપે છે. '**(૧) શીતળ ઘરના ખૂણામાં રાખેલા શીતળ પાણીની માફક...**' એક તો ઘર ટાઢું હોય. ટાઢું ઘર સમજાય છે? ક્યાંય ગરમી ન હોય, ઝાડ માથે હોય ઠંડા.

મુમુક્ષુ :- એરકન્ડીશન.

ઉત્તર :- એરકન્ડીશન તો વળી તમારે અહીં આવ્યું છે. પણ પહેલાના એવા મકાન કેટલાક હોયને માથે ઝાડ હોય, લીંબડા હોય, પીપળા હોય. મોટા ઝાડ હોય. એ મકાનની ઉપરથી બધા ઝાડ... એ મકાન જ ટાઢું હોય. ગરે તો ટાઢું લાગે. ચારેકોર ભીંતું હોય, એની માથે ઝાડ હોય. કહે છે, એક તો શીતળ ઘર, એનો પાછો ખૂણો. એમાં '**રાખેલા શીતળ પાણીની માફક...**' એમાં ટાઢું પાણી મૂક્યું હોય. પણ '**સમાન ગુણવાળાના સંગથી ગુણરક્ષા થાય છે...**' એમાં ઠંડુ પાણી ખૂણામાં રાખે ત્યાં ઠંડા પાણીનું રક્ષણ થાય છે. સમજાણું કાંઈ? ... જુઓ અહીંયાં નિમિત્તની વાત કરી છે હોં. ઓલા આમાંથી કાઢે મારા. જુઓ, ઠંડા પાણી અને ઉના પાણી નિમિત્તથી ઠંડુ થાય છે. અરે..! ભાઈ! સાંભળ તો ખરો. એ તો નિમિત્ત-નૈમિત્તિક વાત કરી છે. આવ્યા હતાને એ. અગ્નિથી ઉનું પાણી થાય છે અને બરફથી ઠંડુ થાય છે. પ્રત્યક્ષ વાત છે. એમાં એક ... .. શેઠ ઓલા આવ્યા હતાને અહીં દિલ્હીવાળા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, એ તો ઓલા અહીં. આ તો દિલ્હીથી .. વાત કરી છે. આ .. જુઓને રાતે જુગલકિશારનું. ભાઈ ઓલા જમાદાર આ. બેય હતા. જમાદારે તો વ્યાખ્યાનમાં એમ કહ્યું હતું કે આવી વાત તો આપણે સાંભળી નથી. અત્યાર સુધી આપણે જુદું માનીએ છીએ. તે દિ' એમ કહ્યું હતું. એમાં હતાને. આ માર્ગ મહારાજ કહે છે એ બીજો છે. આપણે અત્યાર સુધી બીજું માનતા હતા. એમ કહ્યું. કહ્યું હતુંને. ભાષણમાં આપ્યું હતું પ્રવચન મંડપમાં. .. કાંઈક બીજો સંગ થઈ જાય ત્યાં બીજું. ગંગા કાંઠે ગંગાદાસ અને જમના કાંઠે જમનાદાસ. ... રાતે .. ત્યાં ગયા હતા. ... કહ્યું હતુંને? ... ત્યાં ગયા હતા. તો એમાં રાતે ચર્ચા થઈ. જુઓ, પાણી છે એ અગ્નિથી ગરમ થાય છે. એ પ્રત્યક્ષ દેખાય છે. પ્રત્યક્ષનો વિરોધ કેમ કરીએ? એય..! બ્રહ્મચારીજી! પ્રત્યક્ષ દેખાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઈષ્ટ. આવે છેને ત્યાં શું કહેવાય? દષ્ટ ઈષ્ટ. એ કહ્યું હતું તે દિ'. દષ્ટ ઈષ્ટ. દેખાય છે પ્રત્યક્ષ (કે) અગ્નિ આવીને ઉનું થયું. અરે..! ભાઈ! એમ નથી દશા. તું સંયોગથી જોવે છો. એનો સ્વભાવ જો તો એ ઠંડા પાણીની પર્યાય. એને સ્પર્શ ગુણનો પલટો થઈને એને ઉષ્ણ પર્યાયપણે એ પાણી પરિણમ્યું છે. એનો પર્યાય એનાથી થયો છે.

ત્યારે અગ્નિને નિમિત્ત કહેવામાં આવે છે. અરે..! શું થાય? સમજાણું કાંઈ? ભારે વાત! પોતાના સ્વચ્છંદે ભાવ અને અર્થ કરવા અને પછી સ્વચ્છંદે એને પોષવો. .. નુકસાન કરવાના કેટલા બહાના ગોત્યા છે અનાદિથી. આહા..હા..! અરે..! પ્રભુ! તું ક્યાં જો છે ભાઈ!

અહીં તો બીજી વાત કરે છે. અહીં તો વ્યવહાર ચરણાનુયોગનું છે. એટલે નિમિત્તનો સંગ ન કરવો, સંગ કરવાનો ભાવ છે એથી તને નિમિત્તમાં નુકસાન થશે. તારાથી નુકસાન થશે એ નિમિત્તથી નુકસાન થશે અને નિમિત્તથી લાભ થશે એમ કહેવા માગે છે. નુકસાન છે એનાથી પણ વ્યવહારથી આમ કહે છે. એટલે ખરેખર એમ નથી. થાય છે પોતાથી, પણ વ્યવહારનયનું કથન છે કે એનાથી લાભ-સારું થશે અને એનાથી નુકસાન થશે. એ તો વ્યવહારનયનું કથન છે. સમજાણું કાંઈ? અરે..! આવી વાતમાં પણ રોકાવું પડે અને એમાં ઝઘડા ઉભા કરે. અરે..! આંખ મીંચાઈ જશે, ભાઈ! ચાલ્યો જઈશ હોં! આહા..હા..! આવો ભગવાન આત્મા એનું સ્વરૂપ જેવું છે એવું સ્વતંત્રપણે રાગથી ભિન્ન છે. રાગ છે માટે લાભ થશે, તો ઓલો કહે નિમિત્ત થશે માટે લાભ થશે. હવે ત્યાં ગયો એ તો. આહા..હા..! આવી રાગની મંદ ક્રિયાઓ અમારી પાસે છે તો કાંઈક તો, કાંઈક તો અમારી પાસે શુદ્ધનો અંશ હશેને એમાં? એનાથી કાંઈક થશે કે નહિ? બાપુ! વિપરીત તારી માન્યતા છે. મિથ્યાત્વની માન્યતા છે. તો ઐહિક લૌકિકથી લોકોત્તર થાય એ ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે '**ગુણની રક્ષા થાય છે...**' ઓલા શીતળ ઘરના ખૂણામાં રાખ્યું છે. '**અને (૨) વધારે શીતળ હિમના સંપર્કમાં રહેલા...**' પાછું એમ. ખૂણો છે, ઠંડું પાણી છે અને એમાં નાખ્યો બરફ. ઠંડુ થાય. ઓલામાં વધારે નાખ્યું નહિ? કપૂર એવું નાખ્યું છેને? કપૂર અને '**कर्पूरशर्करादिशीतलद्रव्यनिक्षेपे**' એમ નાખ્યું છે. કપૂર નાખતા હશેને. '**तस्यैव जलस्य कर्पूरशर्करादि**' કપૂર નાખે, સાકર નાખે તો પાણી બહુ ઠંડુ થાય. વરિયાળી નાખે. વરિયાળીને શું કહે છે? સોંફ-સોંફ. સોંફ કહે છેને ઠંડી? એ પાણી બહુ ઠંડું-ઠંડું. એ લીલાગરનું પાણી હોય છેને ઘણું ઠંડું. '**વધારે શીતળ હિમના સંપર્કમાં રહેલા શીતળ પાણીની માફક...**' પાછું જુઓ, '**વધારે શીતળ હિમના સંપર્કમાં રહેલા...**' સંગમાં રહેલા '**શીતળ પાણીની માફક અધિક ગુણવાળાના સંગથી ગુણવૃદ્ધિ થાય છે...**' સમજાણું કાંઈ? એ નિમિત્તપ્રધાન નિમિત્ત-નૈમિત્તિકથી વાત કરી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ જ વ્યવહાર છે, વ્યવહાર. '**વધારે શીતળ હિમના સંપર્કમાં રહેલા શીતળ પાણી...**' ઠંડુ પાણી, એક તો ઠંડામાં છે અને વળી ઠંડા ખૂણામાં ઘરમાં આણે નાખ્યું અંદર ઠંડુ હિમ કે આઈસક્રીમ. તે દિ' આઈસક્રીમ તો નહોતું. આ બરફ હોય છેને બરફ. બરફ હોય તો અંદર નાખે ઠંડું ઠંડું.

'**શીતળ પાણીની માફક અધિક ગુણવાળા સંગથી ગુણવૃદ્ધિ થાય છે (અર્થાત્ જેમ શીતળ ઘરના ખૂણામાં રાખેલું પાણી શીતળ રહે છે...**' એક વાત. સમાનની વાત. '**અને બરફના સંગથી પાણી વિશેષ શીતળ થાય છે તેમ...**' બીજી વાત. '**સમાન**

**ગુણવાળાના સંગથી શ્રમણને ગુણની રક્ષા થાય છે અને અધિક ગુણવાળાના સંગથી શ્રમણને ગુણની વૃદ્ધિ થાય છે).'** લ્યો આ સિદ્ધાંત કહ્યો. માટે સાધુએ ધર્માત્માએ, મોક્ષના માર્ગીએ. પોતાના ગુણનું જ્યાં રક્ષણ થાય ત્યાં સમાનગુણવાળાનો સંગ કરવો અને કાં વિશેષ અંદર ગુણવાળા હોય તો ત્યાંથી વીતરાગ પર્યાય વિશેષ પ્રગટ થઈ છે એવાનો સંગ કરવો. ગુણ એટલે વીતરાગ પર્યાયની વાત છે હોં! ગુણ એટલે ઓલા રાગની મંદતાની ક્રિયા વિષયની એ વાત તો અહીં કાઢી નાખી છે. શુદ્ધિની વાત છે. લ્યો હવે એ ગાથા ૨૭૦ થઈ.

'**(હવે, શ્રમણ ક્રમશઃ...**' એ તો એનો અર્થ કર્યો છે. '**પરમ નિવૃત્તિને પામીને શાશ્વત જ્ઞાનાનંદમય દશાને અનુભવો એમ શ્લોક દ્વારા કહે છે :—)**'

**इत्यध्यास्य शुभोपयोगजनितां काञ्चित्प्रवृत्तिं यतिः**

આ શુભોપયોગવાળા છેને એને સંગની વાત કરે છેને? શુદ્ધોપયોગવાળાને શું છે? શુદ્ધોપયોગ તો પોતે અંદર આનંદની રમણતામાં પડ્યો છે. શુભોપયોગની આ વાત છે. શુભોપયોગ હોય એટલે આવા સંગનો ભાવ રાખે છે.

**इत्यध्यास्य शुभोपयोगजनितां काञ्चित्प्रवृत्तिं यतिः**
**सम्यक् संयमसौष्ठवेन परमां क्रामन्निवृत्तिं क्रमात्।**
**हेलाक्रान्तसमस्तवस्तुविसरप्रस्ताररम्योदयां**
**ज्ञानानन्दमयीं दशामनुभवत्वेकान्ततः शाश्वतीम्।।१७।।**

'**અર્થ :- એ રીતે શુભોપયોગજનિત કાંઈક પ્રવૃત્તિને સેવીને...**' એમ. શુભભાવવાળો હોય છે એ એમાં આવ્યો છે એટલે સેવીને એમ કહેવામાં આવ્યું વ્યવહારે. '**એ રીતે શુભોપયોગજનિત...**' શુભના વિકલ્પથી ઉત્પન્ન થયેલો ભાવ એવી શુભ પ્રવૃત્તિને સેવીને એટલે એમાં આવીને રહેલો છે. શુભોપયોગસહિત પ્રવૃત્તિ છેને વ્યવહારની? '**યતિ સમ્યક્ પ્રકારે સંયમના સૌષ્ઠવ વડે...**' '**શ્રેષ્ઠતા; ઉત્કૃષ્ટતા; સારાપણું; સુંદરતા.**' હવે એમાંથી ખસીને હવે '**સંયમના સૌષ્ઠવ વડે ક્રમશઃ પરમ નિવૃત્તિને પહોંચતો થકો,...**' એ વિકલ્પ શુભનો છે એને પણ છોડીને. કારણ કે પ્રવૃત્તિ કીધીને? હવે એનામાંથી નિવૃત્તિ કરે છે. શુભરાગનો એવો પણ એક પ્રવૃત્તિનો ભાગ મુનિને હોય છે. એમાંથી નિવૃત્તિ કરીને '**સમ્યક્ પ્રકારે સૌષ્ઠવ...**' સુંદરતા, સારાપણા વડે '**ક્રમશઃ પરમ નિવૃત્તિને પહોંચતો થકો,...**' અતીન્દ્રિય આનંદમાં વિકલ્પ વિના આનંદસ્વરૂપમાં રહેતો. સમજાણું કાંઈ? એવા નિવૃત્તિને પામતો થકો. '**પહોંચતો થકો,...**' જોયું! પોતાના પુરુષાર્થથી એમ. વિકલ્પ શુભ છે એને છોડીને પોતાના આનંદસ્વરૂપમાં પહોંચતો થકો (એટલે) અતીન્દ્રિય આનંદના સ્વાદમાં ઉત્કૃષ્ટપણે આવતો થકો એમ કહે છે.

'**જેનો રમ્ય ઉદય સમસ્ત વસ્તુસમૂહના વિસ્તારને લીલાથી પહોંચી વળે છે...**'

જેનો રમ્ય ઉદય પ્રગટ '**સમસ્ત વસ્તુસમૂહના વિસ્તારને લીલાથી પહોંચી વળે છે...**' એવી આનંદની દશાને પ્રાપ્ત થાય એમ કહે છે. વીતરાગી પરિણતિથી શુભયોગનો વિકલ્પ આવ્યો ત્યારે આ પ્રકારની વાત કહી. પણ છતાં એમાંથી ખસીને હવે... એમાં સેવીને એટલે એમાં રહ્યો છે, આવ્યો છેને શુભોપયોગ? છે તો બંધનું કારણ. આહા..હા..! છે તો નુકસાનનું કારણ. પણ આવે છે એથી એને સેવીને એમ કહેવામાં આવ્યું છે. એમાથી ખસીને '**સમ્યક્ પ્રકારે સંયમના સૌષ્ઠવ વડે ક્રમશઃ પરમ નિવૃત્તિને...**' રાગને ઘટાડી અને સ્વભાવમાં સ્થિર થઈને '**નિવૃત્તિને પહોંચતો થકો,...**' નિર્વિકલ્પ આનંદની દશાના પ્રાપ્ત થતો. '**જેનો રમ્ય ઉદય સમસ્ત વસ્તુસમૂહના વિસ્તારને લીલાથી પહોંચી વળે છે (-રમતમાત્રથી જાણી લે છે) એવી શાશ્વતી જ્ઞાનાનંદમયી દશાને...**' લ્યો! '**એવી શાશ્વતી જ્ઞાનાનંદમયી દશાને એકાંતે અનુભવો.**' '**કેવળ; સર્વથા; અત્યંત.** (**યતિ કેવળ જ્ઞાનાનંદમયી દશાને જ અત્યંત અનુભવો**)' એકલા અતીન્દ્રિય આનંદનો અનુભવ કરો એ જ વસ્તુનું સ્વરૂપ છે. કહો, સમજાણું કાંઈ? એવી શાશ્વતી જ્ઞાનાનંદની દશા. દશા છેને? પર્યાયની વાત છેને? જ્ઞાનાનંદની દશા. એકલું જ્ઞાન નહિ પણ એની સાથે આનંદ. શુભયોગથી નિવૃત્તિ, સ્વરૂપમાં રમણતા કરતાં એની પ્રાપ્તિમાં એકલો જ્ઞાનાનંદપર્યાયને એકાંતે એને જ અનુભવો. કેવળ અનુભવો, સર્વથા અનુભવો, અત્યંત અનુભવો. '(**યતિ કેવળ જ્ઞાનાનંદમયી દશાને જ અત્યંત અનુભવો**)' લ્યો! '**આ રીતે શુભોપયોગ-પ્રજ્ઞાપન પૂર્ણ થયું.**' લ્યો! શુભ વિકલ્પની ક્રિયા મુનિને કેવી જાતની હોય? નિશ્ચયના આનંદના દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાના દશાના કાળમાં. એની વ્યાખ્યા કરી. સમજાણું?

હવે પાંચ રત્નો છે પાંચ ગાથા. એ ગાથાને રત્ન કીધી, પાંચ રત્ન. સંસાર તત્ત્વની ગાથાને રત્ન કહ્યું. સાર છે. રત્ન એટલે સાર. '**હવે પાંચ રત્નો છે (અર્થાત્ હવે પાંચ રત્નો જેવી...**' રત્નો જેવી '**પાંચ ગાથાઓ કહેવામાં આવે છે).**' એ પાંચ રત્ન જેવી પાંચ ગાથા કહેવામાં આવે છે. નિયમસારમાં પણ આવે છેને? શુદ્ધભાવ અધિકારમાં. પાંચ રત્ન જેવી ગાથા. ત્યાં પણ પાંચ રત્ન લીધા છે. પાંચ રત્ન કીધી છે એને. અહીં પાંચ રત્ન કીધા હતા. આખા બાર અંગ અને ચૌદ પૂર્વના સારની પાંચ રત્ન ગાથા છે. વીતરાગી શાસનના દોહનમાંથી કાઢેલી.

'(**ત્યાં પ્રથમ, શ્લોક દ્વારા તે પાંચ ગાથાઓનો મહિમા કરવામાં આવે છે :**)' લ્યો! કળશ છેને?

> तन्त्रस्यास्य शिखण्डमण्डनमिव प्रद्योतयत्सर्वतो-
> ऽद्वैतीयीकमथार्हतो भगवतः संक्षेपतः शासनम्।
> व्याकुर्वञ्जगतो विलक्षणपथां संसारमोक्षस्थितिं
> जीयात्सम्प्रति पञ्चरत्नमनघं सूत्रैरिमैः पञ्चभिः।।१८।।

**'અર્થ :- હવે આ શાસ્ત્રને કલગીના અલંકાર જેવા...'** કહો, રાજા હોય છેને મોટા? આમ કલગી નથી નાખતા? છોગું. મુગટ-મુગટમાં છોગું નાખે. **'આ શાસ્ત્રને કલગીના...'** પ્રવચનસાર—ભગવાનની દિવ્યધ્વનિનો સાર. સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્માની જે વાણી આવી એને અહીં પ્રવચન કહે છે અને એનો આ સાર હતો. એમાં પણ આ શાસ્ત્રમાં કલગી સમાન. મુગટ સમાન. **'અલંકાર જેવા (અર્થાત્ આ શાસ્ત્રના ચૂડામણિ-મુગટમણિ જેવાં)...'** લ્યો! **'આ પાંચ સૂત્રોરૂપ નિર્મળ પાંચ રત્નો—કે જેઓ સંક્ષેપથી...'** પાંચ રત્નો કે જેઓ ટૂંકામાં **'અર્હંતભગવાનના સમગ્ર અદ્વિતીય શાસનને સર્વતઃ પ્રકાશે છે...'** આ દીવો છે આ સૂર્ય. પાંચ ગાથા વડે આખા શાસ્ત્રનું રહસ્ય શું છે એ બધું ત્યાં જાણવામાં આવે છે.

**'સંક્ષેપથી અર્હંતભગવાનના...'** અર્હંત પરમાત્મા વીતરાગી કેવળજ્ઞાની પરમેશ્વર એના **'સમગ્ર અદ્વિતીય શાસનને સર્વતઃ પ્રકાશે છે...'** પાંચ રત્નમાં બધું આવી ગયું કહે છે. બાર અંગ અને ચૌદ પૂર્વનો સાર. કહો, સમજાણું? અમૃતચંદ્રાચાર્યમાં છેને. પાંચ રત્ન કરીને ગોઠવ્યા છેને. **'તેઓ—વિલક્ષણ પંથવાળી સંસાર-મોક્ષની સ્થિતિને જગત સમક્ષ પ્રગટ કરતાં થકાં જયવંત વર્તો.'** કહે છે કે ભગવાને કહેલા શાસ્ત્રો અને એનું શાસન એના સારરૂપ ગાથા પાંચ એને **'વિલક્ષણ પંથવાળી...'** જુઓ, **'ભિન્નભિન્ન. (સંસારની સ્થિતિ અને મોક્ષની સ્થિતિ ભિન્ન-ભિન્ન પંથવાળી છે...'** જે માર્ગે સંસાર મળે તે માર્ગે મોક્ષ નહિ અને જે માર્ગે મોક્ષ મળે એ માર્ગે સંસાર નહિ. બેયની જાત જુદી તદ્દન છે. સમજાણું કાંઈ? **'વિલક્ષણ પંથવાળી...'** સંસાર અને મોક્ષની સ્થિતિને જગત સમક્ષ, દુનિયાની સમક્ષ પ્રગટ કરતા થકાં એ જયવંત વર્તો. આહા..હા..!

**'હવે સંસારતત્ત્વ પ્રગટ કરે છે.'** સંસારતત્ત્વ પ્રગટ કરે છે. નવ તત્ત્વમાં સંસાર તો ક્યું હશે? નવ તત્ત્વ તો સાંભળ્યા છે, કહે છે ભાઈ આ. ઓલા પ્રેમચંદભાઈ હતાને એ. નવ તત્ત્વ તો સાંભળ્યા છે કે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. સંસારતત્ત્વ શું? એ સંસારતત્ત્વ એ મિથ્યાત્વ અને આસ્રવ, બંધભાવ તે મિથ્યાત્વ તે સંસારતત્ત્વ એ નવમાં આવી જાય છે બધું. સમજાણું કાંઈ? મિથ્યાત્વના પરિણામ તે આસ્રવ અને એ જ પોતે મિથ્યાત્વના પરિણામ બંધ અટકવા... એ રૂપે પરિણમેલો જીવ તેને સંસારતત્ત્વ કહેવામાં આવે છે. સમજાણું? સંસારતત્ત્વ એ આત્માની વિકારી દશાના ભાવને સંસારતત્ત્વ કહે છે. જીવની સંસારદશા જીવથી જુદી ન રહે એમ સિદ્ધ કરે છે. આ બાયડી, છોકરા, કુટુંબ, પૈસો, શરીર એ સંસાર નથી. એ સંસારતત્ત્વ નથી. એ તો પરવસ્તુ. ત્યાં ક્યાં સંસાર છે? સંસારતત્ત્વ ભગવાન આત્માના સ્વભાવથી વિરુદ્ધ, અયથાર્થ પદાર્થની પ્રતીતિ, એનો જે ભાવ મિથ્યાત્વ એને સેવનારો જીવ તે સંસારતત્ત્વી અને એને સંસારતત્ત્વ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓલો કહેને સંસાર છોડીને બેઠા છીએ. સંસાર કોને કહેવો એની

તો ખબર નથી. શું છોડ્યું તેં?

મુમુક્ષુ :- એ તો બીજાને છોડાવવા માટે બેઠા છે.

ઉત્તર :- હા એ તો બીજાને છોડાવવા માટે બેઠા છે. જેઠાભાઈ! એણે તો બહુ સાંભળ્યું છે એવું. ઉંધું ઘણું સાંભળ્યું છે. બીજાને દીક્ષા દેવા માટે એને ધર્મ કરાવવા. આવો જુઓ આ વિરતિ છે. એ વિરતિ લ્યો. એ તમારા કપાળમાં દેવલોક તો નક્કી. દેવલોકને. એમાં દેવલોક એટલે સંસાર થયો. હવે સાંભળને. સમજાય છે કાંઈ? અહીં તો કહે છે, ભગવાન! સંસારતત્ત્વ એ આત્માની મિથ્યાત્વદશા એને સંસારતત્ત્વ કહેવામાં આવે છે. એ નવ તત્ત્વમાં આસ્રવ ને બંધ ને પુણ્ય ને પાપ એ સંસારતત્ત્વ છે. સમજાણું કાંઈ? એ સંસારતત્ત્વી કોણ જીવ હોય એ ઉત્કૃષ્ટ એની વાત કરે છે.

**जे अजधागहिदत्था एदे तच्च त्ति णिच्छिदा समये।**
**अच्चंतफलसमिद्धं भमंति ते तो परं कालं।।२७१।।**
**સમયસ્થ હો પણ સેવી ભ્રમ અયથા ગ્રહે જે અર્થને,**
**અત્યંતફળસમૃદ્ધ ભાવી કાળમાં જીવ તે ભમે. ૨૭૧.**

આહા..હા..! રતન જેવી ગાથા કહે છે આ. પહેલા શબ્દાર્થ લ્યો થોડો. 'જેઓ,...' **'समये' 'ભલે તેઓ સમયમાં હોય તોપણ (-ભલે તેઓ દ્રવ્યલિંગી જિનમતમાં હોય તોપણ),...'** એમ. જૈનનો નિર્ગ્રંથ દિગંબર સાધુ વસ્ત્ર વિનાનો એવો હોય. જૈનમાં રહેલો વાડાના સંપ્રદાયમાં. સમજાણું કાંઈ? **'समये'** એટલે જૈન વાડામાં જૈનનો સાધુ હોય દ્રવ્યલિંગીપણે. કહો, સમજાણું કાંઈ? જે વસ્ત્ર વિના, નગ્નદશા અને એની પંચ મહાવ્રતાદિની ક્રિયા બરાબર સરખી હોય. એવો દ્રવ્યલિંગી એમ લીધું છેને? તોપણ **'एते तत्त्वम्' 'આ તત્ત્વ છે (અર્થાત્ આમ જ વસ્તુસ્વરૂપ છે) એમ નિશ્ચવંત વર્તતા થકા...'** પુણ્યને પવિત્રતામાં ખતવે, પવિત્રતાને પુણ્યમાં ખતવે, વ્યવહારથી નિશ્ચય માને, નિશ્ચયને વ્યવહારની જરૂર છે એમ માને. સમજાય છે? નિમિત્તથી જીવની પર્યાય બદલે એમ માને, જીવની પર્યાય બીજાને બદલાવે એમ માને. આમ જ એમ માનીને એ રીતે કે ના આમ જ હોય છે. સમજાણું કાંઈ?

હવે અહીં ઠંડી હોય પ્રત્યક્ષ અને અગ્નિ હોય અગ્નિ તો ટાઢ ઉડી જાય. ફટ આમ ઉડી લે. હાથ અડાડો તો ઠંડી ઉડી જાય. પ્રત્યક્ષ છે. એ રીતે વિપરીત માન્યતાવાળો જીવ એમ કહે. આવો પદાર્થનો વિપરીત નિર્ણય કર્યો છે. એ પરથી ઉનું થાતું નથી. સમજાણું કાંઈ? એમ પોતાની કલ્પનાથી આ આમ જ છે એમ વસ્તુનું સ્વરૂપ **'એમ નિશ્ચયવંત વર્તતા થકા પદાર્થોને અયથાતથપણે ગ્રહે છે (-જેવા નથી તેવા સમજે છે),...'** ભગવાન એક સમયની પર્યાયવાળો ત્રિકાળી ધ્રુવ એમાં રાગ અને નિમિત્ત જે રીતે છે વસ્તુનું સ્વરૂપ, એથી વિપરીત માને છે. ક્યાંક પણ એમાં શલ્ય એને વિપરીતતા રહે છે. **'अयथागृहीतार्थाः'**

જેવું પદાર્થનું ધ્રુવસ્વરૂપ, નિર્મળ પર્યાયનું સ્વરૂપ, વિકારી રાગનું સ્વરૂપ, નિમિત્તની હાજરીનું સ્વરૂપ જે રીતે છે એથી ઉલટી રીતે માનનારા. સમજાણું કાંઈ? '**अयथागृहीतार्थाः**' જેવા પદાર્થો નથી તેવું એને માન્યતામાં આવ્યું છે. પકડ્યું છે. નહિ, અમે કહીએ, માનીએ તેમ છે, તેમ છે. વ્યવહાર હોય તો નિશ્ચય થાય, નિશ્ચયને પ્રગટ કરવા માટે વ્યવહારની જરૂર છે, પહેલો વ્યવહાર હોય તો-પહેલો રાગ હોય તો પછી વીતરાગતા થાય.

મુમુક્ષુ :- .. માંદો હોય તે સાજો થાયને.

ઉત્તર :- માંદો હોય તો માંદાપણું મૂકીને સાજો થાય કે માંદાપણું રાખીને?

એ '**પદાર્થોને અયથાતથપણે ગ્રહે છે (-જેવા નથી તેવા સમજે છે), તેઓ...**' '**अत्यन्तफलसमृद्धम्**' '**અત્યંતફળસમૃદ્ધ...**' મહાફળ છે એને. '**(અનંત કર્મફળોથી ભરેલા) એવા હવે પછીના કાળમાં પરિભ્રમણ કરશે.**' ચોર્યાસીના અવતારમાં નિગોદાદિમાં જશે. આહા..હા..!

મુમુક્ષુ :- આચાર્ય બહુ કડક.

ઉત્તર :- વસ્ત્રનો એક ધાગો રાખીને મુનિપણું માને તો નિગોદ જાશે. આ તો અનેક પદાર્થની વિપરીતતાની માન્યતા એ તો નિગોદમાં જાય. વિશેષ વાત કહેવાશે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૨, શનિવાર, તા. ૦૯.૦૮.૧૯૬૯**
**ગાથા-૨૭૧, પ્રવચન-૨૩૧**

આ પ્રવચનસાર. ચરણાનુયોગ સૂચક ચૂલિકા. ૨૭૧ ગાથા. શું અધિકાર ચાલે છે? સંસારતત્ત્વ કોને કહેવું? ચોર્યાસીના અવતારમાં એનું મૂળ કારણ મિથ્યાત્વ અને તે મિથ્યાત્વ સેવનાર જીવને સંસારતત્ત્વ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**ટીકા :-**' અહીં સાધુની વાત લીધી છે ઉત્કૃષ્ટ. જૈનમાં સાધુ હોવા છતાં નિર્ગ્રંથપણે રહ્યા છતાં, વસ્ત્રરહિત જંગલમાં એવા રહ્યા છતાં. સમજાણું કાંઈ? '**समये**' શબ્દ પડ્યો છેને? સમયમાં છે. જૈનમાં રહ્યો છે. જૈનનો સાધુ થયો છે નિર્ગ્રંથ. નિર્ગ્રંથ એટલે બાહ્ય. વસ્ત્રરહિત

નગ્નદશા અને અઠ્યાવીશ મૂળગુણ પણ બરાબર ચોખ્ખા પાળતો હોય છે. એવો ઉત્કૃષ્ટ લીધો છે મિથ્યાદૃષ્ટિ. એવો સાધુ '**સ્વયં અવિવેકથી...**' જુઓ, આ ભૂલ શું છે અનાદિની? એ ભૂલ ચાર ગતિમાં રખડવાનું કારણ છે એ મિથ્યાત્વની મોટી ભૂલ છે. મિથ્યાત્વ જેવું મોટું કોઈ પાપ નથી. પછીના ચારિત્રદોષ છે એ તો સાધારણ પરિમિત દોષ છે. સમજાણું? મિથ્યાત્વ એટલે વિપરીત માન્યતા એ જ સંસારતત્ત્વ છે, એ મિથ્યાત્વ છે, એ જૈનનો સાધુ હોવા છતાં '**સ્વયં અવિવેકથી...**' પોતાનું ભાન નથી કે હું આત્મા કોણ છું? એ '**સ્વયં અવિવેકથી...**' કોઈ કર્મને કારણે નહિ. સમજાય છે કાંઈ? એના પોતાના ઉંધા અભિપ્રાયને લઈને અવિવેકથી... રાગાદિના પરિણામ જે શુભાદિ છે એ મને ધર્મનું કારણ થશે એવી એની મિથ્યા માન્યતા ઉંડી પડી છે. જે કારણ નથી તેને કારણ માને છે. સમજાણું કાંઈ?

આવે છેને મોક્ષમાર્ગપ્રકાશકમાં. કારણકાર્યની વિપરીતતા. વ્યવહારનયનું કથન જ્યાં હોય છે એ પણ સાચું છે એમ માની લે છે. સમજાય છે કાંઈ? જે ભગવાન આત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ છે આત્મા. એની આનંદની પ્રાપ્તિ માટે રાગ જે દયા, દાન, વ્રત, ભક્તિના શુભ પરિણામ છે તે મારું કર્તવ્ય છે અને એ દ્વારા મને કલ્યાણ થશે, એમ જેણે પદાર્થને વિપરીતપણે માન્યો છે. લ્યો! સ્વરૂપચંદભાઈ!

મુમુક્ષુ :- પરંપરા સત્ય...

ઉત્તર :- પરંપરા એ વાત તદ્દન જૂઠી છે. પરંપરા રાગનો વિકલ્પ છે એ તો તદ્દન જાત જ જુદી અચેતન છે. એ નિમિત્તનું જ્ઞાન કરાવવા એને સાધન તરીકે કહ્યું છે, પણ એને એમ જ માની લે (કે) વ્યવહારે કહ્યું તે એ પણ સાચું, નિશ્ચયે કહ્યું તે એ પણ સાચું. એ આવે છેને મોક્ષમાર્ગપ્રકાશકમાં. એ વાત વધારે લીધી છે. સ્વદ્રવ્યને પરદ્રવ્ય માને, પરદ્રવ્યને સ્વદ્રવ્ય માને, કારણકાર્યને એક બીજામાં ભેળવીને માને, રાગથી જીવને ધર્મ થાય અને રાગ કર્તવ્ય છે—એવી જે વિપરીત માન્યતા છે વ્યવહારનયના (કથનને સાચું માનવાની), એ માન્યતાને મિથ્યાત્વ કહે છે. કહો, સમજાય છે કાંઈ? વ્યવહારનયનો આવ્યો છેને અધિકાર? એક દ્રવ્યને બીજા દ્રવ્યનું, કારણકાર્યનું, એક ભાવને બીજા ભાવનું ભેળવીને કથન કરે. એને એમ (યથાર્થ) માની લે એ મિથ્યાત્વ મહાસંસારતત્ત્વ છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**સ્વયં અવિવેકથી પદાર્થોને...**' હવે પદાર્થો તો બધા આવ્યા. ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયક છે. એને રાગવાળો જાણે, આસ્રવવાળો માને. જે આસ્રવ ને રાગવાળો આત્મા નથી. સમજાણું કાંઈ? એનો અર્થ એ થયો કે વ્યવહાર જે રાગની મંદતા છે એ મને કલ્યાણ કરશે, એણે રાગવાળો આત્મા માન્યો છે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! ૧૪મી ગાથામાં આવે છેને પુરુષાર્થસિદ્ધિ ઉપાય. અસમાહિતો. ખરેખર તો દયા, દાન, વ્રતાદિના પરિણામ જે આસ્રવ છે એનાથી તો ભગવાન આત્મા રહિત છે. સ્વરૂપચંદભાઈ! લ્યો આ રત્ન ગાથા સાંભળવા આવ્યા છેને ભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે એ તો વ્યવહારરત્નત્રયના જે વિકલ્પો છે આસ્રવ. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, કષાય આદિની મંદતા એ બધો વિકાર છે. એ વિકાર નિર્વિકારી ભગવાન સ્વભાવથી તદ્દન ભિન્ન છે અને આત્મા વિકારથી રહિત છે. એમ ન માનતા એના અભિપ્રાયમાં અયથાર્થ પદાર્થને ગ્રહે છે. એટલે ઉંડે-ઉંડે એને રાગની વિકલ્પદશા-કષાયની મંદતા એ મારા સ્વભાવને હેતુ થશે, કારણ થશે, મારા આત્માને મોક્ષનું કારણ છે એમ એ અજ્ઞાની પદાર્થના વિપરીતભાવને માને છે. કહો, સમજાણું કાંઈ?

'**સ્વયં અવિવેકથી પદાર્થોને...**' પદાર્થ શબ્દે એ પુણ્યને પવિત્રતાનું કારણ માને. ભગવાન આત્માની પવિત્રતા વ્યવહારના વિકલ્પની અપેક્ષા રાખ્યા વિના પ્રગટ થાય એવી આત્માની શક્તિ છે. આત્માનો સ્વભાવ જ એવો છે કે વ્યવહારના રાગની મંદતાની અપેક્ષા રાખ્યા વિના સ્વરૂપ પ્રગટ થાય એવો જ એનો સ્વભાવ છે. એવા સ્વભાવમાં આત્માને રાગથી લાભ થાય એને યથાર્થ પદાર્થનું વાસ્તવિક સ્વરૂપથી વિપરીત માન્યતા થઈ, આત્માથી વિપરીત માન્યતા થઈ એની. સમજાણું કાંઈ? એમ રાગની મંદતા એ પુણ્યતત્ત્વ છે એને અહીં પવિત્રતાનું કારણ માને. એક તો આત્માના પદાર્થને આવો માન્યો, હવે એ પુણ્યને આત્માની પવિત્રતાનું કારણ માને એ પણ વિપરીત પદાર્થ થયો. સમજાણું કાંઈ? અને આ શરીરની જે ક્રિયા થાય બહારમાં વ્રતાદિની ક્રિયા જડની. ઓલો તો શુભ પરિણામ છે, પણ જડની ક્રિયા એ પણ હું છું તો આ ક્રિયા થાય છે અને એ ક્રિયા થાય છે તો અંદર શુભ પરિણામ થાય છે અને શુભ પરિણામ થાય છે તો મોક્ષમાર્ગ થશે એમ જે માને છે એ જડના પદાર્થને પણ યથાર્થ જાણતો નથી. સમજાણું કાંઈ?

અજીવતત્ત્વને માનતો નથી, એની પર્યાય સ્વતંત્ર એના કારણે થઈ છે. એના કારણે આત્મામાં કાંઈ થાય અને આત્મા આત્માને કારણે એ પર્યાય જડની કરે એમ છે નહિ. સમજાય છે કાંઈ? સાધુ થયો દિગંબર નગ્નમુનિ જંગલવાસી, પણ એના અભિપ્રાયમાં પોતાની કલ્પનાથી એ જાતનો અભિપ્રાય બાંધે છે. સમજાણું કાંઈ?

'**સ્વયં અવિવેકથી પદાર્થોને અન્યથા જ અંગીકૃત કરીને...**' જુઓ, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ જૈનશાસન છે. ભાઈ! એની સામે આવ્યું આ તો વળી. મોક્ષતત્ત્વ તો આગળ કહેશે, પણ જૈનશાસન એટલે શું? કે ભગવાન આત્મા શુદ્ધ આનંદમૂર્તિ તેની અંતર્મુખ થઈને... કર્મના બદ્ધસ્પૃષ્ટ રહિત વસ્તુ છે. વસ્તુ જ એવી છે આત્મા. એવો જે પદાર્થ કર્મ અને રાગના સંબંધ વિનાનો, વિશેષ વિનાનો સામાન્ય સ્વભાવ, ભેદ વિનાનો અભેદ સ્વભાવ. એવા અભેદસ્વભાવ ચૈતન્યનો આશ્રય કરી અને જે ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્મા અનુભવમાં આવે એ ભાવશ્રુતજ્ઞાન એને અહીંયાં જૈનશાસન કહેવામાં આવે છે. એનાથી સંસારતત્ત્વ ઉંધું છે એમ કહેવું છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અગિયાર અંગ ભણ્યો હોય, નવ પૂર્વ ભણ્યો હોય, એના અભિપ્રાયમાં ઉંડે-ઉંડે મીઠાશ રહી જાય છે. એ કાંઈ પણ રાગની મંદતા કાંઈક કરશું, કાંઈક કરશું તો પામશું. એવું કર્યા વિના મળે નહિ. એવો ઉંડો અભિપ્રાય સ્વયં અવિવેકથી અયથાર્થ પદાર્થને માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? હજારો રાણીને છોડીને બેઠો હોય, જંગલમાં વસતો હોય, અઠ્યાવીશ મૂળગુણ પણ એના ચોખ્ખા પાળતો હોય, સમજાણું કાંઈ? એવો છે, પણ એના અભિપ્રાયમાં પદાર્થની આ કાંઈક કરશું, આ કાંઈક કરીએ છીએ તો બેડો પાર થઈ જશે, સમજાણું કાંઈ? એવી કર્તાબુદ્ધિનો જે અભિપ્રાય છે... એ વસ્તુ રાગનો કર્તા નથી અને રાગનું કાર્ય આત્માનું નથી. એ રીતે પદાર્થની વિપરીતતા માનતો થકો, રાગનું કર્તવ્ય મારે કરવું જોઈએ... કરવું જોઈએ... કરવું જોઈએ... મારે એટલો રાગ મંદ તો કરવો જોઈએને? કાંઈ કર્યા વિના થતા હશે? એમ એ બુદ્ધિ છે એ પદાર્થની વિપરીત બુદ્ધિ એની છે. સમજાણું કાંઈ? સ્વરૂપચંદભાઈ! લ્યો આવું રત્ન છે આ. આ સંસારતત્ત્વ રત્ન છે રખડાવવા માટે. આહા..હા..!

'**સ્વયં અવિવેકથી પદાર્થોને અન્યથા જ અંગીકૃત કરીને...**' જડની દશાને આત્મામાં... એના પોતાથી ન થતાં આત્માનો જ્ઞાન અંશ છે કે ઈચ્છા અંશ છે માટે જડની પર્યાય થાય છે. અને આત્મામાં એ જડનો અંશ છે અંદર આમ બરાબર દયામાં રહેલો, નિવૃત્તિમાં રહેલો એવો અને રાગની મંદતા એ મને લાભ કરશે—એવો ઉંડે અભિપ્રાય, પદાર્થના વિપરીતભાવને સેવતો અન્યથા અંગીકાર કરે છે. જેવું સ્વરૂપ છે તેવું અભિપ્રાયમાં એને બેસતું નથી. સમજાણું કાંઈ? જૈનશાસન... ભગવાન આત્મા વ્યવહારના વિકલ્પના રત્નત્રયથી પણ ભિન્ન છે. એનાથી લાભ? જેનાથી ભિન્ન કરવું છે એનાથી લાભ કેમ થાય? સમજાણું કાંઈ? આ તો કહે એનાથી મને લાભ થાય. જેનાથી જુદું પડવું છે અને જુદું પડે તો લાભ થાય, એને ઠેકાણે એનાથી લાભ થાય એ માન્યતા મિથ્યાત્વતત્ત્વ, સંસારતત્ત્વ છે. ચાહે તો સાધુ નિર્ગ્રંથ સમયમાં-જૈનમાં રહ્યો હોય. એની જ વાત છે અહીં. બીજાની તો વાત પણ ક્યાં છે? સમજાણું કાંઈ? અમરચંદભાઈ!

અને આ ભગવાન આત્મા એ વિકલ્પની મંદતા કે તીવ્રતાથી તદ્દન રહિત, આસ્રવતત્ત્વથી, અજીવતત્ત્વથી રહિત છે. સામાન્યસ્વરૂપ એકરૂપ ત્રિકાળ જેનું એવી અંતરદૃષ્ટિ કરતાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ પ્રગટ થાય, ભાવશ્રુતજ્ઞાન, સમ્યગ્દર્શન અને સ્વરૂપની અરાગતાની પરિણતિ ઉભી થાય એને મોક્ષતત્ત્વ અથવા એને જૈનશાસન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાતું આમાં ઝીણી એવી લાગેને. આમ તો અન્યમાં પણ ઘણા ઝીણી વાતું કરે છે એવી, પણ મૂળ તત્ત્વની એને ખબર નથી. એટલે અન્યની તો વાત આમાં લીધી જ નથી. અહીં તો જૈનમાં આવેલો છે, અગિયાર અંગ ભણેલો છે, નવ પૂર્વ પણ જાણે છે અને હજારો રાણી છોડી બાહ્ય ત્યાગી (થઈ) જંગલમાં વસે છે. આહા..હા..!

મુમુક્ષુ :- કેટલી પ્રતિકૂળતા સહન કરે છે!

ઉત્તર :- બિલકુલ (નહિ). એ 'પ્રતિકૂળતા આ છે' એ માન્યતા જ પદાર્થથી વિપરીત બુદ્ધિ છે. કારણ કે વસ્તુ છે તે જ્ઞેય છે. એ જ્ઞેય છે તે મને પ્રતિકૂળ છે એ માન્યતા જ પદાર્થથી વિપરીત માન્યતા છે અને આ અનુકૂળ છે મને એવી કલ્પના એ પણ મિથ્યા કલ્પના છે. અનુકૂળ-પ્રતિકૂળ કોઈ ચીજ છે જ નહિ. બધી ચીજ જ્ઞેય છે. જાણવાલાયક છે એના બે ભાગ પાડે—એક આ ઠીક અને અઠીક, એ જ મિથ્યાત્વતત્ત્વ, એ જ સંસારતત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! બાહ્ય આટલો ત્યાગ હોય તોપણ, કહે છે કે એ સંસારતત્ત્વ મોટું મહામિથ્યાત્વતત્ત્વ છે કહે છે.

મુમુક્ષુ :- નવમી ગ્રૈવેયક...

ઉત્તર :- નવમી ગ્રૈવેયક, શું નવમી ગ્રૈવેયક જાય? માખી ઉડીને છેક લાકડે જાય. માણસ નથી ઉડીને જાતા ત્યાં લ્યો આ લાકડે. એટલે માખી ઉંચી થઈ ગઈ? નવનીતભાઈ! અહીં માખી છે તો ઉડીને ત્યાં બેસે છે જુઓ ઉપર ત્યાં. એમ નીચે ગયો એમાં, ક્ષેત્ર ફર્યું એમાં ભેખ ફર્યો. આ નરકનો મનુષ્યનો ભેખ હતો, અને સ્વર્ગનો (થયો). એ વસ્તુ ક્યાં ફરી અંદર? સમજાણું કાંઈ? આચાર્યે તો આ પાંચ ગાથાઓમાં આખા શાસ્ત્રનો સાર ભરી દીધો છે. આહા..હા..! આખું વીતરાગનું પ્રવચન-દિવ્યધ્વનિ એનો આખો સાર એમાં આ સંસારતત્ત્વી જીવ કેવા? એ નિર્ગ્રંથ હો જૈનમાં રહેલા. મુનિ હોય, અઠ્યાવીશ મૂળગુણ બરાબર પાળતા હોય. સમજાય છે કાંઈ? પણ પોતાના આત્મામાં ઉંડે એવો અભિપ્રાય એનો પડ્યો છે કે રાગની મંદતાથી મને કાંઈક લાભ થશે... થશે... થશે... ચૈતન્યના શુદ્ધ આનંદનો કાંઈક લાભ એને કારણે થશે. એટલે કારણની વિપરીતતા પદાર્થના સ્વભાવની વિપરીત માન્યતા છે એ. સમજાણું કાંઈ? ભારે જગતને. એમ નિમિત્ત આવે તો ચૈતન્ય-જડની પર્યાય થાય. એ પણ પદાર્થની વિપરીત માન્યતા છે. સમજાણું કાંઈ? એ તો પદાર્થ સ્વતંત્ર, તે તે સમયની પર્યાયની લાયકાતથી, યોગ્યતાથી તે થાય છે. એને ઠેકાણે કહે કે આનાથી આ થયું, જુઓ આ આવ્યું ત્યારે થયુંને? એણે પદાર્થની પર્યાયનો સ્વકાળ છે માટે થયું એમ એણે માન્યું નથી. પરથી થાય (એવી) તદ્દન વિપરીત માન્યતા-શ્રદ્ધા સંસારતત્ત્વ છે. સમજાણું કાંઈ?

**'સ્વયં અવિવેકથી પદાર્થોને અન્યથા...'** છે તેમ નહિ પણ અન્યથા. વ્યવહારે કહ્યા હોય તેને નિશ્ચય માની લે. એ અન્યથા કથન છે, અન્યથા માન્યતા છે. આ મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે ચાલ્યું છે. કથન (બે પ્રકારે), મોક્ષમાર્ગ બે નથી. એને બે માને એ પદાર્થથી વિપરીત માન્યતા છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ૧૭૦ ગાથામાં તો આવ્યું છેને પંચાસ્તિકાયમાં? કે તીર્થંકર ભગવાન ત્રણ લોકના નાથ પરમાત્મા એની રુચિ રહે ત્યાં સુધી એની મુક્તિ નહિ થાય. ભગવાને કહેલા અર્થો-પદાર્થોની રુચિ રહે ત્યાં સુધી રાગ છે, ત્યાં સુધી એની મુક્તિ નહિ થાય. આહા..હા..! અને ભગવાને કહેલા શાસ્ત્રોની રુચિ રહે. ૧૭૦

ગાથામાં ત્રણ બોલ છે. આહા..હા..! પરદ્રવ્યની જ્યાં પ્રતીત રહે (કે) પરદ્રવ્યને કારણે આ થશે ત્યાં સુધી એને મિથ્યાત્વભાવ છે. સમ્યગ્દૃષ્ટિને પણ આ જાતનો રાગ રહે, (પણ) એનાથી લાભ થાય એવો ભાવ હોય નહિ. એટલે વ્યવહાર હોય ખરો, પણ વ્યવહારથી લાભ થાય એમ માને એ પદાર્થથી વિપરીત બુદ્ધિ છે. તેમ વ્યવહાર ન જ હોય, એ વિપરીત બુદ્ધિ છે. સમજાણું કાંઈ? હોય ખરો, એ હોય છે એટલે છે ખરો, પણ એ છે એ નિશ્ચયનું કારણ અને આત્માને કાંઈપણ નિશ્ચય લાભ થાય એમ નથી. નવનીતભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા આનંદનો કંદ પ્રભુ, જેના આનંદના હીલોળામાં આનંદ અમૃત પડ્યું છે જેમાં. અતીન્દ્રિય આનંદના હીલોળામાં એક સમયની દશામાં ઇન્દ્રના ઇન્દ્રાસનના સુખ પણ જ્યાં ઝેર જેવા લાગે. સમજાણું કાંઈ? ઇન્દ્રની ઇન્દ્રાણીઓ જે અનાજ વિના નભે છે. આ તો બધા ધાનના ઢોકળા છે. ધાન બે દિ' ન ખાય તો ઉં..ઉં.. થઈ જાય, ઢીલું પડી જાય. એમાં કળશા-બળશા (ઝાડા) થઈ ગયા હોય. સારું રૂપાળું શરીર હોય, ૨૫-૫૦ કળશા થાય સવારથી સાંજ ત્યાં એં... એં... થઈ જાય. આ તો ઇન્દ્રાણીઓ ઇન્દ્રની. કહે છે કે એ ઇન્દ્રાણીના સંગમાં જે વિકલ્પ આવે છે એ દુઃખરૂપ છે એવું જ્ઞાનીને અંદરમાં ભાસે છે. ત્યારે એણે પદાર્થને વાસ્તવિક જાણ્યો અને માન્યો છે. આહા..હા..!

અને સુખમાં આવ્યું વળી એ બધું. કંઈપણ રાગની મંદતામાં કે સ્વપદાર્થ સિવાય બાહ્યમાં સુખ છે, સમજાય છે કાંઈ? આહા..હા..! ઠીક! ઠીક! એમ ત્યાં થાય. કષાયની મંદતામાં સુખ કે બાહ્યની અનુકૂળતામાં ઠીક! એ વિપરીત માન્યતા છે. કહો, સમજાય છે કે નહિ આમાં? જયંતિભાઈ! આ તો બહુ ધ્યાન રાખે ત્યાં ઓલા, ત્યાં કાંઈ બુદ્ધિ કામ ન કરે ત્યાં રળવામાં. એ તો પૂર્વના પુણ્ય હોય તો બહારથી દેખાય. અહીં તો બુદ્ધિ જોવે છે આમાં. શેઠિયા કેમ ન આવ્યા? શું થયું વળી? કાંઈક કામમાં રોકાઈ ગયા. અડધો કલાક થઈ ગયો. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ક્યાંય પણ ઉંડે સ્વ-આનંદના સન્મુખમાં ચૈતન્યના આનંદના સન્મુખતામાં સુખ છે, એમ ન માનતા સ્વથી વિમુખતા અને પરપદાર્થની સન્મુખતાના કોઈ ભાગમાં સુખ અને ઠીક છે, ત્યાં સુખનો શ્વાસ લેવાય છે એમ માને એ મિથ્યાત્વતત્ત્વ છે. સમજાણું કાંઈ? એ વળી શું આવ્યું પાછું અત્યારે? કે વ્યવહાર એક વિશ્રામ છે. થાકી ગયો હોય અંદરમાં સ્થિર રહેવા માટે, પછી વ્યવહાર આવે થોડો વિશ્રામ (મળે), પછી જોર વધે એમાં સ્થિર થાય.

મુમુક્ષુ :- ... આવે છે.

ઉત્તર :- આવે છે. માણસો એમ બોલે છે, આવે છે અને અત્યારે માને છે કેટલાક બહારથી. બ્રહ્મચારી નામ ધરાવે, પડિમા નામ ધરાવે, એ કહે કે વ્યવહાર છે એ વિશ્રામ છે. આ પંચાસ્તિકાયમાં નથી આવતું? આ હિંમતભાઈએ અર્થ કર્યા છે. શનૈઃ શનૈઃ. શું કહેવાય? ધોબી ઝીકે છે, ઓલા પત્થર ઉપર ઝીકેને, વસ્ત્ર ઉપર સાબુ દઈ દઈને. સાબુ દે, પછી

ઝીંકે આમ. ઝીંકે એટલે પછાડે. પછાડે એટલે ઓલો મેલ છૂટો પડી જાય. વ્યવહારને લઈને ધોવે જીવને, વ્યવહારને લઈને. લ્યો! એમ આવે છે એય..!

મુમુક્ષુ :- ૧૭૨માં આવે છેને.

ઉત્તર :- હા, ૧૭૨માં આવે છે પંચાસ્તિકાય. એ વ્યવહારના કથન છે. એમ છે નહિ. અમરચંદભાઈ! આહા..હા..! એવા વ્યવહારના કથનો અને નિશ્ચયના બેય સાચા છે અને બેય લાભદાયક છે એ અયથાર્થ પદાર્થની માન્યતા છે. તદ્દન મિથ્યાત્વ અને તદ્દન સંસારતત્ત્વની દશા છે. એ ત્યાગી નથી, પણ ધર્મનો ત્યાગી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'જેઓ સ્વયં અવિવેકથી પદાર્થો...'** નામ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર આદિ બધા. **'અન્યથા જ અંગીકૃત કરીને...'** આ છેને **'અન્યથા જ અંગીકૃત...'** કરે છે. જુઓ, આચાર્ય મહારાજે કુંદકુંદાચાર્યે એમ કહ્યું કે એક વસ્ત્રનો તાણો રાખવાનો ભાવ છે અને રાખે છે તે નિગોદમાં જશે એમ કહ્યું. તો એટલો દોષ એટલામાંથી? એવડો સંસાર રખડવાનો આટલા દોષમાંથી? એમ નથી. નવેય તત્ત્વ-પદાર્થની વિપરીત માન્યતા એની છે. સમજાણું કાંઈ? એક વસ્ત્રનો ધાગો રહે, એનો રાગ રહે છે અને એ રાગની દશા હોય ત્યાં મુનિદશા હોતી નથી. છતાં એને મુનિપણું માને છે એને પદાર્થોની વિપરીત માન્યતા છે. કેમ? કે એક તો જ્ઞાયક ભગવાન રાગની મંદતાની અપેક્ષા રાખ્યા વિનાનું તત્ત્વ છે. એને એમ માને છે કે આવું કાંઈક હોયને રક્ષણનું, સંયમનું વસ્ત્રાદિ તો આત્માનું રક્ષણ થાય. આત્માનું રક્ષણ એના વડે તો થાય નહિ, પણ રાગ વડે (પણ) થતું નથી. તો એને આત્માની પણ ખબર નથી. અને મુનિદશામાં રાગની મંદતાનો ભાવ કેટલીક મર્યાદાનો હોય એની ખબર નથી તો .. ખબર નથી. એ આસ્રવતત્ત્વની ખબર નથી એટલે ત્યાં સંવરતત્ત્વ ઉગ્રપણે આટલો શુદ્ધ હોય એની પણ એને ખબર નથી. ખબર નથી એટલે નિર્જરા તત્ત્વ (અર્થાત્) તે કાળે આટલી શુદ્ધતાની વૃદ્ધિ થાય એની પણ એને ખબર નથી. એટલી ખબર નથી તો એક વિકલ્પનો અમુક કાળ છે તો એટલો બંધ એને અલ્પ થાય છે તો બંધતત્ત્વની પણ એને ખબર નથી અને એ કાળે અજીવનો સંયોગ અમુક જ હદનો હોય, એને ઠેકાણે વધારે સંયોગને માને તો અજીવતત્ત્વની પણ એને ખબર નથી. સમજાણું કાંઈ? એય..! સ્વરૂપચંદભાઈ! જુઓ, શ્વેતાંબર છે એ તો. વાડાના કહેવાય હોં. આ તો પૂર્વની વાતની અપેક્ષાએ કહેવાયને. આત્મા ક્યાં શ્વેતાંબર, દિગંબર છે? આહા..હા..! સમજાણું કાંઈ?

કોઈ એમ કહે છે કે અરર..! આટલા માટે કુંદકુંદાચાર્યે અનંત નિગોદમાં જાય એમ કીધું! આ તો ઓલા શું કીધું? ચીભડાના ચોરને ફાંસીની સજા. ભાઈ! તને ખબર નથી, પ્રભુ! એ અન્યાય ન કર તું. અન્યાય નથી કર્યો એમણે, (માટે) તું અન્યાય ન કર. સમજાય છે? ભગવાન આત્મા જ્યાં સમ્યગ્દર્શનમાં અનુભવમાં નિર્વિકલ્પપણે આત્મા આવ્યો એને વિકલ્પની અપેક્ષા નથી એવો એ આત્મા છે. અને જ્યારે મુનિપણું પ્રગટ થાય ત્યારે રાગની

મંદતા જે પ્રકારની છે એની અપેક્ષા વિના મુનિપણું આવે છે અને એવી અપેક્ષા વિનાનો છે એને આ વસ્ત્રની અપેક્ષા હોય તો સંયમ રહે નહિ. તદ્દન વિપરીત દૃષ્ટિ છે. ભગવાનજીભાઈ! ભારે! વસ્તુનું સ્વરૂપ એવું છે, ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો બધો ફેર છે, બાપુ! આ તો સ્થૂળ ફેર છે. અહીં તો સૂક્ષ્મતાની વાત ચાલે છે. સમજાણું કાંઈ? આ તો એક દાખલો આપ્યો. આ તો સૂક્ષ્મ વાત છે. અંદરમાં નગ્ન છે, મુનિ અંદરમાં એમ માને છે કે વસ્ત્ર ન હોય. સમજાય છે? પણ એના અભિપ્રાયમાં ઊંડે-ઊંડે વાત... જ્ઞાયકભાવ ચિદાનંદ છે તે નિરપેક્ષ તત્ત્વ છે, જેને કોઈ પામવા માટે કોઈની અપેક્ષા નથી. પરદ્રવ્યની નહિ, વાણીની નહિ અને વિકલ્પની નહિ. એવું એ તત્ત્વ છે એમ એ માનતો નથી તો વિપરીત માન્યતા આત્મા માટે છે. અને એવી દશા હોય ત્યાં રાગની મંદતા આવી હોય, ત્યાં એને-નિશ્ચયને રાગની મંદતાની અપેક્ષા હોય છે એમ નથી. સમજાણું કાંઈ? કે નિશ્ચય છે માટે એને રાગની મંદતાનો આવો જ ભાવ આને લઈને હોય એમ નથી. આહા..હા..! ભારે કામ ભાઈ આકરું! હોય એ જાતનો રાગ એને-મુનિને, પણ આ નિશ્ચય આવો પર્યાય પ્રગટ્યો માટે આવો રાગ એને હોય એવી અપેક્ષા વ્યવહારને નિશ્ચયની નથી, નિશ્ચયને વ્યવહારની નથી, આત્માને વ્યવહારના આશ્રયની નથી. આહા..હા..! બહુ કામ! માન્યતામાં ઉંધાઈ એટલી કે એને સૂક્ષ્મપણે ક્યા હું ભૂલું છું એવી એને ખબર નથી. આમ તો અગિયાર અંગ ભણેલો છે. નવ પૂર્વની વાત નથી આવી એને? પણ ઊંડે એમાં અભિપ્રાયમાં ખતવણીમાં ફેર છે. કહો, સમજાય છે કાંઈ?

‘**સ્વયં અવિવેકથી પદાર્થોને અન્યથા અંગીકૃત કરીને (-બીજી રીતે જ સમજીને)...**’ જેવું સ્વરૂપ છે તેમ ન સમજતા ઊંડેથી બીજી કળા-કલ્પના કરીને ‘**આમ જ તત્ત્વ છે...**’ અમે માનીએ તેમ છે. સમજાણું કાંઈ? અમે માનીએ ‘**આમ જ તત્ત્વ છે...**’ જુઓ, ‘**એમ નિશ્ચય કરતા થકા,...**’ નિઃશંક છે અજ્ઞાનમાં. આહા..હા..! સમજાણું કાંઈ? ‘**આમ જ તત્ત્વ છે એમ નિશ્ચય કરતા થકા...**’ ચંદ્રનો એક લેખ આવ્યો છે બીજા કોકનો. કે ભાઈ આપણો ચંદ્ર તો બીજો છે, આ નહિ. આપણે તો આ બધું જે લખાણ છે એ બધું ભૂગોળની સાથે મેળ નથી. આપણું તત્ત્વ બીજું છે. એવું આવ્યું છે એ લખાણ આવ્યું છે મોટું. મેળવો, આવવા દ્યો, ચાલવા તો દ્યો. જે છે એમ હશે. જૈનમિત્ર. જૈનમિત્રમાં કોકનો લેખ છે. અરે..! ભગવાન! પરમાત્માએ એને શાશ્વત કહ્યું એ વસ્તુનું સ્વરૂપ છે એમ છે, પણ આપણે એને મેળવી ન શકીએ માટે કાંઈ વિપરીત થઈ ગયું? સમજાણું કાંઈ? એમ કોઈ ઉંડી ગંભીરતાનો કોઈ બીજો ભાવ હોય, બીજો પદાર્થ હોય કે આ હોય. શંકા કરવા જેવું નથી. આ તો આવા સ્થૂળમાં અટક્યા હવે એને અંતરમાં જાવું (કેટલું કઠણ)! આહા..હા..! ભગવાન આત્મા આમ ચંદ્રમા શીતળ પ્રભુ છે. શીતળ છાયા પ્રકાશનો પિંડ

શીતળનો છે. એમાં આરૂઢ થવું એને કોઈની અપેક્ષા છે નહિ. છતાં ઊંડે અપેક્ષા માનવી એ વિપરીતતા છે માન્યતાની. એ આવે છેને નહિ ભાઈ નિયમસારમાં? નિશ્ચયનયનો મોક્ષમાર્ગ વ્યવહારની અપેક્ષા રાખતો નથી.

મુમુક્ષુ :- ... પહેલા શરૂઆતમાં.

ઉત્તર :- હા, પહેલી શરૂઆતમાં. પહેલી ગાથાઓ નહિ? સમજાણું? છે કે નહિ? પરમ નિરપેક્ષ છું! ગાથા છે એ કાંઈક. જુઓ, સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી. (ગાથા ૨) એ તો ઘણીવાર કહેવાઈ ગયું છે. શું કીધું? ભગવાન આત્મા નિજપરમાત્મતત્ત્વ પ્રભુ પરમસ્વરૂપ આનંદ અને જ્ઞાનની ગાંઠડી એવો આ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, એનું સમ્યક્ શ્રદ્ધાન નિર્વિકલ્પ... આ નિશ્ચયની મોક્ષમાર્ગની વાત છે. એનું જ્ઞાન અને અનુષ્ઠાન, અનુષ્ઠાન એટલે ચારિત્ર, સ્વરૂપમાં રમણ. એ 'શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી...' જુઓ, સમજાણું? ખુલાસો કર્યો છે નીચે. 'શુદ્ધરત્નત્રય અર્થાત્ નિજ પરમાત્મતત્ત્વની સમ્યક્ શ્રદ્ધા, સમ્યક્ જ્ઞાન અને તેનું સમ્યક્ આચરણ, પરની તેમજ ભેદોની લેશ પણ અપેક્ષારહિત હોવાથી.' જુઓ, વ્યવહારરત્નત્રયની અપેક્ષા હોય તો નિશ્ચય પમાય એવી વસ્તુ છે નહિ. અને ભેદની અપેક્ષા હોય તો અભેદ પમાય એવી અપેક્ષા નથી એવું આત્મતત્ત્વ છે. આહા..હા..! હિન્દી લોકોએ જરી થોડું-થોડું સમજી લેવું થોડી ભાષા. ગુજરાતી ચાલે છેને હમણા. થોડા દિ' આ ૧૮મીથી હિન્દી ચાલશે. આ ક્લાસ ચાલશેને. ક્લાસ ચાલશે એટલે પછી. ૧૮મીથી ક્લાસ છે. પછી વહેલા કોક આવ્યું એ જુદી વાત છે. કહો, સમજાણું કાંઈ?

'પરમ નિરપેક્ષ હોવાથી...' ભગવાન આત્મા... એમ વળી કોક વધારે પહેલા આવી જાય તો એક દિ' વહેલા માગે તો શું કરવું? એટલે .. માર્ગ રાખવો. કહો, સમજાણું? આમાં શું કહે છે સમજાય છે કાંઈ? આહા..હા..! ભગવાન.. રાગ અને નિમિત્તની અપેક્ષા વિનાનો જેનો મોક્ષમાર્ગ છે. એવા મોક્ષમાર્ગ પરમનિરપેક્ષ પરની અપેક્ષા વિનાનો મોક્ષમાર્ગ એને પરની અપેક્ષાવાળો મોક્ષમાર્ગ માને તો એને પર્યાયની શ્રદ્ધા પણ વાસ્તવિક છે નહિ. આહા..હા..! આ તો મોક્ષમાર્ગની વાત છે, ભાઈ! આત્મા તો બરાબર છે, પણ આની પર્યાયની વાત છે આ તો.

મુમુક્ષુ :- એને ત્રિકાળ શુદ્ધ માને તો...

ઉત્તર :- એ તો ત્રિકાળ એક સમયની પર્યાય દ્રવ્યમાં નથી. એ વળી જુદી વસ્તુ થઈ. એ પરદ્રવ્ય એ પર્યાય પણ પરદ્રવ્ય છે એક ન્યાયે. કેમકે સ્વદ્રવ્ય ત્રિકાળી છે એની અપેક્ષાએ એક સમયનો મોક્ષમાર્ગ સાચો વીતરાગી પરિણતિ એ પણ પરદ્રવ્ય છે. કારણ કે સ્વદ્રવ્યની અપેક્ષાએ એ પરદ્રવ્ય છે. અને પરદ્રવ્યની-પર્યાયની અપેક્ષા છે તો ધ્રુવ છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે આ! કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

એ વસ્તુ ભગવાન ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ચિદ્‌બિંબ સત્ત્વ, સત્‌નું સત્ત્વ. સત્‌ છે એનું આખું સત્ત્વ ધ્રુવ. એને આ પર્યાય છે એની અપેક્ષા એને નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ પર્યાયમાં અશુભભાવ ઘણો હોય તો ધ્રુવને નુકસાન થાય એવું એ તત્ત્વ નથી. અને શુદ્ધ પરિણતિ નિર્મળ વીતરાગી ઘણી થાય તો ધ્રુવને કાંઈ લાભ થાય એવું ધ્રુવ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવો પદાર્થનો સ્વભાવ અલૌકિક વસ્તુ છે. અહીં તો એથી બીજી વાત કરે છે કે નિર્મળ પર્યાય જે મોક્ષમાર્ગની એ દ્રવ્યને કારણે થઈ એ પણ એક વ્યવહાર છે. મોક્ષમાર્ગની પર્યાયનો જીવ દાતા નથી. આહા..હા..! નવનીતભાઈ!

ભગવાન ધ્રુવસ્વરૂપ છે, ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાનું તત્ત્વ છે. એ ધ્રુવતત્ત્વ પર્યાયનો દાતા નથી. આહા..હા..! પર્યાયનો દાતા પર્યાય અને પર્યાયનું કારણ પર્યાય. આહા..હા..! .. એને ક્યાં? અરે..! શું વસ્તુ છે? કેવી ચીજ છે? આ તો સનાતન સત્ય જ આવું છે. આહા..હા..! એને ઠેકાણે... એની નિર્મળ પર્યાયનું કારણ રાગ પણ નથી અને નિર્મળ પર્યાયનું કારણ દ્રવ્ય પણ નથી. જીવ ન દાતા. યોગસારમાં આપણે આવી ગયું છે. ઘણા વર્ષ પહેલા કીધું હતું. જીવ દાતા નથી. આહા..હા..! ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એક સમયની મોક્ષમાર્ગની પર્યાયનો દાતા નથી. તો વળી ભગવાન દાતા અને વાણી દાતા અને રાગની અપેક્ષાથી (નિશ્ચય) થાય (એમ નથી). એય..! સ્વરૂપચંદભાઈ! આવું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- એ પોતે સ્વરૂપ છે.

ઉત્તર :- એનું નામ જ એવું છેને. આહા..હા..! એય..! જેઠાલાલભાઈ! એણે મહેનત બહુ કરી છે. આહા..હા..!

કહે છે, એવો ભગવાન આત્મા ધ્રુવ છે એને પર્યાયની અપેક્ષા નથી, પર્યાય છે તેને ધ્રુવની અપેક્ષા નથી, નિર્મળ પર્યાય વીતરાગી પ્રગટી છે તેને મંદના રાગના વ્યવહારની અપેક્ષા નથી. આહા..હા..! એને ઠેકાણે વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય ભાષા આવેને શાસ્ત્રમાં. એ તો નિમિત્તપણું કેવું હતું એનું જ્ઞાન કરાવ્યું છે. માળા સાંભળ તો. સાધન-ફાધન કેવા? રાગ કારણ અને નિર્મળ વીતરાગદશા કાર્ય? ઝેર કારણ અને અમૃતરૂપી પર્યાય પ્રગટ થઈ તે કાર્ય? માર્ગ આકરો છે, બાપા! આહા..હા..! સમજાણું કાંઈ? ઝીલવો એને અંદરમાં એ પણ અંદરથી, આહા..હા..! અરર..! હાય.. હાય.. કે આ બધું વયુ જાય છે હાય-હાય કહે. ક્યાં વયું જાય? જ્યાં છે ત્યાં રહે છે સાંભળને. જાય શું ને આવે શું? જ્યાં છે ત્યાં છે.

અહીં કહે છે, ભગવાન આત્મા પોતાની નિર્મળ પર્યાય પ્રગટ કરી એ પર્યાયને વ્યવહારની બિલકુલ અપેક્ષા નથી. વીતરાગની વાણી સાંભળી માટે નિશ્ચય સમકિત પ્રગટ્યું, બિલકુલ અપેક્ષા નથી. અને આત્મા અખંડાનંદ અભેદ શુદ્ધ છે એવું પરમાત્માએ કહ્યું અને ગુરુએ કહ્યું ને સાંભળ્યું, માટે તે અભેદપણું અંતર અનુભવ થયો (એવી) બિલકુલ અપેક્ષા નથી. અમરચંદભાઈ! અરે..! એકાંત નથી થતું ઈ? એનું નામ અનેકાંત છે. આમ છે અને આનાથી

નહિ એનું નામ અનેકાંત છે. અનેકાંતનો અર્થ વ્યવહારથી થાય, નિશ્ચયથી થાય, આનાથી થાય, નિમિત્તથી થાય, ઉપાદાનથી થાય-એમ અનેકાંત હોય? સારા એ તો અનિર્ધારિત દૃષ્ટિ થઈ. સમજાણું કાંઈ? આહા..હા..! 'રણે ચડ્યા રજપૂત છૂપે નહિ, એ દાતા છૂપે નહિ ઘેર માગણ આયા, ચંદ્ર છૂપે નહિ બાદલ છાયા, ચંચળ નારી કે નેણ છૂપે નહિ. એમ બાદલ છૂપે નહિ, એ ચંદ્ર છૂપે નહિ બાદલ છાયા.' વાદળાથી કાંઈ ચંદ્રનો પ્રકાશ વયો જતો હશે? ગમે તેવા વાદળા હોય તો કહે આ ચંદ્ર છે, આ સૂર્ય છે... એમ ભગવાન આત્માનો પ્રકાશ રાગની અપેક્ષા રાખ્યા વિનાનો પ્રકાશ કરે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? લ્યો! એ તો વળી આ પરમનિરપેક્ષ આવ્યુંને એટલે. કહો, સમજાણું?

કહે છે કે વસ્તુનું સ્વરૂપ આ પ્રમાણે જે કહ્યું એનાથી વિરુદ્ધ અજ્ઞાની માને છે. માન્યતામાં અંદર શલ્ય મોટું ઉંડે... ઉંડે... ઉંડે... મિથ્યાત્વનું પડ્યું છે. એ મિથ્યાત્વી જીવ જ સંસાર છે. જેમ જૈનશાસન આત્માની વીતરાગી પર્યાયથી બહાર રહેતું નથી, એમ મિથ્યાત્વતત્ત્વ અને સંસારતત્ત્વ મિથ્યાત્વી જીવની પર્યાયથી બહાર આઘું રહેતું નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આમ આવું તો કોક સમજે એક જણો એમ કહેતો હતો. ઓલા નહિ ભાઈ લલિતપુર. લલિતપુર એક હતો. કોક પંડિત હતો હરિશ્ચંદ્ર. કહે આવી વાત તમારી તો એકાદ સમજે, બાકી ન સમજે. પણ એકાદું આ છે આવું હવે એ એક સમજે કે ન સમજે, પણ માર્ગ તો આ છે. આહા..હા..!

મુમુક્ષુ :- જે સમજવા માગે એ સમજે.

ઉત્તર :- લલિતપુર છે લલિતપુર. હરિશ્ચંદ્ર ગુજરી ગયા બિચારા હોં હમણા. હરિશ્ચંદ્ર પંડિત હતા એ ગુજરી ગયા. છાપામાં આવ્યું હતું. લલિતપુરમાં. એ બિચારા સાંભળી શક્યા નહિ, રાતે કહે, આવો માર્ગ, આવો માર્ગ કોઈ એકાદ સમજે. પણ સાચો છે કે નહિ એ કહેને હવે? (ભલે) એકાદ સમજે, પણ એક સાચો છે એ આ માર્ગ છે. આ દુનિયા અનેક જાતના બહારના લાકડાથી વાતું કરે એ બધા વિપરીત માર્ગ છે. કહો, સમજાણું?

**'આમ જ તત્ત્વ છે...'** એમ પોતાની કલ્પનાથી વસ્તુની મર્યાદાની જાત જાણ્યા વિના. કેમ થઈ ગયું? અડધો કલાક, પોણો કલાક થઈ ગયો, હવે શું પા કલાકમાં? શેઠીને શું થઈ ગયું આજે? આહા..હા..! જુવાન-જુવાન છોકરાઓ, જુઓને, એ પણ બિચારા ક્ષણિકમાં ચાલ્યા જાય છે. આહા..હા..! એની અવસ્થા હોય એમ થાય, બીજું શું થાય? એ કોઈ કાળ ફરે છે? અને કોઈ પરને કારણે એ કાંઈ થાય છે? આહા..હા..! જુવાનજોધ જેવા ૨૨-૨૨ વર્ષના આમ. બોલવાની શક્તિ ન મળે, ચાલવાની નહિ. એ શક્તિ તો જડની હતી. અહીં તો કહે છે કે આત્મા કાંઈ પ્રેરે તો એ શક્તિ થાતી હશે એમાં? અને કાંઈક બોલું કાંઈક કહું તો મને સમાધાન વર્તે, આમ માનનારા પણ પદાર્થને સમજતા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દાણા એમ કહે છે કાંઈક બોલીએને, કાંઈક કોક બોલતા હોયને તો થોડું-થોડું કહીએ એને, આ ભાઈ ખોટી વાત છે તમારી, આ ફલાણું છે એમ. તો આપણને સમધાન થાય. એ વિના સમાધાન થાય નહિ. બોલવાની ભાષાથી સમાધાન થાય? એય..! પોપટભાઈ! ભારે કામ કહે.

અહીં તો કહે છે કે તત્ત્વ નથી એનાથી વિરુદ્ધ **'આમ જ તત્ત્વ છે એમ નિશ્ચય કરતા થકા,...'** શું કરે છે? **'સતત એકત્રિત કરવામાં આવતા મહા મોહમળથી...'** મિથ્યાત્વને એકત્ર કર્યો છે એણે. સમજાણું કાંઈ? પોણા કલાકમાં તો બહુ ગયું આઘું. શેઠી! ઘણો માર્ગ વયો ગયો. **'એમ નિશ્ચય કરતા થકા, સતત એકત્રિત કરવામાં આવતા...'** ક્ષણે-ક્ષણે મિથ્યાત્વને એકઠું કરે છે એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ બોલો કહ્યાને જેટલા એવી બધી વિપરીત માન્યતા જેની છે એ બધા સતત નિરંતર સમયે-સમયે રાગની અપેક્ષા હોય તો થાય, આ હોય તો થાય, આવું હોય તો થાય, નિમિત્ત હોય તો મંદરાગની-કષાયની પર્યાય થાય, બહુ જ વ્રતાદિના પરિણામ હોયને, દ્રવ્યચારિત્ર હોયને ઘણું સારું તો એને પછી ભાવચારિત્ર થાય. એય..! ધૂળેય થાય નહિ સાંભળને. પદાર્થની તને ખબર ક્યાં છે?

એ 'સતત' શબ્દ વાપર્યો છે. સમયે-સમયે. આ જે બોલો કહ્યા એનાથી વિપરીત માન્યતા કરે છે, નિરંતર સમયે-સમયે મિથ્યાત્વની પુષ્ટિ કરે છે એમ કહે છે. મિથ્યાત્વની પુષ્ટિ કરે. **'એકત્રિત કરવામાં આવતા...'** **'એકઠો; ભેગો.'** શું? **'મહા મોહમળથી...'** મિથ્યાત્વનો મોટો મહામળ ઢગલો એકઠો કરે છે સમયે સમયે. ક્રિયા બરાબર કરતા હોય હોં રાગની, દયા, દાન, વ્રતની આદિ. કર્તૃત્વબુદ્ધિ છે, રાગ કરવા જેવો છે, એ કરું તો થાય, એનું કરું તો મને લાભ થાય. તો એ સમયે સમયે તેને મિથ્યાત્વની પુષ્ટિ થતી જાય છે. આહા..હા..! ભારે વાત ભાઈ! **'સતત...'** ભાષા છેને. સમયે-સમયે **'એકત્રિત કરવામાં આવતા મહા મોહમળથી...'** એટલે મિથ્યાત્વ એમ પાછું. ઓલા ચારિત્રમોહની વાત નથી. મહા મોહમળ મિથ્યાત્વનો સમયે સમયે મેલ મિથ્યાત્વનો વધતો જાય છે એને. આહા..હા..! સમયે સમયે મોહને એકત્વ કરે છે. સમજાણું કાંઈ?

એવા **'મહા મોહમળથી મલિન મનવાળા...'** ભાષા દેખો! ઓહો..હો..! બિચારા કેટલા અઠ્યાવીશ મૂળગુણ ચોખ્ખા પાળે, સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પ્રાણ જાય તોપણ ન છોડે. સમજાણું કાંઈ? સમવસરણ આવા હોય, સર્વજ્ઞ પરમાત્મા આવા હોય, એની દિવ્યધ્વનિ આવી હોય. એથી કોઈ વિપરીત માન્યતા કરે તો પ્રાણ જાય તોપણ માને નહિ, છતાં, આહા..હા..! સમયે-સમયે મિથ્યાત્વનું એકત્વ કરતો જાય છે. આ મોહમળ એકત્ર કરે છે. કહો, સમજાણું આમાં? કર્મ બાંધતો જાય છે એમ નથી કહ્યું. હવે કર્મ એને ઘરે રહ્યું. અહીં તો કહે છે, મહામળને મિથ્યાત્વને એકઠું કરે છે. **'મહા મોહમળથી મલિન મનવાળા હોવાને**

**લીધે નિત્ય અજ્ઞાની છે,...'** આહા..હા..! સતત મિથ્યાત્વને એકઠો કરતા નિત્ય અજ્ઞાની છે એમ બે વાપર્યા. સતત કહ્યુંને? પહેલા ત્યાં સતત મિથ્યાત્વને એકઠું કરે છે, માટે નિત્ય અજ્ઞાની છે એમ. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે એ વાત એવી છે ભાઈ!

**'અજ્ઞાની છે, તેઓ ભલે સમયમાં (-દ્રવ્યલિંગીપણે જિનમાર્ગમાં) સ્થિત હોય...'** પાઠ છે મૂળ સમયમાં છેને? **'निश्चिताः समये'** સમય શબ્દે જૈનદર્શન, જૈનમાર્ગ. એમાં નિર્ગ્રંથપણું, વસ્ત્રરહિતપણું બરાબર હોય. સમજાય છે? અમારે તો ભાઈ આ સંપ્રદાયમાં હતુંને જરી. ગોંડલ સંપ્રદાય અને અમારે બોટાદ. બેમાં વહોરવાની ક્રિયામાં એક ફેર હતો. મેં તો ઘણા વર્ષ કર્યું છેને એમાં? આહાર લેવા જઈએ ભીક્ષા માટે, તો જે કળશો, વાટકો હોયને વાટકો? દાળનો કે. એ આદમી ખાતો હોય એમાં તો એ વાટકે દાળ વહોરાવે તો લેતા. વાટકો સમજ્યાને? કટોરો. પણ એ કટોરો નવો લઈને દાળ આપે એમાં, તો પાછળથી સચેત પાણીએ ધોશે. એ તો એનું એ થયું. મહાપાપ થયું. ભાઈ! એમ તમારે નહોતું. એય..! ખબર છેને.

મુમુક્ષુ :- ખાતો હોય તો તો એંઠુ હોયને.

ઉત્તર :- પણ એંઠાની ક્યાં ત્યાં પડી હતી એને? એને ઓલો વાટકો છેને એ નવો જો બગાડે તો પાણીથી ધોશે. તો પાણી તો સચેત પાણી છે, પાછળથી ધોશે. તો એના માટે થયું પાપ. એય..! આ તો અમારે બધી ચર્ચાઓ બહુ ચાલી ગઈ છે વર્ષો પહેલા. અને આમના ગુરુ હતા એ હીરાજી મહારાજ. એના ગુરુ તો ભાઈ હતા ગુલાબચંદજી. પણ હીરાજી મહારાજ એ તો મારવાડી હતા. મારવાડી હતાને ભાઈ! એંઠું ઉં..હું...હું... એ જૂઠો વાટકાથી લેવાય નહિ, બીજો બગાડો. ત્યારે હવે હીરાજી મહારાજ કહે અરે..! એ તો પાપ થયું. શેઠી! આ તો અમારે તો ઘણા વર્ષોથી બધી ચર્ચા એક-એક બોલની ચાલે છે. કે અમારે માટે આ નથી, પણ વાટકો તો અમારા માટે બગાડ્યોને તમે? અને સચેત પાણીથી ધોશો. એય..! બ્રહ્મચારીજી! એવી ક્રિયા અમારી કડક બહુ હતી. ઘણી સખત ક્રિયા, સખત ક્રિયા એ વખતની. પંદર વર્ષ સુધી રાખ્યું હતું પછી... સમજાય છે? કહે અમારા માટે આ વાટકો. અરર..! અને પાણી હોય. ઉનું પાણી છે બે શેર. પછી? એમાંથી લઈશું શેર. પછી કાંઈ ઉનું નહિ મૂકોને? એમ નક્કી કરીએ હોં. આ પાછળથી અમારે માટે અમે આપીએ અને પાછું તમે કરો તો એનું એ થયું. એય..! ...ભાઈ! ભારે આ. ક્રિયાકાંડમાં આકરા બોલ હતા બધા. એ બધી ભ્રમણાના હતા. વાત સાચી. એને માટે કરેલું હોય કે એને માટે બગાડે કાંઈક તો એ પાણીનો આરંભ થાય છે. એ મુનિને હોઈ શકે નહિ. આપીને પાછળથી મન દુઃખાય એનું. સમજાય છે? પોતે લીધું હોય એને માટે કરેલું અને પાછળથી ઓલા કરવું પડે એને. એને કરવું પડેને આયનું હોય થોડું અને પછી આપી દેવું પડે પછી કરવું તો પડે. તો એ પ્રાણ પીડા કહેવાય એને. કહી છેને શાસ્ત્રમાં એ? સાધુએ એને પ્રાણ પડ્યા. એટલે

એને કરવું પડ્યું પાછું એ તો એનું એ થયું.

મુમુક્ષુ :- પછી ભક્તિની વાણી...

ઉત્તર :- ભક્તો ક્યાંથી? ભક્તિ તો, અંદર નિર્દોષ પડ્યું હોય એમાંથી આપે અને પાછળથી કરવું ન પડે તો એ વ્યવહારભક્તિ કહેવાય. એય..! શેઠી! ભાઈ! માર્ગ એવો છે કે એમાં કાંઈક જરીએ આડુઅવળું કરશે તો ફેરફાર એની દૃષ્ટિમાં થઈ જશે. વસ્તુ તો છે એ છે. અમારે તો ઘણા વર્ષ સુધી એવું ચાલેલું. બહુ તકરાર ચાલેલી. હીરાજી મહારાજ એમના ગુરુ હતા. કહે, નહિ. મારવાડી હતા. એંઠું? જૂઠું? નહિ. ભાઈ હવે એ વાત તો સાચી કે જૂઠું પણ ન લેવાય અને એના માટે કરેલું બગાડે એ પણ ન લેવાય. આ તો વાસણ લઈને જાયને પાત્ર લઈને. તો નગ્નમુનિ જાય લ્યોને ત્યાં. એને માટે કર્યું ન હોય અને લે, પણ પાછળથી ઓલા કરે. કારણ કે ખાવું-પીવું ક્યાં? ભૂખ્યા રહેવું એને?

અહીં કહે છે કે એવી સ્થિતિમાં પણ ક્યાંક બચાવ અને બગાડ કરે તો એને અંદરમાં મિથ્યાત્વનું શલ્ય રહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! પદાર્થની વ્યવસ્થાની સ્થિતિની એને ખબર નથી. તેથી 'સમયમાં' (શબ્દ) લીધો છે. સમયે. દ્રવ્યલિંગીપણે જૈનમાર્ગમાં હોય, એવો સ્થિત હોય તોપણ '**પરમાર્થ શ્રામણ્યને પામેલા નહિ હોવાથી...**' સાચું સાધપણું એને છે નહિ. મિથ્યાદૃષ્ટિ છે કહે છે. આહા..હા..! ગજબ વાત છેને! શ્રામણ્યનો દાખલો આપ્યો છે હોં! બાકી શ્રાવક નામ ધરાવીને પણ મિથ્યાત્વના તત્ત્વને સેવે તો એ સંસારતત્ત્વ છે. આ તો ઉત્કૃષ્ટ દાખલો આપ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સમયમાં સ્થિત હોય તોપણ પરમાર્થ શ્રામણ્યને પામેલા નહિ હોવાથી...**' સાચું સંતપણું સમ્યગ્દર્શન સહિતનું જે જોઈએ તે એને છે નહિ. '**ખરેખર શ્રમણાભાસ વર્તતા થકા,...**' લ્યો! એ તો સાધુનો આભાસ છે, લિબાસ છે, સાધુધર્મ છે નહિ. આહા..હા..! એટલું તો નથી, પણ હવે નુકસાન કહે છે. ફળ શું?

'**અનંત કર્મફળના ઉપભોગરાશિથી ભયંકર...**' આહા..હા..! એવા મિથ્યાત્વતત્ત્વને સેવતા, અભિપ્રાયમાં ઉંધાઈની દૃષ્ટિને લઈને એ સાધુ તો નથી, પણ '**અનંત કર્મફળના ઉપભોગરાશિથી ભયંકર એવા અનંત કાળ સુધી...**' આહા..હા..! દેખો, મિથ્યાત્વનું ફળ. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**અનંત કર્મફળના ઉપભોગરાશિથી...**' ઉપભોગરાશિનો (અર્થ) કર્યો છેને. '**ઢંગલો; સમૂહ; જથ્થો.**' ઢગલો. '**ભયંકર એવા અનંત કાળ સુધી...**' આહા..હા..! એના કાળની મર્યાદા શું? મિથ્યાત્વનું સેવન છે ત્યાં એના ફળમાં અનંતકાળ રખડવું પડશે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલામાં તો નથી કહ્યું કાંઈક? કે ભાઈ એક જિનવચનને ફેરવે તોપણ મિથ્યાદૃષ્ટિ છે. તારામાં એકેય વાતના ઠેકાણા રહ્યા નથી. આવે છે મોક્ષમાર્ગમાં નહિ? મોક્ષમાર્ગપ્રકાશકમાં. મોક્ષમાર્ગપ્રકાશકમાં તો બહુ ખુલાસા કર્યા છે. એ આવે છે ક્યાંક છઠ્ઠામાં પાછળ. છઠ્ઠામાં આવે છેને? કુદેવ, કુગુરુ, કુધર્મ. છઠ્ઠા અધ્યાયમાં

આવે છે. એક વચન પણ તોડે તો અનંત સંસારી થાય, તો તારામાં એકેય માલ જ રહ્યો નથી. આહા..હા..!

કહે છે, એવા '**વર્તતા થકા, અનંત કર્મફળના...**' કારણ કે કર્મચેતના બાંધે છે એ અને કર્મચેતનાને ભોગવે છે. જ્ઞાનચેતનાની તો ખબર નથી. વિપરીત માન્યતા છે. સમજાણું કાંઈ? 'અનંત કર્મફળચેતના...' કારણ કે બાંધ્યા છે કર્મ અને ભાવમાં પણ કર્મચેતના, મિથ્યાત્વની કર્મચેતના ચાલે છે. આહા..હા..! એથી એના ફળ તરીકે '**અનંત કર્મફળના ઉપભોગરાશિથી...**' અનુભવના ઢગલાથી. '**ભયંકર એવા અનંત કાળ...**' આહા..હા..! નિગોદ આદિમાં અનંત કાળ જશે, કહે, તારો. સમજાણું કાંઈ? અહીં સહેજ જ્યાં પ્રતિકૂળતા આવે ગોઠતી નથી, ત્યાં તો કહે અનંત પ્રતિકૂળતાનો પરિણામમાં પાર નથી. પરિણામમાં હોં! કહો, સમજાણું કાંઈ?

એ '**અનંત કાળ સુધી અનંત ભાવાંતરરૂપ...**' જુઓ, ભાષા શું છે? અનંત ભાવાંતરરૂપ. શુભ-અશુભ, શુભ-અશુભ ભાવો થયા જ કરશે અનંતકાળ. કારણ કે દૃષ્ટિ મિથ્યાત્વ છે, તો એના ફળ શુભ-અશુભ-શુભ ભાવાંતર થયા જ કરશે. ભાવાંતર એટલે શુદ્ધભાવથી અનેરા ભાવો એને અનંતવાર ચાલ્યા જ કરશે. સમજાય છે? '**એના વડે અનવસ્થિત વૃત્તિવાળા રહેવાને લીધે, તેમને સંસારતત્ત્વ જ જાણવું.**' લ્યો! આવા જીવને મિથ્યાત્વ સેવનારને સંસારતત્ત્વ જાણવું. એને સંસારનો જરીએ ત્યાગ નથી.

મુમુક્ષુ :- પામેલાનો અર્થ શું?

ઉત્તર :- પામવું. વિશેષ થોડું બાકી છે. હવે કાલે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૩, રવિવાર, તા. ૧૦.૦૮.૧૯૬૯**
**ગાથા-૨૭૧-૨૭૨, પ્રવચન-૨૩૨**

ભગવાનની વાણી-સર્વજ્ઞ પરમેશ્વરની જે વાણી એનું નામ પ્રવચન કહેવાય છે અને એ પ્રવચનનો સાર આમાં છે. ૨૭૧ કહેવાણી ગાથા. છેલ્લું જરી રહ્યું છેને થોડું? ઉતાવળથી કહેવાણું છે. કહે છે કે જે કોઈ સાધુ થઈને પણ... બાહ્યનો ત્યાગી હોય, મુનિ હોય, દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય જૈનના વેશને, પણ અંતરમાં એક સમયની પર્યાયનો અંશ છે એ ઉપર જેની રુચિ અને દૃષ્ટિ છે અને તેથી તેને મિથ્યાત્વભાવમાં શુભ અને અશુભવિકલ્પોનું પરાવર્તન બદલ્યા જ કરે છે અને એને પોતાનું તત્ત્વ એ માને છે. સમજાણું કાંઈ?

'**સંસારતત્ત્વ જ...**' એ જીવને જ સંસારતત્ત્વ કીધો છે. શેઠી! કે જેને આત્મા એક સમયમાં પૂર્ણાનંદ ધ્રુવ ચૈતન્યસ્વરૂપ, સર્વજ્ઞ પરમેશ્વરે જે જોયો, જાણ્યો અને પ્રગટ કર્યો પર્યાયમાં. એવો આત્મા વસ્તુ છે એના ઉપર દૃષ્ટિ નથી અને પુણ્ય અને પાપના વિકલ્પો રાગ તે એક સમયની અવસ્થા તેના ઉપર શ્રદ્ધા અને રુચિ પડી છે એ મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો જૈનનો સાધુ, જૈનના લિબાસમાં-જૈનના વેશમાં હોય. શેઠી! સમજાણું કાંઈ? અને એ '**અનંત કર્મફળના ઉપભોગરાશિથી ભયંકર એવા અનંત કાળ સુધી અનંત ભાવાંતરરૂપ પરાવર્તનો વડે અનવસ્થિત વૃત્તિવાળા રહેવાને લીધે, તેમને સંસારતત્ત્વ જ જાણવું.**' આમ કહ્યું છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યની જાતનો અનુભવ ન મળે અને એકલી ક્રિયાકાંડના દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એમાં જેનો પ્રેમ, રુચિ અને એની શ્રદ્ધા છે. એ શ્રદ્ધાવાળાને ક્ષણે-ક્ષણે મિથ્યાત્વ-વિપરીત શ્રદ્ધાનું જ પોષણ થાય છે. સમજાણું કાંઈ? એને લઈને એને સંસારતત્ત્વ (કહ્યો.) એ છે તો મિથ્યાત્વ પર્યાય અને એ જીવને જ સંસારતત્ત્વ અભેદનયે કહ્યો. તો સંસારી કોને કહેવો? કે આને સંસારી કહેવો. સમજાય છે કાંઈ? બહારમાં બાયડી, છોકરા ન હોય, કુટુંબ ન હોય, વસ્ત્રનો એક ધાગો, લંગોટી પણ ન હોય. પણ અભ્યંતરમાં રાગાદિ વિકલ્પ જે છે એ પરવસ્તુ છે એને પરિગ્રહ તરીકે પકડ્યો છે. પોપટભાઈ! સમજાણું કાંઈ?

આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ વસ્તુ જે પ્રભુ છે આત્મા. એને ન પકડતા એના, હોવાપણાની સત્તાનો અંતર્મુખ થઈને સ્વીકાર ન કરતા બહિર્મુખની વૃત્તિઓ જે ઉઠે છે, ચાહે તો દયા, દાન, વ્રત, મહાવ્રત આદિ, એ બધા વિકલ્પો રાગ છે. મહાવ્રતના પરિણામ અજ્ઞાનીના હોં. અજ્ઞાનીને હોતા નથી, પણ એને વિકલ્પ ઉઠે છેને એવો? અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પાળું-એવી જે રાગની વૃત્તિ છે એના ઉપર એની રુચિ છે. એથી તેને ગ્રંથિ એવો રાગ તેની એકતાબુદ્ધિ વર્તે છે. સમજાણું કાંઈ? એથી એવા '**શ્રમણાભાસ વર્તતા થકા,...**' એ સાધુ નથી. આહા..હા..! સાધુ જેવા આભાસમાં વર્તતા થકા '**અનંત કર્મફળના ઉપભોશગરાશિથી ભયંકર...**' એ રાગના પરિણામ ને પર્યાયબુદ્ધિ, એક અંશબુદ્ધિમાં આત્મા માનીને રોકાયેલો છે. એને ભયંકર સંસારમાં ભવિષ્યમાં ભાવિસંસાર. સમજાણું કાંઈ? '**परं कालं**' છેને? એટલે હવે પછીના કાળમાં એમ. આહા..હા..! કહે છે કે એને નરક અને નિગોદ આદિના અનંતા ભવ થશે. જેઠાલાલભાઈ!

અંતર વસ્તુ ચૈતન્ય આનંદ જ્ઞાનમૂર્તિ છે એનો સ્પર્શ કર્યા વિના, એને અનુભવ્યા વિના, એની અંતર દૃષ્ટિ પ્રગટ કર્યા વિના ફક્ત બાહ્ય ત્યાગ કરીને બેઠો. અને એનું એને અંદરમાં ઉંડે-ઉંડે રાગના વિકલ્પનો જે મહાવ્રત કે અહિંસા કે સત્ય, દત્ત કે ત્યાગનો એવો જે વિકલ્પ રાગ છે તેના ઉપર એની રુચિ છે, એથી તેને મિથ્યાદૃષ્ટિ સંસારતત્ત્વ ગણવામાં આવ્યું છે સમજાણું કાંઈ? એથી અનંત કાળ સુધી ભવિષ્યમાં '**અનંત ભાવાંતરરૂપ પરાવર્તનો...**'

એને શુભ અને અશુભ, શુભ અને અશુભ એવા ભાવો સ્વભાવથી અનેરા ભાવો, ચૈતન્યના સ્વભાવથી અનેરા ભાવો ભિન્ન-ભિન્ન નીચે છે જુઓ. '**અનવસ્થિત વૃત્તિવાળા રહેવાને લીધે,...**' એ નીચેનું વાક્ય નહોતું કાલે. '**અનવસ્થિત = અસ્થિર. (મિથ્યાદષ્ટિઓએ ભલે દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય...**' નગ્નમુનિ દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય '**તોપણ તેમને અનંત કાળ સુધી અનંત ભિન્ન-ભિન્ન ભાવોરૂપે-ભાવાંતરરૂપે પરાવર્તન** (પલટવું) **થયા કરવાથી...**' શુભ કરશે, અશુભ કરશે, શુભ કરશે, અશુભ કરશે. એ દશા એની ભવિષ્યમાં આવા મિથ્યાત્વને કારણે શુભ અને અશુભના કર્તા(પણા)માં પરિવર્તન પામશે. '**તેઓ અસ્થિર પરિણતિવાળા રહેશે...**' ભગવાન આત્મા આનંદસ્વરૂપ જ્ઞાન એની અંતરમાં સ્થિરતાની દષ્ટિ એને થશે નહિ. આહા..હા..! કહો, ..ભાઈ! જુઓ, આવા ત્યાગીને સંસારતત્ત્વ કહ્યું. આમ તો લોકો કહે કે સંસાર છોડીને બેઠા છે એમ કહે છેને. સંસાર છોડીને બેઠા છે એમ કહે છે કે નહિ? એય..! શાંતિભાઈ! આ સંસારત્યાગી છે, મોટી દીક્ષા લે. જેઠાલાલભાઈ!

બાપુ! સંસાર કહેવો કોને એની તને ખબર નથી. ભગવાન તો મિથ્યાત્વભાવને સંસાર કહે છે. સમજાણું કાંઈ? એ બાયડી, છોકરા કે કુટુંબ એ સંસાર નથી. સમજાણું કાંઈ? બાયડી, છોકરા, કુટુંબ, શરીર, વાણી, કર્મ એ કાંઈ સંસાર નથી. એ તો પરવસ્તુ જડ છે. એ પરવસ્તુ છે. સંસાર તો એને ભગવાન કહે છે કે આત્મા જે આનંદ અને મોક્ષસ્વરૂપ શુદ્ધ ચિદાનંદ છે એનાથી વિરુદ્ધનો વિકલ્પ અંદર શુભરાગ, કાં એક સમયની અવસ્થા-એવી જેને પર્યાયબુદ્ધિ છે. એમ સિદ્ધ કરવું છે ભાઈ અહીંયાં તો. આહા..હા..! નવનીતભાઈ! જેને આમ વસ્તુ ભગવાન આત્મા જ્ઞાનનો સ્વભાવ આનંદરૂપ સિદ્ધસ્વરૂપ એવો ધ્રુવ ચૈતન્ય ભગવાન એની ઉપર દષ્ટિ નથી, એને પકડ્યો નથી, તેમાં પર્યાયને પ્રસરાવી નથી. સમજાય છે કાંઈ? ધ્રુવ ભગવાન અનાદિ-અનંત શાંત આનંદમૂર્તિ ધ્રુવ, એમાં પર્યાયને પ્રસરાવી નથી અને તેથી આનંદનું વેદન એને નથી. એથી એ બાહ્યમાં નગ્ન દિગંબર લિંગ ધારણ હોવા છતાં એ શ્રમણાભાસ વર્તતા થકા અનંત કર્મના ઉપભોગને ભોગવશે. આહા..હા..! 'ભયંકર' આ ભાષા વાપરી જુઓ આચાર્યે. આહા..હા..! શુભ અને અશુભ, શુભ અને અશુભભાવ કરી પાંચ પ્રકારના પરિવર્તનમાં... પરિવર્તન એટલે આ જેટલા પુદ્ગલો છે એના સંગમાં વારંવાર આવશે. ચૌદ બ્રહ્માંડના ક્ષેત્રમાં પણ વારંવાર જન્મશે. કાળના એક-એક સમયની અવસ્થામાં પણ વારંવાર ..અનંતવાર જન્મશે. સમજાણું કાંઈ?

અને ભાવ. પુણ્ય અને પાપ, દયા અને દાન, કામ અને ક્રોધ એવા શુભાશુભભાવ એવા પરાવર્તનમાં અનંતા રખડશે. આહા..હા..! સમજાણું કાંઈ? છેલ્લો શબ્દ છેને એ? '**અનવસ્થિત વૃત્તિવાળા રહેવાને લીધે, તેમને સંસારતત્ત્વ જ જાણવું.**' આમ વાત છે. આહા..હા..! કેમકે ભગવાન આત્મા તો મોક્ષતત્ત્વ છે, મોક્ષસ્વરૂપ છે, એ તો અંદર (સંસાર)રહિત વસ્તુ છે. આત્મા તો કર્મના સંબંધ વિનાનો અને વિકલ્પના સંબંધ, રાગનો પણ નિમિત્તપણાનો

સંબંધ જીવદ્રવ્યને નથી. સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા અબંધસ્વભાવી મુક્ત છે. અબંધસ્વભાવી તો નાસ્તિની અપેક્ષાએ, આમ મુક્તસ્વરૂપ જ ચૈતન્ય છે. મુક્તસ્વરૂપ છે તો એના આશ્રયે મુક્ત પર્યાય પ્રગટ થાય છે. છે એવી પ્રગટ થાય. તો એમાં અબંધસ્વરૂપ, મુક્તસ્વરૂપ એ ચૈતન્ય છે. એને અંદર શુભ અને અશુભ રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ એનામાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ઝીણી વાત છે, ભાઈ! અનાદિથી રખડે છે એની એને ખબર નથી. એની એને ખબર નથી. માનતો હોય કે હું બરાબર ધર્મ કરું છું અને મારે ધર્મ થાશે. આહા..હા..! પણ થાતો હોય અંદરમાં અભ્યંતરમાં પરિણામ રાગના અને એક સમયની પર્યાય એના ઉપર રુચિ અને બુદ્ધિ પડી છે. ત્યાં ઉભો-ઉભો બધું કરે છે ત્યાં. સમજાણું કાંઈ? એવું જે અસ્થિરવૃત્તિવાળો જીવ અંદરમાં હોં, બહારમાં તો બહારમાં સ્થિર દેખાય. બબ્બે મહિનાના સંથારા (કરીને), શાસ્ત્ર કહે છે નવમી ગ્રૈવેયક ગયો. ...ગમન. જેમ ઝાડ હોયને પાદ ઝાડ આમ. ૬૦ દિ' સુધી પડ્યો રહે આમ. સમજાણું કાંઈ? એવા અનંતવાર ૬૦-૬૦ દિવસના શું કહેવાય એ? સંથારો. સંલેખના. ખોટી સંલેખના. સંલેખના તો અંદર રાગાદિ શલ્યને શોધીને અને નિર્મળ આનંદમાં રહેવું એનું નામ સંલેખના છે. પણ આવા બબ્બે મહિનાના સંથારા કર્યા, સ્થિર થઈ ગયો. ઝાડ ન હલે હોં. પાદપ. ઝાડ ન હલે એમ, આમ છતાં અભ્યંતરમાં એની વસ્તુ ધ્રુવ ચિદાનંદ છે તેને સ્પર્શ્યો નથી, અડ્યો નથી. એમ ને એમ ભગવાન પડ્યો છે એ. એ દયા, દાન, વ્રતાદિ શુભરાગને સ્પર્શ્યો છે અને ઉભો છે એક સમયની પર્યાયની રુચિમાં. સમજાણું કાંઈ? આહા..હા..! એને લઈને એ જૈનસાધુ હોવા છતાં મિથ્યાદૃષ્ટિ કહ્યો. સ્વરૂપચંદભાઈ! ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાધુ પણ કોને કહે? એ તો કીધુંને, શ્રમણ નામ ધરાવે છે, શ્રમણાભાસ છે. ભલે તે સમયમાં વર્તતો હોય એમ કહ્યું છેને. પાઠમાં કહ્યું છેને. મૂળ પાઠમાં '**समये**' જૈન સંપ્રદાયમાં વાડાની ક્રિયાને બરાબર નગ્ન દિગંબર લિંગ એકલું. એક લંગોટીનો કટકો પણ નહિ અને એના ક્રિયામાં પંચ મહાવ્રતાદિ એવા ચોખ્ખા. છતાં અંતર દૃષ્ટિમાં મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિ છે બીજી ભાષાએ કહીએ તો. રાગના પરિણામ કષાયની મંદતાના અને કાં એક સમયની પર્યાયની એકતા ત્યાં એકતા છે. એની સાથે એકતા છે. ભગવાન જ્ઞાયક સ્વરૂપ દ્રવ્ય છે એની સાથે એકતા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ચીમનભાઈ! આવું છે આ કામ, ભારે આકરું કામ. ભગવાન-ભગવાન કરીને જાપ કરીને મુક્તિ થઈ જતી હોય તો આવી માથાકૂટ કરે જ નહિ. જાઓ ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... લગાવો રટણ. ભગવાનનું રટણ તો રાગ છે, સાંભળને હવે. એ તો વિકલ્પ છે. તારા ચોવીસ કલાક બોલને ભગવાન-ભગવાન. એ છે ચોટીલાનો બારોટ આખો દિ' એમ બોલે. ખાવાનું ... ભગવાન... ભગવાન... ભગવાન... કર્યા કરે આખો

દિ'. આ વ્યાખ્યાનમાં પણ આવે છે. ભગવાન-ભગવાન ક્યાં હજી તારા ભગવાન, હજી તો આશા એવી છે કે આ બધું... પણ એવો પણ ન હોય અહીં તો કહે છે.

બરાબર નગ્નમુનિ દિગંબર, ચોખ્ખા અઠ્યાવીશ મૂળગુણ પાળનાર, અયથાચાર છે પણ એનો (બાહ્ય) આચાર યથાર્થ છે. અહીં કહેશે પછી ૨૭૨માં. સમજાણું કાંઈ? અયથાચાર રહિત મોક્ષતત્ત્વ કહે છે. આ અયથાચારસહિત છે ખરેખર. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્‌ચારિત્ર, તપ અને વીર્ય એવું જે પંચ આચાર નિર્મળ સમ્યગ્દર્શનપૂર્વકના સ્વરૂપ તરફના એના રહિત આ જીવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આમ તો બીજા દેવલોકની ઈન્દ્રાણી ચળાવા આવે તો વિષયથી ચળે નહિ એવો. પણ આત્મા આનંદમૂર્તિ ધ્રુવ છે તે અંદરથી ચળી ગયો છે. આમ તો એક પ્રાણી-એક જીવ એકેન્દ્રિયનો હણાય. એકેન્દ્રિય હોં લીલોતરીનો કણ. પ્રાણ જાય તોપણ આહાર ન લે એવો હોય એ. છતાં વસ્તુની અંતર દૃષ્ટિમાં એ રાગનો વિકલ્પ જે ચૈતન્ય ભગવાનથી વિરુદ્ધભાવ છે અથવા ત્રિકાળી દ્રવ્યથી એક સમયની પર્યાયમાં આખું દ્રવ્ય છે અને એના ઉપર ઉભો રાગ, એના ઉપરની રુચિમાં પડ્યો છે. એ રુચિવંત તત્ત્વને મિથ્યાદૃષ્ટિ સંસારતત્ત્વ ગણવામાં આવે છે. કહો, ભૂપતભાઈ! લ્યો! આ દીક્ષા લીધી, સંસાર છોડ્યો. નથી આવતું? ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મૂળ ભૂલ જ એ છે. ઓલી ભૂલ બીજી તો સાધારણ .. એ સાધારણ પરિમિત-અલ્પ-અલ્પ દોષ છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનસહિત ભરતચક્રવર્તી, છન્નું હજાર સ્ત્રીના છ લાખ પૂર્વ સુધી વિષયની ભોગની વાસના, પણ એ અંતર્મુહૂર્તમાં આમ ઠર્યા ત્યાં ભુક્કો. સમજાણું કાંઈ? ભગવાનને નિહાળતા હતા, આનંદના વેદનમાં હતા. આહા..હા..! .. ભાઈ! ચક્રવર્તી ભોગ લે અને ભોગની બીજે ક્ષણે આમ આત્મામાં નિર્વિકલ્પ ધ્યાન. કેમકે અંદર વસ્તુ ચૈતન્યને સ્પર્શે એવી દૃષ્ટિ, અનુભવ થયો છે. એટલે એવો રાગ આવ્યો છતાં, એ ક્રિયા થઈ છતાં તેનો એ કર્તા નથી, એનો એ જ્ઞાતા છે. શેઠી! આહા..હા..! અને એ ક્ષણ પછી એ નીચે ઉતરીને જ્યાં બેસે આમ નિર્વિકલ્પ ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકતા કરીને અનુભવ કરે છે, આનંદનો સ્વાદ લે છે. કારણ કે વસ્તુ પકડી લીધી છે આત્મા. સમજાણું કાંઈ? આવી ચીજ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એને અંતરમાં દૃષ્ટિને પકડ્યા વિના જેટલી ક્રિયાકાંડ અને રાગ અને પર્યાયમાં પડ્યો, પકડીને બેઠો છે કહે છે કે એ શ્રમણાભાસ છે અને અનવસ્થિત વૃત્તિવાળો છે અને ભવિષ્યમાં પણ એવી જ જાતની અનવસ્થિત વૃત્તિવાળો રહેશે. માટે '**તેમને સંસારતત્ત્વ જ જાણવું.**' સંસ્કૃતમાં છેને? અભેદનયથી, એમ કીધું છેને. '**इत्थंभूतसंसारपरिभ्रमणपरिणतपुरुषा एवाभेदेन संसारस्वरूपं**' સંસ્કૃતમાં છે જયસેનાચાર્ય એમાંથી છે. '**इत्थंभूतसंसारपरिभ्रमणपरिणतपुरुषा एवाभेदेन संसारस्वरूपं ज्ञातव्यमिति** ' એ ૨૭૧ ઉપર લીટી છે. કહો, સમજાણું આમાં?

હવે મોક્ષતત્ત્વની વ્યાખ્યા. આ સંસારતત્ત્વની કીધી. હવે સામે મોક્ષતત્ત્વની વ્યાખ્યા. '**હવે મોક્ષતત્ત્વ પ્રગટ કરે છે :—**'

**अजधाचारविजुत्तो जधत्थपदणिच्छिदो पसंतप्पा।**
**अफले चिरं ण जीवदि इह सो संपुण्णसामण्णो।।२७२।।**

અયથાચરણ. અયથ-આચરણ એમ છેને? પાઠમાં છેને. અયથાચાર.

**અયથાચરણહીન, સૂત્રઅર્થસુનિશ્ચયી ઉપશાંત જે,**
**તે પૂર્ણ સાધુ અફળ આ સંસારમાં ચિર નહિ રહે. ૨૭૨.**

લ્યો! આ સાધુને મોક્ષતત્ત્વ કહ્યું. ઓલા સાધુને સંસારતત્ત્વ કહ્યું. સમજાય છે કાંઈ? આવા સાધુને, સાધકમાં પડ્યો છે, કેવળજ્ઞાન નથી, છતાં તેને મોક્ષતત્ત્વ કહેવામાં આવે છે. આહા..હા..!

જુઓ, શબ્દાર્થ લઈએ. '**यथार्थपदनिश्चितः**' '**જે જીવ યથાતથપણે પદોના અને અર્થોના (પદાર્થોના) નિશ્ચયવાળો હોવાથી...**' ભગવાને પરમેશ્વર કેવળજ્ઞાનીએ કહેલા શાસ્ત્રો અને કહેલા પદાર્થો એનું '**યથાતથપણે પદોના અને અર્થોના...**' ક્યાંય ઓછું, અધિક, વિપરીત વિનાનું. સમજાણું કાંઈ? એવા '**યથાતથપણે પદોના અને અર્થોના...**' શબ્દોના, '**(પદાર્થોના) નિશ્ચયવાળો હોવાથી...**' એક વાત. એવો સમ્યગ્દર્શન-જ્ઞાન એવો નિશ્ચય છે એમ કહે છે. એ ઉપરાંત '**પ્રશાંતાત્મા છે...**' '**પ્રશાંતસ્વરૂપ, પ્રશાંતમૂર્તિ ઠરી ગયેલો અંદર.**' આનંદના સ્વરૂપમાં ઠરી ગયો છે. આહા..હા..! જેમ બાળક, આ તમારે શું કહેવાય? ચૂસે એ શું કહેવાય? આઈસ્ક્રીમ ચૂસે છેને. કુલ્ફી આમ. એમ સંત આનંદને ચૂસે છે કહે છે. પ્રશાંત થઈ ગયો. આહા..હા..! આનંદનું ચૂસણિયું આત્મા છે. આહા..હા..!

કારણ કે પહેલો તો પદાર્થના નિર્ણયમાં નિર્વિકલ્પ સ્વરૂપ થઈ ગયું છે, એ ઉપરાંત સ્વરૂપમાં પ્રશાંત નામ અકષાય પરિણતિમાં આનંદને વેદે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ અતીન્દ્રિય આનંદના અકષાય પરિણામના ઘુંટડા પીવે છે એમ કહે છે. શું કહે છે તમારે? ઘુંટ-ઘુંટ કહે છેને? ઘુંટ-ઘુંટ કહે છેને? અમારે ઘુંટડા કહે છે ઘુંટડા. મોસંબી પીવેને આમ? ઘટ... ઘટ... ઘટ... કરે. આહા..હા..! શાંત કહીને અકષાય પરિણમનની શાંતિ વેદે છે એમ કહે છે. શાંતિભાઈ! લ્યો આ શાંતિ વેદે છે એમ કહે છે. એટલે સમ્યગ્દર્શન કીધું પહેલું અને એ ઉપરાંત પ્રશાંતાત્મા-અકષાય સ્વભાવનું પરિણમન થવું. સમજાણું કાંઈ?

ત્રીજું. '**अयथाचारिवियुक्तः**' '**અયથાચાર રહિત છે,...**' પાંચ પ્રકારના આચાર છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. એ પાંચના બે પ્રકાર છે—નિશ્ચય અને વ્યવહાર. એ નિશ્ચય અને વ્યવહાર બેય સહિત છે એમ કહે છે. એમાંથી કાંઈ ફેરફાર નથી. જ્ઞાનાચાર-ભગવાન સ્વરૂપ પ્રભુ એના જ્ઞાનમાં રમે છે એ જ્ઞાનની નિર્મળતા એ જ્ઞાનાચાર છે. સમ્યગ્દર્શન છે, શુદ્ધ ચૈતન્યની નિર્વિકલ્પ અનુભવમાં પ્રતીતિ એનું જે સમ્યગ્દર્શન એના

પરિણમનની શુદ્ધતા એ દર્શનાચાર છે. એમ આ ચારિત્ર આચાર-સ્વરૂપની રમણતામાં પરિણમન શાંતિ એ ચારિત્ર આચાર. વીર્યાચાર, તપાચાર. ઇચ્છાને તોડી અને વિશેષ શાંતિને જે પ્રગટ કરે છે એનું નામ તપાચાર અને વીર્યાચાર એટલે શુદ્ધતામાં વીર્યને ફોરવે છે તેનું નામ વીર્યાચાર. એવા નિશ્ચય પંચાચાર જેને છે. એમાં ક્યાંય અયથા નથી એટલે વિપરીતતા છે નહિ. આહા..હા..! અહીં વ્યવહાર લીધો છે પણ ભાઈ!

નિશ્ચય-વ્યવહાર પંચાચાર ભાવના. જુઓ આ તો ભાવના લીધી. એય..! ભાવના એટલે કલ્પના હશે? કે આ નિશ્ચય... '**भावनापरिणतत्वाद**' ભાષા લ્યો ચોખ્ખી એવી વાત છે. ભાવનાથી પરિણમ્યો છે. '**यथाचारवियुक्तः विपरीताचाररहित**' તેના વ્યવહારના વિકલ્પોની નિર્દોષદશા છે. સમજાય છે કાંઈ? વ્યવહારજ્ઞાનાચાર, વ્યવહારદર્શનાચાર એ પહેલા આવી ગયા હતા શરૂઆતમાં. કે હે જ્ઞાનાચાર! કાળે આદિ, વિનય આદિ વિકલ્પ છેને એ વ્યવહારનું જ્ઞાન. નિશ્ચય જ્ઞાનાચાર તો સ્વરૂપમાં એકાકાર વેદન તે. પણ આમ એ કાળે ભણવું, વિનય ભણવું એ વ્યવહાર જ્ઞાનાચાર. કહ્યું કે હે વ્યવહારચાર! તું મારું સ્વરૂપ નથી (એમ) હું જાણું છું, પણ હજી મારા સ્વરૂપમાં સ્થિરતા પૂર્ણ ન થાય ત્યાં સુધી તને અંગીકાર કરું છું. વ્યવહારનયનો અધિકાર છેને એ? સમજાય છે કાંઈ?

એવું દર્શનાચાર. સમકિતના આ નિઃશંક, નિકાંક્ષ આદિ છેને? આઠ આચાર છેને? નિઃશંક, નિકાંક્ષ, નિર્વિચિકિત્સા, નિર્મૂઢદૃષ્ટિ, ઉપગુહન, સ્થિતિકરણ, વાત્સલ્ય, પ્રભાવના એ નિશ્ચય સમકિતની પરિણતિ શુદ્ધ છે એ દર્શનાચાર, વિકલ્પનો વ્યવહાર જે છે એ દર્શાનાચાર વ્યવહાર. એમ ચારિત્ર આચાર અંદર સ્વરૂપની રમણતાની શાંતિ એ ચારિત્ર આચાર. બાહ્યમાં એ પંચ મહાવ્રતાદિના વિકલ્પો એનો જે પ્રકારે એનો નિર્દોષ, ઈર્યા, ભાષા, એષણા સમિતિ વ્યવહાર વગેરે. નિશ્ચયથી તો અંદરમાં ઈર્યાસમિતિ-અંદર પેસવું તે. અંદર પેસવું તે વગેરે. એષણા-સ્વરૂપને શોધીને ઠરવું તે. વ્યવહાર એષણા જે બહારમાં આહાર-પાણીમાં એ કાંઈપણ એના માટે દોષ હોય એ લગાડે નહિ એવી યથાચાર જેની વ્યવહારચારિત્રની પરિણતિ પણ એવી છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું! કહો, અમરચંદભાઈ!

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. એ પાંચેય અંદર શુદ્ધતાના પરિણમનની દશા એને નિશ્ચય આચાર કહે છે. અને એ ભૂમિકાને યોગ્ય જે જ્ઞાનનું જ્ઞેય આદિ, સમજાણું? દર્શનમાં નિઃશંક આદિ, ચારિત્રમાં અતિચાર લગાડ્યા વિનાનો વિકલ્પ વ્રતાદિનો અને તપ એ જાતનું બાહ્ય તપ છેને? અને વીર્ય બાહ્ય શુભભાવનું. એમાં પણ કાંઈ દોષ ન હોય એવો અયથાચારરહિત. ભાષા એમ લીધી છે. યથાચારસહિત એમ ન લેતા અયથાચારરહિત એમ શબ્દ લીધો છેને? બિલકુલ અયથાચાર છે નહિ એવો. અયથાતથ આચાર, હેઠે કહ્યુંને, અયથાર્થ ચારિત્ર, અન્યથા આચરણ. અન્યથા. છેને અયથા.. કહ્યુંને! અન્યથા આચરણ. અન્યથા આચરણરહિત. લ્યો ઠીક! બે નકાર થઈ ગયા. અન્યથા આચરણરહિત,

વિપરીત આચરણરહિત એ યથા આચરણસહિત, અયથા આચરણરહિત અને યથાર્થ આચરણસહિત એમ. કહો, સમજાય છે કાંઈ?

'सः सम्पूर्ण श्रामण्यः' 'તે સંપૂર્ણ શ્રામણ્યવાળો જીવ...' લ્યો! આહા..હા..! જેને બાહ્યમાં પણ નગ્નદશા છે, અભ્યંતરમાં બાહ્યના અઠ્યાવીશ મૂળગુણના યથાચારના એને પરિણામ છે. અયથાચારના પરિણામ છે એમ નહિ. સમજાણું કાંઈ? એમ નિષેધથી લીધું. એવો જે સાધુ 'તે સંપૂર્ણ શ્રામણ્યવાળો જીવ...' સંપૂર્ણ નિશ્ચય અને વ્યવહારવાળો જીવ. 'अफले' હવે એને કર્મ ફળશે નહિ. એને ચાર ગતિ મળશે નહિ. એમ કહે છે. હવે એનું બધું અફળ છે. અફળ એટલે કે હવે ફળશે નહિ. આ અનાદિથી જે ચાર ગતિ ફળે છે એ એને ફળશે નહિ. સમજાણું કાંઈ? એ પહેલા શ્લોકમાં આવી ગયું છે ભાઈ! નહિ? પહેલા શ્લોકમાં આવ્યું. મિથ્યાદૃષ્ટિનું છેને? એ પહેલા આપણા આમાં કળશમાં આવી ગયું, શ્લોકમાં ક્યાંક આવી ગયું. ક્યા શ્લોકમાં? શ્વેતાંબરના શ્લોકમાં આવે છે. એ અહીં પણ આવ્યું. 'જે અબુધા મહાભાગા' ક્યાંક છે. એય..! ક્યાં ગયા? કેટલામાં છે? અફળ-અફળ. એ અજ્ઞાનીની ક્રિયા સફળ છે અને જ્ઞાનીની ક્રિયા અફળ છે. અજ્ઞાનીની ક્રિયા રાગાદિના મિથ્યાત્વભાવની સફળ ક્રિયા છે, એને ચાર ગતિ ફળશે જ. લ્યો ૧૧૬. આનીને? નહિ ઓલા પહેલાની. જ્ઞેય અધિકારનીને? જ્ઞેય અધિકારની. ૧૧૬ જુઓ છેને? જુઓ, ૧૧૬.

एसो त्ति णत्थि कोई ण णत्थि किरिया सहावणिवत्ता।
किरिया हि णत्थि अफला धम्मो जदि णिप्फलो परमो।।११६।।

લ્યો! છેને એ? ૧૧૬.

एसो त्ति णत्थि कोई ण णत्थि किरिया सहावणिवत्ता।
किरिया हि णत्थि अफला धम्मो जदि णिप्फलो परमो।।११६।।

જેટલી મિથ્યાદૃષ્ટિની. આમાં લેખ છે. એ તો અમે વ્યાખ્યાનમાં સંપ્રદાયમાં બહુ કહેતા. એ શ્લોક છે. .. અધ્યયન.. 'એ બુધા મહાભાગા વીરા અસમ્મતં...' છે કેવો? જીવ અબુધા. અંતરદૃષ્ટિ, સમ્યગ્દર્શન-જ્ઞાનનું ભાન નથી. છે અબુધા. સમ્યગ્જ્ઞાન નથી. આત્માનું સ્વરૂપ જે ચૈતન્ય એનું જ્ઞાન નથી અબુધા, પણ છે મહાભાગા. પુણ્યશાળી છે, દુનિયા લાખો-કરોડો માને એવું એનું મહાભાગ્ય છે. બે સામસામા લીધા છે ભાઈ! છે અબુધા પણ મહાભાગા. 'વીરા અસમંતદંસીણો' એમાં પણ વિરુદ્ધ છે. છે વીર પરાક્રમ ક્રિયાકાંડમાં. મહા માસ-માસખમણના અપવાસ. સમજાય છે? અને આમ શરીર જીર્ણ, હાડકા ખખડે. મહિના-મહિના અપવાસ, ખાવાનું કાંઈ નહિ, પારણે પણ એક કોઈ સાધારણ મમરા અને એવું ખાય. દાળીયા. દાળીયા સમજો છો? ચણા-ચણા. સમજ્યાને? એવો જીર્ણ થાય. અમારે હતા સુખલાલજી હતા અમારે. એ અઠમ-અઠમના પારણા કરતા. અઠમ-અઠમ. ત્રણ દિ' અને ચાર રાત આહાર-પાણીનો બિંદુ નહિ. બારેય માસ. ત્રણ દિ' અને ચાર રાત પાણીનો બિંદુ નહિ અને આહારનો

કણ નહિ. એવા બે વર્ષ તો એવા અઠમ કર્યા અને અઢી વર્ષ છઠ કર્યા. છઠ એટલે બે દિ' અને ત્રણ રાત નહિ, ઓલા ત્રણ દિ' અને ચાર રાત નહિ. એમાં શરીર બહુ ઓલું થઈ ગયુંને પછી આવ્યા હતા ભેગા નરસિંહભાઈ. નરસિંહ ડોક્ટર. નરસિંહ ડોક્ટરને કીધું કે હવે આમાં .. જરીક આમ હતા .. કહે મહારાજ! હજી તો શરીર આમ ખડ-ખડ-ખડ કોલસા... કોલસા ગાડામાં નાખ્યા હોય ગાડામાં કોલસા. કોલસા સમજો છો? અને ચાલે આમ ખડ-ખડ થાય. એવું શરીર થશે ત્યારે દેહ છૂટશે. આ ૮૦ની વાત છે. ૮૦ની સાલ. એ શાસ્ત્રમાં કહે છે શ્વેતાંબરમાં. ... અણગાર છે એવો પાઠ છે એમાં બહુ તપસ્યા, બહુ ક્રિયા. ચાલે તો શરીરના હાડકા ખખડે. શરીર ચાલે તો હાડકા આમ ખડખડે ચાલતા. એવું શ્વેતાંબરમાં સૂત્ર છે એવું .. અધિકાર. એ તે દિ' યાદ કર્યો હતો. ૮૦ની વાત છે. ૪૫ વર્ષ થયા. કહે આવું શરીર થાય મહારાજ! એવા હતાને એ તો ક્રિયાકાંડી હતા.

અહીં કહે છે, વીરા... તત્ત્વજ્ઞાન વિનાના પુણ્યશાળી માણસ ભાગ્યવાન અને વીરા અને મિથ્યાદૃષ્ટિ સમકિતરહિત. મહાવીરા ક્રિયાકાંડ તે પણ સખત ક્રિયા એમ. લોકો સાંભળીને ધ્રુજે એવી ક્રિયા. સમજાણું? અમારે સુખલાલજી હતા. બહુ ક્રિયા કીધુંને? અઢી વર્ષ એ કરી અને પછી બે વર્ષ. સાડા ચાર વર્ષ. ક્ષુલ્લક હતા તલસાણિયાના. ક્રિયા બહુ ક્રિયા! લોકો તો આમ બહાર વહોરવા નીકળે તો મુસલમાન લોકો આમ કહે મહારાજ! કેળા હોયને? કેળા હોયને. .. એ કેળા લેતા પાંચ, સાત, દશ. દાળિયા લેતા દાળિયા સમજ્યા? ચણા તૈયાર હોયને શેકેલા. ત્રણ દિ' અને ચાર રાત. એના પારણામાં એ સવારે લે. .. લોકો તો આમ. આહા..હા..! તપસી મહારાજ નીકળ્યા, તપસી. .. મિથ્યાત્વ. મિથ્યાદૃષ્ટિ. દૃષ્ટિના ઠેકાણા નહિ અને ક્રિયા આવી સખત.

કહે છે કે વીરા હોય. આ તો સાધારણ સ્થિતિ. એ સિવાય પણ વિશેષ ક્રિયા હોય એવી સખત, પણ હોય .. સમ્યગ્દૃષ્ટિ નથી. ... જેટલો એનો પરાક્રમ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં છે, અશુદ્ધ છે એ બધો પુરુષાર્થ એનો. ... એને અનાદિથી ગતિ ફળે છે તે ગતિ ફળશે. એમ કહે છે. એય..! વકીલ! સમજાણું કે નહિ? એ .. સંપ્રદાયમાં કહેતા ઘણીવાર. પછી એની સામે બીજો છે. 'જે બુધા મહાભાગા વીરા સંમતદંસીણો શુદ્ધં તેંસિ...' આ જે કહે છે એ અર્થ. 'જે બુધા મહાભાગ' જેને સમ્યક્ આત્મવેદનનું જ્ઞાન છે. રાગથી ભિન્ન, વિકલ્પથી ભિન્ન એવું આત્માનું અંતર સ્વસંવેદન જ્ઞાન છે. એટલે બુધા છે, એ જ્ઞાની છે. અને છે મહાભાગા. પુણ્યશાળી પણ છે. પુણ્યશાળી છે લોકો માને આમ લાખો-કરોડો હોય. મુનિ ભેગા હોય છે. અને વીરા. પુરુષાર્થની ક્રિયા આમ સખત હોય છે. છે વીરા સમંતદંસીણો. છતાં સમ્યગ્દૃષ્ટિ, અનુભવદૃષ્ટિ છે. તો કહે છે કે સુદ્ધં તેંસી.. એનો જેટલો પરાક્રમ છે તે નિષ્ફળ જશે. નિષ્ફળ એટલે એને સંસાર ફળશે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કહે છે '**તે સંપૂર્ણ શ્રામણ્યવાળો જીવ અફળ...**' છે. જુઓ, એ સાધુને હવે

ફળશે નહિ ફળ. શેના? આ ચાર ગતિના. આહા..હા..! **'અફળ એવા આ સંસારમાં...'** **'चिरं न जीविति'** **'ચિરકાળ રહેતો નથી.'** અલ્પકાળ એકાદ ભવ હોય તો રહે, બાકી તો ચિરકાળ રહેશે નહિ. એવા સાધુને મોક્ષતત્ત્વ વીતરાગમાર્ગમાં કેવળીઓએ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શબ્દાર્થ થયો.

હવે **'ટીકા :- જે (શ્રમણ)...'** સાધુ મહા આત્માના આનંદમાં ઝૂલનારા, અતીન્દ્રિય આનંદનો ઉગ્ર સ્વાદ લેનારા. જેને પાંચમી ગાથામાં સમયસારમાં કહ્યુંને, પ્રચુર સ્વસંવેદન. કુંદકુંદાચાર્ય કહે છે કે અમને તો આનંદનું પ્રચુર સ્વસંવેદન વર્તે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ચોથા ગુણસ્થાનમાં અતીન્દ્રિય આનંદનું વેદન થોડું હોય છે. પાંચમે અતીન્દ્રિય આનંદનું વેદન વિશેષ હોય છે. મુનિને પ્રચુર સ્વસંવેદન એવો શબ્દ લીધો છે. એવા શ્રમણ છે. **'ત્રિલોકની કલગી સમાન...'** છે. આહા..હા..! ત્રણ લોકમાં મુગટ જેવા છે. આહા..હા..! સમજાણું કાંઈ? લોકાગ્રે જવાના છેને? અહીં તો કહે છે કે ત્રણ લોકના મુગટ સમાન છે. આહા..હા..! જેણે અતીન્દ્રિય આનંદનું સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે, અતીન્દ્રિય આનંદના સ્વભાવનું જ્ઞાન પ્રગટ કર્યું છે, અતીન્દ્રિય આનંદની રમણતાનું અતીન્દ્રિય સ્વાદની ઉગ્રતાનો ભાવ પ્રગટ કર્યો છે. સમજાણું કાંઈ?

એવા સાધુ **'ત્રિલોકની કલગી સમાન...'** ઓહો..! ત્રણ લોકના મુગટ આભુષણ. આહા..હા..! પોપટભાઈ! લ્યો આ તમારા શેઠીયા બેસે પાટ ચાંદીની, શું કહેવાય? તમારી ખુરશી. મોઢા આગળ પ્રમુખ બેઠો હોયને પછી સભા શોભે. લ્યો! આ કહે છે કે આ શોભા બાપા! આહા..હા..! ધન્ય અવતાર! ધન્ય ફળ, ધન્ય-ધન્ય જન્મ. સમજાય છે કાંઈ? આહા..હા..! જેણે અંતરમાં આનંદના સરોવરને ફાડીને જેણે અતીન્દ્રિય આનંદને શક્તિમાંથી વ્યક્ત કર્યો છે એવો શ્રમણ. શ્રમણ શબ્દમાં શ્રમ આવ્યોને? શ્રમ એટલે જરી આ પુરુષાર્થ કરીને જેણે આ દશા પ્રગટ કરી છે. સમજાણું કાંઈ? જુઓ, આ લાગે સામે. આ સોમિલ ભરે છે ગજસુકુમાર ઉપર અગ્નિ. આ એની મા છે એ ખાય છે એને. આનંદમાં છે એ. એમ કહે છે. દુનિયા એમ કહે કે અરેરે..! એ દયા ન ખા ભાઈ! તને તત્ત્વની ખબર નથી. સમજાય છે કાંઈ? અરરર..! આ મહારાજને આ! બાપુ! એ તને ખબર નથી. સાધુ તો અંતરના આનંદના ઉભરામાં આનંદના વેદનમાં પડ્યા છે. એને આ દુઃખ, આ શરીર કાપે છે એની ખબર પણ નથી. વિકલ્પ કદાચ આવે તો ખ્યાલ આવે. એ તો ખ્યાલ આવે એટલું. સમજાણું કાંઈ? આહા..હા..! એવા સંતો આનંદમાં રમનારા નગ્નમુનિ દિગંબર વનવાસી એની જો દયા કોઈ ખાય. અરરર..! અરે..! અમારે તો જોઈએ ત્યારે ઉની-ઉની રોટલીઓ મળે, કેરીઓના રસ મળે જોઈએ એટલા. એય..! ક્યાં ગયા? તમે પાછળથી આવ્યા? શું થયું? કહો, પોપટભાઈ! અને આ મુનિઓને અરર..! આહા..હા..! આ રાજકુમાર છે. આ તો રાજકુમાર જેવું શરીર છે. મહા માખણ જેવા શરીર દેખાય છે. આ તો બંગલાને શોભે

એવા છે. આ મુનિને અરર..! આવા દુઃખી બિચારા બાળક! ભાઈ! તને ખબર નથી. મુનિઓ તો અંતર આનંદની રેલમછેલમાં રમતા હોય એને મુનિ કહીએ બાપા! ભાઈ! તને દુઃખ દેખાય છે એ તને દૃષ્ટિમાં ફેર છે. આહા..હા..!

આમાં આવે છેને અનાથી મુનિનું ભાઈ? અનાથી મુનિનું અધ્યયન. વીસમા અધ્યયનમાં. ઘણું બધું. વ્યાખ્યાન આપેલાને બધા. શ્વેતાંબરના શાસ્ત્રોના બધા વ્યાખ્યાન આપેલા. અનાથી મુનિનું આવે છે. અનાથી મુનિ હતા. ગૃહસ્થ મોટા અબજોપતિ ધનાઢ્ય. પછી વૈરાગ્ય થયો. રોગ એવો આવ્યો હતો. એ રોગ એવો આવ્યો હતો બધાને કહેવા માંડ્યું. સમજ્યાને. વૈદ આવ્યો વૈદ એક. રૂપાળું શરીર અને સુંદર. વૈદ આવ્યો કે ભાઈ આ રોગ તમારે આ ડોશી પી લેને તો એને રોગ મટી જાય. એની મા મારો દીકરો... મારો દીકરો... કરતા હતાને બધાય. એટલે ઓલો વૈદ આવીને કહે કે આ રોગને... ડોશી કહે કે મારાથી સહન ન થાય બાપા હોં! જુવાન હતો. લાલજીભાઈ! એના બાપને કહ્યું કે આમનો રોગ હું આમાં નાખું અને પી લો તો એને મટી જાય. મારાથી સહન ન થાય. વહુએ કાઢી નાખ્યું. એની માને કહ્યું, તમે તો બાયું કહેવાઓ. હવે તમારે શું છે? ના.. ના.. આ દુઃખી, બહુ દુઃખી. અમે બાયું કહેવાઈએ, અમારાથી સહન ન થાય. એમ કરીને આ મરી જાય ભલે પણ અમારાથી પીવાય નહિ. આહા..હા..! એય..! સ્વરૂપચંદભાઈ! સાંભળ્યું છે તમે કોઈ દિ'? અનાથી મુનિનું આવે છે. ઉત્તરાધ્યયના ૨૦ બોલ. 'હે શ્રેણિકરાય હું રે અનાથી...' હે મહારાજ! શ્રેણિક રાજા નીકળ્યા હાથીને હોદ્દે. પછી એ સાધુ થઈ જાય છે. અરરર..! આ શું? વૈરાગ્ય થઈને... વૈરાગની વાતું હોય. એનું ... સાધુ થઈ જાય છે, જંગલમાં બેઠા હોય છે ધ્યાનમાં. એમાં શ્રેણિક રાજા નીકળે છે હાથીને હોદ્દે. શ્રેણિક રાજા છેને આ તીર્થંકરગોત્ર બાંધ્યું હતું. તીર્થંકરપદ .. રાણીઓ. હાથીને હોદ્દે નીકળે. મહારાજ! આ શું દશા તમારી અહીં? .. તમે અનાથ છો.. મારું શરણ છે આત્મા એની મને ખબર નહોતી ત્યારે હું અનાથ હતો. હું અત્યારે... તમે મારા રાજમાં આવોને સનાથ બનાવું. આ બાવળ નીચે કાંટા, આ રૂપાળું શરીર. આહા..હા..!

હે રાજા શ્રેણિક! ... અનાથ. રાજન! તું અનાથ. અરે..! મહારાજ! મને ઓળખ્યો નથી. રાજન કહ્યુંને તમે? રાજન કહ્યુંને ખબર નથી? રાજન, કહ્યું, નાથ. મહારાજ! મારા ઘરે રાણીઓ હજારો અને બંગલા કરોડો-કરોડો અબજો રૂપિયાના. એકને બોલાવું તો પચ્ચીસ હાજર. અરે..! મહારાજ! મને ઓળખ્યા વિના અનાથ? રાજન! અનાથ છો એમ ફરીને કહું છું. તું નાથ નથી, તારું શરણ તને ખબર નથી. કોનો નાથ થવા આવ્યો? દુઃખી દેખ્યો મને? શેઠી! એય..! ભગવાનજીભાઈ! આહા..હા..! જૂના માણસ હોયને એવું લાગે. આ દીક્ષા દેને? જૂના માણસને એવું લાગે કે અરર..! આવું શરીર છે અને દીક્ષા દેશે, પછી તો આ ખાવા મળશે નહિ સારા. મેસુબ નહિ મળે. અમારા બાપના મા હતા એમ બોલતા પહેલા. અરર..! આ દીક્ષા! આ રૂપાળું શરીર. અને અહીં તો સવારમાં શિયાળામાં મોહનથાળ ખાવાનું

હોયને શિયાળામાં? અડદિયા એનો મોહનથાળ કર્યો. મોહનથાળ કરી રાખ્યો. અને આ મળશે નહિ હવે. ડોશી બિચારા અમારા બાપની નવી મા હતા. એ કહે અરે..! બા! કીધું આ શું બોલે છે કીધું? બિચારાને ભાન ન મળે કાંઈ.

ભાઈ! ખાવાનું મળે તે સુખી છે? અને ખાવાનું ન મળે એ દુઃખ છે? આહા..હા..! મુનિઓ તો અતીન્દ્રિય આનંદના પાક ખાય દરરોજ. આહા..હા..! એ અંદર આત્મા અતીન્દ્રિય આનંદના ઢાળે ઢળેલો અંદર. ચોસલા પડ્યા છે અંદર. આહા..હા..! એવા મુનિ, કહે છે કે ત્રિલોક કલગી સમાન છે. આહા..હા..! ધન્ય અવતાર! સમજાણું કાંઈ? ધન્ય જેના જીવન! જે ત્રણ લોકની કલગી સમાન. આહા..હા..! આ સંત, આચાર્ય કહે છે હોં! આ આચાર્ય છેને ભાઈ આ? અમૃતચંદ્રાચાર્ય પોતે કહે છે. આહા..હા..! પોતાને માટે કહે છે એમ નહિ, વસ્તુ આવી છે એમ જણાવે છે હોં. એ ત્રિલોકની કલગી સમાન જ છે અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય. આહા..હા..!

'**ત્રિલોકના કલગી સમાન નિર્મળ...**' ચૂડામણિ સમાન. નીચે અર્થ નથી કર્યો. એ તો સમજશે એમ હશેને? કલગી ક્યાંક લખેલું હતું ખરું. ક્યાંક આવી ગયું છે. ક્યાં? એ તો આવી ગયું છે કલગીનો અર્થ. એ તો આવી ગયા છેને. આહા..હા..! આપ્યો છે લ્યો ઠીક. ચૂડામણિ છે. સાચી વાત લ્યો. આ કલગીના અલંકાર જેવા, ચૂડામણિ-મુગટમણિ જેવા. કૌંસમાં આપ્યું છે. આત્માના ધ્રુવસ્વભાવમાં અતીન્દ્રિય આનંદની અમાપ ખાણ પડી છે એને સંત અંતર પકડીને આનંદને વેદે છે. આહા..હા..! એને વ્યવહારનો જે વિકલ્પ આવે એનું એને લક્ષ નથી. એને જાણવું કહેવાય એ તો આને જાણતા જણાઈ જાય એ વ્યવહારે એમ કહેવાય. બાકી એની સામું પણ જોતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

જેણે આત્માને શોધી, ખોળીને જાગૃત કર્યો છે. સમજાણું કાંઈ? એવા '**ત્રિલોકના કલગી સમાન નિર્મળ વિવેકરૂપી દીવીના પ્રકાશવાળો હોવાને લીધે...**' કેવો છે મુનિ? નિર્મળ વિવેકરૂપી ભેદજ્ઞાન છે કહે છે. નિર્મળ વિવેકરૂપી દીવીનો પ્રકાશ થયો છે અંદર. એ વિકલ્પ ઉઠે છે પંચમહાવ્રતનો એ ભિન્ન છે, મારી ચીજ આનંદની ભિન્ન છે. એવો જ્યાં દીવી સમાન, વિવેકની દીવી પ્રગટી છે. આહા..હા..! એ રાગને પ્રત્યક્ષ પર જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પંચ મહાવ્રતના પરિણામ અને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ ને રાગ મહાવ્રતના. કહે છે કે એ ભેદજ્ઞાનની દીવડીના પ્રકાશથી, એને આ આનંદસ્વરૂપ છે અને રાગ ભિન્ન છે એમ દીવાના પ્રકાશથી જેમ વસ્તુ જોવે કે આ કોલસો છે અને આ સોનું છે. એમ વિવેકરૂપી દીવડી એના પ્રકાશપણે ઓહો..! આ રાગ છે, વિકલ્પ છે અને આ આનંદ છે.

એમ ભેદજ્ઞાનમાં આવા પ્રકાશને લઈને '**યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે...**' જુઓ, .. રાગાદિ પુણ્ય પદાર્થ પર છે, આ આત્મા પવિત્ર આનંદ એ સ્વ છે એમ બેની '**વિવેકરૂપી દીવીના પ્રકાશવાળો...**' હોવાથી. '**પ્રકાશવાળો હોવાને લીધે...**' એને કારણે '**યથાસ્થિત**

**પદાર્થનિશ્ચય વડે...'** પદાર્થને અંતરમાં નિર્વિકલ્પ દ્વારા જેણે નિર્ણય કર્યો છે. જ્ઞાનીને, સમકિતીને અને મુનિને રાગની વૃત્તિ જ્ઞાનાનાંદથી ભિન્ન ભાસે છે. સમજાણું કાંઈ? અને રાગથી ભગવાન સચ્ચિદાનંદ ભિન્ન ભાસે છે. આહા..હા..! પછી? **'યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે ઉત્સુકતા નિવર્તાવીને...'** હવે કાંઈક આમ જાણવું છે કે આ કેમ એ બધી ઉત્સુકતા છે નહિ. બરાબર બધું જણાઈ ગયું છે એમ કહે છે. જેવું પદાર્થનું પુણ્યનું સ્વરૂપ, પવિત્રતાનું સ્વરૂપ, વ્યવહારનું સ્વરૂપ, નિશ્ચયનું સ્વરૂપ એને જાણવાની ઉત્સુકતા ટાળીને (એટલે) જણાઈ ગયું છે એમ કહે છે મૂળ પહેલું. સમજાણું કાંઈ?

ભગવાન આનંદમૂર્તિની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ ભિન્ન છે અને રાગ ઉઠે મહાવ્રતાદિનો એ ભિન્ન છે—એવું એને અંતરમાં વિવેકના દીવડા વડે ભિન્ન-ભિન્ન ભાસ થઈ ગયો છે. એથી એણે હવે જાણવાની ઉત્સુકતા નિવર્તાવી છે. સમજાણું કાંઈ? ભાષા જુઓ. જુઓ, ઓલો રાગ આવે છેને એ વ્યવહાર છે અને પુણ્ય છે, એ કહે છે, પહેલેથી બધો નિર્ણય થઈ ગયો છે. સમજાણું કાંઈ? ભાઈ! એમ કહે વ્યવહાર છે એને જાણવું છે, આ નિશ્ચય છે. બધો નિર્ણય નિશ્ચય થઈ ગયો છે. ઉત્સુકતા નિવર્તાવી છે. આ રાગ છે એમ નવું જાણવું છે એને? સમજાણું કાંઈ? એવી અંતર દશામાં પરમાનંદની દશામાં રમતા અને રાગાદિનો નિર્ણય થઈ ગયો છે પહેલેથી કે આ રાગ છે, વિકલ્પ છે, ઝેર છે, દુઃખ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સ્વરૂપમંથર રહેવાથી...'** હવે એના ઉપર પાછું. ઓલું તો પદાર્થના નિશ્ચય વડેથી કહ્યું. હવે સ્વરૂપમાં સ્થિર આનંદમાં છે. છેને અંદર? **'સ્વરૂપમાં જામી ગયેલો.'** એ અતીન્દ્રિય આનંદના ઘુંટડા પીવામાં જામી ગયેલો. આહા..હા..! સમય સમયની આનંદની પરિણતિ ભિન્ન-ભિન્ન એને પીતો થકો. જુઓ આ સાધુપણું. આહા..હા..! **'સ્વરૂપમંથર રહેવાથી = સ્વરૂપમાં જામી ગયેલો. (મંથર = સુસ્ત;...'** આળસુ થઈ ગયો હવે. આત્માના આનંદમાંથી નીકળવાનો આળસુ થયો કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદના સન્મુખના આનંદના વેદનમાં છેને અંદર. કહે છે કે એ વેદનમાંથી નીકળવું એને ગોઠતું નથી. એને માટે આળસુ થઈ ગયો એ. છેને? સુસ્ત થઈ ગયો. ધીમો થઈ ગયો. **'આ શ્રમણ સ્વરૂપમાં તૃપ્ત તૃપ્ત હોવાથી, જાણે કે તે સ્વરૂપની બહાર નીકળવાનો આળસુ...'** છેને? શબ્દ જ કર્યો છે જુઓ, **'સુસ્ત હોય એમ, સ્વરૂપપ્રશાંતિમાં મગ્ન થઈને રહ્યો છે.'** અતીન્દ્રિય આનંદના ઘુંટડા છઠ્ઠે ગુણસ્થાનને યોગ્ય જે છે એટલી ઉગ્રતાની શાંતિ વેદે છે. સમજાય છે કાંઈ? આ એને કહે છે કે અમે મોક્ષતત્ત્વ કહીએ છીએ. એના વિશેષ ભાગ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૪, સોમવાર, તા. ૧૧.૦૮.૧૯૬૯**
**ગાથા-૨૭૨-૨૭૩, પ્રવચન-૨૩૩**

૨૭૨ ગાથા. પ્રવચનસાર. મોક્ષતત્ત્વ. પહેલું સંસારતત્ત્વ કહ્યું. આ મોક્ષતત્ત્વ. સંસારતત્ત્વ એટલે કે આ ભગવાન આત્મા આનંદ અને શાંતસ્વરૂપ છે એનાથી એની વિરુદ્ધ માન્યતા. એક કષાયનો કણ પણ છે એ મને લાભદાયક છે એવો જે અભિપ્રાય એ મિથ્યાત્વ છે અને એ સંસાર છે. ચાહે તો જૈનનો સાધુ હોય. સમજાય છે? બાહ્ય ત્યાગમાં ઉત્કૃષ્ટ ઈન્દ્રિયના દમન, સંયમ કે એવી ક્રિયા અંદરમાં હોય શુભભાવની. બાહ્યમાં નગ્નપણું હોય એમ કહ્યું છેને? **'समये'**.. પણ સ્વસમય ભગવાન આત્મા એવા પવિત્ર ધામમાં કોઈપણ પરવસ્તુને છોડું તો મને લાભ થાય, રાગનો કણ પણ મને લાભદાયક છે, અંદર શુભ-શુભ હોં. ભગવાનની ભક્તિ, ભગવાનનું સ્મરણ કે ગુણગુણીના ભેદનો વિકલ્પ એ રાગ છે. એ રાગ શુભ મને રુચિકર છે એટલે લાભદાયક છે એવી મિથ્યાત્વ માન્યતા એ મિથ્યાત્વી જીવને સંસારતત્ત્વ છે, અભેદનયે પુરુષ જ સંસારતત્ત્વ છે. સમજાણું?

એની સામે મોક્ષતત્ત્વ. આ મોક્ષમાં ભાઈ સંપૂર્ણ સાધક શબ્દ વાપર્યો છેને એટલે એને સાધક... અહીં સંપૂર્ણ સાધુ શબ્દ પડ્યો છે એટલે એને મોક્ષતત્ત્વ કહ્યું. પાઠમાં છેને **'संपुण्णसामण्णो'** સમજાય છે કાંઈ? હવે મોક્ષતત્ત્વ કોને કહેવું? કે **'જે (શ્રમણ)...'** ફરીને લઈએ છીએ હોં. **'ત્રિલોકની કલગી સમાન...'** ત્રણ લોકના ચૂડામણિ મુગટ સમાન **'નિર્મળ વિવેકરૂપી દીવીના પ્રકાશવાળો હોવાને લીધે...'** જેને અંતરમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગનો વિકલ્પ હોય એનાથી જેને ભિન્નતાના વિવેક દ્વારા ચૈતન્ય પ્રકાશી નીકળ્યો છે. આનંદ અને શુદ્ધભાવ દ્વારા રાગથી ભિન્ન પડી અને જેમનું **'વિવેકરૂપી દીવીના પ્રકાશવાળો હોવાને લીધે યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે...'** જેવું આનંદસ્વરૂપ છે એવો જ અનુભવમાં નિર્ણય કર્યો છે અને રાગાદિનો કણ હોય એ દુઃખ અને આકુળતા છે. બસ, એ બે તત્ત્વોમાં બધા તત્ત્વો સમાઈ ગયા. સમજાય છે કાંઈ? ભગવાન અતીન્દ્રિય આનંદનો રસકંદ એવી જે રાગથી ભિન્ન પડેલી વિવેક જ્યોતિ એણે પોતાના આનંદસ્વરૂપનો નિર્ણય કર્યો કે આ આત્મા તો અતીન્દ્રિય આનંદમય છે અને રાગનો કણ જે ઉઠે છે એ દુઃખ છે એટલે પુણ્ય-પાપ, આસ્રવ-બંધ એ ચારેય તત્ત્વ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ?

એવા તત્ત્વના નિર્ણયમાં **'યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે ઉત્સુકતા નિવર્તાવીને...'** કેમ હશે? એવો ભાવ હવે રહ્યો નથી. સમજાણું કાંઈ? **'સ્વરૂપમંથર રહેવાથી...'** કેવો છે આત્મા? અંતરમાં આનંદમાં મશગુલ છે. નિર્વિકલ્પ વીતરાગી દશામાંથી નીકળવું જેને આળસુ છે. આનંદમાંથી નીકળવામાં આળસુ છે. **'સ્વરૂપમંથર રહેવાથી સતત 'ઉપશાંતાત્મા' વર્તતો**

**થકો,...**' આહા..હા..! એટલો અતીન્દ્રિય આનંદના સ્વાદની... જેમ બળખામાં માખી ચોંટી જાય તો એના કરતા સાકરમાં માખી ચોંટે સાકરમાં-મીઠાશમાં. તો એને કોઈ પકડે તોપણ ઉઠે નહિ. કેમકે એટલી લીન મીઠાશમાં થઈ છે. એમ આનંદસ્વરૂપ ભગવાન એ અતીન્દ્રિયના સ્વાદની મીઠાશમાં એટલો લીન છે કે જેને બહાર નીકળવું એ પ્રમાદ અને આળસ લાગે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વિકલ્પમાં એ આવી શકતો નથી. આનંદ... આનંદ... આનંદ... આનંદ... જુઓ, આ મોક્ષતત્ત્વ.

'**સતત 'ઉપશાંતાત્મા' વર્તતો થકો,...**' વીતરાગી શાંત પરિણતિ રસમાં વેદાતો થકો. '**સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે...**' જુઓ, આ શબ્દ છે વધારે. એક આનંદમૂર્તિ પ્રભુ એના સ્વરૂપમાં એકમાં જ. એક આનંદસ્વરૂપ પ્રભુ આત્મા એમાં એકમાં જ અભિમુખપણે, સન્મુખપણે '**ચરતો હોવાથી...**' આવા કારણે તે અયથાચાર રહિત છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અગમ-નિગમની વાત છે. દુનિયામાં પણ જ્યાં બાહ્ય સુખમાં ક્યાંક લક્ષ થઈ જાય છેને એકાકાર. છે તો દુઃખ કલ્પના, પણ એકાકાર થતાં એને બીજું યાદ રહેતું નથી. રસની વ્યાખ્યા આવે છેને? કોઈપણ એક જ્ઞેયમાં મગ્ન થવાથી બીજા જ્ઞેયનો વિચાર ન આવે તો એ જ્ઞેયમાં મગ્ન થયો એવો એને રસ કહેવાય રસ-રસ. એમ ભગવાન આત્મા આમ અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા. વિષયાનંદમાં રાગ થાય એ તો દુઃખ છે. કહો, સમજાણું? ઓલા કહે છેને કે વિષયાનંદ તે બ્રહ્માનંદ. લ્યો ભાઈ! આહા..હા..! ઓલો રજની-રજની છેને? રજનીને? શું નામ? રજનીશ-રજનીશ.

મુમુક્ષુ :- આચાર્ય રજનીશ.

ઉત્તર :- એટલે આચાર્ય એટલે મૂળ પ્રોફેસર છે. પ્રોફેસર છે. એ કહે છે કે વિષયાનંદ એ બ્રહ્માનંદ છે. અરે..! ભગવાન! શું કરે છે તું ભાઈ! કહો, આ પ્રોફેસર. અને જુવાનિયાને. એવા જુવાનિયાને .. ભાન વિનાના. અરે..! વિષયાનંદ બાપા! આહા..હા..! એ વિષયના લક્ષમાં જે વિકલ્પ છે એ તો મહા અગ્નિ સળગતી હોય (એવો) અંગારો છે. પણ અહીં તો ભગવાનની ભક્તિ અને દયા-દાનના પરિણામ પણ અગ્નિ અને કષાય છે. આહા..હા..! ઓહો..હો..! ક્યાં માર્ગને કરી નાખ્યો છેને જુઓને! નહિતર તો તારણસ્વામીના પંથમાં જન્મ છે એમનો. આ છેને દિગંબરમાં? સાગરવાળા ભગવાનદાસ. એ તારણસ્વામી... એમાં એનો જન્મ છે. ક્યાંનો ક્યાંય વયો ગયો. અરે..! ભગવાન! શું કરે છે?

અહીં તો કહે છે, દયા, દાન, ભક્તિના પરિણામ, દયા, દાન, ક્રિયાના પરિણામ એ પણ કષાય અગ્નિ છે. ભક્તિ ભગવાનની, પરમેશ્વરની ભક્તિનો ભાવ પણ કષાય અગ્નિ છે અને ગુણી-ગુણનો અંતર્મુખમાં વિચાર થાય કે આ આત્મા આનંદનો ધરનાર છે, આનંદસ્વરૂપ છે એવો જે વિકલ્પ છે ગુણ-ગુણીના ભેદનો, એ વિકલ્પ પણ અગ્નિ અને કષાય જ છે. આહા..હા..! કહે છે, એમાંથી નીકળીને, જે સ્વરૂપ આનંદનો ઢગલો છે આત્મા, અતીન્દ્રિય

આનંદનો ઢગલો આત્મા છે એના સન્મુખ થઈને એમાં લીન થયો છે. સમજાણું કાંઈ? એથી એને વિપરીત આચારનો અંશ રહ્યો નથી. જે આત્માનું અંતર આનંદનું આચરણ કરવું એ આચરણ કરે છે. આહા..હા..! સમજાણું? એટલી લીનતા. લૌકિકમાં પણ એવા માણસ થાય છેને કેટલાક.

એક ફેરી કહ્યું હતું. એક બાવો હતો કાંપમાં. ત્યાં ભગત ..ભગતને ત્યાં હોટલમાં જુવાન માણસ હોં! ૨૫ વર્ષનો જુવાન. લંગોટી રાખે. એક લંગોટી જ હોં, બીજું કાંઈ નહિ. નહાવા ગયેલો. કૃષ્ણને માટે એટલી અર્પણતા કે શ્રીકૃષ્ણ... શ્રીકૃષ્ણ... જુવાન માણસ. એક લંગોટી સિવાય બીજું કાંઈ નહિ. જુવાન માણસ આમ. તળાવે નહાવા ગયો. એમાં લંગોટી કાઢીને નહાવા બેઠો. એમાં ધૂનમાં લંગોટી પહેરવી ભૂલી ગયો. એ આવ્યો હોટલમાં ચા પીવા. પોપટ ભગત નથી લીંબડી? એના ભાઈ કૃષ્ણભગત.. એટલે મહારાજ! બાવાજી! લંગોટી ભૂલી ગયા. તમે આમ કેમ આવ્યા? ભાઈ! હું લંગોટી ભૂલી ગયો, કૃષ્ણને નથી ભૂલતો. આ તો એક મિથ્યાત્વસહિતનો વિકલ્પ આવો છે. સમજાણું કાંઈ? કોણ આત્મા છે શું એ તો કાંઈ ખબર નથી, પણ એ જાતની ધૂનમાં ભાઈ! હું લંગોટી ભૂલી ગયો. લંગોટી એક બાજુ મૂકી હશે કાઢીને ન્હાવામાં. ચડાવ્યા વિના એમ ને એમ ગામમાં આવી ગયા હોટલમાં ચા પીવા. સાધુ ... ભગત હતા એ. પગે લુલા હતાને. એ પોતે વાત કરતા. ભાઈ! હું લંગોટી ભૂલી ગયો હોં, હું કૃષ્ણને નથી ભૂલતો. એટલી ધૂન. આ તો આત્મા કર્મ કૃષે સો કૃષ્ણ કહીએ. રાગ ને દ્વેષ ને બાળનાર એવો ભગવાન ચિદાનંદ પ્રભુ એને ભૂલતો નથી હું, કહે છે. રાગને ભૂલ્યો, બધાને ભૂલ્યો, સ્મરણ ભૂલ્યો બધું. સમજાણું કાંઈ?

ભગવાન આત્માના સ્વભાવના સાગરમાં અભિમુખ વર્તતો થકો, એના સન્મુખમાં લીન થયો થકો '**અયથાચાર રહિત વર્તતો થકો,...**' વ્યવહારના, અનાચારનો અંશ નથી, નિશ્ચયના આચારમાં લીનતા વર્તે છે. '**નિત્ય જ્ઞાની હોય,...**' જુઓ, પાઠ. કાયમ સ્વસંવેદન તો અમને અંદર હોય છે. '**નિત્ય જ્ઞાની હોય,...**' ક્ષણમાં આ અને ક્ષણમાં આ—એમ છે નહિ. નિત્ય અખંડાનંદ પ્રભુમાં સ્વસંવેદનમાં પડ્યો છે અંદર. '**તે ખરેખર સંપૂર્ણશ્રામણ્યવાળા...**' આ શબ્દ વાપર્યો શાસ્ત્રમાં. મૂળ મુદ્દાનો શબ્દ અહીંથી. પાઠ છેને. આવે .. અલ્પકાળમાં મોક્ષે જ જાય. છેને ત્યાં અંદર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... ભલે, પણ એ તરત જ જશે. પાઠમાં એમ છેને અંદર? ઓલામાં પણ એમ છે. શું છે આ? ૭૨. મોક્ષસ્વરૂપ જ્ઞાતવ્ય. અલ્પકાળે મોક્ષ જશે એમ છે. હા, છે ઓલામાં જુઓ. મૂળમાં છે '**किन्तु शीघ्रं मोक्षं गच्छति।**' જયસેનાચાર્યમાં છે અને અહીં મૂળમાં શું છે? '**ण जीवदि**' '**चिरं ण जीवदि**' લાંબો કાળ નહિ રહે. ફટ શ્રેણી માંડી કેવળજ્ઞાન પામી મોક્ષ જશે. પાઠમાં છેને? '**अफले**' જેને હવે રાગ અને ગતિનું ફળ નથી.

પણ '**चिरं ण जीवदि**' લાંબો કાળ નહિ ટકે એમાં. એકદમ અલ્પકાળમાં મોક્ષ જશે. એને અહીંયાં મોક્ષતત્ત્વ કહેવામાં આવે છે. એ તો અંદર સંસ્કૃતમાં છે. આ બાજુ. ૪૩૬ પાને છે. 'किन्तु शीघ्रं' છેને? 'फलरहिते संसारे।' અફળનો અર્થ કર્યો છે. '**शुद्धात्मसंवित्तिसमुत्पन्नसुखामृत-रसास्वादरहितत्वेनाफले फलरहिते संसारे। किन्तु शीघ्रं मोक्षं गच्छति।**' સિદ્ધપદની પર્યાય અલ્પકાળમાં પ્રાપ્ત કરશે. એને અહીંયાં મોક્ષતત્ત્વ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? આહા..હા..!

શ્રીમદ્‌માં આવે છેને કે 'મોક્ષ કહ્યો નિજશુદ્ધતા' ત્યાં મોક્ષ કહ્યો છે. 'જે પામે તે પંથ, સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ. મોક્ષ કહ્યો નિજશુદ્ધતા' પરમાનંદનો ચંદ્ર પ્રભુ પૂર્ણ શીતળતા અને શાંતિની પ્રાપ્તિ કરે એનું નામ મોક્ષ. સમજાણું કાંઈ? જેવો સ્વભાવ શુદ્ધ પરિપૂર્ણ છે (એમાં) લીન થઈને એવો જ પર્યાયમાં... દ્રવ્યમાં લીન થઈને પ્રગટ અવસ્થાની પૂર્ણ શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... એ મોક્ષ અહીં જરી મોક્ષને (જવામાં) વાર છે એને મોક્ષતત્ત્વ ગણ્યું છે. સમજાણું કાંઈ? કીધુંને? અભિમુખ થઈ ગયો છેને? સ્વરૂપમાં એકમાં જ હવે વિકલ્પ ઉઠતો જ નથી. વ્રતાદિનો વિકલ્પ નથી, જે શુભ છે એ નથી. ભગવાન આમ કહે છે અને ભગવાન એમ કહે એ સ્મરણ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે ચરતો હોવાથી અયથાચાર સહિત વર્તતો થકો, નિત્ય જ્ઞાની હોય, તે ખરેખર સંપૂર્ણશ્રામણ્યવાળા સાક્ષાત્ શ્રમણને...**' સાક્ષાત્ એટલે તરત મોક્ષ જશે માટે, એમ કહે છે. '**શ્રમણને મોક્ષતત્ત્વ જાણવું,...**' આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગની પરિણતિમાં રેલમછેલ કરી નાખે છે. આનંદના ઝરણા અતીન્દ્રિય આનંદના વેદનને ઉત્કૃષ્ટપણે પરિણમાવ્યું છે. એ હવે અલ્પકાળ (સંસારમાં) રહેશે કહે છે. અલ્પકાળમાં મોક્ષ જશે એમ. એને મોક્ષતત્ત્વ કહેવામાં આવે છે. લ્યો એ સધન થયો, બાદશાહ થયો, એ પરમાત્મા થયો એમ કહે છે. કહો, કપુરભાઈ! આ બધા પૈસાવાળા-પૈસાવાળા બધા રાંકા-ભિખારી છે એમ કહે છે.

મુમુક્ષુ :- કોની અપેક્ષાએ?

ઉત્તર :- આની અપેક્ષાએ.

મુમુક્ષુ :- બીજાની અપેક્ષાએ કોઈ કહેવા ન દે.

ઉત્તર :- જેની અપેક્ષાએ દુનિયા ધૂળ કહે, આની પાસે પાંચ લાખ અને આની પાસે પચાસ લાખ એમ કહે મેળવે. એમાં શું છે? ઓલા પાંચવાળાની મમતા ઓછી હોય તો ઓછી દુઃખી. પચ્ચીસ લાખવાળાને વધારે મમતા તો વધારે દુઃખી. ત્યાં આંકડે સુખી છે? લ્યો! પચાસ લાખવાળો હોય એને મમતા ઘણી હોય, ઓલાને મમતા થોડી હોય, પચાસ લાખવાળાને મમતા થોડી હોય અને પાંચ લાખવાળાને મમતા ઘણી હોય. કહો, કાંઈ આંકડા ઉપર નથી. આહા..હા..!

કીધુંને એક સાયલામાં બાવો હતો. આ ભગત થઈ ગયાને સાયલામાં? લાલાભગત. .. દશાશ્રીમાળી વાણિયા હતા. લાલાભગત દશાશ્રીમાળી વાણિયા. ભગતનું ગામ. સવારમાં ન બોલે. રોટલા ન મળે. એવું છે. એ ભગતને એક બાવો હતો એ વખતમાં. તો બાવા પાસે ચાર પાઈ હતી એક. તે દિ' આ તો પોણો સો વર્ષ પહેલાની વાત. ચાર પાઈ એક ડાબલી મૂકી ગયેલા. તે દિ' પાઈની કિંમત હતીને. અત્યારે ક્યાં એક પૈસા, બે પૈસાની કાંઈ કિંમત ન મળે.

મુમુક્ષુ :- પાઈ છે જ ક્યાં?

ઉત્તર :- હવે પાઈ ક્યાં છે. ચાર પાઈ મૂકી ગયેલો ચાર પાઈ ડાબલીમાં. સમજ્યાને? અને એ ગયો જાત્રા. અને ત્યાં મરી ગયો. એમાં એક બીજો કણો ત્યાં. ડાબલીમાં કણો. કણો સમજાય છે? સર્પનો કણો. ભગત એકકોર વિચાર કે આ બાવા આવ્યા કેમ નહિ? ઘણો વખત થયો. એની પડ્યું છેને ઓલું ડાબલીમાં. ડાબલીમાં જોવે તો કણો નાનો. એ મરી ગયો લાગે છે, બાવો, અહીં ઉપજ્યો લાગે છે. મમતાની વાત છેને. ચાર પાઈ એ વખતે... એની કડી છે કાંઈક હોં. આપણને કાંઈ આવડતું નથી. એ શ્લોક છે એવો. લાલાભગતની પાઈ મૂકી. એક કડી છે. કડી છે. આપણે તો ત્યાં ગયા હતાને સાયલામાં. એ લોકો વાતું કરે છે ત્યાં. અને આ કરોડો હોય, ચક્રવર્તીને છ ખંડનું રાજ, તીર્થંકર દેવ શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ. છ ખંડના રાજ, સમજ્યાને, ૩૨ હજાર ખમ્મા અન્નદાતા સેવા કરે. ઈન્દ્રો જેના મિત્રો. એ મારી ચીજમાં આનંદ છે એ હું છું. આ રાગ અને એમાં હું છું નહિ. કહો, અલ્પ મમતા એ ચારિત્રની છે દોષની. એ અલ્પ છે. ઘણી પરિમિત છે. છ ખંડના રાજની, છન્નું હજાર રાણીની પણ જે મમતા જરી છે એ તો બહુ અલ્પ... અલ્પ... અલ્પ... અલ્પ... છે. અનંતાનુબંધીનો લોભ અને મિથ્યાત્વ ગયા ત્યાં ઘણી (થોડી) રાગની મંદતા રહી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, આવા મુનિઓ અંદર સાક્ષાત્ અંતરમાં રમનારા. આહા..હા..! એના નિધાનમાં પડ્યો છે એ. ચિદાનંદની અંદર વીણા વગાડે છે. સમજાણું? આહા..હા..! પડી ગયો છે, આનંદમાં એટલો મસ્ત થઈ ગયો છે. એને **'સાક્ષાત્ શ્રમણને મોક્ષતત્ત્વ જાણવું,...'** આહા..હા..! **'કારણ કે પહેલાંનાં સકળ કર્મનાં ફળ તેણે લીલાથી નષ્ટ કર્યાં હોવાથી...'** દુ:ખથી નહિ. આનંદ ભોગવતા-ભોગવતા અશુદ્ધતા અને કર્મ ટળી ગયા છે. સમજાય છે કાંઈ? કાંઈ સહન કરવું પડે ઉં..હું..હું... આહા..! કષ્ટ લાગે એ તો આર્તધ્યાન છે. આનંદના સ્વભાવે ચડ્યો, આનંદની લહેરે કર્મને ખપાવ્યા છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'અને નૂતન કર્મફળને તે નિપજાવતો નહિ હોવાથી,...'** હવે નવું કર્મ બાંધતો નથી. એવા હોવાને લીધે **'ફરીને પ્રાણધારણરૂપ દીનતાને નહિ...'** જુઓ, ભાષા. એય..! પ્રાણ ધારણ કરવા એ દીનતા-રાંકાઈ છે. આહા..હા..! ભજનમાં આવે છેને ઓલામાં. શરમજનક

જન્મ ટળે. શરમજનક જન્મ ટળે. આહા..હા..! ભગવાન અમૃતની મૂર્તિ પ્રભુ એને આ શરીર ધારણ કરવું. પાંચ ઈન્દ્રિય, શ્વાસ, ભાષા, મન, આયુષ્ય એ પ્રાણ ધારણ. દશ થયાને પ્રાણ? પાંચ એ, મન, વચન અને કાયા, શ્વાસ અને આયુ—દશ પ્રાણ ધારણ કરવા એ દીનતા છે. કહો, શરીર ધારણ કરવું એ દીનતા. પૈસાને ધારણ કરવા, બાયડી-છોકરા એ તો ક્યાંય રહી ગયા.

મુમુક્ષુ :- એ તો મોટી દીનતા છે.

ઉત્તર :- હા, ભિખારી છો કહે છે માળા! એય..! આહા..હા..!

ભગવાન આત્માના આનંદને હીલોળે ચડેલો અંદર, કહે છે કે હવે એને પ્રાણ ધારણની દીનતા છે નહિ. હવે બીજી મા કરવાની નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**ફરીને પ્રાણધારણ...**' પ્રાણ શબ્દે થઈ ગયુંને આયુષ્ય પણ નહિ. શ્વાસ નહિ, પાંચ ઈન્દ્રિય નહિ, આ મન અને વાણીને ધારવા મન અને પ્રાણ અરે..! એ તો દીનતા છે કહે છે. ચૈતન્ય ભાવપ્રાણના આનંદની લહેરે ચડ્યો, એને ભાવપ્રાણ આત્મા પ્રગટ્યા છે, એને દ્રવ્યપ્રાણ ધારણની દીનતા હોતી નથી. અહીં તો હજી રાજા થાશું, દેવ થાશું, અરે..! શું થાશું? સાંભળને હવે ભાઈ! સમજાણું કાંઈ? એવો ભગવાન '**પ્રાણધારણરૂપ દીનતાને...**' આહા..હા..! પરમાણુ જડ, મનના, વાણીના, દેહના, આયુષ્યના, પાંચ ઈન્દ્રિયના. એના સંયોગમાં આવવું એ દીનતા છે કહે છે. એવા પ્રાણધારણરૂપ ગરીબાઈને '**નહિ પામતો થકો...**' આહા..હા..! '**દ્વિતીય ભાવરૂપ પરાવર્તનના અભાવને લીધે...**' શુદ્ધ આનંદના પરિણમન સિવાય દ્વિતીય-બીજો રાગનું પરિણમન છે નહિ. જુઓ આ મોક્ષતત્ત્વ. સમજાણું કાંઈ? ત્યાં ભગવાન (પાસે જાય) અને ત્યાં પાછા વળી સેવા કરે ત્યાં. એમ કહે છેને. વૈકુંઠમાં ભગવાન બિરાજે છે, અહીં સાધુને લાડવા ખવડાવ્યા તો ત્યાં લાડવા મળે. આરે, ભિખારી તે પણ. ત્યાં સુધી ભિખારી. અહીં જે લાડવા સાધુને ખવરાવ્યા હશે તો ભગવાન પાસે જાશે તો ત્યાં એને લાડવા આવશે. હજી ત્યાં હજી લાડવા. માળા! મોક્ષની ખબર ન મળે કે મોક્ષ કોને કહેવો. પોપટભાઈ! એય..! અમારે ગઢડામાં ભાઈ આ બધું ચાલતું હતું. આહા..હા..! દીનતા છે કહે છે બાપા! એનું નામ મોક્ષ? જ્યાં વળી હજી શરીર મળે અને લાડવા મળે અને તેડવા આવે એનું નામ વૈકુંઠ? ભાન વિનાના છે કહે છે. માળા મૂઢ છો? આહા..હા..!

જેમાં આનંદમાં લાડવો અંદરમાં ઉડે છે અંતર અતીન્દ્રિય આનંદમાં. એનાથી ખાલી નહિ રહે મોક્ષમાં એમ કહે છે. સમજાણું કાંઈ? એ '**દ્વિતીય ભાવરૂપ પરાવર્તનના અભાવને લીધે શુદ્ધ સ્વભાવમાં અવસ્થિત...**' શુદ્ધ આનંદમૂર્તિમાં સ્થિર '**વૃત્તિવાળો...**' એટલે પરિણતિવાળો '**રહે છે.**' લ્યો! આનું નામ મોક્ષતત્ત્વ. અવસ્થિત છેને નીચે? '**સ્થિર. (આ સંપૂર્ણ શ્રામણ્યવાળા જીવને બીજા ભાવરૂપ...**' બીજો ભાવ એટલે રાગ વિકલ્પ શુભાદિ, શુદ્ધથી વિરુદ્ધ શુભાદિ '**પરાવર્તન (પલટાવું) થતું નથી, તે સદા એક જ ભાવરૂપે**

**રહે છે—શુદ્ધ સ્વભાવમાં સ્થિર પરિણતિરૂપે રહે છે, તેથી તે જીવ મોક્ષતત્ત્વ જ છે.)'**

'**હવે મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ પ્રગટ કરે છે :—**' હવે કહે છે કે મોક્ષનો ઉપાય શું? ત્રીજી ગાથા. પાંચ રત્ન છે આ. હવે ત્રીજું રત્ન. એય..! સ્વરૂપચંદભાઈ! આ પાંચ રત્ન સાંભળવા આવ્યા છેને. બે રત્નની વ્યાખ્યા થઈ ગઈ. સંસારતત્ત્વ અને મોક્ષતત્ત્વ. હવે એનો ઉપાય, એનું સાધનતત્ત્વ. ઉપાય કોને કહેવો? પરમાનંદની પ્રાપ્તિ એવી જે મુક્તિ એવી જે આત્માની શાંતિરૂપી મુક્તિ એનો ઉપાય શું? એ ઉપાયને પણ એક અહીંયાં રત્નતત્ત્વ કહેવામાં આવે છે. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે રત્ન છેને. ત્રણ રત્ન કહેવાય છે કે નહિ? ત્રણ રત્ન કહેવાય છે. ત્રિરત્ન કહે છેને. સમ્યગ્દર્શન રત્ન, સમ્યગ્જ્ઞાન રત્ન, સમ્યક્ચારિત્ર રત્ન. વીતરાગી દશા હોં એ. એવા જે સાધન એને આ ગાથામાં એ તત્ત્વનું સાધનતત્ત્વ (એને) રત્નની ગાથામાં એ રત્ન કહે છે. '**सम्मं विदिदपदत्था**' અહીં પદની વ્યાખ્યા આમ આવી. ત્યાં ઓલી પદની વ્યાખ્યા આવી હતીને આત્માની. અહીં પદનો પદાર્થ.

**सम्मं विदिदपदत्था चत्ता उवहिं बहित्थमज्झत्थं।**
**विसयेसु णावसत्ता जे ते सुद्ध त्ति णिद्दिट्ठा।।२७३।।**
**જાણી યથાર્થ પદાર્થને, તજી સંગ અંતર્બાહ્યને,**
**આસક્ત નહિ વિષયો વિષે જે, 'શુદ્ધ' ભાખ્યા તેમને. ૨૭૩.**

અન્વયાર્થ લઈએ. રત્ન ગાથા છેને? '**सम्यग्विदितपदार्थाः**' જેણે '**સમ્યક્ (યથાતથપણે) પદાર્થોને જાણતા થકા...**' ભગવાન આનંદસ્વરૂપ, રાગ દુઃખરૂપ, અજીવ પૃથક્ જ્ઞેયરૂપ. એનું જે સ્વરૂપ છે તેવું યથાર્થ જાણતા થકા. કોઈનો અંશ કોઈમાં મેળવ્યા વિના. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાયકતત્ત્વ આનંદસ્વરૂપ, આસ્રવ રાગરૂપ, દુઃખરૂપ, અજીવ અને બીજા જીવો તે આ આત્માના જ્ઞેયરૂપ. એ સ્વરૂપને જેવું છે... એ ત્રણમાં નવ આવી ગયા નવ તત્ત્વ. સમજાણું? એ '**સમ્યક્ પદાર્થોને જાણતા થકા જેઓ બહિરંગ તથા અંતરંગ પરિગ્રહને છોડીને...**' ભાષા જુઓ! જેણે વસ્ત્ર-પાત્ર આદિના પરિગ્રહ છૂટી ગયા છે જેને. એ પરિગ્રહ છે. સમજાણું કાંઈ? બહિરંગ. પહેલો બહિરંગ શબ્દ પડ્યો છેને? આ લક્ષ્મી, મકાન, આબરૂ, કીર્તિ, છેને? અંતરંગ. અંતરંગના ચૌદ પ્રકાર છે અને બાહ્યના દશ પ્રકાર આવે છેને? પરિગ્રહના ચોવીસ પ્રકાર. અંદરના ચૌદ અને બહારના દશ બિલકુલ છૂટી ગયા છે કહે.

જેને એક વસ્ત્રના તાણાનો ધાગો રહ્યો નથી. આહા..હા..! જુઓ આ મોક્ષના સાધનતત્ત્વવાળા જીવ. સમજાણું કાંઈ? જેને નગ્નદશા, માતાએ જન્મ્યો એવી દિગંબરદશા થઈ જાય છે અને જેને સ્ત્રી, કુટુંબ તો નથી, પણ પાત્રનો કટકો આહાર લેવા માટે પણ નથી. આહા..હા..! હસ્તપાત્ર, હસ્તપાત્ર, કરપાત્ર એમ કહે છેને કરપાત્ર. કરપાત્રી લ્યો! ઓલા આવ્યા હતાને. કાંઈ ધૂળમાંય નહિ. બાવો આવ્યો હતો એક. કરપાત્રી તો અંદરમાં આનંદસ્વરૂપનું ભાન અનુભવદશા થઈ છે અને વીતરાગતામાં મહાલે છે, એને આવી કરપાત્રદશા શરીરની

થઈ જાય છે. એ બહિરંગ પણ એવી દશા એને હોય છે. અંતરંગ મુનિપણું હોય એને બહિર્માં વસ્ત્ર અને પાત્ર રહે એ ત્રણ કાળમાં બને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જેને બહિરંગ ચૌદ પરિગ્રહ, અંતરનો મિથ્યાત્વ એ પરિગ્રહ છેને? મિથ્યાત્વ, અનંતાનુબંધી કષાય, માન, માયા, લોભ, ... એ બધો પરિગ્રહ છે અંદર, એ અભ્યંતર પરિગ્રહ છૂટી ગયો છે. અને બાહ્ય પરિગ્રહ વસ્ત્રપાત્ર બિલકુલ છૂટી ગયા છે. મહા દિગંબરી દશા. સમજાણું કાંઈ? રૂંવાટે-રૂંવાટે વૈરાગ્ય દશા છે. પાંચ ઇન્દ્રિયના વિકલ્પની વાસના છૂટી ગઈ છે. આખા શરીરમાં ઉપશમરસ, શાંતરસના ઢાળા ઢળી ગયા છે.

એવા કેવા છે? '**विषयेषु न अवसक्ताः**' વિષયો નામ પરપદાર્થમાં આસક્ત નથી હવે. સ્વવિષયમાં લીન છે એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને લઈને, સમજાય છે? એને વિષયોમાં આસક્ત નથી. તેમને શુદ્ધોપયોગી કહેવામાં આવ્યા છે. '**शुद्धाः**' (હિં) તેને શુદ્ધ ઉપયોગી મુનિ, એ શુદ્ધ ઉપયોગમાં રમનારા મુનિ એને મોક્ષના ઉપાય તરીકે, સાધન તરીકે ગણવામાં આવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને, પાંચમે આદિ છે મોક્ષનો માર્ગ, પણ એ મોક્ષમાર્ગનું પૂર્ણ સ્વરૂપ નથી ત્યાં. ખરેખર ચોથે સમ્યગ્દર્શન-જ્ઞાન અનુભવદૃષ્ટિ હોવાથી એને મોક્ષમાર્ગી કહેવાય, પણ એ ઉપચારથી છે. યથાર્થપણે તો આ છે. સમજાણું કાંઈ?

નિશ્ચય અનુભવદૃષ્ટિનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, એ ઉપરાંત સ્વરૂપની લીનતાની વીતરાગદશા છે. ત્રણેની એકતા જામી છે જ્યાં. એને મોક્ષના સાધન તરીકે ઉપયોગી-શુદ્ધોપયોગીને મોક્ષના ઉપાય તરીકે કહ્યો છે. એ શુદ્ધોપયોગી, શુદ્ધ ઉપયોગ તે મોક્ષનું સાધન છે. કહો, આ વ્યવહારરત્નત્રય મોક્ષનું સાધન નથી એમ અહીં તો નાખ્યું. સમજાણું કાંઈ? '**शुद्धाः**' કીધુંને છેલ્લું? '**शुद्धाः इति निर्दिष्टाः**' ભગવાને કહ્યું છે એમ કહ્યુંને? સમજાણું? '**निर्दिष्टाः**' છેને? '**शुद्धाः इति निर्दिष्टाः**' સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વર આવા જીવને શુદ્ધ ઉપયોગી અને તેને મોક્ષના ઉપાય સાધન તરીકે વર્ણવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એની '**ટીકા :- અનેકાંત વડે જણાતું જે સકળ જ્ઞાતૃતત્ત્વનું અને જ્ઞેયતત્ત્વનું યથાસ્થિત સ્વરૂપ તેના પાંડિત્યમાં જેઓ પ્રવીણ છે,...**' ઓલી સમકિતની વ્યાખ્યા આવી હતી એકફેરી નહિ? પહેલા. જ્ઞાનતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની પ્રતીતિ જેનું લક્ષણ એ આવ્યું. પહેલા. કઈ ગાથા? છેને આવી ગયું છે પહેલું. અહીં તો બીજી રીતે વાત તો કહેવી છે એ. '**અનેકાંત વડે જણાતું જે સકળ જ્ઞાતૃતત્ત્વનું...**' આખો જ્ઞાન જાણનાર ભગવાન આત્મા. એનું અનેકાંત વડે. તેવા આનંદસ્વરૂપી જ્ઞાતૃતત્ત્વમાં રાગ નથી, રાગમાં એ પોતે આત્મા નથી, નિમિત્ત અજીવમાં આ જીવ નથી, જીવમાં એ અજીવ નિમિત્ત નથી. એક ગુણમાં બીજો ગુણ નથી એવું અનેકાંતસ્વરૂપને જાણનારું જ્ઞાતૃતત્ત્વ. સમજાણું કાંઈ?

'**અનેકાંત વડે...**' અનેકાંતનો અર્થ એમ નથી કે ફુદડીવાદ પાછો આમ પણ થાય અને આમ પણ થાય એમ અનેકાંત નથી અહીં. અહીં તો વસ્તુ ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ

અખંડ અભેદ છે એ રાગથી નથી, રાગમાં નથી, રાગમાં અનેકાંતસ્વરૂપ આનંદ એમાં નથી. એવું જે અનેકાંત સ્વરૂપ આત્માનું અને દરેક પદાર્થનું. અને દરેક પદાર્થનું આવું સ્વરૂપ તેને જ્ઞાતૃતત્ત્વએ જાણ્યું એવું જ્ઞાતૃતત્ત્વ. '**અનેકાંત વડે જણાતું જે સકળ જ્ઞાતૃતત્ત્વનું અને જ્ઞેયતત્ત્વનું...**' જુઓ, જ્ઞેય આવ્યું સામે. અરિહંતો, સર્વજ્ઞો, નિગોદ, પરમાણુ, ... આદિ જેટલા પદાર્થ છે જ્ઞેય. એ '**જ્ઞેયતત્ત્વનું યથાસ્થિત સ્વરૂપ તેના પાંડિત્યમાં જેઓ પ્રવીણ છે,...**' લ્યો! હવે શિવભૂતિ ક્યાં હતા .. એ હતા હતા અંદર, સાંભળને ભાઈ! સમજાણું કાંઈ? ત્યાં તો એમ કહે છેને કેટલાક. બહારના શબ્દોની ખબર નથી. વસ્તુમાં અંતર ભાન તો જ્ઞાન અને જ્ઞેયતત્ત્વ કેવું છે એનો અનુભવ છે. શિવભૂતિ આવે છેને? મારુષ અને માતુષ શબ્દ પણ યાદ રહ્યો નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શબ્દ ન યાદ રહે એ જુદી વાત છે. અંતરમાં ભગવાન જ્ઞાનની મૂર્તિ પ્રભુ અને આ સિવાય જેટલું જ્ઞેય પર, વિકલ્પથી માંડીને બધું જ્ઞેય, એનું જેવું સ્વરૂપ છે તેવું યથાર્થ જેને વર્તે છે. એવા પાંડિત્યમાં જેઓ પ્રવીણ. ભાષા એમ વાપરી છેને? સમજાણું કાંઈ? ૭૩. '**सम्यग्विदितपदार्थाः**' શબ્દાર્થ. ભાષા જોયું '**निजपरमात्मपदार्थप्रभृतिसमस्तवस्तु-विचारचतुरचित्तचातुर्य**' આટલા શબ્દો વાપર્યા છે જયસેનાચાર્યમાં ભાઈ! '**संशयविपर्ययानध्यवसायरहित**' પાછા. સંશય નહિ, વિપરીતતા નહિ. કેમ હશે? એમ નહિ. અરે..! અમારે કેટલા ભવ કરવા પડશે? ભગવાન જાણે. એવો ભાવ જ્ઞાનીને હોતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**संशयविपर्ययानध्यवसायरहितानन्तज्ञानादिस्वभाव-निजपरमात्मपदार्थ**' દેખો, પોતાનો પરમાત્મા. નિજ ભગવાન અહીંયાં જ્ઞાતૃતત્ત્વ કહે છે એ. '**प्रभृतिसमस्तवस्तु**' સમસ્ત વસ્તુ '**विचारचतुरचित्त**' એના વસ્તુના વિચાર માટે ચતુર ચિત્ત જેનું છે. સંસ્કૃત ટીકા છે ભાઈ એમાં. અમરચંદભાઈ! '**चतुरचित्तचातुर्य**' પાછું. '**चतुरचित्तचातुर्य**' એમાં ચતુરાઈ એને છે અંદરમાં કહે છે. લ્યો આ. ઓલી દુનિયાની નહિ આ. સ્વપરપદાર્થની ચેતના અંદર છે. એ સંસ્કૃત ભણ્યા ન હોય. માંડ અમુક ચોપડી ભણ્યા હશે. કહો, સમજાણું કાંઈ?

જુઓ, '**चातुर्यप्रकाशमानसातिशयपरमविवेकज्योतिषा**' અહીં છ ચોપડી ભણ્યા છીએ હોં પહેલા. છ ચોપડીની પરીક્ષા નહોતી આપી. અંગ્રેજી-ફંગ્રેજી થોડું... એ, બી, સી, ડી આવે છેને. છ ચોપડીની પરીક્ષા નહોતી આપી. ઉઠી ગયા જૈન (પાઠ)શાળા ખાતર. એ બહારના ભણતરની શું વાત છે? આ તો અંતર વસ્તુ છે એ જ્યાં પ્રગટી એને બાહ્ય ભણતર કાંઈ કામ કરતા નથી. આહા..હા..!

મુમુક્ષુ :- શાસ્ત્રનું બાહ્ય ભણતર કામ ન કરે?

ઉત્તર :- શાસ્ત્રનું બાહ્ય ભણતરનું જ્ઞાન એ પણ જ્યાં આત્માને માટે હિતકર નથી. આહા..હા..!

જુઓ, કહે છે, કેવા છે મુનિ સાધન? '**समस्तवस्तुविचारचातुर्यप्रकाशमानसातिशय-परमविवेकज्योतिषा सम्यग्विदितपदार्थाः**' એને લઈને સમ્યક્ પદાર્થ... અરે..! પણ ક્યાંય સંશય, વિમોહ, અધ્યવસાય રહ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જેને, આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અંદર છે એનું એને જ્ઞાન અને પરજ્ઞેયનું જ્ઞાન યથાર્થ થઈ ગયું છે. આહા..હા..! કહો, સમજાણું? '**પાંડિત્યમાં જેઓ પ્રવીણ છે,...**' લ્યો! ડાહ્યા છે. આમાં ડાહ્યા છે હોં અંદરમાં. '**અંતરંગમાં ચકચકાટ કરતા અનંતશક્તિવાળા ચૈતન્યથી ભાસ્વર...**' .. ભગવાન આત્મા કેવો છે અંતરંગમાં? ચકચકાટ કરતો. એ જ્ઞાનના તેજે, જ્ઞાનના તેજે ચકચકાટ કરતો. અંતરંગમાં ભગવાન જ્ઞાનના પ્રકાશમાં '**ચકચકાટ કરતા અનંતશક્તિવાળા ચૈતન્ય...**' અનંત ચૈતન્ય જેનું જ્ઞાન અનંત છે સ્વભાવમાં. એવા '**ચૈતન્યથી ભાસ્વર (તેજસ્વી)...**' એવા ચૈતન્યથી તેજસ્વી આત્મતત્ત્વ. એવા ચૈતન્યથી તેજસ્વી આત્મા તત્ત્વ. આહા..હા..! સમજાણું કાંઈ?

(આત્મતત્ત્વ)ના '**સ્વરૂપને જેમણે...**' '**આત્મતત્ત્વના સ્વરૂપને જેમણે સમસ્ત બહિરંગ તથા અંતરંગ સંગતિના પરિત્યાગ વડે વિવિક્ત (ભિન્ન) કર્યું છે,...**' લ્યો! એવા સત્ત્વને, આવું જે તેજસ્વ તત્ત્વ ભગવાન ચકચકાટ... ચકચકાટ... ચકચકાટ તો આ સૂર્ય જેવો હશે? જ્ઞાનની ઉગ્રતામાં ચકચકાટ પ્રકાશ કરતો જ્યાં ભગવાન પ્રગટ્યો, એવા '**અનંત શક્તિવાળા ચૈતન્યથી ભાસ્વર...**' લ્યો ભાસ્વર-ભાસ્વર. ઓહો..! ઓલાને ભાસ્કર કહે છે નહિ? સૂર્યને. ભાસ્કર. આ ભાસ્વર. '**આત્મતત્ત્વના સ્વરૂપને...**' ઓહો..હો..! ભગવાન એવો આત્મા ચકચકાટ કરતો પ્રગટ્યો એવા પ્રભુને '**જેમણે સમસ્ત બહિરંગ તથા અંતરંગ સંગતિના પરિત્યાગ વડે વિવિક્ત (ભિન્ન) કર્યું છે,...**' લ્યો! આહા..હા..! અંદરના મિથ્યાત્વભાવ (કે) એક વિકલ્પનો, પ્રમાદનો સૂક્ષ્મ આદિ ભાવ એનાથી ભગવાન આત્મતત્ત્વ ચૈતન્ય તેજસ્વી પ્રભુને જુદો કર્યો છે. અને બહિરંગમાં પરિગ્રહ બિલકુલ નહિ. સમજાણું કાંઈ? જુઓ, માર્ગ વીતરાગનો આવો છે. કોઈ એમ કહે કે અને વસ્ત્ર-પાત્ર હોય અને સાધુપણું અંદર હોય એ વસ્તુનું...

મુમુક્ષુ :- વિરતિપણું હોયને.

ઉત્તર :- વિરતો ક્યાંથી લાવ્યો? વસ્ત્ર-પાત્ર હોય એને વિરતિપણું હોય જ નહિ. આ ઓઘો વિરતિ છે. અરે..! ઓઘો વિરતિ શું? તારું શુભપરિણામ પણ વિરતિ નથી, સાંભળને. અને એમાં વસ્ત્ર-પાત્ર રાખે અને વિરતિપણું આવે (એમ) ત્રણ કાળ, ત્રણ લોકમાં બને નહિ. શેઠી! આહા..હા..! આકરું ભારે કામ જગતને. એથી બહિરંગ અને અંતરંગ પરિગ્રહની સંગતિ છોડી છે જેણે. સમજાણું કાંઈ? વૈરાગ્યની મૂર્તિ, પ્રશમરસનો કંદ, નગ્નપણું જેની દશા છે, અભ્યંતરમાં જેને રાગ અને મિથ્યાત્વના ત્યાગ થઈ ગયા છે. આહા..હા..! ચારિત્રદોષ અને મિથ્યાત્વ બેય, બાહ્યમાં બહિરંગ. જરીક માણસ જોઈએ નોકર કામ કરવા, સાધુને નભાવવા.

વહોરવા જાય તો ખબર આપે. કેમ? ... જાય તો ખબર ન આપે? એય..! જેઠાલાલભાઈ! મહારાજ આવવાના છે .. તૈયાર રાખજો. એક માણસ હોય. ક્યાં ઉતરવું? ક્યાં આહાર-પાણી લેવા? એના માટે કોઈ માણસ હોય કે નહિ? નોકર. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેઠ તો આત્માનો છે. નોકર કેવો? આહા..હા..! નોકર રાખીને કામ લેવા એ પરિગ્રહી છે. આહા..હા..! એનો પગાર કરે. એક સાધુ આવ્યો હોય તો એક માણસ જોઈએ મોઢા આગળ. ધજા લઈને શું કહેવાય? ધજા-ધજા. ધર્મનો ઝંડો. અહીં લઈને નહોતા નીકળ્યા એક? નીકળ્યા હતા એક. ... ઓલા કહે અહીં આવો. નહિ, ત્યાં નહિ. જાવ પાલીતાણા ઠીક ભગવાન! આહા..હા..!

અહીં તો કહે છે કે માણસ કેવા? અરે..! વસ્ત્રનો ધાગો કેવો? અરે..! એને કલમ કેવી? એને ચશ્મા કેવા? આહા..હા..! જુઓ તો ખરા! સમજાણું કાંઈ? એને ઘડિયાળ, એને ચશ્મા અને એને ઓલા શું કહેવાય નીચે? ચટાઈ એક-બે રાખે, એક ઓઢવાની અને એક પાથરવાની ચટાઈ. એ તો બધો સ્થૂળ પરિગ્રહ છે. એવો પરિગ્રહ મુનિને હોય નહિ. આહા..હા..! બહિરંગ. પહેલો બહિરંગ મૂક્યો છે. '**અંતરંગ સંગતિના પરિત્યાગ વડે...**' ભાવ(પણું) પ્રગટ્યા પહેલા વિકલ્પમાં બાહ્ય ત્યાગ તો પહેલો થાય છેને ભાઈ! વસ્ત્ર-પાત્રને બધો ત્યાગ પહેલો થાય છે. પછી ધ્યાનમાં આવે ત્યારે એને સાતમું ગુણસ્થાન પ્રગટ થાય છે. એમકે સાતમું ગુણસ્થાન પ્રગટ થાય ત્યારે વસ્ત્ર-પાત્ર છોડે એમ નથી. સમજાણું કાંઈ? એટલે જરી બહિરંગ શબ્દ વાપર્યો છે. પહેલો એને બહિરંગ પરિગ્રહ બધો છૂટી જાય છે અને અંતરમાં છૂટ્યો છે ત્યારે ધ્યાનમાં સાતમું ગુણસ્થાન પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

એવા '**બહિરંગ તથા અંતરંગ સંગતિ...**' સંગ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરિત્યાગ...**' પાછું શબ્દ એવો વાપર્યો જોયું? પરિ-સમસ્ત પ્રકારે છોડ્યું બધું. મિથ્યાત્વ, રાગ અને નિમિત્તના સંગ સમસ્ત પ્રકારે છૂટી ગયા છે. અસંગી ભગવાન આત્મા છેને એવો બાહ્યથી અસંગપણું કરી નાખ્યું એણે. આહા..હા..! એને મકાન કેવા? ઉના જંગલમાં બહુ ગરમી લાગે તો જરી ગુફામાં જાય, એના માટે ગુફા કરે. ઉંડા જઈને રહે એવું હોય કે નહિ? તો ભક્તિ ક્યાં રહી પછી? ભક્તિવાળો તો કરે કે નહિ? એવી ભક્તિ હોય નહિ ભાઈ! આહા..હા..! સંગત કાંઈ નથી. અંદર આ નિર્લેપ... નિર્લેપ... નિર્લેપ... બાહ્યથી પણ માતાએ જન્મ્યો એવો અને અંદરમાં રાગરહિત નિર્ગ્રંથદશા, વીતરાગદશા તેમાં મહાલતો એવો તેવા '**વડે વિવિક્ત (ભિન્ન) કર્યું છે,...**' કેવું તત્ત્વ? એ '**ચૈતન્યથી ભાસ્વર આત્મતત્ત્વના સ્વરૂપને જેમણે...**' જુદું કર્યું છે. સમજાણું કાંઈ? એ ફોટો પડ્યો. અહીં પ્રકાશ પડ્યો. આહા..હા..!

ભગવાન આત્મા... કહે છે કે મુનિ શુદ્ધ ઉપયોગી. આહા..હા..! જેને શુભવિકલ્પ નથી તો વળી આ બહારની ચીજના થોથા. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન

કુંદકુંદાચાર્ય તો કહે છેને કે એક વસ્ત્રનો તલ જેટલો. શું કહેવાય? તલ. તલ જેટલો કટકો રાખીને અમે સાધુ છીએ એમ મનાવે તો નિગોદમાં જાશે. આવી વાત છે. એ ઉત્કૃષ્ટપણે કહ્યું નથી હોં ખેંચીને. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આહા..હા..! સંપ્રદાયવાળા આમ કહે છે દિગંબરવાળા અને શ્વેતાંબરવાળા—એમ નહિ. એ તો દિગંબર સંપ્રદાયની વાત છે એમ નહિ. વસ્તુની રીત જ આવી છે. સમજાણું કાંઈ? આહા..હા..! જેના અવતાર સફળ કર્યા જેણે. આહા..હા..! જેના જીવનના તાણાવાણા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રે વણાઈ ગયા છે. આહા..હા..! શિવલાલભાઈ! આનું નામ સાધુપણું અને મુનિપણું. અને એ મોક્ષના માંડવા નાખીને ઉપાય એ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરિગ્રહ કહ્યાને પરિગ્રહ. અંતરમાં મિથ્યાત્વનો એક કણ નહિ, વિકલ્પનો કણ નહિ. અને બહારમાં વસ્ત્ર આદિનો કટકો નિમિત્તના સંગમાં નથી. એવો દેહથી જેણે ભગવાન આત્માને ભિન્ન કર્યો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની જ્યાં વીતરાગી દશા અંતરમાં પ્રગટે એને અંદરમાં રાગનો સંગ ન હોય, વ્યવહારનો સંગ નહિ એમ કહે છે. વ્યવહાર વિકલ્પ જે વ્યવહારરત્નત્રય એનો સંગ નથી. આહા..હા..! પણ બાહ્યમાં શરીરને માટે કાંઈક ઢાંકણ હોય, આ હોય, ટાઢ હોય તો આ હોય. ગરમી હોય તો જરી આડશ હોય તો લૂ ન આવે—એવો બાહ્યનો પરિગ્રહ જેને છૂટી ગયો છે. લૂ-લૂ સમજો છોને? લૂ-ગરમી. ઓહો..! ભગવાન આત્મા અસંગ છે તેવી અસંગદશા જેણે અંતરમાં અને બાહ્યમાં પ્રગટ કરી છે. આહા..હા..! એ મોક્ષના સાધન છે. એ શુદ્ધોપયોગી મોક્ષના કારણો છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**અંતરંગ સંગતિના પરિત્યાગ વડે...**' કોને? કે '**સકળ જ્ઞાતૃતત્ત્વનું અને જ્ઞેયતત્ત્વનું યથાસ્થિત સ્વરૂપ તેના પાંડિત્યમાં જેઓ પ્રવીણ છે, અંતરંગમાં ચકચકાટ કરતા અનંતશક્તિવાળા ચૈતન્યથી ભાસ્વર (તેજસ્વી) આત્મતત્ત્વના...** ' આવા બહારની સંગતિથી ભિન્ન કર્યું છે. સમજાણું કાંઈ? '**અને (તેથી) અંતઃતત્ત્વની વૃત્તિ...**' અંતર ભગવાન '**(-આત્માની પરિણતિ)**' પરિણતિ એટલે પર્યાય, પર્યાય એટલે દશા. આહા..હા..! અંતઃતત્ત્વ જુઓ, અંતઃતત્ત્વ એટલે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ. એની વૃત્તિ. વૃત્તિ એટલે પરિણતિ, પરિણતિ એટલે અવસ્થા, અવસ્થા એટલે દશા. '**(-આત્માની પરિણતિ) સ્વરૂપગુપ્ત...**' છે. આહા..હા..! અંદર સમાણો છે, અંદર સમાઈ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ આ મોક્ષનો ઉપાય, આ મોક્ષનું સાધનતત્ત્વ. ભગવાન ત્રિલોકનાથે કહ્યું તે આ છે. તેથી ઓછું, અધિક અને વિપરીત કાંઈપણ કહે એ વીતરાગમાર્ગથી જુદું છે. શેઠી! એય..! નિહાલભાઈ! ત્રણ-ત્રણ ... પછેડીયું અને બબ્બે ક્લોટ. ક્લોટ સમજ્યાને આ વહોરવાના. કામળી, પાત્રા દશ-દશ પાત્રા ત્રણ આના અને ત્રણ આના અને એક દૂધનું, એક ચાનું અને

એક ઢીંકણાનું, એક ફીંકણાનું. અને આચાર્ય ભગવાન! અરે..! ભગવાન બાપુ ભાઈ! છેતરાઈ જઈશ ભાઈ! આવા કાળે આવું યથાર્થ ભાન ન કર્યું. ભાઈ! અવતાર ચાલ્યો જશે ભાઈ! આ દુનિયા નહિ સાથે આવે ત્યાં. સમજાણું કાંઈ? એવી યથાર્થ શ્રદ્ધામાં, જ્ઞાનમાં તો લે કે માર્ગ આવો છે. આહા..હા..!

જુઓને પણ આચાર્ય કેવી ટીકા કરે છે! એક ભાષા પણ જુઓ. ઉછળી ગયા છે અંદરથી. ઓહો..! **'અંતઃતત્ત્વની વૃત્તિ (-આત્માની પરિણતિ) સ્વરૂપગુપ્ત...'** છે. અંદરમાં સમાઈ ગઈ છે આમ. **'અને સુષુપ્ત સમાન રહેવાને લીધે...'** આવ્યું ફરીને. ઓલું આવ્યું હતુંને. **'સુષુપ્ત સમાન = જાણે કે સૂઈ ગઈ હોય એવી (પ્રશાંત).'** છે અંદર જાગૃત, પણ રાગ માટે સૂઈ ગઈ છે અંદર. આહા..હા..! સમજાણું? વીતરાગ પરિણતિ, અકષાયદશા **'સુષુપ્ત સમાન રહેવાને લીધે જેઓ વિષયોમાં જરા પણ આસક્તિ પામતા નથી,...'** એટલે પરતરફના વલણવાળી આસક્તિ એને નથી એમ કહેવું છે. ભગવાન આત્માના આનંદમાં મસ્ત છે. મસ્તરામ છે એ. આહા..હા..! એવા મોક્ષના સાધન છે એને અલ્પ કાળમાં મોક્ષ થવાનો એમ કહે છે. સમજાણું કાંઈ? દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણે એક થવા જોઈએ વીતરાગતામાં હોં અંતરમાં.

**'જેઓ વિષયોમાં જરા પણ આસક્તિ પામતા નથી,...'** માન, સન્માન, આબરૂ, કીર્તિ એ બધું એકકોર પડ્યું રહ્યું. માન હોય તો આત્માનું. અપમાન તો છે નહિ. **'એવા જે સકળ-મહિમાવંત ભગવંત 'શુદ્ધો'...'** છે. આહા..હા..! જુઓ, આચાર્ય પોતાની જ વાત કરે છેને ભેગી? **'જે સકળ-મહિમાવંત ભગવંત...'** જુઓ, ભગવંત. આને ભગવંત કહેવાય. આહા..હા..! **''શુદ્ધો' (-શુદ્ધોપયોગીઓ)...'** લ્યો અહીં તો મુનિને શુદ્ધોપયોગ જ હોય, પહેલી લીધી હતીને વાત ભાઈ પહેલી? સામ્ય. સામ્ય પહેલી શરૂઆત લીધી હતી. સામ્યને અંગીકાર કરું છું. કુંદકુંદાચાર્ય ભગવાન પોતે (કહે છે, હું) સામ્ય એટલે શુદ્ધોપયોગને અંગીકાર કરું છું. શુદ્ધોપયોગ તે સાધુપણું છે. વ્યવહાર શુભોપયોગ તે સાધુપણું નથી. આહા..હા..! હજી ગુરુની કેવી સ્થિતિ હોય ચારિત્રવંતની એને ખબર ન મળે. સમજાણું કાંઈ? અરિહંતે શું કહ્યું છે? શાસ્ત્રનું શું કથન છે? ત્રણેની ખબર (નથી) અને ત્રણેની શ્રદ્ધાના ઠેકાણા નથી.

આ તો પણ આકરું બહુ પડે માણસને. પણ બાપુ! આકરું કહો કે સહેલું, પણ માર્ગ તો આ છે. કાંઈ બીજો માર્ગ થવાનો નથી. લોકો કલ્પે અને બીજો કરે એથી એ માર્ગ થઈ જાય એમ નથી. ભ્રમણામાં પડશે એ. શુદ્ધોપયોગીઓ, એ **'સકળ-મહિમાવંત ભગવંત શુદ્ધો (-શુદ્ધોપયોગીઓ) તેમને જ મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ જાણવું...'** લ્યો! આ તેને શુદ્ધોપયોગ એ મોક્ષમાર્ગસ્વરૂપ છે. એને મોક્ષમાર્ગના સ્વરૂપની પરિણતિ વર્તે છે. એ મોક્ષમાર્ગસ્વરૂપે છે અને એ અલ્પકાળમાં એ કેવળજ્ઞાન પામવાના. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૪, મંગળવાર, તા. ૧૨.૦૮.૧૯૬૯**
**ગાથા-૨૭૩-૨૭૪, પ્રવચન-૨૩૪**

૨૭૩ ગાથા. મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ બેય શબ્દ એમ વાપર્યા. મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ. આત્માની પૂર્ણ નિર્મળ સિદ્ધદશા એ મોક્ષતત્ત્વ. અથવા અહીંયાં મોક્ષતત્ત્વ કહ્યું મુનિની ઉત્કૃષ્ટદશા. એનો ઉપાય શું? મોક્ષનો ઉપાય કહો, સાધન કહો, કારણ કહો, હેતુ (કહો). એ અહીં આવ્યું આપણે એમાં જુઓ, '(-શુદ્ધોપયોગીઓ) **તેમને જ મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ જાણવું...**' શુદ્ધોપયોગીઓ. જેને શુદ્ધોપયોગમાં સાધુને અંતર સમ્યગ્દર્શનપૂર્વક, સમ્યગ્જ્ઞાનપૂર્વક આચરણનો અંતર શુદ્ધ ઉપયોગ વર્તતો હોય. આચરણમાં એટલે અહીં સાતમા ગુણસ્થાનની ભૂમિકા વર્ણવી છે. જેને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પો હોય એ તો છઠ્ઠે ગુણસ્થાનની દશા હોય છે. સમજાણું? પણ એને નહિ ગણતા શુદ્ધોપયોગીને જ મુનિનો માર્ગ અને સાધન કહેવામાં આવે છે. કહો, આ તો પંચમકાળના મુનિ છે એ પંચમકાળના મુનિઓ આવા હોય એમ વર્ણવે છે. મુનિ હોય તો આવા હોય. એ આત્માના પરમશુદ્ધ આનંદસ્વરૂપ એના અંદર નિર્વિકલ્પ અનુભવનું સમ્યગ્દર્શન, વસ્તુને અંતર દૃષ્ટિમાં લીધી છે અને જ્ઞાનમાં તેને જ્ઞેય બનાવીને એણે આવો આત્મા છું એમ જાણ્યું છે, એમાં જે ઠરે છે સ્વરૂપની સ્થિરતા (અને) બાહ્યમાં નગ્નદશા હોય છે એની. સમજાય છે? એ વનવાસી હોય છે. એને અંદર શુદ્ધ ઉપયોગ હોય તે શુદ્ધ ઉપયોગીને મોક્ષમાર્ગી ગણીને એને મોક્ષમાર્ગ છે એમ કહ્યો છે. કહો, શેઠી!

ગૃહસ્થાશ્રમમાં રહ્યા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય, અમુક અંશે સ્થિરતા (પણ હોય) અને આવો શુદ્ધોપયોગ જે આ ચારિત્રસહિતનો છે એવો શુદ્ધોપયોગ ગૃહસ્થાશ્રમમાં ન હોય. સમજાય છે કાંઈ? જેણે ગૃહસ્થાશ્રમ આદિ .. રાગાદિ છોડી દીધો છે, બાહ્યમાં જેની નગ્નદશા છે, અભ્યંતરમાં જેને આનંદના સરોવરમાં પ્રચુર સ્વસંવેદન આનંદમાં પડ્યા છે. એવા શુદ્ધ આચરણના ઉપયોગી, શુદ્ધ સ્વરૂપના આચરણના વેપારી એને મોક્ષમાર્ગી કહ્યો છે. સમજાણું કાંઈ? આમ તો રત્નકરંડશ્રાવકાચારમાં આવે છે ..મોક્ખ મગ્ગો.. સમ્યગ્દૃષ્ટિ.. કહ્યો છે. અને મોહી મિથ્યાદૃષ્ટિ સાધુ પણ ઉન્માર્ગી છે. જેની દૃષ્ટિમાં સમ્યગ્દર્શન, આત્મા આનંદસ્વરૂપ છે એવું સમ્યગ્દર્શન નથી. એ બાહ્યથી પંચમહાવ્રતાદિ ક્રિયાઓ ભલે કરતા હોય તોપણ તે ગૂઢ સંસારમાર્ગી છે. અને ગૃહસ્થાશ્રમમાં રહેલા આત્માના આનંદના ભાનપૂર્વકના અનુભવી જેને અંશે સ્થિરતા છે... શ્રાવકની વાત નથી. અંશે અંદર શાંતિ અને સ્થિરતા હોય છે એ અપેક્ષાએ એને મોક્ષમાર્ગી કહ્યો, પણ ખરું મોક્ષનું સાધન તો શુદ્ધોપયોગીને જ કહ્યો છે. સમજાણું કાંઈ? આમ તો સમ્યગ્દૃષ્ટિને પણ મોક્ષમાર્ગી કહ્યો છે. છ ઢાળામાં આવે છેને ત્રણ નહિ? તીનોં શિવમાર્ગી.

સમ્યગ્દૃષ્ટિને આત્માના અનુભવનું ભાન છે, નિર્વિકલ્પ શાંતિ આનંદ એ હું એવું સમ્યગ્દર્શનમાં ભાન છે. એ મોક્ષમાર્ગી અને એ ઉપરાંત સ્વરૂપની શાંતિની વિશેષ સ્થિરતા ત્રીજા કષાયનો અભાવ થઈને થઈ છે. એ પણ મોક્ષમાર્ગી અને મુનિ પણ મોક્ષ(માર્ગી). ત્રણે ગણ્યા ત્યાં.

અહીં તો કહે છે કે શુદ્ધોપયોગી મુનિ છે એ જ ખરેખર મોક્ષમાર્ગી છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને મોક્ષમાર્ગી કહ્યો છે, પણ ખરેખર તો એ ઉપચારે મોક્ષમાર્ગ છે. ઉપચાર એટલે? ચારિત્ર જે વીતરાગદશા ભળી નથી માટે ઉપચાર. ઉપચાર એટલે એનું સમ્યગ્દર્શન અને જ્ઞાન ઉપચાર અને વ્યવહાર છે એમ નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ મોક્ષમાર્ગી છે. તેને મોક્ષમાર્ગી કહ્યો એ ઉપચારથી છે. ખરેખર સમ્યગ્દર્શન અને જ્ઞાન અંતર હોવા છતાં સ્વરૂપની રમણતા, ત્રણ કષાયના અભાવ સહિતની રમણતા અને એમાં એ શુદ્ધ ઉપયોગ અંદરમાં રમતો હોય. ધ્યાતા, ધ્યાન અને ધ્યેય ત્રણનો ભેદ છોડી એકલા ધ્યેયને પકડીને જે ધ્યાનમાં શુદ્ધોપયોગમાં પડ્યો હોય એને અહીં મોક્ષમાર્ગી ગણ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓ, કુંદકુંદાચાર્ય મહારાજ પોતે મુનિ, આચાર્ય હતા. અમૃતચંદ્રાચાર્ય ટીકા કરનાર એ પણ આચાર્ય જ હતા. લખવા વખતે હજી વિકલ્પ હતો આ વિકલ્પએ વખતે ન ગણ્યો. શુદ્ધોપયોગી છે ત્યારે એને મોક્ષમાર્ગી એમ ભાઈ કહ્યું અહીંયાં તો. આહા..હા..! જુઓ, શુદ્ધોપયોગ જ મુનિપણાનું લક્ષણ. મુનિ શુદ્ધોપયોગને જ અંગીકાર કરે છે. અઠ્યાવીશ મૂળગુણને અંગીકાર કરે છે એમ નથી. આહા..હા..! એ પહેલી ગાથામાં આવી ગયું છે અને મોક્ષમાર્ગપ્રકાશકમાં ટોડરમલજીએ એ લીધું છે. મુનિ ગૃહસ્થાશ્રમ છોડી અને શુદ્ધ ઉપયોગને અંગીકાર કરે. શુદ્ધ ઉપયોગ... અઠ્યાવીશ મૂળગુણ એ વિકલ્પ તો શુભભાવ છે એ નહિ. સમજાણું કાંઈ? વીતરાગ સર્વજ્ઞે કહેલો મોક્ષનો માર્ગ એ શુદ્ધોપયોગ. ઉપયોગ તો પ્રકાર ફેર છે. પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન એ બાર ઉપયોગ કહેવાય છે. એ ઉપયોગ નહિ અહીં. એ તો જાણવા-દેખવાના વેપારરૂપ ઉપયોગ કહેવામાં આવે છે. અને અહીં તો શુભ, અશુભ અને અશુદ્ધ એવો જે ઉપયોગ. શુભ અને અશુભ ઉપયોગ તે ચારિત્રની નબળાઈનો ઉપયોગ છે અને આ શુદ્ધ ઉપયોગ તે ચારિત્રની ઉગ્રતાનો ઉપયોગ છે. એ ચારિત્રની ઉગ્રતાનો ઉપયોગ તેને અહીં મોક્ષનો માર્ગ કહ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! જે મુનિ વનવાસી હોય છે. સંતો એવા તો વનમાં નિર્જન વનમાં આનંદમાં પડ્યા હોય છે. કહો, સમજાણું કાંઈ? તો ણમો લોએ સવ્વ સાહુણંમાં આ બધા આવે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આમાં ક્યાં લખ્યું છે ણમો લોએ સવ્વ સાહુણં? ણમો લોએ સવ્વ સાહુણં. જેટલા સાધુ જગતમાં, જૈનના હોય, અન્યના હોય, અન્ય સંપ્રદાયના હોય. એમ હશે? હોય જ નહિ એમ. આવો ઉંધો માર્ગ કેટલાક લખે છેને હમણા આવ્યું છે. કે ણમો લોએ સવ્વ સાહુણં, ણમો લોએ સવ્વ આઈરિયાણં. જૈનમાં, અન્યમાં, સંપ્રદાયમાં, જ્યાં-જ્યાં આચાર્ય

અને ઉપાધ્યાય અને સાધુ હોય. ઉપાધ્યાય તો હોય નહિ એ ક્યાં હતા? સાધુ હોય એ બધાને ગણવા પડશે કહે. અરે..! ભાઈ! તને ખબર નથી, બાપુ! આ તો સર્વજ્ઞસ્વભાવી આત્મા જે સર્વજ્ઞે જોયો, સર્વજ્ઞે અનુભવ્યો, સર્વજ્ઞે પ્રગટ કર્યો. એવો આત્મા જેને અંતરમાં સમ્યગ્દર્શનમાં ભાન આવ્યું છે, સમ્યગ્જ્ઞાન સહિતની વીતરાગતા શુદ્ધોપયોગની પ્રગટી એને અહીંયાં સાધુ કહેવામાં આવ્યા છે. આહા..હા..! આ કેવું કરે છે જુઓને. સંપ્રદાયમાં રહ્યા આવા અર્થ કરે છે લ્યો! દિલ્હીમાં એક સુશીલકુમાર એક હતાને એ એવો અર્થ કરે છે. ણમો લોએ... ક્યાં એમાં કહ્યું છે કે ણમો લોએ જૈન સાહુણં? અરે..! પણ લખ્યા નથી પણ એનો અર્થ જ એ છે કે સાધ્યતે ઈતિ સાધુ. પોતાનો પૂર્ણ આનંદસ્વભાવ, પૂર્ણ સિદ્ધ સ્વભાવ જે પરમેશ્વરે કહ્યો, વીતરાગે કહ્યો એવો બીજે ક્યાંય હોઈ શકે નહિ. આહા..હા..! પરમેશ્વર સર્વજ્ઞદેવે જે આત્મા અસંગપ્રદેશી અનંતગુણનો ધામ એવો જે આત્મા (કહ્યો) એ બીજે ક્યાંય હોઈ શકે નહિ. એવા આત્માની અંદરમાં સમ્યક્ અનુભવની પ્રતીત, સમ્યગ્જ્ઞાન અને શુદ્ધોપયોગ. સમજાણું કાંઈ? એ પંથ છે. નમો. બધાને પગે લાગે. કૂતરાને લાગે અને શું કહેવાય? જામનગરમાં છેને? વિનય. કેવા? ...પંથ. ..પંથ છે એ. પ્રણામ પ્રવજ્યા એ કહેવાય. બાવા મળે રસ્તામાં તો પગે લાગે બધા. કીધું, આ કોણ છે બાવા? પ્રણામ પ્રવજ્યાવાળા. બધાને પગે લાગે. કૂતરાને પણ લાગે અને બાવાને પણ લાગે, ગમે તે હોય જૈનનો સાધુ હોય.

મુમુક્ષુ :- બધા ભગવાન છેને.

ઉત્તર :- ભગવાન છે એ તો સ્વભાવે ભગવાન છે. પર્યાયે ભગવાન? એ તો એનો સ્વભાવ શક્તિએ ભગવાન છે. પણ પ્રગટમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કર્યા વિના ભગવાનનો માર્ગ ક્યાં છે એની પાસે? સમજાણું કાંઈ? એ તો સર્વજ્ઞ પરમાત્માના માર્ગમાં જ એ તો હોય. બીજે હોઈ શકે નહિ. આહા..હા..! અહીં તો કહે, વસ્ત્રના તાણાનો ધાગો હોય તોપણ એને મુનિપણું હોઈ શકે નહિ. કેમકે એટલો રાગ છે ત્યાં છઠ્ઠું ગુણસ્થાન હોય નહિ. હવે આવી વાત સર્વજ્ઞ વીતરાગ સિવાય બીજે હોય નહિ. એ માર્ગને અહીં કીધો શુદ્ધ ઉપયોગી. સમજ્યા? એમ તો ઘણા કહે અમે શુદ્ધ ઉપયોગમાં રમીએ છીએ. પણ શુદ્ધ કોને કહેવું એની ખબર ન મળે. જેઠાલાલભાઈ! એવો શુદ્ધોપયોગી વસ્ત્રવાળો હોઈ શકે નહિ. જૈનમાં વસ્ત્રવાળો પણ શુદ્ધોપયોગી હોઈ શકે નહિ તો વળી બીજામાં ક્યાંથી આવ્યો?

મુમુક્ષુ :- બીજામાં નગ્ન તો હોયને.

ઉત્તર :- નગ્ન તો ઘણાય બાવા ફરે છે નગ્ન. નગ્ન થયા એટલે શું થયું? આત્મા અસંખ્ય પ્રદેશી અને અનંતગુણનું ધામ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે જોયો એ આત્મા. એવો આત્મા જેને અંતરમાં અનુભવમાં લઈને પ્રતીત, જ્ઞાન અને શુદ્ધોપયોગ થયો. તેને અહીંયાં મોક્ષમાર્ગી કહેવામાં આવે છે. જેઠાભાઈ!

જુઓ, '(-શુદ્ધોપયોગીઓ) **તેમને જ મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ જાણવું (અર્થાત્ શુદ્ધોપયોગીઓ જ મોક્ષમાર્ગરૂપ છે),...**' આહા..હા..! જેને પરની દયા, દાનના વિકલ્પ મહાવ્રતના પરિણામ પણ જેને નથી. એવો જે આત્મા અંદરમાં રમતો હોય, શુદ્ધ આત્માના ઉપયોગમાં. એને જ અહીં મોક્ષમાર્ગી અને મોક્ષમાર્ગ કહ્યો છે. લ્યો એને સાધન કહ્યું છે. એ મોક્ષનું આ સાધન છે. બીજું કોઈ સાધન માનતા હોય તો તદ્દન વિપરીત છે. તદ્દન મિથ્યાત્વની મિથ્યા શ્રદ્ધા છે. કહો, પોપટભાઈ! '**તેમને જ મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ જાણવું (અર્થાત્ શુદ્ધોપયોગીઓ જ મોક્ષમાર્ગરૂપ છે), કારણ કે તેઓ અનાદિ સંસારથી રચાયેલા...**' જુઓ, હવે એ સિદ્ધ કરે છે. કે આત્મા જ અનાદિ છે, એની શક્તિ અનાદિ છે, એની પર્યાય જેણે પ્રગટ કરી છે નિર્મળ. પણ હજી પૂર્ણ નિર્મળ થઈ નથી. તેથી '**અનાદિ સંસારથી રચાયેલા...**' જુઓ, એની પાસે માર્ગ છે (છતાં) હજી અનાદિ સંસારમાં પડેલો છે એમ કહે છે. નવો નથી. સમજાણું કાંઈ? હજી મુનિને પણ જે કાંઈ થોડું બંધન છે એ કર્મ અનાદિની જાતનું છે. એનું એ કર્મ ભલે ન હોય, પણ એ અનાદિનો પ્રવાહ છે. એ પુદ્‌ગલ અને કર્મની જાત એની પાસે છે પરંપરા અનાદિની પડી છે થોડી.

એ '**અનાદિ સંસારથી રચાયેલા-બંધ રહેલા વિકટ કર્મકપાટને...**' ભાષા જુઓ, એવા મુનિને પણ હજી વિકટ કર્મકપાટ. આહા..હા..! તાળા તોડી નાખ્યા છે અહીં કપાટ. શું કહે છે? અંતર સ્વરૂપમાં રમણતા કરતા ભગવાન આત્મામાં લીનતા, આનંદમાં લીનતા કરતા '**અનાદિ સંસારથી રચાયેલા-બંધ...**' જુઓ, પાછું આત્માને પર્યાયમાં બિલકુલ બંધ ન જ હોય એમ માનતા હોય એ પણ ખોટું તત્ત્વ છે. પર્યાય અનાદિની શુદ્ધ પૂર્ણ છે એમ માને તે જૂઠા છે. અને દ્રવ્ય-ગુણ શુદ્ધ નથી એમ માને એ પણ જૂઠા છે. દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે, પર્યાયે અશુદ્ધતા પૂરી હતી. એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા અશુદ્ધતા ટાળી અને કેટલીક અશુદ્ધતા હજી રહી છે અને તેથી તેનું નિમિત્ત કર્મ પણ રહ્યું છે. કહો, આટલો અજીવનો સંયોગ, આટલી અશુદ્ધતા, શુદ્ધતાની પર્યાય પ્રગટી (અને) ગુણ, દ્રવ્ય શુદ્ધ છે. આવી દશાવંત છે. સમજાણું કાંઈ?

એ '**અનાદિ સંસારથી રચાયેલા-બંધ રહેલા...**' એમ એની વ્યાખ્યા કરી. એ '**સંસાર ઘટિત**' ઠીક. રચાયેલા. બંધ રહેલા પછી બીજો અર્થ કર્યો. '**વિકટ કર્મકપાટ...**' પાઠમાં છે જુઓ વિકટ કર્મકપાટ. નીચે છે. '**કર્મરૂપી બારણાં; કર્મરૂપી કમાડ.**' કપાટ છેને? '**તોડવાના-ખોલવાના અતિ ઉગ્ર પ્રયત્ન વડે...**' એમ. એ નિમિત્તથી કથન કર્યું છે. એને કાંઈ તોડવાની દૃષ્ટિ નથી. સ્વરૂપમાં શુદ્ધોપયોગમાં રમણતા કરે છે તેથી અનાદિના કર્મના કપાટ ત્યાં ખુલીને તૂટી જાય છે. એને તોડે છે એમ અહીંયાં કહેવામાં આવ્યું. '**વિકટ કર્મકપાટ તોડવાના-ખોલવાના અતિ ઉગ્ર પ્રયત્ન વડે...**' એને ખોલવું છે? કથન શું કરે પણ અહીંયાં? જડકર્મ થોડું બાકી છે એને ખોલવું છે? તોડવું છે? અરે..! અશુદ્ધતા થોડી છે

એને ટાળવી છે? અશુદ્ધતા આ છે એને ટાળું-એમ છે? પણ શુદ્ધ ભગવાન આત્માના આનંદમાં એટલો લીન છે કે જેને અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી અને કર્મના જે પડ્યા છે ભાવ એના કપાટ તોડી નાખે છે. એનો અહીં ઉગ્ર પ્રયત્ન અતિ આત્મામાં કરી રહ્યો છે. એ ખોલવાના અતિ ઉગ્ર પ્રયત્ન વડે.. ભાષા છે. ભાઈ! અરેરે..! કથન જુઓને. અમરચંદભાઈ! બાપુ! કઈ નયના કથન છે? એ એણે લક્ષમાં (લેવું પડશે). આ લખ્યું કહે જુઓ, કર્મને તોડવાનો પ્રયત્ન કરે છે. કર્મ તો જડ છે. જડની પર્યાય આત્મા તોડી શકે છે? સમજાણું કાંઈ? લખાણ તો આ છે. જુઓ, આ અમૃતચંદ્રાચાર્યનું લખાણ.

**'કર્મકપાટને તોડવાના-ખોલવાના અતિ ઉગ્ર...'** એ તોડવાનો અર્થ ખોલવાનું કર્યું છેને? વિઘટિત-વિઘટન... **'ખોલવાના...'** એનો અર્થ એ કે શક્તિ ભગવાન આત્મા પૂર્ણ છે એ ઉપર દૃષ્ટિ અને અનુભવપૂર્વક શુદ્ધ ઉપયોગ છે તે શક્તિ ખીલે છે અને કપાટ તૂટી જાય છે કર્મના. એને તોડે છે અતિપ્રયત્નથી એમ કહેવામાં આવે છે. આરે..! ભારે!

મુમુક્ષુ :- પુરુષાર્થનું જોર બતાવ્યું છે.

ઉત્તર :- પુરુષાર્થનું જોર પણ અહીં છે, ત્યાં તોડવામાં નથી. બહાર ખબર પણ ક્યાં છે? પોતાના આનંદમાં એટલા લીન ઉપયોગમાં છે કે કર્મના કપાટ ખુલી જાય છે, તૂટી જાય છે. સમજાય છે કાંઈ? કઈ નયના કથન છે એ જાણવું જોઈએને. શાસ્ત્રમાં નિશ્ચયના કથન હોય, વ્યવહારના કથન હોય, અસદ્ભૂતના કથન હોય, અશુદ્ધ નિશ્ચયના કથન હોય, ઘણા પ્રકારના કથન હોય. તો અહીં કહે જુઓ, **'કર્મકપાટને તોડવાના-ખોલવાના અતિ ઉગ્ર પ્રયત્ન...'** પાછા એમ. એકલો પ્રયત્ન નહિ, એકલો ઉગ્ર પ્રયત્ન નહિ. **'અતિ ઉગ્ર પ્રયત્ન વડે પરાક્રમ પ્રગટ કરી રહ્યા છે.'** પરાક્રમ પ્રગટ કરી રહ્યા છે. ભગવાન આત્મા આનંદસ્વરૂપમાં પૂર્ણાનંદ પ્રભુ છે. એટલા અંદર લીન છે, મહાપુરુષાર્થથી તે અંદર ઠરી ગયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યારે-જ્યારે જેને મોક્ષમાર્ગ પૂર્ણ થઈને કેવળ લેવું હોય એને આવું આવ્યા વિના મોક્ષ થશે નહિ. સમજાણું કાંઈ? શેઠી! બાગ-બંગલામાં રહેવા અને ખાવા-પીવામાં રહેવા અને મોક્ષનો માર્ગ થઈ જાય, કહે છે, ના, એમ નહિ થાય.

મુમુક્ષુ :- જંગલમાં જાય તોપણ....

ઉત્તર :- પણ જંગલમાં ક્યા હતો? આત્મા તો અહીં છે. ત્યાં ક્યાં જંગલમાં હતો?

મુમુક્ષુ :- ઘરમાં રહે તોપણ થાય નહિ, જાવું ક્યાં?

ઉત્તર :- પણ ઘરમાં રહે છે એ તો રાગ છે ત્યારે ઘરમાં રહ્યો છે. છોકરા-બાયડીનો રાગ છેને એટલો? સમકિતી હોય, સાચો શ્રાવક હોય તોપણ ગૃહસ્થાશ્રમમાં છે તે રાગ છે. એ રાગસહિત છે એને મુનિપણું આવશે નહિ. એ રાગને તોડશે એટલે રાગના નિમિત્તો તેને છૂટી જશે એમ અસદ્ભૂત વ્યવહારનયે કહેવાય છે. એ રાગને છોડશે એટલે કે સ્વરૂપમાં એકાગ્ર થશે ત્યારે રાગ છૂટશે અને રાગ છૂટ્યા એટલા નિમિત્તો એને છૂટી ગયા છે એમ કહેવામાં

આવે છે. બાકી ક્યાં ગરી ગયા હતા અંદર? સમજાણું કાંઈ? ભારે વાતું!

**'કર્મકપાટને તોડવાના-ખોલવાના અતિ ઉગ્ર પ્રયત્ન વડે...'** આનંદમાં અંદર ઘૂંટડા પીતા-પીતા. સમજાય છે? વનવાસી સંત છે, નગ્નદશા દિગંબર છે, અંતરમાં ઉગ્ર પુરુષાર્થથી આનંદના ઘૂંટડા પીવે છે. આહા..હા..! એને અહીંયાં સાધન તત્ત્વ કહેવામાં આવે છે. લ્યો એ ૨૭૩ પૂરી થઈ.

**'હવે મોક્ષતત્ત્વના સાધનતત્ત્વને (અર્થાત્ શુદ્ધોપયોગીને) સર્વ મનોરથના સ્થાન તરીકે અભિનન્દે (પ્રશંસે) છે :—'** મનોરથ બધા છોડીને શુદ્ધોપયોગનો મનોરથ કરવો એ કરવા જેવું છે એમ કહે છે. નિમિત્તના, ભાઈ આમાં નિમિત્તનો મનોરથ છોડી દે, આ શુભરાગનો છોડી દે. આ કરવા જેવું છે એમ કહે છે. શેઠી! આહા..હા..! **'મોક્ષતત્ત્વના સાધનતત્ત્વને (અર્થાત્ શુદ્ધોપયોગીને) સર્વ મનોરથના સ્થાન...'** શુદ્ધ ઉપયોગે જ મનોરથ કરવા જેવો છે. એ જ સાધનતત્ત્વ છે શુદ્ધ. એને અભિનંદે છે. ભગવાન આચાર્ય કહે છે કે એ પ્રશંસા લાયક છે, અભિનંદન છે. એને અભિનંદન છે. આ અભિનંદન આપે છેને બીજા? ધૂળમાંય અભિનંદન નથી એના પથરામાં, કાચમાં લટકણ કરીને આપેને .. ફલાણું કરીને. અભિનંદન છે. શું ધૂળ અભિનંદન છે? ઘણાય એમાં નાખ્યા છે. પાંદડા છે, ત્યાં ક્યાં અભિનંદન છે? આહા..હા..! પોતે પોતાનો સ્વભાવ ભગવાન પૂર્ણાનંદના નાથમાં ઢળીને શુદ્ધોપયોગપણે રમે છે એ જ મનોરથ છે અને એ જ પ્રશંસા અને એ જ અભિનંદનીય છે. એ અભિનંદન પોતે પોતાને આપે છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- શું ધૂળ આવે? બહારમાં છે ક્યાં? એ તો જડની પર્યાય છે. શબ્દની પર્યાય છે બધી. આહા..હા..! જુઓ, ૨૭૪.

**सुद्धस्स य सामण्णं भणियं सुद्धस्स दंसणं णाणं।**
**सुद्धस्स य णिव्वाणं सो चिय सिद्धो णमो तस्स।।२७४।।**
**રે! શુદ્ધને શ્રામણ્ય ભાખ્યું, જ્ઞાન દર્શન શુદ્ધને,**
**છે શુદ્ધને નિર્વાણ, શુદ્ધ જ સિદ્ધ, પ્રણમું તેહને. ૨૭૪.**

લ્યો! **'णमो तस्स'** છેને? આચાર્ય મહારાજ પણ પ્રમોદ અને આનંદની લહેરમાં આવતા. આહા..! છે ભલે વિકલ્પ ત્યાં, પણ અંદર... આહા..હા..! ભગવાન! તારા આવા માર્ગમાં જે રમે છે એ શુદ્ધોપયોગીને મારો નમસ્કાર છે. એ પોતે પોતાને નમસ્કાર કરે છે. આહા..હા..! એનો અન્વયાર્થ લઈએ. આ બધી રત્ન ગાથા છેને સ્વરૂપચંદભાઈ! સ્વરૂપચંદભાઈ આ બધી પાંચ ગાથામાં આવ્યા છે બરાબર.

મુમુક્ષુ :- ટૂંકામાં આવી જાય છે.

ઉત્તર :- ટૂંકામાં આવી જાય છે. હા. બાર અંગ અને ચૌદ પૂર્વના આ પાંચ રત્ન છે

એમાં .. આહા..હા..! એનો અન્વયાર્થ લઈએ.

શુદ્ધોપયોગી છે, આત્માના પૂર્ણસ્વરૂપનું સમ્યગ્દર્શન-જ્ઞાન અને શુદ્ધ આચરણરૂપ ઉપયોગ-શુદ્ધ ચારિત્રનો ઉપયોગ. એને શ્રામણ્ય કહ્યું છે. શુદ્ધોપયોગીને સાધુપદ કહ્યું છે. કહો, એકલું નગ્નપણું છે કે અઠ્યાવીશ મૂળગુણ છે માટે સાધુપણું એમ નહિ. એ તો બાહ્ય વસ્તુ છે. થઈ જાય ખરી, હોય ખરી. શુદ્ધોપયોગી હોય અને માથે વસ્ત્ર પડ્યા હોય, રાખ્યા હોય, કોઈ નાખી જાય એ પ્રશ્ન નથી. પણ રાખવાની બુદ્ધિએ વસ્ત્ર રાખ્યા અને પાત્ર રાખ્યા હોય અને શુદ્ધોપયોગ ચારિત્રનો આવે કે ચારિત્ર હોય એ ત્રણ કાળમાં બને નહિ. કહો, સમજાણું? આ બધું આકરું લાગે. આ સંપ્રદાયવાળાને, તમારા સંપ્રદાયને. આહા..હા..!

'**શુદ્ધને (-શુદ્ધોપયોગીને) શ્રામણ્ય કહ્યું છે,...**' ઓલો કહે ઓઘો, આ કહે નગ્નપણું, મોરપીંછી એ સાધુપણું છે. ભગવાન કહે છે કે તારા સ્વરૂપમાં રમણતાનો શુદ્ધોપયોગ હોય એને અમે સાધુપદ કહીએ છીએ. આહા..હા..! કહો, પૂનમચંદજી! શું બરાબર? આ દુનિયા સાથે મેળ શી રીતે ખાશે આ? ઓલો કહે કે મુહપતી. અમારે કહેતા એક મૂળચંદજી હતા એ. એય..! અમરભાઈ! એને બહુ પરિચય નહિ, મલુકચંદભાઈને ખરો. મોટા ખરાને એ. ધીરૂભાઈએ જોયેલાને? મુહપતી રાખે આ સાધુપણું. બાપુ! આ મુહપતી. એમ કહેતા. ત્યારે આ દેરાવાસી સાધુ એ ઓઘો એ સાધુ. આ દિગંબર સાધુ એ મોરપીંછી અને કમંડળ એ. અરે..! ભગવાન! અહીં તો પરમાત્મા કહે છે, પરમેશ્વર અને સંત પોતે કહે છે. આહા..હા..! જુઓ, આ પહેલેથી કહ્યું છેને. આ મુનિમાર્ગનો અનુભવ છે એ પ્રણેતા અમે આ ઉભા. એવો મુનિમાર્ગ છે, અમારે વર્તે છે અને એ અમે તમને કહીએ છીએ. એમ વાત કરે છે. ભગવાને કહ્યું છે માટે એમ નહિ. અમને વર્તે અને અમે તને કહીએ છીએ. આહા..હા..!

શુદ્ધ ઉપયોગીને સાધુ કહ્યા છે. પણ પહેલા કહ્યા હતાને હમણા? શુદ્ધ ઉપયોગીને મુખ્ય સાધુ અને શુભોપયોગને ગૌણ સાધુ કહ્યા હતાને? એય..! આવ્યું હતું. પહેલા આવ્યું હતુંને? ગાથામાં આવ્યું હતું લ્યો! એ તો ગૌણ ગણ્યા છે. પાછળ-પાછળ ગણ્યા છે. પણ એ આસ્રવી છે. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના, ત્રણ કષાયના અભાવના ભાવ હોવા છતાં અઠ્યાવીશ મૂળગુણ અને પંચ મહાવ્રતનો વિકલ્પ વર્તે છે માટે સાસ્રવી એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ નિરાસ્રવી સાધુ મુખ્યને ગણવામાં આવ્યા છે.

'**(-શુદ્ધોપયોગીને) શ્રામણ્ય કહ્યું છે,...**' મુનિપણું કહ્યું છે અને '**શુદ્ધ દર્શન અને જ્ઞાન કહ્યું છે,...**' એ શુદ્ધ ઉપયોગી આત્મામાં અંદર રમે તેને કેવળજ્ઞાન અને કેવળદર્શન થાય. બાકી બીજાને થાય નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગી. આત્માના શુદ્ધ આચરણમાં રમતો, ભગવાન આત્માની જે શુદ્ધ શક્તિ છે એવી જ પર્યાયમાં પ્રગટ કરીને શુદ્ધમાં રમતો આત્મામાં. આનંદ-આનંદના ઉછાળામાં, અતીન્દ્રિય આનંદને વેદતો, અનુભવતો એને કેવળજ્ઞાન અને કેવળદર્શન થાય. સમજાણું કાંઈ? ઓલો એલચીકુમાર નાચતો

હતો ત્યાં કેવળજ્ઞાન થઈ ગયું. આવે છેને કથામાં? શ્વેતાંબરમાં કથા આવે છે. 'નટડી દેખીને શું મોહી રહ્યો' ઓલો નાચતો હતો. મોટો અબજોપતિનો દીકરો હતો નટડી રૂપાળી હતી એમાં મોહ્યો. નટ કહે, પણ એ નટનો ખેલ સારો બતાવી અને રાજાને પ્રસન્ન કર તો પરણાવું, નહિતર પરણાવું નહિ. નાચવા ગયો. નાચવા ગયો ત્યાં રૂપાળી નટડીને રાજા મળેલો. એટલે ઓલો ગમે તેવો નાચ કરે તોપણ પાસ ન કરે. હવે કરવું શું? એવો ખેલ કરે એવો ખેલ. ગૃહસ્થનો દીકરો મોટો ધનાઢ્ય. નટડી રૂપાળી છે. એમાં એને વિચાર આવ્યો કે આહા..હા..!

એક મુનિ, એ કથા છે એવી. એક મુનિ દીક્ષા લેતા હતા ત્યાં. એના ઘરા નાચતો ઉપર નજર પડી ત્યાં. અને બાઈ જુવાન ૨૦ વર્ષની ફુટડી અને મુનિને આહાર આપે છે. મુનિ ઉંચી નજર કરતા નથી. ઉંચી નજર કરતા નથી. આમ એનામાં લીન ભિક્ષા માટે. આમ માથે જોવે છે. આહા..હા..! ધન્ય અવતાર તારા. આ હું નટડીમાં મોહ્યો (અને) તું આ પદ્મણી જેવી સ્ત્રીની સામું જોતો નથી. કહે છે કે એ વિચાર કરતાં દોરડા ઉપર કેવળજ્ઞાન થઈ ગયું. એ વાત સાચી છે નહિ. નાચતા તે કેવળ થાતા હશે? નાચતા સમજો છો?નાચ કરતા કેવળજ્ઞાન થઈ ગયું એમ. અરે..! ભાઈ! અહીં તો અંતર આનંદ... ત્યાં તો હજી વસ્ત્ર હોય, બધા .. હોય નીચે. ત્યાં ક્યાં? આ અંતરમાં આનંદમાં આમ જામી ગયો, ઢીમ થઈ ગયો હોય અંદર. આસન થંભી ગયું હોય, અંદરમાં લીનતા વર્તતી હોય આનંદમાં ઉગ્રતા, એવાને કેવળજ્ઞાન થાય. નાચતા-નાચતા કેવળજ્ઞાન થાય એ બધા ગપ્પા માર્યા છે. સમજાય છે કાંઈ? એય..! પોપટભાઈ!

મુમુક્ષુ :- ...મરુદેવી માતાને હાથીના હોદે...

ઉત્તર :- હાથીને હોદ્દે થઈ ગયું કેવળજ્ઞાન લ્યો! મરુદેવીમાતાને હાથીને હોદ્દે કેવળજ્ઞાન. ઋષભદેવ ભગવાનને જોવા ગયા. આહા..હા..! મારો દીકરો દુઃખી છે એમ મને લાગ્યું. આ તો કેટલા દેવો આવે છે. એમાંથી આંખના પડળ ખુલી ગયા. કેવળજ્ઞાન હાથીને હોદ્દે થઈ ગયું. અરે..! બાપા! હજી તો હવે સ્ત્રીને કેવળજ્ઞાન થઈ ગયું હાથીને હોદ્દે.

મુમુક્ષુ :- ભગવાનની માને થાયને. બીજાને થાય?

ઉત્તર :- હવે ભગવાનની મા કે દિ' હતી? એ તો એનો આત્મા જુદો, એનો આત્મા જુદો. જુદે જુદો આત્મા છે. ...

એક જણો કહેતો હતો. એક જણા કહેતા હતા હમણા નહિ? ધીરૂભાઈ છે કે નહિ? ગયા? ધીરૂભાઈ ગયા. માસ્તર. ઉગામેડી. હતા સવારમાં. ગયા હશે. ધીરૂભાઈ કહેતા હતા કે તમારા કુટુંબી છે. ધર્મનું કાંઈ ભાન નહિ, પણ કહે ભાઈ અમારી સાત પેઢીમાં હશે અમે તરી જશું. અમારે ચિંતા નથી હવે. મહારાજ પાક્યા છે અમારા. એ ઉગામેડીમાં છેને કુટુંબી. ત્યાં ભાઈ છેને ધીરૂભાઈ. આ વજુભાઈના જમાઈ. હમણા હતા સવારે હતા. એ કહે એ લોકો એમ કહે છે. સાત પેઢીમાં જો અમે આવીશુંને તો અમે તરી જઈશું. મહારાજ પાક્યા

છે અમારા કુટુંબમાં હવે અમારે શું? એમ હશે? કોકને લઈને તરતા હશે? ... કેવળજ્ઞાન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને કેવળ થયું. ભારે કેવળજ્ઞાન ભાઈ! એ સાંભળી છે કે નહિ વાત આવી? એક આ જૂના માણસે બધું સાંભળ્યું હશે કે નહિ ઘણું? આહા..હા..! અરે..! બાપુ! કેવળજ્ઞાન તે શું ચીજ છે ભાઈ! એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન પ્રત્યક્ષ થઈ જાય. આહા..હા..! કહે છે કે એ તો મુનિ નગ્ન હોય અને અંતરમાં અનુભવની દૃષ્ટિ ને જ્ઞાન ને વીતરાગતા વર્તતી હોય, એ શુદ્ધોપયોગમાં રમતા હોય એને કેવળજ્ઞાન થાય. આહા..હા..! શેઠી! આહા..હા..! માળા ક્યાંકનું ક્યાંક લગાવી દે. એક જણો ખાતો-ખાતો કહે, કેવળજ્ઞાન થઈ ગયું. ભાઈ એવું આવે છે. એક સાધુ નથી આવતો? .. કેવો કાંઈક? પોતે અપવાસ નહોતા કરી શકતા. પછી સમજ્યાને એક નામ આવે છે શ્વેતાંબરમાં. કથામાં હોં. મૂળ પાઠમાં .. પછી સંવત્સરીનો દિવસ. સંવત્સરીનો દિવસ. ખાવાનું લઈ આવ્યા. એમાં પછી બીજા સાધુ થૂંકે. એ સાધુ થૂંકતા હશે પાછા. એવો આહાર કરતાં-કરતાં કેવળજ્ઞાન થઈ ગયું લ્યો!

મુમુક્ષુ :- ..આસાન થઈ ગયું.

ઉત્તર :- આ સસ્તુ અને આસાન છે કેવળજ્ઞાન. બાપુ! પણ હવે વિકાર.. મુનિ જેવા હોય એને સંવત્સરીને દિ' આહાર લાવવો અને પાછા ઓલા થૂંકે બીજા સાધુ. એવા સાધુ હોય? હાથમાં પાત્ર. પાત્ર ક્યાં હતું? મુનિને પાત્ર જ હોય નહિ તો આહાર લાવે ક્યાંથી? આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાત બહુ આવે છે.

અહીં તો કહે છે કે નગ્નમુનિ હોવા છતાં, વસ્ત્રનો ધાગો ન હોવા છતાં, જો અંદર સમ્યગ્દર્શન ને જ્ઞાન ને ચારિત્રની ઉપયોગતા શુદ્ધ ન હોય તો એનું કલ્યાણ થાતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વસ્તુની વાત છે. વસ્તુનો સ્વભાવ એવો છે. ભગવાને કીધું છે એ તો વસ્તુનો સ્વભાવ કહ્યો છે. કાંઈ ભગવાને કર્યું છે? લાવ હું આનું કરી દઉં તને આ પ્રમાણે. એવું જાણ્યું છે એવું કહ્યું છે, બાપા! જેને આત્મા અંતરમાં... બાહ્ય નગ્નદશા જ હોય હોં એને દિગંબર દશા. એવો અંતરમાં રમતો હોય આનંદમાં કેલી કરતો હોય. એવા શુદ્ધ ઉપયોગને કેવળજ્ઞાન અને કેવળદર્શન થાય. બીજાને થાય નહિ અને શુદ્ધને નિર્વાણ હોય. એ સિદ્ધ છે એમ કહેશે એ તો પછી. સિદ્ધ હોય છે.. છેને? નિર્વાણ કીધુંને પહેલું? સિદ્ધ તે શુદ્ધોપયોગી જ છે. શુદ્ધની રમણતા તે સિદ્ધ છે. શુદ્ધની રમણતા સિદ્ધ છે. લ્યો! આ તો ભાઈ! ચારિત્ર આવ્યું ત્યાં કહે છે. સિદ્ધમાં ચારિત્ર છે કે નહિ? સ્વરૂપની રમણતા એ જ ચારિત્ર. બીજું (શું)? ચારિત્ર સિદ્ધમાં પણ છે. આહા..હા..! એવી તકરાર છેને અંદર બે? એક જણો કહે કે છે, ઓલો કહે કે નથી. એય..! વાંધા તકરારના. કૈલાસચંદજી કહે સિદ્ધમાં ચારિત્ર ન હોય, ઓલો વળી કહે કે હોય. ભાઈ! બાપુ! આત્મા અંતરમાં રમતા ચારિત્ર પ્રગટ્યું અને સ્થિરતા થઈ એ સ્થિરતા સિદ્ધમાં પણ હોય છે. વીતરાગની પરિણતિ

થવી તે ચારિત્ર એ સિદ્ધમાં પણ હોય છે. સમજાણું કાંઈ? **'तस्मै नमः'** આચાર્ય કહે ઓહો..! આવી દશા, આવો ભાવ, આવી રમણતાની દશા **'નમસ્કાર હો.'** આહા..હા..! અમે પણ તે કરવાના અભિલાષી છીએ. એમાં જ જવાના છીએ એમ કહે છે.

**'ટીકા :- પ્રથમ તો,...'** જુઓ, **'तावत्'** શબ્દ પડ્યો છેને? **'यत्तावत्'** **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના યુગપદપણારૂપે પ્રવર્તતી એકાગ્રતા જેનું લક્ષણ છે એવું જે સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય, તે 'શુદ્ધ'ને જ હોય છે;...'** સાધુની વ્યાખ્યા કરી. સાધુ કેવા હોય? કે સમ્યગ્દર્શન—નિર્વિકલ્પ આનંદની પ્રતીતિનું ભાન, સમ્યગ્જ્ઞાન—જ્ઞાનનું વેદન એવું જ્ઞાન અને ચારિત્ર—સ્વરૂપમાં વીતરાગી રમણતા એ ચારિત્ર. એને યુગપત્—ત્રણે એક સાથે હોય છે. મુનિને ત્રણે **'યુગપદપણારૂપે પ્રવર્તતી...'** શું પ્રવર્તતી? **'એકાગ્રતા જેનું લક્ષણ છે એવું જે સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય,...'** એવી એકાગ્રતા જેનું લક્ષણ છે. **'એવું જે સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય, તે 'શુદ્ધ'ને જ હોય છે;...'** કહો, સમજાણું કાંઈ?

સાધુપદ હોવા છતાં, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોવા છતાં, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ વર્તતા હોય તેને પણ કેવળજ્ઞાન થાય નહિ. આહા..હા..! શ્રાવક અને સમકિતીની તો વાત શું કરવી? મિથ્યાદષ્ટિ છે એને તો હતું જ ક્યાં કાંઈ? સમજાણું કાંઈ? વિકલ્પથી લાભ થાય એવા માનનારા તો મિથ્યાદષ્ટિ છે. પંચ મહાવ્રતના વિકલ્પ આદિથી મને લાભ થાય એ તો મિથ્યાદષ્ટિ. એને તો કાંઈ અંશે વ્યવહાર પણ નથી અને નિશ્ચય પણ નથી. સમજાણું કાંઈ? જેને રાગાદિ પરમાંથી સુખબુદ્ધિ ઉડી ગઈ છે અને ભગવાન આત્મામાં જેને આનંદબુદ્ધિ-સુખબુદ્ધિ પ્રગટી છે. આહા..હા..! એવું સમ્યગ્દર્શન. અને એવું આત્માનું જ્ઞાન. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવે આનંદસ્વરૂપ કહ્યું તેનું જ્ઞાન, આનંદનું જ્ઞાન. અને તેની રમણતા-આનંદમાં લીનતા. આહા..હા..! ચરવું. એ આનંદનું ભોજન કરે મુનિ. આહા..હા..! શેઠી! આનંદના ભોજન કરનારા મુનિ શુદ્ધોપયોગીને સાધુપણું કહેવામાં આવે છે. આહા..હા..! અહીં તો જરી આ ઠીક મળે તો ખુશી થાય, આ ઠીક મળે. માળા! ક્યાં તારી વાત છે? સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે એવી ત્રણની એકાગ્રતા(રૂપ) દશા. એ જેનું લક્ષણ. **'એવું જે સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય,...'** સાક્ષાત્ સાધુપણું તે શુદ્ધ ઉપયોગીને જ હોય છે. સમજાણું કાંઈ? હવે કેવળજ્ઞાન અને કેવળદર્શનની વ્યાખ્યા કરે છે. એક સમયમાં ભૂત, વર્તમાન અને ભાવી **'સમસ્ત ભૂત-વર્તમાન-ભાવી વ્યતિરેકો સાથે મિલિત...'** વ્યતિરેક એટલે પર્યાય. સમસ્ત ભૂતની પર્યાય અનંતી દ્રવ્યની, વર્તમાનની અનંતી અનંતાગુણની અને ભાવીની અનંતી. વ્યતિરેકો એટલે પર્યાયો સાથે **'મિલિત (મિશ્રિત), અનંત વસ્તુઓના અન્વયાત્મક જે વિશ્વ...'** અનંત પદાર્થના સાતે તે... તે... તે... તે... તે... આ પર્યાય સાથે રહેતું. **'અનંત વસ્તુઓના અન્વયાત્મક જે વિશ્વ તેના (૧) સામાન્યના અને (૨) વિશેષના પ્રત્યક્ષ**

**પ્રતિભાસસ્વરૂપ...**' આહા..હા..! એવું જે ત્રણ કાળ, ત્રણ લોકના દ્રવ્ય-ગુણ-પર્યાય. એ પર્યાયો અન્વય દ્રવ્ય-ગુણસહિત. લ્યો ત્રણે થઈ ગયા. જેના દર્શનમાં અને જ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોકને હસ્તામલની પેઠે દર્શનથી દેખે છે અને જ્ઞાનથી પ્રત્યક્ષ પ્રતિભાસ થાય છે એવું દર્શન અને જ્ઞાન શુદ્ધોપયોગીને હોય છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. દેવ થઈ જાય દેવ. સમયમાં દિવ્ય શક્તિ પ્રગટી. એવો આત્મા કેવળજ્ઞાન અને કેવળદર્શન ત્રણ કાળના, ત્રણ લોકના પર્યાયો ભિન્ન-ભિન્ન સમય-સમયની અવસ્થા અને એની સાથે રહેલું દ્રવ્ય-ગુણ અન્વય તે બધાનું જ્ઞાન. એટલે દર્શન એક સમયમાં પૂર્ણ દેખે અભેદ તરીકે અને જ્ઞાનમાં ભિન્ન-ભિન્ન સમયની પર્યાયને ગુણ-દ્રવ્ય આદિ દેખે, જાણે એવું જે જ્ઞાન. જુઓ, આ અસ્તિત્વ આટલું. કેવળદર્શન અને કેવળજ્ઞાનનું આવડું અસ્તિત્વ તે શુદ્ધ ઉપયોગીને પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? છે કે નહિ એમાં એ?

મુમુક્ષુ :- જલ્દી જલ્દી કહો છો, ધીમે ધીમે નથી કરતા.

ઉત્તર :- ધીમે ધીમે તો કરીએ છીએ. કહ્યુંને. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં દર્શન અને જ્ઞાન ત્રણ કાળ, ત્રણ લોકની ભિન્ન-ભિન્ન અવસ્થાવાળા ષટ્ દ્રવ્યગુણ એને એક સમયમાં દેખે અને એક સમયમાં જાણે. એવું દર્શન અને જ્ઞાન એટલે કેવળદર્શન અને કેવળજ્ઞાન, પરમાત્મદશાની પ્રાપ્તિ એ શુદ્ધોપયોગીને હોય છે. સમજાણું કાંઈ? ગૃહસ્થાશ્રમમાં કેવળજ્ઞાન થાતું નથી. આહા..હા..! ભરત રાજાને પણ ગૃહસ્થાશ્રમમાં થયું નહોતું. એ બધું છૂટી ગયું હતું બહારથી. દાગીના, વસ્ત્રરહિત નગ્ન રહ્યા હતા. એમાં અંદર ધ્યાનમાં ચડ્યા શુદ્ધ ઉપયોગે ત્યારે કેવળજ્ઞાન થયું હતું.

મુમુક્ષુ :- અરિસાભવનમાં થયું.

ઉત્તર :- અરિસાભવનમાં એ અરિસાભવનને લઈને થયું નહોતું. આહા..હા..! આવે છેને દ્રવ્યસંગ્રહમાં કે ભાઈ બે ઘડીનો અંદર ત્યાગ હતો નવ-નવ કોટીએ. મન, વચન અને કાયાએ, કરણ, કરાવન, અનુમોદનથી બધું છૂટી ગયું. નગ્નદશા અરિસાભવનમાં અને અંદરમાં શુદ્ધ ઉપયોગની રમણતા થઈ ત્યારે કેવળજ્ઞાન થયું. ભરતને અંદર દાગીના બે પડ્યા હતા, વસ્ત્ર પડ્યા હતા અને કેવળજ્ઞાન થાય? મુનિપણું ન થાય તો કેવળજ્ઞાન ક્યાંથી થતું હતું?

મુમુક્ષુ :- બે મત છે.

ઉત્તર :- બે મત નહિ, એક જ મત છે આ તો. બાકી બીજો મત છે ખોટો. કહો, શેઠી! ભરતને કેવળજ્ઞાન થયું લ્યો! 'ભરતજી ઘરમાં વૈરાગી' સમજ્યાને? પછી? એ હોય છે. પણ છતાં પાછું એમ કહે છે કે એને કેવળજ્ઞાન થયું અને પછી ઈન્દ્રો આવ્યા, પગે ન લાગ્યા. પહેલા માણસો પગે ન લાગે. વેશ જોઈએ, એને પણ વેશ જોઈએ. અમારી દીક્ષામાં એ ગાયું હતું. ૫૬ વર્ષ થયા. માગશર સુદ નોમે દીક્ષા થઈને. હાથીને હોદ્દે ધામધુમ કરી.

દીક્ષા થઈ પછી સાંજે ગાયું લોકોએ. ભરતને આ પ્રમાણે થયું. 'ઓઘો અને મુહપતી દીધા દેવે' એવું આવે છે હોં. ઓઘો અને મહુપતી દેવે આપ્યા. ત્યારે વંદનીય થયા. એ ઓઘો, મુહપતી કેવળીને જોતા હશે? આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

અંતરના રમણતાના વીતરાગભાવ જ્યાં પ્રગટ્યા, ત્યાં બાહ્યની ચીજનો એને વસ્ત્ર-પાત્ર આદિ સંયોગ હોઈ શકે નહિ. ત્રણ કાળમાં ન હોય. આહા..હા..! એવી દશામાં કહે છે કે એક સમયને પકડીને દર્શન અને જ્ઞાન થયું અંદર. આહા..હા..! સાચા મુનિ હોય, પણ હજી અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પમાં વર્તતો હોય એને કેવળ ન થાય. તો ખોટા મુનિને તો સમ્યગ્દર્શન પણ ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે **'સમસ્ત ભૂત-વર્તમાન-ભાવી...'** જુઓ, સમસ્તમાં કોઈ બાકી રહી ગયું? ભગવાને છેલ્લી કઈ પર્યાય દીઠી હશે આત્માની? ભાળ્યું છેને? ભગવાને બધું ભાળ્યું હોય તો છેલ્લી પર્યાય ભગવાને કઈ દીઠી? નવનીતભાઈ! પણ છેલ્લી પર્યાય કે દિ' હતી? આવા ગપ્પા મારે છે માળા! એમ ને એમ પર્યાય જે છે... છે... છે... છે... છે... ભાવિ અનંતકાળ સુધી... છેલ્લી તો પછી પર્યાય નથી? તો દ્રવ્ય પણ ન રહ્યું. પર્યાય વિનાનું દ્રવ્ય હોઈ શકે નહિ. હજી તો સાચી વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા ન મળે. કેવળજ્ઞાનીએ એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા? કહે ના. એ જોયા નથી. સામાન્યપણે જોયા.

અહીં તેથી કહે છે **'સમસ્ત ભૂત-વર્તમાન-ભાવી... '** પર્યાયોને. તો ભાવી પર્યાય જોઈને ભગવાને? શેઠી! પણ ભાવી છેલ્લી આખિરની કઈ પર્યાય દ્રવ્યની? ભગવાને બધું ભાળ્યું કે નહિ? તો છેલ્લી પર્યાય કઈ? ભગવાને લોકાલોક ભાળ્યા કે નહિ પ્રત્યક્ષ? તો આકાશનો પ્રદેશ આમ છેલ્લો ક્યો? પણ ક્યાં હોય? માળા સાંભળને! હવે છેલ્લો ક્યો? તને ભાન ન મળે. આહા..હા..! અપરિમિત આકાશ એમ ને એમ છે... છે... છે... છે... છે... છે તેવું તેથી જાણ્યું અને કાળ પણ એમ ને એમ છે... છે... છે... છે... એ રીતે બધું જાણ્યું. આહા..હા..! હજી તો કેવળદર્શન અને કેવળજ્ઞાનના શ્રદ્ધાના ઠેકાણા ન મળે એને સમકિત ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? એ તર્ક બહુ ઉઠે લોકોને. અત્યારે એવા તર્ક લાવે છેને.

આ એક ઓલું આવ્યું હતું ઓલામાં નહિ? કૈલાસચંદજીનું નહોતું આવ્યું કાલે? કે આ ક્રમબદ્ધને ના પાડવા તો સર્વજ્ઞને ઉડાવ્યા માળે કહે. કાલે આવ્યું હતું જૈનસંદેશમાં આવ્યું હતું.

મુમુક્ષુ :- ક્રમબદ્ધનો લોપ કરી દીધો.

ઉત્તર :- લોપ કરી દીધો.. અરે..! ભગવાન! સર્વજ્ઞ એટલે? બાપુ! ત્રણ કાળ, ત્રણ લોક એક સમયમાં જાણે. ભાઈ! એનું નામ સર્વજ્ઞ. એમાં કાંઈ જાણ્યા વિના રહે નહિ. સામાન્ય જાણે અને વિશેષ ન જાણે ભેદ પાડીને વિશેષ જાણે તો તો ભવિષ્યની પર્યાય પણ તે

સમયે છેલ્લી છે એમ જાણવી, પણ છેલ્લી હતી કે દિ'? દ્રવ્યની અનાદિની પર્યાય છે અને અનંતકાળ સુધી રહેશે. એમ ભગવાને જ્ઞાનમાં જાણ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! હજી મૂળ દેવની શ્રદ્ધાના ઠેકાણા ન મળે.

અહીં તો કહે છે '**સમસ્ત...**' સમસ્ત કીધું છેને? ભાવીની સમસ્ત પર્યાય, ભૂતની સમસ્ત પર્યાય, વર્તમાન સમસ્ત પર્યાય ત્રણેને જાણે કે નહિ? કે કાંઈ ન જાણે એવું રહી જાય એને? તો તેથી એમ કહે છે કે જો જાણે તો કહી દેને મારી છેલ્લી પર્યાય છેલ્લા ભવની? પણ છેલ્લું કે દિ' હોય? સાંભળને માળા. આ શું પૂછે છે? આહા..હા..! દ્રવ્ય અનાદિ-અનંત, એની પર્યાય પણ અનાદિ-અનંત. અનંતને અનંત રીતે ભગવાને જાણ્યું. અનંતને અંત જાણ્યું? સમજાણું કાંઈ? જે અનંત છે કાળ અને અનંત છે આકાશ એમ. એમ અનંતને અનંત જાણ્યું. જેમ છે તેમ જાણ્યું. અનંતમાં અંત જાણે તો એ જ્ઞાન સાચું કહેવાય? શેઠી! આહા..હા..! વાત તો એ છે કે આ ક્રમબદ્ધ પર્યાય ઉડાડવી છે. એને માટે સર્વજ્ઞને ઉડાવ્યા અને એને માટે (કહે કે) પર્યાય ભવિષ્યની દેખી હોય તો અમને કહે નહિ ભગવાન? એ બધું મૂળ તો ઉડાડ્યું આખું. આત્મતત્ત્વ આવી પૂર્ણ પર્યાયવાળો હોય એ ઉડાવ્યું એટલે આત્મતત્ત્વની શ્રદ્ધાના ઠેકાણા ન મળે, દેવના ઠેકાણા ન મળે. ગુરુ એ માને છે એ પ્રમાણે એના ગુરુના ઠેકાણા ન મળે. શાસ્ત્ર કહે છે એટલે શાસ્ત્રના ઠેકાણા એના ન મળે. ત્રણેની શ્રદ્ધાથી ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**સમસ્ત ભૂત...**'ની. એટલે ગયા કાળની પર્યાય બધી જાણી? તો પહેલી કઈ પર્યાય હશે ભૂતમાં-ગયા કાળમાં? ગયા કાળમાં દ્રવ્યની પહેલી પર્યાય કઈ? પણ પહેલી કે દિ' લાવે? પહેલી હોય તો એના પહેલા પર્યાય નહોતી? છે... છે... છે... ને છે. કહો, બરાબર છે એમાં જેઠાલાલભાઈ? બાપુ! કેવળજ્ઞાન સમજવું એ મહા અલૌકિક વાત છે. આહા..હા..! એ જીવતત્ત્વની પર્યાયની પૂર્ણતા, મોક્ષતત્ત્વની પ્રતીત ત્યારે કહેવાય. સમજાણું કાંઈ? એક સમયમાં ભગવાન સમસ્ત આદિ વિનાનો જે કાળ એને એમ જાણ્યું, અંત વિનાનો કાળ એમ જાણ્યું. કોઈ જાણ્યા વિનાનું કામ બાકી રહ્યું નથી. માટે જાણ્યું માટે ત્યાં અંત આવી જાય? સમજાણું કાંઈ? આ અલોક છે લ્યો ખાલી. આકાશ... આકાશ... આકાશ... આકાશ... આકાશ... છે... છે... છે... છે... છે... છે... છે... છે... એમ ચાલ્યું જશે. ક્યાંય નથી એમ થાશે? એ તો અગમ્ય વસ્તુ છે. આકાશના પ્રદેશમાં છે... છે... છે... છે... છે... અનંતા... અનંતા... અનંતા... જોજન અનંતા ક્રોડાક્રોડ કર્યે જાવ તોપણ છે... છે... આવશે. ક્યાંય નથી એમ નહિ આવે. તો નથી એમ નહિ આવે તો છે, છે અને છે એવું ભગવાને જાણ્યું. એટલે પછી છેલ્લો આકાશનો પ્રદેશ ક્યો એ આવ્યો જ ક્યાં તારા કુતર્કમાં? સમજાય છે કાંઈ? એ બધા કુતર્ક છે સત્‌ને તોડી નાખવાના. બાપુ! એમ ન થાય. ભાઈ! તને ખબર નથી. આહા..હા..!

અહીં તો આચાર્ય પાઠમાં આટલું લીધું અને સ્પષ્ટ કર્યું આચાર્ય અમૃતચંદ્રાચાર્ય મહારાજે. જુઓ, દિગંબર મુનિ હતા, સંત હતા. એ કહે છે કે અમને કેવળજ્ઞાન કેવું થશે, એમાં કેવું જણાશે, એ અમને શુદ્ધ ઉપયોગથી પ્રાપ્ત થશે એવી અમને પહેલેથી પ્રતીત છે. સમજાણું કાંઈ? સમસ્ત ગયા કાળની પર્યાયો. વ્યતિરેક એટલે પર્યાયો. અને અન્વય એટલે દ્રવ્ય અને ગુણ. અને વર્તમાન બધી અનંતી પર્યાયો અનંતાગુણોની છેને? અવસ્થાઓ. અને ભાવી અનંતી પર્યાયો. એની **'સાથે મિલિત, અનંત વસ્તુઓના અન્વયાત્મક...'** વસ્તુ એની સાથે સંબંધવાળી છે. વિશેષ સામાન્ય સાથે સંબંધવાળી છે એમ કહે છે.

એવા **'જે વિશ્વ તેના (૧) સામાન્યના અને (૨) વિશેષના પ્રત્યક્ષ પ્રતિભાસસ્વરૂપ...'** ભગવાનના જ્ઞાનમાં, દર્શનમાં પ્રત્યક્ષ બધું જણાય છે. આહા..હા..! અરે..! એવી પ્રતીત કરવા જાય ત્યાં એને આત્મા તરફની દૃષ્ટિ નિર્વિકલ્પ થાય એમ કહે છે. હા પાડ. 'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।' ભગવાનના દ્રવ્ય, ગુણ અને પર્યાય જાણે એ આત્મા તરફ ઢળીને એને સમ્યક્ થાય અને મોહ ટળ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? ૮૦મી ગાથામાં આવી ગયું છે.

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।**

મિથ્યાત્વ તેનો નાશ થાય. આ રીતે પણ કેવળજ્ઞાન અને કેવળદર્શનની પર્યાય બધાને વિશેષ સામાન્યને એક સમયે જાણે. તેવો ભાવ તે શુદ્ધોપયોગીને પ્રગટ થાય છે. બીજાને થાતો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧, ગુરુવાર, તા. ૧૪.૦૮.૧૯૬૯**
**ગાથા-૨૭૪-૨૭૫, પ્રવચન-૨૩૫**

પ્રવચનસાર. ચરણાનુયોગસૂચક ચૂલિકા. ૨૭૪ ગાથા. ટીકા એની ફરીને. બે બોલ આવી ગયા છે. આ ગાથા શું છે? શુદ્ધ ઉપયોગ જ સર્વ કાર્યનું સાધન, સર્વ મનોરથનું સ્થાન છે. મનોરથ તો જ્ઞાનીના એ હોય, ચારિત્ર, શુક્લધ્યાન, કેવળજ્ઞાન પ્રાપ્તિ એ ધર્મીના મનોરથ હોય છે. એ બધા મનોરથના કાર્યનું કારણ, સાધન શુદ્ધોપયોગ છે.

મુમુક્ષુ :- શુદ્ધ ઉપયોગીને સાધન બીજું?

ઉત્તર :- દ્રવ્યનું લક્ષ એ સાધન. શુદ્ધ ઉપયોગનું સાધન જોઈએને. આત્મામાં એક કરણ

નામનો ગુણ છે ત્રિકાળી. આત્મામાં કરણ નામનો ગુણ છે એ શુદ્ધ ઉપયોગનું સાધન. સમજાણું કે નહિ?

મુમુક્ષુ :- બધાયને લાગુ પડે.

ઉત્તર :- બધાને લાગુ પડે. બધાને એ જ લાગુ પડે. માટે એ જ કહે છેને. એ જ લાગુ પડે. આત્મા અનંત ગુણ ધ્રુવ ચૈતન્યમૂર્તિ એમાં એક કરણ-સાધન નામનો ગુણ અનાદિ-અનંત છે. દ્રવ્યનો આશ્રય કરતા એ કરણગુણ સાધન થઈને શુદ્ધ ઉપયોગ થાય અને એ શુદ્ધ ઉપયોગમાં આગળ વધીને તે સાધન થઈને શુક્લધ્યાન થાય અને એના પરિણામમાં એને કેવળજ્ઞાન થાય. ત્યારે કહે અહીં આ વસ્તુ હોય તો બીજે ક્યાં હોય ત્યાં?

એ કહે છે જુઓ, **'પ્રથમ તો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના યુગપદપણારૂપે પ્રવર્તતી' 'એકાગ્રતા જેનું લક્ષણ છે એવું જે સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય, તે 'શુદ્ધ'ને જ હોય છે;...'** સમજાણું કાંઈ? અશુદ્ધ ઉપયોગમાં હોય નહિ, તેમ શુભ ઉપયોગથી સાધુપણું હોઈ શકે નહિ એમ સિદ્ધ કરવું છે અહીં. જુઓ, સમ્યગ્દર્શન પણ શુદ્ધોપયોગના સાધનથી શુદ્ધ ઉપયોગનું ધ્યાન હોય એમાં સમ્યગ્દર્શન થાય છે. સમજાણું? અને સમ્યગ્જ્ઞાન પણ શુદ્ધોપયોગથી જ થાય છે અને સમ્યક્ ચારિત્ર પણ શુદ્ધ ઉપયોગથી જ થાય છે. હીરાલાલજી!

મુમુક્ષુ :- શુદ્ધને જ થાય?

ઉત્તર :- શુદ્ધ ઉપયોગીને જ થાય. સમજાણું કાંઈ? આખા શાસ્ત્રનો સાર છે. સ્વરૂપચંદભાઈ કહે છેને કે ભાઈ આ બધો પાંચ ગાથામાં શાસ્ત્રનો સાર આવી જાય છે. માટે આવ્યા છે એમ કહે છે. .. એ આવ્યુંને બરાબર ટાકણે?

મુમુક્ષુ :- નસીબવાળા છે.

ઉત્તર :- ભાગ્યશાળીને બધું સામું આવે. બાર અંગ, ચૌદ પૂર્વ અને કેવળજ્ઞાન, સર્વ શાસ્ત્રનો સાર પ્રાપ્તિ કરવા માટે આ પાંચ ગાથાઓમાં આ શુદ્ધ ઉપયોગ એ બધું સાધન છે કહે છે. વ્યવહારરત્નત્રયના વિકલ્પો એ સાધન નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! ભગવાન આત્મા સમ્યગ્દર્શનને પામવાકાળમાં પણ શુદ્ધોપયોગમાં જ તે પમાય છે. સમજાણું કાંઈ? **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** આવે છેને. દ્રવ્યસંગ્રહ. ૪૭ ગાથા. ૪૭ અમારી ભાષા. તમારે? ૪૭ તમારી ભાષા. ૪ અને ૭. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** ધ્યાનમાં એટલે અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, અંતરના ધ્યાનમાં ચૈતન્યને ધ્યેય કરીને શુદ્ધ ઉપયોગ એકાગ્ર થાય. શુભ નહિ, અશુભ નહિ, વિકલ્પ નહિ. એવા શુદ્ધ ઉપયોગમાં નિશ્ચયરત્નત્રય પમાય છે. બાકી રાગ રહે છે એને વ્યવહાર કહેવાય છે, એ પણ ધ્યાનના કાળમાં પામતા રાગ બાકી રહે વ્યવહાર કહેવાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાથે '**णियमा**' એમ કીધું છેને? '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी**' એમ શબ્દ છે. આહા..હા..! ભગવાન આત્મા ધ્યેય બનાવીને દૃષ્ટિ અને જ્ઞાનની પર્યાય ત્યાં સ્થપાય, એકાકાર થાય ત્યારે ત્યાં શુદ્ધ ઉપયોગ થઈ જાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કહ્યુંને. વસ્તુ ધ્રુવ ચૈતન્ય ધ્રુવ, ધ્રુવ વજ્રબિંબ. ... છે કાંઈ. .. સિદ્ધ કરવું છેને?

પહેલા તો એક '**तावत्**' શબ્દ પડ્યો છેને? '**यत्तावत्**' મુખ્ય તો એ વાત છે કે, એમ. '**तावत्**' એટલે. સમ્યગ્દર્શન ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય નિષ્ક્રિય, રાગ વિનાની, વિકલ્પ વિનાની ચીજ તેની અંદરમાં શ્રદ્ધાનું પ્રસરવું એ સમ્યગ્દર્શન છે. એમાં જ્ઞાનનું લીન થવું તે સમ્યગ્જ્ઞાન, એમાં સ્વરૂપમાં રમણતા, આનંદમાં રમણતા, લીનતા, એકાગ્રતા એ ચારિત્ર. આ સાદી ભાષા સમજાય એવું છે. શોભાલાલજી! ગુજરાતી. પછી હમણા હિન્દી લોકો આવશે એટલે સાથે સાથે થાશે હિન્દી. કહો, સમજાય છે કાંઈ? સોમવારે છેને તમારે આ ક્લાસ. કેટલાય આવે છે માણસો. આ સોમવારે છે. કહે છે, યુગપદ્‌પણું-ત્રણેનું એક સાથે પ્રવર્તતી-વર્તતી એકાગ્રતા. પ્રવર્તતી-વર્તતી-થતી-પરિણમતી એકાગ્રતા '**જેનું લક્ષણ છે એવું જે સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય,...**' સાક્ષાત્ ચારિત્ર મોક્ષમાર્ગ સહિત સાધુપણું સાક્ષાત્ સાધુપણું મોક્ષમાર્ગનું કારણ છે.

'**મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય, તે 'શુદ્ધ'ને જ હોય છે;...**' આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ઘણા હવે એમ કહે છે કે ભાઈ ચરણાનુયોગનું સમકિત હોય એ .. શું કહેવાય? પ્રથમાનુયોગનું સમકિત હોય, એક દ્રવ્યાનુયોગનું સમકિત હોય (અને) ચરણાનુયોગનું, કથાનુયોગનું તો અહીં નહિ. ચરણાનુયોગનું. અહીં કહે છે બધી વાત સાચી નથી એટલું. દ્રવ્યાનુયોગ એટલે દ્રવ્ય જે જ્ઞાયકમૂર્તિ અખંડાનંદ તેને અંતરમાં ધ્યેય બનાવીને એકાકાર થવું તે સમ્યગ્દર્શન છે. એક જ સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શનમાં કોઈ બીજો ભેદ છે નહિ. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? એમ સમ્યગ્જ્ઞાન પણ એક જ છે. શાસ્ત્રનું ભણતર, આ લૌકિક તમારા ડહાપણ-બહાપણ બધા વકીલાતના શું કહેવાય સમજ્યાને? ડોક્ટરના, આ બીડીના, આ નવનીતભાઈના શું કહેવાય? ઈલેક્ટ્રીસિટીનો. તમારે શું ધંધો હતો? એની જે બુદ્ધિ છે તે બુદ્ધિ તો જડ અજ્ઞાન છે કહે છે. એમ શાસ્ત્રનું ભણતર પણ ખરેખર તો જડ અને અચેતન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અરે..! ભારે વાત આકરી!

મોક્ષમાર્ગપ્રકાશકમાં તો એમ કહે સામાન્ય વિશેષ, સામાન્ય કરતા વિશેષ બળવાન છે. આવે છે કે નહિ? માટે થોડું જ્ઞાન કરતાં વિશેષ જ્ઞાન કરે... એ વ્યવહારથી વાત એમ લેવાય. સમજાય છે કાંઈ? પણ ખરેખર તો ભગવાન આત્મા જ્ઞાનનો સાગર, જ્ઞાનથી લબાલબ ભરેલો.

લબાલબ શબ્દ આવે છે તમારે હિન્દી? લબાલબ. ઠસાઠસ ભરેલું. એકલું જ્ઞાનરસ. એમાં એકાગ્ર થતાં નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન થાય તે જ્ઞાન. એ શુદ્ધોપયોગમાં જ જ્ઞાન હોય છે. પછી ભલે વિકલ્પ ઉઠે, પણ એ શુદ્ધ પરિણતિ છે તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સમજાણું કાંઈ? અને ચારિત્ર. અહીં તો મોક્ષમાર્ગ સાક્ષાત્ કહેવો છેને? સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ચોથે પાંચમે હોવા છતાં એ પરંપરા મોક્ષમાર્ગ છે અથવા ઉપચાર મોક્ષમાર્ગ છે. ઉપચાર એટલે? ચારિત્ર વીતરાગતા ભળી નથી માટે. બાકી છે તો એ સમ્યગ્દર્શન-જ્ઞાન નિશ્ચય અને સત્ય અને સાચું. પણ સાચું ચારિત્ર-સ્વરૂપની રમણતાની જમવટ જામી ન હોય ત્યાં સુધી તેને સાક્ષાત્ મોક્ષમાર્ગ કહેતા નથી. આહા..હા..! એ ચારિત્ર ક્યું? આ બહારમાં વ્રત લીધાને એ ચારિત્ર નહિ. એ ચારિત્ર છે જ નહિ.

ચારિત્ર તો સ્વરૂપ આમ જ્ઞાનમાં આવ્યું અને પછી એમાં રમે-રમે, ઠરે. શાંતિના, આનંદના ઝરણા ઝરે. એવી આનંદની પ્રચુર સ્વસંવેદનની દશા, રમણતા એ ચારિત્ર. એ દર્શન, જ્ઞાન અને ચારિત્રની એકતારૂપ પ્રવૃત્તિના પરિણામ એવો જે એકાગ્રતાલક્ષણ સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત સાધુપદ જે શુદ્ધોપયોગીને જ હોય છે. જુઓ, પહેલા આવ્યું હતું એકવાર કે શુદ્ધોપયોગી શ્રમણ અને શુભોપયોગી શ્રમણ બેય સાધુ છે. પણ શુદ્ધોપયોગી સાધુ મુખ્ય છે. અને જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ થયા છે, પણ વર્તમાનમાં શુભ વિકલ્પમાં વર્તે છે, તો તે ગૌણ સાધુ, વ્યવહાર સાધુ એને કહેવામાં આવે છે. એને વ્યવહાર સાધુ કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન વિના વ્યવહાર સાધુ ન થાય?

ઉત્તર :- અરે..! સમ્યગ્દર્શન વિના વ્યવહારાભાસ .. ઠેકાણા એની તો વાત ક્યાં છે અહીં? આહા..હા..! શેઠી! એવું છે. શરૂઆતમાં પહેલા તો ભડકતા હતા. એમના દીકરા એમના ગુરુ થયા છે ખરેખર. પિતાજી સાહેબ આવો, તમે સાંભળો-સાંભળો. .. બાપુ! છે તો એવી વાત હોં! જરી લોકોને તો એવું લાગે કે આ શું છે આ પણ? વ્યવહારની તો ક્યાંય ગંધ ન મળે. કે હોને ગંધ, પણ વસ્તુમાં નથી, સ્વભાવમાં નથી. ભગવાન આત્મા અંદર ચૈતન્યનું દળ, આનંદનો કંદ એની દર્શન, જ્ઞાન અને રમણતાની સ્થિરતાની, ચારિત્રની દશા એ ત્રણની એકતાની પરિણતિ એવો સાક્ષાત્ મોક્ષમાર્ગ તે સાધુને હોય છે અને તે સાધુને શુદ્ધ ઉપયોગ હોય છે. સમજાણું કાંઈ? બાપા! જેના ફળ અનંત આનંદ છે, જેના ફળ અનંત કેવળજ્ઞાન છે. ભાઈ! એનું શુદ્ધ ઉપયોગ જ સાધન હોયને એનું. સમજાણું કાંઈ? ન કરી શકે માટે બીજો રસ્તો લેવો એમ માર્ગ નથી. અને બીજી રીતે માનવું અને મનાવવું એ તો મિથ્યાત્વનું પોષણ છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એકલો દળ છે આનંદનું દળ-દળ-પિંડ. એકલું આનંદનું ધ્રુવ સત્ત્વ છે. એને અડીને, સ્પર્શીને દર્શન-જ્ઞાન જે પ્રગટ્યું અને એમાં રમણતારૂપ પરિણતિ પ્રગટી તેને ત્રણની એકતારૂપ પ્રવૃત્તિના એકાગ્રતાલક્ષણ પરિણામ એવાને સાધુપદ સાક્ષાત્ મોક્ષમાર્ગનું કારણ

કહે છે. આ કર્યા વિના એને મુક્તિ નહિ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ તો આવો છે, પણ લોકોને બેસતું નથીને એટલે એને કહે અરર..! આ અમારા વ્રત અને તપ અમે કરીએ છીએ એને ઉડાવે છે. ભાઈ! અમે ઉડાવીએ છીએ કે ભગવાન ઉડાવે છે? શોભાલાલજી! એ તો ભરાવાની છે સભા ક્યાંક ત્યાં. મોટું લખાણ આવ્યું છે જૈનદર્શનમાં. આ એકાંત નિશ્ચયવાદમાં થતાં આ વ્રત ને તપ ને આ ક્રિયાઓને તો ધર્મ કહેતા નથી અને આ તો ઉડાવીને એકાંત થઈ જાય છે. માટે આપણે હવે કાંઈક બંદોબસ્ત કરો. કરોને ભાઈ! કોણ કરે? આહા..હા..! નવનીતભાઈ! એ મોટું લખાણ આવ્યું છે. આહા..હા..! શું કરે? બાપા! ભાઈ! તારા માર્ગ તો કોઈ જુદી જાતના છે. દુનિયા સાથે કાંઈ મેળ ખાય એવા નથી. એવો જ માર્ગ વ્યવહાર તો વિકલ્પ બંધનું કારણ છે. તે સમ્યગ્દર્શન જ્ઞાનીને આવે વ્યવહાર એ બંધનું કારણ છે. જેને સમ્યગ્દર્શન નથી, અનુભવદૃષ્ટિ નથી, એના વ્રત-તપને તો બાળવ્રત અને બાળતપ કહેવામાં આવે છે, આવશે આ હવે ગાથામાં આવશેને પુણ્ય-પાપની. એને વ્યવહારવ્રત અને વ્યવહારતપ નહિ એને.

મુમુક્ષુ :- બાળક હોય એ જ મોટું થાયને.

ઉત્તર :- બાળક થાય. બાળક એટલે અહીં મૂઢતા. બાળક એટલે નાની દશા એમ કોણ કહે છે ત્યાં? બાળક બાળપણું. એય..! આને બાળબીડી છે કે નહિ? તો બાળબીડીમાંથી મોટી બીડી થાતી હશે? આ રહ્યા એના શેઠ. શોભાલાલજી! આ તમારી બાળબીડી મોટી થાતી હશે? વૃદ્ધ થાતી હશે? એ બીડીનું નામ બાળ. એમ અજ્ઞાનીને બાળવ્રત અને તપ એનું નામ અજ્ઞાન. શેઠ! આહા..હા..! બાળ એટલે નાનું બાળક થાય અને પછી મોટો થાયને આવું હોય તો એમ કહે છે. આહા..હા..! નાનું તો એને કહીએ કે ચોથા ગુણસ્થાન, પાંચમામાં જે સમ્યગ્દર્શન નિશ્ચય ચારિત્ર આદિના સ્વરૂપમાં પ્રગટ્યું છે ઈ હજી નાનું કહીએ. એને જઘન્યભાવ કહ્યો છેને ભાઈ! આસ્રવ અધિકારે, ૧૭૦ ગાથા. જઘન્ય કહ્યું છે એમ. એ જઘન્ય પરિણમન છેને? જઘન્ય પરિણમન છે. એ જઘન્ય પરિણમનને બાળ એટલે નાની દશા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ છે એ નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય જ્ઞાન અને નિશ્ચય સ્વરૂપની સ્થિરતા ઓછી. તેથી એને જઘન્ય પરિણમન ગણવામાં આવ્યું છે. ઉત્કૃષ્ટ પરિણમન થઈ જાય યથાખ્યાત તો થઈ રહ્યું. પછી એને બંધન હોતું નથી, વિકલ્પ હોતો નથી. એ સ્થિતિ ત્યાં આસ્રવમાં વર્ણવી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે "**શુદ્ધ'ને જ હોય છે;...**' પાઠમાં શુદ્ધ શબ્દ વાપર્યો છે. શુદ્ધોપયોગી લેવો.. હવે બીજું. કહે છે કે કેવળજ્ઞાન અને કેવળદર્શન કોને થાય? કેવળદર્શન, કેવળજ્ઞાન એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને એકરૂપે દેખે અભેદપણે એવું કેવળદર્શન છે પર્યાય. અને એક સમયમાં કેવળજ્ઞાનની પર્યાય ભિન્ન-ભિન્ન જગતના પદાર્થો ભૂત, ભાવી અને વર્તમાન જ્યાં-જ્યાં જે-જે પર્યાય વિશેષરૂપે ભિન્ન-ભિન્ન પરિણમતી હોય તેવા વિશેષ પરિણતિ સહિતનું સામાન્ય

જેને દ્રવ્ય અને ગુણ. જુઓ, કહે છે. '**સમસ્ત ભૂત...**' નામ ભૂતકાળની દશા પર્યાયો. વ્યતિરેક એટલે પર્યાયો. '**ભાવી...**' ભવિષ્યની, વર્તમાન-વર્તમાન. '**વ્યતિરેક...**' એટલે અવસ્થાઓ. '**મિલિત...**' એની સાથે સંબંધવાળી મળેલી. '**અનંત વસ્તુઓના...**' અનંત પરમાણુઓ, અનંત આત્માઓ વગેરે. અનંત સિદ્ધો, અનંત નિગોદો, અનંત સ્કંધો વગેરે.

'**અનંત વસ્તુઓના અન્વયાત્મક...**' એ પર્યાય સાથે સંબંધવાળું સામાન્ય. એવી ત્રિકાળી પર્યાય સાથે સંબંધ અન્વય એટલે દ્રવ્ય-ગુણ અન્વય સાથે. એવા અન્વય સ્વરૂપ '**જે વિશ્વ...**' એવું જે આખું વિશ્વ. સમજાણું કાંઈ? નિગોદનો જીવ પણ દ્રવ્ય-ગુણથી અન્વય અને પર્યાયથી વ્યતિરેક એ પણ ભગવાનના દર્શન-જ્ઞાનમાં એક સમયમાં આવી જાય. અનંતા સિદ્ધો, દ્રવ્ય-ગુણ અન્વય અને એની પર્યાય ક્રમે-ક્રમે સિદ્ધને પણ બદલે છે. સિદ્ધને પણ પર્યાય બદલે છે. એ પર્યાયનું વ્યતિરેક જે પહેલે સમયે પર્યાય છે એ બીજે સમયે નથી. એવી અન્ય વ્યતિરેક પર્યાયસહિતનું અન્વય તે જ એનો વિષય છે દર્શન-જ્ઞાનનો. દર્શનમાં બધું એક સાથે અભેદ દેખાય. જ્ઞાનમાં ભિન્ન-ભિન્ન અને સમયની પર્યાય જે સમયે જ્યાં થવાની, જે સમયે ત્યાં ગુણમાંથી આવવાની, જે સમયે ત્યાં નિમિત્ત કેવું છે તે સાથે રહીને તેવું જ્ઞાન કેવળજ્ઞાનમાં એક સમયે સાથે થાય છે. કહો, સમજાણું કાંઈ? ક્રમબદ્ધ સિદ્ધ થઈ ગયું એમાં. શેઠી! એ હજી બોલે નહિ.

'**ભૂત...**' એટલે ગયો કાળ અનંત એની જે-જે પર્યાય ક્રમસર જ્યાં થઈ તે, વર્તમાનમાં થઈ તે અને ભવિષ્યમાં થશે તે. વર્તમાન સમયમાં પ્રત્યક્ષ બધું જાણે કેવળજ્ઞાન. એ શુદ્ધ ઉપયોગથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય એમ કહે છે. સમજાણું કાંઈ? દ્રવ્ય અનંત... દ્રવ્ય અનંત છેને? ભૂતકાળના સમય કરતા દ્રવ્ય અનંતગુણા છે. આ અનાદિથી છેને કાળ? અત્યાર સુધીનો કાળ. એના જે સમયો છે એથી અનંતગુણા તો જીવ છે. એથી અનંતગુણા પરમાણુઓ છે. એવા જે દ્રવ્યો એનું જે અન્વયપણું દ્રવ્યનું અને એની જે સમય સમયની થતી, થાય અને થશે એવી જે ભિન્ન-ભિન્ન પર્યાયો એ સહિતનું આખું વિશ્વ. આહા..હા..!

'**(૧) સામાન્યના અને (૨) વિશેષના પ્રત્યક્ષ પ્રતિભાસસ્વરૂપ જે (૧) દર્શન અને (૨) જ્ઞાન, તે શુદ્ધને જ હોય છે;...**' આહા..હા..! સમજાણું કાંઈ? આખા બાર અંગનો સાર કહે છે આ. આહા..હા..! 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો' આવે છેને છ ઢાળામાં. આ વાત છે આખા જૈનદર્શનની અને વસ્તુના સ્વરૂપની. સમજાણું કાંઈ? વ્યવહાર વચ્ચે હોય માટે વ્યવહાર પણ કાંઈક મદદ કરે શુદ્ધ ઉપયોગને અને કેવળજ્ઞાન લાવવાને-એમ છે નહિ. એવા આખું વિશ્વ તેનું સામાન્યરૂપ એટલે એકરૂપ અને વિશેષરૂપ ભિન્ન-ભિન્નરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાય, ભૂત-ભવિષ્ય-વર્તમાન ભિન્ન-ભિન્ન એને ''**(૧) સામાન્યના અને (૨) વિશેષના પ્રત્યક્ષ પ્રતિભાસસ્વરૂપ જે...**' સામાન્ય તે દર્શન, વિશેષ તે જ્ઞાન. '**તે શુદ્ધને જ હોય છે;...**' તે શુદ્ધ ઉપયોગીને કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ?

સર્વ મનોરથના કાર્યની સિદ્ધિ શુદ્ધોપયોગથી છે. આહા..હા..! એમ કહીને એમ પણ કહે છે કે ધર્મી શુદ્ધોપયોગની જ ભાવના કરે છે. શુભની ભાવના કરતો નથી. એમ કહે છે. આહા..હા..!. સમજાણું કાંઈ? લ્યો! ત્યાં સુધી તો આવ્યું હતું આપણે. પરમ દિ' નહિ? એ થોડી હોય. કાંઈ એકની એક ભાષાથી આવે? ભિન્ન-ભિન્ન ફરીને આવે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના ધ્યાન, ધ્યાતા અને ધ્યેય એવા ત્રણ પ્રકાર પણ છોડી દઈ અંતરમાં શુદ્ધ ઉપયોગમાં રમે એ શુદ્ધોપયોગીને આવું કેવળજ્ઞાન અને કેવળદર્શન થાય. કહો, સમજાણું કાંઈ? હવે નિર્વાણ. નિર્વાણ પણ શુદ્ધોપયોગીને થાય. '**નિર્વિઘ્ન-ખીલેલાં...**' એટલો અહીંયાં શબ્દ મૂકેલો. નિર્વઘ્ન-વિઘ્ન નથી હવે એને. આમ ખરેખર તો નિર્વાણ એટલે અકષાયભૂત પરિણમન થઈ ગયું એનું નામ નિર્વાણ. એટલે કષાયનો જેમાં અભાવ છે નિર્વિઘ્ન એમ શબ્દ લીધો છે. નિર્વાણ એટલે આમ શીતળીભૂત શાંતિ જે આત્માની છે એવી શીતળીભૂત શાંતિ પ્રગટ થઈ ગઈ. એવું જે નિર્વાણ એટલે કે નિર્વિઘ્ન ખીલેલા. જેમાં હવે વિઘ્ન છે નહિ. એવી ભાષા ખીલેલા. અંદરથી પ્રગટેલું. મોક્ષ નિર્વાણ પર્યાયમાં (થાય). શક્તિમાં તો પર્યાય હતી જ. એ પ્રગટ ખીલી. જેમ સમજાય છે? કમળની કળી, ફૂલની કળી એ ખીલે છેને? એ અંદરથી ખીલવાની શક્તિ રાખે તે ખીલે છે, સૂર્યથી નહિ. એમ ભગવાન આત્મા અંદર શક્તિમાં તો પૂરું કેવળજ્ઞાન શાંતિ અકષાય વીતરાગરસ એ પડ્યો છે શક્તિ. એ વીતરાગરસની વિઘ્ન વિનાની પર્યાયનું પરિણમન એને અહીંયાં નિર્વાણ કહેવામાં આવે છે. એ નિર્વાણ શુદ્ધોપયોગીને જ હોય છે. સમજાણું કાંઈ? લ્યો આમાં ઓલા શુભથી કાંઈ લાભ થતું નથી. એમાંથી કાંઈ કહો કે શુભ કરશે અને તો એનાથી પામશે. ધૂળેય શુભ કહેવો કોને પણ હજી? શુભ તો અહીં મોક્ષમાર્ગ નિશ્ચયને શુભ કીધો છે અહીં તો.

મુમુક્ષુ :- એ તો નિશ્ચય શુદ્ધ કીધો.

ઉત્તર :- નિશ્ચય શુદ્ધ, ત્યારે વ્યવહાર શુદ્ધ એ વ્યવહાર શુદ્ધ જ નથી. વ્યવહાર શુદ્ધ એટલે જે નથી એને વ્યવહાર કહેવો. વ્યવહારથી કહેવું અન્ય અપેક્ષાએ. શુભ અને અશુભ છે બેય. એ તો આવી ગયું પહેલું પુણ્ય-પાપના અધિકારમાં. કહો, સમજાણું કાંઈ? માર્ગ તો આ છે ભાઈ! અને એ સ્થિતિને અંતરમાં અનુભવ્યા વિના એને મુક્તિ થાય નહિ.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન...

ઉત્તર :- હવે સમ્યગ્દર્શન સ્વાશ્રય વિના થાય પરના વિકલ્પથી, એમ ત્રણ કાળમાં ન થાય. શુદ્ધોપયોગથી સમ્યગ્દર્શન, શુદ્ધોપયોગથી જ્ઞાન, શુદ્ધોપયોગથી ચારિત્ર, શુદ્ધોપયોગથી શુક્લધ્યાન અને શુદ્ધોપયોગથી નિર્વાણ. એવી વાત છે આકરી. કહો, શેઠ!

'**નિર્વિઘ્ન-ખીલેલાં...**' વિઘ્ન વિનાની ખીલેલી શક્તિ-દશા. '**સહજ જ્ઞાનાનંદની મુદ્રાવાળો...**' જેમાં જ્ઞાન અને આનંદ જેની છાપ છે મુદ્રા-મુદ્રા. ટ્રેડમાર્ક છે એનો. નિર્વાણમાં જ્ઞાન અને આનંદ પૂર્ણ પ્રગટે એ એનો ટ્રેડમાર્ક છે-એની મુદ્રા છે. આહા..હા..! સમજાણું

કાંઈ? '**નિર્વિઘ્ન-ખીલેલાં...**' '**निःप्रतिघविजृम्भित**' એમ છેને? '**निःप्रतिघविजृम्भित**' નિર્વિઘ્ન-ખીલેલું કહ્યું છે. બે શબ્દ જુદાં પાડ્યા છે. સંસ્કૃતમાં છેને. વિઘ્ન વિનાની નિર્વાણદશા, શીતળ દશા, વીતરાગી દશા, પરમાનંદદશા. એવી દશા ખીલેલી. સહજ જ્ઞાનાનંદની જેને છાપ છે. '**(-સ્વભાવિક જ્ઞાન અને આનંદની છાપવાળો) દિવ્ય જેનો સ્વભાવ છે...**' દિવ્ય જેનો સ્વભાવ છે. પ્રધાન જેનો ઉત્કૃષ્ટ સ્વભાવ છે. '**એવું જે નિર્વાણ, તે 'શુદ્ધ'ને જ હોય છે;...**' શુદ્ધોપયોગીને જ નિર્વાણ હોય છે. વ્યવહારરત્નત્રયવાળા, શુભવાળાને નિર્વાણ હોતું નથી. એમ સિદ્ધ કરવું છે અહીં. આખા જૈનદર્શનનો, ચૌદ પૂર્વના સારની વાત અહીં છે. એટલે આમાં કહ્યું અને એનાથી બીજી રીતે ક્યાંક કહ્યું હોય વ્યવહારથી, નિમિત્તથી. તો કહે છે કે એ વાત તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું. વસ્તુ તો આ છે. સમજાણું કાંઈ? '**એવું જે નિર્વાણ, તે 'શુદ્ધ'ને જ હોય છે;...**' શુદ્ધોપયોગીને જ હોય છે

હવે સિદ્ધ. સિદ્ધપદ-સિદ્ધપદ. '**ટંકોત્કીર્ણ પરમાનંદ-અવસ્થારૂપે સુસ્થિત આત્મસ્વભાવની ઉપલબ્ધિથી...**' અસ્તિથી ત્યાં કીધું. ઓલામાં નિર્વિઘ્ન છેને? વિઘ્ન વિનાની ખીલેલી એમ લીધું. છે તો એ પણ નિર્વાણ અને મોક્ષ. સમજાય છે? પણ એને નિર્વિઘ્ન ખીલેલી દશા આનંદ અને જ્ઞાનવાળી પૂર્ણ એવું જે નિર્વાણ એ શુદ્ધોપયોગીને હોય છે. અને સિદ્ધપદ '**ટંકોત્કીર્ણ પરમાનંદ-અવસ્થારૂપે...**' દશા. સિદ્ધદશા છેને એ એક? સિદ્ધ કાંઈ ગુણ નથી. અવસ્થા છે, પર્યાય છે. સિદ્ધમાં પણ પર્યાય હજી વળગી? ત્યાં પણ છેડો છોડ્યો નહિ? એ એમ કહે છે. મૂળ ખબર ન મળે. જૈનમાં જન્મ્યા એકલી વાતું કરવી મોટી-મોટી. આમ ને તેમા ને. આવા બધા સાંભળનારા હોય પાછા શેઠિયા. શેઠ! જુઓને આ રજનીશને કેટલી વાત? આ શું કહેવાય રજનીશ. કેટલી વાતું કેટલી? કેટલા ઢોંગ નીકળ્યા એમાંથી. વિષયાનંદમાં બ્રહ્માનંદ છે, કહો! કાળા કેર કરે ને એના પુસ્તકો છપાવે આ તમારા ચિંરજીવી. એ છપાવવાના તો પૈસા આપેને. એનો અર્થ તો એ થયોને. એય..!

મુમુક્ષુ :- દાન દેનાર..

ઉત્તર :- દાન દેનાર પણ ... પણ દાન દેનાર ઝેર ખાઈને મરશે કે એનું ભાન નથી એને? માણસ પૈસા લઈને હમણા જાશે માછલી લેવા. દાનનો વિચાર કરતો હોય કે નહિ? આ દાનના પૈસા આપ્યા આઠ આના. હમણા એ કરશે માછલીની જાળ. આ કોણ છે એટલી ખબર નથી એને? શેઠ!

અહીં કહે છે ઓહો..! '**ટંકોત્કીર્ણ પરમાનંદ-અવસ્થારૂપે સુસ્થિત...**' આહા..હા..! એવા '**આત્મસ્વભાવની ઉપલબ્ધિથી...**' અહીં છે. ભગવાન આત્માની પ્રાપ્તિ. એને મુક્તિ કીધી છેને? સિદ્ધ કીધું છેને? આત્મા જેવો છે એવો પર્યાયમાં પ્રાપ્ત નિર્મળદશા પૂર્ણ થાય એને પરમાત્મા અને સિદ્ધ ભગવાન કહેવાય છે. એ સિદ્ધપદ પણ શુદ્ધ ઉપયોગીથી થાય. સમજાણું કાંઈ? જુઓને આચાર્યે પાંચ રત્ન ગાથા ગોઠવી છેને. '**ટંકોત્કીર્ણ પરમાનંદ-**

**અવસ્થારૂપે...**' એમ પાછી પ્રગટી-પ્રગટી આમ. શાશ્વત એ દશા રહેવાની. એવી '**સુસ્થિત આત્મસ્વભાવની ઉપલબ્ધિથી...**' પર્યાયમાં '**ગંભીર એવા જે ભગવાન...**' ઉપલબ્ધિથી ગંભીર. આહા..હા..! એની સિદ્ધપદની દશા ઘણી ગંભીર... ઘણી ગંભીર... ત્રણ કાળ, ત્રણ લોક, અનંતા સિદ્ધો, અનંતા કેવળીઓ એની પર્યાયમાં જણાય. એટલી મોટી ગંભીર પર્યાય છે. એટલો જ અનંત બેહદ જ્યાં આનંદ છે. સમજાણું કાંઈ? એવું જેનું વીર્ય-બળ પણ બેહદ ગંભીર. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... સ્વભાવમાં સામર્થ્યની પ્રગટેલી દશાની મર્યાદા નહિ એવી દશા એની ગંભીર છે. સાધારણ જનતાને તો એ શું છે દશા સિદ્ધની (એની ખબર ન મળે). આ તત્ત્વ.. એટલી પર્યાય ગંભીર છે. ઉંડી... ઉંડી... ઉંડી... એની તાકાત એટલી તાકાત છે. આ તો ત્રણ કાળ, ત્રણ લોક છે, પણ એથી અનંતગુણા કાળ અને ક્ષેત્ર હોય તોપણ જાણે. એવી જેની પર્યાયની ગંભીરતા. એવી દશાને શુદ્ધ ઉપયોગથી પમાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ભાઈ! હવે ત્યારે આમાં આચાર્યને કહો કે ભાઈ તમે શુદ્ધ ઉપયોગથી કીધુંને. પણ તારા વ્યવહારની વાત કરી હતી, એને તમે સાધન કહ્યું હતું, આમ કેમ અહીં ઉતાર્યું પાછું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. નથી. ત્યાં કહ્યું હતું એમ કહ્યું હતું. એવો રાગની મંદતાનો ભાવ ત્યાં નિશ્ચય અનુભવદશાની દૃષ્ટિ, જ્ઞાન, ચારિત્ર હોય, ત્યારે આ વિકલ્પો હોય છે એમ જણાવ્યું હતું અને એનું જ્ઞાન કરાવવા એને સાધન તરીકે, વ્યવહાર તરીકે કહ્યું હતું. એટલે ખરેખર સાધન નથી. ત્યાં એમ કહ્યું હતું. એ જ અહીં કહે છે પાછું. સમજાણું કાંઈ? આ તો એકાંતપક્ષ થઈ જાય છે. જે શુદ્ધોપયોગથી જ થાય અને શુદ્ધથી ન થાય તો એકાંત થઈ જાય છે.

મુમુક્ષુ :- સમ્યક્ એકાંત કે નિશ્ચય એકાંત?

ઉત્તર :- સમ્યક્ એકાંત કેવળજ્ઞાનનું કારણ. કહો, સમજાણું આમાં?

'**આત્મસ્વભાવની ઉપલબ્ધિથી ગંભીર...**' પ્રાપ્તિથી ગંભીર. એની શક્તિમાં અનંત ગંભીરતા એ પ્રગટમાં અનંત ગંભીરતા આવી ગઈ. '**એવા જે ભગવાન સિદ્ધ...**' એવા પરમાત્મા સિદ્ધ '**તે 'શુદ્ધ' જ હોય છે (અર્થાત્ શુદ્ધોપયોગી જ સિદ્ધ થાય છે).**' કહો, ત્યારે મોક્ષના બે માર્ગ કહ્યાને. અમરચંદભાઈ! આમાં તો એક જ કહ્યો. ત્રણની એકાગ્રતારૂપ સાક્ષાત્ મોક્ષમાર્ગ એક જ કહ્યો. બે માર્ગ છે નહિ. એ તો એની કથનની પદ્ધતિની રીત બેની છે. સમજાય છે? માર્ગ સમકિત બે નથી, સમકિતનું કથન બે પ્રકારનું છે. સમ્યગ્જ્ઞાન બે નથી, જ્ઞાનનું કથન બે પ્રકારે છે. ચારિત્ર બે નથી, ચારિત્રનું કથન બે પ્રકારે છે. એક નિમિત્તથી અને એક ઉપાદાનથી, પણ વાસ્તવિક વસ્તુ તો એક જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કોઈ કહે કે અમને ભગવાન આત્માની રુચિ થઈ છે. માટે એ અમારે વ્યવહાર છે તો

એ સમકિત ખરું કે નહિ? ના, એ સમકિત નથી. સમજાણું કાંઈ? રુચિ તો વિકલ્પ રાગવાળી રુચિ છે. સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન કહેતા નથી. અંદરના સ્વભાવના નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યનું આનંદસહિત પરિણમન થવું, એના વેદનમાં અંદર પ્રતીતિ આવવી એનું નામ નિશ્ચય સમ્યક્ એક જ છે. સમ્યગ્દર્શન બીજું છે. ભાઈએ એમ વાપર્યું છેને? એક નિશ્ચય અને એક વ્યવહાર એવી ભાષા વાપરી છે. એક નિશ્ચય અને એક વ્યવહાર એમ વાપરી ભાષા. એમ નથી. એક જ નિશ્ચય તે જ મોક્ષમાર્ગનું સમકિત છે. ટોડરમલજીએ એ ભાષા વાપરી છે. એક નિશ્ચય, એક વ્યવહાર. એમ એક-એક થઈને બે. એમ નહિ. એક-એક થઈને બે એમ નહિ. સમજાણું કાંઈ?

અહીંયાં આચાર્ય મહારાજ આખા શાસ્ત્રનો સાર છે તે અહીં કહે છે લ્યો! સમજાણું કાંઈ? દુનિયાને રુચે ન રુચે એથી કાંઈ... વૈદ દવા એને મીઠી જ આપે એવું કાંઈ છે? રોગીને કાંઈક ઠીક લાગે, સમાધાન થાય મીઠી દવા આપે તો. તાવ આવ્યો હોયને એને શીરો ખવરાવે તો મરી જાય. અહીં તો સત્ય વસ્તુ શું છે તે કહે. એને રુચે, ન રુચે, બેસે ન બેસે એની સાથે કાંઈ જવાબદારી સંબંધ છે નહિ. આહા..હા..! ઓલામાં આવે છેને. સ્તુતિમાં નથી આવતું? ભગવાને ઉપદેશ કર્યો પણ એના ફળને ન જોવે. આવે છે સ્તુતિમાં આવે છે.

મુમુક્ષુ :- સ્વયંભૂસ્તોત્રમાં આવે છે.

ઉત્તર :- હા, સ્વયંભૂસ્તોત્ર છેને? સંમતભદ્ર આચાર્ય મહારાજનું. એમાં સ્તુતિ. હે નાથ! આપે તો માર્ગ હતો એ કહી દીધો. એનું ફળ આવ્યું કે નહિ એ તમારે જોવું નથી. જોવું નથી એટલે કે એ તો કેવળજ્ઞાની છે એમ. ભાવ આવ્યો વાણીમાં તો આવી ગયું. થઈ રહ્યું. સમજાણું કાંઈ?

'**(અર્થાત્ શુદ્ધોપયોગી જ સિદ્ધ થાય છે).**' એમ છેને? નિર્વિકલ્પ ઉપયોગ આચરણ થવું અંદર. ઉપયોગની વ્યાખ્યા કરી હતી, નહિ? ઉપયોગ એ પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન એ આઠનો વેપાર એને ઉપયોગ કહે એ ઉપયોગ અહીં નથી. અહીં તો આચરણરૂપ ઉપયોગ તેને અહીં શુદ્ધોપયોગ કહ્યો છે. સમજાણું કાંઈ? પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન એ બારને જ ઉપયોગ કહ્યો છે. એ આ નહિ. એ તો જાણવા-દેખવાના પરિણમનની પર્યાયને જ ઉપયોગ કહેવામાં આવે છે. આ જે ઉપયોગ છે એ શુભ-અશુભ ઉપયોગ જે અનાચરણરૂપ ભાવ છે એને છોડીને શુદ્ધ ઉપયોગ એટલે આચરણરૂપ સ્થિરતાની ઝમવટ થાય તેને અહીં શુદ્ધ ઉપયોગ કહેવામાં આવે છે. એ શુદ્ધ ઉપયોગ બાર ભેદમાંથી એકેયમાં ન આવે. આહા..હા..! દેવીલાલજી! સમજાણું કાંઈ? આહા..હા..! કેટલા ભેદ પડે, માણસ કહે છે. ભાઈ! એ વસ્તુનું સ્વરૂપ અંતર રમણતા. જાણવા-દેખવાની અવસ્થા ઠીક હોય એની સાથે સંબંધ નથી. અંદરમાં શુદ્ધ ચૈતન્યના ધ્રુવને પકડીને જે રમણતાની દશા, આચરણની

દશા, સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત સ્થિરતા તેને અહીંયાં શુદ્ધ ઉપયોગી કહેવામાં આવે છે. અને એ શુદ્ધ ઉપયોગી જ સિદ્ધની પ્રાપ્તિ કરી શકે છે. બીજો કોઈ પ્રાપ્તિ કરી શકે નહિ. કહો, સમજાણું?

**'વચનવિસ્તારથી બસ થાઓ;...'** હવે અમૃતચંદ્રાચાર્ય કહે છે. શું કહીએ પ્રભુ! તારા પંથની રીતને શું કહીએ? **'अलं'** છેને? **'अलं वाग्विस्तरेण'** સંસ્કૃતમાં છે. **'अलं वाग्विस्तरेण'** હોં. **'વચનવિસ્તારથી બસ થાઓ;...'** વસ્તુનું સ્વરૂપ તો આ છે. **'સર્વ મનોરથના સ્થાનભૂત,...'** સર્વ કાર્યના કારણરૂપ. સર્વ કાર્ય. કાર્ય તો આ શુદ્ધ તે કાર્ય હોં. આ જગતના કાર્યની અહીં વાત નથી. **'સર્વ મનોરથના સ્થાનભૂત, મોક્ષતત્ત્વના સાધનતત્ત્વરૂપ...'** મોક્ષ તત્ત્વનું જે સાધન-કારણરૂપ તત્ત્વ એ **'શુદ્ધને,...'** શુદ્ધ ઉપયોગીને. કે **'જેમાંથી...'** હવે નમસ્કાર કરે છે. આહા..હા..! **'સર્વ મનોરથના સ્થાનભૂત,...'** એવો જે **'મોક્ષતત્ત્વના સાધનતત્ત્વરૂપ શુદ્ધને, જેમાંથી પરસ્પર અંગ-અંગીપણે પરિણમેલા...'** ભાવનમસ્કાર તે અંશ છે અને ભાવક તે નમસ્કાર કરવા યોગ્ય તે પદાર્થ છે. અંગી તે અંશી છે અને ભાવનમસ્કારમાં ભાવકપણું તે ભાવ્ય પોતે છે. કહો, સમજાણું કાંઈ? પોતે અને ભાવ્ય પર એમ કાંઈ ભેદ નથી. પોતે અને પોતે છે. ભાવક પોતે અને ભાવ્ય પણ પોતે. એવી વીતરાગદશા શુદ્ધ ઉપયોગ છે. આચાર્ય કહે છે, ઓહો..હો..!

**'અંગ-અંગીપણે પરિણમેલા ભાવક-ભાવ્યપણાને લીધે સ્વપરનો વિભાગ અસ્ત થયો છે એવો ભાવનમસ્કાર હો.'** શુદ્ધ ઉપયોગરૂપે પરિણમન એ ભાવનમસ્કાર છે એમ કહે છે લ્યો! ત્યાં એ કીધું. આહા..હા..! સમજાણું કાંઈ? આચાર્ય પોતે કહે અહો..! **'(हिं) सिद्धो नमस्तस्मै'** બધા શુદ્ધ ઉપયોગને પરિણમન કરીને નમીએ છીએ એમ. એ જ નમવું છે. એમ કહે છે. છે તો લખવાકાળનો વિકલ્પ. શુદ્ધ ઉપયોગમાં અમે જામીએ છીએ. એ અમારું પરિણમન એ ભાવનસ્કાર છે. સમજાણું કાંઈ? ૨૭૪ થઈ.

**'હવે (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) શિષ્યજનને શાસ્ત્રના ફળ સાથે જોડતા થકા શાસ્ત્ર સમાપ્ત** કરે છે :—' ૨૭૫ ગાથા પૂરી થાય છે.

**बुज्झदि सासणमेयं सागारणगारचरियया जुत्तो।**
**जो सो पवयणसारं लहुणा कालेण पप्पोदि।।२७५।।**
**સાકાર અણઆકાર ચર્યાયુક્ત આ ઉપદેશને**
**જે જાણતો, તે અલ્પ કાળે સાર પ્રવચનનો લહે. ૨૭૫.**

અન્વયાર્થ લઈએ, છેલ્લી ગાથા છેને. **'જે સાકાર-અનાકાર ચર્યાથી યુક્ત.'** વર્તતો દર્શન અને જ્ઞાન. સાકાર તે જ્ઞાન અને અનાકાર તે દર્શન. અમૃતચંદ્રાચાર્યની શૈલી લીધી છે. દર્શન ઉપયોગ અને જ્ઞાન ઉપયોગ એ જેનો સ્વભાવ જીવનો છે. જુઓ, છેને? પહેલા ટીકામાંથી એ કહ્યું. **'આત્માનું સ્વરૂપ માત્ર સુવિશુદ્ધ જ્ઞાન અને દર્શન છે. (તેમાં જ્ઞાન સાકર**

**છે અને દર્શન અનાકાર છે.)'** સાકાર છે એટલે? મૂર્ત છે અને દર્શન અનાકાર છે-અમૂર્ત છે એમ છે એનો અર્થ? ... કઈ સાલ હતી? ૯૦. ૯૯-૯૯. રાજકોટમાં એક સાધુ આવ્યા હતા સ્થાનકવાસી. એને મળવાનો ભાવ હશે. .. થઈ ગયા સામા મળ્યા. જુવાન હતો નાની ઉંમરનો. પછી એણે કહ્યું, જ્ઞાન તે સાકાર છે તે મૂર્ત છે, દર્શન અનાકાર તે અમૂર્ત છે. કહ્યું એમ નથી ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, સાધુ. બહાર મેલા લૂગડાને બધું. પરમેશ્વર... હજી તો વસ્ત્ર-પાત્ર રાખીને સાધુ માને તે તો મિથ્યાદૃષ્ટિ છે. એય..! કહો, અહીંયાં તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના પણ ઠેકાણા નથી. પણ એવું.. આ તો સભામાં ગયા પછી હોં. .. સાંભળ્યું એણે. ગામમાં એ હતા અને અમે અહીં હતા બહાર. અરર..! સાકાર જ્ઞાન છે તે મૂર્ત છે. આકાર છેને એને? હવે કીધું, આકારની વ્યાખ્યા એમ નથી, ભાઈ! સ્વપરપ્રકાશની પર્યાયનું પરિણમવું તેને અહીં સાકાર કહેવામાં આવે છે. સ્વ અને પરનું બેયનું જાણવાનું પરિણમન તેવી દશાના સાકાર કહે છે અને નિરાકાર એટલે ભેદરહિત એકરૂપ પરિણમન સામાન્ય અભેદ એને દર્શન કહે છે, અનાકાર કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા દર્શન ઉપયોગમાં એકરૂપ છે, અનાકાર છે. એમાં ભેદ નથી. તો આ પર્યાય છે અને આ ગુણ છે, દ્રવ્ય (એવો) એમાં ભેદ પડતો નથી. એવા ઉપયોગને અનાકાર ઉપયોગ કહ્યો છે. અને સાકાર ઉપયોગ એટલે જે જ્ઞાનની દશા દરેક દ્રવ્ય, દરેક ગુણ, દરેક પર્યાયને ભિન્ન-ભિન્ન કરીને જાણે, ભિન્ન-ભિન્ન કરીને જાણે માટે એને સાકાર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? તત્ત્વાર્થસારમાં એ શબ્દ છે. એમ નથી કે પરને જાણે માટે સાકાર છે. એ તો સ્વપરને જાણવાની પરિણમન દશા છે તેને સાકાર કહેવામાં આવે છે. જ્ઞાનમાં તો અનંતા દ્રવ્યો ભિન્ન-ભિન્ન જણાય, અનંતાગુણો ભિન્ન-ભિન્ન જણાય અને અનંતી ભૂત-ભવિષ્યની પર્યાય ત્રણ કાળમાં જેવી થવાની તે પ્રત્યક્ષ ભિન્ન-ભિન્ન જણાય અને એક-એક પર્યાયના અનંતા અવિભાગ પ્રત્યક્ષ ભેદ ભિન્ન-ભિન્ન જણાય. તે અપેક્ષાએ એને સાકાર જ્ઞાનનો ઉપયોગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એવા **'સાકાર-અનાકાર ચર્યાથી યુક્ત...'** જુઓ, ચર્યાથી. દર્શન અને જ્ઞાનની રમણતામાં **'વર્તતો થકો...'** વર્તતો થકો **'આ ઉપદેશને જાણે છે,...'** એમ કીધું જોયું? આ ઉપદેશને વર્તતો થકો જાણે એટલે ત્યારે એને જાણ્યું કહેવાય. આહા..હા..! એટલે શું કહ્યું? દર્શન અને જ્ઞાન એનું પરિણમન કરે એમાં એકાકાર થઈને, ત્યારે આ ઉપદેશને જાણેલું એમ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, આમ શાસ્ત્રથી વાંચ્યું અને ભણ્યો માટે જાણ્યું છે એમ નહિ, કહે છે. અમરચંદભાઈ! આહા..હા..! કુંદકુંદાચાર્યની રીત અદ્ભુત રચના છે. અદ્ભુત રચના. કેવળજ્ઞાનના પેટ ખોલીને મૂક્યા છે.

કહે છે કે ભાઈ! જુઓને વસ્તુની સ્થિતિ તો આવી છે કે દર્શન અને જ્ઞાન જેનો સ્વભાવ છે એવો આત્મા એ જ્ઞાનદર્શનાત્મક એમાં, છેને? આ ઉપદેશને એમાં પરિણમીને જાણે એમ કહે. એ સાંભળ્યું હોય ને જાણે એમ નહિ. એ પરિણમ્યો ત્યારે એણે જાણ્યું કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ છેલ્લી ગાથા. કારણ કે ભગવાન દર્શન અને જ્ઞાનસ્વરૂપ છે ત્રિકાળી અપ્રતિહતસ્વભાવ જેનો. સ્વભાવ હોં. એ સ્વભાવપણે પર્યાયમાં દર્શન અને જ્ઞાનના પરિણમનપણે, શુદ્ધપણે પરિણમન થાય ત્યારે આ ઉપદેશને અમે જાણીને વર્ત્યો એમ કહેવામાં આવે છે. સમજાણું? એમ નહિ કે આ જાણે અને પછી આમ પરિણમે એમ પણ નથી કહ્યું અહીં તો ભાઈ! એ પહેલું જાણે અને પછી પરિણમે એમ પણ નહિ. અહીં તો જે પરિણમે ત્યારે જાણ્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! નહિતર કહે ઓલા સમયસારની છેલ્લી ગાથામાં એમ કહે. '**अत्थतच्चदो**' અર્થને જાણે, તત્ત્વને જાણે અને જાણીને પછી એના અર્થમાં ઠરે. સમજાણું કાંઈ? આહા..હા..!

એવું જે જાણે તે '**लघुना कालेन**' '**અલ્પ કાળે...**' અલ્પકાળમાં તો ફરી ગઈ પર્યાય. ક્રમસર ન રહી. જુઓ, આવું કરે અલ્પકાળે મોક્ષ જાય, નહિતર ઘણે કાળે મોક્ષ જાય. એમ ન હોય. અલ્પકાળનો અર્થ કે આવી દશા થાય એને અલ્પકાળે કેવળજ્ઞાનનો ક્રમ આવવાનો છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અમરચંદભાઈ! અરે..! જગતને તત્ત્વની દૃષ્ટિની વ્યવસ્થા શું છે? જુઓ લઘુ કાળે (કહ્યું) જુઓ, બીજાને લાંબે કાળે મોક્ષ થાય. તો કાળ બદલ્યો કે નહિ? નિયતકાળે જ મોક્ષ થાય એમ ક્યાં રહ્યું? એ તો આવે છે બધું પ્રવચનસાર નયોમાં. નિયત અને અનિયત બેય. નિયતકાળે જ મોક્ષ થાય એવું ક્યાં રહ્યું? આ તો અનિયત થોડેકાળે મોક્ષ જાય છે લ્યો! સમજાણું કાંઈ? એનો અર્થ શું? કે આવી જેણે દર્શન-જ્ઞાનની શુદ્ધ પરિણતિ પ્રગટ કરી એને હવે કેવળજ્ઞાન આવવાને માટે કાળ જ અલ્પ છે હવે એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં પરિણમન કર્યું હોય, પણ જ્યાં સુધી ચારિત્રની પરિણતિ એને ન હોય, દર્શન-જ્ઞાન રમણતા છેને ચારિત્ર? એવી પરિણતિ ન હોય તેને કેવળજ્ઞાન પામવાને લાંબો કાળ હોય છે. સમજાણું કાંઈ? પણ જેને આવો ભગવાન આત્મા એકલો દર્શન-જ્ઞાનનો પિંડ સુવિશુદ્ધ. સુવિશુદ્ધ ઉપયોગ ચૈતન્યનો ત્રિકાળી. દર્શન-જ્ઞાન સ્વભાવ, એમાં જે પર્યાયની રમણતા કરે એની જે ચર્યા કરે, એનું અનુષ્ઠાન કરે, એનું આચરણ કરે એને તો કેવળજ્ઞાન અલ્પકાળમાં જ થાય. સમજાણું કાંઈ?

'**તે અલ્પ કાળે...**' '**प्रवचनसारं**' એ ભગવાન આત્માને પામે છે. પ્રવચનનો સાર પરમાત્મા. પ્રવચનનો સાર ભગવાન આત્મા. લ્યો ઠીક! આહા..હા..! ભગવાને કહેલા પ્રવચન, એનો સાર પરમાત્મા. જે અંતરમાં દર્શન-જ્ઞાન સ્વરૂપ એવો ભગવાન આત્મા એમાં રમે, સ્થિરતા કરે, આચરણ કરે, આચરણ ચર્યા જુઓ, ચર્યા શબ્દ વાપર્યો છે. '**સાકાર-અનાકાર ચર્યા...**' છેને? જુઓ, ચર્યા આ વ્યવહાર ચર્યા શું હશે? એમ કહે છે. આ ચર્યા કીધી. પણ હવે

વ્યવહારચર્યા. વ્યવહારચર્યા એ વિકલ્પ આવે એ વ્યવહાર ચર્યા. એ જાણવાલાયક છે, આદરવાલાયક છે નહિ. આ ચર્યા તે આદરણીય છે. જુઓ, ચરણાનુયોગની ચર્યા, દ્રવ્યાનુયોગની ચર્યા એમ આવેને? ચર્યા આવેને! અહીં તો તેથી આ શબ્દ વાપર્યો છે. જ્ઞાન અને દર્શન એવો ઉપયોગ '**આત્માનું સ્વરૂપ માત્ર સુવિશુદ્ધ જ્ઞાન અને દર્શન છે.**' એ તો આમાં પણ આવે છે. દ્રવ્યસંગ્રહમાં ઘણી વાત છે એમાં. એમાં રમે છે, બસ એને અલ્પકાળમાં કેવળજ્ઞાન થશે.

'**ટીકા :- સુવિશુદ્ધજ્ઞાનદર્શનમાત્ર સ્વરૂપમાં અવસ્થિત** (રહેલી) **પરિણતિમાં લાગેલો હોવાને લીધે...**' ભાષા જુઓ હવે એમાં. '**સુવિશુદ્ધજ્ઞાનદર્શનમાત્ર સ્વરૂપ..**' આત્માનું. આત્મા એટલે એકલો દર્શન-જ્ઞાનનો પિંડલો. આહા..હા..! પિંડ-પિંડ. દેખવું અને જાણવું એવા સ્વભાવનો એ પિંડ પ્રભુ. એવું '**માત્ર સ્વરૂપમાં...**' માત્ર શબ્દ એટલે? રાગાદિ બીજું એમાં નથી એમ કહેવું છે. શુભરાગાદિ નથી. માત્ર શબ્દે એમાં કાંઈ બીજો એમાં આનંદ ને શાંતિ ને વીતરાગતા નથી એમ નથી. બધું છે. એમાં રાગ નથી. '**સુવિશુદ્ધજ્ઞાનદર્શનમાત્ર સ્વરૂપમાં અવસ્થિત પરિણતિમાં લાગેલો...**' બરાબર અંદર શુદ્ધ પરિણતિમાં લાગેલો હોવાથી. જુઓ, એ '**સાકાર-અનાકાર ચર્યાથી યુક્ત વર્તતો થકો,...**' એની દર્શન અને જ્ઞાનના આચરણરૂપ સહિત વર્તતો એ એની ચર્યા છે. મોક્ષમાર્ગની આ ચર્યા છે. આહા..! ભારે કામ.

હવે પ્રવચનસારમાં કહ્યું છેને કે શ્રાવકને તો શુભથી પરમમોક્ષ થાય. ૧૫૪ ગાથામાં નથી કહ્યું? ક્રમશઃ અમૃતચંદ્રાચાર્યે ક્રમશઃ લીધું છે અને જયસેનાચાર્યે પરંપરા લીધું. એનો અર્થ એ કે એનાથી થાતું નથી. શ્રાવકને પણ અંતરની રમણતા. શ્રાવક બેય બાજુ. સાગારનો અર્થ શ્રાવક પણ લીધો છે જયસેનાચાર્યે. .. આ ગાથામાં લીધો છે. સમજાણું કાંઈ? જયસેનાચાર્યે એમ લીધું કે શ્રાવક છે એને સમ્યગ્દર્શન-જ્ઞાન અને અંતર ચારિત્રનો અંશ છે એ ત્રણ રત્નને ઉપાદેય કરીને પરિણમ્યો છે. એને વ્યવહાર વિકલ્પરત્નત્રય છે એથી એને સાકાર ચર્યા કહેવામાં આવે છે. એ રીતે લીધું છે વ્યવહારસહિતમાં. સ્થિરતા ઓછી છે અને વ્યવહાર.. સાગાર ચર્યા એટલે શ્રાવક કહેવામાં આવે છે. અને જેને ત્રણ રત્ન નિશ્ચય પ્રગટ્યા છે, સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયનું નિમિત્ત. એને આ પ્રગટ્યા છે ત્યારે ઓલાને નિમિત્ત કહેવાય છે. પ્રગટ્યા છે એટલે અનાગાર ચર્યા છે. એ મુનિની ચર્યા છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એ મુનિની ચર્યા એ જ હજી વ્યવહાર છે ખરું તો. પર્યાય છેને? ત્રિકાળી દ્રવ્ય તે નિષ્ક્રિય દ્રવ્ય છે અને એની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અથવા દર્શન-જ્ઞાનમાં રમણતારૂપ ચર્યા એટલે પર્યાય છે અને પર્યાય એટલે એ વ્યવહાર છે એમ. શુદ્ધ ચેતનાવિલાસ તેનો વ્યવહાર. રાગાદિ વ્યવહાર-ફયવહાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જે શિષ્યવર્ગ...**' શિષ્યનો વર્ગ સમજ્યાને? હવે એ થોડી વાત કરશે. સાર છે થોડી. આવશે વિશેષ... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૨, શુક્રવાર, તા. ૧૫.૦૮.૧૯૬૯**
**ગાથા-૨૭૫, પ્રવચન-૨૩૬**

પ્રવચનસાર. છેલ્લી ગાથા છે. ૨૭૫. ફરીને. બે લીટી ચાલી છે. ફરીને. '(**ભગવાન કુંદકુંદાચાર્યદેવ) શિષ્યજનને શાસ્ત્રના ફળ સાથે જોડતા થકા શાસ્ત્ર સમાપ્ત** કરે છે :—' શાસ્ત્રનો જેને વાસ્તવિક અંતર જ્ઞાન, અનુભવ થાય એ શાસ્ત્રજ્ઞાનનું ફળ છે. એમાં એને શાસ્ત્રજ્ઞાનના ફળ તરીકે અનુભવમાં જોડતા, અનુભવસહિત કરતા આ શાસ્ત્રને પૂરું કરે છે.

'**ટીકા :- સુવિશુદ્ધજ્ઞાનદર્શનમાત્ર સ્વરૂપ...**' આત્મા કેવો છે? સુવિશુદ્ધ દૃષ્ટા અને જ્ઞાતા સ્વભાવમાત્ર આત્મા છે. નિમિત્ત તો નહિ, પુણ્ય-પાપના વિકલ્પો નહિ, પણ એક સમયની પર્યાય નહિ. ત્રિકાળ દૃષ્ટા અને જ્ઞાતા એવો સ્વભાવવાન પોતે સ્વભાવવાળો છે. સમજાણું કાંઈ? આત્મા સુવિશુદ્ધદર્શન, દૃષ્ટા... દર્શન ઉપયોગની વાત છે. સમકિતની વાત નથી. અને જ્ઞાન એવા સ્વભાવવાળો એમાં—એવા '**સ્વરૂપમાં અવસ્થિત** (રહેલી)...' એવી દશામાં પરિણતિમાં જોડાયેલો, શુદ્ધ પરિણતિસહિત થયેલો. જુઓ, દર્શન-જ્ઞાન સ્વભાવ છે એવી જ શુદ્ધ પરિણતિ સંયુક્ત થયો થકો.

'**સાકાર-અનાકાર ચર્યાથી યુક્ત વર્તતો થકો,...**' સાકાર અને અનાકાર, જ્ઞાન અને દર્શન લીધા છે. જયસેનાચાર્યે શ્રાવક ને મુનિ લીધા છે. સાગાર એટલે શ્રાવક અને અગાકાર એટલે મુનિ. અહીંયાં સાકાર એટલે જ્ઞાન અને દર્શન જેનો સ્વભાવ એની જે પરિણતિ એટલે અવસ્થા, તેમાં લાગેલો હોવાથી, સહિત હોવાથી, યુક્ત હોવાથી, સંયુક્ત હોવાથી '**ચર્યાથી યુક્ત વર્તતો થકો,...**' એવી અંતરની શુદ્ધ પરિણતિમાં એ ચર્યા ધર્મીની. માણસ કહે છેને ચર્યા શું એની ચર્યા? સાંજ-સવાર ચર્યા શું છે શ્રાવકની અને મુનિની?

મુમુક્ષુ :- આ તો ચોવીસે કલાકની ચર્યા.

ઉત્તર :- આ તો ચોવીસે કલાકની ચર્યા છે. જ્ઞાન અને દર્શન જેનો ત્રિકાળી સ્વભાવ એ શક્તિ જે પડી છે એની વ્યક્ત પ્રગટ, જ્ઞાન અને દર્શનની પરિણતિ જે શુદ્ધ તેમાં લાગેલો, તેમાં ચોંટેલો, એ સહિત થયેલો સાકાર-અનાકારની ચર્યાસહિત વર્તે. '**જે શિષ્યવર્ગ પોતે...**' હવે કહે છે. '**સમસ્ત શાસ્ત્રના અર્થોના વિસ્તારસંક્ષેપાત્મક શ્રુતજ્ઞાનોપયોગપૂર્વક પ્રભાવ વડે...**' આ શાસ્ત્રને જાણી અને અંતર સ્વરૂપમાં વર્તવું તે આ શાસ્ત્રને જાણવું એનું નામ કહેવાય છે. એમાં વર્તતો શાસ્ત્રને જાણે એમ કહે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શિષ્યવર્ગ પોતે સમસ્ત શાસ્ત્રના અર્થો...**' ભાષા. સંક્ષેપ કે વિસ્તાર એવા

**'શ્રુતજ્ઞાનોપયોગપૂર્વક...'** ભાવશ્રુતજ્ઞાનોપયોગપૂર્વક. દ્રવ્યશ્રુત નહિ, વ્યવહારના વિકલ્પ નહિ, ભાવશ્રુત ઉપયોગ જે શાસન છેને? ૧૫મી (ગાથા સમયસાર) એ કહ્યું છે. ભાવશ્રુત ઉપયોગ **'પૂર્વક પ્રભાવ વડે...'** એવા ભાવશ્રુતના, અંતર વિકલ્પ વિનાના ભાવશ્રુતજ્ઞાનના પ્રભાવ વડે **'કેવળ આત્માને અનુભવતો,...'** કેવળ આત્માને આનંદસહિત વેદતો, અનુભવતો. **'આ ઉપદેશને જાણે છે,...'** અનુભવતાં આ ઉપદેશને જાણે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઉપદેશને જાણીને અનુભવે એમ શબ્દ નથી અહીંયાં.

જે શાસ્ત્રને કહેવું છે એવો જે ભાવ અંતરમાં પ્રગટ કરી, ભાવશ્રુતજ્ઞાનોપયોગ દ્વારા આત્માના નિર્વિકલ્પ આનંદના વેપારમાં વર્તતો આ ઉપદેશને જાણે છે. સમજાણું કાંઈ? શોભાલાલજી! થોડી ઝીણી વાત છે. આહા..હા..! જેમાં ભાવશ્રુત જ્ઞાનનો વેપાર અંતર્મુખ લાગ્યો છે એમ કહે છે. જેવું એ દર્શન અને જ્ઞાનસ્વરૂપ છે ત્રિકાળી, ત્રિકાળી, એવું જ એનું શુદ્ધ પરિણમન ભાવશ્રુતજ્ઞાનથી એના પ્રભાવ વડે. એના પ્રભાવ વડે. કોઈ વ્યવહાર ને વિકલ્પ ને સાંભળ્યું એવા વિકલ્પ ને એના જ્ઞાન દ્વારા નહિ એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ભાષા સમજાય છે કે નહિ? હવે તમે તો અહીં ગુજરાતી થોડું સમજવું પડશે.

મુમુક્ષુ :- પણ વડોદરા જાય તો ગુજરાતી સમજતા હોયને.

ઉત્તર :- વડોદરા તો જાય .. સમજવા. એ વિસામો લેવા માટે જાય છે. અહીંથી જતા અને વળતા. વડોદરા જાય છે એ. અહીં કહે છે કે ભાઈ વિસામો તો આત્મામાં લેવાનો છે. મોક્ષ જવાના માર્ગમાં ભાવશ્રુતના ઉપયોગથી આત્મામાં વિસામો આવે છે એમ કહે છે.

મુમુક્ષુ :- વિસામો...

ઉત્તર :- હા, એ જ વિસામો છે. સમજાણું કાંઈ? વિસામો સમજો છો? શેઠી! વિશ્રામ... વિશ્રામ... વિશ્રામ... શુભ દયા, દાન, વ્રતના વિકલ્પ પણ નહિ, નિમિત્ત નહિ, શ્રુતથી જાણેલો જ્ઞાનનો ઉપયોગ એ પણ નહિ. સમજાણું કાંઈ? વસ્તુ જે છે જ્ઞાન અને દર્શનનો પિંડ પ્રભુ એ જ આત્મા. એ જાતનો અંદર વેપારમાં સંયુક્ત-સહિત વર્તતો થકો, ભાવશ્રુતના પ્રભાવ વડે આત્માને અનુભવે છે. એ અનુભવતા **'આ ઉપદેશને જાણે છે,...'** કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યારે જ જાણ્યું કહેવાય એમ કહે છે. એ અનુભવે છે ત્યારે ઉપદેશને જાણે છે એમ કહેવામાં આવે છે, એમ કહે છે. ઉપદેશને જાણે એટલે ઉપદેશનો ભાવ છે એ જાણે છે. એટલે ઉપદેશને જાણે છે એમ કહ્યું. ઉપદેશ છે, ઉપદેશમાં આ છે. કે શુદ્ધ ઉપયોગથી આત્માને અનુભવ. શુદ્ધ ઉપયોગથી આત્માને અનુભવ એ શાસ્ત્રને કહેવું છે. ઈ કહે કે આ રીતે અનુભવે ત્યારે એ શાસ્ત્રના ઉપદેશને જાણે છે એમ કહેવામાં આવે છે. સ્વરૂપચંદભાઈ! આ સ્વરૂપમાં જોડાય તો જાણેલું શાસ્ત્રનું કહેવામાં આવે એમ કહે છે. આહા..હા..!

એવો જે શિષ્યવર્ગ. એક-બે શિષ્ય નથી લીધા. અહીં તો ઘણા લીધા છે. આહા..હા..! જે ભગવાન આત્મા નિત્ય દર્શન અને જ્ઞાન અને શુદ્ધ એવો નિત્ય એનું લક્ષ કરીને ભાવશ્રુતજ્ઞાનના પ્રભાવ વડે આત્માને અનુભવે છે, તે આ શાસ્ત્રને કહેવાનો ભાવ છે તેને તે જાણે છે. સમજાણું કાંઈ? અહીં કહે છે કે શાસ્ત્રએ કીધું એ જાણ્યું, તે ધાર્યું. એ જાણેલું નહિ, એમ કહે છે. શેઠી! શાસ્ત્રે કહ્યું એને ખ્યાલમાં આવી વાત કે આમ કહે છે. એ નહિ. એ નહિ. પરદ્રવ્યના આલંબનવાળો ઉપયોગ એ ઉપયોગ જ નહિ એમ કહે છે. અલિંગગ્રહણમાં આવે છેને. સમજાણું કાંઈ? એ પહેલા આવી ગયું છે ૧૭૨માં. જે જ્ઞાનના વેપારમાં-ઉપયોગમાં શાસ્ત્ર આદિ પરનું અવલંબન તે ઉપયોગ જ નથી, એ તો અનુપયોગ છે. આહા..હા..! સ્વરૂપચંદભાઈ! ઝીણું બહુ. સમજાય છે કે નહિ? શેઠ!

મુમુક્ષુ :- શાસ્ત્રનું...

ઉત્તર :- શાસ્ત્રનું જે જ્ઞાન થયું જાણપણું એ જ્ઞાન નથી, અચેતન છે એમ કહે છે. શાસ્ત્ર તો અચેતન છે અને શાસ્ત્ર તરફના લક્ષે જે ક્ષયોપશમ થયો એ (પણ) અચેતન છે. એ ચેતન નથી, એ ઉપયોગ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, અંતર્મુખ થઈને જે ઉપયોગ પ્રગટ્યો એને ઉપયોગ કહે છે. બીજાને ઉપયોગ કહેતા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? જુઓ, પાંચ ગાથા તો બાર અંગનો સાર છે. રત્ન છેને? પાંચ રત્ન કહ્યા. અને એનું આ ફળ લીધું. ચારેય રત્ન (ગાથા) કીધું એનું પાછું ફળ શું આ? શુદ્ધ ઉપયોગ તે દર્શન અને શુદ્ધ ઉપયોગ તે જ્ઞાન અને શુદ્ધ ઉપયોગ તે સાધન લીધું. ઈ આ શુદ્ધ ઉપયોગ .. એમ જ્ઞાનની પ્રધાનતાથી વાત કરી છે. છે તો એ શુદ્ધ ઉપયોગ. અહીં શુદ્ધ કહ્યું છે શાસ્ત્રે એ ભાવશ્રુત ઉપયોગથી આત્માને અનુભવવો એ એમાં કહ્યું છે. બારેય અંગની અંદર કે ચૌદ પૂર્વની અંદર આ કહ્યું છે. એ આ પ્રવચનસાર છે. સમજાણું કાંઈ? વ્યવહારવાળાને તો રાડ નાખી જાય એવું છે આ તો.

મુમુક્ષુ :- ખુશી થાય એવું કાંઈક કહો.

ઉત્તર :- આ ખુશી થાય એવું તો આ જ છે. આ તો ખુશી થાય એવું છે, આનંદ મળે એવું તો આ છે. ઓલું તો દુઃખ છે બધું. કષાયની મંદતાની વ્રત, નિયમ આદિની ક્રિયા એ બધું દુઃખરૂપ છે અને પરાલંબી ઉપયોગ એ દુઃખરૂપ છે માટે તેને ઉપયોગ ગણ્યો નથી. કારણ કે આત્મા આનંદસ્વરૂપ છે એનો ઉપયોગમાં આનંદ આવે તો એ ઉપયોગ નિરાલંબી પોતાનો ઉપયોગ કહેવાય, પરની અપેક્ષા અને આલંબન વિના. આહા..હા..! સમજાણું કાંઈ? મનસુખભાઈ! ઝીણું છે બહુ ઝીણું. આહા..હા..!

કારણ કે આત્મા નિત્ય ઉપયોગી, નિત્ય ઉપયોગી વસ્તુ છે. નિત્ય '**सव्वण्हुणाणदिट्ठो जीवो उपओग लक्खणो णिच्चं**' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે તો આ આત્મા નિત્ય જ્ઞાન-

દર્શન ઉપયોગ સ્વભાવવાળો જોયો છે. એમાં કોઈ રાગ કે અલ્પજ્ઞપણું એનામાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞસ્વભાવ, સર્વદર્શી સ્વભાવ એ સુવિશુદ્ધદર્શન-જ્ઞાન એમ. એવો જે આત્મા એને, એની પરિણતિમાં લાગેલો, સહિત થયેલો, એમાં વર્તતો થકો શુદ્ધ ઉપયોગના પ્રભાવ વડે આત્માને અનુભવે, વેદે છે તે આ ઉપદેશને જાણે છે. સમજાણું કાંઈ? કરવાનું તો આ છે એ કહ્યું છે. ભગવાને અને શાસ્ત્રમાં એ કહ્યું છે. શાસ્ત્ર કહે છે કે અમારા તરફનો લક્ષ અને ઉપયોગ છે એ ઉપયોગને અમે ઉપયોગ કહેતા નથી. કારણ કે ઉપયોગ જીવનો અને લક્ષ જાય પરના લક્ષે એ ઉપયોગને ઉપયોગ કેમ કહીએ? એમ કહે છે. આહા..હા..! દેવીલાલજી! આહા..હા..!

બાર અંગનું માખણ છે આ. ભાઈ! પ્રભુ! તું તો.. એથી તો પહેલો શબ્દ લીધો કે **'સુવિશુદ્ધદર્શન...'** સ્વરૂપ જ એ છે. અને જે સુવિશુદ્ધ દૃષ્ટા-દર્શન અને જ્ઞાન એવી ત્રિકાળી નિત્ય વસ્તુ, નિત્ય ઉપયોગ. નિત્ય ઉપયોગ એ કૂટસ્થ છે. સમજાણું કાંઈ? કારણ કે તેના તરફ વળીને જે શુદ્ધભાવ ઉપયોગ થાય તે ઉત્પાદની પર્યાય છે. ઓલી ધ્રુવ નિત્યની દશા, નિત્ય વસ્તુ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા દર્શન અને જ્ઞાન જેનો નિત્ય ઉપયોગ સ્વભાવ છે, નિત્ય ઉપયોગ સ્વભાવ છે, એને અંતરમાં ભાવશ્રુતની પર્યાયના પ્રભાવ દ્વારા અનુભવે એ શાસ્ત્રના ઉપદેશમાં કહેવું હતું. અને એ અનુભવે ઈ આ ઉપદેશને જાણે છે. નહિતર આ ઉપદેશને જાણતો નથી. સમજાણું કાંઈ? બાપુ! આ તો અલૌકિક માર્ગ છે. અલૌકિક એટલે લોકોત્તર. લૌકિક સાથે ક્યાંય મેળ ખાય એવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ તો કૂટસ્થ છેને, નિત્ય છે એ. નિત્ય કહો, ધ્રુવ કહો બે એક જ છેને. નિત્ય વસ્તુ છે એમાં બદલવું, પરિણમવું ક્યાં છે? ઉત્પાદ આ ઉપયોગ જોડે છે તે ઉત્પાદનો ઉપયોગ છે. આહા..હા..! પર્યાયનો ભાવશ્રુત ઉપયોગ છે એ પર્યાય છે અને ભાવશ્રુત ઉપયોગ દ્વારા ત્રિકાળી ધ્રુવને અનુભવે, અંદર લક્ષ કરીને અનુભવે છે. વેદાય છે પર્યાય, પણ ઓલો આમ જે રાગને વેદતો એને ઠેકાણે આમ વેદે એટલે ધ્રુવને વેદે છે ઉપયોગથી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જે સર્વજ્ઞ પરમેશ્વરે પ્રવચન કહ્યા દિવ્યધ્વનિ. એ દિવ્યધ્વનિનો સાર એ આ પ્રવચનસાર. એ પ્રવચનસારનો સાર, પરમાત્મા આત્મા તેનો અનુભવ કરવો એ પરમાત્માનો સાર પ્રવચનસાર છે એમ કહે છે. આહા..હા..!

એવો જે આત્મા એકલો જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ભરેલો નિત્ય. આ નિત્ય છે એવું જે પકડ્યો છે ઉપયોગ તે અનિત્ય છે, પર્યાય છે. એ અનિત્ય ઉપયોગને અહીંયાં ભાવશ્રુત ઉપયોગ કહેવામાં આવે છે. ભાવશ્રુત ઉપયોગ દ્વારા... વિકલ્પ નહિ, દયા, દાન, વ્રત, ભક્તિ, ફક્તિ, આ ફલાણું, કર્મકર્તૃત્વ-ફર્તૃત્વ એમાં છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એવા આત્માને ઉપયોગ દ્વારા... અહીં તો ભાષા (જ્ઞાન)પ્રધાનથી લેવું છેને? દૃષ્ટિનો અત્યારે વિષય

નથી. ઉપયોગ દ્વારા એમાં દૃષ્ટિ આવી ગઈ. સમજાણું કાંઈ? જ્ઞાનપ્રધાન આ કથન છે એટલે ઉપયોગ દ્વારા આમ અનુભવે એમ લેવું છે. સમજાણું કાંઈ? આ તો ધીરાના માર્ગ છે.

ભગવાન આત્મા એને કહીએ અને એવો છે કે નિત્ય દર્શન-જ્ઞાનના ઉપયોગવાળો એટલે શક્તિવાળું એ સત્‌નું એ સત્ત્વ છે. સત્ આત્મા એનું સત્ત્વ નિત્ય દર્શન અને જ્ઞાન એનું સત્ત્વ છે. એ સત્ત્વને વર્તમાન ભાવશ્રુત ઉપયોગ દ્વારા એને અનુભવવો એ પ્રવચનનો સાર છે. ભગવાને એ પ્રવચનમાં આ કહ્યું છે. સમજાણું કાંઈ? ભારે વાત! અજાણ્યા માણસને તો જાણે આ શું કહે છે? આ તો ક્યાંની વાત કરતા હશે? કેવળજ્ઞાનની વાત કરતા હશે? એ નહિ.

મુમુક્ષુ :- ભગવાન થવાનું કહે છેને.

ઉત્તર :- ભગવાન થવાનું. આ તો વચમાં વિસામાનું સ્થાન, એય..! શેઠ! આ તો વિસામાનું સ્થાન ભાવશ્રુત દ્વારા અંતર અનુભવવું એ અને એ સ્થિર થતા... થતા... થતા... કેવળજ્ઞાન થઈ જાય એ એનું છેલ્લું સાધ્ય. એમાં વચ્ચે કોઈ વિકલ્પ અને વ્યવહારથી થાય એવું છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

‘**આત્માને અનુભવતો, આ ઉપદેશને જાણે છે,...**’ ભગવાનની વાણીમાં, ભગવાનના જ્ઞાનમાં આ આવ્યું હતું. તેવું એ અનુભવે છે તે ઉપદેશને જાણે છે. ‘**તે (શિષ્યવર્ગ) ખરેખર, ભૂતાર્થ-સ્વસંવેદ્ય દિવ્ય જ્ઞાનાનંદ જેનો સ્વભાવ છે...**’ જુઓ, પાછું અહીં ભૂતાર્થ આવ્યું હવે. ભૂતાર્થ એટલે ‘**સત્યાર્થ પારમાર્થિક સ્વસંવેદ્ય અને દિવ્ય એવા જે જ્ઞાન અને આનંદ તે ભગવાન આત્માનો સ્વભાવ છે.**’ હવે ઓલા જે દર્શન-જ્ઞાન-ઉપયોગ નાખ્યું હતુંને એની સાથે આનંદ નાખ્યો હવે સાથે ભાઈ! પહેલા તો બે જ નાખ્યા હતા. એનો સ્વભાવ એમ લીધો હતો, પણ અહીં હવે કહે છે કે ‘**ભૂતાર્થ-સ્વસંવેદ્ય દિવ્ય જ્ઞાનાનંદ જેનો સ્વભાવ છે એવા, પૂર્વે નહિ અનુભવેલા,...**’ ભગવાન આત્મા પારમાર્થિક, સત્યાર્થ, ભૂતાર્થ સત્ ‘**સ્વસંવેદ્ય દિવ્ય...**’ એવું જ્ઞાન. પોતાનું સ્વથી વેદન અને દિવ્ય એવું, ઉત્કૃષ્ટ એવું, પ્રધાન એવું જ્ઞાન અને આનંદ તે ભગવાન આત્માનો સ્વભાવ છે. ઓલામાં દર્શન અને જ્ઞાન સ્વભાવ કહ્યો હતો સુવિશુદ્ધ. પણ એ એમાં આનંદ આવ્યો હવે, કહે છે. આનંદનું વેદન થયું એટલે આ આત્મા આનંદ અને જ્ઞાનમય છે એમ શ્રુતના ઉપયોગ દ્વારા જાણવામાં આવ્યું. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

‘**તે (શિષ્યવર્ગ) ખરેખર, ભૂતાર્થ-સ્વસંવેદ્ય દિવ્ય જ્ઞાનાનંદ જેનો સ્વભાવ છે એવા, પૂર્વે નહિ અનુભવેલા,...**’ અનંતકાળમાં એ અનુભવ નહિ થયેલો. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. ‘મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.’ હવે એ લોકો એમ કહે છે કે એ તો અભવિને માટે છે. અરે..! ભગવાન! અહીં તો ભવિ પણ એવી અનંતવાર ક્રિયાકાંડ કરી અને શુક્લલેશ્યા દ્વારા નવમી ગ્રૈવેયક ગયો એમ વાત કરે છે. પણ એમાં આત્માનો આનંદ

ન આવ્યો. તેથી કહ્યુંને 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્મા જે જ્ઞાનસ્વરૂપ છે એને પકડ્યા વિના એને આનંદનો અંશ વેદનમાં આવ્યો નહિ એટલે સમ્યગ્દર્શન અને જ્ઞાન એને થયું નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો દૃષ્ટાંત આપ્યો, ઓલા બંધના અધિકારમાં આવે છેને એટલે ત્યાંથી લીધું. એવો બંધના અધિકારમાં અભવિનો દૃષ્ટાંત છે. અભવિ આમ કરે છે. પણ એ તો દાખલો આપ્યો છે કે અભવિ આવું કરે તો એને ધર્મ નથી, વળી તું આવું કર તો ધર્મ ક્યાંથી થાય તને? એમ કહે છે. 'જિનવરે કહેલા વ્રત, નિયમ, તપ.' એ તો અભવિ પણ કરે છે એમાં નવું શું તે કર્યું? અને એનાથી એને મુક્તિ થઈ નહિ તો તને એના દ્વારા ધર્મ થાય એમ કેમ બને? એ તો દૃષ્ટાંત તરીકે કીધો. ના, એ તો અભવિને માટે લેવું, ભવિને નહિ. અરેરે..! આવા વાદ અને વિવાદ. સમજાણું કાંઈ? ભવિને એવું કરે તો થઈ જાય લ્યો ઠીક! આ હમણા તમારે આવ્યું હતુંને ત્યાં કે ભાઈ અનંતવાર દ્રવ્યક્રિયા કરીને આવી, વ્રત પાળ્યા, આવું કર્યું. તો એ કર્યું હતું પણ સંથારો-સંલ્લેખના નહોતી કરી. તો એ નહોતી કરી એટલે એનું ફળ ન આવ્યું. કહો. સમજાણું કાંઈ? છેલ્લે એની સંલ્લેખના થવી જોઈએ. પણ સંલ્લેખના આવા અજ્ઞાની વ્રત પાળે એને સંલ્લેખના આવી હોય જ નહિ. એની સંલ્લેખના એ બબ્બે મહિનાના સંથારા શાસ્ત્રમાં ચાલ્યા છે. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. બબ્બે માસ-૬૦ દિ' સુધી આમ. ... ઝાડ પડ્યું રહે એમ પડ્યો રહે. પણ અંતરમાં વિકલ્પ વિનાની નિર્વિકલ્પ આનંદની ચીજને તો અડતો પણ નથી. સમજાણું કાંઈ? એથી એને સમ્યગ્દર્શન અને આનંદ છે નહિ. માટે એની દ્રવ્યક્રિયાથી કાંઈ ધર્મ-બર્મ છે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

આ તમારે શુક્લલેશ્યા નવમી ગ્રૈવેયકે જાય એને સંથારાની કેટલી સ્થિતિ હોય? મોટું આયુષ્ય હોય. પણ ઝાડની ડાળ પડે તો આમ હલે નહિ. ઝાડની ડાળ જેમ પડી રહે એમ હલે નહિ. આમ પડ્યો રહે. .. પ્રત્યાખ્યાન વ્યવહાર બાહ્ય હોં. અંતર સ્વરૂપ રાગરહિત, વિકલ્પરહિત, ભેદરહિત, અભેદ આનંદ સ્વરૂપ એને અંદર અનુભવ્યા વિના એનું સમ્યગ્દર્શન અને જ્ઞાન એને થાતું નથી. સમજાણું કાંઈ?

**'ભૂતાર્થ-સ્વસંવેદ્ય દિવ્ય જ્ઞાનાનંદ જેનો સ્વભાવ છે એવા, પૂર્વે નહિ અનુભવેલા, ભગવાન આત્માને પામે છે...'** જુઓ, ભગવાન આત્માને પામે છે. અનુભવમાં આત્માને પામે છે એમ કહે છે. રાગના વેદનમાં અણાત્માને પામતો હતો. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામમાં, આ જોઈએ અને આ ન જોઈએ એવા વિકલ્પના આગ્રહમાં અણાત્માને પ્રાપ્ત હતો. ભાવશ્રુતજ્ઞાન દ્વારા એ રીતે વર્તતા આત્માને પામે છે. આત્માને પામે છે. વળી આત્મા પામે તો આત્મા વયો ગયો હશે ક્યાંય? જ્યાં વિકલ્પમાં અટક્યો છે એ આત્મા એની પાસે છે જ નહિ. એ તો વિકલ્પમાં તો પરવસ્તુ છે. સમજાય છે? દર્શન,

જ્ઞાન અને ચારિત્રમાં આત્મા સમીપ હોય છે એમ આવે છે કે નહિ? મુજ આત્મ... જુઓને. નિત્ય જ્ઞાન છે. એનો એ જ છે. 'મુજ આત્મ નિત્ય જ્ઞાન છે મુજ આત્મ દર્શન ચારિત્ર છે.' એમાં .. નિયમસારમાં. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાયમાં સમીપમાં દ્રવ્ય છે એમ કહે છે. એના સમીપમાં વિકલ્પ અને રાગ નથી. એમ કહે છે. આહા..હા..! ... એમ શબ્દ છે. સમજાય છે? જેનો આત્મા જેના દર્શન-જ્ઞાનના પર્યાયમાં આત્મા સમીપમાં છે. દૃષ્ટિ અને જ્ઞાન પર્યાયમાં જ્ઞેય તરીકે એ આત્મા વર્તે છે. એને દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહેવાય છે. એને ભાવશ્રુતજ્ઞાનનો ઉપયોગ કહેવામાં આવે છે.

**'ભગવાન આત્માને પામે છે...'** હવે એ કહે છે આત્મા કેવો છે. જુઓ, પાછી કેટલી વાત વર્ણવી! **'કે જે (આત્મા) ત્રણે કાળના નિરવધિ પ્રવાહમાં અવસ્થાયી (-ટકનારો) હોવાથી...'** લ્યો! પહેલા વસ્તુ એમ લીધી હતી કે શુદ્ધદર્શન-જ્ઞાનોપયોગસ્વરૂપ તે આત્મા. પાછો એનો સ્વભાવ લીધો કે જ્ઞાન અને આનંદ જેનો સ્વભાવ. વળી પાછો કહે છે કે એ ટકનારું ત્રિકાળી તત્ત્વ તે આત્મા એમ જાણે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એ આઠ વર્ષની બાળીકા હોય એ ભાવશ્રુત જ્ઞાન દ્વારા આવા આત્માને પામે છે. સમ્યગ્દર્શનમાં એમ કહે છે. બાળીકા-બાળીકા ક્યાં હતી આત્મામાં? આહા..હા..! સમજાણું? **'જે (આત્મા) ત્રણે કાળના નિરવધિ...'** જેને અવધિ છે. આહા..હા..! આદિ વિનાનો કાળ, અંત વિનાનો કાળ ત્રણે કાળે ટકનારો. ત્રણે કાળે ટકનારો છે, છે અને છે. નિરવધિ-જેને મર્યાદા જ નથી. અનાદિ-અનંત પ્રભુ છે. છે, છે અને છે. અવધિના પ્રવાહમાં. **'નિરવધિના પ્રવાહમાં...'** ક્યાય મર્યાદા વિનાનો પ્રવાહ. ઓહો..હો..! છે... છે... છે... છે... છે... છે... છે... છે... ત્રિકાળ. એવા **'અવસ્થાયી હોવાથી...'** મર્યાદા વિનાના પ્રવાહમાં ટકનારો હોવાથી **'સકળ પદાર્થોના સમૂહાત્મક પ્રવચનના સારભૂત છે.'** લ્યો! **'સકળ પદાર્થોના સમૂહાત્મક...'** **'પ્રવચન સકળ પદાર્થોના સમૂહનું પ્રતિપાદન કરે છે તેથી તેને સકળ પદાર્થના સમૂહાત્મક કહ્યું છે.'** પ્રવચનને હોં!

હવે **'(નિજ શુદ્ધાત્મા પ્રવચનના સારભૂત છે, કારણ કે પ્રવચન જે સર્વ પદાર્થસમૂહનું પ્રતિપાદન કરે છે તેમાં એક નિજાત્મપદાર્થ જે પોતાને ધ્રુવ છે, બીજો કોઈ પદાર્થ પોતાને ધ્રુવ નથી.)'** એમ પ્રતિપાદન કરે એવું દૃષ્ટિમાં આવી ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, હવે તો ઓલીને આવીને ૧૯૨ ગાથા. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ કહો કે નિત્ય કહો. સમજાણું કાંઈ? અહીં હોં. બીજે ઠેકાણે ધ્રુવને અને નિત્યનો અર્થ બીજો છે. ત્રણે કાળનો મર્યાદા વિનાનો પ્રવાહ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુની વાત કરે છે અહીં. વસ્તુની વાત છેને. વસ્તુ ત્રણે કાળે ટકનારી છેને? પર્યાયની વાત નથી.

'**નિરવધિ પ્રવાહમાં અવસ્થાયી (ટકનારો) હોવાથી સકળ પદાર્થોના સમૂહાત્મક પ્રવચનના સારભૂત છે.**' પોતે પરમાત્મા પ્રવચનના સારભૂત છે એમ કહે છે. ભાવશ્રુતજ્ઞાન દ્વારા જે ઉપયોગમાં આવ્યો એ પરમાત્મા પોતે આખા પ્રવચનના સારરૂપ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ઝીણી વાત છે બહુ. આ તો છેલ્લામાં છેલ્લી કડી છેને એની? કડી સંધિ કરવી. આહા..હા..! જેનો શ્રુતજ્ઞાનનો-ભાવશ્રુતજ્ઞાનનો ઉપયોગ જે દ્રવ્ય સાથે જોડેલો છે એ દ્રવ્ય ત્રિકાળી પ્રવાહમાં રહેલું, ટકનારું તત્ત્વ છે એમ કહે છે. સમજાણું કાંઈ? અને એ આત્મા પ્રવચનનો સારભૂત અનુભવમાં આવ્યો એ પ્રવચનનો સાર છે. સમજાણું કાંઈ? એ જૈનશાસન છે એમ કીધું છેને ભાવશ્રુત ઉપયોગને. ઝીણી વાત છે, શોભાલાલજી! આ ઓલા પૈસા જેવી આ વાત નથી. ત્યાં પૈસાના દરેડા થઈ જાય કાનપુર જાય ત્યાં. સવારે આમ .. કોક વાત કરતું હતું તમારી હોં. કોક મોટી-મોટી વાતું કરતા હતા. એ તો દશ કરોડવાળા છે અને ફલાણું છે. હશે ભાઈ આપણને કાંઈ ખબર નથી, કીધું. તમારી વાતું મોટી-મોટી ચાલે છે બહારમાં. હમણા અડધા કલાક પહેલા ચાલતી હતી. ત્યાં ઓરડીમાં એક જણો કહેતો હતો. હશે ભાઈ આપણે કાંઈ એવું સાંભળ્યું નથી. મોટો પ્રવાહ, મોટો ખરોને રાજ જેવો દેખાવ બધો. લોકોને લાગે. હવે દસ કરોડ હોય કે વીસ કરોડ હોય એમાં આત્માને શું આવ્યું?

એ તો હમણા કહ્યું હતુંને ઓલામાં. શું કહ્યું આ? યોગસાર. લક્ષ્મી વિપત્તિની સખીસહિત લક્ષ્મી આવે છે. વિપદા એની સખી છે. એય..! શોભાલાલજી! એય..! શેઠ! વિપદા લક્ષ્મીની સખી-બહેનપણી છે. કહ્યું હતુંને નહિ હમણા? યોગસાર. શેમાં કીધું હતું? યોગસાર. યોગસાર-યોગસાર. નવમા અધિકારને? ૨૯મી ગાથા. ૨૯મી. જુઓ, 'વિવેકી વિદ્વાનોંકી દષ્ટિમેં લક્ષ્મી ઔર ભોગ...'

विपत्सखी यथा लक्ष्मीर्नान्दाय विपश्चिताम्।
न कल्पषसखो भोगस्तथा भवति शर्मणे।।४८२।।

'**જિસપ્રકાર વિપત્તિ-આપત્તિ જિસકી સખી અર્થાત્ સહેલી હૈ,...**' વિપદા જેની સહેલી-બહેનપણી છે. એ આ તમારા પૈસાની વાત ચાલે છે આ ધૂળની. '**વહ લક્ષ્મી અર્થાત્ ધન-સંપત્તિ વિદ્વાનોં કે લિયે આનંદદાયક નહીં હોતી;...**' એ ધર્મીને એ લક્ષ્મી સુખનું કારણ નથી. ધૂળનું લક્ષ જતાં દુઃખ થાય છે એમ કહે છે. આહા..હા..! અને જુઓ, '**ઉસીપ્રકાર કલ્મષ અર્થાત્ પાપ હી જિસકા સાથી હૈ...**' કર્મમળ-કલ્મષ-કલ્મષ. કલ્મષ મેલ જેનો સાથી. સમજ્યાને? સખો છે. '**વહ ભોગ વિદ્વાનોં કે લિયે સુખકારી નહીં હોતા.**' ભોગનો કલ્મષ સખો-મિત્ર. શું સમજાણું? આ ભોગ-ભોગ. એનો સખો કોણ? કે દુઃખ ક્લેશ. ક્લેશ જેનો સખો છે અને લક્ષ્મીની વિપદા જેની સખી છે.

મુમુક્ષુ :- મુનિની વાત છેને?

ઉત્તર :- અરે..! કોની વાત ચાલે છે આ વિવેકીની. ધર્મીને માટે આમ છે. અજ્ઞાની માને ગમે તે રીતે. મૂઢ થઈને માને કે અમે લક્ષ્મીવાળા છીએ, અમે સુખી છીએ. સમજાય છે કાંઈ? અહીં તો આત્મા રાગવાળો છે એમ માને તોપણ ભવનું બીજ મિથ્યાત્વ છે. તો વળી લક્ષ્મીવાળો અને ધૂળવાળો એમ માનવો એ મોટું મિથ્યાત્વનું ફળ મોટું છે આકરું. કહો, સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાન અને આનંદવાળો એને વ્યવહારના વિકલ્પવાળો માનવો... એ તો કીધું હતુંને ચૌદમી ગાથામાં પુરુષાર્થસિદ્ધિ ઉપાય. અસમાહિતો. ભગવાન આત્મા જ્ઞાન અને દર્શનના સ્વભાવથી ભરેલો અને જ્ઞાન અને આનંદનો સાગર. એને રાગ-વિકલ્પ નાનામાં નાનો વિકલ્પ પુણ્યનો અને એના સહિત જીવને-આત્માને માનવો એ જ મિથ્યાત્વ સંસારનું બીજ છે. ભવમાં રખડવાનું મિથ્યાત્વ બીજ છે. પછી આ લક્ષ્મી-બક્ષ્મીવાળો છું એ ક્યાં આવ્યું આમાં? શેઠ! વખાણ બહુ કરે છે માળા. આપણે સાંભળ્યા ન હોય એવા વખાણ તમારા કરે. શું કહેવાય એનો દેશ કેવો? બુંદેલખંડને? બુંદેલખંડના બાદશાહ. હવે બુંદલખંડના જડના બાદશાહ?

આ તો ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનો ઉપયોગ ભૂમિકા ત્રિકાળ પડી છે એનો ભાવશ્રુતજ્ઞાન દ્વારા જે સ્વામી થાય એ બાદશાહ છે. બાકી ભિખારા છે બધાય. સ્વરૂપચંદજી! રાંકા છે રાંકા. લાવ... લાવ... લાવ... લાવ... માગણ છે મોટા. પોપટભાઈ! માગણ-માગણ. માગણ સમજ્યાને? ભિખારી. લાવ... લાવ... લાવ... લાવ... લાવ... લાવ-લાવમાં લાવ-લાવ જ ભિખારી એને લાવ.

મુમુક્ષુ :- છે એટલા રાખે અને બીજા ન રાખે...

ઉત્તર :- પણ રહે એટલા એના ક્યાં? રાખે એના હતા કે દિ' તે રાખે? એ તો જડના છે. પૈસો જડ થઈને રહ્યો છે કે જીવની પર્યાય થઈને રહ્યો છે? કાં જડ થઈને રહ્યો છે અને રાગ રાગ થઈને રહ્યો છે કે રાગ જીવની દશા થઈને રહ્યો છે? નથી થઈને રહ્યો એને સહિત માને મહા ચોર્યાસીના રખડવાના ભવનું બીજડું છે ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? વાત તો આવી છે. રાજા હોય કે રંક હોય કે નારકી હોય. એ વસ્તુસ્વરૂપ નથી. વસ્તુમાં એ નથી. આહા..હા..! અહીં તો કહ્યુંને વસ્તુમાં તો આનંદ અને જ્ઞાન, કાં દર્શન અને ઉપયોગ, જ્ઞાનોપયોગ બસ આ છે. માત્ર આ છે એમ કીધું નહોતું? આહા..હા..!

'તે **(શિષ્યવર્ગ)**...' આહા..હા..! આચાર્યે એમ લીધુંને ભાઈ! એને એમ કે ઘણા આવા શિષ્યો છે હોં! આહા..હા..! અને ઘણા પાછા. એક-બે એમ નહિ. આવી સ્થિતિ જેને આવી, કહે છે. પાંચમી ગાથામાં કહ્યું છેને '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज**' પાછું એમ ફરીને લીધું. '**जदि दाएज्ज**' દેખાડું તો પ્રમાણ કરજો. કારણ કે આવું જે વસ્તુનું સ્વરૂપ જ્યારે સાંભળવામાં આવે છે એ ઉપાદાન એવા જ જીવ હોય છે એને અહીં તો વર્ણવ્યા છે. આહા..હા..! સંધિ કરે છે. '**तं एयत्तविहत्तं दाएहं**' દેખાડીશ. '**अप्पणो**

**सविहवेण**' બસ એટલી વાત. ત્યાં સાધારણ વાત રાખી. '**जदि दाएज्ज पमाणं**' '**जदि दाएज्ज**' બસ એટલું. જો દેખાડું તો પ્રમાણ કરજે. અનુભવમાં લેજે એવી સંધિ કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનો અર્થ આવ્યો કે નહિ? કે આ શાસ્ત્રને એણે સાંભળ્યું, સાંભળ્યું એનો સાર તો અનુભવે ત્યારે સાર થયો એટલું એણે અનુભવમાં લીધું ત્યારે એણે પ્રમાણ કર્યું કહેવાય છે. આહા..હા..! '**जदि दाएज्ज**' એટલો શબ્દ પડ્યો છે. પછી '**पमाणं**' પ્રમાણ કરજે. એટલે? અનુભવથી પ્રમાણ કરજે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**चुक्केज्ज छलं ण घेत्तव्वं।**' કોઈ વ્યાકરણ, શબ્દો કહેવામાં ફેર પડે તો એ ઉપર લક્ષ ન જાશે તારું. એ ઉપર લક્ષ તારું ન જાશે. પણ અમારું મૂળ તો અનુભવ વસ્તુ સ્થિતિ કહેવાની વાત છે. એટલે ભાષામાં કોઈ વ્યાકરણમાં ફલાણા એવા ઘણા ભંગ છેને? ક્રિયા, ..કાળ, ભૂત એવા ભાષામાં ફેરફાર કરે '**छलं ण घेत्तव्वं**' કદાચિત્ તને એ જાતનો ખ્યાલ હોય તો તારા ખ્યાલમાં આવી જાય કે આ ભૂલ. ત્યાં ઉભો ન રહીશ. આહા..હા..! એમ કહ્યું છે ત્યાં. સમજાણું કાંઈ? દેવીલાલજી! તને એ જાતનો કોઈ ક્ષયોપશમ હોય સંસ્કૃત, વ્યાકરણ આદિનો અને તને એમ થાય કે અહીં તો આ ભાષાની ભૂલ છે. એ લક્ષ રાખીશ નહિ. ત્યાં અટકીશ '**छलं ण घेत्तव्वं**' પકડીશ નહિ, ઉભો રહીશ નહિ ત્યાં. અમારે કહેવું છે, ઉપયોગસહિત ભગવાનને અનુભવવો એ કહેવું છે ત્યાં જાજે. અહીં અટકીશ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓને એક-એક ગાથામાં કેટલું રહસ્ય ભર્યું છે! સમજાય છે? કુંદકુંદાચાર્ય સર્વજ્ઞના પેટ ખોલીને વાત મૂકી છે. આહા..હા..!

પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ એને જે કહેવું છે એ વાત... પોતે ભગવાન પાસે ગયા હતા, આઠ દિ' રહ્યા હતા. આહા..હા..! ભરતક્ષેત્રના માનવી મહાવિદેહમાં પહોંચે અને પરમાત્માના દર્શન કરે એની પવિત્રતા અને પુણ્ય બેય જુદી જાત છે એની. આહા..હા..! ભગવાન પરમાત્મા સાક્ષાત્ બિરાજે છે મહાવિદેહમાં. સમજાણું કાંઈ? એ પરમાત્મા પાસે ગયા હતા. આઠ દિ' રહ્યા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર પછી બનાવ્યા. સમજાણું કાંઈ? કહે છે કે આવો જે... જુઓ, પાઠ જરી. '**बुज्झदि सासणमेदं**' '**सासण**' એટલે શાસ્ત્ર. '**सागारणगारचरियया जुत्तो।**' એમ. સહિત થઈને. ઓલામાં પણ એ જ છેને ભાઈ ત્યાં? સમાહિતો.. એ ઉપર પછી તમે કીધા પછી એ શબ્દ જોયો. '**असमाहितोऽपि-असंयुक्त अपि युक्तएव प्रतिभाति**' (પુરુષાર્થસિદ્ધિ ઉપાય ગા.૧૪) અહીં તો સમાહિત શબ્દ પડ્યો છે. એ ભાઈ બોલ્યા ત્યારે ખ્યાલ આવ્યોને. સમાહિત્વાત શબ્દ પૂછયો હતો. કીધું આ સમાહિત્વાત્.. લાગેલો-લાગેલો કરો છો એ? લાગેલો પણ બીજો કોઈ શબ્દ હશે કે નહિ બે-ચાર કોઈ એવા લાગતા? એ લાગેલાનો અર્થ સંયુક્ત, સહિત, જોડાયેલો એમ અનેક અર્થ એના થાય છે. સમજાણું કાંઈ?

જુઓ, '**जो सो पवयणसारं लहुणा कालेण पप्पोदि।**' લ્યો! સમજાય છે? એ

'અલ્પકાળમાં' એવો શબ્દ અહીં ટીકામાં ન આવ્યો. ટીકામાં સમુચ્ચય આવ્યું છે. શું કહ્યું સમજાણું? '**लहुणा कालेण**' શબ્દ છેને? એ શબ્દાર્થ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કાંઈ કાળ-કાળ કાંઈ નહિ. એ તો આ પામે, બસ એ. આ રીતે પામે એટલે પરમાત્મા થાય જ. શબ્દમાં છેને '**लहुणा कालेण**' અલ્પકાળમાં પામે. કાલે આપણે અર્થ કર્યો હતોને. કીધું આમાં ક્રમબદ્ધ ક્યાં ગયું? અલ્પ કાળમાં પામે નહિ. ક્રમબદ્ધ જ છે, સાંભળને. તને ખબર નથી. આવો આત્મા જેણે દૃષ્ટિમાં લઈને અનુભવ્યો એને હવે કેવળજ્ઞાન પામવાને કાળ લાંબો હોઈ શકે નહિ એમ કહેવું છે. સમજાણું કાંઈ? એ પરમાત્મા થવાનો. બીજ ઉગી એ પૂનમ થાય જ. એમાં ત્રણ કાળમાં ફરે નહિ એમ કીધું. આહા..હા..! એ ભગવાન ત્રણે કાળમાં મર્યાદા વિનાનો પ્રવાહ. આહા..હા..! આચાર્યને શું લાગે છે? આમ પ્રવાહ... પ્રવાહ... પ્રવાહ... પ્રવાહ... છે... છે... છે... છે... છે... છે... છે... છે... એવો જે ભગવાન આત્મા ટકનારો ત્રણે કાળે હોવાથી '**સકળ પદાર્થોના સમૂહાત્મક પ્રવચનના સારભૂત...**' એ પરમાત્મા છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! લ્યો એ ગાથા પૂરી થઈ. લ્યો સ્વરૂપચંદજી! પાંચ રત્ન એ બરાબર આવી ગયા લ્યો.

'**આમ (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત તત્ત્વદીપિકા નામની ટીકામાં ચરણાનુયોગસૂચક ચૂલિકા નામનો તૃતીય શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**' હવે જરી અમૃતચંદ્રાચાર્ય થોડું કહેવા માગે છે. ૪૭ નય. સમયસારમાં દૃષ્ટિપ્રધાન કથન છે એથી ત્યાં ૪૭ શક્તિનું વર્ણન કર્યું. આ જ્ઞાનપ્રધાન કથન છે તો ૪૭ નયનું કથન કર્યું. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એ શું કહ્યું?

ઉત્તર :- એ તો સાંભળે ત્યારે ધ્યાન રાખેને. ત્યાં શું કરવા પૂછે છે? ચરણાનુયોગસૂચક ચૂલિકા એની વાત નથી. આ તો નવી વાત ચાલે છે. નવી વાત આવે છે. કીધુંને નવી વાત કરે છે. એ તો વાત કરી પહેલા.

સમયસારમાં દ્રવ્યાનુયોગનું દૃષ્ટિપ્રધાન કથન હોવાથી તેના (મૂળ પાઠ) પાછળ ૪૭ શક્તિનું વર્ણન કર્યું અને શક્તિ છે એ દ્રવ્યરૂપ છે, ધ્રુવરૂપ છે. ધ્રુવરૂપ છે તે એ દૃષ્ટિનો વિષય આત્મદ્રવ્ય છે. એથી ત્યાં શક્તિનું વર્ણન કર્યું અમૃતચંદ્રાચાર્યે, મૂળ પાઠ પૂરો થયા પછી. અને અહીં મૂળ પાઠ પૂરો થયા પછી જ્ઞાનપ્રધાનમાં કથન છે. એથી ૪૭ નયનું કથન હવે કરે છે. સમજાય છે કાંઈ? આપણે નયપ્રજ્ઞાપન બહાર પડી ગયેલું છે પુસ્તક. ભાઈ! આ રહ્યા અમારા આ લાલચંદભાઈ તરફથી નયપ્રજ્ઞાપન પુસ્તક બહાર પડેલું છે. એમાં પહેલું ઓલું આત્મપ્રસિદ્ધિ .. તરફથી નૌતમભાઈ તરફથી. પહેલી આ ૪૭ શક્તિ આત્મપ્રસિદ્ધિ. હમણા આત્મવૈભવ નામનું ૪૭ શક્તિથી પડેલું છે અને આ નયપ્રજ્ઞાપન એક જ પડ્યું. આનો અધિકાર

અમૃતચંદ્રાચાર્યદેવ આ અધિકાર લેશે. હવે અમૃતચંદ્રાચાર્ય પોતે અધિકાર આ લે છે. કુંદકુંદચાર્યનો અધિકાર પૂરો થઈ ગયો.

'**(હવે ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ વડે પરિશિષ્ટરૂપે...**' એટલે થોડું વિશેષ કહેવારૂપે '**થોડું કહેવામાં આવે છે :)**' અમૃતચંદ્રાચાર્ય મહામુનિ છે, ભાવલિંગી સંત છે, વનવાસી છે, અધ્યાત્મના છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા સંત છે. સમજાય છે કાંઈ? એ હવે થોડી ૪૭ નયની વ્યાખ્યા કરે છે. વાત તો થઈ ગઈ છે, પણ વિશેષ એના નયના પ્રમાણથી સ્પષ્ટ વિશેષ કરવા આમાં કહે છે. '**આ આત્મા કોણ છે (-કેવો છે) અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે...**' બે બોલ છે. આ આત્મા કોણ છે? એટલે કેવો છે? અને કઈ રીતે પ્રાપ્ત કરાય? આ બે પ્રકાર છે. '**એવો પ્રશ્ન કરવામાં આવે તો...**' હવે એમ પાછું. '**એવો પ્રશ્ન કરવામાં આવે તો...**' એમ લીધું છેને? સમજાણું કાંઈ? છેને? '**कोऽयमात्मा कथं चावाप्यत इति चेत्,**' આવું જો પૂછવામાં આવે તો એને અમે ઉત્તર કહીએ છીએ. એમ કહે છે. નથી જે સાંભળવા માગતા અને પરાણે અમે વેઠથી કહેવા માગીએ છીએ એમ અમારી ભાષા નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જેને અંતરથી એવો પ્રશ્ન ઉઠે છે કે મહારાજ! આ આત્મા કોણ છે આ? શું છે પણ આ આત્માની એટલી વાત કરી તમે? અને એ કઈ રીતે પ્રાપ્ત થાય-પમાય? બે પ્રકાર છેને? કઈ રીતે પ્રાપ્ત થાય? આવી જેને અંતરમાં જિજ્ઞાસા છે. એવો પ્રશ્ન કરવામાં આવે તો '**તેનો ઉત્તર (પૂર્વે) કહેવાઈ ગયો છે અને (અહીં) ફરીને પણ કહેવામાં આવે છે :-**

**-**' વિશેષ સ્પષ્ટ કરવામાં પરિશિષ્ટથી ક્હેવામાં આવે છે. જરી આ ઝીણું પડશે, પણ હવે સમજવું તો પડશેને લોકોને. આ વ્યાખ્યા તો આવે તો ખરુંને બધું? ક્લાસ પણ ચાલશે તો આ અધિકાર છે...

'**પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે,...**' લ્યો! ભગવાન આત્મા કોણ છે? એનો ઉત્તર છે હોં. કેમ પ્રાપ્ત થાય એનો ઉત્તર પછી આવશે. ૪૭ નય થઈ રહ્યા પછી પાછળથી આવશે. આ તો કોણ છે એની વ્યાખ્યાનું સ્વરૂપ બતાવે છે. '**આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત...**' ચૈતન્ય સામાન્ય જેનું સ્વરૂપ આખું છે. એની સાથે '**અનંત ધર્મોનું અધિષ્ઠાતા...**' પાછા એક નહિ પણ એવા અનંત ધર્મો છે સાથે. એ અનંત ધર્મોમાં ચૈતન્ય સામાન્ય વ્યાપ્ત છે. ચૈતન્ય જાણવું-દેખવું એવો સ્વભાવ એના અનંત ગુણો અને ધર્મોમાં વ્યાપ્ત છે. આરે..! '**અધિષ્ઠાતા એક દ્રવ્ય છે,...**' વસ્તુ છે ભગવાન આત્મા. જુઓ, ત્રણ બોલ લીધા. એક તો '**ખરેખર ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત...**' છે. શું? કે અનંતગુણો. અહીં ગુણોને ધર્મ શબ્દ વાપર્યા છે. કેટલાક ધર્મો પણ એવા છે આમાં. નિત્ય, અનિત્ય આદિ એ પણ ધર્મ છે, ગુણ નથી ત્રિકાળી. એવા ધર્મની વ્યાખ્યા આમાં આવશે. જ્ઞાન-દર્શન આદિ ગુણ કહેવાય

અને નિત્ય-અનિત્ય ગુણ નથી. પણ અપેક્ષિત ધર્મો કહેવામાં આવે છે.

અથી અહીં કહે છે કે જે '**ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત...**' રહેલો અનંત ધર્મોનો આધાર-સ્વામી '**એક દ્રવ્ય છે,...**' એના અનંત ધર્મનો સ્વામી એક દ્રવ્ય છે. જુઓ અહીં સમ્યગ્જ્ઞાનીના નયની વાત છે. સમ્યગ્જ્ઞાની સમ્યગ્દષ્ટિના નયની વ્યાખ્યા. નય અજ્ઞાનીને હોય નહિ. સમજાણું કાંઈ? જેને આત્મા વાસ્તવિક રીતે અનુભવમાં ભાવશ્રુતજ્ઞાન દ્વારા આવ્યો છે એને તે તે કાળમાં ધર્મો કેવા પ્રકારના છે? તે ધર્મને નય તરીકે વર્ણવીને, એ નયનો વિષય છે એને વર્ણવીને અનંત ધર્મનો આધાર એક આત્મા છે (એમ કહ્યું). સમજાણું કાંઈ? '**કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો...**' આત્મામાં અનંત ધર્મો છે. નિત્ય, અનિત્ય, એક, અનેક વગેરે. એવા અનંત ધર્મો છે. તો એક-એક ધર્મમાં એક-એક નય વ્યાપે. તો '**અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો...**' અનંત નયો. આહા..હા..! આ અનંત ધર્મો છે અનંત. તો અનંતને જાણનારી અનંત નય છે. કહેશે ૪૭. અનંત કહે ક્યાં? પાર આવે?

એ '**અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ...**' પાછું. આહા..હા..! નયો તો અંશ છે. શ્રુતપ્રમાણનો અંશ છે. નય શ્રુતપ્રમાણનો અંશ છે. એ અંશો શ્રુતજ્ઞાન પ્રમાણમાં બધા વ્યાપેલા છે. આહા..હા..! જરી આ અધિકાર... ઓલો તો અધિકાર ઘણીવાર આવેને એટલે એને જરીક.. આ તો અમુક જ્યારે પૂરું થાય ત્યારે જ આનો અધિકાર આવે. સમજાણું કાંઈ? '**અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ...**' જુઓ, શ્રુતજ્ઞાન-ભાવશ્રુતજ્ઞાનરૂપ પ્રમાણ '**તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે...**' તે પ્રમાણપૂર્વક અનુભવ વડે '**(તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે (-જણાય) છે.**' એવા ભાવશ્રુતજ્ઞાનમાં અનંત નયો વ્યાપે છે અને આત્મામાં અનંત ધર્મ છે તે અનંત નયોથી વ્યાપ્ત એવા ધર્મો શ્રુતજ્ઞાન પ્રમાણમાં આવી જાય છે. એ શ્રુતજ્ઞાન પ્રમાણ વડે આત્મા અનુભવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાં ઘણું ખરું ન સમજાય એવું છે.

ઉત્તર :- કહ્યું હતું કે ભાઈ ધીમેથી આ સમજવા જેવું છે. ન સમજે એવું હોય? એય..! નવનીતભાઈ! શેઠ છે એ ક્યાં ના પાડે છે કે નથી સમજાતું? ના પાડે છે? ન સમજાય એવું હોય? આત્મા કેવળજ્ઞાન લેવાની તાકાતવાળો છે અને આ ન સમજાય એવી વાત હોય? અમરચંદભાઈ! આ તો બીજા વડે, બીજા દ્વારા કહે છે કે ભાઈ આ તો બહુ ઝીણું પડે એવું છે. પણ ભાઈ! એણે સમજવું પડશેને. જેટલો એનો જ્ઞેયસ્વભાવમાં જેટલી પર્યાયો વર્તે છે એ પર્યાયનું એને જ્ઞાન એને 'મારામાં છે' એમ એ જણાવે છે અહીં. અહીં તો બધી વાત જણાવશે. સમજાણું કાંઈ? રાગાદિનું પરિણમન છે એ પણ એક કર્તૃત્વનય છે એ જાણવા જેવું છે એમ પણ આમાં જણાવશે. એ મારો પર્યાયધર્મ છે એમાં રાગરૂપે પરિણમવું. એમ જાણનારનય જાણે છે. એ પણ આમાં લેશે. આહા..હા..!

અહીં તો જ્ઞાનપ્રધાન કથન છેને? જ્ઞાનમાં તો સ્વ જાણે અને પર્યાયના પ્રકાર છે એને પણ જાણે. આહા..હા..! તો કહે છે, એવું જે ભાવશ્રુતજ્ઞાનપ્રમાણ એ પૂર્વક **'સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે.'** એમ કહે છે જુઓને. અનંત ધર્મો અનંત નયથી વ્યાપ્ત, એ અનંત નય પ્રમાણમાં વ્યાપ્ત. એવા પ્રમાણ દ્વારા પ્રમેય આત્મા થાય છે. જણાય નહિ એવો આત્મા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? કારણ કે એમાં એક પ્રમેયત્વ નામનો ગુણ છે. તો પ્રમાણ દ્વારા એ પ્રમેય થાય છે. આહા..હા..! વિશેષ આવશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



: પ્રકાશક :
**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
વિલે પાર્લા, મુંબઈ.
www.vitragvani.com